2014

શ્રી જૈનશાસન સૌધસ્તંભાયમાન

પૂ૦મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર અંગેના

પ્રાચીન
અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા

૧૭ મી સદિના અજોડ જ્યોતિર્ધર વિદ્વાનૂ



પૂ૦મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી ગણિપ્રવર

-: રચયિતા :-

શ્રી વિજયદેવસૂરસામાચારીસંરક્ષક-શાસનકંટકોદ્ધારક

સ્વ. પૂ૦આચાર્યદેવ શ્રી હંસસાગર સૂરીશ્વરજી મ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

卐 ઠળીયામંડન પ્રગટ પ્રભાવી સાચાદેવ શ્રી ઋષભદેવસ્વામિને નમો નમઃ 卐

॥ પૂ આ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરજી ગ્રંથમાલા ગ્રંથાંક ૨૬ ॥

પૂ૦

શ્રી જૈન શાસનસૌધ સ્તંભાયમાન

મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર અંગેના

પ્રાચીન—અર્વાચીન ઈતિહાસોની

સમીક્ષા

-: કર્તા :-

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ અવિચ્છિન્ન સામાચારી સંરક્ષક-મહાવિજયવંત

પરમ-શાસન પ્રભાવક-વાદિમદભંજક સમર્થવ્યાખ્યાતા-શાસનસ્તંભ

શા...સ...ન...કં....ટ...કો...દ્ધા...ર...ક

સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક

પૂ. આ. શ્રી શાસનકંટકોદ્ધારક સૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા

ઠળીયા.

વ્યવસ્થાપક : શા. મોતીચંદ દીપચંદ

વીર સં. ૨૫૦૧ 卐 વિ. સં. ૨૦૩૧ 卐 સને ૧૯૭૫

આગમોદ્ધારક સં. ૨૫ 卐 શાસનકંટકોદ્ધારક સં. ૨

કિં. રૂા. ૧૫—૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રા...પ્તિ...સ્થા...ન	વીર સં. ૨૫૦૧ વિ. સં. ૨૦૩૧ સને ૧૯૭૫
પૂ૦આ૦શ્રી શાસન કંટકોદ્ધારકસૂરીશ્વરજી	શાકે ૧૮૯૬ આગમોદ્ધારક સં. ૨૫
જ્ઞાનમંદિર અને પૌષધશાળા વ્ય.	શાસનકંટકોદ્ધારક સં. ૨
શા. મોતીચંદ દીપચંદ	કોપી ૫૦૦ કિં. રૂા. ૧૫-૦૦
જી. ભાવનગર વાયા તળાજા મુ ઠળીયા (સૌરાષ્ટ્ર)	




શ્રી

પ્રાચીન અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા

-: કર્તા :-

શ્રીવર્દ્ધમાન જૈન આગમ મંદિરોના સંસ્થાપક-આગમના અખંડ અભ્યાસી-બહુશ્રુતધર પરમગીતાર્થ ધ્યાનસ્થ સ્વર્ગત પૂ.આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.શ્રીના પટ્ટાલંકાર માલવદેશોદ્ધારક વ્યાકરણકેસરી સ્વ. પૂ.આચાર્યદેવશ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર-શ્રી વિજયદેવસૂર તપાગચ્છ અવિચ્છિન્ન સામાચારી સંરક્ષક વાદિમદભંજક-સમર્થ વ્યાખ્યાતા-અનેક ગ્રંથોના પ્રણેતા-શાસનકંટકોદ્ધારક.

સ્વ. પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ.

—: દ્રવ્ય સહાયકોની શુભ નામાવલી :—

રૂા. ૧૫૦૧)	શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક તપાગચ્છ જૈન સંઘ	રાજકોટ
રૂા. ૧૧૧૧)	પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ.ના ઉપદેશથી શ્રાવિકાઓ તરફથી	
રૂા. ૧૦૦૧)	શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક તપાગચ્છ જૈન સંઘ	ઠળીયા
રૂા. ૧૦૦૧)	શેઠ શ્રી ખુશાલદાસ તારાચંદ જરીવાલા.	સુરત
રૂા. ૧૦૦૧)	શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક તપાગચ્છ જૈન સંઘ	તળાજા
રૂા. ૧૦૦૧)	શેઠ શ્રી ભાઈલાલભાઇ ગુલાબચંદ	લીંબડી
રૂા. ૧૦૦૧)	શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક તપાગચ્છ જૈન સંઘ	બોટાદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્વત્ શિરોમણિ–પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રી માણિક્ય સાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના ચરણે

સા...દ...ર—સ...મ...ર્પ...ણ

જેઓશ્રીએ–શ્રી વર્ધમાન જૈન આગમમંદિરોના સંસ્થાપક–આગમના અખંડ અભ્યાસી–આગમ વાચના દાતા–આગમોદ્ધારક ધ્યા. સ્વ. પૂ. આચાર્યદેવેશશ્રી આનંદ સાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની પાસે શિશુવયે ચારિત્ર અંગીકાર કરીને તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં વ્યાકરણ ન્યાય-કાવ્ય-કોશ–સાહિત્ય–પ્રકરણો–આગમાદિ શાસ્ત્રો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ ષડ્ દર્શન શાસ્ત્રોનું પણ વાચન–મનન–પરિશીલન કરવા વડે સૂક્ષ્મ અવબોધ પ્રાપ્ત કરેલ છે. જ્ઞાનગંભીર એવા–

જેઓશ્રીને સ્વ. પૂ આ. શ્રી આગમોદ્ધારકસૂરીશ્વરજીએ ગણિપદે, પંન્યાસપદે, પાઠકપદે અને છેલ્લે પોતાની પાટે પણ સ્વહસ્તે આચાર્યપદે સ્થાપીને ગચ્છાધિપતિ બનાવેલા હોઇને જેઓશ્રીની એકછત્રીય આજ્ઞામાં આજે શ્રીમત્ સાગર ગચ્છના લગભગ પાંચસો સાધુ–સાધ્વીજી મહારાજો વિચરી રહ્યા છે. અને સ્વ–પર આત્માઓનું અનેક અનુષ્ઠાનો વડે કલ્યાણ કરી રહ્યા છે.

જેઓશ્રીએ–શાસનના પ્રાણસમા પૂર્વર્ષિઓ પ્રણીત–સર્વજ્ઞ શતક સટીક તથા બારાવબોધ, સૂત્રવ્યાખ્યાનવિધિશતક ઔષ્ટ્રિકમતોત્સૂપ્રદીપિકા, ઉત્સૂત્રકંદકુદ્દાલ, શતાર્થવિવરણ, કુલક સંદોહ સંદેહ સમુચ્ચય, શત્રુંજયકલ્પ બૃહદ્વૃત્તિ, સ્તોત્રાવલિ, યોગબિંદુ ભાવાનુવાદ, જિનાજ્ઞાસ્તોત્ર ધર્મરત્ન પ્રકરણ, ધર્મસાગર ગ્રંથ સંગ્રહ; સ્તોત્ર–સંચય, સંસારીજીવચરિત્ર. અષ્ટાદશસ્તોત્રી સાવચૂરિ આદિ તથા સ્વ પૂ. આગમોદ્ધારકશ્રી કૃત અનેક ગ્રંથોને સંશોધન કરવા પૂર્વક છપાવીને શ્રી ચતુર્વિધ સંઘને ચરણે ધરીને શાસનની મહાન્ સેવા બજાવવા પૂર્વક શ્રુતજ્ઞાનનો સમુદ્ધાર કરેલ છે.

જેઓશ્રીએ–પૂ. આ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી કૃત કલ્યાણસમાધાન શુદ્ધિ પ્રકાશ–વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિ પ્રકાશ ભા. ૧–૨, તત્ત્વતરંગિણી ગ્રંથ અનુવાદ, પર્વતિથિ-બોધક પ્રશ્નોત્તરી આદિ ગ્રંથો તથા આ પ્રાચીન અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા ગ્રંથ સાદંત તપાસીને યોગ્ય સુધારા–વધારા સૂચવવા પૂર્વક અમારી ઉપર પણ મહાન્ ઉપકાર કરેલ છે, એવા તે પૂજ્યશ્રીના તે તે ઉપકારોમાંથી યત્કિંચિત્ ઋણમૂક્ત થવા માટે આ ગ્રંથરત્ન તેઓશ્રીના ચરણે સમર્પિત કરીને કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

લી. પ્રકાશક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી પ્રાચીન અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા ગ્રંથને અંગે–
પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજના

આ....શી....વ....ચ....ન

આ ગ્રંથ અદ્‌ભૂત છે, વિદ્વત્ ભોગ્ય છે, અને સુંદર છે. **સ્વ. પૂ. શાસનકંટકોદ્ધારકઆચાર્યદેવેશશ્રીહંસસાગરસૂરિજીમ.શ્રીએ** આ ઐતિહાસિક સમીક્ષા ગ્રંથને તૈયાર કરવામાં જીવનની આખરી ક્ષણો પણ ગુજારી છે. પ્રસ્તુત ગ્રંથ સત્ય વાસ્તવિકતા અને ઇતિહાસની દૃષ્ટિએ સર્વાંગ સુંદર અને ગ્રાહ્ય છે.

આજ લગભગ સં. ૧૬૫૪ પછીના અત્યાર સુધીના (સં. ૨૦૩૦) ૩૭૬ જેટલા વર્ષો દરમ્યાન શાસનના પ્રાણ સમા પૂ. **મહા મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી ગણિવરને** અને તેમના જીવનને સંસ્પર્શતી હકીકતો–બાબતો અંગે ઘણા લેખકોએ અને પોતાની જાતને ઇતિહાસવિદ્ માનનારા ઇતિહાસકારોએ બેહદ અન્યાય કર્યો છે.

આ ઘોર અન્યાય થવા પાછળ ઇર્ષ્યા–વૈરવૃતિ વગેરે પ્રગટ–અપ્રગટ ઘણા કારણો હોઈ શકે. તેમ છતાં ઇતિહાસ આલેખનમાં વ્યક્તિગત આવેશોને સ્થાન કદાપિ હોવું ન જોઈએ. વર્તમાન ઇતિહાસમાં પણ તેમની વિરૂદ્ધ ઉપલબ્ધ થયેલા સાહિત્યોની સત્યતાને તપાસ્યા વગર તે વિવાદાસ્પદ હકીકતોને સનાતન સત્ય તરીકે સ્વીકારીને જનતા સમક્ષ રજુ કરાતા પોતાના પુસ્તકોમાં પણ ઇતિહાસજ્ઞોએ પૂ. મહોપાધ્યાયજીને ઘણો અન્યાય કર્યો છે.

આ ૩૭૬ વર્ષના કહેવાતા ઐતિહાસિક સત્યોની તારવણી અને સમીક્ષા કરતું પૂ શાસનકંટકોદ્ધારકસૂરિજી કૃત **'પ્રાચીન–અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા'** નામનું આ પુસ્તક, પૂ. મહોપાધ્યાયશ્રી અંગે રજુ થતી ઘણી બીનાઓ **ઉપર** વેધક પ્રકાશ પાડે છે અને તેમને કરવામાં આવેલા એકપક્ષીય અન્યાયોને દૂર કરવામાં મહત્વનો ફાળો આપે છે.

આશા છે કે ભવિષ્યના વિદ્વાનો અને ઇતિહાસવિદો આ ગ્રંથના આધારે ઘણી સમીક્ષાઓ અને સત્યને સમજીને પૂ મહોપાધ્યાયશ્રી અંગે થયેલા અને થતાં અન્યાયોને દૂર કરવામાં મહત્વનો ફાળો આપશે. એજ.

પરમ પૂજ્ય વાત્સલ્યસિંધુ-મૂલીનરેશ પ્રતિબોધક- પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પુણ્યોદયસાગર

લુણાવાડા, તા. ૨–૧૦–૭૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક–

શા....સ....ન....કં....ટ....કો....દ્ધા....ર....ક



સ્વ. પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રા...ક્...ક...થ...ન

卐

ચરમતીર્થપતિ શ્રી મહાવીરદેવના પંચમ ગણધર ભગવાન શ્રી સુધર્મસ્વામીની અવિચ્છિન્ન પાટપરંપરાએ વર્ત્તતા શ્રી તપાગચ્છમાંના વિદ્વાન મહર્ષીઓને વિષે પ્રવર્ત્તતા આજથી ચારસો ત્રીશ વર્ષ પૂર્વેના અનેક મહત્વના મતભેદોના આગમનીતિ અને આગમગ્રન્થોની સાક્ષીપૂર્વકના ટંકશાળી સમાધાનો જેમાં આપવામાં આવેલા છે તે **'શ્રી સર્વજ્ઞશતક'** આદિ મહાગ્રન્થોના રચયિતા સમર્થ વિદ્વાન **પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિપુંગવ,** વિક્રમની ૧૭મી શતાબ્દિમાં થયા.

કે.જેઓશ્રી, પોતાના તે ૧૭મી શતાબ્દિના સત્તાકાલે પ્રભુશાસનમાં સૂત્ર અને અર્થોના વિપરીત અર્થો કરીને પ્રવર્ત્તનાર કુમતવાદીઓને ગ્રીષ્મકાલીન મધ્યાહ્નના સૂર્યની જેમ સર્વાંગે પ્રસ્વેદ ઝરાવે તેવા પ્રૌઢ પ્રતાપી જ્ઞાનભાનુ હતા, અને તેથી તેઓશ્રી તે કાલે પ્રભુશાસનમાં 'વાદિગજકેસરી, કુમતતિમિરમાર્ત્તંડ, કલિકાલશ્રુતકેવલી' આદિ બિરૂદોથી નિરપવાદ સ્તવાતા હતા.

પ્રભુશાસનમાં તે કાલે 'પ્રભુના સિદ્ધાંતોનું સ્વસમુદાયમાંના પણ અનેક તેજોદ્વેષીઓ તથા પ્રતિસ્પર્દ્ધીઓ વચ્ચે પ્રાણસટોસટપણે નિડરતાથી સંરક્ષણ કરનાર તેઓશ્રી એક જ તેવા અસાધારણ શાસન પ્રાણ અને શૂરવીર શાસનરક્ષક સુભટ હતા' એમ શ્રી હીરસૌભાગ્ય મહાકાવ્ય તથા વિજયપ્રશસ્તિ મહાકાવ્યમાં પણ ગવાએલી તેઓશ્રીની ઉજ્વલ યશોગાથાઓથી તેમજ તત્કાલીન પ્રાપ્ત ઇતિહાસ આદિના આધારે તેઓશ્રીના સત્તાસમયથી પ્રારંભીને સાંપ્રતકાલીન સ્વપરપક્ષીય વિદ્વાનોને પણ કબુલ કરવું પડે તેમ છે.

તે પૂ૦ મહોપાધ્યાયજી મ૦શ્રીના પ્રતિબોધક–યાવજ્જીવ વિકૃતિપરિત્યાગી, મહાસંવેગી **'શ્રીજીવર્ષિ'** ગણિપુંગવ હતા. તેઓશ્રીની દીક્ષા તેમજ વડીદીક્ષા, પૂ૦ ગચ્છનાયક આ૦ શ્રી આનંદવિમલ સૂરીશ્વરજી મ.શ્રીના પવિત્ર હસ્તે પ્રાયઃ વિ. સં. ૧૫૯૫ કે ૯૬માં થયેલ, ગણિપદવી પ્રાયઃ ૧૬૦૬ પહેલાં થઈ છે. અને સં.૧૬૦૮માં તેઓશ્રીને ઉપાધ્યાય પદાર્પણ કરવામાં આવેલ હતું. તેઓશ્રી, પૂ૦હીરહર્ષ (હીરસૂરિજી મ૦)ની સાથે દેવગિરિમાં સમગ્ર ન્યાયશાસ્ત્રમાં પારંગત થયા હતા.

પૂ૦ મહોપાધ્યાયશ્રી, પૂ૦ હીરહર્ષગણિ કરતા મોટા હોઇને 'હીરસૌભાગ્ય કાવ્ય'માંના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


'कविना बुधेन सन्निधिसंस्थितभाजा' ઈત્યાદિ વચનો મુજબ પૂ૦આ૦શ્રી હીરસૂરિજીમ.ની શોભાને વધારનાર તરીકે પણ શાસનલંકાર હતા ! તેઓશ્રીને સકલ પંચાંગી આગમશાસ્ત્રોનો અભ્યાસ, પૂ૦આ૦શ્રી હીરસૂરિજીમ.ના ગુરૂદેવ પૂ૦આ૦શ્રી વિજયદાનસૂરિજી મહારાજે પૂર્ણ વાત્સલ્યભાવે અને ખંતથી કરાવેલ.

તેઓશ્રીએ જેમ સં. ૧૬૧૭માં પાટણમાં જાહેર વાદ કરીને 'અભયદેવસૂરિજી તપગચ્છના જ છે, એમ સાબિત કરવા પૂર્વક ખરતરોને હરાવેલ, જેમ ખરતર પ્રધાન એવા જેસલમેરમાં પણ હરરાજ રાઉલની રાજસભામાં ખરતરોને સખત પરાભવિત કરેલ, જેમ સં. ૧૬૪૨માં પણ અકબર બાદશાહની સભામાં વાદ કરીને ખરતરોને હરાવેલ તેવી જ રીતે પાર્શ્વચંદ્ર વિજામતી, લોંકા, પૂનમીયા, આગમિક આદિ ગચ્છોની સાથે પણ શાસ્ત્રાર્થો કરીને તેઓને પરાભવિત કરવાપૂર્વક ભયમાં મૂકાયેલ પ્રભુશાસનને નિર્ભયી બનાવ્યાના ડગલે અને પગલે મળતા ઉલ્લેખોથી સહજ પ્રતીતિ થાય છે કે તે પૂ૦ મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિપુંગવનો પ્રભુશાસન અને પ્રભુસિદ્ધાંતો ઉપરનો અનુરાગ અપ્રતિમ હતો.

પૂ૦મહો૦શ્રીનો જેવો જિનબિંબ-જિનાગમ અને તદનુસારી તપાગચ્છીયા સામાચારી પ્રતિ અજોડ અનુરાગ હતો તેવો જ પોતાના વડિલો આદિ પૂજ્યો પ્રતિ પણ નૈસર્ગિક ધર્માનુરાગ તથા ભક્તિભાવ હતો. તેઓશ્રીના એ નૈસર્ગિક ધર્માનુરાગ તથા ભક્તિભાવે તો પોતાના તે તે પૂ૦ વડીલોના હૃદયો આકર્ષી લીધા હતા ! એટલું જ નહિઃ પરંતુ તે વડિલોના હૃદયોમાં અનોખું અને આગવું સ્થાન પણ તેઓશ્રી પામ્યા હતા ! અને તે એટલી હદ સુધીનું પામેલ કે-પૂ૦આ૦દેવશ્રી વિજયદાનસૂરિજી મ., પૂ૦આ૦શ્રી વિજયહીરસૂરિજી મહારાજ આદિ પૂજ્યો પોતે ગચ્છનાયકો હોવા છતાંય પૂ૦મહો૦શ્રી શ્રી ધર્મસાગરજી ગણિની સલાહ અને સૂચનાનો સ્વીકાર કરવામાં ગૌરવ ગણતા તથા તેમાં જ ગચ્છની શોભા-મહત્તા અને કલ્યાણ દેખતા હતા !!

દાખલા તરીકે:-ગચ્છનાયક પૂ૦આ૦શ્રી વિજયદાનસૂરિજી મહારાજ, પોતાની પાટે પં૦રાજવિમલગણિને જ સ્થાપવાની પૂર્ણ ભાવનાવાળા હતા તેમજ 'પં૦ રાજવિમલગણિ જ ગચ્છનાયકની પાટે આવશે' એમ સ્વસમુદાયમાંના મુનિઓને પણ પૂર્ણ શ્રદ્ધા હતીઃ આમ છતાંય ગચ્છનાયકે જ્યારે સમુદાયહિતવત્સલ પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી ગણિની સલાહ માંગી ત્યારે નિડર અને સ્પષ્ટવક્તા એવા તે મહોપાધ્યાયશ્રીએ, પં૦રાજવિમલગણિ અંગે પોતાની નાપસંદગી સ્પષ્ટતયા વ્યક્ત કરી હતી ! એટલું જ નહિ; પરંતુ કોઈનીય કલ્પનામાં પણ નહિ તેવા પં૦હીરહર્ષગણિને જ આચાર્યપદવી આપવાનો પ્રસ્તાવ મૂકેલ ! આ આત્મસલાહને ગચ્છનાયક પૂ૦આ૦શ્રી વિજયદાનસૂરિજી મહારાજે તથા ગચ્છના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



વડિલોએ 'તેમાંજ ગચ્છનું કલ્યાણ છે' એમ માનીને સહર્ષ આજ્ઞા આપી દીધી હતી ! અને પં૦રાજવિમલગણિને બદલે પં૦હીરહર્ષગણિને આચાર્યપદ આપીને **'શ્રી વિજયહીરસૂરિજી'** નામ સ્થાપવા પૂર્વક ગચ્છનાયક બનાવેલ.

તેવીજ રીતે–સમુદાયમાંના દીક્ષા તથા પદવી આદિએ મોટા એવા સમર્થ વડીલો વિદ્યમાન હોવા છતાંય પૂ૦મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિનીજ સલાહ અને સૂચનાને માન આપીને જગદ્ગુરૂ પૂ૦આ૦શ્રી વિજયહીરસૂરિજી મહારાજે પણ 'જયવિમલમુનિ'ને આચાર્યપદવી આપીને **'વિજયસેનસૂરિજી'** નામ સ્થાપન કરવા પૂર્વક પોતાની પાટે સ્થાપેલ ! આવું ગૌરવવંતુ તેઓશ્રીનું સ્થાન વડિલોના હૃદયોમાં હતું.

પૂ૦મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજનું આવું અલૌકિક વક્તિત્વ, પ્રભુત્વ તેમજ વિસ્તરતું પ્રતિભાબળ જોઇને પ્રમુદિત બનવાને બદલે સમુદાયમાં આગવું સ્થાન ધરાવતા અને બહુમાન્ય એવા પૂ૦મહો૦શ્રી સોમવિજયજી મ૦શ્રીને તથા બીજા પૂજ્ય ઉપાધ્યાયજીઓને પૂ૦મહો૦શ્રી પ્રતિ અસૂયાભાવ પ્રકટયો ! હા દૈવ !! गुणो गुणीषु मत्सरी !!!

પરિણામે આચાર્યપદથી વંચિત રહેવાથી ઈર્ષ્યાલુ બનેલા પં૦રાજવિમલગણિની અને તેમના પૂ૦ઉ૦શ્રી મુનિવિ૦, પૂ૦ઉપા૦શ્રી દેવવિ૦, કવિશ્રી દર્શનવિ૦, સિંહવિ૦આદિની તેમજ સમુદાયમાન્ય અને દીક્ષા તથા જ્ઞાનાદિ પર્યાયે વૃદ્ધ એવા પૂ૦મહો૦શ્રી વિમલહર્ષ-ગણિ, પૂ૦મહો૦શ્રી કલ્યાણવિ૦ગણિ આદિને બદલે પૂ૦ મહો૦શ્રી ધર્મસાગરજી ગણિની સલાહાનુસાર બાલમુનિ **શ્રી** જયવિમલને જે આચાર્યપદવી અપાઇ તેનાથી દુભાયેલા વડિલો પૈકીના પૂ૦ઉપા૦શ્રી સકલચંદ્રગણિ, પૂ૦ઉપા૦શ્રી કીર્ત્તિવિ૦ગણિ, પૂ૦ઉપા૦શ્રી નંદિવિ૦ગણિ, ઉપા૦શ્રી ધર્મવિ૦ગણિ, ઉપા૦શ્રી રત્નચંદ્રગણિ, પં૦શ્રી સિંહવિમલગણિ આદિ પૂજ્યોના બનેલા પ્રતિસ્પર્દ્ધી જુથની આગેવાની પૂ૦મહો૦શ્રી સોમવિજયજી મહારાજે લીધી !

શાસન તથા સમુદાયના હિતને બદલે માની લીધેલી પોતાની માનહાનિને જ નજર સન્મુખ રાખીને ચાલતા એવા તે પૂ૦ઉપાધ્યાયવર્ગના મોવડી પૂ૦મહો૦શ્રી સોમવિજયજી મહારાજે એ પછી પોતાની વ્યવહારનિપુણતાને તથા જ્ઞાનબળને સ્વસમુદાયમાં ગુમરીત્યા પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી મ૦ પ્રતિ વિરોધી વાતાવરણ કેળવવામાં જ વાપરવા માંડેલ તેમજ 'દુશ્મનનો દુશ્મન સ્હેજે મિત્ર'એ ઉકત્યનુસાર તપાગચ્છના તથા પૂ૦મહો૦શ્રીના પ્રતિસ્પર્દ્ધી એવા ખરતરાદિનો પણ સંપર્ક સાધવા માંડયો !! આમ ધીરે ધીરે પોતાનું વર્ચસ્વ જામતાં પૂ૦મહો૦શ્રી સોમવિ૦મ૦આદિએ–વડિલોના હૃદયોમાં તેવું અલૌકિક સ્થાન ધરાવતા " પૂ૦ઉપા૦શ્રી ધર્મસા૦ના ગ્રંથોને પૂ૦આ૦શ્રી વિજયદાનસૂરિજી મહારાજે અપ્રમાણ કરવા પૂર્વક જલશરણ કરી દીધા છે, તેમને સમુદાય બહાર કરી દીધા છે, તેમની પાસે અનેકવાર માફીપત્રો લખાવ્યા છે" ઇત્યાદિ પ્રકારની વાતો વહેતી મૂકી !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતની વિવિધ કાર્યવાહીઓ, તે પ્રતિસ્પર્દ્ધી પૂ૦ઉપાધ્યાયભગવંતોએ પૂ૦ જગદ્‌ગુરુ હીરસૂરિજીમ૦ના સત્તાસમયે પૂ૦મહો૦શ્રીની હયાતિમાં અને તે પૂ૦મહો૦શ્રીના સ્વર્ગગમન બાદ પણ પૂ૦વિજયસેનસૂરિજીમ૦ના જ નહિ; પરંતુ તે પછીનાય ગચ્છનાયક પૂ૦આ૦શ્રી વિજયદેવસૂરિજીમ૦ના સત્તાકાળ સુધી પણ પૂ૦મહો૦શ્રીને, પૂ૦સાગરગીતાર્થોને વગોવવા પૂર્વક તેઓશ્રીના રચેલા અને ગચ્છનાયકોની પણ મહોરછાપ પામેલા ગ્રંથોને 'અપ્રમાણિક' ઠરાવવા જોરદાર ઝુંબેશ ચાલુ જ રાખી હોવાનું ઈતિહાસ સાક્ષી પૂરી રહેલ છે.

પૂ૦જગદ્‌ગુરુના પટ્ટધર આ૦શ્રી વિજયસેનસૂરિજી મહારાજે પોતાના મોટા એવા શિષ્ય-પ્રશિષ્યોની આવી કાર્યવાહીથી કંટાળીને છેવટે ગીતાર્થભગવંતોનું સંમેલન સં. ૧૬૭૨ની સાલમાં ભરીને સર્વસંમત રીતે પૂ૦મહો૦શ્રીના **સર્વજ્ઞશતક** આદિ ગ્રંથોને **'પ્રમાણિક'** જાહેર કરીને, સ્થાને સ્થાને તેની નકલો કરાવવા પૂર્વક ભંડારોમાં પણ મૂકાવીને સત્યનું સંરક્ષણ કરેલ ! આથી તો વધુ ઉશ્કેરાયેલ તે ઉપાધ્યાયપક્ષમાંના જ કોઇ એક સાધ્વાભાસમુનિએ પૂ૦ગચ્છનાયકશ્રીને જ વિષપ્રયોગ દ્વારા મૃત્યુના ઘાટે પણ ઉતારેલ હોવાની બીના ઇતિહાસ પ્રસિદ્ધ છે.

ત્યારબાદ પૂ૦સેનસૂરિજીમ૦ની પાટે આવેલા પૂ૦આશ્રી વિજયદેવસૂરિજી મહારાજ, તે પક્ષથી વધુ સાવધ રહેવાપૂર્વક સમુદાયનું સફલ સંચાલન કરવા લાગ્યા ! એટલું જ નહિ; પરંતુ તે પ્રતિસ્પર્દ્ધી બનેલા પૂ૦ઉપાધ્યાયપક્ષના મોવડી એવા પૂ૦મહો૦શ્રી સોમવિ૦મ૦શ્રીના પ્રલોભકવાક્યોથી નહિ લોભાયાનું તેમજ પૂ૦સાગરગીતાર્થોનો સાથ નહિ જ છોડયો હોવાનું પણ ઈતિહાસ સાક્ષી પૂરી રહેલ છે.

આથી સ્વધારણાને ચારેબાજુથી નિષ્ફલ બનતી જોઈને વધુ છંછેડાયેલા પૂ૦મહો શ્રી સોમવિ૦મહારાજે અંતે બાદશાહ જહાંગીરના પ્રીતિપાત્ર એવા પૂ૦મહો૦શ્રી ભાનુચંદ્ર-ગણિ અને મહો૦શ્રી સિદ્ધિચંદ્રગણિ દ્વારા-" પૂ૦આ૦શ્રી વિજયસેનસૂરિજીમ ની પાટેથી પૂ૦આ૦શ્રી વિજયદેવસૂરિજીમ૦ને ઉત્થાપી, પોતે સ્થાપવા ધારેલા પોતાના પક્ષના નવા બનાવેલા આચાર્ય શ્રી વિજયતિલકસૂરિજીને સ્થાપી દેવા તેમજ 'સર્વજ્ઞશતક' ગ્રંથને દૂરીથી અપ્રમાણ જાહેર કરાવવા પૂર્વક પૂ૦સાગરગીતાર્થોને બદનામ કરવા માટે" સત્યવાતોની અવળી રજુઆત કરાવીને પણ બાદશાહ જહાંગીરને ઉશ્કેરાવેલ !!

પરિણામે ઉશ્કેરાયેલા તે જહાંગીરે સં. ૧૬૭૩માં પૂ૦ ગચ્છનાયક વિજયદેવસૂરિજી મ૦ને ખંભાતથી અને સાગરગીતાર્થ પૂ૦મહો૦શ્રી નેમિસાગરજીમ૦ને રાધનપુરથી ભર ચોમાસામાં વિહાર કરી માંડવગઢ આવવાનું તાકીદ કરતાં ફરમાનો છોડયાં ! જેના કારણે અનેક મુશીબતોનો સામનો કરવાપૂર્વક પૂ૦ગચ્છનાયકશ્રી આદિને માંડવગઢ આવવું પડેલ !! ત્યારબાદ જહાંગીર બાદશાહની રાજસભાના અધ્યક્ષોની હાજરીમાં 'શ્રી સર્વજ્ઞશતક મહા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રંથ' અંગે ચાલેલા યુક્તિ-પ્રયુક્તિપુરસ્સરના વાદમાં પૂ૦ગચ્છનાયક તથા પૂ૦મહો૦શ્રી નેમિસાગરજી ગણિએ તે ઉપાધ્યાયપક્ષને સખત પરાજય આપવા પૂર્વક **શ્રી સર્વજ્ઞશતક ગ્રંથને** બાદશાહ જહાંગીરની હાજરીમાં જ **સર્વાંગ પ્રમાણિક** ઠરાવી આપેલ.

આથી અતિશય પ્રસન્ન થયેલ બાદશાહ જહાંગીરે પૂ૦ગચ્છનાયક આ૦શ્રી વિજય-દેવસૂરિજીમ૦ને **'સવાઇમહાતપા-જહાંગીરીમહાતપા'**નું અને વાદિચક્રચૂડામણિ પૂ૦ મહો૦શ્રી નેમિસાગરજી ગણિપુંગવને **'જગજીપક'**નું માનવંતુ બિરૂદ રાજસભા સમક્ષ આપવા પૂર્વક પ્રમાણિક ઠરેલા શ્રી સર્વજ્ઞશતક મહાગ્રંથને પટ્ટહસ્તિ ઉપરની અંબાડીમાં સ્થાપન કરવા પૂર્વક પૂ૦ગચ્છનાયક વિજયદેવસૂરિજીમ૦શ્રીની માંડવગઢમાં શોભાયાત્રા કાઢીને મહામહોત્સવથી પૂ૦ગચ્છનાયકશ્રીને ઉપાશ્રયે પધરાવેલ !! તેમજ 'તપાગણપતિ ગુણપદ્ધતિ' ગ્રંથના કર્તા પૂ૦મહો૦શ્રી ગુણવિ૦મ૦ના- "श्रीहीरसूरीणां विजयसेनसूरीणां च एते (विजय-देवसूरय) एव पट्टधराः सर्वाधिपत्यमाजो भवन्तु, नापरः (विजयतिलकसूरिरादिः) कोऽपि कूपमंडूकप्रायः।' ઇત્યાદિ વચનાનુસાર-નવા સ્થાપન કરવા ઇચ્છેલા આ૦શ્રી વિજયતિલકસૂરિજી મ૦નું આચાર્યપદ ખેંચી લેવા પૂર્વક તેઓશ્રીને પૂ૦આ૦શ્રી વિજયસેનસૂરિજીમ૦ની પાટના ઉત્તરાધિકારિત્વમાંથી પણ રદ બાતલ કરી દીધેલ!! એ વિગેરે બીનાઓ પણ આ ઐતિહાસિક ગ્રંથરત્નના વાચનથી આપણને સહેજે સમજાય તેમ છે.

ઉપર મુજબની સત્ય ઐતિહાસિક દરેક બીનાઓને તેમજ પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી ગણિપુંગવના શાસન પ્રતિની અપૂર્વ ધગશ ખમીર, તપાગચ્છનિષ્ઠતા અને સમુદાયહિત-વત્સલતાદિ લોકોત્તર ગુણો ને ચેનકેન આવરી દેવા માટે પૂ૦પં૦શ્રી સિંહવિ૦ગણિ, ઉપા૦શ્રી ભાવવિ. ગણિ, ઉપા૦શ્રી રત્નચંદ્રગણિ, કવિશ્રી દર્શનવિ૦ તથા ઋષભદાસ. કવિ. આદિએ સાગરબાવની, ષટ્ત્રિંશજ્જલ્પવિચાર, કુમતાહિવિષજાંગુલિમંત્ર, વિજયતિલકસૂરિરાસ, બાર બોલરાસ આદિ વિવિધકૂટ સાહિત્યનું સર્જન દ્વારા તદ્દન ભ્રામકવાતો ગચ્છનાયકની શરમ રાખ્યા સિવાય સમાજમાં વહેતી પણ મૂકી દીધી હતી.

આવી અનૈતિહાસિક અને તદ્દન બનાવટી એવી તે તે ભ્રામક કૃતિઓને જ પ્રામાણિક આધારરૂપે માનીને અને લક્ષ્યીભૂત કરીને ચાલનારા આ વીસમી સદિના ઇતિહાસકારો પૈકીના મુનિશ્રી વિદ્યાવિ૦મ૦, પૂ૦મુનિશ્રી દર્શનવિ૦મ૦ત્રિપુટી, મોહનલાલ દલીચંદ દેશાઈ, સોલીસીટર મોતીચંદ ગીરધરભાઈ આદિ ઇતિહાસકારોએ પોતાના રચેલા સાહિત્યોમાં પૂ૦ શાસનસ્તંભ મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીમ૦ને તથા તેમના આત્મભોગોને બિરૂદાવવાને બદલે 'તોફાની, લડાયક પ્રકૃતિના, કજીયાખોર, અપભ્રાજીત, ગચ્છબહિષ્કૃત, કલેશની ચીનગારી ફેલાવનાર' આદિ ઉપમાઓથી નવાજેલ છે ! તેમજ તેમના શાસનસંરક્ષક તથા તપગચ્છ-જીવનદાતા ગ્રંથોને 'અમાન્ય, અપ્રમાણિક, જનશરણીકૃત, કલેશાગ્નિવર્ધક' આદિ તરીકે વર્ણવવામાં ખુબજ આગળ પડતો ભાગ ભજવેલ છે ! ! જે દુઃખનો વિષય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે કહેવાતા આજના ઇતિહાસકારોના હાથે ઐતિહાસિક પાત્ર અને ઐતિહાસિક બીનાઓની કદર્થના થતી જોઈને **પરમપૂજ્ય શાસનસંરક્ષક-નૂતનતિથિપથોન્મૂલક શાસનસ્તંભ શાસનકંટકોદ્ધારક-સ્વર્ગત આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજે** પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાંપણ સત્યસંરક્ષણાર્થે અતિપરિશ્રમ લેવા પૂર્વક આ **'પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા'** નામા ભગીરથ ગ્રંથરત્નનું નવનિર્માણ કરીને તેની અંદર-" પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી મહારાજ, શાસનનું કેવું કીંમતી જવાહીર હતું ? તેઓશ્રીએ શાસન અને સમાજ માટે કેવાં કેવાં ભોગો અને બલિદાનો આપ્યાં હતા ? વિદ્વેષીઓના આક્રમણોનો કેવી રીતે પ્રતીકાર કરીને તપાગચ્છની શાન બઢાવી હતી ? વિદ્વેષીઓની કૂટનીતિના ભોગ બનતા તપગચ્છના નાયકોને કેવી રીતે ઉગારી લીધા હતા? મહો૦શ્રીની મહત્તાને આવરવા માટે સ્વસમુદાયના પ્રતિસ્પર્દ્ધી પૂ૦ ઉપાધ્યાયપક્ષે કેવાં પગલાંઓ ભરેલાં ? અને તે અંગે પૂ૦ગચ્છનાયકોએ તથા પૂ૦સાગરગીતાર્થોએ શું શું ઉપાયો લીધેલા ? તત્કાલીન તથા વર્તમાનકાલીન ઇતિહાસકારોએ પોત-પોતાની કૃતિઓમાં સત્ય ઇતિહાસનું રક્ષણ કરેલ છે કે-ભક્ષણ ?" ઇત્યાદિ બીનાઓની સાંગોપાંગ છણાવટ ઐતિહાસિક આધારો અને સાક્ષીઓ આપવા પૂર્વક કરેલ છે.

શાસનકંટકોદ્ધારક સ્વર્ગત પૂ૦ આચાર્યભગવંત શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજે આ ગ્રંથરત્નની રચના કરીને તો ખરેખર પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી મ૦શ્રીના સાત્વિક અને તાત્વિક જીવન ઉપર પ્રતિસ્પર્દ્ધીઓએ જે અંધારપટ છાઈ દીધેલ તેને દૂર કરવામાં અભિનવભાનુનું જ કામ કરેલ છે. એટલું જ નહિ; પરંતુ જૈનસમાજ ઉપર ચિરસ્મણીય મહાન્ ઉપકાર કરેલ છે. પૂ શાસનકંટકોદ્ધારકસૂરિજીએ કરેલી બીજી બીજી શાસન સેવાઓની સાથોસાથ આ સત્ય ઇતિહાસસંરક્ષણની સેવા પણ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધાયેલી રહેશે જ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. વિદ્વદ્ વાચકોને વિનંતિ છે કે-આ ગ્રંથરત્નનું અતિશય મનનપૂર્વક અને તટસ્થવૃત્તિએ સાંગોપાંગ વાંચન કરીને, શાસનસંરક્ષક મહાપુરુષોના અલૌકિક ખમીર અને બલિદાનોને પીછાણીને તે તે પૂ. શાસનરક્ષક મહાપુરુષોને ચરણે ભાવભરી પુષ્પાંજલિ અર્પશો એજ અભિલાષા.

વિ. સં. ૨૦૩૧ કા. શુ. ૧૫
જૈન ઉપાશ્રય (જિ. પંચમહાલ)
લુણાવાડા

લિ૦
પ૦પૂ૦ગચ્છાધિપતિ આચાર્યદેવેશશ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ૦ના શિષ્ય-શતાવધાની પંન્યાસ લાભસાગર ગણિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦પંન્યાસપ્રવર શ્રી અમૃતસાગરગણિ રચિત
એક અપ્રકટ અને વિદ્વદ્ભોગ્ય અપૂર્વ કૃતિ

વિનય ભુજંગ મયૂરી

(શાસનસ્તંભ-શાસનસંરક્ષક-શાસનકંટકોદ્ધારક પૂ૦સ્વર્ગત આચાર્ય ભગવંત શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ વિરચિત આ પ૦ પૂ૦મહામહોપાધ્યાય **શ્રી ધર્મસાગરજી** ગણિવર અંગેના-'**પ્રાચીન અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા**' નામક ભવ્ય ઐતિહાસિક સમીક્ષા ગ્રંથરત્નના ચોથા પ્રકરણના પેજ ૧૮૨ ઉપર-પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજી ગણિપ્રવરની પદ મી પાટે થએલા મહાસમર્થવિદ્વાન્ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી અમૃતસાગરજી ગણિ અંગેની સ્ફુટનોંધ ૭૨માં તેઓશ્રીની રચેલી વિદ્વદ્ભોગ્ય અતિમહત્વની કૃતિઓનો ઉલ્લેખ કરેલ છે તે પૈકીની એક અપ્રાપ્ય અને અપ્રકટ એવી કૃતિની પ્રવર્ત્તક પૂ૦શ્રી કાંતિવિજયજી મ.ના શાસ્ત્રસંગ્રહ (છાણી)માંથી અશુદ્ધ પ્રત પ્રાપ્ત થઈ છે તેને યથામતિ શુદ્ધ કરીને સાહિત્યસંરક્ષણાર્થે અને સુજ્ઞવાચકોના મનનાર્થે આ નીચે આપવામાં આવે છે. **પંન્નરેન્દ્રસાગર ગણિ.**)

ऐँ नमः ॥ पं०श्री अमृतसागरगणिना लिख्यते मान्यचरणानां योग्येय पत्री ॥ ईह कश्चित् कल्पसुबोधिकाकारो ज्ञानांशं जानन् सकलज्ञोऽहमिति वृथाभिमानी 'युवराज्ञन' इति प्रायोग्यं कथञ्चिदृष्ट्वा तदुपपत्तये क्लिश्यते, वदत्यपि च अयं प्रयोगश्चिन्त्यो 'राज्ञहःसखिभ्यष्टच्' इत्यनेन टचः प्राप्तेरिति । तन्मुधैव । यतः समासान्तविधेरनित्यत्वात् 'समासान्त गमे' त्यादि न्यायात् । न च समासांतविकल्पोच्छेदापत्त्याऽनित्योऽयं न्याय इति वाच्यम् । इष्टस्थलेऽप्य (ष्ट) प्रवृत्तौ न्यायस्य निर्विषयत्वापत्तेः । इष्टतानियामकं द्विमित्यपि न वाच्यम् । ज्ञापितत्वविरोधात्तत्त्वं तु अनुपदमेव स्पष्टयिष्यते । अत एव 'स्वल्पावण्याशसा धृतधनुषमह्नाय तृणव' दिति पुष्पदन्तप्रयोगस्तथा 'सामंतराज्ञन' इति श्री हेमसूरयः परिशिष्टपर्वणि । 'शेषराज्ञन' इति श्रीमदभयदेवसूरयः स्थानांगटीकायाम् । 'सूर्यकांतो नाम कुमारो युवराज्ञा,' 'ईश्वरा युवराज्ञन' इति मलयगीरिप्रयोगौ । 'गणराजनः' 'प्रथमराज्ञ' इति स्वग्रन्थे । 'वृद्धिरादैजि'ति पाणिनिप्रयोगः । 'सुपथी नगरी'ति भाष्यप्रयोगः । 'ऋक्पूःपथ्यपो'दिति हेमसूरिप्रयोगश्च संगच्छते । अत एवं न्यायवृत्तावयं प्रयोगस्तन्न्यायैकदेशस्य ज्ञापकतया दर्शितः । किंच-पाणिनिना राजऋशब्दमधिकृत्य टचोऽनित्यत्वं ज्ञापितं तथा हि 'प्रतेरंश्वाद्यस्तत्पुरुषे' अंतो हांताः स्युरंश्वद्यौ च राजऋशब्दः पठितो । यदि चैतच्छब्दस्य समासान्तो नित्यः स्यात्तर्हि चिन्त्ये नैव । तत्सिद्धौ तत्र पाठं (तत्पाठं)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદધ્યાદેતચ્ચ 'ધનુષશ્ચે'તિસૂત્રે મનોરમાયાં સ્પષ્ટં કૃષ્ણપંડિતગ્રંથેષ્વન્યત્ર । ન ચાત્র છાન્દસત્વમિતિ વિવદિતવ્યમ્। 'માસશ્છન્દસી'તિ સૂત્રે છન્દોગ્રહણ સામર્થ્યાદ્ ભાષાયામપીતિ કૈયટેન પ્રતિપાદિતત્વાત્ । અત એવં 'ત તસ્થિવાંસં નગરોપકંઠે' ઇત્યાદયઃ પ્રયોગા ભાષાયામપિ દશ્યન્તે । અત એવં તત્ર તત્ર હરદત્તાદિભિર્નિરંકુશાઃ કવય ઇતિ રીતિઃ સિદ્ધાન્તિતા । ઇત્થં ચ માઘસ્થઃ 'કુરુરાજ્ઞે'તિ પ્રયોગઃ સમર્થયિતું શકયતે । એતેન 'ઔદ્ધરાજ્ઞે' ત્યપિ પ્રયોગઃ સમાહિતસ્તથા 'સૂરરાજ્ઞા' ઇત્યાદયઃ પાઠ્યાં તથા 'જુવરાયાણેા, સિદ્ધત્થરાયાણેા' ઇત્યાદયઃ સિદ્ધાન્તેઽપિ । ન ચ પ્રાકૃતત્વાત્સમાસાન્તેા ન ભવિષ્યતીતિ વાચ્યમ્ । 'શેષં સંસ્કૃતવત્ સિદ્ધ' મિત્યતિદેશેન તસ્યાપ્યનુજ્ઞાતત્વાત્। બાહુલકે તુ 'અગતિકંગતિસ્તથા ટજ્-વિધાયકંસૂત્રે રાજઋશબ્દગ્રહણા 'જયજય મહારાજે' ત્યાદિ પ્રયેાગાઃ સાધવ એવેતિ દિક્ । યત્તુ સમપંડિતી 'પ્રતેરંશ્વાદયસ્તત્પુરુષે' ઇતિ સૂત્રે 'પ્રતિરાજ્ઞન' ઇતિ પ્રયેાગં નિરીક્ષ્ય 'સમાસાન્તવિધિરનિત્ય' ઇતિ ન્યાયજ્ઞાપકમન્યથાકર્તુમના ઉપદર્શિતપ્રયેાગ એવ સૂત્રબલાદ્ ભવતુ 'યુવરાજ્ઞન' ઇત્યાદયઃ । કથં ભવતુ નામેતિ નૂતનપંડિતપદભાકત્વેનેાવાચ તન્મિથ્યૈવ, યતસ્તજ્ઞાપકતાનિયામકત્વેનૈવ । તથા રાજઋશબ્દસ્ય પંડિતૈઃ સ્વીકૃતત્વાત્ । કિંચ સમાસ-વિષયે ઉદ્ગાતૃશબ્દસ્યેાપધા વૃદ્ધિં દૃષ્ટ્વા સુટિતાં સ્વીકુર્વતાં પ્રામાણ્યં કેનેાપાયેન સ્થિરતા-માપદ્યેત । એવંશ્વાદેરિતિ નિર્દેશેન રાજ્ઞશ્ચ ઇત્યાદિકં સાધયતાં તસ્માદિત્યુત્તરસ્યેત્યાદિ નિર્દેશેન ન હિ કાર્યા નિમિત્તત્વેનાશ્રીયત ઇતિ વચેા બાધિત્વા 'સુદ્ધયુપાસ્ય' ઇત્ય દિકં સાધયતાં । 'બહ્વમ્પી'તિ પ્રયેાગ 'મૃક્રપૂ પથ્યપેા' દિતિ જ્ઞાપકબલેન સમાહિતવતાં । તથાઽ 'કૃતવ્યૂહા પાણિનીયા' ઇતિ પરિભાષયા 'વિચ્છેાઽનઙિ'તિ ઙિત્કરણસિદ્ધયા (સિદ્ધયા) 'નિષેદુષી' ત્યાદૌ સંપ્રસારણાત્ પ્રાગિડભાવં । તથૈતદનિત્યતાજ્ઞાપકેન 'ક્વેાઃ શૂઙિ'તિ સૂત્રે તુક્રશ્ચઙ્ણેનાતિભવકાનિતિ સાધયતાં કથં પ્રામાણિકતા સિધ્યેત ? કથંવા 'ઇષત્પ્રલંભ (ભ)' ઇત્યાદિપ્રયેાગદર્શનેન હિ ખલ્વિષયે ઉપસર્ગસ્ય વ્યવધાયકત્વમિતિ લેખકસ્ય સુબેાધિકાકારસ્ય તન્મતે પ્રામાણ્યં સિધ્યેદિદં તુ તત્ત્વદર્શામેવ સ્પષ્ટમિત્યકમિયતા । વિશેષાર્થિભિસ્તુ 'ઘૃતધનુષમાદૈ ચ સુપથી' ત્યાદિ પ્રયેાગાનધિકૃત્ય (ત) તદ્વયવસ્થાપકાનાં કૃષ્ણકુતૂહલન્યાયવૃત્ત્યાદયેા ગ્રન્થા માત્સર્યં પરિહૃત્ય દૃષ્ટવ્યા ઇતિ વિદ્વદ્ભિર્વિચારણીયમ્ ॥

પુનઃ 'દુરારાધ્ય' ઇત્યત્ર 'દુરારાધ' ઇતિ પ્રયેાગેા ભવતીતિ વદતિ, તત્તુ ક્લિષ્ટમ્ । 'આઙ્યવધાનાધુ ખીષત' ઇત્યનેન ખલાપ્રાપ્તેઃ । ન ચેાપસર્ગો ન વ્યવધાયીતિ વાચ્યમ્ । 'સમાગચ્છતી'ત્યત્ર 'સમેા ગમિ' ત્યાદિનાત્મનેપદપ્રસક્તેઃ । યદિ ચ સામાન્યાપેક્ષય જ્ઞાપકપક્ષે 'ઇષત્પ્રલંભ, ઇષન્નિમય' ઇત્યાદિપ્રયેાગદર્શનેન ખલ્વિષયે ઉપસર્ગસ્ય ન વ્યવ-ધાયકત્વમિતિ વિભાવ્યતે તદા સુ આરાધ્યતેઽસૌ આરાધ્યઃ, દુઃખેન દુઃસ્થિત્યા વારાધ્યેા દુરારાધ્ય ઇતિ વ્યુત્પત્તિઃ । તથા ચ દુઃશબ્દસ્યૈતદ્ધાતું પ્રતિગતત્વમેવ નાસ્તિ યત્ 'ક્રિયાયુક્તા: પ્રાદયસ્તાં પ્રત્યેવેાપસર્ગસંજ્ઞા' ઇતિ ન્યાયાત્ । અત એવ પ્રગતા ઋચ્છકા યસ્મિન્ પ્રચ્છકેા દેશ ઇત્યાદૌ, 'નારદુર્દ્ધિય' ઇત્યાદૌ ચ ન યણ્। એતેન 'દુઃપ્રતિપાદ્ય'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઈતિ પ્રયોગોઽપિ સમર્થિતઃ। અત એવ 'યદ્દૂર યદ્દુરારાધ્યં' તથા 'ક્ષમસ્વ ભો દુરારાધ્ય' 'પુરિમાણં દુવ્વિસુજ્ઝો,' 'દુર્વિશોધ્ય' સ્તટ્ટીકાયામ્। તથા વ્યવધાનમંતરેણાપિ 'દુર્ભેદ્ય' ઈતિ, 'દુરધિસહ્ય' ઈત્યાદયઃ કવચિદ્દૃશ્યમાનાઃ પ્રયોગા ન દોષાવહા ઇતિ દિક્ ॥

પુનઃ 'પાણિપાદાના' મિતિ પ્રયોગં દૃષ્ટ્વા ચિન્તાયાં નિપતતિ તદપિ મુધૈવ। પ્રાણ્યંગાનાં દ્વન્દ્વં એકવદેવ ભવતીતિ નિયમાભાવાત્। ન ચ ચાર્થસમાહારાદેવૈકવદ્ભાવે સિદ્ધે સૂત્રારંભો નિયમાય ભવિષ્યતીતિ વાચ્યમ્। પ્રાણ્યંગાદીનાં તૈરેવેતિ નિયમસંપાદનેન વિધેશ્ચરિતાર્થત્વાત્। અત એવ 'શંખદુન્દુભિવીણા' ઈત્યાદયો બહુદ્વૃત્તૌ। તથા અસ્મિન્નર્થે 'સેનાંગા'દિસૂત્રે બહુવચનમેકત્વવિધેરનિત્યત્વજ્ઞાપકમિતિ ન્યાસોઽપિ દૃષ્ટવ્યઃ। 'શ્વેતઃ ખુરવિષાણાભ્યા'મિતિ સ્મૃતિરપિ। એતચ્ચ કૃષ્ણુપંડિતગ્રન્થે સ્પષ્ટમ્ મદ્ગ્રન્થશ્ચ। યદ્વા 'લક્ષણહેત્વો' રિતિ સૂત્રે 'મુખનાસિકાભ્યા' મિતિ ભાષ્યપ્રયોગાજ્ જ્ઞાપકાદેકવદ્ભાવોઽનિત્ય ઈતિ। 'મુખનાસિકાભ્યા' મિતિ દ્વન્દ્વ એવ સાધીયાન્। તથા ચ પ્રયુજ્યતે 'શીરાકુક્ષિ-લલાટેષુ નિત્યં સ્વેદઃ પ્રશસ્યતે' ઇતિ। 'લોહિતૈશ્ચ ચુચરણૌ હંસાસ્તે પરિકીર્ત્તિતા' ઈતિ। 'છિન્નેષુ પાણિપાદેષુ' 'પાતિતૈ રથનાગાશ્વૈ' રિત્યાદીનિ। કિંચ-'સર્વો દ્વન્દ્વો વિભાષયૈકવદ્ભવતી'તિ ન્યાયેનાપ્યય પ્રયોગઃ સુસાધઃ। અત એવ 'મર્યાદાભિવિધા' વિતિ પ્રયોગઃ, 'અનિત્યેવાઽમનસે' ઇતિ પ્રયોગશ્ચ। કિંચ 'મુખનાસિકાવચને' ત્યાદિ પાણિનિનિર્દેશેન પાણિસહિતાઃ પાદા ઇત્યુત્તરપદલોપેનાપિ સમાધેયં। એવમેવ 'રાજહંસાસ્તવમી ચ ચુચરણૌ-રતિલોહિતૈ' રિત્યાદયો હેમચંદ્રસૂરિપ્રયોગા માત્સર્યમુત્સાર્ય દ્રષ્ટવ્યા ઈતિ દિક્ ॥

તથા 'સમાંદનૌ' રિત્યત્ર સમાધિ। સમ ચ તાનિ દિનાનીતિ કર્મધારયઃ। સમ સંખ્યાનિ દિનાનિ સમદિનાનિ તૈરિત્યુત્તરપ લોપો વા। અત એવ 'ષટ્ સમૈર્યવસ્ત્વેક-સ્ત્રિગુંજાભિર્ભવેદ્ધ્રુવ' ઈતિ ચ। તથા 'ત્રિલોકનાથેન સતા મખદ્વિષ' ઇતિ પ્રયોગઃ, 'નવરસરુચિરા'મિતિ પ્રયોગશ્ચ। ન ચાત્ર પાત્રાદિત્વં કલ્પનીયમ્, 'યદિ ત્રિલે કી ગણનાપરા સ્યા' દિત્યાદિ પ્રયોગવિરોધાપત્તેઃ। એતેન 'સમદિનો' રિતિ પ્રતીકમુપાદાય સમસ્તઃ પ્રયોગશ્ચિન્ત્યઃ 'સંખ્યાસમાહારદ્વિગુર્ભવનાદિ'તિ હઠત્ વદન્ કશ્ચિત્ પરાસ્તઃ ॥

તથા લક્ષણાભાવતદ્દૂષિત 'કોટિમ્ભર' પ્રયોગાનુપપત્તિસ્તુ સંજ્ઞાત્વવિવક્ષયા નિરસનીયા। અત એવ 'ગાંડીવધનુષઃ ખેલ્યો નિશ્ચચાર હુતાશન' ઇતિ હેમસૂરિરુક્તદિશૈવ સમાહિતવાન્। કિંચાહો! બત સુબોધિકાકારસ્ય 'મેધાવી'તિ પ્રસિદ્ધિભાજોઽપ્યજ્ઞાનવિલ-સિતમ્। યતઃ સુબોધિકાયામેકસપ્તતિતમે પત્રે 'કોટિમ્ભર' પ્રયોગવિશિષ્ટં પદ્યં લિખિત્વા પ્રત્યન્તરે તમેવાશ્રિત્ય ચિન્ત્યોઽયમિતિ લિખિતવાન્। કિંચાન્યવિહિતકાવ્યપ્રયોગે આનેતુશ્ચ-દોષસ્તર્હિ 'યો માનુષસ્યે' ત્યાદિ કાવ્યગતપ્રયોગલિખનેન સુબોધિકાકારોઽપ્યસ્માકં જય્યઃ સ્યાદિત્યવહિતૈરાકલનીયમિતિ સંક્ષેપઃ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા સ્વાભિમતવિરોધોદ્ભાવકં 'કવિલા ઇત્થંપી' ત્યાદિ ગ્રન્થમુદ્દિશ્ય 'તન્ને' ત્યાદિ ગ્રન્થં લિખિતવાન્ સ તુ તદભિમતસ્યાશુદ્ધત્વેનાશુદ્ધ એવ, તન્મતસ્યાશુદ્ધતા ચ શ્રી જિનવચનપ્રામાણ્યાત્। 'દુબ્ભાસિએણ ઇક્કેણે' ત્યાદ્યાગમવચનાચ્ચૈવં તુ પ્રાચાં ગ્રન્થે સ્પષ્ટ મિતિ કૃતં પલ્લવિતેન ॥

તથા તીર્થંકરમાશ્રિત્ય 'ચતુર્વિંશતેરપી' ત્યાદિગ્રન્થસ્તુ સામાન્યાભિપ્રાયઃ। અત એવ 'દુવિહા એત્થ અચેલા સંતાસંતે વ હુંતિ વિન્નેયા તિત્થગર' ઇત્યાદિ ગાથાવ્યાખ્યાયાં 'તત્ર તીર્થકરા જિના અસચ્ચેલાઃ સન્તોઽચેલા ભવન્તિ' ઇતિ સ્થિતિકલ્પપંચાશકવૃત્તૌ। તથા 'અભિનિક્ખમંતિ સવ્વે તમ્મિ ચુએ અચેલયા હોંતિ' ઇતિ વિશેષાવશ્યકભાષ્યે। એતેન તીર્થંકરમાશ્રિત્ય 'ચતુર્વિંશતે' રિત્યાદિ ગ્રંથમધિકૃત્ય તદ્વિરોધિત્વમુદ્ભાવયન્ કલ્પસુબોધિકાકારો નિરસ્તઃ ॥

તથા 'તેજોલેશ્યોપાયઃ સિદ્ધાર્થેન શિક્ષિત' ઇતિ ગ્રન્થસ્તુ ગ્રન્થાન્તરસમ્મત્યા પ્રમાણમ્। સમ્મતિસ્તુ-સ ગોશ્યાયનર્ષિઃ કુમ્મગ્રામે આતાપનાં કરોતિ, તસ્ય 'યૂકાશય્યાતર' ઇતિ કથનેન ગોશાલે પ્રદ્વિષ્ટઃ સ તેજોલેશ્યાં મુક્તવાન્। સ્વામી ચ ગોશાલરક્ષાયૈ શીતલેશ્યાં ચ। આતાપનાપરસ્ય સનખકુલ્માષપિંડિકયા એકેન ઉષ્ણોદકચુલુકેન પારયતઃ ષણ્માસ્યાંતે તેજો લેશ્યોત્પદ્યતે ઇતિ સિદ્ધાર્થોક્તોપાયઃ પૃથગ્ભૂત' ઇત્યાદિ। તથા પુત્રા પંચ મતિ-શ્રુતોપલક્ષિતાન્તર્વાચ્યાદાવપ્યેવમેવ ॥

તથૈવ 'તુર્યસંહનનોચ્છેદ' પ્રતિપાદકો ગ્રન્થસ્તત્રાપિ સમ્મતિઃ। 'કલ્યાણાનિ સમુલ્લસ'ત્યુપલક્ષિતાન્તર્વાચ્યે। તથા રત્નશેખરસૂરિકૃતાન્તર્વાચ્યાદૌ વજૂસ્વામિનિ દશમ પૂર્વ તુર્યં સંહનનં ચ વ્યુચ્છિન્નમિતિ। તથા 'દુષ્કર્માવનિભૃદ્ભેજે શ્રીવજ્રે સ્વર્ગમીયુષિ। વ્યુચ્છિન્નં દશમં પૂર્વં તુર્યસંહનનં તથે'તિ પરિશિષ્ટપર્વણિ। કિંચ ઇદં તુ મહચ્ચિત્રમ્ યજ્જન્યબોધા-નધિકરણેન સુબોધિકાકારેણ તુર્યસંહનનોચ્છેદપ્રતિપાદિકા પટ્ટાવલીવૃત્તિરપિ નાવલોકિતા। એતેન તત્તદ્ગ્રંથમધિકૃત્ય તદ્વિવિરોધિત્વમુદ્ભાવયતઃકસ્યચિદંશેઽનાભોગો ધ્વનિત ઇત્યલમિયત્તા॥

પુનઃ 'અષ્ટચત્વારિંશત્સંખ્યેતિ' ગ્રન્થમુદ્દિશ્ય 'તચ્ચાયુક્ત'મિતિ લિખિતવાન્ સ તુ નિર્ભીજત્વેન સ (ક) દાગ્રહનિબંધનં તસ્યેતિ ધ્યેયમ્। ઇદં તુ પરમચરણા એવ વ્યવસ્થા-પિતવન્ત ઇતિ। કિંચાષ્ટચત્વારિંશત્સહસ્રવિદ્યાસુ નિર્ભરોપિ ન વિદ્યાઃ ષોડશસહસ્રાણ્યદ્ધૈ તાઢ્યપર્વત' ઇત્યાદિગ્રન્થેન સત્પ્રતિપક્ષિતત્વાદિતિ દિક્ ॥


અત્રેદમવધેયમ્ પૂર્વોક્તયુક્ત્યા સમીચીનાનપિ 'યુવરાજન' ઇત્યાદિજલ્પાન્ દૃષ્ટ્વા તત્કર્તુરનાભોગિત્વમાપાતતઃ સૂચયતા **પ્રૌઢકર્મશિષ્યેણાભિનિવેશશિરોમણિના** તદ્ગ્રંથસ્ય શોધકાનાં તથા વાચકાનાં ચ ભટ્ટારકશ્રીહીરવિજયસૂરિપ્રભૃતીનામનાભોગિત્વં સૂચિતમિતિ। અત એવ સૌજન્યવદ્ભિર્વિદ્વદ્ભિસ્તત્કુમતિકૃતઃ સુબોધિકાનામા ગ્રન્થો નિરાકર્ત્તવ્યો, ન તુ તત્ર નિર્ભરઃ કર્ત્તવ્ય ઇતિ શિવમ્ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા–યાંતિ ન્યાયપ્રવૃત્તસ્ય તિર્યંચોઽપિ સહાયતાં । અપન્થાનં તુ ગચ્છન્તં સોદરોઽપિ વિમુંચતિ ॥૧॥ હેવાકિભાવાદિહ ચેદહં ચ્યુર્દોષં મૃષા પશ્યતિ નિસ્તુષેઽપિ । કિં તત્ર કુર્મો મૃદુલં દુકૂલં ચેન્મૂષકો દૂષયતિ દ્વિષાણઃ ॥૨॥ નીચો નક્ષરકુક્ષિરુદ્ધતતયા વૈકુંઠમપ્યાક્ષિપેન્ ભેરીવન્મુખરીકરોતિ પરિતો વાગ્ડંબરૈરમ્બરમ્ । વિજ્ઞસ્ત્વજ્ઞ ઈવાભિભાવિતનિજાકારો ભજન્ના-ર્જવં મંદં મંદમનુક્ષરત્યવસરે વીણેવ વાણીગુણાન્ ॥ ૩ ॥ છ ॥

॥ इति विनयभुजङ्गमयूरो पत्रो ॥ छ ॥

૧૯૫૮ રા મીતિ ફાગુણ સુદ ૬ ॥ લિ૦ પીરાયત ગોકલદાસ. રેવાસી નાગોર



સ્વ. પૂ. આ. શ્રી શાસનકંટકોદ્ધારક સૂરીશ્વરજી

સ્મૃ...તિ...ગ્રં...થ

ભાગ ૧ લો તથા ભાગ ૨ જો

આ અનુપમ ગ્રંથરત્નમાં

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ અવિચ્છિન્ન સામાચારી સંરક્ષક–વાદિમદભંજક સિદ્ધહસ્તલેખક–શાસનસ્તંભ સ્વ. પ. પૂ શાસનકંટકોદ્ધારક આચાર્ય ભગવંતશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ જીવનની અંતિમક્ષણ સુધી કરેલી શાસન–સેવાની જ્વલંત ઐતિહાસિક જ્યોતને સ્મૃતિરૂપે અમર બનાવવામાં આવેલ છે. આ ગ્રંથ બે ભાગમાં પ્રસિદ્ધ થશે. તેમાં પૂજ્યશ્રીની ઐતિહાસિક જીવન યશો ગાથા ઉપરાંત અનેક સમુદાયોના પૂ. આચાર્યો–ઉપાધ્યાયો–પંન્યાસો–મુનિરાજો ઉપરાંત પંડિતો, પ્રોફેસરો વિગેરેના પૂ. શાસનકંટકોદ્ધારકશ્રી અંગેના લેખો, કાવ્યો, અભિપ્રાયો, અંજલીઓ, સ્વાનુભૂત પ્રસંગો વિગેરે આવશે. ગ્રંથ ક્રાઉન ૮ પેજી, સારા ટકાઉ કાગળો સુંદર બાઈંડીંગ જેકેટયુક્ત લગભગ ૪૦–૪૦ ફોરમના બન્ને ભાગો થશે. બન્ને ભાગની કિંમત રૂા. ૩૦ પ્રથમ ભાગ ટુંક સમયમાં પ્રસિદ્ધ થશે. મર્યાદિત કોપીઓ હોવાથી આપનો ઓર્ડર તુર્તજ નોંધાવો.

:: પ્રાપ્તિ સ્થાન ::

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાળા

જી. ભાવનગર : વાયા તલાજા : મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

શ્રી અરૂણોદય પ્રેસ–ભાવનગર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી ગણિવર અંગેના પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષાગ્રંથની

અનુક્રમણિકા.

———o———

પ્રકરણ ૧ — પૃ૦ ૧થી૪૮

મહો૦ શ્રીધર્મસા૦ ગણિકૃત સંક્ષિપ્ત પટ્ટાવલી પૃ. ૧

ખરતરોના મુનિઘાતક જુલમોનું માણિભદ્રા દ્વારા નિવારણ. ૧૬

પૂ૦આ૦શ્રી વિજયહીરસૂરિજી મ૦નું વર્ણન. ૧૯

સંપાદકની આ ચારેય વાતો કલ્પિત છે. ૨૩

પહ્લમા પટ્ટધર આ૦શ્રી વિજયસેનસૂરિજી અંગે પૂર્વપીઠિકા. ૨૪

પટમી પાટથી શરૂ થતી જુદી-જુદી પટ્ટાવલીઓ. ૨૯

મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર. ૩૨

(મહો૦શ્રીધર્મસા૦ મ૦નું પૂજ્યો પ્રતિનું) બહુમાન ૩૫

કડુઆમતીઓને તપાગચ્છીય બનાવ્યા. ૩૭

મહો૦જીએ શાસ્ત્રો જોવા પણ ગુરુઆજ્ઞા મેળવી! ૩૭

મહો૦જીનો આરાધકભાવ, વિરોધીઓને પણ આરાધક બનાવતો. ૩૭

મહોપાધ્યાયજી, ખરેખર 'સરસ્વતીલબ્ધપ્રસાદ' છે. ૪૦

ખરતરના ઉપા૦ ધનરાજને છટકવા દેશો નહિ. ૪૦

સાચાને ખોટા ઠરાવવાનો કૂટ ઉપાય ૪૦

સ્વગચ્છની ઉત્પત્તિનો યથાર્થ હેવાલ પચ્યો નહિ! ૪૧

સત્યકથકને સત્ય બોલતા રોકવાની… ચાલબાજી. ૪૧

પટણી ચાલબાજીને ટપી જાય તેવી ખંભાતી કુનેહ! ૪૧

મહો૦ના પત્રે, તપાગચ્છના વિજયનો વિનાશ અટકાવ્યો! ૪૩

દસ્કતોના અભાવે ખરતરો વીલામુખે ચાલ્યા ગયા. ૪૪

શ્રી જૈનશાસનની અપૂર્વ ઉન્નતિ કરી! ૪૪

તપગચ્છના વિજયધ્વજ સમા ભવ્યગ્રંથની રચના. ૪૪

ગુરુના પ્રભાવક શિષ્યનું મંત્રીએ કરેલું બહુમાન. ૪૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ બીજું

જૈ૦ પં૨૦ ઇતિહાસ ભા૦ ૩ તથા વિજય તિલકસૂરિ રાસાંતર્ગત ઐતિહાસિક બીનાઓની સમીક્ષા ૪૮

ઇતિહાસકારની વાતની સમાલોચના ૫૫

તે ગાથાની ચારબાજી તો મિત્રકવિને જ સુધારવી પડી છે! ૫૭

વિજયતિલકસૂરિરાસની ઉક્ત ગાથાઓ આ પ્રમાણે છે. ૫૭

શ્રી દર્શનવિ૦ ના તે પ્રયાસમાં જણાતા ચાર અસત્યો. ૫૮

તે પત્ર આ પ્રકારે મનાય છે. ૫૯

નિમ્નોક્ત પાંચ પ્રકારે ઝાંખપ લગાડેલ છે. ૬૧

પોતાની વાતની પુષ્ટિમાં આપેલી સંદિગ્ધગાથાઓ. ૬૨

સ્પ....ષ્ટી....ક....૨....ણ ૬૩

પ્રસ્તુત ગાથાઓમાંની નંબરવાર બાર અસત્યતાઓ ૬૩

ઇતિહાસકારિત્વને લાંછનરૂપ છે. ૬૫

તેની જવાબદારી આટલીજ રાખી છે. ૬૫

અમાન્ય પટ્ટાવલીનો શબ્દ, સત્ય ઠરાવવા કમર કસી છે. ૬૫

તે કહેવાતા પત્રમાં કરેલ ઠગચેષ્ટા! ૬૬

ફૂટની જવાબદારીમાંથી બચવાનો પ્રયાસ ઠગારો છે. ૬૭

તેઓએ કરેલી આ પ્રસિદ્ધિ સત્ય ઇતિહાસની દિશામાં છે. ૬૭

ઉપરોક્ત બરતરીય લખાણની મહત્તા. ૬૭

ઇતિહાસકારોના પરિશ્રમનું એ પરિણામ પૂર્વગ્રહ જ છે. ૬૭

ઉપર્યુક્ત ઇતિહાસનો ગ્રાહ્ય સાર ૬૮

તે વિરોધ વચ્ચે પણ ભવ્ય ગ્રંથની નિષ્પત્તિ! ૬૯

તે પછીના ઇતિહાસનો તાત્વિક સાર ૬૯

બાર બોલના પટ્ટકની સંદિગ્ધતા. ૬૯

પછી તો સર્પે છછુંદર ગળવા જેવું થયું! ૭૦

તેઓની ફીલોસોફીને મો૦ કાપડીયા સ્પર્શેલ નથી. ૭૧

એ ઇતિહાસ, પૂર્વના ૩ ઇતિહાસકારોની વાતને અપનાવનારો છે. ૭૨

મહો૦ જીએ ૧૨ બોલના પટ્ટકનો ભંગ કર્યો નથી. ૭૩

આજના ઇતિહાસકારોએ મધ્યસ્થતા ગુમાવી છે! ૭૪

પ્રસંગોપાત્ત પૂ૦ વિદ્યા વિ૦ ને પણ જરા તપાસીએ. ૭૪

પૂ૦ ત્રિપુટીના આ લખાણમાંની બીનાઓ સંદિગ્ધ છે. ૭૫

પૂ૦ વિદ્યા વિ૦ એ અપનાવેલી શાંતિચંદ્રને મોકલ્યા' આદિ વાતોને પોતેજ અસત્ય જણાવે છે! ૭૯

પૂ૦ ઇતિહાસવેત્તાએ વાપરેલી ચાલાકી પૂર્વગ્રહસૂચક છે. ૮૧

પૂ૦ ત્રિપુટીએ મહો૦ શ્રીનો ઉત્તમ અવસાન સમય પણ કિલષ્ટ બતાવ્યો! ૮૧

મહો૦ શ્રી, 'જયાં શ્રુત અને જિનધર્મ હોય' ત્યાં જ ગયા હોય. ૮૨

પૃ૦ ૪૮થી૯૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ વિદ્યા વિ૦ મ૦ ની અટપટી નીતિ. ૮૫
ઇતિહાસવેત્તાએ જાણીબુઝીને અસત્ય-
વાતને સત્ય લેખાવા દીધી છે! ૮૬
પૂ૦ વિદ્યા વિ૦ ના ઇતિહાસકારિત્વની
અનવસ્થિતતા. ૮૭
કવિનું માંડવગઢ પરાભવજન્ય વિષવમન. ૮૮
પૂ૦ મહો૦ શ્રીની ગચ્છનાયકો પ્રતિની
અજોડ વફાદારી. ૯૦
અંતે મહો૦ શ્રીનો જ પ્રસ્તાવ પાસ થયો. ૯૦
પ્રભુશાસન પ્રતિ અપ્રતિમ લાગણીવંત.
હતા. ૯૦
તેઓ બહુશ્રુત તરીકે બહુ સંમત હતા
એમ વિરોધીએ પણ કબુલ્યું છે. ૯૧
પૂ૦ વિદ્યા વિ૦ એ રાસ ઉપરથી કાઢેલું
૬ વર્ષનું તારણ. ૯૧
પ્રસ્તુત ઉપક્રમમાં રહેલી ખામીઓ. ૯૨
અસત્યકથકની વાતને સમર્થન આપવું
તે ઉચિત નથી. ૯૩

પ્રકરણ ત્રીજું

પૃ૦ ૯૫થી૧૬૩

'વિજયતિલક સૂરિરાસ' ગત અસત્યોનું
ઉદ્ઘાટન. ૯૫
આવી કપોલ કલ્પિત વાત તે કવિ જ
કરી શકે. ૯૬
કડી ૧૬૧ થી ૨૨૦ સુધીમાં આ ઇતિ-
હાસને વિરૂપતા આપેલ છે. ૯૬
કવિની ઉપરોક્ત વાતોનો નંબરવાર
વિરોધાભાસ ૧૦૫
ઉપરની સાત વાતોની સમાલોચના. ૧૦૬
પરપક્ષીય ચૈત્યોને સ્વચૈત્યો જેવા તો
માત્ર કહેવામાં જ છે! ૧૦૯
એ વાતો, પ્રમાણશૂન્ય હોઈ કપોલ-
કલ્પિત સંભવે છે. ૧૦૯
કવિનો વ્રતાભાવદર્શક ૨૯ મો બોલ. ૧૧૧
ઉપર્યુક્ત બોલમાં નંબરવાર નિમ્નોક્ત
૬ અસત્યો છે. ૧૧૨
પૂ૦ મહો૦ શ્રી ભાવ વિ૦મ૦ એ તે
વચનોને રૂપાંતર આપેલ છે. ૧૧૩
પૃ૦ ત્રિપુટીજીએ તે કવિનીજ લીધેલી
ખીંચ! ૧૧૫
પૂ૦ ત્રિપુટીજી માટે આ પારાવાર અનુ-
ચિત ગણાય ૧૧૫
સુરતની આ વાત, અસંભવિતને સંભ-
વિત લેખાવનારી છે. ૧૧૬
આ છ બોલનું લખાણ સંદિગ્ધ છે. ૧૧૬
પૂ૦ ત્રિપુટીના તે લખાણની નંબરવાર
સમાલોચના. ૧૧૮
એ વસ્તુ જ સંભવતી નથી. ૧૨૦
પૂ૦ ત્રિપુટીએ 'નિરીક્ષણ'નાં નામે
કલ્પિત વાતો ગાઈ છે. ૧૨૧
પૂ૦ મહો૦ શ્રીના ગ્રંથોને ગચ્છનાયકે
ભંડારોમાં સ્થપાવ્યા. ૧૨૨
કવિની નિરર્થકશંકા અને પક્ષમોહ-
મૂલક શંકાભાવ. ૧૨૩
સંમેલનને વિકૃતરૂપે આલેખતા શ્રી
રત્નચંદ્રગણિ. ૧૨૩
ત્રિપુટીજીનું પણ એજ આશાતનાકારી
અનુસરણ! ૧૨૫
ગચ્છનાયકે તેવી શરત લખી સંભવતી
જ નથી ૧૨૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરી નોંધપાત્ર ઘટનાને સ્થાને ખોટી
નોંધપાત્ર ઘટનાનું ગાવું. ૧૨૬
પં. સિંહવિમલગણિને તે હરોળમાં
ગોઠવ્યા! પણ. સાચો ઘંટ દેવળે
વાગે તે આનું નામ ૧૨૭
એ બનાવ અંગે શ્રી આણસૂરયતિ વળી
આમ કહે છે ૧૨૮
પોતાની વાતોને પટ્ટક બનાવવાનો રત્ન-
ચંદ્રગણિનો પ્રયાસ ૧૨૮
એ પટ્ટો, શ્રી સેનસૂરિજીનો નથી; પણ
રત્નચંદ્રજીલિખિત રીતિ છે. ૧૩૦
પૂ૦ આચાર્ય આદિનો ૫૪ મત્તાં પણ
કૃત્રિમ જણાય છે. ૧૩૦
'સર્વજ્ઞ શતક' સાચો ઠર્યાનો વધુ આધાર ૧૩૧
અહિં સુધીના ઇતિહાસનો સાર આ
જણાય છે કે– સર્વભટ્ટારકોએ, શાસન-
પ્રાણ ગ્રંથોને નિર્ભયપણે ઉગાર્યા છે! ૧૩૨
તેને તો પૂર્વગ્રહબદ્ધ દ્વેષનું પ્રતીક
જ લેખવું રહે છે. ૧૩૫
તેઓએ તે કૂટ અનુસરણના કરેલા
શ્રી ગણેશ! ૧૩૬
પૂ૦ ગચ્છાધિપતિશ્રી વિજયદેવસૂરિજી
એ કરેલા પટ્ટકનો શ્લોક. ૧૪૦
તે અંગેના મહત્વના તત્કાલીન ઉલ્લેખો ૧૪૧
પ્રસ્તુત પટ્ટકને નિહ્નવવા ત્રિપુટીએ
કરેલો લખાણગત મલીનહાર્દનો પ્રકાશ. ૧૪૨
શ્રી રાજસાગરસૂરિજીને નામે જણાવેલી
વાત ભ્રામક છે. ૧૪૩
વૈદ્ય-ગાંધીના સહિયારા જેવી નીતિ,
શું ઇતિહાસ છે? ૧૪૪
તેઓએ પણ તે પટ્ટાને પટ્ટો માનેલ નથી. ૧૪૭
તે પટ્ટાને પટ્ટો જ નહિ માનેલ હોવાના
વધુ પ્રમાણો ૧૪૯
આ લેખકની જેમ 'દુગડ'પણ ત્રિપુટીનો
ઇતિહાસ પ્રમાણિક માનતા નથી ૧૫૧
આ બોલના પ્રસંગે તે ઉલ્લેખોનો ઉદ્ભવ
જણાય છે ૧૫૩
ઉ૦ શ્રી સોમ વિ૦ની હાજરી અને તે
ઉલ્લેખની રજુઆતના સંભવિત કારણો. ૧૫૫
પૂ૦ ઉપાધ્યાયજીઓની નિષ્ફલતાનું
પરિણામ. ૧૫૬
સંઘ સંમેલન ભરી ગીતાર્થો જે નિર્ણય
આપશે તે જાહેર કરીશ. ૧૫૬
પરિણામે વ્યાપક બનેલી કીન્નાબુદ્ધિ ૧૫૭
પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી ઉપર
વિષ પ્રયોગ! ૧૫૮
સજાગ બનેલા પૂ૦ ભ૦ શ્રી વિજયદેવ-
સૂરિજી મહારાજ. ૧૫૮
પૂ૦ ગચ્છનાયક સહોમેય પ્રતિસ્પર્દ્ધી
વર્ગે ઉંચકેલ માથું! ૧૬૦
ગચ્છનાયક, પૂ૦ ભટ્ટારકશ્રી કે મહો૦
સોમવિજયજી? ૧૬૧
સર્વજ્ઞશતક ગ્રંથનું જહાંગીર બાદશાહે
કરેલું બહુમાન ૧૬૨
વારંવાર પરાભવિત થયા બાદ અંતે
શાંતિ પકડી! ૧૬૩

પ્રકરણ ચોથું

પૂ૦ શાસનસ્તંભ મહો૦ શ્રી ધર્મસા૦
ગણિના વિદ્વાન્ શિષ્યો. ૧૬૪

પૃ૦ ૧૬૪થી૨૦૩

(૧) મહો૦ ધર્મસાગરગણિની શિષ્ય
પરંપરા. ૧૬૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨) મહો. ધર્મસા ગ. શિષ્ય પરંપરા ૧૬૯
(૩) ,, ૧૮૦
(૪-૫) ,, ૧૮૨
(૬) ,, ૧૮૩
(૭-૮) ,, ૧૮૪
(૯) ,, ૧૮૫
(૧૦-૧૧) ,, ૧૮૬
(૧૨) તપાગચ્છના વિજયદેવસૂરિગચ્છ તથા સાગરશાખા પરંપરા. ૧૮૬
તેમની આજ્ઞાધારી એક મુનિ પરંપરા ૧૮૭
(૧૩) તપાગચ્છ-સાગરશાખા ૧૮૭
(૧૪) ,, ૧૮૮
સાગરશાખાની સાહિત્યસેવાના ત્રૂટક ઇતિહાસની પૂર્તિ. ૧૯૨
મહો૦ શ્રી વિદ્યાસા૦ તથા મહો૦શ્રી સહજસા ગણિ અંગેનો ઇતિહાસ. ૧૯૪
પ્રા....સં....ગિ....ક નોં....ધ ૧૯૫

પ્રકરણ ૫ મું — પૃ૦ ૨૦૪થી૨૧૮

મહો૦શ્રીના ગ્રંથને પ્રમાણિક ઠરાવ્યાનું જણાવનાર 'વિજયપ્રશસ્તિ' કાવ્યગ્રંથકર્તાનો પરિચય. ૨૦૪
અરતરની સાથેના વાદનું સ્થળ અને દિનમાન આદિ. ૨૦૫
પૂ૦મહો૦શ્રી સોમવિ૦ મ૦ આદિ પૂ૦ ગચ્છનાયકથી ભિન્ન હોવાનો પૂરાવો. ૨૦૭
પૂ૦ મહો૦શ્રી સોમવિ૦ ૧૬૬૮માં જેઠ મહિને ખંભાત પધાર્યા ૨૦૮
મુનિશ્રી સિદ્ધચંદ્રની પાંચમે વર્ષે દીક્ષા. ૨૦૯
તેને અસત્ય ઇતિહાસનું અનુસરણ ગણવું રહે છે. ૨૧૦
સિદ્ધિચંદ્રજીના લખાણમાંની ચાલબાજીની સમાલોચના. ૨૧૧
ચર્ચા તેમજ ચોમાસું કરવાનો અવકાશ જ ન્હોતો. ૨૧૫
સિદ્ધિચંદ્રજીના બીજાપેરાની સમાલોચના ૨૧૫
શ્રીસિદ્ધિચંદ્રજીનો શાસ્ત્રાર્થ તથા મોટી પ્રભુ પ્રતિષ્ઠા ! ૨૧૭
ઇતિહાસકારે જણાવેલ 'શાસ્ત્રાર્થ'ની સમાલોચના. ૨૧૭

પ્રકરણ છઠું — પૃ૦ ૨૧૯થી૨૬૦

પૂ૦ ગચ્છનાયક સાથે મહો૦શ્રી સોમવિ૦ આંતરિક ભેદ રાખતા હોવાનો સજ્જડ પૂરાવો. ૨૧૯
સિદ્ધિચંદ્રનું લખાણ, પૂ૦ મહો૦શ્રીના મંતવ્યને સાચું ઠરાવે છે. ૨૧૯
નવા આચાર્ય અંગે વિદ્યાવિ૦ નું અસ્પષ્ટ પર્યાલોચન. ૨૨૨
નવા આચાર્ય અંગે આ લેખકનું સ્પષ્ટ પર્યાલોચન ૨૨૩
શ્રી તિલકસૂરિરાસમાંની બીનાઓ અશ્રદ્ધેય ઠરે છે. ૨૨૭
રાસકારે સત્ય ઇતિહાસ આડે અંધારૂં જ પાથર્યું છે. ૨૩૨
તેવા મુનિકવિ માટે આ ઓછું શોચનીય ન ગણાય. ૨૩૪
આચાર્યપદ રદ અને બંને ઉપાધ્યાયોનો એકત્ર વાસ. ૨૩૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અછતા ઇતિહાસનું સર્જન અતિ શોચનીય છે. ૨૩૭
અસત્ય વાતોને સત્ય લેખાવવાનો પ્રયાસ હાનિપ્રદ છે. ૨૩૯
રાસકારની કૂટબીનાઓ પર 'રાસસાર'માં નખાયેલ પડદો. ૨૪૦
ઇતિહાસવેત્તાએ કલ્પિત વાતો ગોઠવી દેવાનો હેતુ. ૨૪૧
આ અત્યંત લજ્જાસ્પદ ગણાય. ૨૪૧
રાસની કડી ૧૩૧૬ થી ૬૦ સુધીના તર્કટી પ્રકરણની પૂર્વપીઠિકા. ૨૪૨
દર્શનવિ૦એ રાસમાં આલેખેલ તર્કટી તોફાનનો સંક્ષિપ્તસાર. ૨૪૩
તર્કટી વાતોની અને રાસસારના આલેખકની પક્ષપાતિતાની સમાલોચના. ૨૪૪
બુરાનપુરના તોફાની પ્રકરણનો કરૂણ અંજામ. ૨૪૮
પૂ૦ ઇતિહાસવેત્તાનું ઇતિહાસકારિત્વ આ છે. ૨૫૦
તિલકસૂરિરાસની કડી ૧૩૬૧થી ૭૪નો સારાંશ. ૨૫૪
કડી ૧૩૬૧ થી ૭૪ સુધીની વાતોની સમાલોચના. ૨૫૫
રાસકારની વાતો બદલ પૂ૦ વિદ્યાવિ૦મ૦ શું કહે છે? ૨૫૮

પ્રકરણ સાતમું

મો. દ. દેશાઈના ઐતિ૦ અંધારા પર સર્ચલાઈટ. ૨૬૧
તિલકસૂરિરાસ દ્વારા પૂ૦ મહો૦શ્રીને ખરડવાનું જ ધ્યેય. ૨૬૧
દેશાઈનું જૈનત્વ, પૂ૦ મુનિઓથી પણ મિત્રોને વિશિષ્ટ લેખાવનારૂં છે. ૨૬૨
જે દેશાઇએ અર્હત્‌ને પણ પૂજવાયોગ્ય માનેલ નથી! ૨૬૩
દેશાઈના વ્યાકરણ અને શાસ્ત્રજ્ઞાનનો નમુનો. ૨૬૩
'અભયદેવસૂરિ, ખરતરનથી' એ વાત સાચી ઠરી છે. ૨૬૪
સત્યની સિદ્ધિ માટેની ચર્ચાને 'આત્માર્થી' ઝઘડો ન કહે. ૨૬૫
દેશાઈના અનેક ઐતિ૦ અસત્યોનું ઉદ્‌ઘાટન. ૨૬૬
સ....મા....લો....ચ....ના ૨૬૮
દેશાઈના ઇતિ૦ રૂપી કાર્યનું કારણ મહો૦ની નિંદાનો રસ છે. ૨૭૪
સત્યને દૂર કરનારૂં અને અસત્યને સ્થાપનારૂં દેશાઈનું નાટક. ૨૭૫
મુનિરાજશ્રી પુણ્યોદયસાગરકૃત પ્રતીકાર. ૨૭૮
દેશાઈની વાતોની નંબરવાર સમાલોચના. ૨૮૭
આવાં લેખકને શીખામણ શું કરે? ૨૮૯
ક્રિયોદ્ધારક પં૦ શ્રી સત્યવિ૦ મ૦ની જીવનસૌરભ. ૨૯૫

પ્રકરણ આઠમું

'યશોવિજયજીયુગ' ની ઐતિહાસિક સમીક્ષા. ૩૦૨
પૂ૦ પં૦શ્રી સત્યવિ૦ મ૦ અંગે તત્કાલીન પૂ૦પં૦શ્રી મોતીવિ૦મ૦ શું કહે છે? ૩૦૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યાવિ૦એ લખેલા પં૦શ્રી સત્યવિ૦ મ૦ના જીવનચરિત્રમાંથી ઉદ્ભવતા પ્રશ્નો ૩૦૩
આ પ્રાચીન પટ્ટાવલીના ઉલ્લેખથી ફલિત થતી બીનાઓ. ૩૦૫
પૂ૦યશોવિ૦ મ૦ કૃત 'સાધુમર્યાદા' પટ્ટક. ૩૦૬
સાધુમર્યાદાપટ્ટકના ઘડવૈયા મહો૦ શ્રી યશોવિ૦ મ૦ની અનેકરૂપતા. ૩૧૧
'સુજસવેલી' ભાસ અંગે બીજાઓ શું કહે છે? ૩૧૩
સંપાદક મુનિ યશોવિ૦ના ત્રણેય પેરાની સમાલોચના ૩૧૮
પૂ મહો. શ્રી યશોવિ૦મ૦નું મનસ્વી. વર્તન ૩૨૩
ગચ્છનાયકો અને વડિલો પ્રતિ મહો૦ શ્રીના કટુવાણી પ્રહારો. ૩૨૫
પૂ૦મહો૦શ્રીના ઈર્ષ્યા-અહંકારે સર્જેલું ગંભીર પરિણામ. ૩૩૧
પ્રશંસકોએ કરેલી પૂ૦ મહો૦શ્રીની અમર્યાદ પ્રશંસા ૩૩૨
પૂ૦ મહો૦શ્રીની જીવનનોંધોથી વંચિત રહેલ જૈનસમાજ ૩૩૭
અંતે પૂ૦મહો૦શ્રીએ સ્વીકારેલ આત્મ-શુદ્ધિનો માર્ગ. ૩૩૮
પૂ૦ મહો૦શ્રીની આમ વારંવાર પલ-ટાતી સ્થિતિ ૩૪૦
પૂ૦ ગચ્છનાયશ્રીને લખી આપવું પડેલ માફીપત્ર ૩૪૦
આ માફીપત્ર અંગે શ્રીયુત્ દેશાઈ શું કહે છે? ૩૪૧
શ્રીયુત્ દેશાઈના તે પેરાની સમીક્ષા. ૩૪૨
વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય ૩૪૩
આમ છતાંય તુરતમાં તો ઉપાધ્યાયપદવી ન જ મળી! ૩૪૪
અંધપક્ષપાતી સંપાદકમુનિ ખુલાસો કરશે કે? ૩૪૪
'યશોવિજયજીયુગ'ની ઐતિહસિક સમીક્ષાનો ટુંક સાર ૩૪૫
'યશોવિજયજી યુગસમીક્ષા' પ્રકરણનો ઉપસંહાર ૩૪૯

પ્રકરણ નવમું

પૃ૦ ૩૫૦થી૩૭૩

પં૦ શ્રી કલ્યાણ વિ૦ની અકલ્યાણકર વિદ્વત્તા. ૩૫૦
'કલ્યાણકલિકા' ગ્રંથ સમીક્ષા. ૩૫૧
પં૦ કલ્યાણવિ૦ની પૂજ્યોપ્રતિની પૂજ્યતાના નમુના. ૩૫૯
સ....મા....લો....ચ....ના. ૩૫૯
ઇતિહાસવેત્તા (?) પં૦ કલ્યાણવિ૦નું શાસ્ત્રજ્ઞાન. ૩૬૧
પં૦ કલ્યાણવિ૦ના ઐતિ૦ જ્ઞાનનો અને અસત્ય પ્રિયતાનો અનેરો પરિચય ૩૬૪
ગ્રંથ ઉપસંહાર ૩૭૦
પરિશિષ્ટ પૃ૦ ૩૭૪થી ૩૭૯
કલ્પસૂત્ર વાંચતા ઉદ્ભવેલા વિચારો (ન્યાયવિ૦) ૩૭૪
શુ....દ્ધિ ...પ .. ત્ર ...ક ૩૮૦



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦આ૦શ્રી શાસન કંટકોદ્ધારક સૂરીશ્વરજી મ.શ્રીએ સુધારેલા અને અનેક પ્રકાશકો તરફથી પ્રગટ થયેલા ગ્રંથોની યાદી

નંબર	ગ્રથનું નામ	કર્તા વિગરે	પ્રકાશક
૧	તાત્વિક પ્રશ્નોત્તર ભા. ૧લો	પૂ૦આ૦ શ્રી આગમોદ્ધારક સૂરિશ્વરજી મ.	આગમોદ્ધારક સસ્થા સુરત
૨	સિદ્ધચક્ર આરાધન વિધિ	સં૦પં૦ શ્રી ચદ્રસાગરજી મ.	ઋ. છ.ની પેઢી ઉજ્જૈન
૩	દેશના સંગ્રહ: વિ. ૧લો.	સ૦પં૦ શ્રી હેમસાગરજી મ.	ગાંધી ર. પા. વેજલપુર
૪	જૈન-સૂક્ત-સંદોહ:	સં૦૭૦ શ્રી કૈલાસસાગરજી મ.	વીજાપુર જૈન જ્ઞાનમદિર
૫	શાસ્ત્રીય પૂરાવા સંગ્રહ: ભા. ૧	સં૦મુનિ ચંદનસાગરજી મ.	ગી. દુ. મણીયાર મુંબઈ
૬	પર્વતિથિ પ્રકાશ તિમિર ભાસ્કર	સં૦મુનિ ત્રૈલોક્યસાગરજી મ.	શા. મો. દી. ઠળીયા
૭	શાસ્ત્રીય પૂરાવા સંગ્રહ: ભા ૨	સં૦મુનિ ચંદનસાગરજી મ.	પો. કે. ઝવેરી મુંબઈ
૮	પ્રશ્નોતર વાટિકા ભા. ૧લો	સં૦મુનિ જિતેન્દ્રવિજયજી મ.	જૈન તત્વ. વિદ્યાપીઠ પુના
૯	સ...ણ...સ...ણ...તો જવાબ	લે૦મુનિ ક્ષેમંકરસાગરજી મ.	પા. ૩. વખારીયા સુરત
૧૦	સૂતક વિચાર ભા. ૧, પ્રત	સં૦મુનિ ચંદનસાગરજી મ.	ચં. સા જ્ઞાનભંડાર વેજલપુર
૧૧	પ્રારંભિક પા...ઠ...ય ક...મ	સં૦મુનિ જિતેન્દ્રવિજયજી મ.	જૈન તત્વ. વિદ્યાપીઠ પુના
૧૨	અસ્વાધ્યાય વિચાર ભા. ૨, પ્રત	સં૦મુનિ ચંદનસાગરજી મ.	ચં. સા. જ્ઞાનભંડાર વેજલપુર
૧૩	પ્રા...ય...મિ...ક પાઠયક્રમ	સં૦મુનિ જિતેન્દ્રવિજયજી મ.	જૈન તત્વ. વિદ્યાપીઠ પુના
૧૪	તેર-કાઠીયાનું-સ્વરૂપ	લે૦પં૦ સુશીલાવિજયજી મ,	નેમિ. લા જ્ઞાનમંદિર બોટાદ
૧૫	પ્રવેશ પાઠયક્રમ વિ. ૧લો.	સં૦મુનિ જિતેન્દ્રવિજયજી મ.	જૈન તત્વ. વિદ્યાપીઠ પુના
૧૬	શાસન-જય-પતાકા	લે૦ વિદ્વાન ૯૩ પંડિતો	શેઠ ઋ. રા. નવસારી
૧૭	જીવ-તત્વ-વિચાર	લે૦ ચીમનલાલ દ. ગાંધી	મણિ વિ. જૈન ગ્રંથમાલા લીંચ
૧૮	સ્નાત્રપૂજા અને સ્તવનો	સં૦મા૦ છગનલાલ દે. મહુવા	ગાંધી ફ. બો. ભાવનગર
૧૯	નમસ્કાર મહામંત્ર નિબંધ (રસ કુંપિકા) પરિચય ભા. ૩જો		જૈન તત્વ. વિદ્યાપીઠ પુના
૨૦	તત્વાર્થ પ્રશ્નોતર ભાગ ૧લો	લે૦ તથા પ્ર. શ્રી શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા મુંબઈ	
૨૧	પૂ૦આ૦શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મનું જીવન ચરિત્ર	લે૦ મુનિશ્રી મેરૂવિજયજી મ.	
૨૨	પૂ૦આચાર્યદેવ શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ.નું જીવન ચરિત્ર	લે૦ મુનિ જયંતવિજયજી મ.	
૨૩	આરાધનામાં અમાવાસ્યાદિ બે પર્વતિથિ કરાય જ નહિં	લે૦ મુનિશ્રી વિમળસાગરજી મ	
૨૪	તપાગચ્છની આચરણા આગમ અને પરંપરાનુસારી છે	લે૦ પં૦શ્રી પ્રેમવિજયજી મ.	
૨૫	દેવસૂર તપાગચ્છીય શ્રી ચતુર્વિધ સંઘને સૂચના-	લે૦ મુનિશ્રી વિમળસાગરજી મ.	
૨૬	તિથિચર્ચાનું તારવરણ (પાલીતાણામાં થયેલ દુઃખદ પરાજય)	પા. ૩. વખારીયા સુરત	
૨૭	આદર્શ પ્રવ્રજ્યા (પ્ર. કોઠારી કીરચંદ શીવલાલ ગૃહપતિ)	શ્રી પા. ઠા. જૈન બોર્ડીંગ સુરેન્દ્રનગર	
૨૮	ઠળીયા-ભાવનગર દીક્ષા મહોત્સવની ભવ્યતા (પ્ર. દોશી હ. મે. તથા ગાંધી ફ. બો.)	ઠળીયા	
૨૯	આદર્શ જીવન સૌરભ૦(૨૨. પૂ૦ સાધ્વીજી શ્રી રંજનશ્રીજી મ.નું જીવન ચરિત્ર)	શા. મો. દી. ઠળીયા	
૩૦	થી ૩૨ વિદ્યાસંગીત સરિતા. આ. ૧ થી ૩ (પૂ૦ સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. કૃત)	શા. મો. દી. ઠળીયા	

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

卐 જેરાવરનગરમંડન પ્રગટ પ્રભાવી શ્રી ચિંતામણીજી પાર્શ્વનાથાય નમોનમઃ 卐

પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર અંગેના

પ્રાચીન-અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા

લે. પૂ. શાસનકંટકોદ્ધારક ઉપાધ્યાય શ્રી હંસસાગરજી મહારાજ

[પ્રકરણ-૧]

શ્રી જૈનશાસનસૌધસ્તંભાયમાન પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરનો (તત્પટ્ટાવલીયુક્ત) યથાપ્રાપ્ત સંક્ષિપ્ત ઈતિહાસ

卐

ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામીની પાટે (પાંચમા ગણધર) **શ્રી સુધર્મસ્વામી** પ્રથમ પટ્ટધર થયા. તેઓશ્રી, શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ ૨૦ વર્ષે મોક્ષ પામ્યા અને તેઓશ્રીના ગચ્છનું નામ '**નિર્ગ્રન્થ ગચ્છ**' પડ્યું. [શ્રી વીરપ્રભુના કેવલજ્ઞાન પછી ૧૪ વર્ષે '**જમાલી**' નામે પહેલો અને ૧૬ વર્ષે '**તિષ્યગુપ્ત**' નામે બીજો નિહ્નવ થયો.]

બીજા પટ્ટધર–ચરમકેવલી **શ્રી જંબૂસ્વામી**, (વીરાત્ ૬૪ વર્ષે મોક્ષ), **ત્રીજા–પ્રભવસ્વામી** (વીરાત્ ૭૨ વર્ષે સ્વર્ગભાક્), **ચોથા–શય્યંભવસૂરિ** (વીરાત્ ૯૮ વર્ષે સ્વર્ગવાસ), **પાંચમા–યશોભદ્રસ્વામી** (વીરાત્ ૧૪૮ વર્ષે સ્વર્ગવાસી) **છઠ્ઠા–શ્રી સંભૂતિવિજય** તથા **શ્રી ભદ્રબાહુસ્વામી** (વીરાત્ ૧૭૦ વર્ષે સ્વર્ગવાસ).

[શ્રી જંબૂસ્વામીના નિર્વાણ બાદ '૧–મનઃપર્યવજ્ઞાન, ૨–પરમાવધિજ્ઞાન, ૩–પુલાકલબ્ધિ, ૪–આહારક શરીરલબ્ધિ, ૫–ક્ષપકશ્રેણિ, ૬–ઉપશમશ્રેણિ, ૭–જિનકલ્પ, ૮–પરિહારવિશુદ્ધિ આદિ અંતિમ ત્રણ ચારિત્ર, ૯–કેવલજ્ઞાન અને ૧૦–સિદ્ધિપદ' એ દશ વસ્તુ આ ભરતક્ષેત્રે વિચ્છેદ પામી.]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭ મા શ્રી સ્થૂલભદ્રસ્વામી (વીરાત્ ૨૧૫ વર્ષે સ્વર્ગભાક્ઃ તે પહેલાં ૧ વર્ષે **'અવ્યક્ત'** નામે **ત્રીજો નિહ્નવ** થયો. **આઠમા શ્રી આર્યમહાગિરિ** (શતવર્ષાયુઃ) તથા **શ્રી આર્યસુહસ્તિસૂરિ** (વીરાત્ ૨૯૧ વર્ષે સ્વર્ગવાસ, વીરાત્ ૨૨૦ વર્ષે **'સામુચ્છેદિક'** નામે ચોથો અને ૨૨૮ વર્ષે **'ગંગ'** નામે **પાંચમો નિહ્નવ** થયો.) **નવમા શ્રી સુસ્થિતસૂરિ** તથા **શ્રી સુપ્રતિબદ્ધસૂરિ** નામે પટ્ટધર થયા.

[આ નવમી પાટથી મૂળ નિર્ગ્રન્થગચ્છનું બીજું નામ **'કોટિકગચ્છ'** પડ્યું. આઠમા પટ્ટધર શ્રી આર્યમહાગિરિજીના **'બહુલ'** અને **'બલિસ્સહ'** એ શિષ્યોમાંના 'શ્રી બલિસ્સહ'ના શિષ્ય **'શ્રી ઉમાસ્વાતિ' વાચક,** તત્વાર્થાધિગમસૂત્ર આદિ અનેક ગ્રન્થોના કર્તા થયા. તે શ્રી ઉમાસ્વાતિ વાચકના શિષ્ય **'શ્રી શ્યામાચાર્ય'** શ્રી પન્નવણા સૂત્રના કર્તા થયા. કે જેઓ વીરાત્ ૩૭૬ વર્ષે સ્વર્ગવાસ પામ્યા.]

(૧૦) શ્રી ઇન્દ્રદિન્નસૂરિ, (૧૧) શ્રી દિન્નસૂરિ, (૧૨) શ્રી સિંહગિરિ અને (૧૩) મા પટ્ટધર શ્રી વજ્રસ્વામી થયા.

દશમાં પટ્ટધરના સમયે શ્રી વીરાત્ ૪૫૩ વર્ષે ગર્દભિલ્લનૃપોચ્છેદક **'શ્રીકાલકાચાર્ય'** થયા, અને તે જ વર્ષે ભરૂચમાં **'આર્યખપુટાચાર્ય'** થયા, એમ પટ્ટાવલીમાં લેખ છે; જ્યારે **'શ્રી પ્રભાવકચરિત્ર'** માં ૪૮૪ વર્ષે થયાનો ઉલ્લેખ છે.] ૪૬૭ વર્ષ બાદ **'આર્યમંગુસૂરિ, શ્રી વૃદ્ધવાદિસૂરિ, શ્રી પાદલિપ્તસૂરિ** તથા **શ્રી સિદ્ધસેનદિવાકર'** થયા. કે–જેઓએ ઉજ્જયિનીમાં **મહાકાલ** નામના પ્રાસાદમાંના શિવલિંગમાંથી **કલ્યાણ-મંદિર** સ્તોત્રની રચના દ્વારા **શ્રી પાર્શ્વનાથપ્રભુની** પ્રતિમા પ્રગટ કરીને **વિક્રમાદિત્ય-રાજાને** પ્રતિબોધ પમાડ્યો હતો. આ વિક્રમાદિત્યનું રાજ્ય, વીરાત્ ૪૭૦ વર્ષે થયું. **આ ૪૭૦ વર્ષની ગણત્રી આ પ્રમાણે છે.** :–

"જે રાત્રિએ શ્રીવીરવિભુ નિર્વાણ પામ્યા તે રાત્રિએ **પાલક** રાજાનો રાજ્યાભિષેક કરાયો. ૬૦ વર્ષ સુધી તે પાલકનું રાજ્ય, ત્યારબાદ ૧૫૫ વર્ષ નવ નંદનું, ૧૦૮ વર્ષ મૌર્યવંશનું, ૩૦ વર્ષ પુષ્યમિત્રનું, ૬૦ વર્ષ બાલમિત્ર અને ભાનુમિત્રનું, ૪૦ વર્ષ નહવાણ=નરવાહનનું, ૧૩ વર્ષ ગર્દભિલ્લનું અને ૪ વર્ષ શકરાજાનું રાજ્ય' મળીને ૪૭૦ વર્ષ થયા."

૧૩ માં પટ્ટધર શ્રી વજ્રસ્વામી, બાલપણાથી જ જાતિસ્મરણ જ્ઞાનવાળા–આકાશ-ગામિનીવિદ્યા વડે શ્રીસંઘનું રક્ષણ કરનારા–દક્ષિણહિંદના બૌદ્ધરાજ્યમાં પ્રભુપૂજા અંગે પુષ્પો લાવી શાસનપ્રભાવના કરનારા–દેવોથી વંદાએલ–અંતિમ દશપૂર્વી તેમજ **'વજ્રશાખા'**ના ઉત્પાદક હતાઃ સર્વાયુઃ ૮૮ વર્ષનું પાળી વીરાત્ ૫૮૪ વર્ષે સ્વર્ગવાસી થયા. તેઓશ્રી પછી **'દશ (મું?) પૂર્વ, ચોથું (અર્ધનારાચ) સંહનન અને ચોથું (કુબ્જ)**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસ્થાન વિચ્છેદ પામ્યા.' તેઓશ્રીના પટ્ટધર **શ્રી વજ્રસેનસૂરિના**–'નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર' એ ચાર શિષ્યોના નામથી ઉત્પન્ન થયેલા ચાર કુલોના દાદા-ભગવંત અને દશપૂર્વના ભંડાર એવા તે શ્રી વજ્રસ્વામીને હું વંદના કરૂં છું.

આઠમા પટ્ટધર શ્રી આર્યસુહસ્તિસૂરિ અને આ તેરમા પટ્ટધર શ્રી વજ્રસ્વામીના વચ્ચેના કાળમાં '૧–શ્રીગુણસુંદરસૂરિ, ૨–શ્રીકાલકાચાર્ય, ૩–શ્રીસ્થંડિલાચાર્ય, ૪–શ્રીરેવતીમિત્રસૂરિ, ૫–શ્રી ધર્મસૂરિ, ૬–શ્રી ભદ્રગુપ્તાચાર્ય અને ૭મા શ્રી ગુપ્તાચાર્ય' એમ સાત યુગપ્રધાન થયા. ××× ત્રૈરાશિકમતી છઠ્ઠા નિહ્નવ **રોહગુપ્તને** જીતનાર ઉપર્યુક્ત સાતમાં યુગપ્રધાન શ્રીગુપ્તાચાર્ય, વીરાત્ ૫૪૮ વર્ષે સ્વર્ગવાસ પામ્યા, તે દરમ્યાન ૫૨૫ વર્ષે શ્રી શત્રુંજય (ના મંદિરોરૂપ) તીર્થનો ઉચ્છેદ થયો અને ૫૭૦ વર્ષે શ્રી વજ્રસ્વામીની સહાયથી '**જાવડ શાહે**' તે તીર્થનો ઉદ્ધાર કર્યો.

(૧૪) **શ્રીવજ્રસેનસૂરિ**, (૧૫) **શ્રીચંદ્રસૂરિ અને** (૧૬) **વનવાસી શ્રીસમન્ત-ભદ્રસૂરિ** પટ્ટધર થયા.

શ્રીવજ્રસેનસ્વામીએ ગુરુકથન મુજબ ઘોર દુષ્કાળે સોપારકનગરે જઇ લાખ સોનૈયે તૈયાર થતી છેલ્લી રસવતીમાં વિષ નાખવામાંથી–શ્રીજિનદત્તશ્રેષ્ઠી અને તેની ભાર્યા ઇશ્વરીને 'કાલે સુકાળ થશે' એમ જણાવવાવડે–અટકાવીને તેમના પુત્રો–નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃત્તિ અને વિદ્યાધર–સહકુટુંબને દીક્ષા આપી. તે ચાર શિષ્યોના નામથી અંકિત એવા ચાર કુળો થયા: શ્રીવજ્રસેનસૂરિ, સર્વાયુ: ૧૨૮ વર્ષનું પાળી વીરાત્ ૬૨૦ વર્ષે સ્વર્ગવાસ પામ્યા.

૧૩મા અને ૧૪મા પટ્ટધરના સમયની મધ્યમાં '**શ્રી આર્યરક્ષિતસૂરિ અને શ્રી દુર્બલિકાપુષ્યમિત્ર**' એ બે યુગપ્રધાનો થયા. પટ્ટાવલી મુજબ–શ્રીઆર્યરક્ષિતસૂરિ, વીરાત્ ૫૯૭ વર્ષે સ્વર્ગવાસ પામ્યા; જ્યારે શ્રી આવશ્યકવૃત્તિમાં તેઓશ્રીના સ્વર્ગગમન પછી ૫૮૪ વર્ષે સાતમો નિહ્નવ થયાનો ઉલ્લેખ છે. નિર્ણય બહુશ્રુત જાણે: **વીરાત્ ૬૦૯** (વિક્રમ સં. ૧૩૯) **વર્ષે દિગંબરમતની ઉત્પત્તિ થઈ.**

૧૫મા શ્રીચન્દ્રસૂરિજીથી મૂળ નિર્ગ્રન્થગચ્છનું '**ચન્દ્રગચ્છ**' તરીકે ત્રીજું નામ શરૂ થયું. આ ત્રીજા ગચ્છમાં જુદા જુદા અનેક 'ગણો'ના કારણભૂત એવા અનેક પ્રભાવક આચાર્યો થયા.

૧૬મા શ્રીસમંતભદ્રસૂરિ, પૂર્વગત (પૂર્વગત ૧૪ પૂર્વોમાંના શેષપૂર્વાન્તર્ગતવસ્તુઓનાં) જ્ઞાનમાં વિચક્ષણ, વૈરાગ્યના ભંડાર અને નિર્મમપણે દેવકૂલ–વન વગેરે સ્થાનોમાં રહેતા. તેથી લોકમાં તેઓશ્રી 'વનવાસી' કહેવાએલ: તેઓથી (મૂળ–નિર્ગ્રન્થગચ્છનું) '**વનવાસી-ગચ્છ**' એવું ચોથું નામ પ્રકટયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૭) શ્રી વૃદ્ધદેવસૂરિ, (૧૮) શ્રી પ્રદ્યોતનસૂરિ અને (૧૯) મા શ્રી માનદેવસૂરિ થયા.

૧૯ મા પટ્ટધર શ્રી માનદેવસૂરિને આચાર્યપદે સ્થાપતી વખતે તેઓશ્રીના બન્ને ખભા ઉપર ગુરુ મહારાજે સરસ્વતી તથા લક્ષ્મીદેવીને સાક્ષાત્ જોવાથી 'આ સૂરિના ચારિત્રનો ભંગ થશે' એ વિચારથી ખિન્ન થયેલા ગુરુ શ્રી પ્રદ્યોતનસૂરિજીને નિશ્ચિંત બનાવવાના ઉત્તમ ઇરાદે આ.શ્રી માનદેવસૂરિજીએ, ભક્તશ્રાવકોની ભિક્ષા અને 'છ' વિગઇનો યાવજ્જીવ ત્યાગ કરેલ! તેઓશ્રી, તેવા ઉગ્ર તપસ્વી હોવાથી 'પદ્મા–જયા–વિજયા અને અપરાજીતા, એ ચાર દેવીઓ તેઓશ્રીની અવિરત ઉપાસના કરતી હતી. ઉપદ્રવની શાંતિ અર્થે **'લઘુ-શાંતિ'** અને **'તિજયપહુત્ત'** સ્તોત્ર તેઓશ્રીએ રચ્યા હતા.

(૨૦) શ્રી માનતુંગસૂરિ, (૨૧) શ્રી વીરસૂરિ, (૨૨) શ્રી જયદેવસૂરિ અને (૨૩) શ્રી દેવાનંદસૂરિ થયા.

શ્રી માનતુંગસૂરિજીએ **'ભક્તામરસ્તોત્ર'** રચીને બાણ તથા મયૂર પંડિતની વિદ્યા થી ચમત્કૃત થએલ રાજવીને પણ પ્રતિબોધિત કરેલ. **'નમિઊણસ્તોત્ર'** રચીને નાગરાજને વશ કરેલ અને. **'ભક્તિભર'** વગેરે સ્તવનોની રચના કરેલ. ×××
૨૩ મા પટ્ટધર શ્રી દેવાનંદસૂરિજીના સમયમાં એટલે કે વીરાત્ ૮૪૫ વર્ષે **'વલ્લભી'**નો ભંગ થયો, ૮૮૨ વર્ષે **ચૈત્યવાસ** શરૂ થયો અને ૮૮૬ વર્ષે **'બ્રહ્મદ્વીપિકા'** શાખા શરૂ થઈ.

(૨૪) શ્રી વિક્રમસૂરિ, (૨૫) શ્રી નરસિંહસૂરિ, (૨૬) શ્રી સમુદ્રસૂરિ અને (૨૭) મા પટ્ટધર શ્રી માનદેવસૂરિ થયા. [શ્રી નરસિંહસૂરિ, સમસ્ત સિદ્ધાંતના પારગામી હતા તેમ જ માંસપ્રેમી યક્ષનું માંસભક્ષણ તજાવનાર હતા. તેઓશ્રીના પટ્ટધર શ્રી સમુદ્રસૂરિ, ખોમાણ રાજકુળમાં ઉત્પન્ન થવા છતાં પણ જે ચતુરશિરોમણિએ બરોબર ગચ્છને શાસિત કરેલ તથા ધરણેન્દ્રનમનીય એવા નાગહ્રદ તીર્થમાં દિગંબરોને વાદમાં જીતીને પોતાનો યશ વિસ્તારેલ. તેઓશ્રીના પટ્ટધર શ્રી માનદેવસૂરિ, વિદ્યાવારિધિ શ્રી 'હરિભદ્રસૂરિ'ના મિત્ર હતા. જેઓશ્રીએ શારીરિકમાંદ્યતાને લીધે સદોષ બની જવા પામેલ સૂરિમંત્ર, શ્રી ઉર્જયંતગિરિ પર તપ કરવા વડે શ્રી અંબિકાદેવીના મુખે નિર્દોષ પ્રાપ્ત કર્યો હતો. વીરાત્ ૧૦૦૦ વર્ષે થયેલા **'શ્રી સત્યમિત્ર'** પછીથી 'પૂર્વ'નો વિચ્છેદ થયો. શ્રી વજ્રસેનસૂરિ અને આ. શ્રી સત્યમિત્રના સમયની વચ્ચે **'શ્રી નાગ-હસ્તિ, શ્રી રેવતીમિત્ર, બ્રહ્મદ્વીપ, નાગાર્જુન, ભૂતદિન્ન અને શ્રી કાલિકાચાર્ય'** એ ૬ યુગપ્રધાનો અનુક્રમે થયા. ઇન્દ્રથી વંદાએલા અને પહેલા દ્રવ્યાનુયોગની રચના કરવામાં સૂત્રધાર સમાન છઠ્ઠા યુગપ્રધાન **શ્રી કાલકાચાર્ય** વીરાત્ ૯૯૩ વર્ષે ચતુર્થીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[1]પર્યુષણ પર્વ આણ્યું. ૧૦૫૫ (વિ. સં. ૫૮૫) વર્ષે યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ સ્વર્ગવાસી થયા. વીરાત્ ૧૧૧૫ વર્ષે શ્રી જિનભદ્રગણિ યુગપ્રધાન થયા ×××

(૨૮) શ્રી વિબુધપ્રભસૂરિ, (૨૯) શ્રી જયાનંદસૂરિ, (૩૦) શ્રી રવિપ્રભસૂરિ અને (૩૧) મા પટ્ટધર શ્રી યશોદેવસૂરિ થયા. [૩૦ મા પટ્ટધરના સમયે વીરાત્ ૧૧૯૦ વર્ષે 'શ્રી ઉમાસ્વાતિ' યુગપ્રધાન થયા. ૩૧ મા પટ્ટધરના સમય દરમ્યાન વીરાત્ ૧૨૭૨ (વિ. સં. ૮૦૨) વર્ષે વનરાજે અણહિલપુર પાટણની સ્થાપના કરી. વીરાત્ ૧૨૭૦ ના ભા. શુ. ૩ ના રોજ જન્મ છે જેમનો એવા (અનેક બિરૂદધારી) 'શ્રી બપ્પભટ્ટિસૂરિ'એ કનોજના આમરાજાને પ્રતિબોધ પમાડ્યો. તેઓશ્રી ૯૫ વર્ષની વયે વિ. સં. ૮૯૫ ના ભા. શુ. ૬ ના દિને સ્વર્ગવાસી થયા.]

(૩૨) શ્રી પ્રદ્યુમ્નસૂરિ, (૩૩) ઉપધાનવિધિ રચયિતા-શ્રી માનદેવસૂરિ યુગપ્રધાન, (૩૪) શ્રી વિમલચંદ્રસૂરિ અને (૩૫) મા પટ્ટધર શ્રી ઉદ્યોતનસૂરિ થયા.

[શ્રી ઉદ્યોતનસૂરિ, આબૂ તીર્થની યાત્રાર્થે પૂર્વ દેશમાંથી આવ્યા હતા. 'ટેલી' ગામની સીમમાં વડની છાયામાં બેઠેલા તેઓશ્રીએ, પોતાની પાટના ઉદયના હેતુરૂપ ભવ્ય મુહૂર્ત જાણીને તે વડની નીચે વીરાત્ ૧૪૬૪ વર્ષે શ્રી સર્વદેવસૂરિ આદિ ૮ આચાર્યોને (કોઈકિ તો કહે છે કે તે એક આચાર્યને) પોતાની પાટે સ્થાપ્યા, વડ નીચે સૂરિપદ આપવાથી (નિર્ગ્રન્થગચ્છનું) પાંચમું 'વડગચ્છ' નામ પ્રસિદ્ધ થયું અને 'શ્રેષ્ઠ શિષ્યોની પરંપરાથી, જ્ઞાનાદિ ગુણોથી તથા શ્રેષ્ઠ ચારિત્રથી' મહાન્ હોવાને લીધે તે વડગચ્છનું અપર નામ 'બૃહદ્ગચ્છ' પણ પ્રસિદ્ધ થયું.]

(૩૬) શ્રી સર્વદેવસૂરિ, (૩૭) શ્રી દેવસૂરિ અને (૩૮) મા (બીજા) શ્રી સર્વદેવસૂરિ પટ્ટધર થયા.

---

૧. સર્વસંમત ઠરાવવા રચેલ ગણાતા આ તપગચ્છપટ્ટાવલી ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ, તપગચ્છીય પ્રતિસ્પર્ધી મુનિવરોની દલીલોને પણ અગ્રપદ આપવું પડેલ હોવાના હિસાબે જ અહીં 'ગર્દભિલ્લોચ્છેદકારી તથા શકવંદિત' એ બે પૃથક્ પૃથક્ કાલકાચાર્યોવાળી અને શાસ્ત્રીય બીનાની ઉપેક્ષાવાળી એ એકપક્ષીય બીનાને પણ સ્થાન આપેલ છે એમ માનવું રહે છે. કારણ કે "શ્રી ઠાણાંગસૂત્ર વગેરે સર્વસંમત ગ્રંથોમાં-ત્રણ પૃથક્ પૃથક્ કૃત્યોવાળા જણાવેલા પૃથક્ પૃથક્ ત્રણ કાલકાચાર્યોમાંના-એક જ કાલકાચાર્યને અંગે માતપિતા વગેરેનો અધિકાર જણાવવાપૂર્વક 'ગર્દભિલ્લોચ્છેદકારી, શકવંદિત અને પર્યુષણાચતુર્થી વ્યવસ્થાપક' એ ત્રણેય કૃત્યો સાથે કહેલા છે" કે જે શ્રી કાલકાચાર્ય, **પ્રસ્તુત પટ્ટાવલીગ્રંથગત ગાથા પની ટીકા મુજબ**-'શ્રી સુસ્થિતસૂરિ તથા શ્રી સુપ્રતિબદ્ધસૂરિની પાટે જણાવેલા દશમા પટ્ટધર શ્રી ઇન્દ્રદિન્નસૂરિજીના સમય દરમ્યાન વીરાત્ ૪૫૩ વર્ષે થએલા છે, અને જેઓશ્રી, ૧૨ મા પટ્ટધર શ્રી વજ્રસ્વામીથી ૧૩૧ વર્ષ પૂર્વે દસ પૂર્વધર યુગપ્રધાન હતા.' **વિશેષ સ્પષ્ટતાર્થે જુઓ :-**[સં. ૧૬૫૦ લગભગ રચાએલ જણાતા હોવા છતાં ત્રિપુટી આદિ ઇતિહાસકારોએ] વિ. સં. ૧૬૪૭ માં રચાએલ ગણાવાતા 'શ્રીપર્યુષણાદશશતક' ગ્રંથની ગાથા ૧૦૬ની ટીકા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[૩૬ મા પટ્ટધર, શ્રી ગૌતમસ્વામીની જેમ સુશિષ્યોવાળા અને લબ્ધિવંત હતા. ××× વિ. સં. ૧૦૨૯ માં **શ્રી ધનપાલ** કવિએ 'દેશી નામમાલા' રચી. વિ. સં. ૧૦૯૬ વર્ષે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકા રચનાર થીરાપદ્રગચ્છીય વાદીવેતાલ **શ્રી શાંતિસૂરિ** સ્વર્ગભાક્ થયા. ૩૭મા પટ્ટધર, રાજપ્રદત્ત 'રૂપશ્રી' બિરૂદધારી હતા. ૩૮મા પટ્ટધરશ્રીએ શ્રી યશોભદ્રસૂરિ-શ્રી નેમિચંદ્રસૂરિ આદિ આઠ શિષ્યોને આચાર્યપદે સ્થાપ્યા હતા]

(૩૯) **શ્રી યશોભદ્રસૂરિ** તથા **શ્રી નેમિચંદ્રસૂરિ**, (૪૦) **શ્રી મુનિચંદ્રસૂરિ** અને (૪૧) **મા પટ્ટધર શ્રી યશોદેવસૂરિ થયા.**

[૩૯ મી પાટે બન્ને પટ્ટધર ગુરુભાઈ હતા. નવાંગીવૃત્તિકાર **શ્રી અભયદેવસૂરિજી**, વિ. સં. ૧૧૩૫ મતાંતરે ૧૧૩૯ વર્ષે સ્વર્ગવાસી થયા તથા કૂર્ચપૂરીય ચૈત્યવાસી **શ્રી જિનેશ્વરસૂરિના** શિષ્ય **શ્રી જિનવલ્લભસૂરિએ** ચિત્તોડમાં છ કલ્યાણકનો મત પ્રરૂપ્યો. ૪૦ મા પટ્ટધર શ્રી મુનિચંદ્રસૂરિ, યાવજ્જીવ કાંજી પર જ રહેવાપૂર્વક 'છ' વિગઈના ત્યાગી હતા. શ્રી હરિભદ્રસૂરિકૃત **અનેકાંતજયપતાકા** વગેરે ગ્રંથો ઉપર પંજીકા અને **ઉપદેશપદ** ગ્રંથ ઉપર વૃત્તિ વગેરેની રચના કરવાથી તેઓશ્રી **તાર્કિક શિરોમણિ** તરીકેની ખ્યાતિ પામ્યા હતા તેઓશ્રી, ૩૬ મા પટ્ટધર શ્રી નેમિચંદ્રસૂરિજીના ગુરુ ભાઈ ઉપાધ્યાય શ્રી વિનયચંદ્રના શિષ્ય હતા. વિ. સં. ૧૧૭૮ માં સ્વર્ગવાસી થયેલા તેઓશ્રીએ શ્રી આનંદસૂરિ વગેરે પોતાના અનેક બંધુઓને દીક્ષા આપી આચાર્ય બનાવ્યા હતા. તેઓશ્રીને શ્રી નેમિચંદ્રસૂરિજીએ જ ગચ્છનાયક તરીકે સ્થાપ્યા હતા. (તેમના સમયમાં વિ. સં. ૧૧૫૯ માં **પૂનમીયામતની** ઉત્પત્તિ થઈ)

તેઓશ્રીને શ્રી અજિતદેવસૂરિ, શ્રી વાદિદેવસૂરિ વગેરે અનેક શિષ્યો હતા **વાદિદેવસૂરિએ** પાટણ સિદ્ધરાજની વિદ્વત્સભામાં–૮૪ વાદજીત કીર્તિવાળા અને વાદની જિજ્ઞાસાવાળા–દિગંબરચક્રવર્તી **કુમુદચંદ્રાચાર્યને** વાદમાં હરાવીને પાટણમાં દિગંબર–પ્રવેશ બંધ કરાવ્યો હતો. ××× તેઓશ્રીએ ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ 'સ્યાદ્વાદરત્નાકર' નામના 'પ્રમાણું' ગ્રંથની રચના કરી હતી જેઓશ્રીના જ નામથી ખ્યાતિમાન્ એવી **૨૪ શાખા આચાર્યોની** થઇ: તેઓશ્રીનો જન્મ સં. ૧૧૩૪, દીક્ષા સં. ૧૧૫૨ આચાર્યપદ સં. ૧૧૭૪ અને સ્વર્ગવાસ સં. ૧૨૨૬ શ્રા વ ૭ છે. તે શ્રી વાદિદેવસૂરિજીના સમયમાં શ્રી દેવચંદ્રસૂરિજીના શિષ્ય ત્રણ ક્રોડ ગ્રંથ (શ્લોક)ના કર્તા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી થયા. તેઓશ્રીના જન્મ સં. ૧૧૪૫ કા. શુ. ૧૫, દીક્ષા સં. ૧૧૫૦, સૂરિપદ સં. ૧૧૬૬ અને સ્વર્ગવાસ સં. ૧૨૨૯

(૪૧) **મા પટ્ટધર શ્રી અજિતદેવસૂરિ થયા.** [વિ. સં. **૧૨૦૪** માં **ખરતર**, ૧૨૧૩ માં **આંચલિક**, ૧૨૩૬ માં **સાર્ધપૂનમીયા** અને ૧૨૫૦ માં **આગમિકમતની**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પત્તિ થઇ. વીરાત્ ૧૬૯૨ (વિ. સં. ૧૨૨૨) વર્ષે **બાહડમંત્રી**એ શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો.]

(૪૨) **શ્રી વિજયસિંહસૂરિ**, (૪૩) **શ્રી સોમપ્રભસૂરિ** તથા **શ્રી મણિરત્ન**-સૂરિ અને (૪૪) **આ** પટ્ટધર **શ્રી જગચ્ચન્દ્રસૂરિ** થયા. [શ્રી વિજયસિંહસૂરિજીએ '**વિવેક-મંજરી**' ગ્રંથ શુદ્ધ કર્યો. તેઓશ્રીના પહેલા શિષ્ય શ્રી સોમપ્રભસૂરિજી '**શતાર્થી**' તરીકે વિખ્યાત હતા. ઉક્ત ૪૩મા બન્ને પટ્ટધરોની પાટે થએલા ૪૪મા પટ્ટધર **શ્રીજગચ્ચન્દ્ર**સૂરિજીએ ક્રિયામાં શિથિલ મુનિસમુદાયને– ગુરુઆજ્ઞાથી વૈરાગ્યરસોદધિ ચૈત્રગચ્છીય શ્રી દેવભદ્ર ઉપાધ્યાયનો સહકાર લઇ–ક્રિયાપાલનમાં કડક બનાવવા વડે 'હીરલા જગચ્ચંદ્રસૂરિ' તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરેલ. ××× આજીવન આયંબિલતપના અભિગ્રહી હોવાને લીધે ૧૨ વર્ષે તેઓશ્રીને '**તપા**' બિરૂદ પ્રાપ્ત થએલ, તેને લઇને ૧૨૮૫ વર્ષે નિર્ગ્રન્થગચ્છનું છઠ્ઠું '**તપાગચ્છ**' નામ પ્રચલિત થયું. ×××]

(૪૫) **શ્રી દેવેન્દ્રસૂરિ**, (૪૬) **શ્રી ધર્મઘોષસૂરિ**, (૪૭) **શ્રી સોમપ્રભસૂરિ** અને (૪૮)**મા** પટ્ટધર **શ્રી સોમતિલકસૂરિ** થયા. [શ્રી દેવેન્દ્રસૂરિજીએ, માલવદેશે ઉજ્જયિનીમાં જિનભદ્રશ્રેષ્ઠિનાં પુત્ર વીરધવલને તેના ચાલુ લગ્નોત્સવમાં જ પ્રતિબોધીને વિ. સં. ૧૩૦૨માં દીક્ષા આપ્યા બાદ તેના નાના બંધુને પણ દીક્ષા આપી દીર્ઘકાળ માલવદેશમાં વિચર્યા બાદ ગુજરાતમાં ખંભાતનગરે પધારવું થએલ. ત્યાં (મંત્રી વસ્તુપાલના ભૂતપૂર્વ લહીઆને શ્રી જગચ્ચંદ્રસૂરિજીએ દીક્ષા આપી આચાર્યપદે સ્થાપેલ અને બહુશ્રુતીભૂત એવા) શ્રી **વિજયચંદ્રસૂરિ**, શિષ્યોમાં સ્વમતિકલ્પનાથીજ 'ગીતાર્થો જુદીજુદી વસ્ત્રની પોટલી રાખી શકે, હંમેશાં વિગય વાપરવાની, હંમેશાં વસ્ત્ર ધોવાના યાવત્ તત્કાલનું ઉજ્જવલ લેવાનું' ઇત્યાદિ ૧૧ આજ્ઞાઓ આપવાદ્વારા શિથિલતા પ્રસારીને–સદોષતાના કારણે જગચ્ચંદ્રસૂરિજીએ છોડી દીધેલ એવી–મોટી પોસાળમાં ૧૨ વર્ષ સુધી વાસ કરી રહેલ!

તેઓ અભિમાનવશાત્ ત્યાં દીર્ઘકાળે પધારેલા પણ તે વડિલગુરુભાઇ શ્રી દેવેન્દ્રસૂરિજી મ.ને વંદન કરવા આવ્યા નહિ. એટલે શ્રી દેવેન્દ્રસૂરિજી, સંવિગ્નસાધુઓથી પરિવરેલા પૃથક્ નાના ઉપાશ્રયે પધાર્યા. ત્યારથી લોકોમાં મોટા ઉપાશ્રયમાં રહેનાર શ્રી વિજયચન્દ્ર-સૂરિજીનો સમુદાય, '**વૃદ્ધપૌશાલિક**' અને શ્રીદેવેન્દ્રસૂરિજીનો સમુદાય '**લઘુપૌશાલિક**' તરીકે પ્રસિદ્ધ થયો.

ખંભાત ચૌટામાંના '**કુમારપાલવિહાર**' નામના શ્રી જિનમંદિરમાં સ્વપરશાસ્ત્ર-જ્ઞાનવિચક્ષણ શ્રી દેવેન્દ્રસૂરિજીને ૧૮૦૦ ભક્તશ્રાવકોથી પરિવરેલા **મહામંત્રી વસ્તુપાલે** નમન કરી બહુમાન કરેલા. બાદ **વિજયચંદ્ર**ની ઉપેક્ષા કરી **પાલણપુર** પધારતાં ત્યાં અનેકા-નેક મનુષ્યોથી પરિવરેલા અને મોરપીચ્છનાં છત્રયુક્ત સિંહાસનમાં બેસનારા ૮૪ શ્રેષ્ઠીઓ, તેઓશ્રીનાં વ્યાખ્યાનશ્રવણાર્થે આવતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે નગરના '**પ્રલ્હાદનવિહાર**'માં વેચાણ–ખરીદીના લાગાના હંમેશાં ૧ મૂડો (૧૦૦ મણ) અક્ષત અને ૧૬ મણ સોપારી આવતા. તેમજ હંમેશાં ૫૦૦ વિશલપ્રિય નાણાનો ભોગ થતો હતો. તેવા શાસનોન્નતિવાળા **શ્રી**પાલણપુરના સંઘે, કોઇક શિષ્યને આચાર્યપદ આપીને પોતાના મનોરથ પૂર્ણ કરવાની પૂજ્યશ્રીને વિનંતિ કરવાથી **શ્રી** દેવેન્દ્રસૂરિજીએ યોગ્ય સમય જાણીને પ્રલ્હાદનવિહારમાં જ વિ.સં. ૧૩૨૩ (કોઇકના મતે **૧૩૦૪**)માં **વીરધવલ** મુનિને આચાર્યપદવી આપી '**વિદ્યાનંદસૂરિ**' નામે પ્રસિદ્ધ કર્યા. તેમના નાના બંધુ **ભીમસિંહ**ને પણ તે જ સમયે ઉપાધ્યાયપદવી આપી '**ધર્મકીર્તિ**' નામે પ્રસિદ્ધ કર્યા સંભવે છે. આ સૂરિપદપ્રદાન સમયે સુવર્ણમય કાંગરાવાળા તે વિહારના મંડપમાં કુંકુમ–કેસરની વૃષ્ટિ થયેલ. વિદ્યાનંદસૂરિએ '**વિદ્યાનંદ**' નામનું વ્યાકરણ રચેલ.

શ્રી દેવેન્દ્રસૂરિજીએ, શ્રી શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર (ને કેટલાકો તેમની કૃતિ માને છે) અને તેની વૃત્તિ, પાંચ નવ્ય કર્મગ્રંથ અને તેની વૃત્તિ વગેરે અનેક ગ્રંથોની રચના કરી સં. ૧૩૨૭ વર્ષે માલવદેશમાં જ સ્વર્ગવાસ પામ્યા. દૈવયોગે શ્રી વિદ્યાનન્દસૂરિ પણ ત્યારબાદ તેર જ દિવસે નિદ્યાપુર (વીજાપુર)માં સ્વર્ગે સીધાવેલ! આથી છ માસ બાદ સ્વગચ્છીય આચાર્યોએ **શ્રી ધર્મકીર્તિ** ઉપાધ્યાયને આચાર્યપદવી આપી **શ્રી ધર્મ-ઘોષસૂરિ** નામે પ્રસિદ્ધ કરેલ.

ગુરુમહારાજથી શ્રી વિજયચંદ્રસૂરિ અલગ થવાથી 'હવે કયા ગુરુને ઉપાસવા?' એવી શંકામાં પડેલ શ્રી સંગ્રામસોનીના પૂર્વજને દેવીએ 'જેમની વંશપરંપરા ઉન્નતિ-શીલ થનાર છે, તે શ્રી દેવેન્દ્રસૂરિજીની જ સેવા કરજે' એમ સ્વપ્નામાં કહેલ. શ્રી દેવેન્દ્રસૂરિજીનું સ્વર્ગગમન સાંભળી (માલવપ્રદેશના) શ્રી સંઘના અધિપતિ '**ભીમ**' શ્રેષ્ઠીએ બાર વર્ષ સુધી ધાન્યનો ત્યાગ કરેલ.]

(૪૬) **આ પટ્ટધર શ્રી ધર્મઘોષસૂરિજીએ** માંડવગઢમાં પેથડ મંત્રીને લાખ રૂપિયાનું પરિગ્રહ પરિમાણ કરવામાં વ્રતનો ભંગ જાણી નિષેધ કર્યો હતો. જે મંત્રી, વખત જતાં લોકપ્રિય બની કુબેરસમાન ઋદ્ધિવંત થએલ! કે જેમણે ૮૪ જિનમંદિરો, ૭ જ્ઞાનભંડારો અને શત્રુંજય તીર્થ ઉપર ૨૧ ઘડી પ્રમાણ સુવર્ણના વ્યયે શ્રી ઋષભ-જિનનો કાંચનમય પ્રાસાદ કરાવેલ. ××× કોઈ સાધર્મિક બંધુએ બ્રહ્મચારીઓને વેષ આપતાં મહર્ધિક હોવાથી એક વેષ પૃથ્વીધર (પેથડ) મંત્રીને પણ મોકલાવતાં તેને સ્વીકારીને આ ધર્માત્મા મંત્રીએ ત્યારથી જ એટલે કે–૩૨ વર્ષની યુવાન વયે જ બ્રહ્મચર્યવ્રત ધારણ કરેલ!

તેમના પુત્ર **ઝાંઝણમંત્રીએ** શ્રી શત્રુંજયના શિખર પર્યંત ૧૨ યોજનની સોના-ચાંદી (ના કસબી વણાટ)ની સંલગ્ન ધ્વજા ચઢાવેલ, જમણો હાથ લાંબો નહિ કરવાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટેકવાળા રાજા સારંગદેવને કર્પૂર ડાબા હાથમાં લેવા પ્રસંગે બંને હાથ રભસવૃત્તિથી જોડાવેલ અને માંડવગઢમાં ૭૨ હજાર (મતાંતરે ૩૬ હજાર) રૂપીઆના સદ્દવ્યયે શ્રી ધર્મઘોષસૂરિજીનો પ્રવેશોત્સવ કરાવેલ.

શ્રી દેવપત્તન (પ્રભાસપાટણ)માં શિષ્યની પ્રાર્થનાથી મંત્રગર્ભિત સ્તુતિની રચના કરવાથી સમુદ્રે મોજાં દ્વારા જે ધર્મઘોષસૂરિજીને ચરણે રત્નો ધર્યાં હતાં, તથા જેઓશ્રીએ તે દેવપત્તનમાં જ પોતાના ધ્યાનના પ્રતાપે પ્રકટ થએલ નવીન કપર્દીયક્ષ દ્વારા–શ્રી વજ્રસ્વામીના માહાત્મ્યથી શત્રુંજય તીર્થથી હાંકી કાઢેલા એવા અને મિથ્યાત્વને વધારી રહેલા–જૂના કપર્દીયક્ષને પ્રતિબોધીને શ્રી જિનબિંબનો અધિષ્ઠાયક બનાવેલ. ××× તેઓશ્રીએ, શ્રી સંઘાચારભાષ્યવૃત્તિ–સુમઘમ્મ૦ સ્તવ–કાયસ્થિતિ પ્રકરણ–ભવસ્થિતિ પ્રકરણ વગેરે અનેક ગ્રંથોની રચના કરીને વિ. સં. ૧૩૫૭ માં સ્વર્ગવાસ પામ્યા.

(૪૭) મા પટ્ટધર શ્રી સોમપ્રભસૂરિજીએ નમિઊણ મણઇ૦ એ આરાધના સૂત્ર રચેલ. તેમનો જન્મ સં. ૧૩૧૦, દીક્ષા સં. ૧૩૨૧ અને આચાર્યપદ સં. ૧૩૩૨: ગુરુએ 'મંત્ર પુસ્તિકા' અર્પણ કરવા માંડી ત્યારે ૧૧ અંગના જાણ એવા તેઓશ્રીએ 'શ્રુત–ચારિત્રને ગ્રહણ કરું કે મંત્ર પુસ્તિકાને?' એમ જણાવી ગ્રહણ કરી નહિ. તેઓશ્રીએ અપ્કાયની વિરાધનાથી બચવા 'જલકુંકણ' દેશમાં અને પાણીના દુર્લભપણાને લીધે 'મરુ દેશ'માં સાધુઓનો વિહાર બંધ કરાવેલ. ××× તેઓશ્રીએ 'યતિજીત કલ્પસૂત્ર–જિનેન યેન૦' ઇત્યાદિ સ્તુતિઓની રચના કરેલ. ××× તેઓશ્રીના 'વિમલપ્રભ, પરમાણંદ, પદ્મતિલક અને સોમતિલક' એ ચાર શિષ્યો આચાર્ય હતા.

શ્રી ધર્મઘોષસૂરિજી જે વર્ષે સ્વર્ગવાસ પામ્યા તે જ વર્ષે એટલે કે–સં. ૧૩૫૭ માં જ શ્રી સોમપ્રભસૂરિજીએ શ્રી વિમલપ્રભને આચાર્ય બનાવ્યા, તે થોડો કાળ જીવ્યા! ત્યાર બાદ સં. ૧૩૭૩ માં પોતાનું આયુષ્ય નજીકમાં પૂર્ણ થવાનું જાણીને શ્રી પરમાણંદ અને શ્રી સોમતિલક એ બંનેને આચાર્યપદે સ્થાપેલ. ત્યારબાદ ત્રણ માસને અંતરે શ્રી સોમપ્રભસૂરિજી તે સં. ૧૩૭૩ માં જ સ્વર્ગવાસ પામ્યા. ×××

૪૮ મા પટ્ટધર શ્રી સોમતિલકસૂરિજીનો જન્મ સં. ૧૩૫૫, દીક્ષા સં. ૧૩૬૯, આચાર્યપદ સં. ૧૩૭૩ અને સ્વર્ગવાસ સં. ૧૪૨૪ = સર્વાયુઃ વર્ષ ૬૯; તેઓશ્રીએ–'બૃહન્નવ્યક્ષેત્રસમાસપ્રકરણ, સત્તરિસયઠાણપ્રકરણ, યત્રાખિલ૦ વગેરે સ્તોત્રોની વૃત્તિ અને ઘણા સ્તવનોની રચના કરી હતી. 'શ્રી પદ્મતિલક, શ્રી ચંદ્રશેખર, શ્રી જયાનંદ અને શ્રી દેવસુંદર' એ ચાર મુનિઓને અનુક્રમે સૂરિપદ આપેલ. પર્યાયે જ્યેષ્ઠ શ્રી પદ્મતિલકસૂરિજી એક વર્ષ જીવ્યા. તેમાંના બીજા શ્રી ચંદ્રશેખરસૂરિજીનો જન્મ સં. ૧૩૭૩, દીક્ષા સં. ૧૩૮૫, આચાર્યપદ સં. ૧૩૯૩ અને સ્વર્ગગમન સં. ૧૪૨૩ હતો. તેઓશ્રીએ–'ઉષિતભોજન કથા, યવરાજર્ષિ કથા તેમજ સ્તંભનક હારબંધ' વગેરે મંત્રપ્રભાવક સ્તવનોની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રચના કરેલ. ××× ત્રીજા શ્રી જયાનંદસૂરિજીનો જન્મ વિ. સં. ૧૩૮૦, દીક્ષા સં. ૧૩૯૨, અ. શુ. ૭, આચાર્યપદ સં. ૧૪૨૦ ચૈ. શુ. ૧૦ અને સ્વર્ગવાસ સં. ૧૪૪૧ હતો. તેઓએ 'સ્થૂલભદ્રચરિત્ર અને દેવાઃપ્રભો૦' વગેરે સ્તોત્રોની રચના કરેલ.

(૪૯) શ્રી દેવસુંદરસૂરિ, (૫૦) શ્રી સોમસુંદરસૂરિ, (૫૧) શ્રી મુનિસુંદરસૂરિ અને (૫૨) મા શ્રી રત્નશેખરસૂરિ પટ્ટધર થયા.

શ્રી દેવસુંદરસૂરિજીનો જન્મ સં. ૧૩૯૬, દીક્ષા સં. ૧૪૦૪, આચાર્યપદ સં. ૧૪૨૦ અને સ્વર્ગવાસ સં. (?) તેઓશ્રી, ૩૦૦ ઉત્તમ યોગીઓના પરિવારવાળા—મંત્રતંત્રાદિની સમૃદ્ધિવાળા—અતીતાનાગતાદિ વસ્તુવેત્તા **'ઉદયીપા'** નામના યોગીથી પણ પ્રજ્ઞ સમક્ષ સ્તુતિ કરવા પૂર્વક વંદાએલા એવા યુગશ્રેષ્ઠ મહાપુરુષ હતા.

તેઓશ્રીને—'જ્ઞાનસાગરસૂરિ, કુલમંડનસૂરિ, ગુણરત્નસૂરિ, સોમસુંદરસૂરિ અને સાધુરત્નસૂરિ' એ પાંચ આચાર્ય શિષ્યો હતા. **શ્રી જ્ઞાનસાગરસૂરિજી**નો જન્મ સં. ૧૪૦૫, દીક્ષા સં. ૧૪૧૭, સૂરિપદ સં. ૧૪૪૧ અને સ્વર્ગ સં. ૧૪૬૦ હતો. તેઓશ્રીએ 'શ્રી આવશ્યક સૂત્ર—ઓઘનિર્યુક્તિ' આદિ ગ્રંથોની અવચૂરિ વગેરેની રચના કરેલ.

શ્રી કુલમંડનસૂરિજીનો જન્મ સં. ૧૪૦૯, દીક્ષા, સં. ૧૪૧૭, આચાર્યપદ સં. ૧૪૪૨ અને સ્વ. સં. ૧૪૫૫ હતો. તેઓશ્રીએ—'સિદ્ધાંતાલાપકોદ્ધાર, વિચારશ્રીધર વગેરે ૧૮ આરચક્રબંધસ્તવ અને ગરીયસ્ હારબંધસ્તવ (વિચારામૃતસાર, વિંશતિસ્થાનક ચરિત્ર) વગેરે ગ્રંથોની રચના કરી હતી.

શ્રી ગુણરત્નસૂરિજીનો કષાયો તથા વિકથા ઉપરનો સંયમ ઉત્કટ હતો. તેમની ચારિત્રની અતીવ વિશુદ્ધિ જોઈને લોકો તેમને આસન્નભવી કહેતા. તેમણે 'ક્રિયારત્નસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય બૃહદ્વૃત્તિ' વગેરે અનેક ગ્રંથોની રચના કરેલ. પાંચમા **શ્રી સાધુરત્નસૂરિજી**એ 'યતિજીતકલ્પવૃત્તિ' આદિની રચના કરેલ.

૫૦ મા પટ્ટધર શ્રી સોમસુંદરસૂરિજીનો જન્મ સં. ૧૪૩૦, દીક્ષા સં. ૧૪૩૭, વાચકપદ સં. ૧૪૫૦ અને સૂરિપદ સં. ૧૪૫૭: તેમને ૧૮૦૦ સાધુઓથી પરિવરેલા, સત્ક્રિયાપરાયણ અને અત્યંત મહિમાવાળા જોઈને ક્રોધિત થયેલા દ્રવ્યલિંગીઓએ હણી નાખવા ૫૦૦ આપીને મોકલેલ એક મારાએ, ચંદ્રનો ઉદ્યોત થયે સતે નિદ્રામાં પણ રજોહરણથી ભૂમિ પ્રમાર્જીને પડખું ફેરવતા જોઈને તેમની પાસે પોતાના અપરાધની ક્ષમા માગેલ.××× તેઓશ્રીએ 'યોગશાસ્ત્ર, ઉપદેશમાલા, ષડાવશ્યક, નવતત્ત્વ આદિના બાલાવબોધ, ભાષ્ય—અવચૂર્ણિ તેમજ કલ્યાણક સ્તોત્ર' વગેરે ગ્રંથોની રચના કરી હતી. તેઓશ્રી —**'શ્રી મુનિસુંદરસૂરિ.** 'કૃષ્ણસરસ્વતી' બિરૂદધારી **શ્રી જયસુંદરસૂરિ,** 'મહાવિદ્યાવિડંબન' ટિપ્પણના રચયિતા **શ્રી ભુવનસુંદરસૂરિ** અને ૧૧ અંગોના જ્ઞાતા તેમજ 'દીવાલીકલ્પ'ના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્તા **શ્રી જિનસુંદરસૂરિ** એ ચાર શિષ્યો હતા. શ્રી રાણકપુરના ચૌમુખ વિહારમાં તેઓશ્રીએ ઋષભદેવ આદિ સેંકડો જિનબિંબોની પ્રતિષ્ઠા કરેલ. અનેક જીવોને પ્રતિબોધી–શાસનનો ઉદ્યોત કરી સં. ૧૪૯૯માં સ્વર્ગે ગયા.

૫૧ મા પટ્ટધર શ્રી મુનિસુંદરસૂરિજીએ અનેક પ્રાસાદ–પદ્મ–ચક્ર વગેરે ૩૦૦ નવીન રચનામય અને તર્ક પ્રયોગાદિ અનેક ચિત્રાક્ષરમય **'શ્રી ત્રિદશતરંગિણી'** નામનો ૧૦૮ હાથ લાંબો લેખ લખીને ગુરુને મોકલેલ. 'ઉપદેશ રત્નાકર' વગેરે ગ્રંથોની રચના કરી હતી. 'વાદીગોકુલષંઢ' અને 'કાલીસરસ્વતી' એ બે બિરૂદને ધારણ કરનાર તેઓશ્રી આઠ વર્ષ ગણનાયક અને ત્રણ વર્ષ યુગપ્રધાન તરીકે ખ્યાત હતા. બાલ્યાવસ્થામાં પણ હુન્નર અવધાન કરનાર હતા. ૧૦૮ વાટકીના નાદને ઓળખનાર હતા. યોગિનીએ કરેલા મરકીના ઉપદ્રવને તેઓશ્રીએ મહિમાયુક્ત સંતિકરં સ્તોત્ર રચવા દ્વારા દૂર કર્યો હતો. **શ્રી** સૂરિમંત્રને વિધિપૂર્વક ૨૪ વાર આરાધ્યો હતો. તે આરાધનામાં પણ જેમના ઉપદેશથી ચંપકરાજ, દેપા, ધારાદિ રાજવીઓએ પોતપોતાના દેશમાં ચૌદવાર અમારી પ્રવર્તાવી હતી. શીરોહીની દિશામાં સહસ્રમલ્લ રાજાએ પણ અમારીનું પ્રવર્તન કર્યે સતે તેના દેશમાં તીડનો ઉપદ્રવ અટકાવ્યો હતો. તેઓશ્રીનો જન્મ સં. ૧૪૩૬, દીક્ષા સં. ૧૪૪૩, વાચકપદ સં. ૧૪૬૬, સૂરિપદ સં. ૧૪૭૮ અને સ્વર્ગવાસ સં. ૧૫૦૩ કા. શુ. ૧.

૫૨ મા પટ્ટધર શ્રી રત્નશેખરસૂરિજીનો જન્મ સં. ૧૪૫૭ (મતાંતરે ૧૪૫૨), દીક્ષા સં. ૧૪૬૩, પંડિતપદ સં. ૧૪૮૩, વાચકપદ સં. ૧૪૯૩, આચાર્યપદ સં. ૧૫૦૨ અને સ્વર્ગ. સં. ૧૫૧૭ પો. વ. ૬. તેઓશ્રી 'બાલસરસ્વતી' બિરૂદધારી હતા. તેઓશ્રીએ–'શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ, શ્રાદ્ધવિધિવૃત્તિ અને આચારપ્રદીપ' ગ્રંથોની રચના કરી હતી. તેઓશ્રીના સમયે વિ. સં. ૧૫૦૮માં 'લુંકા' નામના લહીયાથી શ્રી જિનપ્રતિમોત્થાપક **લુંકામત** શરૂ થયો. તે મતમાં વેષધારી સાધુઓ તો સં ૧૫૩૩મા **'ભાણા'** વેષધારીથી થયા.

(૫૩) શ્રી લક્ષ્મીસાગરસૂરિજી, (૫૪) શ્રી સુમતિસાધુસૂરિજી અને (૫૫) મા શ્રી હેમવિમલસૂરિજી પટ્ટધર થયા.

શ્રી લક્ષ્મીસાગરસૂરિજીનો જન્મ સં. ૧૪૬૪, દીક્ષા સં. ૧૪૭૭, પંન્યાસપદ સં. ૧૪૯૬, વાચકપદ સં. ૧૫૦૧, આચાર્યપદ સં. ૧૫૦૮, ગચ્છનાયક પદવી સં ૧૫૧૭ (અને સ્વર્ગવાસ સં. ૧૫૪૭).

૫૫ મા પટ્ટધર શ્રી હેમવિમલસૂરિજી, શિથિલાચારી થઇ ગએલ સમુદાયની વચ્ચે પણ મહાવ્રતો અને સાધ્વાચારનું પાલન કરનાર–કરાવનાર તરીકે યશસ્વીપણે સવિજ્ઞ-સાધુઓનો પરિવાર ધરાવનારરૂપે પ્રસિદ્ધ હતા. ઋષિ–**હાના, શ્રીપતિ, ગણપતિ** વગેરેએ લુંકામતનો ત્યાગ કરી તેઓશ્રી પાસે ચારિત્ર સ્વીકાર્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'**હાલમાં સાધુ નથી**' એવો મત ધરાવનાર '**કટુક**' નામના ગૃહસ્થે **સં. ૧૫૬૨** માં ત્રણ થોયની વાસનાવાળો **કડવામતી** પંથ પ્રચલિત કર્યો બાદ **સં. ૧૫૭૦**માં '**બીજા**' નામના ઋષિએ લુંકામત તજીને '**બીજામતી**' પંથ[૨] ચલાવ્યો. **સં. ૧૫૭૨**માં નાગપૂરીય તપગચ્છમાંથી છૂટા પડી ઉપાધ્યાય પાર્શ્વચંદ્રે '**પાર્શ્વચંદ્ર**' ગચ્છ ચલાવ્યો.

પ્રાસંગિક–" શ્વેતાંબરીય કડવામત અને દિગંબરીય તેરાપંથ '૧–જિનપ્રતિમાને માનવી–પૂજવી, ૨–આ કાળમાં સાધુ–સાધ્વી હોય જ નહિ, એટલે ચતુર્વિધ સંઘ પૈકી હવે શ્રાવક અને શ્રાવિકા એ બે દેશવિરતિ સંઘો જ રહ્યા છે અને ૩–જૈનધર્મના ઉપદેશક મુનિ નહિં પણ પાઘડીવાળો ગૃહસ્થ જ હોય.' એ ત્રણ પ્રકારમાં કોઇ કોઇ અંશે સમાનતા ધરાવે છે. તેવી માન્યતાવાળા તે કડવા અને દિગંબરીય તેરાપંથ નીકળ્યા પછી વિક્રમની વીશમી સદિમાં ત્રીજો શાંતિસાગરનો અને ચોથો શ્રીમદ્ રાજચંદ્રનો પંથ નીકળ્યો. તે બને

---

૨ સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ થયેલ 'ઉપાધ્યાય ધર્મસાગરીય શ્રીતપગચ્છપટ્ટાવલી' સંજ્ઞક મુકાકાર પુસ્તકના પૃ. ૨૦૩ના ત્રીજા પેરામાં દર્શાવેલ એ વીજાપંથની સં. ૧૫૭૦ની બીના સાથે તે પુસ્તકના સંપાદકશ્રીએ જે– "**(અ) ખરતર અને તપગચ્છ વચ્ચે પણ વૈમનસ્ય વધી પડયું અને (આ) એકબીજાને ખોટા ઠરાવવા માટે પુસ્તકોની પણ ખોટી રચના થતી. (ઇ) ઉપાધ્યાયશ્રી ધર્મસાગરે તપગચ્છ સિવાયના (ઈ) બીજાગચ્છો ખોટા છે તે સાબિત કરવા માટે નવીન પુસ્તક રચી તેમાં (ઉ) ઉગ્રભાષામાં ઘણા પ્રહારો કર્યા (ઊ) છેવટે તપગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિએ વધી પડેલ કલેશ-કુસંપના અગ્નિને શાંત પાડવા માટે (એ) તેમના રચેલ (ઐ) 'કુમતિમતકુદાલ' નામના ગ્રંથને જલશરણ કરાવ્યો.**" એ પ્રમાણે લખાણ યોજેલ છે. તે સઘળું લખાણ આ નીચે જણાવ્યા મુજબ ક્રમવાર નિરાધાર, અસંગત અને અસત્ય જણાય છે.

(અ) તે સં. ૧૫૭૦માં તો શું ? પરન્તુ એ પંચાવનમા પટ્ટધરશ્રીની હયાતિના સં. ૧૫૮૪ સુધીમાંય તે બંને ગચ્છ વચ્ચે સામાન્ય પણ વૈમનસ્ય થયું હોવાની કોઇ અતિહાસીક નોંધ ઉપલબ્ધ નથી.

(આ) તે સમયની તે બંને ગચ્છની તેવી અવૈમનસ્યસ્થિતિમાં એકબીજાને ખોટા ઠરાવવાનો કોઇ ઉદ્યમ જ કરવો રહેતો નહિ હોવાથી તેઓએ પુસ્તકોની ખોટી રચના પણ કરવી રહેતી નહોતી અને તેથી જ તે સમયની તેવી કોઈ નોંધ ઇતિહાસોપલબ્ધ પણ નથી.

(ઇ) પ્રસ્તુત સં. ૧૫૭૦માં તો તે ઉપાધ્યાયજીનો જન્મ પણ નહોતો અને તેઓશ્રી ઉપાધ્યાય પણ ૧૬૦૮માં બન્યા હોઈ સંપાદકશ્રીએ તેઓશ્રીના નામે કરેલી એ વાત બેવજુદ છે

(ઈ) સંપાદકશ્રીએ જણાવેલું તે નવીન પુસ્તક, તે ઉપાધ્યાયજીએ તપગચ્છ સિવાયના મતોને ખોટા સાબિત કરવા માટે તે સમયે તો શું ? પરંતુ તે પછીના પદમા પટ્ટધર પૂ. આણંદવિમલસૂરિજી મ. ના સમયે પણ રચેલ હોવાનું કોઇજ ઇતિહાસ કહેતો નહિ હોવાથી લેખકની એ વાતને અસત્ય જ લેખવી રહે છે.

[સંપાદકશ્રીના પ્રસ્તુત ફકરામાંની ઉપર્યુક્ત અસત્ય બીનાઓને–પ્રસ્તુત પટ્ટાવલી પુસ્તકગત તે ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. ના (ઇતિહાસજ્ઞ જણાતા લેખકશ્રીએ લખેલા) જીવનચરિત્રનાં પૃ. ૧૯થી૨૦ના

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંથો પણ ઉપર જણાવેલા બે પંથોની કોટીના જ છે. હાલ પ્રવર્તતા પાંચમા સોનગઢીપંથને પણ ઉક્ત કોટિમાં લેખી શકાય.'

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૩ પૃષ્ઠ ૬૭૦-૭૧

શ્રી હેમવિમલસૂરિજીની પાટે–સુવિહિતમુનિઓના મુગટ સમાન અને કુમતરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યસમાન મહિમાવંત એવા–**શ્રીઆણંદવિમલસૂરિ નામે ૫૬મા પટ્ટધર થયા.** તેઓશ્રીનો જન્મ સં ૧૫૪૭, દીક્ષા સં. ૧૫૫૨ અને આચાર્યપદ સં. ૧૫૭૦ (સ્વર્ગવાસ સં. ૧૫૯૬)

ક્રિયાશિથિલ એવા ઘણા યતિઓથી પરિવરેલ હોવા છતાં પોતે વૈરાગ્ય રંગથી ભરપૂર ચિત્તવાળા હતા. શ્રી જિનપ્રતિમાનો નિષેધ અને સાધુ પ્રત્યે અરુચિ જગાવનારાઓની ઉત્સૂત્રપ્રરૂપણાથી ભવસમુદ્રમાં ડૂબતા જનસમૂહને જોઇને કરુણારસયુક્ત ચિત્તવાળા તેઓશ્રીએ ગુરુઆજ્ઞાથી કેટલાક સંવિગ્ન સાધુઓની સહાયવડે સં. ૧૫૮૨માં શિથિલાચારના ત્યાગરૂપ ક્રિયોદ્ધારરૂપી યાનપાત્રદ્વારા ઉદ્ધાર કર્યો હતો, અને અનેક શ્રેષ્ઠીઓને તથા સેંકડો શ્રેષ્ઠી-પુત્રોને કુટુંબ-ધનાદિનો મોહ છોડાવીને દીક્ષા આપી હતી.

સૌરાષ્ટ્રદેશમાં સંવિગ્ન સાધુઓના વિહાર માટે–'જે કોઇ (તે આ મ. સાથેના) વાદમાં વિજય પ્રાપ્ત કરે તે જ મારા નગરાદિમાં રહી શકશે, બીજો નહિ.' એવો સૌરાષ્ટ્રના

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ નું ચાલુ)

પહેલા તથા બીજા પેરામાં પણ જે સ્થાન જોવાય છે, તેને ઉપર મુજબ અસત્ય બીના લખનાર તે સંપાદકશ્રીના હસ્તક્ષેપરૂપે જ માનવું રહે.]

(ઙ) તે ઉપાધ્યાયજીએ તેવું કોઈ નવીન પુસ્તક જ રચેલ નથી, ત્યાં તેમાં તેઓએ 'ઉગ્રભાષામાં પ્રહારો કર્યા' નું તો તે સંપાદકશ્રી જ કહી શકે.

(ઝ) આ આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી સં. ૧૫૮૭માં આચાર્ય બનેલા ૫૭મા પટ્ટધર છે. તેઓશ્રીએ સં. ૧૫૮૪માં સ્વર્ગવાસ પામેલા તે પંચાવનમા પટ્ટધરશ્રી હેમવિમલસૂરિજીના સમયે વધી પડેલ કલેવાતા કલેશાગ્નિને શાંત પાડવા પ્રયાસ કર્યા હોવાનું તો એ સંપાદકશ્રી જ લેખાવી શકે.

(ઞ) શ્રી તપાગચ્છમાં આદિથી અદ્યાપિપર્યન્ત પણ જે નામના ગ્રંથનું અસ્તિત્વ જ નથી તે 'કુમતિમતકુદ્દાલ' નામનો ગ્રંથ એ રીતે સં. ૧૬૦૮માં ઉપાધ્યાય બનેલ શ્રી ધર્મસાગરજીએ સં. ૧૫૭૦માં રચેલ હોવાનું પણ આ સંપાદકશ્રી જ લેખાવી શકે.

(ટ) ઉપર નિર્દિષ્ટ હકીકત મુજબ શ્રી તપાગચ્છમાં જે ગ્રંથની રચના અદ્યાપિપર્યંત પણ કોઇએ કરેલ હોવાનું ઇતિહાસ કહેતો નથી, તેવા તે નિર્મૂળ 'કુમતિમતકુદ્દાલ' ગ્રંથને તે ૫૭મા પટ્ટધરશ્રીએ, ૫૫મા પટ્ટધર શ્રી હેમવિમલસૂરિજીના સમયે જલશરણ કરાવ્યો હોવાની વાતને પણ-સદંતર ઉપજાવી કાઢેલી વાતોને સત્ય ઇતિહાસ તરીકે લેખાવવાની વૃત્તિવાળા જણાતા-એ સંપાદકશ્રી જ ઇતિહાસનું રૂપ આપી શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અધિપતિનો લેખ લઇને–જેને બેસવા સુલતાને પાલખી આપેલી અને પાદશાહે **'મલિક શ્રી નગદલ'** બિરૂદ આપેલ તેવા–(તે પૂ. આચાર્યશ્રીનાં ભક્તશ્રાવક) **સાહ તૂણસિંહે** ગુરુ મહારાજશ્રીને વિનંતિ કરી સંપ્રતિ રાજાની જેમ પંન્યાસ જગર્ષિ વગેરે સાધુઓને સૌરાષ્ટ્રમાં વિહાર કરાવેલ

તથા જેસલમેર વગેરે મરુભૂમિમાં પાણીના દુર્લભપણાથી વિહાર દુષ્કર જાણીને ૪૭મા પટ્ટધર શ્રી સોમપ્રભસૂરિજીએ પૂર્વે જે વિહારનો નિષેધ કરેલ તે વિહાર, તે તે પ્રદેશોમાં–કુમત પ્રસરી જવાના ભયથી ત્યાંના લોકોની અનુકંપાથી અને ઘણા લાભના હેતુથી –તેઓશ્રીએ ફરી ચાલુ કરવાની સાધુઓને આજ્ઞા ફરમાવેલ.

તે આજ્ઞા પામેલ સર્વ સાધુઓમાં પણ–નાની વયના છતાં શ્રીસ્થૂલભદ્રસ્વામી જેવા, વૈરાગ્યના ભંડાર, અત્યંત નિઃસ્પૃહી, જીંદગીભર જઘન્યથી પણ છઠ્ઠતપના અભિગ્રહી અને પારણે પણ આયંબિલ વગેરે તપના કરનાર **મહોપાધ્યાય શ્રી વિદ્યાસાગરગણિએ**[૩]

૩. આ મહોપાધ્યાયશ્રીએ પ્રથમ ખુલ્લા કરેલા તે વિહારને **મોહનલાલ દલીચંદ દેશાઇએ** પોતાના સં. ૧૯૮૭ના **'જૈનગુર્જરકવિઓ'** ભા ૨ના પૃ ૭૨૪ ઉપરની ફુટનોંધમાં–"૫૬ આનંદવિમલ××××સોમપ્રભસૂરિએ પૂર્વે મરૂભૂમિમાં પાણીના દુર્લભપણાથી સાધુવિહાર બંધ કરેલો. તે તેમણે (આનંદવિમલસૂરિજીએ) **મરુભૂમિમાં વિહાર કરી** ખુલ્લો કર્યો" એમ લખીને પૂ આણંદવિમલસૂરિજીને નામે ચઢાવેલ છે અને તે વખતે જેસલમેર વગેરે પ્રદેશોમાં તે મહોપાધ્યાયજીએ ખરતરોને તેમની સામાચારીમાં ખોટા ઠરાવેલ હોવાની વાતને તો ઉડાવી જ દીધી છે તે, 'તે સમયે પણ શ્રી તપગચ્છના સાગરગીતાર્થ, શાસનના પ્રાણ હતા. તેમજ ખરતરો આદિની સાથે સ્થળે સ્થળે વાદ કરી તેઓનો પરાભવ કરતા હતા.' એ વારતવિકખીનાને ધરાદાપૂર્વક પ્રસિદ્ધિ નહિ આપવાના અસદાશયના પ્રતીકરૂપ હોઇને તેમના પ્રસિદ્ધ ઇતિહાસકારિત્વને કલંકરૂપ ગણાય તેમ છે.

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૩ પૃ. ૬૯૫ થી ૯૭ ઉપર–તે પૂ. મહાતપસ્વી મહો. અંગેના સંક્ષિપ્ત ઇતિહાસની નોંધ આ પ્રમાણે છે કે-' **૫૩–આ. લક્ષ્મીસાગરસૂરિ, ૫૪–મહો. વિદ્યાસાગરગણિવર** તેમણે બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી. તેઓ **બાલબ્રહ્મચારી** હતા, **આ** શ્રી લક્ષ્મીસાગરસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા અને આ. શ્રી હેમવિમલસૂરિના **મહોપાધ્યાય** હતા. તેઓ યુગપ્રધાન આ. શ્રી સ્થૂલિભદ્રસૂરિ જેવા શીલધારી હતા સંવેગીપણાના સર્વગુણોથી વિભૂષિત હતા. નિરંતર છઠ્ઠને પારણે છઠ્ઠ અને તેના પારણે પણ આયંબિલ એવા મોટા તપસ્વી અને સમર્થ વિદ્વાન ગીતાર્થ હતા...

આ. શ્રી સોમપ્રભસૂરિજીએ મારવાડમાં જેસલમેર વગેરે **શહેરોમાં** પાણીની તંગીને લીધે મુનિઓને વિહારની મનાઈ કરી હતી, પણ શ્રાવકોને ગુરુની ઝંખના: એ સ્થિતિમાં ત્યાં લોકાગચ્છના યતિઓ પહોંચી ગયા. તેઓએ ત્યાંના જૈનોને ભક્ત બનાવી જિનાલયોનાં દર્શન–પૂજન બંધ કરાવી મંદિરોએ તાળાં મરાવી દરવાજે કાંટા ભરાવ્યા...

આ.શ્રી આનંદવિમલસૂરિને આ ખબર મળતાં દુઃખ થયું×××તેમણે **પ્રથમ જ મહો. શ્રી વિદ્યાસાગરગણિને** વિહાર કરવાની આજ્ઞા આપી. મહો. તપસ્વી હતા જ. તેમને અઠ્ઠમના પારણે વિપક્ષના

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પ્રદેશમાં પ્રથમ વિહાર કર્યો હતો. તેમણે ત્યાંના જેસલમેર વગેરે પ્રદેશોમાં **ખરતરોને,**[૪] મેવાડદેશમાં **વિજામતી** વગેરેને તથા મોરબી વગેરે સ્થળોમાં **લુંકામતી** વગેરેને પ્રતિબોધ પમાડીને સમ્યક્ત્વ બીજ વાવ્યું થકું અનેક પ્રકારે વૃદ્ધિ પામેલું આજે પણ પ્રસિદ્ધ છે

તેમ જ પાર્શ્વચંદ્રે પોતાના મતથી વાસિત કરેલા વીરમગામમાં આ. શ્રી આણંદ-વિમલસૂરિજીએ વાદમાં પાર્શ્વચંદ્રને જ નિરુત્તર કરીને પુષ્કલ જૈનોને જૈનધર્મ પમાડ્યો હતો. એ પ્રમાણે માલવદેશમાં **ઉજ્જયિની** વગેરેમાં તેવા કુમતીઓને વાદમાં પરાભવિત કરી ઘણા જૈનોને જૈનધર્મ પમાડેલ. વિશેષ શું કહીએ ? સંવિગ્નતા વગેરે ગુણોવડે જેઓ-શ્રીની કીર્તિપતાકા આજે પણ સજ્જનોના વચનરૂપ પવનથી શાસનરૂપી પ્રાસાદના શિખરે અહિંથી તહીં ફરકતી ઉલ્લસી રહી છે.

ક્રિયોદ્ધાર કર્યા પછી આ. શ્રી આનંદવિમલસૂરિ, નિયતતપ છોડીને ૧૪ વર્ષ સુધી જઘન્યથી છઠ્ઠતપના અભિગ્રહધારી હતા, ત્યારબાદ ઉપવાસ તથા છઠ્ઠથી શ્રી વીસ સ્થાનકની

(અનુસંધાન પૃષ્ઠ ૧૪ નું ચાલુ)

શ્રાવકોએ આપેલી રાખ તેઓ પાણીમાં ઘોળી પીધી જઈ તે રાખના પારણા ઉપર બીજે અટ્ઠમ કર્યો ! આ ઘટનાની ખબર પડવાથી સૌ જૈનો મહોપાધ્યાયજી પાસે આવી તેમનાં ચરણોમાં ઝૂકી પડ્યા...

મહોપાધ્યાયજીએ આ રીતે કષ્ટ સહન કરી મોટી મારવાડનો 'મુનિવિહાર' ખુલ્લો કર્યો. જેસલ-મેરમાં ખરતર ગચ્છવાળા વગેરેને ઉપદેશ આપી શુદ્ધ જૈન ધર્મમાં સ્થાપ્યા હતા.

[આ ઉપરથી સારરૂપે એમ કહી શકાય કે-" આ બાબતમાં-શ્રી મો. દ. દેશાઈ એ-' ખરતરાદિ ઉત્સૂત્રભાષીઓને તેઓના મતમાં શાસ્ત્રાધારે ખોટા ઠરાવ્યાના ગુન્હા બદલ પોતાના ઐતિહાસિક પુસ્તકો અને લેખોમાં જેમ મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરને યેનકેન પ્રકારેણ-' ઉગ્રસ્વભાવી, કલેશકારી, કદાગ્રહી ' ઓળખાવીને પ્રવર્તવામાં ઇતિહાસકારિત્વ માનેલ છે, તેમ આ મહામહોપાધ્યાય વિદ્યાસાગરજી ગણિવરને પણ તેમણે ખરતરો વગેરેને જુઠા ઠરાવ્યાના ગુન્હા બદલ જ તેમની ઉપરોક્ત મહામુનિવરતાને પ્રસિદ્ધિ નહિ આપવામાં ઇતિહાસકારિત્વ માન્યું હોય."]

૪. આંબીના, વડીપોષાળના આ. ક્ષેમકીર્તિસૂરિજીના શિષ્ય **શ્રી નયપ્રભજી**એ સંભવતઃ વિ. સં. ૧૩૩૫માં રચેલા ' **ઉત્સૂત્રકંદકુદ્દાલ** ' ગ્રંથની મુખ્યતાએ અને પ્રાયઃ સં. ૧૫૭૧ થી ૭૩ સુધીમાં બની સંભવે છે. કારણ કે-તે સં. ૧૩૩૫માં રચાયેલ તે ગ્રંથના પહેલા વિશ્રામના ૨૦ મા શ્લોકની ટીકામાં ' પૂનમીયા, ખરતર, આંચલિક, આગમિક અને સાર્ધપૂનમીયા ' વગેરે ગચ્છોને નિહ્નવ બતાવ્યા છે જુઓ **જૈન પરંપરાનો ઇતિહાસ ' ભા. ૩ પૃ. ૭૧૩.**

શ્રી તપગચ્છમાં જ ચારિત્ર માનનારા તે ગ્રંથના કર્તા **નયપ્રભજી**, વિશ્રામ ૮ના શ્લોક ૧૩ થી ૧૬ની ટીકામાં એ વાત પણ સ્પષ્ટ લખે છે કે-' પ-શુદ્ધ ચારિત્ર તપગચ્છનાં આ. ક્ષેમકીર્તિસૂરિ વગેરેમાં વર્તે છે. ' જુઓ ' **જૈન પરંપરાનો ઇતિહાસ ' ભા. ૩. પૃ. ૭૧૨** : વળી તે ભા. ૩ના પૃષ્ઠ ૭૧૩ થી ૧૪ની ફુટનોટમાં-ઉક્ત ' ઉત્સુત્રકંદકુદ્દાલ ' ગ્રંથમાંની અન્ય અન્ય પણ ચાર મહત્ત્વની ઐતિહાસિક નોંધો આપેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આરાધના વગેરે ઉત્કૃષ્ટ તપ કરીને સં. ૧૫૯૬ના ચૈત્ર શુદિ ૭ના દિને અંતિમ ૯ દિવસના ઉપવાસપૂર્વકનું અણસણ કરી અમદાવાદ મુકામે સ્વર્ગે સીધાવેલ.

(વિ. સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ થયેલ– 'ઉપા. શ્રી ધર્મસાગરીય શ્રી તપગચ્છપટ્ટાવલી' સંજ્ઞક મુકાકાર પુસ્તકના પૃ. ૨૦૮–૯ ઉપરના વિશેષ લખાણમાંનો સંક્ષિપ્ત આનુષંગિક એક પ્રસંગ :–)

ખરતરોના મુનિઘાતક જુલમોનું માણિભદ્રદ્વારા નિવારણ

"સં. ૧૫૮૪માં ગુરુ મ. શ્રી હેમવિમલસૂરિજીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રી વિહાર કરતા કરતા માળવામાં પધારેલ અને (માસક્ષમણના અંતિમ દિવસે) ઉજ્જયિની નગરી પાસેની ક્ષિપ્રાનદીના 'ગન્ધર્વસ્મશાન' માં કાઉસગ્ગધ્યાને રહેલ; તે સમયે તે નગરીના– યતિવર્ગની શિથિલતા જોઈ સાધુસમાજ પરત્વે ઘૃણા ધરાવતો બની ગયેલ **માણેકચંદ** નામનો માતૃભકત શ્રેષ્ઠી, ધર્મનિષ્ઠ માતાની આજ્ઞાથી પારણાને દિવસે ગુરુ મ.ને બોલાવી લાવવા તે સ્મશાને ગયો. ત્યાં કાઉસગ્ગમાં ઉભેલા આ આચાર્ય મ.ની દાઢી પાસે ઘૃણાસ્પદ દૃષ્ટિએ તથા કુતુહલબુદ્ધિએ અગ્નિ સળગાવીને ધર્યો ! દાઢી સળગતાં મુખ દાઝયું તો પણ પરિષહસહનકારી શ્રી સૂરિજી મ.નું મુખારવિંદ રંચમાત્ર પણ ગ્લાનિ નહિ પામેલું જોઇને તે માણેકચંદ શેઠને પોતાના તે કૃત્યનો અત્યંત પશ્ચાત્તાપ થયો. જ્યારે સૂરિજી મ.ને તેના પર કરૂણાભાવ જ ઉપજ્યો ! આથી માણેકચંદ શેઠ વધુ શરમીંદ બન્યો. ગુરુ મ.ની એ ક્ષમાના પરિણામે તે ધર્મભ્રષ્ટ માણેકચંદ શેઠ ગુરુભકત બન્યો અને પોતાના તે અપરાધની ક્ષમા માગી.

તે શેઠ, વ્યાપારાર્થે **પાલી** રહેતો હતો. તેથી તેણે ગુરુમ.ને આગ્રહ કરી પાલી ચાતુર્માસ કરાવ્યું. ચાતુર્માસમાં શત્રુંજયમાહાત્મ્યનાં શ્રવણથી તેને થયેલ તીર્થયાત્રાની ઉત્કૃષ્ટ ભાવનાના યોગે ગિરિરાજનાં દર્શન ન થાય ત્યાં સુધી અન્ન–જળ નહિ લેવાની તત્કાલ પ્રતિજ્ઞા લઈ લેવાથી સંઘસહિત યાત્રા માટે પગપાળાં તુર્તજ પ્રયાણ કર્યું. ઉપવાસના સાતમા દિને **સિદ્ધપુર** પાસેનાં **મગરવાડાના** જંગલમાં ભીલ્લ લોકોએ સંઘ પર કરેલા હુમલામાં માણેકચંદ શેઠને પ્રાણઘાતક પ્રહાર થયો તે વેદનામાં શુભ ભાવપૂર્વક શત્રુંજયતીર્થના ધ્યાનમાં મૃત્યુ પામી તેઓ વ્યંતર નિકાયમાં માણિભદ્ર નામના દેવ થયા.

એ સમયે દિવસે દિવસે વધતા જતા ગચ્છમમત્વને[૫] લીધે ખરતર અને તપગચ્છના

૫. આ બીનાથી માનવું રહે છે કે–'આ.શ્રી આ.દેવિમલસૂરિજીની આચાર્યપદવી પહેલાં પણ વર્ષોથી ગચ્છોમાં પરસ્પર ગચ્છમમત્વ હતું; પરંતુ ઇતિહાસ જોતાં ૪૭મા પટ્ટધર આ.શ્રી સોમપ્રભસૂરિજીથી માંડીને ૫૫મા પટ્ટધર આ. શ્રી હેમવિમલસૂરિજી મ. સુધીના પટ્ટધરોએ નિજના ગચ્છમમત્વને સમાજશાંતિ અર્થે ગૌણપણે જાળવી રાખ્યું હતું.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુઓ વચ્ચે કદાગ્રહ[૬] વધી પડ્યો હતો, એક બીજા અન્ય ગચ્છીય સાધુઓનો યેન-કેનાપિ પરાભવ કરવામાં રક્ત[૭] રહેતા. ××× **ખરતરગચ્છીય સાધુઓએ ભૈરવને સાધીને તેના દ્વારા તપગચ્છીય લગભગ ૫૦૦ સાધુઓનો સંહાર[૮] કરાવ્યો.** આ નિર્દય સમાચાર સાંભળતાં આણંદવિમલસૂરિજીનું મન ખિન્ન થયું. તપગચ્છની સાર-સંભાળની ફરજ તરીકે તેઓશ્રીથી આવાં કૃત્યોની ઉપેક્ષા કરી શકાય તેમ ન હતું. એથી પોતે પોતાના પાલણપુર તરફના લંબાવેલા વિહારમાં આવતાં મગરવાડાના જંગલમાં વાસ કર્યો. ત્યાં રાત્રે ધ્યાનાવસ્થા સમયે પૂર્વોક્ત **માણિભદ્રદેવ** તેમની સમક્ષ પ્રગટ થયો અને આજ્ઞા ફરમાવવા જણાવ્યું. ગુરુમહારાજે ખરતરગચ્છીય યતિઓના જુલ્મોની વાત જણા-વીને તેવા સીતમોનું નિવારણ કરવાનું કહ્યું. માણિભદ્રે શાસનભક્તિને અંગે તે કથન સ્વીકાર્યું, પણ સાથોસાથ માગણી કરી કે-તપગચ્છના દેરાસરો તેમજ ઉપાશ્રયોમાં મારી મૂર્તિની સ્થાપના કરવામાં આવે. ગુરુએ તેનું વચન સ્વીકાર્યું. આ વાતની સાક્ષીરૂપે અત્યારે પણ કેટલાક સ્થળોએ માણિભદ્રની મૂર્તિની સ્થાપના જોવામાં આવે છે."

['તપગચ્છ પટ્ટાવલી' પૃ. ૨૦૮-૨૦૯]

(૫૭) શ્રી વિજયદાનસૂરિ અને (૫૮)મા પટ્ટધર વિજયહીરસૂરિજી થયા.

પછમા પટ્ટધર શ્રી વિજયદાનસૂરિજી મહારાજે ખંભાત-અમદાવાદ-પાટણ-મહેસાણા ગંધારબંદર વગેરે અનેક શહેરો આદિમાં મહામહોત્સવપૂર્વક અનેક સેંકડો પ્રમાણ શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી.

---

૬. આ બીનાથી માનવું રહે છે કે-'આ. શ્રી આનંદવિમલસૂરિજીએ, આચાર્ય બન્યા પછીથી પોતાના ગુરુની સંમતિપૂર્વક ગચ્છમમત્વના જળવાએલ ગૌણપણાને સત્યના આવરણરૂપે લેખીને જૈન સમાજમાં તપગચ્છના સત્યપણાનો સ્વ અને અન્ય ગચ્છીઓને સાક્ષાત્કાર કરાવવા કમર કસી હતી.'

૭. આ બીનાથી સ્પષ્ટ મનાય તેમ છે કે-આ. શ્રી આનંદવિમલસૂરિજીની આજ્ઞાથી શાસન-ધગશવાળા મહાતપસ્વી મહો. શ્રી વિદ્યાસાગરજીગણિએ સંભવતઃ સં. ૧૫૭૧ થી ૭૩ સુધીમાં પ્રાણાંત કષ્ટપ્રદ મરુભૂમિમાં વિચરીને જેસલમેર વગેરે પ્રદેશોમાં ખરતરાદિ નવા ગચ્છોના મુનિઓનો વાદમાં સર્વત્ર પરાભવ કર્યો હતો અને તેને અંગે ખરતર, વિજામતી, લુંકામતી વગેરે ગચ્છના મુનિઓ તપ-ગચ્છના મુનિઓનો યેનકેનાપિ પ્રકારેણ પરાભવ કરવામાં રક્ત હતા.

૮. ઉપા. શ્રી વિદ્યાસાગરજીગણિની સાથેના વાદમાં સર્વત્ર પરાભવિત થયા પછી ખરતરીય મુનિઓ, પોતાના ગચ્છની-'સ્ત્રીને પ્રભુપૂજનનો નિષેધ, વીરવિભુના ૬ કલ્યાણક' વગેરે અનેક વિપરીત ઠરેલી માન્યતાઓને તપગચ્છના કોઇપણ વિદ્વાન મુનિની કલમ શાસ્ત્રસિદ્ધ લેખાવી શકે તેમ ન હતું, તેને અંગે પ્રકટેલા અનંતાનુબંધી ક્રોધદાવાનલથી પ્રજ્વલીને સાધુના લેબાશમાં શયતાન બની ગયા હોવાનું સૂચક એવું આ ઘોર અપકૃત્ય ગણાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઓશ્રીનો ઉપદેશ પામીને સુલતાન મહંમદના માનીતા **મંત્રી ગલરાજ**, કે– જેમનું ઉપનામ 'મલિક શ્રીનગદલ' હતું. તેમણે કદિ નહિ સાંભળેલ એવી શ્રી શત્રુંજયતીર્થની છ મહિના કરમુક્તિ કરાવીને સર્વત્ર કંકોત્રી મોકલવા પૂર્વક એકઠા કરેલ અનેક દેશ–નગર અને ગામો આદિના સંઘો સહિત શ્રી શત્રુંજયની યાત્રા, ભરતચક્રીની જેમ મોતી વગેરેથી શત્રુંજયને વધાવીને કરેલ.

તેમ જ જેઓશ્રીના ઉપદેશ (ના અમલ)માં તત્પર એવા ગંધારણંદરના શા. રામજી તથા અમદાવાદના સં. કુંવરજી વગેરે શ્રાવકોએ શ્રી શત્રુંજય તીર્થ પર **ચૌમુખજી, અષ્ટાપદ** વગેરે જિનપ્રાસાદો અને દેરીઓ કરાવેલ તથા ગિરનારતીર્થે જીર્ણોદ્ધાર કરાવેલ. **સૂર્યના ઉદયે તારાની જેમ જેઓશ્રીના ઉદયે પ્રખર વાદીઓ પણ અદૃશ્ય થઇ જવા પામ્યા હતા.**

જેઓશ્રી સિદ્ધાંતના પારગામી, અખંડિત પ્રતાપમય અને અપ્રમત્તપણાવડે તેમ જ રૂપલક્ષ્મીવડે શ્રી ગૌતમસ્વામી સદૃશ હતાઃ ગુજરાત–માળવા–મારવાડ–કુંકુણ વગેરે સમસ્તદેશોમાં અપ્રતિબદ્ધવિહારી હતા. છઠ્ઠ–અઠ્ઠમ વગેરે તપશ્ચર્યા કરવા છતાં પણ 'ઘી' સિવાયની પાંચેય વિગઇના યાવજ્જીવ ત્યાગી હતા. મારી (પ્રસ્તુત ગ્રંથકાર ઉપા. શ્રી ધર્મસાગરજી[૯]) જેવા પણ શિષ્યોને શ્રુતજ્ઞાન વગેરેનું પ્રદાન કરવામાં કુબેર જેવા હતા. અગીઆર અંગની (અનેક સ્થાનની હસ્તલિખિત) પ્રતોની અનેકવાર શુદ્ધિ કરનાર હતા! વિશેષ શું કહીએ? તેઓશ્રી હિતોપદેશ વગેરે આપવા વડે તીર્થંકરની જેમ પરોપકારી હોવા તરીકે સર્વજન પ્રસિદ્ધ હતા.

તેઓશ્રીનો જન્મ સં. ૧૫૩૩, દીક્ષા સં. ૧૫૬૨, આચાર્યપદ સં. ૧૫૮૭ અને અનશન વગેરે વડે સમ્યગ્ આરાધનાપૂર્વક (ચાણસ્મા પાસે) વડાવલી મુકામે સં. ૧૬૨૨ માં સ્વર્ગવાસ થયો હતો.

તેઓશ્રીની પાટે ૫૮મા પટ્ટધર આ. શ્રી હીરવિજયસૂરિજી થયા. વર્તમાન (ઉપા. શ્રી ધર્મસાગરજી ગણિના) સમયે તપાગચ્છનો ઉદ્યોત કરવામાં સૂર્યસદૃશ હતા.

---

૯. તેઓશ્રીને સં. ૧૫૬૫ માં ૫૬ માં પટ્ટધર ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી આનંદવિમલસૂરિજીએ સ્વહસ્તે દીક્ષા આપી હતી. તેઓશ્રીના પ્રતિબોધક ગુરુમ.શ્રીનું પવિત્ર નામ **શ્રી જીવર્ષિગણિ** હતું. પ્ર.તિહાસ મુજબ આ પૂ. જીવર્ષિગણિ, જીવતી સુધી છ'એ વિગઈના ત્યાગી એવા પરમ તપસ્વી હતા. દીક્ષાદાતા પૂ. આનંદવિમલસૂરિજી મ. સં. ૧૫૬૬ ના ચૈત્ર શુદ ૭ ના સ્વર્ગવાસી થયા પહેલા દોઢ વર્ષમાં આ ઉપા. **શ્રી ધર્મસાગરજી મહારાજ**, પૂ. આનદવિમલસૂરિજી મ. આદિ વડીલ મુનિગણના શ્રીમુખે–"ખરતર મુનિઓએ પોતાના નૂતન મતને જૂઠો ઠરાવનારા તપગચ્છના સેંકડો મુનિઓને ભૈરવના હાથે હણાવી નાખવાના કરેલા જુલમનો વેગ મણિભદ્રવીરે શમાવ્યો તેમજ તેઓનો મહાતપસ્વી મહો. શ્રી વિદ્યાસાગરજી ગણિએ જેસલમેર આદિ અનેક સ્થળોમાં પરાભવ કર્યો." એ વગેરે **બીનાથી માહિતગાર બન્યા જ હોય.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓશ્રીનો જન્મ સં. ૧૫૮૩ પાલનપુર, દીક્ષા સં. ૧૫૯૬ કા. વ. ૨ પાટણ, પંડિતપદ સં. ૧૬૦૭ નાડોલ, વાચકપદ સં. ૧૬૦૮ નાડોલ, આચાર્યપદ સં. ૧૬૧૦ શિરોહી (અને સ્વર્ગવાસ સં. ૧૬૫૨ ભા. શુદ ૧૧ ઊના).

તેઓશ્રીના સૌભાગ્ય-વૈરાગ્ય અને નિઃસ્પૃહતાદિ ગુણોમાંના એક પણ ગુણનું વર્ણન કરવા બૃહસ્પતિ પણ ચતુર નથી. તેઓશ્રી ખંભાત હતા ત્યારે ત્યાંના શ્રદ્ધાળુ શ્રાવકોએ એક ક્રોડ ટંકનો પ્રભાવનાદિમાં સદ્વ્યય કર્યો હતો. તેઓશ્રીના પગલાં કરાવવામાં ભક્તજનો તરફથી પ્રતિપગલે સુવર્ણટંક કે રૂપાનાણું મૂકવામાં આવતું અને તેઓશ્રીની આગળ મોતી વગેરેનો સ્વસ્તિક કરીને પ્રાયઃ તેના ઉપર પણ રૂપાનાણું મૂકવામાં આવતું હતું, જે સંપ્રતિ પણ પ્રત્યક્ષસિદ્ધ છે.

તેઓશ્રીએ શિરોહીમાં શ્રી કુંથુનાથ ભગવાનની અને નાડલાઈમાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરવા ઉપરાંત ખંભાત-અમદાવાદ-પાટણ વગેરે નગરોમાં લાખો ટંકના વ્યયે અનેક પ્રતિષ્ઠાઓ વડે હજારો જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી અને જેઓશ્રીના વિહાર વગેરેમાં યુગપ્રધાનની જેવા અતિશયો પ્રત્યક્ષસિદ્ધ જ હતા.

અમદાવાદમાં લુંકામતના નાયક મેઘજી ઋષિએ પોતાના મતનું આધિપત્ય, દુર્ગતિનું કારણ છે એમ સમજીને અકબર બાદશાહના વાજીંત્રોના નાદ સાથે તે બાદશાહની આજ્ઞાપૂર્વક મહામહોત્સવથી પોતાના ૨૫ મુનિઓ સ.થે (તપગચ્છની) દીક્ષા લઈને તેઓશ્રીની ચરણસેવા સ્વીકારી હતી! આવું શાસનપ્રભાવક કાર્ય પૂર્વે કોઈપણ આચાર્યનું સાંભળેલ નથી.

સમસ્ત સંવેગી સાધુઓના મુગટસમાન એવા આ આચાર્યશ્રીના ઉપદેશથી-હજારો હાથી, લાખો અશ્વો અને ગૂર્જર-માળવા-બિહાર-અયોધ્યા-પ્રયાગ-ફત્તેહપુર-દિલ્હી-લાહોર-મુલતાન-કાબૂલ-અજમેર તથા બંગાળ આદિ ૧૨ દેશોના ૧૨ સુબાઓના પણ સ્વામી (એવા) અકબર બાદશાહે પોતાના સમગ્ર દેશોમાં (ઉપા શ્રી શાંતિચંદ્રજીએ અકબર બાદશાહ પાસેથી પ્રાપ્ત કરીને તેઓશ્રીને ચરણે ધરેલ અમારીના પાંચ મહિના અને ૧૮ દિવસ મળીને) છ મહિના અમારી પ્રવર્તાવી, જીજીયાવેરો માફ કરી વિશ્વભરમાં પ્રભુશાસનનો પ્રભાવ વિસ્તાર્યો હતો!

એ અંગે સંક્ષેપથી ઇતિહાસ આ પ્રમાણે:-એક વખતે પોતાના પ્રધાનોના મુખથી આ પૂ. આચાર્યશ્રીના શમદમાદિ અદ્ભુતગુણો સાંભળી ચમત્કાર પામેલા અકબરે તેઓશ્રીનાં દર્શન કરવા ફરમાન મોકલીને ગંધારબંદરથી તેઓશ્રીને આગરા નજીકના ફતેપુર શહેરમાં મહોત્સવ પૂર્વક બોલાવ્યા. આથી [તે સં. ૧૬૩૮ના સમયે કેટલાક તપાગચ્છીય મુનિઓએ, પ્રચ્છન્નતયા ખરતરગચ્છીય મુનિઓનો સંપર્ક સાધીને વધારેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરતરગચ્છીયેાના તેજમાં અંજાએલા-'પાર્શ્વચંદ્ર, આંચલિક, લુંપક, કડવામતી, વિજ્ઞમતી' વગેરે ગચ્છીયેાએ પણ ખરતરગચ્છીયેાની હુંફે શ્રી તપાગચ્છ સામે જગાવેલ ભારી કલેશ, ગુજરાત આદિ પ્રદેશેામાં પ્રવર્તમાન હેાઇ તેના નિવારણ માટે ઉક્ત પ્રદેશેામાં પ્રતીકાર કરવા સારૂ પૂ. આચાર્યશ્રીની હાજરી ખૂબ જ આવશ્યક હતી. છતાં નિરુપાયે] પૂ. આ. મ. શ્રીએ (થેાડા મુનિવરેા સાથે તે તરફ કરવા પડેલા) વિહારમાં અનેક ભવ્યાત્માઓરૂપી ક્ષેત્રમાં સમકિતબીજનું વપન કરતા સં ૧૬૩૯ના જેઠ વદિ તેરસે તેઓશ્રી ફતેપુર પધાર્યા, અને તે જ દિવસે **પૂ. ઉપા. શ્રી વિમલહર્ષગણિ** આદિથી પરિવરેલા તેઓશ્રી, **મંત્રી અબુલ ફજલ શેખ** દ્વારા બાદશાહને મળ્યા....

અકબરે સુખશાતા પૂછી- સભામંડપમાં બેસાડી પરમેશ્વરનું અને ધર્મનું સ્વરૂપ પૂછવા સાથે પરમાત્મપદની પ્રાપ્તિનેા ઉપાય વગેરે પૂછતાં પૂ આચાર્યશ્રીએ, તે દરેકનું સ્વરૂપ અને ઉપાય અમૃતમયવાણીથી સમજાવવા પૂર્વક એવેા ધર્મબેાધ કર્યેા કે-શીકાર સંબંધીની કુશળતા બતાવવા સારૂ આગ્રાથી અજમેર સુધીમાં એકેક ગાઉને આંતરે બાંધેલ 'વાવ'ના મીનારા દીઠ પેાતે હણેલા સેંકડેા હરણેાનાં શીંગડાં લટકાવવા તરીકેની હિંસાદિ પાપક્રિયાની આસક્તિવાળેા-તે બાદશાહ, દયાવંત-દાનપરાયણ અને સાધુજનની સંગતિવાળેા બન્યેા !...

અત્યંત સંતેાષ પામેલા બાદશાહે નિર્ગ્રંથમુનિને છાજતું દાન આપવાનું વિચારીને 'અમારી પાસે જૈનસિદ્ધાંતના પ્રાચીન પુસ્તકેા છે, તે સ્વીકારવાની મહેરબાની કરેા.' એમ વારંવાર આગ્રહ કરવાથી પૂ. આચાર્યશ્રીએ તે પુસ્તકેા સ્વીકારી આગ્રાના જ્ઞાનભંડારમાં મૂકયા. ત્યાં એક પહેારથી વધુ સમય ધર્મચર્ચા કરીને આચાર્યશ્રી મહેાત્સવપૂર્વક ઉપાશ્રયે પધાર્યા. સર્વત્ર જૈનશાસનની અતિશય ઉજ્વળ ઉન્નતિ થવા પામી !....

ત્યાંથી ભારીબહુમાનપૂર્વક તે સં. ૧૬૩૯નું ચાતુર્માસ આગ્રા કર્યું-બાદ વિહાર કરી યાત્રાર્થે આવેલા આચાર્યશ્રીએ **શૌરીપુર**માં શ્રીઋષભજિન અને નેમિનાથભગવંતની પ્રાચીન મેાટી પ્રતિમાઓની તથા તે સમયે બનાવાયેલ શ્રી નેમિજિનની પાદુકાની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી પુનઃ આગ્રા પધારી ત્યાંના શા. માનસિંહ કલ્યાણમલ્લે ભરાવેલ **શ્રી ચિંતામણી-પાર્શ્વનાથ** વગેરે બિંબેાની સેંકડેા સુવર્ણટંકના સદ્દ્રવ્યપમય મહેાત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી.

બાદ બાદશાહને ફતેપુર પુનઃ મળ્યા. તે સમયે એકપહેાર ધર્મગેાષ્ઠી કરી. તેનાથી પ્રસન્ન થએલ બાદશાહે-'પસંદ પડે તે પ્રકારનું આતિથ્ય સ્વીકારેા. કે-જેથી અમે કૃતકૃત્ય થઇએ.' એમ માનભેર જણાવતાં પૂ. આચાર્યશ્રીએ 'પર્યુષણના આઠ દિવસ સમસ્ત દેશમાં અમારી પળાવવાનું અને કેદીઓને મુક્ત કરવાનું' કહ્યું ! તેઓશ્રીના આ કેાટિના નિઃસ્પૃહ અને સરલ સ્વાભાવ આદિથી ચમત્કૃત થએલા બાદશાહે 'અમારા તરફથી તેમાં ચાર દિવસ વધારે થાઓ.' એમ કહીને પેાતાના આધીન સમગ્ર દેશેામાં શ્રા વ.૧૦થીભા.શુ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬ સુધીના ૧૨ દિવસ અમારી પાળવાનું જણાવનારા પોતાની મુદ્રાવાળા છ ફરમાનો આચાર્ય-શ્રીને શીઘ્રતયા સુપરત કર્યા, બંદીખાનેથી લોકોને છુટા કર્યા અને એ ઉપરાંત અનેક ગાઉના વિસ્તારવાળા 'ડાબર' નામના સરોવરે જઈ ત્યાં રહેલા અનેક દેશાવરોના લોકો તરફથી ભેટ આવેલા જુદી જુદી જાતના પક્ષીઓનો સાધુઓ સમક્ષ છૂટકારો કર્યો. ×××

પૂ. આચાર્યશ્રીએ પહેલું (સં. ૧૬૩૯નું) ચાતુર્માસ **આગરા**, બીજું **ફત્તેપુર**, ત્રીજું **અભિરામાબાદ** અને ચોથું (૧૬૪૨નું) ચોમાસું પુન. **આગરા** એમ તે દેશમાં ચાર ચોમાસા કરીને-ગૂર્જરદેશમાં રહેલા શ્રી વિજયસેનસૂરિજી આદિ શ્રી સંઘના આગ્રહથી બાદશાહ પાસે ફરમાનાદિ કાર્ય કરાવવામાં તત્પર શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાયને મૂકીને મેડતા વગેરે શહેરોના માર્ગે વિહાર કરતાં (સં ૧૬૪૩નું) ચાતુર્માસ **નાગપુર** કર્યું. ત્યાંથી તેઓશ્રી (સં. ૧૬૪૪માં) શિરોહી પધાર્યા. ત્યાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરી યાત્રાર્થે આબુતીર્થે પધાર્યા. ત્યાં શિરોહીના મહારાજા સુલતાનજીએ, 'લોકોનો કર લઈશ નહિ અને હિંસા બંધ કરીશ' એમ કબુલાત પાઠવીને મોકલેલા પ્રધાન પુરુષો દ્વારા કરાવેલી શિરોહી ચાતુર્માસની વિનતિને માન આપીને તે સં. ૧૬૪૪નું ચાતુર્માસ **શિરોહી** કરી પૂજ્યશ્રી (સં. ૧૬૪૫માં) પાટણ પધાર્યા...

આ બાજુ (સં. ૧૬૪૩માં) બાદશાહ પાસે રાખેલા પૂ. ઉપા. શ્રી શાંતિચંદ્રજીએ પોતે રચેલા **કૃપારસકોશ** ગ્રંથના ઉપદેશરૂપ જલથી-બાદશાહના દિલમાં ગુરુ મહારાજે રોપેલી-કૃપારૂપ વેલડીને અતિપલ્લવિત કરી! પરિણામે બાદશાહ પાસેથી-ગુરુ મહારાજે પ્રાપ્ત કરેલા ૧૨ દિવસના અમારીના ફરમાન ઉપરાંત તેઓએ પાંચ માસ અને ૧૮ દિવસની અમારીના વધુ ફરમાનો પ્રાપ્ત કરેલ. એ રમાનો મળીને કુલ ૬ માસ સુધી અમારી પલાવવાના ફરમાનો તેમજ જીજીયાવેરો માફ કરાવવાનાં-ફરમાનો પ્રાપ્ત કરીને પૂ. આચાર્ય મ શ્રીને તેઓએ પાલણપુર મુકામે ભેટણા તરીકે મોકલાવ્યા....

દિલ્હીદેશમાં બાદશાહનું બહુમાન પામેલા સૂરિજીના ઉપદેશશ્રવણથી તેમજ દર્શનથી (ગૂર્જરદેશના) મ્લેચ્છ વગેરે જાતિના લોકોએ મદ્ય-માંસ તથા જીવહિંસાનો ત્યાગ કરીને શુદ્ધ માર્ગનું અવલંબન લીધું, શાસનના શત્રુઓ હતા તેઓ પણ ભક્તિભાવી બન્યા અને ***અન્યપક્ષીય લોકો પણ આચાર્યશ્રીના ગુણાનુરાગી બન્યા...**

[*અન્યપક્ષીય લોકો એટલે તપગચ્છના-ખરતર, પૂનમીયા, આંચલિયા, સાર્ધ-પૂનમીયા, આગમીયા વગેરે-પ્રતિપક્ષીયમતીઓના લોકો: **આ લોકો અંગેનો** ('જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૩ના પૃષ્ઠ ૭૦૪થી૭૧૨ના પેરા ૩ સુધીના સંક્ષિપ્ત લખાણના સાર તરીકે) **સંક્ષિપ્ત ઇતિહાસ આ છે કે**-"તપગચ્છનાયક આ. શ્રી વિજયદાન-સૂરિજી તથા આ. શ્રી વિજયહીરસૂરિજી પ્રતિ બહુમાન ધરાવનારા પ્રકાંડવિદ્વાન્-સમર્થવાદી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને પ્રૌઢ ગ્રંથકાર એવા સમકાલીન વિદ્વદ્વર્ય મહો. શ્રી ધર્મસાગરજી મ. નામના (તે બંને સૂરિવરોના આત્મસખા અને તવગચ્છપ્રાણ એવા) શિષ્યપ્રવરે સં. ૧૬૧૬ માં ગુરુ આજ્ઞાથી બીજા ગચ્છોની સામાચારી તપાસી. તેમાં તેમને ખરતર વગેરે પક્ષો ઉત્સૂત્રભાષી જણાયા.

એ પછી તે સં. ૧૬૧૬નું ચાતુર્માસ **મેડતાનગરે** કરી સં. ૧૬૧૭માં તેઓશ્રી ચિત્તોડ પધાર્યા. ત્યાં ખરતરના ઉપાધ્યાય ધનરાજ, તેઓશ્રી જોડેની નક્કી થએલી ચર્ચા અન્યત્ર કરવાને બહાને તેઓશ્રીના સકજામાંથી છૂટીને પાટણ ચાતુર્માસસ્થિત ખરતર-ગચ્છના શ્રી જિનચંદ્રસૂરિનો આશ્રય લીધો! આથી તેનો પીછો પકડીને મહો. શ્રી ધર્મ-સાગરજીએ પણ તે સં. ૧૬૧૭નું ચાતુર્માસ તેઓની સામે **પાટણ** કર્યું! પરિણામે તેઓશ્રીની સાથે ચર્ચા કરવાની ફરજમાં મૂકાયેલ **તે ઉપા. ધનરાજે પાટણસ્થિત ૮૪ ગચ્છોના યતિઓને જેસલમેરી કામળ આપવાનું પ્રલોભન આપીને પોતાના પક્ષે રહેવાની કબૂલાતમાં લીધા...**

આ બાજુ તેઓ સાથે ચર્ચામાં ઉપયોગી થઈ પડે તેવા ગ્રંથની શોધ કરતાં મહો. શ્રી ધર્મસાગરજી મ.ને ત્યાંની **વડીપોષાળના ભંડારમાંથી** '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' **નામનો પ્રાચીન હસ્તલિખિત સટીક ગ્રંથ મળી આવ્યો કે-જે ગ્રંથ,** ('**જૈન ગૂર્જર કવિઓ**' ભા. ૨ પૃ. ૭૩૪ ઉપરના ઉલ્લેખાનુસાર) **વડીપોષાળના ૪૪મા પટ્ટધર આ. શ્રી ક્ષેમકીર્તિસૂરિજીના સમર્થ વિદ્વાન શિષ્ય નયપ્રભજીએ** (પ્રાય; સં. ૧૩૩૫માં) **રચેલ હતો.** તે ૨૮૦ વર્ષના પ્રાચીન ગ્રંથની મુખ્યતાએ મહો. શ્રી ધર્મ-સાગરજી (કે-જેઓ '**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા. ૩ના પૃ. ૭૧૨ના ઉલ્લેખ મુજબ-શ્રી દાનસૂરિ, હીરસૂરિ અને સેનસૂરિજીને પૂરા વફાદાર હતા અને તે ત્રણેય ગચ્છ-નાયકો પણ તેમની વિદ્વત્તાથી પ્રભાવિત હતા) એ તત્રસ્થિત ખરતરીય આ. શ્રી જિનચંદ્ર-સૂરિ અને ઉપા. ધનરાજ જોડે જાહેર સભામાં વાદ યોજીને તેમની સામાચારી ખોટી ઠરાવવાપૂર્વક તેઓનો ભારી પરાભવ કર્યો હતો. (અને તે વિજયની યાદી સ્વરૂપે તેઓ-શ્રીએ તે જ વર્ષે ત્યાં '**ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા**' ગ્રંથની ભવ્ય રચના કરી હતી)...

આથી રોષે ભરાયેલા પાટણના ખરતરોએ તે મહો. શ્રી ધર્મસાગરજીના પૂર્વોક્ત વિજયને પરાજય તરીકે લેખાવવાના હેતુથી-તે વર્ષે ખંભાત ચાતુર્માસસ્થિત મહો. ધર્મસાગરજીના ગુરુ આ. શ્રી વિજયદાનસૂરિજી તથા શ્રી વિજયહીરસૂરિજીને ફસાવવાની યુક્તિવાળો એક લેટીપત્ર ખંભાતના ખરતરીય શ્રાવકો ઉપર તરત જ લખી મોકલાવ્યો.

આ વાતની ખબર પડતાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજીએ પણ પોતાના તે બંને ભદ્ર પરિણામી ગુરુ પ્રવરોને ખરતરોના જાહેરસભામાં ઉપર જણાવેલા પ્રાચીન '**ઉત્સૂત્ર-કંદકુદ્દાલ**' ગ્રંથ પ્રમુખ ૨૧ ગ્રંથોના પાઠોથી પરાભવ થયો હોવાનું-પત્રદ્વારા (તે પાઠો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ખંભાત મોકલી આપવાપૂર્વક) જણાવીને પાટણમાં બનેલી સત્ય હકીકતથી સવેળા વાકેફ કરી દીધા:....

પરિણામે ખંભાતના બરતરીય શ્રાવકોએ, પાટણના પત્રાનુસાર તત્રસ્થિત તપગચ્છના નાયક સૂરિપ્રવરોને ભેળવીને તેઓશ્રીના શ્રીમુખે **'અભયદેવસૂરિ બરતરોમાં થયાનો પ્રઘોષ છે'** એમ બોલાવેલ વચનને તેઓશ્રીના જ હાથે લખાવી લેવાની રચેલ કૂટબાજી નિષ્ફળ થવા પામી! અર્થાત્ મહોપાધ્યાયજીના તે પત્રથી તે બંને ગુરુપ્રવરો, બરતરના તે પ્રપંચનો ભોગ બનતા અટકી ગયા! અને વધુમાં તેઓશ્રીએ-**'અહીં બરતરને અમે કાંઈ પણ લખી આપ્યું નથી'** એમ પણ પાટણ મુકામે મહો. શ્રી ધર્મસાગરજીને તુરત જ જણાવી દીધું!....

એ રીતે મહો. શ્રી ધર્મસાગરજીના વિજયને પરાભવમાં બદલાવવા સારૂ રચેલ પ્રપંચમાં બરતરો, ખંભાતમાં પણ ખુલ્લા પડી જવા પામ્યા! તે પછીથી તો ઉપા. શ્રી ધર્મસાગરજીએ, તે જ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામના પ્રાચીન ગ્રંથના આધારે પૂનમીયા, આંચલિયા, બરતર, સાર્ધપૂનમીયા અને આગમીયાને સર્વત્ર નિહ્નવ જેવા ઠરાવવા પૂર્વક **તપગચ્છને શુદ્ધ પારંપરિક ગચ્છ તરીકે સાબિત કરવા માંડવાથી** તે તે અન્ય-પક્ષીઓએ સમાજમાંનું પોતાનું શરમીંદપણું આવરવા સારૂ સર્વત્ર એકબીજાના સૂરમાં સૂર પૂરવાપૂર્વક પોતપોતાને સાચા લેખાવવા માંડીને તપાગચ્છીઓ સામે સર્વત્ર વિરોધ જગાવેલ: તેમાં પણ ગૂર્જરદેશમાં તો વિશેષે વિરોધનો વંટોળ જગાવેલ:

આ વિરોધને બાળવાના શ્રી તપગચ્છના પૂ. ગચ્છાધિપતિ આદિ તરફથી ચાલી રહેલા સજ્જડ પ્રયત્નોમય વાતાવરણમાં જ બાદશાહની વિનતિ આવતાં પૂ. આચાર્યશ્રીને તપગચ્છના સંરક્ષણનું કાર્ય, મહો. શ્રી ધર્મસાગરજી તથા પૂ આ. શ્રી સેનસૂરિજી મ. આદિને ભળાવીને સં. ૧૬૩૮માં દિલ્હીદેશમાં વિહાર કરવો પડેલ: ત્યાં સતત ચાર વર્ષ કરેલ વિહારમાં પણ આ મહાપ્રતાપી આચાર્યોને બાદશાહ તરફનું અભૂતપૂર્વ સન્માન પ્રાપ્ત કરીને સં. ૧૬૪૫માં ગુર્જરદેશમાં પધારેલા જોયા એટલે તો તે અન્યગચ્છના વિરોધી લોકો પણ આ પૂ. આચાર્યશ્રીના ગુણાનુરાગી બન્યા હતા.]

(સં. ૧૬૪૫ના) પાટણના ચાતુર્માસ બાદ સં.૧૬૪૬માં ખંભાતતીર્થે શા. તેજપાળે હજારો રૂપીઆના સદ્દ્રવ્યે કરેલા મહોત્સવપૂર્વક ઉત્તમ પ્રભુપ્રતિષ્ઠા કરીને પ્રભુશાસનની પ્રભાવના કરનારા આ આચાર્યશ્રી વિજયહીરસૂરિ વિજયવંત વર્તે છે."

સંપાદકની આ ચારેય વાતો કલ્પિત છે.

"સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ થએલ પ્રસ્તુત મહો. શ્રી ધર્મસાગરજી વિરચિત 'સ્વોપજ્ઞ તપગચ્છપટ્ટાવલી' સાનુવાદ, બૂકાકાર પુસ્તકના પૃ.૧૮ ઉપર સંપાદકશ્રીએ, આ ગ્રંથરચનાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપયોગમાં લીધેલા ૩૪ પુસ્તકોની યાદી આપી છે, તેમાંથી આ ગ્રંથના પૃ. ૨૨૩ ઉપરના **શ્રી વિજયદાનસૂરિજી** શીર્ષક તળેના બીજા પેરામાં જે–"તેમણે મહત્ત્વનું કામ એ કર્યું કે– (૧) એક બીજા ગચ્છો વચ્ચે વૈમનસ્ય દૂર કરવા ભગીરથ પ્રયત્નો કર્યા અને સૌ કોઈની શાંતિ જળવાઇ રહે તેટલા માટે (૨) સ્વશિષ્ય ઉપાધ્યાયશ્રી ધર્મસાગર રચિત 'કુમતિકુદ્દાલ' જેવા ગ્રંથને જલશરણ કરાવ્યો. તેમજ (૩) 'સાત બોલ'ની આજ્ઞા કાઢી. એક બીજા મતવાળાને પરસ્પર અથડામણમાં ઉતરતાં કે વાદવિવાદ કરતાં અટકાવ્યા. અને (૪) 'જેમ ચાલે છે તેમ ચાલવા' દેવા માટેની જાહેરાત કરી." એ પ્રમાણે લખ્યું છે, તે કોઇ પ્રામાણિક ગ્રંથના આધારે લખ્યું હોવાનું માનવા કોઇજ પ્રમાણિક ઇતિહાસ કહેતો નથી.

બલકે–(તે પછીના પટ્ટધર **પૂ.આ. શ્રી વિજયદાનસૂરિજીમહારાજે** તો=પોતાના ગુરુ આ.શ્રી આનંદવિમલસૂરિજીએ કુમતિઓનો પ્રચાર રોકવા મહો.શ્રી વિદ્યાસાગરજી ગણીને મરુભૂમિમાં વિહાર કરાવીને ખરતર–કડવામતી– વીજામતી અને લુંકામતી આદિનો પરાભવ કરાવીને અને પોતે જાતે પણ વીરમગામમાં પાર્શ્વચંદ્ર ખુદને તથા માલવદેશમાં ઉત્સૂત્રભાષીઓને વાદમાં પરાજિત કરીને જે સમકિત બીજનું વાવેતર કર્યું હતું તે) **'વાવેલા બીજને સિંચન કર્યું હતું'** એમ પ્રસ્તુત બીજા પેરાની પહેલી પંક્તિમાં તે સંપાદકશ્રીએ જ કહ્યું છે!

મૂલગ્રંથકાર મહો. શ્રી ધર્મસાગરજીએ તો ટીકામાં–'સૂર્યસ્યેવ યસ્યોદયે તારકા ઇવોત્કટવાદિનોઽદશ્યતાં પ્રાપુઃ' એ પંક્તિ વડે તેઓશ્રીને વાદકમાં પ્રખરવાદીઓને પરાભવિત કરનાર સમર્થવાદી તરીકે બીરૂદાવ્યા છે! મહોપાધ્યાયજીની તે પંક્તિ પ્રતિ પણ આંખમીંચાણાં કરીને ચાલનારા એ સંપાદકશ્રીની ઉપર્યુક્ત '૧–તેઓશ્રી એકબીજા ગચ્છો વચ્ચે વૈમનસ્ય દૂર કરવા જ પ્રયત્નશીલ હતા, ૨–ઉપા શ્રી ધર્મસાગરજીએ જે ગ્રંથ રચેલ જ નથી તે 'કુમતિકુદ્દાલ' ગ્રંથને જલશરણ કરાવનાર હતા, ૩–(તેઓશ્રીના શિષ્ય શ્રી હીરસૂરિજી અને તેમના પણ શિષ્ય શ્રી વિજયસેનસૂરિજીએ પણ જે વાત કોઇપણ સ્થળે જણાવેલ નથી તેવી) તેઓશ્રી સાત બોલની આજ્ઞા કાઢનાર અને ૪–'જેમ ચાલે છે તેમ ચાલવા દેવા'ની (શાસનથી નિરપેક્ષજનને છાજતી) જાહેરાત કરનાર હતા' એ ચારેય વાતોને સત્ય ઇતિહાસ તરીકે કયો ઇતિહાસજ્ઞ સહી શકે?

પહેલા પટ્ટધર આ. શ્રી વિજયસેનસૂરિજી અંગે પૂર્વપીઠિકા

આ આચાર્ય મ. શ્રીની આચાર્યપદવીનો પ્રસંગ જ આ 'ધર્મસાગરીય તપગચ્છ-પટ્ટાવલી'નું નિમિત્ત ગણી શકાય. તત્કાલીન ઇતિહાસના તાત્પર્યરૂપે પ્રાસંગિક એ નિમિત્ત આ મુજબ છે કે–'પૂ. હીરસૂરિજીના ગુરુ પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજના આ મહાપ્રભાવક શિષ્ય જયવિમલ (આ. શ્રી વિજયસેનસૂરિજી)ને (તેઓશ્રીના ગુરુપ્રવર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી વિજયદાનસૂરિજી મ. ના સ્વર્ગવાસ બાદ) પૂ. આ.શ્રી વિજયહીરસૂરિજીએ પોતાના મોટા અને સમર્થ વિદ્વાન શિષ્યો કરતાં પણ સમર્થ વિદ્વાન અને શાસનપ્રભાવક જાણીને સં. ૧૬૨૮માં આચાર્યપદ પ્રદાન કર્યું હતું.!

આથી પૂ. હીરગુરુજીના સમર્થવિદ્વાન અને વડિલશિષ્યોમાં પૂ મહો. શ્રી સોમ વિ. મ, પૂ મહો. શ્રી કીર્તિવિજયજી મ. વગેરે કેટલાક શિષ્યોને ગુરુજીના તે પગલામાં પોતાની માનહાનિ ભાસવાથી તેઓશ્રીએ, પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજીની જગોએ પોતાના ભિન્ન આચાર્ય સ્થાપવાનું આપસમાં વિચારીને તે એંગેની હીલચાલ પણ ગુરુજીથી પ્રચ્છન્નપણે શરૂ કરી દીધેલ!...

તત્કાલીન ભિન્નભિન્ન પ્રસંગોના તાત્પર્યરૂપે માનવું ફલિત થાય છે કે-પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજીના મહાન પુણ્યબલયોગે તેઓશ્રીની ઉક્ત હીલચાલ સંબંધી ગુપ્ત ગુફ્તેગો પ્રસ્તુત '**તપગચ્છપટ્ટાવલી**' ગ્રંથના રચયિતા **મહો. શ્રી ધર્મસાગરજીની** જાણમાં યેનકેનાપિ પ્રકારેણ આવી જવા પામી! ગુરુજીના આજીવન વફાદાર એવા તેઓશ્રીને પોતાના તે સ્વમાની ગુરુભાઇઓની સમુદાય પ્રતિની તે બેવફાદારીમાં પૂ હીરગુરુનું અપમાન અને ગુરુજીની પાટપરંપરાની ભાવિ છિન્નભિન્નતા ભાસતાં એ વસ્તુ પોતાને અસહ્ય બની જવા પામી....

એ અસહ્યવસ્તુને ભવિષ્યમાં સહ્ય માનીને પ્રવર્ત્તવાની દુઃસ્થિતિમાં પૂ. ગુરુજીના સમુદાયને મૂકવું ન પડે, એ સદાશયથી તે વસ્તુના નિવારણાર્થે 'પાણી પહેલા પાળ બાંધવા' ની જેમ તેઓશ્રીએ, તપગચ્છના સમસ્ત મુનિવરોને માન્ય રહે એ પ્રકારની યુક્તિથી ભરપુર એવી શ્રી સુધર્માસ્વામીની પાટથી '**પટ્ટાવલી**' ગ્રંથની રચના શરૂ કરી અને તેમાં શુદ્ધ પરંપરાગત પાટને બાધક હોય તેવી પૂર્વની પટ્ટાવલીઓમાંની સંદિગ્ધતાને દૂર કરવાનું ભવિષ્યમાં બાધક નીવડવા સંભવિત એવા વિરોધોને રૂંધવાનું અને અંતિમ પટ્ટધર એંગેના તત્કાલીન ધરગતુ ગુપ્ત વિરોધને નાકામિયાબ બનાવવાનું ખાસ લક્ષ્ય રાખ્યું.

વિશેષમાં-પૂ. હીરગુરુજીના સમુદાયના ભાવિહીતવાળા ઉપરોક્ત લક્ષ્યને વિપરીત હીલચાલવાળા તે પૂ૦ મહો૦ શ્રી સોમવિ. આદિ મુનિરાજો, પૂ. હીરગુરુજીની ગેરહયાતિમાં પણ તેઓશ્રીએ સ્થાપેલા પટ્ટધરશ્રીને નિહ્નવી ન શકે-એ દીર્ઘદૃષ્ટિથી પૂ. મહોપાધ્યાયજીએ, ઉક્ત સ્વરચિત સ્વોપજ્ઞપટ્ટાવલીની રચના પૂર્ણ કર્યા બાદ પૂ હીરસૂરિજી દ્વારા તે પટ્ટાવલીને સુધર્માગચ્છથી માંડીને વડીપોષાળ તપગચ્છના પણ સમાવેશવાળું '**તપગચ્છ પટ્ટાવલી**' નામ સર્વાનુમતે અપાવીને અને ત્યારબાદ તે પટ્ટાવલીને-**સંશોધનના બહાને** ચાર ઉપા૦ મહારાજોને તપાસવા અપાવીને તે પટ્ટાવલીને અંતે પોતાના ભિન્ન આચાર્ય સ્થાપવાની હીલચાલવાળા પૂ. મહો. શ્રી સોમવિ. મ. વગેરેનું પણ **મત્તું કરાવી લીધું**!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૯ મા પટ્ટધર આ. શ્રી વિજયસેનસૂરિજી.

પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજીમ. ના ગુરુ પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજીએ સં. ૧૬૧૩ના જેઠ શુદિ ૧૧ના દિને સુરત મુકામે નારદીપુર (મેવાડના ઓસવાલ કુટુંબ) ના નવ વર્ષના બાલક જેસીંગ (જયસિંહ) ને પોતાના શિષ્ય તરીકે દીક્ષા આપી તેનું પુણ્યનામ 'મુનિ જયવિમલ' સ્થાપેલ. આ બાલમુનિ, પૂ. ગુરુમ.ની કૃપા પામીને બાલ્યાવસ્થામાં જ વ્યાકરણ–કાવ્ય–કોષ–ન્યાય વગેરેનો અભ્યાસ કરી શ્રી સકલ જૈનાગમગ્રંથોનું સુંદર જ્ઞાન પ્રાપ્ત કરવા વડભાગી બન્યા હતા.

ઇતિહાસ મુજબ–તેઓશ્રીના ગુરુશ્રી વિજયદાનસૂરિજી મ સં. ૧૬૨૨ના વૈશાખશુદિ પંચમીના દિને પાટણ પાસેના **વડાવલી** ગામે સ્વર્ગવાસ પામ્યા બાદ તે વિદ્વાન્ બાલમુનિ શ્રી જયવિમલ, પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજીમ ની નિશ્રામાં રહ્યા હતા. આ બાલમુનિ સાથે વિહાર કરતા પૂ. હીરગુરૂજી એકદા સુરત મુકામે પધારેલ, ત્યાં તેઓશ્રીએ સતત ત્રણ માસ પર્યંત કરેલ શ્રી સૂરિમંત્રની આરાધનાથી મંત્રાધિષ્ઠાયિકા દેવીએ પ્રસન્ન થઇને તેઓશ્રીને 'આપની સાથેના આ '**શ્રી જયવિમલમુનિ**' આપના પટ્ટધર થવાને યોગ્ય છે' એમ સ્પષ્ટ જણાવ્યું.

દેવીનાં ઉકતવચનનો સત્વર અમલ કરવામાં પૂ. હીરસૂરિજીમ.ને પોતાના વડીલ, આચાર્યપદ પ્રદાન કરાવનાર તરીકે પરમ ઉપકારી અને અજોડ વફાદાર પૂ. મહો. શ્રી ધર્મસાગરજીમ. તથા પોતાના પરમ આપ્ત એવા સમર્થ વિદ્વાન્ મુખ્ય શિષ્યરત્ન શ્રી વિમલહર્ષગણિવર વગેરે–શ્રી જયવિમલમુનિથી મોટા શિષ્યોની થવા પામતી ઉપેક્ષા ખટકતી હતી.

આ વિમાસણમાં પૂ. સૂરિજીને દેવીવચનનો સ્વીકાર તરત કરવો એ શાસનહિતકારી જણાએલ હોવા છતાં પણ તેઓશ્રીએ દેવીના તે વચનને આસ્તેકદમ અપનાવવાનુ રાખવા રૂપે પ્રથમ તો તે ભાવિપ્રભાવક શ્રી જયવિમલમુનિને ખંભાત મુકામે સં. ૧૬૨૬ના ફા. શુ. ૧૦ના દિને પંડિતપદપ્રદાન કરેલ. બાદ સ્વસમુદાયના દરેક મુનિરાજોનાં મનનું સમાધાન કરવામાં બે વર્ષ પસાર કરીને અને હૈયે સર્વદા પ્રભુશાસનનું તેમજ સમુદાયનું હિત ધરાવવા દ્વારા પોતાની મહત્તાને આજીવન ગૌણ કરીને શાસનનાં અજોડ કાર્યો કરનાર પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિનું પ્રોત્સાહન પ્રાપ્ત કરીને પૂ. હીરગુરૂજીએ ઉકત **પંડિત મુનિશ્રીજયવિમલને** સં. ૧૬૨૮ના ફા. શુ. ૭ ને સોમવારે અમદાવાદનગરે વાચકપદપ્રદાનાનંતર જ આચાર્યપદનું પ્રદાન કરવાવડે દેવીનાં વચનને સફલ કર્યું ! અને તે નૂતન સૂરિપ્રવરને '**આ. શ્રી વિજયસેનસૂરજી**' નામ આપી પોતાની પાટે સ્થાપ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવીનાં વચનને ઉકતપ્રકારે સામુદાયિક શાંતિ સ્થાપ્યા બાદ ફલ બેસાડનાર પૂ. શ્રી હીરગુરૂજીમ. તે વખતે અનુક્રમે 'પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી પટ્ટધર, પ્રધાનશિષ્ય પૂ. મહો. શ્રી વિમલહર્ષગણિ, સમર્થ વિદ્વાન્ પૂ. ઉપા. શ્રી કલ્યાણ વિ. ગણિ, સમર્થ વિદ્વાન્ પૂ. ઉપા. શ્રી સોમવિ ગણિ, (પૂ. આ. શ્રી દાનસૂરિજીના શિષ્ય) પૂ. ઉપા. શ્રી સકલચંદ્રગણિ, પૂ. ઉપા. શ્રી કીર્તિવિ. ગણિ, પૂ. ઉપા. શ્રી કનકવિ ગણિ, પૂ ઉપા. શ્રી સહજસાગર ગણિ અને પં. શ્રી તિલકવિ. ગણિ આદિ સેંકડો શિષ્ય-પ્રશિષ્યો ધરાવતા હતા.

પ્રસ્તુત પટ્ટધર **પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજીનો** જન્મ સં. ૧૬૦૪નારદીપુરા, દીક્ષા સં. ૧૬૧૩ સુરત, પંડિતપદ સં. ૧૬૨૬ ખંભાત, વાચક તથા સૂરિપદ સં. ૧૬૨૮ ફા. શુ. ૭ સોમ અમદાવાદ (અને સ્વ સં. ૧૬૭૧ જેઠ શુદ ૧૧ ખંભાત-અકબરપુરા.)

[પૂ જગદ્ગુરૂ હીરસૂરિજીના મુખ્ય શિષ્ય **મહો. શ્રી વિમલહર્ષગણિજીની** દીક્ષાનો સંવત પ્રાયઃ ૧૬૦૧, **પૂ. ઉપા. શ્રી કલ્યાણ વિ. ગણિ** જન્મ સં. ૧૬૦૫ લાલપુર, દીક્ષા સં. ૧૬૧૬ મ્હેસાણા, વાચકપદ સં. (?), **પૂ. ઉપા. શ્રી સોમવિ. ગણિ,** (વિજયહીરસૂરિ રાસમાંના કવિ ઋષભદાસનાં કલ્પિત કથનના આધારે મો. દ. દેશાઇએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૫૩૮ ઉપર ૧૬૩૧ જણાવેલ છે, પણ) દીક્ષા પ્રાયઃ સં. ૧૬૧૮ કે ૧૯ સંભવે છે. **પૂ. ઉપા. શ્રી કીર્તિવિ, ગણિ** (આણસૂરગચ્છે સં. ૧૬૯૦માં 'વિચાર રત્નાકર' ગ્રંથના કર્તા) દીક્ષા સં. ૧૬૩૧ ('પટ્ટાવલી સમુચ્ચય' પૃ. ૧૪૭ ઉપરની પ્રશસ્તિમાંના પૂ. ઉ. શ્રી વિનયવિ. મ ના 'સોમવિજયવાચકવાચકકીર્તિવિજયૌ દ્વૌ શિષ્યૌ સહોદરૌ' વચન મુજબ પૂ ઉપા. શ્રી સોમવિ. અને પૂ. ઉપા. શ્રી કીર્ત્તિવિ. બંને સગા બંધુ હતા.) **પૂ. ઉપા. શ્રી સકલ-ચંદ્ર ગણિનો** દીક્ષા સં. પ્રાયઃ ૧૬૦૭ ('જૈ. સા. સં. ઈતિહાસ' પૃ. ૫૮૫ પારા ૮૫૮ મુજબ) તેઓશ્રી, દાનસૂરિજી મ.ના શિષ્ય હતા.]

૫૯મા પટ્ટધર પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ.ને પૂ. હીરગુરૂજી મ.ના હસ્ત-દીક્ષિત **મુનિશ્રી વિદ્યાવિજયજી** (વિજયદેવસૂરિજી) નામના સમર્થ વિદ્વાન અને મહા-પ્રભાવક પટ્ટધર શિષ્ય હતા.

૬૦મા પટ્ટધર આ. શ્રી વિજયદેવસૂરિજી

તેઓશ્રીનો જન્મ સં. ૧૬૩૪ ઇડર, દીક્ષા સં. ૧૬૪૩ અમદાવાદ, પંડિતપદ સં. ૧૬૫૫ સિકંદરપુર, વાચક તથા સૂરિપદ સં. ૧૬૫૬ ખંભાત અને સ્વર્ગવાસ સં. ૧૭૧૩ ઉના.

તેઓશ્રી, આ. મ. શ્રી વિજયહીરસૂરિજી હસ્તદીક્ષિતપણે પૂ. આ. શ્રી વિજય-સેનસૂરિજી મ.ના-મુનિશ્રી વિદ્યાવિજયજી નામે-મહાપુણ્યપ્રતાપી શિષ્ય હતા. તેઓશ્રીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૫૬માં ખંભાત મુકામે વાચકપદની સાથે જ આચાર્યપદનું પ્રદાન કર્યા બાદ તેઓશ્રીનું શુભ નામ **વિજયદેવસૂરિ**[૧૦] સ્થાપીને પોતાના પટ્ટધર બનાવેલ.

પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ.ના સ્વર્ગગમન પછીથી—પોતાને તેઓશ્રીની આજ્ઞાવાળા મનાવવા લાગેલા તેઓશ્રીના કેટલાક વિરોધી—પૂ. ઉપાધ્યાયજી મહારાજોએ, આ પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીનાં સ્થાને પોતાના ભિન્ન આચાર્ય તરીકે કોઇ અપ્રસિદ્ધ મુનિશ્રી રામવિજયજીને '**શ્રી વિજયતિલકસૂરિજી**' તરીકે સ્થાપેલ; પરંતુ તે આચાર્ય-શ્રીનો વેલો (થોડા જ વર્ષોમાં તેમાંના કેટલાક વિદ્વાન્ મહર્ષીઓ પુનઃ આ આચાર્ય શ્રી વિજયદેવસૂરિજીમ.ની નિશ્રામાં આવી જવાથી અને સં. ૧૬૭૩માં કેટલાક મહર્ષીઓ માંડવગઢ મુકામે તે પૂ૦ આ૦ શ્રી સાથેના—બાદશાહ જહાંગીરની સભામાંના વાદમાં પૂ. ઉપા. શ્રી નેમિસાગરજી ગણિવરના હાથે સજ્જડ પરાભવ પામીને નિસ્તેજ[૧૧] બની જવાથી) છિન્નભિન્ન થઈ આજે તો નામશેષ જ થઈ જવા પામેલ છે. પરિણામે તપગચ્છના સહુ પૂ મુનિવરો, આ મહાપુણ્યપ્રતાપી પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીમ.ને એકી અવાજે પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજીમ.ના અનન્ય પટ્ટધર માનતા થયા હતા. વર્તમાન સમસ્ત

---

૧૦. '**સોહમપટ્ટાવલી**'ની ૪૮મી ઢાલની પહેલા દોહાની નવ ગાથામા આણસૂરગચ્છના કવિશ્રી દીપવિજયજીએ આ આચાર્યશ્રીને પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મ.ના ભાણેજ લેખાવેલ છે તે મનસ્વી છે અને સં. ૧૬૫૩માં ખંભાત મુકામે સ્વર્ગવાસી બનેલા તે પૂ. મહો. શ્રી ધર્મસાગરજીમ.ને તે કવિરાજે તે જ પટ્ટાવલીની **ઢાળ ૪૮ની ગાથા ૬માં** 'સં. ૧૬૫૬માં આચાર્ય બનેલા આ પૂ. દેવસૂરિજી મ.શ્રીની સાથે સં. ૧૬૭૧માં ભેટેલા જોયા હોવા'નું જણાવેલ છે તે તો સદંતર અસંગત એવું મનસ્વી છે આ પ્રકારના તે પટ્ટાવલીકાર કવિ જ ઉપર્યુક્ત **દોહાની ગાથા ૭માં** (જે ગ્રંથની અદ્યાપિપર્યંત જૈન સમાજમાં કોઇપણ વિદ્વાને રચના જ કરી નથી, તે) '**કુમતિકુદાલ**' ગ્રંથના રચયિતા તરીકે મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિને લેખાવી શકે!

૧૧. अन्यदा मंडपाचलश्रीअकबरपातिशाहिपुत्रजहांगिरश्रीसलेमशाहिः श्रीसूरीन् (विजयदेव-सूरीन्) स्तंभतीर्थतः सबहुमानमाकार्य गुरूणां मूर्तिं रुपस्फूर्तिं च वीक्ष्य वचनागोचरं चमत्कारमाप्तवान्। ततः समये श्रीगुरुभिः समं धर्मगोष्ठीक्षणे विचित्रधर्मवार्तां (महो. धर्मसागरग्रन्थसत्कां वार्तां) पृष्टवा साक्षाद्गुरुस्वरूपं निरुपमं दृष्टवा च स्वपक्षीयैः परैः (महो. भानुचंद्रसिद्धिचंद्राद्यैः) प्राक् किंचिद व्युद्ग्राहितोऽपि शाहिस्तदा तत्पुण्यप्रकर्षेण हर्षितः सन् 'श्रीहीरसूरीणां विजयसेनसूरीणां च एते (विजयदेवसूरयः) एव पट्टधराः सर्वाधिपत्यभाजो भवन्तु, नापरः (विजयतिलकसूरिरादिः) कोऽपि कूपमंडूकप्रायः' इत्यादि भूयः प्रशंसां सृजन् 'जहांगीरी महातपा' बिरुदं दत्तवान्, अनुज्ञापितवांश्च तपागच्छश्रावकेन्द्रचन्द्रपालादीन्-'यदस्मदीयदक्षिणीमहावाद्यवादनपूर्वकं गुरुन् (विजयदेवसूरीन्) स्वाश्रयं प्रेषयन्तु यथा युष्मद्गुरून् वयमपि गवाक्षस्था निरीक्ष्य हृष्टा वाममः।' इत्यादिवचनोत्साहि-तैस्तै राजमान्यसंघैर्दाक्षिणात्यमालवीसंघै श्च तथा महोत्सवाः

(અનુસંધાન પૃ ૨૯ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપાગચ્છ શ્રી સંઘ પણ તેઓશ્રીના જ નામે એટલે કે-'**શ્રી દેવસૂર તપગચ્છ સંઘ**' તરીકે જ સર્વત્ર ઓળખાય છે.

સં. ૧૯૯૩થી નીકળેલા નવા તિથિમતના નાયક આ. રામચંદ્રસૂરિ (?) એ સં. ૧૯૯૯માં પાલીતાણા મુકામે શ્રી દેવસૂર તપાગચ્છીય પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ આદિ ૧૭ સમુદાયના મુનિઓ વચ્ચે 'તપગચ્છશાખાદ્વયં' કહીને પોતાના સમુદાયને શ્રી દેવસૂર સંઘના સમુદાયથી ભિન્ન ઓળખાવવા-પૂ. મહો. શ્રી સોમવિ. મ. આદિની જેમ-માથું ઉંચકેલ; પરંતુ તેમણે તો ટુંક સમયમાં જ નતમસ્તકપણે પોતાને દેવસૂર સંઘના જ લેખાવવાનું ડહાપણ દાખવવું પડેલ હોવાની બીના પ્રસિદ્ધ છે

તપગચ્છાધિપતિની ૫૮ મી પાટથી શરૂ થતી જુદી-જુદી પટ્ટાવલીઓ

(૫૬) પૂ. આ. શ્રી આનંદવિમલસૂરિજી, (૫૭) આ. શ્રી વિજયદાનસૂરિજી, (૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) આ. શ્રી વિજયસેનસૂરિજી, (૬૦) આ. શ્રી વિજયદેવસૂરિજી, (૬૧) આ. શ્રી વિજયસિંહસૂરિજી, ['વિજયપ્રભસૂરિજી' પણ તેઓથી યતિશાખા શરૂ થઇ માટે તેઓશ્રીને પાટે ન ગણ્યા.] (૬૨) **શ્રી** સત્યવિજયગણિ (પટ્ટાવલી સમુચ્ચય ભા. ૧ પૃ. ૧૦૪), (૬૩) પં. કર્પૂરવિ ગણિ, (૬૪) પં. ક્ષમાવિ., (૬૫) પં. જિનવિ. (૬૬) મણિવિજયજી તથા ઉદ્યોતવિજયજીઃ **મણિવિજયજીને** બુદ્ધિવિ. (બુટેરાયજી), અમૃતવિ., પદ્મવિ., ગુલાબવિ., શુભવિ., સિદ્ધિવિ. (આ. શ્રી સિદ્ધિસૂરિજી) આદિ શિષ્યો હતા. બીજા પટ્ટધર **ઉદ્યોતવિજયજીને** અમરવિ., ગુમાનવિ. તથા **પં. પ્રતાપવિ.** આદિ શિષ્યો હતા.

(અનુસંધાન પૃ. ૨૮નું ચાલુ)

કૃતા યથા તપગણસંઘમુખે પૂર્ણિમાડ્વતોર્ણા અન્યેષાં ચ ગુરુદ્વિષાં (મહો. શ્રી સોમવિ૰-ભાનુચંદ્રાદીનાં) મુખેડમાવાસ્યેતિ। કિંબમુના? યથા પુરાડકબ્બરેણ શ્રીહીરસૂરયસ્તતોપ્યાધિક્યેન શ્રીવિજયદેવસૂરયઃ શાહિજહાંગારેણ સન્માનિતા ઇતિ। (**પટ્ટાવલી સમુચ્ચય**, ભા. ૧ પૃ ૮૩).

'શ્રી વિજય પ્રશસ્તિ' કાવ્યના કર્તા કવિમુખ્ય શ્રી હેમવિજયજીના ગુરુબંધુ ઉપા. શ્રી વિદ્યાવિ.ના શિષ્ય **ઉપા. શ્રી ગુણવિજયજીએ** (વિજયપ્રશસ્તિકાવ્યની ટીકાના કર્તાએ) સં ૧૬૮૮માં '**મહો. શ્રી ધર્મસાગરીય તપગચ્છ પટ્ટાવલી**'ની અનુપૂર્તિરૂપે રચેલ આ તપાગણપતિગુણપદ્ધતિ સંજ્ઞક **અનુપૂર્તિ નં. ૧** ની રચના પછી-પૂ. આ. શ્રી વિજયપ્રભસૂરિ મ (કે-જેમનાથી યતિશાખા શરૂ થવાથી પાટ અનુક્રમમાં લેખાયા જોવાતા નથી, તેમ)ની આજ્ઞાના સમર્થ વિદ્વાન્ પૂ ઉપા. શ્રી મેઘવિજયજી ગણિએ, ૧૮ મા સૈકામાં ખરતરીય શ્રી વલ્લભ પાઠકે રચેલા વિસંવાદી એવા 'વિજયદેવ-માહાત્મ્ય કાવ્ય' તથા પોતે રચેલા 'દેવાનંદાભ્યુદય મહાકાવ્ય'ના આધારે '**અનુપૂર્તિ નં. ૨**'ની રચના કરેલ હોવાથી ઇતિહાસજ્ઞ પુરુષોમાં તે અનુપૂર્તિ નં. ૨, સર્વાંગ શ્રદ્ધેય લેખાવા પામેલ નથી. વળી તે 'અનુપૂર્તિ નં. ૨'માંની કેટલીક બીનાઓ તો પૂર્વોક્ત પૂ. ઉપા. શ્રી ગુણવિજયજી કૃત નં. ૧ વાળી અનુપૂર્તિગત ટંકશાળી બીનાઓથી જાણી જોઈને વિપરીત આલેખેલી અને દ્વેષમૂલક હોવાનું પણ જણાઇ આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉપા. શ્રી વિમલહર્ષગણિ,** (૬૦) **ભાવવિ. તથા જયવિ.** વગેરે.

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉપા. શ્રી કલ્યાણવિ. ગણિ,** (૬૦) પં. શ્રી લાભવિ., (૬૧) **પં. શ્રી જિતવિ.** તથા **પં. શ્રી નયવિ. :** તેમાં પં. શ્રી નયવિજય ગણિના શિષ્ય (૬૨) **ઉપા. શ્રી યશોવિ. ગણિ**–તેઓશ્રીનો જન્મ સં. ૧૬૫૦. દિક્ષા સં. ૧૬૫૫ કે ૫૮, વાચકપદ ૧૭૧૮ અને સ્વર્ગવાસ ૧૭૪૫ (પટ્ટાવલી સમુચ્ચય ભા ૧, પૃ. ૧૦૬) (૬૩) હેમવિ.–પં. ગુણવિ.–દયાવિ –મેઘવિ.–મણિવિ.–માણેકવિ. નામે શિષ્યો હતા. તેમાં **પં. ગુણવિ.**ની પાટે (૬૪) **પં. કેસરવિ.** તથા **સુમતિવિ.,** (૬૫) પં. વિનીતવિ., (૬૬) દેવવિજયજી : (૬૪)મા બીજા પટ્ટધર સુમતિવિ.ને ઉત્તમ-વિજયજી નામે શિષ્ય હતા.

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી. (૫૯) **ઉપા. શ્રી સોમવિ. ગણિ,** સોમવિ. (૬૦) સંઘવિ. ગણિ, (૬૧) ધનવિ. ગણિ, (૬૨) ધર્મવિ., (૬૩) કમલવિજયજી. (કે જેઓને ઉપાધ્યાયજીઓએ સં. ૧૬૭૩માં 'વિજયતિલકસૂરિ'ની પાટે 'વિજયાણંદસૂરિ' તરીકે સ્થાપેલ.)

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉ. શ્રી કીર્તિવિ.,** (૬૦) **ઉ. શ્રી વિનયવિજયજી** તથા **નય વિજયજી:** ઉ. વિનયવિ.નો સ્વર્ગવાસ ૧૭૩૮, તેઓશ્રીને (૬૧) પં૦ ઋદ્ધિવિ.–પં. મતિવિ.–પં. નયવિ. આદિ શિષ્યો હતા. (૬૦)મા બીજા પટ્ટધર નયવિ.ને (૬૧) ઉત્તમવિજયજી નામે શિષ્ય હતા. (**યતિશાખા**)

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉ. શ્રી કનકવિ. ગણિ,** (૬૦) પં. શીલવિ., (૬૧) પં. સિદ્ધિવિ., (૬૨) પં. કૃપાવિ., (૬૩) **ઉપા. મેઘવિજયજી.**

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉ. શ્રી સકલચંદ ગણિ** (૬૦) **ઉપા. શ્રી સુરચંદ્ર ગણિ** તથા **ઉ. શાંતિચંદ્ર ગણિ:** તેઓશ્રીને (૬૧) **પં. રત્નચંદ્ર ગણિ,** પં. લાલચંદ્રગણિ, પં. અમરચંદ્રગણિ, ઉ. **ભાનુચંદ્રગણિ** આદિ શિષ્યો હતા. ઉપા. ભાનુચંદ્ર ગણિને (૬૨) ઉ. સિદ્ધિચંદ્રગણિ આદિ અનેક શિષ્યો હતા.

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **ઉ. શ્રી સહજસાગરગણિ.** (૬૦) ઉપા. જયસા. ગણિ, (૬૧) ઉ. ન્યાયસા. ગણિ, (૬૨) શ્રી જીતસાગરજી, (૬૩) શ્રી માનસાગરજી, (૬૪) શ્રી મયગલસાગરજી, (૬૫) શ્રી પદ્મસાગરજી, (૬૬) શ્રી સ્વરૂપસાગરજી, (૬૭) શ્રી ભાણુસાગરજી, (૬૮) શ્રી મયાસાગરજી, (૬૯) **શ્રી ગૌતમ સાગરજી** તથા **નેમસાગરજી,** (૭૦) શ્રી ઝવેરસાગરજી મહારાજ, (૭૧) **પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદ-સાગરસૂરિજી મહારાજ,** (૭૨) પં. શ્રી વિજયસા., ૨–આ. શ્રી મતિસાગરસૂરિજી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩–મોતીસાગરજી, ૪–મંગળસા, ૫–કલ્યાણસા. ૬–જયસા. ૭–દીપસા., ૮–પં. માનસા., ૯–**ગચ્છાધિપતિ આ. શ્રી માણિક્યસાગરસૂરિજીમ.**, ૧૦–મણિસા., ૧૧–**આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી**, ૧૨– **આ. શ્રી હેમસાગરસૂરિજી** આદિઃ (૭૨) મી પાટે **નવમા પટ્ટધર** આ. શ્રી માણિક્યસાગરસૂરિજીમ.ને અમૃતસા., પં. જિતસા., પ્રભાવસા., લક્ષ્મીસા., વિનયસા., કીર્તિસા. મૃગાંકસા., ગૌતમસા., ધીરસા., લાભસા., લાવણ્યસા., ગંભીરસા., હીતસા., મિત્રાનંદસા. આદિ શિષ્યો હતા. **૧૧ માં પટધર** આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીની પાટે (૭૩) આ. **શ્રી** દેવેન્દ્રસાગરસૂરિજી, પં. હીરસાગરજી, સુબોધસા., ઉ. શ્રી ધર્મસાગરજી, શાસનકંટકોદ્ધારક ઉ. શ્રી હંસ સાગરજી, ગણિ રૈવતસાગરજી આદિઃ **૧૨ મા પટ્ટધર** આ. શ્રી હેમસાગરસૂરિજીની પાટે (૭૩) અમરેન્દ્રસા., મનોજ્ઞસાગરજી આદિ.

(૬૯) માં બીજા પટ્ટધર **નેમસાગરજીની** પાટે (૭૦) રવિસાગરજી, (૭૧) સુખસાગરજી, (૭૨) **આ૦ શ્રી બુદ્ધિસાગરસૂરિજી**, (૭૩) આ૦ શ્રી અજીતસાગરસૂરિજી, આ૦ શ્રી ઋદ્ધિસાગરસૂરિજી, આ૦ શ્રી કીર્તિસાગરસૂરિજી, (૭૪) આ૦ શ્રી કૈલાસસાગરસૂરિજી આદિ.

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) **શ્રી તિલકવિ.**, (૬૦) ઋદ્ધિવિ., (૬૧) ચારિત્રવિ૦, (૬૨) રંગવિ૦, (૬૩) તેજવિ૦, (૬૪) યશવંતવિ૦, (૬૫) કુશલવિ૦, (૬૬) જીતવિ૦, (૬૭) શ્રી વિજયજી, (૬૮) જયવિ૦, (૬૯) હર્ષવિ૦, (૭૦) ચંદ્રવિ૦, (૭૧) હેતવિ૦, (૭૨) હિમતવિ૦, (૭૩) **આ. શ્રી વિજયહિમાચલસૂરિજી** વગેરે.

(૫૮) આ. શ્રી વિજયહીરસૂરિજી, (૫૯) આ. શ્રી વિજયસેનસૂરિજી. (૬૦) આ. શ્રી વિજયદેવસૂરિજી, (૬૧) આ૦ શ્રી વિજયસિંહસૂરિજી, (૬૨) પં૦ સત્યવિ૦, (૬૩) પં૦ કપુરવિ૦ (૬૪) પં૦ ક્ષમાવિ૦, (૬૫) પં૦ જિનવિ૦, (૬૬) પં૦ ઉત્તમવિ૦, (૬૭) પં૦ પદ્મવિ૦, (૬૮) પં૦ રૂપવિ૦, (૬૯) પં૦ કીર્તિવિ૦ તથા પં૦ અમીવિ૦, (૭૦) પં૦ કસ્તુરવિ૦, (૭૧) **મણિવિ૦** તથા ઉદ્યોતવિ૦, (૭૨) બુદ્ધિવિ૦ (બુટિરાયજી), (૭૩) **મૂલચંદ્રજી** (મુક્તિવિ૦) ગણિ, **વૃદ્ધિચંદજી**, નીતિવિ૦, આનંદવિ૦, મોતીવિ૦ આનંદવિ૦ (આત્મારામજી) તથા ખાંતિવિ૦ દાદા આદિ શિષ્યો હતા. **૭૩ મા પટ્ટધર શ્રી મૂલચંદ્રજી ગણિને** (૭૪) **વિજયકમલસૂરિજી**, કેસરવિ૦, ગુલાબવિ૦, મણિવિ૦, હંસવિ૦, દાનવિ૦, શોભણવિ૦ આદિ શિષ્યો હતા. **૭૩ મા બીજા પટ્ટધર વૃદ્ધિચંદ્રજીને** (૭૪) કેવલવિ૦, પં૦ ગંભીરવિ૦, પં૦ અવદાતવિ૦, ચતુરવિ૦, હેમવિ૦, **વિજયધર્મસૂરિ** (કાશીવાળા) **વિજયનેમિસૂરિ** ઇન્દ્રસૂરિજી આદિ પટ્ટધરો હતા. (૭૪) **વિજયનેમિસૂરિજી મ૦**ની પાટે (૭૫) આ૦ શ્રી દર્શનસૂરિજી, વિજયોદયસૂરિજી, વિજયલાવણ્યસૂરિજી, વિજયવિજ્ઞાનસૂરિજી, વિજયપદ્મસૂરિજી, વિજયામૃતસૂરિજી આદિઃ

(૭૩) મૂલચંદ્રજીગણિ, (૭૪) વિજયકમલસૂરિજી, (૭૫) **વિજયકેશરસૂરિજી**,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિજયમોહનસૂરિજી ઉ. દેવવિ૰ પં૰ મોતીવિ૰, વિનયવિ૰ આદિ: ૭૫મા બીજા પટ્ટધર આ૰શ્રી વિજયમોહનસૂરિજીની પાટે વિજયપ્રતાપસૂરિજી, આ૰શ્રી વિજયધર્મસૂરિજી આદિ શિષ્ય–પ્રશિષ્યો થયા

૬૨મા પટ્ટધર પં૰ શ્રી સત્યવિજયગણિની પાટે ક્રમે (૬૯)મા પટ્ટધર પં૰ શ્રી અમીવિ૰ (૭૦) પં૰ શ્રી સૌભાગ્યવિ૰, (૭૧) **પં૰ રત્નવિજયજી** (૭૨) **પં૰ મોહનવિ૰** તથા **પં૰. ભાવવિજયજી** પં૰ શ્રી મોહનવિ૰ની પાટે (૭૩) પં૰ શ્રી ધર્મવિ૰ તથા શાંતિવિ૰ આદિ શિષ્યો થયા. તેમાં પં૰ શ્રી ધર્મવિ૰ મ૰ની પાટે (૭૪) ચમનવિ૰, ચારિત્રવિ૰, સુરેન્દ્રવિ૰ (આ૰શ્રી સુરેન્દ્રસૂરિજી) તથા અશોકવિ૰ (આ૰શ્રી અશોકચંદ્રસૂરિજી) થયા. અને ૭૪મા પટ્ટધર આ૰શ્રી સુરેન્દ્રસૂરિજીના પટ્ટધર (૭૫) આ૰ શ્રી વિજયરામસૂરિજી, પં૰ શ્રી રાજેન્દ્રવિજયજી (આ૰ શ્રી રાજેન્દ્રસૂરિજી) થયા.

૭૨મા બીજા પટ્ટધર પં૰ શ્રી ભાવવિ૰મ૰ની પાટે (૭૩) શ્રીનીતિવિ૰ (**આ૰શ્રી વિજયનીતિસૂરિજી**): ઉ. દયાવિ૰ આદિ થયા. આ૰શ્રી વિજયનીતિસૂરિજીની પાટે (૭૪) આ૰શ્રી વિજયહર્ષસૂરિ, વિજયોદયસૂરિજી, વિજયકલ્યાણસૂરિજી, વિજયમહેન્દ્રસૂરિજી આદિ શિષ્યો થયા.

(૭૨)મા પટ્ટધર બુદ્ધિવિજયજી (બુટેરાયજી)ની પાટે (૭૩) આત્મારામજી, (૭૪) ઉપા૰ વીરવિજયજી (૭૫) આ૰ શ્રી વિજયદાનસૂરિજી, (૭૬) આ૰ શ્રી વિજયપ્રેમસૂરિજી આદિ થયા.

મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર

શ્રી તપગચ્છપ્રાણ પૂ૰ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરનો જન્મ સં૰ ૧૫૭૯ (લાડોલ ?), તેઓશ્રીના પ્રતિબોધક ગુરુ આજીવન 'છ' યે વિગઇના ત્યાગી પૂ૰ જીવર્ષિગણિ હતા. પૂ૰ ગચ્છાધિપતિ આ૰ શ્રી આનંદવિમલસૂરિજી મ૰ના પવિત્ર હસ્તે **શ્રી ધર્મસાગર** નામસ્થાપનાપૂર્વક દીક્ષા સં૰ ૧૫૯૫, ગણિપદ પ્રાયઃ[૧૨] સં૰ ૧૬૦૬, ગચ્છાધિપતિ પૂ૰ આ૰ **શ્રી વિજયદાનસૂરિજી** હસ્તે વાચકપદ સં૰ ૧૬૦૮ના મહા શુદિ ૫ ગુરુવાર નાડલાઇ.

૧૨ "નાડલાઈ મુકામે વિરાજિત આ૰ શ્રી વિજયદાનસૂરિજીએ, દેવગિરિથી પં૰ રાજવિમલ, પં૰ ધર્મસાગર અને પં૰ હીરહર્ષને પોતાની પાસે બોલાવ્યા. પં૰ રાજવિમલ અને હીરહર્ષ આવ્યા, પણ [ગુરુથી છૂટા પડેલ પં૰ સિંહવિમલગણિને સમજાવીને ગુરુ પાસે લાવવા સારૂ નાડલાઈથી પાંચ કોશ દૂર રોકાએલ પં૰ ધર્મસાગરજી તેઓની સાથે ન આવી શક્યા આ બીના પૂ૰ ગચ્છનાયકશ્રીએ તે બન્ને સાધુના મુખથી જાણ્યા બાદ કરેલી આજ્ઞા મુજબ] પં૰ હીરહર્ષનો પત્ર જવાથી પં૰ ધર્મસાગર તથા પં૰ સિંહવિમલગણિ નાડલાઈ આવવા માટે ચાલવાની શરૂઆત કરતાં જ કાળી ચકલી

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ધર્મસાગર ઉવજ્ઝાય પ્રધાન, વિમલહર્ષ નિર્મલ અભિધાન; કલ્યાણવિજયગુરૂ કરઈ કલ્યાણ ત્રિણિ ઉવજ્ઝાય ગચ્છિ મેરુ સમાન." (પં૦ વિજયગણિશિષ્ય પં૦ વિનયસુંદરકૃત **'તપગચ્છગુર્વાવલી'**ના) એ સૂકતમુજબ પૂ૦ ગચ્છાધિપતિના સમુદાયના મુખ્ય ત્રણ ઉપાધ્યાયોમાં પણ શ્રી ધર્મસાગરજી વાચક અગ્રેસર લેખાતા હતા.

'મુનિ રાજવિમલજી, મુનિ ધર્મસાગરજી અને મુનિ હીરહર્ષ એ ત્રણ મુનિવરો, આ૦ વિજયદાનસૂરિની આજ્ઞા લઇ (દક્ષિણમાં) દેવગિરિ=દોલતાબાદ ન્યાયશાસ્ત્ર ભણવા માટે ગયા હતા. મહો૦ ધર્મસાગરજી પ્રકાંડવિદ્વાન્, વાદી અને સમર્થ ગ્રંથકાર હતા. તેઓશ્રી ભ૦ શ્રી વિજયદાનસૂરિજી પાસે 'જિનાગમ' ભણ્યા હતા.'

(અનુસંધાન પૃષ્ઠ ૩૨નું ચાલુ)

બોલી. તે સાંભળી સાથેના વળાવીયા ભીલે કહ્યું કે-'આ ચકલી, બેમાંથી મોટાને મોટી પદવી મળશે અને નાના મહારાજને માન નહિ મળે' એમ કહે છે. બન્ને નાડલાઈ મુકામે ગચ્છનાયક પાસે આવી ગયા બન્યું પણ એમ જ કે-ગચ્છનાયકે પં૦ ધર્મસાગરનાં વાંદણાં લીધાં અને પં૦ સિંહવિમલગણિએ કરેલ ભૂલની માફી માગ્યા પછી તેનાં વાંદણાં લીધાં.

ગચ્છનાયકે સંઘ સાથે વાજતે-ગાજતે પં૦ ધર્મસાગરગણિ, પં૦ હીરહર્ષગણિ અને પં૦ રાજ-વિમલગણિને ઉપાધ્યાય પદવી આપી. (પણ સિંહવિમલગણિને ન જ આપી.) આચાર્યપદે સ્થાપવાની વાતમાં ઉક્ત ત્રણે ઉપાધ્યાયો તે પદ માટે યોગ્ય હતા. સહુ જાણતા હતા કે-'ગચ્છનાયક, ઉપા૦ રાજવિમલને પોતાની પાટે આચાર્ય બનાવવાની ભાવના ધરાવે છે.' પરંતુ ઉપા૦ ધર્મસાગરગણિને ઉપા૦ રાજવિમલગણિ, ગચ્છનાયક થાય તે પસંદ ન હતું, તેઓશ્રી એકલા જ હીરહર્ષગણિને પાટે સ્થાપવ ની તરફેણમાં હતા. ગચ્છનાયક ત્યાંથી વિહાર કરી શીરોહી પધાર્યા ત્યાં ચોમાસું કર્યું. તે ચોમાસા પછી બધા ગીતાર્થોને બોલાવ્યા. ઉપા૦ ધર્મસાગર વગેરે ગીતાર્થોએ સર્વાનુમતે આપેલા નિર્ણય મુજબ ગચ્છનાયકે શીરોહીમાં સં૦ ૧૬૧૦ માં ઉપા૦ હીરહર્ષગણિને આચાર્યપદવી આપી **આ૦ વિજયહીરસૂરિ** નામ સ્થાપી પોતાની પાટે સ્થાપ્યા અને ઉપા૦ રાજવિમલગણિ તથા ઉપા૦ ધર્મસાગરગણિને પંચાંગી સહિત ૬ લાખ ૩૬ હજાર શ્લોક પ્રમાણ આગમો આપ્યાં સૌ સંઘ હર્ષ પામ્યો." (**'જૈનપરંપરાનો ઇતિહાસ'** ભાગ ૩, પૃષ્ઠ ૭૦૦ થી ૭૦૨ સુધીમાં મુદ્રિત થયેલ-**'આત્માનંદ પ્રકાશ'** માસિક, પુસ્તક ૨૪, અંક ૪ તથા પુસ્તક ૧૫, અંક ૩-૪ના પૃષ્ઠ ૮૩ માં પ્રસિદ્ધ થયેલ શ્રી જિનવિજયના લેખના ટુંકા સારનો પણ સાર) જ્યારે બીજી બાજુથી—

'ઐતિહાસિક રાસ સંગ્રહ' ભાગ ૪ ગત **'નિરીક્ષણ'** શીર્ષક તળેનાં લખાણના પૃ. ૧૪-૧૫ ઉપર ઇતિહાસવેત્તા પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજે ઉપરોક્ત **'આત્માનંદ પ્રકાશ'** પુસ્તક ૧૫, અંક ૩-૪ના પેજ ૮૧-૮૨ ઉપર છપાયેલ શ્રી જિનવિજયજીના લેખનો સાર આ પ્રમાણે રજુ કરેલ છે કે-"તેમણે (ઉપા૦ ધર્મસાગરજીએ) ગચ્છનાયક પ્રત્યેનો ભક્તિભાવ કે બહુમાનમાં કિંચિત્માત્ર પણ ઘટાડો કર્યો હોય તેવું જણાતું નથી. હીરવિજયસૂરિ અને ધર્મસાગરનો સંબંધ તો કોઇ ઓર જ હતો. બીજા શબ્દોમાં કહીએ તો-હીરવિજયસૂરિ અને ધર્મસાગર તો નહાની ઉંમરથી

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ૦ વિજયદાનસૂરિવરે સં૦ ૧૬૯૮ના મહા શુદિ ૫ ને ગુરુવારે નાડલાઇ મુકામે પં૦ રાજવિમલગણિ, પં૦ ધર્મસાગરગણિ અને પં૦ હીરહર્ષગણિને ઉપાધ્યાય બનાવ્યા. પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિની પાટે નવા આચાર્ય બનાવવામાં ઉક્ત ત્રણે ઉપાધ્યાયો યોગ્ય હતા, તેમાંથી આ૦ વિજયદાનસૂરિની ઇચ્છા, ઉપા૦ રાજવિમલને જ આચાર્ય બનાવવાની હતી, જ્યારે ઉપા૦ ધર્મસાગરજી ગણિ વગેરે બધા ગીતાર્થો ઉપા૦ હીરહર્ષને આચાર્ય બનાવવાની તરફેણમાં હતા. અંતે ભ૦ વિજયદાનસૂરિએ સૌની ઇચ્છાને માન આપી, શીરોહીમાં ચોમાસામાં ત્રણ મહિના સુધી ધ્યાનમાં રહી સૂરિમંત્રનો જાપ કર્યો. શાસનદેવે જે જણાવ્યું તે આચાર્યદેવે[૧૩] મનમાં ધારી લીધું. ચોમાસા બાદ સૌ ગીતાર્થમુનિઓ આવ્યા. ગચ્છનાયકે 'મણિભદ્રમહાવીર'ના સંકેતથી તથા ઉપાધ્યાય[૧૪] ધર્મસાગરગણિ

(અનુસંધાન પેજ ૩૩ નું ચાલુ)

જ સહયોગી હતા. દક્ષિણમાં આવેલ દેવગિરિમાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે હીરવિજયસૂરિ, (તે વખતના હીરહર્ષ) ધર્મસાગરજી અને રાજવિમલજી એ ત્રણ સાથે જ ગયા હતા અને સાથે જ ભણીને ગુરુ પાસે આવ્યા હતા. વિજયદાનસૂરિની ઇચ્છા જ્યારે કોઈને પણ આચાર્યપદવી આપવાની થઈ, ત્યારે હીરહર્ષ (વિજયહીરસૂરિ)ને આચાર્યપદ આપવાનો પ્રસ્તાવ પણ ધર્મસાગરજીએ જ મૂકયો હતો અને ઘણાઓની ઇચ્છા-બલ્કે ખુદ વિજયદાનસૂરિની પણ ઇચ્છા-ખીજાને (ઉપા૦ રાજવિમલ)ને આચાર્યપદવી આપવાની હોવા છતાં અંતતોગત્વા ધર્મસાગરજીનો જ પ્રસ્તાવ પાસ થયો હતો. હીરવિજયસૂરિ આ વાતને ભૂલ્યા નહિ હતા. [એ પછીથી પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે જે-' છતાં પણ એક ગચ્છનાયક તરીકે જે-(૧૨ બોલનો પટ્ટક કરવારૂપ) કર્તવ્ય તે તેમણે બજાવ્યુ જ હતું ' એમ લખ્યુ છે. તે કવિ દર્શનવિ૦ કૃત ' વિજયતિલકસૂરિરાસ 'માંની અનેક અપ્રમાણિક વાતોની છાયારૂપ જણાય છે. ' તે ૧૨ બોલવાળા પટ્ટકમાંના બોલોની પ્રસિદ્ધિ તો એ બહાને વિપક્ષીઓને શાંત કરવાની ખૂબીરૂપે જ હતી.' એ વાત, દેશમાત્રથી સમજવા માટે-' જૈન પરંપરાનો ઇતિહાસ ' ભાગ ૩ના પેજ ૭૦૩ થી ૭૦૪ ઉપરની નં', ૧વાળી ફુટનોટ તથા સં૦ ૨૦૧૧માં આ ઇતિહાસના લેખક હસ્તક પ્રસિદ્ધ થયેલ कुमताहिविषजांगुलिमंत्रतिमिरतरणि ગ્રંથ જોવા.] બીજી તરફથી હીરવિજયસૂરિ, ધર્મસાગરજીમાં રહેલી અદ્વિતીય શક્તિ અને તેમની વિદ્વત્તાથી પણ અજાણ્યા નહોતા. ધર્મસાગરજીની બુદ્ધિ, તાર્કિક શક્તિ અને પરમાત્માનાં શાસન પ્રત્યેની અપ્રતિમ લાગણીનાં અનેક દૃષ્ટાંતો આત્માનંદ પ્રકાશના ઉપર્યુક્ત અંકમાં પ્રકટ થયેલ પ્રાચીન પાનાઓ ઉપરથી મળી આવે છે "

૧૩. ઉપર જણાવેલ-' શાસનદેવે જે જણાવ્યું તે આચાર્યદેવે મનમાં ધારી લીધું ' એ વાત, ચોમાસા બાદ સહુ ગીતાર્થો પદપ્રદાન અર્થે આવેલ હોઈ અને પ્રસ્તાવ પણ રજુ કર્યો હોઈ અહીં ટકતી નથી.

૧૪. પૂ૦ ભટ્ટારકે મનમાં ધારી રાખેલ શાસનના અધિષ્ઠાયક મણિભદ્રદેવે જણાવેલ સંકેત, જો શ્રી હીરહર્ષને આચાર્ય બનાવવા તરીકેનો હોવારૂપે સૌ મુનિઓ વચ્ચે પ્રકટ જ કરી દેવાયો હોય તો તે પછી ઉપા૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે પૂ૦ શ્રી હીરહર્ષગણિને આચાર્ય બનાવવાનો આગ્રહ જ કરવો રહેતો નહિ હોવાથી કાં તો-મણિભદ્ર મહાવીરનો ઉક્ત સંકેત પૂ૦ ભટ્ટારકશ્રીએ પ્રકટ કર્યો હોવાની વાતને, યા તો 'અંતતોગત્વા ધર્મસાગરજીનો જ પ્રસ્તાવ પાસ થયો ', ' તેમના આગ્રહથી હી હર્ષને આચાર્ય બનાવ્યા ' એ વગેરે હકીકતને અર્થશૂન્ય ગણવી રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને બધા [૧૫]ગીતાર્થમુનિવરોના આગ્રહથી સં૦ ૧૬૧૦માં શિરોહીમાં ઉપા૦ હીરહર્ષને આચાર્ય બનાવી પોતાની પાટે ગચ્છનાયક તરીકે સ્થાપિત કર્યા અને તેમનું નામ 'મણિભદ્ર-મહાવીર'ની સૂચના મુજબ **'હીરવિજયસૂરિ'** રાખ્યું. સકલસંઘ હર્ષ પામ્યો.

ગચ્છનાયકે આ પ્રસંગે ઉપા૦ [૧૬]રાજવિમલને અને ઉપા૦ ધર્મસાગર ગણિને **મહોપાધ્યાય** બનાવ્યા અને બન્નેને ૬ લાખ અને ૩૬ હજાર શ્લોક પ્રમાણ સર્વ સિદ્ધાંતો આપ્યા.

એક ત્રુટી :–મહો૦ ધર્મસાગર, સમકાલીન શ્રમણસંઘમાં ઉદ્ભટ વિદ્વાન્ હતા અને તેમની પાછળ તેમના શિષ્યો પણ વિદ્વાન્ હતા : છતાં દુઃખની ઘટના એ છે કે–'કોઈએ તેમનું વિશદ જીવનચરિત્ર ગૂંથ્યું નથી. અથવા કોઇએ લખ્યું હોય તો તે અત્યારે ઉપલબ્ધ નથી." [જૈનપરંપરાનો ઇતિહાસ, ભા૦ ૩ પૃ૦ ૬૯૮ થી ૭૦૦]

બ...હુ...મા...ન.

મહો૦ ધર્મસાગરગણિને આ૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિ પ્રત્યે બહુમાન હતું. જેમકે–

(૧) श्रीविजयदानसूरिः मादृशामपि शिष्याणां श्रुतादिदाने वैश्रमणानुकारी अनेकवार एकादशांगपुस्तकशुद्धिकारी, किं बहुना? तीर्थंकर इव हितोपदेशादिना परोपकारी सर्वजनप्रत्तीतः,

---

૧૫. આ સ્થળે "પૂ૦ ભટ્ટારકશ્રીના ખ્યાત શિષ્યોમાં-પૂ૦ પં૦ વિનયસુંદરજી કૃત 'તપગચ્છ ગુર્વાવલી'નાં કથન મુજબ-મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર, અગ્રેસર લેખાતા હોવાથી તે પ્રકારનો આગ્રહ કરે તે યુક્તિયુક્ત છે; પરંતુ તેઓએ આગ્રહ કર્યા પછી તે સમયે શેષ 'પૂ૦ ઉપા૦ વિમલ-હર્ષગણિ, પૂ૦ ઉપા૦ રાજવિમલગણિ અને પૂ૦ ઉપા૦ કલ્યાણવિ૦ગણિ' એ ત્રણ જ ગીતાર્થ તરીકે તરીકે પ્રસિદ્ધ હોવાથી અને તેમાં પણ બે ગીતાર્થો મહો૦ ધર્મસાગરજી કરતાં નાના હોવાથી એ સાથે તેઓ પણ આગ્રહ કરે તે યુક્તિયુક્ત જણાતું નથી. તેમજ જેમને માટે ઉપા૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે આચાર્યપદ આપવા નાપસંદગી દર્શાવી હતી અને તેથી જેઓ દુભાયેલા હતા તે પૂ૦ ઉપા૦ રાજવિમલગણિ તો તેવો આગ્રહ કરે એ સંભવિત જ નહિ હોવાથી" આની પહેલાંની ફૂટનોટ નં. ૧૨ માં જણાવેલ–**'અંતતોગત્વા ધર્મસાગરજી ગણિનો જ પ્રસ્તાવ પાસ થયો હતો.'** એ ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦ મ૦ના નિષ્કર્ષને જ તથ્ય માનવો રહે છે.

૧૬. તેઓશ્રી અંગે–'ઉપા૦ ધર્મસાગરીય તપગચ્છ પટ્ટાવલી–સાનુવાદ' બૂકાકાર પુસ્તકના પેજ ૧૬ થી ૨૬ સુધીમાં અપાયેલ–**'ઉપાધ્યાય ધર્મસાગરનો જીવન પરિચય'** શીર્ષક તળેના લેખના પેજ ૨૧ ઉપરના બીજા પેરામાં વિદ્વાન લેખકનો ઉલ્લેખ છે કે–'બાદ મધની વિનંતિથી કોઈને આચાર્યપદ આપવાનો પ્રશ્ન શ્રીપૂજ્યજી પાસે આવ્યો, ત્યારે તેમણે ઉપાધ્યાય ધર્મસાગરની સલાહ માગી. ધર્મસાગરે હીરહર્ષ (હીરવિજયસૂરિ)નું નામ સૂચવ્યું. **એટલે રાજવિમલને ધર્મસાગર પ્રતિ રોષ ઉપજ્યો. શ્રી પૂજ્યનો પ્રેમ રાજવિમલ પર હતો: પરંતુ ધર્મસાગરની સલાહથી હીરહર્ષને શીરોહીમાં આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું.**"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

श्रीहीरविजयसूरयः संप्रति तपागच्छे आदित्यसदृशास्तदुद्योतकत्वात् । (सं० १६४८ 'तपगच्छपट्टावली–व्याख्या' नं: ५७–५८)

(२) × × × श्रीविजयदानसूरीश्वरा बभुवुर्जगद्विदिताः ॥८॥ तेषां पट्टे संप्रति विजयंते हीरविजयसूरीशाः । ये श्वेतांबरयतीनां सर्वेषामाधिपत्यभृताः ॥९॥ कलिकालेपि प्रकटीकृततीर्थंकरसमानमहिमानः । गीयंते सकलैरद्भुतमाहात्म्यदर्शनतः ॥१०॥ (सं० १६२८ 'कल्पकिरणावलिग्रंथप्रशस्ति.)

(३) तस्सवि पयम्मि एगीकाऊण सोमसूरे आघडिओ । उभयसहावो तेण सिरिहरी–विजयगुरू ॥५॥ संपइ तं जुगपवरं पणमित्ता पणयभावभावण्णे । सव्वम्मि अ जिअलोए तोयतं नेहनयणेहिं ॥६॥ (सं० १६२९मां महो० श्री धर्मसागरगणिकृत–'कुपक्षकौशिक सहस्रकिरण' विश्राम १)

(४) 'जो आचार्यपद आपो तो हीरहर्षगणि योग्य छे, महापंडित छे, मोटा वैरागी छे, जो गच्छनुं भाग्य हशे तो ए गच्छनायक थशे.' (खरतर–तपागच्छपत्रमांथी.)

[जैन परंपरानो इतिहास, भा० ३ पृ० ७०१-७०२नी फुटनोट]

पू. हीरगुरु पण आ महोपाध्यायजीथी ज गच्छनी शोभा समजता.

"तेओ (महो० श्री धर्मसागरजीम०) केवा भारी विद्वान् अने लेखक पण हता. एथी तेमना बनावेला–'औष्ट्रिकमतोत्सूत्रदीपिका (सं० १६१७), व्याख्यानविधिशतक, सर्वज्ञशतक, प्रवचनपरीक्षा–सटीक, कल्पकिरणावली (सं० १६२८), जंबुद्वीपप्रज्ञप्तिटीका (सं० १६३९), षोडशश्लोकीवृत्ति (गुरुतत्वप्रदीपिका), महावीरविज्ञप्तिद्वात्रिंशिका, पर्युषणा–(दश) शतक–वृत्तिसहित' वगेरे ग्रंथो जोवाथी स्पष्ट जणाई आवे छे. धर्मसागरजीनी विद्वत्ता अने तेमनी योग्यताना परिचय माटे श्रुतसागरजीना शिष्य शांतिसागरे सं० १७०७मां 'कल्पकौमुदी'नी पाटणमां लखेली प्रशस्तिनो निम्नलिखित श्लोक ज पूरतो छे

तद्राज्ये गहनार्थशास्त्रघटनाप्रौढाभियोगास्तथा–
ऽतुच्छोत्सूत्रमहीविदारणहलप्रख्याः सुसंयोगिनः ॥
दुर्दान्तप्रतिवादिवादददमनस्थेयः प्रतिज्ञाभृतः,
श्रीमद्वाचकधर्मसागरगुरूत्तंसा अभूवन् शुभाः ॥१॥

धर्मसागरजीनी कृतियो अने तेमनां कार्योनुं निरीक्षण करतां एम स्वीकारवुं ज जोइए के–कविए आ श्लोकमां धर्मसागरजीनी करेली स्तुतिमां लगारे अत्युक्ति जेवुं नथी कहेवानी कंई ज आवश्यकता नथी के–**'ते समयमां धर्मसागरजी ज एक हता के–जेओओ पूरजोसमां चालता खरतरगच्छ अने कटुकमत विगेरे मतोनी सामे थईने तेमने परास्त करवामां सौथी आगेवानीभर्यो भाग लीधो हतो,**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હીરવિજયસૂરિ તેમની આ અતુલશક્તિને સંપૂર્ણ જાણતા હતા, અને તેઓ એમ પણ સમજતા હતા કે–'**આવી મહાન શક્તિશાલી વ્યક્તિથી જ ગચ્છની શોભા છે**'

(ઐતિહાસિકરાસસંગ્રહ ભા૦ ૪ થાના '**નિરીક્ષણ**'ના પૃ૦ ૧૫ થી ૧૬)

કડુઆમતીઓને તપગચ્છી બનાવ્યા.

(પૂ૦ હીરહર્ષગણિને હીરસૂરિજી બનાવ્યા પછી) ગચ્છનાયકે પાટણ આવી તેમનો વંદન (પાટ) મહોત્સવ કર્યો. પાટણ જૈનસંઘનો ઉદ્યોત થયો. વડીપોષાળના શ્રાવક **ધનજી મનજી** અને રાધનપુરનો કડુઆમતનો શ્રાવક વગેરે મહો૦ ધર્મસાગર પાસેથી શંકા સમાધાન મેળવી તેમના રાગી થયા અને તેમનું કુટુંબ પણ તપગચ્છમાં આવી ભળ્યું. (સં૦ ૧૬૧૧માં) મહોપાધ્યાયજી **રાધનપુર**માં ચોમાસું રહ્યા. ત્યાં ઘણાં કડુઆમતિઓને પ્રબોધ્યા.

દેવા કોચરને પશરત કરવામાં સમર્થ મહોપાધ્યાયજી જ ભાસ્યા.

બીકાનેરમાં બરતરગચ્છનો મુખ્ય શ્રાવક **દેવો કોચર**, નગોરીલોંકામાં ભળી **નીતા-નીત**ની ચર્ચા કરતો હતો. તેણે પચાસેક ઘનિકોને પોતાના બનાવ્યા. આથી બીકાનેરના સંઘે (સં૦ ૧૬૧૪માં) ભ૦ વિજયદાનસૂરિજીને વિનંતિ કરી કે–'આને પહોંચી વળે તેવા ગીતાર્થને બીકાનેર ચાતુર્માસ માટે મોકલો.' (પૂ૦ ભટ્ટારકશ્રીને તેવા ગીતાર્થ તો મહો૦ પાધ્યાય શ્રી ધર્મસાગરજી એક જ ભાસવાથી તેઓશ્રીએ સં૦ ૧૬૧૫માં મહોપાધ્યાયજીને એ માટે ચોમાસું કરવાની ફરમાવેલી આજ્ઞા મુજબ તેઓએ બિકાનેર જઇ તે દેવા કોચરને વા.માં નિરુત્તર કર્યો.)

મહો૦જીએ શાસ્ત્રો જોવા પણ ગુરુઆજ્ઞા મેળવી!

મહો૦ ધર્મસાગરજીએ ગુરુઆજ્ઞાથી (પોતાને પૂ૦ વિજયદાનસૂરિજી હસ્તક ભેટ મળેલ જિનાગમ પંચાંગીને સાથે લઈ) બીકાનેર તરફ વિહાર કર્યો, તેમને એક ગામમાં–'બરતરગચ્છનો (સાધુને બદલે) યતિ તથા બરતરગચ્છની સાધ્વીઓ સાથે સાથે વિહાર કરતા જોઇ ભારે આશ્ચર્ય થયું. આથી તેમણે (તે બરતર આદિ અન્યગચ્છોની સામાચારી તપાસવા સારૂ પ્રથમ તો) ગચ્છનાયકની આજ્ઞા મેળવી બીજા ગચ્છોની સામાચારી જોવાનું શરૂ કર્યું.

મહો૦જીનો આરાધકભાવ, વિરોધીઓને પણ આરાધક બનાવતો.

તેમને બરતર, પૂનમીયા વગેરેની સામાચારી જોતાં તે બધા **ઉત્સૂત્રભાષી** લાગ્યા. તે (હકીકત પૂ૦ ગચ્છનાયકને જણાવીને ગુરુઆજ્ઞાથી તેઓ) મેડતામાં (શ્રી સંઘે કરેલાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપૂર્વ સામૈયાપૂર્વક) ચોમાસા માટે પધાર્યા અને પં૦ વિજયવિમલગણિ–વિદ્યાવિમલગણિ –વિવેકવિમલગણિ–જ્ઞાનવિમલગણિ વગેરે મુનિવરો સહિત તે સં૦ ૧૬૧૬ નું ચાતુર્માસ (તેઓશ્રીએ) મેડતા મુકામે કર્યું.

ત્યાં તપાગચ્છના આગેવાન (જૂના રાજ) મંત્રી શ્રાવક કલ્યાણમલ અને રાજમાન્ય મંત્રી શ્રી સહસ્રમલ રહેતા હતા. તે બંને વચ્ચે સુમેળ નહોતો. મંત્રી કલ્યાણમલ બહુ ધર્મપ્રેમી હતા. હંમેશાં ઉભયટંક પ્રતિક્રમણ અને પાખીએ પૌષધ કરે. વ્યાખ્યાનમાં નિત્ય બહુ મૂલ્ય વસ્ત્રો પહેરીને આવે, 'સોનાની કટાર' રાખે, પણ માથે પાઘડી બાંધે નહિ. (ફાળીયું જ લપેટે) કારણ એ કે–"રાવ **માલદેવની** સભામાં તેણે 'મંત્રી સહસ્રમલને મારીશ ત્યારે જ પાઘડી બાંધીશ' એમ પ્રતિજ્ઞા કરી હતી." આ પ્રતિજ્ઞાને ૨૫ વર્ષો વીતી ગયાં. મહો૦ ધર્મસાગરજીને આ વાત સાંભળી નક્કી થયું કે–'મંત્રી કલ્યાણમલ ધર્મપ્રેમી છે, પણ ક્રોધી અને વટનો કટકો છે.'

મંત્રી, મહોપાધ્યાયજીને હંમેશાં વંદન કરતો મંત્રી સહસ્રમલ પણ હંમેશાં સમય મળે ત્યારે મહોપાધ્યાયજીનાં દર્શને આવી જતો. એકવાર રાત્રે મહોપાધ્યાયજીએ મંત્રી સહસ્રમલને જણાવ્યું કે-'કલ્યાણમલજી મહા ક્રોધી છે, તમારો મોટો દુશ્મન છે, માટે તમારે રાત્રે એકલા આવવું–જવું નહિ' ત્યાં તે રાત્રે પ્રતિક્રમણ કર્યા બાદ સામાયિક લઈ અંધારે બેઠેલા મંત્રી કલ્યાણમલે મહોપાધ્યાયજીના ઉપર્યુક્ત શબ્દો સાંભળ્યા અને ભારે ગુસ્સામાં આવીને મહોપાધ્યાયજીને–'આજ પછી તમને વાંદે તે તમારો દીકરો' એમ કહીને સામાયિક પાર્યા વિના જ ઘેર ચાલ્યો ગયો.

મંત્રીએ ઉપાધ્યાયજીનું વંદન બંધ કર્યાની વાત તેની પત્નીએ જાણતાં મંત્રીને ગુરુ મહારાજ પ્રત્યે તેમ નહિ વર્તવા ઘણું સમજાવ્યા, પણ મંત્રી એકના બે થયા નહિ. ગુરુ-વંદન–વ્યાખ્યાન અને પોષાલમાં પ્રતિક્રમણ તથા પૌષધ પણ બંધ કરનાર તે વટદાર મંત્રીને સંઘના ભાઈઓએ ખૂબ સમજાવ્યા, મહોપાધ્યાયજીના કહેવાથી પં૦ વિમલસાગરગણિ તેને ઘેર સમજાવવા ગયા! છતાં તેમણે કોઇનું માન્યું નહિ!

પર્યુષણ પ્રસંગે બરતર–પૂનમીયા તથા લોંકાગચ્છના ગૃહસ્થો, મંત્રીને પોતપોતાની પોષાળે લઇ જવા સમજાવવા ગયા. પ્રયાસમાં તેઓએ મંત્રીને જણાવ્યું કે–'મહોપાધ્યાયજી આકરા છે અને તમે તો રાગ–દ્વેષરહિત એવા ધર્મપ્રેમી છો, વળી કલ્પસૂત્ર તો સૌનું એક છે, તો અમારી પોષાળે પર્યુષણ કરવા પધારો.' મંત્રી કલ્યાણમલે તેઓને ઉત્તરમાં જણાવ્યું કે–**'ભાઇ! સાંભળો. વાણીયો મહાજનથી રીસાય; પણ કંઇ ઢેઢની પંગતમાં જઈને ન બેસે તમે સૌ ઉત્સૂત્રભાષી છો, તમારે ત્યાં 'કલ્પસૂત્ર' સાંભળવાથી મારો અનંત સંસાર વધે. મારે એવું કરવું નથી આપ આવ્યા**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે આવ્યા પણ હવે પછી મારી પાસે આવીને આ વાત [૧૭] કાઢશો નહિં.”

મહોપાધ્યાયજીએ આ ઘટના સાંભળી ત્યારે નક્કી કર્યું કે-“**મંત્રી કલ્યાણમલ્લ, ધર્મમાં પણ વટનો કટકો છે. ખરેખર આ શ્રાવક શુદ્ધસમ્યક્ત્વધારી છે, સાચા માર્ગનો જાણકાર છે, તો મારે તેને ખમાવવો જ જોઇએઃ એમ ન કરૂં તો મને સંવત્સરી પ્રતિક્રમણ કરવું સૂઝે નહિં.**” એમ ચિંતવી મહોપાધ્યાયજી સંવત્સરીના દિવસે ‘**ચૈત્યપરિપાટી**’ કર્યા પછી પં૦ વિમલસાગરગણિને સાથે લઇ મંત્રીને કલ્યાણમલ્લને ઘેર પધાર્યા!

મંત્રી, ઘરના બીજા માળે પોતાનાં કુટુંબ સાથે પૌષધ લઈ બેઠા હતાં તેમના પત્ની અને ૪ પુત્રો પૌષધમાં હતું. એવામાં મહોપાધ્યાયજીને આવતાં હોવાનું જાણીને મંત્રી કમાડ બંધ કરી બેસી ગયા. મહોપાધ્યાયજી આવ્યા જાણીને પુત્રોએ કમાડ ખોલ્યું. તેઓએ મહોપાધ્યાયજીને બોલાવી (મંત્રીની) સામે બેસાડયાઃ છતાં મંત્રીએ તેઓને વાંદ્યા તો નહિ; પરંતુ તેમની સામે પણ જોયું નહિ!

મહોપાધ્યાયજીએ તેને ઉપદેશ આપ્યા, સૌને સમતારસની વાગ્ધારાથી નવડાવી દીધા! ખમતખામણાનો પરમાર્થ સમજાવ્યો. આ સાંભળી મંત્રીનો ક્રોધ ઓસરી ગયો! અને સૌ વાજતે ગાજતે ઉપાશ્રયે આવ્યા! બધાય સંવત્સરીપ્રતિક્રમણ કરવા બેઠા, મહોપાધ્યાયજીએ શ્રી સંઘની સાથે મંત્રીને પણ (સંઘ વચ્ચે પોતાની ભૂલને જાહેર કરવા પૂર્વક) ખમાવ્યા! એ જોઈ મંત્રી કલ્યાણમલ્લે પણ (એ જ પ્રકારે પોતાનું વૈર જાહેર કરીને) મંત્રી સહસ્રમલને ખમાવ્યો. આ પ્રકારે અરસપરસ ખમતખામણાં થવાથી સૌનું મન શુદ્ધ થયું. બીજે દિવસે બંને મંત્રી એક ભાણે બેસીને જમવાપૂર્વક બંને મંત્રીએ ૨૫ વર્ષનું જુનું વૈર વોસીરાવ્યું.

રાજા માલદેવે આ ઘટના સાંભળી મહોપાધ્યાયજીને રાજદરબારમાં તેડાવ્યા. તેમને ઉપદેશ સંભળાવ્યો. ધર્મગોષ્ઠી કરી તેઓને ઉપાશ્રયે વાજતે ગાજતે મોકલ્યા.

[‘જૈનપરંપરાનો ઇતિહાસ’ ભા૦૩ પૃ૦૭૦૩થી ૭૦૭]

---

૧૭. ઐક્યતાને ઓઠે-‘૧ સૂત્રભાષી, ૨ સૂત્ર ઉત્થાપક અને ૩ સૂત્રોનો સર્વથા લોપક’ એ પ્રકારના ત્રણ ક્ષીરકાને એક વખત એક કરવાની ઝુંબેશ ઉઠાવનાર અને આજે પણ એ જ ઝુંબેશ ઉઠાવવાની તક બોળી રહેલ દ્વિવિધસંઘી શ્રીમદ્ અને તેમના સાગ્રીતોમાં તેમ જ શ્રી કલ્યાણમંત્રીએ પોતાના ઉપર્યુક્ત ઉત્તરમાં જણાવેલા ત્રણ ઉત્સૂત્રભાષી ગચ્છીઓની સાથે સમયધર્મને ઓઠે એકતા દાખવવા પૂર્વક ‘સૂત્રભાષી મુનિવર્ગની મજાક ઉડાવવામાં’ પોતાને સુધારક લેખાવનાર કેટલાક વેષધારીઓ અને તેમના સાગ્રીતોમાં શ્રી કલ્યાણમલ્લ મંત્રીના ઉપર્યુક્ત ઉત્તરમાં ઝળકતા સુદૃઢ સંવિજ્ઞપાક્ષિકપણાના તો અંશમાત્રની ય સંભાવના શ્યે કલ્પી શકાય? પરંતુ વિશિષ્ટ પ્રકારના માર્ગાનુસારીના અંશનીયે સંભાવના કરવી મુશ્કેલ છે કે નહિ? એ વાત, આ સદ્ધર્મને વિષે સુદૃઢ એવા શ્રાવકમંત્રીના ઉદાહરણને નજર સામે રાખી તે પ્રકારના સુધારક વેષધરો આદિ સમયધર્મીઓએ વિચારવી રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહોપાધ્યાયજી ખરેખર 'સરસ્વતીલબ્ધપ્રસાદ' છે.

મહોપાધ્યાયજીએ ઉપાશ્રયે આવીને 'શ્રીઋષભદેવપદાંબુજયામલમ્' વાળું ૨૮ પદ્યોનું નવું સ્તોત્ર રચ્યું. શ્રાવકોએ તે સ્તોત્ર લખી લીધું અને મુખપાઠ કર્યું. ત્યારે એક યતિમહાત્માએ તે સ્તોત્રને અશુદ્ધ તરીકે જાહેર કર્યું. મહોપાધ્યાયજીએ તે સ્તોત્રની ૫૦૦ શ્લોક-પ્રમાણ વૃત્તિ રચી ત્યારે તે જ યતિમહાત્મા, તે 'વૃત્તિ' વાંચી ભારે ખુશ થયા, ચમત્કાર પામ્યા અને કહેવા લાગ્યા કે–"ખરેખર મહોપાધ્યાયજી **'સરસ્વતીલબ્ધપ્રસાદ'** છે." ત્યારથી મારવાડમાં સર્વે મહાત્માઓ મહોપાધ્યાયજીની પ્રશંસા કરવા લાગ્યા.

ખરતરના ઉપા૦ ધનરાજને છટકવા દેશો નહિ.

બાદ મહોપાધ્યાયજી ત્યાંથી (ચાતુર્માસ ઉતર્યે વિહાર કરી) ચિત્તોડ પધાર્યા. ત્યાં તેમણે ખરતરગચ્છની ઉત્પત્તિની શરૂઆતના આચાર્યોનો ઇતિહાસ નવ શ્રાવકોને જણાવ્યો. તે શ્રાવકોએ મહો૦ ધર્મસાગર અને ખરતરગચ્છના ઉપા૦ ધનરાજને તે બાબત ચર્ચા કરવા વિનંતિ કરી ઉપા૦ ધનરાજે–'જેસલમેર કે બિકાનેરમાં મોટા ગ્રંથભંડારો છે, ત્યાં ચર્ચા કરીશું,' એમ ઉત્તર વાળી (જેસલમેર કે બિકાનેરને બદલે) પાટણ તરફ વિહાર કર્યો। (તેવો ઉત્તર વાળીને તેઓ પાટણથીયે અન્યત્ર છટકી ન જાય, એ સારૂ) મહો૦ ધર્મસાગરજીએ 'તે પાટણ પહોંચે ત્યારે તેમને રોકી રાખજો' એમ સમજાવી પોતાના વિદ્વાન્ શિષ્ય પં૦ વિમલસાગરગણિને તેની પાછળ મોકલ્યા અને મહોપાધ્યાયજી, જાલોરમાં સં૦ ૧૬૧૭માં પં૦ પદ્મસાગર–પં૦ જયસાગર અને પં૦ શ્રુતસાગરને દીક્ષા આપીને પછી પાટણ પધાર્યા. તે સં૦ ૧૬૧૭માં ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રસૂરિ પણ પાટણ ચાતુર્માસ રહ્યા હતા.

સાચાને ખોટા ઠરાવવાનો કૂટ ઉપાય.

આજ સમયે ગચ્છનાયક ભ૦ વિજયદાનસૂરિ તેમજ આ૦ હીરવિજયસૂરિ વગેરે ખંભાતમાં ચોમાસુ રહ્યા હતા ઉપા૦ ધનરાજે પાટણ આવી બધી પોષાળોના ભટ્ટારકો (આદિ)ને **'જેસલમેરી કાંબળી'** આપી સૌનાં વચન લીધાં કે–'તમારે આ૦ અભયદેવસૂરિ બાબતે મારા પક્ષમાં સંમતિ[૧૮] આપવી.' તે બધા ભટ્ટારકો, ઉપાધ્યાયો અને પંડિતોએ તેને હા[૧૯] કહી.

---

૧૮. આ બીનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે–"ખરતરગચ્છના ભટ્ટારક જિનચંદ્રસૂરિ તથા ઉપા. ધનરાજ પણ જાણતા જ હતા કે–'આ૦શ્રી અભયદેવસૂરિજીને ખરતરગચ્છના લેખાવવાનું' તો પોતાના વડિલોએ ઉપજાવી જ કાઢેલું છે."

૧૯. આ ઉલ્લેખ અંગે 'જૈનપરંપરાનો ઇતિહાસ' ભા. ૩ના પૃ. ૭૦૮ ઉપર નં. ૨૦વાળી ફુટનોટ "ખરતરગચ્છના મહો સમયસુંદરગણિવરે 'સામાચારીશતકપ્રકરણ'માં 'આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા' એવી ૮૪ ગચ્છોની માન્યતા બતાવવા બધા ગચ્છના યતિઓની સહીઓ આપી છે; પરંતુ એ લખાણ સાચું છે કે નહિ? તેનો ખુલાસો ઉપરના લખાણથી થઇ જાય છે." એ પ્રમાણે 'આત્માનંદ પ્રકાશ' વર્ષ ૧૪, અંક ૪ માંથી લીધી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નં.....

૨૦**નવો ગ્રંથ**:-(એ નિર્ણય સિદ્ધ કરવા સારૂ બંને ગચ્છના) સૌએ=સર્વ મુનિ ઓએ પ્રથમ તપગચ્છ લઘુપોષાળનો ગ્રંથભંડાર જોયો અને પછી તપગચ્છની વડીપોષાળનો ગ્રંથભંડાર જોયો, તો તેમાંથી સંસ્કૃત ભાષાનો ૨૧'**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' નામનો ગ્રંથ સંસ્કૃત ટીકા સાથેનો મળી આવ્યો. તેમાં ખ તર-પૂનમીયા-આંચલિક-સાર્દ્ધ પૂનમીયા અને આગમીયા એ પાંચ મતોનો અસલી ઇતિહાસ નીકળ્યો. તેમાં તે બધાને નિહ્નવ જેવા બતાવ્યા હતા. આ ગ્રંથનું બીજું નામ '**ગુરુતત્વ પ્રદીપ**' પણ હતું. જેમાં વિશ્રામ ૮ શ્લોક ૨૨૧ અને વિવરણ ૧૯૫૨ (શ્લોકપ્રમાણ) હતું.

સ્વગચ્છની ઉત્પત્તિનો યથાર્થ હેવાલ પચ્યો નહિ!

આથી તે ખરતરગચ્છના શ્રાવકોએ, ખંભાત ભ૦ વિજયદાનસૂરિજીને પત્ર લખી વિનતિ કરી કે "આપ આ. અભયદેવસૂરિ ખરતરમાં થયા છે, એવું લખી મોકલજો. અહીં તમારો ગીતાર્થ ચોમાસું છે, તે પાટેથી જુદી જ વાતો કરે છે અને રાગ-દ્વેષ વધારે છે. આપનો ઉપર જણાવ્યા મુજબનો પત્ર આવવાથી રાગ-દ્વેષ મટી જશે. તમે મહંત છો, રાગ-દ્વેષને વારનારા છો, તીર્થંકર સમાન છો; તો રાગ-દ્વેષ ઘટે તેમ પત્ર લખી મોકલજો."

સત્યકથકને સત્ય બોલતા રોકવાની ચાલબાજી.

મહોપાધ્યાયજીએ ખંભાત તેવો પત્ર ગયાના સમાચાર જાણ્યા. તેમણે શેઠ શિવજી ભાઈને કહીને સંઘનો એક માણસ ખંભાત ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજી પાસે પત્ર લખી આપીને મોકલ્યો. પત્રમાં તેમણે જણાવ્યું કે-"અમે પૂ૦ આ૦ શ્રી મુનિસુંદર-સૂરિજી વગેરે પૂર્વાચાર્યોના ગ્રંથો ભંડારમાંથી કાઢીને જોયા છે, તે આધારે નક્કી થાય છે કે-'આ૦ અભયદેવસૂરિ, ખરતર નથી. ખરતરની સામાચારી બોટી છે.' તો આપ અહીંના ખરતર ગચ્છના શ્રાવકોને જે ઉત્તર આપો તે વિચારીને આપજો."

પટણી ચાલબાજીને ટપી જાય તેવી ખંભાતી કુનેહ!

બીજે દિવસે ખંભાતમાં વ્યાખ્યાન બાદ ખરતર ગચ્છના શ્રાવકોએ પૂછયું કે-'આ૦ શ્રી અભયદેવસૂરિ કયા ગચ્છમાં થયા?' ગચ્છનાયકે કહ્યું કે-'ખરતરમાં થયાનો

૨૦. આ ઇતિહાસકાર પૂ૦ ત્રિપુટી મહારાજે અહીં વિરોધી ઇતિહાસકારોની વાતો પર મદાર રાખીને ત્રણસો વર્ષ પૂર્વેના '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' નામના પ્રાચીન ગ્રંથને 'નવો ગ્રંથ' કહી દેવામાં ઐતિહાસિક ભૂલ કરી ગણાય.

૨૧. આ ગ્રંથ, વડીપોપળાનાં ૪૪મા પટ્ટધર આ૦ શ્રી ક્ષેમકીર્તિસૂરિજીના વિદ્વાન શિષ્ય નયપ્રભજીએ વિ૦ સં૦ ૧૩૩૫ લગભગમાં રચેલ હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[૨૨]પ્રદ્યોષ છે' આ સાંભળી ખરતર ગચ્છના શ્રાવકોએ તુરત જ કહ્યું કે-'તો આપ એટલું જ લખી આપો એટલે કલેશ મટી જાય.' ગચ્છનાયકે આ૦ હીરવિજયસૂરિને એ શબ્દો લખી આપવા આજ્ઞા કરી. આ૦ હીરવિજયસૂરિએ તરત જવાબ આપ્યો કે-'ગુરુદેવ! હમણાં હું ધ્યાનમાં બેસું છું, તો મધ્યાહ્ન[૨૩] પછી લખી આપીશું.'

[અહીં પ્રભુશાસનવત્સલ કલ્યાણકામી જૈનોએ આ વાત ખાસ લક્ષમાં લેવી રહે છે કે-" પૂ૦ ગુરુદેવના 'ખરતરમાં થયાનો પ્રદ્યોષ છે' તે સરલ પરિણામી શબ્દો, જો પૂ૦ હીરસૂરિજીના પુણ્યહસ્તે ખરતરોને તે વખતે જ લખી અપાઈ જવા પામ્યા હોત તો તે ગુરુદેવના હસ્તકને ઓઠે-તે સમયે પાટણમાં ખરતરગચ્છીઓએ આ૦ શ્રી અભયદેવસૂરિજીને 'ખરતરના જ કહેવા' માટે તૈયાર કરેલા ૮૪ ગચ્છના સાથીદારોના પણ સહકારપૂર્વક તપગચ્છ ઉપર તૂટી પડીને (**તપગચ્છના આ૦ શ્રી અભયદેવસૂરિજીને** -પાટણની જાહેર સભામાં અનેક શાસ્ત્રોના આધારે **તપગચ્છના** જ સાબિત કરી આપવાની પહેલ કરવાના ખમીરવાળી તપગચ્છની અભૂતપૂર્વ વફાદારી બજાવનાર શાસન-પ્રાસાદસ્તંભ) **તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરને માથે** તે મહોપાધ્યાયજીને **'ગુર્વાજ્ઞાલોપક'** તરીકે લેખાવવાની ઝડી વરસાવવામાં શું કમીના રાખી હોત? અને તે તપગચ્છસંરક્ષક મહોપાધ્યાયજીના કેટલાક સ્વગચ્છીય * તેજોદ્વેષીઓએ પણ તે ઝડીમાં સૂર પૂરાવવામાં શું કમીના રાખી હોત?"

---

૨૨ ખરતરના શ્રાવકોનો એ પ્રશ્ન તથા પૂ૦ તપાગચ્છનાયકશ્રીના એ ઉત્તર ઉપરથી આ વાત ફલિત થાય છે કે-" ખરતરગચ્છના આચાર્યાદિએ, શાસ્ત્રોમાં જણાવેલ તપગચ્છના આ૦ શ્રી અભયદેવસૂરિજીને ખોટી રીતે જ 'ખરતરગચ્છીય' લેખાવ્યા છે; એ તપાસવા સારૂ તપગચ્છના પણ કોઇ પૂ૦ આચાર્ય આદિ વર્તમાન મુનિવરોએ આ સમય સુધી પ્રયાસ કર્યો નહોતો! જ્યારે બીજી બાજુથી-ખરતરવાળાઓએ તપગચ્છના તે અંધેરનો લાભ 'અભયદેવસૂરિ ખરતરના હોવાની સંભાવના તપગચ્છમાં પણ વ્યાપકપણે પ્રસરાવવારૂપે' ઉઠાવ્યો હતો."

૨૩, પોતાના ગુરુદેવની આજ્ઞાનું પાલન અતિત્વરાએ કરનાર પૂ૦ આ૦ હીરવિજયસૂરિજીના શ્રીમુખેથી પ્રસ્તુત ગુર્વાજ્ઞાપાલનમાં તે પ્રકારનું વિલંબાત્મક વાક્ય સરકી પડવામાં શાસનદેવનો જ સંકેત માનવો રહે.

* અર્થાત્ ઇતિહાસ મુજબ-"સં૦ ૧૬૧૦માં પોતાને બદલે પૂ૦ હીરહર્ષગણિને આચાર્યપદ અપાવ્યું, તે અંગે પૂ૦ મહો૦શ્રી ધર્મસાગરજીગણિ પ્રતિ ત્યારથી દ્વેષ ધરાવનાર-'તપાગચ્છીય **પૂ૦ મહો૦ શ્રી રાજવિમલજી**, તેમના શિષ્ય **ઉપા૦ શ્રી મુનિવિજયજી**, તેમના શિષ્ય **ઉપા૦ શ્રી દેવવિજયજી**, તેમના ગુરુબંધુ 'વિજયતિલકસૂરિરાસ'ના જોમી ઘડવૈયા **કવિશ્રી દર્શન વિ૦** ગણિ અને તેમના મિત્ર **સિંહવિજયજી** વગેરે તેમજ [સં૦ ૧૬૨૮માં વડિલમુનિઓમાંના કોઈ પણ મુનિને બદલે સૌથી નાના 'શ્રી જયવિમલ' મુનિને આચાર્યપદવી અપાવી તે બદલ-મહોપાધ્યાયજી પ્રતિ ક્ષીણાનુબંધિ ધરાવનાર] પૂ૦ **મહો૦શ્રી સકલચંદ્રગણિ, ઉપા૦શ્રી કીર્તિ વિ૦ગણિ, ઉપા૦ શ્રી સોમવિ૦**

(અનુસંધાન પેજ ૪૩ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરતરગચ્છના શ્રાવકો મધ્યાહ્ન પછી ઉક્ત લખાણ લેવા આવ્યા, એટલે આ. હીર-વિજયસૂરિ લખી આપવાને તૈયાર થયા! એવામાં ખંભાત તપગચ્છના અગ્રેવાન શ્રાવક **સં. ઉદયકરણ** અને **વ્યા. પાસદત્ત** વગેરે શ્રાવકોએ આવી પૂછયું કે-'ગુરૂદેવ! શું લખી આપો છો?' ગચ્છનાયકે (પાટણમાં મહો. ધર્મસાગરજીએ, આ. અભયદેવસૂરિને ખરતરના લેખવાનો નિષેધ કરવાથી કલેશ થયો છે એ વગેરે) વસ્તુ યથાર્થરૂપે જણાવી. એટલે સં. ઉદયકરણ વગેરે સંઘે જણાવ્યું કે-"આ અંગે આપના ઉપર મહો૦ ધર્મ-સાગરજીનો કોઇ પત્ર છે? તેમનો પત્ર આવે તે પછી વિચારીને લખી આપવું ઠીક રહેશે. આમાં કાંઇ ફેરફાર હશે તો 'મિચ્છામિદુક્કડં' આપી શકાશે." (પરિણામે ખરતરગચ્છના શ્રાવકો, મનના કોડ સમેટીને ચાલ્યા ગયા.

મહો૦ના પત્રે, તપાગચ્છના વિજયનો વિનાશ અટકાવ્યો!

એ જ સમયે પાટણથી મહોપાધ્યાયજીનો પત્ર આવી પહોંચ્યો! તેમાં જણાવ્યું હતું કે-"આ. શ્રી અભયદેવસૂરિ ખરતર નહોતા, (એમ અહીં સમસ્ત ગચ્છો વગેરેની જાહેર સભામાં) ૨૧ ગ્રંથોના સાક્ષીપાઠોથી સાબિત કરી આપ્યું છે. ખરતરગચ્છે નવી પ્રરૂપણા કરીને શાસ્ત્રવિરૂદ્ધ ૩૬૦ બોલ પ્રરૂપ્યા હોઇ (તેની સમાચારીને ખોટી ઠરાવી છે.)"

પત્રમાંની આ-તપગચ્છના વિજયની બીના-સાંભળીને જોડે બેઠેલ બાલ વિદ્વાન્ મુનિ **જયવિમલ** વગેરે મુનિવરો કેવા પ્રભાવિત થયા હોય? અને મહોપાધ્યાયજી પ્રતિ કેટલું બહુમાન ધરાવતા થયા હોય? એ સહેજે સમજી શકાય તેમ છે. પત્ર વાંચ્યા બાદ ભ. વિજયદાનસૂરિજી તથા આ. હીરવિજયસૂરિજીએ સં. ઉદયકરણ આદિ સંઘ સમક્ષ નક્કી કર્યું કે-'આ પૂર્વાચાર્યોના ગ્રંથોને લોપાય નહિ અને ખરતરગચ્છવાળાને કાંઈ લખી પણ અપાય નહિ.'

અત્ર-"મહોપાધ્યાયજીએ જો આ પત્ર સમયસર ન પાઠવ્યો હોત તો ખરતરગચ્છના શ્રાવકોની પ્રપંચજાળને ઉકેલવા નહિ જ થોભેલા ઉક્ત સરલસ્વભાવી પૂ૦ ગુરૂવરોએ આ નિર્ણય ઉપર આવ્યા પહેલાં-ખરતરના શ્રાવકોને 'આ. શ્રી અભયદેવસૂરિ ખરતરના કહેવાય છે.' એમ સ્પષ્ટ લખી જ આપ્યું હોત! તો એને પરિણામે-પૂ૦ મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરે ડંકાની ચોટે પાટણમાં પ્રાપ્ત કરેલ-તપાગચ્છના દિગંતવ્યાપી વિજયનો-વિનાશ, જતે દહાડે તે પૂ. ગચ્છનાયક ગુરૂપ્રવરોના નામે જ ચડી જવા પામ્યો

ગણિ, **શ્રી સિંહવિમલગણિ** વગેરે તપાગચ્છીય પૂ૦ મુનિવરોએ પણ પૂ૦ ગચ્છનાયકના રહસ્યવૃત્તિ-જન્ય તેવા લખાણના ઓઠે (તપગચ્છને સર્વાંગસમર્પિત એવા તે) પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજીગણિને **'ગુરૂવચનલોપી'** તરીકે શ્રી તપગચ્છમાં પણ ચોમેર લેખાવવા માંડીને સર્વત્ર ઉતારી પાડવામાં શું કમીના રાખી હોત? અને તેથી ઇતિહાસના પાને પણ તેઓશ્રીની તપગચ્છ પ્રતિની સંપૂર્ણ વફાદારી, કેવી ક્રૂર રીતે બેવફાદારી તરીકે આલેખાઇ જવા પામી હોત?"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોત." એ તાત્પર્ય છે.

દસ્તકતોના અભાવે ખરતરો વીલામુખે ચાલ્યા ગયા.

ખરતરગચ્છના શ્રાવકો ત્રીજા દિવસે પણ લખાણ માગવા આવ્યા! ત્યારે પૂ. ગચ્છનાયકશ્રીએ તેઓને સ્પષ્ટ જણાવી દીધું કે–"આ૦ અભયદેવસૂરિ 'ખરતર' હોવાના સ્પષ્ટ શબ્દો (બંને ગચ્છોને માન્ય એવા કોઈપણ ગ્રંથમાંથી) બતાવો તો જ લખી આપી શકાય." પરિણામે (તેવા શબ્દો બતાવી શકે તેમ નહિ હોવાથી તે માયાજાળમાં નિષ્ફળ ગયેલા) તે ખરતરગચ્છના શ્રાવકો ત્યાંથી વીલામુખે ઊઠીને ચાલ્યા ગયા

શ્રી જૈનશાસનની અપૂર્વ ઉન્નતિ કરી!

મહોપાધ્યાય શ્રી ધર્મસાગર ગણિવરે (એ પ્રમાણે સં૦ ૧૬૧૭માં પાટણની જાહેર રાજસભામાં ખરતરીય આ૦ શ્રી જિનચંદ્રસૂરિ તથા ઉપા૦ ધનરાજની સાથે કરેલી શાસ્ત્રીય ચર્ચામાં) 'આ૦ અભયદેવસૂરિ, ખરતર ગચ્છના નથી, ખરતરની સામાચારી ખોટી છે' વગેરે સાબાત કરી બતાવીને શ્રી જૈનશાસનની અપૂર્વભૂત ઉન્નતિ કરી.

['જૈનપરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પેજ ૭૦૭ના પેરા ૩થી પેજ ૭૧૧ના પહેલા પેરા સુધીનો (ઐતિહાસિક ત્રુટક વાતોને ચોજીને સંકલનાબદ્ધ કરેલ) ઇતિહાસ.]

તપગચ્છના વિજયધ્વજ સમા ભવ્યગ્રંથની રચના.

મહોપાધ્યાયજીએ, સં૦ ૧૬૧૭માં પાટણ મુકામે પ્રાપ્ત કરેલ શ્રી તપગચ્છના ઉપર્યુક્ત વિજયના ધ્વજ સમા 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા' નામના પ્રૌઢ ગ્રંથની રચના તે જ વર્ષે પાટણમાં કરી. મહોપાધ્યાયજીનો આ શાસનરાગ જોઈ પાટણના મુખ્ય શ્રાવક સં. વ. શિવજીભાઈ તેમના ભક્ત બન્યા.

સં૦ ૧૬૧૮માં પાટણથી વિહાર કરી મહોપાધ્યાયજી અહિમનગર પધાર્યા અને તે વર્ષે ચાતુર્માસ પણ ત્યાં જ રહ્યા. અહિં મહોપાધ્યાયજીએ, ઉપા૦ લબ્ધિસાગરજી ગણિ વગેરે પાંચ શિષ્યો આદિને યોગોદ્વહન કરાવ્યા. ચોમાસું ઉતર્યે સં૦ ૧૬૧૯માં તેઓ અમદાવાદ પધાર્યા.

ગુરુના પ્રભાવક શિષ્યનું મંત્રીએ કરેલું બહુમાન.

એ સમયે અમદાવાદમાં (પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦ના ભક્ત શ્રાવક) **મંત્રી ગલરાજ** નામે શ્રેષ્ઠી હતો, દિશાવાલ જ્ઞાતિના 'વરણાઈગ' મંત્રીનો તે પુત્ર હતો. બાદશાહ મહમ્મદ (ચોથા)નો માનીતો હોઈ બાદશાહે તેમને **'મલેક શ્રી નગદલ'** બિરુદ આપીને મોટો વજીર બનાવ્યો હતો. [જૈનપરં. ઇતિ. ભા. ૩ના પેજ ૨૧૬ના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખાણ મુજબ] ૫૦૦ હબસી ઘોરેસ્વારોનો ઉપરી એવો તે વજીર, જૈનાચાર્ય ભ૦ વિજયદાન-સૂરિનો ([૨૪]સં૦ ૧૫૮૭ થી ૧૬૨૧) ભક્ત હતો. તે મંત્રીએ (પોતાના ગુરૂની કીર્ત્તિને પણ પાટણ ખાતે તાજેતરમાં જ દિગંત પ્રસરાવનારા અને પરમગુર્વાજ્ઞાંકિત) મહોપાધ્યાય ધર્મસાગર ગણિવરનો અમદાવાદમાં મોટા ઉત્સવપૂર્વક પ્રવેશમહોત્સવ કરાવી ૨૦૦૦ શ્રીફળની પ્રભાવના કરી. તેમણે મહોપાધ્યાયજીનું તે સં. ૧૬૧૯નું ચતુર્માસ પણ અમદાવાદ કરાવ્યું. મહોપાધ્યાયજીનાં વ્યાખ્યાનમાં હંમેશાં પાંચસો માણસો આવતાં. મંત્રી ગલરાજે ચોમાસામાં ચારેય મહિના પ્રભાવના કરી.

મંત્રીએ (મહોપાધ્યાયજીના ચાતુર્માસના તે) સં. ૧૬૧૯ થી ૧૬૨૦ સુધીમાં ભ. વિજયદાનસૂરિજીના ઉપદેશથી બાદશાહને સમજાવી શ્રી શત્રુંજય તીર્થનો છ મહિના સુધી **મુક્તાઘાટ**='લાગા-ચેઠ-ચેરા-યાત્રાકર વગેરે' માફ **કરાવ્યો હતો.** અને ગામેગામથી જૈનસંઘોને આમંત્રણ આપવા પૂર્વક તે તીર્થનો છ 'રી' પાળતો સંઘ કાઢી સંઘપતિ-પણાનો લ્હાવો લીધો હતો તેની ખુશાલીમાં તેમણે શ્રી શત્રુંજય તીર્થે સં. ૧૬૨૦માં મહાન્ દેરાસર બંધાવ્યું હતું. આ મંત્રી ગલરાજ, તપાગચ્છીય મોટો શ્રાવક હતો; પણ તપાગચ્છના [૨૫]વિજય-સાગરનાં વિખવાદમાં તે સાગરપક્ષમાં હતો. તેણે સં. ૧૬૧૯માં

---

૨૪. પૂ૦ વિજયદાનસૂરિજી મ૦, સં૦ ૧૬૨૨ના વૈ. શુ. ૧૨ના રોજ વડાવલી મુકામે સ્વર્ગવાસી થતાં તે સં૦ ૧૬૨૨થી તે મંત્રી, તેઓશ્રીના પટ્ટધર આ૦શ્રી હીરસૂરિજી મ૦ના સામ્રાજ્યવર્તી મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિપ્રવરના અતિ પરિચયથી શ્રાવક બનેલ.

૨૫. સં૦ ૧૬૭૯માં પૂ૦ મુનિશ્રી દર્શનવિજયજી કૃત '**વિજયતિલકસૂરિરાસ**'ને 'ઐતિહાસિક રાસ સંગ્રહ' ભાગ ચોથામાં જોઈને તે રાસના '**નિરીક્ષણ**' શીર્ષક તળેના લખાણનાં પૃ. ૩ ના પહેલા પેરામાં પૂ૦ મુનિશ્રી વિદ્યાવિ૦ મ૦ જણાવે છે કે-"રાસના કર્તાએ રાસની સાથે વિજયતિલક-સૂરિનું નામ જોડયું, પણ તે રાસના વિષયમાં ××× ખરી રીતે તો વિજયતિલકસૂરિને ગૌણતા મળી ગઈ છે અને મુખ્ય તરીકે વિજય અને સાગર એ બે પક્ષ જ જોવામાં આવે છે ××× તેમ છતાં પણ વિજય અને સાગરનો સમુદાય તો એકનો એક જ લાંબા કાળ (ઉક્ત નિરીક્ષણના પૃ ૩૫ માં જણાવ્યા પ્રમાણે સંવત ૧૬૮૬) સુધી કાયમ રહ્યો હતો. એટલે કે-ત્યાં સુધી ગચ્છનાયકની આજ્ઞા, સાગર-વિજય બંને માનતા હતા." પૂ૦ મુનિશ્રી વિદ્યાવિ૦ મ૦ની આ રપષ્ટતા, પૂ૦ ઇતિહાસકાર ત્રિપુટી મ૦ની '**વિજય-સાગરના વિખવાદમાં તે મંત્રી** (તે સમયે સાગરપક્ષ જ નહોતો છતાં) **સાગર પક્ષમાં હતો.**' એ વાતને બેવજુદ ગણાવે છે. તદુપરાંત-શાસનના રાગી અને ભારી ખમીર-વંત એવા તે શ્રાવકમંત્રીને અન્યાયકારી તથા પ્રભુશાસન અને પૂ૦ વિજયદાનસૂરિજી મ૦ના તે વિજય ગચ્છને અતિવફાદાર એવા તે મહો૦ શ્રી ધર્મસાગરજી પ્રતિનાં દ્વેષજન્ય લેખવી **રહે** છે. આ રથળે તે પૂ૦ ત્રિપુટી મહારાજે "**તે કહેવાતા વિખવાદ વખતે પણ તે વખતના સમર્થ સાગર-મુનિવરોએ પોતાનો 'સાગર' એવો અલગ પક્ષ ઊભો કરવાને બદલે વિજય-સાગરનો એક જ પક્ષ સં૦ ૧૬૮૬ સુધી ટકાવ્યો હતો.**" એ પ્રમાણે સર્વ ઇતિહાસના આધારે રપષ્ટ સત્ય જણાવી શકાય તેમ હતું. છતાં તે ચૂકીને તેઓશ્રીએ તેવી અવળવાણી ઉચ્ચારી છે, તેમાં શાસનસેવા શું દીઠી હશે? તે તો તેઓશ્રી જ જાણે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[૨૬]વિજયગચ્છના મોટા મુનિવરોને ત્રાસ આપ્યો હતો. [૨૭]આથી તેનો પ્રભાવક ઇતિહાસ મળતો નથી. અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આ મંત્રીના નામની [૨૮]'ગલા મનજી' પોળ છે. [જૈન પરંપરાનો ઇતિહાસ. ભા. ૩. પૃ. ૭૧૧ પેરા બે થી ચાર]

પાટણથી સંઘવી બૃ. (વ) શેઠ શિવજીભાઈ મહોપાધ્યાયજીને વાંદવા અમદાવાદ આવ્યા. મંત્રી ગલરાજ અને સં. બૃ. શેઠ શિવજીભાઈ વચ્ચે ગાઢ ધર્મપ્રેમ બંધાયો. તેઓ મહોપાધ્યાયજીને વિવિધ પ્રશ્નો પૂછતા. મહોપાધ્યાયજી સૌની શંકાનું નિવારણ કરતા અને યોગ્ય સમાધાન કરતા.

---

૨૬. પ્રસ્તુત ઇતિહાસકાર પૂ૦ ત્રિપુટી મહારાજે આ અધિકારમાં મંત્રી ગલરાજ શ્રેષ્ઠીને સં૦ ૧૬૨૧ સુધી પૂ૦ ગચ્છનાયક વિજયદાનસૂરિજી મ૦ના ભક્તશ્રાવક લેખાવેલ છે, એટલે તે સમય સુધી તો (સાગરોને પણ વિજયનો જ પરિવાર સમજનારા) તે મંત્રીએ, તેઓશ્રીના ગચ્છના મોટા તો શું? પરંતુ કોઈ નાના પણ સાધુને ત્રાસ આપ્યાનું સંભવતું નથી. અને તેથી જ તે પૂ૦ ગચ્છ-નાયકશ્રીથી માંડીને યાવત્ પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ પર્યંતના કોઈપણ પૂ૦ મુનિ કે ગૃહસ્થ ઇતિહાસકારે તે ખ્યાત શ્રાવકમંત્રી અંગે તેવો સામાન્ય પણ કડવો ઉલ્લેખ કોઈ પણ સ્થળે કર્યો જણાતો નથી.

આમ છતાં એ ઇતિહાસકાર લેખાતા પૂ૦ ત્રિપુટી મહારાજે 'તે મંત્રીએ સં૦ ૧૬૧૯માં વિજય-ગચ્છના મોટા મુનિવરોને ત્રાસ આપ્યો હતો.' એમ નિરાધારપણે અસંબદ્ધ અને સદંતર વિસંવાદી લખ્યું છે તે, ઇતિહાસના ઐદંપર્ય મુજબ 'તે વર્ષે અમદાવાદ ચાતુર્માસ રહેલા (પોતાને પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજીના શિષ્ય લેખાવનાર) મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરની સામે પ્રતિસ્પર્દ્ધિપણે ચાતુર્માસ રહીને તેઓશ્રીની વિરુદ્ધ પ્રચાર કરનાર પૂ૦ મહો૦ શ્રી રાજવિમલગણિવરને તેમ નહિ કરવા ઘણું સમજાવવા છતાં ન જ સમજ્યા હોય ત્યારે જ તે મંત્રીએ તેમને અમદાવાદથી વિહાર કરાવવો પડ્યો હોય, એમ લખવાને બદલે પૂ૦ ગચ્છનાયકશ્રીની વિદ્યમાનતાવાળા (તેમના શિષ્ય મહો૦ ધર્મસા૦ની વાતવાળા) તે સમયે વિજયગચ્છમાં જેઓ મોટા હતા અને જેઓને મહો૦ શ્રી ધર્મસાગરજીએ આજીવન પૂજ્ય માનેલા તે પૂ૦ આ૦ શ્રી હીરસૂરિજી, તેઓશ્રીના શિષ્ય પૂ૦ મહો૦ શ્રી વિમલહર્ષગણિ, પૂ૦ ગચ્છનાયકના શિષ્ય મહો૦ શ્રી સકલચંદ્રગણિ, તેઓના શિષ્ય શ્રી સૂરચંદ્રગણિ આદિને પણ ત્રાસ આપ્યો હતો, એમ ધ્વનિત કર્યું છે તે, તેવા વિખ્યાત ધર્મનિષ્ઠ અને પરમ ગુરુભક્ત મંત્રી અંગે અત્યંત ભર્ત્સિત વસ્તુને સંભવિત લેખાવનારા અસહ્ય અસદાક્ષેપાત્મક જણાય છે.

૨૭. આ વાત તો જ સંભવિત ગણાય કે—'જો તે સમયે શ્રી વિજયદાનસૂરિઅધિકૃત તપ-ગચ્છમાં એકલા વિજયગચ્છના જ સાધુઓ હોત અને તેમાં પણ તે બધા મુનિવરો તે પ્રભાવક શ્રાવકમંત્રીનો તથાપ્રકારનો વિશિષ્ઠતર શાસનપ્રભાવક ઇતિહાસ પણ ન રચે તેવા કિન્નાખોર જ હોત.' અને જો તેમ જ હોત તો તે મંત્રીનો આટલો પણ પ્રભાવક ઇતિહાસ આજે પ્રાપ્ત છે તેનું પણ અસ્તિત્વ ન જ હોત.

૨૮. આ અધિકારની શરૂઆતમાં પ્રસ્તુત ગલામંત્રીના પિતાનું નામ, પૂ૦ ત્રિપુટી મહારાજે 'વરણાઈગ' જણાવેલ હોવાથી તે પોળને તે મંત્રીના જ નામની માનવી કડીન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસનરાગ–"પૂ. મહોપાધ્યાયજી ધર્મસાગરજી ગણિવર; વિક્રમની ૧૭મી સદીના અજોડ વિદ્વાન્ હતા, નિડરવક્તા તથા સમર્થ ગ્રંથકાર હતા. તેઓ [૨૯]તપાગચ્છને જ શુદ્ધ જૈનશાસન માનતા હતા તેઓ એ સમયના તપાગચ્છના નાયકો ભ. વિજયદાનસૂરિ, જ ગુ. આ. હીરવિજયસૂરિ અને ભ. વિજયસેનસૂરિ વગેરેને પૂરા [૩૦]વફાદાર હતા. અને તે તે [૩૧]ગચ્છનાયકો પણ તેમની વિદ્વત્તાથી પ્રભાવિત હતા."

સ્વભાવ–"મહોપાધ્યાયજી માનતા કે, 'સાચાને સાચો કહેવો અને ખોટાને [૩૨]ઉખેડી

૨૯. તેઓની એ માન્યતાને ખોટી ઠરાવવા સારૂ અને પોતાના જ ગચ્છને શુદ્ધ જૈનશાસન માનનારા ખરતર પૂનમીયા–આંચલિક-લોંકામતી–આગમિક-વીજામતી–સાર્દ્ધપૂનમીયા–કડુઆમતી વગેરે અન્યાન્ય ગચ્છવાળાઓએ તે મહોપાધ્યાયજીની સાથે અનેક વખત વાદ પણ કર્યો હોવાની વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે અને તે સમસ્ત વાદોમાં તેઓ પોતાની ઉક્ત માન્યતામાં તે જ મહોપાધ્યાયશ્રીના હાથે જાહેરસભાઓમાં પણ ખોટા ઠરેલ હોવાની વાત પણ ઇતિહાસપ્રસિદ્ધ છે: એ જોતાં મહોપાધ્યાયજીની **'તપાગચ્છ જ શુદ્ધ જૈનશાસન છે'** એ માન્યતાને અર્થાપત્તિથી તે તે દરેક ગચ્છવાળાઓએ પણ સાચી ઠરાવી આપેલ હોવાનું નિઃશંક માનવું રહે છે

૩૦. આથી આ વસ્તુ હકીકતરૂપે ફલિત થાય છે કે-'મહાપ્રતાપી પૂ. આ. શ્રી આનંદવિમલસૂરિજી મ.ની જેમ તે તે ગચ્છનાયકો પણ 'તપાગચ્છને જ શુદ્ધ જૈનશાસન' માનતા હતા, અને તેથી જ મહો. શ્રી વિદ્યાસાગરજી ગણિવરની જેવા તે સમર્થ વિદ્વાન અને નિડરવાદી મહો. શ્રી ધર્મસાગરજી ગણિ તેઓશ્રીને સંપૂર્ણ વફાદાર હતા"

૩૧ 'તપગચ્છ જ શુદ્ધ જૈનશાસન છે' એ પોતાની માન્યતામાં શ્રદ્ધા નહિ ધરાવનારા જનોની કે ઈપણ શંકાનું તે મહોપાધ્યાયજી, તરત જ અને શાસ્ત્રોના પાઠો આપીને પણ સમાધાન આપતા અને તેમ કરીને તેઓને 'તપગચ્છ જ શુદ્ધ જૈનશાસન છે' એ માન્યતાથી તેઓ સત્વરે વાસિત પણ કરી દેતા! એ મહોપાધ્યાયજીની વિદ્વત્તાને જોઈને જ પૂ ગચ્છના નાયકો તે પૂ. મહોપાધ્યાયજીની વિદ્વત્તાથી સદા પ્રભાવિત રહેતા હતા.

૩. ખોટામાં–'શાસ્ત્રસિદ્ધ બીનાઓથી તેમજ શાસ્ત્ર અને અશઠ ગીતાર્થાચરિત પરંપરાથી વિરુદ્ધ મનસ્વીપણે વર્તવું' એ જ ખોટાપણું હોય છે, અને તે સ્વપરના આત્માને દુર્ગતિપ્રદ એવા ભયંકર દુર્ગુણ છે તેવા દુર્ગુણને ધારણ કરનાર દુર્ગુણીના તે દુર્ગુણને સ્વસામર્થ્યથી દુર કરવાનો સત્પ્રયાસ કરનાર આ મહોપાધ્યાયજીને તેમના તે પ્રયાસમાં નાસીપાસ કરવા સારૂ તેવા દુર્ગુણીઓએ કરેલા જોરદાર પ્રયાસો સામે પણ પ્રભુશાસનવત્સલ એવા આ મહોપાધ્યાયજીએ પોતાના તે પ્રયાસમાં ખડકની જેમ અડગ રહીને 'તેવા દુર્ગુણીઓને આત્મહિતાર્થી કોઈ જ ન સાંભળે' એ પ્રકારે તેઓના તે દુર્ગુણને સર્વત્ર જાહેર સભાઓ દ્વારા પણ સમાજમાં ખુલ્લા કરીને સર્વજનકલ્યાણી એવી શાસ્ત્રીય અને પારંપરિક વસ્તુનું આજીવન સંરક્ષણ કરેલ હોવાની વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે પ્રભુશાસનના સંરક્ષણાર્થે આ પ્રકારે પોતાના જીવનનો આજીવન ભોગ દેનાર કોઈ પણ મહાપુરુષને કોઈ પણ શાસ્ત્રમાં **'ખોટાને ઉખેડી નાખનાર'** તરીકે નવાજેલ નહિ હોવાથી ઇતિહાસકાર તરીકે લેખાતા તે પૂ. ત્રિપુટીમ.નું ઉક્ત મહોપાધ્યાયજી અંગેનું આ વિધાન, ભારી અસમંજસતાપૂર્ણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાખવો.' તેઓ આ માન્યતાને વળગી રહેનારા હતા. જો કે–આવા [૩૩]નગ્ન સત્યથી કદાચ લાભ થાય, પણ અનેકાંતદૃષ્ટિએ વિચારીએ તો એ લાભ કલેશાનુબંધી પણ બની જાય." ['જૈ.પર. ઇતિ' ભા ૩. પૃ. ૭૧૧ પેરા ૫ થી પૃ. ૭૧૨ના પેરા ૩ સુધી.]

પ્રકરણ ૨ જું

'જૈનપરંપરાનો ઇતિહાસ' ભાગ ત્રીજો

તથા

'વિજયતિલકસૂરિ રાસ' અંતર્ગત ઐતિહાસિક

બીનાઓની સમીક્ષા

卐

ગચ્છમતસંઘર્ષ. (જૈનપરં. ઇતિ.' ભા. ૩ પૃ. ૭૧૨ પેરા ૫)

" શાસનદીપક પ્રસિદ્ધવકતા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ૦, આ૦જિનવિજયજી અને મોતીચંદ ગીરધર કાપડીઆએ આ બાબતો ઉપર વિવિધરીતે પ્રકાશ પાડ્યો છે, તેના આધારે અહિં થોડુંક વિચારીએ. તેનો ટુંકો ઇતિહાસ આ પ્રકારે છે." એ લખાણતળે પૂ૦ મુનિરાજશ્રી દર્શનવિ૦ (ત્રિપુટી) મહારાજે ઉપરોક્ત પૃ ૭૨૧ થી ૭૪૦ સુધીમાં આ બાબતો અંગે ૩૦ કલમોમાં વિવિધ પ્રકાશ પાડેલ છે. તેમાં પૃ ૭૧૪ ઉપર તેઓશ્રીએ, (ઋષભદાસકવિકૃત 'બારબોલનો રાસ' અને પૂ૦ મહો૦ શ્રી ભ.વિ ગણિકૃત 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર'નો આધાર ટાંકીને)—

કલમ (૪) માં–" ભ૦વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯ના મા. શુ. **૧થી૧૪** (સુધી ના દિવસોમાં–ચાર સંઘનું એકમ જોખમાય નહિ એ ઉદ્દેશથી પોતાના મુનિઓનું સંમેલન ભરી તે [પેજ ૭૧૩ ઉપરની કલમ (૨)માં જણાવ્યા મુજબ 'પાટણના તપગચ્છની વૃદ્ધ પોષાળના જ્ઞાનભંડારમાંથી મળી આવેલ (સં. ૧૩૩૫ની પ્રાચીન) સટીક] **ઉત્સૂત્રકંદકુદાલ** ગ્રંથને **અપ્રમાણિક** ઠરાવ્યો અને જાહેર કર્યું કે–તેને તથા તેના અવતરણ પાઠોને સાચા માનવા નહીં." મહો૦ ધર્મસાગર ગણિવરે તે આજ્ઞા સ્વીકારી, જે થયું

૩૩. દુર્ગુણીને ઉખેડી નાખવાની માન્યતા, એ નગ્નસત્ય નથી; પરંતુ વ્યક્તિદ્વેષરૂપ છે અને તેવા દ્વેષથી કદાચ પણ લાભ થતો હોવાનું અનેકાંતદૃષ્ટિવંતોએ જણાવ્યું જ નહિ હોવાથી તે ઇતિહાસકારનું આ કથન, શાસ્ત્રોના ઉપલક બોધસૂચક ગણાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તેનો મિચ્છામિદુક્કડં આપ્યો. આચાર્યશ્રીએ સંઘને 'સાત બોલ'નો પટ્ટો લખી આપ્યો. તેમાં વિદ્યમાન બધા ગીતાર્થોએ પોતપોતાનાં મત્તાં આપ્યાં." એ પ્રમાણે ઇતિહાસ રજુ કરેલ છે.

ઇતિહાસકારશ્રીએ આ ઇતિહાસના આધારમાં જણાવેલ **'બાર બોલના રાસ'**ની રચનાનો સંવત **૧૬૮૪** છે અને **'ષટ્ત્રિંશત્જલ્પવિચાર'**ની રચનાનો **સં. ૧૬૭૮** છે; જ્યારે તે તે પુસ્તકમાંની **'ઉત્સૂત્રકંદકુદ્દાલ'** ગ્રંથને અપ્રમાણિક ઠરાવીને ગચ્છનાયકે સંઘને 'સાત બોલનો પટ્ટો' લખી આપ્યો, એ વગેરે જણાવેલ બીનાનો સંવત તે તે પુસ્તકકારોએ પોતે **૧૬૧૯** જણાવેલ છે.

અહિં કોઈપણને પ્રશ્ન ઉદ્ભવે તેમ છે કે સં૦ ૧૬૪૬માં પૂ૦ હીરગુરુજીએ જાહેર કરેલા કહેવાતા 'બાર બોલ' અંગેનો તે રાસ, તે વર્ષે પૂ૦ હીરગુરુની હયાતિમાં રચવાને બદલે ૩૮ વર્ષ બાદ કેમ રચાવા પામ્યો હશે? અને 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' ગ્રંથમાંની તે બીનાને તે ગ્રંથકારે પણ તે વર્ષે જ પ્રસિદ્ધ કરવાને બદલે પ૯ વર્ષ બાદ પ્રસિદ્ધિ કેમ આપી હશે? તેમજ એ સાથે તેમણે-ગચ્છનાયકે એ જ વર્ષે સંઘને લખી આપેલ કહેવાતા સાત બોલનો પટ્ટો, જો લખી જ આપેલ હોત તો' તે વાતને પણ તેમણે પ્રસિદ્ધિ કેમ આપી નહિ હોય?

એ પ્રશ્નનો ઐતિહાસિક ખુલાસો આ છે કે-ઋષભદાસકવિએ 'બાર બોલ'ના ઓઠે બનાવેલ ઉક્ત રાસમાં રજુ કરેલી ૧૨ બોલ સિવાયની પ્રાયઃ સમસ્ત વસ્તુ અને પૂ૦મહો૦શ્રી ભાવવિજયજીગણિવરે પોતાના 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' ગ્રંથમાં જણાવેલી ઉક્ત બીના, પૂ૦ગચ્છનાયકશ્રીના હાથે કદિ બનવા જ પામેલી નથી. [સં૦ ૧૬૬૫ લગભગમાં વડીપોષાળતપગચ્છના વિદ્વાન મુનિશ્રી નયપ્રભજીએ રચેલ તે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' જેવા પ્રૌઢતર ગ્રંથને લઘુપોષાળ તપગચ્છના એ સર્વાગમશાસ્ત્રપારીણ પૂ૦ ગચ્છનાયકે, લગભગ ત્રણસો વર્ષ બાદ અપ્રમાણિક ઠરાવવાની અનધિકૃત ચેષ્ટા કરી હોવાનું મૂર્ખજન સિવાય માની પણ કોણ શકે?]

આથી જ તે **'ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર'**માં પ૯ વર્ષ બાદ લખાવા પામેલી તે બીનાની પૂર્વના પ૯ વર્ષના ગાળામાં વર્તતા તે પૂ૦ ગચ્છનાયકશ્રીથી માંડીને પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ પર્યંતના ચાર ગચ્છનાયકોએ કે તેઓશ્રીની આજ્ઞાના કોઇ પણ પૂ૦ મુનિવરે 'તે ગ્રંથને તે ગચ્છનાયકે અપ્રમાણિક ઠરાવ્યાનો તેમજ સાત બોલનો પટ્ટો લખીને સોંપ્યા'નો કોઇ પણ સ્થળે ઇસારો સરખોય કર્યો જણાતો નથી

'તો પછી તે પૂ૦મહો૦શ્રી ભાવવિજયજીગણિવરે તથા ઋષભદાસકવિએ પોતપોતાના પુસ્તકમાં તે પૂ૦ગચ્છનાયકશ્રી તથા પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજીગણિવરને અંગે તેવા અસત્ય આરોપો ઉપજાવી કાઢવાનો હેતુ શું હોઈ શકે?' એ પ્રશ્નનો પણ ઇતિહાસાનુસારી ખુલાસો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ મુજબ છે કે–" પૂ૦ગચ્છનાયકશ્રીએ, પૂ૦મહો૦શ્રી રાજવિમલગણિવરને પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજીગણિવરની સલાહથી આચાર્યપદવી ન આપતાં પૂ૦ મહો૦ શ્રી હીરહર્ષગણિને આપી 'આ૦ શ્રી હીરવિજયસૂરિ' નામે પોતાની પાટે સ્થાપવાની અને એ પ્રમાણે પૂ૦ વિજયહીરસૂરિજીએ પણ તે જ પૂ૦મહોપાધ્યાયશ્રીની સલાહથી પોતાના મોટા શિષ્યોમાંના પણ મોટા શિષ્ય (અને આ પૂ૦મહો૦શ્રી ભાવવિ૦ગણિના ગુરુદેવ) પૂ૦મહો૦શ્રી વિમલહર્ષગણિવરને બદલે પોતાના ગુરુદેવના સૌથી નાના શિષ્ય મુનિશ્રી જયવિમલને આચાર્યપદવી આપીને પોતાની પાટે 'વિજયસેનસૂરિજી' નામે સ્થાપવાથી તેઓશ્રીએ તે બન્ને આચાર્યભગવંતો તથા પૂ૦મહો૦શ્રી ધર્મસાગરજીગણિ પ્રત્યેના પૂજ્યભાવને સ્થાને પોતાના અંતરમાં એ પ્રકારે ઇર્ષ્યા અને આમર્ષનું સ્થાન આપ્યું! પરિણામે—

તે પૂ૦ મહો૦ શ્રી ભાવવિજયજી મ૦, સં. ૧૬૭૩માં વિદ્યમાન ગચ્છનાયક પૂ૦ આ૦શ્રી વિજયદેવસૂરિજી મ૦ની આજ્ઞા તજીને (પૂ૦ મહો૦ સોમવિ૦ મ૦ આદિ ઉપાધ્યાયજી મહારાજોએ પોતાના જુદા સ્થાપેલા) પૂ૦ આ૦ શ્રી વિજયતિલકસૂરિજીની આજ્ઞામાં ગયા બાદ તેઓએ તે તે પૂજ્યો પ્રતિના આંતરિક અમર્ષને તેવા અસદ્ આક્ષેપોની પ્રસિદ્ધિ દ્વારા મૂર્ત્તસ્વરૂપ આપ્યું."

એ જ પ્રમાણે તે [પૂ૦હીરગુરુજી તથા પૂ૦સેનસૂરિજીના પ્રથમના] શ્રાવક કવિ ઋષભદાસ પણ (ગચ્છનાયકશ્રીએ કરેલા તે સૂરિપદાર્પણના પ્રસંગથી ખિન્ન થયેલા) પૂ૦ મહો૦શ્રી સોમવિ૦ગણિ આદિ મહાશયોના અતિસંપર્કથી પલટીને તેઓના શ્રાવક બની ગયા, અને પછી તો ક્રમે કરીને તે પૂ૦ઉપાધ્યાયજી મહારાજોએ સં૦ ૧૬૭૩માં પોતાના જુદા સ્થાપેલા આ૦શ્રી વિજયતિલકસૂરિજીના શ્રાવક બની જવા પામીને તે પૂ૦નૂતનસૂરિજી મ૦શ્રીના શિષ્ય પૂ૦ વિજયઆણંદસૂરિજી મ૦ને જ ખરા પટ્ટધર માનવાની સ્થિતિમાં મૂકાઇ જવા પામ્યા! પરિણામે તેઓના અતિપરિચયવશાત્ તેમણે પૂ૦હીરસૂરિજીમ૦ના તે કહેવાતા બાર બોલને બેઠે તે ૧૨ બોલ બન્યા પછી ૩૮ વર્ષ બાદ ઘણાયે છતાઅછતા રંગો પૂરીને તે 'બાર બોલ'નો રાસ, 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' ગ્રંથને પગલે યદ્વા તદ્વા રીત્યા બનાવેલ હોવાનું તત્કાલીન ઇતિહાસરૂપ આરિસા દ્વારા જોઇ શકાય છે.

જૈન પરં૦ ઇતિ૦ ભા૦ ૩ પૃ૦ ૭૧૫ કલમ (૫)–" મહો. ધર્મસાગરજીગણિવરે [૧]પોતાની નવી પ્રરૂપણા ચાલુ રાખી અને તેમને અમદાવાદના [૨]ગલામેતાનો ટેકો મળ્યો. પછી ઉપાધ્યાય રાજવિમલગણિ [૩]અમદાવાદ પધાર્યા. ગલામેતાએ તેમને મ૦ ધર્મસાગરજીની નવી પ્રરૂપણામાં સમ્મત ન થવાથી ત્રાસ આપ્યો."

ઉપરોક્ત પાંચમી કલમમાંની વાતોનો નંબરવાર ઐતિહાસિક અને સુસંગત ખુલાસો

'૧ 'કુમતિકુદ્દાલ' નામનો કોઇ ગ્રંથ જ નહિ બનેલ હોવા છતાં ઇતિહાસકારે ગર્ભિતપણે 'મહોપાધ્યાયજીએ તે ગ્રંથની પ્રરૂપણા ચાલુ રાખી' એમ જે સૂચવ્યું છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે મનસ્વી છે. આ અંગે જરૂર એમ માનવું રહે કે–'જે ગ્રંથના આધારે સં૦ ૧૬૧૭માં પાટણ મુકામે તેઓશ્રીએ ખરતર ગચ્છીઓનો પરાભવ કરીને તપગચ્છનો વિજયડંકો વગાડ્યો હતો, તે '**શ્રી ઉત્સૂત્રકંદકુદ્દાલ**' ગ્રંથગત હકીકતોની પ્રરૂપણા તેઓશ્રીએ ત્યાં પણ ચાલુ રાખી હોય: કે-જે પ્રરૂપણા, મહોપાધ્યાયજીની પોતાની નહોતી તેમજ નૂતન નહોતી; પરંતુ લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે થયેલા તે ગ્રંથના રચયિતા વડીપોષાળના **શ્રીનયપ્રભજી**એ રચેલા ગ્રંથમાંની પ્રાચીન હતી.'

૨. ગલામેતા, એ સામાન્ય મેતા નહોતા; પરંતુ બાદશાહ મહમ્મદ (ચોથા)ના માનીતા મંત્રી અને મોટા વજીર હોઇ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦ના ચૂસ્ત ભક્ત શ્રાવક તરીકે સર્વત્ર વિખ્યાત હતા, અને તેથી જ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજીએ સંવત્ ૧૬૧૭માં 'શ્રીતત્ત્વતરંગિણી' ગ્રંથને અપનાવવા દ્વારા જે ગ્રંથને [૩૪]સાદર અપનાવેલ છે તે 'શ્રી ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની તે વખતે અમદાવાદમાં પણ પ્રરૂપણા કરનાર તે (પૂ. વિજયદાનસૂરિજી મ.ના શિષ્ય) મહોપાધ્યાયશ્રીને તે મંત્રીનો ટેકો મળ્યો હોય.

૩. આ અંગે ઐતિહાસિક ઐદંપર્ય એ જણાય છે કે='તે મંત્રી ગલરાજે (તે સં૦ ૧૬૧૯માં) મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરનો અમદાવાદમાં ભારે આડંબરપૂર્વક પ્રવેશ કરાવી તેઓશ્રીનું ત્યાં ચાતુર્માસ પણ નક્કી કરવા પુર્વક ગૌરવ કર્યું, તે પૂ૦ મહો૦ શ્રી રાજવિમલગણિવર (કે–જેઓ, પોતાને મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે આચાર્ય

---

૩૪. **શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની** રચના, પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિએ વિ૦ સં૦ ૧૬૧૫માં કરી. બાદ સં૦ ૧૬૧૭માં પાટણની તપગચ્છ વડીપોષાળના જ્ઞાનભંડારમાંથી તેઓશ્રીને સં૦ ૧૬૧૭ના આસો શુદિ ૧૩ના રોજ લગભગ ૩૦૦ વર્ષ પૂર્વેનો તે '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' ગ્રંથ સટીક પ્રાપ્ત થવાથી તે તત્ત્વતરંગિણીમાં તેઓશ્રીએ, પાછળથી સં૦ ૧૬૧૭માં યોજેલ 'सभ्याशंका-निराकरणवाद' गत गाथा ४७ नी टीकामां–'यदाह–उत्सूत्रकंदकुद्दालापरपर्यायगुरुतत्त्वप्रदीपकारः प्रथमविश्रामे'–એ પંક્તિ દ્વારા તે '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' ગ્રંથમાંના અધિકારની સાક્ષી પણ આપીને તે ગ્રંથ, સં૦ ૧૬૧૭ની આખરે તેઓશ્રીએ સર્વાંગ પૂર્ણ કર્યો અને તે પછી જ તેઓશ્રીએ પોતાના તે ગુરુદેવ પૂ૦ આ૦ શ્રી દાનસૂરિજી મ૦ને તે ગ્રંથ તપાસવા સોંપેલ! અને પૂ૦ ગચ્છનાયકશ્રીએ, સુરાણાગચ્છીય ઉપા૦ શ્રી નયશેખરમિશ્રને પોતાની સામે બેસારીને તે ગ્રંથ તપાસી જવાની ફરમાવેલ આજ્ઞાનુસાર તે ઉપા૦શ્રીએ તે ગ્રંથ શોધીને સં૦ ૧૬૧૮માં પૂ૦ ગચ્છનાયકશ્રીને સુપ્રત કર્યો, એ મુજબ તે ગ્રંથને ચોકસાઈપૂર્વક પ્રમાણિક માનીને તે પૂ૦ ગચ્છનાયકશ્રીએ સાદર સ્વીકૃતિ આપેલ છે.

આ બીના, તે **શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથની** સમાપ્તિ પછીના–"इति सुविहितामणि-श्रीमत्तपोरत्नननभोमणि-विजयदानसूरीश्वर शिष्योपाध्याय-श्रीधर्मसागरगणिविरचित-स्वोपज्ञतत्त्वतरंगिणि. वृत्तिः समाप्ता, शोधिताच श्रीविजयदानसूरीश्वराणामज्ञामवाप्य श्रीविजयदानसूरीश्वरसमीपस्थैः सुराणागच्छीयोपाध्यायश्रीनयशेखरमिश्रैः × × × शुभं भवतु" એ પુષ્પિકાના આધારે સિદ્ધ છે. [પ્રસ્તુત લેખ, સં. ૧૯૯૩માં 'શ્રી તત્ત્વતરંગિણીનો અનુવાદ' નામે પ્રસિદ્ધ થયેલ 'પર્વતિથિ પ્રકાશ' બૂકને છેડે પ્રસિદ્ધ કરેલ છે.]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવા દીધા નહિ ત્યારથી તે પૂ૦ મહો૦ શ્રીના પ્રતિસ્પર્દ્ધિ બન્યા હતા તેમ–)ને ખટકયું હોય, અને તેથી પ્રસ્તુત મહોપાધ્યાયજીના ગૌરવને યેનકેનાપિ ગલામંત્રીના હૃદયમાંથી ખસેડવાના ઇરાદે તેઓશ્રીએ પણ તે વર્ષનું ચાતુર્માસ પુ. મહોપાધ્યાયજીની સામે અમદાવાદ યોજેલ હોય તે દરમ્યાન મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે ખરતરો આદિને નિહ્નવો જણાવનારા તે 'શ્રી ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામના પ્રાચીન ગ્રંથની ત્યાં પણ પ્રરૂપણા ચાલુ રાખી હોય અને તે સ્હામે પૂ૦ ઉપા૦ રાજવિમલગણિએ કોઈને કોઇ પ્રકારે ખરતરો આદિનો સાથ મેળવીને તે પુ૦ મહો૦જીનો વિરોધ આદરી દીધો હોય :

આથી તપાગચ્છીય ધર્મીજનોની શ્રદ્ધા ન ડોળાય, એ હેતુથી તે ચૂસ્ત શ્રાવક ગલામંત્રીએ, તેઓશ્રીને "તે પ્રાચીનગ્રંથની પ્રરૂપણાને–આપ, મહો૦ ધર્મસાગરજીની 'નવી પ્રરૂપણા' લેખાવીને ભદ્રિકલોકોને ભ્રમમાં ન પાડો અને દ્વેષભાવ તજીને મહો૦શ્રી વડે કરાતી તે પ્રાચીન ગ્રંથની પ્રરૂપણામાં સમ્મત થાવ" ઇત્યાદિ પ્રકારે શાસન હિતકારી સલાહ તેઓશ્રીને અનેકવાર વિનંતિ કરીને પણ આપી હોય : છતાં તેઓશ્રીએ તે મંત્રીજીની આપ્ત સલાહ ન જ માન્ય રાખી હોય ત્યારે તે શ્રાવક મંત્રીએ તેઓશ્રીને અમદાવાદથી વિદાય કરવા પડયા હોય."

જે૦પર૦ ઇતિ૦ પૃ૦ ૭૧૫ કલમ (૬)–'ભ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯–૨૦માં રાધનપુરમાં ઉપરની હકીકત જાણી મહો૦ ધર્મસાગરજીને સપરિવાર ગચ્છ બહાર મૂકયા' એમ જણાવાયું છે.

જ્યારે 'શ્રી વિજયતિલકસૂરિ રાસ'નાં કર્તા કવિ દર્શનવિજયજી, તે રાસની–"સંવત સોળ સતરોતરઈ નિસુણો અવદાત રે; શ્રી વિજયદાનસૂરિસરૂ જગમાંહિ વિખ્યાત રે ॥ ૧૧૯॥ 'ધરમસાગર તે પંડિત લગઈ કર્યો નવો એક ગ્રંથ રે; નામથી કુમતિકુદ્દાલડો, માંડિયો અભિનવો પંથ રે'॥ ૧૫૫॥ 'માંડી તેણઇ તેહ પ્રરૂપણા સુણી ગચ્છપતિરાય રે; વિસલનયરિ વિજયદાનસૂરિ આવી કરઇ ઉપાય રે' ॥ ૧૫૭॥ 'ગ્રંથ બોળી સાગર કન્હઇ લિખું લિખિત તસ એક રે; નવિ એષ ગ્રંથ પ્રરૂપણા, નવિ ધ(ક)રવી ધરી ટેક રે' ॥ ૧૬૦॥ 'ધર્મસાગરવાચક વળી રાજનગરમાં આવી રે, મહિતા ગલાનઇ આવરજિએ વળી હલાવી વાત રે' ॥ ૧૬૨॥ માંડી તે ગ્રંથપ્રરૂપણા કરી શ્રાવક હાથિ રે; કલેશ કરઇ ગુરુ સીસસિઉં ગચ્છપતિ મુનિ સાથિ રે ॥ ૧૬૩॥ રાજવિમલવાચક તિહાં આવી પૂછઈ ગલરાજ રે; તુમ્હે કહો કસીય પરૂપણા નવિ ગણી તસ લાજ રે ॥૧૬૪॥" એ વગેરે ગાથાઓ દ્વારા–'તે હકીકત, સં. ૧૬૧૭ માં તેમ જ રાધનપુરને બદલે વિસલનગરમાં બની હોવાનું (જે 'કુમતિકુદ્દાલ' ગ્રંથનું શ્રી સંઘમાં કદી અસ્તિત્વ જ નથી, તે ગ્રંથને ઉદ્દેશીને!) જણાવે છે, અને તે ગાથાઓ પછીની–"ચાલી વાત ચિહું દિશિ વિખ્યાત વિજયદાનસૂરિ સુણી અવદાત; રાધનપુરિ પુહુતા અહઠાણ તેડયા પંડિત સવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુજાણ ॥૧૬૯॥ કરી વિચાર પત્રિકા લખી, ગચ્છ બાહિર તે કીધા પછી ॥૧૭૦ પૂર્વાર્ધ॥ સોળ સતરમઈ સંવત્સરિ નગરસિરોમણિ રાધનપુરિ ॥૧૮૮ ઉત્તરાર્ધ॥" **એ ગાથાઓ દ્વારા મહોપાધ્યાય શ્રી ધર્મસાગર ગણિવરને ગચ્છ બહાર કરવાની વાત પણ તે રાધનપુરમાં સં. ૧૬૧૯-૨૦ ને બદલે સં. ૧૬૧૭માં બની જણાવે છે!!**

આ જોતાં કવિ દર્શનવિજયજીએ તે બીના અંગે જણાવેલ તે સં. ૧૬૧૭માં તો પૂ. ગચ્છનાયકશ્રી બંભાત અને પૂ. મહોપાધ્યાયજી પાટણ ચોમાસુ હોવાથી કવિ શ્રી દર્શન-વિજયજીની તે સઘળી જ વાત કપોલકલ્પિત ઠરે છે; અને ઉપર્યુક્ત કલમ (૬) લખનાર પૂ. ત્રિપુટીમહારાજે કવિશ્રી દર્શનવિ૦ની તે કલ્પિત વાતોમાંથી ઉદ્ધરીને મનગમતી રીતે સંવત તથા સ્થલમાં ફેરફાર કરીને સર્વ વાતો રજુ કરેલ જણાતી હોવાથી પ્રસ્તુત છઠ્ઠી કલમ પણ શ્રદ્ધેય બની શકતી નથી ઇતિહાસકાર પૂ. ત્રિપુટીએ તે છઠ્ઠી કલમમાં જે સંવત પલટયો છે તે તો નિરાધારપણે જ પલટયો છે! અને તે પણ '૧૬૧૯-૨૦' એમ વિકલ્પે જણાવેલ છે! અર્થાત્ તે તે બીનાઓ, સં. ૧૬૧૯માં બની કે ૧૬૨૦માં બની? તે વાત પણ એ ઇતિહાસકારે ઢચુપચુ રાખી છે! આ દરેક વસ્તુના નીચોડરૂપે પણ ફલિત થાય છે કે-ઇતિહાસકારે તે બીના મનઘડંતપણે જ લખી નાખેલ છે.

બીજી બાજુ-આ ઇતિહાસકાર ત્રિપુટીમ૦ને પણ તે કવિશ્રી દર્શનવિ૦એ તે તે બીના-ઓ બન્યાના જણાવેલ સંવત ૧૬૧૭નું જ શરણ હતું, અને બીજી બાજુ તે ૧૬૧૭ની સાલમાં તો તે મહોપાધ્યાય, પાટણ ચાતુર્માસ હોવાની પણ જાણ હતીઃ એટલે રાધન-પુરની કલ્પિત વાતને બંધબેસતી લાવવા સારૂ જ તેમણે '૧૬૧૯-૨૦' એમ વિકલ્પે સંવત જણાવવો પડયો! એમ અર્થાપત્તિથી નક્કી થાય છે, અને તે નક્કી થવની સાથે તે કવિ દર્શનવિ૦એ સં. ૧૬૧૭માં અને વિસલનગરમાં બનેલ તરીકે જણાવેલી **તે તે બીનાઓ સં. ૧૬૧૭ના તે વર્ષે અને તે સ્થળે બની જ નથી.** એ પણ નક્કી ઠરે છે.

એટલે જ કવિ શ્રી દર્શનવિજયજી પણ પોતે જણાવેલ તે બનાવના સં. ૧૬૧૭થી માંડીને સં. ૧૬૭૨ સુધીના ૫૫ વર્ષ સુધીમાં તો કોઈ સ્થળે તે બીના જણાવી જ શકેલ નથી અને સં. ૧૬૭૩માં સ્વગચ્છ તજીને પરગચ્છમાં ભળ્યા બાદ જ તે બીના જણાવી શકેલ હોવાથી તે સઘળી બીના તે કવિએ ઉપજાવી કાઢેલ હોવા તરીકે સ્વતઃ સિદ્ધ હોઈને તે બીનાના આધારે લખાએલી 'જૈનપરંપરાનો ઇતિહાસ' ભા. ૩ માંની ઉપર્યુક્ત છઠ્ઠી કલમને સદંતર નિર્મૂળ જ લેખવી રહે છે.

જૈ.પ્ર. ઇતિ. પેજ ૭૧૫-'લેખિત માફી' શીર્ષકતળેની-કલમ (૭) "(૧) મહો. ધર્મસાગરજી ગણિવરે (૨) મહો. સકલચંદ્ર ગણિવરના સમજાવવાથી (૩) રાધનપુર જઈ ભ વિજયદાનસૂરિને ચતુર્વિધ સંઘની વચ્ચે (૪) પોતાની નવી પ્રરૂપણા માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મિચ્છામિદુક્કડં' લખી આપ્યો. તેમાં આ હીરવિજયસૂરિ, મહો. સકલચંદ્ર ગણિ, મહો. ધર્મસાગર ગણિ, ઉપા વિજયહંસગણિ×××વગેરે આચાર્ય-ઉપાધ્યાય-પંન્યાસ-મુનિ-ગીતાર્થોનાં મત્તાં થયાં."

ઇતિહાસકાર ત્રિપુટીજીએ ઉપર્યુક્ત સાતમી કલમગત ઇતિહાસ પણ તે જ જાદુગર કવિ શ્રી દર્શનવિ.એ લખેલ **'વિજયતિલકસૂરિરાસ'**માંની–" એહવઇ સકલચંદ ઉવઝાય, આવ્યા અમદાવાદિ સુઠાય; કહઇ સાગરનઇ કાં એમ કરો, ગચ્છનાયક કહણ મન ધરો ॥૧૭૯॥ તો શ્રી સકલચંદ ઉવઝાય, સાગર તેડિ રાધનપુરી જાય ॥ ૧૮૨નું પૂર્વાર્ધ ॥....તો ધર્મસાગર જે ગુરૂ કહઇ, પરો લખઇ નઈં મનિ સદ્દહઇ; જે જે મિચ્છામિ દુક્કડં દીયા, ઓલ લખાવી સઘલા લીયા ॥ ૧૮૭ ॥ મતાં સાખિસહિત કીધાં બહુ, તે લિખિયાં સાંભલયો સહૂ; **સોલસતરમઇ સંવત્સરિ, નગરશિરોમણિ રાધનપુરિ** ॥ ૧૮૮ ॥....સાત અધિક નિહ્નવ કો કહઇ, તતખિણી તે ગચ્છ ઠબકો લહઇ ॥ ૧૮૯નું ઉત્તરાર્દ્ધ ॥" એ વગેરે અસંબદ્ધ, અસંગત અને એથી જ કલ્પિત ઠરતી તે ગાથાઓને આધારે અને તેમાં પણ પદ્દરના અસત્યનું મિશ્રણ કરીને રજુ કરેલ જણાઇ આવતો હોવાથી શ્રદ્ધેય બની શકે તેમ નથી.

તે સાતમી કલમગત લખાણની નંબરવાર સમાલોચના :–(૧) 'મહો. શ્રી ધર્મસાગરજી ગણિવર, તે સં. ૧૬૧૯નું ચોમાસું અમદાવાદ હતા અને તે ચોમાસું ઉતર્યે તેઓને મહો. સકલચંદ્રગણિ અમદાવાદ આવીને ગચ્છનાયક પાસે રાધનપુર તેડી ગયા હોય' એમ અનુમાન કરીને ઇતિહાસકાર ત્રિપુટીજીએ ઉપર્યુક્ત કલમ છઠ્ઠીમાં–' ભ. વિજયદાનસૂરિએ સં. ૧૬૧૯–૨૦માં રાધનપુરમાં મહો ધર્મસાગરજીને ગચ્છ બહાર કર્યા' એમ જણાવ્યું, અને તે સાથે તે ઇતિહાસકાર–" **સં. ૧૬૧૯ના** અમદાવાદના ચાતુર્માસમાં થયેલી પ્રરૂપણાનો 'મિચ્છામિદુક્કડં' લેવા સારૂ મહો. શ્રી સકલચંદ્રજી, મહો શ્રી ધર્મ-સાગરજીને ગચ્છનાયક પાસે **સં. ૧૬૧૭માં** રાધનપુર તેડી ગયા હોવાની વાત અસંગત જ છે." એ પણ જાણતા જ હોય : છતાં લાગે છે કે **તેમને પણ મહોપાધ્યાયજી અંગે એવું લખવામાં રસ હોય** અને તેથી જ તેમણે પોતાની તે અર્ધદગ્ધ સમજ પ્રતિ આંખમીંચામણાં કરીને પણ ઉપર્યુક્ત છઠ્ઠી કલમ હાંકે રાખી હોય

(૨) 'મહોપાધ્યાયજીએ કરેલી કહેવાત્ય નવી પ્રરૂપણા, અમદાવાદમાં **સં. ૧૬૧૯**માં કરી અને તેઓશ્રીને તેમ ન કરવાનું સમજાવવા સારૂ મહો૦ સકલચંદ્રજી, અમદાવાદ **સં. ૧૬૧૭**માં આવ્યા' એમ જણાવનાર કવિશ્રી દર્શનવિ૦ના સદંતર અસંગત લખાણને સુસંગત માનની એ પંક્તિ ઇતિહાસ તરીકે રજુ કરી દીધી જણાય છે.

(૩) સં. ૧૬૧૯માં અમદાવાદ ચાતુર્માસ રહેલા મહો૦ ધર્મસાગરજી, સં. ૧૬૧૭માં રાધનપુર ગયા' એમ જણાવનારી કવિશ્રી દર્શનવિ૦ની ખુલ્લી અસત્ય વાતને આ ઇતિહાસકાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સત્ય માનીને ચાલેલ હોય જ તો જ એ પંક્તિને તેમણે આ રીતે પોતાના પુસ્તકમાં ઇતિહાસ તરીકે સ્થાન આપેલ હોય.

(૪) આ ઇતિહાસકારે તે કવિશ્રી દર્શન વિ.ની ઉપર્યુક્ત ગાથાના આધારે પૂર્વોક્ત પાંચમી કલમમાં સમાજમાં કદિ નહિ બનેલા એવા 'કુમતિકુદ્દાલ' ગ્રંથની પ્રરૂપણાને 'મહોપાધ્યાયજીની નવી પ્રરૂપણા' તરીકે જણાવીને તે અસંગત અને અસંભવિત વાતને જેમ ઇતિહાસનું રૂપક આપેલ છે તેમ અહીં એ જ કવિ દર્શન વિ. એ ઉપર્યુકત ગાથા ૧૮૯ના ઉત્તરાર્ધમાં જણાવેલી "સાતથી અધિક નિહ્નવ જણાવનારી (સં. ૧૩૩૫ લગભગની) **'ઉત્સૂત્રકંદકુદ્દાલ'** નામના અન્ય મહાત્માએ રચેલા પ્રાચીન પ્રરૂપણાને" મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરની નવી પ્રરૂપણા તરીકે જણાવીને ઇતિહાસનું રૂપક આપેલ હોવાથી તેમની આ વાત તો તેમણે ઇરાદાપૂર્વક ઉપજાવી કાઢેલી જણાય છે.

જૈ.પ્ર.સં. ઇતિ. પેજ ૭૧૫ કલમ (૭) પછી–'ગ્રંથો' શીર્ષકતળે–"આચાર્યશ્રીએ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' અને તત્ત્વતરંગિણી' ગ્રંથને પં. સુરચંદ્રગણિ પાસે પાણીમાં બોળાવ્યા અને મહોપાધ્યાય ધર્મસાગર ગણિને પરિવાર સહિત ગચ્છમાં દાખલ કર્યા."

ઇતિહાસકારની આ વાતની સમાલોચના.

સં. ૧૬૧૮માં ગચ્છનાયક પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજીએ, 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથને સ્વીકૃતિ આપવામાં અર્થાપત્તિથી 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથને પણ સ્વીકૃતિ આપેલ જ હોવાની વાત, 'તત્ત્વતરંગિણી' ગ્રંથની પ્રાચીન હસ્તલિખિત પ્રતની પુષ્પિકામાં પ્રસિદ્ધ હોવા મુજબ તેમજ મહો. શ્રી ધર્મસાગરજી ગણિને ગચ્છ બહાર કર્યાની વાત વિદ્વેષીવર્ગે જ પ્રસારી હોવાનું આ પહેલાં પ્રમાણપુરસ્સર નક્કી કરી આપેલ હોવા મુજબ જ્યાં પૂ. ગચ્છનાયકશ્રીએ જેઓને ગચ્છબહાર કરવાને બદલે તે મહો. શ્રી રચિત 'તત્ત્વતરંગિણી' ગ્રંથને સ્વીકૃતિ આપવા દ્વારા સાદર વધાવેલ છે, તેવા તે પૂ. મહો શ્રીને તેઓશ્રીએ તે સમયે ગચ્છ બહાર કર્યા અને વળી પાછા સપરિવાર ગચ્છમાં દાખલ કર્યાની ઇતિહાસકારની આ વાત સ્વયમેવ કાલ્પનિક ઠરે છે.

માનવું થાય છે કે–આથી જ ઇતિહાસકાર, પોતાની તે વાતમાં પોતે જણાવેલી તે તે બીના બન્યાનું વર્ષ તેમ જ સ્થળ ચોક્કસ જણાવી શકેલ નથી

ઉકત પૂ. ગચ્છનાયકશ્રીના વિદ્યમાનકાળ સં. ૧૬૨૨થી માંડીને પૂ. ગચ્છનાયકશ્રી વિજયસેનસૂરિજીમ ના વિદ્યમાનકાળ સં. ૧૬૭૨ સુધીના ૫૦ વર્ષના ગાળામાં પરપરાગત થયેલા કોઇપણ પૂ. આચાર્યાદિ મુનિવરોના હસ્તે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરનો તે પૂ. ગચ્છનાયકશ્રીના હસ્તે કદિએ અનાદર થયો હોવાનું જણાવનારી તેવી કોઈ બીના કોઇપણ સ્થળે ઇશારારૂપે પણ લખાયેલી ઇતિહાસો પલબ્ધ નહિ હોવાથી પ્રસ્તુત ઇતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાસકાર, પોતાના તે '**ગ્રંથો**' શીર્ષક લખાણમાં તે બીના બન્યાનું વર્ષ તેમજ સ્થળ જણાવે પણ કયાંથી ?

આ પછી-"તો તેમણે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામ કેમ આપ્યું ? એ થતા પ્રશ્નનું સમાધાન એ છે કે-" **ઐતિહાસિક રાસ સંગ્રહ**' ભા. ૪ (વિજયતિલકસૂરિરાસ)ના પૃ. ૧ થી ૩૫, ઇતિહાસવેત્તા પૂ. મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજે, તે રાસનાં '**નિરીક્ષણ**'માં રોકયા છે! તે નિરીક્ષણના પૃ. ૧૦ ઉપર તેમણે -સં. ૧૬૭૪માં કવિ સિંહવિજયજીએ બનાવેલી '**સાગરબાવની**'માંની ગાથા ૨૪મીના '**કુમતિકુદ્દાલ અને તત્ત્વતરંગિણી સંઘિ પાણીમાંહિ બોળ્યા**' એ ઉત્તરાર્દ્ધમાંના 'કુમતિ કુદ્દાલ' નામને જેમ મનસ્વીપણે જ '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' જણાવેલ છે, તેમ આ ઇતિહાસકાર પૂ મુનિશ્રીએ પણ તેમના જૈ૦ પર૦ ઈ૦ ભા૦ ૩ના ઉપર્યુકત લખાણમાં કવિશ્રી સિંહવિજયજીની તે જ ગાથામાંના '**કુમતિકુદ્દાલ**' નામને મનસ્વીપણે જ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામ આપેલ જણાય છે."

પ્રસ્તુત ઇતિહાસકારશ્રીએ, સાગર બાવનીના તે લેખકને પ્રમાણિક લેખાવવા જે (પૂ. આ. શ્રી હીરસૂરિજીના શિષ્ય પૂ. ઉપાધ્યાય શ્રી સુમતિવિજયજી મ૦ના શિષ્ય તરીકે ઓળખ આપેલ છે) તે કવિશ્રી સિંહવિજયજીએ, સં. ૧૬૭૩માં પૂ. શ્રી વિજયસેનસૂરિજીનો સ્વર્ગવાસ થયા બાદ સં. ૧૬૭૪માં બનાવેલી '**સાગરબાવની**'માંની-'સુણયો સરઇ ન પોતઈ સાગર રાંકતણી પરે રોળ્યા; કુમતિકુદ્દાલ ને તત્ત્વતરંગિણી સંઘિ પાણીમાંહિ બોળ્યા' એ ૨૪મી ગાથામાં તેવી સંવત અને સ્થળરહિતની વાત જણાવી છે; પરંતુ તે કવિ મુનિએ બનાવેલી તે '**સાગરબાવની**'ને (પરંપરાગત સમુદાયમાંથી ખસીને સં. ૧૬૭૩માં પૂ. મહો. શ્રી સોમવિ૦ગણિ આદિ ઉપાધ્યાયજી મહારાજોએ જુદા સ્થાપેલ ઉપાધ્યાય ગચ્છના આ. વિજયતિલકસૂરિજીમ૦ના પક્ષમાં ભળેલા પૂ મુનિવર્ગ સિવાયના) પ્રચલિત પરંપરાગત કોઇપણ પૂ. આચાર્યાદિએ અપનાવેલ હોવાનો દાખલો નથી, તેમજ તે '**સાગરબાવની**'માંની એ ૨૪મી ગાથાને તો શું ? પરંતુ પ્રાયઃ સઘળી જ ગાથાઓમાંની એકાદ પણ ગાથાને કોઇપણ સ્થળે સ્થાન આપ્યું જણાતું નથી આથી કહી શકીએ કે-તે કવિએ તે સાગરબાવનીમાં માત્ર નિજના વ્યકિતદ્વેષી વિચારોને ગુંથેલા છે, અને તેના જ અનુકરણ તરીકે તે બાજીગર કવિ દર્શનવિ૦એ શ્રી તિલકસૂરિરાસની ગાથામાંની ૧૫૫મી ગાથામાં માત્ર '**કુમતિકુદ્દાલ**'ને જ પાણીમાં બોળ્યાનું જણાવ્યું છે, અને તેવી જ રીતે પૂ. હીરગુરુના ૧૨ બોલના પટ્ટકમાંના ૧૧મા બોલમાં કોઇએ તે નામ લખ્યું જોઇને પૂ ત્રિપુટીએ પણ પોતાના જૈનપરંપરાના ઇતિહાસ ભા. ૩ના પેજ ૭૧૯ ઉપર રજુ કરેલા તે ૧૨ બોલના પટ્ટકમાં પણ '**કુમતિકુદ્દાલ**' નામ જણાવેલ જણાય છે. આ વાત ઇતિહાસના બધા પાસાને દૃષ્ટિ સન્મુખ રાખીને તે સાગરબાવનીનું અવલોકન કરતાં સર્વ કોઇ મધ્યસ્થ ઇતિહાસકારને પણ સ્પષ્ટ સ્વીકાર્ય બને તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ગાથાની ૪ ખામી તો મિત્રકવિને જ સુધારવી પડી છે!

"કવિશ્રી સિંહવિજયજીએ, પ્રસ્તુત ૨૪ મી ગાથામાં જણાવેલી તે તે બીનાઓ ગચ્છનાયકશ્રીના હસ્તે કયા વર્ષે અને કયા ગામે બનવા પામી? તે વાત તે ગાથામાં જણાવેલ નથી, કવિએ જણાવેલા તે બંને ગ્રંથોને સંઘે પાણીમાં બોળ્યા હોવાની વાત પણ કોઈ ગામનો સંઘ જાણતો નથી અને તે બંને–પાણીમાં બોળ્યા તરીકે જણાવેલા–ગ્રંથોમાંના 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથને તો ખુદ તે પૂ૦ ગચ્છનાયકશ્રીએ જ સં૦ ૧૬૧૮ માં સ્વીકૃતિ આપેલ હોવાની હકીકત તે જ ગ્રંથની પ્રાચીન હસ્તલિખિત પુષ્પિકા દ્વારા સંઘ પ્રસિદ્ધ હોવાથી તે ગાથા તત્કાલીન સંઘમાં વિશ્વસનીય લેખાવા પામી નહોતી જ." એમ (ઉપર્યુક્ત પૂ૦ ઉપાધ્યાયગચ્છના નૂતન આચાર્યશ્રી વિજયતિલકસૂરિજી મ૦ના શિષ્ય આચાર્યશ્રી વિજયઆણંદસૂરિજીમ૦થી શરૂ થયેલ) શ્રી આણસૂરગચ્છના (તે કવિ સિંહવિજયજીના જાદુગર મિત્ર) કવિશ્રી દર્શનવિજયજીએ, પ્રસ્તુત 'સાગરભાવની'ની પદ્ધત્તિને અપનાવીને સં. ૧૬૭૮માં બનાવેલ 'વિજયતિલકસૂરિ રાસ'ની ગાથા ૧૫૫થી ૧૫૯ સુધીમાં તે સાગરભાવનીની ૨૪મી ગાથામાંની વર્ષ ગામ અને તત્ત્વતરંગિણી અંગેની ખામીઓને નીચે મુજબ યદ્વા તદ્વા પણ સુધારી લેવી પડી છે, તે આધારે નિઃશંક કહી શકીએ.

વિજયતિલકસૂરિ રાસની ઉક્ત ગાથાઓ આ પ્રમાણે છે.

"ધરમસાગર તે પંડિત લગઈ, કર્યો નવો એક ગ્રંથ રે; નામથી કુમતકુદ્દાલડો, માંડિયો અભિનવો પંથ રે. ॥૧૫૫॥ આપ વખાણ કરઇ ઘણું, નિંદઇ પરતણો ધર્મ રે; એમ અનેક વિપરીતપણું, ગ્રંથમાંહિ ઘણા મર્મ રે. ॥૧૫૬॥ માંડી તેણઈ તેહ પ્રરૂપણા, સુણી ગચ્છપતિ રાયરે; વીસલનયરિ વિજયદાનસૂરિ, આવી કરઇ ઉપાય રે ॥૧૫૭॥ પાણી આણી કહઇ શ્રી ગુરુ, ગ્રંથ બોળવો એહ રે; નયર બહુ સંઘની સાખિઉં, ગ્રંથ બોળીયો એહ રે. ॥૧૫૮॥ શ્રી ગુરુ આણ લહી સહી, સુરચંદ પન્યાસ રે; હાથસિઉં ગ્રંથ જલિ બોળીયો, રાખી પરંપર અંસ રે ॥૧૫૯॥"

કવિશ્રી દર્શનવિ.એ, વિજયતિલકસૂરિ રાસમાંની ઉ૨ દર્શાવેલી ગાથાઓની પૂર્વેની ૧૧૯ મી ગાથાના–'સંવત સોળ સતરોતરઈ.'એ આધ પદ વડે–ઉપર દર્શાવેલી ગાથા પાંચમાં જણાવેલી બીના બન્યાનો–૧–સં. ૧૬૧૭ જણાવવા દ્વારા, તે પાંચ ગાથા ગત બીના બન્યાનું સ્થલ ૨–'વીસલનગર' જણાવ્યું અને તેમાં શ્રી સિંહવિજયોક્ત શ્રી તત્ત્વતરંગિણી સિવાયના એકલા ૩–'**કુમતકુદ્દાલ**'ને પાણીમાં બોળ્યો હોવાનું જણાવીને સિંહ વિ.એ જણાવેલા તે બંને ગ્રંથમાંના તે એક ગ્રંથને પણ સંઘે નહિ; પરંતુ ૪–'**સુરચંદ્રગણિએ**' પાણીમાં બોળ્યો હોવાનું જણાવવાની કૂટ રચના કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વડે [સાગરભાવનીમાંની કવિ સિંહવિજયજીની ઉપર્યુક્ત ૨૪મી ગાથામાંની (૧) સંવત નહિ દર્શાવવાની, (૨) સ્થલ નહિ દર્શાવવાની, (૩) એકને બદલે બે ગ્રંથને પાણીમાં બોળ્યાનું દેખાડવાની અને (૪) તે બને ગ્રંથોને સંઘે પાણીમાં નહિ જ બોળ્યા હોવા છતાં 'સંઘે પાણીમાં બોળ્યા' હોવાનું દેખાડવાની] ચાર ખામીઓને મિત્રદ્વારે સુધારી લેવાના કરેલા જણાતા પ્રસ્તુત કૂટ પ્રયાસમાં તે કવિ શ્રી દર્શનવિજયજીએ પણ નીચે મુજબ નંબરવાર ચાર અસત્યો આલોગપૂર્વક જ ખડા કર્યાં જણાઇ આવે છે.

શ્રી દર્શન વિ૦ના તે પ્રયાસમાં જણાતા ચાર અસત્યો.

૧-સં. ૧૬૧૮માં પૂ૦ ગચ્છનાયકે 'તત્ત્વતરંગિણી'ને આપેલ સ્વીકૃતિમાં (કવિએ પ્રસ્તુત રાસની ગાથા ૧૯૮-૨૮૨ તથા ૨૮૩માં મનસ્વીપણે જ જેને પાણીમાં બોળ્યો હોવાનું જણાવેલ છે તે) 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની સ્વીકૃતિનો પણ સમાવેશ થતો હોવાની પોતાની જાણકારીને ગોપાવવાના અને તે સં. ૧૬૧૭માં નહિ જ બનેલ બીનાને બની હોવા તરીકે સં. ૧૬૭૪માં લેખાવનાર મિત્રકવિ સિંહવિજયજીની વાતને પુષ્ટિ આપવાના હેતુથી આ કવિશ્રી દર્શનવિજયજીએ, તે બીના બન્યાનો સં. ૧૬૧૭ પણ અસત્ય જણાવીને સં. ૧૬૧૯માં રાજનગર ભણી વિહાર કરી રહેલા મહો. શ્રી ધર્મસાગરજીગણિને (ગ્રંથ બોળી સાગર કહનઇ લીધુ લિખિત તસ એકરે; એ ૧૬૦ મી ગાથાના પૂર્વાર્દ્ધ દ્વારા) કલ્પિત સં. ૧૬૧૭માં ગચ્છનાયકશ્રીની પાસે વિસલનગર હોવાનું જણાવવારૂપે નગ્ન અસત્ય ખડું કર્યું જણાઈ આવે છે.

૨-ઉપર્યુક્ત હેતુથી તેવો કૃત્રિમ સંવત્ જણાવવા જતાં આ કવિશ્રીને તે સં૦ ૧૬૧૭માં (પૂ૦ ગચ્છનાયકશ્રીની જ આજ્ઞાથી બીકાનેર જઈ ત્યાંના **'નિત્યાનિત્ય'**ની ચર્ચાવાળા ખરતરવાદીને પરાજિત કરી ત્યાંથી ખરતરગચ્છીઓ જોડે વાદ કરવા) **પાટણ ચાતુર્માસ** કરનાર મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિને અને તે જ સં. ૧૬૧૭ માં **ખંભાત ચાતુર્માસ સ્થિત** પૂ૦ ગચ્છનાયકશ્રીને તે જ સં. ૧૬૧૭માં **વીસલનગરે** તથા (તે જ રાસની ગાથા ૧૬૯ થી ૧૮૮ સુધીમાં) **રાધનપુરનગરે** હોવાનું જણાવનારૂં આ બીજું અસત્ય ખડું કરવું પડ્યું જણાઇ આવે છે.

૩-આ પૂર્વે અનેકવાર નક્કી ઠરાવ્યા મુજબ તે સમયે (કે-વર્તમાનમાં પણ) શ્રી સંઘમાં 'કુમતિકુદ્દાલ' નામના કોઈ ગ્રંથનું અસ્તિત્વ જ નહોતું અને નથી. છતાં તે બીજનામક ગ્રંથને પાણીમાં બોળ્યો એમ કવિ સિંહવિજયજીએ સં૦ ૧૬૭૪ની 'સાગરભાવની'ની ૨૪મી ગાથામાં ઉચ્ચારેલા નિર્મૂળ કથનને સત્ય લેખાવવાના જણાતા હેતુથી આ કવિ દર્શનવિજયજીએ પણ સં૦ ૧૬૭૮માં ઉપજાવેલી ઉપર્યુક્ત ગાથામાં તે નિર્મૂલ કથનને પોતાના કથન તરીકે સ્થાન આપવારૂપે આલોગતયા જ અસત્યનો પટ આપ્યો જણાઈ આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪–એ પ્રકારે કવિશ્રી સિંહવિજયજીની તે પોતે અપનાવેલી વાતને સિંહવિજયજીની જેમ પર હસ્તક બનેલ તરીકે લેખાવવા સારૂ આ કવિશ્રીએ સં૦ ૧૯૭૮માં (જેઓશ્રી સં૦ ૧૯૩૦ લગભગ સ્વર્ગવાસી થયા લેખાતા તે) પૂ૦ પં૦ શ્રી સૂરચંદ્રગણિનું માત્ર નામ જ દાખલ કરી દીધું જણાય છે.

અત્ર આશ્ચર્યની વાત તો આ છે કે–"પ્રસ્તુત ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજી મ૦ના સં. ૧૯૨૨ સુધીના વિદ્યમાન કાલથી માંડીને પૂ. ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજી મ૦ના વિદ્યમાન કાળ સં. ૧૯૭૨ પર્યંતમાં આ બંને કવિમિત્રોએ પોતે તે પરંપરા-સિદ્ધ ગચ્છમાં રહ્યા ત્યાં સુધીના ૫૦ વર્ષના ગાળામાં પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર અંગે તેવું કોઈ જ નિંદાત્મક લખાણ કરેલું નથી અને સં. ૧૯૭૩માં તે પૂ. ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજી મ૦ના પટ્ટધર પૂ. ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મ૦ના તે જ પરંપરાસિદ્ધ ગચ્છમાંથી ખસીને નવા સ્થપાએલા ઉપાધ્યાયગચ્છમાં જોડાયા પછી જ તેઓશ્રીએ, તે સં. ૧૯૭૪ વર્ષે રચેલી 'સાગરભાવની' તથા સં. ૧૯૭૮ વર્ષે રચેલ 'વિજયતિલકસૂરિ રાસ'માં એવી એવી ઐતિહાસિક કલ્પિત વાતો આલેખીને મહાન્ અનર્થ ઉપજાવેલ છે! અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે–તે બંને કવિઓએ ૫૦ વર્ષ વિત્યા બાદ તેવું વિસંવાદી લખાણ કઈ પ્રકારના આત્મહિતાર્થે આલેખ્યું હશે?"

જૈ. પ્ર. ઇ. પૃ. ૭૧૬ કલમ–(૮)–"મહો૦ ધર્મસાગર ગણિવરે ગચ્છનાયકની આજ્ઞાથી ચતુર્વિધ જૈન સંઘ તથા પોતાના ભક્તોને તેરવાડાથી એક પત્ર લખી જણાવ્યું કે–'મેં નિહ્નવો તથા પર્વોની નવી પ્રરૂપણા બાબત મિચ્છામિ દુક્કડં આપ્યો છે, તો કોઈએ નવી પ્રરૂપણા કરવી નહીં. જેણે તેની શ્રદ્ધા કરી હોય તે 'મિચ્છામિ દુક્કડં' ઉપદેજો."

તે પત્ર આ પ્રકારે મનાય છે.

(૧) મહો૦ ધર્મસાગર ગણિએ આ ગ્રંથ (કુમતિકુદાલ કે ઉત્સૂત્રકંદકુદાલ?)ની પ્રરૂપણા કરી હતી. તેમ જ 'તત્ત્વતરંગિણી' ગ્રંથ બનાવ્યો હતો. તેમાં ઇતરગચ્છોની

૩૫. 'જૈનયુગ' વર્ષ ૫, પૃ ૪–૩ ઉપર પ્રસિદ્ધ થયેલ આ પત્રને તે છાપાના તંત્રીશ્રીએ 'તે પત્ર કયા વર્ષે લખાણો? તે કહેવાતા પત્રને મહોપાધ્યાયજીના કોઇ વિદ્વેષીએ ઉપજાવી કાઢેલ તરીકે શા આધારે ન માનવો? વીસલનગરથી લખવાને બદલે તેરવાડાથી કેમ લખ્યો? એ વગેરે શંકાસ્પદ બીનાઓને વિચારવા થોભ્યા વિના જ જેમ છાપી દીધો, તેમ આ ત્રિપુટી મહારાજે પણ તે છાપેલ પત્રમાંની તે તે શંકાશીલ બાબતોને વિચાર્યા વિના જ તે પત્રનો ઉપર્યુક્ત સાર પ્રકટ કરી દેવામાં પોતે સ્વતંત્ર હોવાથી પ્રકટ તો કરી દીધો, પરંતુ તે પહેલાં તેઓ પણ આ વસ્તુ વિચારવા થોભેલ જ નથી કે–તત્કાલીન પ્રાપ્ત ઇતિહાસોનાં યથાતથ્ય પાસાં તપાસતાં તે મહોપાધ્યાયશ્રીએ તેવો પત્ર શ્રી ચતુર્વિધ સંઘને તેરવાડાથી તો શું? પરંતુ કોઇપણ સ્થળેથી કોઈપણ વર્ષે લખ્યો હોવાનું જણાતું નહિ હોવાથી તે કહેવાતો પત્ર તો શું, પરંતુ તે પત્રનો એ સાર પણ ગ્રાહ્ય બની શકતો નથી."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કડક સમાલોચના કરી હતી. ભ૦ વિજયદાનસૂરિએ અને આ૦ હીરવિજયસૂરિએ તે ગ્રંથોને જલશરણ કરાવ્યા અને ઉપાધ્યાયજીએ પણ તે પ્રરૂપણા માટે મિચ્છામિ દુક્કડં આપ્યો. જેનો લેખ આ પ્રમાણે છે.

"स्वस्तिश्री शांतिजिनं प्रणम्य। तिरवाडानगरतः परमगुरुश्री विजय(दान)सूरिसेवी उपा० धर्मसागरगणि लिखति समस्तनगर साधु-साध्वी-श्रावक-श्राविकायोग्यम्। आज पछी अमे पांच निह्नव न कहउ। पांच निह्नव कहंवाहुइ ते मिच्छामि दुक्कडं। उत्सूत्रकंदकुद्दाल ग्रंथ न सद्दहउं, पूवइ सद्दहंउं हुइ ते मिच्छामि दुक्कडं। षट्पर्वी आ श्री जिम श्री पूज्य आसि (आदेश) देइ छइ ते प्रमाण ॥ठ॥ सात वोल जिम भगवान आसि घइ छइ ते प्रमाण। चतुर्विध संघनी आसातना कीधी हुइ ते मिच्छामि दुक्कडं। आज पछी पांच चैत्य वांदवा। तिरवाडामांहि श्री पूज्य परमगुरु श्री विजयदानसूरिनइ मिच्छामि दुक्कडं दीधउ छइ संघ समक्ष ए वोल आ.श्री जिणइ खोटो सद्दहवउ हुवइ ते [३६]मिच्छामि दुक्कडं देखयो ॥ठ॥

[જૈનયુગ વર્ષ ૫, પેજ ૪૮૩* પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ પૂરવણી પેજ ૨૫૭]

૩૬. તે પ્રકારના આ પત્રની ઉત્પત્તિ, આ પ્રકારના પ્રશ્નો પૂર્વક સંભવે છે કે-"સં. ૧૬૭૪માં શ્રી સિંહવિ૦એ 'સાગરશાવની'માં-' એ ઓગણિસઈ પ્રથમ પત્રાડો, પગે લાગીનઈ પઇઠો; ભદુઆમત માંડિઉ છઈતાલઈ, આપ ઋષિ થઇ બઇઠો ॥૨૫॥ ..મિચ્છામિ દુક્કડં ખમી ખમાવી ચરણ હીરનઈ લાગો ॥૨૭॥ એ અસંગત અને તોછડાઈભરી ગાથાઓ દ્વારા ઉક્ત મહોપાધ્યાયજી અંગે જે 'પગે લાગીને પેઠા યાવત્ શ્રી હીરગુરુને પગે લાગી મિચ્છામિ દુક્કડં માગ્યો.' વગેરે વાતનો સં. ૧૬૧૯ જણાવેલ છે, અને તે પછી સં. ૧૬૪૬માં ભદુઆનો મત માંડયો, એમ જણાવ્યા પછી મિચ્છામિ દુક્કડં આપ્યાનું જણાવ્યું છે! તો પ્રશ્ન એ થાય છે કે-તે કવિએ તે પત્રમાં મહોપાધ્યાયજીએ મિચ્છામિ દુક્કડં માગ્યાનો સંવત કેમ નથી આપ્યો?

આ પ્રકારની તે શંકાશીલ ગાથાઓ ઉપરથી સં. ૧૬૭૮માં કવિ દર્શનવિ૦ એ, વિજયતિલકસૂરિ રાસની 'હવઇ ધર્મસાગર આપિં લેખ, ચતુરવિધ સંઘનઈ લિખઇ વિશેષ; તયરવાડા નગરનઇ વિષઇ, ધર્મસાગર તે એહવું લિખઈ' એ ૧૯૫મી ગાથાથી પ્રારંભીને 'એ ઓલ સઘળા ખોટા કહ્યા, તે જેણઇ કહીઈ સદ્દહીયા; તે હવઇ મન શુદ્ધિં કરી, મિચ્છામિ દુક્કડં દેવો સહી' એ ગાથા ૨૦૪ સુધીમાં જણાવેલ બીનામાં સંવત જણાવ્યા વિનાજ એને લગતી બીના જણાવેલ છે! અર્થાત્ તેમાં પણ તે કવિશ્રીએ તયરવાડામાં કયે વર્ષે તે બીના બની? એ જણાવ્યુ નથી, અને તે ૨૦૪મી ગાથા પછીની 'વલી એક લિખિત કરિઉં તે સુણો, સંવત સોલ એગણીસા તણો;' એ ૨૦૫મી ગાથાના પૂર્વાર્દ્ધથી માંડીને-'લિખ્યો કરી સઘલઈ મોકલ્યાં, પછઈ સાગર ગચ્છમાંહિ ભલ્યાં' એ ૨૧૦મી ગાથા સુધીમાં તયરવાડા અને ત્યાંની તે કહેવાતી બીનાને અન્યત્ર અને અન્યસ્વરૂપે બનેલ હોવાનો ભાસ આપેલ છે!

આ તે બંને મિત્રકવિ મુનિરાજોનાં લખાણોમાંની ગરબડ, ઉલટપાલટ વગેરે પરથી માનવું ફલિત થાય છે કે-'તે બીના અંગે સ્થલ અને સંવતનો નિશ્ચય નહિ કરી શકવાને લીધે કવિ શ્રી દર્શનવિ૦એ જણાવેલા તે સંવત વિનાની તયરવાડા આદિની અનિશ્ચિત સ્થાન અને વાતવાળી બીનાને પણ પ્રાયઃ એકાદ દેશથી વ્યકત કરતો ઉપરનો, સંવતશૂન્ય પત્ર, તે પક્ષના કોઇ સામાન્ય સંસ્કૃત-બોધવાળા જને ગૂર્જર લિપિમાં લખીને જૈનયુગના તંત્રી મો. દ. દેશાઇને તેમના તે પેપરમાં પ્રસિદ્ધિ અર્થે મોકલ્યો કાં ન હોય? અને તે પત્રને ભાવતા ભોજનરૂપે માનીને તંત્રીએ પ્રસિદ્ધ કાં ન કર્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈ. પ૨. ઇ. પૃષ્ઠ ૭૧૫ કલમ (૭) પછી 'ગ્રંથો' શીર્ષક તળેની-આગળ નિર્મૂળ ઠરાવી આપેલ-" આચાર્યશ્રીએ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' અને 'તત્ત્વતરંગિણી' ગ્રંથને પં૦ સુરચંદ ગણિ પાસે પાણીમાં બોળાવ્યા અને મહોપાધ્યાય ધર્મસાગર ગણિને પરિવાર સહિત ગચ્છમાં દાખલ કર્યા." એ વાતને મથાળે ૧ છપાવીને તે 'જૈન પર. ઇતિહાસ' ભાગ ૩ના રચયિતા ત્રિપુટી મહારાજે, પ્રસ્તુત પેજ ૭૧૫માંના લખાણની નીચે ૧ નંબરની સ્કૂટનોટમાં-" ૧-ભટ્ટારક શ્રી [1]વિજયદાનસૂરિએ સં૦ [2]૧૬૧૯-૨૦માં 'તત્ત્વતરંગિણી'ને કલેશજનક માની અપ્રમાણિક જાહેર કરી, તે પછી જૈન શ્રમણસંઘમાં તિથિચર્ચાના ઘણા પ્રસંગો ઊઠ્યા, પણ કોઈએ કોઇપણ ચર્ચામાં કે ચર્ચાપત્રમાં અપ્રમાણિક હોવાના કારણે તત્ત્વતરંગિણીનો હવાલો [3]આપ્યો નથી જે ભ૦ વિજયદાનસૂરિને પૂજ્ય માનતા હોય તે સૌ વિવેકીએ સમજવું જોઈએ કે: [4]કલેશજનની 'તત્ત્વતરંગિણી'ના આધારે નવી તિથિ વ્યવસ્થા કરવા પ્રયત્ન કરવો તે [5]સંઘને માટે હાનિકારક છે" **એ પ્રમાણે** [શ્રી વિજયદેવસૂરસંઘમાંથી ખસીને વિજય આણસૂરસંઘમાં ભળી જવાપૂર્વક પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજ મ૦ના ખુલ્લા પ્રતિસ્પર્દ્ધિ બનેલા કવિ સિંહવિજયજી તથા દર્શન-વિજયજીએ, પાણીમાં બોળ્યો હોવાનું કહેવાની પહેલ જ કરી છે એમ જાણવા છતાં] **પૂ ત્રિપુટી મહારાજે તે બે કવિ મુનિરાજોની તે પ્રકારની અસૂયાજન્ય વાતના ટેકામાં રજુ કરેલી સ્કૂટનોટ દ્વારા પોતાના પ્રસિદ્ધ ઇતિહાસકારિત્વને—**

નિમ્નોક્ત પાંચ પ્રકારે ઝાંખપ લગાડેલ છે.

૧-'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથ તો વર્તમાનમાં પણ શ્રી તપગચ્છમાન્ય બારેય પર્વી-ઓનું સંરક્ષણ કરવા સમર્થ નીવડેલ હોવાનું અને તે ગ્રંથને સં૦ ૧૬૧૮માં ભ૦ શ્રી વિજયદાનસૂરિજીએ પણ સ્વીકૃતિ આપેલ હોવાની હકીકત, તે ગ્રંથની ૩૦૦ વર્ષ જુની પ્રાચીન હસ્તલિખિતપ્રતની પુષ્પિકાદ્વારા પ્રસિદ્ધ હોવાનું જાણવા છતાં તે શાસન માન્ય અભૂતપૂર્વ એવા 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથને તે જ ભટ્ટારકશ્રીએ કલેશજનક માનીને અપ્રમાણિક જાહેર કરી હોવાનું જણાવ્યું છે તે, તે પૂ. ભટ્ટારકશ્રી પ્રત્યે અસદ્ આક્ષેપકારી છે.

(અનુસંધાન પેજ ૬૦ નું ચાલુ)

હોય? અથવા તેવી બનાવટવાળો પત્ર કોઈનો લખેલો તંત્રીના હાથમાં કોઈ ભંડારમાંથી આવ્યો હોય અને પૂર્વાપરનો વિચાર કર્યા સિવાય પ્રસિદ્ધ કાં ન કર્યો હોય? એ આવશ્યક વિચાર કર્યા વિના જ તે પત્રને પૂ૦ ત્રિપુટી મહારાજે પણ પ્રથમ સં૦ ૨૦૦૬માં છપાવેલ પોતાના 'શ્રી પટ્ટાવલી સમુચ્ચય' ભાગ ૨ના પેજ ૨૫૭ ઉપર યથાવત્ પ્રસિદ્ધિ આપી દીધી હોય એમ એ પત્ર અંગે પૂર્વ વિધિ કલ્પી શકાય. તે પછીથી તો તે પત્રમાંના અશુદ્ધ અને અવ્યવસ્થિત લખાણને મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિનું લેખાવવા સારૂ તે જ પૂ૦ ત્રિપુટી મહારાજે શુદ્ધ તેમ જ વ્યવસ્થિત કરીને સં૦ ૨૦૨૦ના આ-'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ ૩માં બાલાવબોધ લિપિમાં પ્રસિદ્ધ કરી દેવાનું કૂટ કૌશલ્ય ફળ્યું હોવાનું સહુ કોઈને સ્પષ્ટ સમજાય તેમ છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨–કવિ શ્રી સિંહવિજયજી તથા શ્રી દર્શનવિજયજી પણ પોતાની તે દ્વેષમૂલક વાતમાંય તે બીનાનો સંવત તો જણાવી જ શકેલ નહિ હોવાનું જાણવા છતાં (તે બંને કવિની તે નિર્મૂળ વાતને જાણે સાચી લેખવવા જ માગતા હોય તેમ) પોતે તે બીના બન્યાનો એ '૧૬૧૯–૨૦' સંવત પણ પદરનો જણાવ્યો છે! અને તે પણ વિકલ્પવાળો જણાવ્યો છે!

૩. સં૦ ૧૯૩૦માં લૌકિક ટિપ્પણમાં ભા. શુ. બે પડવા આવેલ, તે વખતે શ્રી દેવસૂર તપાગચ્છના શ્રી ધરણેન્દ્રસૂરિજીએ તો આરાધનાના પંચાંગમાં શ્રાવણ વદિ બે તેરસ કરીને પ્રવર્તવાનું જણાવવારૂપે પ્રસિદ્ધ કરેલા (અને છેલ્લે છેલ્લેની નવા તિથિપંથીઓ સાથેની ચર્ચાના નીચોડરૂપે સં૦ ૨૦૦૧માં પ્રસિદ્ધ થયેલ '**પર્વતિથિ નિર્ણય**' ગ્રંથના પૃ૦ ૩૫ થી ૩૯માં પણ પ્રસિદ્ધ થયેલા) હેન્ડબીલમાં જણાવાયેલી '**કેમકે એ જ સેન-પ્રશ્નમાં તથા હીરપ્રશ્નમાં તથા તત્ત્વતરંગિણીમાં કહ્યું છે જે** ×××' એ પંક્તિમાં પ્રસ્તુત તત્ત્વતરંગિણીનો પણ હવાલો આપેલ હોવાનું પોતે વર્ષોથી જાણતા હોવા છતાં તેઓએ "તિથિચર્ચાના ઘણા પ્રસંગો ઉઠ્યા, પણ કોઈએ કોઇપણ ચર્ચામાં કે ચર્ચાપત્રમાં અપ્રમાણિક હોવાના કારણે તત્ત્વતરંગિણીનો હવાલો આપ્યો નથી" એમ લખ્યું છે તે શ્રી સંઘમાં 'તત્ત્વતરંગિણી' જેવા તપગચ્છસંરક્ષક ગ્રંથ પ્રતિ અજ્ઞાનમૂલક અશુભ આશયનું દ્યોતક છે.

૪–સં. ૧૬૧૫માં રચાયેલ આ 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથે, સં. ૧૬૧૭માં પાટણ મુકામે ખરતરગચ્છીઓને ૮૪ ગચ્છના મુનિઓની હાજરીવાળી જાહેરસભામાં તેમની પર્વતિથિ-વિષયક માન્યતામાં પણ ખોટા ઠરાવીને તપગચ્છનો વિજયડંકો વગડાવેલ હોવાનું જાણવા છતાં તે ભવ્યગ્રંથને આ રીતે પોતે 'કલેશજનની' લેખાવેલ છે તે, ઉપરની ત્રીજી કલમને છેડે અમે જણાવેલ–'તેમના અશુભ આશય' વાળી વાતપર મહોરછાપ મારવારૂપ છે.

૫–તે ગ્રંથના આધારે નવી તિથિવ્યવસ્થા જણાવતી હોવાનો પ્રચાર ધમધોકાર કરનાર નવા તિથિમતિઓ, તે ગ્રંથના જ આધારે તે પ્રચારમાં અનેકવાર જાહેરરીતે જુઠા ઠરેલ હોવાનો જાતઅનુભવ હોવા છતાં આ રીતે તે તપાગચ્છીયા સમાચારીના એકના એક સફળ સંરક્ષકગ્રંથને સંઘને માટે હાનિકારક લેખાવેલ છે, તે (કહેવાતા ઇતિહાસવેત્તા પં૦ કલ્યાણવિજયજીની જેમ) તે પ્રૌઢતમ ગ્રંથને યથાર્થ વાંચ્યા–સમજ્યા વિના જ તે પ્રૌઢતમ ગ્રંથ અને તે ગ્રંથના પ્રણેતા પ્રત્યે પણ શ્રી સંઘમાં અનાદર પ્રકટાવવાવા અશુભ આશયનું સૂચક છે.

તેઓશ્રીએ પેતાની તે વાતની પુષ્ટિમાં આપેલી સંદિગ્ધ ગાથાઓ.

'**જૈ. પ. ઇ.**' **ભા. ૩ પૃ. ૪૧૭** કલમ ૮ પછીની પેટા કલમ (૨)–મહો૦ સુમતિવિજયગણિના શિષ્ય પં૦ સિંહવિજજી લખે છે કે=" પહેલું [1]ધર્મરુચિઉ. ધર્મસાગર,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રંથ કરિઉ [૨]એક મોટો; [૩]ચુરાસીગચ્છ તેહમાં નંદ્યા, [૪]તત્ત્વતરંગિણી ખોટો ॥૨॥ ગલા વણાયગ આદિ શ્રાવક, સબલ સખાયત કીધા; શ્રી વિજયદાનસૂરિ સંઘાતિ, ફિરી ફિરી [૫]અધડા કીધા ॥૨૩॥ સુણ્યા સરઈ નહિ પોતઇ સાગર, રાંકતણી [૬]પરે રોળ્યા; [૭]કુમતિકુદ્દાલ ને [૮]તત્ત્વતરંગિણી- [૯]સંધિ પાણીમાંહિ બોળ્યા ॥૨૪॥ એ ઓગણિસઈ પ્રથમ પવાડો, [૧૦]પગે લાગીનઇ પઇઠા; ભદુઆમત માંડિઉ [૧૧]છઇતાલઇ, આપ ઋષિ થઇ બઇઠા ॥૨૫॥ [૧૨]મિચ્છામિદુક્કડં ખમી ખમાવી, ચરણ હીરનઇ લાગેા ॥૨૭॥ (સં૦ ૧૬૭૪ દિવાળીદિને 'સાગરભાવની'–પટ્ટાવલી સમુચ્ચય ભાગ ૨, પુરવણી પેજ ૨૫૭-૫૮).”

૨૫....[૬]ટી.....[૭]ક.....૨.....ણ

[ઉપર મુજબ ત્રિપુટી મહારાજે રજુ કરેલી ૪૫ ગાથાનું સ્થળ–'પટ્ટાવલી સમુચ્ચય ભાગ ૨. પુરવણી પેજ ૨૫૭-૫૮ જણાવેલ છે; પરંતુ ખરૂં સ્થળ પેજ ૨૫૮ છે, અને તે ૨૫૮ મા પેજ ઉપર પણ તેઓશ્રીએ ઉપર જણાવેલી ૪૫ ગાથામાંની '૨૨ અને ૨૪' એ બે જ ગાથાઓ આપેલી છે!]

તે બે ગાથાઓ પણ તેઓશ્રીએ, (સં૦ ૧૯૭૭ માં પ્રસિદ્ધ થયેલ **'ઐતિહાસિક રાસ સંગ્રહ'** ભાગ ચોથાના 'નિરીક્ષણ' શીર્ષક તળેનાં લખાણના પેજ ૧૦ તથા ૧૨ ઉપર [પૂ૦ ઇતિહાસવેત્તાએ ૨૬ મી ગાથા છૂપાવીને] રજુ કરેલ ૨૨ થી ૨૭ સુધીની પાંચ ગાથાઓની પ્રમાણિકતા વિચારવામાં ૨૮ વર્ષ વીતાવ્યા બાદ તે પાંચ ગાથામાંથી પોતાની વિચારધારાને અનુકૂળ તરીકે ચૂંટીને પોતાના આ સં૦ ૨૦૦૬ના પુસ્તકમાં રજુ કરી છે! આમ છતાં ઉપર્યુકત સાડાચારે ય ગાથાનું સ્થળ પણ તેઓશ્રીએ ભ્રામક જણાવેલ છે!

હકીકતે તો ઉકત ઐતિહાસિક રાસ સંગ્રહમાંની જે ત્રણ ગાથાઓને તેઓશ્રીએ સં૦ ૨૦૦૬ના તે પોતાના પુસ્તક પુરવણીમાં પ્રસિદ્ધિ આપવા યોગ્ય લેખી નહોતી તે ત્રણ ગાથામાંની પણ ૨૫ ગાથાને પોતે પૂર્વે પ્રસિદ્ધ કરેલી ઉકત બે ગાથા સાથે હવે ચોજીને સં૦ ૨૦૨૦ માં પ્રસિદ્ધ કરેલા આ જૈન પ. ઇતિ.ના પુસ્તકમાં રહી રહીને ઉપર પ્રમાણે રજુ કરેલ છે! અને તે પણ 'સાગરભાવની'માંની તે સાડાચારેય ગાથાને પોતે પ્રમાણિક માનતા હોવાનો દેખાવ કરવારૂપે રજુ કરેલ છે!]

પ્રસ્તુત ગાથાઓમાંની નંબરવાર ૧૨ અસત્યતાઓ.

૧. 'ધર્મરુચિ ઉ.' પદ ખોટું છે, મૂળ ગાથામાંનું 'ધરમ રચિઉં.' પદ જોઇએ.

૨. મૂલ ૬૨ ગાથાના નાનાશા, 'તત્ત્વતરંગિણી' ગ્રંથને 'મોટો' જણાવ્યો તે દ્વેષ મૂલક અસત્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩. તે ગ્રંથમાં મુખ્યત્વે–તિથિચર્યામાં અર્ધજરતીય ન્યાયને અનુસરતા–ખરતરગચ્છની પણ નિંદા તો કરી જ નથી; પરંતુ ખરતરોના તે પ્રકારનાં અનુસરણને શાસ્ત્રાધારે અસત્ય ઠરાવવાનો જ માત્ર પ્રયત્ન કરેલ છે: આમ છતાં–'તેમાં ૮૫ ગચ્છોને નિંદ્યા છે!' એમ જણાવાયું તે સમસ્ત ગચ્છોને મહો. શ્રી ધર્મસાગરજીના વિરોધી બનાવવાના દુષ્ટ આશય-જ્ઞાપક અસત્ય છે.

૪. સં૦ ૧૬૧૭માં પાટણ મુકામે ખરતરોની માન્યતાને ખોટી ઠરાવવાપૂર્વક તપ-ગચ્છની માન્યતાને જ સાચી ઠરાવી તપગચ્છનો ઇતિહાસપ્રસિદ્ધ વિજયડંકો વગડાવનાર તે ગ્રંથને રહી રહીને ૫૭ વર્ષ બાદ 'ખોટો' કહેવાની હિંમત કરનાર આ (સં. ૧૬૭૩ માં શ્રી વિજયદેવસૂરિજીના પ્રતિસ્પર્ધિ બનેલા) કવિ સિંહવિજયજીનું તે કથન, દેવસૂર તપગચ્છને વફાદાર એક પણ વ્યક્તિને માન્ય ન થઇ શકે તેવું અસત્ય છે.

૫. બંને ગચ્છનાયકોને ઉપા૦ ધર્મસાગર જીગણિ, જીવનભર અસ્ખલિતપણે વફાદાર હતા, એમ બાપોકાર જણાવતા સમસ્ત પ્રમાણિક ઇતિહાસોની વિરુદ્ધ જતી એવી આ સદંતર નિરાધાર વાત મૂર્તિમંત અસત્ય છે

૬. તે મહોપાધ્યાયશ્રીને ઉતારી પાડવાને આકાશ–પાતાળ એક કરવા જેવી જોરદાર ધમાલ આદરી બેઠેલાઓ જ તે સમયે શ્રી સંઘમાં એ પ્રકારે રોળાઇ ગયેલ હોવાની ઐતિહાસિક હકીકતને અચ્છાદિત કરનારું આ ઘોર અસત્ય છે.

૭. એ નામનો ગ્રંથ, અદ્યાપિ પર્યંત કોઇએ જ રચ્યો નહિ હોવા છતાં આ કવિએ તે નામ મહો શ્રી ધર્મસાગરજીના નામે ઊભું કરેલ હોઇ તદ્દન કૂટ છે.

૮. તે તપગચ્છની આચરણાના પ્રાણસમા ગ્રંથને પૂ૦ ભ૦ શ્રી વિજયદાનસૂરિજીએ તો સ્વીકૃતિ આપેલ હોવાનું તે ગ્રંથની ૩૦૦ વર્ષ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથની પુષ્પિકા જ જણાવતી હોવા દ્વારા આ કવિના તે કથનને ઢાંડી પીટીને અસત્ય ઠરાવે છે.

૯. કયા ગામના સંઘે? કોના કહેવાથી? કોના નેતૃત્વ તળે? અને કયે વર્ષે તે કાર્ય કર્યું? એ નહિ જ જણાવી શકનારું તે કથન સ્વયં અસત્ય છે

૧૦ તે મહોપાધ્યાયજી, બંને ગચ્છનાયકોને સદા પગે લાગતા થકા તે ઉભય ગચ્છનાયકોને પોતાની અદ્વિતીય વિદ્વત્તા અને શક્તિથી અસ્થિ–મજ્જારૂપે પોતાનું હૃદય ભાસેલ હોવાથી ગચ્છનાયકોએ, તે મહાગુણીયલ અને પરમ વફાદાર મહોપાધ્યાયજી ગચ્છથી સ્હેજ પણ દૂર રહે એય કદિ ઇષ્ટ માનેલ નહિ હોવાનું ઇતિહાસ કહેતો હોવાથી આ કથન સરાસર દ્વેષમૂલક એવું અસત્ય છે.

૧૧. આ વાતને તથારૂપે જણાવનાર કોઈ પ્રમાણિક ઇતિહાસનો આધાર નહિ હોવા રૂપે આ વાત અસત્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૨. 'કયા અપરાધને અંગે અને કયા વર્ષે મિચ્છામિ દુક્કડં માગ્યો?' એ જણાવી શકે તેમ નહિ હોવા છતાં કવિએ તેમ કહ્યું! તે, તે કવિને જ અસત્યમૂર્તિ લેખવનારૂં અસત્ય છે.

ઇતિહાસકારિત્વને લાંછન રૂપ છે.

ઉપરની ૪૫ ગાથમાં રહેલા ઉપર્યુક્ત બારેય અસત્યોને તથારૂપે સમજવા છતાં પં૦ કલ્યાણવિજયજી, મોહનલાલ દ. દેશાઇ, પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિજયજી, મોતીચંદ ગી. કાપડીયા અને આ ત્રિપુટીમહારાજ આદિ ઇતિહાસકારોએ પોતપોતાના ઐતિહાસિક પુસ્તકોમાં તે અસત્યોને જે સત્યરૂપે બહેકાવેલ જોવાય છે તે ઇતિહાસકારને માટે આવશ્યક ગણા। મધ્યસ્થપણાના અભાવનું સૂચક છે.

તેની જવાબદારી આટલી જ રાખી છે!

પૂ૦ ત્રિપુટીમહારાજે ઉપયોગમાં લીધેલ ઉક્તપ્રકારની ૪૫ ગાથાઓ પછી તે ગાથાઓનાં સ્થળ તરીકે જણાવેલ '**પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨**' નું પ્રકાશન, તેઓશ્રીએ સં૦ ૨૦૦૬માં શા. વાડીલાલ છગનલ લના નામે કરેલ છે. અને તે પુસ્તકને અંતેની 'પુરવણી' પોતાના નામે રજુ કરેલ છે તેમ કરીને તેઓશ્રીએ તે પુસ્તકના પૃ ૧ થી ૧૨૧ સુધીમાં પ્રસિદ્ધ કરેલ કવિશ્રી દીપ વિ૦ કૃત '**સોહમકુલરત્ન પટ્ટાવલી-રાસ**' ગત કેટલીક અપ્રમાણિક વાતોની જવાબદારીમાંથી બચીને પ્રસ્તુત '**પુરવણી**' પૂરતી જ જવાબદારી રાખેલ છે.

અમાન્ય કરેલી પટ્ટાવલીમાંનો શબ્દ, સત્ય ઠરાવવા કમર કસી છે!

આમ છતાં આશ્ચર્યની વાત એ છે કે- તેઓશ્રીએ ઉપરની તે ગાથાઓના સ્થળ તરીકે જણાવેલ તે પુરવણીના પૃ. ૨૫૭ ઉપર તે ગાથાઓના બદલે ઉક્તરીત્યા પોતેય માન્યતા નહિ આપેલ '**શ્રી સોહમકુલરત્ન પટ્ટાવલી-રાસ**'ના પેજ ૯૬ ઉપરની ત્રીજી કડીમાંનો '**કુમતિકુદ્દાલ**' શબ્દને રજુ કરીને તે શબ્દને સાચો ઠરાવવા નીચે મુજબ વિવેચન કરવા પૂર્વક તે શબ્દની પુષ્ટિમાં એક બનાવટી પત્ર પણ રજુ કરી દીધેલ છે કે-

"મહોપાધ્યાય શ્રી ધર્મસાગરગણિએ આ (કુમતિકુદ્દાલ) ગ્રંથની પ્રરૂપણા કરી હતી, તેમજ તત્ત્વતરંગિણી ગ્રંથ બનાવ્યો હતો જેમાં ઇતરગચ્છોની કડક સમાલોચના કરી હતી આ૦ વિજયદાનસૂરિ અને આ૦ વિજયહીરસૂરિએ તે ગ્રંથોને જપ્તશરૂ કરાવ્યા, અને ઉપાધ્યાયજીએ પણ તે પ્રરૂપણા માટે મિચ્છા દુક્કડ આપ્યો હતો, જેનો લેખ આ પ્રમાણે છે:—"स्वस्ति श्री शांतिजिनं प्रणम्यः ॥ तिरवाडा नगरतः परमगुरु श्री विजयदानसूरि

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવી ઉપા. શ્રી ધર્મસાગરગણિ લિખિત સમસ્ત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા યોગ્યમ્॥ આજ પછી અમે પાંચ નિન્હવ ન કહેઉં પાંચ નિન્હવ કહ્યા હુઇ તે "મિચ્છામિ દુક્કડં" ઉત્સૂત્ર-કંદ-કુદ્દાલ-ગ્રંથ ન સદ્દહેઉં, પૂર્વઈ સદ્દ્યાઉ હુઈ તે "મિચ્છામિ દુક્કડં" ॥ષટપર્વી॥ ચતુઃ પર્વી આશ્રી H જીમ શ્રી પૂજ્ય આસિ (આદેશ) દેઇ છઈ તે પ્રમાણ ॥છ:॥ સાતએાલ જીમ ભગવન આસિ H ઘઇ છઈ તે પ્રમાણ॥ ચતુર્વિધ સંઘની આશાતના કીધી હુઈ તે મિચ્છામિ દુક્કડં॥ આજ પછી પાંચના ચૈત્ય વાંદવા। તિરવાડામાંહિ શ્રી પૂજ્ય પરમ-ગુરૂ શ્રી વિજયદાનસૂરિનઈ "મિચ્છામિ દુક્કડં" ॥ દીધઉ છઇ સંઘ સમક્ષ એ બોલ આશ્રી જાણઈ બોટો સદ્દહુઉ હુવઇ તે "મિચ્છામિ દુક્કડં" ॥ દેજ્યો ॥છા" (જૈનયુગ વર્ષ ૫, પૃ ૪૮૩).

તે કહેવાતા પત્રમાં કરેલ ઠગચેષ્ટા !

પૂ૦ ત્રિપુટીજી મહારાજે રજુ કરેલા આ બનાવટી પત્રને અહિં પૂ૦ ઉપા૦ શ્રી ધર્મસાગરજીના પત્ર તરીકે લેખાવ્યો, અને તે પછી આ પત્રમાંની (તે પત્રમાંનાં 'વર્ણો, ચિહ્નો, શબ્દો અને અવ્યવસ્થિતતા' પ્રતિ વાચકોનું લક્ષ્ય દોરવાના શુભ ધ્યેયથી તે તે સ્થળોની નીચે તેમજ ઉપર '–' એ પ્રકારની અંડરલાઈન, * આવી કુલી, 'H' એ પ્રકારનું ચિહ્ન, વગેરે આ પત્રમાં અમોએ દર્શાવેલ છે; તે) દરેક અશુદ્ધિઓને પૂ૦ ત્રિપુટી મહારાજે સુધારીને અને તેમાંની ગૂર્જરલિપિને બાલબોધનું રૂપક આપીને પ્રસ્તુત **'જૈન પરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ના પૃ.૭૧૬ ઉપર પુનઃ પ્રસિદ્ધ કરી દેવાની ઠગારી ચેષ્ટા કરેલ છે !

તે ચેષ્ટા ઠગારી એટલા માટે કે– "આણસૂરગચ્છના યતિ શ્રી દીપવિજયજી કૃત તે 'સોહમકુલરત્ન પટ્ટાવલી–રાસ' ના પૃ. ૯૬ ઉપરની ત્રીજી કડીમાંની–'કુમતિકુદ્દાલને અપ્રમાણિક કીધો' એ કલ્પિત વાતને સાચી ઠરાવવા સારૂ કોઈ જ આધાર પ્રાપ્ત ન થયો ત્યારે આ પૂ૦ ત્રિપુટી મહારાજે કવિ દીપવિ૦ની તે કલ્પિત વાતના ટેકામાં અત્ર ઉપરના (કુમતિકુદ્દાલ શબ્દને બદલે જણાવેલ) **'ઉત્સૂત્રકંદકુદ્દાલ'** ને નહિ સદ્દહવાનું જણાવતો અને ભ૦ શ્રી વિજયદાનસૂરિજીએ બહાર પાડ્યો હોવાનું જણાવતી ઉડાઉ વાતનું સમર્થન કરતો સદંતર અસંગત એવો બનાવટી પત્ર રજુ કરી દીધો છે! એથીયે આગળ વધીને એ બનાવટી પત્રમાંની પણ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ને નહિ સદ્દહવાનું જણાવતી બનાવટી વાતનેય સાચી વાતમાં ખપાવવ સારૂ પોતે સુધારીને તૈયાર કરેલ તે પત્રને પોતાના સં૦ ૨૦૨૦ના 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પેજ ૭૧૫ તથા ૭૧૬ ઉપર **'ગ્રંથો'** શીર્ષકતળે પોતે રજુ કરેલી તે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ને પાણીમાં બોળ્યો હોવાનું જણાવતી અસત્ય વાતના અનુસંધાનમાં બાલબોધ લિપિમાં નવો બનાવીને ગોઠવી દીધો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ફૂટની જવાબદારીમાંથી બચવાનો કરેલ પ્રયાસ ઠગારો છે.

પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના આ પુસ્તકનાં પૃ. ૭૧૨ ઉપર '**શાંતિના ઉપાયો**' શીર્ષકતળેના લખાણના બીજા પેરામાં કૌસમાં દર્શાવેલ નં. (૧) પછીના તેવા સમસ્ત કૌસમાંના નંબરોવાળી કલમોનું લખાણ શ્રી વિદ્યાવિ૦ મ૦ આદિ ત્રણ ઇતિહાસકારોના લખાણને આધારે લખેલ હોવાનું જણાવીને તેવી નંબરોવાળી સમસ્ત કલમોની ઉઠાવેલી જવાબદારીમાંથી પોતે બચી જવાનો પ્રયાસ કર્યો છે, તે પણ ઠગારો જ માનવો રહે છે. કારણ કે- તે વસ્તુ જો તેમજ હોત તો તેઓશ્રીએ, અત્ર ઉક્ત કૌંસગત નં. ૭ તથા ૮ વાળા લખાણની નીચે તે લખાણને ટેકો આપવા રૂપે જે બનાવટી પત્ર પોતે રજુ કરેલ છે તે બનાવટ કરી જ ન હોત.

તેઓએ કરેલી આ પ્રસિદ્ધિ સત્ય ઇતિહાસની દિશામાં છે.

'**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ પેજ ૭૧૭ કલમ (૯) "મહો૦ ધર્મ-સાગરગણિવરે સં૦ ૧૬૨૯માં ઉત્સૂત્રકંદ કુદ્દાલના અવતરણ જેવો કુપક્ષકૌશિક સહસ્ર કિરણ ગ્રંથ, તેની ટીકા તથા ઇરિયાવહિત્રિંશિકા સટીક ગ્રંથો રચ્યા. આ૦ હીરવિજયસૂરિએ કુપક્ષ-કૌશિકસહસ્ર કિરણ ગ્રંથ, ગીતાર્થો પાસે તપાસડાવી તેનું નામ પ્રવચન પરીક્ષા રાખ્યું ××× (યુગપ્રધાન જિનચંદ્રસૂરિ. પરિશિષ્ટ પેજ ૩૦૫)"

ઉપરોક્ત ખરતરીય લખાણની મહત્તા.

પ્રસ્તુત 'જૈન પરંપરાનો ઇતિહાસ' ના પેજ ૭૧૬ તથા ૭૧૭ ઉપર આપણા તપ-ગચ્છીય પૂ૦ ત્રિપુટી મહારાજે, જે ઉત્સૂત્રકંદ કુદ્દાલ ગ્રંથને જલશરણ કરાવવા કમર કસી છે; ત્યારે તે જ ઉત્સૂત્રકંદ કુદ્દાલને અર્થાપત્તિથી, પૂ૦ વિજયહીરસૂરિજી મહારાજે સં. ૧૬૨૯માં સ્વીકૃતિ આપેલ હોવાનું જણાવતું ઉપર્યુક્ત ખરતરીય બુકમાંનું લખાણ, અત્ર તે જ ત્રિપુટી મ૦ ના હસ્તે ઘુણાક્ષરન્યાયેજ પ્રસિદ્ધ થઈ જવા પામ્યું લાગે છે! અર્થાત તે ખરતરીય લખાણ પ્રસિદ્ધ કરતાં પૂ૦ ત્રિપુટી મ૦ ને સં૦ ૧૯૧૯-૨૦માં જે ગ્રંથને ભ૦ વિજયદાનસૂરિજીએ જલશરણ કર્યો હોવાની બનાવટી વાતનું પોને સમર્થન કર્યું છે તે જ ઉત્સૂત્રકંદ કુદ્દાલ ગ્રંથના ઉતારાવાળા તે પ્રવચન પરીક્ષા ગ્રંથને સં૦ ૧૬૨૯માં પૂ૦ હીર-સૂરિજીએ સ્વીકૃતિ આપેલ હોવાનું જણાવતી ખરતરની આ વાત પ્રસિદ્ધ કરવા જતાં તો 'માર્યું તે સમર્થન મારા જ હાથે ખોટું ઠરી જવા પામશે' એ લક્ષ્ય જ રહ્યું જણાતું નથી? પ્રભુશાસનની ધગશથી અતિપરિશ્રમે સર્જવામાં આવેલા ભગીરથ ઇતિહાસોનું આ પરિણામ, ઇતિહાસકારોને ખેદજનક મનાવું જોઈએ.

ઇતિહાસકારોના પરિશ્રમનું એ પરિણામ, પૂર્વગ્રહ જ છે.

ભટ્ટારક વિજયહીરસૂરિજીએ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથને સ્વીકૃતિ આપેલ હોવાની વાત,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર મુજબના ખરતરોના 'ઉત્સૂત્રકંદકુદ્દાલના અવતરણ જેવો કુપક્ષકૌશિક સહસ્ર ગ્રંથ' એ ઐતિહાસિક લક્ષણથી પણ તે તે ઇતિહાસલેખકોને સાંગોપાંગ સાચી માનવી પડે તેમ હોવા છતા તે ગ્રંથને શ્રી મો૦ દ૦ દેશાઈ, મુનિશ્રી વિદ્યાવિ૦ મ૦, ત્રિપુટી મ૦, પં૦ શ્રી કલ્યાણ વિ૦ મ૦ વગેરે ઇતિહાસ લેખકોના હાથે પોતાના પુસ્તકોમાં ઘણું ભાગે લીટે લીટારૂપે જે 'જલશરણ' લેખવવાનું કનિષ્ટ પરિણામ સર્જાવા પામેલ જોવાય છે તેને પૂર્વગ્રહજન્ય જ માનવું રહે છે, અને તે પ્રકારના અગ્રાહ્ય ઇતિહાસના સાર રૂપે પ્રસ્તુત ઇતિહાસ વાસ્તવિકતયા આ પ્રમાણે જણાઇ આવે છે કે–

ઉપર્યુક્ત ઇતિહાસનો ગ્રાહ્ય સાર.

"મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિએ સં૦ ૧૬૧૭માં પાટણ મુકામે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની જ પ્રાધાન્યતાએ કરેલા જાહેર વાદમાં ખરતરોની માન્યતાઓનો પરાભવ કર્યો અને તપગચ્છના તે વિજયના સ્મારક રૂપે તે જ સ્થળે તેઓશ્રીએ 'ઔષ્ટ્રિકમતોત્સૂત્ર-દીપિકા' નામના ભવ્ય ગ્રંથની જિતકાશી રચના કરી. અને તે ગ્રથમાં તેઓશ્રીએ પ્રસ્તુત 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથમાંના આધારો ટાંકયા હતા.

આથી પાટણના પરાભવિત વર્ગે આ બીનાને મોટું રુપ આપીને સમાજમાં ભારી વિપ્લવ જગાડવા પૂર્વક તે ગ્રંથને જ સર્વત્ર કલેશના મૂળ તરીકે લેખાવવા માંડયો હોય, ભ૦ વિજયદાનસૂરિજી પાસે જઈને તે ગ્રંથને જલશરણ કર્યો હોવાની જાહેરાત કરવાની બળજબરી પણ આદરી હોય, પરંતુ તેઓના તે પ્રયાસને પરાભવની પીડારૂપે જાણનારા પૂ૰ ઉક્ત ભટ્ટારકશ્રીએ તે વર્ગને 'તે ગ્રંથને હું તો પ્રમાણિક જ માનું છુ' એમ સ્પષ્ટ જણાવી દઈને મચક જ આપી ન હોય અને તેના પરિણામે હતાશ થયેલ (પ્રસ્તુત ગ્રંથના મૂળ નામથી અજ્ઞાત એવા) તે વર્ગે, "ભ૦ વિજયદાનસૂરિજીએ 'કુમતિ કુદ્દાલ' ગ્રંથને સંઘ સમક્ષ જલશરણ કર્યો" એમ સર્વત્ર સ્વચ્છંદે જ પ્રચારવા માંડયું હોય તેમ પ્રસ્તુત ઇતિહાસના ગ્રાહ્ય સાર તરીકે જણાય છે.

આમ છતાં–'ભ૦ વિજયદાનસૂરિજીએ, મહો૦ શ્રી ધર્મસાગજીના કોઈપણ ગ્રંથને જલશરણ કરેલ નથી' એમ જાણનાર, અને તે વખતે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની પાટણ વડીપોશાળના ભંડારમાંની નકલ તે વખતે પાટણ સ્થિત પૂ૰ મહો૦ ધર્મસાગરજીની પાસે હોવાને લીધે તે ગ્રંથનું વાસ્તવિક નામ શું છે? તે નહિ જાણનારા તપાગચ્છમાંના પણ તેઓશ્રીના દ્વેષીવર્ગે [ભ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦, સં૦ ૧૬૨૨માં સ્વર્ગવાસી થયા પછીથી] ખરતરો આદિના ઉપર્યુક્ત વિરોધી પ્રવાહમાં ચોન્ટઈને 'સં૦ ૧૬૧૯માં ભ૦ શ્રી વિજયદાનસૂરિજી મહારાજે મહો૦ ધર્મસાગરજીના રચેલા 'કુમતિકુદ્દાલ' નામના નવા ગ્રંથને જલશરણ કર્યો છે' એમ સર્વત્ર મનસ્વીપણે જ પ્રચારવા માંડયું હોય!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વિરોધ વચ્ચે પણ ભવ્ય ગ્રંથની નિષ્પત્તિ!

નિજનાં અસત્યોને જીવાડવા સારૂ સત્યોપાસકના પ્રતિસ્પર્દ્ધી બનનારાઓના તેવા પ્રચાર પૂરની સામે ખડકની જેમ સ્થિર રહેનારા તે પૂ૦ મહો૦ શ્રીએ, તો તે વિરોધી જૂથના વિરોધને પણ અકિંચિત્કર માનીને સં૦ ૧૬૨૯માં તે '**કુપક્ષકૌશિકસહસ્રકિરણ**' નામના રચેલા અન્ય ભગીરથ ગ્રંથમાં પણ તે જ પ્રાચીન અને પ્રમાણિક એવા '**ઉત્સૂત્ર-કંદકુદ્દાલ**' ગ્રંથના આધારો ટાંકયા! અને ભ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦ ને પગલે ગચ્છાધિપતિ શ્રી વિજયહીરસૂરિજીએ પણ તે ગ્રંથને અપરનામ 'પ્રવચનપરીક્ષા' આપવા પૂર્વક સ્વીકૃતિ આપી! આના પરિણામે વધુ ઇર્ષ્યાળુ બનેલા પૂર્વોકત પ્રતિસ્પર્ધીઓએ તે ભગીરથ ગ્રંથને પણ અપ્રમાણિક ઠરાવવા ચોગરદમ પુષ્કળ વિરોધ ઉઠાવેલ! છતાં તેમાં પણ તેઓ પૂ૦ ભ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦ ને ડગાવી શકયા નહિં, એ વગેરે ઇતિહાસનો નિષ્કર્ષ આ સ્વરૂપે કહી શકીએ કે -

તે પછીના ઇતિહાસનો તાત્ત્વિક સાર.

"તે ગ્રંથને બદલે 'મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિએ બનાવેલ 'કુમતિકુદ્દાલ' નામના નવા ગ્રંથને ભ૦ શ્રી વિજયદાનસૂરિજીએ જલશરણ કર્યો' એમ આ પૂર્વે વિદ્વેષી-વર્ગે, જે પ્રચાર આદરેલ તેમાં જુઠા લેખાવા લાગેલ તપાગચ્છીય પ્રતિસ્પર્ધી મુનિવર્ગે પોતાના પૂર્વ પ્રચારને તપા-ખરતરાદિ સમાજમાં સાચો લેખાવવા સારૂ ખરતરો આદિનો પણ સાથ લઈને સં. ૧૬૪૬ કે ૧૬૪૯માં પૂ૦ ગચ્છાધિપતિ શ્રી. હીરગુરુજી મ૦ની સામે ચોમેર પ્રચંડ બંડ જગાવ્યો અને એ બંડ દ્વારા ઉઠાવેલ-'**ભ૦ વિજયદાનસૂરિજીની જેમ આપ પણ તે કલેશકારી 'કુમતિકુદ્દાલ' ગ્રંથને અપ્રમાણ જાહેર કરો જ કરો**' એ અવાજને તેઓશ્રીના તે સમયના ૧૨ બોલના પટ્ટકમાં (તે ગ્રંથનું તે નામ જ નથી, એમ જાણનારા) તેઆશ્રીના હાથેજ લખવાની તેઓશ્રીને ફરજ પાડી હોય અને અવસર ખાળવા સારૂ તેઓશ્રીએ પણ તે અવાજને પટ્ટકમાં સ્થાન આપવું પડયું હોય: તે પ્રકારના વિષમ સંયોગોમાં તૈયાર થયેલા તે પટ્ટકની એકાદ નકલ મધ્યસ્થ મુનિવર્ગે ઉતારી લીધી હોય અને તે નકલ મુજબ જ પૂ૦ ત્રિપુટીજીએ પોતાના ઉપર્યુકત જૈ. પ. ઇ. ભા ૩ પેજ ૭૧૮-૧૯ ઉપર તે ૧૨ બોલનો પટ્ટક પ્રસિદ્ધ કર્યો હોય."

બાર બોલના પટ્ટકની સંદિગ્ધતા

(૨) આ પટ્ટકને કહેવાતો પટ્ટક લેખાવવામાં પણ આ હેતુ છે કે- "શ્રી હીરપ્રશ્નની સં૦ ૧૬૫૩ની પાટણના ભંડારમાંની પહેલી જણાતી હસ્તલિખિત પ્રતમાં પણ તેવો પટ્ટક નથી અને પૂ૦ વિજયસેનસૂરિજી મ૦ની સં૦ ૧૬૭૨ સુધીની હયાતિમાં પણ તેવો પટ્ટક પ્રસિદ્ધ થયો જોવાતા નથી, અરે, દેવસૂરગચ્છ તજીને આણસૂરગચ્છીય બનેલા પૂ૦ ઉપા૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી રત્નચંદ્રગણિએ પણ સં૦ ૧૬૭૭માં રચેલ (અને સં૦ ૧૬૮૨ સુધી તો છૂપાવી રાખેલ) 'શ્રી કુમતાહિવિષજાંગુલિમંત્ર' ગ્રંથમાં રજુ કરેલ સં૦ ૧૬૭૧ના પૂ૦ શ્રી વિજયસેનસૂરિજીના કહેવાના પટ્ટકમાં પણ ઉકત મૂળ પટ્ટકમાંનું માત્ર—'**કુમતિકુદ્દાલ**' નામાદિ જણાવેલ છે; પરંતુ પૂ૦ હીરગુરુજીના પાંચ બોલની સાથે તે પટ્ટક તો જણાવેલ જ નથી!" [માત્ર સં. ૧૭૦૦ લગભગ એટલે કે—પૂ. સેનસૂરિજીની હયાતિ બાદ ૨૮ વર્ષે લખાયેલા જણાતા 'શ્રી સેનપ્રશ્ન' ગ્રંથમાં તે ૧૨ બોલનો પટ્ટક પ્રથમ જ પ્રસિદ્ધ થવા પામ્યો જોવાય છે, કે—જેમાં મૂળ પટ્ટકમાંના તે 'કુમતિકુદ્દાલ' નામને સ્થાને 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામ જોવા મળે છે! આથી માનવું થાય છે કે 'શ્રી આણસૂરગચ્છમાંથી સં. ૧૬૮૦-૮૫ લગભગ પુનઃ દેવસૂરગચ્છમાં જોડાયેલા મુનિઓ તે ગ્રંથના સંગ્રાહક પૂ. મુનિ શ્રી શુભવિજયજી મ.ના હસ્તે તે પટ્ટકમાં મૂળ પટ્ટકમાંનું '**કુમતિકુદ્દાલ**' નામનાં સ્થાને તે નામને દાખલ કરાવી દેવા સફળ નીવડયા હોય.]

પછી તો સર્પે છછુંદર ગળવા જેવું થયું!

"પૂ. વિજયહીરસૂરિજી મ.ના તે બોલમાં તે વર્ગે લખાવેલો '**કુમતિકુદ્દાલ**' નામનો ગ્રંથ શ્રી સંઘમાં કોઈએ જ રચેલો નથી, તેમજ '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' ગ્રંથને ભ. શ્રી વિજયદાનસૂરિજીએ જલશરણ કરેલ જ નથી;" એમ પછીથી જાગૃતા થયેલા તે વિરોધીવર્ગને તે પ્રસંગ પછીના પોતાના લખાણોમાં જણાવેલા (પોતે અને વિજયહીરસૂરિજીના ૧૨ બોલના પટ્ટકમાં જેને **ઉત્સૂત્રકંદકુદ્દાલ** તરીકે સુધરાવેલ તે) '**કુમતિકુદ્દાલ**' ગ્રંથને જ મહો૦ ધર્મસાગરજીના બનાવેલ નવા ગ્રંથ તરીકે લેખાવી 'તેમના તે નવા ગ્રંથને ભ૦ શ્રી વિજયદાનસૂરિજીએ જલશરણ કરાવ્યો' એમ વારંવાર જુઠું પ્રચારવાની સ્થિતિમાં મૂકાઇ જવું પડયું! જેમકે—

૧. તપગચ્છના મુનિશ્રી સિંહવિજયજીએ, દેવસૂરગચ્છમાંથી ખસીને આણસૂરગચ્છમાં ભળ્યા બાદ બંતરોને વહાલા થવા સારૂ તેને બોટા ઠરાવનાર શ્રી '**તત્વતરંગિણી**' ગ્રંથ અંગે પણ સં. ૧૬૭૪માં લખેલ '**સાગર બાવની**'માં 'કુમતિકુદ્દાલ ને તત્વતરંગિણી, સંઘિ પાણીમાંહિ બોળ્યા' એમ લખ્યું. (આમાં પણ 'તત્ત્વતરંગિણી'ને તો સં. ૧૬૧૮માં ભ૦ વિજયદાનસૂરિજીએ સ્વીકૃતિ આપેલ હોવાની વાત પ્રસિદ્ધ હોવાથી કવિએ, 'સંઘિ પાણીમાંહિ બોળ્યા' એમ જણાવવાની માત્ર ચાલાકી જ કરી છે!)

૨. દેવસૂરગચ્છમાંથી ખસીને આણસૂરગચ્છમાં ભળ્યા બાદ મહો. શ્રી રત્નચંદ્રગણિએ પણ પ્રથમ સં. ૧૬૭૭માં અને પછી ૮૨માં રચેલ તરીકે ગણાવેલ '**કુમતાહિવિષજાંગુલી-મંત્ર**' નામની પ્રતમાં રજુ કરેલ વિજયહીરસૂરિજીનાં **પાંચ બોલના પટ્ટકમાંના** (લીંબડી જ્ઞાન ભંડારની હસ્તલિખિત પ્રત નં. ૧૧૬૯, ડાબડા નં. ૬૯ મુજબ) બીજા પેરામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવેલ— ' × × × વિજયદાનસૂરિઇં વીસનગરમાંહિ જલશરણ કીધો જે કુમતિકુદાલ ગ્રંથ' એમ જણાવવું પડ્યું.

૩. દેવસૂરગચ્છમાંથી ખસીને આણસૂરગચ્છમાં ભળ્યા પછી કવિશ્રી દર્શનવિજયજીએ સં. ૧૬૭૯માં બનાવેલ '**વિજયતિલકસૂરિરાસ**'ની ' ધરમસાગર ને પંડિત લગઇ, કર્યો નવો એક ગ્રંથ રે; નામથી કુમત કુદાલડો, માંડિયો અભિનવો પંથ રે ॥' એ ૧૫૫મી ગાથામાં ' કુમતિકુદાલ ' નામ જણાવ્યું છે અને ગાથા ૨૮૩માં તેને જ ' ઉત્સૂત્રકંદકુદાલ ' લેખાવવું પડ્યું છે.

૪. એજ પ્રમાણે દેવસૂરગચ્છમાંથી ખસીને આણસૂરગચ્છમાં ભળેલા મહો. શ્રી ભાવવિજયજીએ બહુધા તે કવિ દર્શન વિ.ના પગલે ચાલીને તે જ સં. ૧૬૭૯માં રચેલા '**ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર**' ગ્રંથની આદિમાં આપેલ ૧૨ બોલના પટ્ટકમાંના ૧૧માં બોલમાં તેમજ તે ગ્રંથમાંના ૩૦ મા બોલના વિવરણની × × × उत्सूत्रकंदकुद्दालग्रंथजलशरण-कारिणा श्री विजयदानसूरि × × × ' એ પંક્તિમાં (તેમના ઉપર્યુક્ત ત્રણેય આણસૂરગચ્છીય સહચારી મુનિવરોએ જણાવેલા '**કુમતિકુદાલ**' ગ્રંથને કવિ દર્શનવિ૦ના પગલે મનસ્વીપણે જ ' **ઉત્સૂત્રકંદકુદાલ** ' નામ આપી દેવું પડ્યું છે!

ઉપર દર્શાવેલી સર્વ આણસૂરગચ્છીઓની કૂટ નીતિને તથાસ્વરૂપે જાણનારા તે તે પોતાને દેવસૂરગચ્છીય લેખાવતા શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ, પૂ૦ મુનિશ્રી વિદ્યા વિ૦ મ૦, પૂ૦ ત્રિપુટીજી મ૦, વગેરે ઇતિહાસકારોએ પણ પોતપોતાના ઐતિહાસિક પુસ્તકોમાં (ઉપર જણાવ્યા મુજબ કુમતિકુદાલ ગ્રંથને મનસ્વીપણે જ ઉત્સૂત્રકંદકુદાલ નામમાં પલટીને પ્રવર્તતા તે આણસૂરીય કવિ દર્શનવિ૦ તથા મહો૦ ભાવવિ૦ જન્ય તે ઉત્સૂત્રકંદકુદાલ તરીકેના બનાવટી નામને સત્ય નામમાં ખપાવવાનો પ્રયાસ કરવો પડેલ છે.

તેઓની તે ફીલોસોફીને મો૦ ગી૦ કા૦ સ્પર્શેલ નથી.

પ્રસ્તુત ઇતિહાસકારમાંના એક ઇતિહાસકાર મોતીચંદ ગીરધર કાપડીયા, તે તે ઇતિહાસકારોની તે ' કુમતિકુદ્દાલ 'ને ' ઉત્સૂત્રકંદકુદ્દાલ ' લેખાવવાની ફીલોસોફીને બરાબર સમજી ગયા હતા, એમ તેમણે સં. ૧૯૯૪માં પ્રસિદ્ધ કરેલ '**શાંતસુધારસ**' ભા૦૨ ના અંતે તેઓના તે તે ઇતિહાસોના અવગાહનના સારરૂપે પ્રસિદ્ધ કરેલ '**અવલોકન પ્રસ્તાવના**'ના પેજ ૧૩૭ ઉપર જણાવેલ " ધર્મસાગર ઉપાધ્યાયે તપગચ્છ જ સાચો છે એમ જણાવી તત્ત્વતરંગિણી, પ્રવચન પરીક્ષા આદિ ગ્રંથો રચ્યા અને **કુમતિકુદાલ** ગ્રંથને બહાર પાડ્યો; ચર્ચા ઘણી વધી પડી. તેમના એક ગ્રંથને **વિજયહીરસૂરિએ** જલશરણ કરાવ્યો + + + " એ લખાણમાં રજુ કરેલ ' **કુમતિકુદાલ** ' નામના આધારે નિઃશંક માનવું રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુજ્ઞ વાચકો જોઈ-જાણી શકે છે કે-શ્રીયુત્ મોતીચંદ ગી. કાપડીઆએ, પોતાના એ ઐતિહાસિક નીચોડમાં કવિ દર્શન વિ૦ તથા ભાવ વિ૦ એ પાછળથી ઉભા કરેલા 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામને સ્થાન આપેલ નથી; પરંતુ વિજયહીરસૂરિજીએ બાર બોલના પટ્ટકમાં દર્શાવેલ '**કુમતિકુદ્દાલ**' નામને જ યથાવત્ સાચવેલ છે, તે ગ્રંથને ભ૦ વિજયદાનસૂરિએ જલશરણ કર્યો હોવાની તેઓની વાતને તો તેમણે સ્પર્શ પણ કરેલ નથી. અને 'શ્રી વિજયહીરસૂરિજીએય કયા ગ્રંથને જલશરણ કરાવ્યો?' તે ગ્રંથને જણાવવાનું ય સાહસ કરેલ નથી. કારણ-'તે બંને મહાપુરુષોના હાથે ઉપા૦ શ્રી ધર્મસાગરજી જેવા પ્રૌઢ ગ્રંથકારના કોઈ એકાદ ગ્રંથ અંગે પણ તેવું કાર્ય બન્યું જ સંભવતુ નથી' એમ તેમની ઐતિહાસિક સમજમાં સાફ હોવાનું સમજી શકાય તેમ છે

એ ઇતિહાસ, પૂર્વના ૩ ઇતિહાસકારોની વાતને અપનાવનારો છે.

જૈ. પ. ઇ. ભા. ૩ પેજ ૭૨૦ કલમ (૧૪) "મહો ધર્મસાગર ગણિવરે અમદાવાદ જઇ બાર બોલોના પટ્ટનો 'ભંગ' કર્યો-તેમને ભદુઆ વગેરે જૈનોનો ટેકો હતો. ભદુઆ શ્રાવકે તેમાં આગેવાની લીધી તેની સાથે બાવન શ્રાવકો હતા. આથી આ નવીન પ્રરૂપણા 'ભદુઆનો મત' તરીકે પણ વિખ્યાત થઈ"

આ ઇતિહાસ પણ પૂ૦ ત્રિપુટીજીએ, સં. ૧૬૭૪માં આણસૂ. ગચ્છના કવિ સિંહવિજયજીએ બનાવેલ 'સાગરબાવની'માંની ૨૫મી ગાથાના-'ભદુઆ મત માંડિઉ છઇતાલઇ, આપ રૂષિ થઇ બઇઠા' એ ઉત્તરાર્દ્ધ તથા સં. ૧૬૭૯માં આણસૂરીય કવિ શ્રી દર્શનવિએ બનાવેલ 'વિજયતિલકસૂરિરાસ'ની 'એમ દંદોલ તે સઘળે ટળ્યો. સાગર શુદ્ધ કુમતનઈ મિલ્યો; નવિ છાંડઈ તે કમતિનો વાસ, કરઇ નિજ પરૂપણા અભ્યાસ ॥૨૦૨॥ રાજનગરિ જઇ બઈઠો નેટ, શ્રાવક મન ઘાલઇ સંદેહ; ફિરી સરૂપ પ્રકાટાવિઉં આપ, ન ટલઇ સહજ એ મોટું પાપ ॥૨૯૩॥ નિસુણી ગચ્છનાયક એ વાત; જાણ્યો નેહનો અવદાત; ભવિયણનઈ કરતા ઉપગાર, રાધનપુરિ પહોતા ગણધાર ॥૨૯૪॥ + + + એમ વિચારી કહઇ ગુરુહીર, શાંતિચંદ્ર વાચક વડવીર; રાજનગરિ તુમે જાઓ સહિ, આણ પલાવો તિહાં કણિ રહી ॥૨૯૯॥ + + + શાસ્ત્રવિરૂદ્ધ થાપો છો બોલ, ગચ્છ ભેદ કાં કરો નિટોલ સંઘ સાખિ મિચ્છામિદુક્કડા, દેસ્યો તો નિજમુખિ પરવડા ॥૩૦૩॥ જો ન દીઓ તો ગચ્છહ તણો, ઠગકો હોસ્યઇ તુમ્હનઇ ઘણો; એમ જાણી મન માનઈ જેમ, કરવું હોય તે કરસ્યો તેય ॥૩૦૫॥ જે શ્રાવક સાગરવાસના, ભદુઆ પ્રમુખ બાવન આસના: તે સઘ બાહિર કીધા જામ, ધર્મસાગર બોલાવ્યા તામ ॥૩૦૬॥ +++ સંવત સોલ અનઈ અડતાલ, સાગર મિચ્છાદુક્કડ કાલ; +++ ॥૩૦૭॥ **"એ ગાથાઓ ઉપર મદાર રાખીને મુનિશ્રી વિદ્યાવિ૦, શ્રી જિનવિ૦ અને મો૦ ગી૦ એ દોરેલા ઇતિહાસને સ્વીકૃતિ આપવારૂપે જણાવેલ છે.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહોપાધ્યાયજીએ ૧૨ બોલના પટ્ટાનો ભંગ કર્યો નથી.

પૂ૦ ત્રિપુટીજીએ, ભદુઆ શ્રાવકના મત સાથે સંકલિત કરીને બતાવાયેલા–મહો૦ ધર્મસાગર ગણિવરે બાર બોલના પટ્ટાના ભંગનો—આ ઇતિહાસ. અહી રજુ તો કર્યો; પરંતુ "જો તે ઇતિહાસ ભદુઆએ સં૦ ૧૬૪૬માં કાઢેલ મત પછી સં૦ ૧૬૭૪ સુધીમાં પણ બન્યો હોત તો કવિ સિંહવિજયજીએ, પોતાની 'સાગરભાવની'ના ઉપર્યુક્ત ગાથાર્દ્ધમાં જણાવેલ 'ભદુઆ શ્રાવકે સં૦ ૧૬૪૬માં પોતાનો મત માંડ્યો ત્યારે પોતે (એ સાથે મારે નિસ્પત નથી, એમ કહેવારૂપે) ઋષિ થઈ બેઠા.' એ વાતની સાથે મહો૦ ધર્મસાગર ગણિવરનો તે ઇતિહાસ તો ખચિત જણાવ્યો જ હોત" એ વિચાર્યું જણાતું નથી. સિંહવિજયજીએ તે ઇતિહાસ જણાવ્યો નથી; એટલે માનવું જ પડે તેમ છે કે–'ભદુઆના મતવાળા તે સં૦ ૧૬૪૬માં તો મહો૦ શ્રી ધર્મસાગર ગણિવરે ૧૨ બોલના પટ્ટાનો ભંગ કર્યો નથી; પરંતુ તે મહો૦જીના પ્રતિસ્પર્ધી કવિ સિંહવિ૦ની તે સાગરભાવનીની રચનાના સં૦ ૧૬૭૪ સુધી પણ ભંગ કર્યો નથી.'

એ માન્યતાની પુષ્ટિમાં આ બીનાઓ પણ છે કે– "(૧) સં૦ ૧૬૪૬ (કે ૪૯)માં વિજયહીરસૂરિજીએ પાટણ મુકામે બાર બોલનો પટ્ટક બનાવ્યો, તે જ સં૦ ૧૬૪૬માં મહોપાધ્યાયજી, તે પટ્ટકનો ભંગ કરે એ વાત શકય નથી. (૨) આથીજ આણસૂરીય કવિ સિંહવિ૦ના અન્યાન્ય મિત્રમુનિઓએ પણ પોતપોતાના લખાણમાં પટ્ટક ભંગનો તે સં૦ ૧૬૪૬માં પલટીને કોઈએ સં૦ ૧૬૪૮ તો કોઇએ સં૦ ૧૬૪૯ એમ જણાવવો પડેલ જણાય છે. (૩) અને એ પ્રકારે છેવટે તે પટ્ટકના ભંગનો '**પટ્ત્રિંશજ્જલ્પવિચાર**' માં સં૦ ૧૬૪૯ જણાવનાર આણસૂરીય પૂ મહો૦ ભાવવિ૦ પણ "(આણસૂરીય મહો૦ શ્રી રત્નચંદ્રગણિએ સં૦ ૧૬૭૭ના પોતાના 'કુમતાહિવિષનાગુત્રીમંત્ર' પુસ્તકમાં જણાવ્યા મુજબ) 'પૂ૦ હીરગુરુજીના ફરમાનથી મહો૦ શ્રીએ પ્રસ્તુત પાંચ બોલનો મિચ્છામિદુક્કડં પણ બલાત્કારે જ આપેલ' હોવાની વાતથી તેમજ ('સેનપ્રશ્ન' ના ત્રીજા ઉલ્લાસમાં જણાવેલ 'સંકટમાં પડેલ સતીનું શીલખંડન થાય ત્યારે તેનું સતીત્વ ભાવથી કે દ્રવ્યથી જતું નથી' એ સમાધાન મુજબ) તે વખતે શ્રી સંઘમાં તે બલાત્કારે લેવાયેલ મિચ્છામિદુક્કડં અને બોલનો કહેવાતો ભંગ, (પ્રચારાયો પણ હોય છતાં તે) ભંગ મનાયેલ નહિં હોવાની વાતથી પણ માહિતગાર હોય જ. (૪) આ સ્થિતિમાં સં૦ ૧૬૭૪ની 'સાગરભાવની'માં તો કવિ સિંહવિજયજી, તે પટ્ટક ભંગની અછતી અને અછાજતી વાતને સ્થાન આપે પણ કેવી રીતે? (૫) પ્રસ્તુત જૈ. પ. ઇ. ભા. ૩ પેજ ૭૨૧ ઉપરની [પૂ૦ વિદ્યાવિ૦, શ્રી જિનવિ૦ વગેરેની કલમ (૧૬)ના સ્વીકારમાં આ ત્રિપુટી મ૦ પોતે પણ '**સ્વગચ્છના ગીતાર્થોના માન ખાતર જ. આ વિજયહીરસૂરિ પાસે મિચ્છામિદુક્કડં આપ્યો**' એમ જણાવવા દ્વારા મહો૦ ધર્મસાગર ગણિવરે પટ્ટકનો ભંગ કરેલ નહિં હોઇને તે મિચ્છામિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુક્કડં સ્વેચ્છાએ આપેલ જ નહિ હોવાની વાતનો સ્વીકાર કરેલ છે."

આજના દેવસૂરીય ઇતિહાસકારોએ મધ્યસ્થતા ગુમાવી છે!

તે બારબોલના ભંગની અમાન્યતા જણાવતી ઉપર્યુક્ત પાંચેય બીનાઓને ઉપર દર્શાવેલી હકીકતરૂપે જાણવા છતાં આણસૂરીય કવિ દર્શનવિજયજીએ પોતાના તે આણસૂરીય મિત્ર સિંહવિ૦ની 'સાગરભાવની'માંના ઉપરોક્ત ટચૂકડા ગાથાર્દ્ધને જ (પોતે સં૦ ૧૯૭૯માં બનાવેલા 'વિજયતિલકસૂરિ રાસ'માંની) ઉપર જણાવેલી ૨૯૨ થી ૩૦૭ ગાથા સુધીમાં 'ભદુઆ આદિ શ્રાવકોને શાંતિચંદ્ર વાચકે સંઘ બહાર કર્યા, તે જ વખતે ધર્મસાગરે પાંચ બોલનો મિચ્છામિદુક્કડં આપ્યો અને તે બીના સં૦ ૧૬૪૮માં બની' એ વગેરે વાતો ઉભી કરવા રૂપ વિષમ પટ આપીને અતિ મોટું રૂપ આપેલ હોવાનું જાણવા છતાં તેવા વિસંવાદી વિષમ પટો ઉપર મદાર રાખીને આપણાં આ પોતાને દેવસૂરગચ્છીય ગણાવતા આધુનિક જૈન ઇતિહાસકારોએ, એ પ્રકારે દેવસૂરગચ્છના પ્રતિસ્પર્ધીપણે અન્યગચ્છ સ્થાપી બેઠેલાઓના ઉપરોક્ત પ્રકારે ઉપજાવેલા સત્યઇતિહાસગોપક, અવ્યવસ્થિત અને દ્વેષમૂલક લખાણોને પોતપોતાના ઇતિહાસોમા પ્રાચીન ઇતિહાસ તરીકે મહત્વ આપી નિજના દેવસૂરી સંઘની જાણે અજાણે પણ કુસેવા કરી બેઠેલ છે, ત્યારે જણાવ્યું છે તે સત્ય દુઃખદ દિલે પણ ઉચ્ચારવું પડે છે કે– **"આપણા તે તે ઇતિહાસકારોએ, પૂર્વગ્રહના લીધે તે પ્રકારના ઐતિહાસિક પ્રયાસમાં ઇતિહાસકારના મુખ્યગુણરૂપ લેખાતી મધ્યસ્થતા પ્રતિ તો લક્ષ આપવાની પરવા જ રાખી જણાતી નથી! દેવસૂર તપાગચ્છના અજોડ સંરક્ષક તરીકે ક્વચિત્ ક્વચિત્ અપવાદરૂપે તેઓએય લેખાવવા પડેલ તે જ મહો૦ ધર્મસાગર ગણિવરને તેઓએ, પોતપોતાના ઇતિહાસોમાં જે જે સ્થળે તે મહોપાધ્યાયજીની પ્રશંસારૂપ પુષ્પો વેરવાં પડ્યાં છે, તે તે અધિકારમાં પણ તેઓશ્રીને યેનકેનાપિ ખરડ્યા હોવાનું જ તરી આવે છે!"** એ જોતાં દુઃખદ દિલે એ નિશ્ચય પર કોઈએ પણ આવવું પડે તેમ છે કે–તેઓ આ સ્વગચ્છીય માંધાતા મહોપાધ્યાયજી પ્રતિ પૂર્વગ્રહગ્રસિત જ છે.

પ્રસંગોપાત પૂ૦ વિદ્યાવિ૦ને પણ જરા તપાસીએ.

ઉપર જણાવ્યા મુજબ પોતાના પક્ષકારની ટચૂકડી વાતનું પણ વિષવૃક્ષ બડું કરનાર તે આણસૂરગચ્છીય કવિ દર્શનવિજયજીએ, ઉપર્યુક્ત ગાથા ૨૯૨ થી ૩૦૭ સુધીમાં જણાવેલી મનઘડંત વાતો ઉપર મદાર રાખીને ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦એ પોતે સં૦ ૧૯૭૭માં પ્રસિદ્ધ કરેલ '**ઐતિહાસિક રાસ સંગ્રહ**' ભા૦ ૪ માંના '**નિરીક્ષણ**' શીર્ષકતળેના લખાણના પેજ ૧૩ ઉપર (પૂર્વોક્ત કવિ સિંહ વિ૦ની ભદુઆ અંગેની ગાથાઓ ટાંકવા પૂર્વક) જણાવ્યું કે– "જે વખતે શાંતિચંદ્રજીએ આ ભદુઆ આદિ શ્રાવકોને સંઘ બહાર કર્યા તે જ વખતે ધર્મસાગરજીએ સભા સમક્ષ પાંચ બાબતોનો મિચ્છામિદુક્કડં દીધો એમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કવિ કથે છે. આ બનાવ, (સિંહવિ૦ની જેમ સં૦ ૧૬૪૬માં નહિ પરંતુ સં૦ ૧૬૪૮માં બન્યાનું કવિ જણાવે છે."

આમ છતાં કવિ દર્શનવિ૦એ તે બનાવ અંગેના જણાવેલ તે ૧૬૪૮ના સંવત સાથે માસ અને તિથિ નહિ જણાવેલ હોવાથી તે સંવત્ પણ પૂ૦ વિદ્યાવિ૦ મ૦ને સાચો ન જણાયો એટલે તેઓએ, રાસના નિરીક્ષણમાં (તે કવિ દર્શન વિ૦એ સં૦ ૧૬૭૯માં બનાવેલ ઉક્ત રાસને પગલે એ જ સં૦ ૧૬૭૯માં આણસૂરગચ્છીય પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦એ બનાવેલ) તે રાસની બહારના 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' ગ્રંથમાંનો તે પ્રસંગોનો વિચાર તપાસવા માંડ્યો, તો તેમાં તેમને પ્રથમ તકે તે વિચાર–"श्री विजयहीरसूरिभिः संवत् १६४९ वर्षे अहमदावाद नगरे + + + इत्याज्ञापुरस्सरं स्वशिष्यान् प्रेष्य + + + पंचानामपि जल्पानां मिथ्या दुष्कृतानि तेषां सकाशे दापितानि" એ મુજબ જોવા મળ્યો.

મહો૦ શ્રી ભાવવિ૦ના એ વિચારમાં મિચ્છામિદુક્કડં અંગેના ૧ વર્ષનો તફાવત જણાયો; પરંતુ (૧) માસ અને તિથિ તો તેમને તેમાં પણ જોવા ન જ મળ્યા, (૨) તે વિચારની પહેલા કે પછી (કવિ દર્શનવિ૦એ તેમની ગાથાઓમાં જણાવેલ) ભદુઆ શ્રાવક સંબંધીની પણ કોઈ વાત તેમના જોવામાં ન આવી; અને (૩) તે કવિએ પોતાની ગાથામાં જણાવેલ 'શાંતિચંદ્ર વાચકને અમદાવાદ મોકલ્યા'નું કથન પણ જોવામાં ન આવ્યું! એટલે તેઓશ્રીએ, (મહો૦ શ્રી ભાવવિ૦ના વિચારમાંનો ઉપરોક્ત ઉલ્લેખ પોતે સ્વીકૃતિ આપેલ કવિ દર્શનવિ૦ની તે તે વાતોને બાધક થતો હોવાનું જાણવાથી) તે પાઠને જતો કરીને મહો૦ ભાવવિ૦ના તે વિચારની નીચે તેમણે રજુ કરેલ મહો૦ ધર્મસાગરજીએ લખેલ ગણાવાતા પટ્ટકમાંની સં૦ ૧૬૪૯ વર્ષે पौषपूर्णिमास्यां पुष्यार्के अहमदावादनगरे उ० धर्मसागरगणिभिः એ પંક્તિને અનુકુળ માનીને તે પંક્તિ ઉપરથી પોતાના ઉપર્યુક્ત '**નિરીક્ષણ**'ના (પેજ ૧૩ ઉપરના તે દર્શનવિ૦ કવિના લખાણના અનુસંધાનરૂપે) પેજ ૧૪ ઉપર (મહો૦નુ નામ છૂપાવીને) 'પરંતુ षट्त्रिंशज्जल्पविचार'માં આ મિચ્છામિદુક્કડં સં૦ ૧૬૪૯ના પોષ શુદિ ૧૫ના દિવસે દીધાનું જણાવ્યું છે.' એટલું જ જણાવ્યું; પરંતુ તે સાથે તેમણે 'કવિ દર્શનવિ૦એ વિજયતિલકસૂરિરાસમાં જણાવેલ ભદુઆ શ્રાવક અંગેની વાતો અને મહો૦ શાંતિચંદ્રજીને અમદાવાદ મોકલ્યાનું કથન, તે તેમના જ મિત્ર મહો૦ ભાવવિ૦ના એ ગ્રંથમાંના તે વિચારમાં નથી.' એ સત્ય વાતને ઇતિહાસકારની ફરજ તરીકે તે સ્થળે જણાવવી આવશ્યક હતી; તે તો જણાવી જ નહિ! તે તેઓના પણ આણસૂરીય પક્ષપાતનું સૂચક છે.

પૂ૦ ત્રિપુટીના **આ** લખાણમાંની બીનાઓ સંદિગ્ધ છે.

જૈન પર૦. ઇતિ. ભા. ૩ પૃ. ૭૨૧ કલમ (૧૫) 'મહો૦ [1]શાંતિચંદ્ર ગણિવર ત્યારે ગચ્છનાયકની આજ્ઞાથી અમદાવાદ પધાર્યા, તેમણે [2]સંઘમાં ઉપદેશ આપી એવું

વાતાવરણ પ્રકટાવ્યું કે- કદાચ અમદાવાદનો જૈન સંઘ ભદુઆ વગેરે બાવન જૈનોને સંઘ બહાર મૂકી દે."

પૂ૦ ત્રિપુટીજીના આ ઇતિહાસમાંની ત્રણેય બીનાઓ નીચે મુજબ નંબરવાર સંદિગ્ધ છે અને તે આ પ્રમાણે છે:-

૧. આ વાત, ઇતિહાસ જોતાં સં૦ ૧૬૭૯માં પહેલી ઊભી કરનાર કવિ દર્શનવિ૦ જણાય છે. મહો૦ શ્રી ધર્મસાગરજી અંગેની આ વાત તેમણે પણ-તેઓ શ્રી વિજયદેવ-સૂરિજીના ગચ્છમાં સં૦ ૧૬૭૨ સુધી રહ્યા, તે દરમ્યાન તો કરી નથી. અરે! મહો૦ ધર્મસાગર ગણિના સ્વર્ગગમનના સં૦ ૧૬૫૩ પછીના ૨૧ વર્ષ સુધી પણ તે કવિએ આ વાત તો કદી કરી નથી : છતાં સં૦ ૧૬૭૩માં ભિન્નગચ્છમાં ભળ્યા પછીથી જ કેમ કરવા માંડી હશે?

(અ) આ પૂ૦ ત્રિપુટીજીએ પણ એ વાતને નહિ સ્પર્શતા "**સાગરબાવની**"ની ૨૭મી ગાથાના 'બીજી વાર કો બોલ્યો, ભદુઆનો મત ભાગો;' એ પૂર્વાર્દ્ધને પોતાના આ ઇતિહાસ ભા. ૩ના પૃ. ૭૧૭ ઉપર કેમ છૂપાવ્યો હશે? (આ) આ પહેલાની કલમ ૧૪ની સમાલોચનામાં અમોએ મનઘડંત ઠરાવેલી એવી [કવિ દર્શનવિ૦ કૃત 'વિજયતિલકસૂરિ રાસ'ની ગાથા ૨૯૨ થી ૩૦૩ માંની] વાતોને આધારે આ વાત કેમ જણાવી હશે? (ઇ) 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર'માંની-'તે પ્રસંગે શાંતિચંદ્ર વાચકને નહિ મોકલ્યા હોવાની' વાતને વજુદ કેમ નહિ અપાયું હોય? (ઈ) તદુપરાંત તે શ્રી શાંતિચંદ્રજીના શિષ્ય રત્નચંદ્રગણિએ તો પોતાના સં૦ ૧૬૭૭ના 'કુમતાહિવિષજાંગુલીમંત્ર' ગ્રંથમાં 'શ્રી હીરવિજયસૂરિમિ: +++ મિથ્યાદુષ્કૃતં બલાદાપિતમ્' એ પંક્તિ દ્વારા (પોતાના તે શાંતિચંદ્રજી ગુરુને બદલે વિજયહીરસૂરિજીએ પોતે મિચ્છામિદુક્કડં અપાવેલ હોવાનું જણાવ્યું છે, તેનું કેમ? (ઉ) વિજયહીરસૂરિથીય મોટા એવા તે મહો૦ શ્રી ધર્મસા૦ ગણિ પાસે તે જ ગચ્છનાયકશ્રી, (તે મહોપા૦ ની ઉપાધ્યાયપદવી પછી તો પોતે જેઓને ૩૦ વર્ષ બાદ ઉપાધ્યાય બનાવેલ છે, એવા-) તે શ્રી શાંતિચંદ્રજીને મિચ્છામિદુક્કડં મગાવવા સારૂ મોકલે ખરા? અને (ઊ) તે વાચકજી પણ તે મહાપ્રતાપી મહો૦શ્રી પાસે તે કાર્ય માટે જવાની હિંમત વસાવીને જઈ શકે ખરા? તેમ જ જઈને પણ 'તેઓને મિચ્છામિદુક્કડં આપવો જ પડે' એવી પરિસ્થિતિ, તે મહો૦શ્રીની નજર સામે સરજી શકે ખરા?

૨. મહો૦શ્રી ધર્મસાગરજીની હાજરીમાં તેમના રાજ્યમાન્ય ગલામંત્રી જેવા ચૂસ્ત શ્રાવકોથી વાસિત શ્રી અમદાવાદના જૈનસંઘમાં શ્રી શાંતિચંદ્રજી, તે મહો૦શ્રીની સામે તેવું વાતાવરણ પ્રકટાવી શકે ખરા? **વળી બીજી વાત**- 'વિજયતિલકસૂરિરાસ'ની ગાથા ૨૯૨ થી ૩૦૪ સુધીમાં કવિ દર્શન વિ૦ એ, 'ગચ્છનાયકે શાંતિચંદ્રજીને મહો૦ ધર્મસા૦ પાસે જ મિચ્છામિદુક્કડં મગાવવાની આજ્ઞા આપીને અમદાવાદ મોકલ્યાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવ્યું છે; પરંતુ એ સાથે ભદુઆ આદિ શ્રાવકોને સંઘ બહાર કરવાની આજ્ઞા કરી હોવાનું' જણાવ્યું નથી; છતાં શું શાંતિચંદ્રજી, ત્યાં જઈને ગુરુઆજ્ઞા વિના જ-'ત્યાંનો જૈન સંઘ ભદુઆ આદિ બાવન જૈનોને કદાચ સંઘ બહાર મૂકી દે' એવું વાતાવરણ જમાવી શકે ખરા?

૩. શ્રી શાંતિચંદ્રજી અંગેની તે ઇતિહાસગત બીનાઓ, ઉપર્યુક્ત અનેક પ્રકારની સમસ્યાથી ભરપૂર હોવા છતાં તે સમસ્યાઓના અનુભવી અને વિજયતિલકસૂરિરાસના કર્તા કવિ દર્શનવિ૦ જ પોતાના તે રાસની ૩૦૫ મી ગાથામાં-'શાંતિચંદ્રજીએ અમદાવાદ જઈ ભદુઆ આદિ પર, શ્રાવકોને ગચ્છ બહાર કર્યા' એમ કહી શકેલ છે એ ખરૂં; પરંતુ દર્શનવિ.ની તે વાતને ખોટી ઠરાવનારી પૂ. ત્રિપુટીજીની-'**કદાચ સંઘ બહાર મૂકી દે**' એ શબ્દોવાળી મહત્વની વાતનું સ્થળ, પૂ૦ ત્રિપુટીજીએ કેમ છૂપાવ્યું હશે?

નોંધ:— પૂ૦ ત્રિપુટીજીની ઉપર્યુક્ત ઇતિહાસગત ત્રણ બીનાઓ ઉપર મુજબ અનેક પ્રકારે શંકાસ્પદ હોવાને લીધે પૂ૦ ત્રિપુટીજીના પ્રસ્તુત ઇતિહાસની નિષ્પત્તિ અંગે -અન્યાન્ય પ્રામાણિક ઇતિહાસાનુસાર આ નિર્ણય વાસ્તવિક જણાય છે કે-"પોતાના દાદાગુરુ પૂ૦ મહા૦ શ્રી રાજવિમલજીને બદલે પૂ૦ હીરગુરુજીને આચાર્યપદવી અપાવનાર મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિ પ્રત્યે પૂ૦ મહો૦ શ્રી રાજવિમલજી મ૦, તેમના શિષ્ય ઉપા૦ શ્રી મુનિવિજયજી મ૦ તથા પ્રસ્તુત કવિ દર્શનવિજયજી વગેરે અત્યંત દ્વેષ વહન કરવા લાગેલ. તે દ્વેષને ફલ બેસાડવા સારૂ તેઓએ પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦— શાંતિચંદ્રજી-સિંહવિમલજી વગેરે મહો૦ શ્રી ધર્મસાગર ગણિના પ્રતિસ્પર્દ્ધિ મુનિવરોનો સાથ પામીને મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરને શ્રી હીરગુરુજી હસ્તક ગચ્છ અને શાસ્ત્રથી વિપરીત વર્તનાર તરીકે ઠરાવવા સારૂ બનતા બધાજ પ્રયાસો કર્યા હતા; છતાં તે મહો૦ શ્રીની હયાતિકાળ સં૦ ૧૬૫૩ સુધી તો તેઓ, પોતાના તે તે પ્રયાસોને પૂ૦ હીરસૂરિજી દ્વારા તો ધાર્યું ફળ બેસાડી શકેલ નહિ; પરંતુ તે મહો૦શ્રીની ગચ્છ, ગચ્છનાયક અને શાસ્ત્રો પ્રતિની અજોડ વફાદારીથી સુપરિચિત એવા પૂ૦ ગચ્છનાયક શ્રી સેનસૂરિજીની હયાતિના સં૦ ૧૬૭૨ સુધી પણ ધાર્યું ફળ બેસાડી શકેલ નહિ!

એટલે તે મહો૦ પ્રતિ ખૂબ જ રોષે ભરાયેલા તેઓએ, સં૦ ૧૬૭૩માં શ્રી દેવસૂર ગચ્છમાંથી બસીને તે શ્રી દેવસૂર ગચ્છના પ્રતિસ્પર્દ્ધિરૂપે શ્રી વિજયતિલકસૂરિનો ભિન્ન ગચ્છ જ ઉભો કર્યો! અને તે નૂતન ગચ્છમાં રહેવા પૂર્વક તે તે ફાલચ્યૂત પ્રયાસોને ધાર્યું ફલ બેસાડવા સારૂ તે પૂ૦ મહો૦ શ્રી સંબંધમાં અનેક કૂટ વાતોમય વિચિત્ર સાહિત્ય હળીમળીને જુદા જુદા રૂપે અને નામે તૈયાર કરવા માંડયું!"

તેમાં ક્રમે બનવા પામેલ- શ્રી સિંહવિ૦ કૃત સં૦ ૧૬૭૪ની '**સાગરભાવની**' શ્રી શાંતિચંદ્રજીના શિષ્ય પૂ૦ રત્નચંદ્ર ગણિનું સં૦ ૧૬૭૭નું 'કુમતાહિવિષજાંગુલિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્ર' પુસ્તક, કવિ દર્શનવિ૦નો સં૦ ૧૬૭૯નો '**વિજયતિલકસૂરિરાસ**' અને એ જ વર્ષે પૂ૦ મહો૦ શ્રી વિમલહર્ષ ગણિના શિષ્ય પૂ૦ ઉપા૦ શ્રી ભાવવિ૦ ગણિનો બનાવેલ '**ષટ્ત્રિંશજ્જલ્પવિચાર**' વગેરે નિરાધાર આક્ષેપોમય તરીકે ઇતિહાસદ્વારા સ્પષ્ટ જણાઈ આવતું સાહિત્ય અગ્રસ્થાને છે.

એ કલ્પિત સાહિત્યમાંના '**વિજયતિલકસૂરિરાસ**' માંની કવિ શ્રી દર્શન વિ૦ ની ગાથાઓમાં જણાવેલ ઉપર્યુક્ત શાંતિચંદ્રજી અંગેની ત્રણ બીનાઓને તો પ્રથમથી જ તર્કટપૂર્ણ માનીને શ્રી મો૦ દ૦ દેશાઇએ પોતાના ઐતિહાસિક પુસ્તકોમાં સ્થાન જ નહિ આપેલ હોવાનું જાણવા છતાં પ્રથમ ઇતિહાસવેતા મુનિશ્રી વિદ્યા વિ૦ એ, ૧૯૭૭ માં પ્રસિદ્ધ કરેલા '**ઐતિહાસિક રાસ સંગ્રહ**' ભા. ૪ થામાંનાં નિરીક્ષણ' શીર્ષક તળેનાં લખાણનાં પેજ ૧૩ ઉપર તે ગાથાઓમાંની તે શ્રી શાંતિચંદ્રજી અંગેની બીનાને રાસ-સાર તથા સ્વીકૃતિરૂપે સ્થાન આપેલ છે અને ત્યાર બાદ પૂ૦ ત્રિપુટીજીએ પોતાના ઉપર્યુક્ત ઇતિહાસમાં તે ત્રણેય મનઘડંત બીનાઓને મનોભિષ્ટ માનીને વાસ્તવિક ઇતિહાસરૂપે સ્થાન આપેલ છે, તે વસ્તુ ઇતિહાસકાર માટે અશોભનીય છે.

પૂ૦ ત્રિપુટીજી ઉપરનો એ આક્ષેપ, આથી સત્ય છે કે—' પૂ૦ મુનિશ્રી વિદ્યાવિ૦ એ પોતાના '**નિરીક્ષણ**' શીર્ષક તળેનાં લખાણમાં (વિજયતિલકસૂરિરાસની ગાથા ૯૨ થી ૩૦૭ સુધીમાં કવિદર્શનવિ૦એ પ્રત્યક્ષ દ્વેષ વેરતી જણાવેલી અનેક બીનાઓમાંની— "**ધર્મસાગર, અમદાવાદ મુકામે શ્રાવકોના મનમાં સંદેહ ઘાલતો હોવાની વાત જાણીને ગચ્છનાયકે** (હીરગુરુએ) **રાધનપુરથી શાંતિચંદ્ર વાચકને ધરમસાગર પાસે મિચ્છામિદુક્કડં અપાવવા અમદાવાદ મોકલ્યા. ત્યાં જઈને તે વાચકે,** (પ્રથમ તો) **ધરમસાગરની વાસનાવાળા ભદુઆ વગેરે ભાવન શ્રાવકોને જ્યારે સંઘ બહાર કર્યા ત્યારે તેમણે ધરમસાગરને બોલાવ્યા. તેમણે મિચ્છામિદુક્કડં આપ્યાનો કાલ સં૦ ૧૬૪૮**" એ બીનાઓને વજુદવાળી લેખાવવા સારૂ) કવિ દર્શનવિ૦ના નામે જે-' ભદુઆ આદિ ભાવન શ્રાવકોને શાંતિચંદ્રજીએ ગચ્છ બહાર કર્યા, તે જ વખતે ધર્મસાગરજીએ મિચ્છામિદુક્કડં દીધો, તેનો કાલ, કવિદર્શનવિ૦ સં. ૧૬૪૮ જણાવે છે; પરંતુ 'ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' માં સં૦ ૧૬૪૯ જણાવેલ છે.' એ પ્રમાણે પ્રસિદ્ધિ આપવા દ્વારા- કવિ દર્શન વિ૦ની ઉપર્યુક્ત પંદરેય ગાથાઓમાંની વાતો ઉપર- પૂ૦ વિદ્યા વિ૦ એ પોતાની પણ મહોરછાપ તો મારી છે; પરંતુ તેમ કરવા જતાં તેઓને એ ખ્યાલ નથી રહ્યો કે- "તે વાતોને સં૦ ૧૯૭૬ ના પોતાના- '**સૂરીશ્વર અને સમ્રાટ**' નામના ઐતિહાસિક પુસ્તકના પેજ ૨૩૧ ૨૩૩ સુધીનાં (આ નીચે જણાવાય છે તે દસ્કતોમાં) પોતાના જ હાથે પોતે કલ્પિત ઠરાવી આપેલ છે!'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ઇતિહાસવેત્તાની આ વદતોવ્યાઘાત સ્વરૂપ સ્થિતિ હોવાનું જાણવા છતાં પૂ૦ ત્રિપુટીજીએ પોતાના સં૦ ૨૦૨૦ના "જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ માં તે જ પૂ૦ ઇતિહાસ વેત્તા વિદ્યાવિ૦ મ૦ના પગલે કવિ શ્રી દર્શનવિ૦ની તે ત્રણેય દ્વેષમૂલક બીનાઓને **ઇતિહાસ** રૂપે લેખાવેલ છે!

ઇતિહાસવેત્તા શ્રી વિદ્યાવિ૦, પોતે અપનાવેલી–

'શાંતિચંદ્રજીને મોકલ્યા' વગેરે વાતોને પોતે જ અસત્ય જણાવેલ છે!

'શ્રી વિજયતિલકસૂરિરાસ'ના 'નિરીક્ષણ'માં વિદ્યાવિ૦એ પોતે અપનાવેલી– "ગચ્છનાયકે રાધનપુરથી ધર્મસાગરજી પાસે મિચ્છામિદુક્કડં મગાવવા શાંતિચંદ્ર વાચકને અમદાવાદ મોકલ્યા, તે વાચકે અમદાવાદ જઈને ભદુઆ વગેરે ભાવન શ્રાવકોને જ્યારે ગચ્છ બહાર કર્યા ત્યારે ધર્મસાગરને બોલાવ્યા અને તેમણે મિચ્છામિદુક્કડં કીધો." એ વગેરે કવિ દર્શનવિ૦ની ૨૯૨ થી ૩૦૭ સુધીની ૧૫ ગાથામાંની (અમોએ આ પહેલાં કલ્પિત ઠરાવેલી) વાતોને એ જ પૂ૦ ઇતિહાસવેત્તા વિદ્યાવિ૦એ, પોતાના સં૦ ૧૯૭૬ના **'સૂરીશ્વર અને સમ્રાટ'** નામના પુસ્તકના પૃ૦ ૨૩૧ થી ૨૩૩ સુધીમાં નીચેના લખાણો દ્વારા અસત્ય ઠરાવેલ છે! જે આ પ્રમાણે :–

"એક વખત સૂરિજી ખંભાતમાં હતા, ત્યારે અમદાવાદમાં વિમલહર્ષ ઉપાધ્યાયની સાથે [1]ભદુઆ નામના શ્રાવકને કંઈ કારણથી ચર્ચા થઈ. આનું પરિણામ એ આવ્યું કે– ભદુઆ શ્રાવકે ઉપાધ્યાયની સામે એવા વચનો કાઢ્યાં કે–જે એક શ્રાવકને કોઈ રીતે છાજે નહિ. વિમલહર્ષ ઉપાધ્યાયે આ હકીકત **ખંભાત સૂરિજીને** જણાવી સૂરિજીને આ હકીકત સાંભળી બહુ ખેદ થયો. તેઓએ વિચાર કર્યો કે–'આવી રીતે ગૃહસ્થો પોતાની મર્યાદાને છોડતા જશે, તો તેના પરિણામમાં સાધુ અને ગૃહસ્થોની વચમાં જે એક ગંભીર મર્યાદા રહેલી છે, તેનો છેદ થશે. આવી છૂટ ઉપર–અઘટિત સ્વતંત્રતા ઉપર તો અંકુશ મૂકવો જ જોઈએ...

એમ વિચાર કરી **અમદાવાદમાં રહેલા સાધુઓ** ઉપર એવી મતલબનો એક પત્ર લખવા **સોમવિજયને આજ્ઞા કરી કે 'ભદુઆ શ્રાવકને સંઘ બહાર મૂકી,** તેને ત્યાં ગોચરી–પાણી જવું બંધ કરો'.....

---

૧. ભદુઓ શ્રાવક હીરવિજયસૂરિના ભક્તશ્રાવકો પૈકીનો એક હતો, પરંતુ તે અમુક સમયને માટે ધર્મસાગરજીના પક્ષમાં ભળી ગયો હતો માલુમ પડે છે કે– આ જ કારણથી વિમલહર્ષ ઉપાધ્યાયની સાથે તેને કંઈ બોલાચાલી થઈ હશે ભદુઓ આદિ પર શ્રાવકોને સંઘબહાર મૂકવાની હકીકત ૫૦ (કવિ) દર્શનવિજયજીએ પોતાના બનાવેલા (અને આ પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે સં૦ ૧૯૭૬ના જેઠ શુદ ૬ના 'જૈન' પત્રના ૨૧મા અંકથી પોતાનું નામ છૂપાવીને ક્રમસર પ્રગટ કરવા શરૂ કરી દીધેલ) 'વિજયતિલકસૂરિરાસ'માં પણ લખી છે. જુઓ ઐતિહાસિક રાસસંગ્રહ ભા. ૪ પૃ. ૨૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાગળ લખવામાં આવ્યો અને **તે પત્ર ખેપીયાની સાથે** રવાના કરતી વખતે વિજયસેનસૂરિએ હીરવિજયસૂરિને એમ વિનંતિ કરી કે– 'પત્ર હમણાં ન મોકલવામાં આવે તો સારૂં.' પરંતુ સૂરિજીએ તે વાત ઉપર ધ્યાન આપ્યું નહિ અને પત્ર મોકલી દીધો. અમદાવાદ પહોંચતાં જ સાધુઓએ આજ્ઞાપત્ર પ્રમાણે ભદુઆ શ્રાવકને સંઘ બહાર કરી દીધો અને તેને ત્યાં ગોચરી-પાણી જવુ બંધ કર્યું. આથી અમદાવાદનો સંઘ બહુ જ વિચારમાં પડ્યો. ×××××(પેજ ૨૩૧ ૨૩૨)××××

(પેજ. ૨૩૩)—ભદુઆએ સાધુઓનું અપમાન કરવાનો મહાન ગુન્હો કર્યો હતો, એમાં તો શક જેવું હતું જ નહિ. અને તેમાં પણ આચાર્યશ્રીના પત્રથી જ સાધુઓએ સંઘ બહારની શિક્ષા કરી હતી. એટલે તેમાં કાંઇ બોલી શકાય તેમ રહ્યું નહોતું. આને માટે તો હવે માત્ર એક જ ઉપાય રહ્યો હતો અને તે માફી માગવાનો જ: માફી માગ્યા સિવાય બીજો કોઈ ઉપાય રહ્યો નહોતો. અમદાવાદનો જૈનસંઘ ભદુઆ શ્રાવકને સાથે લઈ ખંભાત આવ્યો. સંઘે અને ભદુઆ શ્રાવકે બહુ આજીજીપૂર્વક થયેલા ગુન્હા માટે માફી માગી. સૂરિજીએ પણ કોઇપણ પ્રકારનો આગ્રહ રાખ્યા સિવાય તેનો ગુન્હો માફ કરી તેને સંઘમાં લઈ લીધો."

નોંધ:— ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યા વિ૦ મ. નું '**સૂરીશ્વર અને સમ્રાટ**'માંનું ઉપર્યુક્ત લખાણ, કવિ દર્શનવિ૦એ 'વિજયતિલકસૂરિરાસ'ની ગાથા ૨૯૨ થી ૩૦૭ માં જણાવેલી 'ગચ્છનાયકે રાધનપુરથી શાંતિચંદ્રજીને અમદાવાદ ધર્મસા. પાસે મિચ્છામિદુક્કડં મગાવવા મોકલ્યા.' એ વગેરે વાતોને તથા તે વાતોને મનોભિષ્ટપણે સાચી લેખાવવાનો પ્રયાસ કરનર પૂ. ત્રિપુટીજીએ તેમના 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૩ માંની ઉપરોકત કલમ (૧૫) માં જણાવેલી– " (૧)–શાંતિચંદ્રજી ગચ્છનાયકની આજ્ઞાથી અમદાવાદ ગયા, (૨)–ત્યાં તેમણે સંઘમાં ઉપદેશ આપી ભદુઆ આદિ શ્રાવકોની વિરુદ્ધ ગંભીર વાતાવરણ પ્રકટાવ્યું, (૩)–કદાચ અમદાવાદનો જૈનસંઘ ભદુઆ આદિ પર શ્રાવકોને સંઘ બહાર મૂકી દે.' એ ત્રણેય વાતોને અતીવ સ્પષ્ટતયા મનઘડંત ઠરાવે છે.

એટલે કે– " કવિ દર્શન વિ૦ એ તે ગાથાઓમાં– 'ગચ્છનાયકે રાધનપુરથી શાંતિચંદ્રજીને અમદાવાદ જઈ ઉપાધ્યાય ધર્મસાગરજી ન માને તો તેને ગચ્છ બહાર કરવો અને માને તો તેની પાસે મિચ્છામિદુક્કડં મગાવવો એવી આજ્ઞા કરી–' એમ જણાવ્યું છે; જ્યારે પૂ. વિદ્યાવિ૦એ, તે દર્શનવિ૦ની તે તે વાતોથી ('સૂરીશ્વર અને સમ્રાટ' માંના ઉપર જણાવેલા લખાણમાં)- 'ગચ્છનાયકે ખંભાતથી સોમવિજયજીને અમદાવાદ સ્થિત (મહો૦ ધર્મસા૦ ગણિ ઉપર નહિ, પણ) સાધુઓ ઉપર (મહો૦ શ્રી ધર્મસા૦ ને નહિ, પણ) ભદુઆ શ્રાવકને સંઘ બહાર મૂકવાનો પત્ર લખવાની આજ્ઞા કરી.' એ પ્રમાણે સદંતર ભિન્ન જ વાતો રજુ કરવાદ્વારા તે કવિ દર્શનવિ૦ની (શાંતિચંદ્રવાચકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભદુઆ આદિ બાવન શ્રાવકોને સંઘ બહાર કર્યા અને મહો. શ્રી ધર્મસાગરજીએ માફી માગી પર્યંતની) તે સમસ્ત વાતોને જેમ અસત્ય ઠરાવી છે તેમ કવિ દર્શન વિ. ની તે વાતોને અનુસરીને પૂ ત્રિપુટીજીએ પોતાના– 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા. ૩ માં જણાવેલી ઉપર્યુક્ત ત્રણેય વાતોને ક્રમે '(૧) રાધનપુરથી શાંતિચંદ્રજી અમદાવાદ ગયા જ નથી, (૨)–ત્યાં તેમણે સંઘમાં ભદુઆ આદિ વિરુદ્ધ ઉપદેશ આપી ઉશ્કેરાટ કરાવ્યો નથી અને (૩) ત્યાં ભદુઆ આદિ બાવનને નહિ; પરંતુ તે એક જ શ્રાવકને સંઘ બહાર કર્યો. અને તેમાંય શ્રી અમદાવાદનો જૈન સંઘ તો નારાજ જ હતો.' એ સત્યસ્વરૂપે દર્શાવવા પૂર્વક અસત્યતર ઠરાવી આપેલ છે

પૂ૦ ઇતિહાસવેત્તાએ વાપરેલી ચાલાકી પૂર્વગ્રહસૂચક છે.

આમ છતાં પૂ૦ વિદ્યાવિજયજીએ '**સૂરીશ્વર અને સમ્રાટ**' માંની પોતાના ઉપર્યુક્ત લખાણમાં જણાવેલી ભદુઆની વાતના ટેકામાં તે વાત અંગેની નં. ૧ વાળી સ્કુટનોટમાં–એ જ કલ્પિત વાતો ખડી કરનાર કવિ દર્શન વિ૦ એ લખેલા એ જ 'વિજયતિલકસૂરિરાસ'ને જોવાની ભલામણ કરવાની ચાલાકી તો વાપરી જ છે! કે–જે પૂર્વગ્રહસૂચક છે.

પૂ૦ ત્રિપુટીએ મહો૦જીનો ઉત્તમ અવસાનસમય પણ ક્લિષ્ટ બતાવ્યો!

"**જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩, પેજ ૭૨૨, કલમ** (૧૯)–'મહો. ધર્મસાગરગણિવરે સં. ૧૬૫૩-૫૪ ના કા૦ શુ૦ ૯ ના રોજ સુરતમાં મૂત્રકૃચ્છ્રના રોગથી સ્વર્ગગમન કર્યું.'"

પૂ૦ ત્રિપુટીજીએ, તે મહોપાધ્યાયજીના અવસાન અંગે આ પ્રકારનો ઇતિહાસ રજુ કરવા દ્વારા–'તે મહો૦ શ્રી ધર્મસાગરજી, પોતાની જીવનભરની કલેશકારી પ્રવૃત્તિના પરિણામે અંત સમયે સમાધિમાં નહિ રહેવા દેનાર મૂત્રકૃચ્છ્રના રોગથી પીલાઈને સ્વર્ગ-ગમન કર્યું.' એમ ધ્વનિત કર્યું જોવાય છે.

તે મહો૦શ્રીના અવસાન અંગેની વાત પણ તેઓએ, ગુરુદ્વેષે દ્વેષ વહન કરનાર એ જ કવિ દર્શન વિ૦ એ લગભગ કુટવાતોથી જ ઉપજાવી કાઢેલા જણાતા 'વિજયતિલક સૂરિરાસ'ની ગાથા ૩૬૯ થી ૩૭૦ ॥ ઉપર મદાર રાખીને રજુ કરી છે! **કવિ દર્શન વિ૦ ની તે અઢી ગાથાઓ:**–" તેણઈ અવસરિ સૂરતિ ચોમાસ, ધરમસાગર વાચક થિરવાસ; તિહાં તેણઈ નિજમત વાસિત કીધ, બહુ શ્રાવકનઈ નિજમત દીધ.॥ ૩૬૯ ॥ તે જાણી મૂકયા ખંભાતિ, તિહાં આવ્યા થયા કે દિનરાતિ; આવ્યો તસ આયુનો છેહ, તેથી પર-વસિ થયું તસ દેહ ॥ ૩૭૦ ॥ મૂત્રકૃચ્છ્ર રોગિં આવર્યા, કરણી સારૂ અપર ગતિ વર્યા." આ પ્રમાણે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ અઢી ગાથામાં તે કવિએ જણાવેલી— 'ધરમસાગર સુરતમાં સ્થિરવાસ કરીને ચોમાસું રહ્યા હતા ત્યાં તેમણે ઘણા શ્રાવકોને પોતાના મતના કર્યા હોવાનું જાણીને (ગચ્છનાયક વિજયસેનસૂરિએ તે ચોમાસામાં જ) ખંભાત મોકલી દીધા! ત્યાં કેટલાક દિવસો થયા ત્યાં તો તેમના આયુષ્યનો અંત આવવાથી તેનું શરીર પરવશ થયું અને મૂત્રકૃચ્છ્રરોગે ઘેરાયા થકા પોતાની કરણીનું ફલ ભોગવવા સારૂ બીજી (એટલે કે—જે તે) ગતિમાં ગયા!' આ વાતો, મહોપાધ્યાયજીના—અદ્‌ભૂત આરાધનાપૂર્વક થયેલા—અલૌકિક સમાધિમરણની અને તે પછી પણ થએલા અભૂતપૂર્વ દૈવી ચમત્કારની જગપ્રસિદ્ધ અને ચિત્તચમત્કારી તરીકે સર્વત્ર પ્રસરેલી સત્ય હકીકતના અસહનીયપણાથી જ ઉપજાવી કાઢેલી છે, એમ [સં. ૧૯૮૮ના '**આત્માનંદપ્રકાશ**' ભાવનગર'નાં અંકોમાં પ્રસિદ્ધ થએલ) **તે મહો૦શ્રી ધર્મસાગરજી ગણિવરના રાસના** આધારે જાણવા છતાં પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના સં. ૨૦૨૦ના પ્રસ્તુત ઐતિહાસિક પુસ્તકમાં તે અંતરદ્વેષી કવિ દર્શનવિ૦ની તે પ્રકારની દુષ્ટ અધ્યવસાયી અને દ્વેષઝરતી ગાથાઓને ઉપર્યુકત અર્થદ્વારા અભિષ્ટપણે અપનાવેલી છે તે પૂ૦ ત્રિપુટીજીના—આણસૂરગચ્છ પ્રતિના અંધપક્ષપાતરૂપ અને પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પ્રતિના અજ્ઞાનોત્થિત પૂર્વગ્રહજનિત દ્વેષમૂલક જણાય છે.

મહો૦ શ્રી, જ્યાં 'શ્રુતપણું અને જિનનો ધર્મ હોય' ત્યાં જ ગયા હોય,

વિક્રમ સંવત્ ૧૯૮૮ના—આત્માનંદ જૈનસભા, ભાવનગરના— '**આત્માનંદપ્રકાશ**' માસિકના પુસ્તક ૨૯, અંક ૩ થી ૮ માં ઇતિહાસકાર મોહનલાલ દ. દેશાઈ એ પોતાને પ્રાપ્ત થયેલ '**મહો૦ ધર્મસાગરગણિ-રાસ**' ની ૧૭૭ ગાથા પ્રસિદ્ધ કરાવેલ છે. તે દેશાઈ એ તે રાસની તે ગાથાઓનો યથામતિ અનુવાદ પણ તે અંકોમાં આપેલ છેઃ તે અંકોમાં મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના તે રાસગત અવસાન પ્રસંગનો અનુવાદ, (કે—જેનાથી પૂ૦ ત્રિપુટીજી મ૦ ૩૨ વર્ષથી સુપરિચિત છે.) તે માસિકના પેજ ૧૪૭ થી ૧૪૯માં છે. તે અનુવાદમાંથી અત્ર જણાવવા ઇચ્છેલ પ્રસંગજ્ઞાપક અનુવાદ (અધુરો અનુવાદ આવા [ ] કાટખૂણ કૌંસમાં પુરીને) આ નીચે અપાય છેઃ—

"૧૭. **વિજયસેનસૂરિ** કે જેમણે અકબર પાસે અનેક વાદીઓને જીતીને કીર્તિસ્થંભ રોપ્યો હતો. તે હીરવિજયના પટ્ટધર હતા. તે પુણ્યયોગે **ખંભાતમાં પધાર્યા.** (૧૬૫૨) આ (હીરવિજયસૂરિની અપેક્ષાએ) નાના ગુરુએ મેવડો (કાસદ) મોકલી બોલાવવાથી ધર્મસાગર ઉપાધ્યાય ત્યાં આવ્યા, ને સૂરિને વંદન કર્યું. લાહોરની વાત ઉપાધ્યાયે ગુરુને પૂછતાં તે વાત કહી સંભળાવી. વચમાં ગુરુજી બોલ્યા કે-તમારા જેવા કોઈ (સમર્થવાદી) નથી. + + + + +

૧૮. શ્રી પૂજ્ય અમદાવાદ પ્રત્યે ચાલ્યા, તે વખતે મુનિએ (ધર્મસાગરે) કહ્યું— 'ત્રિકાલવંદના જાણજો.' ત્યારે તપગચ્છનાયકે જણાવ્યું કે-[શ્રુતધર-મુનિવર!] 'એ શું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું ? વળી પણ એવો વખત ઝડપથી આવશે કે વંદના થશે.' શ્રી વાચકે ઉત્તરમાં કહ્યું 'અગાઉ દેવ સ્વપ્ન આવી ગયું કે- આપની છત્રછાયાએ થાઉં-[અને મારે આપની છત્રછાયાએ એકવાર] બેસું=બેસવાનું. [તેવું બેસવાનું હે તપગચ્છના ધણી ! બીજી વાર કયાંથી થાય ?] હવે કયાં વધુ વાર છે ?' ગુરુ (સૂરિ) ખંભાતનયરમાં ચોમાસું કરવાનો આ દેશ આપી ચાલી ગયા. + + + + +

૧૯. એક દિન ધર્મસાગરજીના સ્વપ્નમાં શાસનદેવે આવી પૂછયું કે 'કયારે હવે ચવવું છે ?=(જિનશાસનના હિત માટે કહો કયારે વન જવાનો સુવિચાર છે ? સ્વપ્નમાંથી મુનિ જાગ્યા એટલે દેવે કહ્યું કે-વનમાં માણિકય જલે છે ! ત્યાં એક બીજું સ્વપ્ન દીઠું- કે-નદી દીવામય દીપે છે !) જાગ-જાગ મુનિવર !' એટલે તેમણે લબ્ધિસાગરને બોલાવી કહ્યું-' હવે અમારું કામ કરશું, તે કામમાં સહાય આપો.' + + + + +

૨૦. પર્યંતારાધના કાર્તિક શુદ ચોથથી ચાલી. બિંબ પાસે નાંદ માંડી મહાવ્રતના ઉચ્ચાર કરી (મહાવ્રત ઉચ્ચરી) સાધુ-સાધ્વીઓના નામ લઈ ખમાવવા માંડયું. પાંચમે સંઘે જણાવ્યું કે-' દેવ થયા પછી સંઘને સાંનિધિ (સાંનિધ્ય) આપવા આવજો.' ગુરુએ કહ્યું- ' હીરવિજય જેવા ન આવ્યા તો હું કોણ ? વીરપ્રભુનાં વચન સંભારો.' છઠને દિને સંઘે કંઇ વાંછા હોય તો કહો, એમ પૂછતાં ' મારો અવતાર, જયાં શ્રુતપણું અને જિનનો ધર્મ છે ત્યાં થજો.' એમ જણાવ્યું. સાતમે મધ્યરાત્રિએ ' મને અનશન આપો કે પરભવનું ભાતું બાંધી જાઉં ' એમ ગુરુએ કહ્યું એટલે પંડિત (લબ્ધિસાગર) એમ બોલ્યા કે- ' શકુન જોઈને પછી આપશું' ગુરુએ જણાવ્યું- ' શકુન જોવાનો વખત નથી.' એટલે તેમણે સ્વયંમુખે પોતેજ અનશન ઉચ્ચરી લીધું. નોમને દિવસે સહુ તેમની પાસે આવ્યા. નાંદ માંડી અનશનનો વિધિપૂર્વક આદર કીધો ને તે જ દિને મધ્યરાત્રિએ નવકાર કરતાં દેવવિમાન પામ્યા.

૨૧. લબ્ધિાગર શોક કરવા લાગ્યા. પછી શબને માટે ..ખંડની માંડવી, મહામંડાણથી નવે અંગની પૂજા કરી. તેમાં બેસાડી અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. તેમાં ૧૫ મણ સુખડી, ૨ મણ અગર-ચુઆ-કપૂર-કસ્તુરીનો ઉપયોગ કર્યો. દહનવેળાએ એક કૌતુક થયું કે-ચમરી જેવી સુંદર ગાય તે સ્થાને પ્રદક્ષિણા દઈ દૂધનું સિંચન એ (ચિતા) પર કર્યું. લોક કહેવા લાગ્યા કે-તેમના શિષ્યની વૃદ્ધિ થશે એવું આનું ફળ છે. (પ્રદક્ષિણા દઈ તે ચિતા પાસે ઉભી રહી, ભક્તજનો તેને દોહીને તેના દૂધનું તે ચિતામાં સિંચન કરવા લાગ્યા. જે આવે તે તે ગાયને દોવે, અને ' આ ગાયનું દૂધ શરીરે લગાવીએ તો દેહ નિર્મળ થાય ' એમ માની તે ગાયને દોહી તેનું દૂધ શરીરે ચોપડવા લાગ્યા. લાખ લોક ત્યાં તેવી ગાય આવી દેખીને ' ચિતામાં ઘાસ નથી કે જેથી અહિં ખાવા આવે, માટે આ ગાયજાતિ નથી; પરંતુ કામધેનુ છે' એમ સદ્દહવા લાગ્યા. સકળસંઘ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્માયીપણે કહેવા લાગેલ કે-"કોઇ પૂર્વના પુણ્યે આ ગાય આવીને તેમને (મહોપાધ્યાયજીના દેહને) પ્રેમથી જોઈ રહી છે, તે જોતાં તેમના શિષ્યની વૃદ્ધિ થશે, અને તે શિષ્યોમાં કદિ વિગ્રહ નહિ થાય. સૌ એકમેકપણે સંપીને [1]રહેશે.")

૧ **નોંધ:—** મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના રાસમાંની તેઓની અદ્‌ભુત પર્યંતાવસ્થાને જણાવનારી ઉપર્યુકત હકીકતોમાં—"તે મહો૦, સં૦ ૧૬૫૨નું ચોમાસું સુરતમુકામે સ્થિરવાસ કરીને રહ્યા હતા, ત્યાંથી તેમને ગચ્છનાયક વિજયસેનસૂરિજીએ તે ચોમાસામાં જ ખંભાત મોકલી દીધા અને ત્યાં થોડા જ દિવસોમાં તેમને થયેલા મૂત્રકૃચ્છ્રના વ્યાધિથી પીલાઈ પીલાઇને તેઓ જે તે ગતિમાં ગયા." એ પ્રકારના દ્વેષમય વાકયોદ્વારા તે મહાસમર્થ મહોપાધ્યાયજીની તુચ્છના દર્શાવનારી તે દર્શન વિ૦ની વાતોથી સદંતર ઉલટી એવી—"તે સં૦ ૧૬૫૩માં ગચ્છનાયક વિજયસેનસૂરિજીએ, 'તે મહોપાધ્યાયજીને પ્રેમથી ખંભાત બોલાવ્યા હતા; ઘણા પ્રેમભર્યા આલાપ-સલાપ બાદ ખંભાત ચોમાસાની આજ્ઞા ફરમાવી હતી. અને તે પછી ખંભાતથી પોતે અમદાવાદ ભણી વિહાર કર્યો હતો." તે પછી દૈવીસ્વપ્નોના આધારે આસન્નમૃત્યુ જાણનાર મહોપાધ્યાયજી, ખંભાતમાં નાણ મંડાવી પ્રભુ સન્મુખ મહાવ્રતોને પુનઃ સ્વયં ઉચ્ચરીને સતત છ દિવસ અદ્‌ભુત સમાધિમાં ચોજાઈ ગયા હતા, અને તે અવસરે છેલ્લે છેલ્લે શ્રી સંઘે—'કાંઇ વાંછા હોય તો કહો' એમ પૂછતાં તેઓશ્રીએ '**મારો અવતાર જ્યાં શ્રુતપણું અને જિનનો ધર્મ છે ત્યાં થજો.**' એમ જણાવ્યું હતું. એ પર્યન્તારાધનાની નિર્મળ પ્રભામય હકીકતો, તે મહોપાધ્યાયશ્રીની ઉત્કર્ષતા ગાતી હોવાનું જોવા મળે છે."

જે મહોપાધ્યાયજીના એ અંતિમદશામાં પણ તેવા ભાવિ શ્રેષ્ઠતર ગતિ અને સ્થાનસૂચક ઉદ્‌ગારો હતા! તે જોતાં તે વિજયદેવસૂરતપગચ્છના જીવનપ્રાણ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિનો અવતાર પણ તેમના મનોભિલષિત સ્થળે જ થવા પામ્યો હોવામાં કયા આરાધક આત્માના દિલમાં શંકાને સ્થાન હોય? અને તેવા પૂ૦ મહર્ષિના અવસાન અંગે તેવું વિકૃત આલેખન ભવભીરુ આત્મા કયાંથી કરે?

જે ઉપા૦ શ્રી લબ્ધિસાગરજી ગણિ, સં૦ ૧૬૬૫ સુધી તો વિદ્યમાન હોવાનું જાણવા છતાં તેનેય માટે '**જૈન પર૦ ઇતિ૦**' **ભા૦ ૩ પેજ ૭૨૨ કલમ (૧૯)ના પેરા ૩માં**—"ભ૦ વિજયસેનસૂરીશ્વરે સં૦ ૧૬૫૩-૫૪ના મ૦ શુ૦ પના રોજ અમદાવાદમાં તેમના વિદ્વાન્ શિષ્ય પં૦ લબ્ધિસાગરગણિને ઉપાધ્યાયપદ આપ્યું. તેઓએ ૧૮ મહિના ઉપાધ્યાયપદે રહી સ્વર્ગમન કર્યું." એમ લખેલ છે

પૂ૦ ત્રિપુટીજીએ, આ ઇતિહાસ પણ [શ્રીજિનવિજયના '**પ્રાચીન જૈનલેખ સંગ્રહ**' પુસ્તકમાંના **લેખાંક ૩૭૭**માંના—'૧૬૬૫ ફા. શુ કેકીંદગ્રામે દેવસૂરિનિદેશેન લબ્ધિસાગરૈ: પ્રતિ૦ વિજયકુશલ, સહજસા૦ જય સા૦' એ પ્રતિમા લેખદ્વારા તેઓશ્રીએ સં૦ ૧૬૬૫માં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો કેકીંદગ્રામે શ્રીવિજયદેવસૂરિજીની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરાવેલ હોવાનું (તેઓના જ પ્રસ્તુત પુસ્તકના પણ પેજ ૭૫૦ ઉપરની બીના મુજબ) જાણેલ હોવા છતાં] એ જ 'વિજયતિલકસૂરિરાસ' માંની કવિ દર્શન વિ૦ ની—"વાચકપદ વરસ છમાસનઈ, અમદા વાદિ સમય સાંઝનઈ; વોલાવ્યા વિજયદેવસૂરિંદ, વાંદી વળિયા મનિ આણંદ. ॥ ૩૭૩ ॥ નદીમાંહિ લૂ લાગી ઘણી, તેથી પર ભવિ પુહુતા સુણી; ગુરૂ અંદોહ થયો અતિ ઘણો, કરમ વિપાક સહુ લહઈ આપણો ॥ ૩૭૪ ॥" તે પોતેય કલ્પિત જાણેલી ગાથાઓના આધારે વિજયદેવસૂરિજીના પરમભક્ત ઉપા૦ શ્રીને સરાસર અસત્ય ઇતિહાસ રજુ કરી દેવામાં આ પૂ૦ ત્રિપુટીજીએ, પોતાનું દેવસૂરગચ્છાનુયાયીપણું દીઠું છે! તે ખેદજનક છે

આ ઇતિહાસ લખતી વખતે "સં. ૧૯૮૮ના 'આત્માનંદપ્રકાશ' ના ચૈત્રમાસના નવમા અંકના પેજ ૨૧૭ ઉપર શ્રીયુત્ મોહનલાલ દ. દેશાઈ તો-તે ઉપા. લબ્ધિસાગરજી ગણિની સં. ૧૬૭૨ સુધી પણ હયાતિ બતાવે છે." એ વાત પણ તે પૂ. ત્રિપુટીજીમ ના ખ્યાલમાં જ હોય; પરંતુ હૈયામાં પૂ. મહો. શ્રી ધર્મસાગર ગણિવરના આ વિદ્વાન્ શિષ્ય પ્રતિના પણ પૂર્વગ્રહે તેઓશ્રીને આ સત્ય ઇતિહાસ પ્રતિ પણ આંખ મીંચામણાં જ કરાવેલ છે, તે અતિ ખેદજનક છે.

પૂ૦ વિદ્યાવિ૦ મ૦ની અટપટી નીતિ.

"ઐતિહાસિકરાસ સંગ્રહ' ભા. ૪ (વિજયતિલકસૂરિરાસ) નાં 'નિરીક્ષણ' શીર્ષક તળેનાં લખાણનાં પેજ ૩ ના પહેલા પેરામાં પૂ. ઇતિહાસવેત્તા મુનિશ્રી વિદ્યા વિ૦ મહારાજ **'રાસનાયકો'** શીર્ષકતળે લખે છે કે–"યદ્યપિ રાસનાયક તરીકે રાસના નામ સાથે કવિ (દર્શન વિ૦) એ વિજયતિલકસૂરિનુ નામ જોડયું છે, પરંતુ રાસનો વિષય તપાસતાં રાસનાયક તરીકે એકલા વિજયતિલકસૂરિ જ રહેવાને બદલે તે શતાબ્દિના બીજા મહાન્ પુરૂષો પણ ખાસ નાયક તરીકે જ જોડાયા છે! બરી રીતે કહીએ તો વિજય-તિલકસૂરિને ગૌણતા મળી ગઈ છે." **પૂ૦ વિદ્યાવિ૦**એ આ લખાણદ્વારા પ્રસ્તુત રાસ-કાર કવિ દર્શનવિજયને અર્થાપત્તિથી કવિત્વશૂન્ય અને અસ્થિરમાનસવાળા લેખાવેલ છે, જ્યારે (બીજી બાજુથી તે સમયે 'વિજય અને સાગર' એમ બે પક્ષો જ નહોતા એમ પોતે જાણવા છતાં) તે પછીના લખાણમાં –

"મારી દૃષ્ટિએ રાસનાયક તરીકે ચોક્કસ વ્યક્તિ કે વ્યક્તિઓ નહિ, પણ બે પક્ષો જ છે. વિજયપક્ષ અને સાગરપક્ષ શરૂઆતમાં વિજયપક્ષનુ નાયકપણું ગચ્છાધિરાજ શ્રી દાનસૂરિએ લીધેલું છે, જ્યારે સાગરપક્ષનું નાયકપણું ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ લીધું છે. તે પછી એક તરફ ગચ્છનાયક જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ અને બીજી તરફ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી હતા આ બનેના સ્વર્ગવાસ પછી એક તરફ ગચ્છનાયક વિજયસેનસૂરિ અને બીજી તરફ ઉપાધ્યાય નેમિસાગર અને ભક્તિસાગર હતાં." એમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવ્યું છે તે તેઓશ્રીની વિચિત્ર નીતિરીતિનું પ્રતીક છે.

પૂ૦ વિદ્યાવિ૦એ, રાસકાર કવિશ્રી દર્શનવિ. કૃત 'વિજયતિલકસૂરિરાસ'ના નિરીક્ષણરૂપે જણાવેલ ઉપર્યુકત લખાણને બદલે પોતાના ઇતિહાસવેત્તાપણાની ફરજરૂપે તે તે સ્થળે તેમણે સ્પષ્ટ દર્શાવવું જોઈતું હતું કે-કવિએ અહિં જે-"સં. ૧૬૨૨ પર્યંતની ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજીની વિદ્યમાનતાથી માંડીને સં. ૧૬૭૨ પર્યંતની ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજીની વિદ્યમાનતા સુધીમાં જે 'વિજયપક્ષની સામે સાગરપક્ષ હોવાની વાતોનું આલેખન કરેલું છે, તે' તેમનું સઘળું જ આલેખન, સત્યથી સદંતર વેગળું છે."

પરંતુ તે ફરજ ચૂકીને તેઓશ્રીએ, કવિ દર્શનવિ કૃત પ્રસ્તુત રાસમાંની ઉપર્યુકત તદ્દન નિર્મૂળ વાતોને કશી જ રોકટોક વિના સમૂલ જ લેખાવી દીધી છે! **તે ઇતિહાસવેત્તા ગણાતા પૂ૦ વિદ્યાવિ૦ મ૦ની ભ્રામક ઇતિહાસનીતિનું સૂચક છે.** અહીં એ વિકલ્પને પણ સ્થાન નથી કે-'પૂ૦ વિદ્યાવિએ, તે તે ગચ્છનાયકોની હયાતિ સુધી તો સાગરપક્ષ જ ન્હોતો, એ વાત પ્રસ્તુત રાસણહારની હોવાથી તે સ્થળે એ સ્પષ્ટતા કરી ન હોય.' કારણકે- તેઓશ્રીએ પોતાના તે જ 'નિરીક્ષણ'ના પેજ ૧૪ ઉપર પૂ૦ હીરગુરુ અને મહો૦ ધર્મસા૦ના સ્વર્ગવાસ સં૦ ૧૬૫૩ પછીની બીનામાં જે- "તેમણે (મહો૦ ધર્મસાગરજીએ) ગચ્છનાયકો પ્રત્યેના ભક્તિભાવ કે બહુમાનમાં કિંચિત્માત્ર પણ ઘટાડો કર્યો હોય એવું જણાતું નથી. હીરવિજયસૂરિ અને ધર્મસાગરજીનો સંબંધ તો કોઈ ઓર જ પ્રકારનો હતો." એ પ્રમાણે મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિનો ગચ્છનાયકો પ્રત્યેનો અસ્ખલિત આદરભાવ સ્તવવારૂપે નિજના હૃદયની સત્ય વાત જે જણાવેલ છે તે વાત પણ પ્રસ્તુત રાસણહારની જ છે.

ઇતિહાસવેત્તાએ અસત્યવાતને ઇરાદાપૂર્વક સત્ય લેખાવા દીધી છે!

આ ઉપરથી મધ્યસ્થ ઇતિહાસકારોને આ વાત સ્વીકાર્ય જ બને તેમ છે કે- "**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા ૩ ના પેજ ૭૨૮ ઉપર પ્રસિદ્ધ થએલી "પૂ૦ વિજયસેનસૂરિજીના સ્વર્ગવાસ સમય સં૦ ૧૬૭૨ પછી તપગચ્છમાં વિજયદેવસૂરિ અને વિજયતિલકસૂરિ એમ બે આચાર્યોની બે શાખા (વિજયપક્ષની જ) બની હતી [આ હકીકતને ભૂલવાડનારા શ્રી] **વિજયતિલકસૂરિરાસ** અને **ષટ્ત્રિંશજ્જલ્પવિચાર** ઉપરથી (એમ માન્યું અને પ્રચાર્યું તેથી) સામાન્ય વિદ્વાનો માને છે કે **આ ગચ્છભેદનું કારણ 'વિજય' અને 'સાગર'ની મમતા જ છે; પરંતુ આ માન્યતા સાચી નથી.** કેમકે-આ (મમતાદર્શક) બંને વિજયપક્ષોમાં-વિજય, સાગર, વિમલ, હર્ષ, ચંદ્ર, રત્ન વગેરે શાખાઓના મુનિવરો હતા." એ બીનાથી પૂ૦ વિદ્યાવિ૦ મ૦, સુપરિચિત હોવા છતાં તેઓશ્રીએ પોતાના ઇતિહાસજ્ઞપણા ઉપર આંખમીંચામણાં કરીને પણ પૂર્વોકત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કવિ દર્શન વિ૦ની–'ગચ્છનાયક વિજયદાનસૂરિથી પ્રારંભીને વિજયસેનસૂરિ સુધી તપગચ્છમાં વિજય અને સાગર એમ બે પક્ષ હતા.' એ સરાસર અસત્ય વાતને ઇરાદાપૂર્વક સત્ય લેખાવા દીધી છે!

વધુ આશ્ચર્યની વાત તો એ છે કે–આ અટપટીનીતિસૂચક લખાણની પહેલાના લખાણમાં અમે જણાવેલ છે તે મુજબ આ કવિકૃત તે રાસમાંની–'**ગચ્છનાયકે રાધનપુરથી શાંતિચંદ્રજીને મહો૦ ધર્મસાગરજી પાસે મિચ્છામિ દુક્કડં મગાવવા મોકલ્યા.**' એ વાતને આ પૂ૦ વિદ્યાવિ૦એ, પોતાના સં૦ ૧૯૭૬ ના '**સૂરીશ્વર અને સમ્રાટ**' પુસ્તકમાં સદંતર અસત્ય જ લેખાવેલ હોવા છતાં તે પ્રકારનો જુઠો જ ઇતિહાસ ખડો કરનારા તે અસત્યલેખક કવિના પ્રસ્તુત અસત્ય આલેખનને એ પ્રકારે સત્ય લેખાવા દીધું છે!

પૂ૦ વિદ્યાવિ૦ મ૦ના ઇતિહાસકારિત્વની અનવસ્થિતતા.

પૂ૦ વિદ્યાવિ૦ એ પોતાના 'નિરીક્ષણ' શીર્ષક તળેના લખાણના પેજ ૩ ઉપર એ પ્રમાણે રાસકાર કવિને અર્થાપત્તિથી પ્રથમ કવિપણાશૂન્ય અને અસ્થિર માનસના લેખાવેલ હોવા છતાં તે સ્થિતિવાળા તે કવિએ રચેલા તે રાસમાંના નિર્મૂળ આલેખનોને તો સમૂળ જ લેખાવા દીધા અને તે પછી તે '**નિરીક્ષણ**'ના પેજ ૪ના બીજા પેરામાં તેઓશ્રીએ, પ્રસ્તુત રાસના તે અસત્યોપાસક કવિ દર્શન વિ૦ની–"કવિએ જે વિષયને પ્રધાનપદ આપી આ રાસમાં વર્ણવ્યો છે, તે વિષયને એટલો બધો સ્કૂટ કરી બતાવ્યો છે કે–તેને માટે ભાગ્યે જ કોઈને શક આવી શકે. ચર્ચાનો કોઈ પણ પ્રસંગ, કેવા સંયોગોમાં ઉભો થયો? તેમાં કઈ કઈ વ્યક્તિઓએ ભાગ લીધો? કયાં તે પ્રસંગ બન્યો? એ બધું બતાવવા ઉપરાંત તે તે પ્રસંગો બન્યાના ઘણા ભાગે સંવતો અને તિથિઓ આપવાની પણ બાકી રાખી નથી. જેમ એક માણસને ચોક્કસ કાય માટે મુકરર કર્યો હોય અને તે તે કાર્યના પ્રત્યેક સમયના પ્રત્યેક બનાવોને નોંધી લે, એવું જ આ કવિએ આ રાસમાં વર્ણવેલા વિષયોના સંબંધમાં પણ બન્યું હોય એમ સ્પષ્ટ ભાસ થાય છે. કોઇ પણ બનાવને આટલા બધા સ્પષ્ટ આકારમાં કોણ આલેખી શકે?" એમ પ્રશંસા કરેલ છે!

ઇતિહાસવેત્તાશ્રીના ઇતિહાસકારિત્વની આ કેવી અનવસ્થિતતા? ઇતિહાસવેત્તાએ ઉપરના લખાણમાં કવિ દર્શનવિ૦ને પ્રથમ અસ્થિર માનસના લેખાવ્યા અને તે પછી તેવા તે કવિએ રચેલા આ રાસના વિષયો અંગે ઉપર મુજબ અદ્‌ભુતતા દર્શાવવા શક્ય તેટલા પ્રશંસાના પુષ્પો વેર્યા છે! અને તે પણ—

"આ કવિ દર્શનવિ૦ એ શ્રી દેવસૂર ગચ્છમાં હતા તે સં૦ ૧૬૭૨ સુધી તો તપાગચ્છીય કોઇ પણ મુનિના ગુણ કે દોષ ગાયા જ નથી અને સં૦ ૧૬૭૩ માં તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગચ્છના મૂળ પાટના આચાર્યશ્રીના પ્રતિપક્ષીપણે સ્થપાયેલા નવા આ. શ્રી વિજયતિલકસૂરિના પક્ષમાં ભળ્યા પછીના જ (તે સં૰ ૧૬૭૩માં જહાંગીર બાદશાહની સભામાં તે નવા આચાર્યશ્રીનો દુસ્સહ પરાભવ થવા પૂર્વક ઉકત મૂળ પાટના આચાર્યશ્રીનો વિજય થવાની પીડાને લીધે જ) સં૰ ૧૬૭૭ માં ઉપજાવી કાઢીને ઝડપભેર પ્રસ્તુત રાસ તૈયાર કર્યો છે અને તે પણ હપ્તે હપ્તે નહિં; પરંતુ એકીસાથે એક કલમે અને મનોભિષ્ટ પ્રકારે યોજેલ વિષયોમાં અનવસ્થિત તથા સંદિગ્ધ લખાણો કર્યાં છે, તેમજ તે રચનામાં એ કવિએ અનેક સ્થળે સંવત તથા તિથિ ખોટી જણાવતાં પણ સંકોચ રાખેલ જ નથી" એમ જાણવા છતાં તે કવિની તે પ્રકારની મલીન રચનાથી ભરેલા પ્રસ્તુત રાસમાં આપણા ઇતિહાસવેત્તાશ્રીએ તેવી અદ્‌ભુતતા દાખવી છે! તે પૂ૰ વિદ્યાવિ૰ મ૰ની અટપટી ઇતિહાસનીતિની ઉલટપાલટતાનું પ્રતીક ગણાય.

ઉક્ત પ્રકારે સરાસર અસત્ય વાતોને એક જ કલમે એક વર્ષમાં ઊભી કરીને ખડા કરવામાં આવેલા જણાતા તે '**વિજયતિલકસૂરિરાસ**'ને વર્ષોની નોંધવાળા ઐતિહાસિક સંગ્રહનું રૂપ આપવાની ચતુરાઈ દાખવનાર તે કવિ દર્શનવિ૰ની પોતાના 'નિરીક્ષણ'નાં પેજ ૪ ઉપરના તે બીજા પેરા પછીના જ ત્રીજા પેરામાં–"આ પ્રસંગે એક બાબતનો ખુલાસો કરવો જરૂરનો છે અને તે એ કે–રાસમાં વર્ણવેલા વિવેચનોમાં કેટલેક સ્થળે અતિશયોક્તિ અને કેટલેક સ્થળે અસંભવિત વાતોનું પણ સંભવિતપણું, અને તે ઉપરાંત તમામ પ્રસંગોમાં એક જ પક્ષનો–વિજયપક્ષનો જ વિજય બતાવી સાગરપક્ષને નિંદવામાં આવ્યો છે." એ મુજબ સ્પષ્ટ લખવા દ્વારા તે કવિ દર્શનવિ૰ની પ્રસ્તુત રાસગત વિવેચનોની ધૂર્તોચિત કરામતો પર અસત્યતાની મહોર મારવા પૂર્વક પોતે જ ગાએલી તે કવિની પેટપૂર પ્રશંસા ઉપર પોતે જ મશીકૂચ ફેરવવાવડે પોતાનું જે ખરું ઇતિહાસ વેત્તાપણું બતાવ્યું છે તે પણ તેઓશ્રીની અટપટી ઇતિહાસનીતિનું સૂચક છે.

કવિનું માંડવગઢ પરાભવજન્ય વિષવમન.

(૧)–તે કવિ દર્શનવિ૰એ 'વિજયતિલકસૂરિરાસ'ની ગાથા ૧૧૯ થી ૧૫૪ સુધીમાં –મહો૰ શ્રી ધર્મસા૰ ગણિની જૈનજગત પ્રસિદ્ધ પ્રભુશાસનને નિરાબાધ એવી પ્રવચનસોતવાહી સ્વચ્છમતિને ક્ષીરકદંબક પાઠકના નરકગામી શિષ્ય પર્વતની મતિ જેવી ગણાવવા વડે જૈન શાસનના પ્રત્યનીકોચિત વિષ વમવા જતાં વસુની મતિનાં સ્થાને પોતાના દાદાગુરુ રાજવિમલ ગણિને ગોઠવવા પડ્યાની ઉપસ્થિત થએલી ગંભીરસ્થિતિને ગાથા ૧૫૨ માં ગણી જવી પડી હોવાનું સ્પષ્ટ જોવામાં આવે છે!

(૨)–તે રાસની ગાથા ૧૫૫ થી ૨૧૦ સુધીમાં–જૈનસંઘમાં અદ્યાપિપર્યંત આકાશકુસુમસમ લેખાતા '**કુમતિકુદ્દાલ**' ગ્રથને મહો૰ ધર્મસાગરજીના નામે ચડાવીને (ગાથા ૧૧૯માં જણાવેલા સં૰ ૧૬૧૭માં) પૂ૰ આ૰ શ્રી દાનસૂરિજીએ વીસલનગરમાં સૂરચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંન્યાસના હાથે પાણીમાં બોળાવ્યો હોવાનું જણાવવા પૂર્વક મહો૦ શ્રી ધર્મસા૦ના હાથે તે ગ્રંથની પ્રરૂપણા નહિ કરવાનું લખાવી લીધું હોવાની જણાવનારી સદંતર કલ્પિત વાતો રજુ કરવા દ્વારા વિષવમન કર્યું છે.

૩. તે રાસની ગાથા ૧૬૯ થી ૨૧૦ સુધીમાં (તે સં૦ ૧૬૧૭માં જ) વિજયદાનસૂરિજીએ રાધનપુર જઈ મહો૦ ધર્મસાગરજી ઉપર માણસ સાથે અમદાવાદ ચીઠ્ઠી મોકલીને તેઓને ગચ્છ બહાર કર્યા હોવાની નિરાધાર ગપ હાંકવારૂપે, ૪. અમદાવાદ ગયેલ તે માણસ ચીઠ્ઠી આપી પાછો ફરતાં ત્યાંના ગલામંત્રીએ તેની પાછળ તેને મારી નાખવા સારૂ જમના દૂત જેવા બહુ સુભટો દોડાવ્યા હોવાનો અસંગત ગોળો ગબડાવારૂપે, ૫. તે મહો૦ ન ગચ્છ બહાર કર્યાની પ્રસિદ્ધ થયેલી વાતને લીધે ગલામંત્રી સિવાય કોઇપણ શ્રાવકને ઘરે આહાર નહિ મળતાં અન્ન વગર તેમના દિવસ દોહિલા થઇ પડયા ત્યારે તેમની લાજ સદાને માટે ગઇ હોવાની ઉન્મત્તોચિત કલમ ચલાવવારૂપે, ૬. એવામાં સકલચંદ્ર વાચકે અમદાવાદ આવી તે મહો૦ને તે ગુરુની આજ્ઞામાં રહેવાની શિખામણ આપતાં તેમને- 'હવે હું ગુરુ પાસે કેમ જાઉં? અને તેઓ મને સંગ્રહે પણ કયાંથી? માટે હવે તો તે માટે તમે જ ઉદ્યમ કરો' એ પ્રકારના લાચારીદર્શક શબ્દોમાં મહો૦ શ્રી ધર્મસાગરજીએ કરેલી વિનતિવશાત્ તે પાઠકશ્રી, તેઓશ્રીને રાધનપુર ગચ્છનાયક પાસે તેડી ગયાની અનિખલતાદર્શક કલમ ચલાવવારૂપે, ૭. મહો૦ ધર્મસાગરજીએ ઉપાશ્રયને બારણે ઉભા રહી-'ગુરુને હું આવ્યો છું' એમ તે પાઠક મારફત જણાવતાં- 'એમને કયારેય લાજ નહિ વળી હોવાથી મારે એનું કામ નથી' એમ ગુરુ દાનસૂરિજીએ જણાવી દીધેલ હોવાની ભવાભિનંદિતાદર્શક કલમ હાંકવારૂપે, ૮ સકલચંદ્રની વિનતિથી ગુરુએ- 'જો આવવા મન કરો છો, તો અમે પૂર્વસૂરિનું વચન કહીએ તે સદ્દહશું, એમ લખી આપો' એમ જણાવતાં મહો૦ ધર્મસાગરજીએ ગુરુએ કહ્યા મુજબ પટો સં૦ ૧૬૧૭માં લખી આપ્યો, અને તદુપરાંત ગુરુએ સાતથી અધિકને નિહ્નવ ન કહેવા, પ્રતિમા આશ્રી ચાલુ પરંપરા મુજબ કરવું' એ બે વાત સ્વયં લખીને તે પટ્ટા ઉપર-'હીરગુરુ, સકલચંદ્રજી પાઠક, ધર્મસાગર વાચક વગેરે અનેકની સહી લઈને શ્રી હીરગુરુ આદિ દ્વારા તે અગેની બીના અમદાવાદ ગલરાજ મંત્રીને જણાવી દીધેલ હોવાની, (૯) તદુપરાંતન યરવાડાથી સર્વ ગામ નગરના સંઘો ઉપર મહો૦ ધર્મસાગરજીએ એક પત્ર લખેલ હોવાની આમૂલચૂલ નિરાધાર એવી ગપિષ્ટ કલમ હાંકવારૂપે અને (૧૦) તેટલું કર્યા પછી પણ ગચ્છનાયક શ્રી દાનસૂરિજીએ **સં૦ ૧૬૧૯** ના માગશર શુદ પડવે 'પરંપરાગત ગચ્છમાં વર્તતી સામાચારીથી જે વિરૂદ્ધ નવો વિચાર કરશે તેને ગચ્છનો ઠપકો મળશે.' એ પ્રકારે લખાણ કરી તેના ઉપર હીરગુરુ, સકલચંદ્રજી, રાજવિમલજી વગેરે અનેકના મત્તાં કરાવીને સર્વત્ર મોકલ્યા પછી મહો૦ ધર્મસાગરજી ગચ્છમાં ભળ્યા=ભળવા દીધા હોવાનું લેખાવવા દ્વારા ગચ્છનાયકશ્રીને પણ અર્થાપત્તિથી **સં૦ ૧૬૧૭ થી ૧૬૧૯** સુધીનો અનંતાનુબંધીનો કષાય ધારણ કરનાર દર્શાવવાની બાલીશતા દાખવવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વક હાંકયે રાખેલ દિલદ્દાહદ્દર્શક કલમ દ્વારા પોતાની જ યોગ્યતા દર્શાવવારૂપે તે કવિએ કેવલ વિષવમન કર્યું હોવાનું જાણવા છતાં **ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦એ** પોતાના પ્રસ્તુત 'નિરીક્ષણ' ના પેજ ૧૬ ઉપર જે મહોપાધ્યાયજીની પોતે-'**તે સમયે ચાલતા ખરતર-કડુક વગેરેના પૂર જોસ સામે ધર્મસાગરજી એક જ હતા**' એ નક્કર વચનો દ્વારા અજોડતા સ્તવી છે તે જ મહોપાધ્યાયજીની તેવી કઠોતર પ્રકારે અવહેલનાકારી, અંતર્દ્વેષ નરસાવતી વાતો આલેખનાર તે આત્મહિતઘ્ન કવિ દર્શનવિ૦ની તે તે દ્વેષમૂલક વાતોને પોતાના '**નિરીક્ષણ**' માં '**અસંભવિત વાતોનું સંભવિતપણું બતાવનારી**' એ માત્ર હળવા શબ્દોમાં અને હળવી કલમે જ ઓળખાવી શકેલ છે તે તેઓશ્રીના ઇતિહાસજ્ઞપણાની વિચિત્ર નીતિરીતિને ઓળખાવવા તો નવા શબ્દો જ શોધવા પડે તેમ છે!

પૂ૦ મહો૦શ્રીની ગચ્છનાયકો પ્રતિની અજોડ વફાદારી

'**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ પેજ ૭૩૨ ઉપર-'**શાસનરાગ**' શીર્ષક તળે-'પૂ૦ મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિવર, વિક્રમની ૧૭ મી સદીના અજોડ વિદ્વાન હતા, તથા સમર્થ ગ્રંથકાર હતા તેઓ તપગચ્છને જ જૈનશાસન માનતા તેઓ એ સમયના તપગચ્છના નાયકો ભ૦ વિજયદાનસૂરિ, જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ અને ભ૦ વિજયસેનસૂરિ વગેરેને પૂરા વફાદાર હતા."

'**ઐતિહાસિકરાસસંગ્રહ**' ભા૦ ૪ ગત '**નિરીક્ષણ**' શીર્ષકતળેના ઉપક્રમના પૃ. ૧૪ ઉપર ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦ મ૦ લખે છે કે-"બેશક, એટલું તો ખરૂં જ કે-તેમને (મહો૦ ધર્મસાગરજીને) ચોક્કસ બાબતોમાં જે શ્રદ્ધા દૃઢ થઈ હતી, તે શ્રદ્ધામાં ફેર પડ્યો હોય એવું જણાતું નથી. વળી તેમની શાસ્ત્રીયવિષયમાં ગમે તેવી શ્રદ્ધા હોવા છતાં તેમણે ગચ્છનાયકો પ્રત્યેનો ભક્તિભાવ કે બહુમાનમાં કિંચિત્ માત્ર પણ ઘટાડો કર્યો હોય એવું જણાતું નથી." ×××

અંતે મહો૦જીનો જ પ્રસ્તાવ પાસ થયો.

"હીરવિજયસૂરિ અને ધર્મસાગરજીનો સંબંધ તો કોઇ ઓર જ પ્રકારનો હતો. બીજા શબ્દોમાં કહીએ તો હીરવિજયસૂરિ અને ધર્મસાગરજી તો નહાની ઉંમરથી જ સહયોગી હતા. ××× **હીરહર્ષ** (હીરવિજયસૂરિ)**ને આચાર્યપદ આપવાનો પ્રસ્તાવ પણ ધર્મસાગરજીએ જ મૂક્યો હતો.** અને ઘણાઓની ઇચ્છા-બલકે ખુદ દાનસૂરિજીની પણ ઇચ્છા બીજાને (રાજવિમલજીને) આચાર્યપદવી આપવાની હોવા છતાં **અંતોગત્વા ધર્મસાગરજીનો જ પ્રસ્તાવ પાસ થયો હતો.** (જુઓ આત્માનંદ પ્રકાશ પુ. ૧૫ અંક ૪ પેજ ૮૧-૮૨)" ×××

પ્રભુશાસન પ્રતિ અપ્રતિમ લાગણીવંત હતા.

'હીરવિજયસૂરિ આ વાતને ભૂલ્યા નહિ હતા; છતાં પણ એક ગચ્છનાયક તરીકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હેમનું જે કર્તવ્ય હતું, તે હેમણે બજાવ્યું જ હતું: બીજી તરફથી હીરવિજયસૂરિ, ધર્મસાગરજીમાં રહેલી અદ્વિતીય શક્તિ અને હેમની વિદ્વત્તાથી પણ અજાણ્યા નહોતા. ધર્મસાગરજીની બુદ્ધિ, તાર્કિકશક્તિ અને પરમાત્માના શાસન પ્રત્યેની અપ્રતીમ લાગણીનાં અનેક દૃષ્ટાંતો **આત્માનંદપ્રકાશ**નાં ઉપર્યુક્ત અંકમાં પ્રગટ થયેલ પ્રાચીન પાનાઓ ઉપરથી મળી આવે છે. તે દૃષ્ટાંતો અહીં ઉતારી આ નિરીક્ષણનું કલેવર વધારવા ઇચ્છતો નથી ' + + +

તેઓ 'બહુશ્રુત' તરીકે બહુ સમ્મત હતા એમ વિરોધીએ પણ કબૂલ્યું છે.

પ્રસ્તુત સંક્ષિપ્ત ઉપક્રમના પૃ. ૫ થી ૭ માં-તે પૂ૦ ઇતિહાસવેત્તા વિદ્યાવિ૦ મ૦ લખે છે કે-**સં૦ ૧૬૧૬ થી ૨૨** "આ સમયમાં તપગચ્છના નાયક આચાર્ય વિજયદાનસૂરિ હતા. આ ગચ્છનાયકના વખતમાં જૈન સમાજના કમભાગ્યે તપગચ્છરૂપી ફલદ્રુપ ક્ષેત્રમાં વિષવાદરૂપી વિષનું બીજ રોપાયું હતું અને તે બીજ તરીકે રાસકાર (દર્શનવિ૦એ) 'ઉત્સૂત્રકંદકુદાલ' ગ્રંથને ગણ્યો છે. આ ગ્રંથને ઉપાધ્યાય ધર્મસાગરજીએ બનાવ્યો હતો એમ (તે) કવિ કહે છે. ઉપાધ્યાય ધર્મસાગરજી તે સમયના અસાધારણ વિદ્વાનો પૈકી એક હતા. તેઓ વિદ્વાન જ નહિ હતા, પરંતુ શાસનના પ્રેમી, તીવ્રલાગણીવાળા અને ઉત્તમ લેખક હતા. હેમની કૃતિઓ તેમના આ ગુણો ઉપરાંત જે કંઈ વિશેષતા બતાવે છે તે તેમનો ઉગ્રસ્વભાવ અને નિડરતા છે. ધર્મસાગરજી કોના શિષ્ય હતા? તે સંબંધી માત્ર એક પ્રમાણ મળ્યું છે. ભાવવિજય ઉપાધ્યાયે બનાવેલાં **षट्त्रिंशज्जल्पविचार** છે. તેમણે આ ગ્રંથની શરૂઆતમાં એક સ્થળે લખ્યું છે કે-

"तपागच्छे श्री विजयदानसूरिराज्ये पं० जीवर्षि गणिविनेया: श्री विजयदानसूरिपाठिता बहुश्रुत इति लोकै: बहु मन्यमाना: श्रीधर्मसागरोपाध्याये आसन्" (હસ્તલિખિત પ્રતિ પત્ર ૯)

આ ઉપરથી જણાય છે કે તેઓ પં૦ જીવર્ષિગણિના શિષ્ય થતા હતા (આ જીવર્ષિગણિ, લક્ષ્મીભદ્રની શાખામાં થએલા આનંદમાણિક્યગણિના શિષ્ય અને શ્રુતસમુદ્રગણિના શિષ્યો પૈકીના એક હતા.) વિજયદાનસૂરિની પાસે તેઓએ અભ્યાસ કર્યો હતો. **ઉપરનો ગ્રંથ ભાવવિજયજીએ ધર્મસાગરજીના વિચારોની વિરુદ્ધમાં લખ્યો છે, છતાં પણ ધર્મસાગરજીનો પરિચય કરાવતાં હેમણે તેમની વિદ્વત્તાની લોકો ઉપર પડેલી છાપ અવશ્ય સ્વીકારી છે.**" + + +

પૂ૦ વિદ્યાવિ૦એ રાસ ઉપરથી કાઢેલું ૬ વર્ષનું તારણ.

"વિજયદાનસૂરિના સમયમાં અથવા કહો કે-સં૦ ૧૬૧૬ થી ૧૬૨૨ સુધીમાં જે કંઈ ધ્યાન ખેંચનારા બનાવો બન્યા **તે કવિના કથન પ્રમાણે** આ છે. 'ઉત્સૂત્રકંદકુદાલ'નું જલશરણ કરવું, અમદાવાદના મેતા ગલાને પક્ષમાં લઈને તેની પ્રરૂપણા કરવી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને ગચ્છ બહાર કરવા અને પાછા ગચ્છમાં લેવા, વિજયદાનસૂરિએ એક પટો બહાર પાડ્યો, ધર્મસાગરજીએ હવે પછી તેવી પ્રરૂપણા નહિ કરવાની કબૂલાત આપવી, સાત બોલ સંબંધી મિચ્છામિદુક્કડં દેવો અને સં૦ ૧૬૧૯ ના માગશર શુદિ ૧ ના દિવસે આજ્ઞાપત્ર બહાર પાડ્યું' +++

'રાસકાર કવિએ ઉપર્યુક્ત 'उत्सूत्रकंदकुदाल' ગ્રંથ કયારે પાણીમાં બોળ્યો તે જણાવ્યું નથી; પરંતુ ઉપાધ્યાય ભાવવિજયજી પોતાના 'षट्त्रिंशज्जल्पविचार'માં જણાવે છે કે–તે ગ્રંથ વીસનગરમાં સં૦ ૧૬૧૯ માં બોળવામાં આવ્યો હતો. કવિ કહે છે કે–આ ગ્રંથ ધર્મસાગરજીએ બનાવ્યો હતો; પરંતુ તે વાત ઠીક નથી.' +++

ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦એ જેમ આ વાત સાચી જણાવી છે તેમ તે સાથે 'મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ સિવાયના કોઇએ (*નયપ્રભજીએ) બનાવેલો તે ગ્રંથ, વિજયદાનસૂરિજીએ પાણીમાં બોળ્યો તે કથન પણ કવિનું ઠીક નથી' એ સત્ય પણ અત્ર ઉચ્ચરવું જ જોઇતું હતું. (ઉ. હંસમા.)

પ્રસ્તુત ઉપક્રમમાં રહેલી ખામીઓ.

ઉપરનાં લખાણોમાં પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે–પૂ૦ વિજયદાનસૂરિરાજ્યે વિષમીજ રોપાયાનાં કારણ તરીકે 'વિજયતિલકસૂરિરાસ'ના કર્ત્તા કવિ દર્શનવિ૦નાં કથનો ઉપર ભરૂંસો રાખીને તે કવિના કથનાનુસાર 'उत्सूत्रकंदकुदाल' ગ્રંથ અંગે જે લખ્યું છે તે ઈરાદાપૂર્વક સમજફેર લખ્યું જણાય છે. કારણ કે–તે રાસમાં તે પ્રકારના નિષ્કર્ષ વાળી ગાથાઓ લખનાર તે કવિ દર્શનવિ૦ પણ આ પૂ૦ વિદ્યાવિ૦ મ૦ની માફક એ સત્ય વાત જાણતા જ હતા કે– **'સં૦ ૧૬૧૭ માં પાટણ મુકામે ઉક્ત પૂ૦ મહોપાધ્યાયજીએ, ખરતરીય જિનચંદ્રસૂરિ આદિને જાહેર સભામાં મુખ્યત્વે તે 'શ્રી ઉત્સૂત્રકંદકુદાલ' ગ્રંથના જ આધારે પરાભવિત કર્યા હતા. અને તે વખતે પોતાના તે ઉપરાભવને જીતમાં બપાવવા સારૂ તેઓની બંભાત મુકામે થએલી પ્રેરણા મુજબ બંભાતના બરતરોએ 'અભયદેવસૂરિજી બરતર હતા' એમ મારા (વિજયદાનસૂરિજીના) હાથે લખાવી લેવાની બીછાવેલી જાળમાં મહને સમયસરની જાગૃતિ આપવા દ્વારા નહિ જ સપડાવા દેનાર તે**

*'જૈન ગૂર્જર કવિઓ' ભા૦ ૨–સંગ્રાહક, સંયોજક; –મોહનલાલ દ. દેસાઈ.

'બૃહ (પૌશાલિક) તપાગચ્છ પટ્ટાવલી'

પૃ૦ ૭૩૩ ઉપર (૪૪ મી પાટે આ૦ ક્ષેમકીર્તિ. વિ૦ સં૦ ૧૩૬૦ લગભગ

પૃ૦ ૭૩૪-તે આ૦ ક્ષેમકીર્તિના શિષ્ય નયપ્રભે 'ગુરુતત્વપ્રદીપ' યાને 'સૂત્રકંદકુદાલ' નામનો ગ્રંથ રચ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહો૦ ધર્મસાગરજી જ હતા, એ પ્રકારનો તે મહો૦ શ્રી અંગેનો અનુભવ પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજી મ૦ને તાજો જ હોઈને તેઓશ્રી તો પ્રસ્તુત 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથ પ્રતિ તેમજ પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પ્રતિ પણ અતિ બહુમાન ધરાવતા હતા."

અસત્યકથકની વાતને સમર્થન આપવું તે ઉચિત નથી.

સં૦ ૧૯૭૬માં પોતે પ્રસિદ્ધ કરેલા પ્રસ્તુત 'ઐતિહાસિકરાસસંગ્રહ' ભા. ૪ ગત 'રાસસાર'ના પૃ. ૧ ઉપર–પૂ૦ વિદ્યાવિ૦ મ૦, તે કવિ દર્શનવિ૦ કૃત 'વિજયતિલકસૂરિ-રાસ'નો પ્રથમ અધિકાર રચ્યાનો સં. ૧૬૭૯ હોવાનું જણાવે છે, અને ઉપરના અંતિમ ઉલ્લેખમાં 'પરંતુ' કહીને ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથને પાણીમાં બોળેલ હોવાનો (તેઓશ્રીએ જે ગ્રંથનો આધાર રજુ કરેલ છે તે) ષટ્ત્રિંશજ્જલ્પવિચાર' ગ્રંથ કપડવંજમાં રચાયાનો સં૦ ૧૬૭૮ છે! પોતે '**નિરીક્ષણ**'ના પૃ. ૨૦ ઉપર ૧૬૭૯ જણાવેલ છે અને '**જૈન-પરંપરાનો ઇતિહાસ**' ભા. ૩ના પેજ ૭૩૧ ઉપર સં૦ ૧૬૭૮ જણાવેલ છે, તે વર્ષનો ફરક ન હોઇ શકે. એટલે તે ગ્રંથ રચાયો ત્યારે જ 'તિલકસૂરિરાસ' પણ લખાવો શરૂ થયો હોય. આ કલ્પના, આ કારણે માનવી રહે છે કે–

[પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મહારાજે ઇતિહાસ મુજબ (પ્રચ્છન્નતયા ૧૬૬૯ અને પ્રસિદ્ધપણે) સં૦ ૧૬૭૨માં બનાવેલ જે ૩૬ બોલ સંબંધે પૂ૦ પં૦ શ્રી ભક્તિસા૦ ગણિએ સં૦ ૧૬૭૩ માં તેઓશ્રીને ૧૮ પ્રશ્નો પૂછ્યા હતા અને તેનો તે પૂ૦ મહો૦ શ્રી સોમ વિ૦ ઉત્તર આપી શકયા નહોતા. તે બોલને આશ્રીને પૂ૦ ઉ૦ શ્રી ભાવવિ૦ ગણિવરે બનાવેલ] ષટ્ત્રિંશજ્જલ્પવિચાર ગ્રંથમાંની પૂ૦ વિદ્યાવિ૦એ, ઉપર જણાવ્યા મુજબ આધારે તરીકે જણાવેલી–"**ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ વીસનગરમાં સં૦ ૧૬૧૯ માં પાણીમાં બોળવામાં આવ્યો હતો.**" એ વાતને પણ તે સમયે=સં૦ ૧૬૭૪ માં પૂ૦ પં૦ શ્રી ભક્તિસા૦ ગણિ વગેરે શ્રી દેવસૂરિગચ્છીય પૂ૦ મુનિવરોએ શ્રી સંઘમાં નિર્મૂળ ઠરાવી આપેલ હોય. ત્યારે જ પૂ૦ ઉ૦ શ્રી ભાવવિ૦ ગણિવરે તે ગ્રંથ રચવો શરૂ કરીને તેમાં તે મૃતપ્રાયઃ વાતને જીવતી બતાવવા સારૂ તે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથ અંગેનો ઉલ્લેખ તેમણે પોતાના તે ગ્રંથમાં કરવો પડેલ હોય અને તે સાથે જ કવિ દર્શન-વિજયે લખવા શરૂ કરેલ તરીકે જણાઇ આવતા 'તિલકસૂરિરાસ'ના પડેલા અધિકારની ૧૫૫ થી ૧૫૯ સુધીની ચાર કડીમાં પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦ની લખેલી ઉપરોક્ત વાતમાંના "**ઉત્સૂત્રકંદકુદ્દાલ** નામને ઉડાવી દઇને તેના સ્થાને (સં૦ ૧૬૭૪ માં રચાયેલ '**સાગર-ભાવની**'માંના પં૦ શ્રી સિંહવિજયજીએ 'કુમતિકુદ્દાલ' નામ ગોઠવી દેવું પડેલ હોવાની જેમ) કપોલકલ્પિત '**કુમતિકુદ્દાલડો**' નામ ગોઠવી દેવાનું બન્યું હોય અને એ સાથે જ સ્થલનું નામ '**વીસનગર**' ઉડાવી દઇને 'વીસલનગર' ગોઠવી દેવાનું બન્યું હોય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમજ તે ગ્રંથને પાણીમાં બોળ્યાનો પૂ૦ ઉ. ભાવવિ૦એ જણાવેલા 'સં. ૧૬૧૯'ને સ્થાને તો તે કવિ દર્શનવિ૦એ કોઇ સંવત જ નહિ બતાવવાનું ખાસ લક્ષ્ય રાખ્યું હોય." એ વગેરે તત્કાલીન ઇતિહાસ ઉપરથી તરી આવતી બીના, પૂ૦ વિદ્યાવિ૦ મ૦ જેવા વિચક્ષણ ઇતિહાસવેત્તા તો સમજતા હોય.

(પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજીના સ્વર્ગગમન સં. ૧૬૨૨ બાદ રહી રહીને ૫૭ વર્ષે શ્રી સંઘના કાને ઉપરોકત ગેબી વાતો પહેલવહેલાં જ સંભળાવતી) કવિ દર્શનવિ૦ની આ રહી તે કપોલકલ્પિત વાતો રજુ કરતી મૂળ પાંચ ગાથાઓ :—

"ધરમસાગર તે પંડિત લગઈ, કર્યો નવો એક ગ્રંથ રે; નામથી કુમતકુદ્દાલડો, માંડિયો અભિનવ પંથ રે....વાત૦ ॥૧૫૫॥ આપ વખાણ કરઈ ઘણું, નિંદઇ પરતણો ધર્મ રે; એમ અનેક વિપરીતપણું, ગ્રંથમાંહી ઘણાં મર્મ રે....વાત૦ ॥૧૫૬॥ માંડી તેણઇ તેહ પ્રરૂપણા, સુણી ગચ્છપતિરાય રે; વીસલનગરિં વિજયદાનસૂરિ, આવી કરઇ ઉપાય રે...વાત૦ ॥૧૫૭॥ પાણી આણી કહઇ શ્રીગુરુ, ગ્રંથ બોળવો એહરે; નગર બહુ સંઘની સાખીસિઉં, ગ્રંથ બોલીયો તેહરે ...વાત૦ ॥૧૫૮॥ શ્રીગુરુ આણ લહી સહી, સુરચંદ્ર પંન્યાસ રે; હાથસિઉં ગ્રંથ જલિ બોળીયો, રાખી પરંપરા અંસરે.... વાત૦ ॥૧૫૯॥"

એ પાંચ ગાથા દ્વારા તે કવિએ, સં૦ ૧૬૫૩માં સ્વર્ગવાસી બનેલા પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ અંગે રહી રહીને સં. ૧૬૭૯માં—"(૧)-ધર્મસાગરે 'કુમતિકુદ્દાલ' નામે નવો ગ્રંથ બનાવીને તે ગ્રથ દ્વારા નવો પંથ કાઢયો, (૨)-તે ગ્રંથમાં તેમણે પોતાના ઘણાં વખાણ અને અન્યના ધર્મની નિંદા વગેરે કરીને અનેક વિપરીતતા આદરી (૩)-તેમણે તે નવા ગ્રંથની પ્રરૂપણા કરવા માંડી હોવાનું સાંભળીને ગચ્છનાયક શ્રી વિજય-દાનસૂરિજી વિસલનગરે આવ્યા અને તે ગ્રંથનો તેમજ તે ગ્રંથની કરાએલી પ્રરૂપણાનો ઉપાય કર્યો, (૪)-'ગચ્છનાયકે પાણી લાવીને અને તે ગ્રથને બોળવો' એમ કહ્યા પછી વળી 'નગરના બહુ સંઘની સાક્ષીએ તે ગ્રથને પાણીમાં બોળ્યો' એમ કહ્યું! અને તે પછી વળી (૫) 'ગચ્છનાયકની આજ્ઞા પામીને સુરચંદ્ર પંન્યાસે તે ગ્રંથને પોતાના હાથે પાણીમાં બોળ્યો' એમ કહ્યું!" આમ ફરતું ફરતું વદનારા પાંચ ગંભીર આક્ષેપો મન-સ્વીપણે ઊભા કરીને શ્રી સંઘમાં ઉકત રાસદ્વારા તે આક્ષેપોને સ્વચ્છંદે જ પ્રસારેલ છે; એમ જાણવા છતાં તે પ્રકારના તે અસત્યકથક કવિના કથનને અન્યના ગ્રંથમાંના ઉલ્લેખથી સમર્થન આપવું તે ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦ મ૦ જેવા ઈતિહાસકાર માટે જરાય ઉચિત નથી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'વિજયતિલકસૂરિરાસ' ગત અસત્યોનું ઉદ્‌ઘાટન

યાને

કવિ દર્શન વિ૦ની વાતોની નંબરવાર નિર્મૂલતા.



(૧) પૂ૦ મહો૦શ્રી ધર્મસાગરજી મહારાજે તો શું! પરંતુ શ્રી સંઘમાં તેઓશ્રીની પૂર્વેના કે તે પછીના અદ્યાપિપર્યંતના કોઈપણ મુનિવરે '**કુમતિકુદ્દાલ**' નામનો કોઈ જ ગ્રંથ રચેલ નથી. તે પ્રકારના આકાશકુસુમ સમા ગ્રંથ દ્વારા તે પૂ૦ મહો૦શ્રીએ 'નવો પંથ' માંડ્યો હોવાનો કવિએ કરેલો એ આક્ષેપ, સહુ સુજ્ઞજનોને સ્પષ્ટતયા બોગસ સમજાય તેવો નિર્મૂળ છે!

(૨) જે ગ્રંથનું શ્રી સંઘમાં અસ્તિત્વ જ નથી તે ગ્રંથમાં તે પૂ૦ મહો૦જીએ પોતાના વખાણ અને અન્યના ધર્મની નિંદા વગેરે વિપરીતતા આદરી હોવાનો કવિએ કરેલો આ આક્ષેપ પણ સ્વતઃ નિર્મૂળ ઠરે છે!

(૩) જે ગ્રંથની શ્રી સંઘમા કોઈએ રચના કરી નથી તેમ જ જે ગ્રંથનું શ્રી સંઘમાં અસ્તિત્વ પણ નથી એમ જાણનાર પૂ૦ ગચ્છનાયક, તે ગ્રંથનો અને તે ગ્રંથની પ્રરૂપણાનો ઉપાય કરવા સારૂ વીસલનગરે આવ્યા હોવાની તે કવિની આ વાત તો ધૃષ્ટતાપૂર્વક કરી હોવાનું સ્પષ્ટ જણાઇ આવતું હોવાથી કવિની તે વાત પણ સ્વતઃ નિર્મૂળ ઠરે છે!

(૪) જે ગ્રંથની હયાતિ જ નથી તે ગ્રંથને પાણીમાં બોળવા ગચ્છનાયકે પાણી લાવીને શ્રી સંઘસમક્ષ બોળ્યો હોવાની વાત કરીને કવિએ અર્થાપત્તિથી પૂ૦ ગચ્છનાયક પ્રતિ પણ સચિત્તની વિરાધના કરનાર તરીકેનો ગંભીર આક્ષેપ અજાણ હિંમતથી કરેલ છે! (એ પ્રકારે જે ગ્રંથને ગચ્છનાયકે પાણીમાં બોળ્યો તે જ ગ્રંથને પુનઃ)—

(૫) પંન્યાસ સુરચંદ્રે ગચ્છનાયકની આજ્ઞાથી પોતાના હાથે પાણીમાં બોળ્યો હોવાની પરસ્પર અસંગત અને અસંબદ્ધ એવી નિર્મૂળ વાત આ કવિ જ કરી શકે!

ઉપર મુજબ કવિ દર્શનવિ૦એ પાંચ ગાથામાં આ પ્રકારે તે કરેલી પાંચ નિર્મૂળ વાતો સં. ૧૬૧૭થી સં. ૧૬૧૯ સુધીમાં–કોઇપણ ઇતિહાસ દ્વારા નહિ જ બનેલા જણાતા–બનાવોને, બનેલા બનાવો તરીકે લેખવવાની બુદ્ધિથી સં. ૧૬૭૯ના તે વિજયતિલકસૂરિરાસમાં તે કવિએ (ષટ્‌ત્રિંશત્‌જલ્પવિચારમાં જણાવેલા 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' તથા 'વીસનગર' નામને સ્થાને 'કુમતકુદ્દાલ' અને 'વીસલનગર' નામો ઉભાં કરીને તેમજ તે ઉલ્લેખનો સંવત ઉડાવી દઇને જ) સૌ પ્રથમ ઊભી કરી છે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી કપોલકલ્પિત વાત તે કવિ જ કરી શકે.

(૬) તે પછીની ૧૬૦–૧૬૧ મી કડીમાં તે કવિએ તેવી અસત્યતર પાંચ કડીના અનુસંધાનમાં 'કુમતિકુદ્દાલ' ગ્રંથને પાણીમાં બોળી ગચ્છનાયકે ધર્મસાગર પાસે–"તે ગ્રંથની પ્રરૂપણા કરવી નહિ, ગચ્છનાયક કહે તે પ્રમાણે કરવું સને ગચ્છનાયકની આજ્ઞા વિનાનું પોતે જે કહે તે અપ્રમાણ છે." એ પ્રમાણે લખાવી લીધાની જે વાત કરી છે, તે પણ પ્રસ્તુત શરાશૃંગસમા ગ્રંથને આશ્રયીને કરી હોઈ મૂલ વિનાની શાખા જેવી અસત્ય છે. જ્યાં તે નામનો કોઇ ગ્રંથ જ નથી ત્યાં તેને ગચ્છનાયકે પાણીમાં બોળવાની અને ગચ્છનાયકે સં૦ **૧૬૧૯**માં **અમદાવાદ ચાતુર્માસ રહેલ** પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર પાસે **વીસલનગર**માં તેવું લખાવી લીધું હોવાની સદંતર અસંગત અને અસંબદ્ધ એવી કપોલકલ્પિત ગપ તે કવિ જ હાંકી શકે.

તે રાસની કડી ૧૬૧ થી ૨૨૦ સુધીમાં આ ઇતિહાસને વિરૂપ આપેલ છે.

એ પછી તે અસત્યવાદી કવિએ, [**'જૈન ગૂર્જર કવિઓ'** ભા૦ ૨ ના પેજ ૭૩૪ મુજબ વડીપોષાળની ૪૪ મી પાટના પૂ૦ આ૦ શ્રી ક્ષેમકીર્ત્તિસૂરિના શિષ્ય પૂ૦ શ્રી નયપ્રભે વિ૦ સં૦ ૧૩૫૦ લગભગમાં રચેલા અને] સં૦ ૧૬૧૭માં પાટણ પધારેલા પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરને તે સં૦ ૧૬૧૭ના આસો માસે ત્યાંની વડીપોષાળ જ્ઞાન ભંડારમાંથી પ્રાપ્ત થયેલ-લગભગ ૨૬૫ વર્ષના પ્રાચીન એવા તે–'**ઉત્સૂત્રકંદકુદાલ**' ગ્રથની મુખ્યતાએ તે મહોપાધ્યાયજીએ ત્યાં ચાતુર્માસ રહેલા ખરતરગચ્છના ભટ્ટારક શ્રી જિનચંદ્રસૂરિ અને ઉપા૦ ધનરાજજી વગેરેનો જાહેર સભામાં સખત પરાભવ કરીને તપ-ગચ્છનો વિજયધ્વજ ફરકાવ્યા બાદ **સં૦ ૧૬૧૮**નું ચાતુર્માસ તેઓશ્રીએ **અહિમનગરે** કરેલ હતું. અને તે ચાતુર્માસ બાદ ત્યાંથી સં૦ ૧૬૧૯માં અમદાવાદ પધારતાં **આત્માનંદપ્રકાશ** પુસ્તક ૧૫, અંક ૩-૪ સં૦ ૧૯૭૩માં પ્રસિદ્ધ થયેલ તે સમયનાં પ્રાચીન પાનાઓમાંના અધિકાર મુજબ) "ત્યાંના બાદશાહ મહમ્મદ ચોથાના માનીતા '**મલેક શ્રી નગદલ**' બિરૂદધારી અને ૫૦૦ ઘોડેસ્વારોના ઉપરી એવા મોટા વજીર મંત્રી **ગલરાજ શ્રેષ્ઠીએ**, પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરનો અમદાવાદમાં પ્રવેશમહોત્સવ કરી ૨૦૦૦ શ્રીફલની પ્રભાવના કરી પૂ૦ મહો૦ શ્રીનું તે **૧૬૧૯** નું ચાતુર્માસ ભારે ઉછરંગથી **અમદાવાદ** કરાવેલ" એ સમસ્ત નક્કર ઇતિહાસને કવિ દર્શનવિ૦એ તે વિજયતિલકસૂરિરાસની કડી ૧૬૧ થી ૨૨૦ સુધીમાં જે ત્રણ વધુ કપોલકલ્પિત વાતો ઉપજાવી કાઢીને વિરૂપ આપેલ છે, તે વિરૂપતાને આ નીચે સંક્ષેપથી ક્રમસર મુદ્દામ રીત્યા જણાવાય છે.

[તે વિરૂપતા જાણ્યા પહેલાં–આ નીચે જણાવાતી કવિ દર્શનવિ૦ની વધુ કલ્પિત વાતોની પણ અનવસ્થિતતા તેમજ ફેંકાફેંકને સહેલાઇથી સમજી શકાય એ સારૂ અત્ર (તે કવિએ પોતાની વાતોમાં જે જે મહર્ષિઓને અંગે જે જે બનાવો બનેલા જણાવ્યા છે

તે બનાવોના કોઇકે સ્થલે સંવતો જણાવીને તથા કોઇકે સ્થલે નહિ જણાવીને પણ તે બનાવો જણાવેલા છે, તે તે) મહર્ષિઓનાં તે તે ચાતુર્માસ સ્થળો કયા કયા વર્ષે કયાં કયાં હતાં તે ખ્યાલમાં રાખવું આવશ્યક હોવાથી તેની ઐતિહાસિક નોંધ રજુ કરાય છે. અને તે આ પ્રમાણે છે :-]

"જૈનપરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પેજ ૭૦૫-'મહો ધર્મસા૦ **વિ૦ સં૦ ૧૬૧૬ મેડતા, ૧૬૧૭ પાટણ.** (ત્યાંની વડીપોષાળની ૪૪ મી પાટના આ૦ શ્રી ક્ષેમકીર્ત્તિના શિષ્ય શ્રી નયપ્રભે વિ૦સં૦ પ્રાય ૧૩૫૦ લગભગમાં રચેલ ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ, તે પોષાળના જ્ઞાનભંડારમાંથી મહોપાધ્યાયજીને આસો શુદિ ૧૩ ના રોજ મળ્યો. **પૃ. ૭૦૮** 'સં૦ ૧૬૧૭ માં ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રસૂરિ પાટણ, તેઓ સાથે તે સં૦ ૧૬૧૭ પાટણમાં (પ્રાયઃ ૨૬૫ વર્ષ પૂર્વેના પ્રાચીનગ્રંથ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ની મુખ્યતાએ) જાહેર સભામાં ચર્ચા કરીને મહોપાધ્યાયજીએ, 'આ૦ શ્રી અભયદેવસૂરિજી ખરતરના નથી, ખરતરગચ્છની સામાચારી ખોટી છે એમ સાબિત કર્યું.' **પૃ. ૭૧૧**-'મહોપાધ્યયાજીએ **સં. ૧૬૧૮** નું ચાતુર્માસ **અહિમનગર** (નાગોર) અને **સં. ૧૬૧૯** નું ચાતુર્માસ **અમદાવાદ** કર્યું. **પૃ. ૭૧૧**-પૂ૦ ગચ્છનાયક વિજયદાનસૂરિજી તથા આ૦શ્રી વિજયહીરસૂરિજીનું **સં. ૧૬૧૭નું ચાતુર્માસ ખંભાત"** હવે પ્રસ્તુત વાત પર આવીએ

નં. ૭ થી ૯-પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી, અમદાવાદ પધાર્યાનો સં. ૧૬૧૯ જણાવવો મોકુફ રાખીને કવિએ, ૧૬૨-૬૩મી કડીમાં જે-"ધર્મસાગર વાચકે રાજનગર આવી, ગલામેતાને આવર્જી, તે ગ્રંથની પ્રરૂપણા માંડી. શ્રાવકો મારફત ગચ્છનાયકના સાધુઓ સાથે કલેશ કર્યો." એવી વાતો કરી છે તે અનુક્રમે આ પ્રમાણે કલ્પિત છે.

(૧) ઇતિહાસ મુજબ ગલરાજમંત્રી, કે જેઓ પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજીના જ ભક્ત શ્રાવક હતા, અને તેથી તે ગચ્છનાયકના એ જગપ્રસિદ્ધ વફાદાર પૂ૦ મહોપાધ્યાયજીને પણ તેઓના અનેક શાસનખમીરવંત અને સમર્થવિદ્વાન્ શિષ્ય તરીકે પણ તે મંત્રી જાણતા જ હતા, પછી તે મહો૦શ્રીએ અમદાવાદ આવ્યા બાદ તે મંત્રીને આવર્જવા રહેતા જ કયાં હતા ?

(૨) જે કુમતિકુદ્દાલ ગ્રંથનું શ્રી સંઘમાં નામનિશાન ન્હોતું તે ગ્રંથની ત્યાં પ્રરૂપણા માંડવી તે શકય જ કયાં હતી ? અને—

(૩) શ્રાવકો દ્વારા ગચ્છનાયકના સાધુઓ સાથે કલેશ કર્યાની વાત તો તે પૂ૦ ગચ્છનાયકશ્રીના તેમ જ તેમના પટ્ટધર પૂ૦ હીરસૂરિજીના પણ ઇતિહાસની બહારની જ હોવાનું ઇતિહાસજ્ઞોને પ્રત્યક્ષ જ છે.

નં. ૧૦ થી ૧૨-કવિએ, ૧૬૪-૬૫મી કડીમાં જે-"ત્યાં રહેલા રાજવિમલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાચકને ગલરાજે જઈ પૂછ્યું કે-(૧)-'તમે કઈ પ્રરૂપણા માનો છો?' વાચકે કહ્યું-(૨)-'જેમ દાનસૂરિજી કહે તે માનીએ છીએ.' વિશેષમાં એમ પણ કહ્યું કે-(૩)-'તે ઉપરાંત અમે કહીએ છીએ તે સિવાયની બીજી પ્રરૂપણા ખોટી છે." એ ત્રણ વાતો કરી છે તે વાતો પણ નંબરવાર નીચે પ્રમાણે કલ્પિત છે.

(૧) તે વાચકશ્રી, મહો૦ શ્રી ધર્મસા મ૦નું અમદાવાદ ચાતુર્માસ નક્કી થયા પછી તેઓની સામે તેઓનું ગૌરવ હણવા સારૂ ચાતુર્માસ કરવા ત્યાં ગયા હોવાનું સ્પષ્ટ તરી આવતું હોવાથી 'જૈન પર૦ ઇતિહાસ' ભા. ૩ના પેજ ૭૧૨ ઉપરનાં ઉલ્લેખાનુસાર-પૂ મહોપાધ્યાયજીએ પૂ. ગચ્છનાયકથી આજીવન ભિન્ન પ્રરૂપણા કરી હોવાનો ઇતિહાસમાં એક પણ વજુદદાર દાખલો નહિ હોવાનું જાણનાર તે મંત્રીજીને તે વાચકશ્રી પાસે તેવું પૂછવા જવાનું જ રહેતું નથી.

(૨) એથી તે વાચકશ્રીએ પણ તે મંત્રીજીને-'જેમ દાનસૂરિજી કહે તે માનીએ છીએ' એમ તેવા રાજમાન્ય મંત્રી પાસે બેપરવાઈ દાખવતું વાકય ઉચ્ચરવાનું સાહસ કરવું તે સંભવિત નથી. અને—

(૩) જ્યાં બીજી પ્રરૂપણા જ નહોતી ત્યાં તે વાચકશ્રીએ-'અમે કહીએ છીએ તે સિવાયની બીજી પ્રરૂપણા ખોટી છે' એમ તે રાજમાન્ય મંત્રી પાસે અસંબદ્ધ અને નિષ્પ્રયોજન બોલવું તે પણ સંભવિત નથી.

૧૩. તે કવિએ, ૧૬૬ થી ૧૬૮ મી કડી સુધીમાં જે-"વાચકને ગલરાજે-'ધર્મ-સાગરની પ્રરૂપણા ન માનો તો અહીંથી ચાલ્યા જાવ' એમ કહેવાથી વાચક ત્યાંથી ચાલ્યા ગયા તો તેની પાછળ (તેમને હણી નાખવા માટે) ગલરાજે ઘાતક મોકલ્યા." એ વગેરે વાતો તે ગચ્છનાયકશ્રીના ચૂસ્ત ભકતશ્રાવક મંત્રી ગલરાજ જેવા જૈન મંત્રી અંગે કરી છે, તે-"મંત્રીએ જો તેવું જ કહ્યું હોય, અને છતાં તે વાચક ત્યાંથી ચાલ્યા ન જ ગયા હોય તો હજુ કવચિત્ સંભવિત માની શકાય, પરંતુ જો વાચક ત્યાંથી ચાલ્યા ગયા હોય છતાં તેને મારી નાખવા તે જૈન મંત્રીએ પાછળ મારા મોકલ્યા." એ વગેરે વાતો ઘોર હિંસકજનને અંગે કરી હોય તો પણ માનવામાં ન આવે તેવી કોરી ગપસ્વરૂપ છે.

સંભવતઃ પૂ. મહો૦શ્રીની વિરુદ્ધ કવિના તે વડદાદાગુરુ પૂ. રાજવિમલવાચકશ્રીએ ત્યાં મહો. શ્રી ધર્મસા.ને પોતાના આચાર્યપદમાં વિઘ્નકારી માનીને તેઓ સ્હામે તથા પ્રકારનો કોઈ વિરુદ્ધ પ્રચાર આદર્યો હોય અને તેને અંગે તે મંત્રીજીને તેઓશ્રીને ત્યાંથી વિદાય થવાનું કહેવું પડયું હોય: તે પ્રકારે જ સમજમાં આવતા તે બનાવને કવિએ તેવું ભયંકર સ્વરૂપ આપ્યું જણાય છે. 'જૈન પર૦ ઇતિ., ભા. ૩ના પેજ ૭૦૧ ઉપર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉલ્લેખ પણ છે કે–'મહો. શ્રી ધર્મસાગરજીએ, પૂ. રાજવિમલવાચકને બદલે પૂ. હીરહર્ષ-વાચકને આચાર્ય પદવી અપાવી.'

૧૪ થી ૧૭–કવિએ તે રાસની કડી ૧૬૯ થી ૧૭૩ માં જે–"ઉપર જણાવેલી સં. ૧૬૧૯ની બીના, ગચ્છનાયકે (કડી ૧૮૮માં જણાવ્યા મુજબ) સં. ૧૬૧૭માં જાણી. રાધનપુર જઈ, ત્યાં બોલાવેલા સર્વ પંડિત મુનિઓ સાથે વિચાર કરી પત્રિકા લખી ધર્મસાગરને ગચ્છ બહાર કર્યા અને તે પત્રિકા એક મુનિએ (અમદાવાદ મુકામે) જઈને સભામાં ગુરુનો ઉક્ત સંદેશો જણાવી ધર્મસાગરને આવવાપૂર્વક 'ધના-વના? ગચ્છ બહાર રહે' એમ કહેલ હોવા તરીકે" વાતો કરી છે તે પણ અનુક્રમે આ પ્રમાણે નિર્મૂળ ઠરે છે.

(૧) પૂ૦ ગચ્છનાયકશ્રીનો રાધનપુર સં. ૧૬૧૭નો પત્ર, વફાદાર મુનિ સં. ૧૬૧૯ માં અમદાવાદસ્થિત મહો. શ્રી ધર્મસાગરજીને બે વર્ષે પહોંચાડે તે બનવાજોગ જ નથી.

(૨) પૂ ગચ્છનાયકશ્રીએ તે વર્ષે તે કાર્ય માટે સર્વ પંડિતોને રાધનપુર એકઠા કરી વિચાર કર્યાનો આ પૂર્વે કોઈ પણ સ્થળે ઉલ્લેખ નથી.

(૩) એ બંનેના અસંભવમાં ગચ્છ બહાર કર્યાનો પત્ર, ગચ્છનાયકે લખ્યો હોવાની વાત ટકતી નથી. એટલે તે પછીની—

(૪) તે મુનિએ અમદાવાદ મુકામે પૂ. મહો.શ્રીને તેમની વ્યાખ્યાન સભા વચ્ચે જવાની હિંમત કરવા પૂર્વક 'પૂ. ગચ્છનાયકે ગચ્છ બહાર કર્યા'નો સંદેશો તેઓશ્રીને જણાવ્યાની સાથે "સંદિગ્ધ નામવાળા 'ધના-વના' ગચ્છ બહાર રહે" એમ (મંત્રીજી આદિને પ્રથમ જણાવવાની પરવા તજીને) તે પૂ. મહો.શ્રીને જણાવવાને બદલે તેમની પાસે ઊભા રહેવું અને અન્યને કહેવું એ વાત પ્રત્યક્ષ જ અસંભવિત જણાતી હોઈને ટકતી નથી.

૧૮. તે કવિએ ત્યાર બાદ તે રાસની કડી ૧૭૪ થી ૧૭૭ સુધીમાં તે ખ્યાતનામા ચુસ્ત શ્રાવક મંત્રી અંગે જે–"સભા વચ્ચે એમ કહીને જતા તે મુનિની પાછળ ઉક્ત ગલરાજે મારીને પૂરો કરી નાખવાનું જણાવીને જમના દૂત જેવા બહુ સુભટોને દોડાવ્યા, 'હો-હા' કરતા પાછળ દોડેલા સુભટોને તે મુનિ હાથ ન આવ્યો, સુભટો ઘરોઘર ફર્યા, મુનિ નાઠો થકો શ્રાવકને ઘેર ગયો, શ્રાવકે તેને બે દિવસ ઘરમાં રાખી રાત્રે કાઢી મૂકયો, નાસીને (રાધનપુર સ્થિત) ગચ્છનાયક પાસે ક્ષેમકુશળ પહોંચ્યો. અને ગચ્છનાયકે તેને શાબાશી આપી." એ પ્રકારની ઘોર હિંસકવૃત્તિ દર્શક અશ્રદ્ધેય વાતો કરી છે તે આ કવિમુનિના જ મુખે શોભે તેવી જણાતી હોઈ પ્રત્યક્ષ દ્વેષમૂલક છે.

"વ્યાખ્યાનસભામાં તે (મહમ્મદ બાદશાહના વજીર તરીકે ખ્યાત) જૈનમંત્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગલરાજ, શ્રી સંઘમાં અગ્રેસર હોઈ પોતાની સાથે ૫૦૦ સભ્યોને લઈને અગ્રભાગે જ બેસતા હોય, એ સંજોગોમાં તે આગંતુક એવા અજાણ્યા મુનિએ તે સમર્થ શ્રાવકમંત્રી આદિથી ભરપૂર એવી તે વ્યાખ્યાનસભાને બેધડક વીંધીને સીધા પૂ૦ મહો૦શ્રીની વ્યાખ્યાનપીઠ નજીક આવવું અને તે સર્વત્ર જીતકાશી તરીકે પ્રખ્યાત એવા તેમજ મહાસમર્થ-ગીતાર્થ પૂ૦ ઉપા૦શ્રીની પાસે ચાલુ વ્યાખ્યાને જઇને તે પૂ૦ મહો૦શ્રીને તે દંભદબાભરી સભાની રૂબરૂ હાથોહાથ પત્ર આપવો! અને તે પછી પણ-કવિએ જણાવેલું વક્તવ્ય-તે મુનિ તે સ્થળે રહીને કરવાની હિંમત દાખવે! એ વગેરે સરાસર અસંભવિત અને અસમંજસ બીનાને કયો સમજુજન સંભવિત માની શકે?"

તેમજ તે મુનિનું એ વક્તવ્ય સાંભળીને તે વજીર જૈનમંત્રી, કવિએ લખાવ્યા તેવા જો અનંતાનુબંધી કષાયયુક્ત જ બન્યા હોત તો તેમની હાજરીમાં તે મુનિ એ વ્યાખ્યાનપીઠ પાસેથી અક્ષતાંગ જઈ શકે ખરો? વળી તે જ્ઞાતનામ જૈનમંત્રી જો તે પ્રકારના ઘોર કષાયવાળા હોત તો (જૈનમંત્રી માટે કવિ સિવાયના કોઇ જૈનમુનિને સ્વપ્નમાં પણ ન આવે તેવા તે કથનો મુજબ) તે મુનિને ઠપકો ત્યાંથી પકડી લાવીને પણ હણી નાખવાનો હુકમ સુભટોને કરવા જેટલોય કાલક્ષેપ થવા દીધો હોત ખરો? છતાં કવિએ તો તે કડીઓમાં કહી નાખ્યું કે-તે "તે મુનિને, તે સભામાં એમ કહીને ચાલ્યો ગયો તે પછી તે મંત્રીએ તે મુનિને મારી નાખવાનો હુકમ કરીને તેની પાછળ 'મારો-મારો' ની ધૂમ પોકારતા સુભટોએ દોડાવ્યા." એ પ્રકારની તે કવિની ઉન્મત્તોચિત વાત કોને ગ્રાહ્ય બની શકે?

૧૯ થી ૨૩-તે રાસની કડી ૧૭૭ થી ૧૮૧ પર્યંત તે કવિએ જે-' ધર્મસાગરને ગચ્છ બહાર જાહેર કર્યાની તે વાત (તે સં૦ ૧૬૧૯ માં) જગતે જાણી. આથી તેઓએ '(૧) કોઇ શ્રાવકને ઘરેથી આહાર મળતો નથી' એમ ગલરાજને કહ્યું. એમ અન્ન વિના દુઃખી થએલ (૨)-ધર્મસાગરની સદાને માટે લાજ ગઇ, (૩)-એવામાં સકલચંદ્ર ઉપાધ્યાય અમદાવાદ આવ્યા અને ધર્મસાગરને તેણે કહ્યું,(૪)-' આમ ભૂખનું પણ દુઃખ સહન કરવા કરતાં ગચ્છનાયકની આજ્ઞા માનો, અન્યથા બીજે પણ કોઇ ગામે અન્નપાણી નહિ પામો.' આ સાંભળી ધર્મસાગરે તેમને કહ્યું-(૫)-'પણ હવે હું ગચ્છનાયક પાસે કેમ જઉં? અને તેઓ મને હવે સંગ્રહે કેમ? માટે હવે તો નમે આ વાત હાથમાં લ્યો અને તે કાર્ય સાધી આપવા ઉદ્યમ કરો." એ પ્રકારની-પૂ૦ મહો૦જી જેવા જિતકાશી તરીકે સર્વદિક્ પ્રસિદ્ધ શાસનરક્ષક શાર્દૂલને ક્ષુધાની પીડાએ શીયાલની લાચારીમય સ્થિતિવાળા લેખાવવા દ્વારા તે કવિએ વસ્તુતઃ નિજની નિર્મૂળ જ કુવૃત્તિનું પ્રદર્શન કરાવ્યું હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે. તે દરેક વાતો નીચે મુજબ નંબરવાર નિર્મૂળ તરીકે સાબિત પણ છે.

(૧)-કવિએ પોતાની તે કડીમાં પૂ૦ મહો૦શ્રીને આહાર નહિ મળતો હોવાનો સમય સં૦ ૧૬૧૭ અમદાવાદ જણાવેલ છે. કે-જે સમયે પૂ૦ મહોપાધ્યાયજી તો પાટણ મુકામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ અભયદેવસૂરિજીને ખરતરો સામે જાહેરસભામાં તપગચ્છના સાબિત કર્યા તે બદલ જગતભરના શ્રીતપાગચ્છીય ચતુર્વિધસંઘના અભિનંદનોથી નવાજાઈ રહ્યા હતા.

(૨)–તે સમયે પૂ૦ ધર્મસાગર ગણિવરની સદાને માટે લાજ તો સં૦ ૧૬૧૭ના વર્ષે ખભાત ચાતુર્માસસ્થિત પૂ૦ ગચ્છનાયકોના પણ હૈયામાં 'શાસનના અજોડ સ્તંભ' સ્વરૂપે અતીવ અંકાઇ જવા પામી હતી, (કે-જેને લીધે તે પૂ૦ મહો૦જીના રાસની ગાથા ૯૦-૯૧ મુજબ) પૂ૦ ગચ્છનાયકશ્રીએ જેસલમેર મુકામે ખરતરોને પરાભવિત કરવા સારૂ પ્રાયઃ સં૦ ૧૬૨૦ લગભગમાં તે પૂ૦ મહોપાધ્યાયશ્રીને જ પાઠવ્યા હતા; અને તે ગુર્વાજ્ઞા પામીને તેઓશ્રીએ ત્યાં જઈને પણ **શ્રી હરરાજરાવલની** રાજસભામાં ખરતરો સામે વિજય પ્રાપ્ત કરેલ હોવાથી તે મહો૦શ્રીની લાજ તો તે સં૦ ૧૬૨૦ માં પણ દિગંતવ્યાપી હતી.

(૩)–એ પ્રકારે (કવિએ તેઓશ્રીને આહાર નહિ મળવાનાં જણાવેલા) સં૦ ૧૬૧૭ માં તે પૂ૦ મહો૦શ્રીની લાજ-શોભા-પ્રતિભા પાટણ મુકામે, સં૦ ૧૬૧૯ માં ગલરાજમંત્રીએ ભારે આદરપૂર્વક ઠાઠમાઠથી કરાવેલ ચાતુર્માસાદિથી રાજનગર મુકામે અને ઉપરની કલમ '૨' માં જણાવ્યા મુજબ સં૦ ૧૬૧૭ ની જેમ સં૦ ૧૬૨૦ માં પણ ખરતરોનો જાહેર-સભામાં પરાભવ કરવાના પરિણામે જેસલમેર મુકામે પણ શાસનનો વિજયડંકો વગાડવાને અંગે અતીવાતીવ દિગંત પ્રસરી હતી.

આ પ્રકારે અજોડ પ્રતિભાશાળી તરીકેની સાર્વત્રિક પ્રસિદ્ધિને ભજતા એવા અને (પૂ૦ ગચ્છનાયકશ્રી હીરગુરુજીથી પણ ચારિત્રથી મોટા) પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર પ્રસે (તેઓશ્રી કરતાં ઘણાં વર્ષ છોટા એવા) શ્રી સકલચંદ્રજી વાચક,–તે કવિના કથન મુજબ સં૦ ૧૬૧૭ માં તે મહો૦શ્રીને સહેવું પડતું ભૂખનું કષ્ટ નિવારવા સારૂ અમદાવાદ આવ્યા, અને (તે સં૦ ૧૬૧૭ માં **પાટણ વિરાજતા** તે મહો જીને) તેઓ તે કવિના કહેવા મુજબ **અમદાવાદ** મુકામે મળ્યા હોવાની સદંતર અસંગત અને અસંબદ્ધ બીનાને આ કવિ જ તે રાસની તે કડીમાં બનેલ બીના તરીકે જણાવી શકે?

(૪)– ઉપર મુજબ તે બંને પૂ૦ વાચકોનું તે કવિએ જણાવેલા સં૦ ૧૬૧૭માં મીલન જ થયું નથી. ત્યાં "તે વર્ષે શ્રી સકલચંદ્રજી વાચકે પૂ૦ મહો૦જીને 'આમ ભૂખનું દુઃખ વેઠવા કરતાં ગચ્છનાયકની આજ્ઞા માનો નહિતર બીજે પણ કોઈ ગામે અન્નપાણી નહિ પામો" એમ જણાવ્યું હોવાનું તે કવિનું કથન વાહિયાત હોઈને સ્વયમેવ અસત્ય ઠરે છે. વળી જેઓશ્રીને ગલામંત્રી જેવા રાજમાન્ય ભક્તશ્રાવક આદિનો વિશાલ ઉપાસકગણ હોય તેઓ-શ્રીને અન્નપાણીનું દુઃખ વેઠવું પડે તે વાત કયો સુજ્ઞ મનુષ્ય સ્વીકારી શકે?

(૫)–એ પ્રકારે તે કવિની તે ચારેય વાતો જ્યાં સદંતર નિરાધાર ઠરે છે, ત્યાં તે ગરિષ્ટ કવિએ ગચ્છનાયકના દિલમાં શાસનના અજોડ પ્રાણ તરીકે અંકિત થએલા તે પૂ. મહો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાધ્યાયજીના મુખમાં–'હવે હું ગચ્છનાયક પાસે કેમ જઉ? અને હવે તેઓ મને રાખે પણ કેમ?' એ વગેરે કાંદિશીક બનેલા રાંકજનોચિત કથનોને તે પ્રભુશાસનની સર્વ મર્યાદાથી પર જણાતા આ કવિ જ ગોઠવી શકે?

પ્રાસંગિક;—શ્રી સંઘમાં પ્રભુશાસનને જ સમર્પિત થએલ તરીકે ઇતિહાસપ્રસિદ્ધ એવા તે પૂ. શાસનમાન્ય મહોપાધ્યાયજી પરત્વે–શ્રી વિજયતિલકસૂરિરાસમાં આ કવિએ તે પૂ. મહો. જીના સ્વર્ગવાસ પછી પણ રહી રહીને ૩૫ વર્ષે અને સૌથી પ્રથમ–તે પ્રકારના સદંતર ઉપજાવી કાઢેલા કલ્પિત કટુપ્રહારોમય આક્ષેપો કરવાનો મુખ્ય હેતુ તો આ પ્રાચીન અર્વાચીન ઐતિહાસિક સમીક્ષા'ના વિવરણમાં પૂર્વે જણાવાએલ તે કવિના દાદાગુરૂ પૂ રાજવિમલ વાચકને મળવા તૈયાર થએલી આચાર્યપદવી, પૂ. મહો શ્રી ધર્મસા ની સલાહ અનુસાર પૂ, ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજી હસ્તે પૂ. હીરહર્ષવાચકને મળી એ દ્વેષાગ્નિ જ છે. એ બીના ઉપર પૂર્વગ્રહવશાત્ આભોગે કે અનાભોગે લક્ષ જ નહિ આપનારા પૂર્વોક્ત આધુનિક જૈન ઇતિહાસકારોએ જેમ ઉક્તપ્રકારના ઇતિહાસકાર કવિ શ્રી દર્શનવિ૦ કૃત તે તે પ્રકારના અસદ્ લખાણોને સત્ જેવા માનીને ઇતિહાસનું રૂપક આપતા ઇતિહાસો દ્વારા તે પૂ૦ શાસનમાન્ય મહોપાધ્યાયજીને પોતપોતાના ઇતિહાસમાં અન્યાય કર્યો છે, તેમ 'ષટ્ત્રિંશજ્જલ્પ-વિચાર' ગ્રંથના કર્તા અને પૂ. મહો શ્રી ધર્મસાગરજી ગણિવરના પ્રતિસ્પર્દ્ધિ (આણસૂર-ગચ્છીય) પૂ. મહો. શ્રી ભાવવિ૦, શ્રી વિનયવિજયજી વગેરેના અતિસંધાન દ્વિવશાત્ તેમજ શ્રી ધર્મસંગ્રહના કર્ત્તા અને પોતાને શ્રુતકેવલી જેવા ઓળખાવવાની પહેલ કરનારા મહાન્ ગીતાર્થવર્ય (આણસૂરગચ્છીય) પૂ. મહો૦ શ્રી માનવિજયજી ગણિવરાદિની છાયાવશાત્ પૂ. સમર્થ ગીતાર્થપ્રવર મહો૦ શ્રીમદ્ યશોવિજયજી ગણિવર જેવા સર્વોચ્ચ ન્યાયાચાર્ય પણ પોતાના '**પ્રતિમાશતક**' નામના ગ્રંથમાં તે દર્શન–જ્ઞાન–અને ચારિત્રરૂપ ત્રિવેણીના મૂર્તસ્વરૂપ શાસ્ત્ર અને ઇતિહાસ પ્રસિદ્ધ એવા સુવિહિતનામધેય પૂ. મહો૦ શ્રી ધર્મ-સાગરજી ગણિવરને તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ 'સો.' એક વર્ષે 'પાસત્થો' કહી દેવાની હદે જઇને અસહ્ય અન્યાય કરી બેઠા છે, તે અતીવ શોચનીય છે.

૨૪ થી ૨૯:—કવિએ ૧૮૨ થી ૧૮૮ કડી સુધીમાં જે– (૧) "ધર્મસાગરને લઇને સકલચંદ્ર ઉપાધ્યાય, રાધનપુર ગયા, (૨)–ત્યાં સાગરે બારણે ઉભા રહી તેમને ગુરુને જાણ કરવાનું કહ્યું, (૩)-ગુરુ કહે–તેમને કયારેય લાજ વળી નહિ હોવાથી મારે તેમનું કામ નથી, (૪)–સકલચંદ્રવાચકે કહ્યું, "હું શિષ્ય કહું તે ગુરુએ સાંભળવું ઘટે, 'કયારેય છોરૂ કછોરૂ થાય, તે મા–બાપ સદા સાંખતા આવ્યા છે,' વળી હવેથી તમે જેમ કહેશો તેમ કરશે, માટે સાગરને ગચ્છમાં લ્યો: (૫)-જો હવે પછી તમારૂં વચન લોપે તો તેમને ઘણી શિક્ષા કરજો....એ પ્રમાણે તે વાચકે ઘણી વિનંતી કરી ત્યારે ગચ્છનાયકે, 'જો તમો આવવા ઉમેદ રાખો છો તો અમે પૂર્વસૂરિના વચનો કહીએ તે માનશું, એમ લખી આપો તો તમને ગચ્છમાં લઉં' એમ કહ્યું. એટલે ધર્મસાગરે, (૬)-ગચ્છનાયકે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખાવ્યો તે પ્રમાણે પટો લખી આપ્યો, પટામાં જે જે વસ્તુના મિચ્છામિદુક્કડં દીધા તે તે બોલ સં૦ ૧૬૧૭ માં રાધનપુર મુકામે આ પછી જણાવાયું છે તે પ્રમાણે સાક્ષી અને મત્તાં કરાવવાપૂર્વક લખી લીધા." એ વગેરે વાતો કહી છે તે સઘળી જ વાતો આ નીચે નંબરવાર જણાવેલ વિગતો પ્રમાણે સર્વથા નિર્મૂળ છે.

(૧)–સં૦ ૧૬૧૯ ના ચોમાસામાં અમદાવાદ ચાતુર્માસ રહેલ પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરને તે પૂ૦ સકલચંદ્રજીવાચક, સં૦ ૧૬૧૭ ના ચોમાસામાં અમદાવાદથી રાધનપુર લઈ જઇ શકે નહિ.

(૨)–એ હિસાબે તે બંને પૂજ્ય વાચકો, તે સં૦ ૧૬૧૭માં તો રાધનપુર ગયા જ નથી, ત્યારે ઇતિહાસના આધારે અધ્યાહારપણે માનવું રહે કે–"તે બંને પૂ૦ વાચકોમાંના એક પૂજ્ય મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના સ્વર્ગગમન પછી ૨૬ વર્ષે (આ કવિએ પ્રથમ જ જણાવેલ પૂ મહો. શ્રી ધર્મસા. ગણિવરને બદલે) સં૦ ૧૬૭૧માં અમદાવાદ મુનિસંમેલન મળ્યા પૂર્વે પૂ૦ સૂરચંદ્રગણિએ (વિજયસેનસૂરિજીના પણ વિરોધી એવા) આ કવિ દર્શન-વિજયને જ પૂ૦ વિજયસેનસૂરિજીનો મેળાપ કરી આપવામાં પ્રથમ તે પૂ૦ ગચ્છનાયકશ્રીની વસતિના બારણે ઊભા રહીને (તે પૂ૦ સકલચંદ્રજીના શિષ્ય) પૂ૦ સૂરચંદ્રગણિ દ્વારા તે પૂ૦ ગચ્છનાયકને 'પોતે ૩૬ બોલ સંબંધે વાત કરવા માંગે છે' એમ જણાવવું પડ્યું હોય, અને તે જાતઅનુભવને આઠ વર્ષ બાદ આ કવિએ, તે પ્રમાણે સં૦ ૧૬૫૩ માં સ્વર્ગે સીધાવેલા પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ તથા પૂ૦ મહો૦ શ્રી સકલચંદ્રવાચકને નામે ૨૬ વર્ષ બાદ ગોઠવી દીધો હોય."

(૩)–ઇતિહાસ મુજબ આ કવિ, પૂ૦ સેનસૂરિજીના રાજ્યે રહીને સં૦ ૧૬૨૮ થી પ્રચ્છન્નતયા અને સં૦ ૧૬૬૮થી તો પૂ૦ વિજયસેનસૂરિજીથી પ્રગટપણે પણ પ્રતિકૂળ વર્તન રાખતા. તેથી તે પૂ૦ ગચ્છનાયકે, પૂ૦ શ્રી સૂરચંદ્ર ગણિ સાથે–'તેમને કયારેય લાજ વળી નહિ હોવાથી મારે તેનું કામ નથી.' એ વાકય પણ આ કવિને જ કહેવરાવ્યું હોય!

સિવાય–જે ગચ્છનાયક પૂ૦ વિજયદાનસૂરિજીએ "જૈન પર૦ ઇતિ૦ ભા૦ ૩ના પૃ૦ ૭૦૨ ના ઉલ્લેખ મુજબ પૂ૦ મહો૦શ્રીને સં૦ ૧૬૧૦ માં પંચાંગીસહિત ૬૩૬૦૦૦ શ્લોક પ્રમાણ ૪૫ આગમો સમર્પણ કરવાવડે, તેઓશ્રીના સં૦ ૧૬૧૭ માં પાટણમુકામે ખરતરગચ્છ સ્હામેના જાહેર વાદમાં તેમનો પરાભવ કરી તપગચ્છના ફરકાવેલા વિજયધ્વજ બદલ તેઓશ્રીને ઉરનાં અભિનંદન આપવા વડે અને જૈ૦૫૦ ઇ૦ ભા૦ ૩ના પૃ૦ ૮૦૯ ઉપરના ઉલ્લેખ મુજબ પ્રાય: સં૦ ૧૬૧૮ લગભગ 'મહોપાધ્યાય' પદથી વિભૂષિત કરવાવડે જીવનપર્યંત આત્મસંખામાનેલ હોવાની શ્રી સંઘમાં નિર્મળ છાપ બેસાડેલ છે; તે પૂ૦ ગચ્છનાયક પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરને પૂ૦ સકલચંદ્રવાચક મારફત તેવાં અજ્ઞજ-નોચિત વચનો કહેવરાવે તે સમજુજનોને લેશમાત્રય શ્રદ્ધેય બને તેમ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪)–તે સં૦ ૧૬૭૧ માં પૂ૦ ગચ્છનાયકે પં૦ સૂરચંદ્રગણિ કે તેઓશ્રી જેવા કોઇ ગણિએ જણાવેલી જણાતી–'હું કહું તે આપે સાંભળવું ઘટે, છોરૂં કછોરૂં થાય×××યાવત્ સાગરને ગચ્છમાં લ્યો.' એ વાત પણ બારણે ઉભેલાં (સં૦ ૧૬૭૩ માં ઉપાધ્યાયોએ સ્થાપેલા જુદા આચાર્યની નિશ્રા સ્વીકારનાર) આ કવિને અંગે જ જણાવી કેમ ન સંભવે? કારણકે–આ પહેલાં ૧૫ અને ૧૬ મી નિર્મૂળ ઠરાવેલી હકીકત મુજબ પૂ૦ ગચ્છનાયકે, જે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરને ગચ્છબહાર તો શું? પરંતુ હૈયાથીય બહાર કદિ લેખેલ નહિ હોવાનું ઇતિહાસ કહે છે તે પૂ૦ મહોપાધ્યાયશ્રીને તે પૂ૦ ગચ્છનાયકે બારણે ઉભા રહેવાની દુઃસ્થિતિમાં મૂકવાનું યાવત્ ગચ્છમાં લેવાનું જણાવવું તે કોઇપણ વાતે યુક્તિયુક્ત નથી.

(૫)–કવિની એ પછીની–(પૂ૦ સૂરચંદ્રગણિએ (?) પૂ૦ ગચ્છનાયકને જણાવેલ તરીકેની), 'જે હવે પછી તમારૂં વચન લોપે તો તેમને ઘણી શિક્ષા કરજો.' એ વાત પણ પૂ૦ સૂરચંદ્રગણિએ (૧॥ વર્ષે બાદ પૂ૦ વિજયસેનસૂરિજીની નિશ્રા તજીને તેમના પ્રતિપક્ષીઓએ સ્થાપેલા નવા આચાર્યની નિશ્રામાં જોડાઈ ગએલા) આ કવિને અંગે જ કરી હોવી કેમ ન સંભવે? એ વાત પછીની તે કવિએ જે–

(૬)–"એ પ્રમાણે ઘણી વિનતિ કરી ત્યારે ગચ્છનાયકે 'અમે કહીએ તે પૂર્વસૂરિના વચનો માનશું, એમ લખી આપો તો ગચ્છમાં લઉં' એમ કહ્યું એટલે ધર્મસાગરે ગચ્છનાયકે લખાવ્યો તે પ્રમાણે મિચ્છામિદુક્કડં આપેલા બોલોનો સં૦ ૧૬૧૭ માં રાધનપુર મુકામે પટ્ટો લખી આપ્યો" એ વાત, બારણે ઉભેલા તરીકે લેખાવેલા પૂ૦ મહો૦શ્રીને ગચ્છનાયકે 'પોતાની સન્મુખ ઉભેલા હોય અને જણાવી હોય' એ રીતે જણાવતી હોવારૂપે અને તેઓશ્રીની પાસે પટો પણ નિજની સન્મુખ લખાવ્યો હોવાનું જણાવતી હોવારૂપે અસંગત છે, અને 'સં૦ ૧૬૧૯ માં અમદાવાદ ચાતુર્માસ કરનાર પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરને સં૦ ૧૬૧૭ રાધનપુર લેખાવ્યા તે તો એથીય વધુ અસંગત હોઈને સદંતર અશ્રદ્ધેય છે.

કવિ દર્શનવિ૦ની પ્રસ્તુત કડીઓમાં–આ દરેક અનવસ્થિતતા ભરેલી પડી છે તે જોતાં વસ્તુતઃ સં૦ ૧૬૭૧ ના વૈશાખ માસના સંમેલન પહેલાં અમદાવાદમાં આ કવિને જ એ સઘળી પરેશાની વીતેલ હોય અને એ જાત અનુભવને તેમણે તે રાસમાં પ્રસ્તુત મહોપાધ્યાયજીના નામે ચઢાવેલ હોય એમ જણાય છે. આ વાત, '**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ના પૃ. ૭૨૧ ઉપરના–"**સં૦ ૧૬૭૧ ના વૈ૦ શુદિ ૩ ના દિવસે અમદાવાદ હાજાપટેલની પોળમાં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરીશ્વરે 'શ્રી સર્વજ્ઞશતક' વગેરે ૪ ગ્રંથોને ગીતાર્થોની સંમતિ લઈ પ્રમાણિક જાહેર કર્યા.**" એ ઉલ્લેખને અવલંબીને આ પ્રકારે બની સમજાય છે કે–"પૂ૦ ગચ્છનાયકે પ્રામાણિક ઠરાવેલ શ્રી સર્વજ્ઞશતકગ્રંથમાંના શ્રી ભક્તિસાગર ગણિવરકૃત ગણાતા ૩૬ બોલોનો તે પૂર્વે તે કવિ દર્શન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિજયજીએ ગચ્છનાયકના રાજ્યે રહીને પણ નિર્ભયપણે સર્વત્ર અપલાપ કરવા માંડ્યો હોય! કવિના તે અપરાધની તે સંમેલનના ટાંકણે ક્ષમા આપીને તેમને ગચ્છમાં લેવાની પૂ૦ સૂરચંદ્ર ગણિ જેવા કોઈ પણ ગણિએ પૂ૦ ગચ્છ નાયક શ્રી સેનસૂરિજી મ૦ને ઘણી વિનંતિ કરી હોય અને તે બદલ પૂ૦ ગચ્છનાયકે–'અમે કહીએ તે પૂર્વસૂરિના વચનો માનવાનું લખી આપો તો ગચ્છમાં લઉં' એ વાત આગંતુક ગણિ મારફત આ કવિને જ ફરમાવી પડી હોય, અને તે કવિએ પણ પૂ૦ ગચ્છનાયકની સન્મુખ આવીને તે વાતને સ્વીકારી હોય. એટલે પૂ૦ ગચ્છનાયકના કહ્યા પ્રમાણે પોતાની વિપરીત વાતોનો મિચ્છામિદુક્કડં આપવા પૂર્વક (તે કવિએ જણાવેલો) પટ્ટો પણ તે સમયે આ કવિએ જ પૂ૦ ગચ્છનાયકશ્રીને લખી આપવો પડ્યો હોય!

૩૦ થી ૩૩:–તે કવિએ તે રાસની કડી ૧૮૯ થી ૧૯૪ સુધીમાં (સં૦ ૧૬૧૭માં રાધનપુર મુકામે પટ્ટો લખાવ્યો અને અનેક સહીઓ લીધી વગેરે કહેલી વાતના સંદર્ભમાં) જે–"૧–'સાતથી વધુ નિહ્નવ કહેનારા ઠપકાને પાત્ર થશે.' તથા ૨–'પ્રતિમામંડણે જેમ પરંપરા ચાલી આવે તેમ કરવું' એ બે કલમોના કરાવેલ તરીકે જણાવેલ પટ્ટામાંની સહીઓ નીચે ૩–પુનરપિ પોતાની તે બે કલમો ઉપર પણ ગચ્છનાયકે પોતે–'શ્રી હીરવિજયસૂરિ, સકલચંદ્ર વાચક, ધર્મસાગર વાચક વગેરે અનેક મુનિવરોના મત્તાં લીધાં!' અને ૪–તદુપરાંત હીરગુરુ, સકલચંદ્ર, ધર્મસાગર અને વાનરઋષિએ વિશેષ બાબતો લખવાપૂર્વક એક પત્ર અમદાવાદ ગલરાજ મ્હેતાને લખીને જણાવ્યું કે–'શાસ્ત્રમાં સાત નિહ્નવ કહ્યા છે, તેથી કોઇ વધુ થયો માનશો નહિ અને પ્રતિમા આશ્રી જે પરંપરા ચાલે છે સદ્દહ્જો." ઇત્યાદિ વાતો કરી છે. તે નીચે નંબરવાર દર્શાવેલા વિરોધાભાસને લીધે લેશ પણ ગ્રાહ્ય બની શકતી નથી.

કવિની ઉપરોક્ત વાતોનો નંબરવાર વિરોધાભાસ.

(૧)–આ પટ્ટાની ઉપરના પ્રથમના પટ્ટામાં 'સાક્ષી અને મત્તાં પણ કરાવી લીધા' એમ જણાવ્યા પછી તે સહીઓ અને મત્તાંવાળા જ પટ્ટામાં તે સહીઓ અને મત્તાં પછીથી પણ પૂ૦ ગચ્છનાયકે (ઉપર જણાવેલી) બે કલમો લખી અને તે કલમોની નીચે પણ 'શ્રી વિજયહીરસૂરિજી વગેરે અનેકનાં સહી–મત્તાં કરાવી લીધાં લેખવેલ છે.' તે બીના તે સંલગ્ન પટ્ટામંના લેખાવાયેલ ઉપરોક્ત બીજી બે કલમવાળા પટ્ટામાંની તે બે કલમો પૂ૦ ગચ્છનાયકે લખી ગણાવાયું તેનાં કરતાં તો પૂ૦ ગચ્છનાયક, તે પટ્ટો કરતી વખતે તે મુખ્ય બે કલમો લખાવવી જ ભૂલ્યા હતાં અથવા સાથેના મુનિઓ મારફત લખાવવાનું પણ ભૂલ્યા હતા, એમ ખુલાસો કરીને ગણાવાયું હોત અને ઉપર મુજબ વિરોધાભાસી લખાણ ન હોત તો હજુયે શ્રદ્ધેય બની શકત.

(૨)–ઉક્ત પટ્ટામાં અનેકની સહીઓ થયા પછી પૂ૦ ગચ્છનાયકે લખેલી કહેવાતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉક્ત બે પોતાની કલમોની નીચે પૂ૦ ગચ્છનાયક પોતે અનેક મુનિઓની સહિ કરાવે એ સંભવિત નથી.

(૩)–સંવત્ ૧૬૧૭ના ચોમાસામાં પૂ ગચ્છનાયકે રાધનપુર લખાવેલ તરીકે લેખાવાયેલ તે પટ્ટામાં તે વર્ષે **ખંભાત** ચાતુર્માસસ્થિત તે પૂ૦ ગચ્છનાયકે અન્ય મુનિવરોની રાધનપુર મુકામે બેવાર સહીઓ કરાવી હોવાની વાત જેમ સંગત નથી, તેમજ તે સં૦ ૧૬૧૭ માં રાધનપુર મુકામે થએલા તરીકે લેખાવાએલ તે પટ્ટામાંની પૂ૦ ગચ્છનાયકની વધારાની લેખાવાએલી બે કલમોની નીચે તે સં૦ ૧૬૧૭ માં **પાટણ મુકામે** ચાતુર્માસસ્થિત પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિની સહિ લેખાવી છે, તે પણ વિરોધાભાસરૂપ હોઇ શ્રદ્ધેય બનતી નથી.

(૪)–તે કવિએ પ્રથમ જણાવેલ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજીના અમદાવાદ (સં૦ ૧૬૧૯)નાં ચાતુર્માસમાં જ તેઓશ્રીની પ્રરૂપણાથી કવિના કહેવા પ્રમાણે વાસિત થએલ ગલરાજમંત્રીને–અમદાવાદસ્થિત પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ (આદિ) એ સં૦ ૧૬૧૭ માં રાધનપુરથી અમદાવાદ ગલામંત્રી ઉપર તેવો પત્ર લખ્યો હોવાની વાત સંગત નથી. એટલે કે–મહો. શ્રી ધર્મસા. મ.શ્રીએ અમદાવાદમાં ગલરાજમંત્રીના આગ્રહથી ચોમાસું સં. ૧૬૧૯ માં કર્યું અને તે ચોમાસામાં જ તેઓશ્રીની પ્રરૂપણાથી મંત્રીજી વાસિત થયા હોય તેથી તે પ્રરૂપણાઓને ન માનવાનું તે મંત્રીને પૂ૦ મહો૦ શ્રી સં૦ ૧૬૧૭ માં રાધનપુરથી જણાવે એ તદ્દન વિરોધાભાસી હોઇ અશ્રદ્ધેય છે.

૩૪ થી ૪૦ :–તે કવિએ તે રાસની કડી ૧૯૫ થી ૨૦૫ સુધીમાં જે–" (૧)–મંત્રીને પત્ર મોકલ્યા પછી તયરવાડામાં ધર્મસાગરે સકલ ગામ–નગરના ચતુર્વિધસંઘને તથા પરપક્ષી સાધુઓને મોકલવા સારૂ ગચ્છનાયકને એક વધુ લેખ લખી આપ્યો, (૨)-સાત ઉપરાંત પાંચને મેં નિહ્નવ કહ્યા તેનો ગુરૂવચન સદ્દહીને મિચ્છામિ દુક્કડં આપું છું, (૩)–' ઉત્સૂત્ર-કંદકુદ્દાલ ' ગ્રંથની પ્રરૂપણા તજું છું અને પહેલાં તે ગ્રંથની પ્રરૂપણા કરી તેનો મિચ્છામિ દુક્કડં આપું છું, (૪)–પટ્પર્વી, ચતુષ્પર્વી હું સદ્દહતો ન્હોતો તે પણ ગુરૂના કહેવા પ્રમાણે હું સદ્દહું છું, (૫)–ગચ્છનાયકના સાત બોલને હવે હું હૃદયથી માનું છું, (૬)–શ્રી ચતુર્વિધસંઘની મેં જે દુર્મનથી આશાતના કરી તેનો મિચ્છામિદુક્કડં આપું છું, અને (૭) –પાંચ ગચ્છનાં ચૈત્યોને ઉત્થાપવાનો દોષ કર્યો તેને ખમાવીને વૃથા કરૂં છું. અને આજ પછી તે પાંચેય ગચ્છના ચૈત્યોને ખામણાપૂર્વક વાંદુ છું : એ પ્રમાણે ' તયરવાડા 'માં ગચ્છ-નાયક વિજયદાનસૂરિ આગલ મેં સકલસંઘની સાક્ષીએ મિચ્છામિદુક્કડં આપ્યો છે. તે સઘલા બોટા કહ્યા બોલ જેણે જેણે સદ્દહ્યા હોય તે સહુ મિચ્છામિદુક્કડં આપજો." એ પ્રમાણે વાતો જણાવેલ છે, તે સમસ્ત વાતોને આ નંબરવાર જણાવતી સમાલોચના, આકાશ-કુસુમવત્ લેખાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરની સાત વાતોની સમાલોચના

(૧)-[આ કવિએ, પ્રથમ પૂ૦ ગચ્છનાયકશ્રીના સં૦ ૧૬૧૭ ના ખંભાતના ચોમાસાને રાધનપુરનું ચોમાસું લેખાવીને તેમજ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના સં૦ ૧૬૧૯ ના (સં૦ ૧૬૧૭ નું તો પાટણ હતું.) અમદાવાદના ચોમાસાને પણ રાધનપુરનું ચોમાસું લેખાવીને તે સં૦ ૧૬૧૭ માં તે બંને પૂજ્યોના એકીસાથે રાધનપુરમાં જણાવેલ કૃત્રિમ ચોમાસામાં તે મહો૦જીએ, પૂ૦ ગચ્છનાયકને રાધનપુર પટો લખી આપ્યો હોવાની કરેલી વાહિયાત વાત જેવી જ] તે કવિએ, આ-(તે પટો લખાયા પછી તરત જ) બીજો પટો, પૂ૦ મહોપાધ્યાયશ્રીએ (પૂ૦ ગચ્છનાયકે જણાવ્યા વિના સ્વયમેવ) પૂ૦ ગચ્છનાયકને 'તયરવાડા'માં લખી આપ્યો હોવાની વાત મનસ્વીપણે જ જણાવી હોય અને તેથી જ તો તે કવિ, 'તયરવાડા'માં તે પટો બન્યાનો 'સંવત-તિથિ વાર' વગેરે કાંઇ જણાવી શકેલ ન હોય, એમ (આ બીજા પટામાંની પણ બધી જ અનવસ્થિત વાતો જોતાં) માનવું રહે છે.

(૨)-કવિએ પ્રથમ જણાવ્યા પ્રમાણે સં૦ ૧૬૧૭ના રાધનપુરના પટાને અંતે પૂ૦ ગચ્છનાયકે 'સાતથી વધુ નિહ્નવ ન કહેવાની' ઉમેરેલી ખાસ વાતની નીચે સહી આવ્યા પછી તરતમાં જ બનેલા કહેવાતા આ બીજા પટ.માં પૂ૦ મહો૦શ્રીએ પુનઃ એ જ વાતને પાંચ નિહ્નવ ઉમેરીને લખી આપવી સંભવિત જ નથી.

(૩)-'શ્રી ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની જેમાં સાક્ષી અપાયેલ છે તે 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રંથને તે ગ્રંથની પ્રાચીન હસ્તલિખિતપ્રતની પુષ્પિકા મુજબ સ્વીકૃતિ આપનાર આ પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદાનસૂરિજી મ૦ પાસે પૂ૦ મહો૦શ્રી ધર્મસાગરજી ગણિવર, તે પૂ૦ ગચ્છાધિપતિને માન્ય એવા તે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથની પ્રરૂપણા તજવાની તેમજ કરેલી પ્રરૂપણાનો મિચ્છામિદુક્કડં આપવાની અનિષ્ટ ચેષ્ટા કરે એ વાતને તો શશશૃંગ જેવી જ લેખવી રહે છે.

(૪)-ખરતરોવડે આરાધનામાં કરાતું ષટ્પર્વી તથા ચતુષ્પર્વીમાંની એક પણ પર્વીનું પરિવર્તન, શ્રી 'તત્ત્વતરંગિણિ' ગ્રંથ દ્વારા નહિ સહન કરનાર પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજીગણિ, તે તે પર્વીઓમાંની પૂર્ણિમા તથા અમાવાસ્યાને (શ્રી સૂત્રકૃતાંગ-સ્થાનાંગ આદિ આગમગ્રંથોમાંના 'चाउदसट्ठमुद्दिट्ठपुण्णिमामावासीसु.' પાઠના આધારે) પૌષધને આશ્રીને શ્રાવકરાધ્ય જણાવે, તેને 'તે મહો૦ શ્રી, ષટ્પર્વી તથા ચતુષ્પર્વીને સદ્દહતા ન્હોતા' તેવું સરાસર અસત્ય તો તે તે આગમના પાઠોને તથાસ્વરૂપે આ કવિ જ સદ્દહતા ન હોવાના પ્રતીક સ્વરૂપ એવું આગમનું પણ દ્રોહકારી અસત્ય ગણાય.

(૫)-પૂ૦ ગચ્છનાયકે તે કહેવાતા સાત બોલો, 'કયે ગામે-કયા વર્ષે-કયા માસે અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોની હાજરીમાં જણાવ્યા?' એ તો અદ્યાપિ પર્યંત કોઇ વિશ્વાસપાત્રરૂપે જણાવી જ શકેલ નહિ હોઇને તે બોલો અંગેની કોઇ વિદ્વેષીજને પ્રચારેલી જણાતી વાત જ જ્યાં નિર્મૂલ છે, ત્યાં કવિએ, પૂ૦ મહો૦શ્રીના નામે જણાવેલી 'તે બોલને હું હવે હૃદયથી માનું છું' એ વાત ટકતી જ નથી.

(૬)–પૂ૦ મહો૦શ્રીએ દુર્મનથી શ્રીચતુર્વિધસંઘની આશાતના કરી હોવાનું તત્કાલીન **શ્રી** હીરગુરૂ-**શ્રી** સેનસૂરિજી અને **શ્રી** દેવસૂર તપગચ્છને સતત વફાદાર તરીકે ઇતિહાસકારો દ્વારા પણ સ્તવાયેલા એવા તે મહર્ષિનું એક પણ કથન કોઇપણ સ્થળે જણાતું નહિ હોવાથી, તત્કાલીન શાસ્ત્રો અને ઇતિહાસો તે પૂ૦ મહો૦શ્રીને પૂ૦ ગચ્છનાયકશ્રી પોતે પણ આખા તપગચ્છને આજીવન સંપૂર્ણ વફાદાર તરીકે જ ઓળખાવતા હોવાથી તેમજ આ કવિએ પણ પૂ૦ મહો૦શ્રીના નામે જણાવેલી ઉપરોક્ત વાત, (પૂ૦ વિજયસેનસૂરિજીએ પણ સં૦ ૧૬૭૧ ના અમદાવાદ સંમેલનમાં પૂ૦ મહો૦ શ્રીના શ્રી સર્વજ્ઞશતક આદિ ગ્રંથોને તે સંમેલનગત સમસ્ત ગીતાર્થોની સંમતિપૂર્વક પ્રમાણિક ઠરાવ્યા પછીથી થએલા) પૂ૦ સૂરિજીના સ્વર્ગવાસ બાદ સં૦ ૧૬૭૩માં પ્રતિપક્ષે ભળ્યા પછી જ જણાવી હોવાથી ઘટિત માનવું રહે કે–એ વાત, તે કવિએ પોતે રચેલા તે કૃત્રિમ ઇતિહાસરૂપ રાસના કાળે પૂ૦ મહો૦શ્રીના મુખમાં ગોઠવી દીધી હોય.

(૭)–ભગવંતના શાસનથી ભિન્ન શાસનના સંચાલકો, અન્યતીર્થિક લેખાતા હોવાની જેમ તેમ જ જમાલિ નિહ્નવ આદિની જેમ જે જૈનો પણ ભગવંતના કથનોનો ઉલટો અર્થ કરવા દ્વારા ભગવંતના અવિચ્છિન્ન પારંપરિક શાસનગચ્છથી ભિન્ન ભિન્ન માન્યતાવાળા ગચ્છો ઉભા કરે, તો તે તે ગચ્છોને પરપક્ષી તરીકે અન્યતીર્થિક લેખાવવા રહે; એ હિસાબે પ્રાયઃ વિ૦ સં૦ ૧૩૫૦ લગભગમાં વડીપોષાળના **પૂ૦ આ૦ શ્રી ક્ષેમકીર્ત્તિસૂરિ**ના સમર્થ ગીતાર્થ શિષ્ય **શ્રી નયપ્રભજી**એ રચેલા ઉત્સૂત્રકંદકુદાલ ગ્રંથમાં તપગચ્છ સિવાયના ગચ્છોને નિહ્નવ લેખાવવા પછી અન્યતીર્થિક લેખાવેલ છે, એ ગ્રંથની તથા સમ્યકત્વના આલાવામાંના– 'अन्नउत्थिए वा अन्नउत्थिअपरिग्गहियाणि वा अरिहंतचेइयाणि वदित्तए नमंसित्तए वा' પાઠની મુખ્યતાએ જ [**સં૦ ૧૧૫૯માં નીકળેલ પૂનમીયા, ૧૨૦૪માં નીકળેલ ખરતર, ૧૨૧૩ માં નીકળેલા આંચલિક વગેરે**] પરપક્ષીનાં ચૈત્યોને (સં૦ ૧૬૧૭ માં પાટણમુકામે ખરતર સામે મેળવેલા વિજયથી અતિપ્રસન્ન થએલા પૂ૦ ગચ્છનાયકશ્રીની અનુમતિ પામીને) પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિએ અવંદ્ય જણાવેલ હોવાની વાત મનસ્વી નહિ; પરંતુ શાસ્ત્રસિદ્ધ તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ છે.

આમ છતાં તે કવિએ જે–'ઉપાધ્યાયજી પાટણ ચાતુર્માસ રહ્યા થકા પાંચ ગચ્છોના ચૈત્યોને ઉત્થાપવાનો દોષ કર્યો તેનો તે જ ગચ્છનાયક સામે અને તે જ સં૦ ૧૬૭૦ના વર્ષે રાધનપુરમાં ખમાવીને મિચ્છામિ દુક્કડં આપ્યો' હોવાની જણાવેલી ઉલટી અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસંબદ્ધ વાત તે પૂ૦ મહો૦શ્રીના નામે કરી છે તે પૂ૦ મહો૦શ્રીનો ઉપરોક્ત પરપક્ષીના ચૈત્ય અંગેની શાસ્ત્ર અને ગુર્વાજ્ઞાનુસારી પ્રરૂપણાથી પોતે પોતાના મતમાં અપ્રમાણિક ઠરતા હોવાના કારણે ઉશ્કેરાએલા પૂનમીયા આદિ પાંચ ગચ્છીયોનો સાથ પામેલા તત્કાલીન તપાગચ્છીય પ્રતિસ્પર્દ્ધિ મુનિઓએ, પૂ૦ મહો૦શ્રીના નામે હવામાં ચોમેર વહેતી મૂકેલી વાત હોવા તરીકે ઇતિહાસના તલસ્પર્શી હાર્દને પામવા પછી જ સ્પષ્ટ સમજી શકાય તેમ છે. કે-જે વાતને (જૈનસમાજમાં પ્રતિસ્પર્દ્ધિઓએ અવસરાનવસરે ચગાવતા જ રહેવાને લીધે વધી પડેલા કલેશની શાંતિના ખ્હાને) પૂ૦ વિજયહીરસૂરિજી મહારાજને સં૦ ૧૬૪૬ માં પાટણમાં અનિચ્છાએ બનાવવા પડેલા બાર બોલના પટામાં પણ સ્થાન મળી જવા પામ્યું છે!

પરપક્ષીયચૈત્યોને સ્વચૈત્યો જેવાં તો માત્ર કહેવામાં જ છે!

પરિણામ એ આવ્યું કે-" આજે પણ તપગચ્છના ચૈત્યો અને તીર્થની પેઢીઓ, ચૈત્યદ્રવ્યમાંથી તે પૂનમીયા, બરતર, અચલગચ્છ આદિ પાંચ ગચ્છવાળાના ચૈત્યો અને તીર્થોને હરગીજ સહાય નથી આપતા તે, તે તે પરપક્ષીયોના ચૈત્યોને તપાગચ્છ, પોતાના જેવાં નહિ જ માનતા હોવાનું મજબુત પ્રમાણ હોવા છતાં તે પૂ૦ હીરસૂરિજીના પટ્ટકમાંની તે વાતને ઓઠે તપાગચ્છના સમજુ કે અણસમજુવર્ગે તે તે પરપક્ષીયોનાં ચૈત્યોને પોતાના ચૈત્યો જેવાં કહેવાનો માત્ર વાણીવિલાસ જ અપનાવવો પડેલ છે! કિંવા માત્ર તેવો વાણીવિલાસ પણ તપાગચ્છમાં તે પટ્ટકથી અપનાવવો તો પડેલ જ છે!"

એ વાતો પ્રમાણશૂન્ય હોઇ કપોલકલ્પિત સંભવે છે.

૪૧ થી ૪૫ :-તે કવિએ, પોતાના રાસની કડી ૨૦૫ થી ૨૧૦ સુધીમાં જે-" (૧) વળી પાછું ગચ્છપતિએ સં૦ ૧૬૧૯ ના માગશર શુદિ ૧ ના રોજ આ પ્રમાણે લિખિત કર્યું કે-(૨)-ગચ્છમાં જે પરંપરાગત સામાચારી પ્રવર્તે છે તેનાથી કોઇએ વિપરીત કે આધી પાછી સામાચારી કરવી નહિ, (૩)-કોઈ મુગ્ધે ગચ્છથી વિરુદ્ધ નવો વિચાર કરવો નહિ અને કરશે તે ગચ્છનાયકનો ઠપકો પામશે, (૪) આ લિખિતમાં પણ ગચ્છનાયકે શ્રી વિજયહીરસૂરિ-સકલચંદ્રવાચક ઉ૦ રાજવિમલ-ધર્મસાગર-પં૦ શ્રીકરણ-સુરચંદ્ર વગેરે ઘણાં મુનિઓનાં મત્તાં કરાવી તે લિખિત સર્વત્ર મોકલ્યું અને (૫)-તે પછી જ ધર્મસાગરને ગચ્છમાં લીધા." એ પ્રકારની વાતો કરી છે તે નીચે પ્રમાણે નંબરવાર નિર્નિમિત્ત અને પ્રમાણશૂન્ય હોઈને કપોલકલ્પિત જણાય છે.

(૧)-તે કવિએ આ પહેલાં ચલાવેલી કલમ પ્રમાણે-જે " પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરની વિપરીત પ્રરૂપણા વગેરે અંગેનો નિકાલ લાવવા સારૂજ ગચ્છનાયકે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સં૦ ૧૬૧૭ માં રાધનપુર આવી ત્યાં સર્વ પંડિતોને એકઠા કરી તે પૂ૦ મહો૦શ્રીને ગચ્છબહાર કરવાનો નિર્ણય લીધો હતો, અને તે નિર્ણયના પ્રતાપ આહાર–પાણી નહિ મળવાથી ભૂખના દુઃખથી પીડાતા તે પૂ૦ મહો૦શ્રીને પૂ૦ મહો૦ શ્રી સકલચંદ્ર ગણિવરે પૂ૦ ગચ્છપતિ પાસે રાધનપુર લાવ્યા બાદ પૂ૦ ગચ્છપતિએ તેઓશ્રી પાસે ગચ્છમાં ભેળવવા માટેનો માફીપત્રનો પટ્ટો પણ લખાવી લીધો હતો.' તો તે પછી તો પૂ૦ ગચ્છનાયકે તેઓશ્રીને ગચ્છમા ભેળવ્યા જ હોવા જોઇએ. છતાં તે પછી પણ [ઉપરની પહેલી કલમમાંના કવિના કથન મુજબ પૂ૦ ગચ્છાધિપતિ, તે રાધનપુરના સં૦ ૧૬૧૭ થી આ સં૦ ૧૬૧૯ સુધીના બે વર્ષ સુધી તો તેવા ખ્યાતનામધેય શાસનવત્સલ પૂ૦ મહોપાધ્યાયશ્રી અંગે ઉપરાઉપરી પટ્ટા જ કર્યા કરીને) તેઓશ્રીને એ પ્રકારે ગચ્છમાં ન જ ભેળવવાની શાસ્ત્ર અને ગચ્છ-મર્યાદા બહારની આપખુદીસત્તા જ દાખવ્યા કરનાર તરીકે લેખાવાય, એ તો તેવા ખ્યાત અને વિદ્વદ્વત્સલ પૂ૦ ગચ્છનાયક મહાપુરુષને કવિએ અજ્ઞાનબાલક સમા લેખાવેલ હોવારૂપે તે મહાન્ ગચ્છનાયકશ્રીની અસહ્ય અવજ્ઞા કરવા રૂપ જણાય છે.

(૨)–તે કવિએ જણાવેલી આ કલમ, ગચ્છમાં પ્રવર્ત્તતી સામાચારી પ્રવર્ત્તાવવાનું કાર્ય, સદા ગચ્છનાયકને જ આધીન હોઈને તેને ગચ્છવાસી કોઈ પણ મુનિ, વિપરીત કે આધી–પાછી કરી શકતો જ નહિ હોવાનું જાણનાર પૂ૦ ગચ્છનાયકે લખવી તે સંભવિત જ નથી.

(૩)–કવિએ આ પહેલાં જે પૂ૦ ગચ્છનાયકને સં૦ ૧૬૧૯ માં રાજનગર મુકામે ગચ્છની વિરુદ્ધ વાત કરી હોવાનું સાંભળીને તેની ખબર સં૦ ૧૬૧૭ માં લેવા ગચ્છનાયકે રાધનપુર આવીને એ અપરાધ બદલ મનોભિષ્ટ પટ્ટો લખાવી લીધા પછી પણ જેલરની જેમ અપરાધીને બબ્બે વર્ષ સુધી નજરકેદરૂપ જેલમાં રાખવા પૂર્વક તેની પાસે ઉપરાઉપરી માફી-પત્રો લખાવી લેનાર તરીકે કઠોરતર હૃદયના લેખાવ્યા તે જેમ અશ્રદ્ધેય છે, તેમ તેવા કરડા ગચ્છનાયક, તેવા અપરાધી માટે કવિએ અહિં જણાવેલી–'ગચ્છવિરુદ્ધ વિચાર કરનાર ગચ્છ-નાયકનો ઠપકો પામશે.' એવી સદંતર હળવી કલમ લખે તે પણ અશ્રદ્ધેય જ છે.

(૪)–તે કવિએ, સં૦ ૧૬૧૭ નું ચોમાસું ખંભાત કરનાર પૂ૦ ગચ્છનાયકને તેમજ તે વર્ષનું પાટણ ચોમાસું કરનાર પૂ૦ મહો૦શ્રીને તે સં૦ ૧૬૧૭ માં **રાધનપુર** ચોમાસું સાથે હોવારૂપે લેખાવ્યા બાદ ત્યાંથી (ચાતુર્માસ ઉતર્યા બાદ) તેઓ બંનેને તરત જ '**તયરવાડા**' ગયા લેખાવાયા! અને તે પછી ઉભયનાં સં૦ ૧૬૧૮ માં (પૂ૦ મહો૦શ્રીનું ચાતુર્માસ અહિમનગર હોવાથી તે)નાં ચાતુર્માસનું સ્થલ જણાવ્યા વિના જ તે બને પૂજ્યોને તે સં૦ ૧૬૧૯ સુધી સાથે જ રહેલા લેખાવીને સીધું જ પોતાના લિખિતમાં મુનિઓનાં મત્તાં કરાવી સર્વત્ર મોકલ્યા બાદ 'તે મિતિએ પૂ૦ મહો૦શ્રીને ગચ્છમાં લીધાં' એમ જણાવી દીધું છે! તે, તે કવિએ આ પૂર્વે સં૦ ૧૬૧૯ માં અમદાવાદ ચાતુર્માસસ્થિત પૂ૦ મહો૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીને પૂ૦ ગચ્છનાયકે સં૦ ૧૬૧૭ માં રાધનપુરથી ગચ્છબહાર કર્યાની અને તેઓશ્રીની પાસે તે જ સં૦ ૧૬૧૭ માં રાધનપુરમુકામે માફીપત્રનો પટો લખાવી લીધાની જણાવેલી ઉડાઉ વાત જેવી જ નિર્મૂળ વાત છે.

(૫)-કવિનાં કથન મુજબ જો-સં૦ ૧૬૧૯ ના માગશર શુદિ ૧ ના રોજ પૂ૦ ગચ્છનાયકે નવો પટો, મુનિઓનાં મત્તાં સહિતનો કરાવીને સર્વસ્થાને મોકલાવ્યા બાદ જ ધર્મસા૦ ગણિને ગચ્છમાં લીધા તો શું સં૦ ૧૬૧૭ ના રાધનપુર મુકામે તે પટો લખાવ્યા બાદ પૂ૦ ગચ્છનાયકે તરત જ સર્વસ્થળે મોકલ્યો ન હોય એ સંભવે ખરૂં ? તેમજ તે પટો લખાવી લીધાં પછી પણ કવિના કથન મુજબ **તયરવાડાથી** પૂ૦ મહો૦શ્રીએ લખી આપેલા પદ્ય બાદ પણ સં૦ ૧૬૧૯ સુધી શું તેઓશ્રીને માંડલી બહાર રાખ્યા હતા ?

તે કવિની શેષ સેંકડો તેવી વાતો આ દૃષ્ટિએ મધ્યસ્થો સુધારે.

તે કવિ દર્શનવિ૦ કૃત 'વિજયતિલકસૂરિરાસ' માં આ પ્રકારની નિર્મૂળ વાતો, આદિથી અંતપર્યંત સેંકડો ઉપજાવી કાઢેલી જોવાય છે! જેનું ઉપર્યુક્ત પ્રકારે વિવરણ કરવા જતાં આ ઇતિહાસનું કદ, કદાચ બમણું-ત્રણગણું વધી જવાનો ભય રહેતો હોવાથી તે દ્વેષમૂલક અને અસત્યના પિંડસમા રાસમાંની શેષ સેંકડો નિર્મૂળ વાતોને ઉપર મુજબ સૂક્ષ્મદૃષ્ટિએ વિચારવાનું અને તેને સુધારવાનું કાર્ય અત્ર શાસનપ્રેમી મધ્યસ્થ વિદ્વદ્વર્યો ઉપર છોડવું પડે છે. કારણકે-

તે આખા રાસમાંનું લગભગ બાર આની લખાણ. ઉપર્યુક્તરીત્યા મુખ્યત્વે વ્યક્તિદ્વેષથી જ ભરપૂર જણાતું હોઈને અર્થાત્ શાસન અને સમુદાયને આજીવન વફાદાર એવા પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર પરત્વે કરવામાં આવેલા નિર્મૂલપ્રાયઃ આક્ષેપોમય હોઈને વાચકને સત્ય ઇતિહાસની છાંટ પણ પ્રાપ્ત ન થવા દે તેવું વિષમ જણાય છે. શું મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર, આ કવિએ રાસમાં વર્ણવ્યા છે તે પ્રકારના દોષભંડાર હતાં, છતાં તેઓશ્રીનાં રચેલા ગ્રંથોને પૂ૦ વિજયદાનસૂરિજી, જગદ્ગુરુ હીરસૂરિજી અને પૂ૦ વિજયસેનસૂરિજી વગેરે ત્રણ ત્રણ પટ્ટધર ગચ્છનાયકોએ પ્રભુશાસનમાં ટંકશાળી તરીકે લેખાવ્યા છે ?

વસ્તુતઃ તે કવિએ, તે શ્રી વિજયતિલકસૂરિરાસની એકી કલમે જે કૂટ રચના કરી છે, તે-"સં૦ ૧૬૧૦ માં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે શાસન અને સમુદાયવત્સલપણે તે કવિના દાદાગુરૂ પૂ. મહો. શ્રી રાજવિમલગણિવરને બદલે પૂ. મહો. હીરહર્ષગણિવરને આચાર્ય પદવી અપાવી તજ્જન્યદ્વેષના હેતુસ્વરૂપ જ જણાયેલ છે." એમ અત્ર પુનરપિ ઉચ્ચારવું પડે છે. ઇત્યલં વિસ્તરેણ ॥

કવિનો વ્રતાભાવદર્શક ૨૯ મો બોલ.

'ઐતિહાસિકરાસ સંગ્રહ' ભા૦ ૪ (વિજયતિલકસૂરિરાસ, અધિકાર બીજો, પૃ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૫-૮૬)માં કવિ દર્શનવિ૦એ મહો૦ શ્રી સોમવિ૦ રચિત ૨૯ મો બોલ નીચે પ્રમાણે જણાવેલ છે :—

"એગણત્રીશમો બોલ સાંભળો, હીરગુરુ શ્રી વિજયસેનસૂરિ ભલો; તેણઇ વિપરીત લહી તસ ચાલ, નામિ ગ્રંથ તે [1]**કુમતિકુદ્દાલ** ॥૧૦૧૫॥ જલિ બોલ્યો તે જાણી અશુદ્ધ, તેહનઇ એહવું આણઇ મુદ્ધ; [2]**સર્વજ્ઞશતકિં** એહવું જાણી, જેણઇ એ ગ્રંથ બોળ્યો પાણી આણી. ॥૧૦૧૬॥ તેણઇ કીધી જિન આશાતના, પ્રવચન હેલિઉં એ વાચના; તેણઇ કારણિં મિથ્યાતીમાં લીહ, એહવું આણિઉં વયણ અબીહ ॥૧૦૧૭॥ તેહ [3]**વયણનું સૂત્ર** જ સુણો, સર્વજ્ઞશતકિં એ અવગણો; હીરજેસિંગને મિથ્યાત્વી કહ્યા, તો સાગર ગચ્છ બાહિર રહ્યા ॥૧૦૧૮॥ સૂત્રમ- [4]આગમવ્યવહારિવચોનુયાયિનમુત્સૂત્રકંદકુદાલગ્રંથકર્ત્તારં હિલયન્તોઽર્હદાદી-નામાશાતનયા પરિત્યક્તસમ્યક્ત્વા ઇતિ વયવદામઃ। એહવું [5]વચન સુણી ગુરુભગત, કાંઇ ન ચેતો જાણી વિગત; જો ગુરૂ ઉપરિ હોઇ રાગ, તો [6]તસ મુખ ન જોવા લાગ. ॥૧૦૧૯॥

ઉપર્યુક્ત બોલમાં નંબરવાર નિમ્નોક્ત ૬ અસત્યો છે.

(૧)-'કુમતિકુદ્દાલ' નામનો ગ્રંથ, (કે-જે નામનો કોઇ ગ્રંથ કદિ કોઇએ બનાવેલ જ ન હોઇને અસ્તિત્વ નથી તે) મહો૦ ધર્મસા૦એ નવો બનાવ્યો હોવાનું અને તે ગ્રંથને સં૦ ૧૬૧૭ માં ગચ્છનાયક વિજયદાનસૂરિજીએ પાણીમાં બોળ્યો હોવાનું આ કવિએ પ્રસ્તુત રાસની કડી ૧૫૫ થી ૧૬૧ સુધીમાં તો અજ્ઞત્ય ઉચ્ચાર્યું જ છે, અને તે પૂ૦ ગચ્છ-નાયક વિજયદાનસૂરિજી, સં૦ ૧૬૨૨ માં સ્વર્ગે સીધાવ્યા પછી તે અસત્યને [સં૦ ૧૬૫૦ માં તે જ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે રચેલા '**સર્વજ્ઞશતક**' ગ્રંથમાંની વાત ઉપર કૃત્રિમ આક્રમણ કરવા સારૂ] તે કવિએ ૧૦૧૫ ની કડીમાં પુનઃ **તે જ 'કુમતિકુદ્દાલ' ગ્રંથને (સં૦૧૬૪૯ લગભગમાં) હીરગુરુ અને શ્રી સેનસૂરિજીએ પાણીમાં બોળ્યા હોવાનું** જણાવ્યું છે તે, તે કવિ મૃષાવાદવિરમણવ્રત પ્રતિ સદંતર નિરપેક્ષ હોવાનું સૂચક છે.

(૨)-એ પછી ૧૦૧૬ તથા ૧૦૧૭ મી કડીમાં તે કવિએ-"તે ગ્રંથને હીરગુરુ અને શ્રી સેનસૂરિજીએ પાણીમાં બોળ્યો છે, એમ જાણીને મહો૦ ધર્મસાગરજીએ, સર્વજ્ઞશતકમાં **'જેઓએ તે ગ્રંથ પાણીમાં બોળ્યો છે તેઓએ શ્રી જિનની આશાતના અને જિનશાસનની હેલના કરી છે માટે તેઓ મિથ્યાત્વીમાં રેખા સમાન છે.'** એવું વચન નિર્ભયપણે ભણ્યું" એ પ્રકારના ઉપજાવી કાઢેલી ઝેરી કથનોને [તે કવિકૃતરાસની રચનાના બે વર્ષ પૂર્વે એટલે કે-સં૦ ૧૬૭૭ માં] એ કવિના જ આણસૂરગચ્છના પૂ૦ **રત્નચંદ્રગણિએ** બનાવેલા 'કુમતાહિવિષજાંગુલીમંત્ર' ગ્રંથમાંના તે કવિના ઉપર્યુક્ત કથનોથી સદંતર વિરુદ્ધ એવા-"શ્રી વિજયહીરસૂરિભિઃ શાસ્ત્રાવિરુદ્ધપંચજલ્પજલ્પનવિષયે મિથ્યા-દુષ્કૃત્તં બલાદાપિતં તદામર્ષાત્ સર્વજ્ઞશતકં ચકાર XXX તથા સર્વજ્ઞશતકગ્રંથ સૂત્રવૃત્તિમાં હિ, શ્રી હીરવિજયસૂરિએ જે પંચ બોલના મિચ્છામિદુક્કડં દેવડાવ્યા હતા તે આશ્રી વિપરીત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રરૂપણા સિદ્ધાંતનઈ અણમીલતી લિખિ છઇ તથા શ્રી દાનસૂરિઇ વીસનગરમાંહિ જલશરણ કીધો તેહની સ્થાપના કરી છઈ." એ કથનો નિર્મૂળ લેખાવતા હોવાથી પણ તે કવિમાં મૃષાવાદવિરમણ વ્રતનો તો લેશમાત્રય સદ્ભાવ સંભવતો નથી.

૩.–તે કવિએ અહિં પોતાના બીજા નંબરના કથનો બદલ સૂત્ર સાંભળવાનું કહ્યું, તે પણ શ્રી સર્વજ્ઞશતકમાં તેવાં કથનો જણાવનારૂં કોઇ જ સૂત્ર ન હોવા છતાં કીધેલ હોવાથી મૃષાવાદરૂપ જ છે.

૪.–'आगमव्यवहारिवचोनुयायिनमु०' એ સૂત્ર 'श्रीसर्वज्ञशतक' ગ્રંથમાં છે જ નહિ. વસ્તુતઃ તે સૂત્ર જ નથી; પરંતુ પૂ૦ મહો૦શ્રીએ સં૦ ૧૬૧૭ માં પાટણ મુકામે રચેલ 'औष्ट्रिकमतोत्सूत्रदीपिका' ગ્રંથમાંનું 'गद्यवाक्य' છે, એમ જાણવા છતાં કવિએ તે વાકયને 'સર્વજ્ઞશતક' ગ્રંથમાંના સૂત્ર તરીકે જણાવવાનું શાસ્ત્રદ્રોહી જુઠાણું સેવેલ છે, તે પોતાના ન૦ ૨ માંના કથનોને સૂત્રાનુસારી લેખાવવાના ઈરાદાથી જ સેવેલ હોઇને તે તેનો ખુલ્લો મૃષાવાદ છે.

૫. તે સં૦ ૧૬૧૭ના 'औष्ट्रिकमतोत्सूत्रदीपिका' ગ્રંથમાંનાં વાકયમાં પણ પૂ૦ હીરગુરુ તથા પૂ૦ શ્રી સેનસૂરિજીનું તો નામનિશાન પણ નહિ હોવા છતાં અને તે વાકય, તે ગ્રંથનો વિરોધ કરનારા ખરતરાદિ પ્રતિપક્ષીવર્ગને ઉદ્દેશીને જ સીધું કહેલ હોવાનું જાણવા છતાં પણ તે કવિએ, 'મહો૦ ધર્મસાગરજીએ તે વાકયમાં શ્રી હીરગુરુ તથા શ્રી સેનસૂરિજીને મિથ્યાત્વી કહ્યા છે.' એમ ગુરુભક્તોને ખોટી રીતે ઉશ્કેરવા સારૂ ગપ જ હાંકવા દ્વારા આભિનિવેશિક મૃષાવાદ સેવેલ છે.

૬.–એ જુઠા વાકયને આગલ કરીને કવિએ, (પૂ૦ ઇતિહાસવેત્તા મુનિ શ્રી વિદ્યા-વિ૦મ૦ના **'તે સમયે તપગચ્છના રક્ષણમાં ધર્મસાગરજી જ એક હતા.'** એ સુવર્ણકથન મુજબ) તે સમયે ખરતરાદિ વિરોધીવર્ગના સામે એકલા હાથે શ્રી તપગચ્છનું આબાદ રક્ષણ કરનાર તે પૂ૦ મહામહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરનું મુખ પણ જોવા જેવું નથી એમ ગુરૂભક્તોને જણાવ્યું છે, તે તો તે કવિના હૃદયમાં મહોપાધ્યાયજી પ્રતિ નસેનસમાં વ્યાપેલા અનંતાનુ બંધીના દ્વેષનો સૂચક મૃષાવાદ છે.

પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦એ તે વચનોને રૂપાંતર આપેલ છે.

ઉકતપ્રકારના તે કવિ દર્શનવિ૦ના સહચારી પૂ૦ મહો૦ શ્રી ભાવવિજયજીએ, તે કવિ દર્શનવિ૦ કૃત 'વિજયતિલકસૂરિરાસ'ની કડીઓના ભાવને દૃષ્ટિ સામે રાખીને સં૦ ૧૬૭૯માં षट्त्रिंशज्जल्पविचार નામનો ગ્રંથ બનાવ્યો હોય એમ તે રાસમાંના-તે ગ્રંથગત રૂપાંતર-વિચારો જોતાં જણાઇ આવે છે. અને તે આ પ્રમાણે :—

પ્રસ્તુત કવિકૃત રાસમાં ઉપર્યુકત બોલને ૨૯ મો જણાવેલ છે. તેને મહો૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાવવિ૦એ પોતાના તે ગ્રંથમાં ૩૦ મો બોલ તરીકે રૂપાંતર આપેલ છે.

(૨)–તે કવિએ પોતાની ઉપર્યુક્ત કડી ૧૦૧૫ માં 'કુમતિકુદ્દાલ' નામનો ગ્રંથ જ નહિ હોવા છતાં જે–કુમતિકુદ્દાલ ગ્રંથને શ્રી હીરસૂરી તથા શ્રી સેનસૂરિજીએ સં૦ ૧૬૪૯ માં જળમાં બોળ્યા હોવાની વાત કરેલ છે, તે વાતને મહો૦ શ્રી ભાવવિ૦એ પોતાના તે ગ્રંથમાંનાં તે રૂપાંતરિત ૩૦ માં બોલમાં (સં૦ ૧૬૧૭માં) ગચ્છનાયક વિજયદાનસૂરિજીએ ઉત્સૂત્રકદકુદાલ ગ્રંથને જલશરણ કર્યો છે.' એમ રૂપાંતર આપેલ છે.

(૩)–**પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦એ, શ્રી વિજયદાનસૂરિજીને નામે ચડાવેલું તે રૂપાંતર પણ**–" કવિએ દર્શનવિ૦એ 'તિલકસૂરિરાસ'ની કડી ૧૮૮ થી ૧૯૮ સુધીમાં [સં૦ ૧૬૧૭ માં વિજયદાનસૂરિએ તો–સાતથી અધિકને નિહ્નવ કહેવો નહિ અને પ્રતિમા આશ્રી ચાલુ પરંપરા મુજબ કરવું એ બે વાત જ લખી હોવા ઉપરાંત 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ની તો વાત જ લખી નથી, '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' અંગેની વાત તો તયરવાડાથી મહો૦ શ્રી ધર્મસાગરજીએ લખેલ તરીકે ગવાતા પત્રમાં લખી છે; અને તેમાં પણ તે ગ્રંથને જલશરણ કર્યો હોવાની વાત તો લખી હોવાનું જણાવેલ જ નથી. આમ છતાં] મહો૦ શ્રી ધર્મસાગરજીના નામે જણ વેલી–' ઉત્સૂત્રકંદકુદ્દાલ જે ગ્રંથ, હવઇ હું તેહનો ટાળું પંથ; પહેલું તાસ સદ્દહણા હુઇ, તેહનો મિચ્છામિદુક્કડં સોઇ ॥૧૯૮॥' **એ મિચ્છામિદુક્કડં સૂચક ગાથાનું જ માત્ર કર્યું છે. કે–જે રૂપાંતર. વૈદ્ય–ગાંધીના સહીયારાનું પણ સૂચક છે.**

(૪)–કવિ દર્શનવિ૦એ, કડી ૧૦૧૬ થી ૧૦૧૯ સુધીમાં–" કુમતિકુદ્દાલ ગ્રંથને પાણીમાં બોળનાર શ્રી હીરગુરુ અને સેનસૂરિજીને સર્વજ્ઞશતકમાં જિનની આશાતના કરનાર, પ્રભુશાસનની હેલના કરનાર અને મિથ્યાત્વીમાં રેખાસમાન કહેલ હોવાથી ગુરુભક્તોએ ધર્મસાગરનું મોઢું પણ જોવાલાયક નથી." એ પ્રમણે કહેલ વાતને–પૂ૦ મહો૦શ્રી ભાવવિ૦એ પોતાના તે ગ્રંથના ૩૦ મા બોલમાં–" ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથના કર્ત્તાની જેઓ હેલના કરે છે તેઓને ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા માં સમ્યક્ત્વરહિત કહ્યા છે અને એથી જ તેઓને તેમાં થતી અર્હન્ત આદિની આશાતનાના કારણે અમે સમ્યક્ત્વરહિત કહીએ છીએ." એમ પ્રથમ તો મહો૦ શ્રી ધર્મસાગરજીના શબ્દોમાં અને તે પછી–' परमेतदतीवायुक्तमुन्मुतप्रलापवदनुपादेयं च। यत एवं कथ्यमाने उत्सूत्रकदकुदालग्रंथजलशरणकारिणां श्रीविजयदानसूरिप्रभृतीनामाशातना भवति। न केवल महतां विभाष्यते शृणोति तस्मादपि यः स पापभाक् इत्यादि। तेनैतद्वचनमत्यन्तं पापोपचयकारि। एवमन्यदपि तथाविधं तथैवेति। ततो पापभीरु नैवंविधा वाचमण्युत्सृजेन्नाप्याकर्णयेदिति' એ મુજબના પોતાના શબ્દોમાં રૂપાંતર આપેલ છે.

વિદ્વાન વાચકો જોઈ શકે છે કે પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦ મ૦નો આ રૂપાંતરમાં પણ કવિ-દર્શનવિ૦નો–મહો૦ ધર્મસાગરજીએ સર્વજ્ઞશતકમાં શ્રીગુરુ અને શ્રી સેનસૂરિને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનેન્દ્રની આશાતના કરનાર, શાસનની હેલના કરનાર અને મિથ્યાત્વીમાં રેખાસમાન કહેલ હોવાથી ગુરૂભક્તોએ તેમનું મુખ પણ જોવા લાયક નથી.' એ વાતની તો ગંધ પણ નથી, આમ છતાં—

પૂ૦ ત્રિપુટીજીએ તે કવિની જ લીધેલી બ્રીફ !

કવિ દર્શનવિ૦ની તે ૧૦૧૫ થી૧૦૧૯ સુધીની કડીઓમાંની તે પ્રકારની અસત્ય વાતોને તેમના સહચારી પૂ૦ મહો૦શ્રી ભાવવિ૦ને, ઉપર પ્રમ ણે પલટો જ આપવો પડેલ છે. આ બીના જાણવા છતાં પણ ઇતિહાસકાર પૂ૦ ત્રિપુટીજીએ (શ્રી વિજયહીરસૂરિ અને સેનસૂરિ તેમ જ તપગચ્છના વફાદાર પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ સામેની) શ્રી આણસૂર તપાગચ્છીય પૂ૦ મુનિરાજોની આ ઉપર દર્શાવેલી અવહેલનાકારી પ્રપંચણાજીને '**જૈનપર પરાનો ઇતિહાસ**' ભા૦ ૩ ના પૃ. ૭૨૨ ઉપર '**આંતરક્લેશ**' શીર્ષકતળે '**તપગચ્છનો આંતરક્લેશ**' લેખાવેલ છે! અને તે પણ [પ્રસ્તુત કવિ દર્શનવિ૦ની કડી ૧૦૧૫ થી ૧૦૧૭ સુધીમાંની ઉપર્યુક્ત અસત્ય વાતોને છૂપાવીને તે કડીઓના ભાંગ્યા તૂટ્યા સાર અને અસારરૂપે] આ પ્રમાણે લેખાવેલ છે કે-" **સર્વજ્ઞશતકમાં ખરતર ગચ્છવાળા પ્રત્યે જે આક્ષેપો કર્યા હતા તે કોઇ કોઇ અંશે સ્વગચ્છનાયકોને પણ લાગુ પડતા** ('આણસૂરવાળાઓ તરફથી' એમ નહિ; પરંતુ તપગચ્છમાં) **મનાયા હતા. આ** (સર્વજ્ઞશતકગ્રંથનો' એમ નહિ. માત્ર) **પાનાઓનો પ્રચાર થતાં** ('આણસૂરવાળા તરફથી' એમ નહિ) **તપગચ્છના આંતરક્લેશમાં ઘી હોમાયું. આ માટે** ('તિલકસૂરિરાસમાં' એમ નહિ, પરંતુ) **ઉલ્લેખ મળે છે કે**-સૂત્રમ્-આગમવ્યવહારિવચનાનુયાયિનમુત્સૂત્રકંદકુદાલ ×××× વયં વદામઃ। 'વિજયતિલકસૂરિ રાસમાંનો' એમ નહિ માત્ર " (**બોલ ૨૯ મો**)"

પૂ૦ ત્રિપુટીજી માટે આ પારાવાર અનુચિત ગણાય

કવિ દર્શનવિ૦એ જણાવેલું એ લખાણ પણ સર્વજ્ઞશતકમાંનું નથી; પરંતુ 'ઔષ્ટ્રિક-મતોત્સૂત્રદીપિકા' ગ્રંથમાંનું છે. એમ જાણવા છતાં પણ પૂ૦ ત્રિપુટીજીએ, એ પ્રમાણે લખાણ રજુ કરેલ છે તે દેવસૂર તપગચ્છના વફાદાર પૂ. મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિ પ્રતિ પ્રસ્તુત કવિ દર્શનવિ૦ની એ કડીઓમાંના (પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦ને પણ ઉપર્યુક્ત રીતે ફેરવી તોળવા પડેલ) આક્ષેપોને અપનાવવા સ્વરૂપ હોઈને ઇતિહાસકારના ભૂષણરૂપ મધ્યસ્થતાગુણનું લીલામસૂચક જ નથી; પરંતુ પોતાના તે ઇતિહાસના પૃ૦ ૭૨૩ની શરૂઆતમાં તો—' હીર-જેસિંગને મિથ્યાત્વી કહ્યા, તો સાગર ગચ્છ બહાર રહ્યા.' એ માત્ર ઉત્તરાર્દ્ધને પ્રચાર અર્થે પ્રસિદ્ધિ આપવારૂપે તે અસત્યોપાસક કવિની લીધેલ બ્રીફસૂચક પણ છે! જે-તેઓશ્રી જેવા ઇતિહાસકારને માટે પારાવાર અનુચિત ગણાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુરતની આ વાત, અસંભવિતને સંભવિત લેખાવનારી છે.

'જૈનપર. ઇતિ.' ભા. ૩ના પૃ. ૭૨૩ કલમ (૨૦)માં જણાવેલી "(૧)–સિંહવિ. ગણિને બાર બોલનો પટ્ટ, સુરતમાં નવી પ્રરૂપણાના પ્રેમી સુરા વ્હોરાએ વાંચવા દીધો નહિ." એ વાત ત્યાં ચાતુર્માસ રહેલા શ્રી સિંહવિજયજીએ સં૰ ૧૬૭૩ માં આણસૂર પક્ષમાં જોડાયા પછી જ ઉભી કરી સંભવે છે.

(૨)–"બીજી સાલ સુરતમાં ચોમાસું પૂ૰ મહો૰ કલ્યાણવિ૰ મ૰ ગયા, તો ત્યાં તેનું પણ સૂરાવ્હોરાએ અપમાન કરીને ૧૨ બોલના પટ્ટાને બદલે નવી ચર્ચાના આલાવાનાં પાનાં વાંચવા બેઠા." એ વગેરે વાત પણ ઉક્ત શ્રી સિંહવિ૰એ જ ઉભી કરી સંભવે છે. કારણ કે–'તે સમયે ત્યાં કોઇ નવી પ્રરૂપણા–ચર્ચા જ ન્હોતી. છતાં તેવી ચર્ચાના પાના, પૂ૰ મહો૰શ્રીની સામે શ્રાવકે વ્યાખ્યાનમાં જુદાં વાંચ્યા! એ વાત, પૂ૰ મહો૰ શ્રી કલ્યાણવિ૰ ખુદ કે અન્ય કોઇ પ્રામાણિક ઇતિહાસ જણાવતો નહિ હોવાથી અસંભવિતને સંભવિત લેખાવનારી છે

આ 'છ' બોલનું લખાણ સંદિગ્ધ છે.

તે લખાણના અનુસંધાનમાં–'**પાંચ બોલનો પટ્ટો**' શીર્ષકતળે–"પછી તો આ૰શ્રી વિજયસેનસૂરિજીએ સં૰ ૧૬૬૭ ના મા. વ ૪ [1]શનિવારે પાટણથી પાંચ બોલનો પટ્ટો બનાવી [2]સઘળે સ્થાને મોકલ્યો. તે પાંચ બોલનો પટ્ટો આ પ્રકારે હતો ૧–સૌએ બાર બોલનો પટ્ટ ઉપર શ્રદ્ધા રાખવી, ૨–ગીતાર્થોએ ચોમાસામાં તથા સંઘની સભામાં ૧૨ બોલનો પટ્ટ જરૂર વાંચવો-વંચાવવો. ૩– [3]તથા 'પ્રશ્નોત્તર સમુચ્ચય, [4]હીરપ્રશ્ન ગ્રંથો પણ અવશ્ય વાંચવા. કોઈએ આ [5]ત્રણ ગ્રંથો વાંચવાનો વિરોધ કરવો નહિ, ૪–કોઇએ આ ત્રણ ગ્રંથ સિવાયના છુટા ચર્ચાપત્રો, આલાવાઓ વગેરે વ્યાખ્યાનમાં વાંચવા–વંચ વવા નહિ, ૫–સૌએ બાર બોલના પટ્ટકની આજ્ઞા મુજબ [6]માર્ગાનુસારીપણે વર્ત્તવું," એ પ્રકારે પ્રસિદ્ધ થયેલું લખાણ પણ નંબરવાર નીચે પ્રમાણે સંદિગ્ધ છે.

૧–પૂ૰ મહો૰ શ્રી કલ્યાણવિ૰ સામે સૂરાવ્હોરાએ સુરતનાં ચોમાસામાં પાનાં વાંચવા માંડવા દ્વારા તેઓશ્રીનું જો અપમાન જ કર્યું હોત તો તે વાત, પૂ૰ આ૰ શ્રી વિજયસેનસૂરિજી મ૰ને પાટણ મુકામે તે મહો૰શ્રીએ તે ચોમાસામાં જ પત્રથી જણાવી દીધી હોય અને તેનો જવાબ પણ તે પૂ૰ ગચ્છનાયકે તેઓશ્રીને તે ચોમાસામાં જ સુરત જણાવી દીધો હોય; પરંતુ તેને બદલે ચોમાસું પૂરું થયા પછી પણ માગશર વદ ચોથે એટલે કે–મહિનાઓ બાદ તેમને ગચ્છનાયકે પટ્ટો બનાવીને મોકલ્યો હોય એ વાત સંગત નથી.

૨–પૂ૰ મહો૰ શ્રી કલ્યાણવિ૰ મ૰ના તે કહેવાતા અપમાનને સાંભળવા માત્રમાં તે બદલ પૂ. ગચ્છનાયક, ઠપકો સુરત જ લખી મોકલવાને બદલે પટ્ટો બનાવે, અને તે પટ્ટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ પ્રથમ સુરત જ મોકલવાને બદલે સઘળે સ્થાને મોકલી દે તે યુક્તિયુક્ત જ ન હોઈને સંભવિત જ નથી.

૩–તે કહેવાત. પાંચ બોલના પટ્ટામાંના ચોથા બોલ પછી તો હજુ પણ **'તથા'** શબ્દ લખી શકે, પરંતુ ચોથા બોલ પહેલાંના ત્રીજા બોલ પછી તો શ્રી સિંહવિ. કે કવિ દર્શનવિ. જેવા જ 'તથા' શબ્દ લખી શકે. પૂ. ગચ્છનાયક તો ન જ લખે, એ હિસાબે પણ એ લખાણ પૂ. ગચ્છનાયકનું સંભવતું નથી.

૪–'પ્રશ્નોત્તર સમુચ્ચય'ને જ 'હીરપ્રશ્ન' લેખ વનારા એ જ પૂ. વિજયસેનસૂરિજી મ., તે હીરપ્રશ્નને અહીં પ્રશ્નોત્તર સમુચ્ચયથી ભિન્ન ગ્રંથ તરીકે લેખાવે તે સંભવિત નથી.

૫–પાંચ બોલના તે કહેવાતા પટ્ટાને તે પૂ. ગચ્છનાયક ગ્રંથ લેખાવે જ નહિ અને એ સાથે પ્રશ્નોત્તર સમુચ્ચયને હીરપ્રશ્નથી જુદો ગ્રંથ લેખાવીને તે બે વસ્તુને–**'આ ત્રણ ગ્રંથો'** એમ કહીને–ત્રણ ગ્રંથો તરીકે તો આમર્ષવાન્ શ્રી સિંહવિ. ગણિ જેવા સિવાય પૂ. ગચ્છનાયકશ્રી તો કદી લેખાવે જ નહિ.

૬–'બાર બોલની આજ્ઞા મુજબ' એમ લખ્યા પછીથી "માર્ગાનુસારીપણે વર્ત્તવું" એમ પૂ. ગચ્છનાયકે લખવું તે સંભવિત નથી.

ઉપર જણાવ્યા મુજબ જ્યાં તે કહેવાતા પટ્ટાને પૂ. ગચ્છનાયકશ્રીના પત્ર તરીકે જણાવાયો હોત તો પણ અશ્રદ્ધેય ઠરે તેમ છે, ત્યાં તેને **પૂ૦ ત્રિપુટીએ, વાસ્તવિક પટ્ટો માની લેવા પૂર્વક** તે કહેવાતા પટ્ટાને અનુલક્ષીને પોતાના તે ઇતિહાસ ભા. ૩ ના પૃ. ૭૨૪ ઉપર ચાર પેરા ભરીને રજુ કરેલ વાતૂલ માનવીની વાતો જેવી વાતોને તો કોણ જ સુજ્ઞજન, ઇતિહાસ તરીકે માની શકે?

"જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પૃ૦ ૭૨૫ '[1]ચતુર્વિધસંઘ સંમેલન' શીર્ષકતળે–પૂ. ત્રિપુટીજીએ, જે–(વિજયસેનસૂરીશ્વરજી પાટણથી અમદાવાદ આવ્યા) "તે પછી આ. વિજયદેવસૂરિ વગેરે સાધુઓ અમદાવાદ આવ્યા. × × × આચાર્યશ્રીએ, મુનિ-સંઘમાં રહેલ, '[2]આંતરિક ક્લેશને દૂર કરવાનું' હાથમાં લીધું. સૌએ ગચ્છનાયક પાસે પોતપોતાની વાત રજુ કરી. સૌની સામે કેટલાએક [3]સાચા-ખોટા પત્રો, [4]કપટી પત્રો, [5]ગુપ્ત પુસ્તક વગેરે રજુ થયાં. આ પુસ્તકમાં ગચ્છના જુદા જુદા મુનિવરો ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા. તે આ પ્રમાણે :—

'તે [6]માંહિ (૪૮ મા ભ.) સોમતિલકસૂરિનઈ, [7]કહ્યા અજ્ઞાની સાગરમુનિ, [8]સાગર ગ્રંથિ અછઈ એ સાખિ, એહુ વિચાર ન ઘટઇ મન રાખિ' (બોલ ૨૭ મો).

'તેહુ વયણનું સૂત્ર જ સુણેા, સર્વજ્ઞ શતકિં એ અવગણેા, હીર જેસિંગને મિથ્યાત્વી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યા, તો સાગર ગચ્છ બાહિર રહ્યા. ૧૦૧૮ 'સૂત્રમ્–આગમ.' (બોલ ૨૯ મો, ઉપરની કલમ ૧૯ મી) (ઐતિહાસિક રાસસંગ્રહ ભા. ૪, પૃ. ૮૫–૮૬).

વિજયતિલકસૂરિરાસ અધિ૦ ૨, આનંદકાવ્ય મહોદધિ મૌ. ૭, મો. દ. દેશાઈની પ્રસ્તાવના : પેજ ૧૧૫ થી ૧૧૮."

પૂ૦ ત્રિપુટીજીના તે લખાણની નંબરવાર સમાલોચના

૧–સાધ્વીજી અને શ્રાવિકાની સદંતર ગેરહાજરીવાળા તે સાધુ સંમેલનને 'ચતુર્વિધ સંઘ સંમેલન' લેખાવ્યું છે, તેને બદલે તે સંમેલનને જો 'સાધુ પ્રધાન સંઘ સંમેલન' તરીકે લેખાવાયું હોત તો તે શીર્ષક, ભ્રામક લેખાવા ન પામત.

૨–આ પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના પ્રસ્તુત ઇતિહાસના ભા૦ ૩ના પૃ૦ ૭૨૫ ઉપર 'વીર વંશાવલી'ના આધારે જણાવેલ "મહો. સોમવિજયજી ગણિવરે સં. ૧૬૬૯–૭૦માં પાટણમાં ગચ્છનાયક સાથે સાગરમતને આશ્રયીને મોટો મતભેદ ઉભો કર્યો. (અને બીજા ઉલ્લેખ મુજબ) મહો. સોમવિજય ગણિવર સં. ૧૬૬૯માં પાટણથી વિહાર કરી મારવાડમાં ગયા." એ હકીકતને અંગે જે તાજે જ આંતરિક કલેશ હતો તેને જ દૂર કરવા સારૂ આચાર્યશ્રીએ, તે સાધુસંમેલન યોજેલ હતું એમ સાચું લેખાવવું યોગ્ય હતું. સુસંગત વાત પણ એ જ જણાય છે. એ આંતરિક કલેશવાળી તાજી બીનાને બદલે પૂર્વના આંતરિક કલેશને આગળ કરીને તેને દૂર કરવા સારૂ તે સંમેલન યોજેલ હોવાનું લેખાવવું તે હરગીજ સંગત નથી.

૩–પૂ૦ ગચ્છનાયકના પ્રતિપક્ષીય ઉપાધ્યાયજીઓના નાયક મહો૦ શ્રી સોમવિ૦ મ૦ તો પાટણથી ગચ્છનાયક સાથે ઝઘડો કરીને સં૦૧૬૬૯માં સપરિવાર મારવાડ વિહાર કરી ગયેલ હોઈને ત્યાંથી સં. ૧૬૭૧ના પ્રાયઃ મહા માસે પૂ૦ગચ્છનાયક સાથે પુનઃ ઝઘડવા આખોય પક્ષ લઈને તો એકવાર અમદાવાદ આવીને તુરત જ સપરિવાર ચાલ્યા ગયા મનાતા હોઈ તે સંમેલનમાં તો પૂ૦ ગચ્છનાયકના પ્રચ્છન્નાપ્રચ્છન્ન વિરોધી એવા પૂ૦ મહો૦ શ્રી કીર્ત્તિ વિ૦ મં૦ આદિ જૂજ જ પ્રતિસ્પર્ધી મુનિવરો આવી શકયા હોય અને શેષ તો ગચ્છનાયકશ્રીની આજ્ઞાના જ પૂ૦ આચાર્ય આદિ ગીતાર્થ મુનિવરો એકઠા થયેલા હોય અને તેથી તેઓશ્રીએ તો તે નવા કલેશને દૂર કરવાની માત્ર આપસ–આપસમાં ચાલના જ કરી હોયઃ આ સ્થિતિવાળા જણાતા તે શ્રમણ સંમેલનમાં તેવા અલ્પ પ્રતિસ્પર્ધી મુનિવરોએ જે બોટા–સાચા પત્રો રજુ કર્યાની વાત લખવામાં આવી છે તે કપોલકલ્પિત જણાય છે.

૪–પૂ૦ ગચ્છનાયકશ્રી સહુમે બહુધા તેમની જ આજ્ઞાના અને તે હેતુ માટે જ એકત્રિત થયેલા તે પૂ૦ મુનિવરોની વિશાલ સભામાં હાજર રહેલા વિરોધી મુનિવરો, કપટીપત્રો રજુ કરવાની હિંમત કરે એ સંભવિત જ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫–આમ 'ગુપ્ત પુસ્તક' કહેવા દ્વારા લેખકે ગર્ભિતપણે **'સર્વજ્ઞશતક'** પુસ્તક, ધ્વનિત કરેલ જણાય છે; પરંતુ તે પુસ્તકની રચના તો પ્રાયઃ સં. ૧૬૫૦ માં થયેલ હોઇને તે પુસ્તકના લેખક પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના પ્રતિસ્પર્ધી પૂ૦ ઉપા૦ યાયે આદિએ તે પુસ્તકને પૂ૦ ગચ્છનાયકના ગુરુ પૂ૦ વિજયહીરસૂરિજીથીજ ગુપ્ત લેખાવેલ હતું, પણ આ પૂ૦ વિજયસેનસૂરિજી મ૦થી તો કદિ ગુપ્ત લેખાવેલ નહિ હોવાથી તેમ જ તે પુસ્તક પણ મહો. સોમવિ. મં. પાસે હોવાની વાત તે સં. ૧૬૭૦ લગભગ જગજાહેર થઈ જવા પામેલ હોઈને પૂ ત્રિપુટીએ 'તે સમયે ગુપ્ત પુસ્તક રજુ કર્યાની' જણાવેલી આ વાત શ્રદ્ધેય બનતી નથી.

૬–અહીં પૂ. ત્રિપુટીમહારાજે, (સ્થલ તરીકે જણાવેલા ૨૭ મા બોલમાંના 'તે માટિં' શબ્દને પલટીને 'તે માહીં' શબ્દ ગોઠવી દેવા દ્વારા જે) "સર્વજ્ઞશતક પુસ્તકમાં ૪૮ મા ભ. સોમતિલકસૂરિને–મહો. શ્રી ધર્મસાગરજીએ અજ્ઞાની કહ્યા હોવાનું" લેખાવેલ છે, તે વાત તો તે જ પૂ. ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજીએ તે સંમેલનમાં **પ્રમાણિક તરીકે જાહેર કરેલા તે 'સર્વજ્ઞશતક'** પુસ્તકમાં નહિ જ હોઇને તે પુસ્તક પ્રતિ શ્રી સંઘમાં અંધ અસદ્ભાવ પ્રકટાવવાના આશયની દ્યોતક છે.

૭–આ અંગે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરે, સં. ૧૬૨૮માં રચેલ 'પ્રવચન-પરીક્ષા' મુદ્રિત ગ્રંથ ભાગ પહેલાના પૃ ૩૧૫ થી ૩૧૭ ઉપર જણાવેલી-'તપા.નો મત, મુદ્ગલ જતીના ગ્રહનો મત અને શાકિનીનો મત પ્રાયઃ સરખા છે.॥ શાકિની અને મુદ્ગલ કરતાં પણ તપા દુરાશયા છે.॥ 'શાકિની અને મુદ્ગલથી ગ્રહણ કરાએલાનો હજુ પણ પ્રતીકાર દેખાય છે; પરંતુ તપાથી પીડાતાઓની ચિકિત્સા તો અત્યંત ભયંકર નીવડે છે.॥ શાકિની અને મુદ્ગલ એક જન્મમાં જ હણે છે; પરંતુ આ તપાગ્રહ તો ભવેભવે હણે છે॥" **ઇત્યાદિ પ્રકારે ઉન્મત્તતાદર્શક વાણીવિલાસ દ્વારા શ્રીમત્તપાગચ્છ પ્રતિ વિષ વમનાર સત્યપ્રત્યનીક ખરતરીય જિનપ્રભે,**–'મને સ્વપ્નામાં પદ્માવતીએ સાક્ષાત્ થઇને–તપાગચ્છને અભ્યુદયવાળો જણાવેલ હોવાથી આપને (૪૮મા 'ભટ્ટારક શ્રી સોમતિલકસૂરિને) મારા શિષ્યો માટે રચેલા આ ૭૦૦ સ્તવનો ભેટ કરૂં છું' એમ માયાવી પણે કહીને શ્રી તપાગચ્છના 'તે ભટ્ટારકશ્રીની પ્રશંસા કરી તેઓને વંદના કરી' સાંભળીને (તપાગચ્છીઓએ) ઉત્સાહમાં આવી જવાનું નથી. કારણ કે–'સંવિગ્નત્વેન સર્વત્ર સર્વજન પ્રસિદ્ધાન્ શ્રી સોમતિલકસૂરિન્ (સ જિનપ્રમઃ) કથં ન વન્દન્તે?' એ બીના પ્રસિદ્ધ છે કે જે કે તે શ્રી સોમતિલકસૂરિજી મ.ને બડાસંઘેગી જણાવેલ છે. તેથી મહો.જીએ તેઓને અજ્ઞાની કહેલ' હોવાની કવિ દર્શનવિ.ની વાત કલ્પિત ઠરે છે

અત્ર આશ્ચર્ય એ છે કે–'તે કવિ દર્શનવિ. પોતાના તિલકસૂરિ રાસમાં આ પૂ. ગચ્છનાયક શ્રી સેનસૂરિજી મ.ને **'મોહાંધ'** લેખાવી શકે છે, પરંતુ મહો. શ્રી ધર્મસાગરજી

ગણિવર, તે પૂ સોમતિલકસૂરિજીને 'બડામંવેગી' પણ ન કહી શકે?'

૮–અત્ર માનવું થાય છે કે–'કવિને પૂ. મહો.શ્રીના કોઈ પણ ગ્રંથમાં તેવી વાત જોવા નહિ મળવાથી જ તેઓ અહીં તે ૪૮માં ગચ્છનાયકશ્રીને 'અજ્ઞાની' જણાવનારા ગ્રંથનું નામ જણાવવાને બદલે માત્ર 'ગ્રંથિ' શબ્દ જ લખી શકેલ છે.'

૯–'વિજયતિલકસૂરિરાસ' માંની આ ૧૦૧૮મી કડીમાં જણાવ્યા મુજબ શ્રી સોમતિલકસૂરિજીને 'અજ્ઞાની' કહેનારું કોઇ જ વચન નથી, 'સૂત્રમ્–આગમ.' એ આદિ વચનવાળું કોઈપણ સૂત્ર નથી! તે તો માત્ર 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા' ગ્રંથમાંની ગદ્ય પંક્તિ જ છે આ વાત જાણવા છતાં તે અસત્ય લેખક કવિની આ ૧૦૧૮ મી કડીનો પૂ. ત્રિપુટીજીએ આ પહેલા પણ પોતાના પ્રસ્તુત ઇતિહાસના પૃ૦ ૭૨૩ ઉપર ('સાગરગચ્છ બહાર રહ્યા' એ નિર્મૂળવાતનો ઢોલ પીટવારૂપે) ઉત્તરાર્દ્ધ તો પ્રસિદ્ધ કરેલ હોવા છતાં અહિં વળી તે અશ્રદ્ધેયવાતનો પુનઃ ઢોલ પીટવારૂપે તે આખી કડી રજુ કરી છે, તદુપરાંત તે કુટેલ ઢોલને સામાન્ય જનતામાં સાચે લેખાવવા સારૂ (તે કડીગત વાત મુજબ ત્રણ ઇતિહાસકારોનું કહેવું છે, એમ આમજનતામાં ઠસાવવા સારૂ) તે કડીની નીચે–"૧ બોલ ૨૯ મો વિજયતિલકસૂરિરાસ અધિ૦ ૨ (અહિં કડી નંબર છૂપાવીને), ૨ ઐતિહાસિકરાસસંગ્રહ ભા૦ ૪ પૃ૦ ૮૫ ૮૬ ('અહિં વિજયતિલકસૂરિરાસ' તરીકેનું નામ તેમ જ કડીનો તે જ નંબર છૂપાવીને) અને ૩–આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૭, મો. દ. દેશાઈની પ્રસ્તાવના પૃ૦ ૧૧૫ થી ૧૧૮ (અહિં પણ 'વિજયતિલકસૂરિરાસ' તરીકેનાં નામ અને કડીનો તે જ નંબર છૂપાવીને)" એ મુજબની નાટકીય ઢબે તે એકને એક નિર્મૂળ વાતની સાક્ષીમાં તે જ કડીવાળા ત્રણ સ્થળ રજુ કરેલ છે! તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર પ્રત્યેના પૂર્વગ્રહમૂલક દ્વેષનું દ્યોતક છે.

એ વસ્તુ જ સંભવતી નથી.

જૈન પર૦ ઇતિ૦ ભા૦ ૩ પૃ૦ ૭૨૬ ઉપર **'કલેશનું મૂળ'** શીર્ષક તળેની કલમ (૨૫)માં પૂ૦ ત્રિપુટીજીએ–"મહો. મુનિ વિમલગણિવરનાં શિષ્ય કવિરત્ન પં. શ્રી દર્શનવિ૦ ગણિએ આ ચતુર્વિધ સંઘના સંમેલનમાં નવી પ્રરૂપણાના ૩૬ બોલના આલાવાનાં પાના રજુ કર્યા પછી તેમણે કહ્યું કે–ગુરૂદેવ! આપણા ગચ્છના આંતરિક કલેશનું મૂળ નવી પ્રરૂપણા છે. જેના ૩૬ બોલ આ પાનાઓમાં લખેલા છે, એકંદરે આ પાના ઝેરી પુસ્તક જ છે' એમ પ્રસિદ્ધ તો કર્યું.

પરંતુ આ પૂર્વે તે પૂ૦ ત્રિપુટીજીએ જ જણાવ્યા મુજબ (તે કવિપક્ષના અગ્રેસર પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ તો આ સંમેલનમાં ન આવવા સારૂ) સં૦ ૧૬૧૯માં પાટણથી સપરિવાર મારવાડમાં વિહાર કરી ગએલ હોવાથી તેઓએ ઉપર્યુક્ત પ્રસિદ્ધિનાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અગ્રગણ્ય તરીકે લેખાયેલા એ કવિ દર્શનવિ૦ પણ (પૂ૦ બધ્ધે ગચ્છનાયકશ્રી અદ્ધિ મહારથીઓના તે સૂક્ષ્માર્થદીપક અર્થગંભીર મુનિસંમેલનમાં પોતાના તે આગેવાન સહાયક મહો. શ્રી સોમવિ૦ મ૦ વિના આવવાની હિંમત તજીને) તેઓશ્રીની સાથે મારવાડ સીધાવી ગયા સંભવતા હોઈ, મહાન્ ગીતાર્થશ્રમણમાં કુત્રચિદપિ નહિ લેખામાં જણાતા તે કવિએ એ સઘળી આપબડાઈ દર્શક વાતો, તે શ્રમણસંમેલનમાં કરી હોવાનું આ પૂ. ત્રિપુટીજીએ ભલે માની લીધું; પરંતુ આ લેખકને તો તે કવિએ, શ્રી વિજયતિલકસૂરિ-રાસની રચના વખતે જ તે વાતો ઉભી કરેલી સંભવે છે.

"ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજીના એ વર્ષો જુના જણાતા ખુલ્લા પ્રતિસ્પર્ધી એવા તેમણે તે સંમેલનમાં પૂ૦ ગચ્છનાયકશ્રીની સામે ધરેલાં તે કહેવાતા પાનાં, નથી તો નવી પ્રરૂપણાનાં પાનાં અને નથી તો આંતરિક કલેશનુ મૂળ: અંતરિક કલેશનું જુનું મૂળ તો ઇતિહાસ મુજબ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ જ છે." એમ સ્પષ્ટ સમજ ધરાવનાર તે પૂ૦ ગચ્છનાયકશ્રી સામે સેંકડો મહારથી મુનિઓની વચ્ચે તેઓશ્રીના તે ખુલ્લા પ્રતિસ્પર્ધી કવિ, તે કહેવાતા પાનાને કલેશનું મૂળ જણાવવાની હિંમત કરી શકે, અને (ગચ્છનાયકે તે પાનાં જોઈ-તપાસીને તે પાનાં અંગેનો નિજનો અભિપ્રાય વ્યક્ત કર્યા પહેલાં જ) **'એકંદરે આ પાનાં તે ઝેરી પુસ્તક જ છે'** એમ તે પાનાં અંગે તે ગંભીર મુનિ સભામાં (અનધિકારે જ ન્યાયાધીશ બનીને) તે પાનાને ઝેરી પુસ્તક લેખાવવા તરીકેના ફેંસલો પણ રજુ કરી શકે એ બનવું જ અસંભવિત છે.

પૂ૦ ત્રિપુટીએ, 'નિરીક્ષણ'નાં નામે કલ્પિત વાતો ગાઈ છે.

જૈન પરં૦ ઇતિ૦ ભા૦ ૩ પૃ૦ ૭૨૬ કૉલમ (૨૫)માં પૂ૦ ત્રિપુટીજીએ જે "આ૦ શ્રી વિજયસેનસૂરિવરે નવી પ્રરૂપણાનાં ૩૬ બોલના આલાવાનાં પાનાં એક મુનિ પાસે ચતુર્વિધ સંઘની સભામાં જાહેર વંચાવ્યા. સૌએ તે સાંભળ્યા. પછી ગચ્છનાયકે સૌની વચ્ચે જાહેર કર્યું કે–આ લખાણ જૈનશાસ્ત્રોના આધાર વગરનું છે એમ જણાવવા પૂર્વક દરેકેદરેક બોલ અંગે શાસ્ત્રના પાઠો તથા આલાવાના હવાલા આપીને તે બોલ કેટલા અસત્ય હતા તે સ્પષ્ટ રીતે સમજાવી તે બોલોને જૂઠા ઠરાવ્યા; અને સાથે સાથ જાહેર કર્યું કે–સાગરપંથના આ સમસ્ત ગ્રંથો વાસ્તવમાં જલશરણ કરવા જેવા છે, પણ આજે એટલું જ કહું છું કે–હું ગીતાર્થ મુનિની તપાસસમિતિ બેસાડી, તેમાં આ ગ્રંથોની તપાસ કરાવીશ અને જ્યાં સુધી આ ગ્રંથોને પ્રમાણિક જાહેર ન કરું ત્યાં સુધી સૌએ આ સમસ્ત ગ્રંથોને અપ્રમાણિક માનવા.

(શાસનદીપક પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિજયજી, વી૦ નિ૦ સં૦ ૨૪૮૭ ભા૦ શુ૦ ૮ ના રોજ લખેલ ઐતિહાસિક રાસસંગ્રહ ભા૦ ૪ નું નિરીક્ષણ, પેજ ૧ થી ૩૯)."

એ પ્રમાણે પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિ૦ના 'નિરીક્ષણ'ના નામે વાતો રજુ કરી છે, તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાંભિક છે. ઉક્ત 'નિરીક્ષણ'નાં ૧ થી ૩૯ પાનાં નથી; પરંતુ ૧ થી ૩૫ છે અને તેમાં તે વાત છે જ નહિ. વાસ્તવમાં તે બધી અસંબદ્ધ અને અસંગત વાતો, ઉપર્યુક્ત 'કલેશનું મૂળ' શીર્ષકતળેની સદંતર બેવજુદ વાતોને શ્રદ્ધેય લેખાવવાના જણાતા ઇરાદે પૂ૦ ત્રિપુટીજીએ પોતે જ ઉભી કરીને પૂ૦ વિદ્યાવિ૦ મ૦ના '**નિરીક્ષણ**'ના નામે જણાવેલ જણાઈ આવે છે અને તે બદલ પૂ૦ વિદ્યાવિ૦ મ૦ કે બીજા કોઇ વાંધો ન ઉઠાવે એ માટે તેમને 'શાસનદીપક'નું અછતું ટાઇટિલ લગાવી દીધું જણાય છે. તે વખતે સાગરપંથ જ નહોતો; છતાં પૂ૦ ત્રિપુટીજીએ 'સાગરમહર્ષિઓ'ની લઘુતા દેખાડવા કહેલા '**સાગરપંથ**'ના બોલની ચાલુ વાતોમાં 'સાગરમહર્ષિઓના સમસ્ત ગ્રંથોની વાત' ઘુસાડી દેવામાં આવી છે તે આજે પણ એ સાગરમુનિવરોના ટંકશાળી લેખાતા ગ્રંથો પ્રતિ તેઓશ્રીના હૈયામાં બેઠેલી અજ્ઞાનમૂલક અસૂયાનું દ્યોતક ગણાય.

પૂ૦ મહો૦શ્રીના ગ્રંથોને ગચ્છનાયકે ભંડારોમાં સ્થપાવ્યા.

જૈન પર૦ ઇતિ૦ ભા૦ ૩ પેજ ૭૨૭ ઉપર '**પ્રમાણિકતાની છાપ**' શીર્ષકતળે—"આ પછી આ૦ વિજયસેનસૂરિવરે, ૧—સર્વજ્ઞશતક, ૨—ધર્મતત્ત્વવિચાર, ૩—પ્રવચન પરીક્ષા અને ૪—ઇરિયાવહિયાકુલક વગેરે ગ્રંથોને ગચ્છના ગીતાર્થ મુનિવરોની સંમતિથી પ્રામાણિક ગ્રંથો તરીકે જાહેર કર્યા અને અમદાવાદ, ખંભાત, પાટણ તથા ગંધાર વગેરે સ્થાનોનાં સંઘભંડારોમાં તે તે ગ્રંથો રખાવ્યા. (વિવિધગચ્છ પટ્ટાવલી સંગ્રહ પેજ ૨૨૪)".

પૂ૦ ગચ્છનાયકશ્રીએ, ઉપર પ્રમાણે તે જ સંમેલનમાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના (પ્રતિસ્પર્દ્ધિ વર્ગે બહુવાર ચકડોળે ચઢાવેલા તે) **સર્વજ્ઞશતકાદિ** ગ્રંથોને ગચ્છના ગીતાર્થ મુનિવરોની સંમતિથી **પ્રામાણિક ગ્રંથો** તરીકે [સંમેલનગત સમસ્ત મુનિવરોની વચ્ચે] જાહેર કર્યા, અને (તે બદલ તે સંમેલનમાંનાં પૂ૦ મહો૦ શ્રી કીર્ત્તિવિ૦ ગણિ, પં૦ સિંહવિમલ ગણિ, પં૦ નંદિવિજયવાચક, પં૦ સિંહવિ૦ ગણિ વગેરે વિરોધપક્ષના ગીતાર્થોને પણ કશો જ વાંધો નહિ હોવાનું નક્કી કરવાપૂર્વક તેઓશ્રીની સમક્ષ) તે ગ્રંથોને અમદાવાદ, ખંભાત વગેરે સ્થાનોના સંઘભંડારોમાં રખાવ્યા! અને તે પછી જ ત્યાંથી પૂ૦ ગચ્છનાયકશ્રીએ ખંભાત ભણી વિહાર લંબાવેલ, એ બીના શ્રી ગચ્છનાયકશ્રીએ તે '**શ્રી સર્વજ્ઞશતક ગ્રંથ**'ને પ્રમાણિક જણાવેલ હોવાની ખાસ દ્યોતક ગણાય.

શાસનરક્ષક સાગરમહર્ષિઓ આદિ પૂ૦ મુનિવરોના સતત આત્મભોગની શ્રી સંઘનાં હૈયામાં એ પ્રકારે ચિરસ્થાયી પ્રતિષ્ઠા કર્યા પછી જ પૂ૦ ગચ્છનાયકશ્રીના થએલા આ વિહારના સંદર્ભમાં તે આત્મભોગોના મૂલ્યાંકનથી સાંગોપાંગ ઢાકી ઉઠેલા તે કવિ દર્શન વિ૦ એ, વિજયતિલકસૂરિ રાસની કડી ૬૬૨ થી ૬૬૭ સુધીમાં જે—"અમદાવાદથી ગુરુ આણંદ પધાર્યા, ત્યાંથી સોજિત્રા પધાર્યા, ત્યાંથી નંદિવિજય વાચક વગેરે ઘણા મુનિઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંભાત મોકલી પોતે એક રાત્રિ ત્યાં રહ્યા; પાસે સાગરવાસિત ધીરવિમલ હતા. એ સંજોગોમાં સાંજે આહાર કરતાં જે ગરબડ થઈ હોય તે કેવલી જાણે, સોજિત્રે નવકારશી વાપર્યા બાદ ગુરુ, નારગામે બગીચામાં પાણી વાપરવા માટે આંબા નીચે બેઠા, તેવામાં ગુરુને ઉલટી થઈ તેમાં ચલુ જેવું જળ લીલું નીકળ્યું. તે વખતે પાસે મહો૦ કીર્ત્તિ-વિજય ગણિ હતા." એ પ્રમાણે સાગરપ્રતિનું સંશયાત્મક લખાણ લખીને દીલ ઠાર્યું છે તે, તે કવિની સાગરપ્રતિની કુદૃષ્ટિનું સૂચક ગણાય.

કવિની નિરર્થક શંકા અને પક્ષમોહમૂલક શંકાભાવ.

તે અસત્યોપાસક કવિએ, ઉપરનાં લખાણમાં જણાવેલ–પૂ૦ ગચ્છનાયકને દગો થવા પ્રસંગે–તેઓશ્રી પાસે (બીજા ઘણા મુનિવરો હોવા જ ઘટે છતાં તેઓના નામો ઈરાદા પૂર્વક છૂપાવીને) ફક્ત 'શ્રી ધીરવિમલ અને મહો૦ કીર્ત્તિવિજયજી એ બે મુનિવરો હતા!' એમ જણાવવા દ્વારા તે (વિષપ્રયોગ જેવા) દગા અંગે તેમાંના એક શ્રી ધીર-વિમલ ઉપર શંકા લઈ ગએલ છે, તે પોતાના પક્ષના કોઈ મુનિ પરત્વેની શંકા ટાળવાના પ્રયાસરૂપ જણાય છે.

કારણકે–'પૂ૦ ગચ્છનાયકશ્રીએ અમદાવાદના તાજેતરના જ મુનિ સંમેલન પ્રસંગે મહો. શ્રી ધર્મસાગરજી મ૦ના ચાર ગ્રંથોને સહુ ગીતાર્થોની સંમતિપૂર્વક સમસ્ત મુનિઓ વચ્ચે **પ્રામાણિક** જાહેર કરેલ હોવાથી પૂ૦ મહો૦શ્રીના પરમ અનુરાગી એવા તે શ્રી ધીરવિમલજી તો ત્યારથી પૂ૦ ગચ્છનાયકશ્રી પ્રતિ ભૂરિભૂરિ ભક્તિસંપન્ન હોય જ, અને (આ પૂ૦ ગચ્છનાયકની આચાર્યપદવીના સં૦ ૧૬૨૮ થી જ તે પૂ૦ ગચ્છનાયકશ્રી પ્રતિ અંતરમાં વિરોધભાવ ધરાવનારા) પૂ૦ મહો૦ કીર્ત્તિવિ૦ ગણિવર વગેરે તો પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિના જે ગ્રંથો અંગે વિશેષ વિરોધ ધરાવતા હતા તે ચાર ગ્રંથોને આ પૂ૦ ગચ્છનાયકશ્રીએ પોતાની હાજરીમાં જ પ્રામાણિક ઠરાવવાથી અને તે દરેક પૂજ્યો વિરોધને બદલે સંમતિ આપવાની પરિસ્થિતિમાં મૂકાવાથી પૂ૦ ગચ્છ નાયક શ્રી વિજયસેન-સૂરિજી પ્રતિ વિશેષે આમર્ષવાન્ બન્યા હોય અને તેથી તે સમયે તે કારમા બનાવ અંગે જૈન સંઘોમાં તેમાંના જ કોઈ સાધ્વાભાસનું એ એ દુષ્કૃત્ય હોવાની શંકા સહેજે પ્રસાર પામી હોય'

સંમેલનને વિકૃતરૂપે આલેખતા શ્રી રત્નચંદ્રગણિ.

ઉપર જણાવ્યા મુજબ પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરીશ્વરજીએ અમદાવાદના તે સં૦ ૧૬૭૧ નાં મુનિ સંમેલનમાં ઉપર્યુક્ત ચાર ગ્રંથોને પ્રામાણિક તરીકે જાહેર કર્યા પહેલાં સં. ૧૬૭૧ ની આદિમાં વિરોધપક્ષના અગ્રણી પૂ. ઉપા. શ્રી સોમવિ. મ. આદિના પક્ષબળ સહિત પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ પૂ. ગચ્છનાયકશ્રી પ્રત્યે કરેલા જણાતા અક-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મણમાં તેઓશ્રી નિષ્ફલ જતાં તે પક્ષમાં પ્રચ્છન્નપણે રહેતા પૂ. ઉપા. શ્રી રત્નચંદ્રજી ગણિ સં. ૧૭૭૪ લગભગમાં મૂળ ગચ્છને તજીને તે પક્ષના આણસૂર ગચ્છમાં ખુલ્લી રીતે ભેડાઈ ગયા! અને ત્યાં તેઓશ્રીએ ઈર્ષ્યાવશાત્ સં. ૧૬૭૭માં 'કુમતાહિવિષજાંગુલીમંત્ર' અપરનામ 'હિતોપદેશ' નામનો એક નૂતન ગ્રંથ રચીને તેમાં તે સં. ૧૬૭૧ના મુનિ સંમેલનમાં નહિ જ બનેલી એવી—

"तदनु सं० १६७१ वर्षे कुतश्चिद्गाढप्रच्छन्नरक्षितमपि सर्वज्ञशतकसूत्रवृत्तिं प्राप्य विजयसेनसूरय उत्सूत्रनिराकरणाय सर्वज्ञशतककृत्शिष्य (लब्धिसागरगणि) अशिष्य (मुक्तिसागरं) उपाध्यायपदग्रहणपूर्वकं गच्छान्निष्कास्य सर्वज्ञशतकमप्रमाणीचक्रुः ××× सर्वज्ञशतकाप्रमाणकरणरीतिर्यथा-'श्री हीरविजयसूरिगुरुभ्यो नमः

सं० १६७१ वर्षे वैशाखसित-तृतीयायां श्रीअहम्मदावादनगरे श्रीविजयसेनसूरिभिर्लिख्यते-समस्त साधु-साध्वी-श्रावक-श्राविका समुदायायोग्यं।

શ્રી વિજયહીરસૂરીશ્વરે જે બાર બોલ પ્રસાદ કરયા છઈ તે તિમજ પ્રમાણ કરવા। તે આશરી નવો અર્થ કરી નઇ કોણિ વિપરીત પ્રરૂપણા ન કરવી ૧। તથા શ્રી હીરવિજયસૂરિઈ જે પાંચ બોલના મિચ્છામિ દુક્કડા દેવરાવ્યા હતા, તે આશ્રી સર્વજ્ઞશતક ગ્રંથ સૂત્રવૃત્તિમાંહિ વિપરીત પ્રરૂપણા લિખી છઈ.

તથા શ્રી વિજયદાનસૂરિઈ વીસનગરમાંહિ જલશરણ કીધો જે કુમતિકુદ્દાલ ગ્રંથ તેહની સ્થાપના કરી છઇ તે માટિં સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણ છઇ +++

તથા વ્યાખ્યાનવિધિશતકસૂત્રવૃત્તિ, ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા, તદ્બાલાવબોધ પ્રમુખ ગ્રંથમાંહિ પણિ કેતલાએક શાસ્ત્રવિરૂદ્ધ બોલ છઈ તે માટિ તે ગ્રંથ ગચ્છનાયકની આજ્ઞાપૂર્વક (ગચ્છનાયક, પોતે પોતાને માટે 'ગચ્છનાયકની આજ્ઞાપૂર્વક' એ શબ્દો લખે ખરા?) શોધ્યા વિના કોણઈ વાંચવા નહીં." એ વગેરે નિર્મૂળ વાતો ખડી કરી!

જે પૂ૦ ગચ્છાધિપતિશ્રીના હાથે 'શ્રી સર્વજ્ઞશતક' પ્રામાણિક જાહેર થયેલ છે તે જ ગ્રંથને તે જ ગચ્છનાયકશ્રીના નામે અપ્રમાણિક લેખાવવા સારૂ તેમણે ઉપર મુજબ અનેક અસત્યો ખડા તો કર્યા; પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે-તેઓશ્રીએ પોતાના તે ગ્રથને સં૦ ૧૬૮૨ સુધીના પાંચ વર્ષ પર્યંત તો પ્રસિદ્ધિમાં જ નહિ આવવા દેવાની ચિંતામાં અટવાઈ રહેવું પડયું હતું!

તેમનાં તે ગ્રંથની સમીક્ષારૂપે વિ. સં. ૨૦૧૧માં 'કુમતાહિવિષજાંગુલિમંત્રતિમિરતરણિ' ગ્રંથ પ્રસિદ્ધ કરનાર આ લેખકને પણ તેમના તે ગ્રંથમાંની ઉપર્યુક્ત વાતો, પહેલી તકે પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ની હોવા તરીકે સમજાણી હતી, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેથી તે 'કુમતાહિવિષજાંગુલિમંત્રતિમિરતરણિ' ગ્રંથના પેજ ૭ની પહેલી પુઠીની પંક્તિ ૭ થી ૧૫ પર્યન્તનું અનલિષ્ટ આલેખન કરવાની સ્થિતિમાં મૂકાઈ જવું પડ્યું હતું!

ત્રિપુટીજીનું પણ, એ જ આશાતનાકારી અનુસરણ!

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ ના પેજ ૭૨૭ ઉપર–પૂ૦ વિજયસેનસૂરીશ્વરે મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના જે ચાર ગ્રંથોને સં. ૧૬૭૧ ના રાજનગર મુનિસંમેલનમાં સર્વાનુમતે પ્રામાણિક તરીકે જાહેર કર્યાની વાતને પૂ૦ ત્રિપુટીજીએ હકીકતરૂપે પ્રસિદ્ધ કરેલ છે' તે જ ચાર ગ્રંથોમાં પહેલો નંબર ધરાવતા '**સટીક સર્વજ્ઞશતક**' ગ્રંથને અપ્રમાણિક લેખાવવાના ઇરાદે તે જ પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના તે જ ઇતિહાસના ત્રીજા ભાગના પેજ ૭૩૩ ઉપર (એ જ સં. ૧૬૭૧ ના મુનિસંમેલનના વિપરીત ફલરૂપે પૂ૦ પ્રતિપક્ષી મુનિવરોએ વર્ષો બાદ કરેલા આલેખનને નવા સંમેલનના બ્હાને ત્રણ નંબર આપીને રજુ કરવા) '**મુનિસંમેલન**' શીર્ષકતળે લખ્યું કે–"સં. ૧૬૮૧ પ્રથમ ચૈત્ર શુદિ ૯ના રોજ અમદાવાદ કાલુપુરના જૈન ઉપાશ્રયમાં તપગચ્છના બંને પક્ષો–શાખાના મુનિવરોનું **મુનિસંમેલન** મળ્યું હતું.

મહો. ભાનુચંદ્ર ગણિવરના પરિવારના પં૦ ઉદયચંદ્રગણિ તે સંમેલનનો ઇતિહાસ આ પ્રકારે આપે છે.

૧. હિતોપદેશ :

संवत १६८१ वर्षे कार्त्तिकवदिप्रतिपद्दिने रवौ भरण्यां व्यतीपाते अहम्मदाबादनगरे श्री विजयदेवसूरिभिः मुक्तिसागरो गच्छान्निष्कासितः, तस्मिन्नेव दिने शान्तिदाससाहाय्येन सागर नाम कुमतं प्रवृत्तं, तत्र प्रथमं सागरकुमते मूलं मुक्तिसागरः तदनु च × × × महानुत्सवश्चक्रे गच्छभेदनिवारणतिलकं संघपतितिलकं चैकस्मिन्नेव वर्षे महं० तेजःपालेन जगृहे ॥

*पं० उदयचंद्रगणि वाचनार्थम्"

નોટ :–*ઉદયચંદ્રગણિને વાંચવા માટેની ઉપરની વાચને ત્રિપુટીજીએ અત્ર ઇતિહાસ લેખાવ્યો! અને તે કહેવાતો ઇતિહાસ તે ઉદયચંદ્રગણિ જ એ પ્રકારે આપે! એ વાત પૂ૦ ત્રિપુટીને ય માન્ય હોય એમ જણાતું નથી. વસ્તુતઃ તો ઉપરની એ વાત, પૂ૦ રત્નચંદ્રગણિએ ૧૬૮૧ માં અપરનામ 'હિતોપદેશ' આપીને રચેલ 'કુમતાહિવિષજાંગુલિમંત્ર' નામના બે પ્રશસ્તિવાળા પુસ્તકને અંતે આપેલ છે, તેમાંની તે સં૦ ૧૬૮૧ ની બીજી પ્રશસ્તિને ઉઠાવીને અહીં તે વર્ષના મુનિસંમેલનના ઇતિહાસ તરીકે રજુ કરી દેવામાં આવેલ છે! કે-જે પ્રશસ્તિને આ ગ્રંથના લેખકે સં૦ ૨૦૧૧ માં પ્રસિદ્ધ કરેલ–'કુમતાહિવિષજાંગુલિમંત્રતિમિરતરણિ' ગ્રંથમાં સાદ્યંત અસત્ય ઠરાવેલ છે, (વળી

(અનુસંધાન પેજ ૧૨૬ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગચ્છનાયકે તેવી શરત લખવી જ સંભવિત નથી.

એ પછી તેઓશ્રીએ, જુના પત્રની બીજી તરફના **વિજયાનંદસૂરિનાં લખાણને** નં. ૨ આપીને પેજ ૭૩૪ ઉપર તે જ પત્રની પહેલી તરફનાં લખાણને મથાળે **શ્રી વિજયદેવસૂરિજીનાં નામે જે**–'ઉપરિ હેઠે લિખ્યું તે સહી' એમ લખાયું છે, તેનો અર્થ એ થયો કે–તે પત્રમાં પહેલું લખાણ વિજયાનંદસૂરિનું છે અને પછી વિજયદેવસૂરિનું છે! વડીલ શ્રી વિજયદેવસૂરિજીએ તથા લઘુ એવા શ્રી વિજયાનંદસૂરિએ, એ પ્રકારના વ્યત્યયે લખાણ કરવું સંભવિત નથી. વળી વિજયદેવસૂરિજીવાળા લખાણમાં જે–'શ્રી સેનસૂરિજી તથા અમે જે સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણ કરવા જે પટા લિખ્યા છે તે સર્વકુણિ પ્રમાણ જાણવા' એમ શરત લખી છે, તે શરત તો એ લખાણની પહેલાં ૩૦ વર્ષથી સર્વજ્ઞશતકને અપ્રમાણ મનાવવા આકાશપાતાલ એક કરી ચૂકેલા અણસૂર પક્ષની વાતને પુષ્ટિ કરતી હોઈને પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી જેવા મૂળ ગચ્છનાયકશ્રીએ તેવી શરત લખવી જ સંભવિત નથી.

ખરી નોંધપાત્ર ઘટનાને સ્થાને ખોટી નોંધપાત્ર ઘટનાનું ગાવું.

આથી સં૦ ૧૬૮૧ ના તે મુનિસંમેલન પ્રસંગે બન્ને ગચ્છનાં મીલનની તે પ્રકારની શરતોનો કાચો મુસદ્દો કોઇક આણસૂરપક્ષીય મુત્સદ્દી મુનિએ મધ્યસ્થ ભાવે ઘડી કાઢયો હોય અને તે મુસદ્દો વિજયદેવસૂરિજીને વંચાવતાં–'પૂ૦ સેનસૂરિજી તથા પોતે જે સર્વજ્ઞશતક ગ્રંથને સદા પ્રમાણ જણાવેલ છે તે ગ્રંથને આ ગચ્છમીલનને બહાને 'આ લોકો અમો (ગુરુ–શિષ્ય) બંનેના પટ્ટાની એ કૃત્રિમ વા। દ્વારા અમો બંનેના નામે અપ્રમાણ લેખાવવાની શેતરંજ ખેલી રહ્યા છે.' એમ પૂ૦ વિજયદેવસૂરિજી મહારાજ સમજી જવા પામ્યા હોય, અને તેના જ પરિણામે તે સંમેલન નિષ્ફળ નીવડયું હોય: એ હિસાબે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ને **'એ પ્રકારની નોંધપાત્ર ઘટનાના જન્મદાતા'** તરીકે ઓળખાવવાને બદલે પોતાના **પ્રસ્તુત ઇતિહાસના ભા૦ ૩ ના પૂ૦ ૭૩૬** ઉપર તે ત્રિપુટીજીએ—

(અનુસંધાન પેજ ૧૨૫ નું ચાલુ)

આગળ જણાવવામાં આવશે તે-પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મ.નો સં૦ ૧૬૮૬ નો પટ્ટક પણ તેને સાદ્યંત અસત્ય જણાવે છે.) અને તે હકીકતથી પ્રસ્તુત ઇતિહાસનો ત્રીજો ભાગ વિ૦ સં૦ ૨૦૨૦ માં પ્રસિદ્ધ કરનાર આ પૂ૦ ત્રિપુટી મ૦, સંપૂર્ણ માહિતગાર હોવાની વાત આ લેખકને અનુભવસિદ્ધ પણ છે; છતાં તેઓશ્રીએ 'શ્રી સર્વજ્ઞશતક'ને અપ્રમાણિક લેખાવવા ધારેલી વાતની પૂર્વ પીઠીકારૂપે (અંતે વાતને પહેલો નંબર આપીને 'હિતોપદેશ' શીર્ષકતળે જણાવેલ ઉદયચંદ્ર ગણિના નામે) તે સંમેલનના ઇતિહાસ તરીકે રજુ કરેલ છે! તેઓને આ કયા પ્રકારનો ઇતિહાસ પ્રેમ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'**અપ્રમાણિક ગ્રંથ**' શીર્ષકતળે જે-"**નોંધપાત્ર** ઘટના એ છે કે-સં. ૧૯૮૧ ના પ્ર ચૈત્ર શુદ ૯ ના દિવસે અમદાવાદમાં આ. વિજયદેવસૂરિ અને આ. વિજયાનંદસૂરિ એક થયા ત્યારે 'સટીક સર્વજ્ઞશતક' ગ્રંથ બંનેની સંમતિથી **અપ્રમાણિક ગ્રંથ** તરીકે જાહેર થયો તે અપ્રમાણિક જ રહ્યો" એ પ્રમાણે આલોચનિકપણે ઉલટું લખ્યું છે! અને તે સાથે [સ્પષ્ટતયા એકપક્ષીય જણાઈ આવતા તે કરારપત્રમાંની તે 'સટીક સર્વજ્ઞ-શતક' ગ્રંથ અંગેની કૃત્રિમ વાતે જ તે સંમેલન નિષ્ફળ નીવડવામાં મુખ્ય ભાગ ભજવ્યો જણાતો હોવ નું પોતે પણ જાણવા છતાં] પોતાના પ્રસ્તુત ઇતિહાસના પેજ ૭૨૭ ઉપર '**પ્રમાણિકતાની છાપ**' શીર્ષકતળે પોતે પ્રસિદ્ધ કરેલી હકીકતથી પણ એ પ્રમાણે બેધડક ઉલટું આલેખન કરનાર ત્રિપુટીજીએ ઉપર જણાવેલી આણસૂરીય પૂ. ઉપા. શ્રી રત્નચંદ્રજી ગણિની અનવસ્થિત વાતોનું અનુસરણ કરવામાં પૂ. ગચ્છનાયક શ્રી વિજય-સેનસૂરિજીની તે જાહેરાતનો પોતાના જ હાથે ભંગ થતો હોવાનો તો લેશમાત્રય ભય અનુભવ્યો જણાતો નથી; પરંતુ એ જાહેરાતના ભંગમાં પૂ સેનસૂરિજી મ૦ની કરાતી આલોચનિક આશાતનાને વિચારવા પણ પોતે થોભેલ નથી!!

પં૦ સિંહવિમલગણિને તે હરોળમાં ગોઠવ્યા! પણ—

આગળ જતાં પૂ. ત્રિપુટીજીએ, પોતાના પ્રસ્તુત ઇતિહાસ ભા. ૩ ના પેજ ૮૧૧ ઉપર-"**આ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૯૭૧ ના અમદાવાદ મુનિ સંમેલનમાં ધર્મ-સાગર ગણિવર (ના જ નહિ; પરંતુ) વગેરેના (એટલે કે-તેમના સમુદાયના અને તેમના પક્ષના તમામ મુનિવરોના પણ) **સમસ્ત ગ્રંથોને** અપ્રમાણિક ઠરાવ્યા, ત્યારે તે સભામાં પં. સિંહવિમલગણિ પણ ગીતાર્થ તરીકે હાજર હતા."

'સાચો ધંટ દેવળે વાગે' તે આનું નામ!

એ પ્રમાણે પૂ. પં. શ્રી સિંહવિમલગણિના નામે વાત તો ખૂબ જ દળદાર લખી નાખી; પરંતુ તે વાતનું સ્થળ શોધીને જણાવવાની વ્યગ્રતામાં તેઓશ્રીના હાથે તે વાતનું સ્થલ તો-(પ્રક. ૫૫ પેજ ૭૨૭)' જ રજુ થઈ જવા પામ્યું છે! કે-જે સ્થળે પોતે જ "**પ્રમાણિકતાની છાપ**" શીર્ષકતળે તે સં૦ ૧૯૭૧ માં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિવરે અમદાવાદમાં મહો. શ્રી ધર્મસાગરજી ગણિવરના 'શ્રી સર્વજ્ઞશતક' આદિ ચાર ગ્રંથોને તે શ્રી સિંહવિમલ ગણિની પણ હાજરીમાં સમસ્ત ગીતાર્થોની સંમતિપૂર્વક પ્રમાણિક તરીકે જાહેર કરેલ હોવાની હકીકતને પ્રસિદ્ધ કરેલ છે!" અંતે 'સાચો ધંટ જ દેવળે વાગે' તે આનું નામ!



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ બનાવ અંગે શ્રી આણસૂરયતિ વળી આમ કહે છે.

'**જૈન સાહિત્ય સંશોધક**' ખંડ પહેલો (ત્રૈમાસિક) અંક ત્રીજો. સં. ૧૯૭૬ જેઠ માસ, સંપાદક-શ્રી જિનવિજય, પરિશિષ્ટ પેજ ૫૬ કોમલ પહેલું—

વીર વંશાવલી અથવા તપગચ્છ પટ્ટાવલી.

[કર્તાનું નામ નથી, રચ્યાનો સં. નથી, લખ્યાનો સં. ૧૯૬૨]

(પ્રસ્તાવનામાં જિનવિજયે જણાવ્યું છે કે-પટ્ટાવલીનો કર્તા કોઇ આણસૂરગચ્છાનુયાયી યતિ જણાય છે. કારણ કે-પટ્ટાવલીમાં વિજયસેનસૂરિ પછીની પરંપરા આપી છે તે તે જ પક્ષની છે.)

"૫૯-તત્પટ્ટે શ્રી વિજયસેનસૂરિ જન્મ સં૦ ૧૬૦૪, દીક્ષા સં૦ ૧૬૧૩, પં.પદ સં૦ ૧૬૨૬ ગચ્છનાયક સં૦ ૧૬૪૬ ૦૦૦૦ એહવઇ સં૦ ૧૬૭૧ વર્ષે અહિમ્મદાવાદીનગરઇ હાજાપાટણિ ચતુરવિધિ સંઘસાક્ષી ઉ૦ [1]ધર્મસાગરઇં (નઇં?) પાંચ બોલનો મિથ્યાદુઃકૃત દીધો। પુનઃ શ્રી સૂરિની આજ્ઞા લહી સમસ્ત ગીતાર્થ મિલિ સર્વજ્ઞશતક ૧, ધર્મતત્વવિચાર ૨, ધવચનપરીક્ષા ૩, ઇરિયાવહીકુલક ૪, પ્રમુખગ્રન્થ...જ્ઞાનકોશિ અહમ્મદાવાદિ, ખંભાયતિ, પાટણિ, ગંધારિ પ્રમુખ નગરઇં થાપ્યા। વિ૦ સં૦ ૧૬૬૯ પત્તનિ ઉ૦ સોમવિજયને સાગર આશ્રિ (**સંભવતઃ-'ઔષ્ટિકમતોત્સૂત્ર દીપિકામાંની-આગમ વ્યવહારિવચોનુયાયિન૦ એ પંક્તિને લઈને**) વાંતસૂરિને સંઘાતઇં વિરોધ હૂઓ। સં૦ ૧૬૭૧ વર્ષે શ્રી ખંભાયતિ પાસિ નાયરગામિ શ્રી વિજયસેનસૂરિ સ્વર્ગ હૂયા। ૬૦ તત્પટ્ટે વિજયતિલકસૂરિ ૦૦૦। ૬૧-તત્પટ્ટે વિજયાનંદસૂરિ।"

પોતાની વાતોને પટ્ટક બનાવવાનો રત્નચંદ્રગણિનો પ્રયાસ.

'**કુમતાહિવિષજાંગુલિમંત્ર**'માં પૂ. મહો. શ્રી રત્નચંદ્રગણિએ, પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજીએ સં. ૧૬૭૧ માં પટ્ટો બનાવ્યો હોવાનું જણાવીને તે પટ્ટામાં લીધેલી કહેવાતી ૫૪ સહિઓ પણ રજુ કરી છે! અને તેમાં પહેલી સહી પૂ. વિજયસેનસૂરિજીના પટોધર પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીની જણાવવામાં આવેલ છે! કે જે જોતાં-સહુ કોઇને [પ્રથમ તકે ખુદ આ લેખકને ભાસેલ તેમ] ઉપલક દૃષ્ટિએ એમ જ ભાસે તેમ છે કે-'તે પટ્ટક, પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ.નો જ છે.' પરંતુ તેમ નથી. તે સહીઓ

નોટ:-૧. "**વીરવંશાવલિ**"માં ઉલ્લેખ છે કે ઉપા૦ નેમસાગર ગણિવરે સં૦ ૧૬૭૧ ના વૈશાખ શુદ ૩ ના દિવસે અમદાવાદમાં હાજા પટેલની પોળમાં ચતુર્વિધ સંઘની વચ્ચે આ૦ વિજયસેનસૂરીશ્વરની પાસે પોતાના પાંચ બોલના પક્ષથી વિરુદ્ધ વર્તન કર્યાનો મિચ્છામિ દુક્કડં આપ્યો." ('જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પેજ ૭૨૭).

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગેરે પણ [સં૦ ૧૬૧૭માં પાટણ ખાતે ખરતરોએ કરેલ ૮૪ ગચ્છોના યતિઓની સહીઓવાળો પટ્ટક તેમના '**સામાચારીશતક**' નામના ગ્રંથમાં રજુ કરવાની કરામત કરેલ હોવાની જેમ જ] પ્રતિપક્ષીય પૂ. મુનિવરોની કરામતરૂપ છે.

તે સં. ૧૬૭૧માં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ.એ અમદાવાદમાં મુનિસંમેલન યોજ્યું હતું, તે સંમેલનની ફુલશ્રુતિરૂપે બનેલી-" ૧-પૂ૦ ઉ૦ શ્રી નેમિસાગરગણિએ મિચ્છામિદુક્કડં આપ્યો અને ૨-પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિના 'શ્રી સર્વજ્ઞશતક સટીક' વગેરે ચાર ગ્રંથોને તે પૂ૦ ગચ્છનાયકે સર્વગીતાર્થોની સંમતિ પૂર્વક પ્રમાણિક ઠરાવ્યા, ' એ બે વાત જેમ ઇતિહાસ પ્રસિદ્ધ છે તેમ તે સાથે તે બે પ્રસિદ્ધ વાતમાંની બીજી વાતનો અપલાપ કરનારો તે પટ્ટક પણ જો બનેલ જ હોત તો તે ત્રીજી વાત પણ ઇતિહાસ પ્રસિદ્ધ જ હોત. પરંતુ તેમ કોઇ પણ સ્થળે જણાતું નથી. અર્થાત્ તે શ્રી રાજનગર શ્રમણ સંમેલનમાં તો શું; પરંતુ અન્ય કોઈ સ્થળેય પ્રતિપક્ષીય મુનિરાજોને સંતોષવાની દૃષ્ટિએ પણ પૂ૦ ગચ્છનાયકે તેવો કોઇ જ પટ્ટક કર્યો હોવાનું ઇતિહાસ જણાવતો નથી. અને તેથી જ તે પૂ૦ રત્નચંદ્રગણિ, પોતાના તે પટ્ટક અંગેના લખાણમાં 'સં. ૧૬૭૧ વર્ષે સર્વજ્ઞશતકમપ્રમાણીચક્રુ' એમ જણાવવા દ્વારા 'શ્રી સર્વજ્ઞશતક'ને અપ્રમાણિક કર્યાનો સંવત્ તો જણાવી શકયા; પરંતુ તે સાથે તે કહેવાતો પટ્ટક બન્યાના માસ-તિથિ-સ્થળ વગેરે તો જણાવી શકેલ જ નથી.

આમ છતાં પણ (પોતાના તે ગ્રંથને જ અપ્રમાણિક લેખાવનારા) તે નિજની લખેલી વાતને વાચકોના દિલમાં પૂ૦ સેનસૂરિજી મ૦ના પટ્ટક તરીકેનો ભાસ આપવારૂપે રજુ કરીને તે વાત પછી તેઓશ્રીએ જે-' खाज्ञोल्लंघनपरं नेमि (सागर) उपाध्याय लब्धि-सागर गणि शिष्यं ' એ લખેલ વાકયથી તે સ્થળે કહેવા ઇચ્છેલી વાત પર્યાપ્ત થતી હોવા છતાં પણ આગળ વધીને જે- ' सर्वज्ञशतककृताशिष्यशिष्यं ' = સર્વજ્ઞશતકના કર્તા ધર્મ-સાગરજીના અશિષ્ય ઉપા૦ લબ્ધિસાગરજીના શિષ્યને એ પ્રકારે " (તે ત્રણેય પૂ૦ શાસન-ધોરી તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ એવા સુવિહિત ઉપાધ્યાયજી મહારાજોની એકી સાથે આશા-તનાકારી) જે ઈર્ષ્યામૂલક અને વધારાની જણાતી વાત લખી છે, તે તો - તે સંમેલનમાં તે ગ્રંથને અપ્રમાણિક ઠરાવતી વખતે તે ગ્રંથના કર્તા મહો૦ શ્રી પ્રતિ પૂ૦ ગચ્છનાયકશ્રી, એવા તો રોષમાં હતા કે-તેમના શિષ્ય ઉપા૦ શ્રી લબ્ધિ સા૦ ને અશિષ્ય માનીને તેમના શિષ્ય ઉ૦ શ્રી નેમિસાગરને-' गच्छान्निष्कास्य सर्वज्ञशतकमप्रमाणीचक्रुः=ગચ્છ બહાર કરવા પૂર્વક 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણિક કર્યો ! ' એ પ્રકારનો સમાજમાં કૃત્રિમ અવાજ પેદા કરવા સારૂ સ્વયં ઊભી કરેલી જ માનવી રહે છે.

કારણકે-'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પૃ૦ ૭૨૭ ઉપર '**વીરવંશાવલી**' માંના ઉલ્લેખાનુસાર " ઉપા૦ નેમિસાગર ગણિવરે, સં. ૧૬૭૧ના વૈ૦ શુ૦ ૩ ના દિવસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમદાવાદ હાજાપટેલની પોળમાં ચતુર્વિધ સંઘની વચ્ચે આ૦ વિજયસેનસૂરીશ્વરજીની પાસે પોતાના પાંચ બોલના પટ્ટની વિરુદ્ધ વર્તન કર્યાનો મિચ્છામિ દુક્કડં આપ્યો. પછી વિજયસેનસૂરિજીએ 'સર્વજ્ઞશતક' ગ્રંથને પ્રામાણિક જાહેર કર્યો" એમ જણાવ્યું; પરંતુ પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રગણિની ઉપર્યુક્ત માસ-તિથિ અને સ્થળ જણાવ્યા વિનાની વાતોની જેમ-'મહો૦ ધર્મસા૦ કૃત સર્વજ્ઞશતક ગ્રંથને તેઓ=તે શિષ્ય પ્રશિષ્યો સાચો કહેતા હતા તેથી તે તેઓશ્રીને ગચ્છબહાર કર્યા પછી સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણિક કર્યો' એમ તો કહ્યું જ નથી.

એ પટ્ટો, શ્રી સેનસૂરિનો નથી; પણ રત્નચંદ્રજી લિખિત રીતિ છે.

તે પછી આગળ જતાં પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રગણિએ જે-'સં૦ ૧૬૭૧ વર્ષે વૈશાખસિતતૃતીયાં શ્રીઅહમ્મદાવાદનગરે વિજયસેનસૂરિભિર્લિખ્યતે' શીર્ષકતળે-આ૦ શ્રી વિજયસેનસૂરિજીનો 'પટ્ટક' લેખાવવાના ભ્રમમાં પાડનારી જે ચાર વાતો લખી છે, તે વાતો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટક તરીકે નથી; પરંતુ-તે ચારેય વાતોને મથાળે તે ઉ૦ શ્રી રત્નચંદ્રજીએ જણાવેલી-'સર્વજ્ઞશતકાપ્રમાણકરણરીતિરપિ લિખ્યતે' એ પંક્તિ મુજબ તેમણે જ તે ગ્રંથને અપ્રમાણિક કેવી રીતે જાહેર કરવો? તેની પોતે લખીને તૈયાર કરેલી રીતિ=મુસદ્દો જણાવેલ છે.

પૂ૦ આ૦ શ્રી આદિનાં ૫૪ મત્તાં પણ કૃત્રિમ જણાય છે.

શ્રી રત્નચંદ્રગણિએ 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણ કરવાની લખીને તૈયાર કરેલી તે રીતિની નીચે તેમણે જે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ આદિનાં મત્તાંયુક્ત ૫૪ વ્યક્તિઓનાં મત્તાં જણાવેલ છે, તે મત્તાં પણ ખરતરીય 'સામાચારીશતક' ગ્રંથગત ૮૪ ગચ્છના યતિઓનાં મત્તાંની જેમ કૃત્રિમ જણાય છે.

કારણકે-" ઉપર જણાવ્યા મુજબ પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રજીએ પૂ૦ ગચ્છનાયક પાસે રજુ કરેલી સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ કરવાની તે રીતિ ઉપર સહીઓ લેવા સાંરૂ પૂ૦ ઉ૦ શ્રી સોમવિ૦ મ૦ અને તેઓશ્રી આદિ પ્રતિસ્પર્દ્ધિ ઉપાધ્યાયજીઓએ, પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી તથા પૂ૦ ઉ૦ શ્રી નેમિસાગરજી આદિ ગીતાર્થો ઉપર શીરજોરી વાપરવા છતાં પણ જ્યારે તેઓએ સહીઓ ન જ આપી હોય ત્યારે વટ ઉપર આવી ગયેલા તે પૂ૦ ઉપાધ્યાયજીઓને પણ તે રીતિ ઉપર યેનકેનાપિ સહીઓ બતાવવાનું કાર્ય આવશ્યક બન્યું હતું; પરંતુ તે કાર્ય મૂળગચ્છમાં તેઓ રહ્યા ત્યાં સુધી બજાવી શકયા નહિ. એટલે સં૦ ૧૬૭૩ માં તેઓએ સ્થાપેલા ભિન્ન ગચ્છમાં રહી તે રીતિ ઉપર ખરતરોના પૂર્વદૃષ્ટાંતે જાતે જ તે ૫૪ સહીઓ ઊભી કરી માનવી રહે છે."

તે ૫૪ સહીઓમાંની પહેલી સહીવાળા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ તો સં૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬૭૩ માં માંડવગઢ મુકામે તેઓશ્રીની સમક્ષ જહાંગીરબાદશાહ પાસે રજુ કરેલી 'ઐતિહાસિકરાસસંગ્રહ' ભા. ૪ માંના '**રાસસાર**' ના પેજ ૭૯ ઉપરની 'બલાદેનં. (સર્વજ્ઞશતક) ગ્રંથમસત્યં જ્ઞાપયતિ' એ સ્પષ્ટ જણાવેલી વાત પણ ખાત્રી આપે છે કે-શ્રી સર્વજ્ઞશતકને અપ્રમાણ કરવાની તે રીતિ નીચે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ ખુદે તો સહી કરી જ નથી.

'સર્વજ્ઞશતક' સાચો ઠર્યાનો વધુ આધાર.

પંડિત દેવવિજયગણિના શિષ્ય પંડિત જિનવિ. ગણિકૃતા-'**સાગરગચ્છીયા**' (૮ પાનાની) **પટ્ટાવલી**' ની અંતે ઉલ્લેખ છે કે-" तत्पट्टें श्रीं राजसागरसूरीश्वर ६२-१६२८ फ़ागण शुदि २ शनिवारें जन्म, ओसवालज्ञातिय शा. देवींदास पिता-कोडिमदे माता-सिंहपुर ग्राम-सवत् १६५१ वर्षें दीक्षा, संवत् १६७२ वर्षें बोल ५ नीं चर्चा चाली 'सर्वज्ञशतक' ग्रंथ साचो कीधो।"

ઉપર્યુક્ત પટ્ટાવલીમાંના-" ૧૬૭૨ વર્ષે બોલ '૫' ની ચર્ચા ચાલી, સર્વજ્ઞશતક ગ્રંથ સાચો કીધો." એ ઉલ્લેખના આધારે આ વસ્તુ ફલિત થાય છે કે-" પૂ૦ ભક્તિસાગરજી ગણિના સં. ૧૬૭૨ ના ચૈત્ર વદિ ૧૪ ના છેલ્લા ઐતિહાસિક પત્ર મુજબ-પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ ગણિએ પોતે છપાવેલા તે પુસ્તક બાબતની પૂ. ભક્તિસાગર ગણિની ફરીયાદને સં. ૧૬૭૨ સુધી કોઈ દાદ જ ન આપી અને બીજી બાજુથી તે સં. ૧૬૭૧ ના મહા માસ લગભગ પૂ. ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજી મ.ની સામે રજુ કરેલી **સર્વજ્ઞશતકને અપ્રમાણ કરવાની શ્રી રત્નચંદ્રજી ગણિએ લખી રાખેલી રીતિને** પૂ. ગચ્છનાયક વિજયસેનસૂરિજીના સ્વર્ગવાસ બાદ તે પૂ. ઉપા. શ્રી સોમવિજયજી મ. આદિ પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયજી મહારાજોએ, [પૂ. હીરગુરુજી પાસે જે પાંચ બોલનો મિચ્છામિદુક્કડં આપ્યો હતો, તે પાંચ બોલની સર્વજ્ઞશતકમાં પ્રરૂપણા કરવામાં આવી છે' ઇત્યાદિ પ્રકારે મોટાના નામે પ્રચાર આદરી દેવા દ્વારા] **પૂ૦ સ્વ૦ ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજી મ૦ના પટ્ટા તરીકે પ્રચારવા માંડી હોય.** એથી તે પ્રચારના મુખ્ય સાધન ભૂત એવા તે કહેવાતા પટ્ટકમાંના મુખ્યત્વે તો **શ્રી સર્વજ્ઞશતકને અપ્રમાણ જણાવેલ**-તે કથન અંગે જ પૂ૦ મહો૦ શ્રી મુક્તિસાગરજી ગણિ આદિએ **સં૦ ૧૬૭૨ માં જાહેર વિરોધ ઉઠાવીને મિચ્છામિ દુક્કડં વાળા તે પાંચ બોલ અને શ્રી સર્વજ્ઞશતક ગ્રંથને તે પ્રતિસ્પર્દ્ધી પૂ૦ ઉપાધ્યાયજીઓની સામે જ શાસ્ત્રાનુસારી ઠરાવી આપવો** પડેલ છે.' આ અંગે એમ સમજાય છે કે-પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોએ, આ ચર્ચા પૂ૦ આ શ્રી વિજયદેવસૂરિજી મ૦ અને મહો૦ શ્રી ...મિસા૦ ગણિવર આદિ અમદાવાદથી વિહાર કરી ગયા પછી તક જોઇને ઉપસ્થિત કરી હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પટ્ટાવલીમાંના અન્ય ઉલ્લેખ તથા 'પટ્ટાવલીસમુચ્ચય' ભા૦૨ પૂરવણી પૃ૦ ૨૭૦ ઉપરનો ઉલ્લેખ આ વાત પણ જણાવે છે કે-તે (પૂ. મહો૦શ્રી નેમિસા૦ ગણિવરના સમર્થ ગીતાર્થ શિષ્ય) પૂ. મહો૦ શ્રી મુક્તિસા મ. ગણિવરને પૂ. ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિજીના વાસક્ષેપથી સં૦ ૧૬૭૯માં વાચકપદ અને સં૦ ૧૬૮૬ના જેઠ શુદિ ૧૪ને શનિવારના દિવસે 'રાજસાગરસૂરિજી' નામ આપવાપૂર્વક આચાર્યપદ અપાયેલ.

અહીં સુધીના ઇતિહાસનો સાર આ જણાય છે કે—

સર્વ ભટ્ટારકોએ, શાસનપ્રાણ ગ્રંથોને નિર્ભયપણે ઉગાર્યા છે!

૧–પૂ. મહો. શ્રી ધર્મસાગરજીએ સં. ૧૬૧૭માં પાટણ મુકામે જે-'તત્વતરંગિણી' અને 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથદ્વારા ખરતરગચ્છીયોની માન્યતાઓને જાહેરસભામાં-'આ૦ શ્રી અભયદેવસૂરિજીને તપગચ્છના ઠરાવવા પૂર્વક' અસત્ય ઠરાવી આપવા વડે શ્રી તપગચ્છનો જે વિજય પ્રાપ્ત કરેલ, તે વિજયના સ્મારકરૂપે તેઓશ્રીએ તે જ સ્થળે અને તે જ વર્ષે **'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા'** નામના અદ્ભૂત ગ્રંથની રચના કરી હતી અને તે ગ્રંથમાં તેમ જ 'તત્ત્વતરંગિણી'માં ઉભેરેલા **'સભ્યાશંકાનિરાકરણવાદ'**માં તેઓશ્રીએ ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથમાંના સાક્ષીપાઠો આપેલ હતા.

ખરતરોથી આ વાત સહન થઈ નહિ એટલે તે બહાને તેઓએ તે પૂ૦ મહો૦ શ્રી પ્રતિ સર્વત્ર વિરોધી વાતાવરણ સર્જીને પ્રચંડ આક્રમણ કરેલ. **આ તકનો લાભ લેવા સારૂ તે આક્રમણમાં પૂ૦ ભ૦ શ્રી વિજયદાનસૂરિતપગચ્છના** (સં. ૧૬૦૮માં આચાર્યપદથી વંચિત રહેલા) શિષ્ય પૂ૦ મહો૦ શ્રી રાજવિમલગણિ વગેરે પણ-'તેમણે તો દાનસૂરિજી મ૦ સાથે પણ વારંવાર ઝઘડા કર્યા છે, સૂરિજીએ તેને એક વાર ગચ્છ બહાર પણ કરેલ હોઇને તેને અંગે સાત બોલ જાહેર કરી તેના કુમતિકુદ્દાલ ગ્રંથને પણ પાણીમાં બોળેલ છે:' ઇત્યાદિ આક્ષેપો કરવા માંડીને–પ્રચ્છન્નતયા સામેલ થયેલ.

આથી આ આક્રમણ અને આક્રમણકારોને ડારવામાં પૂ૦ ભટ્ટારકશ્રી સામે આંતરિક કલેશનો ભય હતો; છતાં તે ભયની પણ પરવા કર્યા સિવાય મહાપ્રતાપી એવા તે **પૂ૦ ભટ્ટારકશ્રી વિજયદાનસૂરિજીએ** સં૦ ૧૬૧૮માં (લખેલી શ્રી તત્ત્વતરંગિણીગ્રંથની પુષ્પિકા દ્વારા) પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજીગણિના તે શાસનની પરંપરાગત સામાચારીના પ્રાણ સમા **'શ્રી તત્ત્વતરંગિણી'** ગ્રંથને તથા **'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા'** ગ્રંથને બેધડક સ્વીકૃતિ આપવા વડે અને તે સ્વીકૃતિ દ્વારા 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથને પણ શાસનમાન્ય ઠરાવી આપેલ. બાદ—

૨–પૂ. મહો૦શ્રી ધર્મસાગરજીગણિવરે સં. ૧૬૨૮માં એ જ 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથમાંના સાક્ષીપાઠો આપીને રચેલા 'કુપક્ષકૌશિકસહસ્રકિરણ' સંજ્ઞક ભગીરથ ગ્રંથ અંગે તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરતરાદિ ૧૦ ગચ્છવાળાઓએ તે મહો૦ શ્રી ઉપર ઉગ્રતર આક્રમણ કરેલ. **એ તકનો લાભ લેવા સારૂ તે આક્રમણમાં વળી પૂ. આ૦ શ્રી વિજયહીરસૂરિતપગચ્છના** તે પૂ૦ મહો૦ શ્રી રાજવિમલગણિ આદિ ઉપરાંત જોડાએલા-(સં. ૧૬૨૮માં પૂ. વિજયસેનસૂરિજીને અપાયેલ આચાર્યપદવીથી નારાજ થએલા એવા) પૂ. ઉપા૦શ્રી સોમવિ. મ૦, પૂ. ઉ૦ શ્રી કીર્તિવિ૦ મ૦, પૂ૦ શ્રી સકલચંદ્રગણિ [કે જેઓ, પૂર્વકથિત પૂ૦ ઉપા૦ શ્રી રાજવિમલજીકૃત આક્ષેપો ઉપરાંત-"તેમના તત્ત્વતરંગિણિણી અને ઉત્સૂત્રકંદકુદ્દાલ એ બંને ગ્રંથોને જલશરણ કરવામાં આવેલ છે. દાનસૂરિજી મ૦ પાસે ખૂબ લાચારી કરવા છતાં પણ તેમને તેઓશ્રીએ બે વર્ષ સુધી તો ગચ્છમાં જ લીધા નહોતા અને તે પછી પણ તેઓશ્રીએ તેમની પાસે માફીપત્રોય લખાવી લીધા છે. તેમણે 'પ્રવચનપરીક્ષા' ગ્રંથમાં સંમતિ લેવા દ્વારા પૂ૦ હીરગુરુજીને પણ છેતર્યા છે!" ઇત્યાદિ આક્ષેપો વર્ષોથી સર્વત્ર પ્રચ્છન્નતયા કરી જ રહ્યા હતા! તેઓ] પણ પ્રચ્છન્નતયા જોડાએલ!

સ્વસમુદાયના આ ધુંધળા વાતાવરણમાં તે અતિપરિણલી આક્રમણને ડારવામાં આ પૂ૦ ભ૦ જગદ્ગુરુ શ્રી હીરગુરુજી સ્હામે પણ આંતરિક કલેશનો પ્રચંડ ભય ઉભો થવા પામ્યો હતો; છતાં તે ભયની તેઓશ્રીએ પણ પરવા કર્યા સિવાય ગુરૂજીના પગલે-"તે ખરતરો આદિ આક્રમણકારોનો જાહેર સભાઓમાં મહો૦ શ્રી ધર્મસા૦ગણિના તે '**કુપક્ષકૌશિકસહસ્રકિરણ**' ગ્રંથના જ આધારે પરાભવ કરો" એ પ્રકારની-આગ્રા જેવા દૂર પ્રદેશમાંથી પણ પોતાના પટ્ટધર આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ને સં. ૧૬૪૨માં પાટણ મુકામે આજ્ઞા ફરમાવી!

અને ગુર્વાજ્ઞાંકિત પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મહારાજે પણ તે ગુર્વાજ્ઞાનુસાર સં. ૧૬૪૨માં પાટણ રાજસભામાં અને સં. ૧૬૪૩માં પોતાના વિદ્વદ્વર શિષ્યો મારફત તે જ '**પ્રવચનપરીક્ષા**' ગ્રંથના આધારે અમદાવાદ મુકામે ખરતરો આદિનો તેઓના જ પક્ષના સુબાની રાજસભામાં સજ્જડ પરાભવ કરીને તે ગ્રંથનો તો તે મુસ્લીમ સુબાએ આપેલી રાજ્ય સામગ્રી સહિત હાથીની અંબાડીએ દબદબાભર્યો વરઘોડો ચઢાવવા પૂર્વક તે વિજયવંત ગ્રંથના ઘેર ઘેર દર્શન કરાવવા વડે તે ગ્રંથનો વિરોધ કરનારા ખરતરીય સાધુ અને શ્રાવકો આદિના દેખતાં જ પૂ. મહો૦ શ્રી ધર્મસા૦ ગણિ પ્રવરના તે **શ્રી તપાગચ્છને જ સાચો ઠરાવનારા 'શ્રી પ્રવચનપરીક્ષા' ગ્રંથને નગારાની ચોટે ગાજતેવાજતે અમરપદ આપેલ છે:** આથી તો-

૩-આ પૂ૦ ત્રીજા ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિજી મહારાજ સામે અતીવ રોષે ભરાયેલા ધરના જ તે પૂ૦ વિરોધી શ્રમણ ભગવંતોએ ઉક્ત પૂ૦ ભ૦ શ્રી હીરગુરૂજી મ૦ ના સીધા પટ્ટધર તરીકે શ્રી વિજયસેનસૂરિજીને બદલે બીજા જ આચાર્ય સ્થાપવાની છન્નાછન્નપણે જોરદાર હીલચાલ ઉપાડેલ! પરંતુ તેઓશ્રીની તે પૂ૦ ભ૦ શ્રી પ્રતિની તે પ્રકારની વિરોધી હીલચાલને પૂ૦ મહો૦ શ્રી ધર્મ સા૦ ગણિવરે આબાદ પામી જઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સં૦ ૧૬૪૮માં પોતે રચેલી 'સ્વોપજ્ઞ તપગચ્છપટ્ટાવલી'માં પૂ૦ જગદ્ગુરુની પાટે (કુનેહથી તે વિરોધી શ્રમણ ભગવંતોના અગ્રેસર પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિની પણ સહી કરાવી લેવા પૂર્વક) 'વિજયસેનસૂરિજી' ને જ પટ્ટધર લેખાવવા દ્વારા તે હીલચાલને સદાને માટે વંધ્યત્વ સમર્પ્યું!

ત્યારબાદ શાસન અને સમુદાય હિતવત્સલ એવા તે પ્રભુશાસનરસિક પૂ૦ મહો૦ શ્રી ધર્મ સા૦ ગણિવરે સં૦ ૧૬૫૦માં 'શ્રી સર્વજ્ઞશતક' નામના અભૂતપૂર્વ ગ્રંથની રચના કરી. તદનંતર સં. ૧૬૫૨માં પૂ૦ હીરગુરુજીએ અને સં. ૧૬૫૩માં મહો૦ શ્રી ધર્મસાગરજીએ સ્વર્ગગમન કર્યું. તે પૂ૦ ઉ૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ વિરોધી પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોએ, તે ભવ્યતમ ગ્રંથને પણ પૂર્વોક્ત આક્ષેપો ઉપરાંત—"તેમણે તે ગ્રંથમાં હીર-જૈસંગને મિથ્યાત્વી કહ્યા છે, પૂ૦ સેનસૂરિજીએ તો તેમના શિષ્ય ઉ૦ લબ્ધિ સા૦—નેમિસા૦ અને મુક્તિસા૦ના ઉપાધ્યાયપદ પણ ખેંચી લઈને ગચ્છ બહાર કર્યા છે." ઇત્યાદિ વધુ કલ્પિત આક્ષેપો કરવાપૂર્વક સમાજમાં વિવિધ પ્રકારનો પ્રચાર દ્વારા અપ્રમાણ લેખાવવા માંડ્યો અને તે અંગેનો ઝઘડો તો તે પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટધર આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ ઉપર પણ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦નાં સમર્થ ગીતાર્થ પ્રવર એવા વિદ્વાન્ પ્રશિષ્યો પૂ૦ મહો૦ શ્રી નેમિસાગરજી, શ્રી ભક્તિસાગરજી, શ્રી મુક્તિસાગરજી આદિ મહર્ષિપુંગવોના તેઓ પક્ષકાર હોવાનો આરોપ મૂકવાપૂર્વક પૂ૦ આ૦ શ્રી સેનસૂરિજી મ૦ની નજર સન્મુખ વર્ષો સુધી ચાલું રાખેલ!

છેવટે તે 'શ્રી સર્વજ્ઞશતક' ગ્રંથને આ ત્રીજા ભટ્ટારક શ્રી સેનસૂરિજી મ૦ના શ્રીમુખે 'અપ્રમાણિક' કહેવડાવવા સારૂ તે પૂ૦ ઉપાધ્યાયજી વર્ગે સં. ૧૬૭૧ના મહામાસ લગભગમાં જૂથબંધીરૂપે એકત્ર મળીને પૂ૦ ભટ્ટા૦શ્રીની સામે અમદાવાદ મુકામે આવીને પણ આક્રમણ કરેલ! પરંતુ તે સંભવિત આક્રમણનું પરિણામ, પૂ૦ ભટ્ટા. શ્રી વિજયસેનસૂરિજીએ-તેઓશ્રીને તે જ અમદાવાદમાં તે જ વર્ષે વૈ શુ. ૩ના દિવસે સંમેલન ભરીને સર્વગીતાર્થોની સંમતિપૂર્વક એ લાવી આવી આપ્યું કે—"તેઓ તે સમયે તો મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ ગણિવરના તે 'શ્રી સર્વજ્ઞશતક' સંજ્ઞક એક જ ગ્રંથને અપ્રમાણ કરાવવા માંગતા હતા; પરંતુ તે પહેલાં તો તે પૂ૦ વિરોધી ઉપાધ્યાયજી મહારાજોએ જે પૂ૦ હીરગુરૂજીએ માન્યતા આપેલા તે મહો૦શ્રીના 'શ્રી પ્રવચનપરીક્ષા' ગ્રંથને પણ અપ્રમાણ કરાવવા સારૂ આકાશપાતાલ એક કરવાની હદે ઝુંબેશ ઉઠાવેલ હતી તે ઝુંબેશને પણ અપ્રમાણિક બતાવી આપવારૂપે 'પ્રવચનપરીક્ષા' ગ્રંથસહિત તે પૂ૦ મહો૦જીના બીજા પણ બે વધુ ગ્રંથોને પ્રામાણિક તરીકે સર્વ ગીતાર્થોના હાથે જાહેર કરાવીને પોતે પૃથક્ પૃથક્ શહેરોના સંઘના જ્ઞાનભંડારોમાં સ્વયં સ્થપાવી દીધા!"

એ પ્રકારે શાસન વત્સલ એ આ ત્રીજા ભટ્ટારક પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજશ્રીએ પણ તે પૂ૦ શાસનપ્રાણ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરના તે શાસન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માન્ય 'શ્રી સર્વજ્ઞશતક-સટીક' ગ્રંથને-પોતાની નજર સામેના વિરોધીઓના ઉક્તપ્રકારના સંગઠિત એવા કરડા આક્રમણનો પણ ભય સર્વથા તજી દઈને શાસનની જ વફાદારીસૂચક અમરપદ સમર્પ્યું છે!

તેને તો પૂર્વગ્રહબદ્ધ દ્વેષનું પ્રતીક જ લેખવું રહે

પૂર્વે જણાવ્યા પ્રમાણે પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના-'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પૃ. ૭૨૬ ઉપર-[જે કરારપત્રમાં નહિ બનેલા બે પટ્ટાને બનેલા તરીકે લેખાવવાના થયેલા સંયુક્ત લખાણને અંગે સં. ૧૬૮૧નું તે રાજનગરનું સંઘસંમેલન, તે પ્રસંગના તે બંને આચાર્યોના આગળપાછળના બંને કરારપત્રોની નીચે બંને આચાર્યોની સંયુક્ત સહી નહિ થવા પામવાથી નિષ્ફળ ગયું, ત્યારે તે-'શ્રી સર્વજ્ઞશતક'ને અપ્રમાણ કહેવામાં બનાવટી ઠરતું કરારનામું તો-તેની સાથે જ નિષ્કામ ઠર્યું હોવાનું જાણવા છતાં તે રદબાતલ થએલા કરારપત્રમાંની તે સંમેલનને જ નિષ્ફલ બનાવનારી-"તથા ભ૦ શ્રી વિજયસેનસૂરિ તથા અમ્હે જે સર્વજ્ઞશતકગ્રંથ અપ્રમાણ કરવા બાબતિ જે પટા લિખ્યા છઈં" એ વાતમંની માત્ર **'સર્વજ્ઞશતકગ્રંથ અપ્રમાણ'** એટલી જ પંક્તિ ઉપાડીને તેનો] **સટીક સર્વજ્ઞશતકગ્રંથ બંનેની સંમતિથી અપ્રમાણિક ગ્રંથ તરીકે જાહેર થયો તે અપ્રમાણિક જ રહ્યો.'** એ પ્રમાણે પદરનો ભાવ રજુ કર્યો! અને તે ધર્મગ્રંથુ ભાવમાં તેઓશ્રીએ **બંનેની સંમતિથી અપ્રમાણિક જાહેર થયો'** એ મુજબની નહિ જ બનેલી વાતને પદરની ઉમેરવાપૂર્વક કૂટ અર્થ પ્રસિદ્ધ કરેલ છે તે પૂર્વગ્રહબદ્ધ દ્વેષ મૂલક છે.

નિષ્ફળ નીવડેલા તે શ્રમણસંમેલનના નકામા લેખાતા તે કરારપત્રમાંની પહેલી-'સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણ' જ્ઞાપક વાતને તે કરારપત્રમાં પૂ૦ ભ૦ શ્રી વિજયસૂરિજીના નામે જણાવાએલ તો છે; પરંતુ તેઓશ્રીના નામે જણાવાએલ તે પૂ૦ ત્રિપુટીજીએ પણ જો સાચી જ માની હોત તો પુનઃ એ જ પૂ૦ ત્રિપુટી મહારાજે 'જૈન પરં૦ ઇતિહાસ' ભા૦ ૩ના પૃ૦ ૭૨૭ ઉપર **'પ્રમાણિકતાની છાપ'** શીર્ષકતળે જણાવ્યા મુજબ તે સં૦ ૧૬૮૧ના કરારપત્રમાં તે પૂ૦ સેનસૂરિજી મ૦ના નામે ગવાએલી તે નકામા કરારપત્રમાંની વાતને પોતે જ સ્પષ્ટતયા બેવજુદ લખાવેલ છે! તે પોતાના જ હાથે બનવા ન જ પામ્યું હોત.

આ સ્થિતિમાં તે કરારપત્રમાં પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના નામે પણ જણાવાતી તે જ પ્રકારની બીજી વાત તો સ્વયં બેવજુદ ઠરે છે, એટલું જ નહિ; પરંતુ તે પૂ૦ વિજયદેવસૂરિજી મહારાજે પણ પૂર્વનાં પોતાનાં ત્રણેય પૂજ્ય ભટ્ટારકોના પગલે જ ચાલીને વિરોધીયર્ગના ઉગ્ર વિરોધીની પરવા કર્યા સિવાય પૂ૦ મહો૦શ્રીના તે સર્વજ્ઞશતક ગ્રંથગત માન્યતાઓને પણ અમરત્વ જ સમર્પેલું છે, તે આગળ જણાવવામાં આવતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦શ્રીના પોતાના પટ્ટકથી વાચકોના ખ્યાલમાં પણ સ્પષ્ટ આવે તેમ છે.

એ વસ્તુ હકીકતે એમ જ હોવાનું જાણવા છતાં પણ પૂ૦ ત્રિપુટીજીએ, પોતાના તે ઇતિહાસમાં ઉપર્યુક્ત પ્રકારનો **જે ફૂટ ભાવાર્થ પ્રસિદ્ધ કરેલ છે તે** [પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ની શ્રી સર્વજ્ઞશતક ગ્રંથને પ્રામાણિક તરીકે જાહેર કરનારી વાત. જેઓશ્રીને શલ્ય સમી બની હતી તે પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રજી ગણિ આદિએ તે જ સં. ૧૬૭૧માં અમદાવાદ મુકામે એ જ પૂ૦ ભટ્ટારકશ્રીની સામે લખીને રજુ કરેલી '**સર્વજ્ઞ-શતકને અપ્રમાણિક કરવાની રીતિ**' ને જ તે પૂ૦ ભટ્ટારકશ્રીની સ્વર્ધામ પહોંચ્યાના સં૦ ૧૬૭૨ પછીથી સમાજમાં તે પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના પટ્ટકને નામે લેખાવવા માંડીને] તે કૃત્રિમ પટકને નામે સમાજમાં તે શ્રી સર્વજ્ઞશતકને અપ્રમાણિક લેખાવવાની અને એ સાથે તે પૂ૦ સેનસૂરિજી મ૦ના પટ્ટધર **આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ને પણ તેવી માન્યતાવાળા લેખાવવાની કરેલ ચાલબાજીના અનુસરણની ખ્યાપક છે.**

તેઓએ તે ફૂટ અનુસરણના કરેલા શ્રી ગણેશ !

પૂ૦ ત્રિપુટીજીએ પોતાની ઉપર્યુક્ત '**સટીક સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણિક જાહેર થયો તે અપ્રમાણિક જ રહ્યો**' એ કપોલકલ્પિત વાકયને સત્યમાં ખપાવવા સારૂ તે વાતની નીચે પોતાના તે ઇતિહાસના પૃ૦ ૭૩૬ ઉપર તેઓશ્રી લખે છે કે– "ભ૦ વિજયદેવસૂરિએ ગંભીર વિચારણા કરી તે (સર્વજ્ઞશતક) ગ્રંથના આધારે આ૦ સોમતિલકસૂરિ, જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ [૧]વગેરે પૂર્વાચાર્યોનું અપમાન થાય છે એ [૨]જાણી લીધું. માટે જ તેને [૩]મનથી અપ્રમાણિક માન્યો હતો અને અપ્રમાણિક [૪]ઠરાવ્યો હતો. હવે તો તેને [૫]પ્રમાણિક ગ્રંથ તરીકે જાહેર કરે તેમ હતું જ નહિ; પરંતુ સાગરશાખાના મુનિવરોની ભાવના હતી કે–ભ૦ વિજયદેવસૂરિની પાસે 'સર્વજ્ઞ-શતક'ને પ્રમાણિક જાહેર કરાવી લેવા એટલે તેઓએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા."

એ પ્રમાણે પૂ૦ ત્રિપુટીજીએ, [આ પૂર્વે કોઈપણ સ્થલે નહિ લખેલ હોવાના કારણે કલ્પિત જણાતું] જે લખાણ કર્યું છે, તે લખાણગત શેતરંજની નંબરવાર સમાલોચના :—

(૧)–શ્રી સર્વજ્ઞશતક ગ્રંથનો રચનાકાલ પ્રાયઃ સં૦ ૧૬૫૦ છે, અને પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ની આચાર્યપદવીનો કાલ સં૦ ૧૬૨૮ છે અને 'વગેરે' શબ્દથી ગણાવેલ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ની આચાર્યપદવીનો સં૦ ૧૬૫૬ છે. આમ છતાં પૂ૦ ત્રિપુટીજીએ, સં૦ ૧૬૫૦માં રચાવા પામેલા તે ગ્રંથમાં જે તે બંને આચાર્યોને પૂર્વાચાર્ય તરીકે લેખાવેલ છે તે નિજની ઉપર્યુક્ત ફૂટ વાતને સત્યમાં ખપાવવા અંગેની શેતરંજ સ્વરૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)–સં૦ ૧૬૭૧ માં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીએ તે ગ્રંથને રાજનગર શ્રમણ સંઘગત સમસ્ત ગીતાર્થોની સંમતિપૂર્વક પ્રમાણિક જાહેર કર્યો, ત્યારથી પ્રારંભીને તેઓશ્રીના સં૦ ૧૬૭૧ ના સ્વર્ગવાસ સુધી ઉપર જણાવેલ છે તે મુજબ પૂ૦ સેનસૂરિજી મ૦ના પટ્ટકના કૂટ ઓઠે તે ગ્રંથને તેઓશ્રીના નામે જેઓ 'અપ્રમાણ' લેખાવી શકેલ નથી તે પૂ૦ પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયવર્ગની સામે પૂ૦ ઉપા૦ શ્રી મુક્તિસાગરજી ગણિવરે તે ગ્રંથને જાહેર રીતે પ્રમાણિક ઠરાવેલ હોવાનું જણાવતી સં૦ ૧૬૭૨ ની (પટ્ટાવલી-ગત) હકીકત સુધી અને **સં૦ ૧૬૭૩ માં માંડવગઢ મુકામે જહાંગીર બાદશાહની સામે** પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજીએ પોતે જ તે ગ્રંથને સાચો ઠરાવી આપેલ હોવાની ઇતિહાસ પ્રસિદ્ધ વાત સુધી તો પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ, તે ગ્રંથમાં એવા કોઇ પૂર્વાચાર્યનું અપમાન થતું હોવાનું જાણ્યું જ નથી. એ વાત સર્વજનપ્રસિદ્ધ હોવા છતાં પૂ૦ ત્રિપુટીજી મ૦, તે પૂ૦ ભટ્ટારકશ્રીના નામે–'**તેઓશ્રીને તે ગ્રંથના આધારે પૂર્વાચાર્યોનું અપમાન થતું હોવાનું જાણી લીધું**' એમ લખી નાખ્યું છે તો તે કયારે જાણી લીધું? એ તો તેઓ જણાવી શકે તેમ નહિ જ હોવાથી તેઓને '**તેઓ પણ તે ગ્રંથને અપ્રમાણ માનતા હતા.**' એ પ્રમાણે જે મનસ્વી વાત ઉભી કરવી પડેલ છે તેને સત્યમાં ખપાવવા સારૂં અત્ર સંવત્ જણાવ્યા વિનાનું કેવળ '**જાણી લીધું**' એમ જણાવવું પડેલ હોવાથી તે પણ ભદ્રિકજનોને ભરમાવવાની શેતરજસ્વરૂપ છે.

(૩)–સં૦ ૧૬૮૧ ના રાજનગર શ્રમણસંમેલન અંગેનો '**આ૦ શ્રી વિજયસેનસૂરિજી તથા અમ્હે સર્વજ્ઞશતકને અપ્રમાણ કરવા બાબતિ પટા લિખ્યા છઇ.**' એ બંને પક્ષના આચાર્યોના સમાધાનના બ્હાને કોઈ ડોળઘાલુ મધ્યસ્થે લખેલી જણાતી મનસ્વી બીનાવાળો કરારપત્ર રદ્દ થયા પછી કવિ દર્શનવિ૦એ, સં. ૧૬૯૭માં પૂરા કરેલા '**વિજયતિલકસૂરિરાસ**'માંના બીજા અધિકારની "હીર જેસિંગે જે પટ લિખ્યા છઇ, માનઇ નહી તે દુરિ; વાચક પંડિતપદ સવેજી, તે સાખદિ ભરપૂરિ,—વા૦ ॥ ૫૮ ॥ રાગદ્વેષ નહિ રાખવાજી, વદન ગચ્છમર્યાદિ; વિજયદેવસૂરિં નિજ કરિંજી, લિખી સંઘ આપિઉં આદિ....વા૦ ॥ ૫૯ ॥ વિજયાનંદસૂરિ લિખિઉંજી, જિહાં એ લિખિત મનાય, ગુરૂવયણાં લોપઇ નહીંજી, તો તુમ આણ પલાય....વા૦ ॥ ૬૦ ॥" એ કડીઓ મુજબ બંને આચાર્યોના હાથે થએલા કહેવાતા લખાણમાંના–સેનસૂરિજી તથા અમ્હે +++ પટા લિખ્યાં છઈ' એ વાત મૂળ-**હીર જેસિંગે જે પટા લિખ્યા છઇ** એ રજુ થયેલી વાતથી ઉલટી વાત રજુ થતી હોવાથી બંને આચાર્યોને સ્વીકાર્ય ન બની એટલે જ નિષ્ફળ ગએલું પણ તે સંમેલન, [**'જૈન પરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ પૃ૦ ૭૩૫ ના 'તે પછી બીજીવાર એકતા માટે (પુનઃ મેળવવા) પ્રયત્ન થયો, પણ (અને) ભાવિભાવરૂપે સંવેદ્ય જાણવા કામ ચલાઉ એકતા પણ થઇ.' અંતિમ લખાણ મુજબ] પુનઃ સફળ થવા પામ્યું: આ સંબંધમાં—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિ૦ મહારાજ '**ઐતિહાસિક રાસસંગ્રહ**' ભા૦ ૪ માંના '**નિરીક્ષણ**' શીર્ષકતળે પૃ૦ ૩૫ ઉપર એ જ વાતને પુષ્ટિ આપતા લખાણ દ્વારા જણાવે છે કે—"**૧૬૮૧માં વિજયાનંદસૂરિ સાથે વિજયદેવસૂરિનો મેળ થયો હતો, પણ સં. ૧૬૮૫માં તે બંને જુદા પડયા.** એટલે આણંદસૂરગચ્છ અને દેવસૂરગચ્છ એમ બે શાખાઓ ચાલી અને સં. ૧૬૮૫માં સાગરોથી વિજયદેવસૂરિ જુદા પડતાં સં. ૧૬૮૫માં શાંતિદાસ શેઠે સાગરમત ચલાવ્યો."

આ વાતમાં પૂ૦ શ્રી વિદ્યાવિ૦ મહારાજે જે—'**સં૦ ૧૬૮૫માં તે બંને આચાર્યો જુદા પડયા, તે જ વર્ષે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી સાગરોથી પણ જુદા પડયા**' એ મુજબની વાત જણાવી છે તે (સં. ૧૬૭૭ની 'કુમતાહિવિષનાંગુલી મંત્ર'માંની સં૦ ૧૬૮૨ની બીજી પ્રશસ્તિમાં પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્ર ગણિવરે 'આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ ઉ૦ શ્રી મુક્તિસાગરજીનું ઉપાધ્યાયપદ ખેંચી લઇને તેમને સમુદાય બહાર કર્યા અને તે જ વર્ષે સાગર કુમત પ્રવર્ત્યો.' એ પ્રમાણે કપોલકલ્પિત કરેલા લખાણની જેમ) કોઇ વિઘ્નસંતોષીના પ્રચારમાં તથ્ય માનીને જણાવેલી લાગે છે. અન્યથા આગળ જણાવાશે તેમ ખુદ ગચ્છનાયક પૂ૦ વિજયદેવસૂરિજી મહારાજ પોતે જ સં. ૧૬૮૬ના પોતાના પદકમાં પૂ૦ સાગરમહર્ષીઓની સમસ્ત માન્યતાઓને શાસ્ત્રાનુસારી તરીકે અપનાવે છે તે સંભવે જ શી રીતે? તેમ પૂ૦ ત્રિપુટીજીએ પણ–(જીવનભર પૂ૦ સાગર ગીતાર્થોની જ પ્રરૂપણાઓને શાસ્ત્ર અને પરંપરા શુદ્ધ માનનાર તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ એવા તે મહા પ્રભાવક) 'પૂ૦ ભટ્ટારક આ૦ શ્રી વિજયદેવસૂરિજીમ૦ પણ તે ગ્રંથને અપ્રમાણ માનતા હતા' એમ તેઓશ્રીને નામે પોતે જ ઉભી કરલી વાતને સાચી વાત તરીકે લેખાવવા સારૂ અહિં 'તે (ગ્રંથ) ને (તેઓશ્રી) મનથી અપ્રમાણિક માન્યો હતો.' એમ જણાવનારું તર્કટ ખડું કર્યું છે! અને તે તર્કટ દ્વારા તેઓશ્રીના મનની તે પ્રકારની વાત પોતે જાણી લીધેલ હોવાનો જે ભાસ ઉભો કરેલ છે તે પણ ગેબી શેતરંજ રૂપ જ છે.

(૪)–તે સં. ૧૬૮૧નું સંમેલન જ નિષ્ફળ ગયું હોઇને તે ગ્રંથને શ્રી વિજયદેવસૂરિજીએ તો શું? પરંતુ આણસૂરગચ્છવાળા પણ કોઇએ તે ગ્રંથને અપ્રમાણ ઠરાવવો શકય જ નહોતો, ત્યાં તે શ્રી સર્વજ્ઞશતકને આજીવન અક્ષરશઃ સત્ય અને પ્રમાણિક માનનારા તે પૂ૦ ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિજી મહારાજના નામે પૂ૦ ત્રિપુટીજીએ જે–**તેઓએ તે ગ્રંથને અપ્રમાણિક ઠરાવ્યો હતો** એવો તે પૂ૦ ગચ્છાધિપતિશ્રી ઉપર પણ કલ્પિત આક્ષેપાત્મક પ્રહાર કરતાં સંકોચ રાખેલ નથી તે પણ પોતાના ઉપર્યુક્ત કૂટ વાતને યેન કેનાપિ સત્ય લેખાવવાની શેતરંજ રૂપ છે.

(૫) પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજીએ, સં. ૧૬૭૧ના રાજનગર શ્રમણ સંમેલનમાં


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ગ્રંથને સર્વાનુમતે પ્રમાણિક જાહેર કર્યા પછીથી થયેલા તેઓશ્રીના અકાલ સ્વર્ગવાસ સં. ૧૬૭૧થી તેઓના કહેવાતા પટ્ટકને નામે તે ગ્રંથને 'અપ્રમાણિક' લેખાવવા માંડેલ પૂ. પ્રતિસ્પર્દ્ધિ ઉપાધ્યાયજી મહારાજે આદિને (આ લેખક તરફથી સં. ૨૦૧૧માં પ્રસિદ્ધ થયેલ કુમતાહિવિષજાંગુલિમંત્રતિમિરતરણિ ગ્રંથના પૃ. ૧૧ ની પહેલી પુંઠીની પંક્તિ ૨ થી ૬ સુધીમાં જણાવ્યા મુજબ) પૂ. મહો. શ્રી મુક્તિસાગરજીગણિવરે તે જ સં ૧૬૭૨ થી પડકાર આપીને **શ્રીસર્વજ્ઞશતક ગ્રંથને** પુનરપિ તે તે વિરોધી પૂજ્ય શ્રમણોની સમક્ષ જાહેર રીતે **પ્રમાણિક ગ્રંથ** તરીકે સ્થાપ્યા બાદ તો સં. ૧૬૮૧ સુધી સમાજમાં એક પણ વ્યક્તિ તે ગ્રંથને અપ્રમાણિક કહેવા બહાર આવી શકેલ નહિ હોવાનું ઇતિહાસ જણાવે છે. **એ જોતાં એ સંબંધમાં વર્ષો સુધી ચૂમાઇને મૂક બેસી જવા પામેલ જણાતાં તે વિરોધી વર્ગને તે ગ્રંથ અંગે પૂ૦ ભ૦ શ્રી સેનસૂરિજી મ૦ના નામે ભવિષ્યમાં પણ અપલાપ કરવાની તક ન રહેવા પામે એ દીર્ઘદૃષ્ટિથી પૂ૦ ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મહારાજે તે પ્રશાંત વાતાવરણમાં તે સર્વજ્ઞશતક ગ્રંથને અને તદંતર્ગત માન્યતાઓને પ્રમાણિક લેખાવનારો એક ઐતિહાસિક પટ્ટક લખ્યો.** એ પટકને પણ પ્રસંગોપાત નિહ્નવવાની શેતરંજ રૂપ છે. સિવાય જેઓશ્રી, પોતાના ગુરુવરે જે ગ્રંથને પ્રમાણિક તરીકે શ્રી શ્રમણસંઘ વચ્ચે જાહેર કરેલ છે તે ગ્રંથને તો તે પહેલેથી જ પ્રમાણિક માનતા આવેલ હોવાની બીના પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે, એવા તે પૂ ભ શ્રી વિજયદેવસૂરિજીએ તે ગ્રંથને અપ્રમાણિક તરીકે જાહેર કરવાની કલ્પનાને પણ સ્થાન જ કયાં છે?

(૬)–સાગરમુનિવરોએ તો પૂ. વિજયદાનસૂરિજી મ, પૂ. વિજયહીરસૂરિજી મ અને પૂ. વિજયસેનસૂરિજી મ.ની જેમ આ પૂ. ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મ૦ની પણ [પ્રતિસ્પર્દ્ધિ મહાત્માઓને સં. ૧૬૭૩ માં જહાંગીર બાદશાહની સમક્ષ પણ તેઓશ્રીની જમણી ભૂજા બનીને આપેલી પ્રખર શાસ્ત્રીય લડતની જેમ] તેઓશ્રીના સંતાનીયાપણે જ આજીવન વફાદારી ધરાવેલ હોવાથી તેમજ આ પૂ. વિજયદેવસૂરિજી મ૦ પણ મુખ્યત્વે તે પ્રભુશાસનના અજોડ અંગસમા પૂ. સાગરમુનિવરોથી જ શાસન અને ગચ્છની શોભા માનનાર તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ હોવાથી [સં. ૧૬૭૨ થી ૧૬૮૧ સુધી વિરોધીઓને એકલે હાથે રથંભાવી દેનારા એ] સમર્થ ગીતાર્થપ્રવર પૂ. મહો. શ્રી મુક્તિસાગર ગણિવર આદિ સમર્થ સાગરમુનિવરોએ તે ગ્રંથને પ્રમાણિક તરીકે જાહેર કરાવવાના પ્રયત્નો ચાલુ રાખવા માટે પૂ. ભટ્ટારકશ્રી પાસે જવું રહેતું જ નથી, એ વાત જાણવા છતાં પૂ ત્રિપુટીજીએ એવું એવું જે કલ્પિત ઉપજાવી કાઢીને લખ્યું છે તે પણ પૂ. ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજીએ બનાવેલા ઐતિહાસિક પટ્ટકને પ્રસંગોપાત નિહ્નવવા માટેની શેતરંજરૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ રહ્યો તે 'શ્રી સર્વજ્ઞશતક ગ્રંથ' પ્રતિના અપલાપને નિરર્થક લેખાવવા સારૂ પૂ૦ ગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિજીએ કરેલ પટ્ટક.



॥ ૬૦ ॥ संवत् ૧૬૮૬ वर्षे श्री राजनग [रे ज्ये. शु. ૧૩] शुक्रे श्री विजयदेवसूरिभिः सपरिकर...[रैलिंर व्यंते] ।

૧. अपरं केवलीना योगथी जीवविराधना सर्वथा...[न हु] इ. श्री ठाणांग भगवतीसूत्र प्रमुख समस्तग्रंथनी मेंलइं ए प्रथम बोल ॥

૨. तथा भगवतीसूत्र प्रमुख समस्तग्रंथनइं अनुसारइं जमालिनइं अनंता भव कहीइं ॥ द्वितीय बोल ૨ ॥

૩. तथा मरीचिइं कविला इत्थंपि इहयंपि ए कविला दुर्भीषित कहीइं पणि सर्वथा उत्सूत्र न कहइ. श्री आवश्यक निर्युक्ति प्रमुख ग्रंथनी मेंलइ त्रतीय बोल ॥

૪. तथा उत्सूत्रभाषी अणआलोइं अणपडिक्कमइ काल करइ तेहनइं नियमा अनंत संसार होइ, पणि असंख्यातओ तथा संख्यात नही गच्छाचार प्रमुखग्रंथनी मेंलइ चतुर्थबोल छः ॥

૫. तथा मार्गानुसारी धर्मकर्त्तव्य अनुमोदवा जोग्य हुइं अन्यथा न हुइं पंचाशक ग्रंथनी मेलइं ॥ पंचम बोल ॥ ૫

૬. तथा बृहत्कल्पादिक ग्रंथनइं अनुसारिं मिथ्यादष्टिग्रहीत चैत्य अवंदनीक हुइ, एहथी अन्यथा प्ररूपइं ते उत्सूत्रभाषी जाणीइं छइ सहीइ षष्टम बोल ६ ॥

૭. तथा मांसभक्षण करइ तेहनइं सम्यक्त्व न रहइं । सप्तम बोल ૭ ॥ श्रीरस्तु ॥ शुभं भवतु ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે અંગેના મહત્વના તત્કાલીન ઉલ્લેખો.

નોંધ નં. ૧–પંડિત શ્રી દેવવિજયજી ગણિ શિષ્ય પંડિત શ્રી જિનવિજયજી કૃત '**સાગરગચ્છીય પટ્ટાવલી**' ના અંતભાગમાંના '૧૬૪૦ (૮૬) વર્ષે જ્યેષ્ટમાસે શુકલપક્ષે ૧૪ શનિવારે આચાર્યપદ દીધું' એ ઉલ્લેખમાં અનેક ઇતિહાસકારોએ પ્રચારેલી–'શ્રી શાંતિદાસ શેઠે ઉપાધ્યાયશ્રી મુક્તિસાગરજી ગણિને **આચાર્ય શ્રી દેવસૂરિજીના વાસક્ષેપથી** આચાર્યપદ આપ્યું.' એ વાતની તો ગંધ સરખીયે નથી; પરંતુ તેમાં 'પૂ૦ ઉપા૦જીને આચાર્યપદ કોણે આપ્યું?' તે પણ જણાવેલ નથી! જ્યારે—

અજ્ઞાતકર્તૃકનામા વિદ્વદ્વર્ય રચિતા ૧૨ પાનાની '**સાગરગચ્છ પટ્ટાવલી**' ના નવમા પત્રમાં–"વરસટ્ઠિતમે પટ્ટે પંભાવગં સાસણસ્સ સિવહેउं। સિરિરાયસાયરગુરું સૂરિપહાણં સયા વંદે ॥૨૧॥ સુવિહિયસામાયારી પવત્તિયા જેણ ધીરપુરિસેણ। ચરણકરણઠિએણં સુસત્થજુત્તીહિં મુણિવइણા ॥૨૨॥ ઉસ્સુત્ત ભાસગાણં વાઓ એગંતિઓ હઓ સિગ્ધં। મિચ્છત્તતિમિરપસરો ણિવારિયં (ઓ) ભક્ખરેણેવ ॥૨૩॥ સાહુગુણરયણધારિત્તણેણ ખાયં તવોગણસ્સ તઓ। સાગરસુહણામધિજ્જં સંઘકયં જયइ ભુવણયલે ॥ ૨૪॥ ××× સંવત્ **૧૬૮૬ વર્ષે જ્યેષ્ટ** શુદિ ૪ (૧૪) દિવસેં શનૈશ્ચરવારેં અનુરાધાનક્ષત્રેં મધ્યાહ્ન સમયેં સમસ્તસંઘ હર્ષિત થાતેં, અનેકવાજિંત્ર વાજતે, ધવલમંગલ ગવરાતે, પૂજા પ્રભાવના થાતેં, અનેક ભટ્ટભોજકમુખ શ્રી બિરુદાવલી બોલાતેં, શ્રી મહાવીર સ્વામીનેં દેહરેં વડગચ્છીય **સુવિહિતસૂરિ શિરોમણી ભટ્ટારક શ્રી દેવવિજયસૂરીશ્વરેં આચાર્યપદવી આપી શ્રી રાજસાગરસૂરીશ્વર નામ થાપ્યું**! ઉપાધ્યાય શ્રી વિવેકહર્ષગણિ[1]; ઉપાધ્યાય શ્રુતસાગરગણિ[2], પં. ગુણસાગરગ૦[3], પં. દર્શનસાગરગણિ[4], પં. મેઘસાગરગણિ, પં. કીર્ત્તિસાગરગણિ, પં. કૃપાસાગરગણિ, પં. શ્રી સૌભાગ્યશિષ્ય ઉ૦ શ્રી સત્યસૌભાગ્યગણિ, પં. શ્રી કુશલસાગર ગણિ પ્રમુખ અનેક ગીતાર્થશતેં વાંદી વિવિધ સ્તુતિઈં સ્તવ્યા!" એ પ્રમાણે તે શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકનો સમયજ્ઞાપક પ્રૌઢ ઉલ્લેખ છે.

આ ઉલ્લેખમાં તે પૂ૦ મહો૦ શ્રી મુક્તિસાગરજી ગણિવર્યને પૂ૦ ભટ્ટારક આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરે સ્વહસ્તે જ આચાર્યપદવી આપેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ હોવાથી તેઓશ્રીને તે પદપ્રદાન વાસક્ષેપથી થએલ હોવાની પ્રસારિત વાત વિચારણીય બને છે. આ હિસાબે પૂ૦ ભ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ, સં૦ ૧૬૮૬ ના જેઠ શુદ તેરસને શુક્રવારના રોજ તે પટ્ટક બનાવીને તેને વળતે જ દિવસે તે પૂ૦ ઉપા૦ શ્રી મુક્તિસાગરજી ગણિવરને આચાર્યપદ આપેલ હોવાની વાત જણાઈ આવે છે.

અને એ પ્રમાણે પૂ૦ ઉપા૦ શ્રી મુક્તિસા૦ ગણિવરને તે પૂ૦ ભટ્ટારકશ્રીએ તે પટ્ટક કરવાપૂર્વક આચાર્યપદવી આપી તેથી તો કવિ દર્શનવિજયજીએ–'શ્રી વિજયતિલકસૂરિરાસ'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ના સં૦ ૧૬૯૭માં રચવા પડેલા બીજા અધિકારમાંની-'**એક અવિચારીઉં સૂરિપદ, બીજું ભિન્ન વષાણુ; ત્રીજું લેષિં લિખિત તે, ચોથું વારિઉં ગાન ॥૧૨૨॥**' એ કડી દ્વારા તે આચાર્યપદ અને પટ્ટક તે બંને અંગે તે ભ૦ પૂ૦ શ્રી વિજયદેવસૂરિજી પરત્વે બખાળા પણ કાઢવા પડેલ છે.

નોંધ નં. ૨–ખરતરીય શ્રી વલ્લભપાઠક વિરચિત 'વિજયદેવસૂરિ માહાત્મ્ય' સર્ગ ૧૯ ના 'ગુરુરાકારયાંચક્રે૦ શ્લોક ૧૫૮ થી તત્ર કૃત્વા ચતુર્માસં૦ શ્લોક ૧૬૧ સુધીમાં વળી એમ કહે છે કે–'અમદાવાદના રત્નશેઠના માનદ આમંત્રણથી પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી, તે શ્રેષ્ઠીએ અમદાવાદથી કાઢેલા શ્રી સિદ્ધગિરિજીના સંઘમાં પધારેલા અને યાત્રા કરી અમદાવાદ પાછા આવેલા તે સંઘની સાથે અમદાવાદ પધારીને સં૦ ૧૬૮૬ નું ચાતુર્માસ પણ તેઓશ્રીએ અમદાવાદ કર્યું હતું."

પ્રસ્તુત પટ્ટકને નિહ્નવવા સારૂ ત્રિપુટીએ કરેલા પૂર્વોક્ત લખાણગત મલીન હાર્દનો પ્રકાશ.

પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજીએ સં. ૧૬૭૧માં શ્રી સર્વજ્ઞશતક ગ્રંથને ચતુર્વિધ સંઘ વચ્ચે સર્વાનુમતે પ્રમાણિક જાહેર કરેલ હોવા છતાં વિરોધી વર્ગે તે પૂ. ભટ્ટારકશ્રીના સ્વર્ગવાસ બાદ (પોતે લખેલી તે ગ્રંથને અપ્રમાણિક લેખાવવાની રીતિને તે સ્વર્ગત પૂ. ભટ્ટારકશ્રીના પટ્ટક તરીકે પ્રચારવા માંડીને તે ગલતપટ્ટાના ઓઠે) તે પૂ. ભ. સેન સૂરિજીના નામે જ તે ગ્રંથને અપ્રમાણિક લેખાવવા માંડેલ હોવાની જેમ–ઉપર આપેલા–પૂજ્ય ભ. શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકનો પણ પાછળથી તે વર્ગે, એ જ પ્રકારે આદરેલ સંભવતા અપલાપના અનુકરણ તરીકે પૂ. ત્રિપુટીજીએ-પ્રસ્તુત પટ્ટકને મથાળે જણાવેલ કલ્પિત પેરાના પ્રાંતભાગે- '**ભ૦શ્રી વિજયદેવસૂરિજીએ, 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણિક માન્યો હતો અને અપ્રમાણિક ઠરાવ્યો હતો.** (એમ મનસ્વી લખવા દ્વારા આ પૂ. ભટ્ટારકશ્રીને એકબાજુથી ઉપર્યુક્ત ગુરૂકૃત સં. ૧૬૭૧ની જાહેરાતના લોપક તરીકે લેખાવવા પૂર્વક પૂ. ગુરૂદેવે પ્રમાણિક ઠરાવેલા તે ગ્રંથને અપ્રમાણિક ઠરાવનાર તરીકે લેખાવ્યા, અને બીજી બાજુથી એ જ ભટ્ટારકશ્રીમાં નાટકીય આત્મવિશ્વાસ રજુ કરવા રૂપે વદે છે કે તેઓશ્રી) **હવે તો તે** (સર્વજ્ઞશતક) **ગ્રંથને પ્રમાણિક તરીકે જાહેર કરે તેમ હતું જ નહિ!** (એમ જે પૂ. ભટ્ટારકશ્રીએ, ઇતિહાસ મુજબ તે ગ્રંથને કદાપિ અપ્રમાણિક માનેલ નથી, તે પૂ. ભ. શ્રી માટે મનઘડંત લખાણ કર્યા પછી પુનરપિ મનઘડંત લખ્યું છે કે-) **પરંતુ સાગરશાખાના મુનિવરોની ભાવના હતી કે–ભ૦ વિજયદેવસૂરિની પાસે 'સર્વજ્ઞશતક' ને પ્રમાણિક જાહેર કરાવી લેવો.** (આ લખાણવડે તો લેખકે ગચ્છના નાયક એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પૂ. ભટ્ટારકશ્રીને અન્યેાનું રમકડું બની જવાના સંભવવાળા લેખાવવાની બાલચેષ્ટા કરી છે, અને તે પછી પૂ. સાગરમહર્ષીઓ અંગે પણ સદંતર નિરાધાર લખી માર્યું છે કે-) **એટલે તેઓએ તેવા પ્રયત્નો ચાલુ રાખ્યા!'** આ કેવી કઠોર સત્યઘાતક શેતરંજ ગણાય ?

શ્રી રાજસાગરસૂરિજીને નામે જણાવેલી વાત ભ્રામક છે.

તથાપ્રકારના તે કૂટહાર્દપૂર્ણ શેતરંજ-ચાલબાજીમય પેરાની નીચેની કલમ (૩૦) માં પૂ. ત્રિપુટીજીએ **'આ રાજસાગરસૂરિએ નક્કી કર્યું** (કે) **આ. વિજયદેવસૂરિજીની સહાયથી જ 'સર્વજ્ઞશતક'ને કોઇપણ રીતે પ્રમાણિક જાહેર કરી શકાય તેા આ ભાવનાને અનુકૂલ એક સોનેરી તક** ('મળી ગણાય' એમ નહિ, પરંતુ) **મળી છે.'**

'સર્વજ્ઞશતક' ગ્રંથને પૂ. પં. શ્રી ભક્તિસાગરજી ગણિવરની સામે આવીને તે ગ્રંથના વિરોધી પૂ. ઉપાધ્યાયજૂથના અગ્રણી પૂ. ઉ. શ્રી સોમવિ૦ મ૦ પણ જ્યારે અપ્રમાણિક ઠરાવી આપવાની હિંમત કરી શકયા નથી ત્યારે આ જ પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજીએ, તે પૂ૦ ઉપા૦ શ્રી સોમવિ૦ આદિ તે ગ્રંથના સહુ વિરોધીઓની સામે જહાંગીર બાદશાહની સભા વચ્ચે પણ) તે ગ્રંથને પ્રમાણિક ઠરાવી આપેલ હોવાની હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે. એ પછી તેા સાગરશાખાના મુનિઓને તે ગ્રંથને પ્રમાણિક ઠરાવવાની ભાવના કે પ્રયત્નો કરવા જ નહિ રહેતાં હોવા છતાં એ પ્રકારનું લખાણ કરવા દ્વારા જે-'[ઉપર્યુક્ત સાગરશાખાના મુનિવરોની ભાવના [1]ઉપરથી] આ. [2]રાજસાગરસૂરિજીએ નક્કી કર્યું (કે) આ. વિજયદેવસૂરિની સહાયથી જ તે ગ્રંથને કોઇપણ રીતે પ્રમાણિક જાહેર [3]કરી [4]શકાય તેા આ (તે મુનિઓની) ભાવનાને અનુકૂલ એક સોનેરી તક મળી છે, એમ નક્કી કર્યું.' એમ ફલિત કર્યું છે, તે નીચે મુજબ નંબરવાર સંદિગ્ધ હોઇને ભ્રામક છે.

(૧) તે ગ્રંથને એ પ્રકારે પ્રમાણિક ઠરાવી લેવાની ભાવના અને તદનુકૂલ પ્રયત્નો, પોતાના ગુરૂને બદલે તે સાગરશાખાના મુનિવરોએ તે પૂ. ભટ્ટારકશ્રી પાસે કરવા પડયા તેા તે મુનિવરો શું ગુર્વાજ્ઞાબાહ્ય હશે ?

(૨) પૂ. ગુરૂ મ. શ્રી રાજસાગરસૂરિજીએ પણ શું તથાપ્રકારના સ્વેચ્છાચારી શિષ્યેાની તે ભાવના તથા તદનુકૂલ પ્રયત્નોને આશ્રયીને તેમ નક્કી કર્યું હશે ?

(૩) સં. ૧૯૭૨માં પૂ. ભ. શ્રી વિજયસેનસૂરિજી મ. ના પટ્ટા તરીકેના કૂટનામે તે 'શ્રી સર્વજ્ઞશતક' ને અપ્રમાણિક તરીકે પ્રચારવા લાગેલા પૂ. ઉ. શ્રી સોમવિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મ. વગેરે પ્રતિસ્પર્ધી મુનિરાજોની સામે તે ગ્રંથને (પૂ. ઉ. શ્રી મુક્તિસાગરજીએ ગણિપણામાં પણ જાહેરરીતે અને એકલે હાથે પ્રમાણિક ઠરાવેલા તે) પૂ. આ. શ્રી રાજસાગરસૂરિજીને— 'ભ૦ શ્રી વિજયદેવસૂરિજીની સહાયથી જ તે ગ્રંથને પ્રમાણિક જાહેર કરી શકાય' એ વિચાર, સ્વપ્નને પણ આવવો સંભવિત ખરો ?

(૪) આ 'તો' શબ્દથી ધારેલ ભાવનાની વિકલ્પે જણાવાયેલી સિદ્ધિને 'સોનેરી તક મળી ગણાય' એમ સંભવિતપણે લેખવવાને બદલે '**મળી છે.**' એ વાર્તમાનિક અર્થમાં જણાવી શકાય ખરી ?

વૈદ્ય—ગાંધીના સહિયારા જેવી નીતિ શું ઇતિહાસ છે ?

પૂ૦ ત્રિપુટીજીના—'**પટ્ટાવલીસમુચ્ચય**' ભા૦ ૧ ના પૃ. ૮૬ થી ૧૦૧ માં (ખરતરીય શ્રી વલ્લભપાઠકે સં૦ ૧૬૯૯ માં રચેલા 'વિજયદેવમાહાત્મ્ય' ની ટીકામાં મહો૦ શ્રી ધર્મસા૦ ગણિ, તત્કૃત 'શ્રીસર્વજ્ઞશતક' ગ્રંથ અને ઉપા૦ શ્રી મુક્તિસાગર ગણિ પ્રતિ બીનજવાબદારી ભર્યા બેફામ આક્ષેપો કરનાર) પૂ૦ ઉ૦ શ્રી મેઘવિ૦ ગણિકૃત 'તપગચ્છ પટ્ટાવલીની અનુપૂર્તિ નં૦ ૨' છપાએલ છે.

તે અનુપૂર્ત્તિના પૃ. ૯૩-૯૪ ઉપર તે ઉપાધ્યાયજીએ, "ભ૦ શ્રી વિજયદેવસૂરિજીનું સં૦ ૧૬૮૪ નું ચાતુર્માસ **વન્ધ્યનગર**, ૧૬૮૫ નું **ઉદયપુર**, સં૦ ૧૬૮૬ તથા ૧૬૮૭ નાં બે ચાતુર્માસ **ગુજરાતમાં** અને સં૦ ૧૬૮૮ નું ચાતુર્માસ (હાલાર દેશે) **નવાનગર** જણાવીને તુરત જ 'ततो दाक्षिणात्यसंघाग्रहात् पुनर्गुर्जरत्रावामभ्येत्य +++ सुरतिबंदरें रामाजग्मु:। तत्र च सं० १६८७ वत्सरें समुत्पन्नसागरमतवासितैः श्राद्धैः स्वमतस्य गुरुमुखात्सत्यमिदमिति कथ (ाप) नाय बहुद्रव्यव्ययेन मीरमोजारव्यभूपं स्ववशीकृत्य +++ ઇત્યાદિ જણાવેલ છે, **પરંતુ તે અનુપૂર્ત્તિની બીનાને** તે જ પૂ૦ ઉ૦ શ્રી મેઘવિ૦ ગણિ કૃત—'देवानन्दाभ्युदयमहाकाव्य' માંના—"સર્ગ ૩ શ્લોક ૧૫૩ થી ૧૫૫ માં સં૦ ૧૬૮૮ નું ચાતુર્માસ **દીવ-ઉના**, સર્ગ ૪ શ્લોક ૧૩ થી ૧૮ માં સં૦ ૧૬૮૯ નું ચાતુર્માસ **નવાનગર**, સર્ગ ૪ શ્લોક ૧૯ થી ૩૮ માં સં૦ ૧૬૯૦ નું ચાતુર્માસ **સિદ્ધક્ષેત્રનું** અને સર્ગ ૪ના—'श्रीं सुरतौ नृपसद्मनि वार्द्धिपक्षौर्वादे +++' એ ૪૬ શ્લોકગત સુરતની વાત" વગેરે **તેઓશ્રીના જ તે કાવ્યમાંની બીનાઓને અસંબદ્ધ, અયુક્ત અને અધુરી લેખાવે છે !** એકંદરે—

ઉપર જણાવેલ 'શ્રી દેવાનંદાભ્યુદય મહાકાવ્ય' ની બીના, સુરતના તે કહેવાતા સાગર-વિજયનો વાદનો સમય સં૦ ૧૬૯૦ પછીનો જણાવે છે. આ વસ્તુ ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યાવિ૦ મ૦ અને પૂ૦ ત્રિપુટી મ૦ જેવા પ્રસિદ્ધ ઇતિહાસકાર મુનિવરોના ખ્યાલ બહાર હોય એમ કોણ માની શકે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને એ સાથે તે બંને પૂ૦ ઇતિહાસકાર **જૈન** મુનિવરો, આ વાત પણ બેશક સમજતા હોય કે– "પૂ૦ ઉ૦ શ્રી મેઘવિ૦ મહારાજે, પોતાની ઉપર્યુક્ત–'तत्र च सं० १६८७ वत्सरे समुत्पन्नसागरमतवासितश्राद्धैः स्वमतस्य.' એ પંક્તિ દ્વારા સં૦ ૧૬૮૭માં ઉત્પન્ન થએલા સાગરમતથી વાસિત એવા શ્રાવકોએ પોતાના મતને દેવસૂરિજીના મુખે સાચો કરાવવા વાદ શરૂ કર્યો.' એમ જણાવવાની સાથે તે વાદ કર્યાનો સંવત્સર તો જણાવેલ જ નથી."

આમ છતાં પૂ૦ વિદ્યા૦વિ મહારાજે, સં૦ ૧૯૭૧ ના 'ઐતિહાસિકરાસ સંગ્રહ' ભા૦ ૪ ગત 'નિરીક્ષણ' પછીના પૃ૦ ૩૮ થી ૪૨ ઉપર '**પરિશિષ્ટ ઘ**' શીર્ષકતળે 'સુરતમાં થએલી સાગર-વિજયની ચર્ચાસંબંધી પત્ર' એ મથાળાતળે નામ-ઠામ-સંવત અને વ્યવસ્થિત બીનાના અભાવદર્શક એક ભેટીપત્ર પ્રસિદ્ધ કરેલ છે. (પૂ૦ ઉ૦ શ્રી મેઘવિ૦ કહે કે–'**મીરમોળાની સભામાં વાદ થયો.**' જ્યારે કહેવાતો તે પત્ર કહે છે કે–'**માજરમલિકની સભામાં વાદ થયો!** એ પ્રમાણે) તે પત્રમાં પ્રાયઃ દરેક બીનાઓ સંબિધ જણાઈ આવે છે. તે પ્રકારનાં તે પત્રમાંની માત્ર '**ચૈત્ર શુદિ ૮**' **તિથિ** પકડીને અને પૂ૦ ઉ૦ મેઘવિ૦ મ૦ની ઉપર્યુક્ત પંક્તિમાંનો સાગરમતની ઉત્પત્તિને જણાવતો માત્ર સં૦ ૧૬૮૭ પકડીને તેને એ સુરતની સાગર-વિજયની ચર્ચા અંગેના સંવત અને તિથિ તરીકે રજુ કરવાની કરામત કરવી પડી છે! તેવા તે ભેટીપત્રના સારરૂપે તેઓશ્રીએ, પોતાના તે '**નિરીક્ષણ**' ના પૃ ૩૪-૩૫ માં જે–

"આ પત્ર સુરતમાં થયેલી ચર્ચાની [1]**હકીકતને** પૂરી પાડે છે. આ ચર્ચામાં બાંસ વિશેષતા છે. અને તે એ કે–સુરતના સુબા [2]**માજરમલિકની** સમક્ષ થયેલી આ ચર્ચામાં વિજયદેવસૂરિ [3]**સાગરોની વિરુદ્ધપક્ષમાં** ઊભેલા છે. [4]**સાગરો** ધર્મસાગરજીનાં ગ્રંથને વિજયદેવસૂરિ પાસે સાચો ઠરાવી આપવાની ફરીયાદ કરે છે. [5]**શાંતિદાસ શેઠ સુબાને લાલચ આપે છે.** પરિણામે સુબાની સમક્ષ બ્રાહ્મણ અધ્યક્ષ રાખીને ચર્ચા થાય છે, તેમાં **સાગરો** જુઠા પડે છે અને વિજયદેવસૂરિ સાચા ઠરે છે. આ ચર્ચા કયારે થઇ? કઇ સાલમાં થઇ? તે પત્રમાં જણાવવામાં આવ્યું નથી. માત્ર ચર્ચા થઇ ગયા પછી [6]**ચૈત્ર શુદિ ૮ ના દિવસે** વિજયદેવસૂરિએ સુરતથી વિજાપુર તરફ વિહાર કર્યાનું જણાવ્યુ છે; પરંતુ મેઘવિજય ઉપાધ્યાયની પટ્ટાવલીમાં આ ચર્ચા [7]**સં૦ ૧૬૮૭માં** થયાનું જણાવ્યું છે." એ પ્રમાણે વિગત જણાવેલ છે; પરંતુ તે વિગત આ નીચે નંબરવાર જણાવ્યા મુજબ ઇરાદાપૂર્વક ગોઠવાએલી ગેબી ગરબડોમય છે.

(૧)–તે છૂપા નામ-સ્થલાદિ વિનાના પત્રમાંની લગભગ સઘળી **સંદિગ્ધવાતોને** તેઓશ્રીએ આ '**હકીકત**' શબ્દથી 'વાસ્તવિક' લેખાવેલ છે!

(૨) તેઓશ્રીએ ચર્ચાનો સં૦ ૧૬૮૭, જેઓની પટ્ટાવલીના આધારે અહિં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવેલ છે, તે પટ્ટાવલીના કર્ત્તા પૂ૦ ઉપા૦ શ્રી મેઘવિજયજીએ તે જ સ્થલે 'તે ચર્ચા **'સુરતના સુબા મીરમોજાની સમક્ષ થઇ હતી'** એમ જણાવેલ હોવા છતાં ઈષ્ટ-પ્રચારમાં તે નામને છોડીને તેને સ્થાને તે ननामा પત્રમાંના **'માજરમલિક'** નામ રાખવું પસંદ કરેલ છે! આ ગરબડ બદઈરાદાજ્ઞાપક છે.

(૩)—આ ચર્ચા સુરતસ્થિત સાગરમતના શ્રાવકોએ સુરતમાં શરૂ કરી હોવાનું અને તે ચર્ચા માટે પણ સાગરમતના ગૃહસ્થે જ ખંભાતથી **શ્રી સત્યસૌભાગ્યગણિને** તેડાવેલ હોવાનું તે બેવજુદ પત્ર પણ કહેતો હોવા છતાં તેઓશ્રીએ અહીં તે પત્રમાંની 'સાગરમતના ગૃહસ્થોની વિરુદ્ધ' એ સત્ય વાતને ઈરાદાપૂર્વક છૂપાવીને (જે પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ અંગે 'તેઓશ્રી સદા સાગરમુનિવરોના પક્ષે જ રહ્યા' હોવાની સર્વમાન્ય ઐતિહાસિક પ્રસિદ્ધિ છે, તે) **'શ્રી વિજયદેવસૂરિજી, આ ચર્ચામાં સાગર-મુનિવરોની વિરુદ્ધમાં છે! તે તેઓશ્રી અંગે આ એક વિશેષતા છે.'** એ અર્થજ્ઞાપક એવા આ 'સાગરોની વિરુદ્ધ' એ વાકયદ્વારા ગૃહસ્થોને સ્થાને સાગરમુનિવરો લેખાવનારૂં-વાકય ગોઠવ્યું તે મલીન મુરાદનું સૂચક છે.!

(૪)-અહિં પણ **'સાગરગૃહસ્થો'** એમ લખવું ઘટતું સત્ય વાકય છૂપાવીને તેને સ્થાને જે ઔધિક એવું 'સાગરો' નામ લખ્યું છે તે સાગરમતના ગૃહસ્થોને સ્થાને **'સાગરમુનિવરો'** લેખાવનારૂં ભ્રમક છે.

(૫)-જે શાંતિદાસ શેઠ, સરસપુરનું ભવ્ય દેરાસર તોડનાર અમદાવાદના સુબાને હાથેજ તે દેરાસર પુનઃ સજ્જ કરાવી શકેલ હોવાની સામર્થ્યતા ધરાવનાર તરીકે પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે, તેવા તે શાંતિદાસ શેઠને સુરતના ગૃહસ્થોને જીતાવવાના મામુલી કાર્યમાં તેવા સામાન્ય સુબાને સાધવા લાલચ આપવી પડે! એ અસંભવિત વાતને પણ પૂ૦ વિદ્યાવિ૦એ અહિં (સાગરપક્ષના તે રાજરાજેશ્વર ખ્યાત એવા શ્રાવક શ્રેષ્ઠી, તેવો તુચ્છ માર્ગ પણ ગ્રહણ કરતા હતા, તેવા પ્રકારની એ માનવર અને સદ્ધર્મનિષ્ઠ શ્રેષ્ઠી અંગે પણ બદ હવા પેદા કરવા સારૂ) સંભવિત લેખાવવા દ્વારા **'સાગરમત, તેવા શ્રેષ્ઠીના જોરે જ ટકેલ'** એ અસત્ય પ્રચારને પ્રમાણિક લેખાવવાના અસદ્હેતુથી જ સ્થાન આપેલ જણાય છે.

(૬) જે ननामा પત્રમાં ચર્ચાની સાલ નહિ જણાવતાં માત્ર માસ અને તિથિ જ જણાવી છે તેવા બેવજુદ પત્રને ખરો લેખાવવા સારૂ તે પત્રમાં ઉ૦ મેઘ વિ૦ની પટ્ટાવલીમાંના ઉપર્યુક્ત ઉલ્લેખમાં જણાવેલી સાગરમત નીકળ્યાની સં૦ ૧૬૮૭ ની સાલને મનસ્વીપણે જ તે ચર્ચાની સાલ તરીકે ગણાવવા દ્વારા તે ચર્ચાની સં૦ ૧૬૯૦ લગભગની સાલને છૂપાવીને તે કહેવાતી ચર્ચાને ઈરાદાપૂર્વક ત્રણ વર્ષ વહેલી ગણાવી છે.

(૭) પૂ૦ ઉ૦ શ્રી મેઘવિ૦ની પટ્ટાવલીમાં તે ચર્ચાના સં૦ ૧૬૯૦ લગભગની સાલ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માસ અને તિથિમાંનું કશું જ જણાવેલ નથી, એમ સ્પષ્ટ જાણવા છતાં અને તે ઉપા૦એ તે સ્થલે સાગરમત નીકળ્યાની જણાવેલી સં૰ ૧૬૮૭ની સાલને તે પૂ૰ ઉપા૰જીના નામે તે ચર્ચાની સાલ લેખાવવાની ઈરાદાપૂર્વક ભ્રામક ગરબડ કરી છે!

પૂ૰ ઇતિહાસવેત્તા વિદ્યાવિ૰ મહારાજે તે નનામા અને સ્પષ્ટતયા વિદ્વેષીએ ઊભા કરેલા જણાતા એવા તે બેવજુદ પત્રમાંની (સાગરમતી શ્રાવકોને પરાભવિત કર્યા લેખાવનારી) વાતોમાં ઉપર જણાવેલી સાત ગરબડો (સાગરમુનિવરોને પરાભવિત કર્યાની લેખાવનારી) પદરની ગોઠવીને પણ તે ભેદી પત્રમાંની અવિશ્વસનીય વાતોને હકીકત તરીકે લેખાવવા સારૂ ઉપર મુજબ જે ભારી જહેમત ઉઠાવેલ છે તે જહેમતને સં૰ ૨૦૨૦ માં પ્રસિદ્ધ કરેલ '**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા૰ ૩ના પૃ. ૭૨૬થી ૭૨૮ ના બીજા પેરા સુધીમાં પૂ૰ ત્રિપુટી મહારાજે ગ્રહણ કરેલ તે જ પૂ૰ વિદ્યાવિ૰ મ૰ના લખાણમાં **આ૰ શ્રી રાજસાગરસૂરિજીનું નામ પણ પદરનું ઉમેરવા પૂર્વક**–તે લખાણને વધારીને વધાર્યું છે! એ જોતાં આપણાં આ બંને પૂ૰ ઇતિહાસકાર જૈન મુનિઓએ આ બાબતને તો વૈદ્ય-ગાંધીના સહીયારા જેવી જ નીતિ રાખીને કૂટ સ્વરૂપ આપવાપૂર્વક જૈની ઇતિહાસ તરીકે લેખાવેલ છે, જે અત્યંત શોચનીય છે.

લખાયેલ પટ્ટો, પટ્ટો નથી ત્યાં અણલખાયેલ પટ્ટો, પટ્ટો ક્યાંથી હોય?

આ પૂ૰ ત્રિપુટીજીએ, જેઓશ્રીને ઉપર્યુક્ત એકવાક્યતાદિ ખાતર '**શાસનદીપક**' ના અછતા બિરુદથી લલકાર્યા છે, તે ઇતિહાસવેત્તા પૂ૰ વિદ્યાવિ૰એ પણ એ પૂ૰ ત્રિપુટીની જેમ પોતાના '**નિરીક્ષણ**'ના પૃ. ૩૦–૩૧ ઉપર સં૰ ૧૬૮૧ ના તે સંમેલનની નિષ્ફલતાને લીધે નકામ ગણાતા તે-કોઈ ડોળધાલુ ઐક્યતાકારકે લખેલ જણાતા–કરારપત્રમાંની તે જ વાતને સ્થાન આપીને લખી નાખ્યું છે કે–"૨-સર્વજ્ઞશતક ગ્રંથને (તે જ વખતે તો નહિ, પણ) કોઈપણ વખતે 'અપ્રમાણ' કર્યા સંબંધી વિજયદેવસૂરિએ પટ્ટો લખેલો હોવો જોઇએ."

પૂ૰ વિદ્યા૰વિ૰એ આ વાત–'પૂ૰ ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિજીએ સં૰ ૧૬૭૧ માં લખેલો જણાવાતો પટ્ટો પણ પટ્ટો જ નથી, ત્યાં શ્રી વિજયદેવસૂરિજીએ તેવો પટ્ટો તો લખ્યો જ ક્યાંથી હોય?' એમ જાણવા છતાં લખી હોઇને–અસત્યપટ્ટાવાળી ઉ૰ શ્રી રત્નચંદ્રગણિની કૃત્રિમવાતને પોષક એવી ભ્રામક છે.

તેઓએ પણ તે પટ્ટાને પટ્ટો માનેલ નથી.

"પૂ૰ શ્રી વિજયસેનસૂરિજીએ, સં૰ ૧૬૭૧ ના વૈ. શુ. ૩ના રોજ અમદાવાદમાં સર્વગીતાર્થોની સંમતિથી '**સર્વજ્ઞશતક**' ને અપ્રમાણ કર્યો અને તે પછીથી પોતાના પટ્ટધર શ્રી વિજયદેવસૂરિજીની પહેલી સહીદર્શક ૫૪ સહીઓયુક્ત એક પટ્ટક કર્યો હતો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ વિજયદેવસૂરગચ્છના પ્રતિસ્પર્દ્ધીય બનેલા શ્રી આણસૂરગચ્છીય પૂ૦ ઉપાધ્યાયજીઓ આદિએ પ્રચારેલી વાત જો યથાર્થ જ હોત તો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી તરફનો તે મુજબનો ઉલ્લેખ, તેઓશ્રીની સં૦ ૧૬૭૧ ના જેઠ વદિ ૧૧ સુધીની હયાતિ સુધીમાં તેઓશ્રીના જ પુણ્યહસ્તે પ્રસિદ્ધ પણ થવા જ પામ્યો હોત; પરંતુ તેવી પ્રસિદ્ધિ જોવાતી નથી. અરે! એટલું જ શું કામ? તેઓશ્રીની હયાતિ બાદ તેઓશ્રીના પટ્ટધર પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીના હસ્તેય તેવો કોઇ જ ઉલ્લેખ થયો હોવાનું જોવામાં આવતું નથી! એ અંગે તો માત્ર– સં૦ ૧૬૭૩ માં પૂ૦ ભ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના દેવસૂરગચ્છમાંથી ખસીને તેઓશ્રીના પ્રતિસ્પર્દ્ધિપણે સ્થપાયેલા નવા આણસૂરગચ્છમાં ભળેલા પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રગણિએ સં૦ ૧૬૭૭ માં બનાવ્યા છતાં પાંચ વર્ષ સુધી પ્રસિદ્ધ કરી શકેલ નહિ અને સં૦ ૧૬૮૨માં પણ આપસમાં જ ખુલ્લો કરી શકેલ જણાતા એવા '**કુમતાહિવિષળાંગુલીમંત્ર**' પુસ્તકમાં તે સંબંધી ઉલ્લેખ–"तदनु संवत् १६७२ वर्षे कुतश्चिद् गाढ़प्रच्छन्नरक्षितमपि सर्वज्ञशतकसूत्रवृत्ति–पुस्तकं प्राप्य श्रीविजयसेनसूरय उत्सूत्रवादनिराकरणाय सकलाहम्मदावादसंघसंमत्या सकलतपागच्छगीतार्थसंमत्या च संवत १६७१ वर्षे +++ खाज्ञोल्लंघनपरं नेमिसागरं +++ उपाध्यायपदग्रहणपूर्वकं गच्छान्निष्कास्य सर्वज्ञशतकप्रमाणीचक्रुः। तस्मिन्नेव वर्षे श्रीविजयसेनसूरिषु दिवंगतेषु सत्सु श्रीविजयदेवसूरयः संवत् १६७२ वर्षे +++ तं गणमध्ये जगृहुः। +++ गच्छभेदेऽप्ययमेव ग्रन्थो हेतुरिति सर्वं त्वमपि जानीषे। पुनरपि तत्शिष्यो भूत्वा लोकान् विप्रतारयसि (तर्हि) यदा चायमप्रमाणीकृतस्तदा तव जल्पाकत्वं क्व गतमभूद्यदिदानीं प्रादुर्भूतमिति। सर्वज्ञशतकाप्रमाणकरणरीतिरपि लिख्यते।

—यथा–श्रीं हीरविजयसूरिगुरुभ्यो नमः।

संवत् १६७१ वर्षे वैशाखसित–तृतीयायां श्री अहम्मदावादनगरे श्रीविजयसेनसूरिभि लिख्यते। समस्त साधु–साध्वी–श्रावक–श्राविका समुदाययोग्य श्रीं "श्रीहीरविजयसूरीश्वरे जें १२ बोल प्रसिद्ध कर्या छइं" ઇત્યાદિ પ્રકારે પૂ૦ શ્રી વિજયસેનસૂરિજીના નામે પહેલી જ વાર કરેલ છે!

સં૦ ૧૬૭૨ પછી પ્રચારાયેલ તે લખાણમાં અને સં૦ ૧૬૭૧ ના જણાવેલ આ બીજા લખાણમાં લેખકે માસ અને તિથિ જણાવ્યા; પરંતુ આ લખાણની પહેલાના લખાણમાં તેમણે 'સર્વજ્ઞશતકગ્રંથને અપ્રમાણ જાહેર કર્યો હોવાની' વાતને તો તેમણે પોતે જ રદ કરીને માત્ર '**તે ગ્રંથને અપ્રમાણ કરવો હોય તો કેમ કરવો? તેની રીતિ**' જ જણાવી છે! અને તે રીતિ પણ કયે પ્રસંગે લખાવા પામી? તે તો જણાવેલ જ નથી!

આ સૂક્ષ્મૈક્ષિકીય ઐતિહાસિક ઘટનાના જાણ પૂ૦ ઇતિહાસવેત્તા શ્રી વિદ્યાવિ૦ મહારાજે (ઉપર્યુક્ત પ્રકારે જ મૂળ ગચ્છમાંથી ખસીને આણસૂરમાં ભળેલા કવિ દર્શનવિ૦એ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ જ સં૦ ૧૬૭૭માં બનાવેલ) '**વિજયતિલકસૂરિ રાસ**'માંની **કડી ૫૮૦ થી ૫૯૨ નો ભાવાર્થ**, સં૦ ૧૯૭૭માં પોતે પ્રસિદ્ધ કરેલા '**ઐતિહાસિકરાસ સંગ્રહ**' ભા૦ ૪માંના '**રાસ-સાર**'ના પૃ૦ ૩૯ થી ૪૧ સુધીમાં **નીચે પ્રમાણે જણાવેલ છે.**

"એક વખતે ગોચરીના સમયમાં અવસર જોઇને સાધુઓએ ગચ્છનાયક (વિજયસેનસૂરજી) ને કહ્યું-"મહારાજ! હવે ધર્મની હાનિ ન થાય, તેમ એક વાત નિશ્ચય કરી લો, કે-જેથી કરીને લોકોમાં ચાલતી ચળવળ બંધ થઈ જાય. ॥૫૮૦॥ ગચ્છનાયકે કહ્યું-'ઠીક છે, તો આપણે તે ગ્રંથ પાણીમાં બોળવો જોઇએ. ॥૫૮૧॥ આ પછી વિજયદેવસૂરિ એકાએક બોલી ઊઠ્યા કે-જો એ પ્રમાણે થયું તો સમજશો કે-કોઇ પ્રકારની શાંતિ જળવાશે નહિ. કેમકે-(નેમિ)સાગર કહે છે કે-'આ ગ્રંથની સાથે અમારાં માથાં બંધાયેલાં છે.' માટે ગ્રંથને બોળતાંની સાથે જ તેઓ માથાં કાણાં કરીને મરશે. ॥૫૮૨॥ આ સાંભળી ગચ્છનાયક વિચારમાં પડ્યા. તેમણે સોમવિજય વાચકને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે-આ બધુ કામ એમનું (વિજયદેવસૂરિનું) જ છે. માટે હવે જેમ તેમને (વિજયદેવસૂરિને) સંતોષ થાય તેમ કરવું જોઇએ. અને આને માટે ઉપાય એક જ છે કે '**ગ્રંથને અપ્રમાણ કરીને એક પટ્ટો લખી, તેમાં મત્તાં કરાવી તેને પાસે રાખવો.**' ગુરુને આ સલાહ સારી લાગી. તે પછી કાગળ ખડીયો અને કલમ મંગાવી ઝટ પટ્ટો લખવો શરૂ કર્યો. સં૦ ૧૬૭૧ વૈશાખ શુદિ ત્રીજના દિવસે અમદાવાદમાં આ પટ્ટો લખાયો. પ્રારંભમાં હીરવિજયસૂરિનું મંગલાચરણ કરી (રત્નચંદ્રગણિને પગલે) લખવામાં આવ્યું કે ॥૫૮૩ થી ૫૮૫॥ 'હીરસૂરિએ કહેલા બાર બોલ જેહ પ્રમાણે છે તે પ્રમાણે દરેકે પ્રમાણ રાખવા. ××× તે ગ્રંથો જેહ વાંચશે તે ગચ્છનાયકનો મોટો ઠપકો પામશે. ગચ્છનાયકે પણ તેને ખુલ્લી રીતે શિક્ષા કરવી, નહિ કે છાની. ॥૫૮૬-૫૯૨॥"

આ ભાવાર્થને મથાળે જણાવેલ પૂ૦ ઉપા૦ શ્રી રત્નચંદ્રગણિના સં૦ ૧૬૭૭ ના બીજા સંસ્કૃત ઉલ્લેખને લગભગ લક્ષ્યીભૂત કરીને કવિ દર્શનવિ૦એ લખેલી જણાતી તે સ્વકૃત રાસની કડી ૫૮૦ થી ૫૯૨ નો ભાવાર્થ, પૂ૦ વિદ્યાવિ૦એ ઉપર મુજબ જણાવેલ છે. આ ભાવાર્થમાં તે પૂ૦ વિદ્યાવિ૦એ, પૂ૦ રત્નચંદ્રગણિએ '**કુમતાહિવિષજાંગુલિમંત્ર**'માં આ ઉપર જણાવેલી '**સર્વજ્ઞશતકને અપ્રમાણિક કરવાની રીતિ**' ને તે સં૦ ૧૬૭૧ ના વૈ. શુ. ૩ દિવસે **પૂ૦ વિજયસેનસૂરિજીના હાથે લખાયેલ પટ્ટાનું રૂપ** આપેલ હોઇ તે કહેવાતા પટાગત સમસ્ત વાતોને (આ નીચે જણાવાતા આધારોના જાણ) પૂ૦ વિદ્યાવિજયજીએ પણ કલ્પિત જ માનેલ હોય એમ સહેજે સમજી શકાય તેમ છે.

તે પટાને પટો જ નહિ માનેલ હોવાના વધુ પ્રમાણો.

(૧)-ઉપર જણાવેલ શ્રી રત્નચંદ્રગણિના પહેલા સંસ્કૃત ઉલ્લેખમાં તેમણે જણાવેલી (અમદાવાદના સમસ્તસંઘે સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણિક કર્યો હોવાની) વાતને તેમણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતે જ પોતાના હાથે તે જ સ્થળે તે પછીના બીજા સંસ્કૃત ઉલ્લેખમાં જે–'**તે સર્વજ્ઞ-શતકગ્રંથને સં૦ ૧૬૭૧ના વૈ. શુ. ૩ના દિવસે અપ્રમાણિક કરવાની રીતિ**' કહીને ઓળખાવી છે. **તે રીતિને** ઉપરના ભાવાર્થવાળી કડીમાં કવિ દર્શનવિ૦એ તે જ વર્ષે–માસે અને તિથિએ બનેલ 'શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટા' નું નામ આપ્યું છે! અને વિશેષમાં તે કહેવાતો પટ્ટો બનાવવાનું સ્થલ પણ સાધુઓની ગોચરી તરીકેનું જણાવેલ છે! જ્યારે બીજી બાજુ આણસૂરગચ્છીય યતિ કૃત **તપગચ્છ પટ્ટાવલીની**—

"**જૈન સાહિત્ય સંશોધક**" ખંડ ૧, અંક ૩, સં. ૧૯૭૬ ના જેઠ માસ–પરિશિષ્ટ પેજ ૫૬, કોલમ બ્હેલું—"૫૯–તત્પટ્ટે શ્રી વિજયસેનસૂરિ. જન્મ સં૦ ૧૬૦૪, દીક્ષા સં૦ ૧૬૧૩, પ૦ પદ સં૦ ૧૬૨૬, ગચ્છનાયક સં૦ ૧૬૪૫ + + + + + + એહવઇ સં. ૧૬૭૧ વર્ષે અહિમ્મદાવાદીનગરઇ હાજાપાટણિ ચતુર્વિધિ સંઘસાક્ષિ ઉ૦ ધર્મ્મ (નેમિ) સાગરઇં પાંચ બોલનો મિથ્યાદુઃકૃત દીધો। પુનઃ શ્રીસૂરીનીં આજ્ઞા લહી સમસ્તગીતાર્થ મિલિ–સર્વજ્ઞશતક ૧, ધર્મતત્ત્વવિચાર ૨, પ્રવચનપરીક્ષા ૩, ઇરીયાવહીકુલક ૪ પ્રમુખગ્રન્થ.... જ્ઞાનકૌશી અહમ્મદાવાદિ, ખંભાયતિ, પાટણિ, ગંધારી પ્રમુખ નગરઇં થાપ્યા। વિ. સં. ૧૬૬૯ પત્તનિ ઉ૦ શ્રીસોમવિજયને સાગર આશ્રી [સંભવતઃ ઉ૦ શ્રી ધર્મસાગરજી મ૦ની–'આગમ-વચોનુયાયિનમુત્સૂત્રકંદકુદાલગ્રન્થકર્ત્તારં હીલયંતોઽર્હદાદીનામાશાતનયા પરિત્યક્તસમ્યક્ત્વા ઇતિ વયં વદામઃ' એ પંક્તિ દ્વારા પૂ. ઉ. શ્રી સોમવિ૦એ, પૂ. ભટ્ટારકશ્રીને 'ઉત્સૂત્રકંદકુદાલ ગ્રંથને જલશરણ કરનાર પૂ૦ દાનસૂરિજી તથા પૂ. હીરસૂરિજીને આ ગ્રંથમાં મિથ્યાત્વી કહ્યા છે માટે તે ગ્રંથને અપ્રમાણિક તરીકે જાહેર કરો' એમ જણાવતાં પૂ. ભટ્ટારકશ્રીએ–'જો તે ગ્રંથમાં તેમણે તે પંક્તિથી બંને પૂજ્યવરોને તેવા કહ્યા હોય તો તમે કહો તેવું જાહેર કરું; પરંતુ તે બંને ગુરૂવરોએ તો-તે ઉત્સૂત્રકંદકુદાલ ગ્રંથમાંના સાક્ષીપાઠો-વાળી તત્ત્વતરંગિણી તથા ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા ગ્રંથને સ્વીકૃતિ આપવા દ્વારા–તે ઉત્સૂત્રકંદકુદાલ ગ્રંથને પણ સ્વીકૃતિ આપેલ હોવાથી તેઓશ્રીએ તે ગ્રંથને જલશરણ કર્યો હોવાનું તમો જણાવો છો તે વાત સાચી જણાતી નથી, અને એ જ કારણે ઉપા.શ્રીએ તે પંક્તિ, તે પૂ. ગુરૂદેવોને મિથ્યાત્વી જણાવતી હોવાનું તમારૂં કથન યુક્ત નથી.' એમ જણાવ્યું હોય અને તે બદલ તેમણે 'મારૂં કથન યુક્ત જ છે' એમ પૂ ઉ. શ્રી સોમવિ.એ કહ્યું હોય તે રૂપે શ્રી વિજયસેનસૂરિજીની રૂબરૂ] વાંત (દેવ) સૂરિને સંગાતઇં વિરોધ હુઓ। + + + ૬૦ તત્પટ્ટે શ્રીવિજયતિલકસૂરિ। + + + ૬૧ તત્પટ્ટે વિજયાનંદસૂરી। + + +

પરિશિષ્ટ પેજ ૫૯–ઇતિ શ્રી સુવિહિતતપાગચ્છપટધરનામ્ની (આણસૂરગચ્છીય યતિ-કૃતા) શ્રીવીરવંશાવલી સમાપ્તઃ।"

ઉપરની બીના, તે સં૦ ૧૬૭૧ ના વૈ૦ શુ૦ ૩ ના દિવસે તો તે શ્રી સર્વજ્ઞશતક ગ્રંથને શ્રી વિજયસેનસૂરિજીએ શ્રી રાજનગર શ્રમણસંઘ સંમેલનની વચ્ચે સમસ્ત ગીતા-ર્થોની સંમતિપૂર્વક 'પ્રમાણિક' તરીકે જાહેર કરી જ્ઞાનભંડારોમાં સ્થપાવેલ હોવાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવે છે તથા એ જ પ્રમાણે—

'**વિવિધગચ્છ પટ્ટાવલી સંગ્રહ**' પેજ ૨૨૪ ઉપરના (આ પહેલાં પણ જણાવેલા) ઉલ્લેખના આધારે '**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભાગ ૩ ના પેજ ૭૨૭ ઉપર પ્રસિદ્ધિ પામેલી-"શ્રી સર્વજ્ઞશતક આદિ ૪ ગ્રંથોને આચાર્ય શ્રી વિજયસેનસૂરીશ્વરે '**પ્રમાણિક ગ્રંથો**' તરીકે જાહેર કર્યા." એ હકીકતના આધારે પૂ. વિદ્યાવિ. મ. જેવા ઇતિહાસજ્ઞ પુરૂષને તો તે પૂ. ઉપા. શ્રી રત્નચંદ્રગણિ તથા કવિ દર્શનવિ.નાં ઉપર્યુક્ત લખાણો સ્પષ્ટતયા જ ઉપજાવી કાઢેલ તરીકે જ જણાયા હોય, અને તેથી તેવા તે વિચક્ષણ ઇતિહાસવેત્તા પૂ. વિદ્યાવિ. મ.ને પણ સ્વીકાર્ય જ બન્યું હોય કે-'પૂ. સેનસૂરિજીનો (કવિ દર્શનવિ દ્વારા) કહેવાતો પટો, પટો જ નથી અને તેથી પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીનો પણ કહેવાતો પટો પણ તે વખતે બનવો સંભવિત જ નથી.'

બીજી બાજુ તપાસીએ તો:—

પૂ૦ વિદ્યાવિ મ૦ના આ ઉપર દર્શાવેલ ભાવાર્થમાં-'**પટ્ટો લખી-મત્તાં કરાવી પાસે રાખવો**' (**બહાર પાડવો નહિ.**) એમ પૂ૦ ઉ૦ શ્રી સોમવિ૦એ, તે ગોચરીના જ પ્રસંગે પૂ૦ ભટ્ટારકશ્રીને સલાહ આપ્યાનું જણાવેલ છે; પરંતુ તે ભાવાર્થની ઉપર જણાવેલ '**આણુસૂરગચ્છીય પટ્ટાવલી**' માંના ઉલ્લેખ તથા '**જૈનપરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ ના પૃ૦ ૭૨૫ ઉપરના '**વીરવંશાવલી**' ના ઉલ્લેખમાં પણ-મહો૦ સોમવિ૦એ સં૦ ૧૬૬૯-(૭૦) માં ગચ્છનાયક સાથે સાગરને આશ્રી મોટો વિરોધ કરી પાટણથી મારવાડ ભણી વિહાર કર્યો હોવાનું જણાવેલ હોવાથી-તે સં૦ ૧૬૭૧ ના વૈશાખ માસે કવિ દર્શનવિ૦ની કડીના ભાવાર્થમાં જણાવેલ-તે ગોચરી પ્રસંગે તેઓશ્રી ત્યાં હોવાનું સંભવિત નહિ હોવાનું જાણીને પણ પૂ૦ વિદ્યાવિ૦ મ૦, તે કવિ દર્શનવિ૦ના લખાણને ઉપજાવી કાઢેલ તરીકે જ માનતા હોય.

આ લેખકની જેમ 'દુગડ' પણ પ્રમાણો આપીને કહે કે—

ત્રિપુટીનો ઇતિહાસ પ્રમાણિક નથી.

'**જૈન સત્ય પ્રકાશ**' માસિકના ક્રમાંક ૫૩-૫૪ના સંયુક્ત અંકો તથા ૫૫ અને ૫૬ માં અંકોમાં પૂ. દર્શનવિ. ત્રિપુટીએ '**પંજાબમાં જૈન ધર્મ**' શીર્ષકતળેની લખેલી લેખમાળાના લખાણના સંશોધન તરીકે તે લખાણમાંની ઘણી સ્ખલનાઓને સાધાર રજુ કરનાર લેખક **શ્રીયુત પન્નાલાલજી દુગડે**, તે '**જૈન સત્ય પ્રકાશ**' માસિક, વર્ષ ૬, સં. ૧૯૯૬ના પેજ ૮૮ થી ૮૯ ઉપર તે પૂ ત્રિપુટીજીનાં લખાણમાંની સ્ખલનાઓને દર્શાવતાં પેજ ૮૮ના પારા ૪ના છેડેથી ('શ્રી જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૧, અંક ૪, પેજ ૧૫૩ ઉપરનાં લખાણનો આધાર રજુ કરીને) જણાવ્યું છે કે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"ભાનુચંદ્રજીએ શ્રી સેનસૂરિજીના ક્ષેત્રાદેશપટક અનુસાર સં. ૧૬૬૭નું ચાતુર્માસ આગરા કર્યું. સં. ૧૬૬૭(૮)નાં મહા શુદિ ૬ના પ્રતિષ્ઠા મહોત્સવ પછી આગરાથી વિહાર કરી ગુજરાત ગયા એટલે ભાનુચંદ્રજી સં. ૧૬૪૪ થી (અકબરના મૃત્યુ સં. ૧૬૬૨ સુધી અકબરના અને ૧૬૬૩ થી] ૧૬૭૭ સુધી (જહાંગીર) સમ્રાટના દરબારમાં રહ્યા (એટલે સં. ૧૬૩૯ થી [અકબરના મૃત્યુ સંવત] ૧૬૬૨ સુધીના) ૨૩ વર્ષ સમ્રાટના દરબારમાં ભાનુચંદ્રજી રહ્યા હોવાની પૂ. દર્શનવિ. ત્રિપુટીની વાત પ્રમાણિક નથી. કારણ કે–આપેલા પ્રમાણોથી ભાનુચંદ્રજી, સં. ૧૬૪૪ થી અકબરના સં. ૧૬૬૨ના મૃત્યુ સુધીના વર્ષ ૧૮ આગરા સમ્રાટ પાસે રહ્યા. સં ૧૬૩૯માં પૂ. હીરસૂરિજી સાથે આગરા તેઓ ગયા નથી; પરંતુ સં. ૧૬૪૨ પછી તેઓ હીરસૂરિજીને (અબરામાબાદના ચોમાસે કે ચોમાસા પછી) મળ્યા છે

ઉપર્યુક્ત માસિકના પેજ ૮૯ના પેરા ત્રીજાને અંતે—'श्री विजयतिलकसूरिरास (कडी १०६९) सं. १६७२ चैत्रके अमावसके पहिले उ. सोमविजयजीने २६ बोल प्रगट किये थें। उन बोलोंकी सूचना उपाध्याय श्री मेघविजय (खरतरीय श्री वल्लभपाठक विरचित 'विजयदेव माहात्म्य'नी टीकाना तथा 'देवानंदाभ्युदय काव्य'ना कर्ता) के शिष्य इन्द्रविजयने आपको (भानुचंद्रजीको) अजमेर जा कर दी थी (कडी ११३६-३७) इसे सिद्ध होता है कि आप सं. १६६९ के जाडोंसे सं. १६७२ तक फीर सम्राट जहांगीरके दरबारमें रहें।' (એટલે કે-શ્રી ભાનુચંદ્રજી, જહાંગીરના દરબારમાં તેઓ સં. ૧૬૬૯ થી સં. ૧૬૭૨ સુધીના ચાર વર્ષ રહ્યા છે એમ શ્રીયુત દુગડ જણાવે છે.)

પૂ. વી. ય. રત્ન. લ. ના. નો. સુ. ધા. રો.

વિ. સં. ૨૦૧૧માં અમારા તરફથી પ્રસિદ્ધ થએલ 'कुमताहिविषजांगुलिमंत्र-तिमिरतरणि' ગ્રંથના પેજ ૭ની પહેલી પુઠીની પંક્તિ ૭થી બીજી પુઠીની પંક્તિ ૨ સુધીમાં જે– 'आचार्य श्री विजयसेनसूरेरपि + + + तन्नूतनपट्टककरणं + + + मत्कुणखट्वान्यायो दापितः। + + + गच्छाधिपतिनेतादशोग्रोपायो ग्रहीतः' ઇત્યાદિ જણાવાએલ છે, તે ઉપર દર્શાવેલા પૂ. ઉ. શ્રી રત્નચંદ્રગણિ આદિના કૂટ ઉલ્લેખોને (અન્ય ઇતિહાસકારોની જેમ) ઉપલક દૃષ્ટિએ 'પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટક તરીકે માની લેવા'ની થવા પામેલ રત્નલનાથી લખાઈ જવા પામેલ હોઇને વાચકોએ તે લખાણને ઉપર્યુક્ત નિષ્કર્ષ પ્રમાણે સુધારીને વાંચવા વિનંતિ છે.

—હંસસાગર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ બોલના પ્રસંગે તે ઉલ્લેખોનો ઉદ્ભવ જણાય છે.

'જૈનયુગ' પુસ્તક ૧, અંક ૨, સં. ૧૯૮૧ આશ્વિન માસ, પેજ ૫૯-૬૦.

વિજયસેનસૂરિના દશ બોલ.

[ધર્મસાગર ઉપાધ્યાયે જે અનેક પ્રરૂપણાઓ કરી આખા શ્વેતામ્બર સંપ્રદાયમાં કોલાહલ ઉપજાવ્યો હતો તે સંબંધી વિજયસેનસૂરિએ દશ બોલ જાહેર કર્યા હતા. તે એક પ્રાચીન હસ્તપ્રત ઉપરથી ઉતારી અત્ર મૂકયા છે (જૈનયુગના સંપાદક.)]

શ્રી હીરવિજયસૂરિ પ્રમુખ પૂર્વાચાર્ય ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખ મોક્ષનઇ અર્થિ જીવ મુકાવઇ સીલ પાલવઇ તપ કરઇ શ્રી વીતરાગદેવની પૂજા કરઇ। ઇત્યાદિક માર્ગાનુસારી ધર્મ કર્ત્તવ્ય અનુમોદવાની ના નથી। અનઇ સાગર તું ઇમ કહઇ જે અનુમોદીઇ નહીં ॥ ૧ ॥ એ પ્રથમ બોલ ॥

તથા શ્રી હીરવિજય પ્રમુખ ઇમ કહઇ છઇ જે શ્રી ભગવતીસૂત્ર તથા શ્રી મહાવીર ચરિત્ર પ્રમુખ શાસ્ત્રનઇ અનુસારિં જમાલિનઇ પનરભવ જણાઇ છઇ। અનિં ઉપદેશ-માલાની સિદ્ધર્ષિટીકાનઇ અનુસારિં જમાલિનઇ અનંતાભવ જણાઇ છઇ। પછઇ કેવલી કહઇ તે પ્રમાણ। અનઇ સાગર તુ ઇમ થાપઇ છઇ જે જમાલિનઇ અનંતા ભવ કહીઇ। અનઇ પનર ભવ કહઇ છઇ તે તીર્થંકરની આશાતના કરઇ છઇ। એહવું પોતાના કીધા ગ્રંથમાંહિ પણિ લખ્યું છઇ સાગરઇ। એ બીજુ બોલ ॥ ૨

તથા શ્રી હીરવિજયસૂરિ પ્રમુખ ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખનઇ નિહ્નવ ન કહઇ। અનઇ સાગર તું ઇમ કહઇ છઇ જે નિહ્નવ કહીઇ॥ એ ત્રીજું બોલ ॥ ૩

તથા શ્રી હીરવિજયસૂરિપ્રમુખ કહઇ છઇ જે ઉત્સૂત્રભાષી આલોયા પડિકમ્યા વિના મરઇ તેહનઇ સંખ્યાતો અસંખ્યાતો ઉત્કૃષ્ટો અનંતો પણિ સંસાર હુઇ। અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે ઉત્સૂત્રભાષી આલોયા પડિકમ્યા વિના મરઇ તેહનઇ નિયમઇ અનંતુ સંસાર હુઇ ॥ એ ચોથુ બોલ ॥ ૪

તથા હીરવિજયસૂરિ પ્રમુખ ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખનઇ દેહરઇ જુહારઇ દેવ પૂજઇ તેહનઇ લાભ હુઇ। અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખનાં ચૈત્ય હોલીના રાજા સરિખાં। એહવું ગ્રંથમધ્યે પણિ સાગરિ લિખ્યું છઇ। એ પાંચમું બોલ ॥ ૫

તથા શ્રી હીરવિજયસૂરિ ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખ જૈન તથા મિથ્યાત્વી નુકાર ગણઇ તેહનઇ લાભ હુઇ। અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે ખરતર પ્રમુખ નુકાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણતુ અનંતસંસાર વધારઇ । એહવું પોતાના શાસ્ત્રમાંહિ પણિ આણ્યું છઇ ॥ એ છઠું બોલ ॥ ૬

તથા શ્રી હીરવિજયસૂરિ પ્રમુખ કહઇ છઇ જે કેવલીના શરીરથી અવશ્યભાવી પણ કદાચિત્ ત્રસ થાવરના જીવની વિરાધના થાઇ તુ (ના) નહિં અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે કેવલીના જીવથી વિરાધના માનઇ તે ઉત્સૂત્રભાષી એહવું પોતાના શાસ્ત્રમાંહિ પણિ સાગરે આણ્યું છઇ ॥ એ સાતમું બોલ ॥ ૭

તથા શ્રી હીરવિજયસૂરિ પ્રમુખ ઇમ કહઇ છઇ જે અનાદિ સૂક્ષ્મ નિગોદીયા જીવનઇ અવ્યવહારીયા કહઇ બીજા સર્વજીવનઇ વ્યવહારીયા કહઇ । અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે સૂક્ષ્મનિગોદ[૧] બાદરનિગોદ[૨] સૂક્ષ્મપૃથ્વીકાય[૩] સૂક્ષ્મ અપકાય[૪] સૂક્ષ્મ તેજ કાય[૫] સૂક્ષ્મ વાઉકાય[૬] એ છ પ્રકારના જીવનઇ અવ્યવહારીઆ કહીઇ । જે કોઇ એકલા સૂક્ષ્મ નિગોદના જીવનઇ અવ્યવહારીઆ કહઇ છઇ તે સઘલા અજ્ઞાની જાણવા । એહવું પોતાના શાસ્ત્રમાંહિ પણિ સાગરિ લખ્યું છઇ । એ આઠમું બોલ ॥ ૮

તથા શ્રી હીરવિજયસૂરિ પ્રમુખ કહઇ છઇ જે મરીચિં કપિલ આગત્તિ દુબ્ભાસિએણ ઇક્કેણ મરીઈ દુક્કસાગરં પત્તો એ વચન કહિઉ તે ઉત્સૂત્ર કહીઇ અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે એ વચન ઉત્સૂત્ર ન કહીઇ દુર્ભાષિત કહીઇ । એ નમું બોલ ॥ ૯

તથા શ્રી વિજયસેનસૂરઇ ખોટા જાણી સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણ કર્યું છઇ । અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે એ ગ્રંથ અમ્હો પ્રમાણ કરિસિઉં । ઇત્યાદિ ઘણા બોલની સાગરની વિપરીત પ્રરૂપણા છઇ । તે પ્રીછ્યો અનઇ એહવા ઉપરી શ્રી વિજય દેવસૂરિ સાગરનું પાસું કરઇ છઇ । અનઇ વારતા નથી ॥ તે માટઇ ધર્મના અર્થી હુઇ તેણે વિચારવું ॥ એ * દસમુ બોલ । ૧૦

(જૈન એસોસીએશન ઓફ ઇંડીઆની એક પત્રની પ્રત નં. ૧૧૮૨)

નોટ *–" તથા શ્રી વિજયસેનસૂરઇ (ઉપરના નવ બોલ) ખોટા જાણી (તે બોલ જેમાં છે, તે) સર્વજ્ઞશતક ગ્રંથ અપ્રમાણ કર્યું છઇ । અનઇ સાગર તુ ઇમ કહઇ છઇ જે એ ગ્રંથ અમ્હો પ્રમાણ કરિસિઉં." ઇત્યાદિ જણાવતો આ ૧૦મો બોલ, પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજી સ્વયં શ્રીમુખે બોલે, એ આ "**જૈનયુગ**" માસિક પત્રના તંત્રીશ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ જેવા એડવોકેટને તો સ્વીકાર્ય બન્યું જ ન હોય, તેમજ આ ૧૦મા બોલની ઉપરના નવેય બોલમાં મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરનું તો કોઇ સ્થળે નામનિશાન પણ નહિ હોવા છતા શ્રી દેશાઈએ– 'મહો૦ શ્રી ધર્મસાગરજી વિરૂદ્ધ ઘણા હોવાની જેમ આ૦ વિજયસેનસૂરિજી પણ વિરૂદ્ધ હતા' એવો સમાજમાં ખોટો ભાસ પેદા કરવાની બુદ્ધિથી જ આ દસેય બોલોને અહિં **વિજયસેનસૂરિજીના**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશ બોલ' તરીકે લેખાવ્યા જણાય છે ! વસ્તુતઃ આ 'દશ બોલ' તે પૂ૦ ભટ્ટારકશ્રીના નથી જ પરંતુ [સં૦ ૧૬૭૧ના પ્રાયઃ પોષ મહામાસ લગભગ અમદાવાદ સ્થિત પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી પાસે રહેલા પૂ૦ મહો૦ શ્રી નેમિસાગરજી ગણિની શ્રી સર્વજ્ઞ-શતક ગ્રંથગત પ્રરૂપણાઓને તથા (પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજીના પટ્ટધર) શ્રી વિજય-દેવસૂરિજી તરફના મત્સરભાવને લઈને વિજયદેવસૂરિજીનું વલણ, સાગરપક્ષ તરફનું છે, એમ તે પૂઃ ભટ્ટારકશ્રીના ખ્યાલ પર લેખિતપણે લાવવા સારૂ પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ આદિએ જાતે લખી લાવીને પૂ૦ ભટ્ટારકશ્રીને વિચારવા સમર્પેલ જણાતા હોઇને] પૂ૦ શ્રી સોમવિ૦ ગણિવરના જ માનવા સુસંગત જણાય છે.

૭. શ્રી સોમવિ૦ની હાજરી અને તે ઉલ્લેખની રજુઆત કરવાના સંભવિત કારણો.

સં. ૧૬૬૯માં પૂ. ભટ્ટારકશ્રી સાથે ઝઘડીને પાટણથી પૂ. મહો. શ્રી સોમવિ૦ મહારાજ સીધા મારવાડ ગયા બાદ સંભવત તેઓશ્રીના સહુ પક્ષકાર ઉપાધ્યાયોએ વિચાર્યું હોય કે– 'અહિં જ રહીને તેઓશ્રીએ, આપણા સહુ સમેત તે 'સર્વજ્ઞ શતક' ને પૂ૦ ભટ્ટારકશ્રીના હાથે જ અપ્રમાણ જાહેર કરાવવાનો પ્રયાસ કર્યો હોત તો તેનું મનોભિષ્ટ પરિણામ લાવવા સારૂ આપણે પણ સાથે રહીને બનતું બધું જ કરી છૂટત.'

તે પૂ૦ મહો૦ શ્રીના પક્ષકાર–'તેઓશ્રીના સંસારી બંધુ પૂ૦ ઉપા૦ શ્રી કીર્તિવિ૦, પૂ૦ ઉ૦ શ્રી નંદિવિ૦, પૂ૦ ઉ૦ શ્રી ધર્મવિ૦, પૂ૦ ઉ૦ શ્રી ભાનુચંદ્રજી, પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રજી, પૂ. ઉ. શ્રી ભાવવિ., પૂ. પં. શ્રી સિદ્ધિચંદ્રજી, વિજયતિલકસૂરિરાસના કર્તા કવિ દર્શનવિ૦ના ગુરૂ ઉ૦ શ્રી મુનિવિજયજી' વગેરેએ પોતાની ઉપર્યુક્ત વિચારણા, મારવાડ સ્થિત પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦શ્રીને જણાવી હોય અને તે વાત તેઓશ્રીને પણ ઠીક જણાવાયાથી સં૦ ૧૬૭૧માં મારવાડથી વિહાર કરી પોતાના તે તે સહુ પક્ષકાર ઉપાધ્યાયાદિ મુનિગણને મળી તેઓ સહુની સાથે તેઓશ્રી, પ્રાયઃ પોષ કે મહામાસ લગ-ભગમાં અમદાવાદ સ્થિત પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ને આવી મળ્યા હોય.

એ પ્રસંગે સંભવતઃ પૂ૦ ભટ્ટારકશ્રીના પટ્ટધર આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ આદિથી માંડીને સમુદાયના વફાદાર પૂ. ઉપા. શ્રી નેમિસા. ગણિવર આદિ સમર્થ ગીતાર્થ પ્રવરો વગેરે સેંકડો મુનિવરોએ (સં. ૧૬૬૯માં પાટણ મુકામે પૂ૦ ઉ૦ શ્રી સોમવિ૦ એ ભટ્ટારકશ્રીના પટ્ટધરના કરેલ અપમાનને લક્ષ્યમાં રાખીને) તેઓશ્રીનું દેશ-કાલ અને ભાવને અબાધક એવું ઉચિત વર્તન યુક્ત માન સાચવ્યું હોય અને પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ આદિ તરફથી પણ એમ જ સચવાયું હોય; છતાં શાસનની હેલના નિવારવા સારૂ બંને પક્ષો સામસામીને પણ સાથે રહ્યા હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સ્થિતિમાં એક દિવસ—"શ્રાવકોની ગેરહાજરીવાળા ગોચરી આદિ કોઇ પ્રસંગે પૂ૦ ભટ્ટારકશ્રી આદિ સહુ મુનિવરોની રૂબરૂમાં (કવિ દર્શન વિ૦ના કથનાનુસાર) પોતાના પક્ષ તરફથી પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મહારાજે, ઉપર જણાવેલા દસ બોલ પૂ૦ ઉપા૦ શ્રી નેમિસા૦મ૦ના કાને નાખેલ હોય! જે બદલ પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ તથા પૂ૦ ઉપા૦ શ્રી નેમિસા૦ મ૦ આદિ ગીતાર્થોએ ચૂપકીદી જ પકડી હોય. એટલે તેઓશ્રીએ પોતાનો ૧૦ બોલવાળો તે પત્ર,–'તો પછી આ બોલોનો આપ જ ખુલાસો આપો' એમ જણાવીને પૂ૦ ગચ્છનાયકશ્રીને વિચારવા સુપરત કર્યો હોય.

પૂ. ઉપાધ્યાયજીઓની નિષ્ફલતાનું પરિણામ.

એ પ્રકારે તે પત્રનો પોતાની પાસેથી ખુલાસો મેળવવામાં-(પોતે 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણિક જાહેર કર્યો નહિ હોવા છતાં તે પત્રમાંની ૧૦ મી કલમમાં પોતાને નામે તેવો ઉલ્લેખ કરનાર) પૂ૦ મહો૦ શ્રી સોમ વિ૦ મ૦ આદિના ભાવિ હેતુ-આશય, અકબરની સભામાં પરદર્શનીઓને પણ વાદમાં પરાભવિત કરનાર પૂ૦ ભટ્ટારક શ્રી આબાદ સમજી જવા પામ્યા હોય જ અને તેથી તેઓશ્રીએ પણ પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ના તે પત્રગત ૧૦ બોલો બદલ મૌન જ ધારણ કરવું ઉચિત માન્યું હોય.

આથી પોતાની ભાવિ યોજના નિષ્ફળ જતી હોવાનું સમજી તે પૂ૦ ઉપાધ્યાયપક્ષ વિલખો થયો હોય, એ સ્થિતિમાં પણ બીજે દિવસે તેવા જ કોઇ શ્રાવકાદિના અભાવવાળા પ્રસંગે સર્વ સાધુસમવાયની વચ્ચે પૂ૦ ઉ૦ શ્રી સોમવિ૦ મ૦ તરફથી પૂ૦ શ્રી રત્નચંદ્રગણિએ–'ગઈ કાલે પૂ૦ ભટ્ટારકશ્રીને વિચારવા સુપરત કરેલા ૧૦ બોલવાળા પત્રમાંના અંતિમ બોલમાં 'સર્વજ્ઞશતક' ગ્રંથ અપ્રમાણિક કર્યો હોવાનું જે જણાવેલ છે, તે અંગેની **રીતિ** આ છે,' એમ કહીને (પોતે જે સં૦ ૧૬૭૭ ના 'કુમતાહિવિષજાંગુલીમંત્ર' પુસ્તકમાં જણાવી તે મુજબની) 'સર્વજ્ઞશતક' ગ્રંથને કેમ અપ્રમાણ કરવો? તેની રીતિ પણ સહુને સંભળાવી હોય! બાદ પૂ૦ મહો૦ શ્રી સોમવિજયજીએ, પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિ મ. તથા પૂ. મહો. શ્રી નેમિસાગરજી ગણિવર આદિને પોતાની તે રીતિવાળા પત્રની નીચે મત્તાં કરવા સૂચવ્યું હોય: છતાં કોઇએ પણ સહી ન કરવાને લીધે તે પ્રકારના વર્ત્તનને વેગ આપીને સહીઓ કરાવી લેવાનો ઉગ્ર પ્રયાસ પણ કર્યો હોય: અને તે પ્રયાસમાં પણ તેઓ નિષ્ફલ જ નિવડ્યા હોય. પરિણામે પૂ. ઉ. શ્રી સોમવિ. મ. આદિ પૂ૦ મુનિવરો પૂ૦ ભટ્ટા૦શ્રી વિજયસેન સૂરિજી મ૦ સામે ઉશ્કેરાટમાં આવી જવા પામ્યા હોય.

સંઘ સમેલન ભરી ગીતાર્થો જે નિર્ણય આપશે તે જાહેર કરીશ.

પરિણામે ત્રીજા દિવસે તે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોના પક્ષે મરિઅળના જોરે–પૂ. ભટ્ટારકશ્રીને સંભવત: એમ પણ સ્પષ્ટ સંભળાવી દીધું હોય કે–"આપશ્રીને આપેલા ૧૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલવાળા પત્રનો આપ કાંઇ પણ ખુલાસો જણાવતા નથી, તેથી નેમનાથપ્રભુના વિવાહની જેમ 'अनिषिद्धं अनुमतम्' માનીને અમોએ આપશ્રીને 'સર્વજ્ઞશતકને અપ્રમાણ કરવાની જણાવેલી રીતિને' આ૦ શ્રી વિજયદેવસૂરિજી આદિની સહીઓ સહિત આપશ્રીના નામે તે ગ્રંથને 'આપશ્રીએ અપ્રમાણ કર્યો છે' એમ જાહેર કરી દેશું."

તે શીરનેરી બદલ પૂ૦ ભટ્ટારકશ્રીએ પણ તેઓશ્રીને તુરત જ આ મુજબ સ્પષ્ટ જણાવી દીધું હોય કે–'તેવી કોઇ પણ જાહેરાત, તમો મારા નામે કરશો તો તે મારે સ્વીકાર્ય નહિ રહે; પરંતુ આ અંગે વૈશાખ લગભગમાં હું જ અમદાવાદમાં ચતુર્વિધ સંઘનું સંમેલન મેળવીશ અને તેમાં તે ગ્રંથ અંગે સમસ્ત ગીતાર્થો મળી જે નિર્ણય આપશે તે જાહેર કરીશઃ'

પૂ૦ ભટ્ટારકશ્રીનો તે ખુલાસો સાંભળી તે પક્ષના મોવડીઓ તો પોતાની ધારણાને નિષ્ફલ થતી જાણી ત્યાંથી પ્રાયઃ મહિને બે મહિને પણ વિહાર કરી જવા પામ્યા હોય! છતાંય તે પરત્વે બેપરવા દાખવીને પૂ૦ ભટ્ટારક વિજયસેનસૂરિજી મહારાજે તો પોતાના કથન મુજબ તે જ વર્ષના વૈ. શુ. ૩ના દિવસે સંમેલન યોજ્યું જ અને તે શ્રી સંઘ-સંમેલનમાં તે પક્ષમાંના પણ જેઓ હાજર રહ્યા હોય તે ઉપાધ્યાયોની પણ સંમતિ પ્રાપ્ત કરીને તે શ્રી શ્રમણસંમેલનગત વિશાલ શ્રમણસંઘની વચ્ચે **સર્વ ગીતાર્થોનાં જ શ્રી-મુખે તે શ્રી સર્વજ્ઞશતક સટીક ગ્રંથને સર્વાનુમતે પ્રમાણિક જાહેર કરાવેલ. એટલું જ નહિ; પરંતુ તે જ પૂ૦ ગીતાર્થોના હસ્તે અમદાવાદ-પાટણ-ખંભાત ગંધાર આદિ શહેરોના સંઘના જ્ઞાનભંડારોમાં મહો૦ શ્રી ધર્મસાગરજીગણિના તે એક જ ગ્રંથને નહિ; પણ એ સાથે બીજા પણ ત્રણ ગ્રંથોને સ્થપાવ્યા!**

પરિણામે વ્યાપક બનેલી ક્ષિન્નાણુદ્ધિ.

'સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ કેમ કરવો?' તે અંગેની રીતિનો પૂ૦ ઉ૦ શ્રી રત્નચંદ્રગણિએ તૈયાર કરેલા ખરડામાં પ્રતિસ્પર્દ્ધિ ઉપાધ્યાયોએ, પૂ૦ આ૦ શ્રી વિજયદેવ-સૂરિજી–પૂ૦ ઉ૦ શ્રી નેમિસાગરજી–પૂ૦ ગણિ શ્રી ભક્તિસાગરજી આદિ પૂજ્યોની સહીઓ કરાવી લેવા માટે શીરનેરી વાપરી તેમ જ પોતાના ભક્તશ્રાવકોનું દબાણ પણ લાવ્યા! પરંતુ તેમાં તેઓશ્રી ફલીભૂત થયા નહિ.

અધુરામાં પૂરા તરીકે પૂ૦ ભ૦ શ્રી વિજયસેનસૂરિજીમહારાજે ઉપર જણાવ્યા મુજબ સં. ૧૬૭૧ના વૈ૦ શુ૦ ૩ના દિવસે શ્રમણ સંઘ સંમેલન યોજીને તેમાં ગીતાર્થો પાસે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિના 'સર્વજ્ઞશતક' આદિ ચાર ગ્રંથોને સર્વાનુમતે પ્રમાણિક તરીકે જાહેર કરાવીને અને તે ગ્રંથોની અનેક પ્રતો પણ લખાવીને અમદાવાદ-પાટણ-ખંભાત-ગંધાર આદિ શહેરોના જ્ઞાન ભંડારોમાં પધ મૂકાવી!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આથી જે ગચ્છનાયકશ્રીના હાથે જે સર્વજ્ઞશતકને અપ્રમાણિક જાહેર કરાવવાની પોતાની ધારણા અને યોજના હતી તેને બદલે તે 'પ્રમાણિક' તરીકે જાહેર થાય! અને તે જાહેરાતમાં ઇચ્છા ન હોવા છતાં પોતાનેય સંમતિ આપવી પડે! એકની અનેક નકલો થવા પૂર્વક અનેક શહેરોના ભંડારોમાં પૂ૦ ગચ્છનાયકની આજ્ઞાથી તે પ્રતો દાખલ થાય! આ બધું બનતું જોઇને તે પ્રતિસ્પર્દ્ધિ પૂ. ઉપાધ્યાય વર્ગ સમસમી ઉઠ્યો! અને તેથી તે તારક અને ગચ્છનાયકો પ્રતિની પોતાની રહી સહી પૂજ્યબુધ્ધિએ કિન્નાબુદ્ધિનું સ્થાન લીધું!

પૂ૦ ઉ૦ શ્રી સેનસૂરિજી ઉપર વિષ પ્રયોગ!

પરિણામે પૂર્વે જણાવી ગયા તેમ તે શ્રમણ સંમેલન બાદ પૂ. ભટ્ટારકશ્રીએ વિશાળ સમુદાય સાથે ખંભાત તરફ ચાતુમાસાર્થે વિહાર કર્યો. ક્રમે સોજિત્રા પહોચ્યા અને બીજે દિવસે ત્યાં નવકારશી કરી. તે ટાઇમે પૂ. ભ. શ્રી સાથે પં. ધીરવિમલ ગણિ, મહો. કીર્તિવિ ગણિ આદિ હતા. તેમાંથી પ્રતિસ્પર્દ્ધિ કોઇ સાધ્વાભાસે તે કિન્નાબુદ્ધિને વશવર્તી બની પૂ. ભટ્ટારકશ્રીને નવકારશીમાં કાંઇક આપી દીધું! અને પોતાની યોજનાને ફલ નહિ બેસવા દેનાર તે ભટ્ટારકશ્રીને સદાયને માટે વિદાયગીરી આપી દીધી! રે! પક્ષમોહાન્ધતા!!

બીજી બાજુ તે-ઉપાધ્યાયવર્ગના અગ્રેસર (કે જેઓ પોતાની ધારણા સં. ૧૬૭૧ ના તે સંમેલનમાં સફળ નહિ થવાનું જાણી સંમેલન ભરાયા અગાઉ જ રોષમાં વિહાર કરી ગયા હતા તે) પૂ. મહો. શ્રી સોમવિ. મહારાજ, પૂ. ગચ્છનાયકશ્રીના અકાલ સ્વર્ગવાસના સમાચાર સાંભળી (પોતાના પક્ષ ઉપરની જગતની જે શંકા હતી તેને દૂર કરવાના અને પોતાને તે પૂ. ભટ્ટારકશ્રી ઉપર કેવો સ્નેહ હતો તે બતાવી આપવાના આશયથી) ખુબ વિલાપ કર્યો!

સજાગ બનેલા પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજ

પૂ. ગચ્છનાયક શ્રી સેનસૂરિજી મ.ના તે કરૂણ બનાવ બાદ પૂ. ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મહારાજ પોતે વધુ સાવધ બન્યા અને તે પ્રતિસ્પર્દ્ધિ પૂ. ઉપાધ્યાયજીઓની સાથેનો સંબધ ઉપરછલો અને તે પણ સજાગ દૃષ્ટિ પૂર્વકનો રાખતા હતા! અને તે ત્યાં સુધી કે-પૂ. મહો. શ્રી સોમવિ. મહારાજ જ્યારે સહામેથી સેવા અંગે માગણી કરે છે તેમજ સાથે રહેવાનું જણાવે છે ત્યારે તેમને પૂ. ભટ્ટારકશ્રીએ સ્પષ્ટ શબ્દોમાંના સુણાવી દીધી! જુઓ 'વિજયતિલકસૂરિરાસ'ની કડી—" નિસુણી સોમવિજય ઉવઝાય; વલી એક લેખ લષઈ મનિ ભાય; જો ભગવનનો હોઈ આદેસ, તો તુમ પાસઇ રહુ

આવેસિ ॥ ૧૦૬૦ ॥ વડપણિ કરૂ તુમારી સેવ, એ ઇચ્છા છઈ મુઝનઇં દેવ; તો ગુરૂ. લષી પઠાવઇ આજ, અમ્હ પાસઇ નહી છઇં તુમ કરજ ॥ ૧૦૬૧ ॥'

એ પ્રમાણે-પૂ૦ મહો૦શ્રી સોમવિજયજી મહારાજ જેવા વયોવૃદ્ધ અને ગીતાર્થ ગણાતા મહાપુરુષ, જ્યારે સ્હામેથી સેવાની માગણી કરે છે ત્યારે તેને સત્કારવાને બદલે પૂ૦ ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મહારાજ-'અમારી પાસે તમારું કામ નથી.' એમ જે સ્પષ્ટ ના સુણાવી દીધી તેમાં કારણ એ છે કે-પ્રતિસ્પર્ધિ વર્ગના મોવડી તે મહો૦શ્રી સોમ વિ૦મ૦ અને તે વર્ગ, એ પ્રમાણે સેવાને બ્હાને સાથે રહી ગચ્છનાયક ઉપર પોતાના પક્ષબળના જોરે વર્ચસ્વ સ્થાપી ધાર્યું કરાવવા ઇચ્છતા હતા, અને કદાચ પોતાનું ધાર્યું ન થાય તેમ લાગે તો ગચ્છનાયકશ્રીને પણ ઉખેડીને ફેંકી દેવાની મનોવૃત્તિ ધરાવતા હતા. તે વાતની પ્રતીતિ તે કાલના નીચેના દૂહા તથા બીજી જણાવાશે તે વાતથી વાચકોને સુલભ થશે.

તે લોક દૂહા આ પ્રમાણે છે:—"હીરવિજય વિજયસેનરૂં, લૂણ કીઉં હરામ; ધનવિજય જગિમાં ભઓ, હરામખોર ઇતિ નામ ॥૧॥ રૂપાંસુત રૂડઉ કીઉ, હુઉ વિવેકી આપ, પિતા જેસંગજી પરિહરી, સાગર કીધઉ બાપ ॥૨॥ રે વિદ્યા! વિદ્યાવંત તું, હૃદય વિમાસી જોય; પિત નામ ખોઈ કરી, કુલબંપણુ કાં હોય ॥૩॥" (શાસનકંટકોદ્ધારક જ્ઞાનભંડાર-ઠલીઆ હ૦ લિ૦ પ્રત.)

ઉપરના ત્રણ દૂહાઓથી પૂ૦ ગચ્છનાયક પ્રતિ તથા તેમના અનુયાયી વર્ગ પ્રતિ તે ઉપાધ્યાયવર્ગની કેવી ભક્તિ અને હૃદયનો પ્રેમ છે? તે વાચકોને જણાઇ આવશે. તે દૂહામાં જે ધનવિજયના નામનો ઉલ્લેખ છે તે, **મહો૦ શ્રી કલ્યાણવિ૦ ગણિના શિષ્ય** ધનવિજયજી વાચકનો છે. કે-જેઓ મહો૦શ્રી સોમવિજયજીની સાથે જ પૂ૦ હીરસૂરિજી મ૦ના હાથે દીક્ષિત થએલા હતા, અને જેઓને માટે '**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**'ના પારા ૭૯૯માં મોહનલાલ દ૦ દેશાઇ લખે છે કે-"+ + + તે અવસરે હીરવિજયસૂરિને 'જગદ્‌ગુરૂ' એ નામનું બિરૂદ આપ્યું. (સં૦ ૧૬૪૦) આ વખતે બંદીવાનોને છોડી મૂકયા; **સૂરિસચિવ ધનવિજયને સાથે લઈ જઈ ડામર તળાવે જઈ** ત્યાંનાં પાંજરામાં પૂરેલાં પક્ષિઓને મૂક્ત કર્યા. (આ ધનવિજયે સૂરિ સાથે રહીને મેડતામાં જૈન વિહારોને મ્લેચ્છ-કરથી મુક્ત કરાવ્યા અને વાજાં અગાઉ બંધ થયા હતાં તે વગાડવા ચાલુ કરાવ્યાં-જુઓ તેના શિષ્ય ગુણવિજય શિષ્ય રામવિજયની વિશેષાવશ્યક પ્રતની લેખક પ્રશસ્તિ ગો૦ ના૦)"

આ પ્રમાણે જેમને હીરસૂરિજી મહારાજના મંત્રી તરીકે જણાવેલ છે તે ઉ૦ ધનવિજય વાચકને તે પ્રતિસ્પર્દ્ધિ ઉપાધ્યાય પક્ષ '**હરામખોર**'નો ઇલ્કાબ પાઠવે છે અને પૂ૦ ભટ્ટારકશ્રીને '**કુલબંપણુ**'નું બીરૂદ આપે છે! તેવા ગુરુભક્ત તે પૂ૦ મહર્ષિઓની સેવા-ભક્તિનું વર્ણન શું કરવું તે સમજાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ગચ્છનાયકની સામેય પ્રતિસ્પર્દ્ધી વર્ગે ઉંચકેલ માથું !

કવિ દર્શનવિ૦ના કથનાનુસાર સં. ૧૬૭૧નું ચાતુર્માસ, પૂ૦ ભટ્ટારક શ્રી દેવસૂરિજી મહારાજે વિસલનગર કરીને પાટણ શ્રી સંઘના આગ્રહથી પાટણ પધાર્યા. તે વખતે ઉપર જણાવ્યા તે ઉ૦ ધનવિ૦ વાચક તથા પં૦ ભક્તિસાગરજી ગણિ આદિ પણ પૂ૦ ગચ્છનાયકશ્રીની આજ્ઞાથી પાટણમાં બીજા ઉપાશ્રયે બીરાજ્યા હતા. આ વાતની કવિના કથન મુજબ અમદાવાદ રહેલા પૂ૦ મહો૦શ્રી સોમવિ૦ મ૦ને જાણ થઈ. એટલે પોતે પડદા પાછળ રહેવા પૂર્વક પોતાના પક્ષના બંભાત રહેલા ઉ૦ શ્રી નંદિવિ૦ વાચકને પત્ર લખી અમદાવાદ બોલાવ્યા. અને તેઓને 'ગચ્છનાયક સાથે કેવો વર્ત્તાવ રાખવો?' એ વગેરેની બધી ભલામણો કરવાપૂર્વક પાટણ તાકીદે પહોંચી જવાની આજ્ઞા કરી.

તે આજ્ઞાનુસાર પૂ૦ મહો૦ શ્રી નંદિવિ૦ મ૦, વિહાર કરતાં પાટણની નજીકના હબદપુર ગામે આવ્યા. તે વખતે પૂ. ભટ્ટારકશ્રીના કેટલાક સાધુઓ તથા શ્રાવકો વંદનાર્થે સ્હામા આવ્યા. એટલે ઉ. શ્રી નંદિવિજયજીએ, પૂ. ગચ્છનાયકના સુખશાતાના કાંઈ પણ સમાચાર પૂછ્યા સિવાય જ '**વિજયતિલકસૂરિરાસ**'ની કડી ૭૪૧ મુજબ સીધું જ શ્રાવકોને કહ્યું કે-'**વિજયસેનસૂરિજીએ જેઓને ગચ્છ બહાર કર્યા છે તેમને તહમે સ્થાન કેમ આપ્યું?**' જેના જવાબમાં શ્રાવકોએ જણાવ્યું કે-'**ગુરુદેવ** (વિજયદેવસૂરિજી)**ના આદેશથી**' ગચ્છનાયકની આજ્ઞામાં હોત કે ગચ્છનાયક પ્રતિ દિલમાં જરી પણ માન હોત તો 'ગચ્છનાયકની આજ્ઞાથી' એ શબ્દ સાંભળ્યા પછી બોલવા જેવું જ રહેતું ન્હોતું: તેને બદલે તેમાંના પોતાના ભક્ત શ્રાવકોને ઉશ્કેરવા પૂર્વક તે વાચકશ્રી '**તહેમણે** (વિજયદેવસૂરિએ) **પણ ગુરુનું વચન માન્યું નથી.**' એમ સ્પષ્ટ જણાવે છે! એટલું જ નહિ પરંતુ ગચ્છનાયકનું છડેચોક અપમાન કરવા પોતે તે પાટણમાં આડંબરથી પ્રવેશ પણ કરે છે!

આ પ્રસંગનું '**વિજયતિલકસૂરિરાસ**'ની કડી ૭૪૪-૭૪૫માં આ પ્રમાણે વર્ણન છે કે-'×××× વાચક આડંબરસિઉં આવ્યા, પાટણમાંહિ સમુહુતા રે... દષ્ટિ૦ ॥૭૪૩॥ હરષ ધરી વંદઇ ગુરૂપાયા, નંદિ વિજય ઉવજ્ઝાયા રે; પણિ પ્રેમિં તસ નવિ બોલાયા, પૂછઉં નહીં સુખિં આયા રે....દષ્ટિ. ॥૭૪૪॥ પરમ ગુરૂ શ્રી વિજયસેનસૂરિ, તાસ ન પૂછી વાત રે; સ્યું દુષ્યું અણસણ કિમ કીધું, એ માઠી તસ ઘાત રે....દષ્ટિ૦ ॥૭૪૫॥" અર્થાત્ પૂ૦ નંદિવિજયજી વાચકે આવીને હર્ષથી વંદન કર્યું, તો પણ ભટ્ટારકશ્રીએ તેમને 'સુખપૂર્વક આવ્યા છો ને?' એમ પ્રેમથી બોલાવ્યા પણ નહિ તેમજ 'પૂ૦ વિજયસેનસૂરિજીને શું થયું હતું? કેમ કાળ કર્યો? શું કામ અણસણ કર્યું? વગેરે પણ કાંઇ હકીકત પૂછી નહિ.' એમ પાટણની બજારમાં પૂ૦ ભટ્ટારકશ્રીને ઉતારી પાડવા માટે વાતો પણ વહેતી મૂકી!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુજ્ઞ વાચકો વિચારશો કે– ૧ જે ગામમાં ગચ્છનાયક કે વડિલ બીરાજતા હોય તે ગામમાં નાના સાધુઓ સામૈયા પૂર્વક પ્રવેશ કરે ખરા ? ૨ ભકતશ્રાવકોને ઉશ્કેરી કવિના કથન મુજબ–ગચ્છનાયકની આજ્ઞાથી રહેલા સાધુઓને ઉપાશ્રય ખાલી કરાવવાની હદે પહોંચાય ખરૂં ! ૩ આવી રીતની ગચ્છનાયકની અવજ્ઞા કરવા પૂર્વકનું વર્તન રાખનાર ઉપર ગચ્છ નાયકને પ્રેમ ઉપજે ખરો ? ૪ પૂ૦ ભ૦ શ્રી સેનસૂરિજી મ૦ના મૃત્યુમાં કોણ નિમિત્તભૂત છે? કેવા સંયોગોમાં થયું ? ઇત્યાદિ સંપૂર્ણ ઇતિહાસના જાણુ પૂ૦ ગચ્છનાયકશ્રી તે પ્રતિસ્પર્દ્ધિ વર્ગના ઉપાધ્યાયશ્રીને તે પૂ૦ ભટ્ટારકશ્રીના સ્વર્ગવાસ અંગે પૂછવા જેવું રહે છે ખરૂં ?

ગચ્છનાયક, પૂ૦ ભટ્ટારકશ્રી કે મહો૦ શ્રી સોમવિજયજી ?

કવિ દર્શનવિ૦ 'વિજયતિલકસૂરિરાસ'ની ૧૦૮૨ થી ૧૦૯૯ સુધીની કડીમાં જણાવે છે કે–પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦, પૂ૦ મહો૦ શ્રી મેઘવિ૦, મહો૦ શ્રી ભાનુચંદ્રજી, મહો૦ શ્રી નંદિવિ૦, મહો૦ શ્રી વિજયરાજ, મહો૦ શ્રી ધર્મવિ૦ આદિ (પ્રતિસ્પર્દ્ધી વર્ગના) ઉપાધ્યાયોએ સં૦ ૧૬૭૨ ના વૈશાખ શુદ ૧૩ ના રોજ પોતપોતાની સહિઓ પૂર્વકના પત્રો લખી ગામોગામના સંઘો ઉપર તથા ખુદ ગચ્છનાયક ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મહારાજ ઉપર પણ મોકલાવેલ. જે પત્રમાં આ પ્રમાણેનું લખાણ હતું કે–

"હીરવિજયસૂરિજીની સમક્ષ ઘણાં ગામોના સંઘોની રૂબરૂમાં બાર બોલ અને બીજી કેટલીએક શાસ્ત્રવિરુદ્ધ કરેલી પ્રરૂપણાઓ માટે સાગરે માફી માંગી મિચ્છામિ દુક્કડં દીધો હતો. તેનો અપલાપ કરીને પણ પાછો સાગરે 'સર્વજ્ઞશતક' ગ્રંથ બનાવ્યો હતો. તે પણ શાસ્ત્રવિરુદ્ધ હોવાથી વિજયસેનસૂરિએ તેમને દૂર કર્યા અને સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ કર્યો, તે સૌ કોઈ જાણે જ છે; માટે જો કોઇ તે ગ્રંથને વાંચશે, વંચાવશે, તે ગુરુની આણા બહાર ગણવામાં આવશે. વળી તે ગ્રંથના લીધે સાગરોને પણ દૂર કર્યા છે, માટે તેઓને પણ કોઇએ આદર આપવો નહિ. અને જો કોઇ તેઓની સાથે આહાર પાણી કરશે, અથવા કોઇ જાતનો વ્યવહાર રાખશે, તે પણ ગચ્છથી અલગ જ સમજવામાં આવશે. **વિજયદેવસૂરિએ તે સાગરોને ગ્રહણ કર્યા છે, માટે તેમને પણ ગચ્છથી બહાર કરવામાં આવે છે.** +++" ઇત્યાદિ.

તત્કાલીન સમગ્ર સાધુઓના નાયક એવા પૂ૦ ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિજી મ૦ અંગે પણ 'ગચ્છબહાર'નો પયગામ પાઠવવાની ધૃષ્ટતા કરવાની અધમ હદે પણ પહોંચી જવા પામેલા તે પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાય વર્ગના મોવડી પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦નું માનસ કઇ કોટિનું છે? તેનું આ બીજું ઉદાહરણ છે. આવા માનસવાળા તે મહો૦શ્રીની સેવાની માંગણીને પૂ૦ ભટ્ટારકશ્રી ઠુકરાવે નહિ તો શું કરે ? ખરેખર ગચ્છના નાયક પૂ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભટ્ટારકશ્રી વિજયદેવસૂરિજી મહારાજ ? કે—આવી અમર્યાદા જોહુકમી વાપરનાર તે પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયજીના અગ્રણી મહો૦ શ્રી સોમવિ૦ મહારાજ ? તે સુજ્ઞવાચકો ઉપરના પત્ર ઉપરથી નક્કી કરી લ્યે.

सर्वज्ञशतक ગ્રંથનું જહાંગીર બાદશાહે કરેલું બહુમાન.

કવિ દર્શનવિ૦ના કહેવા પ્રમાણે તે ઉપાધ્યાયોએ ઉપર મુજબનું જાહેરનામું બહાર તો પાડ્યું; પરંતુ તેના પ્રતાપે તે વખતના જૈનસંપ્રદાયમાં તે વર્ગ લઘુતા પામ્યો અને પરિણામે પૂ. ભટ્ટારકશ્રી પાસે સ્થાન અને માન પણ ગુમાવી બેઠો ! તેમજ તે પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયજીઓ ઘણાં વર્ષોથી જાણકાર વર્તુલમાં **'નિર્નાયકપક્ષ'** તરીકેની પ્રસિદ્ધિ પણ પામી ચૂકયા હતા. આ નિર્નાયક પક્ષની પરિસ્થિતિમાંથી મુક્ત થવા મહો૦ શ્રી સોમવિજયજી મહારાજે તદ્દન અપરિચિત અને અપ્રસિદ્ધ એવા રામવિજયગણિને સં૦ ૧૬૭૩ ના પો. શુ. ૧૨ ના રોજ 'વિજયતિલકસૂરિ' નામ આપી પોતાના નવા આચાર્ય સ્થાપ્યા.

આ આચાર્ય પદવી અંગે 'વિજયતિલકસૂરિરાસ' ના **'નિરીક્ષણ'** ના પૃ. ૨૨ ઉપર ઇતિહાસવેત્તા પૂ૦ વિદ્યા૦વિ૦ મહારાજ લખે છે કે "આ પ્રસંગે એટલું વિચારવું પડશે કે—રામવિજયજી તે વખતના પ્રસિદ્ધ વિદ્વાન્ સાધુઓ પૈકીના એક નહોતા, તે વખતે સોમવિજયજી, ભાનુચંદ્રજી, સિદ્ધિચંદ્રજી વિગેરે ઘણાં વિદ્વાન્ ઉપાધ્યાયો અને સાધુઓ હતા. ખાસ કરીને સોમવિજયજી ઉપાધ્યાય, કે—જેઓને કવિએ પોતાના પક્ષના એક આગેવાન તરીકે ઓળખાવ્યા છે, મુખ્ય હતાં; છતાં તેઓને આચાર્યપદવી ન આપવામાં આવી અને રામવિજયજી નામના અપ્રસિદ્ધ સાધુને શોધી કાઢ્યા, એનો હેતુ શો હશે, એ રાસ ઉપરથી વ્યક્ત થતું નથી."

લાગે છે કે અપ્રસિદ્ધ; પરંતુ તેવા મુનિને આચાર્યપદવી આપી તેથી નિર્નાયકપક્ષ તરીકેનું જે વગોણું હતું તે તો દૂર થશે. એવી કોઈ કલ્પનાથી પૂ૦ મહો૦ શ્રી સોમ વિ૦ મહારાજે આ પગલું ભર્યું હશે. પરંતુ તે નૂતન આચાર્યશ્રીના નેતૃત્વતળે તે પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયોએ એકત્રિત થઇ ફરી પક્ષબળ કેળવ્યું અને પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્રજી તથા સિદ્ધિચંદ્રજીની લાગવગથી જહાંગીર બાદશાહ પાસે 'વિજયદેવસૂરિજીને અને સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ કરવા અને મનાવવા, અથાગ પ્રયત્નો ચાલુ કર્યા !

તે પૂ૦ ઉપાધ્યાયોની વારંવારની તેવી ભંભેરણીથી ભોળવાઇને જહાંગીર બાદશાહે પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ તથા પૂ૦ મહો૦ શ્રી નેમિસા૦ગણિ ઉપર તાકીદે હાજર થવાના ફરમાનો છોડ્યા અને તે બંને પૂજ્યવરોને ભરચોમાસામાં વિહાર કરાવ્યો ! પૂ૦ ભટ્ટારકશ્રી તથા મહો. નેમિસાગરજી વાચકે માંડવગઢ આવી જહાંગીર બાદશાહની સમક્ષ તે પૂ૦ પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયોની સાથે સતત શાસ્ત્રાર્થ કરી તેઓને સખત પરાભવિત કરી


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ભટ્ટારકશ્રી વિજયસેનસૂરિજી મ૦ની જેમ જ આ પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજે પણ 'સર્વજ્ઞશતક' મહાગ્રંથને સાચો ઠરાવ્યો!

પૂ૦ ભ૦ શ્રીની તેમજ પૂ૦ મહો૦શ્રીની અસાધારણ વિદ્વત્તા, યાદશક્તિ, ચારિત્ર, તપ તેજ આદિથી પ્રસન્ન થઇને જહાંગીર બાદશાહે ક્રમે **'જહાંગીર મહાતપા'** તથા **'જગજીપક'**નાં બંનેને બિરુદ આપ્યા! તેમજ તે પ્રતિસ્પર્દ્ધી પક્ષની હાજરીમાં જ 'સર્વજ્ઞશતક' ગ્રંથને હાથીની અંબાડીમાં પધરાવી બાદશાહી વાજીંત્રોના આડંબરપૂર્વક-માંડવગઢમાં પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજીનો વરઘોડો કાઢી માનથી ઉપાશ્રયે પધરાવવાનો માંડવગઢના સંઘનાયક ચંદ્રપાલ આદિને આજ્ઞા કરી! એટલું જ નહિ; પરંતુ સાથોસાથ –'વિજયસેનસૂરિજીના ખરા પટ્ટધર આ૦ શ્રી વિજયદેવસૂરિજી જ છે, પણ કૂપમંડૂક જેવા વિજયતિલકસૂરિ પટ્ટધર નથી! એમ પણ જાહેર કર્યું!

વારંવાર પરાભવિત થવા બાદ અંતે શાંતિ પકડી!

આ પ્રસંગે મહો૦ શ્રી સોમવિ૦ મહારાજની પરિસ્થિતિનું વર્ણન, **'ઉપા૦ શ્રી નેમિસાગરગણિ નિર્વાણરાસ'**ના કર્ત્તા એક જ કડીમાં આ પ્રમાણે આપે છે કે–'કુટિલ કલંકી બાપડુ, દોષાકર એ ચંદ (સોમ); નારીમુખ ઉપમા લહી, દિન દિન થાયે મંદ॥' એવી સખત નામોશીપૂર્વકની હાર પામવા છતાં થોડા વર્ષો બાદ ફરી તે ઉપાધ્યાયપક્ષે સમાજમાં અશાંતિનું વાતાવરણ ખડું કરવા માંડ્યું! આથી પૂ૦ ભટ્ટારકશ્રીએ આગળ જણાવી ગયા તેમ સં૦ ૧૬૮૬માં પટ્ટક બહાર પાડી પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિની સમસ્ત માન્યતાઓને સત્ય તરીકે જાહેર કરવા પૂર્વક સર્વજ્ઞશતક ગ્રંથને પ્રમાણિક તરીકે ફરી જાહેર કર્યો. જે આજ સુધી પ્રમાણિકગ્રંથ તરીકે જ રહ્યો છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ચોથું

પૂ૦ શાસનસ્તંભ મહો૦ શ્રી ધર્મસા૦ગણિના વિદ્વાન શિષ્યો.

પૂ૦ ઇતિહાસવેત્તા મુનિશ્રી દર્શનવિ૦ કૃત-'**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ના પંચાવનમા પ્રકરણના પૃ૦ ૭૪૪ થી ૭૭૦ સુધીમાં પૂ૦ મહોપાધ્યાય શાસનસ્તંભ શ્રી ધર્મસાગરજી ગણિવર્યોના વિદ્વાન્ શિષ્ય-પ્રશિષ્યોની પરંપરા નીચે મુજબ આપેલી છે.

(૧) મહો૦ ધર્મસાગર ગણિની શિષ્યપરંપરા.

૫૬-મહો૦ ધર્મસાગર ગણિવર.

૫૭-ઉપા૦ વિમલસાગર ગણિ-મહો૦ ધર્મસાગરગણિવર સં૦ ૧૬૧૬ માં મેડતામાં ચાતુર્માસ રહ્યા હતાં ત્યારે તે તેમની સાથે હતા. તે દીક્ષામાં મહો૦ લબ્ધિસાગર ગણિથી મોટા હતાં પણ ઉપાધ્યાય તરીકે તેમનાથી નાના હતાં. મહોપાધ્યાયજીએ [સં૦ ૧૬૧૭માં ચર્ચા કરવાને બદલે જેસલમેરથી નાસી છૂટેલા ખરતરના] ઉપા૦ ધનરાજગણિની પાછળ પાટણ મોકલ્યા.[૩૭] **લબ્ધિસાગર ગણિના સ્વર્ગગમન પછી** સં૦ ૧૬૫૫માં તેમને ઉપાધ્યાય બનાવ્યા હતાં એટલે તે ઉપાધ્યાય પદવીમાં નાના હતા.

૫૮-ઉપા૦ પદ્મસાગરગણિ-મહો૦ ધર્મસાગર ગણિવરે તેમને સં૦ ૧૬૧૬ માં જાલોરમાં દીક્ષા આપી. તે પ્રખર વિદ્વાન, મોટા વાદી, શીઘ્રકવિ અને હાજરજવાબી શક્તિવાળા હતાં.

જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૨૮ ના ફા. શુ. ૭ને સોમવારે અમદાવાદના અહમદપરામાં મૂલાશાહ શેઠના ઉત્સવમાં આ૦ વિજયસેનસૂરિને **આચાર્ય**, ઉપા૦ વિમલહર્ષને **મહોપાધ્યાય**, મુનિ પદ્મસાગર ગણિ-મુનિ લબ્ધિસાગર ગણિ વગેરે ૬ ગણિવરોને **પંન્યાસ** બનાવ્યા.

---

૩૭. મહો૦શ્રી લબ્ધિસાગરજી ગણિ અંગેની પૂ૦ ત્રિપુટીજી મ૦ની આ વાત, તેમજ પેજ ૭૨૨ ઉપરની 'ભ૦ વિજયસેનસૂરીશ્વરે સં૦ ૧૬૫૩-૫૪ માં મ. શુ. ૫ના રોજ અમદાવાદમાં તેમના વિદ્વાન શિષ્ય પં૦ લબ્ધિસાગર ગણિને ઉપાધ્યાયપદ આપ્યું. **તેઓએ ૧૮ મહિના ઉપાધ્યાયપદે રહી સ્વર્ગગમન કર્યું**, તે વાત ઇતિહાસવિરુદ્ધ લખેલી છે. કારણકે-સં૦ ૧૬૬૫ નો ખંભાતમાંનો શિલાલેખ, સં૦ ૧૬૬૫ માં ઉ૦ શ્રી લબ્ધિસા૦ ગણિએ પ્રતિષ્ઠા કર્યાનું જણાવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમણે સિરોહીની રાજસભામાં ભટ્ટ નરસિંહને તથા ઈડરની રાજા [૩૮]કલ્યાણની રાજસભામાં વાદી બ્રાહ્મણોને હરાવ્યા.

ગ્રંથો–તેમણે પંન્યાસપદમાં સં૦ ૧૬૪૬ ના બીજા મહા શુ. ૧૧ના રોજ માંડલમાં 'જગદ્ગુરુ કાવ્ય' શ્લોકબદ્ધ બનાવ્યું.

'પં૦ વિમલસાગરગણિ શિષ્ય ગણિ પદ્મસાગરે સં૦ ૧૬૫૭ માં ભ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં મુનિ પ્રેમસાગરની વિનંતિથી 'ઉત્તરજઝયણસુત્તની પાઇયટીકા'ની પ્રાકૃત કથાઓને સંસ્કૃતભાષામાં ગ્રં. ૪૫૦૦ ઉતારી. (સં૦ ૧૬૫૭) (પૂના–જૈનપ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૩જો પ્ર૦ સ૦ નં૦ ૬૮૪)

સં૦ ૧૬૩૩ માં 'નયપ્રકાશ–સ્વોપજ્ઞટીકા' સાથે રચ્યો. યુક્તિપ્રકાશ–સટીક, પ્રમાણ પ્રકાશસટીક. [સં. ૧૬૩૪], શીલપ્રકાશ [સં. ૧૬૩૪], યશોધર નૃપચરિત્ર [સં. ૧૬૪૫] ધર્મપરીક્ષા, તિલકમંજરી–પદ્ય, તિલકમંજરી–ટીકા, ગ્રં. ૮૦૦૦ અને અજારાપાર્શ્વનાથ-સ્તવન શ્લો. ૫ વગેરે ગ્રંથો રચ્યા.

પં૦ પદ્મસાગરગણિ શિષ્ય પં૦ **ગુણસાગરગણિએ** હસ્તિનાપુર મંડન ભગવાન શાંતિજિનવિનતિ ગુજરાતી કડી ૨૧ [૩૯]બનાવી.

૫૯–મહો૦ કુશલસાગરગણિ–તેમના બીજા નામ પં૦ કુમારસાગરગણિ અને પં૦ કુલસાગરગણિ પણ મળે છે. તે બચપણમાં સાધુ થયા હતાં. તે વિદ્વાન હતા, મોટા વાદી હતા અને જ્ઞાનગંભીર હતા. ભ૦ વિજયસેનસૂરીશ્વર અને આ૦ વિજયદેવસૂરિ સાથે જ વિચરતા હતાં તે તથા તેમની પરંપરા સંવેગી હતી, તેથી [૪૦]યતિપણામાં રહેવા છતાં તે શુદ્ધ સંયમી હતાં.

---

૩૮. પં૦ પદ્મસાગરગણિની આ વાત અંગે મહો૦ શ્રી ગુણવિ૦ગણિ કૃત 'તપાગણપતિગુણપદ્ધતિ' નામની (પટ્ટાવલીની) અનુપૂર્તિ નં૦ ૧માં–'तन्माहात्म्यहृष्टो राजाश्रीकल्याणमल्लनामा (चिंता) मणिपाठिमहामट्टचट्टवेष्टितः प्रतिश्रयं प्राप्तस्तर्कवादमकारयत् । तदा तेषां सूरीणां पुण्योदयात् पार्श्ववर्त्तिमिर्वादिदर्पगरुडरत्नैः पंडितपद्मसागरगणिगीतार्थशिरोरत्नैरेव सर्वेपि भटास्तथा निर्जिता यथा लज्जिताः संतोऽहो गुरूणां गुरूतेति स्तुवंतो राजेन्द्रमुख्याः स्वाश्रयं प्रापुः। तदा तत्र महती प्रभावना जाता' એ પ્રમાણે ઉલ્લેખ છે.

૩૯. "પદ્મસાગર શિ. રાજસુંદરે વટપદ્ર (વડોદરા) ના દાદા પાર્શ્વપર ૪૫ શ્લોકમાં એવાં સ્તવનની રચના કરી કે–જેના દરેક શ્લોકનું ચોથું ચરણ, ભક્તામરસ્તોત્રના દરેક શ્લોકનું પ્રથમ ચરણ તરીકે આવે. (વે. નં. ૧૮૦૬)" (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ–પારા ૮૮૫)

૪૦. જે મહો૦ શ્રી કુશલસાગરજી ગણિ, 'વિજયપ્રશસ્તિકાવ્ય' ના કર્તાના ગુરુ ઉ૦ શ્રી કમલવિ૦ના વાચકપદે હતા, જેમને આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ તથા વિજયદેવસૂરિજી મ૦

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૬ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમણે સં૦ ૧૬૬૨ માં 'ઉપદેશસાર–સટીક' બનાવ્યો. તેમાં ઘણી ઐતિહાસિક અનુશ્રુતિઓ આપી છે આ ગ્રંથમાં તેમણે પ્રાકૃત–સંસ્કૃત–અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષાનાં કવિતો વગેરે પણ આપ્યાં છે. આચાર્યશ્રીએ તેમને ઉપાધ્યાયપદ આપ્યું હતું.

મહો૦ નેમિસાગરગણિએ સાગરમતના ૩૬ 'બોલ'ની નવી પ્રરૂપણા કરી. તે પ્રરૂપણાને તે (બો) પ્રમાણિક માનતા ન હતાં. **તે સંવેગરંગથી રંગાયા હતાં.**

સુરતના નવાબે સં૦ ૧૬૮૭માં સુરતમાં ભ૦ વિજયદેવસૂરિને 'સર્વજ્ઞશતક સટીક' પ્રમાણિક છે કે નહિં' એ બાબતે રાજસભામાં જાહેર શાસ્ત્રાર્થ કરવા વિનંતિ કરી હતી.

શાસ્ત્રાર્થ–ભ૦ વિજયદેવસૂરિએ આ શાસ્ત્રાર્થમાં પોતાના **પ્રતિનિધિ** તરીકે **મહો૦ કુશલસાગરગણિ** અને પં૦ લાભકુશલગણિને મોકલ્યા હતાં.

આ૦ રાજસાગરસૂરિએ શાસ્ત્રાર્થ કરવા માટે પોતાના તરફથી પં૦ [૪૧]સત્યસૌભાગ્ય-ગણિને નિયુક્ત કર્યા હતા. શાસ્ત્રાર્થનું સ્થાન રાજસભા હતું અને મધ્યસ્થ તરીકે સાગર-શાખાના જૈનોની માગણી મુજબ નવાબ માજરમાલિક હતાં. તથા બીજા વિદ્વાન બ્રાહ્મણો, બીજા પંડિતો તથા મુસલમાનના કાજી-ફકીર વગેરે હતાં. બીજા જૈન–જૈનેતર શ્રોતાઓ વગેરે હતાં.

સુબાએ શાસ્ત્રાર્થનો પ્રારંભ કરવા જણાવ્યું. પં૦ સત્યસૌભાગ્યગણિએ પ્રથમ ફારસીમાં પાંચ ફકરા લખી સૌની સામે મૂક્યા. ઉ૦ કુશલસાગરગણિએ તેની સામે 'સર્વજ્ઞ-શતક'માંથી વિસંવાદી ૯ બોલ ગોઠવી ફારસીમાં લખી સૌની સામે મૂક્યા અને પંન્યાસજીને જણાવ્યું કે–'આ બોલોને શાસ્ત્રના આધારપાઠો આપી સાચા કરી બતાવો.'

પં૦ સત્યસૌભાગ્યગણિ આ બોલ વાંચી મૌન બની રહ્યા. સર્વસભ્યો અને સૌ પ્રેક્ષકોએ જાહેર કર્યું કે–પં૦ સત્યસૌભાગ્યગણિ હારી ગયા. ઉપા૦ કુશલસાગરગણિ સાચા ગણાયા અને આ૦ શ્રી વિજયદેવસૂરિ જીત્યા એવી ખ્યાતિ પ્રસરી.

(અનુસંધાન પેજ ૧૬૫ નું ચાલુ)

બહુમાન આપતા હતાં, જેમને વિજયદેવસૂરિજી મહારાજ, પોતાના પ્રતિનિધિ તરીકે લેખકના કહેવા પ્રમાણે સુરતમાં વાદ કરવા મોકલે છે, તે મહોપાધ્યાયશ્રી અંગે 'યતિપણામાં રહેવા છતાં શુદ્ધ-સંયમી હતાં' એ પ્રમાણે કલમ ચલાવતાં પહેલાં તે અંગેનો ઐતિહાસિક પૂરાવો પૂ૦ ત્રિપુટીજીએ આપવો જરૂરી હતો.

૪૧. જે રાજસાગરસૂરિજી (મહો૦ શ્રી મુક્તિસા૦) મહારાજ, રાજસભા આદિમાં અનેક વખત પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાયોને ચૂપ કરવાપૂર્વક પણ 'સર્વજ્ઞશતક' ગ્રંથને પ્રમાણિક ઠરાવી શકે છે તે પોતે પૂ. ત્રિપુટીજીના કથનાનુસાર ત્યાં જ હાજર હોવા છતાં શાસ્ત્રાર્થ કરવા આવે નહિ અને પોતાના પ્રતિનિધિ તરીકે સત્યસૌભાગ્ય ગણિને મોકલે, તે વાત કયો સુજ્ઞપુરૂષ સ્વીકારે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ૦ રાજસાગરસૂરિ તે સમયે ત્યાં હાજર રહ્યા.

(ઐતિહાસિક રાસસંગ્રહ ભા૦ ૪ નિરીક્ષણ પૃ. ૩૯–૪૦; ઇતિ૦ પ્રક. ૫૫ પૃ. ૭૬૮ સુરતમાં શાસ્ત્રાર્થ[૪૨])

મહો૦ કુશલસાગરગણિના નં૦ ૬૦ મા શિષ્ય **પં૦ વિજયસાગર ગણિએ** પુર ગામમાં શેઠ વીર ભણશાળીને ભણવા માટે 'મહાવીરજિનસ્તોત્ર' શ્લોક ૨૮ રચ્યું.

૬૦ **પં૦ ઉત્તમસાગરગણિ**–તેઓ [૪૩]સંયમમાં શિથિલ બન્યા. સં. ૧૭૫૮ માં સ્વર્ગવાસી બન્યા તે તપાગચ્છ વિજયદેવસૂરિસંઘ સાગરશાખાના ભ૦ ઉદયસાગરસૂરિની આજ્ઞામાં હતા.

૬૧–**પં૦ ન્યાયસાગરગણિ**-"અસમાન ગુમાન કરત જગમેં, સોહી 'ગુમાન' કથિર જ્યું ગાયેા; ઉદેપુર લેાક વિલેાકત કેાક જ્યું, બાગર નાગર હૈં જ્યું વાર્યો; શાંતિ-નિજય બુધ **ન્યાયપયેાનિધિ**, આગમ તર્ક વિવાદ વિચાર્યો, ગામ **ધુલેરમેં** આદિમદેવ હજૂર, દિગંબરનાયક હાર્યો. ॥ ૧ ॥"

ભિન્નમાલના રાવ અજીતસિંહ રાઠોડના રાજ્ય પહેલાં (સં. ૧૭૫૧ થી૧૭૮૧) **શા૦ મેાટા** શાહ ઓસવાલની પત્ની **રૂપાદેવીએ** એક મધ્યરાતે સ્વપ્નમાં આંબેા જોયેા, અને વિ. સં. ૧૭૨૮ ના શ્રા. શુ. ૮ની ઘડીએા પૂરી થયા બાદ ૯મીના ભેાગ કાળમાં ગુરુવારે અનુરાધા નક્ષત્રમાં મધરાત પછી બ્રાહ્મયેાગમાં પુત્ર **નેમિદાસને** જન્મ આપ્યેા.

તેના ઘરમાં ઘરદેરાસર હતું. તે નેમિદાસના કાકાએ પં૦ ઉત્તમસાગરગણિને તે નેમિદાસ વહેારાવ્યેા, પં૦ ઉત્તમસાગરગણિએ તેને દીક્ષા આપી, અને તેનું નામ **મુનિ ન્યાયસાગર** રાખ્યું.

શ્રી ન્યાયસાગરે વ્યાકરણ, ન્યાયગ્રંથેા આ૦શ્રી હરિભદ્રસૂરિ અને મહો૦ શ્રી યશેા-

---

૪૨. આ સુરતની શાસ્ત્રાર્થ અંગેની વાતનેા, ઐતિ૦ રાસસંગ્રહ ભા૦ ૪ ના 'નિરીક્ષણ'ના પૃ. ૩૮ થી ૪૨ ઉપર પરિશિષ્ટ ૧૬ તરીકે 'સુરતમાં થયેલી સાગર-વિજયની ચર્ચા સંબંધી પત્ર' છપાએલ છે તેમાંની વિગતેાની અસત્યતા વગેરે અંગે આ જ ગ્રંથમાં અગાઉ વિસ્તારથી જણાવેલ છે.

૪૩. પં. ઉત્તમસાગરગણિએ સં. ૧૭૧૨ ના વૈ. શુ. ૭ ને ગુરૂવારે પેારબંદરમાં ૬૫૦ ગ્રંથાગ્ર પ્રમાણ 'ત્રિભુવનકુમારરાસ'ની રચના કરી છે.

આ પં. ઉત્તમસાગરગણિ માટે પણ મહો. શ્રી કુશલસાગરગણિની જેમ 'તેઓ સંયમમાં શિથિલ બન્યા' એ પ્રમાણે પૂ. ત્રિપુટીજી મહારાજ, આધાર આપ્યા સિવાય લખેલ છે! તેા પ્રશ્ન છે કે–આમ આધાર વિહેાણું લખાણ કરવા પાછળ પૂ ત્રિપુટી મ૦નેા 'સાગર ગચ્છના ગીતાર્થ મુનિઓ યતિ જેવા હતાં' એવી લેાકમાનસ ઉપર છાપ ઉપસાવવાનેા આશય તેા નથી ને?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિજયજીગણિવર વગેરેના ન્યાયગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમની ઉંમર ૩૦ વર્ષની થતાં પં૦ ઉત્તમસાગરજી મહારાજે આશરે સં૦ ૧૭૫૮ માં સ્વર્ગગમન કર્યું.

પં૦ શાંતિવિજયજી વગેરે ૬૦ ઠાણા ધૂલેવાતીર્થ [કેશરીઆજી] ની યાત્રાએ આવ્યા. **પં૦ ન્યાયસાગરે** ત્યાં દિગંબર ભટ્ટારક **નરેન્દ્રકીર્ત્તિ**ને હરાવ્યો. તથા ઉજ્જૈનમાં અને સિદ્ધપુરમાં તેમજ અમદાવાદમાં જિનપ્રતિમાવિરોધી ઢુંઢીયાને પણ હરાવ્યા હતાં.

મંદસોરના **નવાબે** તેમનું નિમિત્તજ્ઞાન સાચું જાણી તેમની પાસે ધનની થેલી મૂકી લેવા વિનંતી કરી. પં૦ ન્યાયસાગરે સં૦ ૧૭૬૩ માં તે ન લેતા શુદ્ધસંયમી જીવન પાળવા ક્રિયોદ્ધાર કર્યો.

તેમણે અમદાવાદથી વિહાર કરી શત્રુંજય, ભાવનગર, ઘોઘા, ગિરનાર, આબુ, અચલગઢ, તારંગા, પાટણ, અંતરીક્ષજી, ઔરંગાબાદ, બુરાનપુર, સુરત, જંબૂસર, ખંભાત નવાનગર વગેરે સ્થાનોમાં વિહાર કરી યાત્રાઓ કરી, ઉત્સવ–મહોત્સવ–પ્રતિષ્ઠા વગેરે કરાવ્યા.

તેમને-(૧) મણિસાગર, (૨) ઉદયસાગર, (૩) ધીરસાગર અને (૪) જયસાગર એમ ચાર શિષ્યો હતાં. આ સિવાય (૫) વીરસાગર શિષ્યનું નામ પણ મળે છે.

તેઓ નવાનગરથી વિહાર કરી કોંઠ–ગાંગડ પધાર્યા. અહિં તેમની તબિયત બગડી. આથી અમદાવાદના જૈનોએ ત્યાં જઈ તેમને અમદાવાદ લાવી, લુવારની પોળના ઉપાશ્રયે પધરાવ્યાં. ત્યાં પણ તેમની તબિયત વધુ બગડી. ચાર શિષ્યો તેમની સાથે હતાં.

પં૦ ન્યાયસાગરે સં૦ ૧૭૯૭ના ભા૦ વ૦ ૮ની સવારે (ઉષઃકાળે) અમદાવાદના લુવારની પોળના ઉપાશ્રયમાં સ્વર્ગગમન કર્યું. સંઘે તેમની માંડવી બનાવી. 'કઢમપુરાની વાડીમાં' અગ્નિસંસ્કાર કર્યો.

મહો૦ ધર્મસાગર ગણિવરના પટ્ટધર મહો૦ વિમલસાગર ગણિની પરંપરાના..... 'ન્યાયસાગર નિર્વાણરાસ' બનાવ્યો. [૪૪](જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય, રાસ નં૦ ૬ ઠ્ઠો, પૃ. ૬૮ થી ૮૫)

ગ્રંથો-તેમણે ઘણાં ગ્રંથો રચ્યા છે. તે આ પ્રમાણે-(૧) સં૦ ૧૭૬૬માં 'સમ્યકત્વ-વિચારવાળું મહાવીરસ્તવન' (૨) સં૦ ૧૭૮૧માં ભરૂચમાં 'પિંડદોષવિચારસજ્ઝાય' (૩) 'નિગોદવિચારવાલુ સ્તવન' (૪) સં૦ ૧૭૮૪ ના આ. વ. ૧૩ ના રોજ રાનેરમાં '૩૬ રાગ–રાગણીવાળું મહાવીરસ્તવન' (૫-૬) બે જિનચોવીશીસ્તવનો (૭) સૂર્યમંડનપાર્શ્વજીન સ્તવન (૮) આઠમનું સ્તવન વગેરે રચ્યાં છે. તેમના સ્તવનો લોકપ્રિય બન્યાં છે.

૪૪. ઐતિહાસિક નોંધ પ્રમાણે પૌર્ણમીયકગચ્છીય આ૦ શ્રી ભાવપ્રભસૂરિ શિષ્ય શ્રી પુણ્યરત્નનો (સં૦ ૧૭૯૭ ના આસો વદિ ૫ રવિવારે) બનાવેલ 'ન્યાયસાગરનિર્વાણરાસ' પણ ઉપલબ્ધ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[તદુપરાંત (૯)-વીશી, (૧૦) સં૦ ૧૭૮૪ માં દિવાલીદિને 'બારવ્રતરાસ' પણ રચેલ છે.]

ઉપા૦ સહજસાગરગણિની શિષ્યપરંપરામાં તેમના ક્રિયોદ્ધારનો પ્રભાવ પડવાથી સંવેગી તપાગચ્છ સાગરશાખાની શ્રમણપરંપરા ચાલી હતી. (જુઓ ઇતિ૦ પ્રક૦ ૫૮, સાગરગચ્છપરંપરા)

પં૦ ન્યાયસાગર ગણિના શિષ્ય **મુનિ વીરસાગરે** સં૦ ૧૬૯૬[૪૫]અથવા સં૦ ૧૭૯૬ માં ફા૦ શુ૦ ૧૧ ના રોજ ઘાંઘાણી તીર્થમાં શ્રી નવકાર રાસ લખ્યો. (શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ પ્રશ૦ નં૦ ૭૮૮).

૬૨–પં૦ જયસાગરગણિ તેમણે ૧૮૦૧માં [અષાડ વદ ૫ બુધવારે અમદાવાદ જમાલપુરવાડા] માં તીર્થમાલાસ્તવન બનાવ્યું. **પં૦ વૈરાગ્યસાગરગણિ** સં. ૧૭૨૫માં આગરામાં હતાં.

૬૩–પં૦ રાજેન્દ્રસાગરગણિ તેમણે સં. ૧૮૬૦ના અષાડ શુદિ ૧૦ને સોમવારે ભરૂચમાં મુનિ ઉદયપ્રભના શિષ્ય પં૦ ધર્મનિધાનની પ્રાકૃત 'ચતુર્વિંશતિજિન સ્તુતિ' ગાથા ૨૮ની પ્રતિ લખી હતી.

(૨) મહો૦ ધર્મસાગર ગણિની શિષ્ય પરંપરા.

૫૬–મહો૦ શ્રી ધર્મસાગર ગણિવર.

૫૭-મહો૦ શ્રી લબ્ધિસાગરગણિ–મહો૦ ધર્મસાગરગણિએ સં. ૧૭૧૭–૧૮માં અહિમનગરમાં દીક્ષા આપી. ભ. હીરવિજયસૂરિએ સં. ૧૬૨૮ ના ફા. શુ. ૭ને સોમવારે અમદાવાદના અહમદપરામાં શેઠ મૂલાશાહના ઉત્સવમાં પં૦ વિજયવિમલને ઉપાધ્યાયપદ, આ૦ વિજયસેનસૂરિને આચાર્યપદ, ઉ૦ વિમલહર્ષને મહોપાધ્યાયપદ તથા મુનિ પદ્મસાગર ગણિ, **મુનિ લબ્ધિસાગર ગણિવર** વગેરે ૬ જણને પંન્યાસપદ આપ્યાં.

પં. લબ્ધિસાગરે (અથવા[૪૬] ઉપા. વિમલસાગરે) સં. ૧૬૬૫માં કેકિંદમાં નાપા

---

૪૫. અહીં 'પ્રશસ્તિ સંગ્રહ'ના ૭૮૮ નંબરના લેખનો ઉલ્લેખ પોતે જ કરે છે તેમ જ 'જૈન ગૂર્જર કવિઓ' ભા૦ ૩, ખંડ ૧, પેજ ૬૫૮–"આ કવિકૃત સં૦ ૧૬૯૬ ફા૦ શુ૦ ૧૧ ગણિ ન્યાયસાગર શિ૦ વીરસાગર લિ૦ ગંધાણીનગરે લિ૦ ગો૦ ના૦" એ પ્રમાણેનો સ્પષ્ટ ઉલ્લેખ જાણવા છતાં ત્રિપુટીજીએ 'સં૦ ૧૬૯૬ અથવા સં૦ ૧૭૯૬ માં' એમ ૧૦૦ વર્ષની ફેરફારવાળા સંવતનો ઉલ્લેખ કર્યો તે શું તેમની ઇતિહાસજ્ઞતા સૂચવે છે?

૪૬. '૧૬૬૫ કા૦ શુ૦ કેકીંદગ્રામે દેવસૂરિનિર્દેશેન લબ્ધિસાગરૈઃ પ્રતિ૦ વિજયકુશલ સહજસા૦ જયસા૦' એ પ્રમાણેના લેખમાં મહો૦ શ્રી લબ્ધિસા૦ ગણિએ પ્રતિષ્ઠા કરી હોવાનું સ્પષ્ટ

(અનુસંધાન પેજ ૧૭૦ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉછતવાળ ઓશવાલના ભ૦ આદિ જિન પ્રસાદની ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.[૪૭] (–જિનવિ૦ લેખસંગ્રહ, લેખાંક ૩૭૭ પ્રં૦ ૬૦)

ભ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૪૮ માં મહો૦ ધર્મસાગરની 'તપગચ્છ પટ્ટાવલી' ની[૪૮] પરીક્ષા કરવા ગીતાર્થોની તપાસ સમિતિ નીમી હતી. તેમાં પં૦ લબ્ધિસાગર ગણિ પણ એક હતા. આ વિજયસેન સૂરિએ સં૦ ૧૬૫૩ના મહાસુદિ પને રોજ અમદાવાદના અકબરીપુરામાં શેઠ ભોટા શવજીના જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમને ઉપાધ્યાય પદ આપ્યું હતું. તે એક દિવસે આ૦ વિજયદેવસૂરિને સાબરમતી વળાવવા ગયા અને ત્યાંથી પાછા ફરતાં [૪૯]ઠંડી લાગવાથી બીમાર પડ્યા. તેઓ ૬ મહિના ઉપાધ્યાય પદવી ભોગવી કાળ ધર્મ પામ્યા.

(અનુસંધાન પેજ ૧૬૯ નું ચાલુ)

જણાવવા છતાં ત્રિપુટીજીએ **'અથવા ઉ. વિમલસાગરે'** એ શબ્દો 'વિજયતિલકસૂરિરાસ'ના આધારે પોતે પણ જે '૧૮ મહિના ઉપાધ્યાય પદ ભોગવ્યું' એમ લખ્યું તે બરાબર છે, તેવું સિદ્ધ કરવા માટે જ લખ્યું જણાય છે.

૪૭. **'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'** પારા ૮૬૪–'ધર્મસાગર ઉ૦ના શિષ્ય લબ્ધિસાગરે ખરતરગચ્છવાળા સાથે ચર્ચા કરવા માટેના પ્રશ્નોનો નિબંધ લખ્યો છે. (પુરાતત્વ, પુ૦ ૩ અંક ૪, લેખ નામે–'જૂની ગુજરાતીમાં એક ઐતિહાસિક ચર્ચા)' તેમજ **પારા ૯૦૮**–'+++ધર્મસાગરના શિષ્ય લબ્ધિસાગરે ચાર બોલ ચર્ચાની ચોપાઈ [બનાવી છે.]'

૪૮. 'સંશોધિતા' નો 'સંશોધન કરી' એમ અર્થ કરવાને બદલે 'પરીક્ષા કરવા માટે' એમ ત્રિપુટીજીએ જે અર્થ કરેલ છે તે 'તેમના બનાવેલા પુસ્તકોની પરીક્ષા તેમના જ ખુદ શિષ્યો પણ કરતા હતા' એવું જણાવવા માટે છે. અને તેથી ત્રિપુટીજીનું આ લખાણ, મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિ પ્રતિના પૂર્વગ્રહનું સૂચક પણ છે.

૪૯. કવિ દર્શનવિ૦ના–'નદીમાહિં લૂ લાગી ઘણી, તેથી પરભવિ પુહતા સુણી' એ કથનાનુસાર ગ્રીષ્મ ઋતુના પ્રચંડતાપ અને 'લૂ'ના કારણે પૂ૦ મહો. શ્રી લબ્ધિસા૦ ગણિનો સ્વર્ગવાસ થયાનું સ્પષ્ટ હોવા છતાં 'ઠંડી લાગવાથી બીમાર પડ્યા' એ મુજબ ત્રિપુટીજીએ કયા ઐતિહાસિક પુરાવાના આધારે જણાવ્યું હશે? તેમજ–

આ જ 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦૩ના પે. ૭૨૨ ઉપર તે જ ત્રિપુટીજીએ 'તેઓએ ૧૮ મહિના ઉપાધ્યાયપદે રહી સ્વર્ગગમન કર્યું', તેમ જણાવ્યું! ઉપરના પેરામાં 'પં૦ લબ્ધિસાગરે (અથવા ઉ૦ વિમલસાગરે) સં. ૧૬૬૫માં +++ પ્રતિષ્ઠા કરી, એમ લખીને પૂ. મહો. શ્રી નેમિસા. ગણિનો ઉપાધ્યાય પદવીનો કાળ ૧૭ વર્ષનો ગણાવેલ છે! જ્યારે અહિં 'તેઓ ૬ મહિના ઉપાધ્યાય પદવી ભોગવી કાળધર્મ પામ્યા'નું જણાવે છે! આમ ત્રિપુટીજીની ભિન્નવાક્યતા પણ કયા ઐતિહાસિક પુરાવાના આધારે હશે? ત્રિપુટીજી મ.ની આવા પ્રકારની ફેંકાફેંક શું ઇતિહાસનું રૂપ આપી શકાય ખરૂં? સુજ્ઞો વિચારે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮- **ઉપા૦ નેમિસાગર** ગણિ ઉ૦ રાજસાગરગણિ. તે બંને [૫૦]સિરપુર નગરના **શેઠ દેવીદાસ** અને તેની પત્ની **કોડિમદે**ના પુત્રો હતા. મહો૦ ધર્મસાગર ગણિએ કોડિમદેને તથા તે બનેને દીક્ષા આપી. પં. લબ્ધિસાગરગણિના શિષ્યો બનાવ્યા. તેઓના નામ **મુનિ નેમસાગર** અને **મુનિ મુક્તિસાગર** રાખ્યાં. બંને ભાઇઓ બુદ્ધિમાન્, વિદ્વાન્ અને વાદી હતા.

મુનિ મુક્તિસાગરનો સં૦ ૧૬૩૭ માં જન્મ થયો હતો તેમનું ગૃહસ્થપણાનું નામ **મેઘજી** હતું. તે નાની ઉંમરમાં સાધુ બન્યા હતા. તેથી વધુ તેજસ્વી હતા. તેમને **પદ્માવતીદેવીની** સહાય હતી. સંભવ છે કે તેમનું બીજું નામ [૫૧]**ભક્તિસાગર** પણ હોય! ત્રીજુ નામ [૫૨]**પં૦ રાજસાગર** તો હતું જ.

પોર્ટુગીઝ પાદરી પીનહરોએ તા. ૬-૧૧-૧૫૯૫ના રોજ પોતાના દેશમાં પત્ર લખ્યો હતો. તેમાં લખ્યું હતું કે 'મેં જૈનવતી સાધુઓને ખંભાતમાં જોયા હતા. તેઓમાં ૮-૯ વર્ષની ઉંમરના છોકરાઓ પણ જોયા કે-જેઓ દેવ જેવા લાગતા હતા. તેઓ હિંદુસ્તાનના નહીં, પણ યુરોપના હોય તેવા લાગતા હતા. આટલી નાની ઉંમરમાં તેમના માતા-પિતા તેમને ધર્મને નામે અપર્ણ કરી દે છે.'

(ડા. વિન્સેન્ટ સ્મીથનું 'અકબર' તથા પ્રક૦ ૪૪ ફ. નં. ૮ પૃ. ૧૨૯ થી ૧૩૪ તથા 'સૂરીશ્વર અને સમ્રાટ'માંથી.)

એટલે કે આ૦ હીરવિજય સૂરિના પરિવારમાં મુનિ મુક્તિસાગર, મુનિ કુશલસાગર મુનિ નંદિવિજય, મુનિ સિદ્ધિચંદ્ર, મુનિ કમલવિજય વગેરે તેમની જેવા બાલમુનિઓ

---

૫૦. 'ઉ. નેમિસાગર નિર્વાણરાસ' તથા અન્ય ઇતિહાસોમાં 'સિંહપુર' નામનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં ત્રિપુટીજીએ અહિં 'સિરપુર' નામ જણાવતા આ વિચાર્યું કેમ નહિ હોય કે કયાં માલવ પ્રદેશના સિંહપુર ગામમાં જન્મ થયો છે કે ખાનદેશ પ્રાંતના 'સિરપુર' ગામમાં?

૫૧. જહાંગીર બાદશાહના ફરમાન મુજબ મહો૦ શ્રી નેમિસા. ગણિએ જ્યારે રાધનપુરથી માંડવગઢ તરફ વિહાર કર્યો તે પ્રસંગનો ઉલ્લેખ કરતાં 'ઉ. નેમિસાગરગણિ નિર્વાણરાસ'માં જણાવે છે કે 'મુક્તિસાગર પંડિત તિહાં, માનસાગર વલી બાલ-ગુ.; પ્રમુખ મુનીસર મૂકિયા, કર્યો સંઘ સંભાલ ગુ સં. ॥ ૬૫॥ વીર વીરસાગર સહી, **ભક્તિસાગર** બુધ્ર સાથે-ગુ.' એ પંક્તિ અનુસાર પં. મુક્તિસાગરજી તથા પં. ભક્તિસાગરજી ગણિ બંને એક નથી; પણ પૃથક વ્યક્તિ હોવાથી પૂ. ત્રિપુટીજીનું આ વિધાન, તેઓશ્રીની ઇતિહાસ વિષયક અનભિજ્ઞતાને વ્યકત કરે છે.

૫૨. 'રાજસાગર' એવું નામ સ્થાપન, આચાર્ય પદવી વખતે જ ભ. પૂ આ. શ્રી વિજયદેવસૂરિજીએ કરેલ છે, નહિ કે-પંન્યાસપદવી વખતે! આ વાતથી અનભિજ્ઞ રહેવાના પરિણામે ત્રિપુટીજીએ આગળ જતાં-"૧ સં. ૧૬૪૧ના વૈ. શુ ૨ ને બુધવારે હીરવિજયસૂરીશ્વર યુગ પ્રધાનાવતારમાં માદલપુરમાં એક પં. રાજસાગરગણિ વિદ્યમાન હતા. તે આ પં. મુક્તિસાગરથી જુદા હશે" એ પ્રમાણે અર્થશૂન્ય ટિપ્પણી કરવી પડેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૫માં એ બંનેને [૫૩]પંન્યાસપદ આપ્યું હતું.[૧]

કવિવર **પં૦ ક્ષેમવર્ધનગણિ** લખે છે કે–**પં૦ નેમસાગર** તથા **પં. મુક્તિસાગરગણિ** સુરતમાં ચોમાસું હતા, ત્યારે સુરતમાં શેઠ શાંતિદાસ નામે મોટો ધનાઢય વ્યાપારી હતો; પણ તેને કાંઈ સંતાન ન હોતું. તેણે એક દિવસે ઉકત પંન્યાસોને કરગરીને વિનંતિ કરી કે 'ગુરૂદેવ! આ સેવક પાસે ગુરૂદેવની કૃપાથી ધન છે પણ અંતરાયકર્મનો ઉદય છે કે–અમારા પછી તેને ભોગવે અને દાનપુણ્ય કરે એવો જીવ નથી' એટલે અમને કોઈ સંતાન નથી. ગુરૂદેવો કૃપા કરે તો આ અંતરાય કર્મ તૂટે અને આ શ્રાવકનું ઘર આબાદ બની રહે.' આથી પંન્યાસોએ સં૦ ૧૬૬૦ના ભોયરામાં બેસી સર્વકાર્યસાધક ચિંતામણિમંત્રનો જાપ શરૂ કરી આરાધના કરવા માંડી. વિધિ પૂર્વક બલિબાકુલા, હોમ, આહૂતિ, આરતી સાથે જાપ કરવાથી છ મહિને સિદ્ધ થાય એવો એનો વિધિ હતો. પંન્યાસોએ શેઠ શાંતિદાસને જણાવ્યું કે–'તમે છ મહિના પૂરા થતાં બીજે દિવસે સવારે અહિં આવી હાજર રહેજો.'

અમદાવાદના શેઠ સહસ્રકિરણનો પુત્ર **શેઠ શાંતિદાસ ઝવેરી** સુરતમાં વ્યાપાર માટે અવાર નવાર આવતો, તે ધર્મપ્રેમી હતો. તે જ્યાં જાય ત્યાં દેવદર્શન–ગુરૂ દર્શન વગેરે વિધિ કર્યા પછી પોતાનો ધંધો શરૂ કરતો. સુરતમાં આવે ત્યારે સવારે **પં૦** નેમિસાગરગણિ વગેરેના દર્શને બરાબર આવતો.

પંન્યાસોએ ઉપરનો જાપ પૂરો કર્યો. છ મહિના પૂરા થયા. ત્યારે કુદરતે બન્યું એવું કે બીજા દિવસે સવારે જ બ્રાહ્મમુહૂર્ત્તમાં (સુરતના શાંતિદાસને બદલે) અમદાવાદનો **શાંતિદાસ ઝવેરી** પંન્યાસોને વાંદવા આવ્યો પં. મુક્તિસાગરગણિએ નામસામ્યથી તેને સુરતનો શેઠ શાંતિદાસ સમજી ભોંયરામાં લઇ જઈ પોતાની સામે એક આસન ઉપર નિઃશંક બેસાડયો, પંન્યાસજીએ તેને કહ્યું કે–'જો ડરીશ નહી, ખડોલ બેસી રહેજે, ધરણેંદ્ર નાગના રૂપમાં તારી સામે તારા શરીરે ચડશે, જીભના લબકારા મારશે, ત્યારે તું તારી જીભને નાગની જીભ સાથે મેળવી દેજે.' તો ધરણેન્દ્ર પ્રસન્ન થઈ તને વરદાન આપશે, તને રાજ્ય મળશે, ધનનો ભંડાર છલકાશે તને યશ મળશે.'

શાંતિદાસ ઝવેરી ગુરુ કૃપા સમજી પંન્યાસજીની સામે બેસી ગયો. તે પંન્યાસજીએ જાપ શરૂ કર્યા ધરણેન્દ્ર નાગરૂપે આવી ઉભા પણ શાંતિદાસને બીક લાગવાથી

---

૫૩. "(૧) સં૦ ૧૬૪૧ના વૈ૦ શુ૦ ૨ ને બુધવારે હીરવિજયસૂરીશ્વરયુગપ્રધાનાવતારમાં માદલપુરમાં એક **પં૦ રાજસાગરગણિ** વિદ્યમાન હતા. તે આ પં. મુક્તિસાગરથી જુદા હશે એ" પ્રમાણે પૂ. ત્રિપુટીજીએ અહિં જે સ્ફુટનોંધ કરી છે તે તદ્દન અર્થહીન અને બીનજરૂરી છે, કારણકે આ પેરેગ્રાફમાં પોતે જ મુક્તિસાગરજી ગણિનો પન્યાસપદવી કાલ સં. ૧૬૫૫નો જણાવે છે! એટલે સં. ૧૬૪૧માં વિદ્યમાન પં. રાજસાગરગણિ તે બીજા હોય એ તો સહેજે સમજી શકાય તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાની જીભ બહાર કાઢી નહિ. ધરણેન્દ્ર, તરત અદૃશ્ય થઇ ગયા પં૦ મુક્તિસાગર-ગણિએ કહ્યું–'શાંતિદાસ! તે નાગની સાથે જીભ મેળવી હોત તો ખરેખર તું રાજા બનત. પણ તું ડરી ગયો, તે જીભ મેળવી નહિ. તેથી હવે તું રાજમાન્ય જ બનીશ.'

(–શેઠ શાંતિદાસનો રાસ)

શાંતિદાસ ઝવેરી સુરતથી અમદાવાદ થઇ આગરા ગયો. ત્યાં **સમ્રાટ અકબરે** સં. ૧૬૬૧માં આગરામાં બધા ઝવેરીઓને પોતાના દરબારમાં બોલાવ્યા હતાં. શાંતિદાસ ઝવેરીએ સૌની વચ્ચે મોતીની પરીક્ષા કરી બાજણી કિંમત બતાવી, બાદશાહ ખુશ થયો. તેણે શાંતિદાસને મોટું માન સન્માન આપ્યું. એટલે શાંતિદાસ ઝવેરીને મોગલ દરબારમાં મોટી નામના મળી. **'બાદશાહી ઝવેરી'** તરીકેની પદવી મળી.

સમ્રાટ અકબરની એક બેગમ એક વાર **અમદાવાદ** આવી, શાંતિદાસ ઝવેરીએ તેની ખૂબ બાતર બરદાસ્ત કરી. બેગમે પ્રસન્ન થઈ તેને પોતાનો **ધર્મભાઈ** બનાવ્યો. સમ્રાટ જહાંગીર જ્યારે હિન્દનો બાદશાહ બન્યો ત્યારે તે શાંતિદાસ ઝવેરીને 'મામા' કહી બોલાવતો. બા૦ જહાંગીરે તેને અમદાવાદનો **નગરશેઠ** બનાવ્યો અને ગુજરાતનો સુબો પણ બનાવ્યો [૫૪]

નગરશેઠ શાંતિદાસ સમજી ગયા કે આ ગુરૂદેવોની કૃપાનું ફળ છે. તેણે પં૦ નેમિસાગરગણિ અને પં૦ મુક્તિસાગરગણિને અમદાવાદ બોલાવી ભારે ઠાઠથી પધરાવ્યા.

---

૫૪. આ ઉપરાંત વધુમાં **'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'**ના પારા ૮૩૩માં શ્રીયુત મો૦ દ૦ દેસાઇ લખે છે કે-"**શાંતિદાસ** શેઠ–આ સમયમાં એક રાજમાન્ય ઝવેરી અને પ્રતિષ્ઠિત આગેવાન થયા. એ અતિ શ્રીમંત, સાહસિક વેપારી હતા તેની શરાફી પેઢીઓ સુરતાદિ અનેક સ્થળે ચાલતી. તેઓ ઓસવાળ જૈન અને સાગરપક્ષમાં હતા. રાજ્યમાં ઘણી લાગવગ હતી. તેમણે જહાંગીરના રાજ્યમાં સં૦ ૧૬૭૮ માં બીબીપુર (પ્રાયઃ અસારવા અને સરસપુર વચ્ચે) ચિંતામણી પાર્શ્વનાથનું સુંદર ભવ્ય મંદિર બંધાવવા માંડ્યું અને તેમાં મુક્તિસાગરને હાથે સં૦ ૧૬૮૨ માં પ્રતિષ્ઠા થઈ. **તે સ્થાપત્યના ઉંચા પ્રકારના નમુનારૂપ હતું** શાહજહાંના અમલમાં તેના ધર્માંધ પુત્ર **ઔરંગઝેબને** અમદાવાદની સૂબાગીરી અપાતાં તેણે મંદિરમાં મહેરામ કરી (વટાળ કરી) એની મસ્જીદ કરી હતી. (સં૦ ૧૭૦૦) વોરા લોકો એનો સામાન લઈ ગયા હતા. **આથી આખા ગુજરાતમાં હિંદુ અને મુસલમાનનું બંડ થયું હતું.** શાંતિદાસે શાહજહાંને અરજ કરતાં શાહજાદા દારાશિકોહના હાથનું એક ફરમાન મેળવ્યું. (હીઝરી ૧૦૫૮, સં૦ ૧૭૦૧) તેમાં જણાવ્યું હતું કે–'મહેરામો કાઢી નાંખો તે મંદિર શાંતિદાસને હવાલે કરવું, તે તેને બક્ષવું અને તે કબજે રાખે ને પોતાના ધર્મ પ્રમાણે ભજન કરે તેમાં કોઇ આડે ન આવે; તેમાં રહેલા ફકીરોને કાઢી મૂકવા ને વોરા લોકો પાસેથી સામાન લઇ પાછો આપવો યા સામાનનો ખર્ચ લઇ પહોંચાડવો."

અર્થાત શેઠ શાંતિદાસનું આવા પ્રકારનું માન–મહત્વ તથા મરતબો, મોગલ સલ્તનતમાં પણ હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે સાથ વિનંતિ કરી કે 'ગુરૂદેવ! આપની કૃપાથી મને સૂબાગીરી મળી છે. આ રાજ્ય તમારૂં છે, તે ગુરૂદક્ષિણામાં સ્વીકારો અને મને ઋણમુક્ત કરો.'

પંન્યાસજીએ ઉત્તર વાળ્યો કે 'શેઠ અમો માતા પિતા, ઘરબાર, માલ-મિલકત બધું છોડીને નીકળ્યા છીએ. તો અમે રાજ્યને શું કરીએ? પરંતુ જો તમારે ખરેખર લાભ જ લેવો હોય તો ગચ્છનાયક ભ૦ વિજયસેનસૂરિને અમદાવાદ પધરાવી ૫૫માન-સન્માનથી પ્રસન્ન કરી તેમના હાથે બંનેને ઉપાધ્યાયપદ અપાવો.'

નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ ગચ્છનાયકને અમદાવાદ પધરાવી વિનંતિ કરી કે-'કૃપા કરી મારી એક ભાવના પૂરી કરો કે-બંને પંન્યાસોને ઉપાધ્યાયપદ આપો.' આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૫ માં અમદાવાદમાં માત્ર પં૦ નેમિસાગરને **ઉપાધ્યાય પદવી** આપી.

શેઠે પાધડી ઉતારી ગચ્છનાયકને ફરીથી વિનંતિ કરી કે-"આપે મારી વિનંતિ સ્વીકારી તેટલા માટે હું મારા અહોભાગ્ય સમજું છું. 'હવે પં૦ મુક્તિસાગરજીને ઉપાધ્યાયપદવી પ્રદાન કરો.' એથી મને પૂરો સંતોષ થશે."[૫૬]

ગચ્છનાયકે શાંતિથી કહ્યું-'આ પદવી લહાણી કરવાની વસ્તુ નથી, કે ઘેર ઘેર અપાય.' આમ ઉત્તર વાળી મૌન પકડ્યું.[૫૭]

આથી નગરશેઠને મનમાં ખોટું લાગ્યું અને મનથી નિર્ણય કર્યો કે-"[૫૮]હવે હું

---

૫૫ પૂ. ત્રિપુટીજીનું આ લખાણ, ભ૦ગચ્છનાયકની તેમજ સમર્થ બંને સાગરમહર્ષીઓની પણ લઘુતા કરનારૂં છે. કારણકે-શું ગચ્છનાયક એવા હતા કે કોઈ તેઓને માન સન્માન આપે કે તરત ફુલાઈને પ્રસન્ન થઈ જાય? અને આ બંને સાગરગીતાર્થો શું પદવીના એવા લાલચુ હતા કે જેથી મોઢે ચડી માગણી કરી? પૂ. ત્રિપુટીજીએ આ કલમ ચલાવીને ખરેખર કમાલ કરી નાખી!!

૫૬. પૂ ત્રિપુટીજીના લખવા મુજબ માન સન્માનથી પ્રસન્ન થનાર પૂ. ગચ્છનાયક પાસે શાંતિદાસ શેઠે બંને પંન્યાસોને ઉપાધ્યાય બનાવવાની માંગણી મૂકયા છતાં ગચ્છનાયકે જ્યારે એકને જ ઉપાધ્યાય બનાવ્યા ત્યારે તે સામે શાંતિદાસ શેઠે કેમ કાંઈ વાંધો કે વિરોધ રજુ ન કર્યો? અથવા તો તે વખતે જ ગચ્છનાયકને વિનંતિ કરી પીગળાવ્યા કેમ નહી હોય? કે જેથી તે પદવી કાર્ય પત્યા બાદ અવસરે ફરી પાધડી ઉતારીને વિનંતિ કરવાની સ્થિતિમાં મૂકાવું પડયું!

૫૭. માન સન્માનથી રીઝી જનારા ગચ્છનાયકે આ જવાબ દેતાં પહેલાં તેના પરિણામનો પણ કેમ કાંઈ વિચાર કર્યો નહિ હોય? અને આવો જવાબ, એ શું શાંતિપૂવકનો આપ્યો ગણી શકાય ખરો કે ઉદ્ધતાઈ અને બેપરવાવાળો ગણી શકાય? લાગે છે કે પૂ. ત્રિપુટીજીએ પોતે જ આ સવાલ જવાબોની ગોઠવણી કરી હોય.

૫૮. 'ઉપાધ્યાય, પંન્યાસને ઉપાધ્યાય ન બનાવી શકે અને આચાર્ય હોય તો જ ઉપાધ્યાય પદ આપી શકાય' એવું કોઈપણ ગ્રંથમાં વિધાન નથી જ! અને તેથી 'મહો. શ્રી નેમિસા૦ ગણિને

(અનુસંધાન પેજ ૧૭૫ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપા૦ નેમિસાગરને આચાર્ય બનાવીશ અને તેમના હાથે જ પં૦ મુક્તિસાગરને પણ 'ઉપાધ્યાય' બનાવી '**આચાર્ય પદવી**' અપાવીશ." ભટ્ટારક વિજયસેનસૂરિએ પં૦ મુક્તિસાગરને ઉપાધ્યાય બનાવ્યા નહિ. તેથી જ ભ૦ વિજયદેવસૂરિ પણ તેમને ઉપાધ્યાય બનાવતા ન હતા.

ભ૦ વિજયદેવસૂરિ સં૦ ૧૬૭૩ માં ખંભાતમાં ચોમાસું હતા, ત્યારે **ઉપા૦** નેમિસાગર ગણિ **રાધનપુર**માં ચોમાસું રહ્યા હતા. એ સમયે આ૦ વિજયાનંદસૂરિના પક્ષવાળા મુનિવરોએ ભ૦ વિજયદેવસૂરિના વિરોધમાં બાદશાહ **જહાંગીર**ના કાન ભંભેર્યા. બાદશાહે તે જ ચોમાસામાં ચૈત્રાદિ સં૦ ૧૬૭૪ માં ભ૦ વિજયદેવસૂરિને એકદમ **માંડવગઢ** બોલાવ્યા. [૫૯]આથી ભ૦ વિજયદેવસૂરિ અને ઉપા૦ નેમિસાગર ગણિ સપરિવાર ગુજરાતથી વિહાર કરી જલદી માંડવગઢ પહોંચી ગયા. એ વેળા ઉપા૦ નેમિસાગરની સાથે પં૦ વીરસાગર, પં૦ ભક્તિસાગર, પં૦ કુશલસાગર ગણિ, મુનિ પ્રેમસાગર, પં૦ શુભસાગર, પં૦ શાંતિસાગર, પં૦ ગુણસાગર વગેરે મુનિઓ પણ માંડવગઢ ગયા.

બાદશાહે બહુ ચીવટ રાખી ગંભીરપણે તપાસ કરી. આચાર્યશ્રીની જીવનચર્યા, વિદ્વતા અને તપસ્યાની આકરી પરીક્ષા કરી બાદશાહે પોતાને પૂરો સંતોષ થતાં આ૦ વિજયદેવસૂરિને મોટા ત્યાગી અને તપસ્વી છે, એમ દર્શાવનારૂં 'મહાતપા'નું માનવંતુ બિરૂદ આપ્યું તથા ઉપાધ્યાય નેમિસાગર ગણિને 'વાદિજીપક'ની પદવી આપી.[૬૦]

(અનુસંધાન પેજ ૧૭૪ નું ચાલુ)

આચાર્ય બનાવ્યા પછી જ પં. મુક્તિસા૦ગણિને ઉપાધ્યાય બનાવી આચાર્યપદવી આપવાનું ' પણ રહેતું નથી. એટલે જો શાંતિદાસ શેઠે ધાર્યું જ હોત તો ફરી પાધડી ઉતારી ગચ્છનાયકને પીગળાવવા કરતાં પૂ. મુક્તિ સા૦ ગણિને ઉપા૦ શ્રી નેમિસાગરજી ગણિના હાથે તે વખતેજ અથવા આસપાસના ગાળામાં ઉપાધ્યાય બનાવી દીધા હોત ! આમ છતાં પૂ ત્રિપુટીજી, 'પોતાનામાં બીજાના મનના ભાવો પણ જાણવાની જાણે શકિત છે, એવી ઢબનું અને બધાયની લઘુતા કરનારૂં આવું મનઃકલ્પિત લખાણ વાળું પ્રકરણ ખડું કરવા કેમ કટિબધ્ધ થતા હશે ?

૫૯. વિજયદેવસૂરિજીના જ વિરોધ અંગે જો બાદશાહ ભંભેરાયો હોત તો તે જહાંગીરે વિજયદેવસૂરિને જ હાજર થવાનું ફરમાન મોકલ્યું હોત અને તેથી માંડવગઢ વિજયદેવસૂરિજી મ૦ એકલા જ સપરિવાર ખંભાતથી પહોંચ્યા હોત; પરંતુ મહો૦શ્રી નેમિસાગર ગણિને પણ જહાંગીરે જે ફરમાન મોકલ્યું તે ન જ મોકલ્યું હોત. અને મહો૦ શ્રી નેમિસા૦ગણિ ભરચોમાસે રાધનપુરથી વિહાર કરી માંડવગઢ જે ગયા તે કયા પ્રયોજને ગયા ? આ બધી મહત્વની બીના પૂ. ત્રિપુટીજીએ ગોપવી છે જે તેમની જેવા ઇતિહાસકાર માટે લાંછનરૂપ જ ગણાય.

૬૦. વિજયદેવસૂરિજીમ૦ની ઉત્કટકોટિની જીવનચર્યા આદિથી રંજીત થયેલ જહાંગીર બાદશાહે 'મહાતપા'નું બિરૂદ તેઓશ્રીને આપ્યાનું ત્રિપુટીજીએ જણાવ્યું, તેની સાથોસાથ મહો૦ શ્રી નેમિસા.

(અનુસંધાન પેજ ૧૭૬ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ રીતે સૌનું [૬૧]સન્માન કરી આગરાના સંઘવી ચંદ્રપાલને આજ્ઞા કરી સાથે મોકલી બાદશાહી વાજાંગાજાં સાથે માનપૂર્વક ઉપાશ્રયે પહોંચાડયા. આ રીતે એક બાદશાહે તેમનું બહુ સન્માન કર્યું. બાદશાહને આ આચાર્ય ઉપર ઘણો પ્રેમ હતો. એ તેણે તે પછી ગચ્છનાયકને ગુ૦ સં૦ ૧૬૨૪ (૧૬૭૪)માં એક ભક્તિપત્ર લખી વ્યક્ત કર્યો હતો.

(-જુઓ પ્રક. ૪૪, પેજ ૧૪૫ બાદશાહ જહાંગીરનો પત્ર ફ. નં. ૧૩)

પરંતુ દીલગીરીની વાત છે કે—વાદીજીપક ઉપા૦ નેમિસાગર ગણિવર સં૦ ૧૬૭૪ના કા૦ શુ. ૧૦ ના રોજ માંડવગઢમાં કાળધર્મ પામ્યા અને ભ૦ ગચ્છનાયક ત્યાંથી વિહાર કરી ગુજરાત પધાર્યા.

(અનુસંધાન પેજ ૧૭૫ નું ચાલુ)

ગણિ ને 'વાદીજીપક' કે 'જગજીપક'નું જે બિરૂદ આપ્યું તે શા કારણથી આપ્યું ? તે પણ નિષ્પક્ષપાતી ઇતિહાસકારની ફરજ અનુસાર આ સ્થળે જણાવવું જોઇતું હતું કે—

"પૂ. મહો૦ શ્રી સોમ વિ૦આદિ પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયોએ બાદશાહ જહાંગીર સમક્ષ ફરીયાદ કરી કે-'સાગરોએ સર્વજ્ઞશતક નામનો ગ્રંથ બનાવી તેમાં જગદ્‌ગુરૂને અને તેમના વારસદાર પૂ. સેનસૂરિજીમ૦ને ગાળો દીધી છે-ભાંડયા છે, તેમાં ઘણી ઘણી ઉંધી વાતો લખી છે અને તેવી જુઠી વાતો લખનાર તે સાગરનો પક્ષ વિજયદેવસૂરિજી કરે છે તેમજ તે ખોટા ગ્રંથને સાચો કહીને ઝઘડાઓ કરે છે! માટે કલેશના મૂળ રૂપ તે ગ્રંથને આપ હજુર અપ્રમાણિક તરીકે જાહેર કરો. સાથોસાથ પૂ. હીરગુરૂ અને સેનસૂરિજીને બેવફા નીવડેલા વિજયદેવસૂરિને-'પાટના ખરા વારસદાર નથી, તે પણ જાહેર કરો. કે-જેથી આ બધો કજીયો શાંત થઇ જાય.' આવી ભભેરણીથી ઉશ્કેરાયેલા બાદશાહ જહાંગીરે બંને પૂજ્યોને તાકીદે હાજર થવાના ફરમાનો છોડેલ!

આથી પૂ. દેવસૂરિજી મહારાજ ખંભાતથી અને પૂ મહો. શ્રી નેમિસાગર ગણિ રાધનપુરથી ચોમાસામાં માંડવગઢ આવ્યા અને જહાંગીર બાદશાહની રાજસભામાં તે પ્રતિસ્પર્ધિ ઉપાધ્યાયોને પંડિતપર્ષદા સમક્ષ વાદમાં સદંતર નિરુત્તર બનાવ્યા! એટલું જ નહિ; પરંતુ જે ગ્રંથને બાદશાહ હસ્તક અપ્રમાણિક તરીકે જાહેર કરાવવો હતો તે 'સર્વજ્ઞશતક' ગ્રંથને 'પ્રમાણિક ગ્રંથ' તરીકે સાબીત કરી આપ્યો! પૂ૦ મહો૦ શ્રી નેમિસા૦ ગણિની વાદ કરવાની આ અપૂર્વ શક્તિથી પ્રસન્ન થયેલ બાદશાહે 'વાદિજીપક'નું બિરૂદ આપેલ." આ સત્ય ઇતિહાસ રજુ કરવાની ઇતિહાસકાર તરીકેની ફરજ પૂ. ત્રિપુટીજીએ, સાગર મહર્ષિઓ પ્રતિનાં અંતર્દ્વેષ તથા પૂર્વગ્રહને લઈને બજાવી નથી. જે અતિશોચનીય છે.

૬૧. શું જહાંગીર બાદશાહે સૌનું સન્માન કરવા ખાતર જ ભરચોમાસામાં સાધુઓને વિહાર કરાવેલો ? જો નહિજ તો પછી પૂ. ત્રિપુટીજી, સાચી વાત છુપાવીને આમ કઈ ઇષ્ટ સિધ્ધિ માટે બીનું સંકેલતા હશે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નોંધ :–ઉપા૦ વિદ્યાસાગર ગણિવરના શિષ્ય ઋષિ [૬૨]પંચાયણ, તેમના શિષ્ય પં. કૃપાસાગરના શિષ્ય પં૦ તિલકસાગરે ગણિએ સં૦ ૧૭૨૧ માં 'નેમિસાગર નિર્વાણરાસ' ઢાળ ૨૨ રચ્યેા હતેા.

હવે નગરશેઠ શાંતિદાસે નિર્ણય કર્યેા કે–હવે તેા સીધા પં૦ મુક્તિસાગર ગણિને જ ઉપાધ્યાય અને આચાર્ય બનાવવા.

ભ૦ વિજયદેવસૂરિ સં. ૧૬૭૯ માં ખંભાતમાં વિરાજમાન હતા એ અવસરે નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ સુબાની સત્તા હાથમાં લઈ અમદાવાદ આવેલા [૬૩]ખંભાતના શેઠને બળજબરીથી અતિથિ તરીકે રાખી નજર કેદ રાખ્યેા અને તેની મારફત ભ૦ વિજયદેવસૂરિની પાસેથી પં. મુક્તિસાગરગણિને ઉપાધ્યાય અને તે પછી આચાર્ય બનાવવાની પાકી કબૂલાત માગી. આથી ભ૦ વિજયદેવસૂરિ પાસેથી વાસક્ષેપ મેળવી પં૦ મુક્તિસાગરને સં૦ ૧૬૭૯માં ઉપાધ્યાય પદ અને તે પછી સં૦ ૧૬૮૬ ના જે૦ શુ૦ ૧૪ ને શનિવારે આચાર્યપદ આપવામાં આવ્યું. [૬૪]આ૦ રાજસાગરે આ સમયે બીજા

---

૬૨. 'જૈન પરંપરાનેા ઇતિહાસ' ભા૦ ૩ ના પેજ ૮૨૬ ઉપર 'પં૦ વાનરઋષિની વિમલપરંપરા જણાવી છે તેમાં ૫૭ મી પાટે પં. વિદ્યાવિમલ ગણિ (ઉપા. વિદ્યાસા. ગણિ), ૫૮ મહેા. શ્રી સહજસાગર ગણિ જેમ જણાવ્યા છે તેમ ૫૮ મી પાટે ઋષિ પંચાયણ (પં. સિહસા. ગણિ) જણાવેલ છે. અને તેમની પાટે પદ્ધ કૃપાસા૦ ગણિને બતાવેલ છે. અર્થાત્ મહેા૦ ધર્મસા૦ ગણિની પાટ પરંપરામાં નહિ; પરંતુ તેના વિદ્યા શિષ્યેા તરીકેની પરંપરામાં થયા છે.

૬૩. પૂ૦ ત્રિપુટીજીએ આ વાત સં. ૧૮૭૦માં ક્ષેમવર્દ્ધને બનાવેલ 'શાંતિદાસ શેઠના રાસ'ના આધારે લખી છે; પરંતુ પ્રતિસ્પર્દ્ધિ નિર્નાયકગચ્છના ઉપાધ્યાયેાએ ૧૭ મી સદીમાં જે અસત્ય વાતેા વહેતી મૂકેલી તે કર્ણોપકર્ણ શ્રુતિ આધારે રાસકારે ૧૯ મી સદીના આ રાસમાં ગુંથી છે. હકીકતે તેા 'ભ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ સ્વહસ્તેજ મહેા૦ મુક્તિ સા૦ ગણિને આચાર્ય બનાવ્યાનું' ઇતિહાસથી નિઃશંક પૂરવાર થાય છે.

૬૪. ઉપલબ્ધ ઇતિહાસ સ્પષ્ટ જણાવે છે કે–"મહેા૦ શ્રી ધર્મસા૦ ગણિની પ્રરૂપણાઓનું ઉ૦ શ્રી મુક્તિ સા૦ ગણિ જે ખંડન કરતા હતા તે 'ચેાગ્ય અને શાસ્ત્રીય જ છે' એમ ગચ્છનાયક શ્રી દેવસૂરિજી મહારાજે સં૦ ૧૬૮૬ ના જે૦ શુ ૦૧૩ શુક્રવારે પટ્ટક બનાવવા પૂર્વક જાહેર કર્યું! અને તેના વળતે જ દિવસે તે જાહેરાત ઉપર મહેારછાપ મારવારૂપે પૂ૦ ઉપા૦શ્રીને આચાર્યપદ પ્રદાન સ્વહસ્તે કરીને દેવસૂરસંઘ પૂજ્ય તરીકે જાહેર કર્યા! એટલું જ નહીં; પરંતુ સાથેા સાથ (આ રાજસાગરસૂરિજીએ તેા નહિં પણ) ભ૦ શ્રી વિજયદેવસૂરિજીએ જ બીજા ઉપાધ્યાયેા બનાવી પેાતાના દેવસુર ગચ્છની સાગર શાખાનેા ચતુર્વિધ સંઘ (નહિ, પણ શ્રમણસંઘ) સ્થાપ્યેા! તેમ જ તે સંઘના પ્રથમ ભટ્ટારક તરીકે આ૦ શ્રી રાજસાગરસૂરિજીને જ સ્થાપન કર્યા!" આ સત્ય વાતનું પૂ૦ ત્રિપુટીજીની–'અને તેમના પહેલા ભટ્ટારક આ૦ રાજસાગરસૂરિને સ્થાપન કર્યા' એ અંતિમ પંક્તિ પણ ગર્ભિતરીતે સમર્થન કરે છે એટલે ત્રિપુટીજીનું આ વિધાન, કાલ્પનિક તેમ જ સ્પષ્ટતા પૂર્વગ્રહનું સૂચક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાધ્યાયો બનાવી તપાગચ્છ વિજયદેવસૂર ગચ્છની સાગરશાખાનો ચતુર્વિધસંઘ સ્થાપ્યો અને તેમના પહેલા ભટ્ટારક આ૦ રાજસાગરસૂરિને [૬૫]સ્થાપન કર્યા.

સંયમમાર્ગગવેષક વિદ્વાન કોઇ શુદ્ધ શંકા કરશે કે—પં૦ મુક્તિસાગરગણિ સાધુ નહિ હોય પણ યતિ હશે. કેમકે—તેમણે જાપ, હોમ, આહુતિ, આરતી વગેરે વિધિથી મંત્ર સાધી શેઠને ધનાઢય અને અધિકારી બનાવ્યા, એવું કામ યતિ જ કરે. પણ એવી વિચારણા કરવી યોગ્ય નથી. ઇતિહાસના પરિશીલનથી આપણે જાણી શકીયે છીએ કે તે સમયે આવો વિધિ, શાસનની પ્રભાવના માટે પ્રશસ્ત મનાતો હતો આથી કોઇને આ અંગે શંકા કરવી યોગ્ય નથી [૬૬]

(૧) જો કે વિક્રમની સત્તરમી સદીનું ચોથું ચરણ યતિમાર્ગપ્રારંભકાળ છે. ત્યારે બધા ગચ્છોમાં થોડે ઘણે અંશે શીથિલતા આવી હતી. અને કોઇ કોઈ તો જાહેર રીતે યતિ બની ચુક્યા હતા. આથી જ પરમ સંવેગી પં૦ સત્ય વિજયગણિવર, મહો૦ વિનયવિજય ગણિ, પં૦ વિમલગણિ અને ઉ૦યશોવિજયજી ગણિવરે અઢારમી સદીમાં ક્રિયોદ્ધાર કરી સંવેગી સંસ્થાનો પાયો મજબૂત કર્યો. [૬૭] (પ્રક૦—૬૨)

(૨) બીજી વાત એ છે કે ઉકત પંન્યાસોએ શેઠ શાંતિદાસ ઝવેરીને સાફ—સાફ જણાવ્યું હતું કે 'અમે પાંચ મહાવ્રતી ત્યાગી છીએ, રાજ્યને શું કરીએ?' તેઓના આ ઉત્તર તેઓના શુદ્ધ સાધુ—સંયમને પૂરવાર કરે છે.

---

૬૫. આમ બોધમરીતે 'અને તેમના + + + સ્થાપન કર્યા' એમ લખવામાં પૂ. ત્રિપુટીજીએ સાગરગચ્છના પ્રથમ ભટ્ટારક તરીકે સ્થાપન કરનાર પૂ૦ વિજયદેવસૂરિજીનું નામ તેમ જ ૬૪ નંબરની સ્કુટનોંધવાળી સત્ય બીના છૂપાવવાનું કારસ્થાન જ કરેલ છે

૬૬. શાસનની પ્રભાવના ખાતર ત્યાગી, નિર્ગ્રંથવર્ગ આવી રીતે હોમ—આહુતિ આદિ વિધિ કરતો હતો તેવું કોઈ દૃષ્ટાંત ત્રિપુટીજી પાસે છે ખરૂં? જેમ અત્યારે પ્રતિષ્ઠાદિ વિધિવિધાનોમાં સાધુ અને શ્રાવક સંબંધીના કૃત્યો પોતપોતાના અધિકાર મુજબ સાધુ અને શ્રાવકો કરે જ છે તેમ પૂ. મહો. શ્રી મુક્તિસા૦એ જ્યારે ચિંતામણી મંત્રારાધન કર્યું ત્યારે તે અનુષ્ઠાનના અંગરૂપ પૂજા, આરતી, હોમ, આહુતિ વગેરે કાર્યો પોતે જ કર્યા હતા તેવું પણ પુરવાર કરી શકે તેમ છે? અનુયાયીભક્તોની પાસે કરાવ્યા નહિ હોય તેની શી ખાત્રી? માટે પૂ ત્રિપુટીજીનો આ જવાબ સદંતર અયોગ્ય છે.

૬૭ મહો શ્રી મુક્તિસા. ગણિને 'શુદ્ધ સંયમી' તરીકે પૂરવાર કરવા લખેલી ત્રણ કલમો-માંની આ પહેલી કલમ, તે વાતની પુષ્ટિમાં છે કે કેમ? એટલું ય વિચારવા પૂ. ત્રિપુટીજી મ૦ જો થોભ્યા હોત તો તે (૧) નંબરની વાત સદંતર અસંગત માની રદ કરવાપૂર્વક તેને સ્થાને—"(૧)—'**રાજસાગરસૂરિ નિર્વાણરાસ**'ના આધારે સ્પષ્ટ જણાય પણ છે કે—મહો. શ્રી મુક્તિસા ગણિ, પંચમહાવ્રતધારી, ક્રિયોદ્ધારકકર્તા, ૧—૨—૩—૪—૫ ઉપવાસની બાર વર્ષ સુધી તપસ્યા કરનાર તેમ જ પાંચ હજાર આયંબિલની ઉત્કટ તપસ્યા કરનાર ઉગ્ર તપસ્વી પણ હતા." એમ જણાવ્યું હોત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૩) ત્રીજી વાત એ છે કે–પં૦ મુક્તિસાગરગણિ, સંવેગી હતા. આથી જ ત્યાગી, આત્મગવેષી વિદ્વાન્ સ્થવિર પં૦ સહજસાગર ગણિવર, પં૦ જયસાગરગણિ, પં૦ જીતસાગરગણિ અને પરમત્યાગી સમર્થ વિદ્વાન પં૦ **નગર્ષિગણિ** (પં૦ નગવર્ધનગણિ) વગેરે તેમના પક્ષમાં હતા. (–જુઓ પ્રક૦–૧૮)

અમદાવાદના **નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ** તેમના ઉપદેશથી શત્રુંજયતીર્થ, ગીરનારતીર્થ વગેરે તીર્થોના 'છ'રી પાળતા **યાત્રા સંઘો** કાઢી **સંઘપતિનું તિલક** કરાવ્યું હતું.

તથા સં. ૧૬૮૨ના જે. વ. ૯ ગુરૂવારે અમદાવાદમાં સિકંદરપુરા (સરસપુર)ના બીબીપુરીમાં સં. ૧૬૫૫માં નવા બનેલા ભગવાન ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયનો **મોટો જીર્ણોદ્ધાર** કરી, ૩ શિખરો, ૩ ગભારા, ૬ મંડપો, ૩ શૃંગારચોકી તથા બીજાં દેરા, બાવન નાની દેરીઓ વાળો નવો **તીર્થધામ** જેવો વિશાળ જિનપ્રાસાદ બનાવી, નવી જિન પ્રતિમાઓ ભરાવી, મોટો ઉત્સવ કરી, મહો૦ વિવેકહર્ષ ગણિવર અને મહો૦ મુક્તિસાગર ગણિવરના હાથે મહાપ્રતિષ્ઠા કરાવી. બા. શાહજહાંએ સં. ૧૭૦૫માં ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયને ફરી તૈયાર કરાવ્યું.

(–પ્રક૦–૪૪, પૃ. ૧૫૬)

વળી **શેઠ શાંતેદાસે** વિ: સં. ૧૭૧૩ કા. શુ. ૧ને રોજ બાદશાહ શાહજહાં પાસેથી પોતાને પાલીતાણા પરગણું અને શત્રુંજય પહાડ ઇનામ તરીકેનું ફરમાન મેળવ્યું.

(પ્રક. ૪૪ પૃ. ૧૫૬ ફે. નં. ૧૭)

તેણે **ભ. રાજસાગરસૂરિની** અધ્યક્ષતામાં શત્રુંજય તીર્થનો મોટો 'છ'રી પાળતો યાત્રાસંઘ ફરીવાર કાઢી, ત્યાં તેમના હાથે **મૂળનાયકના પરિકરની પ્રતિષ્ઠા** કરાવી. તેમાં પોતાને પહાડ ભેટ મળ્યાનો ઉલ્લેખ કરાવ્યો અને શત્રુંજયતીર્થમાં જિનાલયોની ચારે બાજુ **મોટો કિલ્લો** બનાવ્યો. (–પ્રક૦. ૫૮–૫૯)

ભ. રાજસાગરસૂરિ સં. ૧૭૨૧ ભા. શુ. ૬ને રોજ અમદાવાદમાં સ્વર્ગે ગયા.

(બા. જહાંગીર માટે જુઓ પ્રક. ૪૪ પૃ. ૮૫ થી ૯૮)

(**નોંધ**) અમે પ્રકરણ ૫૮–૫૯માં તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘ સાગર શાખાના ભ૦ રાજસાગરસૂરિની **ભટ્ટારક પટ્ટાવલી**, સાગર શાખાના સંવેગી મુનિઓની **પટ્ટાવલી** અને અમદાવાદ નગરશેઠનો **વંશ–વંશાવલી** વગેરે આપીશું.

મહો. કલ્યાણવિજય ગણિવરની પરંપરાના (મહો૦ કલ્યાણવિજય, ઉ૦ ધર્મવિ૦, ઉ૦ જયવિ૦, પં૦ શુભવિ૦, પં૦ રામવિ૦ના) **મહાકવિ પં૦ રામવિજયગણિવર**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખે છે કે—"સવાઈ જગદ્ગુરૂ ભ૦ શ્રી વિજયસેનસૂરિની પાટે [૬૮]શુદ્ધ પ્રરૂપણા કરનાર ભ. રાજસાગરસૂરિ થયા. જે દેવીદાસ અને કોડિમદેના પુત્ર હતા, મહિમાનો ભંડાર હતા, મનમોહન હતા, સૌભાગ્યવાળા હતા. સં. ૧૬૮૬માં આચાર્ય થયા. તેમણે 'સાગરગચ્છને દીપાવ્યો હતો.' તેમના ઉપદેશથી શા. સહસકિરણના પુત્ર સુજાણ શા. શાંતિદાસે ૧૧ લાખ ધન ખરચ્યા હતા.

તેમના પટ્ટધર આ વૃદ્ધિસાગરસૂરિ થયા જે 'મોહક દેહવાળા' હતા, પાંચે આચાર પાળવામાં તત્પર હતા; શુભ લક્ષણવાળા હતા, મીષ્ટભાષી હતા. જેમણે ઘણા સ્ત્રીપુરૂષોને પ્રતિબોધ્યા. તેમની પાટે આ૦ લક્ષ્મીસાગરસૂરિ વિરાજે છે.

(વિ. સં. ૧૭૮૫ વૈ. ૭ ગુરૂવાર પુષ્ય નક્ષત્રમાં અમદાવાદમાં રચેલો ભગવાન શ્રી શાંતિનાથનો રાસ ખંડ-૬)

(૩) મહો૦ ધર્મસાગરગણિવરની શિષ્ય પરંપરા

૫૬. મહો. ધર્મસાગરજી ગણિ.

૫૭. ઉપા. શ્રુતસાગરગણિ—તે મહો ધર્મસાગરગણિવરના અત્યંત રાગી હતા. તેમણે સં. ૧૬૮૩માં '[૧]ચઉસરણપઈન્નય'ની અવચૂરિ લખી છે.[૬૯]

૧. [તે ચઉસરણપયન્નાની અવચૂરિને અંતે આ પ્રમાણે પુષ્પિકા છે કે-] શ્રીમત્તપાગચ્છગગનદિનમણિ—સકલવાચકચક્રવર્ત્તિ—સકલવાદિદ્વિરદમદસિંહશાર્દૂલ—સકલસિદ્ધાન્ત-તત્ત્વાર્થમહાસમુદ્રાવગાહક—શ્રીમજ્જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્રવૃત્તિકારક—શ્રીમત્પ્રવચનપરીક્ષાગ્રંથસૂત્રવૃત્તિ-કારક—શ્રીકલ્પકિરણાવંલીવૃત્તિવિમાપક—શ્રીસર્વજ્ઞશતકસૂત્રવૃત્તિકરણતઃ [૭૦]શ્રીહેમાચાર્યસમાન.

---

૬૮. મહો. શ્રી મુક્તિસાગરજી ગણિ (ભ૦ શ્રી રાજસાગરસૂરિજી)એ સં૦ ૧૬૭૨ થી ૧૬૮૬ ના ગાળામાં '**કેવલિસ્વરૂપ સ્તવન**' બનાવેલ છે. જેમાં શાસ્ત્રોક્ત પાઠો સાથે કેવલીનું સ્વરૂપ, કેવલીની કાયાથી અહિંસા સિદ્ધિ આદિ વર્ણવેલ છે.

૬૯. તપદુરાંત—મહો. શ્રી શ્રુતસાગરજી ગણિએ સં. ૧૬૮૪માં '**ચતુર્દશી પાક્ષિક વિચાર**' ગ્રંથ, સં. ૧૬૭૦માં '**ઋષિમંડલપ્રકરણ બાલાવબોધ**' આદિ ગ્રંથોની પણ રચના કરેલ છે.

૭૦. ઉપા શ્રી શ્રુતસાગરજી ગણિની પ્રશસ્તિમાંના શ્રીહેમાચાર્યસમાન એ વાક્ય અંગે પૂ. ત્રિપુટીજી પોતાના '**જૈનપરંપરાનો ઇતિહાસ**' ભા૦ ૩ના પૃ૦ ૭૪૧ના પેરા ૫ માં લખે છે કે "મહો૦જીએ જો નવી મનાતી પ્રરૂપણા ન કરી હોત અને વિવિધ ગચ્છોને 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ના આધારે નિહ્નવ બતાવ્યા ન હોત તો તેઓ ખરેખર લઘુહેમચંદ્ર ગણાત, પણ તેઓ તે પદવી પામી શકયા નહિ.'

શાસ્ત્રના આધારે ઉત્સૂત્રભાષીઓને—નિહ્નવોનો—ઉત્થાપકોને તેમ જ શાસનપ્રત્યનીકોને તે તે રૂપે ખુલ્લા કરનાર શાસનહિતવત્સલ ગીતાર્થ પુંગવો, પૂ. ત્રિપુટીજીની દૃષ્ટિએ અક્ષમ્ય અપરાધને પાત્ર ઠરે છે અને શોચનીય પણ ગણાય છે!

(અનુસંધાન પેજ ૧૮૧ ઉપર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૧શ્રીશ્રુતકેવલિબિરુદધારક-સકલવાદિનિરાકરણપ્રવીણ-શ્રીજેસલમેરુદુર્ગરાજાધિરાજરાઉલશ્રીહર-રાજરાંજસભાલબ્ધજયવાદ-સકલકુમતનિરાકરણ-શ્રીંતપાગચ્છદીપ્તિકારક-સુવિહિતસભાશૃંગાર-મહાવૈરાગ્યરંજિતજનમનોરંજક-મહોપાધ્યાયશ્રીધર્મસાગરગણિચરણચંચરીકાયમાનપંડિત શ્રીશ્રુત-સાગરગણિચરણસરસિરુહભૃંગ-ગણિશ્રોપ્રેંમસાગરવાચનકૃતે લિખિતેયં પ્રતિઃ ॥ ગુણવસુરસશશિ સંવત્ (૧૬૮૩) કાર્તિક માસે શુભે તિથૌ સમહઃ। પ્રાજ્ઞૈઃ શ્રીશ્રુતસાગર-ગણિભિર્લિલેખ પ્રતિ પ્રવરામ્ ॥ ૧ ॥'

(-આ જિન વિ૦નો 'પ્રશસ્તિ સંગ્રહ,' આનંદ કાવ્ય મહોદધિ. મૌ. ૭મું, શ્રી મો૦ દ૦ દેસાઇની પ્રસ્તાવના પૃ૦ ૧૪૭)

૫૮-ઉપા. શાંતિસાગરગણિ-તે સં૦ ૧૬૭૩ માં ઉપા૦ નેમિસાગર ગણિ સાથે માંડવગઢ ગયા હતા તેમણે સં. ૧૭૦૭ માં પાટણમાં 'કલ્પસૂત્રટીકા-કલ્પકૌમુદી' ગ્રં. ૩૭૦૭ બનાવી હતી.

(અનુસંધાન પેજ ૧૮૦ નું ચાલુ)

આથી માનવું થાય છે કે-પૂ૦ ન્યાયવિશારદ મહો૦ શ્રી યશોવિ૦ ગણિએ આપ્તશિક્ષા રૂપે જે-'યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી; ખમશે તે પંડિતપર્ષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી.' એ પ્રમાણે જણાવેલ છે તે ક્ષીર-નીરના વિવેકહીન એવી પોતાની સમભાવદૃષ્ટિએ તે તે શાસન રસિક મહાપુરૂષો પ્રતિ પૂજ્યબુદ્ધિ વસાવવાને બદલે આવો ન્યાય તોળનારા આત્માઓ અંગે જ જણાવ્યું હશે ને?

૭૧. ઉપા૦ શ્રી શ્રુતસાગરજી ગણિની પ્રશસ્તિમાંના શ્રીશ્રુતકેવલિ બિરુદધારક એ પદ અંગે પણ પૂ૦ ત્રિપુટીજી, તે 'જૈનપરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ ના તે જ પેજ ૭૪૧ ના પેરા ૨ માં-"**(૧) શ્રુતસાગરગણિ, મહોપાધ્યાયજીને શ્રુતકેવલીનું વિશેષણ યોગ્ય જ આપે છે. આ વિશેષણનો સામાન્ય અર્થ એ છે કે-મહોપાધ્યાયજી, એ સમયે મોટા જ્ઞાની હતા.**" એ પ્રમાણે પ્રથમ મંડનાત્મક પધ્ધતિનું લખાણ કર્યા પછી-'**વિશેષ અર્થ એ થાય કે-મહોપાધ્યાયજી, પં. શ્રુત-સાગરજી માટે કેવલી જેવા ધર્મોપદેશક હતા.**' એ પ્રમાણે ખંડનાત્મક શૈલીનું લખાણ કરેલ છે!

અર્થાત્ પહેલાં 'મહોપાધ્યાયજીને શ્રુતકેવલીનું વિશેષણ આપ્યું છે તે યોગ્ય જ છે.' એમ જણાવવા રૂપે ત્રિપુટીજીએ તે બિરૂદનું સમર્થન કર્યું! ત્યાર બાદ-'મહોપાધ્યાયજી, પં. શ્રુતસાગરજી માટે કેવલી જેવા ધર્મોપદેશક હતા' એમ કહી અર્થાપત્તિથી-'પં૦ શ્રુતસાગરજી માટે 'શ્રુતકેવલી' હતા, બીજા માટે નહિ જ' એમ જણાવવા માગેલ છે.

તો તેઓશ્રીને જ પ્રશ્ન છે કે-'**પટ્ટાવલી સમુચ્ચય**' ભા. ૨ ની તમોએ જ લખેલી 'પૂરવણી' ના પેજ. ૨૭૧ માં મહો૦ શ્રી યશોવિ૦ મને 'શ્રુતકેવલી કલ્પ'નું બિરૂદ આપેલ છે. તો તમારા કથનાનુસાર-'પૂ૦ યશોવિ૦ ઉપાધ્યાય, 'ત્રિપુટીજી માટે જ શ્રુતકેવલી કલ્પ હતા, બીજાઓ માટે નહિ જ' એમ અર્થ કરવોને? ખરેખર! દૃષ્ટિરાગ કે પક્ષરાગ, ઇતિહાસકારોને પણ કેવી શોચનીય સ્થિતિમાં મૂકી દે છે? તેનો આ જ્વલંત પુરાવો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૬. પં૦ અમૃતસાગર ગણિ તેમણે 'સર્વજ્ઞશતક'નો ગુજરાતી ટબો કર્યો છે.[૭૨]

(૪) મહો૦ ધર્મસાગર ગણિવરની શિષ્ય પરંપરા.

૫૬ મહો૦ ધર્મસાગરગણિ. ૫૭. પં. ચારિત્રસાગરગણિ.

૫૮– પં૦ વિનયસાગરગણિ– તેમણે સં. ૧૬૪૦માં સંસ્કૃતમાં '(ગુજ૨)દેશ-રાજાવલી' બનાવી. વળી તેમણે 'હિંગુલપ્રકર' બનાવ્યું. પં. વિમલસાગરે સં. ૧૬૧૬ના આ૦ શુ૦ ૧૩ના રોજ પાટણમાં [૭૩]'કુમતિકંદકુદ્દાલ' ગ્રંથ લખ્યો તેમાં પં૦ વિનય સાગરગણિએ મદદ કરી હતી.

પં૦ વિજયહંસગણિના શિષ્ય પં૦ વિનયસુંદરગણિએ સં૦ ૧૬૫૦માં વીજાપુરમાં તપાગચ્છ ગુર્વાવલિ કડી ૨૭ બનાવી.

૫૯. પં. વિનયહંસગણિ.

૬૦–પં૦ જયસાગર સં૦ ૧૬૬૭માં સાંગાનેર ચોમાસું હતા. (જુઓ પ્રક૦ ૫૯)

(૫) મહો. ધર્મસાગર ગણિવરની શિષ્ય પરંપરા.

૫૯. નરસાગરગણિ. ૬૦. પં. ચારિત્રસાગરગણિ.

૬૧. પં. કલ્યાણસાગરગણિ. ૬૨. પં. સુજ્ઞનસાગરગણિ.

૬૩. પં. શુભસાગરગણિ–તેમણે સં૦ ૧૭૪૨ માં શ્યાહુજિહાંના બાદનગરમાં 'કલ્યાણ મંદિરવૃત્તિ' પાના ૧૮ની પ્રત લખી (આ ગ્રંથ, આગરાના 'ચિંતામણિપાર્શ્વ-નાથ જૈન ભંડારના 'ણ' વિભાગમાં છે-પુષ્પિકા.)

---

૭૨. પૂ૦ પં૦ શ્રી અમૃતસાગરજી ગણિએ–" ઉપમિતિભવ પ્રપંચ કથા બાલાવબોધ, પંચજલ્પી, વિનય બાલહિતશિક્ષા, પુણ્યસારરાસ, કિરણા પરીક્ષા " આદિ વિદ્વદ્ભોગ્ય પ્રૌઢ ગ્રથોની રચના પણ કરેલી છે. તદુપરાંત 'સુબોધકા સંભોગ, પ્રશ્નપણાવિચાર, સુબોધિકા કુચમર્દન, વિનયભુજંગમયૂરી' વગેરે ચાર્ચિક કૃતિઓ પણ તેમની જ રચેલા હોય તેમ અનુમાન થાય છે

૭૩. 'अयमुत्सूत्रकंदकुदालापरपर्यायो गुरुतत्वप्रदीपनामा ग्रंथः पत्तनगरे पं. विमलसागर गणि, पं. ज्ञानविमलगणि विवेक, विमलगणिभिर्यथादृष्टो यथावगतश्च जीर्णताडीयूपुस्तकाल्लिपि करण द्वारा त्वरितमुध्धृत'; એ પ્રમાણેની પ્રશસ્તિમાં 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' એવા નામનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં પૂ. ત્રિપુટીજીએ અહિં જે 'કુમતિકંદકુદ્દાલ' નામ લખ્યું છે, તે–કવિ બહાદુર દીપવિ૰ કૃત 'સોહમકુલરત્નપટ્ટાવલી', કવિ સિંહવિ૰ની 'સાગરભાવની', કવિ દર્શનવિ૰નો 'તિલકસૂરિરાસ' આદિ વિકૃતસાહિત્યોમાં તે તે અસત્યોપાસક કવિઓએ 'કુમતિકુદ્દાલ અને તત્ત્વતરંગિણીને જલશરણ કર્યા' વગેરે વાતોનું જે કૌભાંડ ખડું કરેલ છે તેને ઇતિહાસરૂપે ગણાવવાની વૃત્તિથી જ લખ્યું લાગે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સં. ૧૮૭૭ ના ફા. વ. ૧૧ને બુધવારે શાહજહાંના બાદનગરમાં **પં. રંગસાગર** ગણિ હતા.

(૬) મહો. ધર્મસાગર ગણિવરની શિષ્ય પરંપરા.

૬૦ પં. ચરિત્રસાગરગણિ– તે ભ૦ વિજયપ્રભસૂરિના સમયે થયા.

૬૧. પં. કલ્યાણસાગરગણિ– તે તપગચ્છના વિજયદેવસૂરગચ્છના ભટ્ટારકશ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહ્યા હતાં તેઓ સાગર ગચ્છમાં ભળ્યા નહોતા. તેમણે 'પાર્શ્વ-નાથ ચૈત્યપરિપાટી' બનાવી.

૬૨–યશઃ સાગરગણિ. **૬૩–જશવંતસાગરગણિ.**[૭૪]

૬૪–પં. વિચારસાગરગણિ, **૬૫–પં. યુક્તિસાગરગણિ,**

૬૬–જગરૂપ સાગરગણિ. **૬૭–ખુશાલસાગરગણિ.**

૬૮–પં. જયવંતસાગરગણિ—તેમણે સં૦ ૧૯૧૯ના ફા૦ વ૦ ૫ ને સોમવારે બૃ. તપાગચ્છના ભટ્ટારક વિજયદેવેન્દ્રસૂરિના ધર્મરાજ્યમાં શત્રુંજયતીર્થમાં જિનેન્દ્રટુંકમાં શ્રી ચારિત્ર સાગરની પરપરના ગુરુદેવોની ચરણપાદુકાની ચોકીની પ્રતિષ્ઠા કરી તેમના ગુરુભાઈ **જ્ઞેયસાગરગણિ** હતા.

(–જિનેન્દ્રટુંકની ત્રીજી દેરીની ચરણપાદુકાનો લેખ. **જૈન સત્ય પ્રકાશ.** ક્રે. ૯૨, પેજ ૨૫૧).

૬૯. મેઘસાગરજી–તેમણે 'રામવિનોદસારણી' લખી. આ ગ્રંથ આગરાના ભંડારના અ વિભાગમાં છે. પુષ્પિકા (વિશેષ માટે જુઓ શત્રુંજય જિનેન્દ્રટુંકની ચરણપાદુકાના લેખો.)

---

૭૪ 'જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ના પૃ૦ ૫૬૬ પેરા ૯૬૨માં પં૦ જશવંત સા૦ ગણિ માટે આ પ્રમાણેનો ઉલ્લેખ છે કે– "ત૦ ચારિત્રસાગર–કલ્યાણસાગર–યશઃ સાગર શિષ્ય યશરવતસાગર (જસવંતસાગર) થયા. તે પણ વિદ્વાન હતા. તેમણે '**વિચારષટ્ ત્રિંશિકા**' પર **અવચૂરિ** સં. ૧૭૨૧ (૧૭૧૨?) '**ભાવસપ્તતિકા**' સં૦ ૧૭૪૦માં, '**જૈનસપ્તપદાર્થી**' સં. ૧૭૫૭માં (સં૦ ૧૭૫૮માં **કર્મસ્તવનરત્ન પૂર્વાર્ધ**) સંભાભપુરમાં જયસિંહના રાજ્યમાં '**પ્રમાણ વાદાર્થ**' સં. ૧૭૫૯માં, ગણેશકૃત 'ગ્રહલાઘવ' નામના જ્યોતિષના ગ્રંથપર **વાર્તિક** સં. ૧૭૬૦માં, જન્મકુંડલીપર '**યશોરાજી રાજપદ્ધતિ**' (સ્વલિખિત સં૦ ૧૭૬૨), રત્નાકરાવતારિકા ટિકાપંજીકામાંથી '**વાદાર્થ નિરૂપણ, સ્તવનરત્ન**' રચ્યા. આ સર્વની પ્રતો ઉદયપુરના વિવેક વિજય યતિના ભંડારમાં ઉપલબ્ધ છે. તેમણે '**સ્યાદ્વાદ મુક્તાવલી**' પણ રચેલ છે. તે મુદ્રિત થયેલ છે" પં. જશવંત સા૦ ગણિની કૃતિઓની આટલી વિસ્તૃત નોંધ હોવા છતાં તેમાંનો પૂ. ત્રિપુટીજીએ કેમ કાંઈ ઉલ્લેખ નહિ કરેલ હોય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭)—મહો. ધર્મસાગરગણિવરની શિષ્ય પરંપરા.

૬૦-૫ં. ચારિત્રસાગર (ગણિ) ૬૩-૫ં. જશવંતસાગરગણિ.

૬૪-૫ં. જિતેન્દ્રસાગરગણિ—તેમણે 'ભ૦ વિજયક્ષમાસૂરિ (સ્વ. સં. ૧૭૮૪) ના શલોકો.' કડી ૬૨ રચ્યા. સં. ૧૮૧૩ પો. વ. ૧૦ ગુરુવારે જયપુરમાં શોભન સ્તુતિ લખી ૭૫

૬૫. ૫ં. આગમસાગર ૬૬. ૫ં. વિનોદસાગર

૬૭ ૫ં. ઋષભસાગરગણિ– તે કવિ હતા. તેમણે સં. ૧૮૪૩ જે વ. ૩ સોમવારે સુરતમાં મોટી પ્રેમચંદનો સંઘ અને ટુંક વર્ણનનો રાસ બનાવ્યો.

('જૈન ગૂર્જરકવિઓ' ભા ૩ પૃ. ૧૬૧ થી ૧૭૨)૭૬

(પ્રક૦ ૫૭ સુરતના સંઘપતિઓ)

(૮) ૧ મહો. ધર્મસાગરગણિવરની શિષ્ય પરંપરા.

૬૦. ૫ં ચારિત્રસાગર ૬૧. ૫ં. સુજ્ઞાનસાગર ૬૨. ૫ં. કલ્યાણસાગર.

૬૩ ૫ં. ક્ષેમસાગરગણિ તેમની ચરણપાદુકાની ચોકી માલપુરામાં તપાગચ્છના વિજયદેવસૂર સંઘના યતિસમાધિસ્થાનમાં પ્રતિષ્ઠિત છે. જેની વિ. સં. ૧૭૭૧ જે૦ શુ૦ ૧૧ ને રવિવારે પ્રતિષ્ઠા થઈ હતી. [નં. ૫ તથા ૬ માં ૫ં૦ કલ્યાણસા૦ ગણિને ૬૧મી પાટે જણાવ્યા છે તે બરાબર છે અહિં ત્રિપુટીજીએ ૬૨ મી પાટે જણાવ્યા છે તે તેમની સ્ખલના છે]

---

૭૫ શ્રીયુત દેશાઇએ 'જૈનગુર્જર કવિઓ' ભા૦૩. ખંડ ૨ ની પે. ૧૪૪૫ ઉપર નં. ૪૧૦માં તથા ભાગ બીજામાં ૫ં. જિનેંદ્રસાગરગણિની આ એ કૃતિ ઉપરાંત–'ચોવીશી, દુંઢકપચ્ચીશી કડી ૨૫ મૌન એકાદશીસ્તવન કડી ૩૧, અષ્ટાપદ સ્તવન, સિધ્ધચક્રના સ્તવનો, સીમંધર જિનસ્તવન, ચિંતામણિ પાર્શ્વજિન સ્તવન, શાંતિજિન ચક્રવર્તિ ઋદ્ધિ સ્તવન" આદિ કૃતિઓની પણ નોંધ આપી હોવા છતાં અહીં પણ પૂ. ત્રિપુટીજી એ તે નોંધો છૂપાવી છે તે શા આશયે છુપાવી હશે? તે સમજી શકાતું નથી.

૭૬. પું ત્રિપુટીજી, ૫ં. ૠષભ સા૦ ગણિની કૃતિઓ અંગે જે પુસ્તકનો આધાર રજુ કરેલ છે તે જ 'જૈનગુર્જર કવિઓ' ભા૦ ૩ના પેજ ૧૧૪ થી ૧૭૨ ઉપર જ શ્રીયુત મોહનલાલ દેશાઈ વધુમાં– "સં૦ ૧૮૪૦ના ભા૦ શુ૦ ૧૫ 'વિનયચંદરાસ' ગ્રંથાગ્ર ૨૨૦૦ તથા 'શત્રુંજયરાસ' સં૦ ૧૮૪૦'ની રચનાવાળી કૃતિઓ બનાવ્યાનો ઉલ્લેખ કરેલ છે. આમ છતાં ઉપરની બને ફુટનોટમાં જણાવ્યા મુજબ અહીં પણ પૂ૦ ત્રિપુટીજીએ કૃતિઓની અધુરી નોંધ રજુ કરી છે! આવી રીતનો ત્રુટક ઇતિહાસ રજુ કરવા પાછળ ત્રિપુટીજીનો શું ઉદ્દેશ છે? તે જ સમજી શકાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮) ૨ મહો. ધર્મસાગર ગણિ શિષ્ય પરંપરા.

(૧) પં. સુવિધિસાગર (૨) પં. જિનરંગસાગર (૩) ગોરોલેખ (?) (૪) આદિનાથ ચરણ પાદુકા (?) (૫) પ્રતાપસાગર (૬) પં. નિત્યસાગરની પાદુકાપટ્ટ. માલપુરમાં વિજય-દેવસૂરિસંઘના યતિસમાધિસ્થાનમાં છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૪૨માં વૈ. વ. + + + શુક્રવારે થઇ.

૮. (૩) પં૦ દયાસાગરગુરુભ્રાતા પં૦ વીરસાગર, શિષ્યો જ્ઞાનસાગર, ધાસીસાગર તેના શિષ્ય રૂગનાથ સાગર હતા માલપુરની તપાયતિ સમાધિના પાદુકાલેખો

(જૈન સત્ય પ્રકાશ ક. ૭૦ પૃ. ૩૭૮[૭૭])

૮ (૩) પં. જયસાગરગણિ તેમણે સં. ૧૯૧૯ ફા૦ વ૦ ૫ને સોમવારે બૃહત્ તપાગચ્છના ભ. યુ. પ્ર. ભ. વિજયદેવેન્દ્રસૂરિના ધર્મરાજ્યમાં શત્રુંજય તીર્થમાં જીનેન્દ્ર ટુંકોમાં શ્રી ચારિત્રસાગરની પરંપરામાં ગુરુદેવોની પાદુકાની પ્રતિષ્ઠા કરી.

(–જિનેન્દ્રટુંકની ત્રીજી દેરીની ચરણ પાદુકાનો લેખ. જૈન સ. પ્ર. ક. ૯૨ પૃ. ૨૫૧)

(૯) મહો. ધર્મસાગર ગણિની શિષ્ય પરંપરા.

૫૬– મહો૦ ધર્મસાગર ગણિ.

૬૩. પં. યશવંતસાગર– પં૦ કલ્યાણસાગરની શિષ્યપરંપરામાં યશવંતસાગર થયા તે જુદા હતા. તેમના ઉપદેશથી જયપુરઘાટમાં જિનપ્રસાદ બન્યો. (–પ્રક૦ ૫૫)

૬૪. પં. ગુમાનસાગર તેમણે સં. ૧૮૩૧ના અ. શુ. ૧૨ના રોજ જયપુરમાં 'તાજિકનીલકંઠી) લખી.

૬૫. પં. શિવસાગર **૬૬. પં. જયસાગર ગણિ**–તેમણે સં. ૧૯૦૭ના ફા. વ. ૫ને ગુરુવારે ભ. વિજયદેવેન્દ્રસૂરિના રાજ્યમાં જયપુરઘાટમાં બારવ્રતધારી વેદ

---

૭૭ પૂ૦ ત્રિપુટીજીએ, 'જૈનસત્ય પ્રકાશ'ના ક્રમાંક ૭૦ ના આધારે નં. ૮ (૨) તથા (૩)ની પટ્ટાવલી જણાવી છે, પરંતુ તેમાં 'ગોરોલેખ, આદિ જિન ચરણપાદુકા, ધાસીસાગર, રૂગનાથ સાગર-હિતા' આદિ શકારપટ્ટ નામોનો ઉલ્લેખ જોતાં લાગે છે કે–ત્રિપુટીજીએ તે ક્રમાંક તપાસવા પરિશ્રમ લીધો જણાતો નથી વળી 'જિનરંગસાગર, ધાસીસાગર, રૂગનાથ સાગરહિતા' આ બધા નામો પાર્શ્વચંદ્રગચ્છ, અંચલગચ્છ કે ખરતરાદિ ગચ્છમાંના સંભવે છે, તપગચ્છના પ્રાપ્ય ઇતિહાસમાં–સાગર-ગચ્છમાં તો શું; પરંતુ વિજય-વિમલ આદિ બીજા ગચ્છોમાં પણ આ નામોનો ઉલ્લેખ મળતો નથી! આમ છતાં ત્રિપુટી મહારાજે આ બધા નામો મહો૦ ધર્મસાગર ગણિની પરંપરામાં શા આધારે દાખલ કરી દીધા? એ એક વિચારણીય પ્રશ્ન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુહત્તા શેઠ અનંતરામજી વીશા ઓશવાલના જિનપ્રાસાદના ભ૦ પદ્મપ્રભસ્વામી વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(૧૦) મહો. ધર્મસાગરગણિની શિષ્ય પરંપરા.

૫૬. મહો. ધર્મસાગરગણિ ૫૭. (મહો૦ લબ્ધિસાગરગણિ) ૫૮. ઉપા૦ નેમિસાગરગણિ ૫૯. પં૦ વીરસાગરગણિ—ઉપા૦ નેમિસાગરગણિ સં૰ ૧૬૭૩ના ચોમાસામાં રાધનપુરથી (માંડવગઢ) પધાર્યા ત્યારે પં. વીરસાગરગણિ તેમની સાથે હતા.

૬૦. પં. સૌભાગ્યસાગરગણિ ૬૧. શિષ્ય પં. કમલસાગરગણિ—સં. ૧૭૦૭ પોષ શુદ ૨ સુરતમાં 'આરાધના ટબ્બો' પ્રતિ પાના ૧૦ લખ્યો.

(૧૧) મહો. ધર્મસાગરગણિની શિષ્ય પરંપરા.

૫૬. મહો. ધર્મસાગરગણિ.

૫૭. પં. ગુણસાગરગણિ-તે સં. ૧૬૭૩ ઉપા. નેમિસાગરગણિની સાથે માંડવગઢ ગયા હતા, તેમણે 'ગુણપુંગવ'થી શરૂ થતું 'ગૌતમસ્વામી સ્તોત્ર' શ્લો. ૫ બનાવ્યું હતું.

૧૨ તપાગચ્છના વિજયદેવસૂરિગચ્છ તથા સાગરશાખા પરંપરા.

૬૩. [ભ. વિજયદેવસૂરિના પટ્ટધર આ. શ્રી વિજયપ્રભસૂરિના પટ્ટધર] **વિજયરત્નસૂરિ.** તે તપગચ્છના વિજયદેવસૂરસંઘના ભટ્ટારક હતા. તેઓ ૧૪ વિદ્યાના જાણકાર હતા. (શ્લો. ૧૧ પ્રક. ૫૮)

૬૪. વિજયક્ષમાસૂરિ (સં. ૧૭૭૪ થી ૧૭૮૪) તેમના પરિચય માટે જુઓ—(પ્રક. ૫૮) તપાગચ્છ વિજયદેવસૂરિગચ્છ ભટ્ટારક પરંપરા વિશેષ આ પ્રમાણે છે.

તે મોટા જ્ઞાની અને સમર્થવાદી હતા. તેમણે રૂપથી કામદેવને, ગુરૂતાથી મેરૂને, દેહની કાંતિથી સૂર્યને, શાંતભાવનાથી ચંદ્રને, વાણીથી ગુરૂને, કાવ્ય શક્તિથી શુક્રને તથા યશથી ઇંદ્રને જીત્યો હતો (શ્લો. ૧૩–૧૪) તેમના મુખમાં સરસ્વતી રહેતી હતી. (શ્લો. ૧૫) તેમની કીર્ત્તિ ગંગા કરતાંય વધુ નિર્મળ હતી. (શ્લો. ૧૬) તેમના ગુણોની સંખ્યા મોટી હતી. આથી કણાદે કહેલા ગુણોની સંખ્યા નકામી બની (શ્લો. ૧૭) તેમની કીર્તના ટુકડા તે આકાશના તારા છે. (શ્લો. ૧૮) તેમની વાણી શેષી હતી. (શ્લો. ૧૯)

૬૫. ભ૦ વિજયદેવસૂરિ (સં. ૧૭૮૪ થી ૧૮૦૯) જેમના પ્રભાવથી ધર્મ, પાંચમા આરામાં પણ ચોથા આરાની જેમ વિસ્તાર પામ્યો. (શ્લો. ૨૦)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમની આજ્ઞાધારી એક મુનિ પરંપરા.

(૧) ઉ. **ભાવસાગરગણિ**–તે તપગચ્છમાં મોટા વિદ્વાન હતા. ભ૦ વિજયદયાસૂરિની આજ્ઞા પાળતા હતા, (પ્રલે૦. ૨૦)

(૨) પં. **વિનીતસાગરગણિ**–તે ઉપા૦ ભાવસાગરગણિના શિષ્ય હતા. શાસ્ત્રના જ્ઞાતા હતા (પ્રલે૦. ૨૨)

(૩) પં. **ભોજસાગરગણિ**– (૨) તેમણે ભ૦ વિજયદયાસૂરિ (સં. ૧૭૮૪ થી ૧૮૦૦) પાસે શાસ્ત્રજ્ઞાન મેળવી તેમની આજ્ઞાથી આશરે સં. ૧૮૦૦માં મહો૦ યશોવિ૦ ગણિવરના 'દ્રવ્યગુણ પર્યાયરાસ' આધારે સંસ્કૃતભાષામાં સટીક 'દ્રવ્યાનુયોગતર્કણા' અ ૧૫ બનાવ્યો. (–દ્રવ્યાનુયોગતર્કણા પ્રશસ્તિ પ્રલે૦ ૧૧ થી ૨૩)

નોંધ–મુનિ વિનીતસાગરના શિષ્ય **મુનિ ભોજસાગરે** સં ૧૭૯૯ના ફા. શુ ૧ના રોજ સુરતમાં વિજયદેવસૂરના રાજ્યમાં ભ૦ વિજયપ્રભસૂરિ (સં. ૧૭૨૩ થી ૧૭૪૯)ના શિષ્ય પં. હેમવિજયગણિ તેમના શિષ્ય પં. પ્રતાપવિજયજી, તેમના શિષ્ય **પં. રૂપવિજય ગણિની** વિનંતિથી તપાગચ્છના આ૦ રત્નશેખરસૂરિના 'આચારપ્રદીપ'નો બાલાવબોધ ગુજરાતીમાં રચ્યો. (પ્રક. ૬૧)

ઉપા. કીર્તિસાગરગણિ–તે ઉપા. ભોજસાગરના વંશમાં થયા. તે મોટા ગુણવાન હતા. તેમના શિષ્ય **પં. ચતુરસાગરગણિએ** સં. ૧૯૫૫માં સંસ્કૃતભાષામાં વિવિધવૃત્તોમાં 'મણિભદ્રવીરસ્તોત્ર' (પ્રલે૦. ૨૭) બનાવ્યું (–પં. ચતુરસાગરગણિએ સં. ૧૯૫૫માં બનાવેલ મણિભદ્રવીરસ્તોત્ર પ્રલે૦. ૨૭, પ્રકા. શેઠ વાડીલાલ છોટાલાલ અમદાવાદ).

(૧૩) તપાગચ્છ–સાગર શાખા

૧. પં૦ જીવનસાગર તેમણે સં૦ ૧૮૫૩માં શિષ્ય પં૦ કસ્તુરસાગરગણિ માટે 'સિદ્ધાંતચંદ્રિકાટીકા' લખી.

૨ પં૦ કસ્તુરસાગરગણિ તેમણે સં. ૧૮૪૮ના ચૈ. વ ૧૧ના રોજ જયપુરમાં 'યોગિની દશા' સં. ૧૮૪૯નાં ભા. શુ. ૧ને શનિવારે સાંભરનગરમાં (સાંભરમાં) લખી. સં. ૧૮૫૧ના શ્રા. શુ. ૮ના રોજ 'સિદ્ધાંતચંદ્રિકા લખી. સં.....માં રેણુંકાચર (બાલુચર)માં 'શ્રાદ્ધપ્રતિક્રમણ' પત્ર ૮ લખ્યું. સં. ૧૮૫૫ના ફા. શુ. ૧૨નાં રોજ રેણુકાચરમાં પ્રશિષ્ય ખૂબસાગરને ભણવા માટે 'નવતત્ત્વ' પાના ૧૭ લખ્યા. સં. ૧૮૫૬માં 'દંડક-વિચારષટ્ત્રિંશિકા' લખી.

૩. પં૦ ગોકુલસાગરગણિ તેમણે સં. ૧૧૭૧ (૧૮૭૧) ના કા. શુ. ૯ના રોજ આગરામાં ગુરુ પં૦ કસ્તુરસાગરની આજ્ઞાથી 'શાર્ંગધર (સંહિતા)ના પાના ૧૧૧ લખ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪. પં૦ પ્રેમસાગરગણિ–તેમણે સં૦ ૧૮૮૧માં 'તર્કમંજરી' લખી ૧૯૧૭ ના જે૦ શુ૦ ૭ના રોજ 'સમક્તિસડસઠી' લખી, સં૦ ૧૯૨૭ના આ૦ વ૦ ૧૧ને શનિવારે ચેલા ખૂબસાગરને માટે લશ્કર (ગ્વાલીયર)માં 'ષટ્પંચાશિકા' પાના ૨૧, 'બલ્હણુ-પંચાશિકા પાના ૫, સં૦ ૧૯૧૭ મા૦ વ૦ ૪ ને રોજ 'દ્રવ્યગુણશતશ્લોકી' લખી, સં૦ ૧૯૨૩ માં આગરામાં 'પાશાકેવલી' લખ્યું.

૫. પં૦ ખૂબસાગર ગણિ– તેમણે સં૦ ૧૮૫૫ માં પહેલાં દીક્ષા લીધી. તેમણે 'લેાલિમ્બ રાજગ્રંથ' લેખનની પુષ્પિકામાં ઉપરના ચાર ગુરુઓની પેઢી આપી છે. તેમણે સં૦ ૧૯૧૬ના અષાડ વદિ ૮ ને શુક્રવારે આગરામાં 'ચાતુર્માસિક વ્યાખ્યાન' લખ્યું; સં૦ ૧૯૪૦માં આગરામાં તપાગચ્છ 'ક્ષેત્રસમાસ' તથા 'શતસંવત્સરી' લખ્યાં.

(૧૪) સાગર શાખા

(૧) પં૦ અજિતસાગરગણિ, (૨) પં૦ મહિમાસાગર, (૩) પં૦ અનેાપ-સાગરગણિશિષ્ય (૪) પં૦ અજબસાગર–તે મહો૦ મેઘવિજય ગણિના વિદ્યા શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૭૧....શુ૦ ૯ ને રોજ કર્મવાડી (માંડવગઢ)માં મેઘ વિજય ગણિની હિંદીમાં "સવૈયા" રૂપમાં ૩ સ્તુતિ બનાવી. તેમાં મહો૦ મેઘવિજયગણિને 'યતિ જનશિરેામણિ, પેાતાના વિદ્યાગુરૂ તથા મહાયેાગી' બતાવ્યા છે.

(ઐતિહાસિક સજ્ઝાય માળા સજ્ઝાય ૨૪મી)

તેમણે 'વિજયદયાસૂરિ સજ્ઝાય' કડી ૭ બનાવી.

નોંધ– ભ૦ વિજયદયાસૂરિનેા સમય સં૦ ૧૭૮૪ થી ૧૮૦૯ સુધીનેા છે[૭૮] માંડવ-ગઢમાં કર્મવાડી બની હતી.

(૪) અનેાપસાગરગણિ નિરૂપમસાગરે વિવિધ નામેાવાળું 'ગેાડીપાર્શ્વનાથસ્તવન' કડી ૩૬૨ બનાવ્યું, તેમના શિષ્ય (૫) પં૦ મયગલસાગરે સં૦ ૧૭૪૩ના ભા૦ શુ૦ ૧૦ ને દિને 'દ્રૌપદીચેાપાઇ' લખી. (ગ્રંથપુષ્પિકા)

પં૦ ઉમેદસાગરગણિ–તેમણે સં૦ ૧૮૦૮માં 'આપદુદ્ધાર' લખ્યેા પં૦ તિલેાક-સાગર સં૦૧૮૫૫માં આગરામાં હતા, પં૦ ગુલાલકીર્તિના શિષ્ય પં૦ લક્ષ્મીસાગરે જેસલમેરમાં 'આદિત્યવાર'ની કથા લખી, સં૦ ૧૮૬૨માં આગરામાં 'પક્ખીસૂત્ર'

૭૮. ઉપરના જ પેરામાં 'કર્મવાડી (માંડવગઢ)માં' એમ લખી 'કર્મવાડી'ના અર્થ તરીકે 'માંડવગઢ'ને જણાવનાર પૂ૦ ત્રિપુટીજી, અહિં 'માડવગઢમાં કર્મવાડી બની હતી' એમ જણાવે છે તેા તે બેમાંથી કઇ વાત શ્રદ્ધેય માનવી ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખ્યું **પં૦ રણજીત સાગરે** સં૦ ૧૮૯૯માં ઉદેપુરમાં 'જયકાલંકાર [જ્ઞાતકાલંકાર?] લખ્યો, યતિ છગનસાગરે સં૦ ૧૯૩૩માં જયપુરમાં 'સાતસ્મરણ' લખ્યા.[૭૯]

શત્રુંજય વર્ણન–મુનિ પં૦ જયસાગરગણિ તથા પં. તત્વસાગરે સં૦ ૧૯૧૦–૧૫માં પાલીતાણામાં પૂ૦ આનંદકુશલના સમયે નગરશેઠ નગીનદાસ મયાભાઇના કહેવાથી 'શ્રી શત્રુંજયતીર્થચૈત્યપરિપાટી' ફરમો લખ્યો. (પૃ૦ ૧ થી ૧૦૭) સંભવ છે કે તેઓ (૬૧) સંવેગી પં૦ ન્યાયસાગર ગણિવરની પરંપરામાં હોય.

૧૫ સાગરશાખાની પટ્ટાવલી માલપુરના તપાગચ્છના વિજયદેવસૂરિસંઘના યતિસમાધિ સ્થાનમાં સાગરશાખાની વિવિધ પરંપરાઓ મળે છે. તે આ પ્રમાણે—

૧૫ (૨) પાદુકાપટ્ટ.

(૧) પં૦ સુવિધિસાગરગણિ. (૨) જિનરંગસાગરગણિ, (૩) લેખ, (૪) ઋષભદેવ-ચરણની પાદુકા, (૫) પં૦ પ્રતાપ સાગર (૬) નિત્યસાગરે સં૦ ૧૮૪૨ વૈ. વ. ૫ શુક્રવારે તેઓના ચરણ પાદુકાપટ્ટની પ્રતિષ્ઠા કરી.

૧૫ (૩) પાદુકા લેખ શાખા ૮મી.

(૧) પં૦ દયાસાગરગણિ ગુરુભ્રાતા પં૦ વીરસાગરગણિ.

(૨) પં૦ જ્ઞાનસાગર ગણિ, પં૦ ધાસીસાગરગણિ.

(૩) રૂગનાથસાગરના સમાધિ પાદુકા લેખો.

(જૈન સત્યપ્રકાશ, ક્ર. ૭૦, પેજ ૬૭૮)

(૨)

'જૈનપરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પ્રક૦ ૫૫, પૃ૦ ૭૪૪ થી ૭૭૦ સુધીમાં પૂ૦ ત્રિપુટીજીએ પૂ૦ મહો૦ **શ્રી ધર્મસાગરજી૦**ગણિની તેમજ સાગરશાખાની શિષ્ય પરંપરા જણાવી છે. તેવી રીતે તે પૂ૦ ત્રિપુટીજીએ સં૦ ૨૦૦૬ માં પ્રસિદ્ધ કરાવેલ **'પટ્ટાવલી સમુચ્ચય'** ભા૦ ૨ની પોતે લખેલી **'પૂરવણી'** ના પૃ૦ ૨૬૮ થી ૨૭૦ સુધીમાં તપાગચ્છ સાગરશાખાની પરંપરા આ પ્રમાણે જણાવી છે કે :–

(૫૩) લક્ષ્મીસાગરસૂરિ, (૫૪) ઉ૦ વિદ્યાસાગર ગણિ–તેમણે બાલવયમાં દીક્ષા લીધી હતી. તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હતાં. વૈરાગ્યવાન્ નિઃસ્પૃહ અને મહાતપસ્વી હતાં.

૭૯. પં૦ અમીવિ૦એ 'ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનોની સજ્ઝાય' સં૦ ૧૯૩૯ ના પો૦ શુ૦ + + મંગળવારે પં૦ રણજીતસાગરને માટે ભિન્નમાલમાં લખી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓછામાં ઓછું છઠ્ઠનો તપ કરતા અને પારણે આયંબિલ કરતા હતા. તેમણે જેસલમેર તરફ (પહેલ વહેલો) વિહાર કરી લોંકાગચ્છવાળાઓએ દેરાસરમાં કાંટા મરાવ્યા હતાં તે દૂર કરાવી શુદ્ધ જૈનધર્મનો પ્રચાર કર્યો હતો. બીજા પણ અનેક શાસન પ્રભાવનાના કાર્યો કર્યા છે. **જેસલમેરમાં** બરતરોને, **મેવાડમાં** વીજામતીઓને; **વીરમગામમાં** પાયચંદમતીને અને **મોરબી** આદિમાં લોંકાગચ્છીઓને પ્રતિબોધ આપી સન્માર્ગમાં સ્થાપ્યા હતાં.

(૫૫) ઉ૦ ધર્મસાગરગણિ–તેમનો જન્મ લાડોલમાં ઓસવાલવંશમાં થયો હતો. તેમણે સં૦ ૧૫૯૫ માં ૧૬ વર્ષની ઉંમરે આ૦ વિજયદાનસૂરિના હાથે તપગચ્છમાં દીક્ષા લીધી. તેમણે આ૦ વિજયહીરસૂરિ સાથે દોલતાબાદમાં જઇ અભ્યાસ કર્યો હતો. તેઓ સંસ્કૃતમાં બોલવામાં ચતુર, પ્રખરવાદી અને સમર્થ ગ્રંથકાર હતાં. તેમણે–"જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા સં. ૧૬૩૯, તત્ત્વતરંગિણી સં. ૧૬૧૭, વર્દ્ધમાનદ્વાત્રિંશિકા, કલ્પકિરણાવલી સં૦ ૧૬૨૮, [૮૦]કુમતિકુદ્દાલ-પ્રવચન પરીક્ષા સં ૧૬૨૯, ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા સં૦ ૧૬૧૭, પ્રર્યુષણાશતક સં૦ ૧૬૪૭, તેની ટીકા ૧૬૪૭. ગુરુતત્ત્વ દીપક (દીપિકા)" વગેરે ગ્રંથ બનાવ્યા છે. સ્વ૦ સં૦ ૧૫૫૩ કા૦ શુ૦ ૯

ઉપા૦ શ્રી ભાવવિજય ગણિએ 'ષટત્રિંશદ્ જલ્પવિચારમાં' તેમને પં૦ જીવર્ષિ-ગણિના શિષ્ય તરીકે ઉલ્લેખ્યા છે.

૫૬ ઉ૦ લબ્ધિસાગર, ઉ૦ વિમલસાગરજી; ઉ૦ લબ્ધિસાગરના શિષ્ય ઉ૦ **નેમિસાગર** બહુ બુદ્ધિમાન હતા. તે અને તેના શિષ્ય **મહો૦ મુક્તસાગર** ગૃહસ્થી-પણાના ભાઇઓ હતા. તે બંનેની કૃપાથી નગરશેઠ શાંતિદાસને અઢળક ધન મળ્યું હતું. અને નગરશેઠે તેમને ઉપાધ્યાય બનાવવા પ્રયત્ન કર્યો. પરંતુ આ૦ વિજયસેનસૂરિએ મના કરી. ઉ૦ નેમસાગરજી, આ૦ વિજયદેવસૂરિ સાથે માંડવગઢ ગયા હતા. ત્યા બાદશાહ જહાંગીરે આચાર્યશ્રીને 'સવાઇ મહાતપા' અને ઉપાધ્યાયને 'જગજીપક' ના બિરૂદ[૮૧] આપ્યા હતાં. તેઓનું સં૦ ૧૬૭૪માં માંડવગઢમાં જ સ્વર્ગગમન થયું. અને તેમના

૮૦. 'પૂ૦ મહોપાધ્યયાજીશ્રીએ તો શું; પરંતુ આજ સુધીમાં કોઇએ પણ 'કુમતિકુદ્દાલ' નામનો ગ્રંથ બનાવેલ નથી' એવું જણવા છતાંય '**મહોપાધ્યાયશ્રીની કૃતિ**' તરીકે ગણાવવામાં પૂ૦ ત્રિપુટીજીનો ઉદ્દેશ એ છે કે-પોતે પ્રસિદ્ધ કરાવેલ આ '**પટ્ટાવલીસમુચ્ચય**' ભા૦ ૨ માં ૨જુ કરેલ 'સોહમકુલરત્નપટ્ટાવલી રાસ' ના પૃ૦ ૯૬ ઉપરની ત્રીજી કડીમાં કવિ દીપવિ૦એ જે જુદી રીતે જ 'કુમતિકુદ્દાલ, ઉ૦ ધર્મસાગરજીનો બનાવેલ' હોવાનું જણાવેલ છે તેને ગચ્છમમત્વવશાત્ સત્ય ઠરાવવાનો છે. **આ જુઠી વાતના ખંડન અંગે જુઓ આ ગ્રંથના પેજ પર થી ૬૬**

૮૧. 'બાદશાહે આ બિરૂદ કયા પ્રસંગેને પામીને આપ્યાં?' તે મહત્વનો મુદ્દાની વાત, પૂ૦ ત્રિપુટીજીએ અગાઉ જેમ 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ માં છૂપાવી છે તેમ અહિં પણ જાણી જોઇને છૂપાવી છે. કે-જે મહત્વની બીના **સ્કુટનોંધ નં. ૬૦** માં અમોએ સ્પષ્ટ જણાવી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિષ્ય ઉ૦ મુક્તિસાગરજીને નગરશેઠ શાંતિદાસે સં. ૧૬૭૯માં આ૦ વિજયદેવસૂરિના વાસક્ષેપથી વાચકપદ અને સં૦ ૧૬૮૬માં આ૦ વિજયદેવસૂરિના[૮૨] વાસક્ષેપથી અમદાવાદમાં સૂરિપદ આપ્યું. તેમનાથી [૮૩]'સાગરમત'ની પરંપરા ચાલી.

૫૭ ઉ૦ **પદ્મસાગરજી** તેઓ ઉ૦ વિમલસાગરજીના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૪૬માં બીજી મ૦ શુ૦ ૧૧ માંડલમાં 'જગદ્ગુરૂ કા૦ય' બનાવ્યું છે.

(૫૮) ઉ૦ કુશલસાગરજી (૫૯) પં૦ ઉત્તમસાગરજી સ્વ. સં૦ ૧૭૫૮ (૬૦) પં૦ ન્યાયસાગરજી તેમણે સં૦ ૧૭૬૩માં ક્રિયોદ્ધાર કર્યો અને સં. ૧૭૯૭માં અમદાવાદ લવારની પોળના ઉપાશ્રયમાં સ્વર્ગગમન કર્યું.

(૫૫) મહો૦ ધર્મસાગરગણિ (૫૬) ઉ૦ શ્રુતસાગરગણિ (૫૭) ઉ૦ શાંતિસાગર તેમણે સં૦ ૧૭૦૭માં 'કલ્પકૌમુદી' રચી. (ગ્રં. ૩૭૦૭)

(૫૮) આ૦ શ્રી વિજયહીરસૂરિ (૫૯) આ૦ શ્રી વિજયસેનસૂરિ (૬૦) આ૦ રાજસાગરસૂરિ-તેઓ મહો૦ ધર્મસાગર ગણિના શિષ્ય ઉ૦ લબ્ધિસાગરના શિષ્ય ઉ૦ નેમસાગરજીના નાના ભાઈ તથા શિષ્ય હતા. તેનો જન્મ સં૦ ૧૬૩૭માં શિપુરમાં [સિંહપુરમાં] નામ મેઘજી સં.....માં દીક્ષા, નામ મુક્તિસાગર. સં. ૧૬૫૫માં પંન્યાસપદ. તે ગુરૂ શિષ્યની કૃપાથી નગરશેઠ શાંતિદાસ ધનવાળા તથા સુખી થયા હતા. તેથી નગરશેઠે ઉ. નેમસાગરજીના શિષ્ય મુક્તિસાગરજીને આ૦ વિજયદેવસૂરિના વાસક્ષેપથી સં. ૧૬૭૯માં વાચકપદ અને સં. ૧૬૮૬ માં અમદાવાદના ભ૦ મહાવીર સ્વામીના દેરાસરમાં આચાર્યપદ આપ્યું અને આ. રાજસાગરસૂરિ નામ આપ્યું. તેઓ સં. ૧૭૨૧ ભા. શુ. ૬ અમદાવાદમાં સ્વર્ગે ગયા. તેનાં અગ્નિસંસ્કારના સ્થાને દેરી છે. આ સ્થાન ઘાંચી સોસાયટીથી આગળ ગુજરાત વિદ્યાપીઠની નજીકમાં છે. ત્યાં કા૦ વ૦ ૪ દિને જૈનોનો મેળો ભરાય છે.

આ આચાર્યથી સાગરશાખાની સ્વતંત્ર પટ્ટાવલી ચાલી છે. (૬૧) વૃદ્ધિસાગરસૂરિ સ્વ. સં૦ ૧૭૮૭ અમદાવાદ (૬૨) લક્ષ્મીસાગરસૂરિ સ્વ. સં૦ ૧૭૮૮ મુ૦ સુરત. (૬૩) કલ્યાણસાગરસૂરિ સ્વ૦ ૧૮૧૧ (૬૪) પુણ્યસાગરસૂરિ સં૦ ૧૮૦૮ આ૦ શુ૦....ગુરુવારે સૂરિપદ (૬૫) ઉદયસાગરસૂરિ (૬૬) આણંદસાગરસૂરિ (૬૭) શાંતિસાગરસૂરિ તેમણે સં.

---

૮૨. પૂ૦ ત્રિપુટીજીની આ વાતના નક્કર ખુલાસા રૂપે જુઓ **સ્ફુટનોંધ નં. ૬૩-૬૪.**

૮૩ સાગરમહર્ષિઓની જે-જે પ્રરૂપણાઓ હતી તે તે પ્રરૂપણાઓને ગચ્છનાયક પૂ૦ ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજે જ પટ્ટક બનાવવા પૂર્વક સત્યતયા અને શાસ્ત્રીય હોવારૂપે સમર્થન આપ્યા પછી તો તે પ્રરૂપણાને 'શાસન માન્ય પ્રરૂપણાઓ' તરીકે કે-'દેવસૂરસંઘ માન્ય પ્રરૂપણા' રૂપે જણાવવાને બદલે 'સાગરમતની પરંપરા' તરીકે પ્રચારવા પાછળ પૂ૦ ત્રિપુટીજીનો આશય શું હશે? તે સુજ્ઞો વિચારે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯૨૯-૩૦ માં હેન્ડબીલો બહાર પાડી પૂનમ અમાસની વધઘટમાં તેરસની વધ-ઘટ કરવી એ તપાગચ્છની મર્યાદાને સમર્થન આપ્યું હતું.

(નગરશેઠ 'શાંતિદાસજીનો રાસ' વગેરેના આધારે)

સાગરપંરપરામાં (૧) પં૦ ચારિત્રસાગર (૨) પં૦ વિનયસાગર (૩) પં૦ નરસાગર (૪) પં૦ ચારિત્રસાગર (૫) પં૦ કલ્યાણસાગર (૬) પં૦ સુજ્જનસાગર (૭) શુભસાગર સં. ૧૭૪૨ સ્યાહુજિહાંનાબાદનગર.

(—આગરા ભંડાર ણ—૩૫ 'કલ્યાણમંદિર' પ્રતની પુષ્પિકા)

(૫) પં૦ કલ્યાણસાગર (૬) પં૦ યશઃસાગર (૭) પં૦ યશવંતસાગર (૮) પં૦ વિચારસાગર (૯) પં૦ યુક્તિસાગર (૧૦) પં૦ જગરૂપસાગર (૧૧) પં૦ ખુશાલસાગર (૧૨) પં૦ જ્ઞેધસાગર, મેઘસાગર ઇતિ સાગરશાંકી પટ્ટાવલી.

(—આગરા ભંડાર ઋ—૩૩ 'રામવિનોદસારણી'ને અંતે નોંધ) (શત્રુંજય—જિનેન્દ્ર ટુંક પાદુકા લેખ. જૈન સત્ય પ્રકાશ ક૦ ૯૨).

(૫૮) આ૦ શ્રી વિજયહીરસૂરિ (૫૯) ઉ૦ સહજસાગર (૬૦) ઉ૦ જયસાગર (૬૧) ઉ૦ જિતસાગર (૬૨) પં૦ માનસાગર (૬૩) મયગલસાગર (૬૪) પદ્મસાગર સ્વ૦ સં૦ ૧૮૨૫ (૬૫) સુજ્ઞાનસાગર સ્વ૦ સં૦ ૧૮૩૮ (૬૬) સ્વરૂપસાગર સ્વ૦ સં૦ ૧૮૬૬ (૬૭) નિધાનસાગર સ્વ૦ સં૦ ૧૮૮૭ (૬૮) મયગલસાગર (૬૯) ગૌતમસાગર (૭૦) ઝવેરસાગર (૭૧, **આ૦ આનંદસાગરસૂરિ** આગમોનો ઉદ્ધાર કર્યો. શિલાપટ આગમ મંદિર; તામ્રાગમ મંદિર બનાવ્યા. શૈલાના નરેશને પ્રતિબોધ કર્યો અને અનેક ગ્રંથો બનાવ્યા. તેઓ વિદ્યમાન છે. —[સ્વ૦ સં૦ ૨૦૦૬ વૈ૦ વ૦ ૫ શનિવાર સુરત] (૭૨) **આ૦ માણેકસાગરસૂરિ** વિદ્યમાન છે.

સાગરશાખાની સાહિત્યસેવાના ત્રૂટક ઇતિહાસની પૂર્તિ.

પૂ૦ ત્રિપુટી મહારાજે '**જૈનપરંપરાનો ઇતિહાસ**' ભાગ ૩ માં તથા '**પટ્ટાવલી સમુચ્ચય**' ભાગ ૨ માં સાગરશાખાના મહર્ષિઓની સાહિત્યસેવા બતાવવા તરીકે તે તે સાગરગીતાર્થો વિરચિત કૃતિઓના જે ઉલ્લેખો રજુ કર્યા છે, તેમાં કેટલેક સ્થલે અનાભોગે તો કેટલેક સ્થલે આભોગપૂર્વક તે તે મહર્ષિઓની કૃતિઓનો પૂર્ણ ઉલ્લેખ પણ કરેલ નથી! પૂ૦ ત્રિપુટીજીની આવી નીતિપૂર્વકની રજુઆત પદ્ધતિથી ભવિષ્યમાં સત્ય ઇતિહાસ નષ્ટ ન થવા પામે અથવા તો તે ત્રુટક ઇતિહાસને પૂર્ણ માની લેવાની પરિસ્થિતિ સર્જાવા ન પામે એ શુભાશયથી પ્રસંગે તેવે તેવે સ્થળે સ્ફુટનોંધો કરવાપૂર્વક વાચકોનું લક્ષ્ય ખેંચવાનો અમોએ પ્રયાસ કરેલ પણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ એ પ્રમાણે નોંધો કરવા જતાં સ્કુટનોંધો વધી જવાના ભયે 'સાગરમહર્ષી'-ઓએ પોતે કેવી રીતે વિદ્વદ્ભોગ્ય કૃતિઓ રચીને સાહિત્ય સેવા કરી છે? તેમજ પૂ૦ ત્રિપુટીજીએ તે સાગરગીતાર્થોની સાહિત્ય સેવાનો પ્રભાવક ઇતિહાસ કેટલો બધો છૂપાવીને ત્રુટક રજુ કરેલ છે?' તે વિદ્વાનોના લક્ષ્ય ઉપર લાવવા માટે તે ત્રુટક ઇતિહાસની પૂર્તિ રૂપે આ સ્વતંત્ર વિભાગની રજુઆત કરવી પડે છે. આ પૂર્તિ-જૈન ગુર્જર કવિઓ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, ઐતિહાસિક રાસસંગ્રહ આદિમાંથી ચૂંટી-ચૂટીને તૈયાર કરવામાં આવેલ છે જે આ પ્રમાણે:—

(૧) ઉ૦ શ્રી હર્ષસાગર ગણિના શિષ્ય **મુનિ શ્રી કમલસાગરજીએ** સં૦ ૧૬૦૬ ના ફા૦ શુ૦ ૧૧ ના રોજ ૩૬ કડીનું 'ચોત્રીશ અતિશયનું સ્તવન' આ૦ શ્રી વિજય-દાનસૂરિરાજ્યે બનાવ્યું

(૨) ઉ૦ **શ્રી હર્ષસાગર ગણિએ** સં૦ ૧૬૨૨ ના લગભગમાં 'નવતત્ત્વની નવ ઢાલ' બનાવી.

(૩) ઉ૦ શ્રી હર્ષસા૦ ગણિ, પં૦ શ્રી રાજસાગર ગણિ શિષ્ય **પં૦ શ્રી રવિ-સાગર ગણિએ** સં૦ ૧૬૩૬ માં રૂપસેન ચરિત્ર, સં૦ ૧૬૪૫ માંડલમાં રા'એ ગારના રાજ્યે ૭૨૦૦ શ્લોક પ્રમાણ-પ્રદ્યુમ્ન ચરિત્ર, ૧૬૫૭ માં ઉન્નતદુર્ગ-ઉનામાં મૌન એકાદશી માહાત્મ્ય ગ્રંથની રચના કરી હતી.

(૪) ઉ૦ શ્રી હર્ષસા૦ ગણિશિષ્ય **પં૦ શ્રી રાજસાગર ગણિએ** સં૦ ૧૬૪૩ લગભગમાં ૨૮ કડી પ્રમાણે 'લુંકામતની સજ્ઝાય' બનાવી હતી.

(૫) ઉ૦ શ્રી હર્ષસા૦ ગણિ, પં૦ રાજસા૦ ગણિશિષ્ય **પં૦ શ્રી કુશલસાગર ગણિએ** સં૦ ૧૬૪૪ ના દીવાલી દિને સુધાનગરમાં 'કુલધ્વજ રાસ'ની રચના કરેલ.

(૬) પં૦ શ્રી રવિસા૦ ગણિશિષ્ય **જ્ઞાનસાગર ગણિએ** સં૦ ૧૬૫૬ જુનાગઢમાં 'નેમિચંદ્રાવલા' બનાવેલ અને પં૦ ન્યાયસા૦ ગણિશિષ્ય **પં૦ ધીરસાગર ગણિએ** સં૦ ૧૬૬૬ માગ૦ વ૦ ૨ ના રોજ તેની પ્રતિ લખી હતી. (પાટણ લિ૦ ૮-૧૨ દા૦ ૧૧ નં૦ ૭૫ લે૦માં છે)

(૭) ઉ૦ શ્રી હર્ષસા૦ ગણિ, પં૦ રાજસા૦ ગણિશિષ્ય **કુંવરજી** (કુંવરસાગર) **ગણિએ** સં૦ ૧૭૫૭ ના અ૦ શુ૦ ૫ ના રોજ સાણંદગ્રામે 'સનત્કુમાર રાજર્ષિરાસ' ની રચના કરી હતી.

(૮) બુદ્ધિસાગરજીના શિષ્ય **માનસાગરજીએ** (સં૦ ૧૬૫૨ થી ૧૬૭૨ સુધીના) વિજયસેનસૂરિના રાજ્યમાં 'ગુરુ સ્વાધ્યાય' તેમ જ 'શતાર્થી' ઉપર વૃત્તિની રચના કરેલ. (ક્રાંતિ૦ વડો૦ લી૦)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯) મહો૦ શ્રી નેમિસા૦ ગણિ, મહો૦ શ્રી વિદ્યાસા૦ ગણિ, પં૦ શ્રી સહજસાગર ગણિશિષ્ય **શ્રી વિજયસાગરજી**એ સં૦ ૧૬૬૪ની આસપાસમાં સંમેતશીખર તીર્થમાળા, સં૦ ૧૬૬૯માં વગડીમાં ઈષુકાર અધ્યયન સજ્ઝાય, ઢાલ ૩ બનાવેલ.

મહો૦ શ્રી વિદ્યાસા૦ તથા મહો૦ શ્રી સહજસા૦ ગણિ અંગેનો ઇતિહાસ.

આ પૂ૦ મહો૦ શ્રી વિદ્યાસા૦ ગણિ તથા પં૦ શ્રી સહજસા૦ ગણિ માટે 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પેજ ૮૨૭ થી ૮૨૯ ઉપર આ પ્રમાણે ઉલ્લેખ છે કે—

"૫૭ **પં૦ વિદ્યાવિમલ ગણિ**–તેમનાં બીજાં નામો પં૦ વીરવિદ્યાધર, ઉ૦ **વિદ્યાસાગર ગણિ**, પં૦ વિદ્યાનંદ, પં૦ વિદ્યાચંદ્ર, **પં૦ વિદ્યાધર** વિગેરે મળે છે. તે પોતાને **પં૦ વિજયવિમલ ગણિ**ના [જેમનું બીજું નામ 'વાનરઋષિ ગણિ' છે] શિષ્ય બતાવે છે અને વિજયસેનસૂરિ નિર્વાણ સજ્ઝાય રાસમાં પોતાને તેઓ પં૦ વિદ્યા-ગણિવરના શિષ્ય બતાવે છે તે પં૦ વાનરઋષિ ગણિના શિષ્ય હતા. પ્રસિદ્ધ કાવ્યકાર **પં૦ દેવવિમલ ગણિ**ના વિદ્યાશિષ્ય હતા. તે મોટા વિદ્વાન હતા તે ગુરુ-શિષ્યો (પં૦ વાનરર્ષિ અને પં૦ વિદ્યાવિમલ ગણિ) **મહો૦ ધર્મસાગર ગણિ** સાથે વિચરતા હતા. પં૦ વિદ્યાવિમલ ગણિ એકાંતપ્રિય અથવા અલ્પ આયુષી હતા. આથી તેમનો વેધુ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી. તે સં૦ ૧૬૭૪ સુધી વિદ્યમાન હતા.

કેકિંદના શા૦ જગમલ ઓશવાલે પોતાની ૩૨ વર્ષની ઉંમરમાં પં૦ વિદ્યાધરની પાસે 'ચોથું વ્રત' લીધું હતું.

(–શ્રી જિનવિજયજીનો પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨જો, લે૦ નં૦ ૩૭૭)

ગ્રંથો–પં૦ વિદ્યાધરે વિવિધ સાહિત્ય બનાવ્યું હતું. તેમની પ્રથમ કૃતિ 'આ૦ વિજયદાનસૂરિ સજ્ઝાય' કડી ૧૦, જે સંસ્કૃત–ગુજરાતી મિશ્રિત છે, તે મળે છે. દરેક કડીના પહેલા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'શ્રી ગૌતમગુરવે નમઃ', દરેક કડીના બીજા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'શ્રી હેમવિમલાય નમઃ' અને દરેક કડીના ત્રીજા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'શ્રી વિજયદાનસૂરયે નમઃ' બને છે. છેલ્લી કડીમાં તેમણે પોતાનું નામ 'વિદ્યાધર' બતાવ્યું છે.

પં૦ વિદ્યાનંદ ગણિએ સં૦ ૧૬૭૨માં આ૦ વિજયસેન ચરિત્ર, આ૦ વિજયસેન-સૂરિ નિર્વાણ સજ્ઝાય કડી ૫૭, પાર્શ્વનાથ સ્તોત્ર શ્લોક ૧૦, હીરવિજયસૂરિ સલોકો શ્લોક ૮૧ બનાવ્યા. આ૦ વિજયસેનસૂરિ ગીત, કડી ૯ અને આ૦ વિજયદેવસૂરિ ગીત કડી ૯ બનાવ્યાં.

(–શ્રી જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૬૭ પેજ ૨૭૦)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૮. **મહો૦ સહજસાગર ગણિવર**–તે **પં૦ વિજયવિમલ ગણિવર**ના શિષ્ય ઉ૦ વિદ્યાવિમલ ગણિ. બીજું નામ ઉ૦ **વિદ્યાસાગર** ગણિવરના શિષ્ય હતા **મહો૦ ધર્મસાગર** ગણિવરના વિદ્યાશિષ્ય હતા. તેમનાં **પં૦ સહજવિમલ ગણિ, પં૦ સહજસાગર ગણિ એમ બે નામ મળે છે.** તે સં૦ ૧૬૧૬ માં **મેડતા**માં મહો૦ ધર્મસાગર ગણિવરની સાથે અને પોતાના દાદાગુરુ (વાનરઋષિ ગણિ)ની સાથે ચોમાસું રહ્યા હતા તે સૌ ત્યાંથી **જાલોર** ગયા. ત્યાં મુનિ સહજસાગરને મુનિ **જયસાગર** નામે શિષ્ય અને મુનિ **જીતસાગર** નામે પ્રશિષ્ય થયા. સં૦ ૧૬૨૧માં માળવાના 'સારંગપુર'માં ચોમાસું રહ્યા હતા.

આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૨૮ ફા૦ શુ૦ ૭ ને સોમવારે પં૦ જયવિમલ ગણિને ઉપાધ્યાયપદ, આચાર્યપદ આપ્યાં. **આ૦ વિજયસેનસૂરિ** બનાવી પોતાની પાટે સ્થાપ્યા ત્યારે ઉ૦ વિમલહર્ષ ગણિવરને **મહોપાધ્યાય** તથા મુનિ સહજસાગર ગણિ, મુનિ લબ્ધિસાગર ગણિ, મુનિ પદ્મસાગર ગણિ અને મુનિ જયસાગર ગણિને **પંન્યાસ** બનાવ્યા. પં૦ સહજસાગર ગણિ સં૦ ૧૬૩૬માં આ૦ વિજયહીરસૂરિની સાથે 'ફતેહપુર સિક્રી' ગયા હતા. જ૦ શુ૦ આ૦ હીરવિજયસૂરિવરે સં૦ ૧૬૪૬ પો૦ સુ૦ ૧ શુક્રવારે પાટણમાં '૮૪ બાર બોલનો પટ્ટક' બનાવ્યો તેમાં ગીતાર્થોના દસ્તખતમાં પં૦ સહજસાગર ગણિના દસ્તખત પણ લીધા હતા.

સં૦ ૧૬૬૮ (૧૬૮૬) જે૦ શુ૦ ૧૪ શનિવારે અમદાવાદમાં ઉ૦ રાજસાગર (મુક્તિસાગર) ગણિને ભ૦ વિજયદેવસૂરિના વાસક્ષેપથી આચાર્ય બનાવ્યા તે **ભ૦ રાજસાગરસૂરિ** બન્યા તેમણે પોતાનો સંઘ બનાવ્યો. તેમાં **પં૦ સહજસાગરગણિ** અને અને તેમના શિષ્ય **પં૦ જયસાગરગણિવરને** ઉપાધ્યાય તથા **મહોપાધ્યાય** બનાવ્યા હતાં[૮૫] આથી તે બને ભ૦ વિજયદેવસૂરિના પણ શિષ્ય અને મહોપાધ્યાય પણ લેખાય છે. તેઓની શિષ્યપરંપરામાં 'તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘની **સાગરશાખા**ની સંવેગી શ્રમણશાખા' મળે છે." (પ્રક૦ ૫૮ સાગરશાખા પરંપરા.)

પ્રા...સં...ગિ...ક...નાં...ધ.

પૂ૦ ત્રિપુટીજીએ લખેલા આ ઉપરના ઇતિહાસથી આ બીનાઓ સ્પષ્ટ થાય છે કે– **૧—પૂ૦ પં૦ વાનરઋષિ** (વિજયવિમલગણિ), **પં૦ વિદ્યાવિમલ ગણિ** (ઉ૦ વિદ્યાસા૦ ગણિ), પં૦ **સહજવિમલ ગણિ** (પં૦ સહજસાગર ગણિ). આ બધાય પૂજ્ય મહર્ષિઓ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજ સાથે જ વિચરતા હતાં અને તેમના જ પક્ષકાર તરીકે રહેતા હતાં!

---

૮૪. આ બીના અંગેનું વિસ્તૃત સ્પષ્ટીકરણ. આ 'પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા' ગ્રંથનું પેજ ૬૯ જૂઓ.

૮૫. પૂ૦ ત્રિપુટીજીની આ વાતની સત્યાસત્યતા માટે જુઓ સ્કુટનોંધ નં૦ ૬૪.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨–એટલું જ નહિ; પરંતુ તેમના વિદ્યાશિષ્ય તરીકે રહેવા પૂર્વક પોતાતા મૂળ. નામ, પં૦ વિદ્યાવિમલગણિ, પં૦ સહજવિમલ ગણિ હતા. તેમાં પણ ફેરફાર કરીને પં૦ વિદ્યાસાગર ગણિ, પં૦ સહજસાગર ગણિ એમ નામ ધરાવવા પૂર્વક પોતાને '**સાગર**' તરીકે જ ગણાવવામાં ગૌરવ ધરાવતા હતાં!

૩–એથીય આગળ વધીને તેઓએ પોતાના શિષ્ય–પ્રશિષ્યોનાં નામોની સાથે 'વિજય' કે 'વિમલ' શબ્દનો પ્રયોગ પણ નહિ જ કરતાં પોતાને 'સાગરસંતાનીય' તરીકે ગણાવવાના ધ્યેયથી 'સાગર' શબ્દનો જ પ્રયોગ કરતા હતાં.!

૪–ભ૦ વિજયહીરસૂરિજી મ૦, ભ૦ વિજયસેનસૂરિજી મહારાજશ્રી પણ તે વાતને માન્ય રાખીને ક્રમે તેમને પંન્યાસ–ઉપાધ્યાય અને **મહોપાધ્યાય**પદના ઉચ્ચ સ્થાને સ્થાપે છે. અને દેવસૂર તપગચ્છ સંઘના નાયક ભ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજ તો એથીયે આગળ વધીને ભ૦ રાજસાગરસૂરિજીના અને પોતાના ય મહોપાધ્યાય તરીકે પં૦ સહજસાગર ગણિ અને તેમના શિષ્ય પં૦ જયસાગર ગણિને લેખાવે છે!

આ બધી બીનાઓ જોતાં અવશ્યમેવ સ્વીકારવું જ પડે તેમ છે કે–પૂ૦ હીરસૂરિજી મ, પૂ૦ સેનસૂરિજી મ૦, પૂ૦ મહો૦ શ્રી વાનરૂષિ ગણિ–મહો૦ શ્રી વિમલહર્ષ ગણિ આદિ પૂજ્યવર્યોના દિલમાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિનું અને તેમની પ્રરૂપણાઓનું આગવું સ્થાન હતું. આવા ઉત્કટકોટિના સ્થાન અને માનને વરી ચૂકેલા પૂ૦ મહો૦ શ્રીને તે તે વડીલો 'ગચ્છ બહાર' કરે યા તો તેમના બનાવેલા ગ્રંથોને 'અપ્રમાણિક' તરીકે જાહેર કરવા પટ્ટકો બનાવે તે વાત કયો સહૃદયી વિદ્વાન સ્વીકારે? અસ્તુ.

(૧૦) મહો૦ શ્રી નેમસા૦ ગણિ–મહો૦ શ્રી વિદ્યાસા૦ ગણિ શિષ્ય **ઉ૦ કૃપાસાગર ગણિએ** સં૦ ૧૬૭૨ (? ૧૬૭૪) ના માગ૦ શુ૦ ૧૨ ના રોજ ઉજ્જેણીનગરીમાં 'ઉ૦ શ્રી નેમિસાગર નિર્વાણ રાસ' ઢાલ ૧૦ ની રચના કરેલ.

(૧૧) મહો૦ શ્રી મુક્તિસા૦ ગણિ (આ૦ શ્રી રાજસાગરસૂરિ) શિષ્ય **પં૦ શ્રી ગુણસાગર ગણિએ** સં૦ ૧૬૮૩ ના મહા શુ૦ ૧૩ શુક્રવારે 'સમ્યક્ત્વમૂલ બારવ્રતની સજ્ઝાય' કડી ૭૨ પ્રમાણ બનાવી.

(૧૨) વૃદ્ધિસાગરસૂરિ શિષ્ય **વિનયસાગરજીએ** સં૦ ૧૭૧૫ પછી 'રાજસાગર-સજ્ઝાય' કડી ૬૩ પ્રમાણ બનાવી હતી.

(૧૩) ઉ૦ વિદ્યાસા૦ ગણિ–ઉ૦ સહજસા૦ ગણિ–ઉ૦ જિનસા૦ ગણિ–ઉ૦ જીતસા૦ ગણિશિષ્ય **પં૦ શ્રી માનસાગર ગણિએ** સં૦ ૧૭૨૪ કાર્ત્તિક માસે કુંવર-નગરમાં 'વિક્રમાદિત્ય સુત–વિક્રમસેન ચોપાઈ' ઢાલ ૫૨ ની, સં૦ ૧૭૨૪ માં 'સુરપતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારરાસ'ની, ૧૭૩૦માં 'આષાઢાભૂતિ ચોપાઇ'ની, ૧૭૩૧ માં 'આર્દ્રકુમાર ચોપાઈ' ની, ૧૭૪૪માં 'કાન્હડ કઠિયારારાસ'ની, ૧૭૫૯ માં 'સુભદ્રારાસ'ની રચના કરી હતી.

(૧૪) પં૦ ન્યાયસા૦ ગણિ, પં૦ જયસા૦ ગણિ, ઉ૦ લાવણ્યસા૦ ગણિશિષ્ય **પરમસાગર** ગણિએ સં૦ ૧૭૨૪ના પો૦ શુ૦ ૧૦ના રોજ ગઢવાડામાં 'વિક્રમાદિત્ય રાસ'ની રચના કરેલ.

(૧૫) ઉ૦ શ્રી કૃપાસાગર ગણિ શિષ્ય **તિલકસાગર ગણિએ** સં૦ ૧૭૨૫ બાદ 'રાજસાગરસૂરિ સજ્ઝાય' કડી ૬૩ બનાવી હતી.

(૧૬) ૬૧ મી પાટે થયેલા પં૦ કલ્યાણસા૦ ગણિ-પં૦ સુંદરસા૦ ગણિ-પં૦ દીપસા૦ ગણિ શિષ્ય [૮૬]**પં. શ્રી સુખસાગર ગણિએ** સં૦ ૧૭૩૨ના ભા૦ શુ૦ ૮ના રોજ રેઆં (રૂપનગર) ગામે 'ઇન્દ્રભાનુપ્રિયા રત્નસુંદરી સતી ચોપાઈ'-ઢાલ ૩૨ની, શ્રી જિનસુંદરસૂરિ કૃત-'દીપાવલીકાકલ્પ' ઉપર સં૦ ૧૭૬૩ માં 'કલ્પપ્રકાશ' નામના બાલાવબોધની, હંસવિ૦ના આગ્રહથી સં૦ ૧૭૬૯ માં 'વૃદ્ધિવિજય ગણિ રાસ' ની, 'જિન ચોવીશી' ની, શેઠ પ્રેમજી પારેખે શત્રુંજયનો યાત્રાસંઘ સં૦ ૧૭૭૭ માં કાઢેલ તેના વર્ણન રૂપે 'પ્રેમવિલાસ રાસ'ની, સં૦ ૧૭૬૩ માં કલ્પસૂત્ર બાલાવબોધ'ની, સં૦ ૧૭૭૩ માં 'પાક્ષિકસૂત્ર બાલાવબોધ, યોગસાર બાલાવબોધ, નવતત્ત્વ બાલાવબોધ આદિ કૃતિઓની રચના કરી હતી.

(૧૭) ૫૯ મી પાટે થએલા પં. કુશલસા. ગણિ-પં.-હીરસા. ગણિ-પં. ગંગસા. ગણિ શિષ્ય શ્રી **જીવસાગરજીએ** સં. ૧૭૬૮ શ્રા. વ. ૪ ભૌમવારે 'અમરસેન-વયરસેન ચરિત્ર રાસ' ની રચના કરી હતી.

(૧૮) ૬૦મી પાટે થએલા પં. ચારિત્રસા ગણિ-પં. કલ્યાણસા. ગણિ-પં.-રૂદ્ધિસા. ગણિના શિષ્ય **ઋષભસાગરજીએ** સં. ૧૭૪૮ (?) કા. શુ ૫ સોમવારે 'ગુણમંજરી-વરદત્તચોપાઇ'ની તેમ જ 'વિદ્યાવિલાસ-વિનયચટ રાસ'ની રચના કરેલ

---

૮૬. શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઈ, પોતાના 'જૈનગૂર્જર કવિઓ' ભા૦ ૨ના પૃ૦ ૨૮૭ ઉપર આ જ કવિને 'સુંદરસા૦ ગણિના શિષ્ય' તરીકે જણાવે છે અને પૃ૦ ૫૧૩ ઉપર 'ત૦ સત્યવિજય ગણિ સંતાનીય' તરીકે લેખાવે છે! જ્યારે પૃ૦ ૨૮૯ ઉપર 'દીપસા૦ ગણિના શિષ્ય' તરીકે જણાવે છે! આમ દેસાઈની ભિન્નવાક્યતા, તેમની ઇતિહાસા નભિજ્ઞતાને વ્યક્ત કરે છે. કારણકે પં૦ સુખસાગર કવિ, નથી તો સુંદરસાગર ગણિના શિષ્ય કે-નથી તો પં૦ સત્યવિ૦ ગણિના સંતાનીય; રાસકાર પોતે જ પોતાને દીપસા૦ ગણિના શિષ્ય તરીકે સ્પષ્ટ જણાવે છે તેમજ 'ધર્મમિત્ર સુખસાગર કવિ ઇણિપરિ ભણે રે' એ પંક્તિ દ્વારા પોતાને પં૦ સત્યવિ૦ના ધર્મમિત્ર તરીકે જણાવે છે, આમ છતાં દેશાઈ, 'સંતાનીયા' તરીકે કયાં ઇતિહાસના આધારે તેઓશ્રીને જણાવતાં હશે? એ એક વિચારણીય બીના છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૯) મહો.ધર્મસા ગણિ મહો. પદ્મસા. ગણિ–મહો. કુશલસા. ગણિ–પં. ઉત્તમસા. ગણિ શિષ્ય પં૦ **ચતુરસાગર ગણિએ** સં. ૧૭૭૨ માગ. શુ. ૩ મંગળવારે સીઉરીમાં 'મદનકુમારનો રાસ' બનાવ્યો.

(૨૦) પં. ભોજસાગર ગણિ અને પં. રત્નસાગર ગણિ શિષ્ય **સત્યસાગરજીએ** સં. ૧૭૯૯ ના સુરત ચોમાસામાં 'વચ્છરાજ રાસ ની રચના કરી.

(૨૧) ત્રેસઠમી પાટે થએલા કલ્યાણસાગરસૂરિજીના ભાઇ પં. ક્ષીરસા. ગણિના શિષ્ય **માણિક્યસાગરજીએ** સં૦ ૧૮૧૭ ના ફા૦ વ૦ ૫ બુધવારે 'કલ્યાણસાગરસૂરિ રાસ' બનાવ્યો.

(૨૨) મહો. શ્રી ધર્મસા. ગણિ–બહો. શ્રુતસા. ગણિ–મહો શાંતિસા. ગણિ–બુદ્ધિસા. ગણિ–હંસસા. ગણિ–વસંતસા.–માણિક્યસા.–દાનસાગર શિષ્ય **અમૃતસાગરજીએ** સં. ૧૮૧૭ ના પુણ્યમાસ (?) શુ. ૫ રવિવારે પાલણપુરમાં 'પુણ્યસાર રાસ' બનાવ્યો.

(૨૩) મહો. ધર્મસા. ગણિ સંતાનીય પં. ગુણસા. ગણિ–પં. ભાગ્યસા. ગણિ–પં૦ પુણ્યસા૦ ગણિના શિષ્ય **અમરસાગરજીએ** વિજયરત્નસૂરિ રાજ્યે 'રત્નચૂડ ચોપાઇ' બનાવી.

(૨૪) વિજયજિનેંદ્રસૂરિ રાજ્યે થએલા પં. વિનીતસાગરજી ગણિને '૧–પં. ધીરસા. ગણિ, ૨–પં. ભોજસા. ગણિ, ૩–પં. સુરસા. ગણિ, ૪–પં. રત્નસા. ગણિ અને ૫–પં. શ્રી જયવંતસા ગણિ' નામે પાંચ શિષ્યો હતાં તેમાંના મુખ્ય શિષ્ય પં. ધીરસા. ગણિના શિષ્ય **શ્રી ફતેન્દ્રસાગર ગણિએ** સં. ૧૮૨૨ માં 'હોલીરજઃ પર્વકથા' શ્લો. ૧૩૯ તથા સં. ૧૮૫૦ ના ભા. વ ૮ના બેનાતટનગરે 'અષ્ટપ્રકારી પૂજા રાસ' રચેલ.

(૨૫) પં૦ ચારિત્ર૦ા૦ ગણિ–સુંદરસાગર–મેઘસાગર–શ્યામસાગર શિષ્ય **સુજ્ઞાનસાગરજીએ** સં. ૧૮૨૨ માગ. શુ. ૧૨ રવિવારે ઉદયપુરમાં ૧૭ ઢાલ પ્રમાણ–'ઢાલમંજરી અથવા રામરાસ (ઢાલસાગર)'ની રચના કરેલ.

(૨૬) ૬૪મી પાટે થએલા પૂ. પુણ્યસાગરસૂરિ–ઉ. જ્ઞાનસા. ગણિ શિષ્ય **જ્ઞાનઉદ્યોત** (ઉદ્યોત સા.એ) સં. ૧૮૨૩ માં એકવીશ પ્રકારી પૂજા, અષ્ટપ્રકારી પૂજા. આરાધના ૩૨ દ્વારનો રાસ, સં. ૧૮૩૬ માં બારવ્રતની ટીપ તેમ જ વીરચરિત્રવેલી ગાથા ૧૭ પ્રમાણ બનાવેલ.

(૨૭) ૬૬ મી પાટે થએલા પં૦ વિનોદસાગર ગણિ શિષ્ય **પં૦ ઋષભસા૦ ગણિએ** 'પ્રેમસંઘ વર્ણનરાસ અથવા શત્રુંજયરાસ'. તથા સં૦ ૧૮૪૦ ભા૦ શુ૦ ૧૫ પોરબંદરમાં 'વિનયચટ્ટરાસ'ની રચના કરેલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨૮) પ્રધાનસાગર ગણિના શિષ્ય **દિનકરસાગરજીએ** સં. ૧૭૭૯ ના મા. વ. ૩ના 'માનતુંગી સ્તવન, સં. ૧૮૫૯ ના પો. શુ. ૧૫ રાણકપુરમાં ચોવીસી, સં. ૧૮૭૯ ના. પહેલા ચૈત્ર શુદ ૫ના રોજ ગોઢવાડમાં દૂહાબંધ ચોવીશ જિનચરિત્ર'ની રચના કરી હતી

(૨૯) 'નં. ૧૪ સાગરશાખા' માંના પં. મહિમાસા. ગણિ શિષ્ય **શ્રી સૌભાગ્ય-સાગરજીએ** સં. ૧૮૭૩ ના પાટણમાં 'જંબૂકુમાર ચોઢાળીઉં' બનાવેલ.

(૩૦) મહો. ધર્મસા. ગણિ સંતાનીય મહો. શ્રી હર્ષસા. ગણિ પ્રપૌત્ર મહો. **જ્ઞાનસાગર ગણિએ** ધન્યકુમાર ચરિત્ર તથા દાનકલ્પદ્રુમનો બાલાવબોધ રચેલ હતો.

(૧) પં. સહજસા. ગણિ શિષ્ય **શ્રી જયસાગર ગણિએ** સં. ૧૬૪૪ના જે. શુ. ગુરૂવારે સ્તંભતીર્થમાં 'કલ્યાણ મંદિર સ્તોત્ર'ની ટીકા લખી.

(૨) સં. ૧૬૫૨માં અકબર રાજ્યે ત. વિજયદાનસૂરિ-રાજવિજયસૂરિ શિ. દેવવિજયે મરૂસ્થલીના શ્રીમાલપુરનગરમાં હેમાચાર્યના ત્રિ. શ. પુ. ચરિત્રનો આધાર લઈ સંસ્કૃતગદ્યમાં રામચરિત્ર (પદ્મચરિત્ર) એટલે જૈન રામાયણ રચ્યું કે જે પદ્મસાગરે (ઉપા. પદ્મસા. ગણિએ) શોધ્યું. [કીં. ૩ નં. ૧૬૯ ભા ૩, ૨૨૯]

(૩) પં. વિજયસા. ગણિના શિષ્ય શ્રી **ગુણસાગરજીએ** સં. ૧૬૫૬ કા. શુ. ૧૩ના રોજ દેનવાલનગરમાં 'વિમલ પ્રબંધ' ની પ્રત લખી.

(૪) સં૦ ૧૬૬૩ માં તર્કભાષા વાર્ત્તિકનું સંશોધન ઉપાધ્યાય શ્રી પદ્મસાગર ગણિએ કરેલ.

(૫) પં. સહજસા. ગણિ-વિજયસા. ગણિ શિષ્ય **હેતુસાગર ગણિએ** સં. ૧૭૧૭ કૃષ્ણગઢમાં 'સંમેતશીખર તીર્થમાલા સ્તવન' ની પ્રત લખી હતી. જેનો ઉલ્લેખ-'પ્રાચીન તીર્થમાલા સંગ્રહ' ના પૃ. ૧ થી ૧૩ ઉપર કરેલ છે.

(૬) આ. શ્રી રાજસાગરસૂરિ-પં. શાંતિસા. ગણિ શિષ્ય **દયાલસાગરગણિએ સં.** ૧૭૨૨ શ્રા. શુ. ૩ ગુરુવારે 'રાજસાગરસૂરિ નિર્વાણ રાસ' લખ્યો.

(૭) ૬૧મી પાટે થએલા પં. કલ્યાણસા. ગણિ પં. દાનસા. ગણિ શિષ્ય **વીરસાગર ગણિએ** સં. ૧૭૨૭ ના ભા. શુ. ૧૩ બર્હાણપુરમાં ઉ. સમયસુંદર ગણિકૃત 'ચોવીશી'ની પ્રત લખી.

(૮) મહો. શ્રી વિનીતસાગર ગણિ શિષ્ય મુનિશ્રી **પ્રેમસાગરજીએ** તિરવાડાગ્રામે સં. ૧૭૩૫ના શ્રા. શુ ૧૧ શનિવારે 'વિચારષટ્ત્રિંશિકા બાલાવબોધ' લખ્યો.

(૯) **પં૦ શ્રી તિલકસાગરગણિએ** શ્રાવિકા બીબી કમનુને વાંચવા માટે સં. ૧૭૩૬ ના આ. વ. ૧૦ ના રોજ 'એલાયચીકુમારનો રાસ' લખ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૦) પં. ભાવસાગર ગણિ શિષ્ય શ્રી **ચન્દ્રસાગરગણિએ** સં. ૧૭૫૩ ના કા. શુ. ૧૧ ના રોજ ઉ૦ સમયસુંદર કૃત 'વસ્તુપાલ તેજપાલ રાસ' ની પ્રત લખી.

(૧૧) પં૦ સહજસા૦ ગણિ–પં૦ વિજયસાગર ગણિ શિષ્ય **શ્રી જ્ઞાનસાગરજીએ** સં૦ ૧૭૫૭ ના વર્ષે 'આષાઢાભૂતિ રાસ' લખ્યો.

(૧૨) પં૦ અજિતસા૦ ગણિ–પં૦ મહિલા (મહિમા)સા૦ ગણિ–પં૦ અનોપસા૦ ગણિ શિષ્ય **પં૦ અજબસાગર** ગણિએ સં૦ ૧૭૫૮ ના વૈ. શુ. ૩ના રોજ રૂપનગરમાં પં૦ જસવંતસાગર ગણિ કૃત 'કર્મસ્તવન રત્નપૂર્વાર્ધ' ની પ્રત લખી હતી.

(૧૩) પં૦ કલાણસા૦ ગણિ પં૦–હર્ષસા૦ ગણિ–પં૦ હીરસા૦ ગણિ–પં૦ ગુણસાગર ગણિ શિષ્ય **શ્રી પુણ્યસાગરજી**એ સં૦ ૧૭૬૧ આ૦ વ૦ ૧૦ ભોમવારે દરિયા મધ્યે ખરતરીય લબ્ધોદય ગણિકૃત 'પદ્મિની ચોપાઈ'ની પ્રત લખી.

(૧૪) પં૦ દીપસા૦ ગણિ–પં૦ સુખસા૦ ગણિ શિષ્ય **મહિમાસાગરજી**એ સં૦ ૧૭૬૨ ના માગ૦ શુ૦ ૪ શુક્રવારે સકલચંદ્ર ગણિકૃત 'બાર ભાવના' સજ્ઝાય લખી.

(૧૫) પં૦ આગમસા૦–પં૦ મોહનસા૦ ગણિ–પં૦ મનરૂપસા૦ ગણિ શિષ્ય **શ્રી જશવંતસાગરજી**એ સં૦ ૧૭૬૩ ના કા૦ શુ૦ ૧૫ શનિવારે સાંગાનેરમાં 'ઉત્તરાધ્યયન સૂત્ર બાલાવબોધ' લખ્યો.

(૧૬) ૬૨ મી પાટે થએલા આ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય તેજસા૦-રંગસા૦ શિષ્ય **શ્રી રામસાગર ગણિએ સં૦** ૧૭૭૦ ના પ્રથમ અ૦ શુ૦ ૧૨ રવિવારે સુરતમાં 'અંજનાસુંદરી રાસ'ની પ્રત લખી હતી

(૧૭) પં૦ દીપસાગર ગણિ શિષ્ય કવિ **સુખસાગર ગણિએ** જ્ઞાનવિમલસૂરિકૃત-આનંદ મંદિર રાસ (શ્રીચંદ્રકેવલી રાસ)ની ૧૭૨ પાનાની પ્રત સં૦ ૧૭૭૧ ના કા૦ વ૦ ૪ સોમવારે રાજનગરમાં લખી, સં૦ ૧૭૭૪ માં સૈયદપુરમાં અશોકચંદ્ર–રોહિણી રાસનો પ્રથમાદર્શ લખેલ. તેમ જ જ્ઞાનવિમલસૂરિ વિરચિત ઘણાય ગ્રંથોનો પ્રથમાદર્શ (પહેલી પ્રત) પં૦ સુખસાગર ગણિએ જ લખી છે.

(૧૮) ઉ કીર્ત્તિસા. ગણિ–પં. ચતુરસા. ગણિ–પં. લાલસાગર ગણિ શિષ્ય **શ્રી વિશેષસાગરજી**એ સં. ૧૭૭૯ જે. વ. ૫ના રોજ કટારીઆનગરે જ્ઞાનસાગર ગણિકૃત 'એલાયચીકુમાર રાસ'ની ૧૫ પાનાની પ્રત લખી.

(૧૯) પં. ગુણસાગર ગણિ શિષ્ય મુનિ ખીમસાગરજીને વાંચવા માટે સં. ૧૭૮૩ ચૈ. વ. ૮ રવિવારે અહમદનગરે 'ષડાવશ્યક બાલાવબોધ' લખ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨૦) પં. જયવંતસા. ગણિ શિષ્ય **પં. ભોજસાગર ગણિએ શ્રી** અમૃતસાગર ગણિ પઠનાર્થે સં. ૧૭૮૩ના જે. શુ. ૫ રવિવાર પુષ્યે 'જ્યોતિષ બાલાવબોધ'ની પ્રત લખી હતી.

(૨૧) ૬૨મી પાટે થએલા પં. સુજ્ઞાણુસા. ગણિ-પં. ત્રૈલોક્યસા. ગણિ શિષ્ય **પં૦ ગોવિંદસાગર** ગણિ એ સં૦ ૧૭૮૬ ના જે. વ. ૭ ભોમવારે કવલવાલગ્રામે જિનોદય-સૂરિ કૃત 'હંસરાજ વચ્છરાજ રાસ' ની પ્રત લખી હતી.

(૨૨) પં૦ લાલસાગર ગણિ-પં૦ જયસા૦ ગણિ-પં૦ હસ્તસા૦ ગણિ શિષ્ય **અમૃતસાગરગણિએ** સં૦ ૧૮૧૦ માગ. શુ. ૫ ગુરુવારે સુરતમાં પં૦ જિનવિ. કૃત 'ધન્નાશાલિભદ્ર' નો રાસ લખેલ.

(૨૩) પં. મેઘસા. ગણિ-મુનિ ગંગાસા. મુનિ ક્રિયાસાગર શિષ્ય મુનિ **દેવસાગરજી** એ સં. ૧૮૨૧ના ફા. શુ. ૧૪ બુધવારે બિહડામધ્યે **'શ્રીપાલરાસ'** લખ્યો.

(૨૪) પં૦ ચતુરસા૦ ગણિ-પં૦ લાલસા૦ ગણિ-પં. વિશેષસા૦ ગણિ.-પં૦ ઉમેદસાગરગણિ તત્ ભ્રાતા **પં૦ જનસાગરજીએ** સં૦ ૧૮૨૧ના આ. વ. ૮ ગુરૂવારે માંડવી બંદરે જિનહર્ષગણિકૃત 'કુમારપાલરાસ'ની પ્રત લખી હતી.

(૨૫) પં અમૃતસાગરગણિ શિષ્ય **પં૦ દોલતસાગરગણિએ** સં૦ ૧૮૨૫ના બીજ શ્રા૦ વ૦ ૧૧ બુધવારે વણથલીમાં પં૦ કાંતિકુશલગણિવાચનાર્થ 'શ્રીપાલરાસ'ની ૬૦ પાનાની પ્રત લખી.

(૨૬) ઉ૦ પદ્મસા૦ ગણિ-પં૦ કુશલસા૦ ગણિ-પં૦ ઉત્તમસા૦ ગણિ શિષ્ય **પં. ચતુરસાગરગણિએ** સં૦ ૧૮૩૦ મહાવદી ૯ નાં રોજ રાણપુરમાં ખરતરીય મતિકુશ-લકૃત 'ચંદ્રલેખા ચોપાઈ'ની પ્રત લખી હતી.

(૨૭) પં૦ વસંત સા૦ ગણિ-પં માણિક્ય સા૦ ગણિ-પં૦ દાનસા૦ ગણિ-પં૦ ચતુરસા૦ ગણિ-શિષ્ય પં. શ્રી **નિત્યસાગરગણિએ** સં. ૧૮૪૭ના મા૦ શુ૦ ૫૦ શુક્રવારે રાધનપુરમાં ઘેલા અભયચંદને વાંચવા માટે પરમસાગર ગણિકૃત 'વિક્રમાદિત્ય-રાસની પ્રત લખી.

(૨૮) પં૦ સુખસાગરગણિ શિષ્ય **પં૦ ફતેહસાગરગણિએ** સં૦ ૧૮૪૭ મ૦ શુ૦ ૬ ગુરુવારે ડભોઇમાં 'રૂપસેનકથા બાલાવબોધ'ની ૭૮ પાનાની પ્રત લખેલ.

(૨૯) પં૦ રાજસા૦ ગણિ- પં૦ યોગ્યસા૦ ગણિશિષ્ય મુનિશ્રી **શિવસાગરજીએ** સં૦ ૧૮૫૦ના આ. શુ૦ ૧૦ ને ધાણુપુરનગરે પં૦ મોહનવિ૦ (લટકાળા)કૃત 'ચંદરાજા-રાસ'ની પ્રત લખી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૩૦) પં૦ રવિસા૦ ગણિ પં૦ ખુશાલસા૦ ગણિ શિષ્ય મુનિશ્રી **શિવસાગરજીએ** સં૦ ૧૮૫૦માં સુરતમાં ' રૂપસેનકથા બાલાવ–બોધ'ની ૭૮ પાનાની પ્રત લખી.

(૩૧) પં૦ કુવરસાગરગણિ શિષ્ય મુનિ **શ્રી દીપસાગરજીએ** સં૦ ૧૮૫૩ના મ૦ શુ૦ ૧૩ ગુરુવારે ધાંટુ મધ્યે પં૦ મોહન વિ૦ લટકાળા કૃત ' ચંદરાજાસ 'ની પ્રત લખી હતી.

(૩૨) ૬૫મી પાટે થયેલા પં૦ આગમસા૦ ગણિ–પ્રધાનસા૦ ગણિ શિષ્ય **દિણુય-રસાગરજીએ** . સં. ૧૮૫૫ના જે. વ૦ ૩ના રોજ કવિ યશોવિ૦ (ન્યાયાચાર્ય) કૃત '૧૪ બોલની ચોવીશી' લખી.

(૩૩) પં૦ કલ્યાણસા૦ ગણિ શિષ્ય મુનિશ્રી **દેવેન્દ્રસાગરજીએ** સં ૧૮૫૯ના ચૈ૦ વ૦ ૪ના મેદીનીપુરમાં ' ઉપાસકદશાંગસૂત્ર બાલાવબોધ 'ની ૧૨૦ પાનાની પ્રત લખી.

(૩૪) આ૦ શ્રી પુણ્યસા૦ સૂરિ–પં૦ રત્નસા૦ ગણિ શિષ્ય **પં ધનસાગરગણિએ** સં૦ ૧૮૫૯ ચૈ૦ વ૦ ૧૧ મંગલવારે વટપદ્રમાં સૌભાગ્ય વિ૦ કૃત 'તીર્થમાલાસ્તવન' લખ્યું.

(૩૫) પં૦ સુખસા૦ ગણિ–પં૦ કેતેહસા૦ ગણિ–ઋદ્ધિસા૦ ગણિ શિષ્ય **શ્રી રાજેન્દ્રસાગરજીએ** સં૦ ૧૮૬૧ ફા૦ વ૦ ૧૧ મંગલવારે વા૦ ઉદયરત્નગણિકૃત 'લીલા-વતી–સુમતિવિલા રાસ'ની પ્રત લખી.

(૩૬) આ૦શ્રી રાજસાગરસૂરિ–વૃદ્ધિસા૦ સૂરિ-લક્ષ્મી સા૦ સૂરિ–કલ્યાણ સા. સૂરિ પુણ્ય સા૦ સૂરિ ભ૦ ઉદયસાગરસૂરિરાજ્યે પં૦ વિવેક સા૦ ગણિશિષ્ય **પં. ન્યાયસાગર ગણિએ** રાજનગરમાં સં. ૧૮૬૩ના ચૈ૦ શુ૦ ૫ના રોજ પં૦ રામવિ૦ ગણિકૃત 'ઉપદેશમાલા–બાલાવબોધ'ની ૧૬૫ પાનાની પ્રત લખી.

(૩૭) **પં૦ હેતસાગરગણિએ સ્વ. શિષ્ય** મુનિ લલિત સાગરને ભણવા માટે સં. ૧૮૭૫ આ૦ શુ૦ બીજે મુંબઇબંદરે **સકલચંદ્ર ગણિકૃત** ' સત્તરભેદી જિનપૂજાપ્રબંધ ' લખ્યો

(૩૮) આ૦ શ્રી શાંતિસાગરસૂરિશિષ્ય પં૦ સુરેન્દ્રસાગરગણિએ સં૦ ૧૯૨૨ના ફા. શુ૦ ૮ શુક્રવારે વીરમગામમાં ' કુમારપાલરાસ'ની પ્રત લખી.

(૩૯) પં૦ રૂપસા૦ ગણિશિષ્ય મુનિ **શ્રી અભયસાગરજીએ** સં૦ ૧૯૩૯ના ફા. શુ.૧૫ ના અણહિલ્લપત્તનમાં પં૦ પદ્મવિ. ગણિકૃત ' સમકિતપચ્ચીસી 'નુ સ્તવન લખ્યું હતું.

વિક્રમની ૧૬મી શતાબ્દિથી આરંભીને વિક્રમની ૨૦ શતાબ્દિના પૂર્વાર્ધ સુધીના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૫૦ વર્ષના ગાળામાં થયેલા સાગર ગચ્છના મહારથી મહર્ષિઓએ સાહિત્યક્ષેત્રે જે સેવાઓ સમર્પેલ છે. તેનો ઉપલબ્ધ ઇતિહાસ ઉપરની પૂર્તિમાં જણાવેલ છે. ત્યારબાદ વિક્રમની ૨૦મી શતાબ્દિના ઉતરાર્ધમાં તેમજ ૨૧મી શતાબ્દિના પૂર્વાધમાં થએલા શાસન પ્રભાવક પૂ૦ સાગર સમુદાયના ગીતાર્થ પુંગવો પૈકીના વિદ્વત્ શિરોમણી (૭૦)મી પાટે થયેલા **પૂ૦ ઝવેર સાગરજી મહારાજ** (૭૧)મી પાટે થયેલા પૂ૦ ધ્યાનસ્થ સ્વર્ગત જિનશાસનસમ્રાટ આગમોદ્ધારક શૈલાનાનરેશ પ્રતિબોધક **આચાર્ય ભગવંત શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ૦,** (૭૨) મા પટ્ટધર મૂર્તીનરેશપ્રતિબોધક-ગચ્છાધિપતિ પૂ૦ આ૦ **માણિક્યસાગરસૂરિજી મ.** માલવદેશોદ્ધારિક **પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મ૦-પૂ૦ આ૦ શ્રી હેમસાગર સૂરિજી મહારાજ** તથા જીવનની અંતિમપળ સુધી શાસન શાસ્ત્ર અને દેવસૂર તપગચ્છ સામાચારીનું સંરક્ષણ કરનાર (૭૩)માં પટ્ટધર શાસન સ્તંભ **શાસનકંટકોદ્ધારક સ્વ. પૂ.આ.મ શ્રી હંસસાગરસૂરિજી મહારાજશ્રીની** તેમજ તપોમૂર્તિ ઉ૦ શ્રી ધર્મસા૦ ગણિની અને તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્યોની શાસન રક્ષા, તે અંગેના ભોગો અને સાહિત્યક્ષેત્રે પ્રૌઢ-વિદ્વદ્ભોગ્ય એવી સેકંડો કૃતિઓની રચના-સંપાદન-આલેખન તથા પ્રકાશન આદિ કાર્યોદ્વારા અપાએલી સેવાઓ જૈન જૈનેતર બાલવૃદ્ધોને સાંપ્રત કાલે અનુભવગમ્ય હોઇ અહિં તે તે શાસન સમર્પિત સાગર ગીતાર્થ પુંગવોની સાહિત્ય સેવાનો વિસ્તૃત આ પ્રમાણે ઉલ્લેખ કરવા જતાં આ ગ્રંથનું કદ અતિશય વધી જવાના ભયે મુલતવી રાખેલ છે.

જોરાવરનગર જૈન ઉપાશ્રય
અષાઢ વદિ ૭ રવીવાર

શાસનસ્તંભ-શાસનપ્રાણ-શાસનકંટકોદ્ધારક
આ. ભ. શ્રી હંસસાગરસૂરીશ્વરચરણસેવી
પં૦ નરેન્દ્ર સાગર ગણિ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ પમું

મહો૦ શ્રી ધર્મસા૦ મ. ના ગ્રંથને આ૦ શ્રી સેનસૂરિજીએ પ્રમાણિક ઠરાવેલ હોવાનું જણાવનાર—'विजयप्रशस्ति' કાવ્યના કર્ત્તા મહર્ષિનો તદુક્ત પરિચય

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર ભગવંતની પાટે પહેલા શ્રી સુધર્માસ્વામીજી યાવત્ ૧૫મી પાટે આ૦ શ્રી મુનિસુંદરસૂરિજી થયા. તેઓશ્રીના રાજ્યે થએલા આ૦ શ્રી લક્ષ્મી-ભદ્રસૂરિજીની શાખામાં અને પ્રભુની ૫૫મી પાટે (આ૦ શ્રી આનંદવિમલ સૂરિજીના ગુરૂ) આ૦ શ્રી હેમવિમલસૂરિ થયા. તેમના વારે થએલા આ૦ શ્રી અમરવિજયસૂરિજીના શિષ્ય પૂ મુનિશ્રી કમલવિજયજી ગણિવરના શિષ્ય પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજી ગણિવરના ગુરૂભાઈ પૂ૦ મુનિશ્રી હેમવિજયજી ગણિએ—" ૧ઉ૭-૨૨૬ ૩૬૨-૧૪૬૩-૮૬૬-૧૫૫-૬૭૯-૬૦-૬૬૩-૮૬૬ -૮૧૫-૧૨૬૮-૧૩૭-૧૬૩-૧૪૬૩-૬૬૨-૩૬૨-૩૬૪ ૧૬૭-૧૬૬-૨૬૩-૩૬૦ " એમ ૨૧ સર્ગમાં રચેલ **શ્રી વિજયપ્રશસ્તિ કાવ્યમાં** ૧૭૨૮ મૂળ શ્લોકોનો અર્થરૂપે પ્રકાશ આપનારી ' વિજય દીપિકા ' નામની મનોહર ટીકા, પૂર્વોક્ત પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજી ગણિવરના સમર્થ વિદ્વાન શિષ્ય રત્ન પૂ૦ મુનિશ્રી ગુણવિજયજી ગણિવરે ' विदधे विक्रमनृपतेवर्षे वसुनृप-प्रमित—' વિક્રમ સં૦ ૧૬૮૮ માં રચી છે. (જુઓ—વિજયપ્રશસ્તિ કાવ્ય પ્રશસ્તિ)

મહો૦ ધર્મસા૦ મ૦ તથા તેમના ગ્રંથનો કાવ્યકાર મહર્ષિના શબ્દોમાં પરિચય અને વાદી ખરતરની સાથે પ્રતિવાદી પૂ. આ. શ્રી. વિજયસેન સૂરિજીનો સાધેલ અનુપમ સમન્વય

(વિજય પ્રશસ્તિ કાવ્ય સર્ગ ૧૦)

वक्षोजवेदर्तुसुधांशुसंमिते, वर्षे सुखोत्कर्षिणि हर्षवर्षिणि ॥
लोकेहितायाऽर्क इव प्रतापभृत्, सूरिः स एतः पुनरेव पत्तने ॥ २ ॥

ટીકાર્થ– સુખનો ઉત્કર્ષ છે જેમાં અને હર્ષને પમાડનારા એવા સં. ૧૬૪૨ના વર્ષે લોકના વાંછિત પૂરવા સારૂ અથવા લોક અંગેની અનુકૂળતા સારૂ બે ચાતુર્માસ બાદ ત્રીજું ચોમાસું કરવાની ઇચ્છાવાળા તે સૂર્ય જેવા પ્રતાપને ધારણ કરવા વાળા આચાર્ય (વિજયસેનસૂરિજી) મહારાજ ફરીથી પાટણ નગરે આવ્યા. ॥૨॥

दुष्पाक्षकोलूकसहस्ररश्मिभि, श्चिं सागरैर्वाचकधर्मसागरैः ॥
कल्पितस्य शास्त्रास्यहरेरिव क्षमि, सूरेर्विवादः सममौष्ट्रिकैरभूत् ॥ ३ ॥

વ્યાખ્યા– વાચક ધર્મસાગરૈઃ કિ, દુષ્પાક્ષિકા એવ ઉલૂકા ઘુકાસ્તેષુ સહસર રિમભિઃ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पुनः शास्त्रादिश्रिय. सागरैः कल्पस्य शास्त्रस्य 'प्रवचन परीक्षा' मिधानस्य, विवादः सूरे. श्रीविजयसेनस्य औष्ट्रिकैः खरतरैः सममभूत। कैः सह कस्येवेत्याह-हरेः सिंहस्य इव, यथा श्वभि श्वानैरिति दृष्टान्त उत्प्रेक्षा वा ॥ ३ ॥

અર્થ— શાસ્ત્રાદિ લક્ષ્મીના સમુદ્ર અને કુપાક્ષિકરૂપ ઘુવડોને વિષે સૂર્ય સમાન ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ રચેલ 'પ્રવચન પરીક્ષા' નામના શાસ્ત્રનો શ્રી વિજયસેનસૂરિજીને સિંહને શ્વાનોની સાથે તુમુલ થવાની જેમ ખરતરોની સાથે વિવાદ થયો ॥૩॥

તે વાદનું સ્થલ, દિનમાન અને પરિણામ

पार्षद्यहृद्ये सदसि क्षमेशितु-र्वेदत्रियामारमणैर्दिनैर्महान् ॥
श्रीस्गेरराजीवदृगैकमार्गण, तत्राप्यनूचानपतेरभूज्जयः ॥४ ॥

ટીકાર્થ– સભાસદોની પર્ષદાએ કરીને મનોહર એવી નૃપતિની સભામાં ચૌદ દિવસ સુધીનો તે મહાન વાદ થયો, તેમાં આચાર્ય (શ્રી વિજયસેનસૂરિજી) મહારાજનો જયરૂપી લક્ષ્મીથી વિકસિત થયેલા–પ્રફુલ્લિત બનેલા વદનકમલના અદ્વિતીય કાર્મણ સ્વરૂપ વિજય થયો. ॥૪॥

પાટણ થએલા તે વાદમાં વિજય-પ્રશસ્તિકાર મહર્ષિએ, ખરતરો તરફના વાદીનું નામ નહિ જણાવવામાં તેઓશ્રીને માત્ર–" પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી તથા વિજયસેન સૂરિજી મહારાજની પ્રશસ્તિ કરવા ઉપર અને મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજની યથાર્થવાદિતા સાથે તેઓશ્રીએ રચેલ 'પ્રવચનપરીક્ષા' ગ્રંથનો અદ્ભૂત પ્રભાવ જણાવવા ઉપર જ તત્ત્વ હોવા સાથે પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજીના તે વિદ્યમાન કાળમાં ખરતરોના પક્ષે ભળીને તપગચ્છ સામે ઝગડવા તૈયાર રહેનાર અન્યગચ્છોની સાથે અણધાયું બીજું વૈમનસ્ય તપાગચ્છીયોના તરફથી ઉભું ન થવા પામે." એ જ મુખ્ય મુદ્દો હતો.

('પ્રવચન પરીક્ષાની મહત્તા' પૃ૦ ૧૪ કોલમ પહેલું.)

બાકી એ જ '**પ્રવચન પરીક્ષાની મહત્તા**' પૃ૦ ૧૬ કોલમ પહેલાના–"વિજયપ્રશસ્તિમાં પાટણ અને અમદાવાદમાં વિદ્વાન્ મંડળ સમક્ષ 'પ્રવચન પરીક્ષા' ગ્રંથને સાચો ઠરાવ્યાની સાચી હકીકત લખાઇ એટલે તેના ઉત્તરમાં પોતાના પક્ષને બોલાવવા માટે ખરતરીય કુંભચંદ્રને ચંદરવો બાંધવો પડયો અને આ૦ શ્રી વિજયસેનસૂરિએ, 'પ્રવચન પરીક્ષા' અંગે ખરતરો ઉઠાવેલા વાદમાં વિજય મેળવ્યો એટલે તેઓશ્રીને પાખંડી કહીને નવાજ્યા. + + + પરંતુ આ કલ્પના ચાલી શકે તેમ નથી કારણકે— (ખરતરીય જિનચંદ્રના) વિહારપત્રમાં ૧૬૧૭માં પાટણ અને ૧૬૪૧માં જાલોરના ચોમાસા લખતા ચર્ચા અને જય લખવામાં આવેલા જ છે, એટલે તે સાથે– (તેનો જો ૧૬૪૨ અને ૧૬૪૩ માં પાટણ અને અમદાવાદમાં જય થયો હોતા તો) તે બંને સ્થાનોમાં પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જયને ચીતરી કાઢત જ. પણ ત્યાં તે જય ચીતર્યો આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ૧૬૪૨ અને ૧૬૪૩ની 'પ્રવચન પરીક્ષા' અંગેની ચર્ચામાં જિનચંદ્રને કોઇ પણ પ્રકારે પંડિતો અને રાજ સમક્ષ વાદ થયો હતો અને તેં પૂરેપૂરો તપાગચ્છના જયના નિશાનવાળો જ થયો હતો. + + +" ઇત્યાદિ ટંકશાલી લખાણ મુજબ– **સં૦ ૧૬૪૨ની તે પાટણની ચર્ચામાં અને આ પછી જણાવાય છે તે સં૦ ૧૬૪૩ની ચર્ચામાં ખરતરો તરફથી વાદી તરીકે તે ગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ હતા, એમ નિઃશંક માનવું રહે છે.**

પાટણના તે પરાભવની પીડાના પ્રતીકાર અર્થે ખરતરોએ 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવત મુજબ તે પછીના જ સં૦ ૧૬૪૩માં અમદાવાદમાં રાજ્યાધિકારી મૈશરી કલ્યાણરાજને સાધીને તપાગચ્છીય મહર્ષિઓ સાથે તે 'પ્રવચન પરીક્ષા" ગ્રંથને અપ્રમાણ લેખાવવા સારૂ જે વિવાદ ઉભો કરેલ. તેનું પણ જે પરિણામ આવ્યું તે આ વિજયપ્રશસ્તિકાર મહર્ષિએ તે ચોથા શ્લોક પછીથી– "[વત્સાભિધસ્યાથ નૃપાધિકારિણ:, કલ્યાણરાજાપરનામધારિણ:। ક્ષક્ષાં પ્રવિષ્ટૈ: સુમહાનહમ્મદા–વાદે વિવાદ: સમમોષ્ટિકૈ: કૃત: ॥ ૫ ॥ તેષામનૂચાનવિતાનવર્જિણાં, ધામ્ના મહિમ્ના ચ વિચોતિશાયિના। સ્કોતસ્કૂરદ્ઘડ્ડમયવિત્તિવિતમૈ:। શિષ્યોત્તમૈ: સત્તમશક્તિશાલિમિ: ॥ ૬ ॥ શ્રી ખાનાખાનાસદસિ૦ ॥૭॥ કલ્યાણરાજસ્ય તથોષ્ટ્રિકાત૦ ॥ ૮ ॥ એ આઠમા શ્લોક સુધીમાં આ પ્રમાણે જણાવ્યું છે કે—"(પાટણમાં તેવો પરભવ થયાં પછી સં૦ ૧૬૪૩માં) અમદાવાદ મુકામે ખરતરોએ, અપરનામ 'કલ્યાણ રાજ' ધરાવતા રાજ્યધિકારી (શૈવવણિક–મૈશ્રી, વચ્છરાજને સાધી લેવા દ્વારા તેની કાખમાં પેસીને તે વખતે અમદાવાદસ્થિત પૂ૦ આ૦ વિજયસેન સૂરિજીના શિષ્યોની સાથે 'પ્રવચન પરીક્ષા' ગ્રંથને અપ્રમાણ ઠરાવવા સારૂ વળી પાછો મહાન વાદ ઉઠાવ્યો !. ॥ ૫ ॥ (તે વિવાદમાં પણ તે વિદ્વરશિષ્યોએ તપાગચ્છની સચ્ચાઇ સિદ્ધ કરી આપનારા 'પ્રવચન પરીક્ષા' ગ્રંથની સચ્ચાઇ સાબિત કરીને જે સુંદર પરિણામ આણ્યુ તે પરિણામને) શ્રી વિજયપ્રશસ્ત કાવ્યના ૧૦મા સર્ગના ૬ થી ૮ સુધીના ત્રણ શ્લોકો, આ અર્થમાં જણાવે છે કે 'પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના તેજ, મહિમા અને વચનના પ્રભાવથી ઉજ્વલ અસાધારણ તેજવાળા, શાસ્ત્રોના જ્ઞાનમાં શ્રેષ્ઠ, અન્ય શિષ્યવર્ગમાં ઉત્તમ અને અત્યંત શક્તિ વડે શોભવા વાળા આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના શિષ્યો સાથે ખરતરોએ વિવાદ કર્યો; પરંતુ તે પૂ૦ આચાર્યશ્રીના વિદ્વાન્ શિષ્યોએ– 'અત્યંત બુદ્ધિશાળી, તે (પ્રવચન પરીક્ષા) શાસ્ત્રના વિચારોને સમજવામાં ઘણાજ નિપુણ અને સભાને વિસ્મય પમાડે તેવા વાણી વિલાસ વાળા પંડિત, ઉમરાવ વગેરે સભાસદોથી શોભતી સુબા સાહેબ ખાનખાનાની સભામાં' તે ખરતરનેતા કલ્યાણરાજ સહિત સમસ્ત ખરતર સંઘના અજ્ઞાનનો–ચંદ્ર અને તારાના સમુદાયની ચારે બાજુના અંધકારનો જેમ સૂર્યના કિરણો નાશ કરે છે તેમ નાશ કર્યો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે રાજ્યસભામાં બીજી વખત "પ્રવચન પરીક્ષા" ગ્રંથનો અને પરમાર્થથી કહીએ તો તપાગચ્છનો ખરતરોની સાથેના વાદમાં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ના હાથે સર્વદિગ્વ્યાપી વિજય થયો. તે વિજયનો મહિમા જગજાહેર કરવાના તે વખતે જે ઉપાયો થયા તે પણ વિજય પ્રશસ્તિકારે તે પછીના "श्री खानखानार्यितवाद्यवादनैर्वाचालतानीतसमस्तदिङ्मुखैः ॥૦ એ નવમા શ્લોકમાં- "તે વખતે (ત્યાંના અમદાવાદના) સુબા ખાનખાનાએ આપેલા વાજીંત્રોના શબ્દો વડે સર્વ દિશાઓનાં મુખો વ્યાપી ગએલા કરીને તે શાસ્ત્ર (પ્રવચનપરીક્ષા) ને તે ખરતરોની સાથેના વાદમાં થએલી બીજી જીતના ઉત્સાહને ધારણ કરનાર એ ઓચ્છવમાં ઉત્સાહ વાળા-સર્વ શ્રાવકોએ સ્થાને સ્થાને બહુમાન પૂર્વક વધાવી લીધું." તે અર્થ દ્વારા સ્પષ્ટ જણાવ્યું છે.

પૂ૦ આ૦ શ્રી સેનસૂરિજી પ્રત્યે પૂ૦ મહો૦ સોમવિ મ૦ વગેરે અંતરથી ભિન્ન હોવાનો સજ્જડ પુરાવો.

(૧)

સં. ૧૯૯૨ માં પ્રસિદ્ધ થયેલ 'શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ' ગ્રંથના ચોથા ગુજરાતી વિભાગના પૃ૦ ૨૨૫ થી ૨૪૨ સુધીમાં '**શાસન પ્રભાવક ગુરુ-શિષ્ય ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર**' શીર્ષક રાખીને મોહનલાલ દ૦ દેશાઇએ છપાવેલ-ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રગણિ વિરચિત મહો૦ ભાનુચંદ્ર ગણિ પ્રભાવક પુરૂષ મહાકાવ્ય, સંજ્ઞક (૪-પ્રકાશવાળા) સંસ્કૃત કાવ્યબદ્ધ ગ્રંથના ગુર્જર અનુવાદના પૃ૦ ૨૩૭ થી ૨૩૮ સુધીના પાંચમા તથા છઠ્ઠા પેરાનું લખાણ યથાવત્ નીચે મુજબ છે.

" હવે સિદ્ધિચંદ્રસહિત [૧] વાચક, [૨] શ્રીનૃપને વિજ્ઞપ્તિ કરતા, [૩] ત્રેવીશવર્ષને અંતે વિહાર કરતા અને ગામે ગામે સત્કાર પામતા ક્રમે કરી અહમ્મદાવાદ આવ્યાં. ત્યાથી સૂરિશ્રીને (વિજયસૂરિને) ત્રંબાવતીમાં (ખંભાતમાં) વાંદી [૪] તેમની આજ્ઞાથી પછી અહમ્મદાવાદ આવી ત્યાં પોતે [૫] ચોમાસું કર્યું. ત્યાર પછી તે [૬] દેશના સ્વામી નામે [૭] વિક્રમાર્કે ઉપાશ્રયમાં સિદ્ધિચંદ્ર સહિત આવી સાદર જિનપ્રભુની પૂજા કરાવી-ભણાવી અને સવત્ર્ અમારી પડહ [૮] વજડાવ્યો. પછી [૯] ગુરુનિર્દેશથી મહીશાનપુર (મ્હેસાણા)માં રહી પત્તન (પાટણ) આવ્યા. અહીં શ્રી [૧૦]વિજયદેવસૂરિની ઉન્નતિથી મત્સર પામી અન્યગચ્છના [૧૧] ઘણા આચાર્યો સહિત તે [૧૨]સૂરિ સાથે વાદ કરવાની ઇચ્છાવાળા ખરતરો પોતાના ટોળાં સહિત દ્રંગે [૧૩] ગોપુરે વાદાર્થે ઉપસ્થિત થયા હતા. [૧૪]અન્યગચ્છીયે તે [૧૫] આચાર્યને બોલાવ્યા પછી તેમણે [૧૬]તેઓ સાથે વાદ કરવા સિદ્ધિચંદ્ર [૧૭]શક્તિમાન છે એમ ધારી [૧૮] તેને સાથે લઈ વિદ્વાનોના વૃંદ સહિત ગયા અને ઉદ્ધત પ્રતિવાદીઓ સાથે વાદ કરવાનું સિદ્ધિચંદ્રને ફરમાવ્યું. તેણે તર્કયુક્તિથી તે [૧૯] બધાને જીત્યા અને ચૂપ કરી દીધા. [૨૦] તે સર્વે ચાલ્યા ગયા આચાર્ય [૨૧] જયશ્રી પ્રાપ્ત કરી ઉપાશ્રયે પધાર્યા."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૨ "ત્યાર પછી કેટલાક દિવસે ત્યાં લાલી નામની શ્રાવિકાએ બિંબપ્રતિષ્ઠા મહોત્સવ શરૂ કર્યો. અનેક ગામથી સંઘો જોવા આવવાથી પત્તન (પાટણ) વિસ્તીર્ણ છતા સંકીર્ણ (સાંકડું) પડયું. જલયાત્રા વખતે ૨૩ અકસ્માત્ ત્યાનાં રાજા (સૂબા) સદ્દુલ્લએ કોઇના ભંભેરવાથી તેના નિષેધનો હુકમ આપ્યો. તેથી હાહાકાર થયો–રંગમાં ભંગ પડયો. લોકો ગયા તેનું અપમાન કર્યું. આચાર્યે વાચક (ભાનુચંદ્ર)ને કહ્યું કે. આપે તેની પાસે જઈ આ નિષેધ દુર કરવો ઘટે. તે વખતે સિદ્ધિચંદ્ર કહ્યું કે–' મારા ગુરૂને શ્રમ આપવાની જરૂર નથી. હું તે કામ કરીશ.' આચાર્યે કહ્યું 'બહું સારૂ.' પછી સિદ્ધિચંદ્ર તે સુબાને ત્યાં ગયા તેણે આવવાનું કારણ પૂછતા તેમણે જણાવ્યું.' શ્રેયના કાર્યમાં આવું વિઘ્ન આપ શ્રીમદે શા માટે કર્યું ? એથી અમારી પ્રીતિનો છેદ થયો છે. સૂબાએ–' આપનું શું પ્રિય કરી શકું ?' એમ પૂછયું ત્યારે સિદ્ધિચંદ્રે જણાવ્યું ' પહેલા ઉપાશ્રયે આવી મારા ગુરૂને ખુશ કરીને જલયાત્રા મહોત્સવે શ્રીફલ લેવું.' આપ્રમાણે તેમણે કર્યું ને સર્વનો મનોરથ ફળ્યો મિથ્યાદશીઓએ ઉપજાવેલું વિઘ્ન[૨૪] ટળ્યું. વટપદ્ર **(વડોદરા) તથા ગંધારમાં જયેષ્ઠસ્થિતિ કરી વાચકશ્રી પાટણમાં ચાતુર્માસ કરવા રહ્યા[૨૫] હતા.**"

[શ્રી સિદ્ધિચંદ્ર ગણિએ કરેલા ઉપરોકત બે પેરાવાળા લખાણમાં કૌસમાંના શબ્દો શ્રી મો૦ દ૦ દેશાઇના છે અને તે લખાણમાંના શબ્દોને મથાળે રહેલા ૧ થી ૨૫ સુધીના આંક, તે તે શબ્દ રચનામાં પૂ૦ સિદ્ધિચંદ્ર ગણિએ યોજેલી ચાલબાજીને નંબરવાર શાસનહિતાર્થે ખુલ્લી કરવાના આશયથી મેં– **હંસસાગરે** લખેલા છે.]

તેઓ. સં૦ ૧૬૬૮ના મા૦ માસે આગરાથી વિહાર કરી જેઠ માસે ખંભાત પધારેલ.

શ્રી સિદ્ધિચંદ્ર ગણિએ, ઉપરના લખાણમાં આગરાથી કયા સંવતમાં ગુજરાત ભણી વિહાર કર્યો અને કયા સંવતમાં અમદાવાદ આવ્યા ? તે જણાવ્યું નહિ હોવાથી તે બન્ને સંવત સમજી લેવા સારૂ આ નીચે તત્તત્કાલીન ઐતહાસિક નોંધો દર્શાવાય છે.

જૈનપરંપરાનો ઇતિહાસ ભા. ૩ પૃ૦ ૯૩ પેરા ૫– ' મહો૦ ભાનુચંદ્રગણિ મોગલદરબારમાં ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. અકબરના મરણ પછી તે સં૦ ૧૬૬૨માં આગરાથી વિહાર કરી ગુજરાત તરફ પધાર્યા હતા.'

"ભા૦ ૩ પૃ૦ ૭૮૪ પેરા ૬ ' ઉપાધ્યાય ભાનુચંદ્રગણિ સં૦ ૧૬૩૯ થી ૧૬૬૨ સુધી એમ લાગલગાટ ૨૩ વર્ષો સુધી મોગલદરબારમાં રહી, જહાંગીર બાદશાહની સંમતિથી વિહાર કરતા પં૦ સિદ્ધિચંદ્ર વગેરે પરિવાર સાથે સં૦ ૧૬૬૮માં અમદાવાદ પધાર્યા.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" ભાગ ૩ પૃ ૮૧૭-" આ૦ વિજયસેનસૂરિનો સં. ૧૬૬૭ના ચોમાસાનો ક્ષેત્રાદેશપટ્ટક તેમાં- 'ભાનુચંદ્રગણિ આગરામધ્યે એમ સ્પષ્ટ જણાવેલ છે તે મુજબ શ્રી ભાનુચંદ્રગણિ વગેરેનું સં.૦ ૧૬૬૭નું ચોમાંસુ આગરા છે.'

" ભા૦ ૩ પૃ૦ ૭૨૩-"પછી તો આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૭ ના મા૦ વ૦ ૪ને શનિવારે પાટણથી પાંચ બોલનો પટ્ટો બનાવી સઘળે સ્થાને મોકલ્યો +++" પૃ૦ ૭૨૪-' (૨૨) આ વિજયસેનસૂરિ (પાટણથી) સુ·ત (સં૦ ૧૬૬૭) પધાર્યા. અહિં તે વર્ષનું ચોમાસું કરી (સં૦ ૧૬૬૭ માં ખંભાત થઈ યાત્રા માટે સોરઠ પધાર્યા. +++"

એ સઘળી ઐતિહાસિક નોંધોનું તારણ, આ વસ્તુ નક્કી કરી આપે છે કે " શ્રી ભાનુચંદ્રગણિ સહિત તેઓએ સં૦ ૧૬૬૨ માં ગુજરાત ભણી વિહાર કર્યો હતો અને ક્રમે વિહાર કરતાં તેઓશ્રીએ સં૦ ૧૬૬૭ નું ચાતુર્માસ, પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂનરિજીની આજ્ઞાથી આગરા કર્યું હતું અને તે ચાતુર્માસ પૂર્ણ થયા બાદ સં૦ ૧૬૬૮ માં ખંભાત પધારેલા પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિ મ૦ને વંદન કરવા સારૂ સં૦ ૧૬૬૮ના પ્રાય: માગશરમાસે આગરાથી ગુજરાત ભણી વિહાર કર્યો હોઇ તેઓશ્રી ૧૬૬૮ના પ્રાય: જેઠ માસે અમદાવાદ પધાર્યા હતા."

શ્રી સિદ્ધિચંદ્રને જગદ્ગુરુએ પાંચમે વર્ષે દીક્ષા આપી છે.

"**જૈન પરંપરાનો ઇતિહાસ. ભા૦ ૩ પૃ૦ ૯૪ પેરા ૩**-' +++ (જહાંગીરે) તેઓને સં૦ ૧૬૬૮ માં અમદાવાદથી આગરા બોલાવ્યા. બાદશાહે સં૦ ૧૬૬૯ માં તેમનો નગર પ્રવેશ કરાવ્યો. +++'

" ભા૦૩ પૃ૦ ૧૨૬-' આ વિજયસેનસૂરિએ ગુરુ આજ્ઞાથી ગુજ૦ સં૦ ૧૬૪૯ ના મા૦ શુદ ૩ના રોજ રાધનપુરથી (લાહોર ભણી) વિહાર કર્યો. સં૦ ૧૬૪૯ ના જેઠ શુદિ ૧૧ના રોજ લાહોરમાં પ્રવેશ કર્યો. સં૦ ૧૬૪૯-૫૦-૫૧ ના ચોમાસાં લાહોરમાં કર્યા.

" ભા૦ ૩ પૃ૦ ૭૮૨-' જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ ઉપાધ્યાય ભાનુચંદ્ર માટે ગુજરાતમાં ૧ મુનિ ભાવચંદ્ર અને ૨ મુનિ સિદ્ધિચંદ્ર એમ બે શિષ્યો બનાવી લાહોર મોકલ્યા' ×××તથા પૃ૦ ૭૯૩-' ૬૦ મહો૦ ભાનુચંદ્ર ગણિવર ૬૧ મહો૦ સિદ્ધિચંદ્ર ગણિવર, તે વણિક પુત્ર હતા. તેમણે નાની ઉંમરમાં દીક્ષી લીધી. જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ ભાવચંદ્ર અને સિદ્ધિચંદ્ર એ બે ભાઇઓને દીક્ષા આપી. ઉ૦ ભાનુચંદ્રના શિષ્ય બનાવી ઉપા૦ ભાનુચંદ્ર પાસે આગરામાં મોકલ્યા."

" ભા૦ ૩ પેજ ૭૯૭-' શ્રી વિજયસેનસૂરિના સ્વર્ગગમન બાદ સં૦ ૧૬૭૨ માં તપગચ્છમાં બે પક્ષો પડ્યા ત્યારે તેઓ શ્રી વિજયાનંદસૂરિના પક્ષમાં દાખલ થયા.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'' **ભા૩ પેજ ૬૭ પેરા ૪**–' આ૦ શ્રી હીરવિજયસૂરિ ફતેપુર પ્રદેશમાં (૧૬૩૯ના જેઠ વદિ ૧૩ થી ૧૬૪૩ ના જેઠમાસ પર્યંતના) ૪ વર્ષો વિચરી × ××× ગુજરાતમાં ગયા બાદ ત્યાંથી પોતાના પટ્ટધર આ૦ વિજયસેનસૂરિ તથા મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ વગેરેને ગુજરાતથી (સં૦ ૧૬૪૯ માં) બાદશાહ પાસે (લાહોર) મોકલ્યા હતા.'

'' **ભા૦ ૩ પેજ ૬૯**–બાદશાહ શાહજહાં મહો૦ ભાનુચંદ્રવિજય પાસે ભણ્યો હતો. ઉપા૦ સિદ્ધિચંદ્રની સાથે રમ્યો હતો. +++' **પેજ ૮૯** –(જહાંગીરે) તેઓને (ભાનુચંદ્ર સિદ્ધિચંદ્રને) અમદાવાદથી આગરા બોલાવ્યા, ૧૬૬૯ માં આવ્યા ત્યારે +++ સિદ્ધિચંદ્ર ૨૫ વર્ષના ઉછરતા યુવાન હતાં.'

તેને અસત્ય ઇતિહાસનું અનુસરણ ગણવું રહે.

[' શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ ' ગ્રંથના ચોથા ગુજરાતી વિભાગમાંના તે સિદ્ધિચંદ્ર ગણિ કૃત પ્રસ્તુત લખાણ પછી પૃ૦ ૨૩૯ ઉપર ' તમારા જન્મથી કેટલા વર્ષો થયાં ?' એ જહાંગીરના પ્રશ્નના ઉત્તરમાં તે શ્રી સિદ્ધિચંદ્ર ગણિએ પોતે પણ ૨૫ વર્ષ જણાવ્યાં છે. જહાંગીરનો તે સં૦ ૧૬૬૯ ની આખરે થએલો તે પ્રશ્ન, શ્રી સિદ્ધિચંદ્રની કોઈ થઇ જવા પામેલી અચારિત્રરૂપ આકરી ભૂલ પ્રત્યેના રોષથી વ્યાપ્ત હતો. અને તેથીજ તેના ફલ તરીકે જહાંગીરે તેઓને-પ્રસ્તુત લખાણના પૃ૦ ૨૪૧ ઉપરના તે શ્રી સિદ્ધિચંદ્રના જ " જહાંગીરે + + + આજ્ઞા કરી કે–તેનો (સિદ્ધિચંદ્રનો) વનમાં વાસ કરાવવો. એ સ્વીકારી અકંપ તેઓ (વનમાં) ચાલી નીકળ્યા, ' એ વચનો મુજબ વનવાસની શિક્ષા કરી. આ કઠોર અપમાનમય વાતની કવિ ઋષભદાસે, **' શ્રી હીરવિજયસૂરિરાસ '** પૃ૦ ૧૮૬ ઉપરની—' સૂરગરી જેસા દેખતી (કે) ખુશી હુઓ પાતશાહિ. નમિ પાય નિવાંજીઓ, ઋષભદાસ ગુણ ગાય. ' એ રેશમી શબ્દોવાળી આઠમી ગાથા દ્વારા જે સ્તવના કરેલ છે. અને ' સૂરીશ્વર અને સમ્રાટ ' નામના પુસ્તકમાં મુનિશ્રી વિદ્યાવિ૦ મ૦ જેવા સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તાએ તે સ્તવનાનું અનુકરણ કર્યું છે. તેને અસત્ય ઇતિહાસનું અનુસરણ ગણવુ રહે. '

જૈન પરંપરાનો ઇતિહાસ ભા–૩ પૃ૦ ૭૮૫–' તેમણે (સિદ્ધિચંદ્રજીએ) સં. ૧૬૬૯ થી ૧૬૭૩ સુધી આગરાથી વિહાર કરી મારવાડ તરફ વિહાર લંબાવ્યો હતો. '

આ વગેરે ઐતિહાસિક નોંધો આ વસ્તુ નક્કી કરી આપે છે કે– '(૧)–પૂ૦ મહો૦ ભાનુચંદ્ર–સિદ્ધિચંદ્ર વગેરેએ સં. ૧૬૬૮ના જેઠમાસે ખંભાતથી વિહાર કરી તે વર્ષનું ચાતુર્માસ અન્યત્ર કર્યું હતુ અને તે સં૦ ૧૬૬૮ના ચાતુર્માસમાં તેઓશ્રીને અમદાવાદના સુબા મારફત મોકલાએલું આગરા આવવાનું જહાંગીરનું આમંત્રણ અમદાવાદથી તેમના ચાતુર્માસ સ્થલે મળ્યુ અને તેથી તેઓશ્રીએ તે સં૦ ૧૬૬૮નું ચાતુર્માસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણ થયે સં૦ ૧૬૬૯ના પ્રાયઃ માગશરમાસે આગરા ભણી વિહાર કર્યો (૨) પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીએ, સં. ૧૬૪૯ના મા૦ શુ૦ ૩ ના રોજ વિહાર કર્યો તે દિનેજ (નૂતનદીક્ષિત બાલમુનિ) શ્રી સિદ્ધિચંદ્રજીએ ગુજરાતમાંથી લાહોર જવા તેઓશ્રીની સાથે વિહાર કર્યો છે. (૩) શ્રી સિદ્ધિચંદ્રજીએ મહો. ભાનુચંદ્રજીના ચરિત્રમાનું મથાળે જણાવેલુ લખાણ તેઓ શ્રી દેવસૂરગચ્છમાંથી ખસીને અણસૂર ગચ્છીય બન્યા તે પછી જ કર્યું છે. (૪) આ૦ શ્રી વિજય હીરસૂરિજીએ શ્રી સિદ્ધિચંદ્રજીને પાંચમે વર્ષે દીક્ષા આપી છેઃ

પા...સં...ગિ...ક...

તે અરસામાં દીક્ષાપ્રેમી લેખાવીને દીક્ષાદ્રોહીપણે જીવનારાઓનો

ઉદ્‌ગમ જ સંભવતો નથી.

"ઉપર જણાવ્યા મુજબ સં. ૧૬૪૯માં જેમ પૂ૦ જગદ્‌ગુરુએ સિદ્ધિચંદ્રને પાંચમે વર્ષે દીક્ષા આપી છે તેમ (**'જૈનપરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ પૃ૦ ૮૫૧ ઉપરના– કનોડાગામની **શ્રી સૌભાગ્ય દેવીએ** પં૦ નયવિજયજીને સં૦ ૧૬૫૬–૫૭માં પોતાના પાંચ વર્ષના પુત્ર જસુ (ને) વહોરાવ્યો. જે મોટો થતાં ન્યાયતીર્થ–ન્યાયવિશારદ–ન્યાયાચાર્ય મહો૦ **શ્રી** યશોવિ૦ મ૦ થયા' એ ઐતિહાસિક પૂરાવા મુજબ) તે પૂ૦ જગદ્‌ગુરુના પ્રયશિષ્ય પં૦ નયવિજયવિબુધે પણ તે અરસામાં પાંચ વર્ષના 'જસુ'ને દીક્ષા આપી છે. તે જોતાં તે અરસામાં– 'પોતાને દીક્ષાના પ્રેમી લેખાવતા રહીને 'ગર્ભાષ્ટમ' તથા 'જન્માષ્ટમ'ની શાસ્ત્રાનુસારી દીક્ષાનો પણ બેધડક વિરોધ કરતા રહેવા રૂપે **દીક્ષા દ્રોહી** પણે જીવનારા પાખંડીઓનો ઉદ્‌ગમ જ સંભવતો નથી."

સિધ્ધિચંદ્રજીના મૂલ લખાણમાંની ચાલબાજીની નંબરવાર સમાલોચના

શ્રી સિદ્ધિચંદ્રગણિના લખાણમાંના **નં ૧ વાળા 'વાચક'** શબ્દથી લેખકશ્રીએ પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્રગણિ જણાવેલ છે, **નં. ૨ વાળા 'શ્રીનૃપને'** વાકયથી 'જહાંગીરને' એમ જણાવેલ છે. **નં. ૩ વાળો 'ત્રેવીશ વર્ષને'** શબ્દ અસત્યમિશ્ર લખેલ છે, (કારણુકે અન્ય ઇતિહાસ મુજબ ભાનુચંદ્રજી. સં. ૧૬૩૯માં નહિ પણ ૧૬૪૩માં આગરા ગયા છે અને શ્રી સિદ્ધિચંદ્રજી તો સ૦ ૧૬૪૯માં દીક્ષા લઈને તે જ વર્ષે લાહોર પધાર્યા હતા. તેથી શ્રી ભાનુચંદ્રજી તે પછીના સં૦ ૧૬૬૨ સુધીના ૧૯ વર્ષ અને શ્રી સિદ્ધિચંદ્રજી તેર વર્ષ જ તે મોગલ દરબારમાં રહ્યા હતા.) **નં. ૪ વાળા –'તેમની'** શબ્દથી 'પૂ૦ વિજયસેનસૂરિની' જણાવેલ છે. **નં. ૫ વાળુ 'ત્યા'** (અમદાવાદમાં) **'પોતે ચોમાસુ કર્યું'** એ પંક્તિ ઉપજાવી કાઢીને લખેલ છે. (કારણ કે– **'જૈનપરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ પૃ૦ ૭૮૪ પેરા ૬ તથા ૭માંનો– '+++ પં૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધિચંદ્ર વગેરે પરિવાર સાથે સં૦ ૧૬૬૮માં ગુજરાત અમદાવાદ પધાર્યા. તેઓ ખંભાતમાં આ. વિજયસેનસૂરિને વંદન કરી મેસાણા થઈ પાટણ પધાર્યા. + + + પાટણમાં ચોમાસુ રહ્યા.' એ ઐતિહાસિક ઉલ્લેખ, તે સં૦ ૧૬૬૮નું ચોમાસુ તેઓએ પાટણ કર્યું હોવાનું સ્પષ્ટ જણાવે છે.) નં. ૬વાળા **'તે દેશના સ્વામી'** વાકયથી પોતે તે વર્ષે અમદાવાદમાં ચોમાસુ કર્યું હોવાનું જે કલ્પિત જણાવ્યું છે, તે 'અમદાવાદવાળા ગુજરાત દેશના | સ્વામી' જણાવેલ છે. **નં. ૭ વાળો– 'વિક્રમાર્કે'** શબ્દ વાચકોને ભ્રમમાં નાખવા કૃત્રિમ યોજેલ છે, (કારણ કે– જૈન પરંપરાનો ઇતિહાસ ભા૦૩ પૃ૦ ૫૬ થી ૬૦ મુજબ તે મોગલયુગનો ગુજરાતનો સ્વામી 'હેમુ વિક્રમાદિત્ય' નામનો હિંદુરાજા છ મહિનાજ દિલ્હીની ગાદી ભોગવીને અકબર બાદશાહના હાથે સં૦ ૧૬૧૩ ના રોજ યુદ્ધમાં હણાઈ જવા પામેલ હોય ત્યારથી દિલ્હીનો બાદશાહ અકબર બનેલ હોવાથી તે સં૦ ૧૬૬૮ના સમયે ગુજરાતનો સ્વામી વિક્રમાર્ક નહોતો, પરંતુ અકબર ના પુત્ર જહાંગીરે સં૦ ૧૬૬૧માં રાયરાયન પત્રદાસને માત્ર રાજા વિક્રમાદિત્યનો ઇલકાબ આપેલો તે સુબો હતો. **તે નં. ૭ થી નં. ૮ (સુધીની– વિક્રમાર્કે ઉપાશ્રયમાં સિધ્ધિચંદ્ર સહિત આવી સાદર જિન પ્રભુની પૂજા કરાવની–ભણાવી અને સર્વત્ર અમારીપડહ વજડાવ્યો.'** એ પંક્તિવાળી વાત તો તે બિરૂદધારી વિક્રમાર્ક સુબાએ જહાંગીરના કોટ–દરબારમાં રહ્યા રહ્યા અમદાવાદના તે જૂઠા લખેલા ચોમાસે શ્રી સિદ્ધિચંદ્રજીની કાયામાં પ્રવેશ કરીને શ્રી સિદ્ધિચંદ્રજીના હાથે લખાવી હોવાનું શ્રી વિજયહીરગુરુજી ખુદ આવીને જણાવે તો પણ વિચારમાગે તેવી ભ્રામક છે. **નં. ૯વાળી– 'ગુરૂનિદેશથી મહીશાનપુર (મહેસાણા)માં રહી' શ્રી દેસાઇએ** એ વાતને તે શ્રી સિધ્ધિચંદ્રજીએ સંસ્કૃતમાં રચેલા– **શ્રી ભાનુચંદ્રગણિચરિત્રમાંના** 'ततश्च गुरुनिर्देशात् पर्ज्जन्यावस्थितिं पुनः। निर्माय श्री महीशानपुरे पत्त–नमाययुः ॥१८७॥ માં શ્લોકના 'ગુરૂ આજ્ઞાથી મહેસાણામાં ચોમાસું રહી' એમ સાચા અર્થમાં જણાવી હોત તો પણ તે વૃત્ત કપોલકલ્પિત છે, (કારણકે ઉપર નં. ૫ વાળી– 'સં૦ ૧૬૬૮નું ચોમાસું આચાર્યની આજ્ઞાથી અમદાવાદ કર્યું, હોવાની વાત, જેમ 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પૃ૦ ૭૮૪ ઉપરના ઉલ્લેખના આધારે અસત્ય ઠરી છે તેમ **તેજ ઉલ્લેખના આધારે** (તે ચરિત્રમાં તે સંસ્કૃત શ્લોકથી જણાએલી) આ 'સં૦ ૧૬૬૯નું ચોમાસું ગુરૂ ભાનુચંદ્રજીની આજ્ઞાથી મહેસાણે કર્યું, હોવાનું જણાવાતી વાત પણ અસત્ય ઠરે છે.

નં૦ ૧૦વાળી–'અહીં (પાટણમાં) શ્રી વિજયદેવસૂરિની ઉન્નતિથી મત્સર પામી' એ વાત, શ્રી સિધ્ધિચંદ્રજીએ. સં૦ ૧૬૪૨માં પાટણમુકામે રાજસભામાં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીએ ખરતરોને હરાવીને પ્રાપ્ત કરેલા જવલંત વિજયવાળી તપાગચ્છોન્નતિકારક ઐતિહાસિક બીનાને ગૂંચવી નાખવાના દુર્હેતુથી ચીતરી મારી જણાય છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(કારણ કે-"તે લેખકશ્રીએ આગળ જતાં તે સં૦ ૧૬૪૨નો વિજય પોતાના નામે ચઢાવવા કોશિષ કરી છે, 'પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીની તો તે ૧૬૪૨ના વખતે દીક્ષા (સં૦ ૧૬૪૩માં થયેલ હોઈને) પણ થઈ નહોતી આમ છતાં લેખકશ્રીએ, 'તે પૂ૦ આ૦ શ્રીની ઉન્નતિથી મત્સર પામી.' એમ લખ્યું છે તે "સં. ૧૬૩૯માં (ફલ્તેપુર જતાં) પાટણ પધારેલા પૂ૦ જગદ્ગુરુની સાથેના (સં૦ ૧૬૧૭માં પાટણ તથા સં૦ ૧૬૨૭માં જેસલમેર દુર્ગે ખરતરોને રાજસભામાં પરાભવિત કરી વિજયી બનનાર) સમસ્ત પૂ૦ વાચકવરોમાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ને 'વાચક શેખર' તરીકે પૂજાતા અને સ્તવાતા દેખવારૂપે તેઓશ્રીની ઉન્નતિથી મત્સર પામીને' એમ લખવાને બદલે લખ્યું માનવું રહે છે." જુઓ- 'જગદ્ગુરુ કાવ્ય' પૃ૦ ૨૧ શ્લોક ૧૪૨-૪૩-૪૪)

નં. ૧૧વાળી-' અન્યગચ્છના ઘણા આચાર્યો ' એ વાતથી (પહેલા જણાવાયું છે તે મુજબ પૂ. મહો. શ્રી સોમ વિ. મ. ના સંપર્કથી તેજીમાં આવેલા ખરતરોની સાથે જોડાઇને તપગચ્છ સામે આદરેલા ઉગ્ર આક્રમણમાં પૂ. મહો, શ્રી ધર્મસા. મ. ના હાથે સ્થલે સ્થલે પરાભવિત થઈને સં. ૧૬૩૭ સુધીમાં તો અવાચકપ્રાયઃ બની જવા પામેલા) ' ખરતર-પાયચંદ-આંચલિક-લુંપક-કડવામતી-વિજામતી-પૌર્ણમિક-સાર્દ્ધપૌર્ણમિક વગેરે અન્ય ગચ્છના આચાર્યો એમ જણાવેલ જણાય છે. **નં. ૧૨વાળા 'તે સૂરિ'** વાક્યથી 'પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી' જણાવેલ છે.

નં. ૧૩વાળો- 'દ્રંગે ગોપુરે' શબ્દ પ્રયોગ, " પાટણમાં ખરતરો સાથે સં. ૧૬૪૨ માં થયેલ વાદ રાજસભામાં થયો હોવાનું 'વિજયપ્રશસ્તિ' કારે ભલે કહ્યું: પરંતુ વાસ્તવિકતયા તો તે વાદ, શહેરમાં તે માટે કોઇએ જગ્યા જ ન આપવાથી શહેરના દરવાજે થયો હતો!" એમ લોકોમાં પ્રચાર કરવા સારૂ કર્યો જણાય છે.

નં. ૧૪ વાળા 'અનગચ્છીયે' શબ્દથી 'વાદાર્થે એકઠા થયેલા તે તે અન્યગચ્છીય આચાર્યોમાંના એક ખરતર ગચ્છીય **શ્રી જિનચંદ્રસૂરિએ'** એમ સૂચવેલ છે. **નં. ૧૫-વાળા 'તે આચાર્યને'** શબ્દથી 'પૂ. આ શ્રી વિજયસેનસૂરિજીને' જણાવેલ છે. **નં. ૧૬વાળા 'તેમણે'** શબ્દથી 'આ. શ્રી વિજયસેનસૂરિજીએ' જણાવેલ છે.

નં. ૧૭વાળી 'તેઓ સાથે વાદ કરવા સિદ્ધિચંદ્ર શક્તિમાન છે એમ ધારી' એ શ્રી સિદ્ધિચંદ્રજીની પંક્તિને તો (પૂ. મહો. શ્રી ભાનુચંદ્રગણિના જીવન ચરિત્રમાં શ્રી સિદ્ધિચંદ્રજીએ, પોતે પોતાની કરેલી-" જહાંગીરે મને વ્રત તજાવવા સારૂ સુંદર સ્ત્રી, પાંચ હજારી અધિકારીપણું, અશ્વ, હાથી વગેરે આપવાનું કહ્યું: છતાં મેં તજવાની ના કહી. ત્યારે રોષે ભરાએલા તે બાદશાહે મને હાથીના પગતળે ચગદી નાખવા મારી સામે હાથી ખડો કર્યો; છતા પણ હું અકંપ રહ્યો!" એ પ્રકારની પઠિતમૂર્ખત્વખ્યાપક) આત્મશ્લાઘાર-સિક્તતામાંથી ફુટેલી સરવણી તરીકે જ માનવી રહે છે. (કાર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણુકે- તે સં. ૧૬૪૨ની ચર્ચા બાદ બે વર્ષે તેઓશ્રીનો જન્મ થયેલ, ૧૬૪૯માં દીક્ષા પામી લાહોર પધારેલ, ત્યાંથી સં. ૧૬૬૨માં ગુજરાત આવ્યા પછી પણ છ વર્ષે એટલે કે– ૧૬૬૮માં પૂ. વિજયસેનસૂરિજી મ. ને વંદન કરવા ખંભાત જઈને તેઓશ્રીએ તે જ સં. ૧૬૬૮નું ચોમાસું ગુજરાતમાં–પટાણુ મુકામે–પહેલું જ કર્યું હતું તે સં. ૧૬૬૮ માં પૂ. સેનસૂરિજી મ પણ પાટણ નહોતા, તેમજ તે વખતે પાટણમાં ખરતરોએ શ્રી સિદ્ધિચંદ્રજીની સામે પણ કોઇ ચર્ચા ઉપાડી હોવાનું ઇતિહાસ કહેતો નથીઃ તેથી આચાર્યશ્રીએ પાટણમાં તે વખતે–'તેઓ સાથે વાદ કરવા સિદ્ધિચંદ્ર શક્તિમાન છે' એમ કહ્યું હોવાનું મૂર્ખજને પણ માનવું રહેતું નથી.)

નં. ૧૮વાળી 'તેને સાથે લઈ' એ પંક્તિ પણ નં. ૧૭વાળી પંક્તિની જેવી નિર્મૂળ છે. **નં. ૧૯વાળી 'તે બધાને'** પંક્તિથી 'મૂલવાદી ખરતરીય શ્રી જિનચંદ્રસૂરિ સિવાયના તેઓ સાથે જોડાએલા પૂર્વોક્ત સમસ્ત અન્યાન્યગચ્છોનાં સર્વ આચાર્યોને' જણાવેલ છે.

નં. ૨૦ વાળી 'તે સર્વે ચાલી ગયા' પંક્તિ, "તે અન્યગચ્છીય સઘળાય આચાર્યોની સાથે શ્રી જિનચંદ્રસૂરિજી (એકલા ત્યાં રહે નહિ તેથી) પણ સાથે જ ગયા ગણાય અને તેથી "આ. શ્રી વિજય સેનસૂરિજીએ પાટણની રાજસભામાં ૧૪ દિવસ સુધી ચર્ચા કરીને 'પ્રવચન પરીક્ષા' ગ્રંથને સાચો ઠરાવ્યો." એમ વિજયપ્રશસ્તિકાર ભલે કહે; 'પરંતુ તે બધા ચાલ્યા ગયા પછી આચાર્યશ્રીએ કોની સાથે ચર્ચા કરીને તે ગ્રંથને સાચો ઠરાવ્યો માનવો?' એ પ્રકારના પ્રચાર અર્થે લખી જણાય છે.

નં. ૨૧વાળી 'આચાર્ય જયશ્રી પ્રાપ્ત કરી ઉપાશ્રયે પધાર્યા' એ અંતિમ પંક્તિ– "તે સઘળા વાદીઓ તર્ક અને યુક્તિથી જ પરાભવિત થાય તેવા હોવાથી તેઓને પરાભવિત કરવામાં શાસ્ત્રની જરૂર નથી' એમ જાણીને તો મેં તેઓનો તર્ક અને યુક્તિથી જ પરાભવ કર્યો હતો અને તેમ કરીને મેં પ્રાપ્ત કરેલા તે વિજયને ગચ્છમર્યાદાનુસાર મારે આ. વિજયસેનસૂરિજીના વિજય તરીકે લેખાવવો રહે." એ પ્રકારના પ્રચાર અર્થે લખી જણાય છે.

નોંધ :— સં. ૧૬૪૨ના જણાતા આ ચર્ચા પ્રસંગને પૂ. મહો. શ્રી ભાનુચંદ્રના જીવન ચરિત્રમાં શ્રી સિદ્ધિચંદ્રજીએ, (ઉપર સમાલોચના કરી બોધી બતાવેલા અર્થવાળી) તે લખાણની પંક્તિઓમાં તેમજ શબ્દોમાં એવી તો ચાલબાજીથી ગુંચવી નાખેલ છે કે તેમનાં તે લખાણને ઉપલક દૃષ્ટિએ વાંચી જનાર **ઇતિહાસકારને** તો "તે સં. ૧૬૪૨ની પાટણની ચર્ચા, ખરતરો વગેરેએ મળીને પૂ૦ મહો. શ્રી ભાનુચંદ્રગણિ અને શ્રી સિદ્ધિચંદ્રજીના સં. ૧૬૬૮ના પાટણના ચોમાસામાં ઉભી કરી છે, અને તેની સાથેના વાદમાં શ્રી સિદ્ધિચંદ્રજીએ તેઓ સર્વનો પરાભવ કરીને વિજય પ્રાપ્ત કરેલ છે.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ જ ખ્યાલમાં આવે.

તે પછીના શ્રી સિદ્ધિચંદ્રજીએ લખેલા— " ત્યાર પછી કેટલાક દિવસે ત્યાં લાલી નામની શ્રાવિકાએ બિંબપ્રતિષ્ઠા મહોત્સવ શરૂ કર્યો. અનેક ગામથી સંઘો જોવા આવવાથી પાટણ વિસ્તીર્ણ છતાં સાંકડું પડયું જલયાત્રા વખતે અકસ્માત + + × આચાર્યે વાચકને કહ્યું + + + સિધ્ધિચંદ્ર તે સુખાને ત્યાં ગયા + + મિથ્યા દૃષ્ટિ-ઓએ ઉપજાવેલું વિઘ્ન ટળ્યું (નં. ૨૨ થી ૨૪) વટપદ્ર (વડોદરા) તથા ગંધારમાં જયેષ્ઠસ્થિતિ કરી વાચકશ્રી પાટણમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા." **એ બીજા પેરા-માંની ફૂટરચનાની આ નીચે સમાલોચના કરવામાં આવે છે,**

ચર્ચા તેમજ જયેષ્ઠ સ્થિતિ કરવાનો અવકાશ જ ન્હોતો.

[એ પહેલા પ્રથમ જણાવેલી " એ વગેરે ઐતિહાસિક નોંધો નકકી કરી આપે છે કે (૧) પૂ. મહો. શ્રી ભાનુચંદ્ર સિધ્ધિચંદ્રજી વગેરે સં. ૧૬૬૮ના જેઠમાસે ખંભાતથી વિહાર કરી તે વર્ષનું ચાતુર્માસ (શ્રીસિધ્ધિચંદ્રજીએ ઉપરના લખાણમાં અમદાવાદ કર્યું હોવાનું જણાવ્યું છે, તેમ નહિ. પરંતુ) અન્યત્ર કર્યું હતું અને તે ચાતુર્માસ બાદ તેઓશ્રીએ ત્યાંથી સં. ૧૬૬૯ના પ્રાયઃ માગસરમાસે આગરા ભણી વિહાર કર્યો " તે સ્પષ્ટતા મુજબ " તેઓશ્રીએ, ખંભાતથી સં ૧૬૬૮ના જેઠ માસે વિહાર કરી તે માસની વદમાં કે અષાઢ શુદમાં પાટણ પધારીને તે સં. ૧૬૬૮નું ચાતુર્માસ પાટણ કર્યું અને તે ચાતુર્માસ ઉતર્યે સં. ૧૬૬૯ના માગશર માસે આગરા ભણી વિહાર કરેલ હોવાથી તે પાંચ માસના ગાળામાં તેઓશ્રીને પરપક્ષી સાથે જાહેર રીતે ચર્ચા કરવાનો તેમજ તે પછીથી જ તે સં. ૧૬૬૯ના વર્ષમાં જયેષ્ઠ સ્થિતિ (ચાતુર્માસ) ગુજરાતના કોઈ જ ગામે કરવાનો અવસર કે અવકાશ જ હતો નહિ. " એ વાત, ઉકત સમાલોચના સાથે સંબંધ ધરાવતી હોવાથી અત્ર પ્રાસંગિક જણાવાય છે.)

શ્રી સિધ્ધિચંદ્રજીના દ્વિતીય પેરાની સમાલોચના

બીજા પેરાની **નં. ૨૨ વાળી ' ત્યાર પછી કેટલાક દિવસે ત્યાં લાલી નામની શ્રાવિકાએ બિંબ પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ કર્યો '** એ પહેલી પંક્તિમાં લેખકશ્રીએ ' કયાર પછી ? કોના ઉપદેશથી ? અને કોની અધ્યક્ષતામાં ? ' એ વાત જણાવી જ નહિ હોવાથી તે પંક્તિને આપણે ઉપરના પહેલા પેરાના અનુસંધાનમાં " સં. ૧૬૪૨ની પાટણની ચર્ચા પછી ત્યાં કેટલાક દિવસે પૂ૦ આ૦ **શ્રી** વિજયસેનસૂરિજીના મ૦ના ઉપદેશથી તેઓશ્રીની અધ્યક્ષતામાં લાલી નામની શ્રાવિકાએ બિંબપ્રતિષ્ઠા મહોત્સવ શરૂ કર્યો. ' એ પ્રમાણે ફરજીયાત સમજવી રહે છે.

કારણ કે- તેઓશ્રીનું ગુજરાત-પાટણમાં સં. ૧૬૬૮નું પહેલું જ ચાર્તુમાસ હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ચાતુર્માસ બેસવાના લગભગ ટાઇમે તેઓ પાટણ પધાર્યા હોવાથી તે પાટણ ક્ષેત્રે તેઓશ્રીનું અપરિચિત હોઈ ત્યાનો સૂબો પણ તેઓનો અપરિચિત હોવાથી તેમજતેઓશ્રી જેમની આજ્ઞામાં છે તે આચાર્ય શ્રી વિજયસેનસૂરિજી પણ ત્યાં સાથે નહિ હોવાથી તે સં. ૧૬૬૮માં પાટણમા ઉકત લાલી શ્રાવિકાએ, શ્રી સિદ્ધિચંદ્રના ઉપદેશથી કે તેમની અધ્યક્ષતામાં તે પ્રભુપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો હોવાની તો સંભાવના માત્ર પણ થઇ શકે તેમ નથી વળી શ્રી સિધ્ધિચંદ્રજીએ, પોતાના તે લખાણમાં આગલ જતાં– 'આચાર્યે વાચક (ભાનુચંદ્ર)ને કહ્યું' + + + 'આચાર્યે કહ્યું બહુ સારૂં' એમ પોતાનીસાથે ત્યાં ચોમાસામાં આચાર્યશ્રી નહિજ હોવા છતાં–બે વાર લખ્યું છે, તે "સં૦ ૧૬૪૨માં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ હસ્તે તે પાટણમાં ઉજવાએલ જણાતો લાલી શ્રાવિકાકૃત પ્રતિષ્ઠા મહોત્સવ, સં૦ ૧૬૪૨માં નહિ, પરંતુ સં. ૧૬૬૮માં પાટણમાં તે પૂ૦ આ૦ શ્રીની અધ્યક્ષતામાં અમારા હસ્તે ઉજવાએલ છે." એમ લેખાવવાના કુટ આશયસૂચક ગણવું રહે છે.

અહી કોઈ ભદ્રિકજને 'તે સં૦ ૧૬૬૮માં પૂ૦ આ. શ્રી વિજયસેનસૂરિજી મ૦ને તેઓશ્રીએ તે મહોત્સવ પ્રસંગે આમંત્રયા હોય અને તેથી તે પૂ૦ આચાર્યશ્રી કદાચ તે પ્રસંગ પૂરતા ઉપસ્થિત થયા હોય' એવી શંકા કરવી પણ અસ્થાને છે કારણ કે– 'સં. ૧૬૬૧ વર્ષે અષાઢ શુદિ ૨ શનૌ સા. જસરાજકારિત ચૈત્યે શ્રીં સોમચિંતાસણિગાર્શ્વનાથ પરિકર પ્ર. ત. શ્રી વિજયસેનસુરિમિઃ ા એ શ્રી ખંભાતનો અષાઢ શુદ ૨ નો શિલાલેખ, પૂ. આ. વિજયસેનસૂરિજી મ. તે સં ૧૬૬૮ના જેઠમાસ પહેલાથી ખંભાત હોવાનું તેમજ ચાતુર્માસ પણ તેઓશ્રીએ ખંભાત જ કર્યું હોવાનું માનવા પ્રેરે છે.

વસ્તુસ્થિતિ તેમ જ છે, એમ સમજવા છતાં શ્રી સિધ્ધિચંદ્રજીએ, પોતાના પ્રસ્તુત લખાણમાંના નં ૨૩ થી ૨૪ સુધીના લખાણમાંની નં. ૨૨ થી ૨૪ સુધીની પંક્તિઓમાં "તે પ્રતિષ્ઠા અંગેના જલયાત્રા વખતે ત્યાંના સૂબા સાદુલ્લાએ કરેલા નિષેધને 'મેં આમ શમાવ્યો અને તે સુબાને મેં આમ નમાવીને વિઘ્ન ટાળ્યું" ઇત્યાદિ અબુધજનોચિત શબ્દોથી ભરેલું જે નિજની શેખાઈ ગાતું લખાણ કર્યું છે, તે ઉપલક દૃષ્ટિવાળા ઇતિહાસકારો, પોતાનું તે લખાણ વાંચીને તે સં. ૧૬૪૨માં પૂ. આ. શ્રી વિજયસેન સૂરિજીના હસ્તે ઉજવાએલ પ્રતિષ્ઠા મહોત્સવને સં. ૧૬૬૮માં પોતાના હાથે થયેલો લેખાવવાના કામે લાગી જાય, એ આશયથી કર્યું માનવું રહે છે. અને એ માટે તો શ્રી સિદ્ધિચંદ્રજીએ તે લખાણને છેડે જણાવવું આવશ્યક એવું– **'તે પ્રભુપ્રતિષ્ઠા કોણે કરી?'** એ લખાણ તો જણાવ્યું પણ નથી.

(તેઓશ્રીની તે બંને લખાણમાંની ચાલબાજીનું વર્ષોના વર્ષો વીત્યા બાદ તેવા ઉપલકીયા ઇતિહાસકારોના હાથે તેઓશ્રીની ધારણા મુજબનું ફલ ઇતિહાસમાં બેઠું પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાય છે. જે આ નીચેની તેઓશ્રીની છેલ્લી પંક્તિની ઓળખાણ કરાવ્યા બાદ સ્પષ્ટતયા વિવરીને જણાવેલ છે.)

એ લખાણ પછી શ્રી સિદ્ધિચંદ્રજીએ, **નં. ૨૫વાળી** જે 'વડોદરા તથા ગંધારમાં જયેષ્ઠસ્થિતિ કરી વાચકશ્રી પાટણમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા.' એ પંક્તિ લખેલ છે, તે પંક્તિને તો (ઉપર જણાવ્યું છે તેમ તેઓશ્રી, તે સં૦ ૧૬૬૮ના જેઠમાસે ખંભાતથી વિહાર કરીને તે માસની વદમાં કે અશાડ શુદમાં પાટણ આવી તે સં. ૧૬૬૮નું ચોમાસું ત્યાં-પાટણમાં રહ્યા હોવાથી તેમજ આ સમસ્ત લખાણના અગ્રભાગે જણાવેલા કાટપૂણામાંના લખાણના પેરા બીજામાં જણાવ્યા મુજબ તે સં૦ ૧૬૬૮નું ચોમાસું ઉતર્યા બાદ સં૦ ૧૬૬૯ના માગશરમાસે તો આગરા ભણી વિહાર કરી ગયા હોઈને વડોદરા તથા ગંધારમાં તેઓશ્રીને પાટણના ચોમાસા પહેલા કે પછી પણ જયેષ્ઠસ્થિતિ કરવાનો અવસર જ મળેલ નહિ હોવાથી) તદ્દન અસત્ય માનવી રહે છે.

શ્રી સિદ્ધચંદ્રજીનો શાસ્ત્રાર્થ તેમજ મોટી પ્રભુ પ્રતિષ્ઠા!

જૈન પરંપરાનો ઇતિહાસ ભા૦ ૩ પૃ૦ ૭૮૪ + + + "બાદશાહની સંમતિથી વિહાર કરતાં ઉપા૦ ભાનુચંદ્ર ગણિ, પં૦ સિદ્ધિચંદ્ર વગેરે સં૦ ૧૬૬૮માં અમદાવાદ ગુજરાત પધાર્યા. **શાસ્ત્રાર્થ**-તેઓ ખંભાતમાં આ૦ વિજયસેન સૂરિને વંદન કરી મ્હેસાણા થઈ પાટણ પધાર્યા. ત્યાં પં૦ સિદ્ધિચંદ્રે ખરતરગચ્છવાળાને શાસ્ત્રાર્થમાં હરાવ્યા. તેમણે પાટણમાં મોટી જિન-પ્રતિષ્ઠા કરાવી, તેઓ વડોદરા ગંધાર જઇ પાટણમાં આવ્યા અને પાટણમાં સં૦ ૧૬૬૮-૬૯માં ચોમાસું રહ્યા."

ઇતિહાસકારે જણાવેલાં 'શાસ્ત્રાર્થ'ની સમાલોચના

(૧) ઉપર **ઇતિહાસકારે** જણાવેલ 'શાસ્ત્રાર્થ' અંગેની બીનામાં-"તેઓ ખંભાતમાં આ૦ વિજયસેનસૂરિજીને **વંદન કરી પાછા મ્હેસાણા થઇ પાટણ પધાર્યા** એ બીનામની વચલી-"(તે શ્રી સિદ્ધિચંદ્રજીના જ આ લેખના અગ્રભાગે જણાવેલ પહેલા લખાણમાંની) **'વંદન કરી તે સૂરિજીની આજ્ઞાથી તે સં૦ ૧૬૬૮નું ચોમાસું તેઓએ અમદાવાદ કર્યું'** એ એક વાત તેમજ **'મ્હેસાણે થઇ'** એ વાકય પછીની (તે શ્રી સિદ્ધિચંદ્રજી કૃત-મહો૦ શ્રી **ભાનુચંદ્ર**ગણિ ચરિત્ર 'ततश्च गुरुनिर्देशात्' એ ૧૮૭માં શ્લોકના આધારવાળી) **'તે સં૦ ૧૬૬૯નું ચોમાસું તેઓએ મ્હેસાણે કર્યું'** એ બીજી વાત મળીને તે બંને ઐતિહાસિક વાતને અસત્ય માનીને જ તે ઐતિહાસિક શાસ્ત્રાર્થવાળી બીનાની વચ્ચે જણાવી નહિ હોય; પરંતુ તેમ કરવા જતાં **પ્રસ્તુત ઇતિહાસકારને**- (તે પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્ર- સિદ્ધિચંદ્રજીએ, પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીની આજ્ઞાથી સં૦ ૧૬૬૭નું ચાતુર્માસ આગરા કર્યા બાદ આગરાથી સં. ૧૬૬૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ના માગશરમાં વિહાર કરી જેઠમાસે ખંભાત આવી પૂ૦ વિજયસેનસૂરિજીને વંદન કરી તેજ વર્ષના જેઠ વદ કે અષાઢ શુદમાં) **'પાટણ પધાર્યા'** પછીની સં૦ ૧૬૬૮ના સાચા ચોમાસા વાળી– **'અને તે સં. ૧૬૬૮નું ચોમાસું તેઓશ્રીએ પાટણ કર્યું'** એ સાચી વાતને પણ ઉડાવી દેવી પડી છે!

(૨) **શ્રી સિદ્ધિચંદ્રજીએ**, પોતાના અગ્રભાગોક્ત પહેલા પેરાવાળા લખાણમાં આગળ જતાં "મેં બધા ઉદ્ધત પ્રતિવાદીઓને (શાસ્ત્રથી નહિ, પરંતુ) તર્ક અને યુક્તિથી જીત્યા–ચૂપ કરી દીધા" એમ જણાવ્યું છે, ત્યારે **ઇતિહાસકારે** ઉપર્યુકત **શાસ્ત્રાર્થ** અંગેની બીનામાં–**'સિદ્ધિચંદ્રે** (બધા ઉદ્ધત પ્રતિવાદીઓને નહિ. માત્ર) **ખરતરગચ્છ-વાળાને** તર્ક અને યુકિતથી નહિ, પરંતુ) **શાસ્ત્રાર્થમાં હરાવ્યા.'** એમ મૂલવાતથી ઉલટું લખ્યું છે.!

(૩) **શ્રીસિદ્ધિચંદ્રજીએ** પોતાના અગ્રભાગોકત લખાણના બીજા પેરામાં 'લાલી નામની શ્રાવિકાએ આચાર્ય પાસે પ્રભુ પ્રતિષ્ઠા કરાવી' એ ભાવદર્શક લખાણ કર્યું છે, ત્યારે **ઇતિહાસકારે** તે શાસ્ત્રાર્થ અંગેની બીનામાં **તેમણે પાટણમાં** (લાલી શ્રાવિકા અને આચાર્ય જણાવ્યા વિના) **મોટી પ્રતિષ્ઠા કરાવી**, એમ લખ્યું છે!

(૪) **શ્રી સિદ્ધિચંદ્રજીએ**, પોતાના તે બીજા પેરામાં આગલ જતાં–'વડોદરા તથા ભંધારમાં જયેષ્ઠસ્થિતિ કરી વાચકશ્રી પાટણમાં (સં૦ ૧૬૬૮નું) ચોમાસું રહ્યા' એમ લખ્યું છે, ત્યારે **ઇતિહાસકારે** તે 'શાસ્ત્રાર્થ' અંગેના બીનામાં–**'તેઓ વડોદરા ભંધાર** (માં જયેષ્ઠસ્થિતિ કરી એમ જણાવ્યા વિના) **જઇ પાટણ આવ્યા અને પાટણમાં સં૦ ૧૬૬૮–૬૯માં** (એમ તે બે વર્ષમાં એક) **ચોમાસું રહ્યા.'** એમ જણાવ્યું છે! જ્યારે બીજી બાજુથી તેજ ઇતિહાસને પ્રસિદ્ધિ આપનાર પૂ૦ મુનિશ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ, 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ના પૃ૦ ૯૪ પેરા–૩માં **તેઓશ્રીનું સં૦ ૧૬૬૯નું ચોમાસું આગરા થયું'** એમ લખી આગરાનું ચોમાસું અલગ જણાવેલ છે.

(૫) **જૈન** પરંપરાનો ઇતિહાસ' ભા૦૩ પૃ૦ ૭૮૪ ઉપર જણાવેલી ઉપર્યુકત **'શાસ્ત્રાર્થ'** અંગેની બીનામાં ઇતિહાસકારે, "તે શ્રી સિદ્ધિચંદ્રે ખરતરગચ્છવાળાઓને શાસ્ત્રાર્થમાં હરાવ્યા,' એમ જણાવ્યું; પરંતુ એ સાથે–"તેમણે તે શાસ્ત્રાર્થ, તે વખતે ત્યાં વિદ્યમાન પોતાના ગુરુ પૂ૦ મહો૦ ભાનુચંદ્રગણિની સંમતિથી કર્યો હતો કે સ્વતંત્રપણે પોતે કર્યો? કયા સ્થલે કર્યો? ખરતરગચ્છીયો સાથે જાહેરસભામાં કર્યો હતો કે–બાનગીમાં? કેટલા દિવસ સુધી તે શાસ્ત્રાર્થ કરીને તેઓને હરાવ્યા? તે શાસ્ત્રાર્થ પોતાના ગુરૂની અધ્યક્ષતામાં કર્યો હતો કે વ્યકિતગતપણે? તે શાસ્ત્રાર્થમાં પોતે વાદી હતા કે પ્રતિવાદી?" એ વગેરે જણાવવી જરૂરી બીના તો કયાંઈપણથી ઉપલબ્ધ નહિ થવાથી જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જણાવેલ ન હોય.

નોંધ– પૂર્વે જણાવાયું છે કે–પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજીએ, પોતાની પાટે (પોતાના જ કોઈ શિષ્યને આચાર્ય તરીકે સ્થાપવાને બદલે) પોતાના ગુરૂ પૂ૦ વિજયદાનસૂરિજીના શિષ્ય મુનિ જયવિમલજીને 'વિજયસેનસૂરિ' નામ આપી આચાર્ય તરીકે સ્થાપ્યા ત્યારથી દુભાયેલા પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજીના શિષ્ય પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિની નિજ ગુરુવર પરત્વેની આંતરિક ભિન્ન પ્રવૃત્તિ પરથી– પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ શ્રીનું માનવું અને કહેવું આ હતું કે–"પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મહારાજે–મુનિશ્રી જયવિમલને આચાર્ય બનાવ્યા ત્યારથી પૂ૦ ગુરુદેવશ્રીના તે વલણથી દુભાએલા મહો૦ શ્રીસોમવિ૦ વગેરે પૂજ્ય આ૦ શ્રી વિજયસેનસૂરિ પ્રત્યે અંતરથી ભિન્નભાવ ધરાવતા બનીને વખત આવ્યે પૂ૦ વિજય હીર ગુરુની પાટે પોતાના બીજા આચાર્ય સ્થાપવાના વિચારવાળા બની જવા પામ્યા હતા."

જ્યારે પોતાના જાહેર વર્તનમાં પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ પૂ૦ મુનિવરોનું કહેવું એ હતું કે "અમારે તો પૂ૦ ગુરૂદેવશ્રીએ પટ્ટધર બનાવ્યા તે પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ અંતરથી પૂજ્ય જ છે અને તેથી તો તેઓશ્રીએ (જીવનની અંતિમ પળોમાં પોતાના પટ્ટધર વિંજયદેવસૂરિજીને સાગરનો પક્ષ છોડી દેવાનું ઘણા પ્રયાસો કરીને પણ જણાવ્યુ છતાં તેઓ ન જ માન્યા એટલે) અમોને પોતાની પાટે બીજા પટ્ટધર સ્થાપવાની આજ્ઞા કરી હતી કે જે આજ્ઞાનું અમે તેઓશ્રીની પાટે આ૦ વિજયતિલકસૂરિજીને બીજા પટ્ટધર સ્થાપવા દ્વારા આજે પણ પાલન કરી રહ્યા છીએ." તેઓશ્રીના આ બાહ્યવર્તનથી તેઓનું અભ્યંતર વર્તન પ્રસિદ્ધિમાં આવવા પામેલ નહિ.

સિદ્ધિચંદ્રજીનું લખાણ, પૂ૦ મહો૦ ધર્મસા૦ મ૦ ના મંતવ્યને સાચું ઠરાવે છે.

શ્રી આત્માનંદ જન્મશતાબ્દિસ્મારક ગ્રંથનો ચોથા ગુજરાતી વિભાગના પૃ. ૨૩૭ થી ૨૩૮ ઉપરના શ્રી સિદ્ધિચંદ્રજીનાં બે મોટા પેરાવાળા લખાણના નિષ્કર્ષ સ્વરૂપે મારા આ વિસ્તૃત લેખનો ઉદ્ગમ થવા પામેલ છે. શ્રી સિદ્ધચંદ્રજીનું તે અનેક ચાલબાજીથી ભરેલું બે પેરાવાળું અટપટું લખાણ કે જેને આ વિસ્તૃત લેખના અગ્રભાગે યોજવામાં આવેલ છે. તે પ્રકારના તે લખાણના લેખક શ્રી સિદ્ધિચંદ્રજી ગણિ, ઉપરોકત બીજા બાહ્યઐકયતા–દર્શક મંતવ્ય વાળા પૂ૦ મહો૦ સોમવિ૦ મ ના પક્ષકાર પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રગણિના વિદ્વાન શિષ્ય છે. તેઓશ્રીએ પોતાના સં. ૧૬૬૮ના પાટણના ચાતુર્માસમાં પાટણવાસી જૈનોના મુખે સં૦ ૧૬૪૨માં પૂ૦ આ૦ શ્રીવિજયસેનસૂરિજીએ ખરતરો સામે વિજય પ્રાપ્ત કર્યો તે અંગેના ગવાતા દીલભેર ગુણગાનોની ખટકને લીધે એ લખાણને જન્મ આપ્યો સંભવે છે. તે અંગેના પ્રસ્તાવમાં આપેલા અનેક ઐતિહાસિક પુરાવાઓના આધારો સહિત જાણી શકાયું તે જ રજુ કરેલ છે કે એ પૂ૦ શ્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધિચંદ્રજીએ, પોતાના ઉકત લખાણ દ્વારા પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીને સં૦ ૧૬૪૨માં પાટણમાં ખરતરો સામેનો વિજય, તેમની તો તે વખતે દીક્ષા પણ થઇ ન હતી છતાં 'મે પ્રાપ્ત કરાવી આપેલ હોઈ તેઓશ્રીએ તે વખતે કશું જ કરેલ નથી' એવો ભાસ ખડો કર્યો છે! પાટણ મુકામે તે સં૦ ૧૬૬૮માં જૈનો પાસેથી જાણી લીધેલા જણાતા પૂ૦ આ૦ મ૦ શ્રીના તે જવલંત વિજયખ્યાપક પ્રસંગના બનાવો અને તે પૂ૦ આ૦ શ્રીએ તે વિજય પછી ત્યાં ઉજવાવેલ જણાતા પ્રભુ પ્રતિષ્ઠા મહોત્સવ અંગેની જહોજલાલીની નોંધ કરી લઇને તેના ઉપરથી આલેખેલા જણાતા એ ઉપરછલા અધિકારમાંથી પૂ૦ શ્રી૦ સિદ્ધિચંદ્રજીએ તે પૂ૦ આ શ્રી વિજયસેનસૂરિજીમ૦નું નામ જ લુપ્ત કરી નાખેલ છે. તેઓશ્રીએ તે સઘળો કુટ પ્રયાસ, 'પૂ૦ આ૦ શ્રીવિજયસેનસૂરિજી મ૦ના તે તે મહાન શાસન પ્રભાવક કાર્યો વખત જતાં પોતાના નામે ગવાય' એ આશયે કર્યો જણાય છે.

પોતાના તે સમસ્ત લખાણમાં પ્રસંગે-પ્રસંગે આવતા પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના નામને સ્થાને તેમણે અનુક્રમે 'સૂરિશ્રીને તેમની આજ્ઞાથી, તે સૂરિ, તે આચાર્યને, તેમણે, આચાર્ય જયશ્રી૦, આચાર્યે વાચકને તથા આચાર્યે', એમ અનાદર અને અપમાન ભર્યા ઇતરાજી દર્શક શબ્દો લખવાનું રાખીને તેઓશ્રીનું નામ જ નહિ લેવાની કાળજી રાખેલ છે! તે વગેરે બીના, તે તે સંભાવના મજબુતપણે સાચી હકીકત રૂપે માનવા પ્રેરે છે. આ સઘળી હકીકત " પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ ના પક્ષકારો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ ની આજ્ઞામાં છીએ એમ પોતાના બાહ્ય ઐકયતાદર્શક વર્તન દ્વારા કહેતા રહીને પણ પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ પ્રતિ અંતરથી તો તથા પ્રકારના તીવ્ર પણ મનોભેદવાળા હતા" એ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના મંતવ્ય અને કથનને યથાર્થ લેખાવનારા સબજાડ પૂરાવારૂપે છે. (આ હકીકતની વિશેષ પુષ્ટિ માટે જુઓ સં૦ ૨૦૧૧માં પ્રતાકારે સંસ્કૃતમાં સાનુવાદ પ્રસિદ્ધ થયેલ 'કુમતાહિવિષળંગુલીમંત્રતિમિરતરણિ' મૂલ પૃ૦ ૧૪ પં૦ ૧૧ થી ૧૬)



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૬

પૂ૦ સેનસૂરિજી પ્રતિ અંતરથી ભેદ રાખતા હોવાનો ખુદ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ હસ્તકનો સજ્જડ પૂરાવો !

(નં ૨)

ઉપરોક્ત પૂરાવા નં. ૧ માં જણાવ્યા મુજબ પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રજી તથા પૂ૦ સિદ્ધિચંદ્રજી, જહાંગીરના આમંત્રણથી સં૦ ૧૬૬૯ના માગશર માસે (પૂ૦ ગચ્છાધિપતિ આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ની આજ્ઞા મંગાવવાય થોભ્યા સિવાય) પાટણથી વિહાર કરી આગરા તો ગયા હતા; પરંતુ આગરા ગયા પછી તે સં. ૧૬૬૯ની આખરે જહાંગીરના કોપવશાત શ્રી સિદ્ધિચંદ્રજીને આગરાથી કરવા પડેલ વિહાર અંગે–' **જૈન પરંપરાનો ઇતિહાસ** ' ભા૦ ૩ પૃ૦ ૭૮૫ ઉપર જે–' તેમણે (સિદ્ધિચંદ્રજીએ) સં૦ ૧૬૬૯ થી સં૦ ૧૬૭૩ સુધી આગરાથી વિહાર કરી **મારવાડ તરફ** વિહાર લંબાવ્યો હતો. ' એ પ્રમાણે ઉલ્લેખ છે, તે ઉલ્લેખ ઇતિહાસમાંની–' કોઇ એક વખતે એટલે કે ૧૬૭૧–૭૨માં જહાંગીરે ભાનુચંદ્રજીને ઉદાસીનતાનું કારણ પૂછતાં ભાનુચંદ્રજીએ સિદ્ધિચંદ્રજીના વિયોગને જ ખિન્નતાના કારણ તરીકે જણાવતાં જહાંગીરે સિદ્ધિચંદ્રને આગરા લાવીને તેનો મેળાપ કરી આપ્યો. ' એ વાત સાથે સુસંગત જણાતો નથી.

તે ઉલ્લેખ ઉપરાંત તે જ ' **જૈ. પ. ઈ.** ' ભા૦ ૩ પૃ૦ ૭૯૭ ઉપર જે:–" મહો૦ ભાનુચંદ્રગણિ અને પં. સિદ્ધિચંદ્ર વગેરે આગરાથી વિહાર કરી સં૦ ૧૬૭૨માં જાલોર ચોમાસુ કર્યું. સં૦ ૧૬૭૩માં ૨૧ ભાઇ બ્રહ્મચારીઓને દીક્ષા આપી શીરોહી પધાર્યા. ભ૦ વિજયસેનસૂરિ સ્વર્ગગમન બાદ સં૦ ૧૬૭૨માં તપાગચ્છમાં બે પક્ષો પડયા, ત્યારે ભાનુચંદ્રગણિ વગેરે વિજયાનંદસૂરિના પક્ષમાં દાખલ થયા. " એ પ્રમાણે બીજો ઉલ્લેખ છે તે ઉલ્લેખ, ઇતિહાસમાંની " જહાંગીરે શ્રી ભાનુચંદ્રજીને શ્રી સિદ્ધિચંદ્રનો મેળાપ કરી આપ્યો. ' એ વાત સાથે સુસંગત છે.

અને તે એ રીતે કે–" આગરાથી જહાંગીરે સં૦ ૧૬૬૯ની આખરે વનવાસ કરાવેલા શ્રી સિદ્ધિચંદ્રજીનો શ્રી ભાનુચંદ્રજીની ઇચ્છાને માન આપીને ' ભેળા થાય તે પછી બંને એ અહિંથી વિહાર કરી જવો. ' એ શરતે સં. ૧૬૭૧ની આખરે કે સં૦ ૧૬૭૨માં આગરા મુકામે મેળાપ કરાવ્યો હોય અને મેળાપ થયા બાદ પૂ. મહો. શ્રી ભાનુચંદ્રજીએ આગરાથી તે જ સં૦ ૧૬૭૨માં પૂ૦ શ્રી સિદ્ધિચંદ્રજી વગેરે સહિત મારવાડ તરફ વિહાર કરી તે સં૦ ૧૬૭૨નું ચાતુર્માસ જાલોર કર્યું હોય "

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જૈન પર'ં ઇ૦' ભા૦ ૩ના પૃ૦ ૭૯૭ ઉપરના ઉપરોક્ત બીજા પેરામાં બીજી પણ એક મહત્વની વાત છે કે–'ભ૦ વિજયસેનસૂરિજીના સ્વર્ગગમન બાદ સં૦ ૧૬૭૨માં તપાગચ્છમાં બે પક્ષો પડયા.' આ વાતનો અર્થ સ્પષ્ટ છે કે– પૂ. આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ સં૦ ૧૬૭૧ના જે૦ શુ૦ ૧૧ના દિને સ્વર્ગે સીધાવ્યા ત્યારથી જ પૂ૦ મહો. શ્રી સોમ વિજયજીમ૦, પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્રજી વગેરેએ પૂ૦ ગચ્છાધિપતિ આ૦ મ૦ શ્રી વિજયદેવસૂરિજીમ૦ની સામે પોતાના ઉપાધ્યાયોના પક્ષ તરીકે બીજો પક્ષ ઉભો કર્યો અને તે પછી (પ્રસ્તુત ઇતિહાસના ઉપરોક્ત બીજા ઉલ્લેખ પછીના "વડગચ્છના આ૦ વિજયસુંદરસૂરિએ સં૦ ૧૬૭૩ના પોષ શુદિ ૧૩ને બુધવારે શિરોહીનગરમાં પં૦ રામવિજયજી ગણિને આચાર્ય બનાવી વિજયતિલકસૂરિ બનાવ્યા અને પં૦ સિદ્ધિચંદ્રગણિને તેમના ઉપાધ્યાય સિદ્ધિચંદ્રગણિ બનાવ્યા." એ) ત્રીજા ઉલ્લેખ મુજબ ૧૧ વર્ષ બાદ તે પક્ષે પૂ૦ આ૦ શ્રી વિજય તિલકસૂરિ નામે પોતાના અલગ આચાર્ય બનાવ્યા. પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ના સ્વર્ગવાસ બાદ તે પક્ષ એ પ્રમાણે ૧૧ વર્ષ અને 'જૈ૦ પ૦ ઇ૦' ભા૦ ૩ના પૃ૦ ૭૨૫ ઉપરના–" **પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મહારાજે ગચ્છનાયક સાથે સં૦ ૧૬૬૯–૭૦માં મોટો મતભેદ ઉભો કર્યો.**" એ ઉલ્લેખ મુજબ **પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ એ** પણ પૂ૦ મહો૦ ભાનુચંદ્રજીની જેમ **સં૦ ૧૬૬૯થી પૂ૦ આ૦ શ્રી સેનસૂરિજીમ૦ની આજ્ઞા તજી દીધાના** ગચ્છનાયકના સ્વર્ગગમન પહેલાના **૨૧ વર્ષ** મળીને ૪ વર્ષ સુધી તે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજનો પક્ષ, પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ શ્રીની વિદ્યમાન પાટ પરંપરાની સામે **નિર્નાયક પક્ષ** તરીકે રહ્યો.

આ સ્પષ્ટ ઇતિહાસથી પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ના હાથે જ એ વસ્તુ સ્પષ્ટ થઈ જાય છે કે– "તેઓશ્રી બાહ્યવર્તન દ્વારા –'પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ની આજ્ઞામાં જ છીએ અને તેથી તો તેઓશ્રીએ અમોને અન્ય આચાર્ય સ્થાપવાની આજ્ઞા કરી હતી અને તેઓશ્રીની તે આજ્ઞાનું પણ અમોએ સં૦ ૧૬૭૩ માં અન્ય આચાર્ય બનાવીને પાલન કરી બતાવ્યું છે' એમ કહેતા હતા તે દાંભિક હતું અને પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦, તેઓને સં૦ ૧૬૨૮ થી જ પૂ૦ આ શ્રી વિજયસેનસૂરિજી મ૦ સાથે આંતરભેદવાળા માનતા હતા તે સાચું હતું."

નવા આચાર્ય અંગે પૂ૦ મુની શ્રી વિદ્યાવિ૦ મ૦નું અસ્પષ્ટ પર્યાલોચન.

'**ઐતિહાસિક રાસ સંગ્રહ**' (વિજયતિલકસૂરિ રાસ) **ભા૦ ૪ ની** શરૂઆતમાં '**નિરીક્ષણ**' શીર્ષકતળેના ઉપક્રમના પ૦ ૨૨ થી ૨૩ સુધીમાં ઇતિહાસવેત્તા પૂ૦ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે વિજયતિલકસૂરિ રાસમાંથી ઉપરોક્ત પ્રસંગના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દોહનરૂપે જણાવેલ છે કે –"×××સોમવિજય વગેરે ઉપાધ્યાયોએ મળીને નવા આચાર્ય સ્થાપન કર્યા. આ નવા આચાર્ય તે વિજયતિલકસૂરિ, જેમનું નામ રામવિજય હતું. સં૰ ૧૬૭૩ ના પોષ શુદિ ૧૨ ના દિવસે 'આચાર્યપદ' આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એટલું વિચારવું પડશે કે – રામવિજયજી તે વખતના પ્રસિદ્ધ વિદ્વાન્ સાધુઓ પૈકીના એક નહોતા. તે વખતે સોમવિજયજી, ભાનુચંદ્રજી, સિદ્ધિચંદ્રજી વગેરે ઘણા વિદ્વાન્ ઉપાધ્યાયો અને સાધુઓ હતા. ખાસ કરીને સોમવિજયજી ઉપાધ્યાય કે– જેઓને કવિ (દર્શન વિ૰)એ પોતાના પક્ષના એક આગેવાન તરીકે ઓળખાવ્યા છે, મુખ્ય હતા, છતાં તેઓને આચાર્યપદવી ન આપવામાં આવી અને રામવિજયજી નામના અપ્રસિદ્ધ સાધુને શોધી કાઢયા, એનો હેતુ શો હશે, એ રાસ ઉપરથી (સીધું) વ્યક્ત થતું નથી. વળી ગચ્છના નાયક વિજયસેનસૂરિજીની અન્તિમ ભલામણો, કે જેને રાસકાર કવિએ ઉદ્લેખી છે, તે ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ, ત્યારે પણ એમ જ જણાય છે કે **રામવિજયજીને** આચાર્યપદવી આપવામાં તેમનો કંઈ પણ ગુપ્ત સંકેત હોવો જોઇએ. કારણ કે ગચ્છનાયકે અંતિમ ભલામણોમાં કહ્યું છે કે–

'સોમવિજય વાચકપતિ, મુજ મનિ જિમ ગુરુ હીર; તિમ સહુ સંઘ આરાધયો, થાયો સાહસ ધીર રે ૬૬૧' ગચ્છનાયક જેઓને આટલું બધું માન આપે, તેઓને આચાર્યપદવી નહિ આપવામાં શું સંકેત હશે, એ કંઈ કહી શકાતું નથી."

નવા આચાર્ય અંગે આ લેખકનું સ્પષ્ટ પર્યાલોચન

વિ૰ સં૰ ૨૦૧૧માં મારા તરફથી સંસ્કૃતમાં પ્રતાકારે સાનુવાદ પ્રસિદ્ધ થયેલ શ્રી કુમતા-હિષજાંગુલિમંત્રતિમિરતરણિ' ગ્રંથના પૃ૰ ૪૬ ઉપર કવિ શ્રી દર્શનવિ૰ ગણિકૃત **શ્રી વિજયતિલકસૂરિરાસ'** ના દોહન રૂપે "પૂ૰ વિજયસેનસૂરિજીએ, પૂ૰ હીરગુરુમ૰ના વિદ્વાન શિષ્ય પૂ૰ મહો૰ શ્રી સોમ વિ૰ મ૰ને આચાર્યપદ નહિ દેતાં પૂ૰ પં૰ શ્રી વિદ્યાવિ૰મ૰ને વિજયદેવસૂરિ નામ સ્થાપીને આચાર્યપદ આપ્યું ત્યારથી જ અંદરખાનેથી પૂ૰ ઉપા૰ શ્રી સોમવિજયજી વગેરે અનેક મહર્ષિઓ ગચ્છનાયક પૂ૰ વિજયસેનસૂરિજી મ૰ની પણ વિરુદ્ધ રહેતા હતા." એમ પ્રસિદ્ધ થએલ છે.

સં૰ ૨૦૧૧ની તે પ્રસિદ્ધિને આ ઉપર દર્શાવેલ પૂરાવા નં૰ ૨ને છેડે જણાવેલ 'પૂ૰ સેનસૂરિજી મ૰ સામે પૂ૰ મહો૰ શ્રી સોમવિજયજી મહારાજે સં૰ ૧૬૬૯માં મોટો મતભેદ ઉભો કર્યો, એ ઐતિહાસિક બીના, સત્ય ઠરાવે છે. પૂ૰ શ્રી સેનસૂરિજીમ૰ ના સ્વર્ગગમન (સં૰ ૧૬૭૧ના જે. શુ. ૧૧)થી ૨॥ વર્ષ પહેલા પૂ૰ મહો૰ શ્રી સોમવિજયજી મહારાજે પૂ૰ ગચ્છનાયક સામે ઉભા કરેલા મોટા મતભેદને લીધે 'તેઓશ્રી સેનસૂરિજીમ૰થી અંતરથી ભિન્ન હતા.' એ હકીકત તેઓશ્રીના હાથેજ બહાર આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવા પામી! અને તે સાથે 'સં૦ ૧૬૨૮માં તેઓશ્રીને બદલે અન્યને આચાર્ય બનાવ્યા તેથીજ તેઓશ્રી અંતરથી ગચ્છનાયકની વિરૂદ્ધ રહેતા.' એ વાત પણ સુજ્ઞ મુનિરાજોની સમજમાં અર્થાપત્તિથી વસી જવા પામેલ!

ત્યારબાદ અઢી વર્ષે પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મહારાજ સ્વર્ગે સીધાવ્યા કે તરતજ પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ના નેતૃત્વતળે પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્રગણિ, સિદ્ધિચંદ્રગણિ, રત્નચંદ્રગણિ, ઉ૦ કીર્ત્તિવિ૦ગણિ, નંદિવિજયગણિ, શ્રી ધર્મવિજયજી, શ્રી નયવિજયજી વગેરેના બનેલા **ઉપાધ્યાય પક્ષે** પૂ૦ સ્વ૦ આ૦ શ્રી સેનસૂરિજીમ૦ના પટોધર ગચ્છાધીશ્વર પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ની આજ્ઞા તજી દઇને તેઓશ્રીની સામે પોતાના અલગ પક્ષ સ્થાપ્યો.

ઇતિહાસના હેતુગર્ભિત સાર મુજબ—"તે ઉપાધ્યાય પક્ષે પોતાના નેતા પૂ૦ ઉપા. સોમ વિ૦ મ૦ ને પક્ષના આચાર્ય થવા સતત પણ વીનવેલ, પરંતુ તે વિનતિના સ્વીકારમાં પોતાની પૂર્વોક્ત સૂરિપણાની વર્ષો જુની ભાવનાને છેલ્લા અઢી વર્ષથી સમજી જવા પામેલા સુજ્ઞ મુનિરાજોની તે મનોગત સમજ, પોતાના જ હાથે સાચી ઠરતી હોવાના ભયે તેઓશ્રીએ તે વિનતિનો સ્વીકાર તો ન જ કર્યો, પરંતુ 'પોતાને તો તેવી ભાવના છે જ નહિ' એ પ્રકારની છાપ ઉભેસાડવા સારૂ સ્હામેથી પક્ષના સહુ ઉપાધ્યાયો આદિ મુનિરાજો સામે 'આપણામાંના કોઇપણ મુનિરાજના ગુરૂ-કાકાગુરૂ-ગુરૂભાઈ--વડિલ શિષ્ય કે પ્રશિષ્યાદિ કહેવાતા ન હોય તેવા કોઇ વિદ્વાન મુનિને આપણે આપણા આચાર્ય બનાવવા' એ મુજબનો પ્રસ્તાવ રજુ કર્યો હોય, અને તે સાથે જ પૂ. સહુ મુનિઓએ તે પ્રસ્તાવને સાદર સ્વીકારી લઇને તદનુસાર વિદ્વાન મુનિની ચોમેર તપાસ કરવા માંડેલ હોય અને તે તપાસમાં રા૫ વર્ષ પસાર થઇ જવા પામ્યું હોય એટલે છેવટે સૌને સંમત એવા એક અપ્રસિદ્ધ સાધુ મળી જવા પામ્યા જેનું નામ **પં૦ રામવિજય** હતું. તે મુનિરાજને તે પક્ષે, સં૦ ૧૬૭૩ ના પોષ શુદિ ૧૨ના દિવસે શીરોહી મુકામે મુસલમાન સુબાની ઘણી પોલીસના સખત બંદોબસ્ત વચ્ચે 'શ્રી **વિજયતિલકસૂરિજી**' નામ આપીને પોતાના જુદા આચાર્ય સ્થાપ્યા."

૧ સ્ફુટનોટ— 'પટ્ટાવલી સમુચ્ચય' ભા. ૨ (પૂરવણી) પૃ૦ ૨૬૪ (૬૦) **વિજયતિલકસૂરિ** વીસનગરના વીસા પોરવાડ શા, દેવજી અને તેની પત્ની જયવંતીને ૨ પુત્રો અને રામજી નામે બે પુત્રો હતા. આ ચારે જણે આ૦ શ્રી સેનસૂરિજીના હાથે ખીમપમાં (ગુરૂ કર્યા વિના) દીક્ષાં લીધી તે પૈકીનાં પુત્રોનું નામ ૧ રત્નવિજય, ૨ રામવિજય રાખ્યું. **મુનિ રામવિજયનો** જન્મ સં૦ ૧૬૫૧, દીક્ષા સં. ૧૬૬૨, રામવિજયજી બુદ્ધિશાલી હતા. એટલે (સ્વયં) શાસ્ત્રો ભણી સં. ૧૬૬૩માં (સ્વયં?) પંન્યાસ થયા હતા તેમને ઉપા. સોમવિ. વગેરે એ સં. ૧૬૭૩માં શિરોહી વડગચ્છના ભ. વિજય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુંદરસૂરિના વાસક્ષેપથી સૂરિપદ આપ્યું, આ. શ્રી વિજયસેનસૂરિની પાટે સ્થાપ્યા અને તેમનું નામ **વિજયતિલકસૂરિ** રાખ્યું. તેઓ સં. ૧૬૭૬માં સ્વર્ગે ગયા.

પૂરવણી નં૦ ૧–'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પૃ૦ ૯૧–" તે બાદશાહ (જહાંગીર) સં. ૧૬૭૪માં માંડવગઢ રહ્યો. પં૦ **સિદ્ધિચંદ્રગણિ (સં૦ ૧૬૭૩ માં) શિરોહીમાં ઉપાધ્યાય બની ત્યાં પહોંચી ગયા. અને તેમણે બાદશાહને ભંભેર્યો કે** આ. વિજયસેનસૂરિની ગાદીએ વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા છે, પણ પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી. આથી બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક બનાવ્યા છે. વગેરે વગેરે. "

એ ઇતિહાસનો ઉકેલ આ તરી આવે છે કે " સં. ૧૬૪૯માં અકબર બાદશાહની સભામાં બ્રાહ્મણોને વાદમાં પરાભવિત કરવાથી પ્રસન્ન થએલા તે બાદશાહે જેઓશ્રીને જગદ્‌ગુરુ પૂ. વિજયહીરસૂરિજીમ. કરતાંયે સવાયા માનીને '**સવાઈ હીર**'નું બિરૂદ આપવા પૂર્વક પોતાના દિલમાં જેઓશ્રી પ્રતિ પૂ૦ હીરસૂરિજી કરતાંયે સવાયા સંત તરીકેનો પ્રેમ વસાવ્યો હતો તે પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી પ્રતિનો પ્રેમ, તે બાદશાહના પુત્ર જહાંગીર બાદશાહના હૃદયમાં પણ વારસામાં જેવોને તેવો જ હતો. તે બાદશાહ જહાંગીરના કાને જો–'આ રીતે શ્રી ભાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજીએ તે પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે પોતાની પાટે સ્થાપેલા આ૦ શ્રી વિજયદેવસૂરિજીનો એકાએક અનાદર કરવા રૂપે પોતાના બીજા આચાર્ય સ્થાપેલ હોવાની વાત, આ. શ્રી દેવસૂરિજીમ. તરફથી પ્રથમ પહોંચી જશે તો જહાંગીર પાસે પોતાનું સ્થાન જ નહિ રહે.' ઇત્યાદિ વિચારીને (શિરોહીમાં તે તિલકસૂરિ નામે પોતાના નવા આચાર્ય કર્યા કે તુરતજ) ઉ. શ્રી ભાનુચંદ્રજીએ, બાદશાહના કાને મુખ્યત્વે પહેલી–'અમે તેમની આજ્ઞા તજીને નવા ગચ્છનાયક બનાવ્યા છે, એ સાચી વાત નાખવાને બદલે 'બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજીને નવા આચાર્ય બનાવ્યા છે' એ વાત નાખવા સારૂ શિરોહીથી ઉપા. સિદ્ધિચંદ્રજીને માંડવગઢ મોકલ્યા હતા. "

પૂરવણી નં૦ ૨–'જૈ. પ. ઈ. ભા૦ ૩ પૃ૦ ૭૯૭' ઉપરના એ અધિકાર-સંબંધક ઇતિહાસના પેરા ત્રણમાં જણાવેલ–" તે પછી ઉપા. ભાનુચંદ્રગણિવરે સં. ૧૬૭૩ માં ઉપા. સિદ્ધિચંદ્રને માંડવગઢ મોકલી પોતે મારવાડ ગયા અને તે સૌ સં. ૧૬૭૪માં બુરહાનપુર આગરા જઈ આવ્યા અને તે પછી તેઓએ જીવનનો મોટો ભાગ ગુજરાતના વીજાપુર પાસેના 'સંઘપુર' ગ્રામમાં વીતાવ્યો અને ત્યાં રહીને તેઓએ વિવિધગ્રંથો બનાવ્યા. "

એ ઇતિહાસનો ઉકેલ પણ આ સ્પષ્ટ છે કે–'સં. ૧૬૭૩માં શિરોહીથી પૂ. ઉપા. શ્રી સિદ્ધિચંદ્રજી મારફત માંડવગઢ મુકામે ઉપરોક્ત પુરવણી નં. ૧ વાળા ઇતિહાસમાંનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભેદ, જહાંગીર બાદશાહના કાને પહોંચતો કરીને પૂ. ભાનુચંદ્રજી, (કોઈ સ્થળે માંડવગઢ ગયાનું કથન છે. પરંતુ આ ઇતિહાસ મુજબ તે ભ્રામક ઠરતું હોઈને) માંડવગઢ નહિ જતાં મારવાડ ગયા; અને માંડવગઢથી પૂ. ઉપા. શ્રી સિદ્ધિચંદ્રજીએ બાદશાહના ફરમાનથી પૂ. ઉપા. શ્રી ભાનુચંદ્રજીને મારવાડથી આગરા મુકામે તુરત આવવાનું જણાવવાથી પૂ. ઉપા. શ્રી ભાનુચંદ્રજીગણિ સં. ૧૬૭૪માં મારવાડથી આગરા આવ્યા અને આગરાથી થએલા ફરમાનથી તેઓશ્રીને તે સં. ૧૬૭૪ થી અનુમાને સં. ૧૭૨૫ સુધીનો જીંદગીનો મોટો ભાગ એટલે કે જીવનના શેષ ૫૧ વર્ષ ગુજરાતના **'સંઘપુર'** નામના એક ગામડામાં જ રહેવું પડયું છે."

પ્રસ્તુત ઇતિહાસ, પ્રસિદ્ધાપ્રસિદ્ધ સાધનોના સારરૂપે વિસ્તારથી આ પ્રમાણે સમજી શકાય કે "સં. ૧૬૭૩માં પોતાના નવા આચાર્ય સ્થાપવાની વાત, પૂ. ઉ. શ્રી ભાનુચંદ્રજીએ, ઉ. શ્રી સિદ્ધિચંદ્રજી દ્વારા માંડવગઢ મુકામે બાદશાહના કાને જે પ્રકારે પહોંચાડી હતી, તે પ્રકારની વાત શ્રી સિદ્ધિચંદ્રજીના મુખેથી સાંભળીને તે જહાંગીર બાદશાહ (પોતાના સદંતર અપરિચિત એવા) પૂ આ. શ્રી વિજયદેવસૂરિજી મ. ઉપર અત્યંત રોષે ભરાયો અને તેથી તે સં. ૧૬૭૩ના ચોમાસામાં જ તેમણે 'ખંભાતથી માંડવગઢ આવીને પોતાની પદવીમાં તેમજ બીજી શાસ્ત્રીય બાબતોમાં પોતે નવા આચાર્ય વિજયતિલકસૂરિ કરતાં સાચા છે, એમ મારી રૂબરૂ સાબિત કરવું' એ પ્રકારનું તાકીદનું ફરમાન, પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજને ખંભાત મોકલ્યું !

આથી પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મ.ને ખંભાતથી ચોમાસામાં જ સસમુદાય વિહાર કરીને માંડવગઢ પધારવું પડયું અને ત્યાં તે બાદશાહની રૂબરૂજ નવા આ. શ્રી વિજયતિલકસૂરિજીની સાથે ચર્ચામાં પણ ઉતરવું પડયું !! પરિણામે નવા આચાર્ય, પદવી વગેરે તમામ બાબતોમાં ખોટા ઠર્યા અને તે સાથે પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજી પણ —બાદશાહને શીરોહીથી આવીને પ્રથમ જણાવેલી વિજયદેવસૂરિની અયોગ્યતાની —વાતમાં ખોટા ઠર્યા !!!

એથી બાદશાહને મન એમ નક્કી વસ્યું માનવું રહે કે– 'આ બંને સંતો, પોતાની ખોટી વાતને મારી મારફત સાચી ઠરાવવા સારૂ દેવસૂરિજી જેવા સત્યનિષ્ઠ મહાસંતને મારા જ હાથે કષ્ટમાં ઉતરાવવા સુધીની મારી સાથે પણ ઠગાઈ કરનારા છે' પરિણામે બાદશાહે 'ભાનુચંદ્રને જયાં હોય ત્યાંથી આગરા મુકામે તુરત હાજર કરો' એમ પણ પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીને જણાવ્યું હોય અને તેથી ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીએ પૂ૦ ઉપા૦ ભાનુચંદ્રજીને તે મુજબ મારવાડપ્રદેશસ્થિત સ્થાને જણાવ્યું હોય અને તેથી જ પૂ૦ મહો૦ ભાનુચંદ્રજી આદિ સૌ મારવાડથી પાછા સં૦ ૧૬૭૪ ['વિજયતિલકસૂરિરાસ'ના કર્તા પૂ૦ દર્શનવિ૦ ગણિસ્થિત બુરહાનપુર થઈને] આગરા આવ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે તુરત જ બાદશાહે તેમની સામે ('પ્રશ્નણાવિચાર' ગ્રંથમાં જણાવ્યા મુજબ) નવા આચાર્ય વિજયતિલકસૂરિની કરેડી સ્થિતિ કરી તેમનું આચાર્યપદ ફેરફાર કર્યું હોય અને પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રગણિના લાગલાગટ ૨૫ વર્ષના ઉપકારને લક્ષમાં લઈને તેઓશ્રી બંનેને એટલે કે- પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્ર ગણિ તથા પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજી ગણિને 'નિર્વાહ થાય તેવા કોઈ એક અપ્રસિદ્ધ ગામમાં જ હવે પછીનું તમારું જીવન તમારે વ્યતીત કરવું' એમ આજ્ઞા ફરમાવી હોય; અને તેથી જ તે સં૦ ૧૬૭૪ થી ૧૭૨૫ સુધીનું માની શકાતું ૫૧ વર્ષનું શેષ જીવન તેઓશ્રીએ, સંઘપુરમાં જ વીતાવવું પડયું હોય

'કાવ્ય પ્રકાશ ખંડન' વગેરે અનેક ગ્રંથો, સં૦ ૧૭૨૨ સુધીમાં પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્ર ગણિવરની વિદ્યમાનતામાં 'સંઘપુર' ગામે રચાયેલ હોવાનું પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીએ, તે તે ગ્રંથોની પ્રશસ્તિમાં જણાવ્યું હોઈને તેના આધારે ઉપર્યુક્ત લખાણમાં ઉપા૦ શ્રી ભાનુચંદ્રજી ગણિવરની વિદ્યમાનતા અનુમાને સં૦ ૧૭૨૫ સુધી જણાવેલ છે. પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીની વિદ્યમાનતા તો કદાચ તે કરતાં પણ વધુ વર્ષો પર્યંત હોઈ શકે.

શ્રી તિલકસૂરિરાસમાંની બીનાઓ અશ્રદ્ધેય ઠરે છે.

ઉપર જણાવેલ-પૂરવણી નં૦ ૨ વાળા-'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પેજ ૭૬૭ ઉપરના પ્રસ્તુત ઇતિહાસના પેરા ત્રીજામાંની ઐતિહાસિક બીનાગત ભેદપ્રભેદમય વિસ્તૃત લખાણવડે એ વાત સ્પષ્ટ થઈ જવા પામેલ છે કે- સં૦ ૧૬૭૩ માં શીરોહી મુકામે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોએ પોતાના નવા આચાર્ય સ્થાપ્યા પછી સં૦ ૧૬૭૩ માં શીરોહીથી માંડવગઢ મુકામે બાદશાહના કાન ભંભેરવા કેવલ પૂ૦ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજી જ ગયેલ છે; પરંતુ પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્ર ગણિવર ગયા નથી.

આથી કવિ દર્શનવિ૦ ગણિકૃત- 'શ્રી વિજયતિલકસૂરિરાસ'માંની- 'તાસ આદેશ લહી કરી, શ્રી નંદિવિજય ઉવજ્ઝાય; માલવદેસિ સિધાવીઆ; માંડવી મન ઉચ્છાય.' એ ૧૩૦૦ મી ગાથાથી પ્રારંભીને- 'અહેદીને સમજાવી ચલાવઈ, તવ અહેદ્દી માંડવિ આવઈ; ભાણુચંદનઈ પાયે પ્રણમઈ, તવ ભાણુચંદ હજરતનેં વીનવઈ.' એ કડી ૧૩૬૦ સુધીમાં જણાવેલી બીનાઓ શ્રદ્ધેય ઠરી શકતી નથી.

અને તે આ પ્રમાણે—

કડી ૧૩૦૦-"વિજયતિલકસૂરિની આજ્ઞાથી નંદિવિજય વાચક ઉલ્લાસથી વિહાર કરી માલવદેશે માંડવગઢ ગયા"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમાલોચના-ઉપા૦ ભાનુચંદ્રજી, જહાંગીરના ચિરપરિચિત હતા, તેમણે સં૦ ૧૬૭૩ માં ઉપા૦ સિદ્ધિચંદ્રજીને શીરોહીથી માંડવગઢ મોકલ્યા તે નવા આચાર્ય વિજયતિલકસૂરિજીની આજ્ઞા લઈને જ મોકલ્યા હોય. એ પછી 'વિજયતિલકસૂરિરાસ' કારનાં કથન મુજબ ઘડીભર માની પણ લઈએ કે- તે નવા આચાર્ય અમદાવાદ આવ્યા; તો પણ તેઓશ્રી તો શીરોહીથી ઉપા૦ સિદ્ધિચંદ્રજી માંડવગઢ ગયા હોવાનું જાણતા હોવાથી તેમ જ તેઓશ્રી, જહાંગીરના સદંતર અપરિચિત હોવાથી તે નૂતન આચાર્યશ્રીને તો અમદાવાદથી નંદિવિજય વાચકને જહાંગીરના મીલન અર્થે માંડવગઢ મોકલવાનો વિચાર થવો પણ અસંભવિત લાગે છે અને તેથી કવિ દર્શનવિજયજીએ જણાવેલી ઉપરોકત ૧૩૦૦ મી "તેઓશ્રીએ નંદિવિજય વાચકને માંડવગઢ મોકલ્યાની વાત" લવલેશ શ્રધ્ધેય બની શકતી નથી.

કડી૧૩૦૧ થી ૪- "ત્યાં નંદિવિ૦ વાચકને જહાંગીર બહુ આદરથી ભેટયો અને કહ્યું કે-'કિરતારને આપકા મિલન કરાયા વહ ભલા[1] કિયા, ઔર આપકો દેખનકે સાથ મેરે ચિત્તમેં ભાણચંદ[2] આયા. ઉનકો[3] યહાં અબી બુલાઓ, કિ જિસે ઉનકો દેખ કર બ્હોત આનંદ પાવે. (૧૩૦૧-૨) કાર્ય કરવાને સમર્થ એવા બે મેવડા[4] (કાસદ) બાદશાહનું ફરમાનપત્ર લઈને અમદાવાદ આવ્યા, ત્યાં મકરૂબખાનને ફરમાનપત્ર આપ્યું, મકરૂબખાન તે પત્ર વાંચી ગુરૂ (વિજયતિલકસૂરિ) પાસે આવ્યા ગુરૂએ સિરોહીથી[5] ભાનુચંદ્રને બોલાવ્યા અને શિરોહી ધર્મવિજયજી વાચકને મોકલ્યા. તેજપાલ મેતા મનમાં ખુશી થયા."

સમાલોચના- (૧)-ઉપરની વાતમાં બાદશાહે તો નંદિવિ૦ વાચકને-'કયાંથી **અને કેમ આવાગમન થયું?**' એ વગેરે કાંઈ જ પૂછયું નથી, તે બનવાજોગ નહિ હોવાથી નંદિવિ૦ વાચક ત્યાં ગયાની વાત શ્રદ્ધેય જણાતી નથી, (૨)-ઉપરની વાતમાં-'શ્રી વિજયતિલકસૂરિએ જહાંગીરના કાને નાખવા જે વાત જણાવી હોય તે વાત, નંદિવિ૦ વાચકે તો જહાંગીરના કાને નાખી હોવાની ગંધ પણ નહિ હોવાથી' નંદિવિજય વાચક ત્યાં ગયા હોવાની વાત શ્રધ્ધેય ઠરતી નથી. (૩)-**અગાઉ પૂરવણી નં. ૨ ગત ઇતિહાસ મુજબ**-'સં૦ ૧૬૭૧ ની આખરે જહાંગીરે ઉપા૦ ભાનુચંદ્રજીને જે શરતે શ્રી સિદ્ધિચંદ્ર ગણિનો મેલાપ કરી આપેલ, તે શરતનાં પાલનરૂપે ઉપા૦ ભાનુચંદ્રને શ્રી સિદ્ધિચંદ્રગણિ સહિત સં૦ ૧૬૭૨ માં આગરા છોડી મારવાડમાં ઝાલોર ચોમાસું કરવું પડયું હતું. એ સ્થિતિમાં એ જ જહાંગીર, નંદિવિ૦ વાચકને-'ભાણચંદકો યહાં અબી બુલાઓ, કિ-જિસે ઉનકો દેખકે મુઝે બ્હોત આનંદ પાવે' એમ જણાવે તે સંભવિત નહિ હોવાથી પણ નંદિવિ૦ વાચક ત્યાં ગયા હોવાની વાત શ્રધ્ધેય લેખાવા પામતી નથી (૪)-જહાંગીરે ઉપા૦ ભાનુચંદ્રને આગરા બોલાવવાનું નંદિવિ૦ વાચકને કહ્યું હોઈ ઉપા૦ ભાનુચંદ્રને નંદિવિ૦ વાચકે બોલાવવા ઘટે, તેના બદલે છે રાસગત ઉપરોક્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કડીની વાતમાં જે- 'જહાંગીરે બે મેવડા (કાસદ) મોકલીને તેમને બોલાવ્યાં' એમ જણાવેલી વાત સંગત નહિ હોવાથી તેમ જ નંદિવિ૦ વાચકને 'ઉપા૦ ભાનુચંદ્રજી મારવાડમાં છે' તે વાત ધ્યાનમાં હોય જ, તેથી નંદિવિ૦ વાચકે જ જહાંગીરને 'મેવાડને મારવાડ મોકલવાનું' જણાવવું રહે: છતાં તેમ કેમ જણાવ્યું નહિ? વળી 'ઉનકો યહાં અબી બુલાઓ' એવી (રાસકારના કહેવા મુજબની) ભાનુચંદ્રજીને મળવાની તીવ્ર ઉત્કંઠાવાળા જહાંગીરે, મેવડાઓને (મારવાડ મોકલવાને બદલે) પોતાના તદ્દન અપરિચિત એવા નવા આચાર્ય તિલકસૂરિજી પાસે મોકલવાનું કોઈ પ્રયોજન નહિ હોવાથી પણ નંદિવિ૦ વાચક માંડવગઢ ગયા હોવાની વાત શ્રદ્ધેય ઠરે તેમ નથી. તેમ જ (૫)-અગાઉ જણાવેલ પૂરવણી નં૦ ૨ ગત ઇતિહાસ મુજબ-સં૦ ૧૬૭૩ માં શિરોહીથી ઉપા૦ સિદ્ધિચંદ્રજીને માંડવગઢ મોકલી ઉપા૦ ભાનુચંદ્રજી તો મારવાડ ગયા હોવાથી 'વિજયતિલકસૂરિએ ઉપા૦ ભાનુચંદ્રજીને શિરોહીથી (માંડવગઢ નહિ મોકલતાં અમદાવાદ) બોલાવ્યા' એ વગેરે વાત પણ અસંભવિતને સંભવિત લેખાવતી હોવારૂપે અશ્રદ્ધેય જણાય છે, અને તેથી તે કડી ૧૩૦૧ થી ૧૩૦૪ મંની અમદાવાદથી શ્રી ધર્મવિજય વાચકને શિરોહી મોકલવાની તથા તેજપાલ મેતા મનમાં ખુશી થયા વગેરેની વાતો તો આકાશકુસુમવત્ જ સમજવી રહે છે

એ પ્રમાણે રાસકાર શ્રી દર્શનવિ૦ ગણિએ '**વિજયતિલકસૂરિરાસ**'માં જણાવેલી ત્રણ વાચકો અંગેની પાંચેય બીનાઓ યથાર્થ ઠરતી નહિ હોવાની સાથે વિજયતિલકસૂરિએ- '૧ અમદાવાદથી નંદિવિ૦ વાચકને માંડવગઢ મોકલ્યા, ૨-ભાનુચંદ્રવાચકને શિરોહીથી અમદાવાદ બોલાવ્યા અને ૩-ધર્મવિ૦ વાચકને શિરોહી મોકલ્યા' એ ત્રણેય વાતો તો આપોઆપ જ અયથાર્થ ઠરી જવા પામે છે.

કડી ૧૩૦૫ થી ૧૩૦૮- (૧) ભાનુચંદ્રજીએ તેજપાલ મહેતાની સહાયથી પોતાના ગુરુ (વિજયતિલકસૂરિ)ની આજ્ઞા પ્રવર્ત્તાવી, અધિકારીઓની સહાયથી સર્વ દેશ હાથ કર્યો અને (૨)-તે દેશ ધર્મવિ૦ વાચકને ભળાવી પોતે (૩)-૧૦૧ મુનિના સમૂહ સાથે (૪)-અમદાવાદ આવાગમન કરીને ગુરૂ (વિજયતિલકસૂરિ)ને વંદના કરી ××× કડી ૧૩૦૫-૬ વિજયતિલકસૂરિએ તેમને ગુરૂવચનકારીનું બહુમાન આપ્યું. (૫) 'વાચક આવ્યા છે' એમ મકરૂણખાનને મેવડે (કાસદે) ખબર આપ્યા. (૬)-ખાન આવીને વાચકને મળ્યા, અને 'આપને બાદશાહ બંતથી બોલાવે છે, અને એટલે માટે તેમણે આગરાથી આવેલ તે મેવડા (કાસદ) સાથે આ ફરમાન મોકલ્યું છે' એમ ઉલ્લાસભેર જણાવ્યું. કડી ૧૩૦૭મા (૭)-એટલે ભાનુચંદ્રજી અમદાવાદથી સિદ્ધિચંદ્રજીને સાથે લઈ શીઘ્રપણે માંડવગઢ આવ્યા અને બાદશાહને પોતે આવ્યાના ખબર આપ્યા. કડી ૧૩૦૮"

સમાલોચના -(૧)આ શિરોહીનિવાસી તેજપાલ મ્હેતા, મહામંત્રી વસ્તુપાલ તેજપાલ જેવા સમર્થ અને દાનેશ્વરી તથા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના અનન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભક્ત તરીકે ઇતિહાસ પ્રસિદ્ધ સુશ્રાવક છે. આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ને 'પોતાનું **સામર્થ્ય બતાવી આપવા સારૂ તેઓશ્રીનાં સ્થાને તેઓશ્રીના તે સમર્થ ભક્ત શ્રાવક દેખતા રહે અને શિરોહીમાં પોલીસના કડક બંદોબસ્ત પૂર્વક પોતાના જુદા આચાર્ય સ્થાપનાર** આ ઉપા૦ ભાનુચંદ્રજીને તેમના તે જુદા સ્થાપેલ આચાર્યની આજ્ઞા પ્રવર્ત્તાવવામાં તે મહેતા સહાય કરે અને અધિકારીઓ દ્વારા તે સર્વ દેશ તેમને હાથ કરાવી દે, તે પ્રાણાંતેય બનવું સંભવિત જણાતું નથી. (૨)–અગાઉ ૧૩૦૪ મી કડીના અર્થની સમાલોચનામાં સ્પષ્ટ કરી આપ્યા મુજબ –તે સમયે ઉપા૦ શ્રી ભાનુચંદ્રજી મારવાડ હોવાથી અમદાવાદથી ધર્મવિ૦ વાચકને શિરોહી જવું જ રહેતું નહિ હોઈને તેઓ શિરોહી ગયા જ સંભવતા નથી અને તેથી તે દેશ, તે વખતે મારવાડ બિરાજતા શ્રી ભાનુચંદ્રજીએ તેઓને ભળાવ્યાની વાત પણ અસ્થાને જણાય છે. (૩) –સં૦ ૧૬૩૯ થી ૬૨ સુધી બાદશાહ પાસે રહ્યા હોવાથી પૂ૦ ભાનુચંદ્રજીને પાટણના સં૦ ૧૬૬૮ના ચોમાસા સુધીમાં શિષ્યોની સંખ્યા ઇતિહાસના અનુમાને સાત –આઠ લેખાતી હતી અને સં૦ ૧૬૬૯ થી ૭૨ સુધી આગરા રહ્યા તે દરમ્યાન અને પછી સં૦ ૧૬૭૪ ના માલપુરના ચાતુર્માસ સુધીમાં થવા પામેલ જણાતો વીશક શિષ્યોનો વધારો તે સંખ્યામાં જણાવવાને બદલે ૯૩નો વધારો તો કવિ દર્શનવિ૦ ગણિને સ્વપ્નમાં ભાસ્યો લાગે છે. (૪) રાસકારના કથન મુજબ શ્રી વિજયતિલકસૂરિજી શિરોહીથી સં૦ ૧૬૭૩ માં અમદાવાદ આવ્યા હોવાથી અને આગળ જણાવેલા અન્ય ઇતિહાસ મુજબ ઉપા૦ ભાનુચંદ્રજી, તે વર્ષે શીરોહીથી મારવાડ ગયા હોવાથી રાસકારની –'તે વર્ષે શિરોહીથી ભાનુચંદ્રજીએ અમદાવાદ આવીને ગુરૂને વંદન કર્યું અને ગુરૂએ અમદાવાદમાં તે વાચકનું બહુમાન કર્યું' એ વગેરે વાત પણ આકાશકુસુમવત્ જણાય છે. (૫)–જહાંગીરે માંડવગઢથી મોકલેલ મેવડો, શિરોહીથી વાચક આવ્યાની અમદાવાદના ખાનને ખબર આપવા સારૂં પંદરેક દિવસ સુધી અમદાવાદ રોકાયેલ હોવાનું જણાવતું કવિનું આ આલેખન, પક્ષમોહને કારણે યદ્વાતદ્વા હાંકયે જ રાખવાની ધુનમાં થયું લાગે છે. (૬)–અમદાવાદના ખાન, 'મારવાડસ્થિત શ્રી ભાનુચંદ્રને તે સં૦ ૧૬૭૩ માં અમદાવાદ મળે અને તેઓશ્રીને બાદશાહના આમંત્રણની વાત જણાવે' એ વાત સંગત નથી. (૭)–જૈન પરંપરાના ઇતિહાસ ભાગ–૩ માંના પૂર્વોક્ત કથન મુજબ જે ઉપા૦ શ્રી ભાનુચંદ્રજી, સં૦ ૧૬૭૩ માં શિરોહીથી જ ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીને માંડવગઢ મોકલે છે તે જ શ્રી સિદ્ધિચંદ્રજીને તે સં૦ ૧૬૭૩ ની સાલમાં અમદાવાદથી સાથે લઈને શ્રી ભાનુચંદ્રજી માંડવગઢ ગયા હોવાનું જણાવતી વાત તો પોતે જ પોતાનું કૃત્રિમપણું સૂચવે છે.

કડી ૧૩૦૯–૧૦–" મિલ્યા ભૂપનઈં ભૂપ આનંદ પાયા, ભલઈં તુમે ભલઈં અહીં ભાણચંદ આયા; તુમ પાસિથિઈં મોંહિ સુખ બહુત હવઈ, સહરિયાર ભણવા તુમ વાટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવઈ ॥૧૩૦૯॥ પઢાંએા અમ્હ પૂતકું ધમ્મ વાત, જિઉં અવલ સુણતા તુમ્હ પાસિ તાત;
ભાણચંદ કહિ મ તુમ્હ હેા હમારે, સબહિ થકી તુમ્હ હેા હમ્મહિ પ્યારે ॥૧૩૧૦॥

અર્થ :- (૧) ભાનુચંદ્રજી જહાંગીરને મળ્યા, (૨)- આથી જહાંગીર ખુશી થયેા, (૩) અને કહ્યું કે- 'અચ્છા તુમે ભાણચંદ! અહિં આયા સેા અચ્છા કીયા, તુમેરે પાસ મુઝે બહેાત સુખ હેાતે હૈઃ (૪)- હમારે પુત્ર સહરિયર પઢનેકે લિયે તુમેરી રાહ દેખતે હૈઃ (૫) જૈસે હમારે પિતા તુમેરે પાસ ધમ્મકી અચ્છી બાત સુનતે થે ઐસી ધર્મકી બાત હમારે પુત્રકું પઢાએા: **ભાણચંદ કહી મ (ભી) તુમ્હે હમારે હેા,** (૬)- **હમારેકેા તુમ્હ સબસે (જ્યાદા) પ્યારે હેા.**"

સમાલેાચના : —(૧) આ પહેલાંની ગાથામાં રાસકારે જણાવ્યું છે કે-"ભાનુચંદ્રજીએ, 'પેાતે માંડવગઢ આવી પહેાંચ્યા છે' એમ જહાંગીરને ખબર આપ્યા." તેા તે ખબર મળ્યેથી ખાસ આમંત્રણથી બેાલાવનાર જહાંગીર, સં૦ ૧૬૬૯ની જેમ પેાતે જ આવીને ભાનુચંદ્રજીને મળવેા જોઇએ; પરંતુ રાસકાર આ કથન મુજબ તેને બદલે સામેથી ભાનુચંદ્રજી પેાતે જહાંગીરને જઇ મળ્યા છે! કે જે વાત બંને માટે લઘુકારી હેાઇને બનવી જ અસંભવિત હેાવાથી શ્રદ્ધેય નથી. (૨) -રાસકારના કથન મુજબ જો વાચક, ખાસ આમંત્રણથી આવેલ છે, તેા તે વાચકને પેાતાની પાસે માનભેર લાવવા તેઓની સામે જહાંગીર, પેાતાના અબુલફઝલ જેવા શેખેાનેય ન મેાકલે અને માત્ર મ્હેલમાં બેઠેા જ ખુશી થાય, એ વાત કેાઇ અંશેય ગ્રાહ્ય થઇ શકે તેમ નહિ હેાવાથી રાસકારે ઉપરની વ તની જેમ વાતને પણ ઉપજાવી કાઢેલ માનવી રહે છે. (૩)- સં૦ ૧૬૬૯ માં પેાતાના ફરમાનથી ભાનુચંદ્રજી પાટણથી આગ્રા આવેલ ત્યારે પણ જહાંગીરે વાકય તેા, આ સં૦ ૧૬૭૩ નું 'ભલઈ તુમે ભલઇ અહીં ભાણચંદ આયા' એ જ બેાલીને આનંદ વ્યક્ત કર્યો હતેા; પરંતુ તે સાથે તેઓશ્રીનું ભારી આડંબરમય સામૈયું પણ કર્યું હતું : જ્યારે આ સં૦ ૧૬૭૩ માં પેાતાના ખાસ ફરમાનથી તે જ વાચકશ્રી પેાતાને પુનઃ આવી મળે ત્યારે જહાંગીર, સં૦ ૧૬૬૯ માંના પેાતાના તે જ વાકયને ઉચ્ચારીને માત્ર આનંદ વ્યક્ત કરે તે જેમ અસંભવિત છે, તેમ તે પછી સં૦ ૧૬૬૯ના અનુકરણ તરીકે તેઓશ્રીનું બાદશાહી સ્વાગત ન કરે એ પણ અસંભવિત હેાવાથી રાસકારની આ વાતમાં લેશમાત્ર તથ્યાંશ જણાતેા નથી. (૪)-આ પહેલાંની કડીમાં-નંદિવિ૦ વાચકને જહાંગીરે જણાવેલી 'હમણાં જ ભાનુચંદ્રજીને અહીં બેાલાવેા, કે- જેથી તેમના દર્શનથી મને બહુ આનંદ થાય' એ વાત, પેાતાને ભાનુચંદ્રજીના દર્શનની જ પિપાસા હેાવાની સૂચક છે. અને કવિ દર્શનવિ૦નાં કથન મુજબ શ્રી ભાનુચંદ્ર પણ જહાંગીરની તે ભાવનાની જ પુષ્ટિ અર્થે કવિના કહેવા મુજબ અમદાવાદથી માંડવગઢ શીઘ્ર પધાર્યા હેાય : ઉભયની એ લાગણી પ્રવર્ત્તતી હેાય તેમાં ભાનુચંદ્રજી માંડવગઢ આવે કે તરત જહાંગીરે તે વાચકને એ રીતે (દૂરથી બેાલાવેલા વેતનઅર્થી ધાર્મિક શિક્ષકને જણાવવાની જેમ) સીધી પેાતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રને ભણાવવાની સ્વાર્થપોષક વાત જણાવી હોવાની આકાશકુસુમ સમી બીના તો આ રાસકાર જ આલેખી શકે! (૫)–શ્રી ભાનુચંદ્રે અકબરને ધર્મોપદેશ આપેલ તેવો ધર્મોપદેશ અન્યને સંભળાવી શકાય; પરંતુ ભણાવી શકાય નહિ' એમ સમજનાર જહાંગીરે, શ્રી ભાનુચંદ્રને તેવો ધર્મોપદેશ પોતાના પુત્રને ભણાવવાનું કહ્યું હોવાનું રાસકાર કવિનું આ કથન મનસ્વી માનવું રહે છે. (૬) આગળ જણાવ્યું છે તેમ પૂર્વ શરત મુજબ સં૰ ૧૬૭૨ માં તો જહાંગીરે શ્રી સિદ્ધિચંદ્રજી સહિત ભાનુચંદ્રજીને આગરાથી વિદાય પણ કર્યા હોવાથી રાસકારે જહાંગીરનાં મુખમાં મૂકેલું 'હમારે તો તુમ સબસે પ્યારે હો' તે સં૰ ૧૬૭૩ નું વાકય કલ્પિત ઠરે છે.

રાસકારે સત્ય ઇતિહાસની આડે અંધારું જ પાથર્યું છે.

શ્રી વિજયતિલકસૂરિ રાસમાંની ૧૩૦૦ થી ૧૩૧૦ કડીઓની ઉપર્યુક્ત સમાલોચનાનું અવલોકન કર્યા બાદ વિદ્વાન વાચકોને એ વાત સ્વીકાર્ય બનશે કે "સં૰ ૧૬૭૩માં શિરોહીથી મારવાડ ગએલા શ્રી ભાનુચંદ્રજીને, મારવાડને બદલે માંડવગઢ ગયા લેખાવવા સારૂ તે રાસકાર કવિ શ્રી દર્શનવિ૰એ પ્રસ્તુત રાસમાં પૂર્વોક્ત વિસંવાદી ૧૦ ગાથાઓ જેવી અસત્ય ઇતિહાસ રજુ કરનારી સેંકડો વિસંવાદી ગાથાઓને તત્કાલીન સત્ય ઇતિહાસને ગળે ટુંપો દેવા સ્વરૂપે ઉપજાવી કાઢેલી જોવાય છે! કે– જેના પરિણામે તે ગાથાઓની જ મુખ્યતાએ પ્રવર્તેલી આધુનિક બહુસંખ્ય ઇતિહાસકારોના હાથે તત્કાલીન સત્ય ઇતિહાસની આડે ઘોર અંધારપટ સર્જાવા પામ્યો છે!!

કડી ૧૩૧૧ થી ૧૪–"કહુ કાજ કછુ હોઈ હવઈ જે તુમારઈ, કરૂં તેહ એમ કહી હવઈ સોહ વધારઈ; ભૂપતિ પ્રતિ તવ ભણઈ ભાણચંદ, એક વાત સુણો પ્રભુ ટલઈ **મહોત દંદ ॥ ૧૩૧૧ ॥** તુમ તાતનઈ પાસિ ગુરુ હીર આવ્યા, જગગુરુ કરી નૃપિ તે બોલાવ્યા; હૂઆ તેહનઈ પાટિ શ્રી વિજયસેન, તેણઈ જસ ટીકા દીઓ મોહવસેન ॥૧૩૧૨॥

અર્થ :–(એમ જણાવીને તે બાદશાહે ભાનુચંદ્રજીને–) (૧)–'તુમારેકું જો કુચ્છ કાર્ય હોવે સો કહીએ, મેં કરૂંગા.' એમ કહીને ભાનુચંદ્રની હતી તે શોભામાં વૃદ્ધિ કરી, એટલે (૨)–ભાનુચંદ્રજીએ જહાંગીરને કહ્યું કે, હે સ્વામી! એક વાત સાંભળો: કે–જેથી ઘણો કલેશ દૂર થવા પામે: (તે વાત એમ છે કે–) "તમારા પિતાની પાસે હીરગુરુ આવ્યા હતા કે જેઓને અકબરે જગગુરુ તરીકે સંબોધ્યા હતા: તે જગગુરુની પાટે શ્રી વિજયસેન આવ્યા: તેમણે મોહાધીનપણે જેઓને (વિજયદેવસૂરિને) પોતાની પાટે આચાર્ય તરીકે સ્થાપ્યા (૧૩૧૧–૧૨) તે આચાર્ય, સેનસૂરિનાં વચનો લોપીને સાગરોની સાથે મળી ગયેલ છે, અને ઘણો કલેશ કરીને કોપી થયો થકો હવે મોટા ગુરુ હીરસૂરિનાં વચનોને પણ માનતો નથી: તેણે ગુરુના હુકમ વિના સૌથી અજાણ એવો એક જુદો જ માર્ગ લીધો છે. (૧૩૧૩) તેણે પ્રભુની સઘળી પરંપરા લોપી છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે પોતાની સૌથી વિપરીત વાતને ખ્હેકાવી છે; આથી તે આચાર્યને છોડીને (અમે) બીજા આચાર્ય, સેનસૂરિનો હુકમ ચલાવવા સારૂ સ્થાપ્યા છે અને તે દેવસૂરિને ઉથાપ્યા છે (૧૩૧૪)."

સમાલોચના :-'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ-૩, પૃષ્ઠ ૭૯૭ ઉપરના ઉલ્લેખ મુજબ-'સં૦ ૧૬૭૨ માં આગરાથી શ્રી ભાનુચંદ્રજી, શ્રી સિદ્ધિચંદ્ર સહિત મારવાડ વિહાર કરી ગયા પછી (સં૦ ૧૬૭૪ માં એકવાર આગરા આવ્યા બાદ) પોતાની સં૦ ૧૭૨૫ સુધીની મનાતી જીંદગી સુધી આગરા આવી શકયા નહિ હોવાથી વિજયતિલકસૂરિ-રાસકારે, ગત ૧૩૧૦ મી ગાથામાં જહાંગીરને નામે જણાવેલી-'ભાનુચંદ! તુમારે પર મુઝે સબસે જ્યાદા પ્યાર હૈ' એ વાતને જેમ તે રાસકારે જહાંગીરનાં મુખમાં પદરની ગોઠવી દીધી છે તેમ આ-'તુમારેકો જો કુછ કાર્ય હોવે સો કહીએ, મેં કરૂંગા' એ વગેરે વાત પણ તે જહાંગીરનાં મુખમાં તે કવિએ જ ગોઠવી દીધેલી હોવારૂપે સ્પષ્ટ જણાઈ આવે છે (૨)-એ ગાથા ૧૩૧૦મા થી માંડીને ગાથા ૧૩૧૪ પર્યંતની સમગ્ર વાત, જહાંગીરને શ્રી ભાનુચંદ્રજીએ જણાવી નથી, પરંતુ **'જૈન પરંપરાનો ઇતિહાસ'** ભાગ ૩, પૃષ્ઠ ૯૧ ઉપરના-'પં૦ સિદ્ધિચંદ્રગણિ શિરોહીમાં (નવા સ્થાપેલા આ૦ શ્રી વિજયતિલકસૂરિના હસ્તે તેમના) ઉપાધ્યાય બની ત્યાં (માંડવગઢ) પહોંચી ગયા, અને તેમણે બાદશાહ જહાંગીરને ભંભેર્યો કે-આ૦ વિજયસેનસૂરિની ગાદીએ આ૦ વિજયદેવસૂરિ ગચ્છના નાયક બન્યા છે, પણ તેમને પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી; આથી બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક બનાવ્યા છે: વગેરે વગેરે" એ ઉલ્લેખ મુજબ તે સમયે શ્રી સિદ્ધિચંદ્રજીએ જહાંગીરને જે વાત સંક્ષેપથી જણાવેલી, તે પોતાની જ ટુંકી વાતને-રાસકાર શ્રી દર્શનવિજયજીએ (પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિને પણ **મોહાંધ** તથા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીને આ૦ શ્રી સેનસૂરિજી તેમજ હીરસૂરિજીનાં વચનોના લોપક લેખાવવાથીયે આગળ વધીને પ્રભુ મહાવીરની સઘળી પરંપરાના લોપક લેખાવવાની હદ સુધીનો આંતરદ્વેષ ઠાલવવા પૂર્વક) પોતે રચેલા તે રાસમાંની પ્રસ્તુત ગાથાઓ દ્વારા-વિસ્તારીને પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રજીના નામે ચડાવી દેવાપૂર્વક પુનઃ ગાયેલ હોવાનું સ્પસ્ટ જણાઇ આવે તેમ છે"

આ સમાલોચના વાંચ્યા બાદ હરકોઈ મધ્યસ્થ વિદ્વાનને કબૂલ કરવું પડે તેમ છે કે-"શ્રી વિજયતિલકસૂરિ રાસકારે કવિ શ્રી દર્શનવિ૦એ તેવી કૂટ રચના દ્વારા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦શ્રીને પ્રભુ શ્રી મહાવીર પરમાત્માની સઘળી પરંપરાના લોપક લેખાવવા વડે-ત્યારથી માંડીને આજે પણ વિદ્યમાન એ પૂ૦ વિજયદેવસૂરિજી મ૦ના જ ગણાતા-શ્રી દેવસૂર ચતુર્વિધ સંઘને વીરવિભુની સઘળી પરંપરાનો લોપક લેખાવનારૂં, પ્રચલિત પ્રભુ શાસનની અવહેલનાકારી ઘોર ભવાભિનંદીપણું જ દાખવ્યું છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવા મુનિકવિ માટે આ ઓછું શોચનીય ન ગણાય.

પૂ૦ મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ૦ જેવા–શ્રી હીરગુરુના અવિચલ રાગી સમર્થ શાસનભક્તની સતત સાવધાનતાને લીધે–' પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ અને શ્રી સિદ્ધિચંદ્રજી વગેરે મુનિવરોની જેમ તેમના પગલે ચાલનારા–આ રાસકારશ્રીએ પણ પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ને જ ઉથાપીને તેઓશ્રીનાં સ્થાને પોતાના જુદા આચાર્ય સ્થાપવાની હાથ ધરેલી તથાપ્રકારની કાર્યવાહીમાં પૂ૦ શ્રી સેનસૂરિજી મ૦ની હયાતિ સુધી સફલ થવા ન પામ્યા.' તે ॥ આંતરવેદનાથી જ આ રાસકાર કવિ શ્રી દર્શનવિ૦ ગણિને તે તે શાસનધોરી મહાપુરુષો પ્રતિ આ પ્રકારના ઉપજાવી કાઢેલા ઘોર પણ આક્ષેપો કરવાની અધમ હદે જવુ પડ્યુ છે, એમ ઇતિહાસના તાત્પર્યથી જોઈ શકાય છે તેવા મુનિ ગણાતા કવિ માટે આ ઓછું શોચનીય ન જ ગણાય.

આચાર્યપદ રદ અને બંને ઉપા૦ને એકત્ર વાસ.

પ્રસ્તુત પ્રકરણ અંગે તત્કાલીન ઇતિહાસનો સંક્ષિપ્ત સાર આ છે કે–' પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મહારાજે, પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ની સલાહને અગ્રપદ આપવા દ્વારા પૂ૦ મહો૦ શ્રી રાજવિમલજીને આચાર્યપદ આપવાની પોતાની ઇચ્છાને સમેટી લઈ તે પૂ૦ મહો૦ હીરહર્ષ ગણિને આચાર્ય પદવી આપી વિજયહીરસૂરિજી બનાવ્યા અને તે પછી તેઓશ્રીના પટ્ટધર પૂ૦ હીરસૂરિજીએ પણ પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ના પ્રોત્સાહનથી પૂ૦ આ૦ શ્રી દાનસૂરિજી મ૦ના શિષ્ય ' જયવિમલ 'ને શ્રી વિજય સેનસૂરિજી બનાવ્યા (ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૪–વિજયતિલકસૂરિ રાસના 'નિરીક્ષણ' ના પેજ ૧૬ ઉપરનાં પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિ૦ મ૦ના ઉલ્લેખ મુજબ–' × × × તેઓ એમ પણ સમજતા હતા કે આવી–મહો૦ ધર્મસા૦ ગણિવર જેવી–મહાન શક્તિશાળી વ્યક્તિથી જ ગચ્છની શોભા છે.') એ પ્રકારે પૂ૦ ગચ્છનાયકોને પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરની સલાહ મુજબ વર્તતા જોઈને પૂ૦ હીરગુરુના શિષ્યો–પૂ૦ ઉપા૦ શ્રી સોમવિ૦ મ૦ વગેરે એક બાજુથી તે તે વડિલો પાસેનું પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦નું ચલણ રૂંધવાની પેરવીમાં પડેલ, અને બીજી બાજુથી–તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ ગણિવરે, ખરતરો સામે સં૦ ૧૬૧૭ની પાટણની રાજસભામાં અને પૂ૦ ગચ્છાધિપતિ શ્રી વિજયહીરસૂરિજી મ૦ની આજ્ઞાથી સં૦ ૧૬૨૭ની આસપાસમાં જેસલ મેરની રાજસભામાં જગજાહેર રીતે તપગચ્છનો વિજય પ્રાપ્ત કર્યો એ વગેરે તે પૂ૦ મહો૦ શ્રીના પ્રાચીન પરંપરાગત તપગચ્છ સંરક્ષક ગુણથી તેઓશ્રીના (મુનિપણેથી જ) ગાઢ અનુરાગી બનેલા શ્રી સેનસૂરિજી મ૦ને ઉથાપીને તેમનાં સ્થાને પોતાના જુદા આચાર્ય સ્થાપવાની પેરવીમાં પડેલ! તેવામાં પૂ૦ હીરગુરુજીની જેમ પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મ૦ વિરચિત સમસ્ત ગ્રંથોને પ્રમાણિક માનનારા પૂ. આ શ્રી સેનસૂરિજીએ સં. ૧૬૪૨ માં પાટણમાં અને સં૦ ૧૬૪૩ માં–પોતાના વિદ્વાન શિષ્યો દ્વારા–અમદાવાદમાં ખરતરો સામે રાજસભામાં તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ ગણિકૃત **'પ્રવચન પરીક્ષા'** ગ્રંથ અંગે જાહેર ચર્ચા કરીને તે ગ્રંથને પ્રમાણિક ઠરાવવાપૂર્વક તે ગ્રંથનું બાદશાહી વરઘોડા દ્વારા રાજનગરમાં સર્વત્ર ફેરવાવીને બહુમાન કરાવેલ: તેથી તો એટલે કે–પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી વિરચિત તે ગ્રંથનું એ પ્રકારે તે પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરીશ્વરજી હસ્તક પણ બહુમાન થવાથી તો ખૂબ જ અમર્ષવાન બનેલા તે પૂ૦ ઉપા૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ મુનિવરોએ પૂ૦ મહો૦શ્રીની વિરૂદ્ધ અન્ય ગચ્છીઓને પણ ઉશ્કેરીને પૂ. હીરગુરૂ હસ્તક મહો. શ્રી અંગે સં. ૧૬૪૬ માં પાટણ મુકામે ૧૨ બોલનો પટ્ટક કરાવ્યા બાદ ખરતર આદિનો પણ સાથ લેવા પૂર્વક પોતાની ભિન્ન આચાર્ય સ્થાપવાની ચાલુ પેરવીને તીવ્ર વેગ આપેલ.

નોંધ સં. ૧૯૯૪માં **'સિંઘી જૈન ગ્રંથમાળા'** તરફથી પ્રસિદ્ધ થયેલ દેવાનંદાભ્યુદયમહાકાવ્યમાંના 'क्वचित्प्रास्ताविक' શીર્ષક તળેના લખાણના પૃ૦ ૨ના પેરા ૪માં સાક્ષર જિનવિજયે પણ જણાવેલ છે કે– 'हीरविजयसूरिके समयमें ही, उनके शिष्योमें परस्पर कुछ विचारभेद उत्पन्न हो गया और वह धीरे धीरे बढ़ता गया। विजयसेनसूरिके सामने कुछ उसने उग्र रुप धारण कीया और फिर इन विजयदेवके समयमे वह पूर्णरुपसे वृद्धिगत होकर आखिरमें इनके गच्छमें तीन भेद पड गयें.

તે પૂ૦ પ્રતિસ્પર્દ્ધિ મુનિવરો પોતાની તે તીવ્ર વેગવાળી પેરવીને પણ ધાર્યું ફલ ન બેસાડી શકે એ માટે પૂ૦ જગદ્‌ગુરૂના અવિહડ રાગી એવા તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરે તેઓશ્રીની તે કાર્યવાહીના ઔષધરૂપે સં૦ ૧૬૪૯માં **स्वोपज्ञ तपगच्छ पट्टावली** રચીને તેને છેડે **'પૂ૦ વિજયહીરગુરુની પાટે વિજયસેનસૂરિ'** એમ સ્પષ્ટ જણાવ્યું અને તે ઉપર પૂ૦ વિજયહીરસૂરિજી મ૦ની આજ્ઞાથી સંશોધનના બહાને પોતાના મુખ્ય શિષ્ય મહો૦ શ્રી લબ્ધિ સાગરજી ગણિદ્વારા પૂ૦ હીરગુરૂના મુખ્ય શિષ્ય ઉપા૦ શ્રી વિમલહર્ષ ગણિ. બીજા શિષ્ય ઉપા૦ શ્રી કલ્યાણવિ૦ ગણિ અને ત્રીજા તે વિરોધી ઉપાધ્યાય વર્ગમાંના પૂ૦ ઉપા૦ શ્રી સોમવિ૦ ગણિના હાથ દસ્કત પણ કરાવી લીધા!

પરિણામે–શ્રી સેનસૂરિજીને ઉત્થાપીને તેમના સ્થાને બીજા આચાર્ય સ્થાપવા અંગેના પૂ૦ મહો શ્રી સોમવિ૦ મ૦ અને તેઓશ્રીના સાથીદારો પૂ૦ મહો૦ શ્રી કીર્ત્તિવિ૦ મ૦, પૂ૦ મહો૦ શ્રી રાજવિમલજી, પૂ૦ મહો. શ્રી સકલચંદ્રજી વગેરે ઉપાધ્યાયજી મહારાજો આદિના ધ્યેયને ફલ બેસાડવાનો મુખ્યત્વે પ્રયત્ન કરનારા શ્રી ભાનુચંદ્ર ગણિ, શ્રી સિદ્ધિચંદ્ર ગણિ. શ્રી રત્નચંદ્ર ગણિ, શ્રી સિંહવિમલ ગણિ, પં૦ શ્રી સિંહવિજય ગણિ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(શ્રી વિજયતિલકસૂરિ રાસના કર્ત્તા) શ્રી દર્શનવિ૦ ગણિ તથા શ્રી ઋષભદાસ કવિ વગેરેનો સં૦ ૧૬૨૮થી પ્રારંભીને સં૦ ૧૬૪૯ પર્યંતનો ૨૧ વર્ષનો પ્રચ્છન્ન સતત પ્રયાસ વ્યર્થ થયો, અને વધુમાં શ્રી વિજયસેનસૂરિગચ્છના સમસ્ત મુનિઓ વચ્ચે સં૦ ૧૬૬૦ લગભગ તો તેઓ સૌ પ્રતિસ્પર્દ્ધિ મુનિઓ તરીકે ખુલ્લા પણ થઈ જવા પામ્યા! આ સ્થિતિમાં પણ તેઓ પોતાની ચાલુ હીલચાલમાં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦શ્રીના ૧૬૭૧ ના જેઠ શુદિ ૧૧ સુધીની હયાતિ પર્યંત તો પૂ૦ વિજયસેનસૂરિ ગચ્છનું કશું નોંધપાત્ર અહિત તો કરી શકેલ જ નહિ!

પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ની પાટે સ૦ ૧૬૫૮ માં આચાર્યપદે સ્થાપન થયેલ પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ પણ વડદાદા ગુરૂ વિજયદાનસૂરિજી–દાદા ગુરૂ વિજયહીરસૂરિજી અને ગુરૂદેવ વિજયસેનસૂરિજી મ૦ની જેમ ગચ્છના (સં૦ ૧૬૫૩ માં સ્વર્ગવાસી થયેલ પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ના વિદ્વત્ શેખર સમર્થ શિષ્ય-પ્રશિષ્યો) મહો૦ શ્રી નેમિસાગરગણિ–ઉપા૦ મુક્તિસા૦ ગણિ, પં૦ ભક્તિસાગરગણિ, પં૦ વિમલ-સાગરગણિ–પં૦ પદ્મસાગર ગણિ વગેરે મહાન શક્તિશાલી સાગરમુનિરાજોથી ગચ્છની શોભા માનતા જ હતા અને તેઓની પ્રરૂપણાઓને પણ સં૦ ૧૬૮૬ સુધી તો શાસ્ત્ર, પરંપરા અને ગુરૂ દાદાગુરુ વગેરેને પણ સમત માનતા જ હતા, એ વાત આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરેલ તેઓશ્રીના હસ્તાક્ષરના પટ્ટકથી સિદ્ધ છે.

આથી પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીને ઉત્થાપવાના પ્રયાસમાં હતાશ થયેલા તે પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ પ્રતિસ્પર્દ્ધિ મુનિવરોએ પૂ૦ આ૦ શ્રી વિજયસેન-સૂરિજી મ૦ની આજ્ઞાના કૃત્રિમ બહાને સં૦ ૧૬૭૩માં તે શ્રી વિજયદેવસૂરિજી મ૦ના સ્થાને શીરોહીમાં (જૈન પરંપરાનો ઇતિહાસ ભા૦ ૩ પૃ૦ ૭૨૮ની કલમ બીજી જુઓ) પોલીસના સખત બંદોબસ્ત વચ્ચે પોતાના 'વિજયતિલકસૂરિ' નામના જુદા આચાર્ય સ્થાપ્યા અને તરત તે પક્ષના ઉપા૦ શ્રી સિદ્ધિચંદ્રજીએ ત્યાંથી બાદશાહ જહાંગીર પાસે માંડવગઢ પહોંચી જઈને બાદશાહને 'સેનસૂરિની ગાદીએ આવેલા દેવસૂરિ, ગુરૂવચનલોપી અને પોતાના સ્થાનના ભાનવગરના હોઈ બહુ કલેશ કરતાં હોવાથી સાધુઓએ નવા આચાર્ય સ્થાપ્યા છે, તો તેઓ ગુરૂ વચન લોપતા અટકે તેવો આપ બંદોબસ્ત કરો' એ પ્રકારની ભ્રામક વાત કરી!

આથી ભરમાએલા બાદશાહે શ્રી દેવસૂરિજી મ૦ અને તેના પક્ષકાર સાધુઓને તથા નવા આચાર્ય તિલકસૂરિ અને તેના સાધુઓને પોતાની સન્મુખ સાચા વફાદાર આચાર્યે નક્કી કરવા સારૂ તે સં૦ ૧૬૮૩ના ચોમાસામાં જ માંડવગઢ તાકીદે બોલાવ્યા અને વચ્ચે પંડિત રાખીને તેઓની (સં૦ ૧૬૭૨ ના શ્રી કુમતાહિવિષનાગલી ગ્રંથમાંના ઉલ્લેખ મુજબ) શ્રી સર્વજ્ઞશતક ગ્રંથ અંગેની ચર્ચા સાંભળી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં શ્રી વિજયદેવસૂરિજીમ૦ અને તેમના પક્ષકારો સાચા અને શ્રી વિજયતિલકસૂરિજી તથા તેમના પક્ષકારો ખોટા ઠરાવાથી બાદશાહ જહાંગીરે પૂ૦ આ૦ શ્રી વિજયદેવ સૂરિજીને 'સવાઈ મહાતપા' ('જહાંગીર મહાતપા') તથા મહો૦ શ્રી નેમિસા૦ ગણિને 'જગજીપક'નું બિરૂદ આપી બાદશાહી વાજીંત્રો સહિત વાજતે ગાજતે ઉપાશ્રયે પહોંચાડીને ('પ્રરુપણાવિચાર' ગ્રંથના કથન મુજબ) નવા આચાર્ય વિજયતિલકસૂરિનું આચાર્યપદ રદ કર્યું! જહાંગીરે મારવાડથી પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રજીને પણ માંડવગઢ બોલાવ્યા હોવા છતાં ચોમાસામાં બુરહાનપુર જવાથી માંડવગઢ ન આવી શકયા અને (જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગના પૃ૦ ૭૬૭ ઉપરના 'તે પછી ઉપા૦ ભાનુચંદ્રગણિવરે સં૦ ૧૬૭૩માં ઉપા૦ સિદ્ધિચંદ્રગણિને માંડવગઢ મોકલી પોતે મારવાડ ગયા અને (ત્યાંથી) તે સૌ સં૦ ૧૬૭૪માં બુરહાનપુર આગરા જઈ આવ્યા અને તે પછી **તેઓએ જીવનનો મોટો ભાગ (એટલે કે શેષ ૫૧ વર્ષ) ગુજરાતમાં વીજાપુર પાસેના સંઘપુર ગામમાં વીતાવ્યો** અને ત્યાં રહી તેઓએ વિવિધગ્રંથો બનાવ્યા' એ ઉલ્લેખ મુજબ) સં૦ ૧૬૭૪માં આગરા આવી બાદશાહને મળ્યા, એટલે જહાંગીરે તેઓશ્રીને શ્રી વિજયદેવ-સૂરિજીમ૦ જેવા મહાપુરૂષની મોટી રીતે બદનામી કરી નવા આચાર્ય સ્થાપ્યા તે બદલ **'હવે પછીની જીંદગી તમારે બંનેએ ગુજરાતના કોઈ એક ગામડામાં જ પસાર કરવી'** એ પ્રમાણે ફરમાન કર્યું હોય એમ જણાય છે.

આ પ્રસંગે તે ઉપાધ્યાયપક્ષના આગેવાન પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦મ૦ને થએલા આઘાતનું સંક્ષિપ્ત વર્ણન, પૂ૦ વિજયહીરગુરૂના ગુરૂ પૂ૦ વિજયદાનસૂરિજી મ૦ના વિદ્વાન અને ઉગ્ર તપસ્વી વાચક પ્રવર પૂ૦ વિદ્યાસાગરજી ગણિવરના વિદ્વાન પ્રશિષ્ય મુનિરાજ શ્રી કૃપાસાગરજીએ સં૦ ૧૬૭૪માં રચેલા 'પૂ૦ ઉપા૦ શ્રી નેમિસાગરનિર્વાણ રાસમાંની) 'કુટિલ કલંકી બાપડુ, દોષાકર એ **ચંદ્ર**; નારીમુખ ઉપમા લહી, દિનદિન થાયે મંદ' એ ગાથાદ્વારા જણાવેલ છે.

અછતા ઇતિહાસનું સર્જન અતિ શોચનીય છે.

આ લેખકના નમ્ર મંતવ્ય પ્રમાણે **વિજયતિલકસૂરિરાસકર્તા** શ્રી દર્શનવિજયજી ગણિવરે, (પોતાના દાદાગુરુ પૂ૦ મહો૦ શ્રી રાજવિમલ ગણિનું આચાર્યપદ થતું અટકાવવામાં મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવરને જ વિઘ્નકર્તા માની લેવાની ધૂનમાં) શ્રી વિજયતિલકસૂરિપક્ષે ભળી જઈને શ્રી વિજયસેનસૂરિગચ્છની વિરૂદ્ધમાં પ્રવૃત્તિઓ આદરી ... તે સં૦ ૧૬૭૩માં જહાંગીર બાદશાહની સન્મુખ દુઃખદ અંજામ અનુભવ્યા પછી પણ જો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિગચ્છ પ્રતિની મત્સરબુદ્ધિ તજીને તેઓશ્રીના પટ્ટધર પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ને જ પોતાના આચાર્ય માન્યા હોત તો તેઓશ્રીને પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦, તેઓશ્રીના પટ્ટધર વિજયદેવસૂરિજી મ૦ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગચ્છની શોભારૂપ સાગરમુનિરાજને માટે જે અછતા અવર્ણવાદોભરી સેંકડો કૂટવાતોના ભંડારરૂપ 'તિલકસૂરિ રાસ' બડો કરવાનું અસદ્ આચરણ કરવું પડેલ છે તે ન જ કરવું પડ્યું હોત.

પરંતુ તેમ વિચારી ઉપશાંત થવાને બદલે વધુ રોષે ચડેલા તેઓશ્રીએ, વિજયતિલકસૂરિ રાસમાંની ઉપરોક્ત **કડી ૧૩૧૧ થી ૧૩૧૪** સુધીમાં "પૂ૦ ગચ્છાધિપતિ સ્વ. શ્રી વિજયસેનસૂરિજી મ૦ જેવા શાસન મહારથી પ્રભાવક ગચ્છનાયકને **'મોહાન્ધ'** લેખાવવારૂપે, વર્તમાન શ્રી ચતુર્વિધ સંઘના પણ નિરપવાદ અધીશ્વર પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ જેવા મહાપ્રતાપી ગચ્છનાયક સામે તો તેઓશ્રીને ગુરુ-વડગુરુના વચનના લોપક લેખાવવા ઉપરાંત વીરવિભુની સઘળી પરંપરાના લોપક લેખાવવાની નારકપ્રદ હદે જવારૂપે અને પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી-વિજયહીરસૂરિજી-વિજયસેનસૂરિજી તથા વિજયદેવસૂરિજીએ પણ જેઓશ્રીને તપગચ્છના અજોડ સંરક્ષક માનીને આજીવન અગ્રપદે અપનાવેલ છે, તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦, પૂ૦ ઉપા૦ શ્રી નેમિસા૦ ગણિ, પૂ૦ ઉપા૦ શ્રી મુક્તિસા૦ ગણિ, પૂ૦ પં૦ શ્રી ભક્તિસા૦ ગણિ આદિ જેવા પ્રભુ શાસનને સમર્પિત પ્રાણસમા સાગર મહર્ષીઓ સામે તેઓશ્રીને **'અસ્પશ્ય મતી'** લેખાવવા રૂપે જે બલજનોચિત કૃત્રિમ ઇતિહાસ સર્જેલ છે તે ઓછું શોચનીય ન જ ગણાય.

જહાંગીરે તે સં૦ ૧૬૭૩ના ચોમાસામાં બંને પક્ષના મુનિવરોને **'શ્રી સર્વજ્ઞશતક-સટીક'** ગ્રંથ અંગેના વિવાદના નિર્ણય અર્થે માંડવગઢ બોલાવેલ, તેમાં મારવાડથી પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રજીને પણ માંડવગઢ બોલાવેલ જ હોય છતાં તેઓશ્રીએ, તે ચોમાસામાં માંડવગઢ જવાને બદલે બુરહાનપુર જવાનું રાખેલ હોવાથી શ્રી તિલકસૂરિરાસની **ગાથા ૧૩૧૫ થી ૧૩૬૦ સુધીમાં** રાસકાર શ્રી દર્શનવિ૦ ગણિએ, પૂ૦ ઉપા૦ શ્રી ભાનુચંદ્રજી સંબંધે સં૦ ૧૬૭૩ માં માંડવગઢના ચોમાસામાં બનેલી હોવા તરીકે જણાવેલી સઘળી જ વાત (તે વખતે માંડવગઢ હતાજ નહિ તેથી) ચોકખી ઉપજાવી કાઢેલી જ ઠરે છે. તે ગાથાઓમાંની "+++ વલી વાત એહવઈ હવી સુણો એક, બરહાનપુરથી દર્શન સાધુ વિવેક ॥૧૩૧૭॥ આવી વાચકાધીશના પ્રણમઈ પાય, તવ પૂછઈ એ શ્રીય વાચકરાય; થયું આવવું તુમ્હ ચોમાસામાંહી, કસિઉં કારણ તેહ કાં ન લિખિઉં આંહી ॥૧૩૧૮॥" એ દોઢ ગાથા (બાદશાહે સં૦ ૧૬૭૩માં માંડવગઢ તેડાવ્યા: પરંતુ મારવાડથી પૂ૦ ઉપા૦ ભાનુચંદ્રજી, ત્યાં ન જતાં બુરહાનપુર ગયાં તેના સંદર્ભમાં) અંગે **'જૈન પરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ પૃ૦ ૭૯૭ ઉપરના ઉલ્લેખાનુસાર "મારવાડથી પૂ૦ ભાનુચંદ્રજી બુરહાનપુર ગયા, ત્યાં તેઓશ્રીને વિવેકી શ્રી દર્શનવિ૦ ગણિ મળ્યા. ।૧૩૧૭। તેમણે ભાનુચંદ્રજીને અચાનક બુરહાનપુર આવ્યા જોઈ વંદના કરી પૂછ્યું-'હે વાચકરાય! આપશ્રીને ચોમાસામાં (જવાના હતા તો માંડવગઢ, તને બદલે અહિં' કેમ આવવું થયું? તેવું જ જો કોઈ કારણ હતું, તો મને પત્રથી શા-માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન જણાવ્યું ? ॥ ૧૩૧૮ ॥" એ અર્થમાં જ સુસંગત હોવા છતાં રાસકારશ્રીએ તે ૧૧ ગાથા, "તે ચોમાસામાં જહાંગીરે બોલાવેલા શ્રી ભાનુચંદ્રજી, મારી પાસે બુરહાનપુર આવ્યા નથી. પરંતુ તે અરસાના મારા બુરહાનપુરના ચોમાસામાં સાગરવાળાઓએ અમારી જોડે ઝગડો ઉભો કરીને અમોને બહુ માર્યા, એ વાતની બાદશાહ પાસે રાવ કરવા સારૂ બુરહાનપુરથી હું માંડવગઢ ગયો હતો." એ પ્રકારની (બાદશાહને ભરમાવવા સારૂ) ઉભી કરેલી બનાવટી વાત સાથે બંધબેસતી કરવા સારૂ ઉપર્યુક્ત સાચા અર્થથી ઉલટાજ અર્થમાં રજુ કરેલ હોવારૂપે સ્પષ્ટ છે.

અસત્યવાતોને સત્ય લેખાવવાનો પ્રયાસ હાનિપ્રદ છે.

આ ઉપર વર્ણવેલી અસત્ય અને અસંગત બીનાઓને વણી વણીને ગુંથેલી ગાથાઓ જેવી સેંકડો કુટ ગાથાઓ તે શ્રી વિજયતિલકસૂરિરાસમાં ભરેલી પડી છે. પ્રસ્તુત રાસની નિષ્પત્તિ, શ્રી સંઘને તત્કાલીન ઇતિહાસથી વાકેફ રાખવાના શુભ હેતુવાળી જણાતી નથી; પરંતુ માની લીધેલા પ્રતિપક્ષીનો યેનકેનાપિ અપકર્ષ અને અધિકૃતપક્ષનો યેનકેનાપિ ઉત્કર્ષ એકી કલમે બતાવવાના જ અશુભ હેતુથી પરિપૂર્ણ જણાય છે. તે પ્રકારના તે શ્રી વિજયતિલકસૂરિ રાસમાંની કંઈક ગાથાઓમાંની સ્પષ્ટ તર્કટી જણાતી બીનાઓને સાચી મનાવી ચૂકેલા પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે પણ 'ઐતિહાસિકરાસ સંગ્રહ', ભા૦ ૪માંના તે રાસના 'નિરીક્ષણ' શીર્ષક તળેના લખાણમાં પૃ૦ ૪ને અંતે આ રાસ માટે–"રાસમાં વર્ણવેલા વિષયોના વિવેચનોમાં કેટલાક સ્થળે અતિશયોક્તિ અને કેટલેક સ્થલે અસંભવિતવાતોનું પણ સંભવિતપણું, અને તે ઉપરાન્ત તમામ પ્રસંગોમાં એક જ પક્ષનો–વિજયપક્ષનો જ વિજય બતાવી સાગરપક્ષને નિંદવામાં આવ્યો છે." એટલું સત્ય તો ઉચ્ચારવું જ પડેલ છે એ મુજબ ઇતિહાસપ્રેમી પ્રાયઃ સહુ વિદ્વાનોનું તે રાસ અંગે તેવું જ મંતવ્ય જણાયું છે. આમ છતાં અદ્યાપિ પર્યંત તેમાંના કોઇપણ ઇતિહાસપ્રેમી વિદ્વદ્વર્યે, તે કુટસમ્રાટ રાસમાંની તેવી કુટ ગાથાઓના તલસ્પર્શી એવા સંપૂર્ણ અર્થો અને તે અર્થોનું પૂર્વાપરના સંબંધને અબાધાકારી હાર્દ, શ્રી સંઘની દૃષ્ટિમાં લાવવાનો આવશ્યક પ્રયાસ કર્યો હોય તેમ જણાતું નથી ! જ્યારે—

પ્રસંગે પ્રસંગે તે રાસમાંની તેવી કુટગાથાઓના આધારે ઇતિહાસો તો તેમાંના અનેક વિદ્વાનોએ સર્જીને શ્રી સંઘમાં તેવી ગાથાઓમાં ઠાંસી ઠાંસીને ભરેલી અસત્ય બીનાઓને જાણે પૂર્વગ્રહવશાત્ જ હોય તેમ પોતપોતાના રચેલા–'વિજયહીરસૂરિરાસ, હીરસૂરિ બાર બોલનો રાસ, પટ્ટાવલી સમુચ્ચય સોહમકુલરત્નપટ્ટાવલી, કુમતાહિવિષ-જાંગુલીમંત્ર, ષડ્ત્રિંશજ્જલ્પવિચાર, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, સૂરીશ્વર અને સમ્રાટ શાંત સુધારસ ખા૦ ૨ નો અંતિમ વિભાગ, આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૭મી પ્રસ્તાવના" વગેરે ઐતિહાસિક પુસ્તકો અને લખાણોમાં તત્કાલીન સત્ય ઇતિહાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરીકે સાદર અપનાવીને શ્રી સંઘમાં ગ્રાહ્ય બને એ રીતે ખીલવી પણ જોવાય છે! જૈન જેવી લોકોત્તર સમાજના વિદ્વાનોના હાથે પ્રાયઃ પૂર્વગ્રહવશાત્ થવા પામેલો જણાતો એ પ્રયાસ, શ્રી સંઘમાં અસત્ય વાતોને સત્ય લેખાવવા રૂપ હોઈ શ્રીસંઘને ખૂબજ હાનિપ્રદ છે. જો કે-પૂ૦ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે રાસસારમાં તેવી કુટ ગાથાઓનો અર્થ તો આપ્યા છે; પરંતુ તે તે ગાથાઓમાંની ખાસ અસત્ય બીનાઓને બહુધા ઉડાવી દઈને, ગૌણ કરી નાખીને તેમ જ અતિમાત્રાએ સંક્ષેપીને આપેલ છે! આ વસ્તુ પણ ઇતિહાસવેત્તા માટે ઓછી અનુચિત નથી.

રાસકારની કુટ બીના પર રાસસારમાં નખાયેલ પડદો!

'અહેદીને સમજાવી ચલાવઈ, તવ અહેદી માંડવિ આવઈ; ભાણુચંદના પાયે પ્રણમઈ, તબ ભાણુચંદ હજરતને વિનવઈ ।૧૩૬૦।"

આ ગાથાનો અર્થ—"(બાદશાહ તરફથી બુરહાનપુર આવેલ) સીપાઈને સમજાવીને રવાના કર્યો, ત્યારે સીપાઈ માંડવગઢ આવ્યો અને (જ્યારે) ભાનુચંદ્રને પગે લાગ્યો, ત્યારે ભાનુચંદ્ર બાદશાહને વિનંતિ કરી.', એ પ્રમાણે સ્પષ્ટ છે. આ ગાથાના ઉત્તરાર્દ્ધનો **બાદશાહનો સીપાઈ પહેલા ભાનુચંદ્રને પગે લાગ્યો, ત્યારે ભાનુચંદ્રે બાદશાહને વિનંતિ કરી.'** એ અર્થ, તે રાસનો સાર જણાવનાર પૂ૦ ઈતિહાસવેત્તા વિદ્યાવિ૦ મ૦ને પણ અસંભવિતપણું બતાવતો જણાએલ હોવાથી તેઓશ્રીએ **'રાસ-સાર'** પૃ૦ ૭૮ ઉપર તે ગાથાર્દ્ધનો ઉપરોક્ત સ્પષ્ટ અર્થ છૂપાવી દીધો છે અને 'બાદશાહ તરફથી આવેલ સીપાઇને (બુહરાનપુરસંઘે) સમજાવીને માંડવ મોકલી દીધો, **અને ભાનુચંદ્રજીને તથા સિદ્ધિચંદ્રજીને** (બુહરાનપુર થયેલ સમાધાનવાળી) **બધી હકીકત જણાવી દીધી.'** એ પ્રમાણે કલ્પિત અર્થ ગોઠવી દેવા પૂર્વક રાસકારની આ ગાથામાંની અસત્ય બીના ઉપર પડદો નાખેલ છે તે તેમણે વૈદ્ય ગાંધીના સહીયારા જેવું કાર્ય કર્યું ગણાય. કે જે ગરબડ, પક્ષપાત સૂચક હોઇ ઇતિહાસકાર માટે શોચનીય છે.

'જાણી અનુચિત નૃપ તેડાવઈ, આચારજિ બિહુય આવઈ; પૂછઈ માંમલો સ્યો છઈ તુમારઇ, બોલઈ સાગર નૃપ અવધારઈ ॥ ૧૩૬૧ ॥'

એ ગાથાના પૂર્વાર્દ્ધમાં રાસકારે જણાવેલી 'બાદશાહે બુરહાનપુરમાં આપસમાં તોફાનાદિ થયું તેને અનુચિત જાણીને તેડાવેલા બંને આચાર્યો માંડવગઢ આવ્યા' એ બીના, ઉપર જણાવેલ ૧૩૬૦મી ગાથાના અર્થની સાથે અસંગત જણાવાથી તેમજ તે પ્રસંગની સાથે તો સદંતર અસંગત હોઇને તે ગાથા સ્વયં પણ અસત્ય ઠરતી હોવાનું જાણવાથી પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે પ્રસ્તુત ગાથાના પૂર્વાર્દ્ધનો થતો ઉપરોક્ત સ્પષ્ટ અર્થ પોતે કરેલા રાસ-સારના પેજ ૭૮ ઉપર ઉડાવી દીધેલ છે અને તે અર્થને સ્થાને (૧૩૬૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મી કડીના ઉત્તરાર્ધના છૂપાવી દીધેલા અર્થને સ્થાને પોતે ગોઠવી દીધેલ કલ્પિત અર્થની જેમ આ ૧૩૬૧ મી કડીમાં વળી) **'ભાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજીએ જ્યારે બાદશાહને આ બધી હકીકત જણાવી.'** એ પ્રમાણે તે ગાથા બહારનો સ્વયંકલ્પિત અર્થ પોતે વધારી દઈને રાસકારની આ ૧૩૬૧ મી કડીના ઉપર્યુક્ત ગાથાર્ધમાંની પણ અસત્ય બીના ઉપર પડદો પાડી દીધેલ છે! આ પ્રકારે તેમણે અહીં પણ તે રાસકાર કવિ અંગે વૈદ્ય ગાંધીના સહીયારા જેવું જ નિજનું વલણ દાખવેલ છે, તે ઇતિહાસકાર માટે અત્યંત અનુચિત લેખાય.

ઇતિહાસવેત્તાએ કાલ્પત બાબતો ગોઠવી દેવાનો હેતુ.

પ્રસ્તુત રાસની ગાથાઓમાં ઇતિહાસવેત્તાએ કરેલી તે તે પ્રકારની ગોલમાલ ઉપરથી આ વાત સ્પષ્ટ થાય છે કે–" રાસકાર કવિ દર્શનવિ૦એ, ૧૬૭૩ માં શીરોહીથી મારવાડમાં ગએલા ભાનુચંદ્રજીને રાસમાં– માંડવગઢ ગયા જણાવીને (મારવાડ જતાં પહેલાં શ્રી ભાનુચંદ્રજીએ શીરોહીમાંથી તે કવિને–બાદશાહને ભંભેરવાની વાત કરી હતી, અને તે વાત સાંભળ્યા બાદ બાદશાહે તે રાસકાર કવિ દર્શનવિ૦ને જે કબૂલાત આપી હતી તે સઘળી પોતાના અંગેની બીના તે રાસકાર કવિએ આ પહેલાંની તે રાસ કડી ૧૩૧૧ થી ૧૪ સુધીમાં શ્રી ભાનુચંદ્રજીના નામે જણાવવાનું કૂટ કરેલ છે. બાદ બાદશાહે તે કવિ દર્શનવિ૦ને આપેલી તે કબુલાતના સંદર્ભમાં બંને આચાર્યોને તે સં૦ ૧૬૭૩ ના ચોમાસામાં જ બાદશાહે માંડવગઢ બોલાવ્યા હોઈ રાસકારે એ વાત ૧૩૧૫ મી કડીમાં જ જણાવવી સગત હતી; તેને બદલે તેમણે તે વાત, ૧૩૬૧ મી કડીમાં રજુ કરવાની ચાલબાજી કરવી પડી છે! તેનું કારણ, "વચ્ચે–શ્રી વિજયદેવસૂરિજી પ્રત્યે બાદશાહને વધુ ઉશ્કેરવા સારૂ (શ્રી ભાનુચંદ્રજીએ; શીરોહીથી માંડવગઢને બદલે ચોમાસામાં બુરાનપુર જઇ તત્રસ્થ આ રાસકાર કવિ દર્શન વિ૦ને બુરાનપુરમાં મળી નીપજાવેલું જણાતું) બુરાનપુરનું કડી ૧૩૧૬ થી ૧૩૬૦ સુધીમાં જણાવેલું તકરી-તોફાની પ્રકરણ, બાદશાહને કાને નાખવા બડું કર્યું!" તે જણાય છે.

આ અત્યંત લજ્જાસ્પદ ગણાય.

આ વસ્તુ ઇતિહાસવેત્તા પૂ૦ મુનિરાજ શ્રી વિદ્યાવિ૦ મ૦ની પણ સમજમાં બરાબર આવી ગયેલ જણાય છે. અન્યથા તેઓશ્રીએ, ૧૩૬૧મી કડીમાં જે વાતની ગંધ પણ નથી તેવી–**'ભાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજીએ જ્યારે બાદશાહને આ બધી હકીકત જણાવી.'** એ વાત, પોતાના રાસસારમાં તે કડીના અર્થની આદિમાં (કડી ૧૩૧૧ થી ૧૪ ગત બીનાના અનુસંધાન તરીકે) પદરની ઉમેરી દેવાની ચતુરાઈ દાખવી છે તે કેમ બને? રાસસારને બહાને આ રીતે રાસકાર કવિ દર્શનવિ૦ના કૂટનું પદરની પંક્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉમેરીને પણ સમર્થન કરવું અને તેમ કરીને ઇતિહાસથી પર વાતને ઐતિહાસિક લેખાવવાનું અસત્ય કેળવવું તે તેવા પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા માટે અત્યંત લજ્જાસ્પદ ગણાય.

રાસની કડી ૧૩૧૬ થી ૬૦ સુધીના તર્કટી પ્રકરણની પૂર્વપીઠિકા.

કવિ શ્રી દર્શનવિજયજીએ તે શ્રી વિજયતિલકસૂરિ રાસની કડી ૧૩૧૬॥ થી ૧૩૬૦ સુધીની ૪૩॥ ગાથામાં જણાવેલ બુરાનપુરના તર્કટી પ્રકરણની પૂર્વપીઠિકાના હાર્દપૂર્ણ સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે:-શ્રી વિજયતિલકસૂરિ રાસની કડી ૧૦૧૮॥ થી ૧૦૩૨॥ સુધીના આ સંક્ષિપ્ત સાર મુજબ અમદાવાદથી મહોપાધ્યાય શ્રી સોમવિજયજીની આજ્ઞા મુજબ ઉપા૦ શ્રી નંદિવિ૦, મેઘવિ૦ અને શ્રી ધર્મવિ૦ના કહેવાથી કવિ શ્રી દર્શનવિ૦એ પ્રથમ ખંભાત જઈને ત્યાંથી (ભટ્ટા૦ શ્રી વિજયદેવસૂરિજીના એકછત્રીય સામ્રાજ્યવંત શ્રી બુરાનપુરના સંઘમાં ફાટફૂટ કરવાના જણાઈ આવતા ઈરાદે) બીતા બીતા બુરાનપુર ભણી વિહાર કર્યો! માર્ગમાં જંબુસર થઈ સુરત આવ્યા. ત્યાંના વિખ્યાત શ્રાવક નાનજીએ 'જો વિજયદેવસૂરિજી ઈર્ષ્યા કરશે તો અમો ચારે ભાઈઓ છીએ તેમાં તમોને પાંચમા ગણીને અમો તમારો (બુરાનપુરમાં) નિર્વાહ કરશું. માટે બુરાનપુર જતાં ગભરાવ નહિ: ઉછરંગભેર બુરાનપુર જાવ' એ પ્રમાણે પ્રોત્સાહન આપ્યું એટલે કવિરાજ ત્યાંથી હિંમતભેર આગળ વધી નંદરબાર થઈ બુરાનપુર આવ્યા. સં૦ ૧૬૭૩ના વર્ષે બુરાનપુર શહેરના ઉપાશ્રયે શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાના વાચક વિજયરાજ (કે જેઓ અંદરપેટે ઉપા૦ સોમવિ૦ના પક્ષકાર હતા) અને શ્રી જસસાગર આદિ છ ઠાણા સાગર મુનિના ચાતુર્માસ રહેલા હતા, તેઓની સાથે તેઓ ઉતર્યા અને વાચક શ્રી રાજવિજયજીને ઝડપભેર આવીને વંદન કર્યા બાદ તેઓને (અમદાવાદમાં શ્રી સોમવિ૦ આદિ વાચકોએ નવા આચાર્ય સ્થાપવા અંગે પ્રથમ બુરાનપુર, શીરોહી વગેરે શ્રી વિજયદેવસૂરિજીના એકછત્રી સામ્રાજ્યવાળા શહેરોના સંઘોને યેનકેનાપિ હાથ કરવાની જે યોજનાવાળી) અમદાવાદની હકીકતથી વાકેફ કરી દીધા અને તેમની સહાયથી ક્રમે કરીને ત્યાં શ્રાવકોમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યા બાદ તેમણે ત્યાં શ્રી સંઘની વિનંતિથી ચાતુર્માસ રહેલા શ્રી જસસાગર આદિ સાગરના ૬ ઠાણાને માંડલી બહાર કર્યા! આ જોઇ દુ:ખી થયેલ શ્રી સંઘે તેમને તેમ નહિ કરવાની ઘણી આજીજી કરી એટલે તેમણે તેઓને અમૂક અમૂક રીતે ન વર્તવાની શરતે તે ચોમાસું સાથે રહેવા દીધા! અને બન્ને પક્ષે સંઘના શ્રાવકોને પોતપોતાના પક્ષે આકર્ષવાનો પ્રયત્ન જારી રાખ્યો. પરિણામે શ્રી બુરાનપુર સંઘમાં બે તડા પડ્યાં જોઈને કવિ બહુ ખુશ થયા'"



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી વિજયતિલકસૂરિ રાસની કડી ૧૩૧૬ થી ૧૩૪૧ સુધીમાં કવિ દર્શનવિ૦એ આલેખેલ તર્કટપૂર્ણ તોફાની પ્રકરણનો સંક્ષિપ્ત સાર.



બુરાનપુરથી કવિ દર્શનવિ૦એ માંડવગઢ આવીને [૧]શ્રી ભાનુચંદ્રજીને વંદના કરી. [૨]શ્રી ભાનુચંદ્રજીએ કહ્યું કે-'અહીં કંઈ જણાવ્યું પણ નથી અને ચોમાસામાં શે કારણે આવવું થયું?' દર્શનવિ૦એ કહ્યું કે-'માણસ સાથે આપને બે વાર લખી જણાવ્યું છે; પરંતુ તેણે [૩]એકેય કામ લવલેશ કર્યું નહિ! બુરાનપુરમાં ચોમાસું રહેલા સાગરના સાધુઓએ જ્યારે (શિરોહીમાં) [૪]આચાર્યપદ સ્થાપ્યું હોવાની વાત જાણી ત્યારે મોટું ધીંગાણું કરીને પોતાનો સંઘ અળગો કર્યો. [૫]પરિણામે આપણા સાથીઓએ 'વિજયતિલકસૂરિજીનું નામ લીધે જય અને કલ્યાણ થાય' એમ કહેવાપૂર્વક સામનો કર્યો!

વળી સંવત્સરીના દિને તે ઉપાશ્રયે બપોરના દેવ વાંદીને ગોરીબાઈના ઉપાશ્રય આગળ નીકળ્યા ત્યાં તેઓએ બહુ કલેશ કરીને આપણા આખા સંઘને માર્યો! [૬]વાચક અને સંઘ નાઠા અને તેઓ કાકડી અને રીંગણાં મારતા પાછળ દોડયા! બે ત્રણ જણને ઘણું વાગ્યું. કુદકા મારતા ઘણા લોકો નાસી ગયા. તે લોકોએ આ કલેશ જાણી જોઈને કર્યો હતો. અમે કાંઈપણ જાણતા નહોતા. આ લડાઈમાં એક શ્રાવકનો પગ ભાંગ્યો, એકનું માથું ફૂટયું. 'ભર્યા શહેરમાં શું ફૂટો છો!' એમ કહેતા લોકો નાસી છૂટયા! આમ તે વિજયદેવવાળાએ આપણને ચોર કહીને બહુ જોર કર્યું છે. અમે લોકો કોઇ ન જાણે તેવી રીતે છાનામાના નાસીને [૭]ઉપાશ્રયે આવ્યા.

અને વિજયદેવસૂરિવાળા શ્રાવકો [૮]પૌષધ છોડીને ફરીયાદ કરવા કચેરીમાં જઈ તુર્કોને પોષ્યા. એટલે કે તુરકોને લાંચ આપીને પોતાને વશ કરી લીધા. એથી આપણા સાથીઓની રાવ તે મ્લેચ્છોએ સાચી માની નહિ. એ પ્રકારે વિજયદેવવાળાઓએ દ્રવ્યથી યવનોને પોષીને આપણને બહુ દોલિત કર્યા. ત્યારે આપણા સંઘે વિચાર્યું કે-આ કામ ભાનુચંદ્ર સુધારી શકે તેમ છે.

એ પછી તે અંગે વિચાર કરવા સારૂ સંઘનાયક શ્રી ઠાકરસિંહજી, ઠાકરહાંસજી, રાજમાન્ય શાહ છિતૂ જગજીવન, પીઠના સંઘવી વિમળ વીરૂદાસ, સંઘમુખ્ય શાહ વીરજી ભીમાના પુત્ર હીરજી, સિંધુજી, યાવત્ પારેખ પાન્ની સિતજી વગેરેએ મળીને મને આપની પાસે મોકલ્યો છે.

શ્રી દર્શનવિ૦ પાસેથી એ સઘળી વાતો સાંભળ્યા બાદ બહુ મહત્વનું કામ જાણીને [૯]શ્રી ભાનુચંદ્રજીએ શ્રી સિદ્ધિચંદ્ર વાચકને બોલાવીને કહ્યું કે આ કાર્ય તમારે કરવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે જેથી બુરાનપુર સંઘની બહુ લાજ વધે. સિદ્ધિચંદ્રજીએ કહ્યું "[૧૦]આપ મારા ગુરૂ છો અને હું આપનો હુકમ કરનારો છું, પણ અત્યારે બહુ મોડું થયું હોવાથી એમને હું કાલે સવારે બાદશાહની પાસે લઈ જઇશ." તે પછી સિદ્ધિચંદ્રજી, દર્શનવિજયજીને સાથે લઇ પહેલાં ચીઠી મોકલી બાદશાહની પાસે ગયા." [૧૧]સિદ્ધિચંદ્રજીએ કહ્યું–સુલતાનજી, આ મારા ગુરૂભાઇ આપની પાસે આવ્યા છે પછી [૧૨]**બધી વાત કહેતા** સુલતાને પૂછયું–'તમે એવો શો ગુન્હો કર્યો હતો, કે–જેથી તમને માર્યા?' દર્શનવિજયે કહ્યું– તહેવારના દિવસે અમે બધાએ રોજા કર્યા હતા અને જ્યારે અમે મંદિરે દર્શન કરવા નીકળ્યા ત્યારે તે લોકોએ તોફાન શરૂ કર્યું અને મારવા લાગ્યા. [૧૩]તેમના જેવા કોઇ અન્યાયી અને લુચ્ચા નથી. તેઓ મ્હોટા ગુનેગાર છે અને [૧૪]ભાનુચંદ્રજીના બધા શિષ્યો શાણા છે. ત્યાંથી હું ભાનુચંદ્રજીને કહેવાને માટે આવ્યો પછી તેમની આજ્ઞાથી આપની પાસે આવ્યો."

રાસની તર્કટી વાતોની અને રાસસાર આલેખક—
ઇતિહાસકારની પક્ષપાતિતાની સમાલોચના.

ઉપરના લખાણમાંનું નંબરવાર તર્કટ નીચે પ્રમાણે છે: (૧) ઉ૦ શ્રી ભાનુચંદ્રજી શિરોહીથી શ્રી સિદ્ધિચંદ્ર વાચકને માંડવગઢ મોકલીને મારવાડ ગયા હોવાથી પોતે માંડવગઢ હતા જ નહિ. (૨) ભાનુચંદ્રજી ત્યાં હતા જ નહિ તેથી તેમણે તેવું જણાવ્યું હોવાની વાત કલ્પિત છે (૩) હજુએ માણસને એક કામ માટે જ અને એક વાર મોકલ્યો હોય અને તેણે તે વાતનો સંદેશો ત્યાં જઈને ન જણાવેલ હોય એ વાત સદંતર અસંભવિત ગણાય છતાં માની લઈએ કે- તે પ્રમાણે કદાચ બનવા પામ્યું હોય; પરંતુ માણસ સાથે તે સંદેશાવાળું એક કામ બબ્બે વાર લખી જણાવ્યું હોવા છતાં તેણે એ એક કામમાંનું એકેય કામ લવલેશ કર્યું નથી, એ વાત જ ઘટિત નથી. (૪) તે વખતે શીરોહીમાં શ્રી રામવિજયજી નામના અપ્રસિદ્ધ મુનિને 'આચાર્યપદ' આપેલ હોવાનું જાણવા છતાં પૂ૦ ઇતિહાસવેત્તા મુનિ વિદ્યાવિ૦એ, રાસની કડી ૧૩૧૯ માંના 'અનૂચાનપદ' એ શબ્દનો અર્થ 'રાસસાર'ના પેજ ૭૫ ઉપર જે 'વાચક' જણાવેલ છે તે સાગરમુનિઓએ તે તોફાન નિષ્પ્રયોજન કરેલ હોવાનું લેખાવવાના અશુભ આશયનું સૂચક છે.

(૫) આ અર્થને જણાવનાર (રાસકાર કવિ દર્શનવિ૦ કૃત તે) રાસની કડી ૧૩૨૦ના –'આપણો સાથ તવ કરઈ મંડાણુ, વિજયતિલકસૂરિ નામ લીધઈ જય કલ્યાણુ' એ ઉત્તરાર્દ્ધનો (પોતાના 'રાસસાર' ના પેજ ૭૫ ઉપર) પૂ૦ ઇતિહાસવેત્તાએ અર્થ જ ઉડાવી દીધેલ છે! તે રાસકારના પક્ષને તો તે ઝઘડામાં તદ્દન નિર્દોષ જ લેખાવવાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશયનું દ્યોતક કહે છે. (૬) અહિં 'વાચક' શબ્દથી (આગળ જણાવેલ છે તે મુજબ **વાચક વિજયરાજ** તો બુરાનપુર નજીકના બાદરપુરમાં ચોમાસુ રહેલ હોઈને સંવત્સરીના આ દિવસે તો તેઓ ત્યાં જ હોય, એ હિસાબે) ઇતિહાસવેત્તા, શ્રી ભાનુચંદ્ર વાચક જ સમજેલ હોવા છતાં તેઓએ પોતે કરેલા રાસસારના પેજ ૭૬ ઉપર તે વાચકનું નામ જ જણાવવાનું છોડી દઈને મૂળ કડીમાંનો 'વાચક' શબ્દ જ રજુ કર્યો છે, તે સત્ય ઇતિહાસના લોપક પક્ષપાતનું સૂચક છે. (૭)-કવિ શ્રી દર્શનવિ૰એ રાસમાં વર્ણવ્યા મુજબ જો વિજયદેવસૂરિવાળાએ ત્યાં તેવું જ જોરદાર તોફાન આદર્યું હોય તો તેવાં ધીંગાણામાંથી નાસી છૂટેલા તેઓ ક્રૂજતા હૈયે અન્યત્ર છૂપાઈ શકયા હોય; પરંતુ બંને પક્ષના જાહેર સ્થાનરૂપ ગણાતા ઉપાશ્રયે તો પાછા આવી જ શકયા ન હોય.

(૮) માની લઈએ કે-સંવત્સરીના દિવસે સાગરપક્ષના શ્રાવકોએ એ ધીંગાણું શરૂ કર્યું; પરંતુ તેમાં 'તે પક્ષના તે દિનના પોસાતી શ્રાવકોએ પૌષધ છોડી દેવા પૂર્વક કચેરીમાં જઈને તુરકોને પોષ્યા' એ વાત તો તે સાગરપક્ષમાં પોસાતી શ્રાવકો સિવાયના કોઈ છૂટા શ્રાવકો શહેરમાં જ ન હોય તો પણ માની શકાય તેમ નહિ હોવાથી કવિ શ્રી દર્શનવિ૰ની આ આખી વાત સ્વયં કૃત્રિમ જણાઈ આવે છે.

(૯)-જાણી કાજ અધિક મુનિરાય, તેડા સિદ્ધચંદ ઉવઝાય; કહઈ કરવું એ સહી કાજ, બહુ વાધઈ સંઘની લાજ ॥૧૩૩૫॥ **સારાંશ**:- (શ્રી બુરાનપુરમાં થયેલ ઉક્ત તોફામમાં બાદશાહ પાસે આપણા પક્ષને આપની દ્વારા નિર્દોષ ઠરાવવા સારૂ ત્યાંના શ્રી સંઘે આ ચલુ ચોમાસામાં પણ મને આપની પાસે મોકલેલ છે; એ મુજબની વાત સાંભળ્યા બદ) બહુ મહત્ત્વનું કામ જાણીને શ્રી ભાનુચંદ્રજીએ તે કામ બાદશાહ પાસેથી લેવા સારૂ શ્રી સિદ્ધિચંદ્રજીને બોલાવીને તે અતિ મહત્ત્વનું કાર્ય તેમને ભળાવ્યું! એ વાત તદ્દન અસંભવિત છે. કારણ કે-શ્રી સિદ્ધિચંદ્રજી કરતાં શ્રી ભાનુચંદ્રજી તો બાદશાહના ઘણા વર્ષો પહેલાના પ્રેમપાત્ર હોઈને બુરાનપુરથી સંઘનું કાર્ય પોતાના હસ્તક જ કરાવવા આવેલા કવિ દર્શનવિજયજીએ પોતાને જણાવેલું અને તે જાણીને પોતે પણ બહુ મહત્ત્વનું માનેલું કાર્ય, બાદશાહ પાસેથી ધારણા મુજબ કરાવી લેવા શ્રી ભાનુચંદ્રજી પોતે જ ઉજમાળ બન્યા હોત; પરંતુ એમ નથી બનવા પામ્યું. એ બીના સ્પષ્ટ જણાવી આપે છે કે-કવિએ રાસમાં જણાવેલી 'શ્રી ભાનુચંદ્રજી તે વખતે માંડવગઢ હોવાની' વાત કલ્પિત છે. કારણ કે-ઇતિહાસ મુજબ તે વર્ષે શીરોહીથી શ્રી સિદ્ધિચંદ્રજીને માંડવગઢ ખાતે બાદશાહના કાન ભંભેરવા સારૂ મોકલીને પોતે મારવાડ તરફ વિહાર કરી ગયેલ છે.

(૧૦. પ્રસ્તુત રાસની-'સુણી સિદ્ધિચંદ કહઈ ગુરુ મેરા, મિં આદેશ કારી તેરા, ઈનકું હજુર કરૂં મિં સબેરા, અબ ભયા બહોત અબેરા, એ ૧૩૩૬મી કડીના થતા આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નંબરવાળા ઉપર્યુક્ત અર્થમાનું શ્રી ભાનુચંદ્રજી પ્રત્યેનું શ્રી સિદ્ધિચંદ્રનું—' આપ મારા ગુરુ છો અને હું આપનો (આજ્ઞા ઉઠાવનાર નહિ પણ) આજ્ઞાકારી છું ' એ પહેલું કથન, કથકને અશિક્ષિત લેખાવતું હોવાથી તેમજ તે ગુરુ-શિષ્ય બંનેના તથારૂપે પરિચિત એવા આગંતુક કવિ શ્રી દર્શનવિ૦ પાસે તે ગુરુ-શિષ્ય બંનેની તથાપ્રકારે નૂતન ઓળખ રજુ કરતું હોવાથી કલ્પિત ઠરે છે, અને તે અર્થમાંનું—' અત્યારે મોડું થયું હોવાથી હું તેમને સવારે સુલતાન પાસે લઈ જઈશ. ' એ બીજું કથન, શ્રી ભાનુચંદ્રજીને સમયના તથા આજ્ઞાપાત્રના અજ્ઞાત લેખાવતું હોવાથી ઇતિહાસવેત્તા પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિ૦ મ૦ ને પણ તે કડી કલ્પિત સમજાણી હોવાની પ્રતીતિ એ છે કે પોતે કરેલા ' રાસસાર ' ના પૃ૦ ૭૬ ઉપર તે ૧૩૩૬ મી કડીનો થતો ઉપરોક્ત સ્પષ્ટ અર્થ ઉડાવી દઈને તે બે કથનસૂચક સાચા અર્થને સ્થાને—' હું તમારો તાબેદાર છું, આપ જે કાંઈ આજ્ઞા કરો તે કરવાને તૈયાર છું ' એ એક કથનસૂચક એવું તે ગુરૂ-શિષ્ય ઉભયની મહત્વતા દર્શક પક્ષપાતી વાકય ઘરનું ચોજી દેવું પડયું છે!

(૧૧) બાદ તે રાસની—' દર્શનકું સાથિં લેઈ, બાદશાહકું રૂક્કો દેઈ; રૂક્કો વાંચી પૂછઇ ભૂપ, કુન આયા ચેલા અનૂપ ' એ ૧૩૩૭ મી કડી મુજબ શ્રી સિદ્ધિચંદ્રજી, બીજે દિવસે કવિ શ્રી દર્શનવિ૦ને લઇને સુલતાનને પ્રથમ ચીઠી મોકલીને મળ્યા ત્યારે તેમણે સુલતાનને ' મારા ગુરૂ શ્રી ભાનુચંદ્રજી વાંચકે મને આપની પાસે મારી સાથેના આ મારા ગુરૂભાઇ કવિ દર્શનવિ૦ ની રાવ જણાવવા મોકલેલ છે ' એ ફરજીયાત જણાવવી ઘટતી આવશ્યક વાત જણાવી નથી, એ બીના પણ અર્થાપત્તિથી તે વખતે શ્રી ભાનુચંદ્રજી માંડવગઢ નહિ હોવાની સાબિતિ સૂચક છે

(૧૨) કવિ શ્રી દર્શનવિજયજીએ, તે રાસની ' ભૂપ પૂછઇ કયું તુમ મારે ? કયા ગુનહ કીયાં તુમ ભારે; કહે દર્શન ચીરંજીવો, અકબર કુલદીપક દીવો ! ' એ ૧૩૩૯ મી કડી મુજબ કવિ દર્શનવિ૦એ, પ્રથમ તકે તો બાદશાહે પોતાને પૂછેલ ' તમને કેમ માર્યા ? અને એવો તમે કયો ભારે ગુનો કર્યો હતો ? ' એ બે પ્રશ્નના જવાબમાં બાદશાહ પાસે પોતાની રાવ-ફરીયાદ જ કરવી આવશ્યક હતી, તે રાવ કરી હોવાનું તો કવિએ જણાવ્યું જ નથી ! અને તેને બદલે તે સુલતાનને તે વખતે પોતે ' અકબરના કુલદીપક દીવો ' એ પ્રકારે પોતાનું પઠિતમૂર્ખત્વ જણાવતા 'દીપક' શબ્દ પછી પણ 'દીવો' શબ્દના વપરેલા વિશેષણથી બીરૂદાવવાપૂર્વક ' હે રાજન્ ! તમે દીર્ઘકાલ જીવો ! ' એ પ્રકારનો બ્રાહ્મણીયા આશીર્વાદ આપ્યો ! " એ વગેરે બીના, ઇતિહાસવેત્તા શ્રી વિદ્યાવિ૦ને પણ કલ્પિત તથા અનુચિત જણાએલ હોઈને તેમણે પોતાના ' રાસસાર ' ના પેજ ૭૬ ઉપર તે કડીનો અર્થ ઉડાવી દઈને તે કડીના ખરા અર્થને સ્થાને—' પછી બધી વાત કહેતાં સુલતાને પૂછયું ' એ મુજબનો પદરનો અર્થ રજુ કરી દેવા દ્વારા તે કડીની કૃત્રિમતાને આચ્છાદિત કરીને તે જુઠા કવિનો પક્ષપાત કરવાનું અનૈતિક કાર્ય બજાવ્યું છે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૩)-પ્રસ્તુત રાસની-'તહઇવારકે દિન રોજા કીના, ખુતખાના યાતઈ માર દીના; મરીદ ખીજે દેવકે જાયસે, લુંદ અન્યાયી નહિ કોઈ તઇસે॥' એ ૧૩૪૦ મી કડી દ્વારા કવિ દર્શનવિજયજીએ, સુલતાનને રાવરૂપે જણાવ્યું કે-'તહેવારના દિવસે અમે રોજા કર્યા હતા, તેમાં અમે બપોરે દેવ વાંદવા મંદિરે જતા હતા તેવામાં તેઓએ (વિજયદેવસૂરિજીના સાગર શિષ્યોએ) અમોને માર્યા, વિજયદેવસૂરિના શિષ્યો જેવા લુચ્ચા અને અન્યાયી છે, તેવા અન્ય કોઈ લુચ્ચા અને અન્યાયી નથી.'

કવિ દર્શનવિ૦એ, સુલતાન પાસે શ્રી વિજયદેવસૂરિજીના (બુરાનપુરસ્થિત) સાગર શિષ્યોએ પોતાના પક્ષ ઉપર જે નિષ્કારણ જ હુમલો કર્યો હોવાની પોતે રાવ કરી, તે રાવને સાંભળ્યા બાદ તે રાવ જો બાદશાહને સાચી લાગી હોય તો કવિએ આ કડીમાં જણાવેલો 'સાગર શિષ્યો અજોડ લુચ્ચા અને અન્યાયી છે' એવો ચૂકાદો હજુયે બાદશાહ આપી શકે છે; પરંતુ તે રાવ સાથે પોતાની એ રાવનો તે મુજબનો ચુકાદો પણ તે કવિએ પોતે જ બાદશાહ પાસે રજુ કરી દીધો! આ વાત મૂર્ખજનને પણ માન્ય થઈ શકે તેમ નહિ હોવાથી કવિની આ કડી માત્ર દ્વેષમૂલક એવી કપોલકલ્પિત ઠરે છે.

(૧૪)-'માલ સાહિબ હઈ બહોતેરે, ગુનહિ હઈ હજરત કેરે; ભાનચંદકે મરીદહ હઈ શ્યાને, હજરતકી દુહાઈ માને.' એ ૧૩૪૧ મી કડીના સીધા થતા-"(વિજયદેવસૂરિના બુરાનપુર રહેલા સાગર શિષ્યો, અજોડ લુચ્ચા-અન્યાયી અને) ઘણા જ માલેતુજાર હોઈને આપ સાહેબના ગુન્હેગાર છે, જ્યારે શ્રી ભાનુચંદ્રજીના શિષ્યો શાણા છે. કેમકે-તેઓ આપ સાહેબની આજ્ઞા માને છે." એ અર્થમાં કવિ દર્શનવિજયજીએ, બાદશાહ પાસેની પોતાની રાવની સાથે 'વિજયદેવસૂરિજીના શિષ્યો બાદશાહના ગુન્હેગાર છે' એ પ્રમાણે ચૂકાદો પણ પોતે જણાવેલ છે, તે તથા તે સાથે શ્રી ભાનુચંદ્રજીના શિષ્યોને બાદશાહના આજ્ઞાંકિત જણાવેલ છે! તે બીના ઇતિહાસવેત્તા પૂ૦ શ્રી વિદ્યાવિ૦ મ૦ને પણ અસંભવિત જણાયાથી તેઓશ્રીએ, 'રાસસાર'ના પેજ ૭૭ના પહેલા પેરામાં પ્રસ્તુત ગાથાના જણાવેલા અર્થમાંથી તે બન્ને બીના બાદશાહનું નામ જ ઉડાવી દેવારૂપે કવિનો પક્ષપાત કરેલ છે

તેમ જ પ્રસ્તુત રાસની-'ઠાણા એકાદસસિઉં તેહ, વિજય પાંચ-છ સાગર એહ; ચોમાસું એકઠા તે રહ્યા, નિજ નિજ કરવા બિહુ સામહ્યા॥' એ કડી ૧૧૩૧ મુજબ તે વર્ષે કવિ દર્શનવિ૦એ પંન્યાસ શ્રી વીરવિજયજી સહિત બુરાનપુર આવીને બુરાનપુરના બાદરપુર નામના પરામાં ઉપા૦ શ્રી સોમવિ૦ના પક્ષકાર વિજયરાજ તથા તેના એક શિષ્યને ચોમાસું ગોઠવ્યા, બીજા ઈદલપુર નામના પરામાં પોતાની સાથેના પં૦ શ્રી વીરવિજયજી મ૦ તથા તેમના એક શિષ્યને ચોમાસું ગોઠવ્યા અને કવિ પોતે મુનિ શ્રી જસસાગરજી આદિ સાગર મુનિઓના ૬ ઠાણા સાથે (કે-જેઓ, પ્રથમથી જ વિજયરાજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાચક સહિત બુરાનપુરમાં સાથે જ હતા.) બુરાનપુર શહેરમાં ચોમાસું રહ્યા હતા. તે મળી બુરાનપુરસ્થ ૧૧ ઠાણામાં શ્રી ભાનુચંદ્રજીના તો એક પણ શિષ્ય નહોતા; છતાં કવિએ બાદશાહની પાસે રજુ કરેલા તે તોફાની પ્રકરણમાં શ્રી ભાનુચંદ્રજીના શિષ્યોનો પણ ઉલ્લેખ કરેલ છે તે જણાવી આપે છે કે-'**મારવાડથી શ્રી ભાનુચંદ્રજી અને તેના શિષ્યો બુરાનપુરનું તે તોફાની પ્રકરણ ઊભું કરવા સારૂં જ ચોમાસામાં પણ વિહાર કરીને આવેલ છે.** અને એ વ્યવસ્થિત રીતની ઉશ્કેરણી ફેલાવવાની પૂર્વ યોજીત યોજના ન હોય તો કવિ દર્શનવિજયજી, પોતાના પક્ષના જ વાચક વિજયરાજની કે પં૦ વીરવિ૦ મ૦ની સાથે બાદરપુર કે ઈદ્દિલપુરમાં ચોમાસું નહિ રહેતાં પોતાની વિરુદ્ધ પક્ષના સાગર મુનિઓ સાથે બુરાનપુરમાં ચોમાસું રહે ખરા ?

રાસની કડી ૧૩૪૨ થી ૧૩૬૦ સુધીમાં તે કવિએ આલેખેલ—

બુરાનપુરમાં તોફાની પ્રકરણનો કરુણ અંજામ

"ભાનચંદકું કહેનકું આયા, તબ હજરત ચરણ મિં પાયા; સુની બાત કહઇ સુલતાન, બાંધી લાવો ગુનહી અયાન ॥૧૩૪૨॥ આપ્યો અહદી લખી ફુરમાન, આવી દીધું બુરમ સુલતાન; ભૂપ હુકમ સહી આપઇ, ગુનહીનઇ બહુ સંતાપઈ ॥ ૧૩૪૩ ॥

ભાવાર્થ :—બુરાનપુરમાં થએલા તોફાનની વાત ઉ૦ શ્રી ભાનુચંદ્રજીને જણાવવા સારૂ હું અહિં આવ્યો ત્યારે આપના ચરણ પામ્યો. ॥ ૧૩૪૨ ॥ એ (કડી ૧૩૪૦ થી અહિં સુધીમાં જણાવ્યા મુજબની કવિ દર્શનવિજયજીની ફેંસલા યુક્ત ફરીયાદ) સાંભળીને બાદશાહે 'ગુન્હેગારને બુરહાનપુરથી બાંધીને અહિં પગે ચલાવતા મોકલો.' એ પ્રમાણે બુરમ સુલતાન ઉપર ફરમાન લખીને માણસ સાથે રવાના કર્યું ! કવિ દર્શનવિજયજી સહિત તે માણસે બુરાનપુર આવીને તે ફરમાન બુરમ સુલતાનને આપ્યું. તેમણે ફરમાન ઉપર પોતાની સહી કરી આપ્યા બાદ તે માણસે તે ફરમાનના આધારે ગુન્હેગારોને બહુ સંતાપ્યા ॥ ૧૩૪૩॥

નોટ—આ કડીમાં કવિ દર્શનવિજયજીએ, બાદશાહનો મેળાપ કરાવી આપનાર **શ્રી** સિદ્ધિચંદ્રજી (કે જેઓ આ પ્રસંગે હાજર છે તે)નો આભાર તો બાદશાહ પાસે રજુ કરવાનું મોકુફ જ રાખીને પોતે સીધા જ બાદશાહનો મેળાપ પામેલ હોવાનો ભાસ આપેલ છે તે કવિની કૃતઘ્નતાનું સૂચક છે.

આ પ્રકારના વર્તાવવાળા તે પોતાના સદંતર અપરિચિત કવિની ફેંસલા સહિતની ફરીયાદ સાંભળ્યા પછી બાદશાહ બીજા પક્ષને સાંભળવા પણ થોભ્યા વિના તેવું કઠોર ફરમાન બુરાનપુર લખી મોકલે તે સંભવિત જ જણાતું નહિ હોવાથી આ વાત અત્ર વધુ સંભવિત છે કે-" કવિએ બાદશાહ પાસે રજુ કરેલી તે ફેંસલા યુક્ત એવી પ્રત્યક્ષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્વેષમૂલક ફરીયાદનું બાદશાહના તે અતિપ્રિય એવા શ્રી સિદ્ધિચંદ્રજીએ (મારવાડથી માંડવગઢ આવતાં બુરાનપુરના તોફાનના કારણે રોકાઇ રહેવું પડેલ છે, એમ જણાવનારા બુરાનપુરનો શ્રી ભાનુચંદ્રજીનો પત્ર બતાવીને) બાદશાહ પાસે હૃદયંગમ વર્ણન કર્યું હોય તો જ બાદશાહે ઉશ્કેરાટમાં આવી તે એક પક્ષીય તેમ જ કઠંગી ફરીયાદ બદલ પણ ખુરમ સુલતાન ઉપર તેવું કઠોર ફરમાન મોકલવાનું બનવા પામ્યું હોય."

અહેદ્દી આયેા સુણીનઇ ત્રાઠા, જીવ લેઇ લેઇનઇ નાઠા,
અહેદ્દી કણજિં જીવરાજ આયેા, ભેાજુસેાનીને પણિ પાયેા. ॥ ૧૩૪૪ ॥
અહેદ્દી કહઇ રે કિયું તુમે મારે, ભાનચંદ મરીદ કું તારે ?
પાદસાકે ગુનહી તુમ ભારે, અબ કયા કરેા તુમ નેાધારે ? ॥ ૧૩૪૫ ॥

સારાંશ— બાદશાહનો સીપાઇ આવ્યો સાંભળીને તોફાનીઓ ગભરાયા થકા જીવ લઇ લઇને નાઠા, તેમાં જીવરાજ તે માણસને કણજે આવ્યો અને ભોજુસોની પકડાઈ જવા પામ્યો, બાદશાહના તે માણસે તે બંનેને કહ્યું કે અરે! તમે ભાનુચંદ્રજીના શાણા શિષ્યોને કેમ માર્યા ? તમે બાદશાહના ભારે ગુન્હેગાર એવા હવે કોઇનાય આધાર વિનાના હોઈ શું કરી શકવાના ? ॥ ૧૩૪૫ ॥

નોટ— કવિ દર્શનવિજયજીએ પ્રસ્તુત રાસની "વિજયદેવનઇ મૂકયા પેાસા, જઇ દીવાનમાં તુરકનઈ પેાશ્યાઃ લાંચ દેઇ યવન કીધા હાથિ, મ્લેચ્છિ ન માન્યેા આપણેા સાથ ॥ ૧૩૨૬ ॥ એણઇ આપણનઈ બહુ દેાસ્યા, એણઈ દ્રવ્યિં યવનનઇ પેાસ્યા૦" એ કડી મુજબ બુરાનપુરથી માંડવગઢ જઇ શ્રી ભાનુચંદ્રજીને-" વિજયદેવસૂરિપક્ષના પેાસાતી શ્રાવકોએ પેાષા છોડી દઈને કચેરીમાં ગયા અને તુર્કોને બહુ દ્રવ્ય આપીને પેાતાના કરી લીધા એટલે બુરાનપુરના ખુરમ સુલતાન આદિ મ્લેચ્છોએ આપણા પક્ષની વાત માની નહિ અને ઉલટું આપણા પક્ષને જ તોફાનમાં બહુ દોષિત લેખાવ્યેા." ઇત્યાદિ વાત જણાવી હોઈ બુરાનપુરના તોફાનમાં ત્યાંના ખુરમ સુલતાને તો કવિ દર્શનવિ૦ના પક્ષને જ દોષિત લેખાવેલ હોવાથી માંડવગઢથી બાદશાહે મોકલેલ ફરમાનવશાત્ તે સુલતાને તો ત્યાં ફરમાન લઈને આવેલ બાદશાહનો માણસ, પોતે નિર્દોષ લેખાવેલ શ્રી વિજયદેવસૂરિના શ્રાવકો ઉપર જે કાંઈ સીતમ ગુજારે તેને દુઃખાતે દિલે જોઈ રહેવાનું જ બને; પરંતુ પોતે નિર્દોષ ઠરાવેલા શ્રાવકોને પોતાના સીપાઈઓ મારફત પોતે પકડાવીને પીડા ઉપજાવે તે સંભવિત નથી: આ ૧૩૪૪-૪૫ મી કડીમાં કવિ દર્શનવિજયજી પણ-"બાદશાહે માંડવગઢથી મોકલેલ અહદ્દી=માણસને કણજે જીવરાજ અને ભોજુ સોની બન્ને આવ્યા અને તેઓને 'અરે! ભાનુચંદ્રજીના શાણા શિષ્યોને તમે કેમ માર્યા ?" એ વગેરે વાત પણ બાદશાહના તે માંડવગઢથી આવેલા અહેદ્દી=માણસે જ જણાવેલ હોવાનું સ્પષ્ટ કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ઇતિહાસવેત્તાશ્રીનું ઇતિહાસકારિત્વ આ છે.

આ વસ્તુ તથારૂપે જાણવા છતાં પૂ૦ ઇતિહાસવેત્તા મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજે રાસની તે કડીઓના સાર તરીકે રાસસારના પેજ ૭૭ ઉપરના બીજા પેરાની પંક્તિ ૩ થી જે–"ખુરમ સુલતાને સહી કરીને તે **માણસને પકડી લાવવા સીપાઈઓને આજ્ઞા કરી + + + + તેમાં જીવરાજ અને ભોજૂ સોની એ બે સીપાઈઓને કબજે આવી ગયા.** સીપાઈઓએ કહ્યું–'तुमने भानुचंद्रजीके शिष्यों कों क्यों मारे ? तुम बादशाहके बड़ा गुनेंगार हुए हो।' એમ કહી તેઓને સાથે લીધા. માણેકચોકમાં લાવીને બરડામાં ખૂબ સોટીઓના પ્રહાર કર્યા. ઊંચે બાંધીને મારવા માટે દોર નાખવામાં આવ્યા." એ મુજબ (કવિએ તે રાસની કડી ૧૩૨૬–૨૭ તથા આ ૧૩૪૪-૪૫ માં જણાવેલ બીનાથી) ઉલટી જ બીના જણાવેલ છે!

એટલે કે–કવિ દર્શનવિજયજીએ તે તે કડીઓમાં જે–"બુરાનપુરના ખુરમ સુબતાનની અદાલતે પોતાના પક્ષને જ દોષિત લેખાવેલ હોવાથી તથા માંડવગઢથી બાદશાહનું ફરમાન લઈને આવેલ અહેદીએ જ બુરાનપુરના તે દેવસૂરસંઘના શ્રાવકો જીવરાજ તથા ભોજુસોનીને મારેલ હોવાની, બીનાથી ઉલટી બીના જણાવેલ છે, તે બુરાનપુરમાં તે શ્રી ભાનુચંદ્રજીએ ઉપસ્થિત કરાવેલા જણાઈ આવતા તે તોફાનમાં બુરાનપુરના ખુરમ સુલતાને પણ ત્યાંના શ્રી વિજયદેવસૂરસંઘના શ્રાવકોને જ દોષિત માનેલ હોવાનું લેખાવવાના બદઆશયનું સૂચક છે; અને તે આશયનો પણ દુર્હેતુ એ જણાય છે કે–શ્રી ભાનુચંદ્રજીએ 'બુરાનપુરના તે દ્વેષવૃત્તિથી ઉભા કરેલા તે નાટકીયા તોફાનનો કવિ દર્શનવિ૦ મારફત બાદશાહ દ્વારા જે કરૂણ અંજામ લવાયો, તે અંજામના જવાબદાર પણ શ્રી વિજયદેવસૂર સંઘના શ્રાવકોને જ વાચકો લેખે.'

એ દુર્હેતુ સાથે (તે રાસની કડી ૧૧૨૫ થી ૩૦ સુધીમાં તે સં૦ ૧૬૭૩ ના બુરાનપુરના ચોમાસામાં કવિ દર્શનવિજયજીએ જે ૧૧ સાધુ હોવાનું જણાવેલ છે, તેમાં **શ્રી ભાનુચંદ્રજીના** તો એક પણ સાધુ હોવાનું નહિ જ જણાવેલ હોવા છતાં માંડવગઢ જઈ બાદશાહ પાસે રજુ કરેલી 'તે તોફાનમાં વિજયદેવના શ્રાવકોએ આપના આજ્ઞાંકિત શ્રી ભાનુચંદ્રના શિષ્યોને પણ માર્યા હોવાની' સરાસર અસત્ય વાત મુજબ બાદશાહના તે બુરાનપુર આવેલા અહેદી=માણસે તે જીવરાજ તથા ભોજુસોનીને જણાવેલી–'તમે ભાનુચંદ્રજીના શાણા શિષ્યોને માર્યા તેથી તમે બાદશાહના મોટા ગનેગાર થયા છો!" એ વાતને તો ખાસ હિંદી અને મોટા ટાઈપમાં આકર્ષક ઢબથી રજુ કરવાની ખંત દાખવેલ છે! તે પણ) કવિ દર્શનવિજયજીએ, બાદશાહ પાસે રજુ કરેલી 'તે તોફાનમાં તોફાનીઓએ આપના આજ્ઞાંકિત શ્રી ભાનુચંદ્રજીના શિષ્યોને પણ માર્યા' એ વાત દ્વારા 'બુરાનપુરના અમારા આ ચાતુર્માસમાં અમારી સાથે શ્રી ભાનુચંદ્રજીના શિષ્યો હતા.'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ બાદશાહને ગર્ભિતપણે જણાવવારૂપે રજુ કરેલી અસત્યવાતને વાસ્તવિક વાત તરીકે લેખાવવાના દુર્હેતુસૂચક છે. અત્ર તે પ્રખ્યાત ઇતિહાસવેત્તાનું આ ઇતિહાસકારિત્વ છે? કે અસત્યવાદી એવા તે કવિશ્રી પ્રત્યેનું આલોકિક પક્ષકારિત્વ છે? તે સુજ્ઞોએ નક્કી કરી તે શ્રી ઇતિહાસવેત્તાનિષ્પન્ન ઇતિહાસો પર વિશ્વાસ સ્થાપવો રહે છે.

જબ બાંધી લેઈ જાવા લાગા, તબ તે નૃપભયથી ભાગા;
સંઘપાયે લાગા નહિ તાહો–કહઈ હવઈ તુમે અમ્હ જીવાડો. ॥ ૧૩૪૭ ॥

નોટઃ—બાદશાહનો હુકમ- 'ગુન્હેગારોને બાંધીને બુરાનપુરથી પગે ચલાવીને અહિ લાવો' એ હતો; પરંતુ 'ત્યાં જઈ ગુન્હેગારોને પ્રથમ ખુબ મારીને પછી બાંધીને અહિં લાવો' એમ ન હતો. તેને બદલે કડી ૧૩૪૬ મુજબ તે હુકમ લાવીને ખુરમ સુલતાનને સોંપનાર તે અહેદીએ, પકડાએલા બે ગુન્હેગારોને (તે તોફાનમાં પોતાની અદાલત દ્વારા નિર્દોષ ઠરાવનાર ખુરમ સુલતાનની સામેજ) પ્રથમ તો માણેકચોકમાં લઈ જઇને 'કાકડી અને રીંગણા મારેલ' તેનું વૈર યાદ રાખીને બરડામાં સોટીઓના ખૂબ પ્રહારો કરવા આદિ રૂપે બાદશાહના હુકમની ઉપરવટ થઇને સ્વયં કાયદો બજાવ્યો હોય તે સંભવિત જ નહિ હોવાથી કવિ દર્શન વિજયજીની તે ૧૩૪૬ મી કડી તો અર્થાપત્તિથી નિજના તે વિપક્ષીઓ પ્રત્યેના હૃદયગત વૈરના સંતોષપ્રદ વસુલાતની ખડી થયેલી તૈયારીજન્ય પ્રમોદગર્ભિત ઝલકસૂચક છે, અને આ- "જ્યારે બાંધીને લઈ જવા લાગ્યા ત્યારે તે બંને બાદશાહના ભયથી ભાગ્યા, સંઘને એટલે (દેવસૂરસંઘને નહિ પરંતુ) તે વર્ષે મકરૂબખાનની લશ્કરી સહાય મેળવીને શીરોહીસંઘના દેખતે ડોળે શીરોહીમાં 'શ્રી વિજયતિલકસૂરિ' નામે નવા આચાર્ય સ્થાપનાર શ્રી ભાનુચંદ્રજી તથા શ્રી દર્શવિ૦ એ ત્યાંના વિજયદેવસૂરસંગમાં તડું પાડીને પોતાના પક્ષકાર બનાવેલા શ્રાવ-પગે લાગી 'મારો નહી' એમ કહેવા પૂર્વક 'હવે તમે અમને જીવાડો' એમ કહેવા લાગ્યા." એમ જણાવતી ૧૩૪૭ મી કડી કવિએ અર્ધ ખોટી અને અર્ધ સાચી એવી અર્ધદગ્ધ ઉભી કરી જણાય છે! કારણકે 'બાદશાહના અહેદીએ ઝકડીને બાંધેલા આકરા બંધનમાંથી તે બંને શ્રાવકો ભાગે તો શું; પરંતુ ભાગવાનો પ્રયાસ પણ કરે એ સંભ-વિત નથી અને ત્યાંના શ્રી વિજયદેવસૂરિના એકછત્રીય સંઘમાં તડું પાડીને ઉભા કરેલા પોતાના પક્ષકાર શ્રાવકોને સઘ લેખાવવો તે મૂળ સંઘને નિહ્નવવાના જુઠાણારૂપ છે.

કર જોડીનઈં બીનતિ માગઇ, તવ સંઘનઈં કરુણા જાગઈ;
સંઘ ગિરૂઓ પુણ્યવિભાગી, તે માટિં એ કરૂણા જાગી. ॥ ૧૩૪૮ ॥

સારાંશઃ—આ કડી દ્વારા તે બંને ગુન્હેગારો હાથ જોડીને ભીખ માગવા લાગ્યા ત્યારે અમારા વર્ગને દયા જાગી. કારણકે તે વર્ગ ગિરૂઓ અને પુણ્ય વિભાગી હતો તેથી તેઓ ઉપર તેમને દયા જાગી! અર્થાત્ અન્યથા તો તે વર્ગ તેઓ પ્રતિ દયાવિહીન જ હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છોડાવ્યા ગુનહી પ્રસિદ્ધા, અવગુણિ ગુણ કરી જસ લીધા;
એ તો જગત્ર(ય) પ્રસિદ્ધ થયું કામ, જગમાંહી વાધી બહુ મામ ॥૧૩૪૯॥

સારાંશઃ—(સ્થાનિક બુરમ સુલતાનની અદાલતે જેઓને નિર્દોષ ઠરાવ્યા હતા, તેઓને શ્રી ભાનુચંદ્રની સલાહ અને સીપારસથી મેં બાદશાહ પાસે જઈને તેમનું ફરમાન લાવવાદિ દ્વારાએ બુરમ સુલતાનની સામે જ ગુન્હેગાર લેખાવી આપ્યા તેથી) તે ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ થએલાઓને અમારા તે વર્ગે છોડાવ્યા અને તે પ્રકાર તે અવગુણીઓ ઉપર ગુણ કરી જસ લીધો! અમારા વર્ગનું આ કામ તો ત્રણ જગતમાં પ્રસિદ્ધ થવાથી તે વર્ગની આબરૂ જગમાં બહુ વધી!

નોટઃ—બાદશાહનું દબાણ લાવીને તે દ્વારા બુરાનપુરના મૂળ શ્રી દેવસૂરસંઘના ભયગ્રસ્ત બનાવી દેવાના હીણપત ભર્યા કરેલા કાર્યની બુરાનપુરનો શ્રી દેવસૂરસંઘ, ત્યાંના બુરમ સુલતાનની બ્રીફથી પણ કદી યાદી ન દેવડાવી શકે એ અંગેની કવિની આ કડી કુટિલ કુનેહપૂર્ણ હેઇને ટકાઉ નથી. કારણકે શ્રી ભાનુચંદ્રજી તથા કવિએ ત્યાં બુરાનસંઘમાં વિક્ષેપ પાડીને ઉભા કરેલા તે નવીન વર્ગની તે સં૦ ૧૬૭૩ ના ચાતુર્માસ સુધી તો બુરાનપુરમાં હસ્તિ જ નહોતી. એ વાત તો ઇતિહાસ પ્રસિદ્ધ છે જ. પછી 'એ વર્ગની આગળ મીણ માગ્યું અને અમારા સંઘે ગુન્હેગારોને છોડાવ્યા તથા ત્રણ જગતમાં પ્રસિદ્ધ (?) અમારા વર્ગની આબરૂ જગતમાં બહુ વધી' વગેરે વાહિયાત વાતોને સ્થાન જ કયાં રહે છે?

વળી જે બાદશાહે પોતાના અહેદીને 'ગુન્હેગારોને બાંધીને પગે ચલાવતા અહીં લઈ આવો' એ રૂપનો તાકીદનો હુકમ લખી આપવા પૂર્વક રવાના કરેલ છે, અને જે બુરાનપુરનો હાકેમ બુરમ સુલતાન કે– જે કવિના કથન મુજબ ગુન્હેગારોને પોતાની અદાલતમાં નિર્દોષ ઠરાવે છે તેમ જ ફરીયાદ કરનાર ભાનુચંદ્રજી અને કવિના નવા વર્ગને દોષિત ઠરાવે છે તે બુરમ સુલતાન પણ તે માંડવગઢના બાદશાહના ફરમાન વશ થઈને પોતાની રહેમ નજરવાળા દેવસૂર સંઘના કહેવાતા ગુન્હેગારોને પકડાયેલા તથા કવિના કથન મુજબ માણેકચોકમાં સોટીઓના માર ખાતા રોકી શકેલ નથી તો તે બાદશાહના હુકમ ઉપરવટ થઈ તે વર્ગે ગુન્હેગારોને છોડાવ્યા શી રીતે? અને 'બાંધીને બાદશાહ હજુર સન્મુખ ગુન્હેગારોને રજુ કરવાનું' ખાસ ફરમાન લઈને માંડવગઢથી બુરાનપુર સુધી આવેલા તે અહેદીએ ગુન્હેગારોને છોડી પણ કેમ દીધા? વાચકોને આ વસ્તુસ્થિતિ વિચારતાં જણાશે કે-કવિએ અને શ્રી ભાનુચંદ્રજીએ મયૂરકલા જેવું ઊભું કરેલું આ એક તર્કટ જ છે

આ પછીની કવિ દર્શનવિ૦એ તે 'વિજયતિલકસૂરિરાસ'માં લખેલી—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'દર્શન વિજય કહઇ તિમ કીજઇ, અહેદીનઇ અનુમતિ દીજઇ;
સંઘ આવી કહઇ સ્યું કરવું ? એહ સાથનું દુઃખ મનિ ધરવું.'

એ કડી ૧૩૫૦ માંડીને—

અહેદીને સમજાવી ચલાવઈ, તવ અહેદી માંડવિ આવઇ,
ભાણુચંદનઇ પાયે પ્રણમઈ, તમ ભાણુચંદ હજરતને વિનવઈ.'

એ ૧૩૬૦મી કડી પર્યંતનું વર્ણન શ્રી ભાનુચંદ્રજીની લાગવગથી પ્રાપ્ત કરેલ બાદશાહના પીઠબળના જોરે વાપરેલી કાકચતુરાઇપૂર્વક બુરાનપુરના મૂળ સ્થાનિક જૈન સંઘની માલીકીના ઉપાશ્રયો, છોડ, ભંડાર વગેરે શ્રી સંઘ પાસેથી ઘાડપાડુની જેમ પડાવી લઇને તે સઘળી વસ્તુનો માલિક પોતાના નવા વર્ગને બનાવી દીધેલ હોવાના કરેલા અતિઘોર દુષ્કૃત્ય સૂચક હોઇને તેનાં સ્વરૂપવિસ્તારથી સ્યું! ૧૩૬૦ મી કડીમાં કવિની કલમે, બાદશાહનો અહેદી બુરાનપુરથી માંડવગઢ આવ્યો ત્યારે પ્રથમ બાદશાહને પ્રણામ કરેલ હોવાનું ઉચિત જણાવવાને બદલે ભાનુચંદ્રજીને કરેલ હોવાનું નિતરાં અનુચિત જણાવાઇ ગયું છે, તે તો બુરાનપુરના તોફાન વખતે 'શ્રી ભાનુચંદ્રજી બુરાનપુરમાં નહોતા, પરંતુ માંડવગઢમાં હતા' એવું તર્કટી પુરાવો ઉભો કરવા માટે લખેલ છે; પરંતુ તેવી રીતે મોરની કલા કરવા જતાં તો અનુચિત અને સંયુક્ત જે લખાઈ જવા પામ્યું છે તે જ વાત, શ્રી ભાનુચંદ્રજી બુરાનપુર જ હોવાની સુદૃઢ ખાત્રીપ્રદ છે.

વળી 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ પૃ ૯૧ પેરા ૨ :—"

"તે બાદશાહ (જહાંગીર સં૦ ૧૬૭૪માં માંડવગઢ રહ્યો પં૦ સિદ્ધિચંદ્ર ગણિ (સં૦ ૧૬૭૩ માં) શીરોહીમાં ઉપાધ્યાય બની ત્યાં પહોંચી ગયા **અને તેમણે બાદશાહને ભંભેર્યો કે**- આ૦ વિજયસેનસૂરિની ગાદીએ વિજયદેવસૂરિ ગચ્છનાયક બન્યા છે, પણ પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી આથી (અમે કહેવાને બદલે) બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક બનાવ્યા છે. વગેરે વગેરે."

ઉપરના પેરામાંની ઐતિહાસિક બીના વાંચ્યા પછી સુજ્ઞ વાચકોને સવિશેષ ખાત્રી થશે કે- મહો૦ શ્રી ભાનુચંદ્રજીએ બુરાનપુરમાં રહી મૂળ દેવસૂરસંઘમાં વિક્ષેપ પડાવવા માટે જ ઉશ્કેરણી ફેલાવવા પૂર્વક તોફાન કરાવેલ હતું અને બીજી બાજુથી '**વિજયદેવસૂરિજી અને સાગરપક્ષ જ બધે તોફાન અને અશાંતિનું વાતાવરણ સરજી રહેલ છે અને વિજયાતલકસૂરિજી કે જે અમારા પક્ષના આગેવાન આચાર્ય છે તેમને તથા અમારા પક્ષને તેઓ ખુબ જ રંજાડે છે**' એવી ભંભેરણી કરવા પૂર્વક બાદશાહને ઉશ્કેરવા માટે જ શ્રી ભાનુચંદ્ર ગણિએ પોતાના શિષ્ય શ્રી સિદ્ધિચંદ્ર ગણિને માંડવગઢ રવાના કરી દીધા!! અને સિદ્ધિચંદ્રજીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ગુરુ આદેશ મુજબ માંડવગઢ પહોંચી જઈને 'જૈન પરંપરાનો ઇતિહાસ' ના ઉપરના પેરાના કથન મુજબ વિજયદેવસૂરિજી અને સાગરપક્ષ !! વિરૂદ્ધ જે રજુઆત કરી હતી અને તેના પરિણામે ઉશ્કેરાએલ બાદશાહે વિજયદેવસૂરિજી તથા વિજયતિલકસૂરિજી અને તેમના પક્ષકારોને ભર ચોમાસે વિહાર કરીને પોતાના દરબારમાં હાજર થવાના જે ફરમાનો છોડ્યા હતાં અને તેનું અંતે જે પરિણામ આવેલું તે બધા પ્રત્યક્ષ પૂરાવા તથા પ્રમાણોપેત ઇતિહાસથી વિરૂદ્ધ જઈને રાસકાર કવિએ 'તિલકસૂરિરાસ' ની કડી ૧૩૬૧ થી ૧૩૭૪ સુધીમાં જે અવળી રજુઆત કરી છે. તે નીચે મુજબ :—

'વિજયતિલકસૂરિરાસ' કડી ૧૩૬૧ થી ૭૪ નો સારાંશ.

"બાદશાહે પૂછયું કે 'તમારે પરસ્પર શું તકરાર છે?' તે જણાવો? સાગરે (મહો૦ નેમિસાગરે) કહ્યું :-'પોતાના ગુરૂએ સ્થાપેલા પટ્ટધર આચાર્યને આ સાધુઓ માનતા નથી.' ત્યાં તો ભાનુચંદ્રજી બોલી ઉઠ્યા કે 'બોલો નહિ. પટ્ટધર તો ને કહેવાય કે-જેઓ હીરગુરૂની પરંપરાને માન આનત હોય ॥ ૧૩૬૧-૬૨ ॥ [1]શ્રી હીરવિજયસૂરિએ ગ્રંથને ખોટા કર્યા, એ વાતને નહિ માનવાનું જ આ પરિણામ છે.' નેમિસાગરે કહ્યું:- 'તે ગ્રંથ સાચા છે, (તમો કહો છો એમ) શ્રી હીરવિજયસૂરિનું વચન નથી' ॥૧૩૬૩॥ બાદશાહે વિજયદેવસૂરિને પૂછયું:-'કેમ વિજયદેવસૂરિ! શું વાત છે?' વિજયદેવસૂરિએ કહ્યું-([2]હીરવિજયસૂરિએ) ગ્રંથને ખોટો કર્યો, એમ (આ સાધુઓ) શીરનોરીથી કહે છે. [વાત પણ સાચી જ છે. કારણ કે-હીરસૂરિજીની હયાતિમાં તે ગ્રંથ પ્રસિદ્ધિમાં પણ આવ્યો નથી તો તે અંગે 'ખોટો છે' એવી જાહેરાત પૂ૦ હીરસૂરિજી મ૦ કરે પણ કયાંથી?] બાદશાહે કહ્યું :- [3]'જેઓ આખા જગતના ગુરુ થયા છે, તેઓ ગ્રંથની શીરનોરીથી મના કેમ કરે?' ॥૧૩૬૪॥

[4](માનીએ કે) 'કદાચ હીરગુરુએ શીરનોરીથી જુઠા કહ્યા હોય તો પણ તેઓ તમારા પીર તરીકે પ્રસિદ્ધ છે, તેને તમે જો પીર માનતા હો તો તેમને સાચા માનો, અને તેને જો સાચા માનો તો તે ગ્રંથ ખોટો છે, ॥૧૩૬૫॥ છતાં જો તે ગ્રંથને સાચો કહેશો તો ગુરુવચનમાં નહિ રહો.' સાગરે (નેમિસાગરે) કહ્યુ :— 'જો ગ્રંથમાંથી કોઈ વાત (આ સાધુઓ તરફથી) ખોટી બતાવી આપવામાં આવે તો તેને સુધારવાને માટે અમે તૈયાર છીએ.' ॥૧૩૬૬॥

બાદશાહે કહ્યું:- 'શું ગુરુથી પણ તમારું જ્ઞાન વધી ગયું? ગુરુથી અધિક જ્ઞાન મેળવ્યું કયાંથી? ગુરુએ ગ્રંથને **જાણીને** અશુદ્ધ કર્યો તેવા ખોટા ગ્રંથની પકડ ન રાખો. ॥૧૩૬૭॥ વળી તમે જો ગુરુનું વચન નહિ માનો તો તમારી શોભા કેમ વધશે? માટે જે પ્રકારે તમે બૂઝો તે પ્રકારે પોતપોતાનું કરો, હવેથી કોઈ કલેશ કરશો નહિ.' ॥૧૩૬૮॥ (તિલકસૂરિનો પરિચય કરાવતાં) બાદશાહે કહ્યું કે:- [5]'ભાનુચંદ્રજી કહે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાચા પીર, અને વિજયહીરસૂરિજીના એ જાત્યવંત ટીકાયત છે, જેમનું નામ વિજય-તિલકસૂરિ છે અને તેમનાં નેત્રોમાં જ્ઞાન પાકું છે.' ॥૧૩૬૯॥ એમ કહેતાંની સાથે સાગરો ભોંઠા પડ્યા! ક્વસ્તુતઃ તો ત્યાં તેમને કર્મે જ ઝાટકો માર્યો! તત્કાલ તેઓ (નેમિસાગર) ઉપર તાવ ત્રાટક્યો! તેની વેદનાથી બરાડા પાડવા માંડ્યો. ॥૧૩૭૦॥ રાજસભા બરખાસ્ત થઈ! ત્યારે તેઓ પણ ઊઠી ગયા, લથડતા પોતાને સ્થાને ગયા અને અંતકાલને ભજ્યા! ॥૧૩૭૧॥ બાદશાહની સભાના અધિષ્ઠાયક સાવધાન હોય છે +++ ॥૧૩૭૨॥ પૃથ્વીના માલિક વસુરાજાને જેમ ઉચ્છેદી નાખ્યો તેમ સભાના અધિષ્ઠાયકે નેમિસાગરને ઉચ્છેદી નાખ્યો. ॥ ૧૩૭૩ ॥ વિજયવાલાએ પોતાના ગુરુને આરાધ્યા તેથી તેઓ વિજયને વર્યા અને દુર્ધરવાદીને જીતવા રૂપે જગમાં જસ વધ્યો. એ પ્રકારે તેઓ વિજયસેનસૂરિની પાટે શોભા પામ્યા ॥૧૩૭૪॥.'

તે કડી ૧૩૬૧ થી ૭૪ સુધીની વાતોની સમાલોચના.

રાસકાર કવિએ (૧)-'શ્રી હીરવિજયસૂરિએ ગ્રંથને ખોટા કર્યા' એ પ્રમાણેની જે વાત રજુ કરી છે, તે વાત પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦, પૂ૦ મહો૦ ભાનુચંદ્રજી આદિ નિર્નાયક ઉપાધ્યાય વર્ગે પૂ૦ હીરગુરુની પરંપરામાં આવેલા ખરા પટ્ટધર વિજયદેવસૂરિજીને તથા સાગર મહર્ષીઓને સમાજમાં ઉતારી પાડવા તેમ જ 'હીરસૂરિજીએ જે ગ્રંથને ખોટો જાહેર કર્યો તેને આ લોકો સાચો કરી બતાવવાની કોશીષ કરી રહ્યા છે અને તેમ કરીને હીરગુરુના વચનોનો ભંગ કરી રહ્યા છે' એવું બાદશાહ જહાંગીરના દિલમાં ઠસાવીને વ્યુદ્ગ્રાહિત બનાવવા માટેની જ છે.

૨-આ૦ શ્રી વિજયતિલકસૂરિએ તથા તેમના પક્ષકારોએ-'પૂ૦ હીરસૂરિજી મહારાજે પોતે આ ગ્રંથને ખોટો કહ્યો છે' એવી રીતની વાત લોકો આગળ તેમ જ બાદશાહની પાસે પણ રજુ કરી એટલે બાદશાહના પૂછવાથી તેના ખુલાસામાં આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ-'આ સાધુઓ પોતાની આપખૂદી સત્તાથી=શીરનોરીથી તે પૂ૦ હીરસૂરિજીના ખોટા નામે નામે તેવો પ્રચાર કરે છે, એટલે કે-તેઓ, હજુરની સન્મુખ જે ફરીઆદ કરે છે તેમાં કાંઇ જ તથ્ય નથી એમ સ્પષ્ટ જણાવ્યું.

૩-પૂ૦ વિજયદેવસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં 'હીરવિજયસૂરિએ ગ્રંથને ખોટો કર્યો છે, એમ આ સાધુઓ શીરનોરીથી કહે છે' એમ જણાવે છે. એટલે કે-'આ૦ શ્રી હીર-સૂરિજીએ શીરનોરીથી ગ્રંથ ખોટો કર્યો છે' એમ નથી જણાવ્યું; પરંતુ હીરસૂરિજીના નામે આ સાધુઓ શીરનોરીથી કહે છે.' એમ જણાવ્યું હોવાનું દીવા જેવું જાણવા છતાં જાણીબૂજીને રાસકાર કવિએ પોતાના રાસમાં રજુઆત કરીને 'બાદશાહે કહ્યું કે-જેઓ આખા જગતના ગુરુ થયા છે તેઓ ગ્રંથની શીરનોરીથી મના કેમ કરે? (માનીએ કે)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'કદાચ હીરગુરૂએ શીરન્જેરીથી જુઠા કહ્યા હોય તો પણ × × ×' એમ પાઠાફેર રજુ આત કરીને જહાંગીર બાદશાહના મુખમાં તે શબ્દો મૂકે છે! રાસકાર કવિ શ્રી દર્શન-વિજયજીની આ કેવી ખલજનોચિત વર્તણુક ગણાય?

૪–માનીએ કે–કદાચ હીરગુરૂએ શીરન્જેરીથી જુઠા કહ્યા હોય તો પણ × × × જો સાચા માનો તો તે ગ્રંથ ખોટો છે' ઇત્યાદિ બાદશાહના નામે રાસકાર કવિએ જે વાત જણાવી છે તેમાં વિચારવા જેવી હકીકત એ છે કે-શીરન્જેરીથી જુઠો કયારે કહેવો પડે! અને શીરન્જેરીથી જેને જુઠો તરીકે જાહેર કરાય તે શું વસ્તુતઃ ગ્રંથ ખોટો હોઈ શકે ખરો?' અર્થાત્ આ કથન દ્વારા કવિ પોતે પણ **'સર્વજ્ઞશતક ગ્રંથ, શાસ્ત્રસંમત અને યુક્તિયુક્ત હોવા છતાં પોતાના મમત્વને લઈને શીરન્જેરીથી અમોએ ખોટો ઠરાવ્યો છે.** એમ સ્પષ્ટ કબુલાત આપે છે.

બીજી વિચારણીય બીના એ પણ છે કે–મધ્યસ્થ તરીકે રહેલા બાદશાહ જહાંગીરે બંને પક્ષની હજુ મુદ્દામ વાતો તો સાંભળી પણ નથી ત્યાં જજમેંટ ચુકાદો આપતા હોય તેવી રીતે વિજયદેવસૂરિજીને–'જેઓ આખા જગતના ગુરુ થયા છે. તેઓ ગ્રંથની શીર-ન્જેરીથી મના કેમ કરે? (માનીએ કે–) કદાચ હીરગુરૂએ શીરન્જેરીથી જુઠા કહ્યા તો પણ તેઓ તમારા પીર તરીકે પ્રસિદ્ધ છે, તેને તમે જો પીર માનતા હો તો તેમને સાચા માનો અને તેને જો સાચા માનો તો ગ્રંથ ખોટો છે, છતાં જો તે ગ્રંથને સાચો કહેશો તો ગુરુ વચનમાં નહિ રહો' જણાવી દે છે, તે શું મધ્યસ્થનું લક્ષણ છે કે પક્ષપ તીનું?

૫–રાસકાર કવિએ જે-'બાદશાહે કહ્યું કે ભાનુચંદ્રજી કહે તે સાચા પીર અને વિજયહીરસૂરિજીના એ જાત્યવંત ટીકાયત છે જેમનું નામ વિજયતિલકસૂરિ છે અને તેમના નેત્રમાં પાકું જ્ઞાન છે' એમ બાદસાહના નામે વિજયસેનસૂરિજીને ઉડાવી દઇને વિજય-તિલકસૂરિજીને ગોઠવી દેવાની ચાલાકી તો કરી છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું બાદશાહ જહાંગીર, ઉપા. શ્રી ભાનુચંદ્રજીનું ખરીદ્દી લીધેલું પાત્ર હતું? કે જેથી યોગ્યાયોગ્યની પોતે તો ચકાસણી કર્યા સિવાય જ 'ભાનુચંદ્રજી કહે તે સાચા પીર....' એ પ્રમાણે જ જણાવી દીધું? અને જો એ પ્રમાણે જ જણાવવું હતું તો ખંભાત વિજયદેવસૂરિજીને તેમજ રાધનપુર ઉ૦ શ્રી નેમિસાગરજીને માંડવગઢથી આજ્ઞાપત્ર બહાર પાડી બાદશાહે કેમ જણાવ્યું નહિ અને સાધુઓને ભર ચોમાસે માંડવગઢ બોલાવી આમ જણાવ્યું હશે? વાચક મહાશયો! એમ નથી લાગતું કે રાસકાર કવિ દર્શનવિજયજીએ બીજું મહાવ્રત તદ્દન બીંટીએ મૂકીને જ રાસ રચના કરી હોય?

૬–'વસ્તુતઃ તો ત્યાં તેમને કર્મે જ ઝાટકો માર્યો! તત્કાલ તેઓ (નેમિસાગર) ઉપર તાવ ત્રાટક્યો! તેની વેદનાથી બરાડા પાડવા માંડ્યો! રાજસભા બરખાસ્ત થઈ ત્યારે તેઓ પણ ઉઠી ગયા, લથડતા પોતાને સ્થાને ગયા અને અંતકાલને ભજ્યા!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાદશાહની સભાના અધિષ્ઠાયક સાવધાન હોય છે + + + પૃથ્વીના માલિક વસુરાજાને જેમ ઉચ્છેદી નાખ્યો તેમ સભાના અધિષ્ઠાયકે નેમિસાગરને ઉચ્છેદી નાખ્યો." આમ રાસકાર કવિ દર્શનવિજયજી, મહોપાધ્યાય શ્રી નેમિસાગરજી મ૦ પ્રતિ જાણે અનંતાનુબંધીના કષાયને આધીન બન્યા હોય તેમ પવિત્ર ઉપાધ્યાયપદની લઘુતા કરવા પૂર્વક હુંકારે અને તુંકારે વાત કરે છે અને તેમનું મૃત્યુ થયું જોઇને આનંદ પ્રમુદિત બને છે ત્યારે તેમને જૈન સંપ્રદાયના અનુયાયી સાધુ માનવા કે શૈવ સંપ્રદાયી આદ્ય શંકરાચાર્યના અનુયાયી ગણવા ? એ એક અણ ઉકેલ કોયડો વાચકો માટે બની જાય તેમ છે.

આવી રીતના દ્વેષાગ્નિમાં સપડાઈને કવિ, ભાન ભુલી જઈ અઘટિત એવું 'જેમ વસુરાજા અસત્ય બોલ્યા કે તુરત રાજ્યાધિષ્ઠાયકે તેમને પરચો બતાવ્યો તેમ બાદશાહના રાજ્યાધિષ્ઠાયક નેમિસાગરજી ઉપાધ્યાય ઉપર કોપ્યા અને તેથી તેમની ઉપર તાવ ત્રાટકયો અને ત્યાંથી લથડતે પગે સ્થાનકે-ઉપાશ્રયે આવી નેમિસાગર અંતકાલને પામ્યો. એમ જણાવ્યું તો છે, પરંતુ પ્રશ્ન એ થાય છે કે-મહો૦ શ્રી નેમિસાગરજીએ તો રાસકાર કવિના ૧૩૬૬ મી કડીના કથન મુજબ **'જો ગ્રંથમાંથી કોઈ વાત (આ સાધુઓ તરફથી) ખોટી બતાવી આપવામાં આવે તો તેને સુધારવા માટે અમે તૈયાર છીએ.'** એટલા જ શબ્દો બોલેલ છે. આ સિવાઇ કાંઈપણ બોલ્યા હોવાનું પરતેજોઅસહિષ્ણુ ગુણવાળા રાસકાર કવિ પણ જણાવતા જ નથી. તો પછી મહો૦ શ્રી નેમિસાગરજી મહારાજ આ વાકયમાં એવું તો કયું વચન વસુરાજાની જેમ અસત્ય બોલ્યા હતા કે જેથી બાદશાહના રાજ્યના અધિષ્ઠાયક એકદમ કોપાયમાન બની જઈને તરત પરચો બતાવી દીધો ?

આ પ્રમાણે ખોટું તર્કટ ઉભું કરવા જતાં આનંદની વાત એ છે કે રાસકાર કવિથી એક નક્કર સત્ય જણાવાઈ ગયું છે. અને તે એ કે-રાસકારના કથન મુજબ વિજયદેવસૂરિજીએ જ બાદશાહના પ્રશ્નના જવાબમાં-'હીરવિજયસૂરિએ ગ્રંથને ખોટો કર્યો છે, એમ આ સાધુઓ શીરોહીથી કહે છે' એમ જણાવ્યું છતાંય તે બાદશાહના રાજ્યના અધિષ્ઠાયકો. વિજયદેવસૂરિજી ઉપર કોપાયમાન થઈને કોઈ ચમત્કાર બતાવ્યો હોય એમ પ્રતિસ્પર્દ્ધી રાસકાર કવિ પણ જણાવતા નથી. એટલે કે—**'સર્વજ્ઞશતક મહાગ્રંથને હીરસૂરિજીએ કે સેનસૂરજીએ ખોટો કહ્યો જ નથી; પરંતુ તે તે વડિલોના પ્રતિસ્પર્દ્ધી એવા તિલકસૂરિજી અને તેમના પક્ષકારોએ શીરોહીથી જ પ્રચારવા માંડયું છે.'** એ વિજયદેવસૂરિજીની વાત તદ્દન સત્ય હોવાથી જ રાજ્યના અધિષ્ઠાયકો કોપ્યા નહોતા. એ વાત રાસકાર કવિને પણ અર્થાપત્તિથી અક્ષરશઃ સત્યતયા શિરોમાન્ય થયા એ શું ઓછા આનંદના વિષય ગણાય ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાસકારની આ વાતો બદલ ઇતિહાસકાર પૂ૦ વિદ્યાવિ૦ મ૦ શું કહે છે?

ઇતિહાસકાર પૂ૦ વિદ્યાવિજયજી મહારાજ **'નિરીક્ષણ'**ના પૃ. ૨૪ થી ૨૭ ઉપર રાસકારની આ વાતો અંગે નીચે મુજબ લખે છે કે—

"આ પ્રસંગ બહુ ગંભીરતાપૂર્વક વિચારવા જેવો છે રાસકાર એ તો કબૂલ જ કરે છે કે—**તપાગચ્છમાં ચાલતા આ મહાન કલેશની સંપૂર્ણ હકીકત બાદશાહના કાન સુધી ક્ષાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજીએ પહોંચાડી હતી.** અને તેના પરિણામે બાદશાહે બન્ને પક્ષના આચાર્યો વિજયદેવસૂરિ અને વિજયતિલકસૂરિને તેમ જ બીજા આગેવાન સાધુઓને બોલાવ્યા હતા. બાદશાહની પાસે બંને પક્ષકારોના ભેગા થયા પછી જે પરિણામ આવ્યું તે, રાસકારના શબ્દોમાં કહીએ તો-'આપ આપણા કરો જિઉં, બૂઝો અબ થિં કાંઈ મત બૂઝો' ॥ ૧૩૬૮ ॥ એટલું જ આવ્યું છે. અર્થાત્ **બાદશાહે હવેથી ઝઘડો નહિં કરવાની ભલામણ કરી હતી.** આ પરિણામ ઉપર કાંઈક વિશેષ નિરીક્ષણ કરી લઈએ

વિદ્યાસાગર વાચકના શિષ્ય કૃપાસાગરે સં૦ ૧૬૭૪ માં **નેમિસાગર નિર્વાણરાસ** બનાવ્યો તેમાં આ સંબંધી હકીકતનો સાર આ પ્રમાણે આપ્યો છે :—

જહાંગીરના તેડાવવાથી વિજયદેવસૂરિ ખંભાતથી માંડવગઢ ગયા અને વિજયદેવસૂરિના પત્રથી રાધનપુરથી નેમિસાગર માંડવગઢ ગયા. વીરસાગર, ભક્તિસાગર, કુશલસાગર, પ્રેમસાગર, શુભસાગર, શ્રીસાગર, શાંતિસાગર અને ગુણસાગર પણ સાથે ગયા હતા. પરિણામ આ આવ્યું :—

'નેમિસાગર વાચકવર એ, તેડે શ્રી જહાંગીર કે; નવેસર નિરખવા એ, શ્રી ઉવજ્ઝાય સુધીર કે....જય૦ ૯૨. પાદસાહ પૂછે તિહાં એ, પુસ્તક કેરી વાત કે–ભટ્ટ કહી ભલું એ આણી રાય અવદાત કે....જય૦ ૯૩. **પુસ્તક સાચું છે સહીએ. કૂડું ન કહેો કોઈ કે; સહુ કો વાંચ્યો એ સાચું કૂડ ન હોય કે...જય૦ ૯૪. વાચકવર જયજય લહીએ દુશ્મન પડીઆ જૂઠ કે;** માન મુહુંત ગયું એ, વળતા ન શકે ઊઠી કે... જય૦ ૯૫.'

આ કવિના કથન પ્રમાણે તો **ધર્મસાગરજીના બનાવેલા ગ્રંથને બાદશાહે સાચો બતાવ્યો હતો અને વિજયતિલકસૂરિના પક્ષને અસત્ય ઠરાવ્યો હતો.** કવિ વધુમાં એમ પણ જણાવે છે કે–વિજયદેવસૂરિ ઉપર પ્રસન્ન થઈને બાદશાહે તેમને **'સવાઈ મહાતપા'**ના બિરૂદથી નવાજ્યા હતા :—

'વિજયદેવસૂરિ પ્રતે એમ બોલે જહાંગીરઃ 'સવાઈ મહાતપા'એ હરખ્યા મીર હમીર....જય૦ ૮૬ 'આવી જ રીતે બાદશાહે પ્રસન્ન થઈ નેમિસાગરને પણ **'જગજીપક**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સવાઈ'ની પદવી આપી હતી :-' શ્રી જિનશાસન ભાણુ નેમિસાગર ઉવજ્ઝાય; અકબર સુત આગે લીએ જગજીપક સવાય....૯૬.'

+ + + + + + + + + + + **આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે-ચોમાસામાં જ તેમનો વિહાર થએલો અને શરદીના લીધે તેમને તાવ લાગુ પડેલો.**

બીજું 'વિજયદેવસૂરિ'ને બાદશાહે આપેલા 'મહાતપા' બિરૂદની વાત પણ શ્રદ્ધેય જ છે. **વિજયદેવસૂરિને બાદશાહે માંડવમાં 'મહાતપા'નું બિરૂદ આપ્યું હતું તે વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે. એમાં કોઈથી ના પાડી શકાય તેમ નથી.**

હવે વિચારવાની બાબત એ છે કે-એક તરફથી 'વિજયતિલકસૂરિ રાસ'ના કર્ત્તા એમ જણાવે છે કે-બાદશાહની આગળ અમારો (વિજયપક્ષનો) જય થયો અને સાગરોનો પરાજય થયો. જ્યારે બીજી તરફથી સાગરપક્ષીય ગ્રંથોમાં સાગરોની જીત અને વિજયોની હાર બતાવવામાં આવી છે. એટલું જ નહિ પરંતુ વિજયદેવસૂરિને 'સવાઈ મહાતપા'નું બિરૂદ આપ્યાનું પણ જણાવવામાં આવે છે. કે-જ્યારે હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે.

આ ઉપરથી આપણે એટલું તો અનુમાન અવશ્ય કરી શકીએ તેમ છીએ કે-જો વિજયદેવસૂરિના પક્ષ તરફ અર્થાત્ સાગરપક્ષ તરફ બાદશાહને અરૂચિ જ થઈ હોય તે પક્ષ, ખોટી જ તકરાર કરે છે એવું તેના હૃદયમાં પ્રતિભાસ્યું હોય તો-તે જ વખતે 'સવાઈ મહાતપા'ના બિરૂદથી આચાર્યશ્રીને નવાજે જ કેમ? જો કે-એ વાત પણ કબૂલ કરવા જેવી છે કે-વિજયપક્ષના ઉપાધ્યાય ભાનુચંદ્રજી અને સિદ્ધિચંદ્રજી સાથે પણ બાદશાહનો કંઈ ઓછો સંબંધ નહિ હતો. **પરંતુ પરિણામ જે જોવાય છે તે ઉપરથી વધારે નહિ તો એટલું અનુમાન તો અવશ્ય કરી શકાય છે કે-વિજયતિલકસૂરિ રાસના કર્ત્તા કહે છે તેમ વિજયદેવસૂરિના પક્ષને ખોટો બતાવવાનું સાહસ તો બાદશાહે નથી જ કર્યું. બલ્કે એક પ્રબલ પ્રમાણના આધારે એમ કહ્યા સિવાય નથી જ રહી શકાતું કે-વિજયદેવસૂરિ સાથેનો આ સમાગમ બાદશાહને ચિરસ્મરણીય રહ્યો હતો.** × × × × × "

આ ગ્રંથરત્નમાં પૂર્વે અમોએ ઇતિહાસોની સાક્ષીઓ આપવા પૂર્વક તેમ જ પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના પણ પટ્ટકના આધારે શાસન માન્ય પૂ૦ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજની માન્યતાઓને તથા તેમના બનાવેલા સર્વજ્ઞશતક ગ્રંથને સાચો ઠરાવ્યો હોવાનુ પૂરવાર કરી આપેલ છે. તેમ ઇતિહાસકાર પૂ૦ વિદ્યાવિ૦ મહા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજે પોતાના આ 'નિરીક્ષણ'માં જણાવેલી વાતો જોતાં સહેજે જણાઈ આવે તેમ છે કે- "જો પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ અને સાગરમહર્ષીઓએ તે પ્રતિસ્પર્દ્ધી ઉપાધ્યાય વર્ગને બાદશાહની રાજસભામાં વાદવિવાદ કરી પરાભવિત બનાવવા પૂર્વક 'શ્રી સર્વજ્ઞશતક' ગ્રંથને નગારાની દાંડીએ સાચો ઠરાવી આપ્યો હોય તો જ પ્રસન્ન થએલા જહાંગીર બાદશાહે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીને 'જહાંગીરી મહાતપા'નું અને મહો૦ શ્રી નેમિસાગરજીને 'જગજીપક સવાઈ'નું બિરૂદ આપ્યું હોય."

આથી નક્કી થાય છે કે– તેજોદ્વેષી કવિ દર્શનવિજયજીએ પૂ૦ વિજયદેવસૂરિજી મ૦ની તેમ જ પૂ૦ સાગરમહર્ષીઓની ઉજ્જવલ કારકીર્દીને મલીન બતાવવાની જ દુષ્ટ બુદ્ધિથી આવી અનેક જુઠી અને ઇતિહાસ વિરુદ્ધ બીનાઓથી સભર એવા 'વિજયતિલકસૂરિરાસ'ની રચના કરી છે. અહીં સુધીમાં વિજયતિલકસૂરિરાસમાંની કુટિલનીતિવાળા જુઠા લખાણોની સમાલોચના જોયા પછી વાચકોને વિનતિ છે કે–'વિજયતિલકસૂરિરાસ'નો બીજો અધિકાર કે-જે ઘણો જ દ્વેષપૂર્ણ અને અસત્યના ખજાનારૂપ છે તેને અમોએ બતાવેલી સત્યાવગાહિની સમાલોચક દૃષ્ટિથી તપાસે. વિસ્તારના ભયથી અમો તેની સમાલોચના કરવાનું સુજ્ઞવાચકો ઉપર છોડીએ છીએ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૭

મો. દ. દેશાઈના ઐતિહાસિક અંધારા પર સર્ચલાઈટ.

'**આનંદ કાવ્ય મહોદધિ**' મૌક્તિક ૭-સં૦ ૧૯૮૨ '**કવિવર સમયસુંદર**' શીર્ષકતળે પેજ ૧ થી ૧૧૨ સુધીમાં શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈનો એક નિબંધ છપાએલ છે. પ્રસ્તુત **શ્રી** દેસાઈએ ઘણા ઐતિહાસિક નિબંધો, લેખો અને પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે. તેમાં પ્રાયઃ સહુથી મોટું '**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**' નામનું પુસ્તક છે. તે પુસ્તકમાં તેમણે સેંકડો વર્ષો પૂર્વે થયેલા પણ પૂ. **શ્રમણ ભગવંતોનો** ઇતિહાસ, ભારે શ્રમ વેઠીને પ્રાયઃ સાલવાર પણ રજુ કરેલ છે.

તેમણે તે પુસ્તકમાં રજુ કરેલી પૂ. શ્રમણ ભગવંતો અંગેની બીનાઓને તથ્ય માનીને પોતે રચેલા ઐતિહાસિક પુસ્તકોમાં પૂ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ૦, પૂ મુનિરાજ શ્રી દર્શનવિ૦ મહારાજ (ત્રિપુટી) આદિ જેવા ઇતિહાસ નિષ્ણાત ગણાતા ચતુરપુરૂષોએ પણ કોઈ કોઇ સ્થળે આધાર તરીકે રજુ કરેલ જોઈને આશ્ચર્ય થાય છે.

શ્રી દેશાઈએ પોતાના તે "જૈન સાહિત્યનો સક્ષિપ્ત ઇતિહાસ' પુસ્તકમાં-ઘણા ભાગે "સં૦ ૧૬૮૫માં પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ના પક્ષીય શ્રી ઋષભદાસ કવિ જેવા ગૃહસ્થે રચેલા-'**શ્રી હીરવિજયસૂરિ રાસ**'માંની બીનાઓને તથા તે જ પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ના ખુલ્લા પક્ષકાર અને પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના ખુલ્લા તેજોદ્વેષી એવા પૂ૦ દર્શનવિજયજીએ સ્વીકૃતપક્ષના અંધરાગથી રંગાઈને રચેલાં -'**વિજયતિલકસૂરિ રાસ**'માંની લગભગ એવજુદ બીનાઓને" વાસ્તવિક બીનારૂપે સ્થાન આપ્યું છે, તે તેના જેવા ઇતિહાસકારને ખુલ્લા એકપક્ષીય લેખાવવા સ્વરૂપ છે.

'શ્રી તિલકસૂરિ રાસ' દ્વારા મહો૦શ્રીને ખરડવાનું જ ધ્યેય છે.

પ્રાચીન ઇતિહાસના સૂક્ષ્મ નિરીક્ષણથી સ્પષ્ટ છે કે-"તે બંને રાસના કર્તા મહાશયો, પ્રથમ પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦ના અનુરાગી હતા. તેમાંના **પહેલા ઋષભદાસ,** પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ પાસેથી શ્રાવકોચિત જ્ઞાન મેળવીને પ્રકરણ ગ્રંથોમાં પ્રવિણ થયેલ. તેમાં કોઈ એક દિવસે તે ઋષભદાસે ઉપાશ્રયમાં સૂતાં-એક શિષ્યને "તને વેગે જ્ઞાન ચઢે, તેવો અનેક ઔષધિમિશ્રિત લાડુ અમુક સ્થળે મૂકેલ છે, તે તું કાલે સવારે વાપરજે." એમ પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીએ હળવેથી જણાવેલી વાતને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળીને તે લાડુ, પૂ૦ આ૦ મ૦શ્રીથી છૂપી રીતે ઉઠાવી લઈને પોતે આરોગી ગયેલ. તેના પ્રભાવે પોતે કવિ બનવાથી તે ઋષભદાસ ત્યારથી પૂ૦ શ્રી સેનસૂરિજી મ૦ના પરમ ભક્ત બનેલ. અને **બીજા કવિ પૂ૦ દર્શનવિજયજી**, (પૂ૦ ગુરુદેવ શ્રી વિજયહીરસૂરિજી મ૦ના હસ્તે સં૦ ૧૬૨૮ માં–મારે બદલે પં૦ શ્રી જયવિમલને આચાર્ય (વિજયસેનસૂરિજી) બનાવવામાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ની જ સલાહે મુખ્ય ભાગ ભજવેલ છે એમ માની લઈને તે) સં૦ ૧૬૨૮ થી પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પ્રતિ દ્વેષ અને પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ સાથે આંતરભેદ ધરાવનાર પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ના પક્ષમાં જોડાઈ ગયેલ, અને ક્રમે કરીને તે પક્ષમાં ઋષભદાસ કવિ પણ જોડાઇ ગયેલ.

બાદ તે પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિ ઉપાધ્યાયજી મહારાજોએ, પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦શ્રીના સં૦ ૧૬૭૧ ના જેઠ વદ ૧૧ ના સ્વર્ગવાસ બાદ સં૦ ૧૬૭૩ માં પોતાના 'વિજયતિલકસૂરિ' નામે જુદા આચાર્ય ઊભા કરી ગચ્છ ભેદ કર્યો ત્યારથી તે પૂ૦ દર્શનવિ૦ અને તે ઋષભદાસ કવિ બંને, તે 'નિર્યામક' લેખાવા પામેલા નવા ગચ્છમાં જોડાઈ ગયેલ. તે પછીથી તે પૂ૦ દર્શનવિ૦નું કાર્યક્ષેત્ર, તે 'વિજયતિલકસૂરિ રાસ' આદિ દ્વારા સાગર સમુદાયને યેનકેનાપિ કુમતિ લેખાવી સર્વત્ર હડધૂત થયા રૂપે બતાવવાનું મુખ્ય બન્યું હતું.

પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦નાં આંતરિક ભેદવાળી ઉપર્યુક્ત બીનાઓથી અનેક ઇતિહાસનાં પાનાંઓ વારંવાર અને તે પણ વર્ષો પર્યંત ઉથલાવી નાખનાર તે શ્રી મોહનલાલ દેશાઈ અજ્ઞાત હોવાનું માનવા કોઈ કારણ નથી

દેશાઈનું જૈનત્વ, પૂ૦ મુનિવરોથી પણ મિત્રોને વિશિષ્ટ લેખનારું છે.

અરિહંતાદિ પાંચેય આરાધ્ય પરમેષ્ઠીઓનાં નામોની પહેલાં નમો બોલીને જ પ્રવર્ત્તવામાં જૈનપણું માનનારા **જૈન** કુળના નબીરા આ શ્રી દેશાઈએ પોતાના–'**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**'ના પેજ ૨૨–૩૨ આદિ અનેક પૃષ્ઠોમાં–"ગણધર ભગવંતો, શ્રુતકેવલી ભગવંતો, પૂર્વધર શ્રમણ ભગવંતો અને શ્રી હરિભદ્રસૂરિજી–શ્રી સિદ્ધસેનસૂરિજી–કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી આદિ પૂ૦ બહુશ્રુત ગીતાર્થ ભગવંતોને–'ગૌતમ, ઇંદ્રભૂતિ, સુધર્મા, ક્ષત્રિય પ્રભવ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ, હરિભદ્ર, સિદ્ધસેન, હેમાચાર્ય' આદિરૂપે સંબોધવા દ્વારા પોતે તે તે પૂજ્ય પ્રવરોના પણ ગુરુ હોવાનો ભાસ કરાવેલ છે તે, તે જૈન કુળના નબીરા શ્રી દેશાઈના જૈનત્વની વિશિષ્ટતા છે!

તેમના તે પુસ્તકમાંના નિવેદનના પેજ ૧૧ ના પેરા ૭–૮ વગેરેમાં તે શ્રી દેશાઈએ પોતાના મિત્રોને–"પંડિત લાલચંદ ભ૦ ગાંધી, પંડિત શ્રી બેચરદાસ, રા. મોહનલાલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ. ઝવેરી, રા. રસિકલાલ છો કાપડીઆ" ઇત્યાદિ પ્રકારે વિશેષણોથી વિશિષ્ઠપણે સંબોધવા દ્વારા નક્કી કરી આપ્યું મનાય કે-પોતાનું જૈનત્વ, મહાન્ મુનિવરો કરતાં પણ મિત્રોને વિશિષ્ઠ લેખનારૂં છે.

જે દેશાઈએ અર્હત્ને પણ પૂજવા યોગ્ય માનેલ નથી!

'अर्ह' ધાતુ જ 'પૂજ્ય' અર્થમાં છે, તે ધાતુના 'अर्ह घञ्'થી બનતા 'अर्ह' શબ્દનો અર્થ 'પૂજવા યોગ્ય' થાય છે અને તે 'अर्ह' ધાતુને કૃદંતનો 'अत्' પ્રત્યય લાગ્યા પછી તેનો બનતો 'अर्हत्' શબ્દ, તીર્થંકર નામ વાચક બને છે. આ अर्हत् શબ્દનો 'શબ્દ ચિંતામણિ' કોષમાં 'પૂજવા યોગ્ય' અર્થ જણાવેલ છે કલિકાલ સર્વજ્ઞ આ૦ ભ૦ શ્રી હેમચંદ્રસૂરિજીએ પણ 'અભિધાન ચિંતામણિ!માં તે 'अर्हत्' શબ્દના-'अर्हन्जिनः पारगतस्त्रिकालवित्, क्षीणाष्टकर्मा परमेष्ठयधीश्वरः। शंभुः स्वयंभूर्भगवान् जगत्प्रभुस्तीर्थंकस्तीर्थंकरोजिनेश्वरः॥' એ પ્રમાણે જિનેશ્વર નામવાચક અનેક શબ્દો જણાવ્યા છે.

આ વસ્તુ જાણવા છતાં જે મોહનલાલ દેશાઈએ, "તે अर्हत् શબ્દના જૈન શાસ્ત્ર અને વ્યાકરણસિદ્ધ એવા 'તીર્થંકર' નામવાચક અર્થને તેમજ 'પૂજવા યોગ્ય' અર્થને પણ અવગણીને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' નામના પુસ્તકના પેજ પાંચના પહેલા પેરાની પંક્તિ ૬ માં તે 'अर्हत्' શબ્દનો ઋગ્વેદ જેવા લૌકિકશાસ્ત્રમાંથી 'યોગ્ય' અર્થ ખોળી કાઢીને આગળ કર્યો છે, તે પછી પણ આગળ વધીને :"'अर्हत्' નામ એ (યોગ્ય) અર્થમાં યથાર્થ આપવામાં આવે છે" એમ જણાવ્યું છે અને તે अर्हत् શબ્દની નીચેની નં. ૨ ની સ્ફુટનોંધમાં એ સર્વથી પણ આગળ વધીને -પૂ૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે શ્રી અભિધાન ચિંતામણિમાં જણાવેલ તીર્થંકર વાચક 'अर्हत्' શબ્દના શ્રી જિનેશ્વર વાચક જણાવેલાં-'શ્રી જિન, પારગત-ત્રિકાલવિત્' વગેરે શબ્દોનો તે દેશાઈએ માનેલા ઋગ્વેદમાંના 'યોગ્ય' અર્થસૂચક પર્યાયો લેખાવલ છે" તેવા જ્ઞાની તે તે શ્રી દેશાઈ, તે अर्हत्' ભગવંતના શ્રમણોને તો ઉપર જણાવ્યા મુજબ 'પૂજવા યોગ્ય' તો નહિ જ; પરંતુ પોતાના મિત્રોની તુલ્ય પણ ન લેખાવે એમાં તેમને માટે નવું પણ ન ગણાય

દેશાઈના વ્યાકરણ અને શાસ્ત્રજ્ઞાનનો નમુનો.

શ્રી દેશાઈએ, પોતાના 'જૈન સાહિત્યનો સક્ષિપ્ત ઇતિહાસ' નામના પુસ્તકના પેજ ૪૬ ઉપરના પ્રકરણ પાંચમાના અગ્રભાગે 'श्री जंबूः प्रभवप्रभुर्गतभव०॥ श्यामाचार्यसमुद्रमगुसमिता०॥' એ આદ્ય આદ્યચરણવાળા બે શ્લોકો રજુ કરેલા છે. તેમાંના (૧)-પહેલા શ્લોકના ચોથા ચરણમાંના 'वो मंगलम्' એ અંતિમ વાકયનો અર્થ તેમણે તે શ્લોકની નીચે 'તમારૂં'ને બદલે 'અમારૂં રક્ષણ કરો' એમ જણાવેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૨)–બીજા શ્લોકના પ્રથમ ચરણમાં રહેલા 'समिताः' પદનો અર્થ 'આર્યસમિત' કરવાને બદલે 'સર્વે' અર્થ કરેલ છે.

(૩)–તે બીજા શ્લોકના પણ ચોથા ચરણમાંના 'वो मंगलम्' એ વાક્યનો અર્થ તેમણે એ રીતે બીજી વાર પણ 'અમારૂં રક્ષણ કરો' એમ જણાવેલ છે. શ્રી દેશાઈની તેમના પ્રશંસકોમાં મનાએલી વિદ્વત્તામાં વ્યાકરણજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન આ પ્રકારના હતા:

'અભયદેવસૂરિ, ખરતરના નથી' એ વાત સાચી ઠરી છે.

ઉપર્યુક્ત પ્રકારનું જૈનત્વ અને તે પ્રકારની વિદ્વત્તાના અભિનિવેશમાં તે શ્રી દેશાઇએ, **'આનંદ કાવ્ય મહોદધિ'** મૌક્તિક ૭ માંના તેમના નિબંધના પેજ ૧૫ ની સ્કુટ-નોટમાં લખ્યું છે કે– "વિ૦ સં૦ ૧૬૧૭ માં અભયદેવસૂરિ, ખરતર હતા કે નહિ તે સંબંધી પાટણમાં જ તપાગચ્છના ધર્મસાગર અને ખરતરગચ્છના ધનરાજ ઉપાધ્યાયને જબરો ઝગડો થયો હતો."

જ્યારે તે અંગે વાસ્તવિક જાણાતો ઇતિહાસ આ છે કે–"મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ૦ ત્યાંથી (નાગોરથી સં૦ ૧૬૧૭માં) ચિતોડ ગયા. ત્યાં રહેલા ખરતર ગચ્છના ઉપા૦ ધનરાજને ખરતર ગચ્છની ઉત્પત્તિ બાબત મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ સાથે ચર્ચા કરવા શ્રાવકોએ તે ઉપા૦ ધનરાજને વિનંતિ કરતાં તેમણે–'જેસલમેર કે વિકાનેરમાં મોટા ગ્રંથભંડારો છે, ત્યાં ચર્ચા કરીશું' એમ કહીને પાટણ તરફ વિહાર કર્યો મહો૦ શ્રી ધર્મસાગરે– 'તે પાટણ પહોંચે ત્યારે તેમને રોકી રાખજો' એમ સમજાવી વિમલ-સાગરને તેની પાછળ પાછળ મોકલ્યા મહોપાધ્યાયજી (ધર્મસાગરજી) સં૦ ૧૬૧૭ માં જાલોરમાં ૩ દીક્ષા આપી પાટણ પધાર્યા. સં૦ ૧૬૧૭ માં પાટણમાં ખરતર ગચ્છના ભ૦ આ૦ જિનચંદ્રસૂરિ વગેરે ચાતુર્માસ હતા. આ જ સમયે ભ૦ વિજયદાનસૂરિજી તેમ જ આ૦ હીરવિજયસૂરિ વગેરે ખંભાત ચાતુર્માસ હતા. ઉપા૦ ધનરાજે પાટણ આવી બધી પોષાળોના ભટ્ટારકોને "જેસલમેરી કાંબળી" આપી સૌનાં વચન લીધાં કે-"તમારે આ૦ અભયદેવસૂરિ બાબતે મારા પક્ષમાં સંમતિ આપવી.' તે બધા ભટ્ટારકો–ઉપાધ્યાય–પંડિ-તોએ તેને 'હા' કહી (**'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ'** પેજ ૩૭ થી ૪૫) મહો૦ ધર્મસાગર અને ઉપા૦ ધનરાજે પાટણમાં ચર્ચા શરૂ કરી.[૧] 'આ૦ અભયદેવસૂરિ, જો ખરતર ગચ્છમાં હોય તો ખરતર ગચ્છની સામાચારી સાચી, નહિતર ખરતર ગચ્છની સામાચારી ખરી નહિ.' એવો નિર્ણય (કરાર) થયો.

નવો ગ્રંથ–સૌએ પ્રથમ તપાગચ્છ લઘુપોષાળનો ગ્રંથભંડાર જોયો, અને પછી તપ-ગચ્છની વડીપોષાળનો ગ્રંથભંડાર જોયો, તો તેમાંથી સંસ્કૃત ભાષાનો **'ઉત્સૂત્રકંદકુદ્દાલ'** નામે ગ્રંથ 'સંસ્કૃત ટીકા સાથેનો' મળી આવ્યો. તેમાં પુનમીયા, આંચલિક, ખરતર,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર્ધપુનમીયા, આગમિયા એ પાંચેનો અસલી ઇતિહાસ નીકળ્યો તેમાં તે બધાને નિહ્નવ જેવા બતાવ્યા હતા. આ ગ્રંથનું બીજું નામ 'ગુરુતત્ત્વપ્રદીપ' પણ હતું. જેમાં વિશ્રામ ૮, શ્લોક ૨૨૧, વિવરણ ગ્રંથ ૧૯૫૨ હતું. ××××

મહો૦ ધર્મસાગરજીએ પાટણમાં (ખરતર ગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ સાથે) આ૦ અભયદેવસૂરિ ખરતરના નથી, ખરતર ગચ્છની સામાચારી ખોટી છે વગેરે ચર્ચા ચલાવી (એ વાત સાબિત કરી આપી) જૈન શાસનની ઉન્નતિ કરી અને તે જ વર્ષે ત્યાં 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્ર દીપિકા' ગ્રંથ બનાવ્યો.

ફુટનોટ-૧ "(૨)-ખરતર ગચ્છના મહો૦ સમયસુંદર ગણિવરે પોતાના સામાચારી શતક પ્રકરણમાં 'આ૦ અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થયા' એવી ૮૪ ગચ્છની માન્યતા બતાવવા બધા ગચ્છના યતિઓની સહીઓ આપી છે. તે લખાણ સાચું છે કે નહિ તેનો ખુલાસો ઉપરના લખાણથી થઇ જાય છે. (આત્માનંદ પ્રકાશ' વર્ષ ૧૪ [૧૫ સં. ૧૯૭૪ કાર્ત્તિકનો] અંક ૪)" જુઓ :—

('જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ ૩, પેજ ૭૦૭ થી ૭૧૧).

સત્યની સિદ્ધિ માટેની ચર્ચાને આત્માર્થી, 'ઝગડો' ન કહે.

સં૦ ૧૯૧૭નો એ મુજબનો વાસ્તવિક ઇતિહાસ સ્પષ્ટ કરી આપે છે કે-એ ઇતિહાસને મથાળે રજુ કરેલ શ્રી મો૦ દ૦ દેશાઇના લખાણ મુજબ-સં૦ ૧૯૧૭માં આ૦ અભયદેવસૂરિ ખરતરના હતા કે નહિ એ સંબંધી પાટણમાં તપાગચ્છના તથા ખરતર ગચ્છના ઉપાધ્યાયોને જબરો ઝગડો તો શું; પરંતુ સામાન્ય ઝગડો પણ નહોતો. માત્ર તે વિષય નક્કી કરવા ચર્ચા જ થઈ હતી અને તે ચર્ચાનો અંજામ પણ 'આ૦ અભયદેવસૂરિ ખર૦ ગચ્છના નથી.' એ જ આવ્યો હતો.

ખરતર ગચ્છના ઉત્પત્તિકાળ વિ૦ સં૦ ૧૨૦૪થી ખરતરોએ જૈન સમાજમાં-'આ૦ અભયદેવસૂરિ અમારા ગચ્છના છે' એમ ચારસો ને બાર વર્ષ સુધી પ્રસારેલા અસત્યોમાં અવરાઈ જવા પામેલા 'આ૦ અભયદેવસૂરિ તેમના નથી જ' એ સત્યને પ્રસિદ્ધિમાં લાવવાના સત્યોપાસક પૂ૦ મહો૦ ધર્મસાગરજી મ૦ના સતત પ્રયાસના ફલરૂપ તે શાસ્ત્રાનુસારી ચર્ચાને શ્રી દેસાઈએ એ રીતે- 'જબરા ઝગડા'માં ખપાવી, તે તો દહીંમાં ઓતપ્રોતપણે મળી રહેલા માખણને પ્રસિદ્ધિમાં લાવવા માટેના વલોણાકારના-વલોણું કરવારૂપ-પ્રયાસને કેવલ ઘમઘમાટ કે ઘોંઘાટમાં ખપાવવા જેવી બાલિશતા જ જણાય: કે-જે પ્રભુશાસનથી પરવારેલાઓની પારાશીશીરૂપ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી દેશાઇના અનેક ઐતિહાસિક અસત્યોનું ઉદ્‌ઘાટન.

(૧)–'**આનંદકાવ્ય મહોદધિ**' મૌક્તિક ૭-'**સમયસુંદર કવિવર**' શીર્ષકવાળા શ્રી મો. દ. દેશાઇના નિબંધના પેજ ૧ ની શરૂની બે પંક્તિમાં–"જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર–નિયમ પ્રમાણે શ્રમણશીલ પરિવ્રાજક છે." એમ લખીને જૈન શ્રમણોને 'પરિવ્રાજક' લેખાવ્યા છે, તે જોતાં લેખકનું જ્ઞાન, જૈન સાધુઓનું શ્રી જિનોપદિષ્ટ સર્વવિરતિત્વ અને પરિવ્રાજકોનું વેદોક્ત વાનપ્રસ્થત્વ યા સંન્યાસત્વ એ બંનેને સમાન ધર્મ લેખનારૂં છે! કે–જે જ્ઞાન, જૈનને જૈન કહેવડાવી શકતું નથી.

(૨)–તે પેજ ૧ ની પંક્તિ ૬ થી ૮ માં જે– "મહાવીરના અનુયાયી શ્રમણોની સંસ્કૃતિ **સમયધર્મ** પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોળે હીંચીને હજુ સુધી પણ અખંડપણે ચાલી આવી છે." એમ લખાયું છે તે મિથ્યા છે. સમયધર્મ એટલે કાલધર્મ, અને તેનો અર્થ–'જે કાળે જે માર્ગે ગમન કરવાથી સમાજશાંતિ ભાસે તે કાલે તે માર્ગનું અનુસરણ કરવું' એ છે. જૈન શ્રમણોની આજે પણ અખંડ ચાલી આવેલી જણાતી સંસ્કૃતિ જો તે પ્રકારના સમયધર્મના અનેક ઉદય અને અસ્તના હિંડોળે હીંચવાની ગુંચમાં અટવાઈ જવા પામી હોત તો તે કયારનીયે નામશેષ બની જવા પામી હોત; તે સંસ્કૃતિ, આજે પણ જે અખંડ ચાલી આવતી જણાય છે તે તો જે સર્વજ્ઞ પ્રભુએ પોતાના જ્ઞાનમાં ત્રણેય કાળના સમયો જોઈને તેમાંનો કોઈ પણ કાળનો કોઇ પણ સમય જે ધર્મને બાધક ન થઈ શકે તે પ્રકારના ઉપદેશેલ ત્રિપાલાબાધિત સાધુ ધર્મનું આરાધન, શાસ્ત્રાજ્ઞા મુજબ શ્રમણોએ, યથા સંહનન અને યથા દ્રવ્ય-ક્ષેત્ર–કાલાનુસારે અવિરતપણે અદ્યાપિ પર્યંત આદરે રાખ્યું છે તેની ફલશ્રુતિરૂપ છે.

(૩)–"**પેજ ૨ની છેલ્લી બે પંક્તિમાંનું**–'ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્દ્ધા અને વિખવાદ ચાલ્યા આવતા હતા એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં વધી પડ્યો હતો." એ લખાણ, સત્તરમી સદીના પૂર્વાર્દ્ધમાંના પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે વાદમાં ખરતરોને સર્વત્ર ચૂપ કરી નાખ્યા હોવાથી બન્ને ગચ્છ વચ્ચેના વિખવાદનું નિમિત્ત પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ને લેખાવવાની અશુભ વૃત્તિથી કર્યું જણાય છે. કારણ કે–"ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચેના-ખરતરગચ્છની ઉત્પત્તિ કાળમં૦ ૧૨૦૪ થી સોળમા સૈકા સુધી-જે સ્પર્ધા અને વિખવાદ (તપાગચ્છને યેનકેનાપિ પ્રકારેણ પરેશાન કર્યે રાખવા પૂર્વક) ચાલ્યા આવતા હતા, તે પ્રમાણમાં સત્તરમા સૈકાના પૂર્વાર્ધમાંના સ્પર્ધા અને વિખવાદ તો (પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ સાથેના વાદમા ખરતરનું ખમીર સર્વત્ર નિઃસત્વ થઇ જવા પામેલ હોવાથી) રૂપિયા પાસે રતિતુલ્ય પણ નહોતા, એ વાત ઇતિહાસ સિદ્ધ છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪-૫)–**પેજ ૩, પંક્તિ ૨ થી ૪ માંના**–" સં૦ ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિદેવ નામના શ્વેતાંબરસૂરિએ કુમુદચંદ્ર નામના દિગંબરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગંબરોને ગુજરાતના રાજ્યની હદપાર કરાવ્યા." તે લખાણમાં (૧)–બારમી સદીના પૂર્વાર્દ્ધમાં થયેલા અભયદેવસૂરિજીની જેમ બારમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા તે તપગચ્છના વાદિ શ્રી દેવસૂરિજીને પણ સં૦ ૧૨૦૪ માં નીકળેલા ખરતરગચ્છના ગણાવવાની બદવૃત્તિથી તપાગચ્છના જણાવાયા જણાતા નથી અને (૨)–તે (તપગચ્છના) 'શ્વેતાંબર આ૦ વાદિ દેવસૂરિએ દિગંબરાચાર્યને હરાવી દિગંબરોને ગુજરાતના રાજ્યની હદપાર કરાવ્યા.' એ વાત મનસ્વીપણે જ હાંકી છે 'તપગચ્છ પટ્ટાવલિ' પેજ ૧૧૮—" પ્રભુની ૪૦ મી પાટે થયેલા પૂ૦ આ૦ શ્રી મુનિ ચંદ્રસૂરિના શિષ્ય વાદિ શ્રી દેવસૂરિએ અણહિલપુર પાટણમાં સિદ્ધરાજ જયસિંહની સભામાં–દિગંબરચક્રવર્ત્તિનં વાદલિપ્સું કુમુદચન્દ્રાચાર્યં વાદે નિર્જિત્ય શ્વેપત્તને દિગંબરપ્રવેશો નિવારિતઃ" એ શાસ્ત્રીય હકીકતથી સ્પષ્ટ છે કે –' શ્રી વાદિ દેવસૂરિએ દિગંબરોને ગુજરાતની હદ બહાર નથી કરાવ્યા; સિદ્ધરાજે હદપાર કર્યા છે અને તે પણ દિગંબરોનો (માત્ર) પાટણમાં પ્રવેશ બંધ કર્યો હતો.'

(૬)–**પેજ ૩, પંક્તિ ૪ થી ૬** માંનું– 'તે પછી એ (તપગચ્છ અને દિગંબર) બંનેના કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જુદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો.' એ લખાણ, 'પોતાને બધા પ્રાચીન ઇતિહાસના આમૂલ-ચૂલ જ્ઞાતા લેખાવવાના 'અહં'માં કપોલકલ્પિત જ લખેલ છે. કારણકે-તપગચ્છ પટ્ટાવલી-કારના કથન પ્રમાણે 'દિગંબરોનો માત્ર પાટણમાં પ્રવેશ બંધ થયો હતો.' ગુજરાતભરમાં તો નિવાસ હતો જ; એ સ્થિતિમાં તે બંનેનાં કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જુદાં પડી ગયા હોવાનું તેમ જ તે બન્ને વચ્ચેનો વિરોધ મોળો પડી ગયા હોવાનું પોતાને ઇતિહાસકાર મનાવતા આ શ્રી મો૦ દ૦ દેશાઈ, પૂર્વાપરનો વિચાર કર્યા વિના જ ફેંકે રાખે, તે તેમના જેવા ખ્યાત ગણાતા ઇતિહાસકાર માટે ઓછું શોચનીય ન ગણાય.

(૭)–**પેજ ૩, પંક્તિ ૬ થી ૮**–પૂર્વની વાતના અનુસંધાનમાં જે– " પણ બીજી બાજુએ શ્વેતાંબર મૂર્ત્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત અને બીજામત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઈ પડ્યા હતો." એમ લખાયું છે, તે યથાર્થ ઇતિહાસના અનભિજ્ઞપણામાં પણ યથાર્થ ઇતિહાસજ્ઞપણાના રહેતા 'અહં'-વશાત્ લખાયું જણાય છે: અન્યથા જે લેખકે બારમા સૈકામાં દિગંબર સાથેનો વિરોધ મોળો પડ્યો હોવાનું જણાવ્યું છે, તે જ લેખક અહીં 'પણ' કહેવા દ્વારા તે જ વાતના અનુસંધાનમાં એટલે કે-તે બારમા સૈકાના જ અરસામાં– સં૦ ૧૫૩૩ માં નીકળેલા લોંકામત અને સં૦ ૧૫૭૦ માં નીકળેલા બીજામત સાથેનો વિરોધ પ્રબળ થઈ પડ્યો હતો: એવું સદંતર અસંગત લખાણ કેમ કરે?

(૮ થી ૧૨) **પેજ ૩, પંક્તિ ૮ થી ૧૩** માં લેખકે તે શ્વેતાંબર મૂર્ત્તિપૂજકથી જુદા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડવાવાળી વાતના અનુસંધાનમાં જે-" [૧]શ્વેતાંબરમતના ખરતર અને તપાગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઈ પડી હતી અને [૨]તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપાગચ્છીય વિદ્વાન-પણ- [૩]ઉગ્રસ્વભાવી સાધુએ [૪]કુમતિકંદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) નામનો ગ્રંથ બનાવી તપાગચ્છ સિવાયના [૫]અન્ય સર્વ ગચ્છ અને મતો સામે આક્ષેપ મૂકયા." એ પ્રમાણે લખ્યું છે, તેની અજ્ઞાનમૂલકતા સમજવા સારૂ આ નીચે અપાયેલી સમાલોચનાને નંબરવાર તપાસવી ઠીક છે.

સ....મા....લો.....ચ....ના.

૧. લેખકે, ઉપર નં૦ ૬ વાળી- 'બારમી સદીના ઉત્તરાર્દ્ધમાં દિગંબરો સાથેનો વિરોધ મોળો પડી ગયો હતો.' એ વાતના અનુસંધાનમાંની નં૦ ૭ વાળી બીનામાં (તે પછી લગભગ ૩૦૦ વર્ષો બાદ થયેલ) લોંકામત અને બીજમત અંગેના પ્રબળ વિરોધને ઉક્ત બારમા સૈકાના પૂર્વાર્દ્ધના અરસામાં જ લેખાવ્યો અને આ નં૦ ૮ થી ૧૨ વાળી વાતમાં શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી જુદા પડવાવાળી વાતના અનુસંધાનમાં 'પણ' શબ્દ લખવા દ્વારા તે અરસામાં એટલે કે-૧૨ મી સદીના ઉત્તરાર્દ્ધમાં ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતીની પ્રબળતા થઈ પડી હોવાનું લેખાવ્યું છે, તે પણ ખરતરગચ્છની ઉત્પત્તિ સં૦ ૧૨૦૪ થી એટલે કે તેરમી સદીથી જ થઇ હોવાની વાત શાસ્ત્રથી સ્પષ્ટ હોવાથી ખોટું છે અને તપગચ્છ તથા ખરતરની જણાવેલી મતામતીની પ્રબળતા પણ સં૦ ૧૨૦૪ માં ખરતરગચ્છ નીકળ્યો તે પછીથી થઈ હતી.

૨. એ પછી એડવોકેટ ગણાતા તે શ્રી દેશાઈએ-'તેમાં=તે મતામતીની પ્રબળતા ચાલુ જ હતી તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપાગચ્છીય૦' એમ લખવા દ્વારા લેખકે અંતર્ધ્વનિ જે- 'ખરતરગચ્છ નીકળ્યો તે સં૦ ૧૨૦૪ થી માંડીને સત્તરમા સૈકા સુધી બીજા કોઈ તપગચ્છીય આચાર્યોએ મતામતી તો ચાલુ રાખેલ; પરંતુ મહો૦ શ્રી ધર્મસા૦ મળની જેમ અન્ય ગચ્છ અને મતો સામે કોઈએ આક્ષેપ મૂકેલો નથી.' એમ પ્રકટ કરેલ છે, તે દ્વેષમૂલક છે. કોઇ પણ નવા મત સામે આક્ષેપો મૂકયા સિવાય નવા મતનો પ્રતીકાર કોઇએ પણ કર્યા હોવાનો દાખલો નથી.

૩ શ્રી મહાવીર પ્રભુને મનસ્વીપણે છ કલ્યાણકવાળા લેખાવીને નિજના બીનપાયાદાર મતની શરૂઆત 'જ્યાત મહાપુરુષથી છે' એમ લેખાવવા સારૂ નવાંગીવૃત્તિકાર પૂ૦ શ્રી અભયદેવસૂરિજીને ખોટી રીતે પોતાના ગચ્છના લેખાવીને તેમ જ શ્રાવિકાવર્ગને પ્રભુ પૂજાનો જ નિષેધ કરાવીને કલ્યાણકામીજનોને સન્માર્ગથી ચ્યૂત કરવા પૂર્વક નિજના કલ્પિત માર્ગે દોરી જવાની બદવૃત્તિવાળા ઉન્માર્ગગામીઓની આડે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે એકલા હાથે જ '૩૬ જાવ'ની વજ્રસમી દીવાલ ખડી કરીને અવિચ્છિન્ન પરંપરાગત તપગચ્છનું રક્ષણ કર્યું, તેના શીરપાવમાં તે શ્રી તપગચ્છના રક્ષણ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્તા એઠલે પ્રભુશાસનના રક્ષણ કર્તા પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને આ લેખક એડવોકેટે **'ઉગ્રસ્વભાવી સાધુ'** લેખાવ્યા છે. એ જોતાં માનવું થાય છે કે–આ લેખક, 'તપગચ્છમાંથી સં૦ ૧૨૦૪ માં અલગ થઈને સ્વચ્છંદે જ પોતાને ખરા લેખાવવા લાગી જનારા અને શ્રી જેસલમેરમાં તો નિજના કલ્પિત મતને બાધક એવા પ્રાચીન પ્રતોમાંના વચનો પર પણ પારો–હરતાલ ફેરવીને શાસ્ત્રના સાચા પાઠોને લોપનાર તરીકે જગજાહેર પણે સાબિત થનારા' શાસન અને શાસ્ત્રપ્રત્યનીકોને જ **'શાંતસ્વભાવી સાધુ'** તરીકે દેખવાની–લેખવાની અને લેખાવવાની દૃષ્ટિવાળા હોવા જોઈએ

૪. તે પ્રકારના ઇતિહાસકાર તે દેસાઈએ, "(તેવા તે સાધુએ) કુમતિકંદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) તામનો ગ્રંથ બનાવી" એમ લખીને તો પોતાની ઐતિહાસિક અજ્ઞાનતા જ પ્રકટ કરેલ છે. કારણ કે–'તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે તો તે નામનો કોઈ ગ્રંથ બનાવ્યો નથી; પરંતુ અન્ય કોઈએ પણ તે નામનો ગ્રંથ, તે સત્તરમી શતાબ્દિથી માંડીને આ ૨૧ મી શતાબ્દિ સુધીમાં બનાવ્યો નથી અને તેથી જ કોઇ પણ સ્થલના જ્ઞાનભંડારોમાં તે નામનો ગ્રંથ ઉપલબ્ધ નથી.' એથીયે આગળ વધીને તેમણે તે કહેવાતા 'કુમતિકંદકુદ્દાલ'નું અપર નામ 'પ્રવચન પરીક્ષા' જણાવેલ છે, તે પણ કોઈએ નથી જણાવ્યું તેવું જણાવનારી તેમની ઐતિહાસિક અજ્ઞાનતાનું પ્રતીક છે સહુ કોઈ તે 'પ્રવચન પરીક્ષા' નામ 'કુપક્ષકૌશિક સહસ્ર કિરણ' ગ્રંથનું અપરનામ હોવાનું જાણે છે: પરંતુ 'કુમતિકુદ્દાલ'નું અપરનામ 'પ્રવચન પરીક્ષા' હોવાનું જણાવવાની તો આ શ્રીમાન દેશાઇએ જ પહેલ કરી છે!

૫. તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે તે કુમતિકંદકુદ્દાલ નામનો ગ્રંથ જ બનાવ્યો નહિ હોવાથી એડવોકેટની 'તે ગ્રંથમાં અન્ય સર્વ ગચ્છ અને મતો સામે આક્ષેપો મૂક્યા' એ વાત પાયા વિનાના ઘર જેવી બોગસ છે. મૂલ તે ગ્રંથ જ નથી તેને તેવી શાખાઓ કુટી હોવાનું તો તે એડવોકેટ જેવા 'घटं भित्त्वात्पटं छित्त्वात्कुर्याद्वा रासभध्वनिं। येनकेन प्रकारेण प्रसिद्धः पुरुषो भवेत्॥' ઉક્તિને સાર્થક ઠરાવનારા વિદ્વાન જ દર્શાવી શકે.

(૧૩)-**પેજ ૩, પંક્તિ ૧૬ થી ૨૮**માં તે પ્રકારનો ઇતિહાસ લખનાર તે દેશાઇએ તે પ્રકારનાં નિરાધાર વાતો ઉપર મદાર બાંધીને ગતાનુગતિકપણે જે–"તેથી તપાગચ્છાચાર્ય વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી સાત બોલની આજ્ઞા કાઢી" એવું પણ લખી નાખ્યું છે, તે બદલ વિ૦ સં૦ ૨૦૨૪ માં પ્રસિદ્ધ થયેલ– "પંડિત શ્રી અમૃતસાગર ગણિ વિરચિત આલાવબોધ સમેત स्वोपज्ञवृत्तिसमलंकृतम्–श्री सर्वज्ञशतकम्" સંજ્ઞક અભૂતપૂર્વ મહાગ્રંથના ઉપોદ્ઘાતના પેજ ૧૪ ઉપર તેવી નિરાધાર વાતોને પ્રચારનારા લેખકોને તેવી ભૂલ કરતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બચાવી લેવા સારૂ વિદ્વાન મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી મહારાજે કરેલી તલસ્પર્શી સ્પષ્ટતામાંનો દેશાઈના ઉપરોક્ત લખાણની વિષમતા દર્શાવતો સાર આ પ્રમાણે છે:—

"મોહનલાલ દલીચંદ દેશાઈ 'આનંદકાવ્ય મહોદધિ' મૌક્તિક ૭ની પ્રસ્તાવનામાં (કવિવર સમયસુંદર) હેડીંગથી ત્રીજા પાનામાં ×××× આગળ જણાવે છે કે–'તપાગચ્છાચાર્ય વિજયદાનસૂરિજીએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો.' (એવું લખનાર તે દેશાઈએ ધ્યાન રાખવું ઘટે કે–) આ પ્રવચન પરીક્ષાની રચના આ૦ શ્રી વિજયદાનસૂરિજીની અવિદ્યમાનતામાં થયેલ છે. કારણ કે–આ ગ્રંથનું 'પ્રવચન પરીક્ષા' એવું નામ શ્રી જગદ્ગુરૂ આપે છે. તેમ જ તેઓશ્રીની આજ્ઞાથી વિજયસેનસૂરિ મહારાજાએ (તે જ ગ્રંથના આધારે સં૦ ૧૬૪૨–૪૩ માં) પાટણ અને અમદાવાદની રાજસભામાં વાદ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. જો વિજયદાનસૂરિજી મહારાજા હયાત હોત (અને આ ગ્રંથની રચના થઇ હોત) તો જગદ્ગુરૂ, આનું નામ 'પ્રવચન પરીક્ષા' આપે અને (તે ગ્રંથના આધારે) વાદ કરવાની આજ્ઞા આપે તે વાત સંભવે નહિ. મુખ્ય વાત તો એ છે કે–પૂજ્ય ભટ્ટારક વિજયદાનસૂરિજી મહારાજા વિ. સં. ૧૬૨૨ માં (વડાવલી મુકામે) સ્વર્ગે સીધાવે(લ) છે, જ્યારે આ ગ્રંથની રચના વિ. સં. ૧૬૨૯ ની છે. તો પછી વિજયદાનસૂરિજી આ ગ્રંથને જલશરણ કરે કયાંથી? કારણ કે–આ ગ્રંથ (તેઓશ્રીના સ્વર્ગગમન) પછીથી રચાયેલ છે અને વિજયદાનસૂરિજીએ જલશરણ નથી કર્યો તો તેને માટે (તેઓશ્રીએ) સાત બોલનો પટ્ટક બનાવવાની વાત તો આકાશકુસુમની માફક કલ્પિત જ ઠરે છે. આ ઉપરથી આ મહાશય, કયાં સુધી કલ્પનાના ઘોડા દોડાવે છે તેનો સહેજે ખ્યાલ આવી શકે છે."

(૧૪ થી ૨૦) **'આનંદકાવ્ય મહોદધિ' મૌ૦ ૭–શ્રી મો૦ દ૦ દે૦ નિબંધ–પેજ ૧૬ ઉપર**–પેજ ૧૫થી આગળ જતાં શ્રી દેશાઈએ જે– "ધર્મસાગરે એવું પ્રતિપાદન [1]કરવા માગ્યું હતું કે– ખરતરગચ્છની ઉત્પત્તિ, જિનેશ્વરસૂરિથી નહિ, પણ જિનદત્તસૂરિથી થઇ છે; અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થઈ શકતા નથી, જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી છે વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકા નામના સં૦ ૧૬૧૭ના ગ્રંથમાં મૂકયા [2]આ ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જુદા હોય– [3]બંનેમાં વિષયો સરખા છે. તેમાંના [4]એકનું નામ કુમતિકંદકુદ્દાલ છે. [5]આથી બહુ હોહાકાર થયો. [6]બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં તે કયાં અટકશે એ વિચારવાનું રહ્યું. જોખમદાર આચાર્યોને વચ્ચે પડ્યા વગર ચાલે નહિ, તેથી [7]તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભા સમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઈની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર

કર્યું હતું." એ પ્રમાણે ઇતિહાસ રજુ કરેલ છે, તે ઇતિહાસમાં શ્રી દેશાઈનું નીચે મુજબ નંબરવાર અજ્ઞાન છૂપાયેલું છે

(૧)–શ્રી દેશાઈએ '**કરતા હતા**' એમ યુક્ત લખવાને બદલે '**કરવા માગ્યું હતું**' લખ્યું તે વાકય, તેમના હૃદયના–'પરંતુ તેવું પ્રતિપાદન તેઓ કરી શકયા નહોતા' એ ઉદ્ગારના ધ્વનિરૂપ હોઈ ભ્રામક છે. કારણ કે–પૂ૦ મહોપાધ્યાયજીએ, પાટણ મુકામે સં૦ ૧૬૧૭માં ખરતરગચ્છના આ૦ શ્રી જિનચંદ્રસૂરિની સામે–'ખરતરની ઉત્પત્તિ જિનદત્તસૂરિથી થઈ છે, અભયદેવસૂરિ તેમના ગચ્છના નથી અને જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી છે' એ વગેરે બીના જાહેરસભામાં પણ સાબિત કરી આપેલ હોવાની વાત ઇતિહાસ પ્રસિદ્ધ હોવા છતાં તે વાત બદલ તેવું ભ્રામક લખાણ કરવું તે ઇતિહાસ-કારિત્વને બદલે સત્ય પ્રત્યેનું અપ્રિયત્વ દર્શાવવા જેવું છે.

(૨) શ્રી દેશાઈએ, (આ પહેલા 'કુમતિકંદકુદ્દાલ'નું અપરનામ 'પ્રવચન પરીક્ષા' હોવાનું લખ્યું! અને અહીં વળી)–'(ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકા) ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જુદા હોય' એવું જુદું જ જણાવ્યું! આ લખાણ તો તેમણે–'મારૂં નામ મોહનલાલ અને બીજું નામ દલીચંદ છે યા બંને જુદા હોય' એ પ્રકારનું બેહુંદું કર્યું હોઈને 'મા મૂળો અને બાપ ગાજર અથવા બંને જુદા હોય, એવી વાત જેવું સ્પષ્ટ બેવજુદ કર્યું હોઈને સદંતર વાહિયાત છે. આના કરતાં તે ગ્રંથના બરા એક નામથી પણ અપરિચિત એવા આ શ્રીમાન્ દેશાઈએ 'તે ગ્રંથ અંગે પણ હું જાણું છું' એમ બતાવનારૂં એ લખાણ જ કરવું ઉચિત નહોતું.

(૩) (ઉપરની નં૦ ૨ વાળી અસ્પષ્ટ પંક્તિદ્વારા અર્થાપત્તિથી શ્રી દેશાઈએ જ સ્પષ્ટ કરી આપ્યું છે કે-'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા અને પ્રવચન પરીક્ષા' એ બંને ગ્રંથો પોતે જોયા પણ નથી, છતાં તે પંક્તિની જોડે જ તેઓએ જે–) 'તે બંનેમાં વિષયો સરખા છે' એમ લખ્યું છે તે પણ નિજના તે બંને ગ્રંથોના અજાણપણાને જાણપણામાં બપાવનારૂં સ્પષ્ટ દાંભિક છે.

(૪) શ્રી દેશાઈએ જે–'તે (બંને ગ્રંથ, માંના એકનું નામ કુમતિકંદકુદ્દાલ છે' એમ (તેમણે ઉપર નં૦ ૨ વાળા વાકયમાં 'યા બન્ને જુદા હોય' એમ લખવા દ્વારા તે બન્ને ગ્રંથોનાં 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા અને પ્રવચન પરીક્ષા' એમ બન્ને નક્કી કરી આપેલા નામો પછી પાછું) લખ્યું, તે વદતો વ્યાઘાતરૂપ તો છે જ; પરંતુ 'તે બન્ને ગ્રંથમાંથી કયા ગ્રંથને કુમતિકંદકુદ્દાલ માનવો?' એ વિમાસણ પેદા કરનારૂં ભ્રામક પણ છે. (વાસ્તવમાં તો તે કાળે અને આજે પણ તે નામનો કોઈ ગ્રંથ જ વિદ્યમાન નહોતો અને નથી.)

જ્ઞાન ભંડાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫) શ્રી દેશાઈએ લખેલું–'આથી બહુ હોહાકાર થયો' એ વાકય પણ તેમણે 'ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકા અપરનામ કુમતિકંદકુદ્દાલથી બહુ હોહાકાર થયો કે પ્રવચન પરીક્ષા અપરનામ કુમતિકંદકુદ્દાલથી બહુ હોહાકાર થયો?' એ આવશ્યક સ્પષ્ટતા કરવી છૂપાવીને મોઘમ લખ્યું હોવાથી ભ્રામક છે. ખરી વાત એ છે કે– "ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકાનો રચનાકાળ સં૦ ૧૬૧૭ છે અને તે, તે વર્ષે પૂ૦ મહોપાધ્યાયજીએ પાટણમાં ખરતરોનો પરાભવ કરીને પ્રાપ્ત કરેલા તપાગચ્છના વિજયના સ્મારક તરીકેનો છે, જ્યારે પ્રવચન પરીક્ષાનો રચનાકાળ સં૦ ૧૬૨૯નો છે એટલે શ્રી દેશાઈ જો–'**ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકાથી બહુ હોહાકાર થયો**' એમ લેખાવે તો "તે વખતે તો પૂ૦ મહો૦શ્રીએ તપાગચ્છના બન્ને પૂજ્ય નાયક આચાર્યશ્રીઓને ખરતરોની ગેબી જાળમાં ફસાતા સમયસર ઉગારી લીધેલ હોવાથી તે બન્ને પૂ૦ ગચ્છનાયકપ્રવરો તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પ્રતિ તે વર્ષે તો અતીવ સુપ્રસન્ન હતા." એ વાત ઇતિહાસ પ્રસિદ્ધ હોઇને પોતાની તે વાતમાં પોતાના હાથે જ પોતે ખોટા ઇતિહાસકાર તરીકે લેખાઈ જવા પામે, અને જો–'**પ્રવચન પરીક્ષાથી બહુ હોહાકાર થયો**' એમ લેખાવે તો તે ગ્રંથની રચનાના સં૦ ૧૬૨૯ પછી કઈ સાલમાં 'તે ગ્રંથથી બહુ હોહાકાર થયો?' એમ સાલવાર સ્પષ્ટ જણાવી જ શકે તેમ નહિ હોવાથી તે બીજી વાતમાં પણ પોતે પોતાના હાથે ખોટા ઇતિહાસકાર તરીકે લેખાઇ જવા પામે. એમ ન બને માટે દેશાઇએ તે વાકયમાં તે બંને ગ્રંથોનાં નામમાંથી એક નામ સ્પષ્ટ જણાવ્યા વિના '**આથી**' એમ મોઘમ લખવાનું રાખીને પણ તે 'હોહાકાર'નું નિમિત્ત પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને લેખાવવાના ગર્ભિત આશયથી માત્ર તે 'હોહાકાર' શબ્દ રજુ કરી દીધેલ છે: સિવાય તે હોહાકારનું કોઈ વ્યવસ્થિત કારણ તો જણાવી જ શકેલ નથી, આથી તે 'હોહાકાર' શબ્દ દેશાઇના કલમમાંથી ટપકી પડયો જ માનવો રહે છે.

(૬) શ્રી દેશાઈએ, તે વાકય પછી જો–"બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં કયાં અટકશે એ વિચારવાનું રહ્યું." એ પ્રમાણે લખ્યું છે, તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને તે વાતના નિમિત્તભૂત લેખાવીને તેઓશ્રીને એ બહાને જૈન સંઘમાં ઉતારી પાડવાના મલીન આશયસૂચક છે. પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦થી પૂર્વે પણ 'બે ગચ્છ વચ્ચેની પ્રબળ મતામતી થઇ પડી હતી' એમ તો તે દેશાઈએ પોતે જ અગાઉ લખ્યું હોવા છતાં તે અથડામણી અને પ્રબળ વિખવાદની ઉત્પત્તિ પૂ૦ મહોપાધ્યાયજીથી ગણાવવામાં દેશાઈનો એ સિવાય બીજો આશય પણ શું લેખાવી શકાય? પોતાને ઇતિહાસવેત્તા જણાવનાર તેઓ પોતેય જાણે છે કે–'સં૦ ૧૨૦૪ થી ઉત્પન્ન થયેલા ખરતર ગચ્છીઓએ, પોતાના રક્ષણમાં જ સદા ઉદ્યત રહેલા નિષ્પ્રતિકારી તપાગચ્છ સામે પોતાના તે ઉત્પત્તિકાળથી જ અથડામણનો કઠોર પ્રારંભ કરેલ છે, તેમાં આગળ વધીને સાધિત કાળા=ગોરા ભૈરવો દ્વારા સેંકડો તપાગચ્છીય મુનિઓનો વિનાશ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેરતાં પણ તે પાષાણ હૃદયીઓ ખચકાયેલ નથી, અને તેઓના એ ત્રાસને છેવટે વિ૦ સં૦ ૧૫૭૦ માં થયેલા મહાપ્રભાવક પૂ૦ તપાગચ્છાધિપતિ આ૦ શ્રી આનંદવિમલસૂરિજી મહારાજાએ. પોતાનો સ્વયંસિદ્ધ થયેલ 'મણિભદ્રં વીર'ના હાથે (કોઇ તેમાંના કઠોરતરને તો નહિ જ; પરંતુ) તે કઠોરતર આત્માસાધિત તે તે ભૈરવોને પરાભવિત કરાવવા વડે દૂર કર્યો, ત્યારે જ તપાગચ્છના રહ્યા સહ્યા મુનિવરો આદિ શ્રી તપાગચ્છસંઘ શાંતિ અનુભવી શકેલ છે: એ આજે પણ મોજુદ ઇતિહાસ નક્કર છે." આમ છતાં તે બે ગચ્છો વચ્ચેની અથડામણ જનિત વિખવાદના હેતુ તરીકે તેમણે એ પ્રકારે તપાગચ્છીય મહાપુરુષને લેખાવવા તરફ ઇતિહાસને ઢોળાવ આપેલ છે તે તેવા પ્રસિદ્ધ ઇતિહાસકાર માટે ઉચિત ન ગણાય.

આથી બે ગચ્છ વચ્ચેની અથડામણ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના વખતથી જ નથી; પરંતુ કાળજુની છે. અને તે કાળજુની અથડામણ અને કાળજુના ભીષણ વિખવાદરૂપ સમુદ્ર પાસે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના સમયનો બે ગચ્છ વચ્ચેનો કહેવાતો વિખવાદ તો બિંદુસમાન જ છે: કારણ ઇતિહાસ પોકારીને કહે છે કે–'તે વખત તો ખરતરો, તે મહાજ્ઞાનભાનુ અને સમર્થવાદી પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના હાથે પાટણ-જેસલમેર-આગરા વગેરે સ્થલોની રાજસભામાં અને પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના હાથે સં૦ ૧૬૪૨ માં પાટણ તથા ૧૬૪૩ માં અમદાવાદ રાજસભામાં એમ વારવાર જગજાહેરપણે પરાભવિત થઈને દિગંબરપાનકૃત મુંખધારી બની જવા પામેલ હતા અને તેથી શ્રીમપાત્તગચ્છ સાથે પૂર્વની જેમ ઉદીરણા કરીને પણ અથડામણમાં આવવા અને વિખવાદ ઉત્પન્ન કરવાની તેઓ હિંમત પણ કરી શકતા નહોતા: અને તેથી પોતાના રક્ષણમાં જ ઉજમાલ રહેનારા તપગચ્છીય મહાપુરુષોને તેઓને બહુધા પ્રતીકાર કરવાનો પરિશ્રમ ઓછો કરવો પડતો હતો:' આથી પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ના સમયે પ્રસ્તુત બને ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થયો હોવાની શ્રી દેસાઈની વાત પ્રતિસ્પર્દ્ધિઓએ ઉપજાવી કાઢેલી ઠરે છે.

(૭) શ્રી દેશાઈએ તે છઠ્ઠી કલમ પછી લખેલી– 'તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત '**કુમતિકંદકુદ્દાલ**' ગ્રંથ સભા સમક્ષ પાણીમાં બોળાવી દીધો અને તે ગ્રંથની નકલ કોઈની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઈને પ્રમાણભૂત માનવું નહિ એવું જાહેર કર્યું હતું" એ બીનાને તો–ઉપર નં૦ ૪ વાળી વાતની સમાલોચનામાં જણાવ્યા મુજબ–તે કાળે કે આજે પણ તે કુમતિકંદકુદ્દાલ નામનો ગ્રંથ જ વિદ્યમાન નહિ હોવાથી અજ્ઞાનવશાત્ અસંભવિત વસ્તુને સંભવિત લેખાવનારી બાલચેષ્ટાસ્વરૂપ જ ગણવી રહે છે.

'**આનંદકાવ્ય મહોદધિ**' **મૌક્તિક** ૭ માંના પોતાના પ્રસ્તુત નિબંધના પેજ ૧૬ ઉપરનાં ઉપર્યુક્ત ફકરામાં શ્રી દેશાઈએ પૂર્વોક્ત સાત ઐતિહાસિક અસત્ય નીપજાવ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી જે–" ખરતર ગચ્છવાળાએ પોતાના મતનું પ્રતિપાદન કરવા ભગીરથી પ્રયત્ન સેવ્યો હતો: એ વાતના પ્રમાણમાં જણાવવાનું જે–આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ માં સ્થાપેલા સામાચારી શતકમાં સં૦ ૧૬૧૭ માં પાટણમાં થએલા એક પ્રમાણપત્રની નકલ આપેલી છે. કે-જેમાં એવી હકીકત છે કે-અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થએલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, અને એ પ્રમાણપત્ર સાચું જણાય છે." એ પ્રમાણે લખાણ કર્યું છે તે, 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક વર્ષ ૧૫ સં૦ ૧૯૭૪ના કાર્તિક માસના ચોથા અંકમાં ઇતિહાસજ્ઞ શ્રી જિનવિજયજીએ પ્રાચીન પત્રોને પ્રસિદ્ધિ આપીને તેમ જ આ જ લખાણમાં પહેલાં રજુ કરેલ 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ-૩ના પેજ ૭૦૭ થી ૭૧૧ ઉપરના પ્રાચીન ઇતિહાસની નોંધ આપીને–" તે કહેવાતા ૮૪ ગચ્છના યતિઓને ખરતરના ઉ૦ ધનરાજે 'જેસલમેરી કાંબલીઓ' આપવા દ્વારા ફોડીને પોતાના મતમાં તેઓની સહીઓ કરાવી લીધેલ હોવાનું સ્પષ્ટ થાય છે." એ ભાવને વ્યક્ત કરતી તત્કાલીન ઐતિહાસિક લખાણવાળી જાહેરાતને જાણ્યા પછી તો શ્રી દેશાઈએ પોતાના આ સં૦ ૧૯૮૨ના નિબંધમાંની તે સર્વથા અસત્ય ઠરેલી વાતને રદ કરવી અથવા તે વાતની નીચે 'આ ૮૪ સહીઓવાળુ પ્રમાણપત્ર કૃત્રિમ ઠરેલ છે' એમ સ્ફુટનોટ કરવી એ એમને માટે ઇતિહાસકારની ફરજ બજાવવાનું જ ઔચિત્ય દાખવવું રહેતું હતું; પરંતુ તેમણે તે પોતાની તે ફરજ ચૂકીને એ અસત્ય ઠરેલા સહીઓવાળા પત્ર ઉપર 'સાચું જણાય છે' એમ કહીને મહોરછાપ મારવા વડે નિજના ઇતિહાસકારિત્વને ખરેખર એકપક્ષીય લેખાવીને કલંકિત જ કર્યું છે.

દેશાઈના ઇતિહાસરૂપી કાર્યનું કારણ મહો૦ની નિંદાનો રસ છે.

શ્રી મોહનલાલ દેશાઈએ પૂર્વાચાર્યો આદિના પ્રાચીન ઇતિહાસને વિવિધ સાધનો દ્વારા પ્રસિદ્ધિ આપવામાં વર્ષોના વર્ષો સુધી પરિશ્રમ તો નોંધપાત્ર સેવ્યો છે; પરંતુ તે પરિશ્રમમાં તેમણે મુખ્યત્વે–" ખરતર ગચ્છના આ૦ શ્રી જિનચંદ્રસૂરિ આદિને સત્તરમા સૈકામાં વાદમાં વારંવાર પરાભવિત કરીને નિસ્તેજ બનાવી દેનાર તપગચ્છના સમર્થ સંરક્ષક મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ને યેનકેનાપિ ખરડવા પ્રતિ ખાસ લક્ષ્ય રાખ્યું જણાય છે. તે પૂ૦ મહોપાધ્યાયશ્રીના પ્રતિસ્પર્દ્ધિ વર્ગમાંની કોઈ પણ વ્યક્તિના રચેલા સાહિત્યનાં લખાણોમાંથી તે મહોપાધ્યાયજીની અવહેલનાકારક અલ્પ પણ બીના પ્રાપ્ત થઈ જાય એટલે તે બીનાની પ્રમાણિકતા કે અપ્રમાણિકતા વિચારવા થોભ્યા વિના તેવી બીનાને આધારે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ને શ્રી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન સંઘમાં યેનકેનાપિ મહાન્ વિપ્લવકારી તરીકે ઓળખાવવામાં રસ હતો." એમ તેમનું પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ સંબંધીનું તે તે સાહિત્ય જોતાં વાચકને સહેજે જણાઈ આવે તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ તારણનો મુખ્ય મુદ્દો પણ આ છે કે "તે વિક્રમની સત્તરમી સદીના પૂર્વાર્દ્ધમાં થએલા તે પૂ૦ મહો૦શ્રીના કટ્ટર પ્રતિસ્પર્દ્ધિ પૂ૦ મહો૦ શ્રી સોમવિજયજી મ૦ આદિ સમસ્ત પૂ૦ ઉપાધ્યાયોએ, પૂ૦ વિજયસેનસૂરિ તપગચ્છમાંથી ખસીને તે સત્તરમી સદીના ઉત્તરાર્દ્ધમાં પોતાના જુદા આચાર્ય તરીકે સ્થાપીને શરૂ કરેલા પૂ૦ આ૦ શ્રી આણંદ-સૂરિ તપગચ્છ શાખામાંના પણ આજે એક પણ મુનિ વિદ્યમાન નથી: અર્થાત્ ઉક્ત બન્ને શાખા પ્રાયઃ છેલ્લાં સો વર્ષ થયાં નામશેષ બની જવા પામી છે. આમ છતાં આ શ્રી એડવોકેટ દેશાઈએ પૂ૦ મહો૦ ધર્મસા૦ મ૦ના તે તે પ્રતિસ્પર્દ્ધિ મહાશયોના એક તરફી સાહિત્યને પોતાના ઇતિહાસમાં સત્ય તરીકે સ્થાન આપેલ છે અને પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પક્ષીય નક્કર ઇતિહાસને તો બહુધા સ્થાન જ નહિ આપવાની કાળજી રાખેલ છે!" કે–જે ઇતિહાસકારનું નહિ; પરંતુ પક્ષકારનું લક્ષણ છે.

સત્યને દૂર કરનારૂં અને અસત્યને સ્થિર કરનારૂં

શ્રી દેશાઈનું નાટક.

(૧)–'**આનંદકાવ્ય મહોદધિ**' મૌ૦ ૭ માંની પોતાના–'**કવિવર સમયસુંદર**' નિબંધના પેજ ૩ ઉપર શ્રી દેશાઈએ પ્રથમ '**તાત્કાલીન સ્થિતિ**' શીર્ષક તળેના ગચ્છોની યદ્વાતદ્વા સમયસ્થિતિ ચીતરીને પણ તે બહાને પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને '**ઉગ્રસ્વભાવી સાધુ**' તરીકે નવાજ્યા. તેઓશ્રીએ નહિ જ રચેલા 'કુમતિકંદકુદ્દાલ' ગ્રંથને તેઓશ્રીનો રચેલો જણાવ્યો, 'તે ગ્રંથદ્વારા તેઓશ્રીએ અન્ય સર્વ ગચ્છો અને મતો સામે આક્ષેપો કર્યા' એ મુજબનો તેઓશ્રી ઉપર નિરાધાર આક્ષેપ કર્યો! અને તે કુમતિકંદકુદ્દાલ ગ્રંથને આ૦ શ્રી વિજયદાનસૂરિજીએ પાણીમાં બોળાવી દીધો હોવાનો ગોળો પણ ગબડાવ્યો!

(૨)–શ્રી દેશાઈએ પોતાના તે નિબંધના પેજ ૧૫ ઉપર શ્રી સમયસુંદરજીના રજુ કરેલા ઉલ્લેખમાંની "તેના શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિએ સ૦ ૧૦૮૦ માં પાટણમાં દુર્લભ-રાજની સભામાં શ્વેતપટ સાથે વાદ કરી તેનો પરાભવ કરવા પૂર્વક ખરા ઠરવાથી તેઓશ્રીને દુર્લભરાજે 'ખરતર' એવું બીરૂદ આપ્યું." એ ભાવની મનાતી પંક્તિઓને રદ કરીને તેનાં સ્થાને–'તેનાં શિષ્ય જિનેશ્વરે ગુજરાતના રાજા દુર્લભરાજ (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્યસભામાં શ્રી અણહિલ્લપુર (પાટણ)નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો.' એ, પોતાના શબ્દોમાં પોતાનું સંક્ષિપ્ત લખાણ પોતે જ દેવા દ્વારા શ્રી સમયસુંદરજીના પ્રસ્તુત ઉલ્લેખમાંની–'સં૦ ૧૦૮૦ માં વાદ કર્યો' એ બે વર્ષના તફાવતવાળી એક ભૂલનો બચાવ કર્યો અને ઈર્યાપથિકીષટ્ત્રિંશિકા પેજ ૪૨ ઉપરની (ખરતરની તે વાતને મુદ્દાસર અસત્ય ઠરાવતી) સત્ય હકીકતને ધ્યાનમાં લઈને] બીજી –'સં૦ ૧૦૮૦માં તે દુર્લભરાજે ખરતર એવું બિરૂદ આપ્યું' એ અસત્ય વાતને ઉડાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીધી; પરંતુ તેમ ડહાપણ ડોળવા જતાં શ્રી દેશાઈને ખરતર ગચ્છની પટ્ટાવલીમાં જણાવેલ ખરતર ગચ્છની ઉત્પત્તિનો સં૦ ૧૦૮૦ ના બદલે મનસ્વીપણે જ ૧૦૬૯ નો લેખાવવા દ્વારા સ્વેષ્ટપક્ષ ખરતરને પણ તે પટ્ટાવલી લખવામાં ખોટા લેખાવવાની ભૂલનો ભોગ બનવું પડયું !

આવા તે શરાફ ઇતિહાસકાર શ્રી દેશાઈ, આત્માનંદ પ્રકાશ, વર્ષ ૧૫ સં૦ ૧૯૭૪ ના કાર્તિક માસના ચોથા અંકમાં શ્રી જિનવિજયના હસ્તે પણ પ્રસિદ્ધ થવા પામીને નક્કી કરેલી–'આ૦ શ્રી અભયદેવસૂરિ ખરતર નથી' એ વાતને જાણતા હોવા છતાં શ્રી સમયસુંદરજીએ પોતાના તે ઉલ્લેખમાં (તે જ પેજ ૧૫ ઉપર) આગલ જતાં જણાવેલી–'શ્રી જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતર ગણનાયક, જૈન સિદ્ધાંત શાસ્ત્રો પૈકી નવ અંગ-આગમ પર સંસ્કૃતમાં ટીકા રચનાર અભયદેવસૂરિ થયા' **એ અસત્ય વાતને ઇતિહાસકારની ફરજ તરીકે તેમણે અસત્ય જણાવવી જોઈતી હતી તે તો ન જણાવ્યું; પરંતુ તે શ્રી સમયસુંદરજીએ જણાવેલી અસત્ય વાતની નીચે નં૦ ૧૧ ની કરેલી ટિપ્પણીમાં**–(તે વાતને ખરતર ગચ્છના ઉક્ત આ૦ શ્રી જિનચંદ્રસૂરિજીની સાથેના સં૦ ૧૬૧૭ પાટણ આદિના જાહેર સભાના વાદમાં અનેક શાસ્ત્રાધારોથી અસત્ય ઠરાવી આપનાર) પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને ઉતારી પાડનારૂં લાંબું લચ્ચ વાહિયાત લખાણ કરીને છેવટે 'આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ના રચેલા સામાચારી શતકમાં સં૦ ૧૬૧૭મા પાટણમાં થયેલા એક પ્રમાણપત્રની નકલ આપેલી છે કે–જેમાં એવી હકીકત છે કે–'અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થયેલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, **અને એ પ્રમાણપત્ર સાચું જણાય છે**' એમ ઈરાદાપૂર્વક પુનઃ જુઠું લખીને તે 'અભયદેવસૂરિ ખરતરમાં થયા' એમ કહેનારી સરાસર અસત્ય વાતને સત્યમાં ખપાવવાનું ખરેખર નાટક જ કર્યું છે! શ્રી દેશાઈનું આ કઈ પ્રકારનું ઇતિહાસકારિત્વ?

(૩)–તપગચ્છાધિપતિ આ૦ શ્રી વિજયહીરસૂરિજીના શિષ્ય પૂ૦ મહો૦ શ્રી વિમલહર્ષ વાચકના શિષ્ય પૂ૦ મુનિશ્રી મુનિવિમલજીના શિષ્ય (શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિના કર્તા) પૂ૦ મહો૦ શ્રી ભાવવિજયજી મ૦ સં૦ ૧૬૭૧ સુધી તો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ને જ ગચ્છાધિપતિ માનતા હતા અને સં૦ ૧૬૭૬ થી જ પૂ૦ આ૦ શ્રી વિજયાણંદસૂરિને ગચ્છાધિપતિ તરીકે માનતા થયેલ હોવાની બીના ઇતિહાસ પ્રસિદ્ધ હોવા છતાં શ્રી દેશાઈએ, શ્રી સમયસુંદરજી અંગેના પ્રસ્તુત નિબંધના પેજ ૧૧૪ ની સ્કુટનોટમાં જે–'આ ભાવવિજયે વિજયાણંદસૂરિને જ ગચ્છાધિપતિ સ્વીકારેલ છે' એમ (તેઓશ્રીએ સં૦ ૧૬૮૯માં રચેલ ઉત્તરા૦ વૃત્તિની પ્રશસ્તિના આધારના બ્હાને) જણા૦યું છે, તે અર્થાપત્તિથી પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ અને તે પૂ૦ મહો૦ શ્રી ભાવવિ૦ મ૦ એ બન્ને પૂજ્ય તપાગચ્છીય મહાપુરુષોની લઘુતા દર્શાવનારૂં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪)-શ્રી દેશાઈએ **'શ્રી સમયસુંદરજી'** લખાણમાંનાં ઇષ્ટસ્થળો પર ફુટનોટો કરીને તેમાં તપાગચ્છના પૂ૦ સમર્થ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦શ્રીની તોછડી અને કટુ-ભાષામાં પેટપુર નિંદા કરી લીધા પછીય સંતોષ નહિ થવાથી તે 'આનંદકાવ્ય મહોદધિ' મૌ૦ ૭ના પેજ ૧૧૩ થી શરૂ થયેલા 'પંડિત જયવિજય' શીર્ષક લખાણ તળે તેમની પરંપરા જણાવવાને બ્હાને પેજ ૧૧૫ના પ્હેલા પેરાને અંતે વિના પ્રસંગે જ-'આ ધર્મસાગરજીને સં૦ ૧૬૧૭માં જૈન શાસનમાંથી બહિષ્કૃત કર્યા' એ પ્રકારનું કટુ નિંદાકારી લખ્યું છે, તે જોતાં લાગે છે કે-શ્રી દેશાઈને પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ પ્રત્યે કોઈ પૂર્વભવનું નસેનસમાં વ્યાપેલ દ્વેષનું ઝેર ચઢેલું હોવું જોઈએ: અન્યથા તે સં૦ ૧૬૧૭માં 'પૂ૦ આ૦ શ્રી દાનસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦' એ બન્ને તપગચ્છના આચાર્ય પ્રવરો તો પોતાને પાટણ બેઠા બેઠા પણ ખરતર-ગચ્છીઓની ગેણી જાળમાંથી ભારી સમયસૂચકતા વાપરીને આબાદ ઉગારી લેનારા તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ ઉપર આભારદર્શક સુપ્રસન્ન દૃષ્ટિમાંથી અમીનાં ઝરણાંની વૃષ્ટિ કરનારા બની ગયા હોવાની બીના ઇતિહાસ પ્રસિદ્ધ હોવાનું જાણવા છતાં તે પૂ૦ મહો-પાધ્યાય શ્રી માટે દેશાઇ તે પૂજ્ય મહાપુરુષોને નામે તે જ સં૦ ૧૬૧૭નું તેવું વાહિયાત લખાણ કરી શકે નહિ! શ્રી દેશાઈએ, તે લખાણમાં **'તે પૂ૦ મહો૦શ્રીને કોણે જૈન શાસનમાંથી બહિષ્કૃત કર્યા? કયા કારણે બહિષ્કૃત કર્યા?'** એ વગેરે જણાવવી જરૂરી વિગતને ચોક્કસાઇથી તપાસીને જણાવ્યા વિના તેવો નિંદ્ય આક્ષેપ કરેલ છે, તે પૂ૦ મહો૦ શ્રી પ્રતિના પૂર્વભવીય દ્વેષ વિના સંભવે પણ નહિ વળી કોઈ તથાપ્રકારના અપ-રાધે કોઇ શિષ્યને ગચ્છનાયકોએ ગચ્છ બહિષ્કૃત કરવાનું તો (શક્ય હોવાથી) જોવાય છે; પરંતુ જૈન શાસનમાંથી બહિષ્કૃત કરવાનું તો ખુદ ગણધરદેવો માટેય શક્ય નહિ હોવાથી આ શ્રી દેશાઈએ પોતાના તે પ્રકારના દ્વેષના નશામાં જ એ વિષમતર ઉદ્ગારો કાઢવા વડે અશક્યને શક્ય તરીકે જણાવ્યું જણાય છે.

(૫)-પૂ૦ મહો૦ શ્રી ધર્મ સા૦ મ૦ પ્રતિ દેશાઈએ એટલું ઝેર ઠલવ્યા છતાં તેમણે વળી પાછો ઉમળકો આવવાથી તે પેજ ૧૧૫ના બીજા પેરામાં ચર્વિતચર્વણની જેમ લખ્યું કે-"ધર્મસાગર સંબંધમાં થોડું ઘણું 'કવિવર સમય સુંદર' પરના નિબંધમાં કહેવાઈ ગયું છે; થોડું ક અહિં પ્રસ્તુત લઈએ તો 'ધર્મસાગર ઉપાધ્યાયે કુમતિકુદ્દાલ નામનો એક નવો ગ્રંથ બનાવી નવો પંથ માંડવા પ્રયત્ન કર્યો. તેઓ પોતાનાં વખાણ અને બીજા પક્ષની નિંદા કરવા લાગ્યા. તેમના ગ્રંથમાં ધર્મથી ઘણું વિપરીતપણું જોવામાં આવ્યું અને તેવી પ્રરૂપણા પણ કરવા લાગ્યા. આ વાતની વિજયદાનસૂરિને જ્યારે ખબર પડી ત્યારે તેમણે વીસનગર આવીને નગરના ઘણા લોકોની સાક્ષીએ તે ગ્રંથને પાણીમાં બોળાવી દીધો. ગુરુ આજ્ઞાથી આ ગ્રંથ સૂરચંદ્ર પંન્યાસે પાણીમાં બોળ્યો હતો.' આમ સામા પક્ષના દર્શનવિજય પોતાના તિલકસૂરિરાસમાં જણાવે છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી દેશાઇ તરફના પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ શ્રી ઉપરના એ પુનરપિ પુનઃ પ્રહારને વિદ્વાન્ મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી મહારાજે, સં. ૨૦૨૪માં પ્રસિદ્ધ થએલ સવૃત્તિ-બાલાવબોધ 'શ્રીસર્વજ્ઞશતક' નામના ટંકશાળી ગ્રંથરત્નના મનનીય ઉપોદ્ઘાતના પેજ ૧૫થી ૧૬ સુધીમાં જે પ્રકારે ટકાઉ પ્રતીકાર દ્વારા અસત્ય ઠરાવેલ છે તે પ્રતીકારને યથોચિત સંક્ષિપ્ત અને સંકલાનાબદ્ધ કરીને આ નીચે પ્રસંગ પૂરતો રજુ કરવામાં આવે છે.

મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી કૃત પ્રતીકાર.

["આવા ગપગોલાવાળી સર્વ હકીકતોની માહિતી માટે જિજ્ઞાસુજનોએ પં૦ દર્શનવિજયજી કૃત 'વિજયતિલકસૂરિરાસ' વાંચવો આવશ્યક છે. તે રાસ વાંચવાથી માલુમ પડશે કે-" રાસકારે તેમાં પૂજ્ય મહામહોપાધ્યાયજી મ૦, કે-જેઓ શાસનને અને સમુદાયને સદા વફાદાર રહ્યા છે. જેઓએ પ્રભુશાસનને અર્પેલી સેવાઓ શાસનના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાએલી છે-જેમણે શાસ્ત્રાનુસાર તપાગચ્છને જ સાચો માની પોતાનો પ્રાણ માન્યો છે તેઓના ઉપર કેવો કુટિલ હલ્લો કર્યો છે? તથા તપાગચ્છના ઉદય સમાન એવી જે સાગરશાખા છે તેના પ્રત્યે કેવી ઘૃણા વર્ષાવી છે? અને અત્યારે જેમાં શાસનની વિદ્યમાનતા રહેલી છે એવા શ્રી તપાગચ્છના જેઓ અધીશ્વર હતા તે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજા ઉપર પણ કપટ કર્યાના-કારસ્થાનો કર્યાના કેવા ભીષણ આક્ષેપો કર્યા છે?" દુનિયા તો ધૂર્ત તો શું પણ મહાધૂર્ત પણ તેવી ભયંકર બનાવટી હકીકતો ઊભી કરીને દુનિયાને છેતરવાનો ભવવર્ધક પ્રયત્ન ન કરી શકે + + + તે રાસમાં એવી તો ઘણી વિષમ હકીકતો છે કે જેનું સ્પષ્ટીકરણ કરતાં એક નવો ગ્રંથ જ તૈયાર થઈ જવા પામેઃ તે પ્રકારના તે રાસમાંની માત્ર એકાદ હકીકત તપાશીએ :—

આપણે ઉપર ઘણી વખત જણાવી ગયા કે કુમતિમતકુદ્દાલ કે કુમતિકુદ્દાલ નામનો કોઈ ગ્રંથ પૂજ્ય ધર્મસાગરજી મહો૦ એ બનાવ્યો નથીઃ છતાં પ્રસ્તુત રાસમાં આ (કુમતિકુદાલ) નામ આવે છે, અને તેના કર્તા ધર્મસાગરજી મહો૦ છે તેમ તે રાસકાર જણાવે છે જુઓ :- 'ધરમસાગર તે પંડિત લગઈ કર્યો, નવો એક ગ્રંથ રે; નામથી કુમતિકુદ્દાલડો માંડયો અભિનવ પંથો રે ॥૧૧૫॥ આપ વખાણ કરઈ ઘણું નિંદઈ પરતણો ધર્મ રે; એમ અનેક વિપરીતપણું ગ્રંથમાંહિ ઘણા મર્મ રે ॥ ૧૧૬ ॥' ઉપર જણાવી ગયા કે-આ ગ્રંથ પૂજ્યશ્રીએ બનાવ્યો નથીઃ છતાં તે નહિ જ બનેલા ગ્રંથમાંની વાત રાસકાર લખે છે કે-' આપ વખાણ કરઇ ઘણું.' તો તે બદલ રાસકારને પૂછીએ કે તે પંક્તિમાંના ' આપ ' એટલે શું? ' પોતાના ' એમ અર્થ કરવા માગેલ હોય તો પોતાના વખાણ, પૂજ્યશ્રીએ પોતાના કોઈ પણ ગ્રંથમાં કર્યા નથી, અને જો ' આપ ' એટલે પોતાનો ગચ્છ અર્થાત્ તપાગચ્છ એમ અર્થ કરવા માગેલ હોય તો તે અર્થ સુસંગત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ લાગે છે; પરંતુ તે અર્થ પણ તે અકૃત ગ્રંથમાં 'આપ' શબ્દ જ આકાશકુસુમવત્ હોઇ કયા 'આપ' શબ્દનો કરવો? પૂજ્યશ્રીએ તેવા અકૃતગ્રંથ સિવાયના દરેક ગ્રંથોમાં તપાગચ્છના વખાણ જરૂર કર્યા છે; પરંતુ તેમાં તે તપાગચ્છના રાસકારને ખોટું શું લાગ્યું? તપાગચ્છના વખાણ થાય તેમાં તો જો રાસકાર તપાગચ્છને પણ વફાદાર છે, તો તેમના મનમાં હર્ષ થવો જોઈએ. તેને સ્થાને આ રાસકારને તેમાં પણ દુઃખ થતું હોય તેમ આ ઉપરથી લાગે છે.

વળી રાસકાર લખે છે કે– નિદ્ય પરતણો ધર્મ રે.' કોઇ પણ કુમતનું યુક્તિ પુરસ્સર ખંડન કરવું તે નિંદા નથી. જો તેને નિંદા કહેવામાં આવે તો આપણા પૂર્વજોએ જે પરવાદીઓ સાથે વાદો કર્યા તે પણ નિંદા ગણાશે. ખરી વાત તો એ છે કે–પૂજ્યશ્રીએ પોતાના ગ્રંથોમાં તપાગચ્છના યથાર્થ વખાણ કર્યા છે અને કુમતિઓનું યુક્તિ પુરસ્સર ખંડન કર્યું છે અને તેમ કરવામાં શાસન સેવા સિવાય તેઓશ્રીનો બીજો કોઇ જ સ્વાર્થ હતો નહિ. વળી આગળ રાસકાર જણાવે છે કે-'વિજયદાનસૂરિજીએ તે ગ્રંથને જલશરણ કર્યો.' આ વાતની અસત્યતા પહેલા આપણે જણાવી ગયા છીએ કે–જે ગ્રંથ જ બન્યો નથી તેને જલશરણ કયાંથી કર્યો? આવી તો ઘણી હકીકતો તેમાં છે કે–જે કેવલ આકાશકુસુમની માફક કલ્પના છે."

'સર્વજ્ઞશતક' ઉપોદ્ઘાત પેજ ૧૨–"આજે કહેવાતા વિદ્વાનો 'ગુરુતત્ત્વ પ્રદીપ'ના તેઓશ્રીને કેવલ કર્તા તરીકે માને છે એમ નહિ તેઓ તો એમ પણ કહે છે કે–'આ ગુરુતત્ત્વ પ્રદીપ ગ્રંથને જલશરણ કર્યો, ધર્મસાગરજી મ૦ને ગચ્છ બહાર કર્યા' વિગેરે. જુઓ-'આચાર્યશ્રીએ ઉત્સૂત્રકંદકુદાલ અને તત્ત્વતરંગિણી ગ્રંથને પંડિત સૂરચંદ્ર ગણિ પાસે પાણીમાં બોળાવ્યા અને મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગર ગણિને પરિવાર સહિત ગચ્છમાં દાખલ કર્યા.' (જૈન પરંપરા૦ પત્ર ૭૧૬) પૂજ્ય વિજયદાનસૂરિજી મ૦ આ બંને ગ્રંથો જલશરણ કરે તે વાત માનવામાં આવે તેવો નથી. કારણ કે–તે બન્ને ગ્રંથોમાં અપ્રમાણિક ગણાય તેવું કશું જ લખાણ નથી. જો કોઈ એમ કહે કે–'તેમાં-ગુરુતત્ત્વ પ્રદીપમાં દરેક કુમતિઓને નિહ્નવ કહ્યા માટે અપ્રમાણિક છે. માટે આ ગ્રંથો જલશરણ કર્યા' તો એ વાત પણ ખોટી છે. કારણ કે– + + + + ']

શ્રી દેશાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૫૧૧, પારા ૬૪૨ માં ('જેસલમેરમાં વાદમાં ખરતર ગચ્છના સાધુઓ પરાજિત થયા' એ સત્ય હકીકત છૂપવીને) જે– + + + "આણંદવિમલસૂરિએ દૂર કર્યો અને ત્યાં (જેસલમેરમાં) તેમના શિષ્ય વિદ્યાસાગર ઉપાધ્યાયે (ધર્મસાગરના ગુરુ) ખરતર ગચ્છવાળા સાથે વાદ કર્યો તથા અન્ય સ્થળોએ બીજા પક્ષીઓ સાથે વાદ કર્યા" એ પ્રમાણે સંક્ષેપીને ઇતિહાસ રજુ કરેલ છે, તો શું પોતાના ઇતિહાસને 'સંક્ષિપ્ત' વિશેષણ તેમણે આ રીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાનું ઇતિહાસકારિત્વ વેચીને પણ પક્ષકારિત્વ જાળવવા આપ્યું હશે? એ પ્રકારનું પક્ષકારિત્વ જોતાં —

'તપગચ્છ પટ્ટાવલી' પેજ ૨૧૦, પેરા ૩–"આણંદવિમલસૂરિએ જેસલમેર તરફ પોતાના વિદ્વાન શિષ્ય વિદ્યાસાગરને મોકલ્યા. જ્યાં તેમણે ખરતરના સાધુઓ સાથે વાદ કરીને તેમને પરાજિત કર્યા. + + + જેસલમેર ઉપરાંત મેવાડદેશમાં વીજમતીઓને, મોરબી વગેરે ગામોમાં લુંકામતવાળાઓને તેમણે વાદમાં પરાજય કર્યો હતો." એ શ્રી વિદ્યાસાગરજી ઉપાધ્યાયજી હસ્તક (તે ખરતરની કોઠીરૂપ ગણાતા જેસલમેરમાં) થએલા ખરતરના મુનિઓના પરાજયને અને શ્રી તપગચ્છના વિજયને જણાવનારા સત્ય ઇતિહાસે તેમના દિલમાં કેટલો રંજ પેદા કર્યો હશે?

શ્રી દેશાઈએ તેમના ઉપરોક્ત ૬૪૨ મા પારામાં– પૂ૰ મહો૰ શ્રી ધર્મસાગરજી ગણિવરને ઉપાધ્યાય વિદ્યાસાગરજીના શિષ્ય લેખાવેલ છે અને બીજી બાજુથી તેમના તે જ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૫૬૧, પારા ૮૧૯–"**ધર્મસાગર**–મૂલ લાડોલના ઓસવાલ. તેમણે સં૰ ૧૫૯૫ માં ૧૬ વર્ષની ઉંમરે મેસાણામાં જીવરાજ પંડિત પાસે પોતાના નાના બંધુ સહિત દીક્ષા લીધી + + +" એમ પૂ૰ શ્રી ધર્મસા૰ રાસમાંથી મળ્યું, તેને પૂર્વાપરના પ્રસંગોથી સંસ્કાર્યા વિના જ લખીને પૂ૰ મહોપાધ્યાયજીને જીવરાજ પંડિત (ગૃહસ્થ)ના શિષ્ય લેખાવેલ છે! એ જોતાં તેમણે મહાપુરુષ મહોપાધ્યાયજીને હવામાં બાચકાં ભરીને પણ ખરડવામાં જ પોતાનું ઇતિહાસકારિત્વ માન્યું લાગે છે! એમાં જ આત્મશ્રેયઃ માન્યું લાગે છે! અન્યથા 'પૂ૰ મહો૰ શ્રી ધર્મસાગરજી ગણિવર, તે ઉપા૰ શ્રી વિદ્યાસાગરજીના તો શિષ્ય કે પ્રશિષ્ય પણ નથી જ; પરંતુ પૂ૰ આ૰ શ્રી આણંદવિમલસૂરિજી મ૰ના હસ્તદીક્ષિત હોઈને પૂ૰ આ૰ શ્રી વૃદ્ધિસાગરસૂરિજીના શિષ્ય છે' એમ ઐતિહાસિક પ્રસિદ્ધ વાતને તેઓ તે પ્રકારે વિરૂપના શું કામ આપે?

ઉક્ત પેજ ૫૬૧, પેરા ૮૧૯માં તે પૂ૰ મહો૰ શ્રી ધર્મસા૰ મ૰ને ઉક્તપ્રકારે ગૃહસ્થના શિષ્ય લેખાવ્યા પછી આગળ જતાં શ્રી દેશાઈએ,–"તેઓ ઘણા વિદ્વાન પણ અતિ ઉગ્રસ્વભાવી અને હઠાગ્રહી હતા." એમ લખ્યું છે. તે "પૂ૰ મહોપાધ્યાયજીએ ('પ્રવચન પરીક્ષાની મહત્તા' સંજ્ઞક ટંકશાલી પુસ્તકના પેજ ૨૩–૨૪ ઉપરના લખાણ મુજબ) પુસ્તકોમાં ગોલમાલ કરનાર ખરતરના સાધુને જેસલમેરમાં પકડી પાડ્યો અને 'તે તે પુસ્તકોમાંની મૂલ પંક્તિઓને મેં જ પલટી નાખી છે' એમ જાહેર સભામાં તે સાધુના મોઢે જ બોલાવરાવીને કબૂલ કરાવવાપૂર્વક ખરતરના મુનિને તથાપ્રકારના શાસ્ત્રલોપક અને ખોટા ઠરાવીને 'તપગચ્છ જ સાચો છે' એમ કબૂલ કરાવ્યું હતું." તેની પીડાથી લખ્યું સંભવે છે. અન્યથા આ નીચે જણાવાતા તેમના તે ઇતિહાસના પેજ ૫૬૨ ના પારા ૮૬૦માંનું લખાણ પણ તે પ્રકારનું દ્વેષમૂલક ન જ કર્યું હોત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૫૬૨, પારા ૮૬૦ ઉપર- "+++ ધર્મસાગરે તત્ત્વતરંગિણી-પ્રવચન પરીક્ષા અને કુમતિમતકુદ્દાલ ગ્રંથો રચી તેમાં તપગચ્છ સિવાયના બધા ગચ્છોને ખોટા જણાવી તેના પર ઉગ્ર ભાષામાં ઘણા પ્રહારો કર્યા." એમ લખનાર દેશાઈએ, ૧-તત્ત્વતરંગિણી ગ્રંથ અંગે તો 'आगेसे चली आती' એ હિસાબે પૂર્વ વિરોધીના ચીલે તે ગ્રંથ જોયા વિના જ ફેંકયું લાગે છે; તે ગ્રંથના પરિચિત મહાશયોને તો તે ગ્રંથમાં મુખ્યત્વે ખરતર સાથેના પર્વતિથિ અંગેની આરાધના પૂરતો મતભેદ દર્શાવેલ હોઈ બીજા ગચ્છો અંગે કોઈ ખાસ વાદ કે તેવી ઉગ્ર ભાષામાં ઘણા પ્રહારો જોવા જ મળ્યા નથી આ સ્થિતિમાં તેમને અ ગ્રંથની ભાષાનો શું અનુભવ હોય?

૨-"જે ગ્રંથને 'પ્રવચન પરીક્ષા' એવું નામ જ તે 'કુપક્ષકૌશિક સહસ્રકિરણ' ગ્રંથને જોઈને પ્રસન્ન થયેલા શાંતિપ્રિય પૂ૦ ગચ્છાધિપતિ આ૦ શ્રી વિજયહીરસૂરિજીએ આપેલ છે." તે ગ્રંથમાં તે લેખક કહે છે તેમ બીજા બધા ગચ્છો પર ઉગ્ર ભાષામાં પ્રહારો થયા દીઠા હોય તો તે શાંતિપ્રિય પૂ૦ ગચ્છાધિપતિ શ્રી હીરસૂરિજી તે ગ્રંથને સર્વત્ર પ્રચારવાની સંમતિ જ કેમ આપે? તે ગ્રંથમાં તપાગચ્છની સત્યતા સાબિત કરવાના હેતુથી અન્ય ગચ્છોને સૈદ્ધાંતિક પાઠો સહિત ખોટા ઠરાવ્યા સિવાય ઉગ્ર ભાષામાં પ્રહારો કર્યા હોવાનું કહેવાયું છે તે લેખકની તે ગ્રંથ અંગેની અનભિજ્ઞતા અથવા તો સં૦ ૧૬૪૨ તથા ૪૩ માં પૂ૦ આ૦ શ્રી સેનસૂરિજી મ૦ના હાથે ખરતરોનો રાજસભામાં તે ગ્રંથના આધારે જ પરાભવ થવા પામ્યો તે૫ પીડા સૂચવે છે.

૩-'કુમતિમતકુદ્દાલ' નામનો ગ્રંથ, પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મહારાજે તો રચેલો જ નથી; પરંતુ અદ્યાપિ પર્યંત કોઈએ પણ રચેલ નથી. અર્થાત્ જૈન સમાજભરમાં તે નામનો ગ્રંથ ભૂતકાળમાં નહોતો અને વર્તમાનમાં વિદ્યમાન નથી: છતાં આ મોહનલાલ દેશાઈને તે આકાશકુસુમવત્ ગ્રંથમાં બધા ગચ્છો ઉપર ઉગ્ર ભાષામાં પ્રહારો થયેલા ભાસ્યા! તે દ્વેષબુદ્ધિનું દ્યોતક ગણાય. કે-જે બુદ્ધિએ તે ઇતિહાસકારના હાથે આ પ્રકારે સાચા ઇતિહાસનું ખૂન કરાવીને ખોટો ઇતિહાસ ખડો કરવાનું દુષ્કૃત્ય કરાવેલ છે.

પ્રસ્તુત પારામા તે પછી શ્રી દેશાઈએ- 'ખરતરો સાથે પાટણમાં સં૦ ૧૬૧૭ માં 'અભયદેવસૂરિ ખરતરના નહોતા' એવો પ્રબળ વાદ કર્યો." એમ અધુરી બીના જણાવી છે, તેની સાથે જો-'અને તેમાં ખરતર ગચ્છના આ૦ જિનચંદ્રસૂરિને પરાભવિત કરીને પોતે વિજય પ્રાપ્ત કર્યો હતો' એ સત્ય હકીકત ચોજીને તે બીનાને સંપૂર્ણ જણાવી હોત તો તે ઐતિહાસિક લખાણ, તેમણે ઇતિહાસકારની ફરજ ચૂકીને અધુરૂં લખ્યું ન ગણાતઃ પરંતુ પૂર્ણ લખ્યું ગણાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ૮૬૦ મા પેરામાં તે પછી દેશાઈએ જે–"તે વર્ષે તેમને જુદા જુદા સંપ્રદાયોના જુદા જુદા ગચ્છના આચાર્યોએ ઉત્સૂત્રપ્રરૂપણાના કારણે જિનશાસનથી બહિષ્કૃત કર્યા." એમ લખ્યું છે, તે "તે વર્ષે ખરતર ગચ્છીય આ૦ શ્રી જિનચંદ્રસૂરિએ તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦થી પ્રાપ્ત કરેલ પરાભવની કારમી પીડાના ઉપચાર તરીકે જેમ તેમના ઉપાધ્યાય ધનરાજ હસ્તક તે ૮૪ ગચ્છના યતિઓને લાલચ અપાવવા પૂર્વક ફોડીને તેઓના હાથે પોતાની જીતમાં સહીઓ કરાવી લીધી હતી, તેમ જુદા જુદા સંપ્રદાયના જુદા જુદા ગચ્છના આચાર્યોને આવજીને કદાચ તેવું લખાણ કરાવી લીધું હોય અને તે લખાણ સેંકડો વર્ષો પછી પ્રસિદ્ધિ અર્થે પ્રાપ્ત થયું હોય તે ઉપરથી દેશાઈએ લખ્યું હોય એમ લાગે છે." સિવાય જૈનશાસ્ત્ર અને પરંપરાની દૃષ્ટિએ તો એ રીતે જુદા જુદા ગચ્છના આચાર્યો પણ જો તેઓ જ જૈન શાસનથી બહિષ્કૃત હોય તો જ અન્યને "જૈન શાસનથી બહિષ્કૃત કર્યા' એમ ગણાવી કે કહી શકે. કારણ કે–જૈન શાસનની શાસ્ત્ર અને પારંપરિક મર્યાદામાં પ્રવર્તતા જૈન શાસનના એક ગચ્છનાયક પણ પોતાના તથાપ્રકારના દૂષિત સાધુને પોતાના ગચ્છ બહાર કરી શકે; પરંતુ જૈન શાસનથી તો બહિષ્કૃત કરી શકતા જ નથી.

તે પેરામાં તે પછી દેશાઈએ જે–"તપાગચ્છના નાયક [1]વિજયદાનસૂરિએ કુમતિમતકુદ્દાલને જલશરણ કરાવ્યો, [2]સાત બોલની આજ્ઞા કાઢી, અને [3]જેમ ચાલે છે તેમ ચલાવવાની આજ્ઞા કરી." એમ લખ્યું છે તે સઘળું ઉન્મત્તના પ્રલાપ જેવું છે. કારણ કે–૧. કુમતિમતકુદ્દાલ નામનો કોઈ ગ્રંથ જ નહિ હોવા છતાં 'તે ગ્રંથને પાણીમાં બોળ્યો' એમ ઉન્મત્ત જ કહી શકે. ૨. તે નામનો કોઈ ગ્રંથ જ નથી, તેથી તે ગ્રંથ અંગેનો વિરોધ શમાવવા 'સાત બોલની આજ્ઞા કાઢી' એ વાત પણ કોઈ તેવા જ માણસે (સં૦ ૧૬૮૪માં ઋષભદાસ કવિએ 'બાર બોલના રાસ'માં દ્વેષથી ઉપજાવી કાઢેલ હોવાની જેમ) ઉપજાવી કાઢેલ માનવી રહે છે અને ૩. તે જ સં૦ ૧૬૧૭ના વર્ષે તે જ પૂ૦ આ૦ શ્રી દાનસૂરિજીએ 'અભયદેવસૂરિજી ખરતરના છે' એમ લખાવી લેવા માગતા ખરતરોને તેવું હરગીજ લખી નહિ આપેલ હોવાની વાત ઇતિહાસ પ્રસિદ્ધ હોવાથી તેઓશ્રીના નામે લખેલી 'જેમ ચાલે છે તેમ ચલાવવાની આજ્ઞા કરી' એ વાતને તો તેઓશ્રીની પણ આશાતના કરતાં ન ખચકાય તેવા કોઈ ગાઢ ઉન્મત્તપણામાં લખાઈ હોવારૂપે માનવી રહે છે.

તે પછી દેશાઈએ તે પેરામાં છેલ્લું સં૦ ૧૬૨૧નું લખાણ– "ધર્મસાગરે સૂરિશ્રીને સંઘ સમક્ષ મિચ્છામિ દુક્કડં આપ્યો-તેમની માફી માગી." એમ ગોળગોળ ભાષામાં લખીને તે પૂ૦ મહો૦શ્રીને ગુન્હેગાર લેખાવ્યા તે જો સાચું જ હોત તો 'તેઓશ્રીએ કયે ગામે? અને શી ભૂલ બદલ માગી?' એ લખવું ન જ છૂપાવ્યું હોત, અત્ર તેમને જ પૂછીએ કે-આ બધું શું ઇતિહાસકારિત્વ છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નોંધ :–૧. ઉપરના સં૦ ૧૯૮૯ના '**જૈન** સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પુસ્તકમાંના લખાણમાં **શ્રી દેશાઈએ,** સાત બોલની આજ્ઞા સં૦ ૧૬૧૭માં કાઢી હોવાનું જણાવ્યું છે.

૨. સં૦ ૧૬૭૪ ના દીવાલી દિને **મુનિ સિંહવિજયજીએ** લખેલી 'સાગરભાવની' રૂપ ગપપુરાણમાં તે સાત બોલનો પટ્ટો થવાની વાત લખી પણ તેનો સંવત્ જ જણાવી શકેલ નથી, અને—

૩. સં૦ ૧૬૮૪ માં **ઋષભદાસ કવિએ** (સાગર પ્રત્યે દર્સનવિજયજીની જેમ દ્વેષ ઠાલવી દર્શનવિજયજીની કર્ણકટુ ભાષામાં) લખેલ 'હીરવિજયસૂરિ બાર બોલ રાસ' માં તે સાત બોલનો પટ્ટો સં૦ ૧૬ ૯ના માગશર માસે લખ્યાનું જણાવ્યું છે.

દેશાઇએ જણાવલા ઉપરના ત્રણેય લેખકો; એ પટ્ટો બન્યા અંગેનું વર્ષ જણાવવામાં પણ દ્વિધામાં છે. કે–જે દ્વિધાપણું તે પટ્ટો જ નહિ બનેલ હોવાનું દ્યોતક છે. એ કહેવાતો પટ્ટો જો પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજીએ કર્યો જ હોત તો "તેઓશ્રીના સં૦ ૧૬૨૨ સુધીના વિદ્યમાન કાળમાં કોઈ પણ મુનિના હાથે તે લખાયો હોત અને પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦ના સં૦ ૧૬૫૨ સુધીના વિદ્યમાન કાળમાં તેઓશ્રી મુખે તેઓશ્રીના સમુદાયમાં પ્રવર્તતો પણ હોત; પરંતુ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજીએ કરેલો તેવો કોઇ પટ્ટક બન્યો હોવાની સં૦ ૧૬૭૧ ના પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ સુધીના પણ સમય સુધીના તે તે શાસનનાયકોએ કદીયે તે પટ્ટકની જાહેરાત કરી જણાતી નથી."

આ દરેક હકીકત જોતાં–"પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦ આદિએ સં૦ ૧૬૭૩ માં ગચ્છભેદ કરવારૂપે પૂ૦ આ૦ શ્રી વિજયતિલકસૂરિજીને સ્થાપ્યા ત્યારથી તે પૂ૦ આ૦ **શ્રી** વિજયતિલકસૂરિના પક્ષમાં પ્રતિસ્પર્દ્ધિપણે જોડાયેલા **મુનિ સિંહવિજયજીએ** સં૦ ૧૬૭૪ માં લખેલી '**સાગરભાવની**'માં પૂ૦ દાનસૂરિજીએ તેવો કહેવાતો પટો કર્યો હોવાની વાત, પૂ૦ દાનસૂરિજી મ૦ના નામે તેઓશ્રીના પટ્ટોધર પૂ૦ શ્રી હીરસૂરિજી મ૦ના પણ પટ્ટોધર પૂ૦ આ૦ શ્રી સેનસૂરિજી મ૦ના પણ સ્વર્ગવાસ પછી બે વર્ષ બાદ વહેતી જ મૂકી લાગે છે"

'**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**' **પેજ ૫૬૨, પારા ૮૨૧** માં શ્રી દેસાઈએ, પોતાના પુસ્તકના નામમાં રાખેલ 'સંક્ષિપ્ત' શબ્દને–"ધર્મસાગરે પછી વિહાર કરતા અનેક સ્થળે વાદવિવાદ કરતા જેસલમેર જઈ ત્યાંના હરરાજ (સં૦ ૧૬૧૮ થી ૩૪) ની રાજસભામાં વાદીઓ સાથેના વાદમાં જય પ્રાપ્ત કર્યો." એ પ્રમાણે (સત્ય ઇતિહાસમાંથી સંક્ષેપીને) ટુંકો ઇતિહાસ જણાવવા દ્વારા પણ સાર્થક કર્યો ત્યારે લેખાત કે–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સક્ષેપને બ્હાને પણ જો તેમણે "રાજસભામાં બરતરગચ્છીય વાદીઓ સાથેના" એ વાકયમાંના (તે ઇતિહાસના પ્રાણસમા) 'બરતરગચ્છીય' શબ્દને જ ઉડાવી ન દીધો હોત!

તે જ પારામાં આગળ જતાં દેશાઈએ જે–'આ૦ શ્રી હીરસૂરિજી, અકબર પાસે (સં૦ ૧૬૩૯ થી ૪૨) રહ્યા **તે દરમ્યાન વિરોધ વધતાં** વળી પાછા ગુજરાતમાં આવ્યા પછી" એ પ્રમાણે સંક્ષેપીને ઇતિહાસ રજુ કરેલ છે, તે મૂળ વિશાલ ઇતિહાસમાંના–'**તે દરમ્યાન**' વાકય પછીનો અને અંતિમ '**વિરોધ વધતાં**' એ વાકયની પૂર્વેનો "બરતરગચ્છીય આ૦ શ્રી જિનચંદ્રસૂરિનો તપાગચ્છીય પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના હાથે રાજસભામાં સં૦ ૧૬૪૨ માં પાટણમાં અને સં૦ ૧૬૪૩ માં અમદાવાદમાં સજ્જડ પરાભવ થવા પૂર્વક 'પ્રવચન પરીક્ષા' ગ્રંથ સાચો ઠરવાથી બરતર ગચ્છવાળાઓના" એ મુજબના (તે બે વાકયની વચ્ચેના ૧૦૦ અક્ષર પ્રમાણ)-તે ઇતિહાસના પ્રાણસમા વિશાળ ઇતિહાસને સંક્ષેપ કરવાને બ્હાને ઉડાવી દઈને 'તે દરમ્યાન વિરોધ વધતાં' એટલો ૧૧ અક્ષર પ્રમાણ જ ઇતિહાસ રજુ કરેલ છે, તે જોતાં દેશાઇએ, આ રીતે પ્રસંગ પડયે સતે ઈષ્ટપક્ષને બાધક હોય તેવો અતિ મહત્ત્વનો ઘણો પણ ઇતિહાસ વચ્ચેથી ઉડાવી દેવાના ઈરાદે પોતાના પુસ્તકના આ 'જૈન સાહિત્યનો ઇતિહાસ' નામમાં 'સંક્ષિપ્ત' શબ્દ યોજ્યો હોય એમ માનવું થાય છે. એટલા બધા મહત્ત્વના વિશાળ ઇતિહાસમાથી માત્ર '**તે દરમ્યાન વિરોધ વધતાં**' એટલા જ શબ્દોને ઇતિહાસ જણાવવામાં શ્રી દેશાઈનો આશય, તે વિરોધ વધવાનો આરોપ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજ ઉપર મૂકવાનો હોય એમ પણ તરી આવે છે! કે–જે આશય, ઇતિહાસકારને ઇતિહાસકાર તરીકે લેખાવવાને બદલે ખુલ્લા પક્ષકાર લેખાવી રહેલ છે!

તે પારામાં એ મલીન આશય સૂચક સંક્ષિપ્ત ઇતિહાસ પછી [ઐતિહાસિક રાસ સંગ્રહ (વિજયતિલકસૂરિરાસ) ભા૦ ૪ થો; સં૦ ૧૯૭૭ માંના '**નિરીક્ષણ**' શીર્ષક તળેનાં લખાણના પેજ ૧૩ના પેરા બીજામાં ઇતિહાસવેત્તા મુનિ શ્રી વિદ્યાવિજયજીએ, બાર બોલનો પટ્ટક બન્યાનું ગામ, સાલ, માસ અને વાર 'આ બાર બોલ સં૦ ૧૬૪૬ના પોષ વદિ ૧૩ના દિવસે **પાટણમાં** બહાર પડયા હતા.' એ પ્રમાણે ઋષભદાસ કવિના નામે જણાવેલ હોવા છતાં] શ્રી દેશાઈ એ,-'**અમદાવાદમાં** હીરવિજયસૂરિએ × × × બાર બોલરૂપી આજ્ઞાઓ જાહેર કરી, સં૦ ૧૬૪૬' એમ લખીને તે 'બાર બોલ' બન્યાનું સ્થળ પાટણને બદલે અમદાવાદ જણાવેલ છે અને બન્યાનો માસ તથા વાર જણાવેલ નથી, તે બદલ તેમણે તેવો કોઈ આધાર આપીને તેવી ફેરફેરી જણાવેલ હોત તો તે મનસ્વી ન ગણાત.

પેજ ૫૮૫, પારા ૮૫૨ માં દેશાઈએ જે–"આ સમયમાં ધર્મસાગર ઉપાધ્યાય–એક પ્રખર સ્વસંપ્રદાયી થયા, અને તે તરીકે બીજા સંપ્રદાયોના ખંડનાત્મક ગ્રંથો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમણે બનાવ્યા." એ પ્રમાણે લખ્યું છે, તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજને અને તેઓશ્રીએ રચેલા સિદ્ધાંત સંરક્ષક ગ્રંથોને ખોટી રીતે જ કલેશકારી લેખાવવાના બદહેતુ સૂચક છે.

કારણ કે "ખરતર ગચ્છીઓએ પોતાના સં૦ ૧૨૦૪ થી નીકળેલા મતને પ્રાચીન અને સિદ્ધાંતાનુસારી લેખાવવા સારૂ પૂર્વપક્ષ તરીકે જ્યારે વાસ્તવિકતયા પ્રાચીન અને સિદ્ધાંતાનુસારી એવા શ્રી તપાગચ્છ અને રાજરાજેશ્વર પૂજ્ય તપાગચ્છાધિપતિ આ૦ શ્રી જગચ્ચંદ્રસૂરિજી, વાદિદેવસૂરિજી, હેમચંદ્રસૂરિજી મહારાજાદિ શાસનસ્તંભોની પણ પોતાના રચેલા-'સિદ્ધાંતસામાચારી, પર્યૂષણાનિર્ણય, ગણધરસાર્ધશતક, સંદેહદોલાવલી, તપોટમતકુટ્ટન,-વિધિપ્રપા, સંઘપટ્ટક' વગેરે ગ્રંથોમાં નિંદા કરીને પણ પોતાની અસત્ય પ્રરૂપણાઓને સૈદ્ધાંતિક લેખાવવા સારૂ તપાગચ્છની સાચી માન્યતાઓનું ખંડન કર્યું છે, ત્યારે જ ઉત્તરપક્ષ તરીકે મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજે પોતાના રચેલા-'પર્યુષણાદશશતક, ઉત્સૂત્રપદોદ્ઘાટનકુલક, ઈર્યાપથિકીષત્ત્રિંશિકા, તત્ત્વતરંગિણી, પ્રવચનપરીક્ષા, ઔષ્ટ્રિકમતોત્સૂત્ર પ્રદીપિકા' વિગેરે સિદ્ધાંતાનુસારી ગ્રંથોમાં તે તે નિદ્દક ખરતર ગચ્છીઓની અને તેમની પ્રરૂપણાઓની તથાસ્વરૂપે ઓળખ કરાવવા પૂર્વક તપાગચ્છ અને તે તે તપાગચ્છીય મહામહર્ષીઓએ અપનાવેલી માન્યતાઓનું સિદ્ધાંતાનુસારિત્વ જ્ઞાપક મંડન કરવું આવશ્યક બનેલ છે, એમ તે લેખક દેશાઇ પણ જાણે છે; છતાં તેમણે તે તે ગ્રંથકર્તા ખરતર ગચ્છીઓને સ્વસંપ્રદાયવાદી અને તેમના તે તે ગ્રંથોને ખંડનાત્મક લેખાવવાને બદલે તે પૂ૦ મહોપાધ્યાયશ્રી અંગે તેમ જ તેઓશ્રીના તે તે મંડનાત્મક ગ્રંથો અંગે તેવા કૂટ આક્ષેપો કર્યા છે!"

તદુપરાંત ખરતર ગચ્છીઓએ રચેલા પૂર્વોક્ત ગ્રંથોમાંની તથાપ્રકારની અસત્ય પ્રરૂપણાઓનું ખંડન તો (આ શ્રી દેશાઈએ પ્રસિદ્ધ કરેલ 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૨ ના પેજ ૭૩૪ ઉપરના ઉલ્લેખ મુજબ) તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ની પહેલા થયેલા આ૦ શ્રી ક્ષેમકીર્તિસૂરિજી મ૦ના શિષ્ય શ્રી નયપ્રભજી આદિ તપાગચ્છીય મહર્ષિઓએ પોતાના રચેલા-'ગુરુતત્ત્વપ્રદીપ, શ્રાદ્ધવિધિવિનિશ્ચય, અવિધિવિષૌષધિ, ઉત્સૂત્રોત્ખનન=કુમતકુટ્ટન, કુપાક્ષિકસપ્તતિ તથા આચરણામહોદધિ' વગેરે ગ્રંથોમાં પણ કરેલું હોવાનું જાણવા છતાંય શ્રી દેશાઈએ તે તે પૂર્વ મહર્ષિઓને સ્વસંપ્રદાયવાદી અને તેઓશ્રીના રચેલા તે તે પ્રાચીન ગ્રંથોને તો ખંડનાત્મક લેખાવ્યા જ નથી અને તે તે મહર્ષીઓની પછી થયેલા પૂ૦ મહોપાધ્યાય શ્રી અને તેઓશ્રીના રચેલા તે તે મંડનાત્મક ગ્રંથો અંગે જ તેવા કૂટ આક્ષેપો કરેલ છે, તે વસ્તુ પણ તે પૂ૦ મહોપાધ્યાયશ્રીને અને તેઓશ્રીના તે તે ગ્રંથોને ખોટી રીતે જ કલેશકારી લેખાવવાના બદહેતુસૂચક છે.

આ વસ્તુ ત્યારે જ બને કે-'તે દેશાઈ મહાશય જો-સત્યનાં સંરક્ષણ માટે અસત્યનું ખંડન કરનાર શાસનપ્રાણ મહાપુરુષ કરતાં અસત્યનાં જ સંરક્ષણ માટે સત્યનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વનાશ વેરનારા શાસનશોષક કાપુરુષોને જ શાસન અને લોકોત્તર સમાજ માટે સંરક્ષક અને શાંતિકારક તરીકે લેખવાની મતિ ધરાવનારા હોય. અને તો જ તે શ્રી દેશાઈને તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે રચેલા–'શ્રી કલ્પકિરણાવલિ, શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અને શ્રી તપગચ્છ પટ્ટાવલી' જેવા કેવલ મંડનાત્મક ગ્રંથો તો સૂઝ્યા જ ન હોય!'

પેજ ૫૮૫, પારા ૮૫૨ માં આગળ જતાં દેશાઈએ, (પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મહારાજે રચેલા 'શ્રી તત્ત્વતરંગિણી અને ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા' એ બન્ને ગ્રંથોનો આ પહેલાંની પંક્તિમાં જણાવેલ 'ખંડનાત્મક ગ્રંથો'માં સમાવેશ કરેલ હોવા છતાં તેમાંથી પ્રથમ)–'સં૦ ૧૬૧૭ માં ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા અને તત્ત્વતરંગિણીની વૃત્તિ રચી' એમ લખવા દ્વારા [તે બે ગ્રંથોને પુનઃ અલગ બતાવીને] તત્ત્વતરંગિણી વૃત્તિ પણ સં૦ ૧૬૧૭ માં રચી હોવાનું જણાવ્યું છે તે તેમને એ તત્ત્વતરંગિણી વૃત્તિના રચના સંવત્ (૧૬૧૫)ની માહિતી જ નહિ હોવાનું સૂચક છે.

આથી જ તેમને તે 'તત્ત્વતરંગિણી' ગ્રંથની સાથે જેની રચનાના સંવતની ખબર હતી તે 'ઔષ્ટ્રિકમતોત્સૂત્ર દીપિકા' ગ્રંથનું પણ નામ રજુ કરવું પડેલ છે. સિવાય તેમનો આશય તો એ બન્ને ખંડનાત્મક ગ્રંથોમાંથી માત્ર એક 'તત્ત્વતરંગિણી' ગ્રંથને જ અલગ બતાવવાનો હતો: અને તે એટલા જ માટે કે તેમણે તે ગ્રંથની રચના અંગેની જણાવેલી વાત ઉપર લખેલ નં૦ ૫૧૦ વાળી ફુટનોટમાં ઉતારા તરીકે જણાવેલ "આ તત્ત્વતરંગિણી વૃત્તિની સં૦ ૧૬૧૭ની લિખિત પ્રત પાટણના વડી પાર્શ્વનાથ ભંડાર દા૦ ૧૫ માં છે. તેમાં જણાવ્યું છે કે–'આ ગ્રંથનો કર્તા સર્વ ગચ્છસૂરિઓથી ઉત્સૂત્રપ્રરૂપણા માટે બહિષ્કૃત કરેલ ધર્મસાગર છે." એ (તે પૂ૦ મહો૦શ્રીના પ્રકટદ્વેષી જણાતા દૃષ્ટિરાગી એવા પઠિતમૂર્ખજને લખેલી ઢંગધડા વગરની અને મહોપાધ્યાયશ્રી પ્રતિ દ્વેષાનલ વેરતા તોછડી ભાષામય) ઉતારાને તે બહાને પ્રસિદ્ધિ આપવાની ઇષ્ટ તક સાધી લાગે છે એ સ્થિતિમાં દેશાઈએ તો–"ફુટનોટમાં પોતે પ્રસિદ્ધ કરેલો તે ઉતારો, ઇતિહાસ છે? કે–પૂ૦ મહો૦ શ્રી જેવા મહાપુરુષ પાસે તે સ૦ ૧૬૧૭ માં અને તે પાટણમાં જ વાદમાં પરાભવિત થવાને લીધે શ્રી જિનચંદ્રસૂરિના ઉ૦ ધનરાજ જેવા અંધરાગી માનવીના કાજલશા હૈયામાંથી ઝરેલું અંધરાગનું સુસંબદ્ધ કાજલ છે?" એમ વિચારવા થોભ્યા વિના જ તે નિંદ્ય લખાણને પણ પ્રસિદ્ધ કરવામાં ઇતિહાસકારિત્વ માનેલ છે! શ્રી દેશાઈનું આ તે કેવું ઇતિહાસકારિત્વ?

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૬૩૩ પારા ૯૨૯ ઉપર શ્રી દેશાઈએ પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ અંગે જે–"પોતે (યશોવિ૦) શ્વેતાંબર તપગચ્છમાં શ્રી હીરસૂ૦ શિષ્ય [1]કલ્યાણવિ૦ શિષ્ય જીતવિ૦ના ગુરુભાઈ નયવિ૦ના શિષ્ય હતા. ×××

[2]પોતાના સમયમાં ચાલતા અન્ય સંપ્રદાયો નામે દિગંબરમત, સ્વશ્વેતાંબરમાંથી નીકળેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે પાર્શ્વચંદ્ર ગચ્છ, કડવાનો મત અને બીજાનો મત હતો. [૩]તદુપરાંત ધર્મસાગરે અનેક પ્રરૂપણાઓ કરી આખા પ્રવે૦ ગચ્છના તંત્રને હલાવી મૂકયું હતું અને પછી તેના શિષ્યવર્ગે તે પ્રરૂપણા ચાલુ રાખી હતી, [૪]આ સર્વના મતોનો નિરાસ કરવા માટે પ્રમાણો આપવા ઉપરાંત તેમની સખ્ત શબ્દોમાં ઝાટકણી કરી છે. + + + [૫]ધર્મસાગર સામે પ્રતિમા શતકમાંના ૯ શ્લોક, પ્રા૦ ધર્મપરીક્ષા અને તે પર સંસ્કૃતટીકા, આ ખંડનાત્મક ગ્રંથો રચવામાં પ્રેરણાત્મક પોતાનો દૃઢ 'દર્શન પક્ષ' છે." એ મુજબ ઇતિહાસ લખેલ છે. તેની—

નંબરવાર સમાલોચના:—

૧–'કલ્યાણવિ૦ના શિષ્ય પં૦ લાભવિ૦ના શિષ્ય જીતવિ૦ના ગુરુભાઈ૦ એમ પાટ પરંપરા હોવાની સમજ વિહોણી દેશાઈની આ વાત છે.

૨–તે બીજી વાતને બદલે દેશાઈએ–પૂ૦ યશોવિ૦ મ૦નો સમય તો વિક્રમની ૧૮ મી સદી છે અને દિગંબર મત, પાર્શ્વચંદ્ર વગેરે જણાવેલા સંપ્રદાયોની ઉત્પત્તિનો સમય તો અનુક્રમે વિક્રમની બીજી અને સોળમી સદી હોવાથી "પૂર્વધર મહર્ષીઓના સમયથી માંડીને પૂ૦ આ૦ શ્રી મલ્લવાદિ, વાદિ દેવસૂરિ, હેમચંદ્રસૂરિ, આણંદવિમલસૂરિ, ઉપા૦ વિદ્યાસાગરજી ગણિ યાવત્ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર આદિના હાથે સજ્જડ પરાભવ પામતા પોતાના સમયમાં જર્જરિતપણે રહેલા અન્ય સંપ્રદાયો નામે દિગંબર મત, સ્વતપગચ્છ પ્રવેતાંબરમાંથી નીકળેલ નામે ખરતર ગચ્છ–પાર્શ્વચંદ્ર ગચ્છ૦" એમ સાચું લખવું જોઈતું હતું તે ઈરાદાપૂર્વક લખ્યું નથી.

૩–તે ત્રીજી વાતને બદલે દેશાઈએ–" તદુપરાંત તપાગચ્છાધિપતિ આ; શ્રી વિજયદાનસૂરિ તથા આ૦ શ્રી વિજયહીરસૂરિજી સામ્રાજ્યે મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે અનેક સૈદ્ધાંતિક પ્રરૂપણાઓ વડે કરીને ખરતરગચ્છ, અંચલગચ્છ, કડવામતી, વીજામતી, પાર્શ્વચંદ્રગચ્છ, લુંકામત વગેરે પ્રવે૦ ગચ્છમાંથી મનસ્વીપંથે પળેલાઓના આખા તંત્રને હલાવી મૂકીને તપગચ્છનું પ્રાચીનત્વ સ્થાપ્યું હતું અને પછી તેના શિષ્યવર્ગે તે પ્રરૂપણા ચાલુ રાખી હતી " એ પ્રમાણે સંલગ્ન અને હકીકતરૂપે સત્ય ઇતિહાસ રજુ કરવો જોઇતો હતો, તે ઈરાદાપૂર્વક રજુ કરેલ નથી

૪–એ ચોથી વાતને બદલે દેશાઈએ–" આ સર્વ મતોનો નિરાસ કરવા માટે પ્રમાણો આપવા ઉપરાંત તેમની સખ્ત શબ્દોમાં (ઝાટકણી કરનાર મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને તો મેં મારા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૫૬૧, પારા ૮૧૯ વગેરેમાં 'ઉગ્રસ્વભાવી, હઠાગ્રહી, ઉગ્રભાષામાં પ્રહારો કરનાર' તરીકે બીરૂદાવ્યા છે ;પરંતુ આ એક યશોવિ૦ને જ મેં મારા ઇતિહાસમાં 'સુધારક સાધુ' જણાવીને મારા લખા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણોમાં 'પૂજ્યપાદ-પ્રાતઃસ્મરણીય' વિશેષણોથી સન્માનેલ હોવાથી તેમણે કરેલી તે ઝાટકણી બદલ આ યશોવિ૦ને તેવા શિરપાવો આપવાનું મોકુફ રાખીને માત્ર એટલું જ લખું છું કે–) 'ઝાટકણી કરી છે' કારણ કે-તેમણે ખરતર ગચ્છનું ખંડન કર્યું નથી તેથી મને તેમના પ્રત્યે બહુમાન છે." એમ સાચું લખવું જોઈતું હતું.

૫–તે પાંચમી વાતને બદલે દેશાઈએ–"હું ખંડનાત્મક ગ્રંથોને કલેશકારી જ લેખાવતો રહ્યો હોવા છતાં ખરતર આદિ ગચ્છો સામે તેવા ગ્રંથો લખનાર મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ સામે શ્રી યશો૦વિએ 'તેમને **પાસત્થો** વગેરે શબ્દોમાં ગાળો દેનારા નવ પ્રલોકો પ્રતિમા શતકમાં લખીને તેમ જ ધર્મપરીક્ષામાં તેમની સૈદ્ધાંતિક પ્રરૂપણાઓને પક્ષમમત્વાદિના કારણે અસત્ય જણાવવા દ્વારા ખરતરો આદિને ખુશ કરનારા' ખંડનાત્મક ગ્રંથો લખ્યા તેથી જ યશોવિજયજી માટે મેં **'તે ગ્રંથો રચવામાં પ્રેરણાત્મક વસ્તુ પોતાનો દૃઢ 'દર્શનપક્ષ' છે.'** એમ લખેલ છે: સિવાય વાસ્તવમાં તો સત્યના મંડન માટે મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિએ ખંડનાત્મક ગ્રંથો રચવામાં પ્રેરણાત્મક **'તેઓશ્રીના દૃઢ દર્શનપક્ષનો તો કોઈ જોટો જ નથી'** એમ તેમના માટે તો અન્ય સમગ્ર વિદ્વાનોનું માનવું છે." એમ નક્કર સત્ય લખવું જોઈતું હતું.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' પેજ ૬૩૧ પારા ૯૨૭ માં દેશાઈએ, ['પટ્ટાવલી સમુચ્ચય' સંસ્કૃત-બૂકાકાર પેજ ૧૦૬ ઉપર જણાવેલ 'પૂ૦ યશોવિ૦ મ૦નો જન્મ સં૦ પ્રાયઃ ૧૬૫૦, દીક્ષા સં૦ ૧૬૫૮, વાચકપદ સં૦ ૧૭૧૮ અને સ્વ૦ સં૦ ૧૭૪૫' એ ઐતિહાસિક વાતની ઉપેક્ષા કરીને ('સુજસવેલી ભાસ'માં પ્રાયઃ પર્યાયછેદ પછીની જણાવેલી જણાતી) સં૦ ૧૬૮૮ની દીક્ષાવાળી વાતને યેનકેનાપિ જ સાચો ઇતિહાસ લેખાવવા દ્વારા] પૂ૦ યશોવિ૦ મ૦નો જન્મ સં૦ ૧૬૮૦ જણાવીને તેઓશ્રીનું આયુષ્ય અનુમાને ૫૩ વર્ષનું જણાવેલ છે તે આયુષ્ય, તે ઉપા૦ મ૦ કૃત **'ગુરુતત્ત્વ-વિનિશ્ચય'** નામના ગ્રંથમાંના **'કર્તાનો પરિચય'** શીર્ષક તળેના પેજ ૧૦ ઉપરનાં લખાણમાં દર્શાવવામાં આવેલા–**'ઉપાધ્યાયનું જીવન શારદાંશતથી જરા પણ ન્યૂન નથી જ'** એ ઉલ્લેખ આદિને હિસાબે ૪૭ વર્ષ ઓછું જણાવેલું જણાતું હોઈને શ્રી દેશાઈનો તે ઇતિહાસ પણ કયા કયા આધારે આદરપાત્ર નથી, તે બીના અવસરે જણાવવા પર રાખું છું. હાલ તુરત માટે તો સને ૧૯૫૭ (વિ૦ સં૦ ૨૦૧૧)માં પ્રસિદ્ધ થયેલ 'શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ' ગત પૂ૦ વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી પુણ્યવિ૦ મ૦ લિખિત 'આમુખ' જોવા જ સૂચવું છું. આવા ઇતિહાસોને સમજુજનો વાસ્તવિક ઇતિહાસ રૂપે માને? કે-જેમણે સં૦ ૧૯૮૭ના આસોથી ૧૯૯૮ પોષ સુધીના 'આત્માનંદ પ્રકાશ'ના અંકોમાં છપાવેલા તે પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના રાસને મથાળે પણ તેઓશ્રીની જૂની જ ઓળખ આપેલ છે!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પેજ ૬૨૨ પારા ૯૧૩માં શ્રી મો૦ દ૦ દેશાઈ એ, [પોતાના તે પુસ્તકની પ્રસિદ્ધિના સં૦ ૧૯૮૯માં પૂ૦ દર્શનવિજયજી ત્રિપુટીએ પ્રસિદ્ધ કરેલ 'શ્રી પટ્ટાવલી સમુચ્ચય' ભા૦ ૧ના પેજ ૧૦૫ ઉપર (સં૦ ૧૯૬૯ના 'જૈનશાસન' પત્ર અંક ૮માં પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે પ્રસિદ્ધ કરાવેલ 'ક્રિયોદ્ધારક યોગીશ્વર શ્રીસત્યવિજયજી પંન્યાસકા [1]આત્મજીવન' શીર્ષક તળેના વિશાલ લેખમાં 'એવ'કાર પૂર્વક શ્રી આનંદઘનજીને ખરતરગચ્છના લેખાવતો કરેલો ઉલ્લેખ ખટકવાથી) જે–" श्री आनन्दघनः । ये तपागच्छे वैराग्यपूर्णाः निस्पृहीणस्तत्त्ववेदिनोऽध्यात्मशेखराः उपाध्यायशोविजयकृतबहुमानस्तवा योगिराजोऽभुवन् ।" એ પ્રમાણેના અન્યના ઉલ્લેખને પ્રસિદ્ધ આપેલ છે, તે પ્રસિદ્ધિને માન્ય નહિ કરવારૂપે—એટલે કે–તે પ્રસિદ્ધિ મુજબ શ્રી આનંદઘનજીને તપગચ્છના નહિ લેખવા દેવા સારૂ] જે–'આનંદઘન, યશોવિજયના સમકાલીન પણ તેમના કરતાં જ્યેષ્ઠ શ્રી લાભાનંદ નામના **શ્વેતાંબર સાધુ** થયા' એમ મોઘમ લખ્યું; પરંતુ તેમાં 'શ્રી લાભાનંદ (આનંદઘન)જી નામના **ખરતરગચ્છીય શ્વેતાંબર સાધુ** થયા' એમ સ્પષ્ટ ન લખ્યું તે ઇતિહાસકારિત્વમાં ભીરૂતાસૂચક દૂષણરૂપ છે.

'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની તે કલમ ૯૧૩માં આગળ જતાં શ્રી દેશાઈ એ જે–" શ્રી હેમચંદ્રાચાર્યે લોકાનુગ્રહમાં આત્મા અર્પણ કર્યો (અર્થાત્ તેમણે લોકોપકારી સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી અને આત્મહિત સાધન પ્રવૃત્તિને ગૌણ કરી! જ્યારે) શ્રી આનંદઘનજીએ આત્મહિત સાધનપ્રવૃત્તિને મુખ્ય કરી. ' એમ લખ્યું છે તે, તે લોક લોકોત્તર પ્રસિદ્ધ આચાર્યના જ્ઞાનાદિ પાંચ આચારના પાલનયુક્ત એવી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ શ્રી પ્રવચનમાતાના પાલનમય ગચ્છવાસના વ્યવહાર ચારિત્રના પાલનથી જ પ્રાપ્ત થતા અને નીભતા શુદ્ધ ચારિત્રજીવન પ્રત્યેના અનાદરનું સૂચક છે.

આવાં લેખકને શીખામણ શું કરે?

અત્ર લેખક શ્રી દેશાઈ. શ્રી આનંદઘનજી મ૦ના વસતિત્યાગ, સાધુક્રિયા અને ગચ્છનિરપેક્ષ એવા આધ્યાત્મિક યોગીપણામાં જ સમસ્ત પ્રકારે આત્મકલ્યાણ દેખવા તરીકેની અજ્ઞાનદૃષ્ટિ ધરાવનાર તરીકે ખુલ્લા પડી જવા પામેલ છે. આ અજ્ઞાનતાના પ્રતાપે તેઓ. આ૦ શ્રી હેમચંદ્રસૂરિજીએ રચેલા શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન, અભિધાનચિંતામણિ વગેરે લોકોપકારી ગ્રંથરચના અંગેની તેઓશ્રીની પ્રવૃત્તિને જ મહાન્ આચાર્યશ્રીની મુખ્યપ્રવૃત્તિ તરીકે જોઈ શકેલ છે; પરંતુ તેઓશ્રીએ, આત્મહિતના મુખ્યસાધન તરીકે રચેલા પ્રૌઢાતિપ્રૌઢ એવા યોગશાસ્ત્ર. દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા, વીતરાગસ્તોત્ર,

---

૧ આ લેખ ઐતિહાસિક અનેક બીનાઓ ઉપર પ્રકાશ પાડતો હોઈને તેને લેખશ્રીના જ શબ્દોમાં આ પછી યોગ્ય સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાદેવસ્તોત્ર, યોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા આદિ સેંકડો મહામૂલા આધ્યાત્મિક ગ્રંથો અને શ્રી કુમારપાલ જેવા રાજવીને પરમાર્હત્ બનાવીને તે ગ્રંથોના કરાવેલા અનેક ભંડારો વગેરે અંગેની વિદ્વદ્વર્યોને જણાઈ આવતી તેઓશ્રીની અસ્થિમજ્જામય આધ્યાત્મિકપ્રવૃત્તિની મુખ્યતાને નીહાળવાની આંતરદૃષ્ટિથી તો આજીવન વેગળા જ રહ્યા જણાય છે.

આ સ્થિતિમાં આ લેખક ભાઇ દેશાઇને "કયાં વસતિવાસમય એવો સહજ આત્મકલ્યાણી ગુરુકુલવાસ અને કયાં શાસ્ત્રીયરીતે ચારિત્રપાલન અને રક્ષણના સાધનોના અભાવવાળો પંચમકાલીય વનવાસ ? આથી જ શ્રીતીર્થંકરભગવંતો, ગણધરભગવંતો અને પૂર્વધરભગવંતો વગેરેએ શુદ્ધચારિત્રના પાલનને યોગ્ય તો વસતિવાસ અને ગચ્છવાસ જ દીઠેલ છે, માનેલ છે અને આજીવન સેવેલ છે." એ બધી સમજણ વસાવીને પછી એ સંબંધમાં બોલવાનું રાખવાની કોઇ શિખામણ આપે તોપણ તે શિખામણ આવા લેખકને હિતકારી શ્યે બને ?

શ્રી દેશાઇએ, ઇતિહાસરૂપે લખેલી ઉપર્યુક્ત ૯૨૩મી કલમ સંલગ્ન આ પ્રમાણે છેઃ— "શ્રી આનંદઘનજીએ સ્વપરહિતબુદ્ધિથી લોકોપકારી [૧]પ્રવૃત્તિ શરૂ કરી. આ મુખ્ય પ્રવૃત્તિમાં આત્મહિત ગૌણ[૨] કર્યું. પણ વીતરાગધર્મવિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઇ[૩] હતી કે–લોકો ધર્મને કે આનંદઘનજીને પીછાણી ન શકયા–ઓળખી ન [૪]શકયા. પરિણામે શ્રી આનંદઘનજીને લાગ્યું કે–પ્રબળ વ્યાપી ગયેલી વિષમતાના યોગે લોકોપકાર, પરમાર્થપ્રકાશ કારગત થતો[૫] નથી અને આત્મહિત ગૌણ થઈ તેમાં બાધા આવે[૬] છે, માટે આત્મહિતને મુખ્ય કરી તેમાં પ્રવર્ત્તવું યોગ્ય[૭] છે. આવી વિચારણાએ પરિણામે તે લોકસંગ તજી દઇ વનમાં ચાલી[૮] નીકળ્યા વનમાં વિચરતાં છતાં અપ્રકટપણે રહી ચોવીશી, પદ આદિવડે લોકોપકાર તો કરી જ[૯] ગયા. નિષ્કારણ લોકોપકાર એ મહાપુરુષોનો ધર્મ [૧૦]છે. પ્રગટપણે લોકો આનંદઘનજીને ઓળખી ન [૧૧]શકયા, પણ આનંદઘનજી અપ્રગટ રહી તેમનું હિત કરતા ગયા."

શ્રી દેશાઈએ આ કલમ લખતાં માન્યું હોય કે-પોતે શ્રી આનંદઘનજીના ગુણાનુવાદરૂપે ઇતિહાસ લખી રહેલ છે; પરંતુ તે કલમગત તેમનું ઉક્ત ધ્યેય કદાચ–પોતાના સમકાલીન લગભગ મુનિરાજોને સાધુ નહિ લેખવા દેનારા સમયધર્મના ચેપથી વાસિત એવા નિજના સુધારકપણાના રંગે રંગાયેલું જણાય છે. અન્યથા શ્રી દેશાઈએ, તે કલમ દ્વારા શ્રી આનંદઘનના ગુણાનુવાદને બહાને તેઓશ્રીને આ નીચે નંબરવાર જણાવાતી ૧૧ સ્ખલનાદ્વારા તેઓશ્રીના અધ્યાત્મની ન્યૂનતા બતાવવાની ભૂલના ભોગ ન બન્યા હોત.

(૧)-શ્રી તીર્થંકરપરમાત્માના ગણધરભગવંતોએ, જે સ્વપરહિતબુદ્ધિથી લોકોપકારી પ્રવૃત્તિ શરૂ કરી તે પ્રવૃત્તિને જેઓ આચરતા હોય તેઓ જ વીતરાગના સાધુ કહેવાય છે, એવી સમજ ધરાવનારા શ્રી આનંદઘનજીએ, જૈનમુનિની ઉક્ત સ્વપરહિતબુદ્ધિવાળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રોક્ત પ્રવૃત્તિને ત્યજી દઈને પોતાની **સ્વપરહિતબુદ્ધિથી લોકોપકારી** પ્રવૃત્તિ શરૂ કરી હોવાનું લેખાવવામાં શ્રી દેશાઈએ, તેઓશ્રીને પરંપરા શુદ્ધ એવા અધ્યાત્મયોગી ઓળખવાના દ્વાર બંધ કરી દેવાની સ્ખલના વહોરી છે.

(૨)-શ્રી દેશાઇના આ કથન મુજબ શ્રી આનંદઘનજીએ શરૂ કરેલી તે **મુખ્ય પ્રવૃત્તિમાં** તેઓશ્રીએ જો આત્મહિત ગૌણ કર્યું હોત તો ઉપર જણાવેલી કલમમાં તે દેશાઈએ જ જણાવેલા-'**સ્વપરહિતબુદ્ધિથી લોકોપકારી પ્રવૃત્તિ શરૂ કરી**' એ વાકયને અર્થશૂન્ય માનવું રહે. કારણ કે-આ વાકયવડે દેશાઇએ અર્થાપત્તિથી-'તેઓશ્રીએ સ્વપરહિતબુદ્ધિ ધરાવી નહોતી.' એમ લેખાવવાદ્વારા શ્રી આનંદઘનજીના અધ્યાત્મને મનસ્વી લેખાવવાની ભૂલ કરી ગણાય કારણકે-શાસ્ત્રે, સ્વપરહિતબુદ્ધિથી કરાતી પ્રવૃત્તિમાં મુનિને આત્મહિતની મુખ્યતા ગણાવી છે.

(૩)-શ્રી દેશાઈની-'પણ વીતરાગધર્મની વિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઇ હતી.' એ વાત. વિક્રમના તે ૧૭-૧૮મા સૈકામાં થએલા શ્રી આનંદઘનજીના સમયે તો ગચ્છાધિપતિ શ્રી વિજયસેનસૂરિજીના સામ્રાજ્યે પ્રવર્ત્તતા અને વિ૦ સં૦ ૧૬૭૩માં તો માંડવગઢ મુકામે શ્રી જહાંગીર જેવા મોગલબાદશાહે પણ ખરા નાયક તરીકે દાંડી પીટીને પ્રશંસવાપૂર્વક પ્રસિદ્ધ કરેલા ગચ્છાધિપતિશ્રી વિજયદેવસૂરિજીના એકછત્રી સામ્રાજ્યે ૩૦૦ પંડિત મુનિવરો આદિ સેંકડો ઉત્તમ ચારિત્રવંત મુનિવરોના સંજ્ઞગનેતૃત્વતળે આખો શ્રી ચતુર્વિધ સંઘ પ્રવર્ત્તતો હોઈને તેમાં શ્રી વીતરાગધર્મની સન્મુખતા તો સર્વત્ર પ્રવર્ત્તતી હતી એ બીના ઇતિહાસપ્રસિદ્ધ પણ છે. આ વસ્તુ શ્રી દેશાઇના પણ ખ્યાલમાં જ હોયઃ છતાં પણ તેમણે 'તે વખતે વીતરાગધર્મની વિમુખતા, વિષમતા એટલી બધી વ્યાપી ગઈ હતી' આ કથન કર્યેલ છે, તે તે સમયની પ્રશંસનીય ધર્મસન્મુખતાનું તથા ઇતિહાસનું લોપક એવું મનસ્વી છે શ્રી આનંદઘનજીને વનવાસ જવામાં આ પ્રકારે મનસ્વી કારણો જણાવવામાં તો દેશાઈએ શ્રી આનંદઘનજીનું વનવાસંગમન પણ પ્રકૃતિજન્ય લેખાવ્યું ગણાય.

(૪)-વિક્રમના ૧૭ મા સૈકામાં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના સામ્રાજ્યે પણ વીતરાગ ધર્મની સર્વાંગ સન્મુખતાધારી અને સર્વદિગ્વિજયી તરીકે શાસ્ત્ર અને ઇતિહાસ પ્રસિદ્ધ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરે, પારંપરિક શ્રી તપાગચ્છમાંથી ઉદ્ભવેલા-પૂનમીયા, આંચલિક, સાર્દ્ધપૂનમીયા, આગમીયા, લોંકા, વીજામતી, કડવામતી વગેરેએ વીતરાગ ધર્મમાં પ્રસારેલી વિષમતાને અતિપ્રાચીન એવા '**ઉત્સૂત્રકંદકુદ્દાલ**' ગ્રંથના આધારે ડામી દેવાપૂર્વક લોકોને વીતરાગ ધર્મની સન્મુખ કર્યા બાદ –

વિક્રમના ૧૭-૧૮મા સૈકામાં પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિ સામ્રાજ્યે પણ મૂળ શ્રી તપાગચ્છમાંથી જ પ્રતિસ્પર્દ્ધિપણે ઉદ્ભવેલા શ્રી આણસૂરગચ્છીઓએ શ્રી વીતરાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મમાં પ્રસારેલી ભારે વિષમતાને ઉપર્યુક્ત શાસનપ્રાણ મહોપાધ્યાયજીના અજોડ શાસનરંગી અને સમર્થ વિદ્વાન્ શિષ્ય-પ્રશિષ્યો, મહો૦ શ્રી નેમિસાગરજી ગણિ, મહો૦ શ્રી શ્રુતસાગરજી ગણિ, શ્રી ભક્તિસાગરજી ગણિ, શ્રી શાંતિસાગરજી ગણિ તથા એ જ શ્રી સાગરગચ્છે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના હસ્તે પ્રથમ આચાર્યપદથી વિભૂષિત બનનાર પ્રખરવાદી મહામહોપાધ્યાય શ્રી મુક્તિસાગરજી ગણિવરાદિ શ્રી વીતરાગ ધર્મના અજોડ સંરક્ષક શ્રમણ ભગવંતોએ, તે આણસૂરગચ્છજન્ય વિષમતાને જહાંગીર પાદશાહની સભા આદિ દ્વારા પણ નિર્મૂલ્ય બનાવી દેવાપૂર્વક લોકોને વીતરાગ ધર્મની સન્મુખ કર્યા હોવાની બીના ઇતિહાસ પ્રસિદ્ધ છે. કે જે સમય અધ્યાત્મયોગી શ્રીમદ્ આનંદઘનજીનો જ હતો.

આમ છતાં ઇતિહાસ પ્રસિદ્ધ એવી તે સઘળી બીનાના સુમાહિતગાર શ્રી મો૦ દ૦ દેશાઈ એ શ્રી આનંદઘનજી મ૦ના વનવાસ ગમનના બતાવેલા કારણો તરીકે જે-'તે સમયે વીતરાગ ધર્મની વિમુખતા, વિષમતા બહુ વ્યાપી ગઈ હતી' એમ ઓઘે જણાવ્યું છે, તેમાં તેમણે તપાગચ્છને પણ સંડોવવાની ઈરાદાપૂર્વક ભૂલ કરી જણાય છે

વસ્તુતઃ તો-"શ્રી લાભાનંદજી સ્વીકૃત ખરતરગચ્છના આચાર્યો આદિએ ગચ્છવ્યા મોહમાં અંધ બનીને-'ભૈરવદ્વારા તપગચ્છના ૭૦૦ સાધુઓને હણાવવા, નવાંગીટીકાકાર પૂ૦ આ૦ શ્રી અભયદેવસૂરિજી મ૦ને પોતાના ગચ્છના લેખાવવા સારૂ પાટણસ્થિત ચોરાશીયે ગચ્છના યતિઓને જેસલમેરી કામળીઓ આપીને પણ પોતાના પક્ષે ઊભા કરવા, પોતાના **'સામાચારીશતક'** ગ્રંથમાં યતિઓની ૧૦૦ કૃત્રિમ સહીઓવાળું પત્રક ઘુસાડી દેવા, દુર્લભરાજે પોતાને ખરતર બિરૂદ આપેલ હોવાનો અસત્ય પ્રચાર કરવો, પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાંના પોતાને ખોટા લેખાવતા દસ્કતો ઉપર હરતાલ લગાવીને તેના સ્થાને 'खरयर' શબ્દો ગોઠવી દેવા' ઇત્યાદિ પ્રકારની આચરેલી દુષ્પ્રવૃત્તિથી શ્રી લાભાનંદજી બાહિતગાર થયા હોય અને તેના પરિણામે તેઓશ્રીએ, 'તેવી પ્રવૃત્તિમાં તો સ્વીકૃત આત્મકલ્યાણી શ્રી વીતરાગ ધર્મથી ખુલ્લી વિમુખતા રહેલી હોઈને તેમાં તો આત્મનું નિશ્ચયે અધઃપતન સનાયેલુ છે.' ઇત્યાદિ પ્રકારે નિજના ગચ્છવાસી આચાર્યાદિઓને ભલી લાગણીથી વારવાર પણ કહ્યું હોય; છતાં તે તે આચાર્યાદિ દ્વારા વ્યુદ્ગ્રાહિત બનાવાએલા લોકોએ, તે સ્વપર આત્મહિતસ્વી એવા શ્રી લાભાનંદજીને ગચ્છદ્રોહી લેખાવીને સાંભળ્યા જ ન હોય, એ બીના સંભવિત જણાય છે."

(૫)-શ્રી આનંદઘનજી મ૦ જેવા મહાન્ અધ્યાત્મયોગી અંગે અહીં શ્રી દેશાઈ એ જે-"લોકો ધર્મને કે આનંદઘનજીને પીછાણી ન શક્યા. પરિણામે આનંદઘનજીને લાગ્યું કે પ્રબળ વ્યાપી ગયેલી વિષમતાને યોગે પરમાર્થપ્રકાશ કારગત નથી." એ પ્રમાણે કલમ લખી છે તે શ્રી આનંદઘનજી મ૦ને અધ્યાત્મીપણાથી તો ખરા જ; પરંતુ સામાન્ય મુનિપણાથી પણ દૂર લેખાવતી હોવારૂપે શ્રી દેશાઇને કેમ ન ભાસી? તે આશ્ચર્ય ગણાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હા, શ્રી દેશાઈની તે કલમનાં સ્થાને એમ હોવું જરૂર સંભવિત છે કે- "ઉપરની કલમ ૪ માં જણાવ્યા મુજબ તે સમયે પોતાના ખરતરગચ્છને વિષે વ્યાપેલી શ્રી વીતરાગધર્મની વિમુખતાના ભોગ બનેલા ભદ્રિક લોકોને નિઃસ્પૃહી મહાત્મા શ્રી આનંદઘનજીએ ધર્મસન્મુખ કરવા સતત પણ પ્રયાસ કર્યો હોય: અને તેઓશ્રીના તે આત્મહિતકર પ્રયાસને તે ગુરુવ્યુદ્ગ્રાહિત લોકોએ, વિરોધીના પ્રયાસ તરીકે માનીને કારગત થવા ન દીધો હોય."

તે સમયને સંગત એવી ઉપર્યુક્ત સંભાવનાને પણ વિચાર્યા વિના- [ચારિત્રના અસંખ્યાત ભેદવાળા છઠ્ઠા ગુણસ્થાનકે વિરાજતા મુનિઓમાંના કોઈ કોઈ મુનિને છેવટ ઉક્ત ગુણસ્થાનકના અસંખ્યાતમા ભેદેય ચારિત્ર લાભતું હોય છે, એ શાસ્ત્રીય બીના સામે લગભગ આંખમીંચામણાં કરીને પોતાના ઇતિહાસોના પાને પાને તેવા તારતમ્યમય ચારિત્ર-જીવનવાળા સઘળા મુનિઓના ચારિત્રજીવનની જાણે કે પોતે પારાશીશી હોય, એ પ્રકારે વિવિધ મૂલ્યાંકનો રજુ કરવા દ્વારા ભૂત અને વર્તમાનકાલીન પૂ૦ ગીતાર્થપ્રવરો કરતાંયે પોતાને વિશિષ્ઠ જ્ઞાની લેખાવવાનો આડંબર કરનાર] આપણા આ સમયધર્મને વરેલા એડવોકેટ લેખકશ્રી, જો "જૈન મુનિને ઉપદેશદ્વારા અપાતા શ્રી વીતરાગના ધર્મને કે પોતાને લોકો ઓળખે કે ન ઓળખે, વ્યાપી ગયેલી પ્રબળ વિષમતાના યોગે પોતે ધારા-બંધ ઉપદેશદ્વારા પણ રજુ કરવામાં આવતો પરમાર્થ પ્રકાશ લોકોમાં કારગત નીવડે કિંવા ન પણ નીવડે: છતાં તેઓનાં ઉપકાર અર્થે મુનિએ કરાતી તે ઉપદેશ પ્રવૃત્તિમાં જૈન મુનિ પોતાને તો એકાંત નિર્જરાનો લાભ જ માનનારા હોય છે." એ જૈન મુનિનાં ચારિત્રધર્મથી સામાન્ય પણ જ્ઞાત હોત તો તેમણે શ્રી આનંદઘનજી મ૦ જેવા અધ્યાત્મ યોગી અંગે તે પાંચમી અજૈની જણાતી કલમ હરગીજ ન લખી હોત.

(૬)-'શ્રી વીતરાગ પરમાત્મા મહાવીર ભગવંત પ્રરૂપિત પહેલી દેશનાનો સર્વાંગ સંપૂર્ણ એવો આત્મજ્યોતિર્મય પરમાર્થ પ્રકાશ, વિશાલ લોકપર્ષદ્માંના એકાદ પ્રાણીને પણ કારગત ન થયો, તેમાં તે શ્રી સર્વજ્ઞ પરમાત્માએ આત્મહિત ગૌણ થયું માન્યું કે લેખાવ્યું નથી.' એમ શાસ્ત્રાવબોધ ધરાવનાર શ્રી આનંદઘનજી મ૦ને 'પોતાનો પરમાર્થ પ્રકાશ લોકોમાં કારગત ન નીવડે તેમાં આત્મહિત ગૌણ થઈ તેમાં બાધા આવે છે.' એમ લાગ્યું હોવાની આ કલમ લખનાર શ્રી દેશાઈએ, તે કલમદ્વારા તેવા અધ્યાત્મી મહાપુરુષની લઘુતા જ કરી હોવાનું નમ્ર મંતવ્ય છે.

(૭)-'ક્રમે યથાખ્યાત ચારિત્રના શિખરે સ્થાપનાર છઠ્ઠા ગુણસ્થાનકવાળા ગચ્છ-નિર્વાહક એવા વ્યવહાર ચારિત્રધર્મનું અષ્ટપ્રવચનમાતાનું યથાર્થ જ્ઞાન ધરાવનાર શ્રી ગણધર ભગવંતોએ પણ કૈવલ્યની પ્રાપ્તિ પર્યંત નિરતિચારપણે પાલન કર્યું છે.' એ પ્રકારનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર શ્રી આનંદઘનજી માટે-"તેઓ (આ કલમના ' ' એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોમામાં જણાવ્યા મુજબ ક્રમે આધ્યાત્મિકપણાથી છલાછલ ભરપૂર એવા યથાખ્યાત ચારિત્રને પણ પ્રાપ્ત કરી આપનાર વ્યવહારનય આશ્રિત ૧૭ પ્રકારના સંયમવાળા) વ્યવહાર ચારિત્રરહિત એવા કેવળ આધ્યાત્મિક ધર્મમાં આત્મહિત માનીને તેમાં પ્રવર્ત્યા." એવું અસંગત લખાણ કરવા વડે દેશાઈએ શ્રી આનંદઘનજી મ૦ને 'ઉક્ત વ્યવહાર-ચારિત્ર ધર્મમાં અધ્યાત્મધર્મ તો સમાવિષ્ટ છે જ' એ શાસ્ત્રીય સમજથી પર લેખાવવાનું દુઃસાહસ કર્યું જણાય છે.

(૮) કોઈ કોઇ જૈન મુનિઓ, આગમવિહારી દશપૂર્વધર શ્રી વજ્રસ્વામીના સમય સુધી લોકસંગ તજીને વનવાસનું સેવન કરતા હતા; પરંતુ તે પછી સાધુઓ માટે તે વર્તન અહિતકર લેખાવા પામીને સ્થગિત થયું હોવાનું જાણવા છતાં શ્રી દેશાઈએ, તેમના ઇતિહાસની ૯૧૩ મી કલમમાંની ઉપર્યુક્ત નંબર સાતવાળી પેટા કલમના અનુસંધાનમાં જે-'આવી વિચારણાએ પરિણામે તે લોકસંગ ત્યજી દઈ વનમાં ચાલી નીકળ્યા.' એમ લખ્યું છે તે, શ્રી આનંદઘનજી જેવા અધ્યાત્મયોગીને શ્રી ઉમાસ્વાતિ વાચક વિરચિત 'શ્રી પ્રશમરતિ' ગ્રથમાંના લોકઃ ખલુ આધારઃ સર્વેષાં ધર્મચારિણામ્' એ વચન અનુસાર જૈન મુનિના પણ આધારભૂત લોકસંગ અને નિજનું મુનિપણું ક્રમે શુદ્ધ-શુદ્ધત્તર બનાવવામાં પ્રબળ આલંબનની આત્મકલ્યાણી મહત્તા પાસે મુનિનું ચારિત્ર, સહજતયા ડોળાય તેવા સ્ત્રી-શત્રુ-શ્વાનાદિ તરફના ઉપઘાતના સંભવવાળા નિર્જન પ્રદેશસ્વરૂપ વનવાસમાં આ કાળે વધુ શુદ્ધ થતું હોવાની લૌકિકમાન્યતાને પ્રધાનપદે સ્થાપીને ચાલનારા અન્યદર્શનીય મુનિ જેવા જણાવનારૂં હોઈ તે પૂ૦ અધ્યાત્મી પુરૂષની અસહ્ય હેલનાકારી જણાય છે. જો મુનિનું અધ્યાત્મમય ચારિત્ર, લોકસંગ ત્યજીને વનવાસના સેવનથી જ અધ્યાત્મપૂર્ણ એવું ટોચનું શુદ્ધ થતું હોત તો ઉત્કૃષ્ટ છઠ્ઠા ગુણસ્થાનકે વિરાજતા પૂ૦ ગણધર ભગવંતો અને શ્રુતકેવલી ભગવંતો આદિ પરમ આધ્યાત્મિક મહર્ષીઓએ લોકસંગ ત્યજીને આજીવન વનવાસનું જ સેવન કર્યું હોત. તેમ જ વનવાસ ત્યજીને વસતિવાસ સ્વીકાર્યો ન હોત. અરે! છતી શક્તિએ વનવાસીપણાવાળા શ્રી જિનકલ્પનું પણ સેવન નથી કર્યું; એ ન જ બન્યું હોત

(૯)-એ પછી લેખકશ્રીએ જે-'વનમાં વિચરતાં છતાં અપ્રકટપણે રહી ચોવીશી પદ આદિવડે લોકોપકાર તો કરી જ ગયા.' એમ લખ્યું છે તે, સદંતર અસંબદ્ધ અને અસંગત છે. કારણ કે-'વનમાં વિચરતા મુનિનું અપ્રકટપણું તો દેશાઇ જ લેખાવી શકે! વળી તેઓશ્રીના જણાવેલા નિર્જનપણાના સૂચક અપ્રકટપણામાં તેઓશ્રીએ, અશન-પાનાદિ, લોક સિવાય કોનાથી પ્રાપ્ત કર્યા? ચોવીશી-પદ વગેરે રચવા સારૂ જોઈતા ખડીયો-શાહી-કાગલ-કલમ વગેરે સાધનો પણ તેઓશ્રીએ લોકસંગ સિવાય શું દેવ સાધીને પ્રાપ્ત કર્યા હતા? જો તેઓશ્રી તથાપ્રકારની લબ્ધિવાળા હતા તો તેઓશ્રી, લબ્ધિના પ્રયુંજકપણાથી પર ગણાતા જૈન મુનિ નહોતા? એવા અધ્યાત્મી નહોતા? વળી લોકોપકાર માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓશ્રી તે સાહિત્ય લખતા ગયા તો પોતાના તે લોકોપકારના ધ્યેયને ફલીભૂત કરે તેવા રાગી લોક સિવાય તે સઘળું સાહિત્ય કોને સુપ્રત કરતા ગયા?

તથા લેખકે અહીં તેઓશ્રી અંગે જે-'લોકોપકાર કરતા ગયા' એમ જણાવ્યું તે તેમણે જ પ્રથમ જણાવેલી-'તેઓશ્રી લોકસંગ ત્યજી આત્મહિતને મુખ્ય કરી વનમાં પ્રવર્ત્યા' એ વાતને બાધક કેમ નહિ? કારણ કે- વનમાં ગયા છતાં ત્યાંયે તેઓશ્રીના મનમાં તો લોકસંગ બેઠો હતો, એમ 'લોકોપકાર તો કરી જ ગયા' એ તેમની પંક્તિ નક્કી કરી આપે છે! તેમ જ તેઓશ્રીએ, લોકોપકાર કરવા માટે ચોવીશી-પદ વગેરેની રચના કરવામાં જેટલો કાલક્ષેપ કર્યો, એટલો ટાઈમ તો તેઓશ્રીએ વનવાસમાં પણ લોકોપકારને મુખ્યતા આપીને આત્મહિત તો ગૌણ કર્યું લેખાવ્યું હોવાથી લેખક દેશાઇની-'આત્મહિતને મુખ્ય કરી... વનમાં ચાલી નીકળ્યા.' એ વાત પણ કયાં રહી?

(૧૦)-લોકોના નિષ્કારણ ઉપકારનું ધ્યેય, મુનિને ચોવીશી, પદો વગેરેની રચના કરતાં તો કેઇ ગુણો નિષ્કારણ લોકોપકાર ગચ્છવાસના સેવનપૂર્વકના લોકસંગથી થતો હોવાનું સમ્યગ્જ્ઞાન ધરાવનાર શ્રી આનંદઘનજી જેવા જ્ઞાની મહાત્માએ જે સ્થાનમાં તે પ્રકારનો સહજ લોકોપકાર થવો દુર્લભ છે તેવા વનવાસનું સેવન કરવામાં તેઓએ ભૂલ જ કરી એમ લેખકે લેખાવ્યું કેમ ન ગણાય?

(૧૧)-શ્રી દેશાઇની આ વાત સ્થિરમગજની જણાતી નથી. કારણકે-'શ્રી આનંદઘનજી મ૦ વનમાં અપ્રકટપણે રહ્યા તેથી તેઓશ્રીને લોકો ઓળખી ન શકયા' એમ લખી નાખવામાં દેશાઇને-'લોકોમાં તેઓશ્રી તો શ્રી લાભાનંદજીના નામે જ પ્રગટ હતા, અને તે પછી વનવાસના અપ્રકટપણામાં પણ લોકોને પોતાનાં સ્તવનો-પદો આપવા આદિમાં લોકોના પરિચયથી જ લોકોમાં તેઓશ્રી, અધ્યાત્મયોગી લેખાવા લાગીને 'શ્રી આનંદઘનજી' એવા નામે પ્રસિદ્ધિ પામ્યા હોવાની વાતથી 'ઓળખી ન શકયા' એ વાત ઉપસ્થિત રહી જણાતી નથી.

ક્રિયોદ્ધારક પૂ૦ પં૦ શ્રી સત્ય વિ૦ મ૦ની જીવનસૌરભ.

[પૂ૦ પંડિતવર્ય શ્રી સત્યવિજયજી ગણિનું જીવનચરિત્ર અદ્યાપિ પર્યંત અનેક હસ્તે સંક્ષિપ્ત છતાં વિવિધતયા પ્રસિદ્ધ થએલ છે, જ્યારે વીર સં૦ ૨૪૩૯ (વિ૦ સં૦ ૧૯૬૯)ના શ્રા૦ શુદિ ૧૨ને બુધવાર '**જૈનશાસનપત્ર**' અંક ૮ પેજ ૫૭ થી ૬૦ ઉપર આ નીચે જણાવાએલ શીર્ષકતળે ઇતિહાસવેત્તા પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજી મ૦નો હિંદી ભાષામાં પ્રસિદ્ધ થએલ વિશાલ લેખ, પૂ૦ પં૦ શ્રીના અખંડ ઇતિહાસના જિજ્ઞાસુજનોને સંતોષ ઉપજાવે તેવો જણાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ વિદ્યાવિ૦ મહારાજે પ્રસ્તુત લેખ મુખ્યત્વે શ્રી બુદ્ધિસાગરજી ગ્રંથમાલા તરફથી પ્રસિદ્ધ થએલ '**જૈનરાસમાલા**' ભા૦ ૧ ગત '**શ્રી સત્યવિજયજીરાસ**' તથા તે રાસના અગ્રભાગે શ્રી મો૦ દ૦ દેશાઇએ **શ્રેષ્ઠીવર્ય શ્રી શાંતિદાસ** આદિનો પરિચય-દર્શક લખાણમાંની ઉપયોગ પૂરતી બીનાઓ વગેરેને અવલંબીને ઉપસંહારયુક્ત સાધાર લખેલ હોયને પ્રસ્તુત (**શ્રી મો૦ દ૦ દેશાઈની અણસમજને પણ ઉકેલતા**) લેખને-લેખશ્રીના અક્ષરશઃ શબ્દોમાં અત્ર પ્રસંગોપાત રજુ કરવો આવશ્યક માનેલ છે.

ઉપા૦ હંસસા૦ ગણિ]

क्रियोद्धारक योगीश्वर श्री सत्यविजयजी पन्यासका आत्मजीवन.

(लें. विद्याविजयजी व्यावर)

यद्यपि उपर्युक्त नामवाले प्रभाविक पुरुष आज ईस संसारमें नहीं है; परंतु जैन समाज तो अवश्यही आपके नामसे परिचित ही है। आप 'सपादलक्ष' देशके 'लाडोल'नामके ग्रामके रहनेवाले थे। आपके पिताजीका नाम शेठ वीरचंद था। और माताका नाम वीरमदे। वीरचंद शेठका गोत दूगड था। उन दिनोमें लाडोल गाम आजकल जैसा नहीं था। बडे बडे धनी वहां रहते थे। व्यापार-रोजगारमें यह गाम कुछ कम नहीं था। ये दोनों (वीरचंद शेठ और वीरमदे शेठानी) उत्तमोत्तम गुणोंके भंडार थे। जैसे गुणोंमे ये आले दरजे के थे, वैसे रुपमें भी। मधुर भाषण बोलने में भी दक्ष थे। जिनेश्वरके धर्ममें पूर्ण श्रद्धावाले थे। ईनके वहां **शिवराज** नामक पुत्र हुवा। शिवराज पर मातापिताका बडा ही प्रेम था। छोटपनही से ईसको धर्म पर बडा प्रेम हुआ. किसी एक दिन उस गांवमें मुनिराज पधारे। मुनिराजके उपदेशसे शिवराजके हृदयमें वैराग्यने और निवास कीया। ईसने जान लिया :-"संसारमे माता पिता वगैरह कोई किसीके नहीं है। सब स्वार्थके सगे है। और जितने ये संबंध लगे हुवे है। वेभी सब निरर्थक ही हैं। किसीसे कुछ अपनी कार्यसिद्धि होनेवाली

१—पूज्यपाद श्री पन्यासजी सत्यविजयजीका जीवनचरित्र, संक्षेपमें गुजराती भाषामे श्रीयुत मोहनलाल दलीचंद देशाईने अपनी 'जैन रासमाला' नामक पुस्तकमें और मुनिश्री बुद्धिसागरजीने अपने 'वचनामृत'नामक ग्रंथमें (गुजरातीभाषामें) लिखा है। उन दोनो महाशयोंने 'सपादलक्ष' देश 'मालवा' देशका गिना है; परंतु वह भूल है। 'सापाद क्ष'देशका आजकाल 'मालवा' कहते है, यह बात (ठीक) नही है। ईसके विषयमें बहुत अच्छा प्रमाण यह है:-'शिरोही राज्यका ईतिहास'नामक ग्रंथके १६२वे पृष्ठकी नोटमें लेखकने लिखा है:-'सपादलक्ष' जोधपुर राज्यका नागोरपरगना ईससमय 'सावलक' या 'श्वलक' कहलाता है. जो 'सपादलक्ष'का अपभ्रंस है। पहिले सांभद तथा अजमेरके चौहानोंके आंबीका सारा देश 'सपादलक्ष' कहलाता था। जिस समय चितौडके पूर्वके मेवाडके ईलाकोंपर चौहानोंका राज्य था, उस समय मांडवगढ (मेवाडमें)का किल्ला भी 'सपादलक्ष'में गिना जाता था। ऐसा लिखा मिलता है।"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહીં હૈ। બસ! અગર સચ્ચા કોઈ સગા હો તો વહ 'ધર્મ' હી હૈ।" ઈસ પ્રકાર વિચાર કરકે શિવરાજ મકાન પર આયા, ઔર માતા-પિતાસે દીક્ષા લેનેકી આજ્ઞા માગી। માતાને બહુત કુછ સમઝાયા કિ-'હે પુત્ર! અભી તું છોટા હૈ। તું અભી વ્રતમેં કયા સમઝતા હૈ। તેરી દેહ જૈસી કોમલ હૈ વૈસે વ્રત નહીં હૈ। વ્રત બહુત કઠીન હોતે હૈં। તેરા વિરહ હમ લોગોંસે એક ક્ષણભર ભી સહ્ય નહી હોગા। સંયમકો પાલના તરવારકી ધારપર ચલના બરાબર હૈ। ચારિત્રકા પાલના કયા હૈ? મેરૂકો શિરપર ઉઠાના હૈ। નિરતિચારસે વ્રતકો પાલન કરના, બેતાલીસ દોષોસે રહિત આહાર લેના, બાઈસ પરિસહોંકો જીતના, શીરકે બાલોંકા લોચ કરના, ખૂલે પાંઉસે ચલના, હંમેશાં શાંતિમેં રહના, ઉગ્ર તપસ્યાએં કરની વગૈરહ સાધુપનેમેં પ્રધાનક્રિયાએં કરની પડતી હૈ।" ઇત્યાદિ માતાને વિલાપયુક્ત શિવરાજસે બહુત કુછ કહા; પરંતુ શિવરાજને ઇસકે પ્રત્યુત્તરમે અપની દઢતા ઔર વીરતા હી દિખલાઈ। જબ માતા પિતાકી એક ભી ન ચલી, તબ ઉન્હોનેં (માતાપિતાને) બડી ઉદાસીનતાસે કહા:-"હે વત્સ! યદિ તૂં દીક્ષા હી લેના ચાહતા હૈ ઔર માતાપિતાકી આજ્ઞા માનના ભી ચાહતા હૈ તો તૂં 'લુંકા' ગચ્છકે આચાર્યકો બુલાવે, ઔર ધૂમધામકે સાથ તુમ્હેં દીક્ષા દિલાવેં।" શિવરાજને કહાં:-'સુવિહિત શુદ્ધસામાચારી જિસમેં હૈ ઔર જિસમે જિનેશ્વરકી પૂજા દિખલાઈ હુઇ હૈ ઉસ ગચ્છમેં મૈં દીક્ષા લૂંગા। ઇસ લિયે હે માત:! ઐસી અનુમતિ દો જિસસે મુઝે સુખ હો।' શિવરાજકી બુદ્ધિ તપાગચ્છમેં હી દીક્ષા લેનેકી થી (કયોંકિ ઉન્હે પહિલે મુનિરાજ મિલ ચૂકે થે) ઇસલિયે માતાને ભી આગ્રહકો છોડ દિયા ઔર તપગચ્છનાયક શ્રી વિજયસિંહસૂરીશ્વરજીકો બુલાનેકા નિશ્ચય કીયા।

વીરચંદશેઠ સંઘકી આજ્ઞા લેકર શ્રી વિજયસિંહસૂરીશ્વકો બડે આડંબરકે સાથ અપને ગ્રામમેં લાએ। આપને યહાં આકર બહુત અચ્છા ઉપદેશ દિયા, જિસસે શિવરાજકા મન દીક્ષા લેનેમેં ઔર ભી પ્રોત્સાહિત હુઆ। આચાર્ય મહારાજસે શિવરાજને દીક્ષાકે લીયે વિનયપૂર્વક પ્રાર્થના ભી કી। વીરચંદશેઠને અપને પુત્રકી દીક્ષાકા સમારંભ શુરૂ કીયા। શિવરાજકો નાના પ્રકારકે આભૂષણસેં અલંકૃત કિયા। દૂર દૂરકે શ્રી સંઘકો નિમંત્રણ કિયા। સાત આડ વરઘોડે નિકાલે। ઉત્સાહકે સાથ સારે ગામકો જિમાયા। ઉનકે વહાં મંગલગીત હોને લગે। બહુત પ્રકારકે બાજે બજને લગે, ઇસ પ્રકાર ધામધૂમકે સાથ ગુરુચરણુમેં આએ।

માતાકી આંખોમેંસે અશ્રુધારા બહને લગી। માતાને ગુરુ મહારાજસે પ્રાર્થનાપૂર્વક અનુરોધ કિયા:-"મહારાજ! મેં આપકો શિષ્યકી ભિક્ષા દેતી હું। આપ ઇનકો બખૂબી દીક્ષા દીજીયે। પરંતુ હે ભગવન્! આપસે મેં વિનતિ કરતી હું કિ-યહ મેરે હૃદયકા હાર હૈ। અબ મુઝસે પૃથક્ હોતા હૈ। અબ યહ આપકી ગોદમેં આયા હૈ। આપ ઇન્હે અચ્છી તરહ રખિયેગા। શિક્ષાકે વચન મિષ્ટતાસે કહિયેગા। ઇન્હેં બહુત તપસ્યા કરનેસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોકિયેગા। વિશેષ આપસે કયા કહું? અબ યહ આપહીકા હૈ। બસ! આપહી ઉનકે માતાપિતા હૈ। સાર-સંભાલ રખનેવાલે આપહી હૈ। ઈનકે અવગુણોંકા દેખકરકે ભી આપ ઈસકો દુઃખ હો ઐસા જરા ભી ન કરિયેગા। હે પ્રભો! થોડેહીમેં આપ સબ સમઝ લિજીયેગા ઔર મેરે વચનોં પર આપ બૂરા ભી ન માનીયેગા।"

બસ! ચૌદહ વર્ષકી ઉમ્રમેં શુભ દિન ઔર શુભ સમયમેં શ્રી વિજયસિંહસૂરિને શિવરાજકો દીક્ષા દી। ઔર ઉસકા નામ 'સત્યવિજય' રખા। ઈસ સમય શિવરાજ (સત્યવિજય) આનંદસે ફૂલે નહીં સમાતે થે। મનહી મન યહ વિચાર કરને લગે:- 'આજ મુઝે જિનેશ્વરકા ધર્મ ઉદય આયા! પુણ્ય સંયોગસે મૈંને આજ ચિંતામણીરત્ન પ્રાપ્ત કિયા, દુઃખ-દાવાનલસે આજ મેં બાહર હુવા। મેરે ઘરપર આજ સુરતરુ ફલિત હુઆ।' ઇત્યાદિ.

સબ લોક સૂરીશ્વરકો ઔર નયે મુનિજીકો વંદના કરકે બિદા હુએ। સત્યવિજયજી ભી ગુરુજીકે સાથ અપ્રતિબંધ વિહાર કરતે હુએ વિચરને લગે। ગુરુ મહારાજકા વિનય કરનેમેં આપ જરા ભી પીછે નહીં રહતે થે। ઈસસે શીઘ્ર હી આપને અનેક શાસ્ત્રોંકા અભ્યાસ કર લીયા ઔર જૈનશાસનકે ગુઢાર્થોમેં, ભેદોમેં ભી ગોતા મારકર થાહ લે લી।

ઉન દિનોમેં આપકો યહ વિદિત હો ગયા કિ 'પંચમઆરેકે યતિ લોગોંમેં સિથિલતા બઢતી જાતી હૈ ઔર વે લોગ પ્રમાદકે પૂજારી હોતે ચલેજા રહે હૈ' ઐસા દેખનેસે આપકા વિચાર ક્રિયોદ્ધાર કરનેકા હુઆ। કયોંકિ આપ ખુદ વિદ્વાન્ થે, ઉત્કૃષ્ટી ક્રિયા કરતે થે। પંચમહાવ્રતકો સમ્યક્ પ્રકારસે પાલતે થે ઔર સચ્ચે વૈરાગ્યમેં લીન થે।

ઈસ ક્રિયોદ્ધારકે વિચારકો આપને મનહી મન નહીં રક્ખા। કિંતુ ઉસકી સફલતા કરનેકે લિયે ગુરુ મહારાજસે ઇસ તરહ કહા:-'હે ગુરુવર્ય! યદિ આપ અનુમતિ દેં તો મેં ક્રિયોદ્ધાર કરૂં ઔર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવાનુસાર સંયમ પાલું।'

ગુરૂજીને કહા-'**જૈસે સુખ હો વૈસે કરો** ઔર અપને જન્મકો સફલ કરો.'

બસ! ગુરુવર્યકી આજ્ઞા પાતે હી ધર્મમાર્ગકો દીપાને કે લીયે **પૃથક્ વિચરને લગે**। મમત્વ માયાકો ત્યાગ કર ક્ષમા-સમતાકા આદર કીયા। આપને મેવાડમેં વિહાર કરકે ઉદેપુરમેં ચૌમાસા કીયા। લોગોંકો ધર્મકી પ્રાપ્તિ કરાઈ, છઠ છઠ (દો-દો ઉપવાસ)કા પારણા, ઐસી ઉગ્ર તપસ્યાએ કી। ઔર અપની કાયાકો કૃશ કર દી। વહાંસે આપ મારવાડમેં આયે। યહાં ભી લોગોંકો સમકિતવાસી બનાકર મિથ્યાત્વરૂપ અંધકાર દૂર કિયા। મેડતે મેં ચૌમાસા કર આપ નાગોર પધારે, આપને નાગોરમેં ચાતુર્માસ કિયા। વહાંસે જોધપુરમેં ચાતુર્માસ કિયા। ઇસ તરહ અપ્રતિબંધ વિહાર કરતે હુએ આપ 'સોજત' ગ્રામમેં પધારે, યહાં પર ૧૭૨૯કી સાલમેં આપકો શ્રીવિજયપ્રભસૂરીશ્વરને 'પંન્યાસ' પદ દીયા। વહાંસે આપને 'સાદડી' આકર ચાતુર્માસ કિયા। ક્રમશઃ વિચરતે હુએ આપ ગુજરાતકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાટનશહેરમેં પધારે, અહમદાબાદકે શ્રાવકોંકે આગ્રહસેં આપ અહમદાબાદ પધારે। અહમદાબાદકે લોગોંને બડે સત્કારપૂર્વક પંન્યાસજી મહારાજકા ચાતુર્માસ કરવાયા। યહાં પર આપકી બહુત મહિમા હુઈ। સમસ્ત ગચ્છોમેં ઈસ મહાપુરુષકા માંન હુઆ। પાટણકે શ્રી સંઘને વિનતિ કર આપકો પાટન લાએ। પાટણમેં ગુરુમહારાજકે મુખારવિંદસે સબ લોગ વ્યાખ્યાનકા લાભ લેને લગે। યહાંપર આપને વૃદ્ધાવસ્થાકે કારણવિશેષ ચાતુર્માસ કિએ। ક્રોધ માન માયા મમતાસે આપ રહિત થે। આપકે મનમેં વિકારભી નહીં થા। સમતા કે આપ સાગર હી થે। આપકે મનકે પરિણામ સરલ ઔર સુંદર થે ઔર ક્રિયાભી આપકી ઉત્કૃષ્ટ થી। ઈસ પ્રકારકે ગુરુમહારાજકે આચાર વિચારકો દેખકર શ્રાવકોં કે મન ધર્મમેં ઔર દૃઢ હુએ। આપને ચારિત્ર બહુતહી નિર્મલ ઔર નિરતિચારસે પાલન કીયા। યહાં પર અહમદાબાદસે સોમકરણ શાહકે પુત્ર સુરચંદ શાહ આએ હુએ થે। સુરચંદ શાહ પ્રતિદિન શ્રી પંન્યાસજી મહારાજકો વંદણા કરણેકો આયા કરતે થે। ઈસ તરહ સંયમ પાલતે હુએ પંન્યાસજી મહારાજકો એક દિન બહુત બિમારી હુઈ। યહ બિમારી ચાર પાંચ દિન રહી। એસી બિમારીમેં ભી આપને ધર્મધ્યાનમેં લીન રહકર કઈ કર્મોકો નષ્ટ કિયે। પંન્યાસજીમહારાજકી બીમારીકા સમાચાર જાનકર બહુત લોગ વંદણા કરનેકો આએ। ઔર પંન્યાસજીકે દર્શનોસે અપની આત્માકો નિર્મલ કરને લગે। લોગોંને રૂપયે આદિસે ગુરુમહારાજકી પૂજા કી। લોગ નાના પ્રકારકે નિયમ લેને લગે। ઇસ પ્રકાર ધર્મકા ઉદ્યોત બહુત હુઆ। ઈસ સમય આપકી ઉમ્ર ૮૨ વર્ષકી થી. ઇસ વર્ષમેં આપને પૌષ શુકલા દ્વાદશી શનિવારકે દિન સિદ્ધિયોગમેં ઈસ માનુષી સરીરકા ત્યાગ કર દેવલોકકો અલંકૃત કિયા। સુરચંદશાહને ઈસ સમય બહુત બંદીવાનોંકો છૂડવાએ। દેવવિમાન સમાન અનુપમ વિમાન બનાકર ઉસમેં પંન્યાસજી મહારાજકે મૃત શરીરકો સ્થાપિત કીયા। સારે શહેરમેં હાહાકાર છા ગયા। પ્રાતઃકાલમે જય જયનંદા જય જય ભદ્દાકી ધ્વનિ કે સાથ આપકે શરીરકો વાડીમેં લેકર અગ્નિસંસ્કાર કીયા। ઇન શ્રાવકોમેં પ્રધાન સુરચંદશાહ થે। આપહી વિમાનકે આગે ચલતે થે। જિસ સ્થાન પર આપકા અગ્નિસંસ્કાર હુઆ ઉસ સ્થાન પર એક સ્તુપ ભી શ્રાવકોને બનવાયા।

ઉપસંહાર

ઈસમેં તો કોઇ શક હી નહીં કિ શ્રી સત્યવિજયજી પંન્યાસજી જૈસે શાસનકે પ્રભાવિક પુરુષ ઈસ કાલમેં હોને બહુત દુર્ઘટ હૈ। આપકી શાસનપ્રિયતા પ્રથમ શ્રેણિકી થી। વહ સમય હી એસા તેજસ્વી થા કિ ઉસ સમયમેં સુપ્રસિદ્ધ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીમહારાજ, શ્રીવિનયવિજયજી ઉપાધ્યાય, ઉપાધ્યાય શ્રી માનવિજયગણિ, શ્રી જ્ઞાનવિમલસૂરિ આદિ દિગ્ગજ વિદ્વાન્ જૈનશાસનમેં મૌજુદ થે।

શ્રી પંન્યાસજી મહારાજકે જીવનકાર્યોમેં 'ક્રિયોદ્ધાર'કા કાર્ય પ્રધાન ગિના જાતા હૈ। ઇસ ક્રિયોદ્ધારકે કાર્યમેં શ્રી યશોવિજયજી મહારાજને સહાયતા કી હૈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યહ વાત [૮૭]**નિર્વિવાદ** હૈ। શ્રીમાન્ બુદ્ધિસાગરજી 'વચનામૃત' કે ૧૫૯ વે પૃષ્ઠ પર લિખતે હૈ–'તેમણે (યશોવિજયજીએ) પણ ક્રિયોદ્ધાર સંબંધી કંઈ હકીગત જણાવી હોય એમ જણાતું નથી.' યહ આપકી ભૂલ હૈ। બેશક સત્યવિજયજી પંન્યાસકે નિર્વાણુ-રાસ કે કર્તા પં૦ જિનહર્ષને ઈસ બાતકા ઉલ્લેખ, રાસમે નહી કિયાં હૈ। પરંતુ પંડિત વીરવિજયજીને દી હુઈ પ્રશસ્તિમેં સાફ લિખા હૈ–'વાચક જશ તસ પક્ષીજી.' ઈસસે એક પ્રબલ પ્રમાણ ઔર ભી મિલ સકતા હૈ। દેખીયે ખુદ યશોવિજયજી અપને ૩૫૦ ગાથાકે સ્તવનમેં લિખતે હૈ–'જસ હિત શીખથી માર્ગ એ અનુસર્યો જેહથી સવિ ટલી કુમતિ ચોરી.' બસ! ઈન બાતોંસે સિદ્ધ હૈ કિ શ્રી યશોવિજયજી મહારાજને ભી ક્રિયો-દ્ધાર કિયા હૈ। ઉસી ગાથાકે ટબેમેં શ્રી પદ્મવિજયજી અર્થ પૂરતે હુએ કહતે હૈ "વલી તેઓની પાટે શ્રી વિજયદેવસૂરિ થયા. તેમની પાટે શ્રી વિજયસિંહસૂરિ ગચ્છનો ભાર વહેવાને વૃષભ સમાન ધોરી થયા. તેઓની હિતશીખ આજ્ઞા પામીને મેં એ સંવેગ માર્ગ આદર્યો." અર્થાત્ શ્રી યશોવિજયજી મહારાજને ભી શ્રી વિજયસિંહસૂરિજીકી આજ્ઞા લેકર ક્રિયોદ્ધાર કિયા।

આજકે ચરિત્રનાયક શ્રી પંન્યાસજી મહારાજ શ્રી સત્યવિજયજી ઔર શ્રીમાન્ આનંદ-ઘનજીકે સંબંધમેં કુછ 'કિંવદન્તી' પ્રકાશિત હોતી હૈ। બહુત લોગોંકા યહ કહના હોતા હૈ– "સત્યવિજયજીકે ક્રિયોદ્ધાર કરનેકે બાદ આનંદઘનજી ઔર સત્યવિજયજી મ૦ દોનોં બહુત વર્ષ પર્યન્ત વનવાસમેં રહે થે। તથા બહુત તપસ્યાંએ ઔર યોગાભ્યાસ કિયા।" **ઔર ઇસી બાતકા ઉલ્લેખ, શ્રીયુત દેશાઈને રાસમાલાકે ૩૯ વે પૃષ્ઠ પર ભી કિયા હૈ।** મુઝે આશ્ચર્ય હોતા હૈ કિ યહ ઘટના કિસ આધારસે ઉપસ્થિત હુઈ? મિ૦ દેશાઈને ઉસકે પ્રમાણમેં નિર્વાણરાસકી ગાથાએં દી હૈ। પરંતુ ઇનમેંસે એક શબ્દ ભી ઉપર્યુક્ત બાતકી પુષ્ટિકા નહીં નીકલતા। જો ગાથાએં દેશાઈને ઉદ્ધૃત કી હૈ, ઉનમેં ન આનંદ-ઘનજીકે સમાગમકી બાત હૈ ઔર ન વનવાસકી। યહ બાત મુઝે સરાસર અસંભવિત દિખાઇ દેતી હૈ। ઇસમેં કઇ એક કારણ હૈ અવલ તો પાઠક ઇસ બાતકો અચ્છી તરહ જાન ગયે હોંગે કિ–પંન્યાસજી મહારાજ શ્રી સત્યવિજયજી એક સચ્ચે શાસનપ્રેમી પુરુષ થે। શાસન કી ચિંતા આપકે મસ્તિષ્કમેં બરાબર ગુંજ રહતી થી। ઔર ઇસીસે આપને ક્રિયોદ્ધારકા

---

૮૭ સં૦ ૧૯૯૨ માં પ્રસિદ્ધ થયેલ **'શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક ગ્રંથ'**ના સંપાદક શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ તે પુસ્તકના ગુજરાતી વિભાગ ૪ના પેજ ૨૨૧ થી ૨૨૪ ઉપર **'શ્રીમદ્ યશોવિજયજી સાધુ મર્યાદા પટ્ટક'** પ્રસિદ્ધ કરેલ છે. કે જે પટ્ટક શ્રીમદ્ મહો-પાધ્યાયજી અને અન્ય સંવેગી સાધુઓએ શ્રી વિજયદેવસૂરિજી મ૦ની વિદ્યમાનતામાં તેમના જ રાજ્યે રહીને તેમના પ્રવર્ત્તતી પટ્ટકગત **વિજયદેવસૂર સામાચારીથી** ભિન્ન સામાચારીસ્થાપક હોઇને તે પટ્ટકને આ પછી અક્ષરશઃ રજુ પણ કરવામાં આવેલ છે. તે પટ્ટકને સાદ્યંત વાંચી જનાર સુજ્ઞ વાચકોને સ્પષ્ટ સમજાય તેમ છે કે–તે ક્રિયોદ્ધારમાં પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજ માત્ર સહકારી જ નહોતા; પરંતુ અગ્રપદે હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહત્કાર્ય ઉઠાયા। યદિ ઉન્હે વનવાસમેં જાકર યોગાભ્યાસ હી કરના થા, તો વે કયોંકર ઇસ કાર્યકો ઉઠાતે? જો ઉઠાતે હૈં વે ઉઠાનેકે બાદ ભી ઐસી ઉપેક્ષા નહીં કર સકતે હૈં જૈસી ઉપર દીખલાઇ ગઇ હૈ। ઔર ભી દેખીએ। ઇસ બાતકો તો પ્રાયઃ સબ કોઈ જાનતે હોંગે કિ-શ્રી જિનહર્ષ ખરતરગચ્છકે થે। જિન્હોંને ગુણાનુરાગી હોકર તપગચ્છકે પ્રધાન પંન્યાસજી શ્રી સત્યવિજયજીકા નિર્વાણરાસ બનાયા। યદિ આનંદઘનજીકો સંગ કર પંન્યાસજી વનવાસમેં ગએ હોતે તો જિનહર્ષ કવિ ઇસ બાતકા ઉલ્લેખ કરનેમેં કયોં પીછે રહતે? ઉન્હે કયા એકાદ ઔર ગાથા બના દેનેમેં તકલીફ હોતી થી? હરગીજ નહિ। **ફીર ભી આનંદઘનજી તો ખરતરગચ્છકે હી થે।** જિસમેં ઔર ઉનકા ઉલ્લેખ હોના ચાહિયે થા; પરંતુ કહિં આનંદઘનજીકે નામકા ઉલ્લેખ ભી નહીં માલુમ હોતા। ઇસમેં જહાં તક મેરા ખ્યાલ હોતા હૈ યહ બાત સરાસર ઝુઠી માલુમ હોતી હૈ। ઔર ભી કોઈ પ્રમાણ નહીં મિલતા જિસસે ઇસ બાતકો માનનેકે લિયે હમ તત્પર હોં:

પ્રિય પાઠક! દેખીયે શ્રી જિનહર્ષને ખરતરગચ્છકે હોને પર, તપાગચ્છકે પંન્યાસજીકા નિર્વાણરાસ બનાયા। ઐસે બહુતસે દૃષ્ટાંત મિલેંગે કિ પહિલે કે જમાનેમેં કેવલ ગુણરાગસે હી એક દૂસરેકી સ્તુતિ કરનેમેં લોગ કટિબદ્ધ રહતે થે। ફિર વે ભિન્ન ગચ્છકે વા ભિન્ન સમુદાયકે કયોં ન હો? અફસોસકી બાત હૈ આજકલકે લોગ ભિન્ન ગચ્છકી બાત તો દરકિનાર રહી, એક હી ગચ્છકે. એક હી સમુદાયકે ઔર એક હી ગુરુકે શિષ્ય ભી આપસમેં એક દૂસરેકી સ્તુતિ કરનેમેં મહા પાપ સમઝતે હૈં। કયા હી અચ્છા હોં, પહિલે લોગોંકી તરહ આજકલકે પ્રધાન પુરુષ ભી ઉદાર વૃત્તિવાલે હો જાય।

૧. શ્રીયુત મોહનલાલ દેશાઇ રાસમાલાકે ૨૮ વે પૃષ્ઠ પર લિખતે હૈ:-'મેડતા ગામમાં કે જ્યાં શ્રી આનંદઘનજી પણ તે પ્રસંગે રહેલા[૮૮] હતા....' યહાં પર 'તે પ્રસંગે' લિખનેંકા કયા મતલબ હૈ? સમઝમેં નહીં આતા કયા જિસ સમય ચરિત્રનાયક મેડતામેં પધારેં ઉસ સમય આનંદઘનજી રહતે થે? યદિ ઐસા હિ મતલબ હો તો કિસ પ્રમાણસેં યહ બાત માની જા સકતી હૈ? પ્રમાણ દીયા હોતા તો ઔર અચ્છા હોતા.




૮૮. શ્રીયુત્ મોહનલાલ દેશાઇએ 'રાસમાલા'માં જણાવેલી આ બીના, તેમના '**જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**' નામના પુસ્તકમાં શ્રી આનંદઘનજી મ૦ અંગે તેમણે જ જણાવેલી-'**આનંદઘનજી લોકોપકાર કરવામાં આત્મહિત ગૌણ બની જતું જાણવાથી લોકસંગ તજીને વનવાસ ગયા હતા**' એ બીનાથી વિસંવાદિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૮

'યશોવિજયજી યુગ'ની ઐતિહાસિક સમીક્ષા



પૂ૦ પં૦ શ્રી સત્યવિજયજી મ૦ અંગે

તત્કાલીન પૂ૦ પં૦ શ્રી મોતીવિજયજી ગણિ શું કહે છે?

ઇતિહાસજ્ઞ પૂ૦ મુનિરાજશ્રી વિદ્યાવિજયજીએ ૧૯૬૯ના શ્રા શુ. ૧૨ બુધવારના 'જૈનશાસનપત્ર'માં પૂ૦ પં૦શ્રી સત્યવિજયજી મ૦ના જીવનચરિત્રનું ઉપર મુજબ વિસ્તૃતપણે અલંકારીભાષામાં અતિશયોક્તિભર્યું આલેખન કરેલ છે એ પ્રમાણે પૂ૦ ઇતિહાસજ્ઞ મુનિરાજ શ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ પોતાના 'પટ્ટાવલીસમુચ્ચય' ભા૦ ૧ ના પેજ ૧૦૫ ઉપર—"જન્મ સં૦ ૧૬૮૦, દીક્ષા સં૦ ૧૬૯૪, પંન્યાસપદ સં૦ ૧૭૨૯ અને સ્વર્ગવાસ સં૦ ૧૭૫૬-૫૭"નો જણાવવાપૂર્વક પૂ૦ પં૦શ્રી સત્યવિ૦ મ૦નું ટુંક જીવન-ચરિત્ર આપેલ છે. તેમજ 'ઉ૦ શ્રી યશોવિ૦ મ૦ અને ઉ૦ વિનયવિ૦ મ૦ના સાહચર્યથી **ગુરુઆજ્ઞા** પામીને ક્રિયોદ્ધાર કર્યો' હોવાનું પણ વિશેષમાં જણાવેલ છે.

જ્યારે પૂ૦ પં૦શ્રી સત્યવિજયજી મહારાજ પછી એકસો ત્રીશ જ વર્ષે લખાયેલી એટલે કે-સં૦ ૧૮૮૬ના ફાગણવદિ ૧૪ના રોજ પં૦ શ્રી મોહનવિ૦ ગણિ (લટકાળા)ના શિષ્ય પૂ૦ પં૦ શ્રી મોતીવિજયજી ગણિએ મુનિશ્રી ધનવિજયજીના વાચનાર્થે લખેલી ૧૦૪ પાનાની 'તપગચ્છ બૃહત્ પટ્ટાવલી'માં પૂ૦ પં૦ શ્રી સત્યવિંજયજી મહારાજ માટે નીચે પ્રમાણેનો અધિકાર જણાવેલો છે :—

"સંવત્ સોલ બ્યાસીયાનેં ૧૬૮૨ વરસેં। **શ્રી વિજયસિંહસૂરિનેં** થાપીનેં। ગુજરધરામાંહેં વીહાર કરાવ્યો। તે વીહાર કરતાં **ગંધાર** સેહેરમાંહેં ચઉમાસું રહ્યા। તિહાં **સાંતિદાસ** નામેં। શ્રાવક સાધર્મિ રહેં છેં। સર્વસિદ્ધાંતની કુંચીનો જાણ। ઉપા (સ) રામાંહેં રહેં છેં। શ્રાવક પોતે પ્રભાતેં। નુંહતરું (નોતરૂં) દેઈનેં જિમેં। અને ગીતાર્થોના શીષ્યોનેં તથા શ્રાવક શ્રાવિકાનેં ભણાવેં। જ્ઞાનગુણ દેષી આચાર્યે (વિજય-સિંહસૂરિએ) કહ્યુ। જો હે સાંતિદાસ! તુમેં દીક્ષા લ્યો તો તુંમારૂં જ્ઞાંન દેસેં પરદેસેં ઘણા જીવને ઉપગારનું કારણ થાય। **તિવારેં સાંતિ (સાંતિદાસે) કહ્યું જો દીક્ષા**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો તો હું લેઉં તુમ્હેં કહેા છેા તો તુમ્હારી પાસેં પિણુ મુઝને તુમેા આચારય પદવી આપેા તેા હું ચારિત્ર લ્યું। તિવારે આચાર્ય કહેં જે માહરા ગુરુ (વિજયદેવ. સૂરિજી) વિદ્યમાન બેઠાં છેં। તેહેાનેં પાટેં જિવારેં બેંસીસ્યું તિવારે તુમનેં આચાર્યપદ દેઉં। અનેં ગુરુ વિજયદેવસૂરિ બેઠાં (અમારેા) કાલધર્મ થયા તેા અમારેં તમારેં લેવા દેવા નહી। ઈમ બંધેાબસ્તી કરીને સા સાંતેં દીક્ષા લીધી। **સત્યવિજય** નાંમ। પંન્યાસ નામ દીધેાં। શ્રી વિજયસિંહસૂરીશ્વર। પદ સત્યાવીસ વરસ પદ ભેાગવીનેં ગુરુ વિદ્યમાંન બેઠાં જ સંવત્ સત્તર નવલંતરે ૧૭૦૯। તે વરસમાહેં કાલધરમ પામ્યાં. × × × × ×"

—પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજીએ લખેલા—

પં૦ સત્યવિ૦ના જીવનચરિત્રમાંથી ઉદ્ભવતા પ્રશ્નો.

પૂ૦ પં૦ શ્રી મેાહનવિજયજીગણિના શિષ્ય પંન્યાસપ્રવર શ્રી મેાતીવિજયજી ગણિએ સ્વહસ્તે લખેલી આ 'તપગચ્છ બૃહત્ પટ્ટાવલી'માંનેા ઉપર મુજબનેા ઉલ્લેખ વાંચતાં પૂ૦ મુનિરાજ શ્રી વિદ્યાવિ૦ મહારાજે અલંકારિક રીતે લખેલા પૂ૦ પં૦ શ્રી સત્યવિજયજી મ૦ના જીવનચરિત્ર અંગે પ્રશ્ન પરંપરા ખડી થાય છે. જે આ પ્રમાણે—

૧ પૂ૦ મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ, પૂ૦ ત્રિપુટીજીમ૦ આદિ ઇતિહાસકારેા જણાવે છે કે–૧૪ વર્ષની નાની ઉંમરે દીક્ષા લીધી! જ્યારે આ તે વખતના સમકાલીન ગણાતા પૂ૦ પં૦શ્રી મેાતીવિ૦ મહારાજ પેાતાના ઇતિહાસમાં પ્રૌઢ વયે દીક્ષા લીધી હેાવાનું જણાવે છે! તેા બે વાતમાં કઈ વાતને સાચી ગણવી?

૨ અદ્યતન ઇતિહાસકારેા–'માતા–પિતાએ વહેારાવ્યાનું તેમજ મેાટા મંડાણે ઓચ્છવેા કર્યા' હેાવાનું જણાવે છે, ત્યારે પૂ૦ પં૦ મેાતીવિ૦ મ૦નેા આ ઉલ્લેખ તેનેા સ્પષ્ટ નિષેધ જણાવે છે. તેા બે માંથી કઈ વાતને સાચી માનવી?

૩ સાંપ્રતકાલીન ઇતિહાસજ્ઞેા–'ગુરુમહારાજનેા વિનય કરવામાં જરાય પાછી પાની કરતા નહેાતા, અનેક શાસ્ત્રોનેા અભ્યાસ તેમજ ગૂઢ પદાર્થોની કુંચીએા દીક્ષા બાદ ગુરુદેવ પાસેથી પામ્યા' હેાવાનું કહે છે, જ્યારે પુરાતનકાલીન ઇતિહાસજ્ઞ પૂ૦ પં૦ શ્રી મેાતીવિ૦ મહારાજ–'ગૃહસ્થીપણામાં જ સિદ્ધાંતના જાણ અને સાધુ-સાધ્વી આદિને ભણાવનાર અને આચાર્ય પાસે બેાલી કરીને પછી જ દીક્ષા લેનાર' તરીકે પૂ૦ પં૦શ્રી સત્યવિજયજી મ૦ને જણાવે છે તેા બેમાંથી કેાને સાચા માનવા?

૪–આજના ઇતિહાસકારેા જણાવે છે કે–'ગુરુદેવના આજ્ઞાથી પૂજ્ય પંન્યાસશ્રીએ ક્રિયેાદ્ધાર કર્યેા હતેા.' તેા પ્રશ્ન ઉદ્ભવે છે કે–'ગુરુદેવે જ્યારે એમને આજ્ઞા આપી અને તેઓએ ક્રિયેાદ્ધાર કર્યેા તેા શું પૂ૦ આ૦ શ્રી વિજયસિંહસૂરિજી મ૦ને પેાતાને ક્રિયેાદ્ધાર કરી '**ક્રિયેાદ્ધારક**'નું બિરૂદ કે યશ લેવાનું સૂઝયું નહિ હેાય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫–ગુરુઆજ્ઞાથી જ જો ક્રિયોદ્ધાર કર્યો હોય તો ગુરુની સાથે નહિ રહેતા આજના ઇતિહાસકારોના કથન મુજબ ગુરુથી જુદા પડી વિચરવા કેમ માંડયું હશે ?

૬–'સં૦ ૧૭૧૦માં ગોલા ગામે પૂ૦ ઉ૦ શ્રીયશોવિજયજીએ ક્રિયોદ્ધાર કર્યો હતો' એમ ઇતિહાસ જણાવે તો છે જ ! તો પછી એક જ વર્ષના ટુંકા ગાળામાં એવી કઈ જાતની શીથિલતા સાધુ સમાજમાં વ્યાપી ગઈ હતી કે-જેથી પૂ૦ પ૦ શ્રીસત્યવિજયજી મહારાજને વળતે જ વર્ષે એટલે કે સં૦ ૧૭૧૧માં પાટણમુકામે ફરી ક્રિયોદ્ધાર કરવો પડયો ? અને તેમાં પણ પૂ૦ ઉ૦ શ્રી યશોવિ૦ મ૦ તથા પૂ૦ ઉ૦ શ્રી વિનયવિ૦ મહારાજને સાથ પૂરાવવો પડયો ?

૭–પૂ૦ મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ, પૂ૦ પં૦ શ્રી સત્યવિજયજી મ૦ની વય ૮૨ વર્ષની જણાવે છે, જ્યારે પૂ૦ દર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી), તેમની ઉંમર ૭૬ વર્ષની જ જણાવે છે. આમ બંનેની ભિન્નવાકયતા કેમ ?

૮–સાંપ્રતકાલીન ઇતિહાસકારો ઉપર જણાવ્યા મુજબ 'ગુરુઆજ્ઞાથી જ ક્રિયોદ્ધાર કર્યો હોવા'નું જણાવે છે, જ્યારે તત્કાલીન ઇતિહાસકાર પૂ૦ પં૦ શ્રી મોતીવિજયજી ગણિ પોતાની લખેલી આ 'તપગચ્છબૃહત્પટ્ટાવલી'ના પેજ ૯૯ની પંક્તિ ૭ થી ૧૧ અને પેજ ૧૦૦ની પંક્તિ ૧-૨ સુધીમાં–'સુભમુહૂરત લગન ચંદ્રમાનો જોગ આવ્યે થકે પંન્યાસ વિરવિજયગણીનેં તિહાં આચાર્યપદનો વાસખેંપ કરવા માંડયો। એતલેં (વીરવિજય) કહેં જે અમારેં બોલી છેં તે વાસ્તેં પ્રથમ પંન્યાસ લાવન્યવિજયગણીનેં ઉપાધ્યાયપદ આપો। પ્રથમ ઓપાધ્યાયપદ અપાવીને પછેં પંન્યાસ વીરવિજયગણીઈં આચાર્યપદનો વાસખેંપ કરાવ્યો। પિણ કોઈ વાંદણામહોચ્છવ ન કરે। તિવારેં શ્રીજીઈં (વિજયદેવ સૂરિજીએ) પોતેં ઉઠીનેં વાંદણામહોચ્છવ કર્યો। એતલેં ચતુર્વિધસંઘેં સર્વજીવેં વાંદણા-મહોત્સવ કર્યો। **પિણ એક સત્યવિજયગણીઈં ન વાંદ્યા। તિહાંથી બાહીર નીસરીનેં કાથીયાં કર્યાં। માયાવીપણું આદર્યું।** ×××" ઇત્યાદિ જણાવીને સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે "ગચ્છનાયક પૂ૦ આ૦શ્રી વિજયદેવસૂરિજી મ૦ના હસ્તે પોતે બહુશ્રુત હોવા છતાં પોતાને બદલે પંન્યાસ વીરવિ૦ મ૦ની આચાર્યપદવી થઇ તેથી રોષે ભરાયેલા પૂ૦ પં૦શ્રી સત્યવિ૦ મહારાજે માયાવીપણું ધારણ કરીને સ્વચ્છંદતયા ગચ્છમાંથી બહાર નીકળીને જ કાથીયાં કપડાં કર્યા."

પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે કે–આવી રીતે પોતાની ધારણા સિદ્ધ ન થાય એટલા ખાતર ગચ્છનિશ્રા ફેંકી દઈને સ્વેચ્છાએ કાથીયાં કપડાં જે કર્યા તેને જ આજના ઇતિહાસકારો **ક્રિયોદ્ધાર** કર્યો હોવાનું જણાવતા હશે ? અને આવી રીતે સ્વેચ્છાએ આદરેલ કાર્ય ઉપર 'ગુરુઆજ્ઞાથી કર્યો' હોવાની મહોરછાપ મારતા હશે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રાચીન પટ્ટાવલીના ઉલ્લેખોથી ફલિત થતી બીનાઓ.

૧-પૂ૦ પં૦ શ્રી સત્યવિજયજી મહારાજે-૧૪ વર્ષની નાની ઉંમરે દીક્ષા લીધી નથી, ૨-માતા-પિતાએ વહોરાવેલ નથી, ૨-માતા-પિતાએ ઓચ્છવ-મહોચ્છવો કરી ધામ-ધૂમથી દીક્ષા અપાવી નથી. ૪-'આચાર્યપદ આપો તો દીક્ષા તમારી પાસે લઉં' એવી બોલી કરીને પછી જ દીક્ષા લીધી હતી. ૫-ક્રિયોદ્ધાર ગુરુઆજ્ઞાથી નહિ પણ સ્વતંત્ર અને આપમતિથી કર્યો હતો ૬-ગુરુદેવની નિશ્રામાં રહીને ક્રિયોદ્ધાર કર્યો નથી, પણ વિજય-દેવસૂરગચ્છમાંથી બહાર થઈ ગયા પછી કર્યો હતો, ૭-વિદ્યમાન ગચ્છાધિપતિ વિજયદેવ-સૂરિજી મ૦નું પણ માન સાચવેલ નથી ઇત્યાદિ બીનાઓ, પૂ૦ પં૦ શ્રી મોતીવિ૦ મ૦ લિખિત આ 'બૃહત્ તપગચ્છપટ્ટાવલી'માંના ઉલ્લેખોથી ફલિત થાય છે.

જેમ આ પટ્ટાવલિથી ઉપર લખેલી બીનાઓ સ્પષ્ટ થાય છે, તેમ હવે પછી આગળ ઉપર રજુ કરાશે તે ઉલ્લેખથી-'તે કાલે વિજયદેવસૂરગચ્છાધિપતિ પૂ૦ આ૦ શ્રી વિજય-દેવસૂરિજી મ૦ અને તેમના જ સ્થાપેલા પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી મ૦ તથા વિજયસિંહસૂરિજી મહારાજ પ્રતિના દ્વેષને લઈને જ પૂ૦ ન્યાયાચાર્ય ઉ૦ શ્રી યશોવિ૦ મ૦, પૂ૦ ઉ૦ શ્રી વિનયવિજયજી મહારાજે અને તેમના પક્ષકાર સાધુઓએ સાધુ મર્યાદા-પટ્ટક બનાવ્યો, તેમ જ મહો૦શ્રી એ તો તે તે ગચ્છનાયકો પ્રતિ ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાના સ્તવનો, અન્યાન્ય સાહિત્યો, આદિ સાહિત્યો રચવા દ્વારા તથા ક્રિયોદ્ધારના નામે કેવું બંડ ઉઠાવેલ? તેની વિસ્તૃત ચર્ચા કે ઉલ્લેખ હાલના તબક્કે કરવામાં સાર નહિ દેખાતો હોવા છતાં પણ ટુંકમાં એટલું જ જણાવીશું કે-પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મહારાજ, પૂ૦ ઉ૦ શ્રી વિનયવિજયજી મ૦ તથા પૂ૦ પં૦ શ્રી સત્યવિ૦ મ૦ની બનેલી ત્રિપુટીએ પૂ૦ ગચ્છનાયકોની જે વગોવણી કરવા માંડી હતી અને તેના પરિણામે તે પૂ૦ ત્રિપુટી ભગવંતોની જે સ્થિતિ, જૈનસમાજમાં થવા પામી હતી તેનું વર્ણન, તત્કાલીન પૂ૦ મહો૦ શ્રી મેઘવિજયજી મહારાજને પોતાની સંસ્કૃત **'तपगच्छ पट्टावली'**માં एतु च गुरुषु विपक्षभावमावहन्तः क्वचिद्बालिशाः स्वत एव लोकापवादविडंबिता अधुना दृश्यंते' એ પ્રમાણેના સ્પષ્ટ શબ્દોમાં જણાવવું પડેલ છે.

શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઈ સંપાદિત **'શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારકગ્રંથ'**ના ૪ **ગુજરાતી** વિભાગના પેજ ૨૨૧ થી ૨૨૪ સુધીમાં પૂર્વોક્ત પૂ૦ મહો૦શ્રી યશોવિજયજીવાચકે પૂ૦ આ૦ દેવશ્રી વિજયદેવસૂરિજી મહારાજના સમુદાયની બહાર થયા પછી સં૦ ૧૭૬૦માં ગોલાગ્રામે જે 'સાધુમર્યાદાપટ્ટક' બનાવ્યો હતો તે પટ્ટક, સંપાદકશ્રીએ નોંધ લખવાપૂર્વક નીચે પ્રમાણે છાપેલ છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુ મર્યાદા પટ્ટક.

શ્રી યશોવિજયજી.

[[1] પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વિક્રમની [2] ૧૭મી સદીના અન્તે અને ૧૮મી સદીના પૂર્વાર્દ્ધમાં એક મહાન્ વિભૂતિ થએલ છે. તે દરમ્યાન આચાર્ય શ્રી હીરવિજયસૂરિની પટ્ટપરંપરામાં વિજયદેવસૂરિના સ્વર્ગવાસ પછી અને તેમના પહેલાં યુવરાજ આચાર્ય શ્રી વિજયસિંહસૂરિનો સ્વર્ગવાસ થઈ ગએલ હોવાથી વિજયપ્રભ-નામના આચાર્ય ગચ્છનાયક હતા. તેઓ [3]બહુશ્રુત કે વિદ્વાન્ નહોતા. તેમની સાથે [4]મતભેદ રહેતો. સાધુસમુદાયની સ્થિતિ છિન્નભિન્ન થઈ હતી. વિજયદેવસૂરિના સમયમાં જ બીજા આચાર્ય વિજયતિલકસૂરિ સ્થપાયા ને તેમના વિજયાણંદસૂરિ સં૦ ૧૭૧૧ સુધી હતા. અને દેવસૂરિગચ્છ અને આણંદસૂરિગચ્છ એમ બે ગચ્છભેદ થયા હતા. બીજી અનેક ઘટના બની હતી. તેવા સમયમાં **શ્રીમાન્ યશોવિજયજી અને સંવેગી સાધુઓએ મળીને સાધુઓ માટે** મર્યાદાપટ્ટક કર્યો હતો તે મને વીજાપુરના શ્રી બુદ્ધિસાગર-સૂરિસ્થાપિત જૈન જ્ઞાનમંદિરમાંથી હમણાં પ્રાપ્ત થવાથી અને તે અત્યાર સુધી અપ્રકટ રહેલ હોવાથી અત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે.—સંપાદક]

૧૦ ॥ શ્રીવીતરાગાય નમઃ ॥

સંવેગી સાધુસમુદાય યોગ્ય વ્યવહાર—મર્યાદાના બોલ લિખિયે છીઈ : યથા.—

૧ પદસ્થ આચાર્ય, ઉપાધ્યાય વિના નાણું અંગપૂજા ન કરવી.

૨ પદસ્થ વિના સોનેરી રૂપેરી સાજનાં ઝરમર ચંદુઆ બંધાવવા નહિ.

૩ જોણે પ્રતિબોધ્યો હોય તેણે શિષ્ય તેહને દેવો પદસ્થને પૂછીને.

૪ કોઈ શિષ્ય ગુરુથી દુમણો થઈ પરસંઘાડામાંહે જાય તિવારે તેહના ગુરુની આજ્ઞા વિના તેણે ન સંગ્રહવો અને વડેલહુડે વ્યવહારિં વાંદવો પણ નહિ અને ગુરુના અવર્ણ-વાદી પ્રત્યનીકતા કરીને જાય તિવારે વેષ લેઈને કાઢી મુંકવો.

૫ આચારિયા યોગ વિના વ્યવહારી ગીતાર્થે આહારપાણી આણ્યો ન લેવો, રોગાદિ કારણે જયણા.

૬ સામાન્યયતિએ અધિક વસ્તુનું પુંઠીયું ન રાખવું, પદસ્થેં પણ યથાયોગ્યપણે કારણ જાણિ ૪ માસ ઉપરાંતે ન રાખવું, પર્વદિને દૃષ્ટિપડિલેહણ કરવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭ માસકલ્પ પાલટવો તેજિહાં ગોચરી વસતિ સ્થંડિલ ભૂમિકા પલટાઈ તિમ પાલટવો, રોગાદિક કારણે જયણા.

૮ હાજાપટેલની પોલે નવા કૃતાની પોલમધ્યે કારણ વિના ચોમાસું ન રહેવું, બીજે સ્થાનક પણ ત્રસજીવાદિવિશેષ હોય તિહાં ન રહેવું.

૯ તથા એક સામાચારીએ એક માંડલીના એક પરિણતિને ઘેર ઉપરા ઉપરી ન જવું.

૧૦ તથા સામાન્ય યતિએ સ્ત્રિયાદિકને ઘરે જઈ ભણાવવું નહી, આલાપસંલાપ ન કરવો, જો અક્ષરાદિક પૂછે તો ઉપાશ્રયમધ્યે કહેવો.

૧૧ તથા સામાન્ય યતિએ ૧૦૦૦ શ્લોકથી અધિક લખાવવું નહી, તે પિણ લેખકને ઘરે જાવું આવવું નહી. પુસ્તક વેચાતા લેવા આશ્રી પણ ક્રયવિક્રય ગૃહસ્થ હાથે કરવો કરાવવો પણ સ્વયં સંયતે ન કરવો.

૧૨ તથા વયોવર્ષ ૬૦ દીક્ષાપર્યાય વર્ષ ૨૦ તથા ૧૨ વય વિના એકલે જાવું આવવું, સ્ત્રિયાદિકને ભણાવવું નિષેધ રોગાદિ કારણે જયણા. ઉપાશ્રય મધ્યે આવ્યાને બોલાવવાની જયણા.

૧૩ તથા થાપનાઘર કલ્પીત હોય તિહાં નિત્યે આહાર અર્થે ન જાવું.

૧૪ તથા પરિણાતીનો (પરજ્ઞાતિનો) સંઘવી થઈ સચિત્તપરિહારી પ્રમુખ છ રી પાલતો ન હોય તે સાથે યાત્રાએ ન જાવું, કારણે જયણા.

૧૫ સ્થલભંડારનું પુસ્તક પરગામે લેઇ ન જાવું, કારણે લેઈ જાય તો ૪ ગૃહસ્થને પૂછીને લેઇ જાવું, વર્ષ ૨ મધે પોહચાડવું.

૧૬ સામાન્ય યતિએ સ્ત્રીને આલોયણ ન દેવી.

૧૭ તથા વડલહુડાઈ વ્યાવરનવિધિ સાચવવો અને જો કદાચિત્ વ્યાનાદિક ૨૬નો વડેરાને કર્યાની જયણા,

૧૮ પરણાતિ (પરજ્ઞાતિ)માં સમગ્ર ઘર (જૈન?) થયા વિના સાધારણાદિ ન લેવું, પર-સમવાયી ગુણાનુરાગે આવે તો તે સમવાયની સ્થિતિ મર્યાદા દાનાદિક છંડાવવું નહિ.

૧૯ તથા જે આવીને ક્રિયાવ્યવહારમાં ભલાઈ તેહને નિઃપરિગ્રહપણું અને યોગાદિ ક્રિયા સકલવિધિ મોટા મર્યાદાપટ્ટક પ્રમાણે સાચવતો જાણીએ તો એકમાંડલે આહારાદિ વિધિ સાચવવો, અન્યથા તેહને આહારાદિ દેવો પણ તે પાસે અણાવવો નહિ.

૨૦ જિવારલગે (જ્યાં સુધી) ગચ્છનાયકનો દિગ્બંધાદિ કરીએ તેણે સંબંધ ટાળ્યો ન હોય તિવારલગે (ત્યાંસુધી) તે ગચ્છનાયક મીલ્યે સંજમમાંડલી અને શય્યા અને પાખિ ખામણાદિક વ્યવહાર સાચવવો અને ક્ષેત્રાદિ શયણસ્ય વયવહાર ગોચરી પ્રમુખ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આર્દ્રા નક્ષત્ર પહેલાં જવાઇ ઇત્યાદિ વ્યવહાર સાથેં આદેશ સાચવવો અને ગચ્છનાયક ગામ મધ્યે છતેં પ્રભાતે વ્યાખ્યાન ન માંડવું, કારણે પાછલે પ્રહરે માંડે તો ના નહિ.

૨૧ અને ગચ્છનાયકે ગચ્છ સંબંધ ટાલ્યા પછી માંડલી વ્યવહાર નહિ મીલ્યે ફેદાવંદાંન (ફેંટાવંદન) વ્યવહાર કરવો, લોકસમક્ષ અવર્ણવાદ ન કહેવો. પૂછે તેહને કહેવું જે અમ્હેને ભિન્ન કર્યા છે તે માટે અલગા રહીએ છે.

૨૨ તથા પાત્રે બેઠાં આહારાદિકાર્યે તથા અકુદિપણે થંડિલાદિકાર્યે તથા અગાઢ કારણે એકલાં જાવું પણ અન્યથા એકલાં જાવું નહિ.

૨૩ તથા સામાન્ય યતિએ વાટે વોલાવવો (વોળાવો) ન લેવો, વિશેષ કારણે જયણા, ગૃહસ્થાદિક સાથેં આવીનેં (વજન) લીએ તો ના નથી.

૨૪ તથા સંવચ્છરી પડીકમ્યેાઇ સંવછરીદાને સ્વસમવાયી પરસમવાયી ટાળવો નહી અને તીર્થંકરની ભક્તિની સ્વગચ્છી પરગચ્છી ન જોવો, ગુણાનુરાગ બંધનઈ અંગીકાર કરવો.

૨૫ તથા દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્યની વિશુદ્ધતા જાણીએ તેહનું સાંહમીવચ્છલ લેવું કરાવવું. જ્ઞાતિ વિવાહાદિક તો જિનધર્મની શોભા દિસે તિમ વર્ત્તવું. ગૃહસ્થને એ રીતે. પણ તિહાં સાધુએ જાણી અંધલ સામલ કરી પક્ષપાત ન કરવો.

૨૬ અને કોઈ યતિએ ગૃહસ્થને છંદે પ્રવર્તીને ગછ ગછનાયકથી વિપરીતપણે કરી પોતાના પક્ષપાતે ન કરવા અને ગુણાનુરાગે રાગી યથા ગૃહસ્થ તે પણ પોતાનો ધર્મ રહે તે તેહને જણાવવું પણ તેહની વૃત્તિ ભાંજે એમ વ્યુદ્ગ્રાહિત ન કરવા.

૨૭ તથા રાત્રે ધર્મજાગરિકાની થતી હોય તિહાં યતિએ ન રહેવું, ગૃહાંતરે શ્રાવક ધર્મ જાગે તો સાંભલે, ઉદેરી જાવું નહિ અને દિવસે શ્રાવિકા ગીતગાનાદિ કરે તો સાંભલે અને રાત્રે શ્રાવક ધર્મજાગરિકા કરે તો સાંભલે અને માસકલ્પાદિ ગૃહે પાલટતેં પદસ્થાદિકને પણ અવિકાર ધર્મજાગરિકા ગૃહાંતરે કરે પણ એક વસતિમાં ન કરે અને કોઈ વિશેષકાર્યે લાભાલાભ દેખીને તો ના નહિ

૨૮ સામાચારી ગુરુપરંપરાગત શ્રાવકને ઉપધાન વહ્યા વિના માંડલીમધ્યે આદેશ વિશેષ પર્વે ન દેવો, સાહમીવછલાદિ વિશેષયોગે ના નહી.

૨૯ સાધ્વી ન કરવી, કદાચિત્ સ્વયંબંધિની હોય તો ૪૦ વર્ષ પછી દેવાની જયણા અને પરગચ્છી આવે તો વડેરાને પૂછીને રાખવી

૩૦ ગીતાર્થ વિના વ્યાખ્યાન ન કરવું; જઘન્યથી સમવાયાંગસૂત્ર ગમા મેલવી જાણે, સંસ્કૃતભાષા નિપુણ, શ્રદ્ધાવંત, શુદ્ધપ્રરૂપક, ભાષા કુશીલ નહિ, સુશીલ ગચ્છનાયકનો દિગ્બંધી તે ગીતાર્થ વ્યાખ્યાન કરવાનો અધિકારી. એકલી શ્રાવિકાની પર્ષદા આગલે વ્યાખ્યાન ન કરવું. રોગાદિક કારણે જયણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૧ વિશેષ કારણ વિના પહેલી ૬ ઘડી દિન પાછલી ૪ ઘડીમધ્યે આહાર ન કરવો, વસતિ બાહિર ન નીકળવું, કારણવિશેષે વડાને પૂછીને જાવાની જયણા.

૩૨ માંડલી વિના વિગયાદિ સરસ આહાર ન કરવો, પારણાદિકને કામે શીતલભક્તાદિની જયણા.

૩૩ ષટ્પર્વીએ વિગય ન લેવી, વિશેષ તપાદિકની જયણા.

૩૪ વસતિ પોતાની નિશ્રાએ ન કરવી અને બીજાને ઉતરવાનો એક સામાચારીનાને બાધ ન કરવો, પાત્રાદિધર્મોપકરણ નવદીક્ષિત મનોરથે વેચાતાં લીએ પણ પોતાની નિશ્રાએ ન લેવાં.

૩૫ શિષ્યાદિક લેતાં ધનાદિકની સહાય કરવી તે દીક્ષા લીધા પછી તે ગુણવંત થયો જાણી તેહના સંબંધો (ધી) શ્રાવકને શાસન શોભા માટે ધર્મરૂચિ પ્રાણી તે સહાય કરે પણ યતિએ તેહની ઉદીરણા ન કરવી અને પહેલાં સાહાય દ્રવ્યનું કરાવીને દીક્ષા ન દેવી; નવદીક્ષિત શિષ્યનેં ગૃહસ્થ ગૃહસ્થિણી સાથે આલાપસંલાપ ન કરવો, ગૃહસ્થગૃહે ભણવા-ભણાવવાદિકેં જાવાનો પ્રસંગ ન કરવા દેવો.

૩૬ વસ્ત્ર-પાત્રાદિકનો બપ હોય તિવારેં (ત્યારે) જે પ્રવર્ત્તક હોય તેહને કહેવું, વહલહુડાઇ વસ્ત્ર કરાવવી કલ્પક ૧, કાંબલી ૧, ચોલપટ ૧, સંથારીયું ઉત્તરપટ્ટો ૧, લુંછણો ૧, મુહપત્તિ ૨, અને પાત્રાનાં ઉપગરણ પાત્રા સામાન્ય યતિને ઢાકણા સહિત ૫ તથા ૭ પટ્ટ (પદ્ટ)સ્થને વિશેષકામેં અધિકની જયણા. પાત્રાં પણ કાલાં રોગાન વિના રાખવાં. પદસ્થને આહારનું તથા પાણી પીવાનો ચેતનો સફેદ વર્ણેં રાખવો.

૩૭ તથા નવદીક્ષિત શિષ્યને વિશેષ જ્ઞાન તપ વેયાવચ્ચાદિ કલા ગુણ નિપના વિના સંઘાડીયામધ્યે વિહાર ન કરવો.

૩૮ તથા અવધા (ધ્યા) દિક દ્રવ્ય એકના ગૃહથી લેઇ સ્વનિશ્રાએ ગૃહાંતરે ન મુકવો.

૩૯ તથા કુણેં (કોઇએ) સ્વસમાચારીના ગીતાર્થ તથા સ્વપરિણતિ સમુદાય મુકીને અપરમતગચ્છના યતિ પાસે ભણવા ન જવું

૪૦ સાત ક્ષેત્રમાંને નામે દ્રવ્ય જે શ્રાવકે કર્યા (હ્યા) હોય તિહાંથી લઇ અપર શ્રાવક પોતાનો મેલાપી હોય તિહાંને ઘેર યતિએ ઉદીરણા કરી મુકાવવો નહિ, ગૃહસ્થ મલિ મૂકે તે વારુ; તીર્થાદિકને ઠામે વિશેષ કારણેં જયણા

૪૧ તથા વિદ્યમાન ગચ્છનાયકે સંબંધ ટાલ્યો હોય તોહે પણ અપરગચ્છનાયકને ન આશ્રયા હોય તિહાં લગે (ત્યાં સુધી) ગચ્છ તથા ગીતાર્થની નિશ્રા ન મુકવી, દિગ્બંધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેહનો રાખવો અને જો અપર ગચ્છનાયક કરે (કરાય) તે (અ૦ગ૦) પણ પોતાના ગુરવાદિકના અનુયોગ (યુક્ત) હોય તે પરંપરાનો ગચ્છનાયક (કે—જે) પંચસંમત સૂરિમંત્રના પીઠ સંસ્થાપનયુક્ત (હોય, તેવા અપર ગચ્છનાયક) કરીને (પછી) તેહ ગચ્છ તથા ગીતાર્થની) નિશ્રા પણ વર્જવી.

૪૨ તથા એક સામાચારીના ગીતાર્થ એક વસતિમધ્યે હોય તો વડલહુડાઇએ પટીઉ આપવું પણ ગૃહસ્થને પક્ષપાતે કલેશ ઉદીરવો નહી, તેહની આજ્ઞાથી વ્યાખ્યાનાદિકનો વ્યવહાર સાચવવો.

ઇત્યાદિક મર્યાદાપટ્ટક સર્વસવેગી સમુદાયે પાલવા-પલાવવા વિશેષ બોલ શ્રીજગચંદ્રસૂરકૃતિ મોટા પટ્ટથી જાણવા, તદનુસાર શ્રી આણંદવિમલસૂરિપ્રસાદીકૃત ૫૭ બોલ, ભ૦ શ્રી હીરવિજયસૂરિપ્રસાદીકૃત ૩૬ બોલ, ભ૦ શ્રી વિજયદાનસૂરિપ્રસાદીકૃત ૩૫ બોલ એવં ભલી રીતે મર્યાદા પાલવી. અત્ર પં૦ જયસોમગણીમતં, પં૦ જસવિજયગણી મ૦, સત્યવિજય ગ૦, ઋદ્ધિવિમલ ઋ૦ મણીચંદ ઋ૦, વીરવિજય.



નોટ નં૦ ૧:—ઉપરની નોંધના તે સંપાદક શ્રી મો૦ દ૦ દેશાઈએ, પોતાના ઐતિહાસિક પુસ્તકો-નિબંધો-લેખો અને આ પ્રકારની નોંધો વગેરેમાં ખ્યાલ છે ત્યાં સુધી પૂ૦ ગણધરો અને બહુશ્રુત આચાર્યભગવંતો આદિ શ્રમણભગવંતોને—"ગૌતમ, સુધર્મા, ક્ષત્રિય પ્રભવ, સ્થૂલભદ્ર, હરિભદ્ર, સિદ્ધસેન, હેમાચાર્ય" ઇત્યાદિપ્રકારે ઉપાસકભાવને બદલે ગુરુભાવે સંબોધ્યા જોવાયા હોવાથી તેમાંના છેલ્લા આ પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ને અહીં 'પ્રાતઃ સ્મરણીય, પૂજ્યપાદ' તરીકે શિષ્યીભાવે સંબોધ્યા છે એ અછેરૂં માનવું રહે છે.

૨—સત્તરમી સદીના ઉત્તરાર્દ્ધના પ્રારંભમાં.

૩—જેઓને માટે પૂ૦ મહો૦ શ્રી મેઘવિજયજી ગણિ, પોતાની 'તપગચ્છપટ્ટાવલી'માં —"तदा तत्क्षणादेव मंत्रराजाधिष्ठायको देवः समेत्य निवेदितवान्—'हे स्वामिनः! पंडितः श्री वीरविजयनामा सौभाग्यनिधिः विद्यामहोदधिः निरुपधिः चारित्रगुणानामवधिः अजिह्मब्रह्मविधिः ઇત્યાદિ સ્વરૂપે સૂરિમંત્રાધિષ્ઠાયકદેવે વર્ણવેલા બતાવેલ છે તે વીરવિજયજીને પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજીએ પોતાના પટોધરપણાને યોગ્ય જાણીને પોતાના પદધર બનાવેલા છે તે પૂ૦ ગચ્છાધિપતિ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી મ૦શ્રી.ની 'તેઓ બહુશ્રુત કે વિદ્વાન્ નહોતા' એ પ્રકારે ઓળખ કરાવવા જતાં શ્રી દેશાઈએ, ચતુર કાગડાની જેમ બે ખરડ્યાં! એક તો જે વિજયપ્રભસૂરિજીની સેવામાં જોધપુરથી ૧૩૧ પ્રૌઢ શ્લોકોથી ઓપતું 'ઇંદુદૂત' કાવ્ય ભક્તિપૂર્ણ હૃદયે સુરત મુકામે હૃદયંગમ સ્તવનારૂપે પાઠવનાર પૂ૦ સમર્થવિદ્વાન્ મહો૦ શ્રી વિનયવિજયજી મ૦ને અર્થાપત્તિથી અજ્ઞાની લેખાવ્યા! અને બીજું ઉપરની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નોંધમાં જેઓશ્રીને તેમણે 'પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ' કહી શિષ્યીભાવ બતાવેલ છે તે પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦મ૦ને પણ અર્થાપત્તિથી અજ્ઞાની લેખાવ્યા! કારણ કે–'પૂ૦ યશોવિજયજી મહારાજને પોતાની ગંભીર ભૂલો બદલ તે પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજીમ૦ની બબ્બે વાર લેખિત માફી માગવી પડેલ' હોવાની શ્રી મોતીચંદ ગીરધરલાલે '**શાંત સુધારસ**' ભાગ બીજામાં જણાવેલી હકીકતથી તો શ્રી દેશાઈ વાકેફ જ હોય

૪–ઉપર આપેલા 'સાધુમર્યાદા પટ્ટક'ને છેડે પૂ૦ યશોવિજયજી મહારાજે, પૂ૦આ૦ શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ૦થી માંડીને પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦ના પણ પટ્ટકોનું પાલન કરવાની કરેલી ભલામણ સાથે સં૦ ૧૬૭૭ માં બનાવેલા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના ૫૮ બોલવાળા પટ્ટકનું પાલન કરવાની ભલામણ કરી નહિ! તેમાં વિદ્યમાન તપાગચ્છાધિપતિ પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦નું ખુલ્લું અપમાન જાણનાર શ્રી દેશાઇએ '(શ્રી યશોવિજયજી મ૦ને) **તેઓ** (પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી) **સાથે મતભેદ રહેતો**' એટલું જ જણાવેલ છે, તે 'પૂ૦ ઉપાધ્યાય મહારાજે, તેઓશ્રીના ગુરુ મ૦નું તો (તેમનો પટ્ટક ઉડાવી દેવા તરીકે) ખુલ્લું અપમાન કર્યું હતું' એ વાતને છૂપાવવાના હેતુદર્શક જણાય છે

શ્રીયુત્ મોહનલાલ દેશાઇએ 'સાધુમર્યાદા પટ્ટક–શ્રી યશોવિજયજી' એમ શીર્ષક કરવા દ્વારા-આ પટ્ટક બનાવ્યાનો અને ક્રિયોદ્ધાર કર્યાનો યશ, મુખ્યતાએ મહો૦ શ્રી યશોવિજયજી મ૦ને આપવા ઇચ્છેલ જણાય છે. જ્યારે પૂ૦ મુનીશ્રી જ્ઞાનવિજયજી ત્રિપુટી સંપાદિત 'પટ્ટાવલી–સમુચ્ચય' ભા. ૨ ના 'પૂરવણી' વિભાગના પૃ૦ ૨૭૧ ઉપર પૂ૦ મુનિશ્રી દર્શનવિ૦ ત્રિપુટી સ્પષ્ટ શબ્દોમાં–"તેમના દાદાગુરુ પં૦ ઋદ્ધિવિમલગણિ મહાતપસ્વી હતા. તેમણે ધાણધાર મધ્યે પાલણપુર પાસે ગોલા ગામમાં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં સં૦ ૧૭૧૦ માં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની સહાયથી ક્રિયોદ્ધાર કર્યો," એમ જણાવીને આ પટ્ટકમાંની ચોથી સહીવાળા **પં૦ ઋદ્ધિવિમલગણિને જ ક્રિયોદ્ધારક તરીકે જણાવેલ છે.** પૂ૦ મહો૦ યશોવિ૦ મ૦ ઉપરના પક્ષપાતને લઇને આવી અછતી રીતે યશ આપવા જવું તે સત્ય ઇતિહાસની વંચના જ ગણાય.

સાધુ મર્યાદા પટ્ટકના ઘડવૈયા ગણાવાયેલ પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજશ્રીની અનેક રૂપતા

પ્રભુ મહાવીરદેવના શાસનમાં લગભગ પોણીત્રણસો વર્ષ પૂર્વે થએલા મહાન્ વિદ્વદ્વર્ય શ્રીમદ્ પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મ૦શ્રીનો પુણ્યજન્મ, વિવિધ ઇતિહાસના ઐદપર્યરૂપે વિક્રમ સંવત્ ૧૬૪૭-૪૮ લગભગમાં માની શકાય તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૩ ના પૃ૦ ૮૫૧ મુજબ–પાંચ વર્ષની વયે પૂ૦ પં૦ શ્રી નયવિ૦ મ૦ના હસ્તે દીક્ષા લીધા બાદ તેઓશ્રીની વડી દીક્ષા પાટણ મુકામે પૂ૦ ગચ્છનાયક આ૦ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦શ્રીના પવિત્ર હસ્તે થએલ અને પ્રાયઃ તે જ પ્રસંગે તેઓશ્રીના વડિલબંધુ ધર્મસિંહને પણ દીક્ષા આપી મુનિ પદ્મવિજયજી નામ અપાએલ.

સં૦ ૧૭૪૩ માં ડહોઇના સ્વર્ગવાસ દરમ્યાનના લગભગ ૯૦ વર્ષના દીર્ઘકાલીન દીક્ષાપર્યાયમાં તેઓશ્રીને ચડતીપડતીના અનેક અટપટા સંજોગો અનુભવવા પડેલ હોવાનું ઇતિહાસથી જોઈ શકાય છે

જૈનશાસનની અવિચ્છિન્ન પરંપરાને ધારણ કરનારા શ્રી દેવસૂરતપાગચ્છમાંના કોઈ પણ મુનિવર કે શ્રાવક પંડિતે આ શ્રી દેવસૂરતપાગચ્છના જ મહાન્ જ્યોતિર્ધર સમર્થ મહા પુરુષનું જીવનચરિત્ર તેઓશ્રીની વિદ્યમાનતામાં તો આલેખ્યું જણાતું નથી !

માત્ર સં૦ ૧૬૭૩ થી ભિન્નગચ્છ તરીકે ઉભા થયેલા શ્રી આણસૂરગચ્છના પૂ૦ માનનીય વિદ્વદ્વર્ય ઉપા૦ શ્રી માનવિજયજી ગણિવરે સં૦ ૧૭૩૧માં રચેલા **'શ્રીધર્મસંગ્રહ'** સંજ્ઞક પ્રૌઢગ્રન્થની પ્રશસ્તિમાં તેઓશ્રીની 'सत्तार्ककर्कशधियाखिलदर्शनेषु, मूर्द्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ॥ काश्यां विजित्य परयूथिकपर्षदो ऽग्र्या (न्)– विस्तारितप्रवरजैनमतप्रभावाः' એ શ્લોક દ્વારા–'ઉત્તમ તર્કમયી તીક્ષ્ણબુદ્ધિવડે સમસ્ત દર્શનોમાં શિરોમણિપણું પામેલા, તપગચ્છમાં અગ્રેસર, કાશીમાં અન્યદર્શનીઓની સભાના અગ્રગણ્ય પંડિતોને જીતીને (જે ઉપાધ્યાય યશોવિજયજીએ) શ્રેષ્ઠ એવા જૈનમતનો પ્રભાવ વિસ્તાર્યો છે.' એ અર્થમાં અને તે પછીના–'तर्कप्रमाणनयमुख्यविवेचनेन, प्रोद्बोधितार्दिममुनिश्रुतकेवलित्वाः । चक्रुर्यशोविजयवाचकराजिमुख्या, ग्रंथेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः ॥ [પ્રશસ્તિગત ૧૩ મા શ્લોક મુજબ આ ગ્રંથનું પરિશોધન, શ્રી લાવણ્યવિજયવાચકેન્દ્રે કરેલું હોવાથી] = किल योजनाद्यैः ॥ ११ ॥' એ શ્લોક દ્વારા 'તર્ક, પ્રમાણ અને નયની મુખ્યતાવાળા વિવેચનવડે પૂર્વમુનિઓનું શ્રુતકેવલીપણું વિકસિત કરાયું છે જેના વડે અને પાઠકશ્રેણિમાં મુખ્ય એવા શ્રી યશોવિજયજીએ આ ગ્રંથરચનાના કાર્યમાં મને યોજવાથી મારા પર ઉપકાર કર્યો છે.' એ અર્થમાં સ્તુતિ કરેલ છે.

આણસૂરગચ્છીય પૂ૦ ઉપા૦ શ્રી માનવિજયજી ગણિવરે ઉપર્યુક્ત કરેલી સ્તુતિ પણ અનેક પ્રકારે વિચારણીય છે. જેમ કે–પહેલી સ્તુતિમાં તેઓએ શ્રી દેવસૂરતપાચ્છીય મહો૦ શ્રી યશોવિ૦ ગણિવરને તપગચ્છના અગ્રેસર જણાવીને ઉક્ત દેવસૂર તથા આણસૂર એ બંને તપગચ્છના અગ્રેસર તરીકે લેખાવેલ છે તે અઘટિત છે. તે સમયે શ્રી દેવસૂર તપાગચ્છમાં પણ તેઓ અગ્રેસર નહોતા; પરંતુ પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ તથા વિજયપ્રભસૂરિજી જ અગ્રેસર હતા તેમજ 'તેઓશ્રીએ કાશીમાં અન્યદર્શનીઓની સભા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંના મુખ્ય પંડિતોને વાદમાં જીતીને જૈનમતનો પ્રભાવ વિસ્તાર્યો' એમ જે જણાવ્યું છે, તે બદલ પણ તે પ્રકારની કિંવદન્તી સિવાય કોઈ મૌલિક આધાર જોવામાં આવતો નથી. ખુદ મહોપાધ્યાયજી મહારાજે પોતાના રચેલા–'पूर्वं न्यायविशारदत्वविरुद कास्यां प्रदत्तं बुधै –र्न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।।' એ શ્લોકાર્ધ દ્વારા પણ 'કાશીમાં પંડિતોએ પોતાને પહેલું ન્યાયવિશારદનું બિરુદ આપ્યું અને ત્યારબાદ સો ગ્રંથો રચ્યા તે બદલ ન્યાયાચાર્યપદ આપ્યું' એમ જ જણાવ્યું છે; પરંતુ 'પરદર્શનીની ત્યાંની સભાના અન્યવિદ્વાનોને પોતે જિત્યા' હોવાનું જણાવ્યું જ નથી. ખુદ મહોપાધ્યાયજીનાં એ કથન બદલ પણ "તેઓશ્રીના સમકાલીન **પૂ૦ આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ** રચેલા આઠદૃષ્ટિની સજ્ઝાયના ટબામાં જણાવેલા '**શ્રી નયવિજયપંડિતના વાચકોપાધ્યાય શ્રી યશોવિજય ગણી કાશીમાં ન્યાયવિશારદ એવું બીરૂદ પામ્યા એમ તેહના વચનથી જાણવું.**' એ વાકય મુજબ" તે સમગ્રના વિદ્વાનો 'ન્યાયવિશારદ' જેવા બિરૂદમાં પણ શંકાશીલતા બતાવે છે ત્યાં 'અન્યદર્શનીઓની સભામાંના મુખ્ય પંડિતોને વાદમાં જીતીને જૈનમતનો પ્રભાવ વિસ્તાર્યો.' એ કથનને કિંવદન્તીનું જ સ્થાન આપ્યા સિવાય કેમ ચાલે? વસ્તુસ્થિતિ આમ હોવાથી આ તત્કાલીન પૂ૦ ઉપા૦ શ્રી માનવિ૦ ગણિ જેવા સમર્થ ગીતાર્થે તેઓશ્રીની એ પ્રમાણે અછતી મહત્તા સ્તવી છે, તે તેઓશ્રી પ્રતિના અંગત અતિશય રાગ સિવાય સંભવિત નથી.

એ ઇત્યાદિ કારણોસર જ પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી ગણિવરની તે પૂ૦ ઉપા૦ શ્રી માનવિજયજીગણિ કૃત તે અછતી મહત્તાવાળી સ્તુતિ પછી પણ લગભગ બસોથી વધુ વર્ષો સુધી પણ શ્રી દેવસૂરતપગચ્છના તો શું? પરંતુ તે પૂ૦ ઉપા૦ શ્રી માનવિ૦ ગણિના શ્રી આણંદસૂરતપગચ્છના પણ કોઈ વિદ્વાન્ મુનિ કે શ્રાવકે તે સ્તુતિનું આંશિક પણ અનુસરણ કર્યું હોય તેમ જોવાતું નથી.

આ વાતમાં એક અપવાદરૂપે પાટણમુકામે પૂ૦ પં૦ મુનિશ્રી કાંતિવિજયજીએ સંભવતઃ ૧૭૫૦ લગભગમાં રચેલ જણાતી એક '**સુજસવેલી**' ગણાય; પરંતુ તેમાં તેના કર્તાએ પોતાના ગુરૂનું નામ. રચનાનો સંવત્. મહો૦જીની જ્ઞાતિ, તેઓશ્રીનો જન્મસંવત્, દીક્ષાસમયની વય વગેરે જણાવવી જોઈતી આવશ્યક બાનાઓ છૂપાવી છે અને કેટલીક વાતો તેમાં સંદિગ્ધ જણાતી હોવાથી તે સર્વપ્રકારે ગ્રાહ્ય અને પ્રમાણ લેખાવા પામેલ નથી જ.

(1) 'સુજસવેલીભાસ' અંગે બીજાઓ શું કહે છે?

વિક્રમ સં૦ ૨૦૧૩ માં 'યશોભારતી પ્રકાશન સમિતિ' વડોદરા તરફથી બહાર પડેલ '**શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ**' નામના દળદાર ગ્રંથના '**આમુખ**' ના પૃ૦ ૧૧ ની ૧૩ ઉપર સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ** નીચે પ્રમાણે લખે છે કે– "સુજસવેલીભાસ–શ્રી યશોવિજયજી મ૦ના જીવનચરિત્રને લગતી ટૂંક માહિતી આપણને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિશ્રી કાંતિવિજયજી (અનુમાન મહોપાધ્યાયશ્રી વિનયવિજયજીના ગુરુભાઈ) એ રચેલી ચાર ઢાલ અને પર ગાથા પ્રમાણ સુજસવેલીભાસમાંથી મળી આવે છે. જેનો ટૂંક સાર આ પ્રમાણે છે.

" ગુજરાતમાં કનોડું નામે ગામ, નારાયણ નામે વ્યાપારી અને તેની પત્ની સોભાગદે. તેમને પદ્મસિંહ અને જસવંત નામે પુત્રો હતા. સં૦ ૧૬૮૮ માં શ્રી નયવિજયજી પંડિતે કુણગેરમાં ચોમાસું કર્યું. ત્યાંથી કનોડે ગયા. એમના ઉપદેશથી જસવંતે અણહિલપુર પાટણમાં શ્રી નયવિજયજી પાસે દીક્ષા લીધી. નામ યશોવિજય રાખ્યું. મોટાભાઇ પદ્મસિંહે પણ સાથે જ દીક્ષા લીધી અને નામ પદ્મવિજય રાખ્યું. યશોવિજયજીએ (ગુરૂ પાસે) અભ્યાસ કર્યો. વિ. સં. ૧૬૯૯ માં અમદાવાદમાં સંઘસમક્ષ આઠ અવધાન કર્યા એમની પ્રતિભાથી પ્રસન્ન થઈ શા. ધનજી સૂરા નામના શેઠે શ્રી નયવિજયજી મ૦ને કહ્યું કે— આ સાધુ (યશોવિજયજી) ઘણા સુયોગ્ય છે, ભણશે તો હેમાચાર્યજી જેવા થશે. એ શેઠની પ્રેરણાથી યશોવિજયજીએ કાશી જઈ છએ દર્શનનો અભ્યાસ કર્યો અને ન્યાયવિશારદ થયા. ધનજી સૂરાએ યશોવિજયજીના પઠન માટે બે હજાર સોનામહોરનું ખર્ચ કર્યું. ભણીને પાછા અમદાવાદ આવ્યા. શ્રી સંઘે તેમનો સત્કાર કર્યો નાગોરીશાળામાં ઉતર્યા. મહમતખાનની સભા સમક્ષ અઢાર અવધાન કર્યા. એથી પ્રસન્ન થઈ યશોવિજયજીને ઉપાધ્યાય પદવી આપવા માટે મહમતખાને જાતે જ શ્રી વિજયદેવસૂરિને વિનંતિ કરી અને સં૦ ૧૭૧૮ માં તેમની ઉપાધ્યાયપદવી થઈ. સં૦ ૧૭૪૩ માં ડભોઇમાં ચોમાસું કર્યું અને ત્યાંજ સ્વર્ગવાસી થયા. ત્યાં સીત તલાવડી પાસે તેમનું થૂભ કરાવ્યું છે "

ઉપાધ્યાયજીના સમકાલીન (?) મુનિવરે સુજસવેલીભાસમાં આટલી વિગત રજૂ કરી છે; **પરંતુ આજે આપણા સામે બીજા પુરાવાઓ વિદ્યમાન છે તે જોતાં ભાસમાંના સંવતો ગમે તે કારણે વિસંવાદિત ઠરે છે.**

૧–ભાસમાં 'ઉપાધ્યાયશ્રી કનોડામાં જન્મ્યા હતા.' એ અને માતપિતાનાં નામ આપવામાં આવ્યા છે, પણ જન્મસંવત અને દીક્ષા સમયે ઉપાધ્યાયશ્રીની વય કેટલી હતી? તે વિષે ભાસકાર મૌન છે

૨–ભાસકારે ઉપાધ્યાયશ્રીની દીક્ષાનું વર્ષ સં૦ ૧૬૮૯ (?) જણાવ્યું છે; પરંતુ આજે આપણા સામે શ્રી નયવિજયજી મહારાજે શ્રી જસવિજયજી મ૦ માટે સં૦ ૧૬૬૩ માં લખેલ મેરુપર્વતનો ચિત્રપટ, તેમજ શ્રી યશોવિજયજી મહારાજે સં૦ ૧૬૬૫ માં લખેલ હૈમધાતુપાઠની પ્રતિ અને સં૦ ૧૬૬૯ માં લખેલ ઉન્નતપુરસ્તવન આદિ વિદ્યમાન છે. એ સ્થિતિમાં ભાસકારે આપેલા દીક્ષાસંવતનો મેળ કેમ બેસે? એ એક કોયડા જેવી બીના છે.

૩–સં૦ ૧૬૯૯ માં અમદાવાદમાં આઠ અવધાન કર્યા પછી યશોવિજયજી દર્શનગ્રંથોના, ખાસ કરી નવ્યન્યાયના અભ્યાસ માટે કાશી જવાનું ભાસકારે જણાવ્યું છે. જ્યારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્યાદ્વાદરહસ્ય જેવા સમર્થ ગ્રંથની રચના સં૦ ૧૭૦૧ માં કપડવણજ પાસેના આંતરોલી ગામમાં કરી છે અને તે પહેલાં પ્રમારહસ્ય, શ્રીપૂજ્યલેખ, વાદમાલા આદિ સંખ્યાબંધ સમર્થ દાર્શનિક આદિ ગ્રંથોની રચના તેઓ કરી ચૂકયા છે એટલે એ પ્રશ્ન ઉભો થાય છે કે-તેઓ કાશી પહોંચ્યા કયારે? અધ્યયન કેટલો સમય કર્યું? અને ન્યાયાચાર્યપદ મેળવવા પહેલાં જે સો ગ્રંથોની રચના કરી તે કયારે કરી? આ બધો વિચાર કરતાં ૧૬૯૯ માં કાશીએ જવું અસંગત જ ઠરે છે.

૪-સ્વર્ગવાસને લગતું અંતિમ ચોમાસું ઉપાધ્યાયજીએ ડભોઇમાં કર્યું, પરંતુ એનું વર્ષ ભાસકારે ૧૭૪૩ આપ્યું છે એ વિચારણીય છે. કારણ કે-ઉપાધ્યાયશ્રીએ **પ્રતિક્રમણ હેતુગર્ભ સ્વાધ્યાયમાં**-'સુરતિ ચોમાસુ રહી રે, વાચક જસ કરિ જોડી, વઇ૦ । યુગ યુગ મુનિ વિધુ વત્સરઇ રે દેયો મંગલ કોડી વઇ૦ ॥ ૬ ॥' પ્રમાણે ૧૭૪૪ નું ચાતુર્માસ સુરત કર્યાનું જણાવ્યું છે. '**અગીયાર અંગની સજ્ઝાયો**'ને અંતે પણ 'યુગ યુગ મુનિ વિધુ વચ્છરઇ રે, શ્રી જસવિજય ઉવજ્ઝાય,' ટો૦ ×××

આ રીતે વિચાર કરતાં એકંદર ભાસકારની સંવતને લગતી વાતનો કોઈ મેળ મળતો નથી. **એટલે ઉપાધ્યાયના જીવનચરિત્ર અંગેના આ પ્રશ્નો વિદ્વાનોએ પુનઃ ગંભીર રીતે ચર્ચવાના જ રહે છે.**

(૨)

'યશોવિજયસ્મૃતિગ્રંથ'ના '**સંપાદકીય નિવેદન**'માં સંપાદક **મુનિશ્રી યશોવિજયજી**, 'સુજસવેલીભાસ' અંગે નીચે મુજબના ઉદ્ગારો રજુ કરે છે.

સુજસવેલીભાસ અંગે - પૂ૦ ઉપાધ્યાયજી ભગવાનના જીવનની ટૂંકી નોંધ માત્ર 'સુજસવેલીભાસ' નામની ચાર ઢાલમાં વિભક્ત થએલી, પર કડીઓમાં પૂર્ણ થતી એક નાનકડી ગુજરાતી પદ્યકૃતિ રજુ કરે છે (જે કાવ્યકૃતિ આજ અંકના ૨૩૫માં પેજમાં છે) આપણા દુર્ભાગ્યે આ કૃતિ સિવાય એમના જીવન અંગે બીજી કોઈ વ્યવસ્થિત નોંધો, વિવિધ ઘટનાઓ, વિહારપ્રદેશો શિષ્યસંપત્તિ અને ગ્રંથનામો વગેરે બાબતો અંગે કોઈ ખાસ સામગ્રી મલતી નથી. ઘણી ઘણી બાબતો ઉપર અંધારપટ જ પથરાએલો છે. ×××

ઉપાધ્યાયજીનો જન્મ સમય ક્યો? અહિં એક વાત વિચારવાની છે. **સુજસવેલીકારે** જન્મની સાલ કે તિથિ જણાવી નથી. માત્ર દીક્ષા વડીદીક્ષા ને ઉપાધ્યાયપદની સાલો જ જણાવી છે, પણ તિથિ જણાવી નથી. સ્વર્ગગમનની સાલ પણ સ્પષ્ટ જણાવી નથી, તિથિ પણ જણાવી નથી. દીક્ષાની સાલ ૧૬૮૮ જણાવ્યા બાદ ૧૦ વરસના ગાળા બાદ ૧૬૯૯ની અવધાન કર્યાની સાલ નોંધે છે અને ત્યાર પછી કાશીગમન સૂચવે છે, પણ તે કયારે? તે વિષે મૌન સેવે છે. **આગળ ચાલતાં કાશી અને આગ્રામાં [૪+૩] સાત વર્ષ રહ્યાનો ઉલ્લેખ કરે છે. પણ તે માટે ચોક્કસ સાલનિર્દેશ નથી કરતા;**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતમાં પુનરાગમન ક્યારે થયું? વગેરે હકીકતો ઉપર પણ સંપૂર્ણ અંધારપટ છે.

૧૬૮૮ની દીક્ષા જણાવીને સીધો ૧૬૯૯નો, ને ત્યાંથી સીધા ઉપાધ્યાય પદાર્પણનો ૧૭૧૮નો, ને છેવટમાં ડભોઇ ચાતુર્માસ કર્યાનો ૧૭૪૩નો, આમ ચાર સંવતોનો એ ઉલ્લેખ કરે છે આ સિવાય બીજી કોઈ તવારીખ કે સાલ નોંધી નથી.

સુજસવેલીકાર, [૮૯]**ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજીના ગુરૂભ્રાતા જ હોય તો,** તેઓ તેમના સમયના કવિ હોવા છતાં તેઓએ પ્રસ્તૃત કૃતિમાં મહ-વની હકીકતોની કેમ કશી નોંધ ન લીધી? તે ઘટના ખરેખર! એક કોયડો બની જાય છે.

અને [૯૦]ઉપાધ્યાયજી તો ખરેખર! ત્યાગમય અને નિસ્પૃહ જીવન જીવતા જૈન-મહર્ષિઓની પરંપરાને જ અનુસર્યા છે. એટલે સ્વજીવનની નોંધ અંગે તો તેમણે કેવલ ઉપેક્ષા જ સેવી છે.

આયુષ્ય કેટલુ? **સુજસવેલીની સંવતોની સચ્ચાઈને ઉપલબ્ધ અન્યાન્ય ઉલ્લેખોએ પડકારી છે.** સુજસવેલીના આધારે ઉપાધ્યાયજીની આવરદા ૬૦ થી ૭૦ વર્ષની અંદાજી શકાય, જ્યારે અન્ય સાધનો ૯૦ થી ૧૦૦ વરસનું આયુષ્ય નક્કી કરી આપે છે. સુજસવેલીકારે દીક્ષા ૧૬૮૮માં જણાવી છે; તેઓશ્રીને બાલદીક્ષિત ગણીને, દીક્ષાની વય આઠેક વર્ષની જો કલ્પીએ તો જ-મ સંવત ૧૬૮૦ આસપાસ અંદાજી શકાય.

---

૮૯. 'યશોવિ૦ સ્મૃતિગ્રંથ' પૃ ૧૫૫ની ફુટનોટ ૩ માં જણાવેલ આ૦શ્રી વિજયપ્રભસૂરિજી (સ્વ. સં૦ ૧૭૪૯-ઊના, ઉ૦ યશોવિ૦ પછી ૬ વર્ષે)ના શિષ્ય પ્રેમવિજયના શિષ્ય કાંતિવિજય, (સં૦ ૧૭૬૯ માં ડભોઈ ચોમાસુ, સં૦ ૧૭૭૫ માં પાટણ ચોમાસુ હતો તે) સુજસવેલીના કર્તા કેમ ન સંભવે? કારણ કે-એ જ સ્મૃતિગ્રંથના પૃ ૨૫૩ ની ફુટનોટ ૭૦ના પેરા બીજામાં જણાવ્યા મુજબ-'પૂ૦ ઉપા૦ મ૦ના ડભોઈના સમાધિસ્થલ પાસે ઉનામાં સ્વર્ગવાસ પામેલા તપાગચ્છાધિપતિ શ્રી વિજયપ્રભસૂરિજી મ૦ અને તેમના જ શિષ્ય-પ્રશિષ્યિોની પાદુકાઓ પણ ત્યાં ડભોઇના તે સ્થને આ જ પ્રેમવિ૦ના શિષ્ય કાંતિવિ૦એ સ્થપાવી હોય તે બનવા જોગ છે' અને જો તેમજ હોય તો તેમને મહો૦ પ્રતિ પૂર્ણ ગુણાનુરાગ હોવાનું તે સૂચક પણ ગણાય.

૯૦ લેખકની આ વાત જો યથાર્થ જ હોય તો-"મને ન્યાયવિશારદનું બિરૂદ આપ્યું છે, મને ન્યાયાચાર્યનું બિરૂદ મળ્યું છે, મેં ન્યાયના સો ગ્રંથો બનાવ્યા છે, મારી રચના કોઈપણ નય-નિક્ષેપા આદિથી અધૂરી નથી 'ઇત્યાદિ અહંકાર તથા ગર્વતાસૂચક શબ્દો, પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ના ખુદના જ છે તે સ્વજીવનની નોંધ અંગે કેવલ ઉપેક્ષાભાવના દર્શક છે કે સ્વ જીવનની મહત્તાને આગળ કરનારા છે? તેમજ ત્યાગમય અને નિઃસ્પૃહજીવન જીવનાર જૈનમહર્ષિઓની પરંપરાનું જ અનુસરણ કરનારા છે કે કેમ? તે સુજ્ઞો વિચારે.

* આ વાતની સાક્ષી ઉપાધ્યાયજીના ગ્રંથોની અનેક પ્રશસ્તિઓ આપે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે વિ૦ સં૦ ૧૬૬૩માં ખુદ ઉપાધ્યાયજીના ગુરૂજી શ્રીનયવિજયજીએ ઉપાધ્યાયજી માટે ચીતરેલા મેરૂપર્વતની આકૃતિવાળા પટમાં ઉપાધ્યાયજીને એ વખતે 'ગણિ' તરીકે ઉલ્લેખ્યા છે, ત્યારે તેમની દીક્ષા કયારે ગણવી? જન્મ કયારે કલ્પવો? વળી તર્કભાષા, દશાર્ણભદ્રસજ્ઝાય વગેરેની પ્રતિઓને અંતે મળેલા ઉલ્લેખો જોતાં તેઓશ્રીનો જન્મ સમય સાહજિક રીતે પાછળ જાય. એટલે કે-૧૬૪૦ થી ૧૬૫૦ વચ્ચેનો કલ્પી શકાય. સ્વર્ગ-ગમન તો ૧૭૪૫ પહેલાં જ થયું છે એ હકીકત નિર્વિવાદ છે. એથી તેઓશ્રીને શતાયુઃ માનવામાં કોઇ બાધ જણાતો નથી.

૧૬૯૯માં રાજનગરમાં અવધાન-ધારણશક્તિના પ્રયોગો કર્યા પછી જ કાશી ગયાની વાત સુજસવેલીકાર કરે છે, પણ તેથી તે તુરત જ ગયા છે કે બે ચાર વરસો બાદ? તે સૂચવતા નથી આના અચૂક નિર્ણય માટે અન્ય સાધનો ગવેષવાં જોઈએ

\+ + + + +

સુજસવેલિકારે ગાએલા-'સત્તરત્રયાલિં ચોમાસુ રહ્યા, પાઠક નગર ડભોઇ રે; તિહાં સુરપદવી અણુસરી, અણસણિ કરિ પાતિક ધોઇ રે' આ પદ્ય, ઉપાધ્યાયજી ડભોઈમાં ચોમાસું રહ્યાનું સ્પષ્ટ જણાવે છે; પણ સ્વર્ગગમન ચાતુર્માસમાં થયું કે તે પછી? તે વિષે સંપૂર્ણ મૌન છે. **જો કે-આ કૃતિની સાલોએ ભારે શંકા ઉભી કરી છે, તેથી તેને કેટલું વજન આપવું તે મુંજવણનો વિષય છે.** ××××× :

પાનું ૨૧ પેરો ૩-૧" [1]ઉપાધ્યાયજી કાશી * ગયા ત્યારે વિનયવિજયજી તેમની સાથે ગયા હતા, ત્યાંના બ્રાહ્મણ આ ચાર [2]મુનિને ભણાવે તેમ ન હતા, તેથી તે બંને સાધુઓ નામાંતર અને વેષાંતર કરીને રહ્યા. 'ચિંતામણિ' નામનો ન્યાયગ્રંથ ગુરુની ગેરહાજરીમાં ગુરૂની પત્ની પાસેથી માગીને એક રાતમાં બંને જણાએ કંઠસ્થ કરી લીધો" [3]આવી જે કિંવદન્તીઓ ચાલી આવી છે તદ્દન ખોટી છે. શ્રી [4]યશોવિજયજીની સાથે તેમના ગુરૂ નયવિજયજી જ ગયા હતા. પણ 'નય'ની આગળ 'વિ' વધીને 'વિનય' વિજય બની ગયું છે [5]અન્ય સ્થળે પણ 'શ્રી નયવિજય'માંનો 'શ્રી' બરાબર નહિ વંચાવાથી, ભ્રમણા કે પ્રમાદથી 'શ્રી'ને ઠેકાણે 'વિ' વાંચીને વિનયવિજય કરી નાંખ્યું છે. [6]બાકી અનેક પુરાવાઓથી હકીકત નિશ્ચિત છે કે-ઉપાધ્યાયજી સાથે નયવિજયજી જ હતા. [7]વળી વિનયવિજયજીની ગ્રંથરચનાદિકની સાલવારીથી પણ વિનયવિજયજી ન હતા એ સુનિશ્ચિત બીના છે. એટલે આવી દંતકથાઓ લખવી કે બોલવી બંધ થવી જોઈએ.

[8]બીજું કાશીગમનમાં ગુરુ, શિષ્ય સાથે અન્ય કયા કયા મુનિવરો હતા?

૨-ઠવણીના ચાર છેડે તેઓ [9]પાંડિત્યના ગર્વસૂચક ચાર ધ્વજાઓ બાંધતા હતા, એમણે સુવર્ણસિદ્ધિ મેળવી હતી તે; [10]માફીપત્ર લખ્યાની વાત, યતિ સાથેના સંબંધની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાંતો, તેમના જીવન સાથે અઘટમાન લાગતી અતિશયોક્તિભરી અન્ય કિંવદન્તીઓ સમ્યગ્ આલોચના માગી રહી છે.

૩-(૧) ન્યાયવિશારદ, (૨) ન્યાયાચાર્ય અને (૩) ઉપાધ્યાય—આ ત્રણ પદવીઓનો શ્રીમદે સ્વયં ઉલ્લેખ કર્યો છે. ૧-૩ આ બે પદવી કોણે ને કયાં આપી તેનો તો તેઓશ્રી તેમ જ ભાસકાર ઉલ્લેખ કરે છે. પણ [૧૧]નંબર બે વાળી પદવી કયા સ્થળે અને કોને મળી? તેનો નિર્દેશ નથી મળતો; તેમ જ [૧૨]તેમણે જે સો ગ્રંથો રચ્યા તે કયા? તે પણ ગંભીર વિચારણા માગી લે છે.

સંપાદક મુનિશ્રીના ત્રણેય પેરેગ્રાફની સમાલોચના.

પૂર્વના પૂજ્ય મહાપુરુષોની ક્ષતિઓ બતાવે, મહત્તા ઘટાડે યા તો લઘુતા દર્શાવે તેવા પણ બનાવો બન્યા હોય અને તે ઇતિહાસમાં કંડારાયા પણ હોય છે! પરંતુ ઇતિહાસના પ્રેમીઓએ તેવા પ્રસંગોને ઇતિહાસમાંથી રદ નહિ કરતાં યથાવત્ સ્થાન આપેલ દૃષ્ટિગોચર થાય છે જ. જ્યારે મુનિરાજ શ્રી યશોવિજયજીએ પોતાના 'સંપાદકીય નિવેદન' ના ઉપરના ત્રણ પેરાઓમાં 'પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મ૦ અંગેની તેવી વાતોને 'કિંવદન્તી'નું રૂપ આપવાપૂર્વક ખોટી જ છે' એમ એવકારપૂર્વકનું વિધાન કરીને ઉપરના ત્રણ પેરાઓમાં મહો૦શ્રી અંગેની ઐતિહાસિક સત્ય બીનાઓને કેવી રીતે ઉડાવી દીધી છે? તેની મુદ્દામ રીતે રજુઆત કરવાપૂર્વક ક્રમશઃ આ નીચે નંબરવાર સમાલોચના કરવામાં આવે છે.

૧-૧) મુનિ શ્રી બુદ્ધિસાગરજી કૃત-'**યશોવિજય જીવન નિબંધ**'ના પેજ ૧૩ ઉપર ઉલ્લેખ છે કે-"તેમના ગુરુ નયવિજયજી અમદાવાદમાં વિશેષ રહેતા હતા. બાલ્યાવસ્થામાં જ તેમણે (યશોવિ૦એ) તથા શ્રી વિનયવિજયજીએ જૈન ધર્મનાં ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તે બંનેની અપૂર્વ બુદ્ધિનું અવલોકન કરીને **તે બંનેને વ્યાકરણ અને ન્યાયનો પરિપૂર્ણ અભ્યાસ કરવા કાશીમાં મોકલાવ્યા.** (ત્યાં જઈને) તે બંનેએ બ્રાહ્મણ વિદ્વાનની પાસે અધ્યયન શરૂ કર્યું. વિનયવિજયજીએ વ્યાકરણનો મુખ્ય વિષય લીધો અને ન્યાયના વિષયને ગૌણપણે ગ્રહણ કર્યો. શ્રીમદ્ યશોવિજયજીએ ન્યાયના વિષયનું મુખ્યપણે અધ્યયન કર્યું અને વ્યાકરણ સાહિત્યનું ગૌણપણે ગ્રહણ કર્યું. **તે બંનેએ બાર વર્ષ પર્યંત શાસ્ત્રોનું અધ્યયન કરીને અપૂર્વ વિદ્વત્તા પ્રાપ્ત કરી.**"

(૨) વિ૦ સં૦ ૧૯૬૬ માં બહાર પડેલી અને ફતેહચંદ કર્પૂરચંદ લાલને તથા મોહનલાલ દલીચંદ દેશાઈએ જે બૂકમાં પૂ૦ ઉપા૦ શ્રી વિનયવિજયજીનું જીવનચરિત્ર આલેખેલ છે, તે પૂ૦ મહો૦ શ્રી વિનયવિજયજી વિરચિત '**નયકર્ણિકા**' બૂકના પેજ ૩૬ ઉપર શ્રીયુત્ દેશાઈ લખે છે કે-"**આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાશે કે-**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંવત્ ૧૭૩૮ માં (વાચક વિનયવિજયજી) ચોમાસું રાંદેરમાં હતા **આ (ઉપરોક્ત) ગાથાઓના રચનાર કાશીમાં શ્રી વિનયવિજયજીના સહાધ્યાયી અને સમકાલીન યશોવિજયજી છે.**"

(૩) પોતે જ સંપાદિત કરેલા-'**યશોવિજય સ્મૃતિ ગ્રંથ**'ના પેજ ૭૯ થી ૮૮ સુધીમાં-'**શ્રીમાન્ યશોવિજયજી**' શીર્ષકતળે ડૉ. શ્રીયુત્ ભગવાનદાસ મનસુખભાઇ મહેતા એમ. બી. બી. એસ નો લેખ પ્રગટ થયેલ છે. તે લેખમાં પૃ૦ ૮૨ ના ત્રીજા પેરામાં લખેલ છે કે-"તેમના સમકાલીનોમાં ઉપાધ્યાયજી વિનયવિજયજી, આનંદઘનજી, સત્યવિજયગણી માનવિજય ઉપાધ્યાય આદિ વિશિષ્ટ વિદ્વદ્મંડલી હતી. તેમાંય ખાસ કરીને શાંતસુધારસનું અનુપમ સંગીત કરનારા શાંતમૂર્તિ મહામુમુક્ષુ **શ્રી વિનયવિજયજી તો એમના સહાધ્યાયી પરમાર્થસુહૃદ્ હતા. આ વિનયવિજય અને યશોવિજયની જોડી સુપ્રસિદ્ધ છે. બંને ગાઢ પરમાર્થમિત્ર અને ઉત્તમકોટિના શાંતમુમુક્ષુ હતા.** × × ×"

(૪) આ૦ **શ્રી** વિજયધર્મસૂરિજીએ ત્રણેક વર્ષ પૂર્વેના એક જાહેર પ્રસંગે મુંબઇમાં જેમને '**બહુશ્રુત**' તરીકે લેખાવેલ હતા તે શ્રીયુત્ ફતેહચંદ ઝવેરચંદનો તે જ સ્મૃતિગ્રંથના પૃ૦ ૧૧૨ થી ૧૧૮ સુધીમાં '**મહાન્ જ્યોતિર્ધર ઉપા૦ શ્રી યશોવિજયજી**' શીર્ષકતળે લેખ પ્રસિદ્ધ થએલ છે તેના પૃ૦ ૧૧૪ ના પેરા છઠ્ઠામાં લખે છે કે-"××× શ્રી વિનયવિજયગણિએ 'શ્રી શ્રીપાળરાસ' સં૦ ૧૭૩૮ માં બનાવ્યો. તેમાં સાડા સાતસો ગાથા સુધી ગામ રાંદેરમાં રાસ રચ્યા પછી તેઓ કાળધર્મ પામ્યા; બાકીના રાસનો વિભાગ કે-જેમાં નવપદજીની પૂજા આવી જાય છે, તે વિભાગ ઉપા૦ શ્રી યશોવિજયજીએ પૂર્ણ કર્યો **આ રીતે સહાધ્યાયીનું ઋણ અદા કર્યું અને જૈન જગતના ઉપકારી બન્યા:**"

ઉપર મુજ ના ઇતિહાસજ્ઞ અને જ્ઞાતનામ ગણાતા લેખકોના લેખોના અવતરણોની, તેમજ અન્યાન્ય પ્રમાણોથી પણ સુતરાં સિદ્ધ થાય છે કે-'મહો૦ શ્રી યશોવિજયજી અને મહો૦ શ્રી વિનયવિજયજી મ૦ બન્નેએ સાથે જ કાશીગમન કરેલ છે અને બાર વર્ષ સુધી સહાધ્યાયી તરીકે અભ્યાસ પણ કરેલ છે.' આમ સ્વયંસિદ્ધ બનતી ઐતિહાસિક બીનાને મુનિશ્રી યશોવિજયજી પોતાના 'સંપાદકીય નિવેદન'ના ઉપરના પેરામાં 'ઉપાધ્યાયજી કાશી ગયા ત્યારે વિનયવિજયજી તેમની સાથે ગયા હતા એવી જે કિંવદન્તી ચાલી આવે છે તે તદ્દન ખોટી છે' એમ આધાર આપ્યા સિવાય નિશ્ચયાત્મક વિધાન કરવા પૂર્વક ઉડાવી દે છે તે ઘણું જ શોચનીય ગણાય.

૨ મુનિશ્રી યશોવિજયજી આગળ જતાં તે પેરામાં-'ત્યાંના બ્રાહ્મણ આચાર્ય મુનિને ભણાવે તેમ ન હતા, તેથી આ બંને સાધુઓ નામાંતર અને વેષાંતર કરીને રહ્યા, આવી જે કિંવદન્તી ચાલી આવે છે તે તદ્દન ખોટી છે' એમ જે જણાવે છે તે અંગે જણાવવાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે–'**શાંતસુધારસ**' ભા. ૨ (સં૦ ૧૯૯૪) માં મહો૦ વિનયવિજયજી મ૦ ની સ્થિતિનું તાદશ ચિત્ર ખડું કરતાં મોતીચંદભાઈ ગીરધર કાપડીઆ પૃ૦ ૫૩ ઉપર આ પ્રમાણે લખે છે કે-"વિનયવિ૦, યશોવિ૦ બંને કાશીએ જઈ સાધુપણાના વસ્ત્રો દૂર કરી ક્રમે વિનુલાલ અને જસુલાલ નામ ધારણ કરી ગુપ્તવેશે રહી બ્રાહ્મણપંડિત પાસે ૧૨ વર્ષ ન્યાયનો અભ્યાસ કર્યો. ગુરુ અભ્યાસથી રાજી હતા. પણ ગુરુ ન્યાયનો એક વિશિષ્ટ ગ્રંથ પોતાના કુલપુત્રો સિવાય કોઈને બતાવતા નહિ. એક વખત ગુરુ તે ગ્રંથનો પોતાના પુત્રને અભ્યાસ કરાવતા હતા, અમુક કોટિ લગાવતા હતા ત્યારે જસુલાલે એને બીજી રીતે બરાબર લગાવી ગુરુને એના જ્ઞાન અને બુદ્ધિની તીવ્રતા માટે માન થયું. એણે જણાવ્યું કે–સદર ગ્રંથ તેઓ માત્ર એકવાર જસુલાલ અને વિનુલાલ પાસે વાંચી જશે +++"

નયકર્ણિકા બૂકના પૃ૦ ૩૮ ના છેલ્લા પેરામાં ઇતિહાસજ્ઞ શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઈ પણ જણાવે છે કે–"આ રીતે શ્રીમદ્ યશોવિજયજી અને વિનયવિજયજી બંને સમકાલીન હતા; એટલું જ નહિ પરંતુ બંનેએ કાશીમાં જઈ અન્ય સર્વદર્શનનો અભ્યાસ સાથે કર્યો હતો; તે સંબંધે નીચેની દંતકથાઓ છે, તે પર સત્યતાનું કેટલું પ્રમાણ મૂકવું તે તોલનશક્તિવાળા વાંચકોને શિરે છે.

(પાનું ૩૯) દંતકથા નં. ૧-બંનેએ **જૈનદર્શનનો** અભ્યાસ પોતપોતાના ગુરુ પાસે પૂર્ણ કર્યા પછી કાશીમાં જઈ ત્યાંના બ્રાહ્મણ પંડિતો પાસેથી અન્ય સર્વદર્શનનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. સ્વગુરુ પાસેથી આજ્ઞા લીધી અને પદવિહારે કાશીમાં ગયા. **આ સમયે પણ બ્રાહ્મણો જૈનશદ્દર્શનપ્રત્યે અતિશય તીવ્રવિરોધ ધરાવતા હતા અને તેથી તેઓ જૈનધર્મીઓને જ્ઞાન આપવાનું કલ્પાંતકાળે પણ સ્વીકારે તેમ ન હતું.** બંનેએ વિચાર્યું કે–જૈનસાધુવેષનો અભ્યાસદશા સુધી પરિહાર કરી જૈન તરીકે બહાર ન પડાય તો જ ઇષ્ટ કાર્ય સાધી શકાય તેમ છે. તેથી ત્યાંની એક જૈનપેઢી પર પોતાનાં સાધુવસ્ત્ર રાખી અન્ય વસ્ત્રનું પરિધાન કર્યું. જસુલાલ અને વિનયલાલ એવાં બનારસી નામો પોતાના નામ ઉપરથી ઉપજાવી ધારણ કર્યાં, ઉત્તમમાં ઉત્તમ ગણાતા એક ન્યાયવિત્ વૃદ્ધ બ્રાહ્મણના વિદ્યા અર્થે શિષ્ય થયા. બંનેએ અભ્યાસ પૂર્ણ થયા પહેલાં ગુરુને જાણવા ન દીધું કે પોતે જૈન છે. બંને ગુરુનું બહુમાન અને શુશ્રુષા કરી તેમને સંતોષ પમાડતા. આથી તેમની પ્રીતિ સંપાદન કરી. એનું કહેવાય છે કે–કુલક્રમાગત એક ૧૨૦૦ શ્લોકના ગ્રંથનું જ્ઞાન ગુરુએ તેમને આપ્યું નહિ. આથી બંનેએ વિચાર્યું કે–જ્યાં સુધી તે ગ્રંથનું જ્ઞાન મેળવવું બાકી રહે છે ત્યાં સુધી તેઓએ ગુરુ પાસેથી જ્ઞાન સંપાદન કર્યું કહેવાય નહિ, અને નિશ્ચય કર્યો કે-તેનું જ્ઞાન અવશ્ય મેળવવું. ગુરુ તે ગ્રંથનું જ્ઞાન કુલાચાર પોતાના પુત્રને શીખવાડતા હતા, ત્યારે જશુલાલ ત્યાં બેઠા હતા. ગુરુએ અમૂકનો અમૂક અર્થ કર્યો, ત્યારે જશુલાલ તેનો બીજો અર્થ કરી એકદમ વિનય-પૂર્વક બોલી ઉઠ્યા કે–'મહારાજ! તેનો આ અર્થ ન થઈ શકે?' ગુરુ તે અર્થ સાંભળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિંગ થઇ ગયા અને જશુલાલને ધન્યવાદ આપી કહ્યું કે-'તું હંમેશાં મારી પાસે જ્યારે આ ગ્રંથ શીખવું ત્યારે બેસજે; હું તને તે શીખવીશ. ત્યારે જશુલાલે નમ્રતાથી કહ્યું-'મહારાજ! એક દિવસને માટે એ ગ્રંથ જોવા આપો તો મોટી કૃપા.' ગુરુએ પ્રસન્નતા પૂર્વક તે ગ્રંથ એક દિવસ માટે આપ્યો. આ ગ્રંથ જશુલાલે (પાનુ ૪૦) વિનયલાલને બતાવ્યો, અને બંનેએ એક દિનમાં તે મ્હોડે કરી નાખવાની સંતલસ કરી. જશુલાલે ૭૦૦ શ્લોક અને વિનયલાલે ૫૦૦ શ્લોક મ્હોડે કરી બીજે દિવસે તે ગ્રંથ ગુરુજીને આપી દીધો. ત્યાર પછી જશુલાલને સાથે લઈ જૈનસાધુવેષ પુનઃ પહેરી ત્યાં આવેલ પ્રબલવાદીને જીતે છે; તે વાત યશોવિજયજીના ચરિત્રમાં સમય આવ્યે જોઈશું.

બંનેએ કાશીમાં બાર વર્ષ સુધી અભ્યાસ કર્યો કહેવાય છે; અને સં૦ ૧૭૧૦-૧૧માં કાશીમાં તેઓ બંને સાથે હતા, એમ 'જૈન કાવ્યસાર સંગ્રહ' (પ્રસિદ્ધકર્તા-નાથાભાઈ લલ્લુભાઈ સં૦ ૧૯૩૮)માં જણાવેલું છે, પરંતુ આ વાત જ્યારે લોકપ્રકાશ ૧૭૦૮માં જીર્ણદુર્ગ (જુનાગઢ)માં પૂરો કર્યો, એ તેની પ્રશસ્તિ પરથી સ્પષ્ટ જણાય છે ત્યારે બંધબેસતી નથી. કદાચ ૧૭૦૮ પહેલાં કાશી છોડી વિહાર કરતાં ૧૭૦૮માં જુનાગઢ પવિત્ર શ્રી ગિરનાર પર યાત્રા અર્થે આવ્યા હોય એમ માની શકવાનો સંભવ છે. કાશીમાં અધ્યયન પૂર્ણ કરી બંને સ્વસ્વગુરુ પાસે આવે છે અને જુદે જુદે સ્થલે વિહાર, ચોમાસાં કરી જિનોપદેશામૃતનું પાન કરાવે છે."

ઉપરના બંને ઇતિહાસજ્ઞ લેખકોએ આ બધી વાતોને 'દંતકથા' તરીકેનું સ્થાન આપીને રજુ કરી છે; કારણ કે-'જૈનમુનિઓ એવી રીતે નામાંતર અને વેષાંતર કરી અભ્યાસ કરે' એ વાત લોકોના ગળે ઉતારવી મુશ્કેલ બને છે, એટલે એવી સત્ય વાતને પણ 'દંતકથા' નામ આપી રજુ ન કરે તો બીજું કરે પણ શું? પરંતુ આ લેખકોએ પૂ૦ આ૦શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના શિષ્યોએ બૌદ્ધોની પાસેથી જ્ઞાન કેવી રીતે સંપાદન કર્યું હતું?' એ લક્ષ્યમાં રાખીને લખ્યું હોત તો તેઓને 'દંતકથા,' 'કિંવદંતી' આદિનું રૂપક આપવું ન જ પડત.

આવી રીતના બીજા પણ ઉલ્લેખોથી પૂરવાર થાય છે કે તે બંને પૂજ્યોએ વિદ્યા-સંપાદન માટે નામાંતર અને વેષાંતર કરીને તેમજ વિદ્યાગુરુની પ્રીતિસંપાદન કરવા માટે તેમના ઘરના પણ કામો સતત કરીને વિદ્યાગુરુના પ્રીતિપાત્ર બન્યા હતા તેમજ પૂર્ણ વિદ્યાસંપાદન કરેલ: એટલું જ નહિ; પરંતુ વિદ્યાગુરુ, તેમની ભક્તિ, વિનય અને શુદ્ધ બ્રાહ્મણત્વથી એટલા તો પ્રસન્ન થએલ હતા કે—

'પટ્ટાવલીસમુચ્ચય' ભા૦૧ ગત **'ગુરુમાલા'** પેજ ૧૦૭ ઉપરનો 'પંડિતદીયમાનો-દ્ભિન્નયૌવના સુરુપાકન્યાયા: પરિત્યાગિણ:'એ ઉલ્લેખાનુસાર:-'બીલેલ પુષ્પની કળી સમાન અને પૂરબહાર યૌવનમાં ઝુલતી એવી પોતાની પુત્રી પણ પરણાવવા તૈયાર થઈ ગયેલ!'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩-'ચિંતામણિ' નામનો ન્યાયગ્રંથ ગુરુની ગેરહાજરીમાં ગુરુની પત્ની પાસેથી માગીને એક રાતમાં બંને જણાએ કંઠસ્થ કરી લીધો. આવી જે કિંવદન્તી ચાલી આવે છે તે તદ્દન ખોટી છે.' એમ છાતી ઠોકીને કહેનાર મુનિશ્રી યશોવિજયજી; ઉપર બે નંબરની વાતની સમાલોચનામાં જણાવ્યા મુજબ 'ગુરુ પાસેથી એક દિવસ માટે મેળવ્યો અને કંઠસ્થ કર્યો' હોવાની ફલિત થતી સત્ય બીનાને ખોટી કહેવા તૈયાર થયા છે; તો પ્રશ્ન એ છે કે—જે ગ્રંથનું પોતે જ સંપાદન કરેલ છે તે 'યશોવિજયસ્મૃતિગ્રંથ'માં એવી વાતોનો જે બીજા લેખકોએ પ્રમાણ આપવા પૂર્વક ઉલ્લેખ કરેલો છે તેની ઉપર નોંધ કરવાપૂર્વક કેમ કાંઇ પોતે ટીકા-ટીપ્પણી નથી કરી?

૪-'ઉપાધ્યાય યશોવિજયજીની સાથે તેમના ગુરુ નયવિજયજી જ ગયા છે, અને વિનયવિજયજી નથી જ ગયા' તે બાબતનો લેખક મુનિશ્રી યશોવિજયજી પાસે કોઈ મૌલિક મુદ્દો છે? જો નથી જ, તો પછી આટલું બધું ડોળાણ કઇ ઈષ્ટસિદ્ધિ માટે કરતા હશે?

૫-આ વાત લખીને 'શ્રીનય'નું 'વિનય' થઈ ગયું હોવાની સિદ્ધિ કરવા માટે જે જહેમત ઉઠાવી અને 'અન્ય સ્થળે પણ .. વિનયવિજય કરી નાખ્યું છે' એમ મોઘમ લખાણ કરવા કરતાં પોતાની તે વાતની પુષ્ટિમાં અન્ય સ્થળના એક બે પૂરાવાઓ પણ સંપાદકે રજુ કર્યા હોત તો ઉઠાવેલી મહેનત ફલીભૂત થાત અને લોકોમાં પોતાની વાતની સચ્ચાઈ પણ પૂરવાર થાત.

૬-અહિં પણ 'બાકી અનેક પૂરાવાઓથી હકીકત નિશ્ચિત છે કે ઉપાધ્યાયજી સાથે નયવિજયજી જ હતા.' એમ મોઘમ લખનાર સંપાદકમુનિ પાસે જો આ બાબતના અનેક પૂરાવાઓ છે તો તેમાંનો એકાદ પણ પૂરાવો કેમ રજુ નહિ કર્યો હોય? એ એક વિચારણીય બીના છે.

૭-સંપાદકશ્રી, આ વાત લખીને એ સિદ્ધ કરી રહ્યા છે કે-'પૂ૦ ઉપા૦ વિનય-વિજયજી મહારાજ તેમની સાથે કાશી ગયા જ નથી, તેમના સહાધ્યાયી પણ નથી.' પરંતુ એ તર્ક અને દલીલ ત્યારે બ્યાજબી ઠરે કે-'પૂ૦ ઉપા૦ શ્રીયશોવિજયજી મ૦ની કાશી અભ્યાસાર્થે ગયાની સાલ પોતાને પણ નિશ્ચિત હોય અને તે કાશીગમનના તે તે વર્ષ દરમ્યાન ઉપા૦ વિનયવિ૦ની અન્ય સ્થળે બનાવેલી કોઈ રચનાની ઉપલબ્ધિ હોય.' આમાનું કાંઇ જ પ્રમાણ પોતાની પાસે ન હોય અને પોતેય સંદેહાન્વિત સ્થિતિમાં હોય ત્યાં સુધી આવા ગપગોળા કે કુતર્કો કરવા તે શું ઇતિહાસપ્રેમીના લક્ષણ ગણાય? સંપાદકશ્રી પોતે જ '૧૬૯૯માં **રાજનગર અવધાન-ધારણશક્તિના પ્રયોગો કર્યા પછી જ કાશી ગયાના વાત સુજસવેલીકાર કરે છે, પણ તેથી તે તુરત જ ગયા છે કે બે ચાર વરસો બાદ? તે જણાવતા નથી**' આમ આગળ જણાવીને કાશી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નલગંમની સામાં પોતાની શંકાશીલ સ્થિતિની રજુઆત પણ કરી જ છે ને? પછી આવી રીતે મારી-મચડીને પણ સત્ય અને વાસ્તવિક ઐતિહાસિક બીનાને છૂપાવવા પ્રયત્ન કરવામાં શ્રી ઇષ્ટસિદ્ધિ સંપાદકની છે તે જ સમજાતું નથી.

૮-સંપાદકશ્રી, આ કથન કરીને 'ગુરુ-શિષ્ય બે જ કાશી ગયા નથી પણ બીજા બીજા મુનિઓ પણ તે વખતે સાથે હતા જ' એમ જણાવવા માગે છે, તો તેવું પૂરવાર કરવા જતાં ઉપા૦ વિનયવિજયજીનું નામ પણ સાથે આવનારા મુનિઓમાં આવી જાય તો શું વાંધો આવે છે કે-જેથી 'શ્રી'નો 'વિ' થઇ ગયો ઇત્યાદિ વાતોની ભ્રમજાળ ઉભી કરવી પડી?

૯-સ્ફુટનોંધ નં. ૯૦માં જણાવ્યા મુજબ જે મહોપાધ્યાયજી શ્રી યશોવિ૦ મહારાજ, પોતે છદ્મસ્થ હોવાનું જાણવા છતાં જાણે પોતે 'સર્વજ્ઞ' જ હોય એવી રીતે 'વાણી વાચક યશ તણી, કોઈ નયે ન અધૂરી રે.' ઇત્યાદિ અભિમાન દશાસૂચક અને 'હું ન્યાયવિશારદ છું, મેં ૧૦૦ ગ્રંથો રચ્યા છે, મને ન્યાયાચાર્યનું બિરૂદ મળ્યું છે' એવા ગર્વિલા શબ્દો પણ ઉચ્ચારી શકયા જ છે, તો પછી કિંવદન્તી પ્રમાણે પાંડિત્યના ગર્વસૂચક ચાર ધ્વજાઓ ઠવણીને છેડે કદાચ બાંધતા હોય તો તેમાં આશ્ચર્ય જેવું પણ શું છે?

૧૦-ભવભીરૂ અને મહાવ્રતોની બેવનાવાળા જૈનમુનિઓ તો કદાપિ અસત્ય બોલી સત્ય વસ્તુનો ઇન્કાર કરે જ નહિ. છતાં આશ્ચર્યની વાત છે કે-પૂ૦ મહોપાધ્યાયશ્રીએ બબ્બે-ત્રણ ત્રણ વખત લેખિત માફીઓ આપ્યાનું ઇતિહાસના પાને અંકિત થએલી વાતોની પણ જૈનમુનિ એવા આ સંપાદક યશોવિજયજી હડહડતું જુઠું બોલવા પૂર્વક સદંતર ઇન્કારી કરી રહ્યા છે! જે અતિ શોચનીય ગણાય.

જેમ 'વિજયતિલકસૂરિરાસ'ના કર્ત્તા દર્શનવિજયજીએ પૂર્વના શાસનસંરક્ષક મહાપુરુષના સત્ય ઇતિહાસને છૂપાવી, કૌભાંડ ખડું કરીને વિકૃત ઇતિહાસ કરી નાખ્યો તેમ આવી રીતના અડપલાઓથી વિકૃતદશાને પામેલ ઇતિહાસ પણ ભવિષ્યમાં સત્ય ઇતિહાસનું સ્થાન ન મેળવી બેસે એ એક જ શુભાશયથી અમારે પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજીમ૦ને જે કારણોને લઈને માફીપત્રો લખી આપવાની શોચનીયદશામાં મૂકાવું પડ્યું હતું તે કારણો, પૂ૦ મહો૦શ્રીની લઘુતાદર્શક હોવાથી રજુ કરવાની જરાય ઇચ્છા નહિ હોવા છતાં વ્યથિત દિલે પ્રાપ્ત ઐતિહાસિક પ્રસંગોને આધારે રજુ કરવા પડે છે. અમારા આ પ્રયાસ અંગે વિદ્વાનો તે સંપાદક મુનિને જ જવાબદાર ગણશે અને અમોને ઉદારદિલે ક્ષમા આપશે એમ ઇચ્છીએ છીએ.

પૂ૦ મહો૦શ્રી યશોવિ૦મ૦નું મનસ્વી વર્ત્તન

'ભણ્યો ભૂલે નહિ અને ભૂલે ત્યારે ભીંત ભૂલે' એ કહેવત અનુસાર સમર્થ પંડિતો પણ પોતાની વિદ્વત્તાના ગર્વમાં, અભિમાનદશામાં અથવા કોઈ કોઈ કારણોસર કયારેક જાણીબુઝીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે અજાણતા એવું પણ પગલું ભરી બેસતા હોય છે કે-જેના યોગે તેઓ પૂજ્ય પુરુષોના કે વિદ્વાનોના વૈયાના હાર બનવાને બદલે તિરસ્કાર, ઉપહાસ્ય કે ઉપેક્ષાના પાત્ર બની જવા પામતા હોય છે અને ક્વચિત્ શિક્ષાને પાત્ર પણ બની જતા હોય છે.

કર્મસત્તાની બલિહારી છે કે—ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય પૂ૦ મહો૦શ્રી યશોવિજયજી મહારાજ જેવા તે કાલના ઉગતા ભાનુ અને સમર્થ તાર્કિકના હાથે પણ તેવું જ પગલું ભરાઇ જવા પામેલ! જેના પરિણામે તેઓશ્રી, સ્વસમુદાયમાં પણ પ્રીતિપાત્ર બની શકયા નહિ!! એટલું જ નહિ; પરંતુ તેમની જેવા સમર્થ વિદ્વદ્રત્નને માન અને આશ્રય પણ મેળવવા મુશ્કેલ થઈ પડયા હતા. એ **દુઃખદ ઘટના આ પ્રમાણે બનવા પામી હતી:—**

પૂ૦ મહો૦શ્રી યશોવિજયજી મહારાજ તથા પૂ૦ મહો૦શ્રી વિનયવિજયજીમહારાજ, વિદ્યાવ્યાસંગીપણાને કારણે કાશીમાં બાર-બાર વર્ષ સુધીના અભ્યાસકાલ દરમીઆન જે સાધુવેષ છોડીને, બ્રાહ્મણપંડિતની પ્રીતિસંપાદન કરવા માટે પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ નિરવદ્ય અને આવશ્યક કૃત્યો કરવાનું છોડી દઈને સાવદ્ય એવા ઘરકામને પણ કરવા માંડેલા. આવી રીતે ફક્ત એક વિદ્યાસંપાદનના જ કાર્ય માટે બીજું બધું જ જતું કરવાની ગંભીર ભૂલ કરી બેસનાર તે સમર્થ જ્યોતિર્ધરો જ્યારે કાશીથી ભણીને ગુજરાતમાં આવ્યા ત્યારે દેવસૂરગચ્છના કે આણસૂરગચ્છના નાયકોએ તેઓને પોતાના સમુદાયમાં સ્થાન આપ્યું નહિ.

પૂ૦ મહો૦ શ્રી વિનયવિજયજી મહારાજે પોતાની ભૂલો કબૂલી ગચ્છનાયકે આપેલ પ્રાયશ્ચિત્ત કરી લેવાથી તેઓ આણસૂરગચ્છમાં ભળી ગયા; પરંતુ ન્યાયવિશારદ પૂ૦ મહો૦શ્રી યશોવિજયજી મહારાજ, વિદ્વત્તાના ગર્વને વશવર્ત્તી બની જવાના પરિણામે આત્મકલ્યાણી એવા પ્રાયશ્ચિત માર્ગનો સ્વીકાર કરી શકયા નહિ! એટલું જ નહિ પરંતુ-પૂ૦ પં૦ મોહનવિ૦ગણિના શિષ્ય પૂ૦ પં૦ **શ્રી મોતીવિજયજી** મ૦ની સ્વહસ્તે લખાયેલ **'તપગચ્છબૃહત્પટ્ટાવલી'** ના પેજ ૯૬ પુંઠી ૧ પંક્તિ ૮ થી ૧૦ના-"વલી એહોનેં (પૂ૦ આ૦શ્રી વિજયદેવ સૂરિજીના) વારેં। પં૦ જસવિજયગણિ। કાશીથી ભણીનેં આવ્યા। ઉપાધ્યાયપદ માગ્યું। શ્રીજઈ ન આપ્યું। એતલેં પં૦ જસવિજયગણીઇં કાથીયાં કપડાં કરીનેં સંવેગપક્ષ આદર્યો। ઇહાંથી કાથીયાં થયા।×××" એ ઉલ્લેખ અનુસાર સહામેથી શ્રાવકો તથા અધિકારીઓ આદિ દ્વારા ઊદ્ઘોષણા કરવાપૂર્વક ઉપાધ્યાયપદવીની માંગણી પણ કરી! અર્થાત્ કાશી બાતેના પોતાના વર્ત્તન ઉપર કુનેહથી ઉપાધ્યાય પદવી લેવા સ્વરૂપે ગચ્છનાયકની છાપ મરાવી લેવાનો માર્ગ પણ અખત્યાર કરેલ!

પરંતુ શ્રી વિજયદેવસૂરગચ્છનાયકે કે આણસૂરગચ્છનાયકે, **'તેઓ જ્યાં સુધી પોતાની ભૂલોનો એકરાર કરે નહિ યા તો પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થાય નહિ ત્યાં સુધી ગચ્છમાં દાખલ નહિ કરવાના લીધેલા પગલાને** તેમજ પોતે સામેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરેલી ઉપાધ્યાયપદની માગણીના અસ્વીકારને પૂ૦ મહો૦શ્રી યશોવિજયજી મહારાજે પોતાનું ભયંકર અપમાન થવા રૂપે ગણી લીધું! અને તેથી તેઓશ્રીએ યતિવર્ગના અને મત-મતાંતરીયેાના ખંડનની સાથેાસાથ સ્વસમુદાયના સાધુઓનું, ક્રિયાપ્રેમી આત્માઓનું, અરે! ખુદ ગચ્છનાયકનું પણ જગતમાં વર્ચસ્વ કેમ ઘટે અને પોતાનું જ મહત્વ કેમ વધે? એ રીતનું વર્ત્તન રાખવા માંડયું અને વિદ્વત્તાનેા પણ ઉપયેાગ તેમાં કરવા માંડયેા!! એટલું જ નહિ પણ 'પાસત્થા-કુશીલીયા-કુચારિત્રીયા-વેષવિડંબક-પરિગ્રહધારી-અજ્ઞાની-ઉત્થાપક' આદિ વિશેષણેાથી નવાજવાપૂર્વક તેઓશ્રી પ્રતિ વિરુદ્ધ સાહિત્યનું સર્જન પણ ખૂબ ઉગ્ર ભાષામાં કરવા માંડયું!!! જેના પરિણામે તેઓ પ્રતિ કે તેઓની વિદ્વત્તા પ્રતિ સમુદાયના કેાઈપણ આરાધક અને સંયમી સાધુઓને માન રહ્યું નહિ.

ગચ્છનાયકેા અને વડિલેા પ્રતિ—

ન્યાયવિશારદ મહેા૦શ્રીએ કરેલા કટુવાક્પ્રહારેાના નમુનાઓ.

૧ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા. માર્ગદ્વાત્રિંશિકા :—

निवर्त्तमाना अप्येके, वदन्त्याचारगोचरम् ॥
आख्याता मार्ग मप्येको, नोग्छजोवीति च श्रुतिः ॥ ७॥

"निवर्त्तमाना इति–एके संयमान्निवर्त्तमाना अपि। आचारगोचरं यथावस्थितं वदन्ति 'वयमेवं कर्तुमसहिष्णवः, मार्गः पुनरित्थंभूत एवेति। ×××× अत्र संयमाल्लिंगाद्वा निवर्तमानाः वाशब्दादनिवर्तमानाश्च लभ्यंते। उभयथाप्यवसीदन्त एव योजिता यथास्थिताचारोक्त्या हि तेषामेकैकबालता भवति आचारहीनतया न तु द्वितीयापि। ये तु हीना अपि वदंति 'एवंभूत एवाचारोस्ति, योऽस्माभिरनुष्ठीयते, सांप्रतं दुःषमानुभावेन बलाद्यपगमात् मध्यभूतैव वर्तनी श्रेयसी, नोत्सर्गावसर इति' तेषां तु द्वितीयापि बालता बलादापतति, गुणवदोषानुवादात्। +++ ॥२७॥" અર્થાત્ 'સંયમથી પાછા ફરેલા હેાય છતાં પણ યથાસ્થિત આચારનું પ્રતિપાદન કરતા હેાય 'અમે જ કરવાને માટે અસહિષ્ણુ છીએ; પરંતુ માર્ગ તેા આમ જ છે' **એમ કહીએ છીએ.** તેવાઓ 'સંયમથી કે લિંગથી નિવર્ત્તમાન અથવા અનિવર્ત્તમાન' ગણાય. એટલે કે–તેઓ એકપદથી હીણા ગણાય; પરંતુ જેઓ (બધી રીતે) હીણા છતાંય 'અમારાવડે જે આચરાય છે તે આચાર એ જ પ્રકારે છે. કારણ કે સાંપ્રતકાલે બલ-સંહનન આદિના અપગમથી મધ્યમ માર્ગ શ્રેયસ્કર છે, ઉત્સર્ગનેા અવસર નથી' એમ કહે છે તેઓ તેા બંનેથી નિવર્તમાન–પાછા હઠેલા ગણાય છે." એમ કહેવા દ્વારા પોતાના વર્ત્તનનેા બચાવ અને ગચ્છની લઘુતા કરેલ છે.

૨ માર્ગદ્વાત્રિંશિકા શ્લેાક ૧૨ થી ૧૬ :—"तेषां निन्दाल्पसाधूनां बहवाचरणा-मानिनाम्। प्रवृत्तांगीकृतात्यागे, मिथ्यादृग्गुणदर्शिनी ॥१३॥ એ શ્લેાક દ્વારા–'બહુ મુનિઓએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચરેલું અમે આચરીએ છીએ અને **આ અલ્પ હોઈને સંવિગ્નપણાનું અભિમાન ધરાવનારા દાંભિકો છે.'** એ પ્રમાણે સંવિગ્નમુનિઓની 'બહુ સંખ્યા'ને બ્હાને અભિમાન ધરાવનારા મુનિઓ તરફની નિંદા પ્રવર્તી છે તે સ્વીકારેલ બહુ આચરેલ મિથ્યાભૂતના પણ સ્વીકારમાં મિથ્યાત્વીઓના ગુણને દેખાડનારી છે." એ પ્રમાણે ઉભરો ઠલવ્યા પછી—

'इदं कलिरजः पर्वभस्म भस्मग्रहोदयः। खेलनं तदसंविग्न–राजस्यैवाधुनोचितम् ॥१४॥ इदमिति व्यक्तः ॥१४॥ એમ કહીને ટીકા જ નહિ કરેલ એ ચૌદમા શ્લોક દ્વારા—" આ બનાવ કલિકાલની રજ અને હુતાશની પર્વની ભસ્મ (મળીને બનેલ) ભસ્મગ્રહનો ઉદય છે. તેથી હાલ બેલી લેવું એ અસંવિગ્નોના રાજા (ગચ્છાધિપતિ)ને જ ઉચિત છે." એ પ્રમાણે ગચ્છાધિપતિ માટેય કલમ ચલાવ્યા બાદ—

'समुदाये मनाग्दोष–भीतैः स्वैच्छाविहारिभिः। संविग्नैरप्यगीतार्थैः, परेभ्यो नातिरिच्यते ॥१५॥ એ શ્લોકની—'समुदायेति–समुदाये मनागदोषेभ्य ईषत्कलहादिरुपेभ्यो भीतैः। स्वेच्छाविहारिभिः। संविग्नैरपि बाह्याचारप्रधानैरपि। परेभ्योऽसंविग्नेभ्यो नातिरिच्यते नाधिकीभूयते ॥' એ ટીકા દ્વારા તત્કાલીન ક્રિયાઉદ્ધારક અને પંડિતપણે ખ્યાત પૂજ્ય સંવિગ્નમુનિપ્રવરને અંગે જણાતી—'સમુદાયગતકલહાદિ અલ્પ દોષોથી ગભરાઈને સ્વચ્છંદપણે વિચરનાર સંવિગ્નમુનિઓ પણ (ઉક્ત) અસંવિગ્નમુનિઓ કરતાં વધતાં નથી. અર્થાત્ એ પણ અસંવિગ્ન છે. ॥૧૫॥ એ અર્થમાં ટીકા કરી છે: અને તે પછી પણ—

'वदन्ति गृहिणां मध्ये, पार्श्वस्थानामवंद्यतां। यथाच्छंदतयात्मान–मवंद्यं जानते न तें ॥१६॥ એ શ્લોકની થતી—'જેઓ ગૃહસ્થીઓની વચ્ચે પાર્શ્વસ્થોનું અવંદ્યપણું કહી રહ્યા છે તેઓ (પોતાની સ્વેચ્છાએ સમુદાય છોડીને જે સ્વચ્છંદે વર્ત્તે છે તે યથાછંદી હોવાને લીધે તેઓ પોતાને અવંદ્ય જાણતા નથી' એ અર્થજ્ઞાપક ટીકા કરવી છોડીને वन्दति–परदोषं पश्यंति, स्वदोषं च न पश्यन्तीति महतीयं तेषां कदर्थनेति भावः ॥१६॥ એ ભાવજ્ઞાપક ટીકા કરીને તેઓને યથાચ્છન્દી તરીકે જણાવેલ છે. (પંડિત સત્યવિજયગણિએ જે ગુરુઆજ્ઞા સિવાય જ ક્રિયોદ્ધાર કર્યો તેને આશ્રયીને આ લખાણ છે.)

૩ **અધ્યાત્મસાર પ્રકરણ પૃ૦ ૧૩૫ પુંઠી ૧**—'अधीत्य किंचिच्च निशम्य किंचिदसद्ग्रहात् पंडितमानिनो ये०॥' એ ૧૫૦મા શ્લોકની ટીકામાં—'ગ્રંથના અગ્રભાગ આદિ કિંચિત્ લેશમાત્રને ભણીને અને વળી કાંઇક જેવું તેવું ભાવશૂન્ય એવું શબ્દાર્થ માત્રને સાંભળીને જે કોઈ અનિર્દિષ્ટ નામવાળા પંડિતમાનીઓ છે તેઓએ ગ્રંથના એક દેશને અને વાણીના મુખને ફક્ત ચુંબન કર્યું છે. બાકી વાસ્તવિકવસ્તુસ્વરૂપગ્રાહિ એવા જ્ઞાનના વિનોદને કે વાણીસાર પરિણમન રૂપ રમણવિલાસને તેઓ પામ્યા નથી." એમ કહીને યે क्वेचनानिर्दिष्टनामानः રૂપે મોઘમ જણાવવાપૂર્વક પૂ૦ ગચ્છનાયક આદિને 'શાસ્ત્રના લેશમાત્રના ફક્ત જાણકાર તેઓ છે, સર્વાંગ પરિપૂર્ણ તો અમે જ જાણીએ છીએ' એ પ્રમાણે ભાવ જણાવ્યા બાદ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'असद्ग्रहात्पामरसंगतिं ये कुर्वन्ति तेषां न रतिर्बुधेषु । विष्टासु पुष्टाः किल वायसा नो, मिष्टान्ननिष्टाः प्रसभं भवन्ति ॥१५८॥' એ શ્લોક અને તેની ટીકા કરીને–'ઉપર જણાવેલા પંડિતમાની અને ધર્મધૂર્ત્ત એવા તે પામરોની સંગતિ કરનાર તથા પક્ષકારને વિષ્ઠા ચૂંથનાર કાગડાની' ઉપમાથી પણ નવાજેલા છે!

૪–**'द्वात्रिंशद्द्वात्रिंशिका'** ગત બીજી 'દેશના દ્વાત્રિંશિકા'ના 'अनुग्रहर्धिया वक्तृधर्मित्वं०' ॥३॥ અને 'क्लोज्यं पुरुष इत्यादि.' ॥४॥ એ બંને શ્લોકો, 'જે મુનિને પુરુષ આદિ અને દેશ આદિનું જ્ઞાન હોય તે મુનિ દેશનાનો અધિકારી છે' એ અર્થના અધિકારવાળા છે. તે ચાલુ અધિકારમાં તે પછીના 'જે મુનિ, વચનના વિવેક વગરનો હોય અને પંડિતપણાનું અભિમાન ધરાવતો હોય તે મુનિની વાચામાં જે ઝેર વર્તે છે તે ઝેર આશીવિષ સર્પના મુખમાં નથી' એ અર્થને જણાવનારો 'अज्ञातवाग्विवेकानां, पंडितत्वाभिमानिनां । विषं यद्वर्तते वाचि, मुखे नाशीविषस्य तत् ॥ ५ ॥' (તત્કાલીન ક્રિયા ઉદ્ધારક પૂજ્ય પંડિત મુનિને ઉદ્દેશીને રચાયેલ જણાતા) એ પાંચમા શ્લોકને સંગત શી રીતે માન્યો હશે? અને તે શ્લોકગત વાણીને પૂ૦ વાચકજીએ કયા નયથી પૂરેપૂરા નયવાળી ગણી હશે? એ જ સમજાતું નથી!

૫–જગદ્ગુરુ પૂ૦ આ૦ શ્રી હીરસૂરિજી મ૦શ્રી પણ જેઓનું બહુમાન સાચવતા હતા તે શાસનસ્તંભ, સમર્થ તાર્કિક શિરોમણિ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજશ્રીના સિદ્ધાંતનું ખંડન કરતાં **'પ્રતિમાશતક' ગ્રંથના ૭૭ મા શ્લોકમાં**–'पार्श्वस्थस्तु भवान् पार्श्वस्थमध्यवर्त्ती एतद् निर्दिष्टं असतीं सतीचरित्रवत् सतीचरित्रं नो वक्तुं प्रभुः' એ પ્રમાણે જણાવીને ઉગ્ર ચારિત્રવાન્-દૃઢદર્શનપક્ષવાળા પૂ૦ મહામહોપાધ્યાયશ્રીને આવેશાધીન બનીને 'પાસત્થો' પણ જણાવી શકયા! પરંતુ કામાન્ધ, રાગાન્ધની જેમ ક્રોધાન્ધ આત્મા પણ અન્ધત્વના યોગે યુક્તાયુક્તની વિચારણાશૂન્ય બની જાય છે તેમ પૂ૦ ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ માટે પણ અહિં બનવા પામેલ છે. કારણ કે–પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજના ઇતિહાસમાં એવા કોઈ દાખલો નથી કે–તેઓ આ૦શ્રી વિજયદાનસૂરિજીમ૦, પૂ૦ આ૦શ્રી વિજયહીરસૂરિજીમ૦ને મૂકી કોઈ બીજાની સાથે રહ્યા હોય! તો પછી પાર્શ્વસ્થમધ્યવર્ત્તી એ વિશેષણથી તે તપગચ્છના પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાલી નાયકોને પણ 'પાસત્થા' ગણાવવાની શું અનધિકૃત ચેષ્ટા પૂ૦ મહોપા૦શ્રીએ કરી હોય એવું નથી લાગતું?

૬–સવાસો ગાથાના સ્તવનમાં મતમતાંતરવાદીઓ, શિથીલાચારીઓ અને યતિઓની સાથોસાથ પોતાના તારક અને પૂજનીય એવા વિદ્યમાન ગચ્છનાયકો તથા વડિલોને પણ લોકભોગ્ય ગીતો–પદો આદિનું રૂપક આપી ખુબ ચાબખા મારેલા જણાય જ છે. દાખલા તરીકે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"જ્ઞાન-દર્શન-ચરણગુણ વિના, જે કરાવે કુલાચાર રે; લૂંટીયા તેણે જન દેખતાં, કિહાં કરે લોક પોકાર રે....સ્વામી૦ ॥૩॥ જેહ નવિ ભવ તર્યા **નિર્ગુણી**, તારશે કેણીપેરે તેહ રે; એમ અજાણ્યા પડે ફંદમાં, પાપણંધે રહ્યા તેહરે....સ્વામી૦ ॥૪॥ કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે દોકડે **કુગુરુ** તે દાખવે, શું થયું એહ જગશૂળ રે....સ્વામી૦ ॥૫॥ અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે; પરમપદનો પ્રગટ **ચોર** તે તેહથી કિમ વહે પંથ રે... સ્વામી૦ ॥૬॥ વિષયરસમાં ગ્રહી માચિયા, નાચીયા કુગુરુ મદપૂર રે. ધૂમધામે ધમાધમ મચી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે....સ્વામી૦ ॥૭॥ **કલહકારી કદાગ્રહભર્યા**, થાપતા આપણા બોલરે; જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ **રે**....સ્વામી૦ ॥૮॥ કેઈ નિજદોષને ગોપવા, રોપવા કેઈ મતકંદરે; ધર્મની દેશના પાલટે, સત્ય ભાખે નહિં મંદ રે ...સ્વામી૦ ॥૯॥" ઇત્યાદિ.

ઉપરના સંસ્કૃત-પ્રાકૃત તેમજ ગુજરાતી કૃતિવિધાનોમાં પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજે મોઘમ રીતે એટલે કે-સ્પષ્ટ નામ નિર્દેશ કર્યા સિવાય [પોતાના આત્મનિસ્તારક એવા ગચ્છનાયક અને વડિલો પ્રતિ] જે વાગ્બાણો છોડ્યા છે, તેથી કેટલાક સુજ્ઞવાચકોને એમ પણ શંકા થશે કે-"આ બધા ઉપાલંભો અને વચનપ્રહારો, અન્ય કુમતવાદીઓની સામે કે શિથીલાચારીઓ સામેના કેમ ન હોય? ગચ્છાધીશો પ્રતિ તો બહુમાનવાળા ગણાતા હતા તો તેઓની સામેના કલ્પી લેવાનાં ઉતાવળ ન થતી હોય તેની શી બાત્રી?" તો તેના ઉત્તરમાં જણાવવા માટે પૂ૦ મહો૦શ્રી યશોવિ૦ મહારાજે ગચ્છનાયક સામે કેવા ખુલ્લા નામથી અને શબ્દોથી બંડ ઉઠાવેલ હતું તેમજ માઝા મૂકીને પણ વર્ત્તન ચલાવેલ? તેનો સ્પષ્ટ ચીતાર બડું કરતું એવું તેઓશ્રીનું જ બનાવેલું નીચેનું એક ગીત પર્યાપ્ત માનું છું. કે-જેથી આ બધા ઉપર દર્શાવેલા પૂરાવાઓ, 'વડિલો સામેના જ છે' એમ અમારી જેમ વાચકોને પણ નિઃશંક બાત્રી થશે.

"**ધન્ન વિદ્યા** કુવિદ્યા કરી અણજાઈ, પાટણિ પાટવી આવી બઈઠો,
વાચકાં પૂછિં વિણ સાગરાં લેઅતાં, જેઅતાં સાલ તપગચ્છ પઈઠો;
સેનવિજયસેનરુ વાચકાં દલ મેલિ રાજનગર હુ મદહ માચી,
હીરરા પોત પુત્ર જેસિંગરા, કાં કરઈ તું હવિં બુદ્ધિ કાચી ॥૧॥

ઇણ પાટિં મોટા હુઆ, વિજય હીર જેસિંગ;
તેણિ જે દૂરિં કર્યા, તે સ્યું કેહો સંગ ॥૨॥

સંગ જેસિંગજી જેહનો પરિહરઈ, તેહસ્યું રંગ **રૂપાઈકુંયર** કરઈ।
કહુંનઈ કિમ સીસનઈ રીસ તે નવિ ચડઈ। આપ સાગર થઈ કે વિજય સાથિં લડઈ।
કાલ જાઈ અનઈ જગત્ કહાણી રહઈ, એણિં સંસારિં કો થિરપણું નવિ લહઈ।
એ આભ તલિ પડત થોભણ દેઅતાં, હીર જેસંગ ગણુધાર એહવા હતા ॥૩॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેહુ જે એહ જગિ આવિ નવિ થિર રહ્યા, અવર કુણમાત્ર જગિ માનવી થિર કહ્યા ।
કુંયર થિરાતણા એણિ જગિમાં નરા, નામથી થિર પણિ કોઇ થિર થઈ ફર્યા ॥૫॥
કરત કરતાં કર્યું હવિ કરિ પાધરૂં, હજીઅ તુઝ આજતાં રાજ એ નવિ ફર્યું ।
હોઈ સહુ રંગ જેસંગજી બોલ રહઈ। તિમ કરો જિમ વલી **સુજસ** જગિમાં લહઈ ॥૬॥"

(શાસનકંટકોદ્ધારક જ્ઞાનમંદિર હ. લિ. પ્રાચીન પત્ર.)

વાચકો જોઇ શકશે કે–પૂ૦ ન્યાયાચાર્ય શ્રી યશોવિ૦ મહારાજ પોતે ગચ્છના નાયક કે કોઇ વડિલસ્થાને નહિ હોવા છતાં પોતે જ જાણે ગચ્છાધિપતિ હોય તેવી રીતે પૂ૦ ગચ્છનાયક વિજયસેનસૂરિજી મ૦શ્રી જેઓને પોતાની પાટના પટ્ટધર તરીકે સ્થાપન કરેલા છે તે પૂ૦ શ્રી વિજયદેવસૂરિજીમ૦શ્રીને હુંકારા અને ઠુંકારા કરવા પૂર્વક શિખામણ આપે છે અને પૂ૦ શ્રી વિજયદેવસૂરિજીમ૦ને '**તપગચ્છનાં સાલ**' તરીકે ઓરૂદાવેલ છે! આવા તો તેઓશ્રીએ અનેક લોકગીતો, ગચ્છનાયક અને વડિલો વિરૂદ્ધના બનાવ્યા છે. તેથી ઉપર મુજબની શંકાને કોઈ સ્થાન નથી જ.

આ પ્રમાણે પૂ૦ મહોપાધ્યાયશ્રીએ ઉપર મુજબ એક બાજુથી પોતાના તારક અને આધારભૂત એવા પૂ૦ ગચ્છનાયકો આદિ પ્રતિ પણ યથાછંદતયા નિંદાત્મક કલમ, ફક્ત પોતાને ઉપાધ્યાય પદવી માગવા છતાં નહિ મળવા જેવા નજીવા કારણથી ચલાવવા માંડી! અને તેની કલમદ્વારા તે પૂજ્યોને સમાજમાં–'અજ્ઞાની, કુગુરુ, પાસત્થા શીથિલાચારી, પરિગ્રહધારી' ઇત્યાદિરૂપે ઓરૂદાવવા માંડ્યા! અને બીજી બાજુથી 'પોતે જ ઉત્કૃષ્ટસંયમી–જ્ઞાની–અધ્યાત્મયોગી–સમતા સુખભોગી છે' એમ આત્મશ્લાઘાસૂચક કાવ્યો–દૂહાઓ આદિ રચીને જનપ્રવાહમાં વહેતા કરી દીધા હતા. આ વાતના સમર્થનમાં '**શ્રી મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ**' ગ્રંથના પૃ૦ ૨૧૩ ઉપરનો ઇતિહાસજ્ઞ શ્રીયુત્ મો. દ. દેશાઈકૃત ઉલ્લેખ જ પર્યાપ્ત થશે એમ માનું છું. જે નીચે મુજબ:—

"એમની આત્મસ્થિતિ એમના જ શબ્દમાં જોઈશું. સમ્યગ્દૃષ્ટિ દ્વાત્રિંશિકામાં કહેલું છે કે–

मिथ्यादृष्टिगृहीतं हि, मिथ्या सम्यगपि श्रुतम् ।
सम्यग्दृष्टिगृहीतं तु, सम्यग् मिथ्येति नः स्थितिः ॥

—મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યગ્શ્રુત હોય તો પણ મિથ્યા થાય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત હોય તો પણ સમ્યક્ થાય છે **અને તેવી અમારી સ્થિતિ છે.** એટલે પોતે મિથ્યાશ્રુતો અવગાહેલાં તે પોતે સમ્યગ્દૃષ્ટિ હોઇ **પોતાને** સમ્યક્રૂપણે થયાં છે–પરિણમ્યાં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રના સમ્યક્ પરિચયથી, ધીમાનોના સંપ્રદાયને અનુસરી અને પોતાના અનુભવયોગથી રચેલા પોતાના અધ્યાત્મસાર નામના સદ્ગ્રંથમાં નીચેના (પ્રબંધ ૩ શ્લોક ૪૦) પરથી જણાય છે કે-તેમને સમભાવ હતો ને તેનું સુખ પોતે જોએલું હતું.

दूरे स्वर्गसुखं मुक्ति-पदवी सा दवीयसी।
मनःसंनिहित दृष्टं, स्पष्टं तु समतासुखम् ॥

—સ્વર્ગનું સુખ તો દૂર છે અને મોક્ષપદવી તો વળી અતિ દૂર છે, પરંતુ મનની સમીપે જ રહેલું સમતાનું સુખ તો (**અમે**) સ્પષ્ટ રીતે જ જોયેલું છે.

शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि ।
क्षीयंते शांतहृदामनुभव एवात्र नः साक्षी ॥

—શાંત હૃદયવાળાના-શમયુક્ત ચિત્તવાળાના શોક, મદ, કામ, મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈર એ (સર્વે) ક્ષીણ થાય છે; એ બાબતનો સાક્ષી અહીં **અમારો** અનુભવ જ છે. (પ્રબંધ ૭ શ્લોક ૧૮)"

ઉપરના શ્લોકોમાંથી 'અમે સમતાના સુખને જોએલું છે, અમે શોક-મદ-કામ-મત્સર-કલહ-કદાગ્રહ-વિષાદ અને વૈરભાવથી મુક્ત થએલા છીએ, અમે સમ્યગ્દૃષ્ટિ છીએ' વગેરે આત્મશ્લાઘાના ઉદ્ગારો પૂ૦ મહોપાધ્યાયશ્રીના સ્પષ્ટ દેખાઈ આવે છે.

આમ પરનિંદા અને આત્મશ્લાઘાના અવગુણના લીધે અત્યંત જ્ઞાની, નૈયાયિક અને તાર્કિકશિરોમણી હોવા છતાંય પૂ. મહોપાધ્યાયશ્રી, સર્વને પ્રીતિપાત્ર નહિ બનતા અપ્રીતિના ભાજન બની ગયા! એટલું જ નહિ; પરંતુ એ અવગુણનાં કારણે મહો૦શ્રી તરફ ધિક્કારની દૃષ્ટિથી જોનારા પ્રતિસ્પર્દ્ધિઓ તરફથી જે અસહ્ય યાતના મહો૦શ્રીને ભોગવવી પડતી હતી અને તેના યોગે જે પોતાને દુઃખ કે ગ્લાનિ થતી હતી તેનો મહો૦શ્રીએ પોકાર કરેલ પણ છે. એ માટે શ્રીયુત્ દેશાઇ '**મહાવીર વિદ્યાલય રજત મહોત્સવ**' ગ્રંથના પૃ૦ ૨૧૨ ઉપર જણાવે છે કે :—

"આનંદઘન જેવા પારસમણિ મળવાથી પોતે લોહ તે કંચન થયેલ છે, યા આનંદઘન સમાન થયેલ છે એમ યશોવિજયે કહેલ છે એટલે અધ્યાત્મરસિકમાંથી અનુભવી-અધ્યાત્મજ્ઞાની બનેલ છે. આ બનેને લોકોએ પૂરા પીછાન્યા ન હોતા. 'કોઉ આનંદઘન છિદ્રહી પેખત' એવું આનંદઘન માટે યશોવિજયે કહેલ છે, તેમ પોતાને માટે તે યશોવિજય ઘણે સ્થળે નિંદક દુર્જનો સામે પોકાર વ્યક્ત કરે છે. દા. ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"પ્રભુ! મેરે અયસી આઈ બની, મનકી વ્યથા કુનપેં કહીએ? જનો આપ ધની. પ્રભુ!
ચિત્ત તુ ભઇ દુરજનકે વચના, જૈસે અર અગની
સજ્જન કોઉ નહિ જાકે આગે, બાત કહું અપની. પ્રભુ! (પૃ૦ ૧૧૯)
અબ મેરી ઐસી આય બની.

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરણી;
નામ જપું જલધાર તિહાં તુજ, ધારૂં દુઃખહરણી—અબ૦
મિથ્યામતિ બહુ જન હે જગમેં, પદ ન ધરત ધરની;
ઉનતેં અબ તુજ ભક્તિપ્રભાવેં, ભય નહિ એક કની-અબ૦ (પૃ૦ ૧૦૦-૧૦૧)

મુજ તુજ શાસન-અનુભવકો રસ, કયું કરી જાણે લોગ?
અપરિણીત કન્યા નવિ જાણે, જયું સુખ દયિત-સંયોગ. (પૃ૦ ૮૭)
દુરજનશું કરી જે હુએ દૂષણ, હુએ તસ શોષણ ઈહા,
એહવા સાહિબના ગુણ ગાઈ, પવિત્ર કરૂં હું જીહા (પૃ૦ ૭૦)

—જૂઓ મારા સંપાદિત શ્રી યશોવિજયરચિત-ગુર્જરસાહિત્યસંગ્રહ-૧

આવાં બલ અને દુર્જન તરફથી થયેલા આક્ષેપો, વગોણાં વગેરે બતાવતાં અનેક અવતરણો યશોવિજયજીની ગુજરાતી તેમજ સંસ્કૃત કૃતિઓમાંથી મળે છે. કે-જે હું અત્ર સ્થાનાભાવે ઉતારતો નથી. ઉપરનાં થોડા ઉતારા પરથી જણાશે કે-**એ નિન્દાથી પોતાને બહુ લાગી આવતું, તેનું શોષણ-નિરાકરણ-નિવારણ કરવાની ઇચ્છા રહેતી, ક્રોધ ઉપજતો પણ પ્રભુની ભક્તિ અને ગુણગાન કરીને આશ્વાસન લેતા અને હૃદયનો ક્રોધ અને ખેદ નિવારતા.** શ્રી આનંદઘન એટલા મસ્ત અને ઉચ્ચ કોટિના હતા કે-તેમને કોપ થાય નહિ અને નિંદાની કે માનની પરવા હોય નહિ. આટલો બંનેમાં અંતર લાગે છે છતાં યશોવિજયની આત્મદશા ઉત્તરોત્તર ચડતી ગઈ છે."

આવી જ રીતના ઉદ્‌ગારોદર્શક બીજા બીજા પણ અનેક અવતરણો છે; પરંતુ તે બધા ટાંકીને ગ્રંથનું કદ વધારવાની તેમજ પૂ૦ પૂર્વપુરુષોની લઘુતાદર્શક સાહિત્ય રજુ કરવાની જરાય ઇચ્છા નહિ હોવાથી વિસ્તારથી સર્યું.

પૂ૦ મહો૦શ્રીના ઈર્ષ્યા-અહંકારે સર્જેલું ગંભીર પરિણામ

'**યશોવિજયસ્મૃતિગ્રંથ**'ના પૃ૦ ૨૨ ઉપર શ્રી દેવસૂરગચ્છ બહાર થએલા નવામતી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિના શિષ્ય પં૦ શ્રી કનકવિજયજી લખે છે કે-"આટઆટલા મનોભેદ, સંઘર્ષણ તેમજ વિક્ષેપો હોવા છતાં શ્રી સંઘનું, શ્રમણ સમુદાયનું બંધારણ તે અવસરે અતિશય વ્યવસ્થિત હતું. સેંકડો સાધુઓના નાયક ગચ્છપતિ તરીકે શ્રમણસંઘમાં આચાર્ય (શ્રી વિજયદેવસૂરિજી) એક જ હતા. એક જ આચાર્યની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજ્ઞાનુસાર તેઓશ્રીની સંમતિ મુજબ ગચ્છની સઘળી વ્યવસ્થાઓ તે કાળમાં નિયમિત પણે ચાલતી હતી ગચ્છમાં અનેક સમર્થ વિદ્વાનો, પ્રભાવકો, સંયમધન ત્યાગી, ચારિત્રશીલ સાધુ મહાત્માઓ આ બધાય એકજ આચાર્યશ્રી (વિજયદેવસૂરિજી મ૦) ની મર્યાદામાં શિસ્તપૂર્વક રહી તેઓશ્રીની આજ્ઞાને શિરસાવંદ્ય કરતા."

જૈનસંઘમાં આવું વર્ચસ્વ અને પ્રભુત્વ ધરાવનારા તેમજ બાદશાહ જહાંગીરનું પણ બહુમાન પામવાને કારણે જૈનેતરોમાં પણ ખ્યાતનામ થએલા પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મ૦ સામે અને તેમના સમુદાયના સાધુઓ સામે પણ સમર્થ તાર્કિક શિરોમણિ એવા પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજે જે અમર્યાદ રીતે સતત કલમ ચલાવવા માંડી હતી તેનું પરિણામ, આપણે ઉપર જોઈ ગયા એટલું જ આવીને અટકયું ન્હોતું; પરંતુ આ જ લેખકના એ પછીના પેરામાંના—'આ જ એક મહત્વનું કારણ, પૂ૦ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ઠેઠ સુધી આચાર્યપદ પર પ્રતિષ્ઠિત ન થઈ શકયા એમાં હોય એમ અનુમાન થઈ શકે છે.' એ નિષ્કર્ષ પ્રમાણે આચાર્યપદવી તો ન જ મેળવી શકયા; પણ સુજસવેલિકારના કથન મુજબ—'અમદાવાદના સુબા મહોબતખાનની લાગવગ લગાડવા છતાં તેમજ અમદાવાદ શ્રીસંઘની વિનંતિ કરાવી હોવા છતાંય ખેદની વાત છે કે-તે પૂ૦ ગચ્છનાયક આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ કે-જેમની ઉપર અતિ આદરભાવ પોતાને હતો તે પૂ૦ આ૦ શ્રી વિજયસિંહસૂરિજી મ૦ના વરદ હસ્તે ઉપાધ્યાય પદવી પણ ન મેળવી શકયા!!

પ્રશંસકોએ કરેલી પૂ૦ મહો૦શ્રીની અમર્યાદ પ્રશંસા.

પૂ૦ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ, સમર્થ તાર્કિક અને ન્યાય વિશારદ હોઈને ૧૭ મી શતાબ્દિના તેમના સમકાલીન વિદ્વાનોમાં અજોડ જ્ઞાની અને વિદ્વાન ગણાતા હતા તેમાં બે મત નથી જ; પરંતુ તે તર્કશક્તિ-જ્ઞાનશક્તિ તેમજ પ્રભુત્વને જ્યારે અતિશયોક્તિભર્યા વર્ણનોથી બિરૂદાવવામાં આવે છે ત્યારે તેમના કરતાં કોટિગુણા પ્રભુત્વને ધરાવનાર પૂર્વના મહાપુરુષોની લઘુતા કેટલી થાય છે? તેનું પ્રશંસકોને ભાન રહેતું નથી. આવા અક્ષમ્ય આશાતનાકારી લેખકોની અક્ષમ્ય ભૂલો ભવિષ્યમાં ભયંકર અનર્થોની પરંપરા ખડી કરે છે. પૂ૦ મહો૦શ્રીની ગુણસ્તવના કરવામાં વધુ પડતા દોડી જનારા તેમના ગુણપ્રશંસકોએ પણ એવી જ અક્ષમ્ય ગંભીર ભૂલો કરીને અનર્થપરંપરાઓ ખડી કરી છે. દાખલા તરીકે—

(૧) **સુજસવેલીભાસમાં**—"કૂર્ચાલી શારદ તણોજી, બિરૂદ ધરે સુવિદિત; બાલપણે અલવે જિણેજી; લીધો ત્રિદશગુરુ જીત॥ લઘુ બાંધવો હરિભદ્રનો રે, કલિયુગમાં એ થયો બીજો રે; (પહેલો કોણ?) છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત બીજો રે +++ પ્રભવાદિક શ્રુતકેવલીજી. આગે હુઆ ષટ જેમ; કલિમાંહે જોતા થકાજી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ પણ શ્રુતધર તેમ." એ પ્રમાણે કવિ કાંતિવિજયજી જણાવી તો શકયા; પરંતુ 'કયાં એ ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા સુગૃહીતનામધેય ગીતાર્થપુંગવ હરિભદ્રસૂરિજી મહારાજ ? અને તે પૂજ્યની ચરણરેણુની પણ યોગ્યતાએ પહોંચવા અસમર્થ એવા પૂ૦ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ?' મેરૂ-સરસવના અંતર જેટલા તફાવતનોય વિચાર કરવા સુજસવેલીકાર કેમ થોભ્યા નહિ હોય ? અને હરિભદ્રસૂરિજીનો બીજો લઘુબાંધવ યશોવિજયજી તો પહેલો કોણ ? તેનો ખુલાસો તે લેખકે કર્યો હોત તો ઠીક ગણાત.

બીજું-અગાઉ અમો જણાવી ગયા તેવું સ્વૈચ્છિક અને આપખુદ વર્તન કરનાર તથા માફીપત્રો પણ લખી આપવાની સ્થિતિમાં મૂકાનારા પૂ૦ મહો૦ શ્રીને પ્રભવસ્વામી-શય્યંભવસૂરિ-ભદ્રબાહુસ્વામી આદિ ૬ શ્રુતકેવલીની સમકક્ષામાં મૂકતાં પહેલાં સુજસવેલિકારને પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦નું વર્તન અને વાણી શ્રુતકેવલીની હરોળનું છે કે નહિ ? એ વિચાર કેમ નહિ આવ્યો હોય ?

(૨)-(પૂ૦ રત્નશેખરસૂરિજી કૃત ટીકાવાળા **'વંદિતુસૂત્ર'** નાં ભાષાંતરમાં અક્ષમ્ય એવી હદ્દથી પણ વધુ ભૂલ જેઓએ કરી છે અને જેમની ભૂલોનું પરિમાર્જન, આ લેખકને સં. ૨૦૦૫માં કરવું પડેલ છે તેવા પ્રખર (?) વિદ્વાન્) આ. શ્રી વિજયધર્મસૂરિજી, **'યશોવિજયસ્મૃતિગ્રંથ'** ના પૃ૦ ૧૪ ઉપર—

"પૂજનીય ઉપાધ્યાયજી મહારાજને મળેલાં અનેક બિરૂદો પૈકી **લઘુહરિભદ્રનું** પણ બિરૂદ છે. જો કે-આરાધ્યપાદ આચાર્યભગવંત હરિભદ્રસૂરિ મહારાજ એટલે તે કાળે જૈનશાસનના એક સમર્થ પ્રાણવાન અજોડ મહાપુરુષ : **એમ છતાં વર્તમાનકાળના જીવો માટે હરિભદ્રસૂરિ મહારાજની અપેક્ષાએ પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ વધુ ઉપકારી હતા એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. હરિભદ્રસૂરિ મહારાજાએ ચૈત્યવાસિઓ વગેરેનાં તથા બૌદ્ધોના પ્રબલ આક્રમણમાંથી જૈન શાસનનો બચાવ કર્યો** અને ભવિષ્યની પ્રજાનાં કલ્યાણ માટે સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં વિશાલ સાહિત્યનું અનુપમ સર્જન કર્યું. **જ્યારે ઉપાધ્યાયજી મહારાજે પરદર્શનોના એકાન્તવાદી સિદ્ધાંતોથી જૈન શાસનનું સંરક્ષણ કરવા ઉપરાંત જૈન ધર્મના ઓઠા નીચે મિથ્યાત્વનો ઝેરી પ્રચાર કરનારા અનેક કુમતિઓથી જૈન શાસનને બચાવી લીધું અને ભોળવાઈ જતા ભદ્રિક વર્ગને શુદ્ધ શ્રદ્ધા તેમ જ સંયમમાર્ગમાં ટકાવી રાખ્યા.** સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં રચાયેલા વિદ્વદ્ભોગ્ય સંખ્યાબંધ ગ્રંથોના સર્જન ઉપરાંત આબાલગોપાલ સર્વ કોઈને સમજ પડી શકે અને જૈન ધર્મના નિશ્ચય વ્યવહાર વગેરે સર્વ સિદ્ધાંતોનો સુગમતયા બોધ થાય, તેમ જ પ્રભુભક્તિમાં ભાવોલ્લાસની વૃદ્ધિ થાય તે પ્રકારનું મિશ્ર (હિંદી-ગુજરાતી) તથા ગુર્જર ભાષામાં સંખ્યાબંધ સ્તવનાદિ સાહિત્યનું સર્જન કરી ભાવિપ્રજાને અવર્ણનીય શ્રુતજ્ઞાનનો ખજાનો સોંપી ગયા." એ પ્રમાણે લખેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુજ્ઞ વાચકો! આ પ્રમાણે મહો૦શ્રીની અઘટિત ગુણસ્તવના કરવાના રસીયા પ્રશંસકોમાંના આ એક પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરિજીએ પૂજ્ય ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા–યુગપ્રધાન આ૦ શ્રી હરિભદ્રસૂરિજી મ૦ની ઉપરના પેરામાં મહત્તા બતાવી કે લઘુતા? એ વિચારશો.

(૩)–**'યશોવિ૦ સ્મૃતિ ગ્રંથ'** પેજ ૩૨ થી ૫૦ સુધીમાં લેખ લખનાન નવામતી આ૦ શ્રી વિજયપ્રેમસૂરિજીના શિષ્ય (કે–જેઓ, 'વાળાકુંચીના શાસ્ત્રીય વિધાનને ચાલુ વ્યાખ્યાને 'જતિઓની પરંપરા'થી ચાલુ થયાનું બેધડક કહેનાર અને તાજેતરમા 'ભુવનભાનુસૂરિજી' નામે પ્રખ્યાત થયા છે તે) મુનિ શ્રી ભાનુવિજયજી, ઉપરના બે નંબરમાં જણાવેલા આ૦ શ્રી ધર્મસૂરિજીના લખાણનેય સારૂં કહેવરાવે તેવી રીતનું પેજ ૪૧ ઉપર લખાણ કરતાં જણાવે છે કે–"+ + + **તદન્તર્ગત ચૌદ પૂર્વોના પણ અસાધારણ વિદ્વાન શ્રી ઉપાધ્યાયજી** મહારાજ પણ એવી અસાધારણ વ્યાપક વિદ્વત્તા ધરાવતા કે–લગભગ કોઈ પણ વિષયમાં એમને પ્રશ્ન પૂછો તો એમ થઈ આવે કે–ઉપાધ્યાયજી મહારાજ શું નથી જાણતા એ શોધવાનું કામ અશકય બની જાય"

આ પ્રમાણે લખનાર અને પોતાને શાસ્ત્રપ્રેમી મનાવનાર મુનિ શ્રી ભાનુવિજયજીને પ્રશ્ન છે કે-વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થયેલા યુગપ્રધાન શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના કાળે એક પૂર્વનું જ્ઞાન હતું તો પછી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછી એક પ્રહાર વર્ષથી પણ અધિક કાળ ગયા પછી થનાર પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ **૧૪ પૂર્વોના પણ અસાધારણ વિદ્વાન્** થયાનું જણાવતો શાસ્ત્રપાઠ કોઈ સ્થળે દીઠો છે?

વળી અછતી ગુણપ્રશંસારૂપે ઉપર મુજબનો પેરો નવામતી મુનિરાજ શ્રી ભાનુવિજયજી લખીને પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ને 'ચૌદપૂર્વી' તરીકે અને સમગ્ર વાઙ્મયના પારંગત તરીકે ઠસાવવા કોશિષ કરી રહેલા છે, ત્યારે એ જ શાસ્ત્ર અને પરંપરાલોપક નવામતના મુખ્ય સંચાલક વયોવૃદ્ધ આ૦ શ્રી સિદ્ધિસૂરિજીના શિષ્ય પં૦ કલ્યાણવિજયજી, પોતાના **'નિબંધનિચય'** નામના પુસ્તકમાંના ૧૫ મા નિબંધના પેજ ૮૬ થી ૮૮ સુધીમાં તે મહો૦ શ્રી યશોવિ૦ મ૦ને માટે નીચે પ્રમાણેના 'જ્ઞાની અને વાઙ્મય પારગામી' તરીકેની ઓળખ આપે છે:—

"ગ્રંથમેં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકે પરિષ્કાર કહીં-કહીં દીયે ગએ હૈ। ઇન પરિષ્કારોંકી ઇસકે (ધર્મસંગ્રહકે) અંતર્ગત કરનેકી આવશ્યતા થી ઐસા કોઇ કારણ પ્રતીત નહીં હોતા, **કયોં કિ ઐસા એક ભી પરિષ્કાર હમારે દૃષ્ટિગોચર નહી હુઆ કિ જિસકે ન દેને પર ગ્રંથકા વહ સ્થલ અશુદ્ધ અથવા તો અસ્પષ્ટ રહતા,** + + + ઉપાધ્યાય શ્રી યશોવિજયજીને મૈત્ર્યાદિ ચારે ભાવનાઓંકા જો અપને પરિષ્કારમેં અર્થ કિયા હૈ, **વહ હમારી રાયમેં વાસ્તવિક નહીં** હૈ, કયોં કિ મૈત્ર્યાદિ ભાવના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચતુષ્ટય મૂલમેં જૈનોંકે ઘરકી ચીજ નહીં હૈ. + + + + + + આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ આદિ પિછલે લેખકોંને ભી અપને ગ્રંથોમેં ઇન ભાવનાઓંકી ચર્ચા કી હૈ, પરન્તુ શ્રી યશોવિજયજી મહારાજને ઇન ભાવનાઓંકી વ્યાખ્યા કી હૈ, વહ કિસી ગ્રંથસે મેલ નહીં ખાતી, ઉદાહરણ સ્વરૂપ આચાર્ય શ્રી હેમચંદ્ર મૈત્રી ભાવનાકી વ્યાખ્યા નિમ્નપ્રકાર સે કરતે હૈં :—

" मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।।
मुच्यतां जगदप्येषा, मति-मैंत्री निगद्यते । "

અર્થાત્ :–કોઇ ભી પાપ ન કરે, કોઈ ભી દુઃખી ન હો, સારા જગત કર્મોંસે મુક્ત હો, ઇસ પ્રકારકી બુદ્ધિકો ' મૈત્રીભાવના ' કહતે હૈ ।

અબ ઉપાધ્યાયજીકી મૈત્રીભાવનાકી ભી વ્યાખ્યા પઢિયે :—

' तत्र समस्तसत्त्वविषयः स्नेहपरिणामो मैत्री '

અર્થાત્ :–" ઉન ભાવનાઓમેં મૈત્રીભાવનાકા લક્ષણ હૈ–તમામ પ્રાણી વિષયક સ્નેહ પરિણામ । "

પાંઠકગણ દેખેંગે કિ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત મૈત્રીકી વ્યાખ્યામેં ઔર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કૃત મૈત્રીકી વ્યાખ્યામેં દિનરાત જિતના અંતર હૈ । ઉપાધ્યાયજી મૈત્રીભાવનાકો ' સ્નેહ ' રૂપ બતાતે હૈં, જો જૈન સિદ્ધાન્તસે મેલ નહીં ખાતા. ઇસી પ્રકાર દૂસરી ભાવનાઓંકે સંબંધમેં ભી જાન લેના ચાહિએ ।

વિશેષગૃહીધર્માધિકારકે અંતમેં ગ્રંથકાર (ઉપા૦ માનવિ૦)ને ' જિનબિંબ પ્રતિષ્ઠાકા પ્રકરણ ' દિયા હૈ, ઉસકા સમાપ્તિમેં જો મંગલગાથાએં દી હૈ વહાં ભી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને ' સિદ્ધાણ પઇટ્ઠા ' ઇસ પર અપના સંશોધન કર ' પઇટ્ઠા ' કે સ્થાન પર ' પસિદ્ધા ' યહ શબ્દ રકખા હૈ જો ઠીક નહીં, પ્રત્યેક ' પ્રતિષ્ઠાકલ્પ ' મેં પ્રતિષ્ઠા કે અંતમેં કિયે જાનેવાલે ' મંગલઘોષ ' મેં ' પઇટ્ઠા ' અગર ' પતિટ્ઠા ' શબ્દ હી આતે હૈ, ' પસિદ્ધા ' નહિ. ઉપાધ્યાયજી મહારાજકે દિમાગમેં કુછ ઐસી બાતેં જચ ગઇ હૈ કિ સિદ્ધ આદિકી પ્રતિષ્ઠા શાશ્વત હૈ, જિસકી ઉપમા અશાશ્વત પ્રતિષ્ઠાકો નહીં દી જા સકતી; પરંતુ ઉપાધ્યાયજીકા ઉક્ત સંશોધન વાસ્તવમેં સંશોધન નહીં બલ્કિ ' શુદ્ધ 'કો ' અશુદ્ધ ' કરનેવાલા પાઠ હૈ । + + + "

વાચકગણ ! કહેવાતા ઇતિહાસવેત્તા અને નવા તિથિમતના સંચાલક પં૦ શ્રી કલ્યાણવિજયજી પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજને સમસ્ત વાઙ્મય પારગામી તરીકે કે ચૌદ પૂર્વના જ્ઞાતા તરીકે આ ઉપરના ઉલ્લેખમાં તો જણાવતા કે માનતા જ નથી; પરંતુ 'અચ્છા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંશોધનકાર' તરીકેય સ્વીકારવા તૈયાર નથી! એટલું જ નહિ પણ 'શુદ્ધ' પદાર્થને 'અશુદ્ધ' બનાવનાર તરીકેની ઓળખાણ કરાવે છે! ત્યાં આ મુનિ શ્રી ભાનુવિ૦ શું જોઈને ઉપર મુજબનો ઉલ્લેખ કરતા હશે? આમાં વ્યક્તિરાગ સિવાય બીજું કંઈ હોય તેમ લાગતું નથી.

(૪)–'**યશોવિ૦ સ્મૃતિગ્રંથ**'ના પેજ ૧૯ થી ૨૪ સુધીમાં 'ઉપા૦ શ્રી યશોવિ૦ મ૦નું અદ્‌ભુત વ્યક્તિત્વ' રજુ કરનાર નવામતી આ૦ શ્રી રામચંદ્રસૂરિના શિષ્ય પં૦ કનકવિજયજી, પેજ ૨૨ ના ત્રીજા પેરામાં–"તે અવસરે સર્વ કોઈ શ્રમણવર્ગનો તેઓના પ્રત્યે પરિપૂર્ણ આદરભાવ હતો. સાધુ સાધ્વી સમુદાય ઉપરાંત શ્રાવક–શ્રાવિકા સંઘનો પણ અત્યધિક પૂજ્યભાવ તેઓ પ્રત્યે વર્તતો રહ્યો. આ બધું તેઓના પ્રબલ પુણ્ય પ્રકૃતિનાં પરિણામરૂપ કહી શકાય, નજીકના કાલમાં જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજીના સાધુ–સમુદાયમાં જે ગંભીર ભેદ ઊભો થયો હતો, તે આ અવસરે સંધાઈ જતાં પૂ૦ આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજીના પટ પર તે કાલે પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરીશ્વર વિદ્યમાન હતા. તેઓશ્રીના વરદ હસ્તે પૂજ્ય શ્રી યશોવિજયજીને વાચકપદ-ઉપાધ્યાયપદથી શ્રી સંઘે વિભૂષિત કર્યા." આ પ્રમાણે લખે છે.

જોકે– આ પેરા વિસ્તૃત સમાલોચના માગે તેમ છે; પરંતુ તેમ નહિ કરતાં હાલ તો એ લેખકને એટલું જ પૂછીશું કે–આ અગાઉ અમે પૂ૦ મહોપાધ્યાયશ્રી અંગેની તત્કાલીન પરિસ્થિતિની જે વિશદ સમીક્ષા કરી અને તેમાં તે વખતના શ્રમણો-શ્રમણીઓ –શ્રમણોપાસકો અને શ્રમણોપાસિકાઓનો પૂ૦ મહોપાધ્યાયશ્રી પ્રતિના પૂજ્યભાવ તથા આદરભાવનો જે તાદેશ ચીતાર આપેલ છે તેમાં તેમજ 'યશોવિ૦ સ્મૃતિગ્રંથ'ના સંપાદક મુનિએ પોતાના 'સંપાદકીય નિવેદન'માં–"વીતરાગદેવના સન્માર્ગને સુરક્ષિત રાખનાર આ મહાપુરુષના જીવન અને મૌલિક વિશેષતાઓની નોંધ તેઓશ્રીના સમકાલિન અનેક મિત્રમુનિવરો, વિદ્વાનો હોવા છતાં કેમ કોઇએ ન કરી?" એ પ્રમાણે જણાવેલી વાતમાં તેઓ સંમત છે કે વિરુદ્ધ? જો સંમત જ હોય તો પછી 'તેઓના પ્રત્યે પરિપૂર્ણ આદરભાવ હતો, અત્યધિક પૂજ્યભાવ તેઓ પ્રત્યે વર્તતો રહ્યો, આ બધું તેઓના પ્રબલ પુણ્યપ્રકૃતિના પરિણામરૂપ કહી શકાય, વિજયહીરસૂરીશ્વરના સાધુસમુદાયમાં જે ગંભીરભેદ ઊભો થયો હતો તે આ અવસરે સંધાઇ ગયો' ઇત્યાદિરૂપે ભાટ બારોટની જેમ ખોટાં વખાણો કે પ્રશંસા કરી શું કામ ખોટી મહત્તા વધારવા મથતા હશો?

આવી રીતની અમર્યાદ અને અછતી પ્રશંસાઓ કરનાર પ્રશંસકો, પ્રશસ્ય મહા–પુરુષોની મહત્તા કે શોભા વધારતા નથી જ; બલ્કે તેમના વિદ્યમાનગુણોને પણ હીણપત પહોંચાડી રહ્યા હોય છે સાથોસાથ તેમના સમકાલીન તથા પૂર્વકાલીન પૂજ્ય મહાપુરુષોની પણ લઘુતા કરાવી રહ્યા હોય છે! જે અતિ શોચનીય છે. આવું અછતું અને ઇતિહાસ વિરુદ્ધનું લખવા કરતાં ચૂપચાપ બેસતા હોય તો શું ખોટું?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિક્રમ સંવત ૨૦૧૩માં પ્રગટ થએલ અને મુનિ શ્રી યશોવિજય સંપાદિત 'યશોવિ૦ સ્મૃતિગ્રંથ'માંના લેખકોએ આવી આવી તો ઘણીએ અછતી ગુણવર્ણનાઓ કરી છે તેમ જ શાસ્ત્ર વિરુદ્ધ પણ ઘણું ઘણું આલેખન કરેલ છે! જેનું શુદ્ધીકરણ જો કરવામાં આવે તો એક દળદાર ગ્રંથ થવા પામે તેમ છે; પરંતુ તે કાર્ય અવસરે કરવાનું રાખી પ્રસંગોપાત આટલું ચીમકીરૂપે જણાવીને પૂ૦ મહો૦શ્રી અંગેના પ્રસ્તુત વિષયને ચર્ચીશું.

પૂ. મહો.શ્રીની જીવન નોંધોથી વંચિત રહેલ જૈન સમાજ.

આગળ જણાવી ગયા તેમ પૂ૦ મહો૦ શ્રી યશોવિજજી મ૦શ્રી માટે આવેલું ગંભીર પરિણામ એટલેથી અટકવા પામ્યું નથી, પણ એથીય આગળ વધેલ. જે નીચેના ઉલ્લેખોથી સુજ્ઞવાચકોના દૃષ્ટિપથમાં આવશે.

'**યશોવિ૦ સ્મૃતિગ્રંથ**'માંના '**સંપાદકીય નિવેદન**'માં મુનિશ્રી યશોવિ૦એ. "ઉપાધ્યાયજી મહારાજે પોતાના જીવનના બધાંય વર્ષો, જીવનનું સઘળું સુખ, જીવનની તમામ કમાઇ જૈન શાસનને અર્પણ કરી દીધાં હતાં. જીવનના અંતિમ વર્ષ સુધી સાહિત્ય સર્જન, શાસનસેવા અને ધર્મરક્ષાના શ્વાસ લેનાર એ વીરપુરુષ આપણી સમક્ષ સેવા, સ્વાર્પણ અને પુરુષાર્થનો આદર્શ નમુનો મૂકતા ગયા છે. શાસનમાં બુદ્ધિમાનો ઘણા પાકે છે, પરંતુ કર્તવ્યપરાયણો અને નવ્યસર્જકો ગણ્યાગાંઠ્યા જ પાકે છે. ઉપાધ્યાયજી એક સર્જન અને ક્રાંતિકારી પુરુષ હતા" એ પ્રમાણે જણાવ્યા મુજબના જીવનની અંતિમ ક્ષણ સુધી નવનવું સર્જન કરી શાસનને વારસો સોંપી જનાર તે પૂ૦ મહો-પાધ્યાયશ્રીનું ઐતિહાસિક મહત્વ જળવાય રહે તેવી કોઇ પણ મૌલિક જીવન નોંધો, તે પૂજ્યશ્રીના સમુદાય પ્રતિના ઉગ્ર પ્રહારો અને આપખુદ જેવા વર્ત્તનથી ત્રાસી ગયેલા તે કાલના દેવસૂરસંઘ કે આણસૂરસંઘના કોઈ મુનિઓએ નોંધવી યોગ્ય નહિ લાગતા નોંધી નહિ હોય!

આથી તે 'સંપાદકીય નિવેદન'ના પૃ. ૨૨ ઉપર '**ખેદજનક ઘટના**' એ શીર્ષકતળે સંપાદક મુનિશ્રી યશોવિજયજીને પણ લખવું પડેલ છે કે– 'બાકી શાસનના આવા એક પરમ પ્રભાવક, અસાધારણ વિદ્વાન, મહાન સર્જનકાર, કૂર્ચાલશારદ, અવિરતજ્ઞાનોપાસના અને અખંડ તત્ત્વચિંતનના પરિપાકરૂપે જ્ઞાનનિધિની સમૃદ્ધ અને અણમોલ ભેટ આપનાર+++ જૈન સિદ્ધાંતો અને તેની પરંપરાના જાગરૂક રખેવાલ, નિશ્ચય અને વ્યવહારની તુલાના સમધારક, મૂર્ત્તિ અને મૂર્ત્તિપૂજા પ્રત્યેના વિરોધી આંદોલનો, ક્રિયાશૂન્ય અધ્યાત્મવાદીઓની માન્યતા અને તેના પ્રચાર સામે શાસ્ત્ર અને તર્ક બંને દ્વારા બુલંદ સિંહનાદ કરનાર, **વીતરાગદેવના સન્માર્ગને સુરક્ષિત રાખનાર આ મહાપુરુષની જીવન અને મૌલિક વિશેષતાની નોંધ, તેઓશ્રીના સમકાલીન અનેક મિત્ર મુનિવરો,**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્વાનો હોવા છતાં કેમ કોઇએ ન કરી? એ ઘટના એક પ્રશ્નાર્થક બની રહે છે. + + +"

પોતાના પરમ ઉપકારી અને સંયમપ્રાણાધાર એવા તારકપૂજ્યો પ્રતિનાય ઇર્ષ્યા-અસૂયા આદિના પ્રતાપે સમર્થ શક્તિશાલી અને પ્રતિભાસંપન્ન આત્માઓને પણ કેવું શોષવું પડે છે અને કેવી વિકટ પરિસ્થિતિના ભાજન બનવું પડે છે? તેનું જવલંત ઉદાહરણ આપણને પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ પૂરું પાડયું છે એમ કહીએ તો જરાય અતિશયોક્તિ જેવું નથી.

પોતે સમર્થ જ્યોતિર્ધર, ન્યાયવિશારદ, સમર્થજ્ઞાની તેમ જ પ્રતિભાસંપન્ન હોઇને જૈનસંઘમાં આગવું સ્થાન મેળવી શકે તેવી યોગ્યતાવાળા હોવા છતાં સ્વવર્ત્તણુકના કારણે જૈનસંઘમાં પોતાનું સ્થાન નહિવત્ થયાનું અને તેને કારણે તપગચ્છના કટ્ટરશત્રુ એવા ખરતર ગચ્છના ઋષિ મણિચંદ્રજી આદિના સતત સંપર્કમાં આવીને પક્ષબળ વધારવાની સ્થિતિમાં મૂકાવવું પડયાનું પોતાને અનુભવસિદ્ધ હોવા છતાં તેમજ પૂર્વે જણાવી ગયા તેમ લાગવગ અને વિનંતિ થવા છતાં પૂ૦ ગચ્છનાયકશ્રી તરફથી 'ઉપાધ્યાય પદવી' પણ નહિ મળેલ હોવાનું ય સ્વાનુભવગમ્ય હોવા છતાં પૂ૦ મહોપાધ્યાયશ્રી, પોતે અપનાવેલ માર્ગથી રંચમાત્ર પાછા હટયા નહિ! એટલું જ નહિ પરંતુ પોતે ગચ્છનાયક નહિ હોવા છતાં તે મણિચંદ્રાદિના સાથથી પૂ૦ ગચ્છનાયક શ્રી વિજયપ્રભસૂરિજીમ૦ની પણ અવગણના કરવાપૂર્વક અગાઉ જણાવ્યા મુજબના '**સાધુમર્યાદા પટ્ટક**' ઘડીને પ્રચારવા પણ લાગ્યા!!

અંતે પૂ૦ મહો૦શ્રીએ સ્વીકારેલ આત્મશુદ્ધિનો માર્ગ.

આમ પૂ૦ મહોપાધ્યાયશ્રી, જ્ઞાનગર્વે ચડી જઇને પૂ૦ ગચ્છનાયકની પણ સામે જેટલું બની શકયું તેટલું સામે પૂરે ચાલ્યા! પણ તેથી પૂ૦ ગચ્છનાયકશ્રીની મહત્તા કે પ્રતિભા ઘટવાને બદલે વધુ સતેજ થતી જોઇને અને પોતાની જ મહત્તા ઘટતી જતી જોઇને અંતે બુદ્ધિશાળી એવા તે પૂ૦ મહો૦શ્રીએ સમય વરતી જઈને તદ્દન નમ્ર બની તત્કાલીન ગચ્છનાયક વિજયસિંહસૂરિજી મ૦ના શરણે આવ્યા. અને પોતે કાશીવાસ દરમ્યાન કરેલા અને તે પછીના પણ મુનિઓના શિથિલાચાર અંગે સખત કલમ ચલાવવા પૂર્વકના કરેલા વર્તનોનું પ્રાયશ્ચિત કરવા ઇચ્છયું.

પૂ૦ગચ્છનાયકશ્રીના પટ્ટધર પૂ૦ આ૦ શ્રી વિજયસિંહસૂરિજી મહારાજે પણ સ્વયં વિનમ્ર બનીને સામેથી આવેલા મહો૦શ્રીના પૂર્વના જીવન અંગે સહજ પણ ટકોર કર્યા સિવાય ધીરે ધીરે યોગ્ય હિતશિક્ષાઓ આપવાપૂર્વક સ્થિર કર્યા, અને તેમની ગચ્છવાસી સાધુઓની શિથિલતા આદિ અંગેની ભ્રમણાઓ દૂર કરી ઉપકાર કર્યો. પૂ૦ ગચ્છનાયક-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીના આવા ઉદાર વર્તનથી પ્રભાવિત થએલા પૂ૦ મહોપાધ્યાયશ્રીને મનમાં પોતાના અહંકાર-ઈર્ષ્યા-અસૂયા આદિને લઈને લેવાઈ ગયેલાં પગલાંઓ ઉપર તિરસ્કાર છૂટ્યો. એટલું જ નહિ પણ પોતાના તે પાપોનું જાણે પ્રાયશ્ચિત્ત કરતા હોય તેમ ૩૫૦ **ગાથાના સ્તવનમાં**- "તાસ પાટે વિજયદેવસૂરીસરૂ, પાટ તસ ગુરૂ વિજયસિંહ ધોરી; જાસ હિતસીખથી માર્ગ એ અનુસર્યો, જેહથી સવિ ટલી કુમતચોરી...આજ૦ ॥૧૦॥" એમ ગાથાઓ પણ રચી હતી.

૩૫૦ ગાથાના સ્તવનની આ ૧૭મી ઢાળનો ટબાર્થ, પૂ૦ આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ૦ (કે જેઓ પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મ૦ના સમકાલીન હતા. તેઓ)એ આ પ્રમાણે કરેલ છે કે-"તસ પટ્ટપ્રભાવક શ્રી વિજયદેવસૂરિ થયા. તેહનઈ પાટઈ શ્રી વિજયસિંહસૂરિ ગચ્છભારધુરિધર વા ધોરી સમાન થયા, જેહની હિતશિષ્યાથકી આજ્ઞા પામીનઈ એ સંવેગમાર્ગ શુદ્ધકથન યથાસમયઈ શક્તિનઈ અનુસારઈ સંવેગમાર્ગ પાલવાનો ખપ તે સંવેગમાર્ગ આદર્યઉ; જેહ સંવેગમાર્ગ અંગીકરણથી કુમત કુગુરુકથનશ્રવણરૂપ ચોરી તીર્થંકર અદત્તાદિની ટળી-મીટી ગઈ ॥૧૦॥"

યથામતિ તત્કાલીન સંયોગગુંફિત સ્પષ્ટ ભાવાર્થ એ છે કે-"**જાસ હિતશીખથી**-'શીથિલયતિને શાસ્ત્રદૃષ્ટિએ શુદ્ધચારિત્રી જોવા સારૂ તેમના પર પ્રહારો કરવાથી તેનું ચારિત્ર તો સુધરે નહિ; પરંતુ સામેથી આપણને કર્મબંધ થાય એમ ન બનવા પામે એ સારૂ સાત્ત્વિક શાસ્ત્રદૃષ્ટિ એ છે કે-"તમારા જેવા સમર્થ વિદ્વાને તેવા યતિને સુધારવા સારૂ તેમની સાથે પણ સમભાવે વર્ત્તીને તેમની શિથિલતાને સૌમ્યપણે જ દુર કરવાનો પ્રયાસ જારી રાખવો આત્મહિતકર છે: તેમાં જ તેમનો સુધાર છે અને પ્રયાસકને કર્મનિર્જરા છે' ઇત્યાદિ આત્મહિતકારી શિખામણ પ્રાપ્ત થવાથી '**માર્ગ એ અનુસર્યો**'-અભ્યાસી ચારિત્રથી ઉંચે ચડાવનાર પરંપરાગત ચારિત્રમાર્ગ તેને હું પામ્યો. '**જેહવી સવિ ટળી કુમતિચોરી**'-કે જે માર્ગ પામવાથી (ખરતરગચ્છના અધ્યાત્મયોગી મહાત્માઓએ ગચ્છવ્યવહારને તજીને સ્વીકારેલા) વનવાસી માર્ગને આત્મકલ્યાણકર માની લેવા અધ્યાત્મયોગીઓના સંપર્કમાં લાભ માનતી થએલી મારી સત્યમાર્ગની ચોરીરૂપ કુમતિ દુર થવા પામી." એમ સ્પષ્ટ શબ્દોમાં એકરાર કરેલ છે.

વળી-'અમ્હારિસા વિ મુક્ખા, પંતીએ પંડિઆણ પવિસંતિ॥ અણં ગુરુભત્તીએ, કિં વિલસિઅમબ્ભુઅં ઇત્તો।'-અમારા જેવા મૂર્ખાઓ પણ આજે પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે, એનાથી અધિક ગુરુભક્તિનો પ્રભાવ બીજો કયો હોઈ શકે?' એમ જણાવી ગુરુના ગુણ ગાયા છે.

તેમ જ 'બીજા-બીજા મુનિઓને અજ્ઞાની-શિથિલાચારી-પાસત્થા-કુચારિત્રીયા' તરીકે જે લેખાવતા હતા તેના પ્રાયશ્ચિત્તરૂપે-'અસ્માદશાં પ્રમાદગ્રસ્તાનાં, ચરણકરણહી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાનાં । અબ્ધૌ પોત इव प्रवचनराग एव तरणोपायः ।' એમ જણાવીને પોતાને પોતે ચારિત્ર અને ક્રીયાહીણ તરીકે ગણાવેલ છે.

પૂ૦ મહો૦ શ્રીની આમ વારંવાર પલટાતી સ્થિતિ.

પૂ૦ આ૦ શ્રી વિજયસિંહસૂરિજી મ૦ દ્વારા પૂ૦ મહોપાધ્યાયશ્રીએ મુનિઓના શિથિલાચાર આદિ અંગે કરેલા વર્ત્તનોનું શુદ્ધીકરણ ચાલું હતું, તેમાં અચાનક પૂ૦ આ૦શ્રી વિજયસિંહસૂરિજી મ૦નો સં. ૧૭૦૯માં સ્વર્ગવાસ થતાં પૂ૦ ગચ્છનાયક આ૦શ્રી વિજયદેવસૂરિજી મહારાજે પોતાની પાટ ઉપર વિજયપ્રભસૂરિજીને સ્થાપ્યા હતા. આ વાત પોતાનાં માનીલા સ્વભાવને રૂચિકર ન બનતા પૂ૦ મહોપાધ્યાયશ્રીએ અગાઉ જણાવી ગયા તેવું તે બંને ગચ્છનાયકો પ્રતિનું વર્ત્તન ફરી ચાલુ રાખ્યું અને ઉગ્ર તથા કટુભાષામાં ઘણાય તીક્ષ્ણ પ્રહારો પણ કર્યા હતા !! અને તેના પ્રતાપે પોતે આચાર્યપદની યોગ્યતા ધરાવતા હોવા છતાં ઉપાધ્યાયપદથી પણ વંચિત રહેલા. કે-જે અધિકારથી વાચકો માહિતગાર જ છે. આમ વારંવાર પલટાતી પોતાની પરિસ્થિતિથી ત્રાસી ઉઠેલી જૈન સમાજના ઉકળાટને શમાવવાની અને પોતાના અસ્થિર સ્થાનને સ્થિર બનાવવાની ફરજ મહો૦શ્રીને માથે આવી પડી.

પૂ૦ ગચ્છનાયકશ્રીને લખી આપવું પડેલ માફીપત્ર

આથી એ અસહ્ય પરિસ્થિતિમાંથી ઉગરી જવા માટે બુદ્ધિશાળી અને જ્ઞાની એવા મહોપાધ્યાયજીને ગચ્છનાયક આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી મ૦ને શરણે ફરજીયાત જવું પડયું અને પોતાના આજસુધીના મનસ્વી વર્ત્તનોનું પ્રાયશ્ચિત્ત પણ માગવું પડયું ! ઉદારમના ગચ્છનાયકે તેઓશ્રીના વડિલો પ્રતિના અમર્યાદ વર્ત્તાવને તેમ જ તેઓશ્રીની પ્રતિભાને ધ્યાનમાં રાખી તેમની આત્મવિશુદ્ધિ અર્થે વિધિપૂર્વક વીશસ્થાનક તપારાધનનું પ્રાયશ્ચિત આપ્યું ! જે મહો૦શ્રીએ પણ સહર્ષ સ્વીકારી પ્રાયશ્ચિત્ત કરવા માંડયું અને બીજી બાજુ ખરતરના મણિચંદ્ર આદિનો સાથ-સહકાર લઇને-જુદો સંવેગીપક્ષ સ્થાપીને ગચ્છનાયકના દાવે ગચ્છનાયકની પણ મર્યાદાનો ભંગ કરીને જે 'સાધુ મર્યાદા પટ્ટક' બનાવ્યો હતો અને શ્રાવકો આદિને ઉશ્કેર્યા હતા અને તેને અંગે જૈન સમાજમાં ખુબ ઉહાપોહ થવાથી સંઘના મોવડીઓએ મહો૦ શ્રી ઉપર દબાણ લાવી તેઓશ્રીને અંકુશમાં લાવવા પડયા અને તેના પરિણામે ભીષ્મપ્રતિજ્ઞા પૂર્વકનું માફીપત્ર પણ પૂ૦ ગચ્છનાયકશ્રીને મહો૦શ્રીએ લખી આપવું પડયું હતું. જે માફીપત્ર આ પ્રમાણે :—

"ॐ नत्वा सं० १७१७ वर्षे भ० श्री विजयप्रभसूरीश्वर चरणान् शिशुलेशः पं० नयविजयगणि शिष्य जसविजयो विज्ञपयति, अपरं आज

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાહલ્લાં જે મઇ અવજ્ઞા કીધી તે માપ(ફ), હવિ આજપછી શ્રી પૂજ્યજી થકી કરવું વિપરિતપણું કરું, તથા શ્રી પૂજ્યજી થકી જે વિપરીત હોઇ તે સાંથિ-મિલું તો, તથા મણિચંદ્રાદિકનિં તથા તેહોના કહિણથી જે શ્રાવકનિં શ્રી પૂજ્યજી ઉપરિં, ગચ્છવાસી યતિ ઉપરિં, અનાસ્થા આવી છઇ તે અનાસ્થા ટાલવાનો અનૈ તેહોનિ શ્રી પૂજ્યજી ઉપરિં રાગ વૃદ્ધિવંતો થાઇ તિમ ઉપાય યથાશક્તિં ન કરૂં તો, શ્રી પૂજ્યજીની આજ્ઞા રુચિમાંહિં ન પ્રવર્તું તો, માહરિ માથઇ શ્રી શત્રુંજયતીર્થ લોપ્યાનું, શ્રી જિનશાસન ઉત્થાપ્યાનું, ચૌદરાજલોકનઇ વિષઇ વર્તઇ તે પાપ.''

પૂ૦ મહો૦શ્રીએ લખી આપેલા ઉપર મુજબના માફીપત્રમાં ''૧ આજસુધી મેં ગચ્છનાયકશ્રીની ઘણી અવજ્ઞા કરી છે, ૨-મણિચંદ્ર આદિ ખરતરીય સાધુઓનો સાથ મેળવી અને તેમના કહેવા પ્રમાણે ચાલીને મેં ગચ્છનાયક અને ગચ્છના સાધુઓની અવ-હેલના કરી; એટલું જ નહિ પરંતુ શ્રાવકોને ભંભેરીને અનાસ્થા, ગચ્છ અને ગચ્છનાયક ઉપર કરાવી છે, ૩-હવે ગચ્છનાયકથી વિપરીત ચાલીશ નહિ, ૪-ગચ્છનાયકની વિરૂદ્ધના પક્ષની સાથે મલીશ નહિ, ૫-તેઓની સાથે આલાપ સંલાપ કે મેળાપ રાખીશ નહિ, ૬ શ્રાવકોને ઉશ્કેરીને ગચ્છ તથા ગચ્છનાયક ઉપર અનાસ્થા ઉભી કરાવી હતી તે જેટલી શક્તિ હશે તેટલી ખર્ચીને ટાળવાનો પ્રયત્ન કરીશ, ૭-પ્રયત્ન કરીશ એટલું જ નહિ, પણ અનાસ્થા ટાળીને ગચ્છ તથા ગચ્છનાયક ઉપર જેમ વિશેષ રાગવાળા થાય તેવો પ્રયત્ન કરીશ, ૮-ઉપર મુજબની ૭ પ્રતિજ્ઞાઓમાંની કોઇપણ પ્રતિજ્ઞાનો ભંગ થાય તો શત્રુંજયતીર્થ લોપ્યાનું, જિનશાસન ઉત્થાપ્યાનું જે પાપ લાગે તે પાપનો ભાગીદાર હું છું'' એ પ્રમાણેનો સ્પષ્ટ એકરાર કરેલ છે.

આ માફી પત્ર અંગે શ્રીયુત્ દેશાઈ શું કહે છે !

આવી રીતે ફરજીયાત લખી આપવા પડેલા માફીપત્ર અંગે ઇતિહાસજ્ઞ શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઈ 'મહાવીર જૈન વિદ્યાલય રજત મહોત્સવ' ગ્રંથના પૃ૦ ૨૧૧ ઉપર લખે છે કે—

''તેઓ પ્રખર પ્રકાંડ તાર્કિક હતા ને તેમણે અનેક ખંડનાત્મક કૃતિઓ રચી. પ્રતિભા અને વિપુલ બુદ્ધિ વૈભવથી ચિંતામણિ જેવા ગહન ન્યાય ગ્રંથને અભ્યાસી અવગાહી પછી દર્શન ગ્રંથો અને પૂર્વાચાર્યોના યોગ. અધ્યાત્મ આદિ વિષયનાં પુસ્તકોનું સૂક્ષ્મ અધ્યયન કરી ઘણા ગ્રંથોની રચના કરી. આવા ઉપાધ્યાયના ઉપાધ્યાય એવા, ગચ્છનાયક અને આચાર્ય પદને શોભાવે એવા, બહકે વણિકપુત્ર મહાન જ્યોતિર્ધર હેમચંદ્રાચાર્યની કોટિમાં આવે એવા આ બીજા વણિકપુત્ર યશોવિજયને 'ઉપાધ્યાય' જેવું પદ આપવું એ તપાગચ્છના નાયક શ્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિજયદેવસૂરિને અને તેમના સં. ૧૭૧૩માં સ્વર્ગવાસ પછી વિજયપ્રભસૂરિને ઠીક ન લાગ્યું. અન્યના તેજના દ્વેષ ઘણા સહન કરી શકતા નથી; છતાં તેજસ્વી તે તેજસ્વી રહે છે. **યશોવિજયને શાસ્ત્રાગમના પ્રમાણથી ગચ્છનાયકની ઘણી પ્રવૃત્તિઓ અનિષ્ટ લાગી હતી** તે માટે સામાન્યપણે પણ સ્પષ્ટ કથન કરવામાં +તેમણે હિંમત બતાવી હતી, **પણ પરંપરાગત સાધુસંઘવ્યવસ્થાના બલ અને લોકમાં વસેલા ગચ્છનાયક પ્રત્યેના પ્રબલ આદરભાવને કારણે આખરે આ તેજસ્વી યશોવિજયજીને પણ તેજહીન થવું પડયું.** વિદ્વત્તાની દૃષ્ટિએ નહિ, પણ પોતા પ્રત્યેની અનન્ય ભક્તિથી પ્રેરાઇને વિજયદેવસૂરિએ પોતાની પાટ પર બેસવા નિયુક્ત કરેલા અને પછી પટ્ટધર થયેલા વિજયપ્રભસૂરિ સામાન્યકોટિના હતા. **તેમના પ્રત્યે યશોવિજય જેવાને અતિ આદરભાવ ન હોય તે સ્વાભાવિક છે.** વળી દુર્ભાગ્યે ગચ્છાચાર્ય થવા યોગ્ય અને જેમના પ્રત્યે પોતાનો બહુ પૂજ્ય ભાવ હતો તે વિજયસિંહસૂરિ સં. ૧૭૦૯માં સ્વર્ગસ્થ થયા તેમ જ બીજી (અમોએ અગાઉ ટુંકમાં જણાવી ગયા તેવી પૂ૦ મહો૦શ્રી માટે) અનેકગણી વિષમ પરિસ્થિતિ હતી કે જેમાં અત્ર સ્થાનાભાવે ઉતરવું યોગ્ય નથી. **યશોવિજયજીને નીચેના (માફી પત્રમાં જણાવ્યા મુજબના) શબ્દોમાં તેમની આત્મપ્રતિષ્ઠા ઘવાય તે રીતે માફી માગવી પડી.”**

મહો૦ શ્રીને પોતાની આત્મપ્રતિષ્ઠા ઘવાય ‘એ રીતે માફી પત્ર આપવું પડયું’ એ બીનાથી ઉપરનો પેરા લખનાર શ્રી દેશાઈના હૃદયને આઘાત લાગ્યો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે તો જેઓશ્રીને એ પ્રમાણે માફી પત્ર લખી આપવું પડેલ છે તે પૂ૦ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને તે માફીપત્ર લખી આપતાં શું શું થયું હશે? તેની કલ્પના કરવાનું સુજ્ઞવાચકો ઉપર છોડું છું.

શ્રીયુત્ દેશાઈના તે પેરાની સમીક્ષા.

જે ગચ્છનાયક પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી મ૦ માટે ઉ૦ શ્રી વિનયવિજયજી ‘લોકપ્રકાશ’ના ૩૭ મા સર્ગમાં–‘ तदनु पट्टपतिर्विहितोऽधुना, विजयदेवतपागण भूभृता । गुणगणप्रगुणोऽनए भाग्यभू–र्विजयते गणभृद्विजयप्रभः॥’ એ પ્રમાણે અને ઉ૦ શ્રી રવિવર્દ્ધન ગણિ, પોતાના ‘પટ્ટાવલી સારોદ્ધાર’માં ‘संप्रतिकाले अभिनवगौतमावताराः साक्षात्कल्पतरूरूपाः सकलपरिवारविराजमानाश्च सकलसंघकल्याणमालाभ्युदयप्रदा भवतु।’ એ પ્રમાણે, ગુણસ્તવનાઓ કરે છે; જ્યારે વિજયપ્રભસૂરિ પ્રતિ દ્વષને લઇને અને મહો૦ શ્રી યશોવિ૦

+ વિષય રસમાં ગ્રહી માચીયા, નાચીયા કુગરૂ મદપૂર રે; ધૂમધામે ધમાધમ મચી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે... કામ કુંભાદિક અધિકતુ, ધર્મનું કો નવિ મૂલરે; દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જગ શૂલ રે...અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથ રે; પરમપદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પથ રે? —સીમંધરસ્ત૦ ૧લી ઢાળ, જીમ જીમ બહુ શ્રુત બહુ જનસંમત, બહુલ શિષ્યનો શેઠો; તિમ તિમ જિન શાસનનો વૈરી, જો નવિ અનુભવ નેઠોરે —શ્રીપાલરાસ ૪ થા ખંડ અંતે :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મ૦ પ્રતિના અતિ રાગના કારણે શ્રી દેશાઈ સત્ય ઇતિહાસનીય બેપરવા દાખવવા પૂર્વક પૂ૦ ગચ્છનાયકને 'જ્ઞાનહીન અને સામાન્ય કોટિ'ના પાત્ર તરીકે લેખનીમાં ઉતારી શકયા છે તે અતિશય શોચનીય ગણાય. ખરેખર કાલિકાલસર્વજ્ઞશ્રીએ 'દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્' કહેલ છે તેને શ્રીયુત્ દેશાઇએ ચરિતાર્થ કરી બતાવેલ છે.

શ્રીયુત્ મોહનલાલ દેશાઈ પોતાના ઉપર મુજબના લખાણમાં–"વિદ્વત્તાની દૃષ્ટિએ નહિ, પણ પોતા પ્રત્યેની અનન્ય ભક્તિથી પ્રેરાઇને વિજયદેવસૂરિએ પોતાની પાટ પર બેસવા નિયુક્ત કરેલા અને પછી પટ્ટધર થયેલા વિજયપ્રભસૂરિ સામાન્ય કોટિના હતા. તેમના પ્રત્યે યશોવિજય જેવાને અતિ આદરભાવ ન હોય તે સ્વાભાવિક છે" એ પ્રમાણે પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મ૦ની જ ઉત્કટતા બતાવવા ખાતર પૂ૦ ગચ્છનાયક વિજય-પ્રભસૂરિજી મહારાજને અજ્ઞાની અને સામાન્ય કોટિના માનવી તરીકે ગણાવવાની અધમ હદે પણ પહોંચી ગયા છે! જ્યારે—પૂ૦ આ૦ શ્રી વિજય પ્રભસૂરિજી મહારાજના એક વખતે અવર્ણવાદ બોલવામાં જેઓ અગ્રેસર હતા તે જ પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મ૦ ઉપર મુજબના માફીપત્ર બાદ સ્વસમુદાયમાં જોડાયા પછી તે ગચ્છનાયક પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજીના જ્ઞાનગુણની અને ચારિત્રગુણની મુકતકંઠે નીચે મુજબ પ્રશંસા કરે છે!

॥ श्री विजयप्रभसूरिस्वाध्यायः ॥

(કડખો)

श्री विजयदेवसूरीशपट्टाम्बरे, जयति विजय प्रभसूरिरर्कः ॥
जैनवैशिष्ट्यसिद्धसंगादिना, निजगृहे योगसमयाय तर्कः ॥ श्री विजय० ॥१॥
ज्ञानमेकं भवेद्विश्वकृतकेवलं, दृष्टवाधा तु कर्तरि समाना ॥
इति कर्तृलोकोत्तरे संगते, संगता यस्य धीः सावधाना ॥ श्री विजय० ॥२॥
ये किलोपोहशक्तिं सुगतसूनवो, जातिशक्तिं च मीमांसका ये ॥
संगिरन्ते गिरं ते यदीयं नय–द्वैतपूतां प्रसह्य सहन्ते ॥ श्री विजय० ॥३॥
कारण प्रकृतिरंगीकृतं कापिलैः, क्वापि नैवात्मनः कापि शक्तिः ॥
बंधमोक्षव्यवस्था तदा दुर्घटे–त्यत्र जागर्ति यत्प्रौढशक्तिः ॥ श्री विजय० ॥४॥
शाब्दिकाः स्फोटसंसाधने तत्परा, ब्रह्मसिद्धौ च वेदान्तनिष्ठाः ॥
सम्मतिप्रोक्तसंग्रहरहस्यान्तरे, यस्य वाचा जितास्ते निविष्ठाः ॥ श्री विजय० ॥५॥
ध्रौव्यमुत्पत्तिविध्वंसकिर्मीरितं, द्रव्यपर्यायपरिणतिविशुद्धम् ॥
विस्रसायोगसंघातभेदाहितं, स्वसमय स्थापितं येन बुद्धम्ः ॥ श्री विजय० ॥६॥
इति नुतः विजयप्रभो भक्ति–स्तर्कयुक्त्या मया गच्छनेता ॥
श्री यशोविजयसंपत्करः कृतधिया–मस्तु विघ्नापहः शत्रुजेता ॥ श्री विजय० ॥७॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણેની પ્રગટ ગુણસ્તવનાએ સ્તવાએલા ગચ્છનાયક પૂ૦ આ શ્રી વિજય પ્રભસૂરિજી મ૦ને માટે ઉપર પ્રમાણેની તોછડી કલમ ચલાવનાર શ્રીયુત્ દેશાઈ, સૂર્ય સામે ધૂળ ઉરાડનાર મૂર્ખ માનવીથી ઉતરતા હોય એમ કયો શાણો માને ? અસ્તુ.

આમ છતાંય તુરતમાં તો ઉપાધ્યાય પદવી ન જ મળી !

આવી ભીષ્મપ્રતિજ્ઞાવાળું માફીપત્ર સંઘ સમક્ષ લખી આપવાની આકરી કસોટીમાં મૂકાયા છતાંય અને ઉપર મુજબ પૂ૦ ગચ્છનાયકની પ્રશંસાત્મક સ્તુતિ સ્તોત્રોની રચના કરવા છતાંય પૂ૦ ગચ્છનાયક વિજયપ્રભસૂરિજી મહારાજે તે વર્ષે તો તેમને ઉપાધ્યાયપદ ન જ આપ્યું ! કારણ કે પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મહારાજ, આટલું થવા છતાંય હજુ 'પોતાને જ સંવેગી સાધુ' તરીકે ગણાવવાનો જે આગ્રહ હતો તે છોડયો નહોતો. જે વાત આપણને પૂ૦ પં૦ શ્રી મોતીવિ૦ મ૦ની લખેલી 'તપગચ્છ બૃહત્ પટ્ટાવલી' પૃ૦ ૧૦૦ પંક્તિ ૫ થી ૮ માંનો નીચેનો ઉલ્લેખ સ્પષ્ટ કરી બતાવે છે :—

"×××શ્રી વિજયપ્રભસુરીસ્વર અનુક્રમે વીહાર કરતાં। શ્રી રાંદેર સહેર આવ્યા। શ્રાવકે ઉચીતઃ સાચવ્યો। શ્રી સંઘના કહ્યા થકી પં૦ જસવિજયગણીનાં કાંથીયાં ઉતરાવીને એ શ્રીપદ (ઉપાધ્યાયપદ) આપીને ગચ્છમાંહે લીધા। વળી શ્રી વીજયદેવસુરીને વારે પં૦ વીનયવિજયગણી પણ રીસાઈને સાગરગચ્છમાં ગયા હતા। તેહોણે પણ વાચક પદ આપીને ગચ્છમાં લીધા×××" સુજ્ઞ વાચકો ! વિચારશો કે—પૂ૦ મહોપાધ્યાયશ્રીએ પોતાના જ્ઞાનગર્વે ચડીને ગચ્છનાયકની અને ગચ્છના સંયમીઓની કેટલી ઘોર અવહેલના અને આશાતના કરી હશે ? કે—જેથી પ્રાયશ્ચિત્ત કરવા છતાં, જગતમાં ઉન્નત મસ્તકે ન ફરી શકે તેવું માફીપત્ર લખી આપવા છતાં, ગુણસ્તુતિઓ પણ કરવા છતાંય પૂ૦ ગચ્છનાયક તો નહિ પરંતુ કોઈપણ વડિલો તેમને વરસ થવા છતાંય સમુદાયમાં લેવાની ઇચ્છા ધરાવતા નથી તેમ જ અન્ય ગચ્છના આચાર્યો આદિ પણ તેમને પદવીથી નવાજતા નથી ! રાંદેરના શ્રી સંઘને કયારે ખોળા પાથરવા પડયા હોય ? વિચારશો.

અંધપક્ષપાતી સંપાદક મુનિ ખુલાસો કરશે કે ?

અગાઉ સ્પષ્ટ જણાવી ગયા તેમ 'યશોવિજયસ્મૃતિગ્રંથ'ના સંપાદક મુનિશ્રી યશોવિજયજી, પૂ૦ મહો૦શ્રી અંગેની ઐતિહાસિક બીનાઓને જેમ 'કિંવદન્તી', 'ખોટી', 'અતિશયોક્તિભરી' આદિના ટાઈટલો આપવા પૂર્વક પોતાના 'સંપાદકીય નિવેદન' માં ઉડાવી દીધી છે તેમ ઉપરના પૂ૦ મહો૦શ્રીની ઉજ્વલ પ્રતિષ્ઠાને કલંક સ્વરૂપ ગણાતાં એવાં આ માફીપત્રની ઐતિહાસિક બીનાને પણ ઉડાવી દેવા માટે અંધરાગને વશ થયેલા તે સંપાદક મુનિ લખે છે કે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"૨-ડવણીના ચાર છેડે તેઓ પાંડિત્યના ગર્વસૂચક ચાર ધ્વજાઓ બાંધતા હતા, એમણે સુવર્ણસિદ્ધિ મેળવી હતી તે, માફીપત્ર લખ્યાની વાત, યતિ સાથેના સંબંધની વાતો, તેમનાં જીવન સાથે અઘટમાન લાગતી અતિશયોક્તિભરી અન્ય કિંવદંતીઓ સમ્યગ્ આલોચના માગી રહી છે."

આ પ્રમાણે લખનાર મુનિ શ્રી યશોવિજયજીને પ્રશ્ન છે કે-આ આઠમા પ્રકરણની અંદર પૂ૦ મહો૦શ્રીના ૧૭૧૮ સુધીના આપેલા જીવનવૃત્તાંતમાંની ઐતિહાસિક વિગતોથી- **'પૂ૦ મહો૦શ્રી પોતે ગર્વિષ્ઠ હતા, યતિઓ અને ખરતરો સાથે સંબંધ રાખતા હતા, માફીપત્ર લખી આપ્યું હતું, અને અવ્યવસ્થિત વિચાર તથા વર્ત્તનવાળા હતા'** એ વિગેરે ફલીભૂત થતી બીનાઓ 'કિંવદન્તી' સ્વરૂપ છે કે નક્કર ઇતિહાસરૂપે યથાર્થ સ્વરૂપ છે? તેનો જાહેર ખુલાસો કરશે કે?

'યશોવિજયજી યુગ'ની ઐતિહાસિક સમીક્ષાનો ટુંક સાર.

શ્રીમદ્ બુદ્ધિસાગર ગ્રંથમાલા-ગ્રથાંક ૨૪ **'ઐતિહાસિક રાસમાલા'** ભા૦ ૧ પ્રસિદ્ધિ સં૦ ૧૯૬૯, તદ્ગત 'શ્રી કલ્યાણવિજયગણિ-રાસ'ના પૃ૦ ૨૩૯ માં જણાવેલ 'સંવત સોલ પંચાવન, વત્સર આસો માસ૦'. એ ૬૮ મી ગાથા મુજબ તે રાસની રચના સં. ૧૬૫૫ માં થયેલ છે અને 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભા. ૪ (વિજયતિલકસૂરિરાસ) ની ગાથા ૩૮૪ થી ૪૧૬ ગત અધિકાર મુજબ-તે પૂ૦ મહો૦ શ્રી કલ્યાણવિ૦ મ૦, સં૦ ૧૬૫૬ ના સુરતના ચાતુર્માસમાં સાગર પક્ષના શ્રાવકોને નિર્બલ કર્યા બાદ ૧૬૫૭ ના પ્રાય પોષમાસ સુધી સુરત અને એક ખંભાતના પ્રતિષ્ઠાના શિલાલેખ મુજબ સં. ૧૬૫૮ સુધી તો વિદ્યમાન જણાય છે; પરંતુ તે પછીથી તેઓશ્રીએ કઈ કઇ ભૂમિને પાવન કરી અને કયે ગામે તથા કયા વર્ષે સ્વર્ધામ સાધ્યું? તે જાણવા કોઈ સાધન પ્રાપ્ત થયું નથી

છતાં સાગરપક્ષના વિરોધની મુખ્યતાએ પૂ૦ ગચ્છાધિપતિશ્રી વિજયદેવસૂરિજી પ્રતિના જારી રાખેલા વિરોધના ફલરૂપે સં૦ ૧૬૭૩ માં પોતાના જુદા આચાર્ય સ્થાપનારા પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોનાં નામોમાં તેઓશ્રીનું નામ ઉપલબ્ધ નહિ થતું હોવાથી તેઓશ્રીનું સ્વર્ગગમન કદાચ તે સં૦ ૧૬૭૩ ના પ્રસંગ પૂર્વેના વર્ષોમાં કલ્પી શકાય. એ જ પ્રમાણે તેઓશ્રીના શિષ્ય પૂ૦ લાભવિજયજી વિબુધવરનો પણ કોઈ જીવનવૃત્તાંત ઉપલબ્ધ નહિ હોવાથી તેમ જ તે સં૦ ૧૬૭૩ ના ગચ્છભેદી પ્રસંગવાળા અધિકારોમાં તેઓશ્રીનું પણ નામ ઉપલબ્ધ થતું નહિ હોવાથી તેઓશ્રીના સ્વર્ગગમન અંગે પણ એ જ કલ્પના ઉપર આવવું રહે છે શોધકો નવું અજવાળું પાડે તો તે વાત નિશ્ચિતરૂપેય કહી શકીએ.

જો ઉપર્યુક્ત બીના નિશ્ચિત ઠરે તો સં૦ ૧૬૭૩ માં પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના ભિન્ન આચાર્ય સ્થાપવાની સં૦ ૧૬૫૩ થી તો ખુલ્લી રીતે પણ હાથ ધરેલી કાર્યવાહીમાં પૂ૦ મહો૦શ્રી કલ્યાણવિ૦ મ૦ તથા પૂ૦ શ્રી લાભવિ૦ વિબુધવરને વધુમાં વધુ સં૦ ૧૬૭૦ સુધી જ સહચારી માની શકીએ અને તે પછીથી ઇતિહાસ મુજબ પૂ૦ શ્રી લાભવિ૦ વિબુધવરના પંડિતપ્રવર શિષ્યો પૂ૦ શ્રી જીતવિ૦ મ૦ અને (મહોપાધ્યાય શ્રી યશોવિ૦ મ૦ના ગુરુ) શ્રી નયવિ૦મ૦ અને તેઓશ્રીના પણ વિદ્વદ્વર્ય શિષ્ય પૂ૦ મુનિ શ્રી જસવિ૦ મ૦ને શ્રો દેવસૂરરાજ્યે રહ્યા થકા સહચારી માની શકીએ.

પૂ૦ મહો૦ શ્રી કીર્ત્તિવિ૦ મ૦ તો પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજીમ૦ના સ્વર્ગવાસ બાદ વિજયદેવસૂરિરાજ્યે પણ પોતાને શ્રી સેનસૂરિજી મ૦ની આજ્ઞાના ગણાવતા અને પૂ૦ ઉપા૦ શ્રી સોમવિ૦ મ૦ આદિના તે ગચ્છભેદી કાર્યવાહીમાં પ્રથમથી જ સહચારી તરીકે પ્રસિદ્ધ હોઇ પોતાના મુખ્ય શિષ્ય મુનિ શ્રી કાંતિવિજયજી તેમજ અનુમાને વિ. સં. ૧૬૫૦–૫૧ માં દીક્ષિત લેખવા રહેતા દ્વિતીય શિષ્ય મુનિ શ્રી વિનયવિ૦ મ૦ અને તેઓશ્રીના પણ પંડિત શિષ્ય મુનિ શ્રી નયવિ૦ મ૦ સહિત પ્રથમથી જ સહચારી હોવાનું ઇતિહાસ પ્રસિદ્ધ છે. સં૦ ૧૬૭૩ માં તે તે ઉપાધ્યાયજી મહારાજોએ સ્થાપેલા પોતાના તે નવા આચાર્ય પૂ૦ વિજયતિલકસૂરિજી મ૦ની પાટે સં૦ ૧૬૭૬ માં સ્થપાએલા પૂ૦ આ૦ શ્રી વિજયાનંદસૂરિજી મ૦ની આણુસુરગચ્છશાખામાં **પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦, પૂ૦ મહો૦ શ્રી વિનયવિજયજી મહારાજ** પ્રાયઃ સં૦ ૧૬૭૩ થી ૧૬૮૫ સુધીના કાળમાં કાશી અભ્યાસ કરીને આવ્યા પછી સં૦ ૧૬૮૫ લગભગ જોડાયા સંભવે છે.

તે પહેલાં તો તે સહુ પૂજ્ય મુનિભગવંતો, સં. ૧૬૭૨ સુધી પૂ૦ ગચ્છાધિપતિ આ૦ શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ૦ શ્રીની જ આજ્ઞા ધરાવતા હતા. તે સમય દરમ્યાન પૂ૦ યશોવિ૦ મ૦ના ગુરુ પૂ૦ શ્રી નયવિ૦ વિબુધવરને તેઓશ્રીકૃત 'મેરુપર્વત' ના પટમાં જણાવ્યા મુજબ 'ગણિપદ'નું પ્રદાન પ્રથમ શિષ્ય થયા બાદ સં૦ ૧૬૫૪ લગભગ થયું હોવા સિવાય પંન્યાસપદપ્રદાન અમુક વર્ષે થયું હોવાનું પ્રસિદ્ધ નથીઃ છતાં 'વિજયતિલકસૂરિરાસ' ગત કડી ૪૩૮ ના–'નંદરબારથી નયવિજય પંન્યાસ, નેરથકી ગુણવિજય વિદ્વાંસ૦' એ પૂર્વાર્દ્ધમાં પૂ૦ યશોવિ૦ મ૦શ્રીના ગુરુ શ્રી નયવિ૦ મ૦ને સં. ૧૬૬૮ માં 'પંન્યાસ' તરીકે સંબોધેલ છે. તે જોતાં સામુદાયિક વિકટ સંજોગોવશાત્ તેઓશ્રીને તે પંન્યાસપદ જેમ તેવા કોઈ અપ્રસિદ્ધ પ્રકારે વધુમાં વધુ સં૦ ૧૬૬૦ લગભગ તો પ્રાપ્ત થયું માનવું રહે છે, તેમ પ્રાયઃ તે જ અરસામાં તેઓશ્રીના સમર્થ વિદ્વાન શિષ્ય. પૂ૦ મુનિશ્રી યશોવિ૦ મ૦ને પણ તે પટમાં લખ્યા મુજબનું ગણિપદ પણ તેવા જ કોઈ પ્રકારે પ્રાપ્ત થયું માનવું રહે છે, અને તે પણ તેઓશ્રીએ રચેલા 'અધ્યાત્મસાર' ગ્રંથની પછીઃ કારણ કે–તે ગ્રન્થના સાતેય પ્રબંધને અંતે પોતે પોતાને 'પંડિત' લેખાવેલ છે. તેઓશ્રીના ગાઢસ્નેહી પૂ૦ મુનિશ્રી વિનયવિ૦ મ૦શ્રીને 'ગણિ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંન્યાસપદ' એ જ સં૦ ૧૬૬૦ના અરસામાં તથાપ્રકારના સામુદાયિક વિકટ પ્રસંગો વશાત્ તેવા જ કોઈ પ્રકારે પ્રાપ્ત થયું હોય એમ સંભવે છે. કારણ કે-તે અંને પૂજ્ય મુનિવરોના તે તે પદપ્રદાનો અમૂક વર્ષે અને પ્રસિદ્ધ રીતે થયા હોવાનું કોઇ જ સાધન ઉપલબ્ધ નથી. અને પ્રાયઃ તે અવસરથી તો તેઓશ્રી ક્રમે 'ગણિ' તેમ જ પંન્યાસ તરીકે ઇતિહાસમાં સંબોધાતા જ રહ્યા હોવાનું જણાય છે.

શ્રી 'વિજયતિલકસૂરિરાસ'ની કડી ૪૨૧ના-'સાઠિઈ શ્રી નયવિજય ઉવજઝાય સુરતિ ચોમાસું તે જાય;' એ પૂર્વાર્દ્ધમાં સં. ૧૬૬૦માં સુરત ચોમાસા તરીકે નિર્દેશેલા પૂ૦ શ્રી નયવિ૦ ઉપાધ્યાય, તે **'જૈન ગૂર્જર કવિઓ'** ભા૦ ૨ના પૃ૦ ૩૯૨ની ગાથા ૪૧ મુજબ પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ના શિષ્ય હોવાથી કવિ દર્શન-વિ૦એ તે રાસની કડી ૪૩૮માં જણાવેલા શ્રી નયવિ૦ પંન્યાસ, તે પૂ૦ મુનિ શ્રી યશોવિ૦ ગણિવરના ગુરુ જ છે. તે સદીમાં તપાગચ્છમાં થયેલા ત્રીજા નયવિજયજી તો સામાન્ય મુનિ જ લેખાયેલ છે.

આશા છે કે- ઉપર્યુક્ત સાર વાંચ્યા બાદ મધ્યસ્થ એવા ઇતિહાસપ્રેમી સુજ્ઞ શોધકો અને વાચકો એ નિર્ણય ઉપર સુખે આવી શકશે કે-" પૂ૦ પ્રખર વિદ્વાન્ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ શ્રીનો જન્મ, વિ૦ સં૦ **૧૬૪૫** લગભગ તો હોવો જોઇએ. અને **'જૈન પરંપરાનો ઇતિહાસ'** ભા૦ ૩ના પૃ૦ ૮૫૧ ઉપરનો-" કનોડા ગામની શ્રી સૌભાગ્યદેવીએ પં૦ નયવિ૦ને સં૦ **૧૬૫૬**-૫૭માં પોતાના પાંચ વર્ષનો પુત્ર જસુ વહોરાવ્યો, જે મોટો થતાં ન્યાયતીર્થ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ થયા!' (ઇતિ૦ પ્ર૦ ૫૮) એ ઉલ્લેખ, તેઓશ્રીની દીક્ષા પાંચ વર્ષની વયે થયેલ હોવાનું પણ જણાવે છે, તે મુજબ દીક્ષા સં૦ ૧૬૫૦ અને બીજો ઉલ્લેખ, ૮ વર્ષે દીક્ષા જણાવેછે તે મુજબ દીક્ષા સં૦ ૧૬૫૩ હોવો જોઇએ." 'સંસ્કૃત પટ્ટાવલી' બૂકાકાર પૃ૦ ૧૦૬ ઉપર તેઓશ્રીનો જન્મ સં૦ પ્રાયઃ ૧૬૫૦ અને દીક્ષા સં૦ ૧૬૫૮ શું હિસાબે જણાવે છે તે સમજી શકાતું નથી.

દીક્ષા બાદ તેઓશ્રીએ, પોતાના સમર્થજ્ઞાની પૂ૦ ગુર્વાદિ વડિલ મહાપુરુષોના સાન્નિ-ધ્યમાં વ્યાકરણ-તર્કશાસ્ત્ર-પ્રકરણો તેમ જ સિદ્ધાંતોનો અભ્યાસ પ્રાય સત્તરેક વર્ષ પર્યંત સતત પણે કરી તેમાં પારંગતતા પ્રાપ્ત કરેલ હોય એમ તેઓશ્રીના આગમો વગેરે શાસ્ત્રોના ઉંડા અભ્યાસને આધારે માની શકીએ.

દરમ્યાન ગચ્છમાં ઉપસ્થિત થએલા કડવા-મીઠા અનેક પ્રસંગોજ્ઞાપક પ્રાપ્ત સાધ-નોના યથામતિ તારણરૂપે કહી શકીએ કે-" તે કલેશનાં ફલ રૂપે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજોએ સં૦ ૧૬૭૩માં પોતાના જુદા આચાર્ય સ્થાપ્યા અને તે નવા સ્થાપેલા આ૦ શ્રી વિજય તિલકસૂરિજી મ૦ ને સાચા આચાર્ય તરીકે ઠરાવવા સારૂ તે જ સં૦ ૧૬૭૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માં તેઓએ બાદશાહ જહાંગીર મારફત પણ પૂ૦ વિજયદેવસૂરિજી મ૦ને ચોમાસામાં માંડવગઢ આપવા ફરજ પાડી ! તે કરેલા તીખા પ્રયાસમાં પૂ૦ મહો૦ શ્રી નેમિસાગર મ૦ શ્રીના હાથે તે પૂ૦ આ૦ શ્રી વિજયતિલકસૂરિજી મ૦ આદિ તે તે સમસ્ત સમર્થ વિદ્વાન્ પૂ૦ ઉપાધ્યાયજીઓને બહુ વસમી રીતે પરાભવ ખમવો પડ્યો ! તે બાબત પૂ૦ આ૦ શ્રી વિજય દેવસૂરિરાજયે રહેલા તે મુનિ શ્રી યશોવિ૦ ગણિને લાગી આવતાં તેઓશ્રીએ સાગર પક્ષના સમર્થ વિદ્વાન આદિનીય વિદ્વત્તાને ટપી જાય તેવી નવ્યન્યાયની પણ વિદ્વત્તા, કાશી જઈને પણ પ્રાપ્ત કરવાનું તરત જ વિચાર્યું સંભવે છે

પોતાની તે વિચારણા, પૂ૦ ગુરૂ શ્રી નયવિ૦ મ૦ ને જણાવતાં તેઓશ્રીએ પણ પોતાના તે વિદ્વાન શિષ્યને તે કાર્યમાં દીલભેર સંમતિ આપતાં અને એ જોઇને પૂ૦ વાચક પ્રવર વિનયવિજયજીએ પણ વધુ અભ્યાસાર્થે તેઓશ્રીની સાથે જ કાશી આવવાની પોતાની ભાવના જણાવતાં અતિ ઉલ્લસિત થએલા પૂ૦ યશોવિ૦ ગણિવરે પ્રાયઃ તે જ વર્ષે પોતાના પૂ૦ ગુરુવર પં૦ શ્રી નયવિ૦ મ૦, વડિલ બંધુ શ્રી પદ્મવિ૦ મ૦ વગેરે પૂજય મુનિવરોની સાથે વિહાર કરી અભ્યાસાર્થે કાશી બનારસ પધારેલ હોવાનું અને ત્યાં ઉપા૦ શ્રી વિનયવિ૦ મ૦ તથા મુનિપ્રવર શ્રી યશોવિ૦ ગણિએ ૧૨ વર્ષ પર્યંત અન્ય સર્વ દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરવા સાથે 'નવ્ય ન્યાય'નો પણ અજોડ અભ્યાસ કરીને સ્વ-પર દર્શનના અજેયવાદીને પણ પરાભવિત કરવાનું વિદ્વિશ્ચિત્તચમત્કારી પ્રકાંડ પાંડિત્ય પ્રાપ્ત કરેલ."

પરંતુ ત્યારબાદ કહેવાય છે કે-સં૦ ૧૬૮૫ લગભગમાં સ્વસમુદાયને આવી મળતાં અગાઉ જણાવી ગયા તેમ કાશીમાં વિનુલાલ અને જસુલાલના નામે અન્યવેષે રહેલ હોવાની લોકમાં સર્વત્ર પ્રસરેલ વાતને હકીકત રૂપે માની બેઠેલ પોતાના તે આણસૂરગચ્છના મુનિ સમુદાયે તેઓશ્રીને આશ્રય નહિ આપવાથી તેઓશ્રીએ દેવસૂરગચ્છ અને આણસૂરગચ્છના મુનિઓ અને ગચ્છનાયક પ્રતિ અગાઉ જણાવ્યા મુજબ ઉગ્રભાષામાં પ્રહારો કરવા માંડયા હતા ! અને તેઓશ્રીએ (શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત-'આનંદઘનપદસંગ્રહ ભાવાર્થ' ગ્રંથના પેજ ૧૫૬ ના બીજા પેરામાંના- 'શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે અને વિનયવિજયજી ઉપાધ્યાયે રાંદેરમાં સાગરગચ્છનો આશ્રય લીધો હતો પછી તેઓને દેવસૂરિના પક્ષમાં લેવામાં આવ્યા હતા, એવો ઈસારો જુની યતિઓની પટ્ટાવલીમાં જોવામાં આવે છે" તેમજ અગાઉ જણાવી ગયા તેમ પૂ૦ પં૦ શ્રી મોતીવિ૦ મ૦ લિખિત **'તપગચ્છ-બૃહત્ પટ્ટાવલી'**ના સાધાર પુરાવા મુજબ) પૂર્વે જણાવ્યા પ્રમાણે ભીષ્મપ્રતિજ્ઞાવાળું માફીપત્ર દેવસૂરિગચ્છનાયક વિજયપ્રભસૂરિજી મ૦ને લખી આપવા છતાં વિજયપ્રભસૂરિજી મહારાજે ગચ્છમાં તરત ન લેવાથી તેમજ ઉપાધ્યાય પદવી પણ ન આપવાથી રાંદેરમાં સાગરગચ્છનો આશ્રય લીધો હતો. ત્યારબાદ ગચ્છનાયક શ્રી રાંદેર પધાર્યા અને રાંદેર શ્રીસંઘે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખુબ ફાલાવાલા કરી ખોળા પાથર્યા ત્યારે તેઓના કાથીયા કપડા ઉતરાવીને તે બંને પૂજ્યોને ઉપાધ્યાય બનાવી દેવસૂરિગચ્છમાં લીધા!!

'યશોવિજયજી યુગ સમીક્ષા' પ્રકરણનો ઉપસંહાર

પૂ૦ ન્યાયવિશારદ--ન્યાયાચાર્ય-તાર્કિકશિરોમણિ અને સમર્થજ્ઞાની મહો૦ શ્રી યશોવિ૦ મહારાજ ગચ્છમાં દાખલ થયા બાદ અને ઉપાધ્યાયપદથી અલંકૃત થયા બાદ પણ આવી રીતે માનહાનિપ્રદ માફીપત્ર આદિના અતિવિકટ પ્રસંગોમાં પણ જેના પ્રતાપે મૂકાવા પામ્યા હતા તે અહંકાર-ઈર્ષ્યા-અભિમાન-આવેશ આદિ દુર્ગુણોથી તો સર્વથા મુકત થઇ શકયા નહોતા એ એક નિર્વિવાદ હકીકત છે. અને તેના યોગે રહી રહીને પણ પૂ૦ મહો૦ શ્રી યશોવિ૦ મ૦ થી કાંઇક જુદુંજ અને અનિચ્છનીય એવું પણ પગલું ભરાઈ જવા પામતું હતું કે-જેના યોગે પોતાને શોષવું પડતું હતું.

જેમ કે-પોતે ગચ્છના નાયક નહિ હોવા છતાં, ગચ્છની જવાબદારી કે જોખમદારી પોતાની નહિ હોવા છતાં, પોતાને સં. ૧૭૧૭ માં શિક્ષા કરનાર ગચ્છનાયક પૂ૦ આ૦ શ્રી વિજયપ્રભસૂરિજી મહારાજ વિદ્યમાન હોવા છતાંય પોતે પોતાના તરફથી શાસનપત્રો બહાર પાડતા, આજ્ઞાઓ પાઠવતા, મર્યાદાઓ બાંધતા અને સ્વસમુદાયના બંધારણથી વિરુદ્ધ વર્ત્તન પણ કરી બેસતા હતા. આ વાતની યથાર્થતા પણ પૂરવાર કરતું ખુદ મહોપાધ્યાયશ્રીનું ૧૭૧૭ની આકરી શિક્ષા પછીનું પણ સ્વહસ્તે લખાયેલું સં૦ ૧૭૩૮ના વૈ૦ શુ૦ ૭નું શાસનપત્ર હાલ પણ મોજુદ જ છે.

પરંતુ વાત એ છે કે-પૂ૦ મહાપુરુષોના તેવા તેવા અનિચ્છનીય અને અનુદ્ઘાટનીય એવા પ્રસંગોને કે વર્ત્તનોને વધુ ઉઘાડા કરવાથી સમાજને શ્યો લાભ? આ એક જ દૃષ્ટિથી અમો પૂ૦ મહો૦ શ્રી અંગેના આ પછીના તેવા વિકૃત સ્વરૂપના ઇતિહાસમાં વધુ ઉંડા ઉતરતા નથી: પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજ જેવા સમર્થ વિદ્વાનના મર્મોદ્ઘાટન જેવું જણાતું આટલું પણ કાર્ય જે દુઃખદ દિલે જાહેર કરવું પડેલ છે તેને માટે સુજ્ઞ વાચકો 'યશોવિજય સ્મૃતિગ્રંથ'ના સંપાદક મહાશય **મુનિ શ્રી યશોવિજયજી**ને તેમજ અછતી ગુણસ્તવનાના પંથે વળીને ઇતિહાસને છૂપાવવા મથતા તેના લેખક મહાશયોને જ જવાબદાર ગણશે એમ ઇચ્છીએ છીએ ઇત્યલં વિસ્તરેણ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૯ મું

પં૦ શ્રી કલ્યાણવિ૦ની અકલ્યાણકર વિદ્વત્તા

લે:-શાસન કંટકોદ્ધારક-શાસનસ્તંભ-સ્વ૦ પૂ૦ આચાર્યદેવ
શ્રી હંસસાગરસૂરીશ્વર ચરણરેણુ પં૦ નરેન્દ્રસાગરગણિ.

પૂર્વના મહાપુણ્યે જૈનકુલ-જૈનશાસન અને તેમાંય જૈનીદીક્ષા પામીને વડિલો પાસેથી જ્ઞાનસંપાદન કરવા દ્વારા વિદ્વાન તરીકેની ખ્યાતિ લોકોમાં પામ્યા પછી ઘોરપાપકર્મના ઉદયે જેઓ તારણહાર અને ભાવપ્રાણસ્વરૂપ શ્રી જૈનાગમ-જૈન શાસન અને જૈનીય ક્રિયાકાંડ આદિમાંથી પણ દોષો જ કાઢવાની અધમહદે પહોંચી જઇને નિંદક અને નાસ્તિકપણાને વરી ચૂકેલા જણાતા આ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજીના સમુદાયના પં૦ શ્રી કલ્યાણવિજયજીએ પોતાનું સ્થાન જામતાં સમાજમાં જાણે ધીરે ધીરે પોત પ્રકાશવા માંડયું હોય તેમ તેમના સર્જેલા જિનપૂજાપદ્ધત્તિ, નિબંધનિચય, પ્રબંધપારિજાત, કલ્યાણકલિકા આદિ સાહિત્યના અભ્યાસથી આપણ સહુને જણાય તેમ છે.

આ શ્રીમાનનું જ્ઞાન અને વિદ્વત્તા કેવા પ્રકારની છે તે જણાવવા માટે સં. ૨૦૨૮ ની સાલના તલાજા ચાતુર્માસ દરમ્યાન પૂ૦ તારક ગુરુદેવશ્રીની આજ્ઞાથી મેં 'કલ્યાણકલિકા ગ્રંથ સમીક્ષા' નામનો સંક્ષિપ્ત નિબંધ પ્રગટ કરીને તેમાં તેમના જ્યોતિષ્ય વિષયક અભ્યાસની અજ્ઞતા દર્શાવી હતી. વાચકોની જાણ ખાતર તે નિબંધ ફરીથી અક્ષરશઃ રજુ કરું છું. અને તે પછી આત્મ હિતઘાતક સાહિત્યના સર્જનહાર તે શ્રીમાનનો પૂ૦ પૂર્વાચાર્યો પ્રતિનો સદ્ભાવ, શાસનરાગ, શાસ્ત્રપ્રેમ અને શાસ્ત્રનું જ્ઞાન કેવા પ્રકારના છે? તેમજ તેઓશ્રીની વિદ્વત્તા સમાજને માટે કેટલી અકલ્યાણકર છે? તે જાણવા અને સમજવા માટે વાચકોને આ નવમું પ્રકરણ અવશ્ય વાંચવા વિજ્ઞપ્તિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલ્યાણ-કલિકા ગ્રંથ સમીક્ષા

—યાને—

પં૦ શ્રી કલ્યાણવિજયજીની વિદ્વત્તાનો આછો પરિચય.

લે:-પૂ૦ ઉપા૦ શ્રી શાસનકંટકોદ્ધારકશિશુ ગણિ નરેન્દ્રસાગર.

તલાજા તા. ૨૨-૧૦-૧૯૭૨

પં૦ શ્રી કલ્યાણવિજયજી, તેમની હરોળના વિદ્વાનોમાં '**ઇતિહાસવેત્તા**' અને '**સમર્થજ્ઞાની**' તરીકે પંકાય છે. આ ખ્યાતિને લઈને તેઓએ પોતાના સાહિત્યમાં ધીરે ધીરે શાસ્ત્રો અને શાસ્ત્રકારો પ્રતિના આંતરિક અસદ્ભાવનું દિગ્દર્શન કરાવ્યું જણાય છે.

તેવા તે ઇતિહાસવેત્તા પંન્યાસશ્રી, પોતાના સાહિત્યમાં-"શ્રી મહાનિશીથ સૂત્ર, પ્રશ્ન વ્યાકરણ સૂત્ર આદિ આગમિક ગ્રંથોને પણ '**કૃત્રિમ-બનાવટી કૃતિઓ**' તરીકે લેખાવવાનું દુસ્સાહસ કરી શકેલ છે! વિક્રમની ૧૫મી સદીમાં થયેલા પૂ૦ આચાર્યભગવંત **શ્રી રત્નશેખરસૂરિજી મ૦** જેવા શ્રી સંઘમાન્ય જ્ઞાની મહર્ષિને 'બનાવટી કૃતિ રચીને પોતાની તે કૃતિને ગણધરભગવંત કથિત સાહિત્ય' તરીકે ખપાવનાર વ્યકિત તરીકે ઓળ ખાવી શકેલ છે! અરે એટલું જ નહિ: પરંતુ વિક્રમની પ્રથમ શતાબ્દિમાં થયેલા સમર્થ પૂ૦ સૂરિપુરંદર **શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મ૦** જેવા પ્રખર ગીતાર્થ મહર્ષિનેય '**શિથિલાચારી-ચૈત્યવાસી**' જેવા તુચ્છ વિશેષણોથી નવાજવાની અનધિકૃત ચેષ્ટાઓ પોતાના તે વિકૃત સાહિત્યમાં કરતાં પણ તેઓ ખંચકાએલ નથી!"

જેઓ, છેલ્લે છેલ્લે પૂનાના પી. એલ. વૈદ્યનો ચૂકાદો પોતે લખીને તેમાં શ્રી ભગવતી સૂત્ર, જીવાજીવાભિગમ સૂત્ર જેવા આગમ-શાસ્ત્રાદિને પણ '**શાસ્ત્રાભાસ**' તથા '**પ્રમાણાભાસ**' લેખાવવાની ધૃષ્ટતા કરી શકેલ છે! ખરેખર શાસન અને સમુદાયથી ખસ્યા બાદ નિરંકુશ અને સ્વચ્છંદી બની જવા પામતા આત્માઓ, ધીરે ધીરે કેટલી અવનત દશાએ પહોંચે છે! તેનો પણ આ એક જ્વલંત દાખલો કેમ ન લેખી શકાય?

તેવા પ્રકારના ભવભીરૂ (?) એ ઇતિહાસવેત્તા પં૦ શ્રી કલ્યાણવિ૦એ વિ૦ સં૦ ૨૦૧૨ માં '**કલ્યાણકલિકા**' નામનું એક પુસ્તક, બે વિભાગમાં પ્રસિદ્ધ કરેલ છે. આ પુસ્તકમાં પણ તેઓએ પ્રતિષ્ઠાપક આચાર્યશ્રી અંગે, પ્રતિષ્ઠા વિધિવિધાનો અંગે, પ્રતિષ્ઠા ઉપકરણો, શિલ્પકર્મ, વગેરે વિષયો અંગે ઘણું અઘટિત, અયોક્કસ અને આક્ષેપાત્મક લખાણ કરેલ છે. કે-જેની સવિસ્તર સમીક્ષા કરવા જતાં એક સ્વતંત્ર નિબંધ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપ મહાકાય પુસ્તક બની જવાનું સંભવિત જણાવાથી હાલ તો તે 'કલ્યાણકલિકા' ગ્રંથ અંતર્ગત માત્ર ૧૬મા પરિચ્છેદમાં તેમણે જણાવેલ સર્વમાન્ય વિષય તરીકે ગણાતા 'જ્યોતિષશાસ્ત્ર' વિષયક લખાણમાંના તેમના જ્ઞાનની વિકૃતતા અને વિદ્વતાની સંકુચિત દશાનું જ અત્ર યથાવબોધ દિગ્દર્શન કરાવવું પર્યાપ્ત માનેલ છે.

(૧) 'કલ્યાણ કલિકા' પૃ. ૩૬૨ પેરો ૩–'જ્યેષ્ઠ, ગૃહારંભમાં વર્જિત છે.' એમ જણાવવા વડે ગૃહારંભમાં જેઠ માસનો તેઓએ સર્વથા નિષેધ જણાવેલ છે; જ્યારે **પીયૂષધારા ટીકાકાર**–'વૃષભસ્થે રવૌ જ્યોષ્ઠેઽપિ શુભં । × × × જ્યેષ્ઠો નિષિદ્ધઃ સ મિથુનાર્કવિષયઃ એમ કહી વૃષભ સંક્રાંતિમાં જેઠ માસને ગ્રાહ્ય તરીકે લેખાવે છે તેનું કેમ ?

(૨) પેજ ૩૬૩–'પૂર્વાપરાસ્યં૦'–'યુગ્મકન્યા૦' એ બે શ્લોકદ્વારા–"કર્ક–સિંહ–મકર અને કુંભ રાશિના સૂર્યમાં પૂર્વાભિમુખ અથવા પશ્ચિમાભિમુખ ગૃહાદિનો આરંભ કરવો; મેષ–વૃષભ–તુલા અને વૃશ્ચિકના સૂર્યમાં દક્ષિણાભિમુખ અથવા ઉત્તરાભિમુખ ઘરનો આરંભ કરવો." એમ **મૂલાધાર** તરીકે પ્રતિપાદન કરેલું છે; જ્યારે એ જ **'કલ્યાણ-કલિકા' પૃ. ૫૭૪ ઉપર** તે જ પંન્યાસશ્રી–ઘરમારભેન્નોત્તરદક્ષિણાસ્યં૦' એ ૭૧૫મા શ્લોકદ્વારા "મેષ–વૃષભ–તુલા–વૃશ્ચિકરાશિના સૂર્યમાં ઉત્તરદ્વાર તથા દક્ષિણદ્વારના ઘર અથવા પ્રાસાદનો કાર્યારંભ ન કરવો, એ જ રીતે મકર–કુંભ કર્ક–સિંહ રાશિનો સૂર્ય હોય ત્યારે પૂર્વ–પશ્ચિમમુખ ઘર કે પ્રાસાદનો આરંભ ન કરવો." એમ કહી નિષેધ જણાવે છે, ત્યારે તેમના એ પૂર્વ પ્રતિપાદનને અન્ય કયા આધારે સત્ય માનવું ?

(૩) પેજ ૩૭૧–"હર્ષપ્રકાશકારે 'વક્રી પાવો બલી સુભો સિગ્ઘો' આ જે લખ્યું છે તેનો કોઈ આધાર મલે તેમ નથી, લખવું તો એમ જોઈતું હતું કે–'સિગ્ઘો પાવો બલી સુભો વક્કી' અર્થાત્ પાપગ્રહ શીઘ્ર હોય ત્યારે અને શુભગ્રહ વક્રી હોય ત્યારે બલવાન ગણાય છે." આ પ્રમાણે **'હર્ષપ્રકાશ'** ગ્રંથકારશ્રીને ઠહાપણ પીરસનાર તે પંન્યાસશ્રીને પ્રશ્ન છે કે–**'પ્રશ્નપ્રકાશ'** નામના ગ્રંથના કર્તાએ 'પાપઃ શીઘ્રઃ ૧, શુભો વક્રી ૨, બાલો ૩ વૃદ્ધા ૪ ઽરિભા ૫ ઽસ્તગઃ ૬ । નીચઃ ૭ પાપાંતરે ૮ ઽષ્ટસ્થ ૯ ઇત્યુક્તો બલ-વર્જિતઃ॥' શ્લોકદ્વારા જે ગ્રહોનું નવપ્રકારે નિર્બલપણું કહેલ છે, તેમાં 'પાપગ્રહો જો શીઘ્ર હોય અને સૌમ્ય ગ્રહો વક્રી હોય તો તે નિર્બલ–બલહીન છે.' એમ સ્પષ્ટ જણા-વેલ છે તેનું કેમ ? અતિઠહાપણ વાપરીને આ 'પ્રશ્નપ્રકાશ' ગ્રંથકારને પણ અજ્ઞાની તો લેખાવશે નહિ ને ?

વળી 'પાપગ્રહ, શીઘ્ર હોય ત્યારે બલવાન થાય છે' એમ તેઓશ્રીએ જે જણાવ્યું, તે પણ કોઈ શાસ્ત્રના આધારે કે આપમતિબળે ? શાસ્ત્રોમાં તેવું વિધાન હોય તો પ્રથમ તકે તે અંગેનો શાસ્ત્રપાઠ તેઓ રજુ કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૪) **પેજ ૩૭૧ પેરા બીજો**– ક્રૂરા વક્રા બલોદ્‌ગતા એ પદ–'**અને ક્રૂરગ્રહો વક્રી થતાં બલહીન થઈ જાય છે.**' એમ અર્થ જણાવવા પૂર્વક પોતાના તે ઉપરના ત્રણ નંબરના કથનના ટેકામાં એ 'સ્વરોદયશાસ્ત્ર'નું પદ રજુ કર્યું છે. અને તે રજુ કરેલ પદની પુષ્ટિમાં પણ તેઓએ-અતીચારગતેં જીવે વક્રે મૌમશનૈશ્ચરે। હાહાભૂતં જગત્સર્વં રુંડ-મુંડા ચ મેંદિની।। એ ૩૭ મો શ્લોક આપેલ છે; પરંતુ તેઓએ ઉપર જણાવ્યું તેમ જો વક્રી એવા મંગળ અને શનિ, ખરેખર બલહીન થઈ જ જતા હોત તો– 'જગતમાં હાહાકાર મચે છે અને પૃથ્વી, ધડ-મસ્તકથી છવાઈ જાય છે' એવું બને તે સંભવિત છે. ખરૂં? બલહીન ગ્રહો તેવો ઉલ્કાપાત મચાવી શકે ખરા?

આટલુંય જો વિચારવા તેઓ થોભ્યા હોત તો ઉચિત તે પાઠને બદલે 'ક્રૂરા વક્રા બલોદ્‌ગતાઃ' એ પ્રમાણેનો પાઠ હોવાની સત્યસ્થિતિ પ્રતિ તે ઇતિહાસવેત્તાનું જરૂર ધ્યાન જતે, અને '**ક્રૂર ગ્રહો વક્રી થતાં અત્યંત બલવાન થાય છે**' એમ પણ તેઓ સ્પષ્ટ અર્થ સમજવા પામ્યા હોત.

વળી એ 'ક્રૂરા વક્રા બલોદ્‌ગતા' ચરણવાળા શ્લોકના આદ્યચરણોમાં જ 'ક્રૂરા વક્રા મહાક્રૂરા' એમ સ્પષ્ટ કથન હોવા છતાં આપમતિએ જ ચાલવા ટેવાએલા એ પંન્યાસશ્રી; તે પદ ઉપર લક્ષ્ય આપ્યા સિવાય ક્રૂરગ્રહો વક્રી થતાં બલહીન થઈ જાય છે અને તેવા બલહીન થએલા વક્રી શનિ-મંગલ, જગતમાં હાહાકાર મચાવે છે.' એવો અયુક્ત અર્થ કરી શકેલ છે; ત્યારે તેમને કઇ કોટિના વિદ્વાન્ ગણવા?

(૫) **પેજ ૩૭૭ પેરા બીજો** 'સૂર્યસ્તદાદૌ ત્રીણિ મસ્તકે' એ પદનો તે પંન્યાસ-શ્રીએ જે – 'જે નક્ષત્ર સૂર્યનું હોય તેને પહેલું ગણી ૩ નક્ષત્રો વૃષભના **મુખે**' એ પ્રમાણે અર્થ કરેલ છે! તેમાં મૂળમાંના 'મસ્તકે' પદનો 'મુખે' એ પ્રમાણે પોતે પોતાને અદ્વિતીય પંડિત માનનારા પંન્યાસશ્રીએ કયા શબ્દકોષના આધારે અર્થ કર્યો હશે? વળી વાસ્તુપ્રકરણના નામે તેમણે આપેલા તે પાંચેય શ્લોકો બીજા જ્યોતિષ-ગ્રંથોના વચનાનુસારે સંદિગ્ધ જણાય છે. તો તેવા સંદિગ્ધ શ્લોકોને અગ્રસ્થાન કેમ આપ્યું હશે?

(૬) 'પ્રતિક્રમણ પ્રબોધટીકા'ની 'ઈરિયાવહી' ન જોઇએ 'ઇરિયાવહી' એમ જોઇએ, એવી રીતે સૂક્ષ્માતિસૂક્ષ્મ અશુદ્ધિઓનું પણ શુદ્ધિપત્રક દર્શાવવાવડે પોતાની કેટલી ઝીણ-વટભરી દ્રષ્ટિ છે? એવો સમાજને ભાસ આપનાર તે પંન્યાસશ્રીએ, **પેજ ૩૮૯ પેરા ૪**– 'સૂર્યભાત્ ચંદ્રભ–૩ ને૦, ૫ શ્રે૦, ૮૦, ને૦, ૩ શ્રે૦' એ પ્રમાણે છપાવેલ છે, તેને સ્થાને 'સૂર્યભાત્ ચંદ્રભ–૩ ને૦, ૫ શ્રે૦, ૮ શ્રે૦, ૮ ને૦, ૩ શ્રે૦' એ પ્રમાણેનો સુધારો કરવાનો તેમ જ કલ્યાણકલિકાના બંને ભાગની લગભગ ૨૫૦ ઉપરાંત જણાતી અશુદ્ધિઓનું શુદ્ધિપત્રક કરવાનું તેઓને કેમ સૂઝયું નહિ હોય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭) **પેજ ૩૮૯ પેરા ૪ શ્લોક ૭૮**માંના 'નૈર્ઋત્યાં પારણાલાભઃ' પદનો 'નૈર્ઋત-કોણમાં સંતતિનો લાભ' એ પ્રમાણે અર્થ કરનાર આ પંડિતમ્મન્યશ્રીએ તે પદમાં 'પારણા' શબ્દ, કયા શબ્દકોષમાંથી તે અર્થસૂચક રજુ કર્યો હશે ? 'નૈર્ઋત્યા સંતતેર્લાભઃ' આમ પદ રચવામાં તેમણે શું છંદભંગ દીઠો હશે ? તેમજ–'દક્ષિણેં પતિનાશનમ્' એ પદમાં 'ગૃહધણી'ના નાશનું સ્પષ્ટ લખાણ હોવા છતાં તેઓશ્રીએ– 'દક્ષિણમાં કર્ત્તાનું મરણ' અર્થ કરીને આમલસારો ઘડનાર શિલ્પિના મૃત્યુનું સૂચન કરેલ છે ! એ જોતાં તો ધન્ય છે એમની વિદ્વત્તાને !' એમ હરકોઈએ પણ કહેવું જ પડે.

(૮) **પેજ ૩૯૫** ઉપર–છઠ તિથિમાં વિધેય એવા કાર્યોને જણાવનારો ૯૨ મો શ્લોક છાપ્યા પછી દશમી તિથિવિધેય કાર્યોનો શ્લોક છાપેલ છે. તો 'સાતમ–આઠમ' એ બંને તિથિ સંબંધી કાર્યોને જણાવનારા શ્લોકો કેમ નથી ? એ વિચારવા જેટલોય અવકાશ આ પંન્યાસશ્રીને કે તેના મુફ સંશોધક મુનિ ભદ્રંકરવિજયજીને પણ મળ્યો જણાતો નથી. જો મળ્યો હોત તો–'દ્વિતીયાયાં તૃતીયાયાં પંચમ્યાં કથિતાન્યપિ । તાનિ સિધ્યંતિ કાર્યાણિ સપ્તમ્યાં નિખિલાન્યપિ ॥ ૧ ॥ સંગ્રામયોગ્યાખિલવાસ્તુશિલ્પ–નૃત્યપ્રમોદા–ખિલલેખનાનિ । સ્ત્રીરત્નકાર્યાખિલભૂષણાનિ, કાર્યાણિ કાર્યાણિ મહેશતિથ્યામ્ ॥ ૨ ॥" આ બંને શ્લોકો અવશ્ય લીધા જ હોત.

(૯) **પેજ ૩૯૫ શ્લોક ૯૭** ના છેલ્લું ચરણ કાર્યં પ્રતિષ્ઠાખિલપૌર્ણમાસ્યામ્' છાપેલ છે, તેનો અર્થ એ થાય કે–'બધી પૂર્ણિમાએ પ્રતિષ્ઠા કરવી' તો પ્રશ્ન છે કે— પ્રતિષ્ઠાના વર્જ્યમાસની પણ પૂર્ણિમાને દિવસે પ્રતિષ્ઠા થાય ખરી ને ? આપમતિએ જેઓ શાસ્ત્રકારનાય શબ્દો ફેરવી નાખે તેઓ તેવી આપત્તિના ભાજન બને તેમાં નવાઇ શું ? મૂલ પાઠ-કાર્યં પ્રતિષ્ઠા ખલુ પૌર્ણમાસ્યામ્' છે, તેનું કેવું વિકૃત સ્વરૂપ કરી નાખ્યું ?

આવી જ રીતે તે પછીના ૯૮ માં શ્લોકમાં 'સદૈવ દર્શે પિતૃકર્મ મુક્ત્વા નાન્યત્ વિધેયં શુભપૌષ્ટિકાદ્યમ્' એ શાસ્ત્રકારના મૂળ શુદ્ધ પાઠને સ્થાને આ પંન્યાસશ્રીએ 'સદૈવ દર્શે પિતૃકર્મ ચૈવ નાન્યત્ વિધેયં શુભપૌષ્ટિકાદ્યમ્' એ પ્રમાણે 'મુક્ત્વા' પદને સ્થાને ધરતું 'ચૈવ' પદ મૂકીને અર્થશૂન્ય ફેરફાર કરી નાખેલ છે ! આવી રીતની પાઠ ફેરફારી તો ઘણે જ સ્થળે તે શ્રીમાને કરેલી છે ! **રામજીપંથના** લગભગ દરેક ત્યાગી અનુયાયીઓ આવી પાઠ ફેરફારી અને કાપકૂપીમાં મૂળથી જ પ્રવીણતા ધરાવતા હોય એમ આવા અનુભવોથી માનવું રહે છે.

(૧૦) **પેજ ૪૦૯ પેરા ૬**–"આ વાર ભોગના નિવેદનનો અર્થ અર્વાચીન ગ્રંથકારોએ પ્રથમ વારની સમાપ્તિ અને નવા વારના પ્રવેશના રૂપમાં લગાડી નીચે પ્રમાણે સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે." એમ લખીને "વારસમાપ્તિ અને વારસંક્રમણ'નો આ સિદ્ધાંત, પ્રાચીન નથી પણ અર્વાચીન છે, એમ જે તેઓએ પ્રતિપાદન કર્યું છે. તો તે બદલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓને પ્રશ્ન છે કે-વિચ્છિઅર્કુભાઇતિએ....નિસિઅંતે સંક્રમઇ વારો' એ શ્લોકના રચયિતા પૂ૦ દિનશુદ્ધિગ્રંથકારને તમો પ્રાચીન ગ્રંથકાર ગણો છો કે અર્વાચીન ?

(૧૧) **પેજ ૪૧૩ શ્લોક ૧૩૮ ના** 'લોહાશ્મસીસત્રપુરસ્ત્ર (વાસ્તુ) દાસ૦' એ પ્રથમ પાદમાંના શાસ્ત્રોક્ત 'અસ્ત્ર' શબ્દનો અર્થ 'શસ્ત્ર' કરવાને બદલે 'ગૃહકર્મ' એ પ્રમાણે પોતે કૌંસમાં આપેલા 'વાસ્તુ' શબ્દને અનુસરીને કરેલ છે, તે પોતે જે પાઠ સાચો માન્યો તેને જ અગ્રસ્થાન આપવાના દુરાગ્રહનું પ્રતીક માનવું રહે છે.

(૧૨) **પેજ ૪૩૯ પેરા ૧**-' उपकुलभेषु च याता, विजयं प्राप्नोत्यसंशयं क्षिप्रम्०' 'એ શ્લોકમાંના 'યાતા' શબ્દનો 'યાયી'=ગમનકર્ત્તા' અર્થ કરવાને બદલે ઉપકુલ નક્ષત્રોમાં 'પાપી' નિઃસંદેહ જલ્દી વિજય થાય છે, 'કુલ' નક્ષત્રોમાં 'પાપી' હારે છે." એમ ચોકખી રીતે 'પાપી' અર્થ બે વખત કરી બતાવેલ છે, એ જોતાં તે શ્રીમાનની શાસ્ત્ર અનભિજ્ઞતા આ કરતાં બીજી કેવી હોઈ શકે ?

(૧૩) **પેજ ૪૫૨ પેરા ૬**-" दुष्टं ग्रहोदयास्ताभ्यां" એટલે જે નક્ષત્રમાં ગ્રહોનું ઉદયાસ્તમન થયું હોય તે નક્ષત્રને દૂષિતનક્ષત્ર **આરંભસિદ્ધિકારે** કહ્યું છે, પણ આ માન્યતાને કોઈ સંહિતાનું અથવા અન્ય ગ્રંથનું સમર્થન મલતું જણાયું નથી." આમ લખી તે શ્રીમાને, પોતે જાણે સર્વશાસ્ત્રપારંગત હોય યા તો જ્યોતિષશાસ્ત્રના સમસ્ત ગ્રંથોનું તલસ્પર્શી વાચન કરીને પોતે જાણે જ્યોતિષોત્તીર્ણ થયા હોય એવો ભ્રમ ઉભો કરવા પૂર્વક આરંભસિદ્ધિકારના કથનનું ખંડન કરવાનો જે પ્રયાસ કરેલ છે તે કેવો બાલીશતાપૂર્ણ છે ? તે જણાવવા માટે આ નીચે અપાતું એક જ પ્રમાણ બસ થશે, એમ માનું છું. આ રહ્યું તે પ્રમાણઃ—

'तथा यस्मिन्नक्षत्रे कुजादयोऽस्तमयं वक्रगतिं कुर्वन्ति यत्र वा उत्पाता दृश्यंते तन्नक्षत्रं शुभकर्मसु त्यजेत् । तथा विक्रमसिंहः—यद्भुक्तं शनिराहुसूर्यरुधिरविद्धं च यच्चाचला-कपोल्कापतनोपरागपरिधिप्रायैरपायैर्हतम् । भुक्तं यद्विधुनान्यथाविरहितज्योतिर्ग्रहास्तोदयौ, यस्मिन् यद्ग्रहवक्त्रपीडितमुडु क्लिष्टं तदाचक्षते ।।' એ કાવ્યમાં પંડિત શ્રી વિક્રમસિંહ, 'ગ્રહાસ્તોદયો' એ પદથી શેનું પ્રતિપાદન કરે છે ? જેની આંખે અજ્ઞાનરૂપ પડલ-મોતીઓ કે અંધાપો આવ્યો હોય તે આત્માઓએ આવી રીતે યથા તથા અથડાવાને બદલે દેખતાના પનારે પડી જવામાં જ લાભ હોવાનું હજુ પણ તે શ્રીમાનને જણાશે ખરૂં ?

(૧૪) **પેજ ૫૨૦ ઉપરના**-'सप्तषष्ट्यादितिथयः सोमवारादिभिर्युता.' એ ૪૯૮ મા શ્લોકના કથનાનુસાર **પેજ ૫૨૭ ઉપરના કોઠામાં** 'રવિ ૧, સોમ ૭, મંગળ ૬, બુધ ૫, ગુરૂ ૪, શુક્ર ૩, શનિ ૨' એ પ્રમાણે તિથિ-વારના અંકો ગોઠવવાને બદલે-'રવિ ૧૨, સોમ ૬, મંગળ ૭, બુધ ૮, ગુરૂ ૯, શુક્ર ૧૦, શનિ ૧૧' એ પ્રમાણે જે અંકો ગોઠવેલ છે તે કોઈ શાસ્ત્રાધારે ગોઠવેલ છે કે મનસ્વીપણે જ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૫) તે જ પ્રમાણે **પેજ ૫૨૦** ઉપરના 'भानुवारादिमिर्युक्तवेताः स्युस्तास्यास्तिथयो यदा०' એ ૪૯૯મા શ્લોકાનુસાર **પેજ ૫૨૭ ઉપરના** કોઠામાં 'રવિ ૭, સોમ ૬, યાવત્ શનિ ૧' એ પ્રમાણે વાર-તિથિના અંકો જણાવવાને બદલે-'રવિ ૬, સોમ ૭, મંગળ ૮, બુધ ૯, ગુરૂ ૧૦, શુક્ર ૧૧, શનિ ૧૨' એ પ્રમાણેનો જે વિષયોગ જણાવેલ છે તે કયા શાસ્ત્રાધારે?

(૧૬) **પેજ ૫૨૨ પેરો ૧**-'गुरौ मित्रत्रयोदश्यो:' એ પદનો 'ગુરૂવારે **રોહિણી** તેરસ' એ પ્રમાણે અર્થ કરેલ છે, તેમાં મૈત્ર' શબ્દનો અર્થ 'અનુરાધા' થાય કે 'રોહિણી'? તે સમજવામાં પણ જેમને જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયે મુશ્કેલી પડેલ છે તેવા તે પંન્યાસશ્રી. કયા ઘોર પાપકર્મના ઉદયે પૂર્વ મહાપુરૂષોની પણ ક્ષતિઓ દર્શાવવા કટિબદ્ધ થયા હશે?

(૧૭) **પેજ ૫૪૮ ઉપર**-ગ્રહમૈત્રીકોષ્ટકમાં તે પંન્યાસશ્રીએ, '**બુધ**'નો મિત્ર 'શુક્ર' ગણાવેલ છે અને 'મં૦ ગુ૦ શુ૦' આ ત્રણને મધ્યસ્થ ગણાવેલ છે તેમ જ '**શુક્ર**'ના મિત્ર તરીકે 'બુધ અને શુક્ર'ને ગણાવેલ છે અને '**શનિ**'ના શત્રુ તરીકે 'સૂર્ય- ચંદ્ર અને ગુરૂ' એ ત્રણને જણાવેલ છે! આ ત્રણેય વાતો, તેમણે જ આપેલા **પેજ ૫૪૬ ઉપરના** શ્લોકોથી તેમજ અન્ય જ્યોતિષશાસ્ત્રોથી પણ સદંતર વિરૂદ્ધ છે: શાસ્ત્રોમાં '**બુધ**' ના 'સૂર્ય અને શુક્ર' એ બંને ગ્રહોને મિત્ર જણાવેલ હોવાની, 'મંગળ-ગુરૂ-શનિ' એ ત્રણેય ને મધ્યસ્થ જણાવેલ હોવાની '**શુક્ર**'ના 'બુધ અને શનિ'ને મિત્ર જણાવેલ હોવાની તેમ જ '**શનિ**'ના 'સૂર્ય-ચંદ્ર-મંગળ' એ ત્રણેય ગ્રહોને શત્રુરૂપે જણાવેલ હોવાની હકીકતથી આ પંડિતમ્મન્ય શ્રીમાનજી શું સદંતર અનભિજ્ઞ હશે?

જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીઓ! આવા બોધથી ભરપુર પ્રસ્તુત પંન્યાસશ્રીના બનાવેલા તે 'કલ્યાણકલિકા' ગ્રંથના આધારે અભ્યાસ શરૂ કરતાં પહેલાં આ '**કલ્યાણ-કલિકા સમીક્ષા**'ને નજર સન્મુખ રાખવાનું ચુકશો નહિ. એવી મારી વિજ્ઞપ્તિ છે.

(૧૮) **પેજ ૫૭૪ પેરો ૨**-धामारभेन्नोत्तरदक्षिणास्यं० એ આરંભસિદ્ધિગ્રંથકાર શ્રીના મૂળ પદ્યમાં 'घरमारभेन्नोत्तरदक्षिणास्यं०' એ પ્રમાણે આપમતિએ ફેરફાર કરવા જતાં 'ઘર' શબ્દ, પોતે સંસ્કૃતભાષાનો ગોઠવ્યો છે કે ગૂર્જરભાષાનો? તેનું ય ધ્યાન તે પંન્યાસશ્રીને રહેવા પામેલ નથી!

(૧૯) **પેજ ૫૮૫ પેરો ૨-૩ જો** સૂત્રસ્થ सिध्धिर्वसुनाथहस्तमैत्र०' એ શ્લોકની ટીકા કરતાં **પૂ૦ હેમહંસગણિજી મહારાજ** 'मैत्राणि मृदुभानि' એમ સ્પષ્ટ કહીને 'મૈત્ર શબ્દથી-'મૃગશર-ચિત્રા-અનુરાધા અને રેવતી' એ ત્યારેય **મૃદુગણ નક્ષત્રો**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવાનું પ્રતિપાદન કરે છેઃ જ્યારે પોતાની કુંઠિતમતિ ઉપર જ મુસ્તાક રહેનાર આ પંન્યાસશ્રી, 'મૈત્ર' શબ્દથી કેવલ **'અનુરાધા'** નક્ષત્ર જ લ્યે છે!

તથાપ્રકારની વિચિત્ર મતિ હોવા છતાં પોતાને 'કુશાગ્રમતિ' માનતા અને મનાવતા તે પંન્યાસશ્રીને જ આગળ જતાં તો તે જ પૃષ્ઠના પેરા પાંચમા-"શિલાન્યાસમુહૂર્ત્તમાં ઉક્ત શ્લોકમાં જણાવેલ હસ્તાદિ નવ નક્ષત્રો લેવાં, **તેના અભાવમાં** ગૃહનિર્માણમાં જણાવેલ મૃદુ-લઘુ આદિ અન્ય નક્ષત્રો લેવા" એ પ્રમાણેનું મૃદુ નક્ષત્રોનું વિધાન તો કરવું જ પડ્યું! વળી તે વિધાનમાં તેના અભાવમાં' શબ્દ, શાસ્ત્રાકારના કથનવિરુદ્ધનો ઘરનો વાપરવો પડ્યો તે તો નફામાં! શાસ્ત્રમતિ છોડી સ્વમતિએ ચાલનારની આવી અવદશા થાય તેમાં આશ્ચર્ય શું?

(૨૮)-તેવી મતિએ જ ચાલવા ટેવાએલા તે પંન્યાસશ્રીએ, **પેજ ૫૮૯ ઉપરના** શ્લોક ૭૫૪ ના ત્રીજા ચરણમાંના શુદ્ધ પાઠ તરીકે જે 'શુક્રે' પદ છે તેને સ્થાને 'શુચૌ' પદ મૂકી દીધેલ છે! આ પ્રમાણે પાઠ ફેરફારી કરવા જતાં ૧ છંદભંગ થાય છે કે નહિ?, ૨ 'શુચૌ'ના અર્થ 'અશાડ માસ થાય કે જ્યેષ્ઠ માસ?' એ વિચારવા પણ થોભ્યા નથી! જે દુઃખદ છે આવી રીતના શાસ્ત્રકારોના મૂળ પાઠો તો આ 'કલ્યાણ કલિકા'માં અનેક સ્થળોએ તેઓએ ઓળવેલ છે. જે અવસરે રજુ કરવાનું રાખેલ છે.

(૨૧) **પેજ ૪૫૨ ઉપરના** આરંભસિદ્ધિકારના 'દુષ્ટં ગ્રહોદયાસ્તાભ્યાં' એ પદ ઉપર "**પણ આ માન્યતાને કોઇ સંહિતાનું અથવા અન્યગ્રંથનું સમર્થન મલ્યું જણાયું નથી**" એમ કહી આરંભસિદ્ધિકારશ્રી ઉપર આક્રમણ કરેલ છે તે જ પંડિતમ્મન્ય પંન્યાસશ્રી **પેજ ૫૯૨ના પેરા ૪ પમાં**-ગ્રહણસ્થં ગ્રહૈર્મિત્રં ઉદિતાસ્તમિતં ગ્રહં૦' એ ૭૬૭ માં શ્લોકમાં અને તેના અર્થમાં 'વલી ગ્રહણના નક્ષત્રમાં ગ્રહોવડે ભેદ કરાયેલ નક્ષત્રમાં, **જે ઉપર ગ્રહ ઉગ્યો હોય અથવા આથમ્યો હોય તે નક્ષત્ર**, ક્રૂરગ્રહ વડે ભોગવાયેલ-ભોગવાતું કે અનંતર ભોગવાશે તે નક્ષત્ર, આ બધા નક્ષત્રો પ્રતિષ્ઠાદિ શુભ કાર્યોમાં વર્જવા" આ પ્રમાણે સ્પષ્ટ આધાર, શાસ્ત્રપાઠનો આપી રહ્યા છે તેનું શું? આ કથન, શું આરંભસિદ્ધિ ગ્રંથકારના મંતવ્યને વધાવતું નથી?

તેઓની આ પરિસ્થિતિ જોતાં-'અન્યદર્શની જ્યોતિષીઓ જો સિદ્ધાંતનું પ્રતિપાદન કરતા હોય તે તો સ્વીકાર્ય; પરંતુ સ્વસંપ્રદાયી જ્યોતિર્ધરો જો તેવી જ રીતનું સિદ્ધાંતનું પણ પ્રતિપાદન કરતા હોય તો તેનું ખંડન તો પ્રથમ તકે જ કરવું' એવી તો આ શ્રીમાનની ટેક નહિ હોય ને?

જ્યોતિઃશાસ્ત્ર અંગેના તેમના દ્વારા બતાવાતા પોતાના તીવ્ર અનુભવ અને જ્ઞાનની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાંખી ઉપરની કલમોથી સુજ્ઞ વાચકોને થશે જ. હવે 'મુદ્રા' અંગેના તેમનું પાંડિત્ય અને અનુભવ જ્ઞાન કેવું છે? તેને અંગે પણ વાચકોનું લક્ષ આ અવસરે ખેંચું છું.

(૧) પૃ૦ ૬૧૭ ઉપર '**આવાહની મુદ્રા**' શીર્ષક નીચે 'हस्ताभ्यामंजलिं कृत्वा अनामामूलपर्वांगुष्ठसंयोजनेनावाहनी।' એ પાઠ આપીને 'બે હાથો વડે અંજલિ કરીને **કનિષ્ઠાના મૂલપર્વોમાં** અંગુઠો જોડવાથી આવાહની મુદ્રા થાય છે' એમ અર્થ કરેલ છે. શાસ્ત્રકાર 'अनामामूल' '**अनामिकाना मूलपर्वमां**' કહી 'ત્રીજી આંગળીના પર્વમાં' એમ સ્પષ્ટ જણાવે છે જ્યારે આ શ્રીમાન 'કનિષ્ઠા'–છેલ્લી આંગળીના મૂલપર્વનું વિધાન કરે છે! તે આશ્ચર્ય છે.

(૨) **પેજ** ૬૧૭ ઉપરની તે પછીની 'સ્થાપનીમુદ્રા' શીર્ષક નીચે 'इयमेवाधोंमुखी स्थापनी' એ પાઠ, ઉપરની જે "આવાહની મુદ્રા' કહી છે તેને જ અધોમુખી કરવી તે સ્થાપનીમુદ્રા" એ સ્પષ્ટાર્થ હોવા છતાં, તથા પોતે પણ જે વિપરીત અર્થ ઉપર કર્યો છે તેનાથી પણ જુદો જ એવો "આવાહનીમુદ્રાને જ ઉલટાવી નીચા મુખે કરી અંગુઠા **તર્જની**ના મૂલમાં સ્થાપવાથી સ્થાપનીમુદ્રા નિષ્પન્ન થાય છે" એ પ્રમાણે તે શ્રીમાને જણાવેલ છે! 'अनामा' નો અર્થ 'अनामिका' થાય કે 'કનિષ્ઠા' થાય કે તર્જની'? એટલો પણ જેમને જ્ઞાનનો અવબોધ નથી તેવા તે પંન્યાસશ્રી, પ્રતિષ્ઠા આદિના વિધિ-વિધાનોમાં આવતી મુદ્રાઓનો ઉપયોગ કેવી રીતે કરતા હશે? અને શાસ્ત્રોકત વિધિ-વિધાનો અને મુદ્રા આદિથી શૂન્ય જણાતી એવી તેઓની કરેલી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ દેવત્વથી કેવીક અધિષ્ઠિત થતી હશે? તે આ ઉપરથી અનુષ્ઠાનોના અનુભવીઓ વિચારશે.

ઉપર જણાવ્યા મુજબની પોતાની વિદ્વત્તા, શાસ્ત્રાવબોધતાને જોયા અને જાણ્યા પછી બે ઇતિહાસવેત્તા ગણાતા પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ, પૂર્વ મહાપુરૂષોના શાસ્ત્રોના —આચરણાઓના તેમજ વિધિવિધાનો અંગેના અડપલાંઓ કરવાનું છોડી આત્મસંશોધનના કાર્યમાં દત્તચિત્ત બનશે એમ ઇચ્છવાપૂર્વક આ 'કલ્યાણકલિકા'ની વધુ સમીક્ષા કરવાનું હાલ મુલતવી રાખું છું.

卐

વિશેષનોંધ :– સુજ્ઞવાચકો ! ઉપર મુજબનો 'કલ્યાણકલિકા ગ્રંથ સમીક્ષા' નામનો નિબંધ પ્રસિદ્ધ થતાં જ સં. ૨૦૨૮ ની સાલમાં તલાજાથી તે કહેવાતા ઇતિહાસવેત્તા પં૦ શ્રી કલ્યાણવિ૦ને રજીષ્ટર્ડથી મોકલી આપેલ. પોતે પોતાને સમસ્ત વિષયમાં પ્રવીણ ગણનાર તેઓશ્રી તે નિબંધમાં દર્શાવેલી ભૂલોમાંથી એક પણ ભૂલનો ઇન્કાર આજસુધી કરી શકયા નથી. તેમજ તેની સાથોસાથ આચાર્યો-પદસ્થો અને પંડિતોને પણ તે નિબંધ મોકલેલ હતો. તેઓ તરફથી પણ 'ખોટીરીતે કોઈ ભૂલ કાઢી' હોવાની ફરીયાદ આજ સુધી આવેલી નથી !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પં૦ શ્રી કલ્યાણવિ૦ ની પૂજ્યો પ્રતિની પૂજ્યતાના નમુના.

ઉપર મુજબ 'કલ્યાણકલિકા સમીક્ષા' નિબંધમાં શાસ્ત્રપાઠોના આધારો આપવા પૂર્વક તે શ્રીમાનની જ્યોતિષ્ય વિષયક જ્ઞાનની પ્રવિણતાનો પરિચય કરાવ્યા પછી તેઓનો પૂ૦ પૂર્વાચાર્યો પ્રતિની પૂજ્યબુદ્ધિ અને ભક્તિરાગ કેવો છે? તે વિષયની જાણ ખાતર થોડા નમુનાઓ સમાલોચનાપૂર્વક રજુ કરૂં છું. જે આ પ્રમાણે :—

(૧)-'**નિબંધનિચય**' **પૃ. ૪૫** "૬-'ॐ अ सि आ उ सा द ज्ञा चा तेभ्यो नमः' विधान लेखकने इसको 'सिद्धचक्र' का मुलमंत्र बतलाया है, कोइ ४००-५०० वर्षोंसे पंचपरमेष्ठीके नामोंके आद्याक्षरोंको लेकर श्वेतांबर तथा दिगंबर शिथिलाचारी आचार्योंने, असि आ उ स य नमः' इस प्रकारका मंत्र बनाकर लोगोंको दिया था तब 'सिद्धचक्रमहापूजा' विधान लेखकनें ज्ञान-दर्शन-चारित्र-तपशब्दोंके आद्याक्षरोंको उक्त संक्षिप्त मंत्रके पीछे जोडकर 'सिद्धचक्र' का मुलमंत्र बना डाला, मैं समझाना हूं कि लेखक इस प्रकारके कार्यमें अपना समय लगानेके बदलें किसी उपयोगीकार्यमें लगाता तो विशेष लाभके भागी होते॥"

સ... .મા.....લો.....ચ.....ના

પં૦ શ્રી કલ્યાણવિજયજી, ઉપરના પેરામાં 'कोई ४००-५०० वर्षोंसे पंचपरमेंष्ठीके नामोंके आद्याक्षरोंके लेकर श्वेतांबर तथा दिगंबर शिथिलाचारी आचार्योंने 'असि आ उ सय नमः' इस प्रकारना मंत्र बनाकर लोगोंको दिया था।' એ પ્રમાણે જાણે 'શ્વેતાંબર અને દિગંબર શિથિલાચારી આચાર્યોનું સંમેલન ૪૦૦-૫૦૦ વર્ષ પૂર્વે મળ્યું હોય અને તે સંમેલનમાં પોતાની હાજરી હોય' તેવી રીતના ઇતિહાસના રૂપમાં વાત તો લખી શકયા છે; પરંતુ તે શ્રીમાન્ આ વાત લખવામાં અને આક્ષેપો કરવામાં કેટલા સાચા છે? તે નીચેના પૂરાવાથી વાંચકો સમજી શકશે.

વિક્રમની પ્રથમ શતાબ્દિમાં થયેલા અને દશપૂર્વધર શ્રી વજૂસ્વામિભગવંતે પણ જેમની પાસે જ્ઞાન સંપાદન કરેલ તે **દશપૂર્વધર પૂ૰ આચાર્ય પુરંદર શ્રી ભદ્રગુપ્ત સૂરીશ્વરજી મહારાજાએ** ॐ ह्रीं असिआउसा ह्रीं नम.' એ મંત્રસિદ્ધિ માટે સ્વરચિત '**અનુભવસિદ્ધ મંત્રદ્વાત્રિંશિકા**'ના બીજા અધિકારમાંના-'प्रणवं परमं तत्वं मायाबीजविराजितम्। परमेष्ठ्यादिपदं चैव ह्रींकारं च नमः पदम्॥' એ ૪૭ મા શ્લોકમાં પરમેંષ્ઠયાદિપદં એ પદથી 'અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુપદ'ના આદ્ય વર્ણોને ગ્રહણ કરેલ છે જ.

તેમજ તે 'અનુભવસિદ્ધ મંત્રદ્વાત્રિંશિકા'ના ચોથા અધિકારમાંના-"ॐ वाग्बीजं माया च, कमलाकामवर्णकौ। सतत्वमादिवर्णाश्च. नमोऽन्तः सर्व वेदिनाम्॥३१॥ एष लोके महा

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मंत्रः, पंचानां परमेष्ठिनाम्। त्रिभुवनस्वामिना नाम पुण्यलभ्या महात्ममिः ॥ ३२ ॥ એ બે શ્લોકોમાં પરમેષ્ઠિપદના આદિવર્ણોથી અસિઆ ઉસાનું સ્પષ્ટ સૂચન કરેલ જ છે.

આમ છતાં 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ ન્યાયે પોતાની જેમ બીજાઓને પણ 'શિથિલાચારી' દેખે કે કહે તેમાં નવાઇ શી? માનું છું કે—દશપૂર્વધર યુગપ્રધાન આચાર્યદેવશ્રી ભદ્રગુપ્તસૂરિજી મ.ને તો પોતે ગણાવે છે તે જાતિ અને શિથિલાચારીની પંક્તિ માંથી આ શ્રીમાન્ બાકાત રાખશે જ.

એ પેરામાં આગળ જતાં સિદ્ધચક્રના વિધાન લેખકને 'मैं समजता हुं कि...' એ પ્રમાણેની વણમાંગી સલાહ દેવાના રસીયા તે પં. શ્રી કલ્યાણવિજયજી પોતે જ 'પૂર્વના તે મહાપુરુષોની જ ટીકા-ટીપ્પણીઓ કરવામાં પોતાની લેખિની અને આત્માને કલંકિત કરવા કરતાં કોઇ ઉપયોગી અને મહત્વના કાર્યમાં લાગી જઈ સ્વજીવનને ધન્ય બનાવે તો કેટલો લાભ ઉઠાવે? એવો કદાપિ સુવિચાર આવ્યો છે ખરો?

(૨) **'निबंधनिचय' પેજ ૫૭ પેરા ૮ માં** 'શ્રી સિદ્ધચક્રારાધન'ના ફલપ્રતિપાદન અંગે ટીકા કરતાં તે પંન્યાસજી લખે છે કે "उपरके श्लोकोंमें वर्णितजिनादिपदोंके आराधकपुरूषोंको तथा तन्निमितक तप करनेवाली स्त्रियोंको पौद्गलिक तुच्छफलोंका प्रलोभन देकर परमेंष्ठीपदोंकी तथा तपपदकी आराधनाका उपहास किया है।"

આ પેરેગ્રાફ લખીને તે પં૦ કલ્યાણવિજયજી, ક્રિયાકાંડ તપ-ત્યાગાદિના આરાધનના પ્રભાવથી પ્રાપ્ત થતા ઐહિક-પારત્રિક ફલોના સૂચક વર્ણનોની રજુઆત કરનારા 'સિદ્ધચક્રયંત્રોદ્ધારવિધિ'ના રચયિતાને 'પ્રલોભન દેનાર તથા આરાધ્યપદ અને તપાદિના ઉપહાસ કરનાર' તરીકે બેધડક બિરૂદાવી શકે છે.

તો તે શ્રીમાનને પ્રશ્ન છે કે શ્રી ઋષિમંડલસ્તોત્ર, ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, જયતિહુઅણસ્તોત્ર આદિના રચયિતા અનુક્રમે ગણધર શ્રી ગૌતમસ્વામી, શ્રી માનતુંગસૂરિજી, શ્રી સિદ્ધસેનદિવાકર, શ્રી અભયદેવસૂરિજી આદિ પ્રાચીન મહર્ષિઓએ એ તેમ જ પાર્શ્વનાથ સ્તોત્રમાં- 'निंदु पयारविदं, वदंती तुम्ह थिरपया होत्ती ॥ वंझा तं झायंती झत्ति सुपुत्तो लहइ महिला = હે પાર્શ્વનાથપ્રભુ! આપના ચરણકમલને વંદન કરતી મૃતવત્સા સ્ત્રી, સ્થિર પ્રજાવાળી થાય છે, તમારું ધ્યાન ધરનાર વંધ્યા સ્ત્રી, શીઘ્રપણે પુત્રોને પામે છે' એ અર્થ પ્રતિપાદક જિનવલ્લભસૂરિ આદિ અર્વાચીન યુગીન આચાર્યોએ તે સ્તુતિ-સ્તોત્રોમાં જે ઐહિક ફલનું પ્રતિપાદન કરેલ છે તો તે બધાય પૂર્વમહર્ષિઓ પણ પ્રલોભન દેનારા અને પરમેષ્ઠીપદોના ઉપહાસ કરનારા હતા ને? ધન્ય છે તમારી આ ધૃષ્ટતાને બુદ્ધિને અને!!

(૩)-શિલ્પશાસ્ત્રમાં પોતાની અનેક સ્ખલનાઓ હોવા છતાં 'શિલ્પશાસ્ત્રપારંગત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોવાનું પાખંડ સેવનાર તે શ્રીમાન્, 'ઉપદેશપ્રાસાદ'ના કર્ત્તા શ્રી વિજયલક્ષ્મીસૂરિજી મ૦ની અનાભોગે થવા પામેલી શિલ્પશાસ્ત્ર અંગેની એક સ્ખલનાને આગળ કરીને **નિબંધનિચય**'ના પેજ ૯૦ ઉપર 'इस कथनसे इतना तो ज्ञात हो ही जाता है कि ग्रन्थकर्त्ता श्री विजयलक्ष्मीसूरि शिल्पशास्त्रका एकडा तक नहीं जानते थें। એ પ્રમાણે લખે છે!

(૪) સત્તરમી શતાબ્દિમાં થએલા આચાર્ય શ્રી હર્ષકીર્ત્તિસૂરિજીએ 'કલ્યાણમંદિર-ટીકા, બૃહચ્છાંતિટીકા, સારસ્વતદીપિકા, શારદીયનામમાલા, સેટ્અનિટ્કારિકાવિવરણ, ચિંદુર-પ્રકરટીકા, ધાતુપાઠવિવરણ, શ્રુતબોધટીકા, વૈદ્યકસારોદ્ધાર, યોગચિંતામણિ' આદિ અનેક ગ્રંથોની રચના કરવાવડે જૈનસમાજમાં પંડિતપ્રકાંડ તરીકે વિખ્યાત છે તે હર્ષકીર્ત્તિસૂરિજી માટેય '**નિબંધનિચય**'ના પેજ ૧૪૪ ઉપર-"श्री गांधीको शायद खबर न होगी कि श्री हर्षकीर्तिसूरि कोई श्रुतधर या गीतार्थ आचार्य नहीं थे। किंतु सत्रहवें सैकेके कतिपय यतियोके अग्रेसर आचार्य नामधारी यती थे, जो परिग्रहधारी होकर दवा-दारुका व्यवसाय करतें थें" એ પ્રમાણે કલમ ચલાવનારા તે શ્રીમાનને આપણે પૂછીએ કે-" પૂર્વના આચાર્યોને શિથિલાચારી, પરિગ્રહધારી, શાસ્ત્રાનભિજ્ઞ, દવાદારૂ કરનાર આદિ દુર્ગુણોયુક્ત તમો જણાવો છો તે સત્ય છે કે કેમ? એ વાત બાજુ પર રાખીએ; પરંતુ જે તેવા દુર્ગુણો પ્રતિ નફરત જ હોય તો તેવા દુર્ગુણોથીય એક ડગલું આગળ વધીને મંતર-જંતર અને દોરાં-ધાગાં સુધીય પહોંચી જવા પામેલા તમારા પોતાના જ ઘરના વડિલો આદિને માટે કયા કયા ઈલકાબો પાઠવવાનું વિચાર્યું છે? જણાવશો ખરા! તેમ જ તેવા હોવા છતાં જગતમાં પોતાને જ 'સુવિહિત' ગણાવનાર તેઓની સામે કદાપિ કલમ ચલાવી છે ખરી?"

ઇતિહાસવેત્તા (?) પં૦ કલ્યાણવિ૦નું શાસ્ત્રજ્ઞાન.

પં. શ્રી કલ્યાણવિજયની પૂજ્યો પ્રતિની 'પૂજ્યતાબુદ્ધિ'ના ઉદાહરણો જણાવ્યા બાદ હવે તે શ્રીમાનનું શાસ્ત્રજ્ઞાન કેવી ઉચ્ચકોટિનું છે? તે જણાવવા માટે સુજ્ઞવાચકો સ્હામે તેના પણ નમુનાઓ રજુ કરું છું. જે આ પ્રમાણે :-

(૧)-'**નિબંધનિચય**' **પેજ ૩૬ ના પેરા ૪ માં**-'यहां पर यह कहना प्रासंगिक होगा कि ११ लाख वर्ष पहले अथवा नेमिनाथके तीर्थकालमें भारतवर्षमें यंत्रमत्रकी चर्चा तक नही थी।' એ પ્રમાણે લખનાર પ૦ શ્રી કલ્યાણવિજયજીને એટલી તો ખબર હશે જ કે-" દરેક તીર્થંકર દેવો જ્યારે તીર્થની સ્થાપના કરે છે ત્યારે તીર્થ સ્વરૂપ પૂ૦ ગણધરદેવો જે દ્વાદશાંગીની રચના કરે છે તેમાંના બારમા અંગ દૃષ્ટિવાદમાં આવતા ચૌદ પૂર્વમાંના 'વિદ્યાપ્રવાદ' નામનું જે પૂર્વ છે તે એકલું વિદ્યા, મંત્રો, અનુષ્ઠાનો આદિથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ ભરપૂર હોય છે." આમ છતાંય 'યંત્ર-મંત્રની ચર્ચા પણ હતી નહિ' એમ જે લખ્યું છે તે તેમની શાસ્ત્ર અંગેની ભારોભાર અજ્ઞાનતાનું સૂચક છે.

(૨)-આ પછીની જ પંક્તિમાં તેઓશ્રી લખે છે કે-'उस समय तो क्या, भगवान महावीरके शासनमें भी, जैनोमें आजसे १५०० वर्ष पहले मंत्र-तंत्रादिकी चर्चा नहीं थी।' ખરેખર એ પ્રમાણેનું વિધાન કરનાર તે શ્રીમાન્ માટે તો 'પર્યુષણમાં કલ્પસૂત્રય વાંચતા હશે કે કેમ?' એ પણ શંકા ઉભી થાય તેમ છે.

કારણકે-જો કલ્પસૂત્ર દરવર્ષે વાંચતા જ હોય તો તે જ કલ્પસૂત્રમાં પણ-"પ્રભુમહાવીર-દેવના નિર્વાણ પછી ૨૧૫ વર્ષે જ સ્વર્ગે સિધાવનાર શ્રુતકેવલી પૂ૦ શ્રી સ્થૂલભદ્રસ્વામિએ વંદનાર્થે આવેલ પોતાની બ્હેનો સામે મંત્રબળથી સિંહનું રૂપ ધારણ કરીને બેઠા હોવાનો તેમ જ દશપૂર્વધર પૂ૦ શ્રી વજ્રસ્વામીએ વિદ્યાબળથી પટ વિકુર્વીને શ્રી સંઘને પૂરિકા-પૂરીમાં ક્ષેમકુશળ લઇ ગયા હોવાના" અને તેવા બીજા પણ પૂર્વાચાર્યોના મંત્ર-વિદ્યાના ચમત્કારોવાળાં દૃષ્ટાંતો મોજુદ છે. તેમ જ વિક્રમની પ્રથમશતાબ્દિમાં એટલે કે આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે થયેલા દશપૂર્વધર પૂ૦ આ૦ શ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજની '**अनुभूतसिद्ध मंत्रद्वात्रिंशिका**', 'अद्भूत पद्मावतीकल्प' આદિ વિપુલ મંત્રસામગ્રીવાળું પૂર્વાચાર્યોનું રચેલું સાહિત્ય પણ મોજુદ હોવા છતાંય 'આજથી ૧૫૦૦ વર્ષ પૂર્વે મંત્ર-તંત્રાદિની ચર્ચા જ ન્હોતી' એમ લખનાર પં૦ શ્રી કલ્યાણવિજયજીને કેવા પ્રકારના શાસ્ત્રવેત્તા માનવા?

'निबंधनिचय' પેજ ૩૬ ના એ ચોથા પેરાના અંતમાં-ईस स्थितिमें श्रीपालके समकालीन मुनिचंद्रमुनिके मुखसे पूर्वाचार्यद्वारा यत्रोद्वारा होनेकी बात कहलाना कहां तक ठीक है, इसका निर्णय मैं अपने पाठको पर छोड़ता हूँ।' એમ લખનાર પં૦ શ્રી કલ્યાણવિજયજી પોતે જ આ મનઃકલ્પિત આખો પેરો લખવામાં કેટલા સાચા છે! તે ઉપરની પેરાનું લખાણ વાંચનાર સુજ્ઞ પાઠકો પર હું છોડું છું.

(૩) **'निबंधनिचय' પેજ ૩૭ પેરા ત્રીજામાં** 'મંત્રશાસ્ત્રના વિષયમાં પણ હું નિષ્ણાત છું.' એવા ગર્વમાં મ્હાલતા તેઓશ્રીએ-"(૩) कथाकारने 'सिद्धचक्रयंत्र' के तीन बलयोंका निरूपण कर यत्रको ह्रींकारके ईकारद्वारा वेष्टित करके समाप्त कर दिया है, क्योंकि 'यंत्र' के 'ह्रींकारवेष्टित' हो जानेके बाद उसके बहार कोईभी वलय लगाया नहीं जाता।" એમ વિધાનાત્મક લખી નાખેલ છે!

પરંતુ 'યંત્રને હ્રીંકારના ઈકારથી વેષ્ટિત કર્યા પછી વલય હોતા જ નથી' એ તે શ્રીમાનની વાત તદ્દન ગલત છે. કારણકે- મંત્રશાસ્ત્રના આમ્નાયગ્રંથો તથા વિધિપ્રતિ-પાદક ગ્રંથોમાં એવા પણ યંત્રો દૃષ્ટિગોચર થાય છે કે-યંત્રો, હ્રીંકારથી વેષ્ટિત થયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી પણ વલયોથી યુક્ત અથવા અષ્ટદલ-ષોડશદલ આદિ પદ્મવલયોથી પણ વેષ્ટિત થયેલાં હોય છે. ઉદાહરણ તરીકે- '**ધરણેારગેન્દ્રસ્તોત્ર**'ની ૨૮ મી ગાથામાંની યંત્ર-રચના અંગે શ્લોક છે કે—

'अंत्यांत स्थं सबिंदुप्रवरकमलगं नामगर्भं सलेशं, ह्रीं क्षः ठवीजवेष्टयं दिशि विदिशि दले लिख्य पद्मोविकल्पम्। संवौषट् यत्र कोष्ठौ तदपि शशिकलायुक्तठेनोपवेष्टयं, शान्ति कुर्यादवश्य गणधरचितं यंत्रमेतद् गृहस्थम् ॥ १ ॥'

આ શ્લોકમાં યંત્રને હ્રીંકારના ઈકારથી અને ક્રોંકાર અંતથી વેષ્ટિત કર્યા બાદ 'क्ष' નું દ્વાદશદલવાળું વલય, તે પછી 'વ પદ્મ'નું પણ દ્વાદશદલવાળું બીજું વલય, ત્યારબાદ 'संवौषट् ठ'નુ દ્વાદશદલવાળું ત્રીજું વલય; આમ ત્રણ-ત્રણ વલયોથી વેષ્ટિત કરેલું પ્રગટ જ છે. માટે પં૦ શ્રી કલ્યાણવિજયજીને મારી આપ્ત સલાહ છે કે જેમાં તમારો વિષય ન હોય અથવા તો જે વિષયનું પુરૂં જ્ઞાન કે માહિતી ન હોય તેવા વિષયોમાં ડહાપણ ડોળીને '**મૂર્ખ શિરોમણી**'માં ખપવા કરતાં મૌન રહેવું વધુ હિતાવહ છે.

(૪)-'**निबंधनिचय**' **પેજ ૪૦ ઉપર**- "परंतु जहांतक मैंने श्वेतांबर-संप्रदायमान्य विविधतपोंके विधानो और उनके उद्यापनोंकी विधियां पढ़ी हैं उनमें उक्त-उद्यापनके समान अन्य किसी तपकी उद्यापनविधिमें घी-खांड़ तथा विविधरत्नोंके चढ़ानेका पाठ नहीं पढ़ा ××× फल-मेवा-नैवैद्य पूजोत्सवमें रखे जाते हैं, उद्यापनमें नही" એ પ્રમાણે લખનાર પં૦ શ્રી કલ્યાણવિજયજી, પૂ૦ મહો૦ શ્રી યશોવિજયજી મહારાજ સંશોધિત અને પૂ૦ ઉ૦ શ્રી માનવિજયજી મ૦ વિરચિત '**ધર્મસંગ્રહ**'માંનો-"तथा नमस्कारावश्यकसूत्रोपदेशमालादिज्ञानदर्शनविविधतपःसवधिषूद्यापने जघन्यतोप्येकैक तत्प्रतिवर्षं विधिवत्कार्यं। नमस्कारस्योपधानोद्वहनादिविधिपूर्वक मालारोपणेनावश्यकादिसूत्राणामेव गाथासख्यश्चतुश्चत्वारिंशदधिकपचशत्यादिमोदकनालिकेरादिढौकनादिना उपदेशमालादीनां सौवर्णादि गर्भदर्शनमोदकलंभनादिना दर्शनादिना शुक्लपंचम्यादिविविधतपसामपि तत्तदुपवासादिसख्यनाणकवर्तुलिकानालिकेरमोदकादिनानाविधवस्तुढौकनादिनोद्यापनानि कार्याणि" એ પાઠ વાંચેલ છે કે નહિ?

આ પાઠમાં મોદક આદિ નૈવેદ્ય, નાલીએર આદિ ફળો અને સોનામહોર-રૂપાનાણું આદિ દ્રવ્ય સમુદાય ઉદ્યાપનમાં મૂકવાનું સ્પષ્ટ વિધાન જણાવેલ છે ખરૂં કે? આ વિધાનનું પ્રતિપાદન, શ્વેતાંબર સંપ્રદાયમાન્ય ગ્રંથનું જ છે ને? અને તે ગ્રંથ પણ 'સુવિહિત' મુનિનો જ રચેલો છે કે? આમ સ્પષ્ટતયા ફલ-નૈવેદ્ય-સુવર્ણ-દ્રવ્ય આદિ મૂકવાનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રપાઠો વિદ્યમાન હોવા છતાંય '**કોઈપણ શ્વેતાંબરસંપ્રદાયમાન્ય વિવિધ તપોના વિધિવિધાનોમાં કે ઉદ્યાપનમાં ઘી-ખાંડ-ફુલ-મેવા-નૈવેદ્ય તથા વિવિધરત્નો આદિ ચઢાવવાનો પાઠ નથી.**' એમ લખનાર તે શ્રીમાનને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રનો એકડો પણ નહિ જાણનાર એવા 'મહાઅજ્ઞાની' તરીકે ગણવા સિવાય બીજો શું રસ્તો હોઈ શકે?

(૫)–પૂ૦ આચાર્યભગવંત શ્રી પાદલિપ્તસૂરિજી મહારાજ, પોતાની '**નિર્વાણ-કલિકા**'માં 'બિંબવાસના અધિકાર'માં- 'ओसहिफलवत्थसुवण्णरयणसुत्तयाइंव विविहाइं। अन्नाहं वि गरुयसुदंसणाइं दव्वाइं विमलाइं ॥१॥ चित्तबलिगंधमल्लविचित्ताकुसुमाइं चित्तवासाइं। विविहाइं धन्नाइं सुहाइ रुवाइ उवणेह ॥२॥' એમ આગમની સાક્ષીગાથાઓનો પાઠ આપવા પૂર્વક– 'ઔષધિ – ફલ – વસ્ત્ર – સૂવર્ણસૂત્ર – રત્નસૂત્રો – દ્રવ્યો' આદિ યથાવિભવાનુસાર વિશિષ્ટતર દ્રવ્યો જિનેશ્વર દેવની સન્મુખ ધરવાનું સ્પષ્ટ પ્રતિપાદન કરે છે જ.

તેવી જ રીતે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા સુવિહતશિરોમણિ પૂ૦ આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ, સ્વરચિત '**પંચાશક પ્રકરણ**'ના 'પૂજા વિધાન' નામના પંચાશકમાં પણ 'गंधधूवसव्वोसहीहिं० ॥ १४ ॥ सिद्धत्थयदहिअक्खय० ॥१५॥' એ બંને ગાથા દ્વારા જિનેશ્વરદેવની પૂજામાં 'સુવર્ણના–મોતીના અને રત્નોના હાર' આદિ સાર સાર દ્રવ્યો વાપરવાનું જણાવે છે; તેવું જ પ્રતિપાદન આગળ જતાં 'પ્રતિષ્ઠા વિધિ પંચાશક'માં પણ કરેલ છે.

આમ સ્થળે સ્થળે પૂજા–પ્રતિષ્ઠા–તપ–ઉજમણામાં કિંમતી ધાતુઓ, રત્નો તથા રૂપીયા આદિ મૂકવાનું વિધાન દૃષ્ટિગોચર થતું હોવા છતાં ક્રિયાકાંડ–તપ–ઉપધાન–ઉજમણાં આદિ ઉપરની પ્રચંડ અરૂચિના કારણે તે તે વિધાન પ્રતિપાદન કરનાર પૂર્વના પુરુષો માટે તે પં૦ શ્રી કલ્યાણવિજયજી '**નિબંધનિચય**'ના પેરા ૪૦ ઉપર–" पूजा–प्रतिष्ठा –उद्यापनोमें कीमती धातुओंके पदार्थ अथवा रुपया पैसा चढ़ानेकी पध्धति शास्त्रीय अथवा सविग्नगीतार्थाचरित नहीं, क़िन्तु चैत्योंकी व्यवस्था क़रनेवाले शिथिलाचारी साधुओ, परिग्रहधारी श्रीपूज्यो, यतियों तथा दिगवरभट्टारकोंको है।" એ પ્રમાણે લખીને 'પૂજા –પ્રતિષ્ઠા અને ઉજમણામાં મૂકાતી કિંમતી ધાતુઓની ચીજો, રૂપીયા આદિની પરંપરાને શિથિલાચારી સાધુઓની, પરિગ્રહધારી શ્રી પૂજ્યો અને યતિ આદિની પરંપરા' તરીકે જણાવી શકેલ છે! ખરેખર! 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' તે આનું નામ!!

ઇતિહાસવેત્તા (?) શ્રીમાન્ પં૦ શ્રી કલ્યાણવિ૦ના ઐતિહાસિક જ્ઞાનનો તેમજ અસત્યપ્રિયતાનો અનેરો પરિચય.

ઉપર જણાવ્યા મુજબ પૂર્વના પૂજ્ય મહર્ષિઓને–'શિથિલાચારી–યતિ–પરિગ્રહધારી –અજ્ઞાની–ચૈત્યવાસી' આદિના ઇલ્કાબો દેવાને જ સર્જાએલા અને શાસન તથા શાસ્ત્રમાંથી પણ અછતા દુષણો જ કાઢવા ટેવાએલા તે ભવાભિનંદી પં૦ શ્રી કલ્યાણવિજયજીની– '૧–પૂજ્યો પ્રતિની પૂજ્યતા કેવા પ્રકારની છે? ૨–જ્યોતિષ્ય વિષયક જ્ઞાન કેવા પ્રકારનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે? ૩-શાસ્ત્રોનું જ્ઞાન પણ કેવા પ્રકારનું છે?' તેના સમીક્ષાપૂર્વકના નમુનાઓ જણાવ્યા પછી પોતાને 'ઇતિહાસવેત્તા' ગણાવી રહેલા તે શ્રીમાનનું ઇતિહાસ અંગેનું પણ જ્ઞાન કેવું છે? તેની પણ સાથોસાથ વાચકોને ઝાંખી કરાવી લઈએ.

(૧)-'**નિબંધનિચય**' પેજ ૬૧ ઉપરના પેરામાં- "आचार्य विजयदेवसूरिजीके समयमें उपाध्याय श्री धर्मसागरजीकी परंपराके कतिपय साधु धर्मसागररचित 'सर्वज्ञशतक' आदि ग्रंथ जो श्वेतांबरसंप्रदायके सिद्धांतोसें विरोधी बातोंके लिखनेके आचार्य श्री विजयदानसूरिजी तथा विजयहीरसूरिजीने लेखकको 'गच्छबाहर' कर दिया था. એટલે કે-'આ૦ વિજયદેવસૂરિજી મ૦ના સમયમાં ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીની પરંપરાના કેટલાક સાધુ. ધર્મસાગર કૃત 'સર્વજ્ઞશતક' આદિ ગ્રંથ (માં) જે શ્વેતાંબર સંપ્રદાયના સિદ્ધાંતોથી વિરોધી વાતો લખવાથી (તે લેખક સાધુઓને) વિજયદાનસૂરિજી તથા વિજયહીરસૂરિજીએ 'ગચ્છબહાર' કરી દીધા" એમ લખનાર તે શ્રીમાન્ કલ્યાણવિ૦ને એટલું પણ ઐતિહાસિક જ્ઞાન નથી કે-પહેલાં વિજયદેવસૂરિજી મ૦ થયા કે પહેલા વિજયદાનસૂરિજી મ૦ અને વિજયહીરસૂરિજી મ૦ થયા?

વિક્રમની ૧૭ મી શતાબ્દિમાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ના વિદ્વેષિ એવા પૂ૦ ઉપાધ્યાય વર્ગ તરફથી વહેતી મૂકાએલી જૂઠી વાતોને સત્ય ઇતિહાસ રૂપે પ્રચલિત કરવા માટે જ અસત્યોપસક મુનિશ્રી દર્શનવિ૦એ સં. ૧૬૭૯માં 'વિજયતિલકસૂરિરાસ'ની રચના કરી આ રાસની બીનાઓનો આધાર લઈને આ પં૦ કલ્યાણવિજયજી, ઇતિહાસ લખવા બેઠા તો ખરા; પરંતુ તે રાસમાં-'કોને ગચ્છબહાર' કર્યા? કોણ ગચ્છ બહાર થયેલ? કોણે ગચ્છ બહાર કરેલ? વગેરે વાતોનું જ્ઞાન તેમને નથી. પછી શું જોઇને ઇતિહાસ લખતા હશે?

આમ પાટપરંપરા તથા ઇતિહાસના ય અપૂર્ણજ્ઞાની એવા તે પં૦ શ્રી કલ્યાણવિ૦ એ ઉપરના પેરામાં જે વાત લખી તે અંગે તે શ્રીમાનને પ્રશ્ન છે કે- સં. ૧૬૫૬ માં પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મહારાજની પાટે આવેલા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના સમયમાં પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ની પરંપરાના કેટલાક સાધુઓએ વિરોધી વાતો લખી તે બદલની 'ગચ્છબહાર'ની સજા સં૦ ૧૬૨૨ માં અને સં૦ ૧૬૫૨ માં સ્વર્ગે સીધાવેલા તે પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦ અને આ૦ શ્રી વિજયહીરસૂરિજી મહારાજે સ્વર્ગમાંથી અહિં આવીને કરી હશે?

જૂઠ ઇતિહાસ સર્જન અંગે પંકાએલા મુનિ શ્રી દર્શનવિ૦ કૃત તે 'વિજયતિલકસૂરિ રાસમાંની- 'પૂ૦ મહો૦ શ્રી ધર્મસા૦ મ૦ને ગચ્છબહાર કર્યા, તેમના રચેલા ગ્રંથો જલશરણ કર્યા, માફી મંગાવી, પટ્ટકો કર્યા વગેરે દરેક વાતોનું પ્રમાણ આપવાપૂર્વક ખંડન, પૂ૦ સ્વ૦ શાસનસ્તંભ-શાસનકંટકોદ્ધારક આચાર્ય દેવેશશ્રીએ આ '**પ્રાચીન-**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા' ગ્રંથમાં જ આગળ કરેલ હોવાથી ફરી તે વાતોનું ખંડન કરવાનો કોઈ અર્થ નહિ હોવાથી આ અને આ પછીની તે શ્રીમાનની તેવી બધી જ ગલત વાતોની સમીક્ષા કરવાનું મુલતવી રાખું છું.

(૨)-'**નિબંધનિચય' પેજ ૬૧ પેરા બીજામાં**-" कहा जाता है कि उपाध्याय धर्मसागरजी विजयदेवसूरिजीके सांसारिक मामा लगते थे। इस संबधसे उपाध्याय धर्मसागरजीकी तरफ़से विजयदेवसूरिजीको एक पत्र लिखा था। जिसमें 'अपनेको गच्छमें लिवानेकी सिफ़रिश की थी। उस पत्रके उत्तरमें विजयदेवसूरिजीनें लिखा था कि 'जब तक गुरुमहाराज विद्यमान हैं तब तक मैं इस विषयमें कुछ नहि कर सकता.' देवसूरिजीका यह पत्र किसी सागर-विरोधीके हाथ लगा और आगेसें आगै यह पत्र आचार्यश्री विजयसेनसूरिजीक पास पहूंचा।" એ પ્રમાણે લખનાર પં૦ કલ્યાણવિજયજી એટલું પણ વિચારવા કેમ થોભ્યા નહિ હોય કે- "પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજે લખેલ પત્ર, ભાવિ ગચ્છનાયક પૂ૦ આ૦ શ્રી દેવસૂરિજી મહારાજ પાસે પહોંચી ગયો છે અને જેનો જવાબ તે પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજે આપેલ છે તે પૂ૦ મહો૦શ્રીનો પત્ર અને વિજયદેવસૂરિજી મ૦નો લખેલો ઉત્તર, એમ બનેય પત્રો સાગરવિરોધી મુનિના હાથમાં આવે ખરા? શું તે બંને પૂજ્યો વ્યવહારનિપુણતાની એટલી બધી ખામીવાળા હતા કે ચોક્કસ બેપીઆની સાથે મોકલવાને બદલે જે તેને હાથ પડે તેવા અકુશળ બેપીઆ સાથે મોકલાવ્યો?"

(૩) આમ અન્ધાનુકરણ કરનાર તે શ્રીમાન્ 'નિબંધનિચય'ના પૃ. ૬૧ ઉપર એ જ ચાલુ પેરામાં આગળ જતાં "विजयदेवसूरीजीके संबंधमें जो अविश्वासकी बात सोची गई थी वह वास्तविक नहीं थी। परतु सागरोंके विरोधीयोंने सागरोंके साथसाथ इस तपस्वी आचार्य विजयदेवसूरिजीको भी बदनाम करनेमें उठा नहीं रखा।" આમ સ્પષ્ટ લખીને "ભાવિ ગચ્છનાયક પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મહારાજ, સાગરના પક્ષપાતી હોવાની વાતનો સદંતર ઈન્કાર કરે છે; એટલું જ નહિ પણ **તે આચાર્યશ્રીને ખોટી રીતે બદનામ કરનાર સાગરપક્ષના વિરોધીઓ જ છે.**" એમ પણ સાથોસાથ નક્કર સત્ય ઉચ્ચારે જ છે! તો પછી ઉપર નં. ૨ વાળી પંક્તિઓ જે લખી છે તેનો કાંઈ પણ અર્થ છે ખરો? તે વાચકો વિચારે.

(૪)-'**નિબંધ નિચય' પેજ ૬૫ પેરા ત્રીજામાં**- "परन्तु विजयपरंपरामें विजयदेवसूरि, विजयआनंदसूरिके नामसे दो परंपराएँ प्रचलित हुई। उसी समयमें सागरोंने भी अपनी एक स्वतंत्र परपरा उद्घोषित की और उसका संबंध विजयसेनसूरिजीसे जोडा।" એમ અવ્યવસ્થિત લખનાર તે પં૦ શ્રી કલ્યાણવિજયજીને-'તે સમયમાં સાગરોએ પોતાની સ્વતંત્ર પરંપરા જાહેર કરી જ નથી; પરંતુ આ '**પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમીક્ષા' નામના ટંકશાલી ગ્રંથના પેજ ૧૪૧ ઉપરની સ્કુટનોંધ ૬૪ માં તેમ જ પૂ૦ ઇતિહાસવેત્તા દર્શનવિ૦ ત્રિપુટીકૃત '**જૈન પરંપરાનો ઇતિહાસ**' ભાગ ૩ ના પ્રકરણ પંચાવનમાં જણાવ્યા મુજબ ખુદ ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજે જ આચાર્યપદવી આપીને પોતાની સ્વતંત્ર પરંપરા તરીકે જાહેર કરેલ છે.' આ ઐતિહાસિક સ્પષ્ટ અને તથ્ય બીનાની પણ જેમને ગતાગમ નથી, તે શું જોઈને ઇતિહાસો સાથે અડપલાં કરતાં હશે ?

(૫)–આમ ઇતિહાસનો એકડો પણ નહિ જાણતા હોવાનું ખુલ્લું દેખાઇ રહ્યું હોવા છતાં પોતાને 'ઇતિહાસવેત્તા' તરીકે જગતમાં ગણાવવા મથતા તે પં૦ શ્રી કલ્યાણ-વિજયજી, '**નિબંધનિચય**'**ના પેજ ૨૪૯ ઉપર** "૧૭ વી શતાબ્દિમેં મૂર્તિપૂજક જૈન-ગચ્છોમેં કલહાગ્નિ ભડકાને વાલેં उपाध्याय श्री धर्मसागरजीने 'सर्वज्ञशतक' नामक ग्रन्थ बनाकर सभी जैनगच्छोंको उत्तेजित किया + + + + वें समी विरूद्धप्ररूपणाएं मुद्रित सर्वज्ञशतकपुस्तकमें आजभी विद्यमान है।" એ પ્રમાણે ૧૩ લીટીનો બીજો આખો પેરો ગતાનુગતિકપણે લખનાર પં૦ શ્રી કલ્યાણવિજયજી નીચે લખેલી બીના-ઓના સ્પષ્ટ ખુલાસાઓ પોતાની સહીથી જાહેર કરે અથવા તો તેવા જુઠી અને ભ્રામક વાતો લખી જનતાને ભરમાવે નહિ તેમજ પોતાના આત્માને ભવકૂપમાં વધુ ન ધકકેલે એમ ઇચ્છું છું.

૧–૧૭મી શતાબ્દિમાં મૂર્ત્તિપૂજક જૈનગચ્છોમાં કલહાગ્નિ, પૂ૦ મહો૦ શ્રી ધર્મ-સાગરજી મહારાજે પ્રગટાવ્યાનું કોઇ ઐતિહાસિક પ્રમાણ તમારી પાસે છે ખરૂં ?

૨–૧૭મી શતાબ્દિમાં થએલા તે પૂ૦ મહો૦શ્રી ધર્મસાગરજી મહારાજે કલહાગ્નિ, જૈનસમાજમાં પ્રગટાવ્યો કે–તપગચ્છનો વિજયધ્વજ ફરકાવ્યો ? એ વાત બાજુએ રાખીએ: પરંતુ કલહાગ્નિ પ્રગટાવ્યાનો આરોપ મૂકનાર તમોએ તથા નૂતનમતના સાગ્રીતોએ તો આ વીસમી શતાબ્દિમાં શાસ્ત્ર અને પરંપરાના ઉત્થાપક એવા આ૦ શ્રી રામચંદ્રસૂરિના નવા તિથિમતને ખૂબ ખૂબ બ્હેકાવીને, જુઠાં સાહિત્યો સર્જીને, વૈદ્યના નામે મનપસંદ નિર્ણય ઘડીને અને આગમશાસ્ત્રોનેય 'શાસ્ત્રાભાસ' કહીને જૈનસમાજમાં કલહાગ્નિનો દાવાનલ સળગાવ્યો હોવાનું તો જગત્ પ્રસિદ્ધ છે ને ?

૩ '+++ એટલું જ નહિ; પરંતુ કેટલીએ શાસ્ત્રવિરુદ્ધ વાતો લખવાને કારણે એમના ગુરુ આચાર્ય પણ નારાજ થયા અને તેમને ગચ્છબહાર જાહેર કર્યા. આ ભારી શિક્ષાના કારણે એમની આંખો ખુલ્લી અને ગુરુ પાસે માફી માગી. એટલું જ નહિ; પરતુ 'सर्वज्ञशतक' ગ્રંથનું સંશોધન કર્યા સિવાય પ્રચાર નહિ કરવાની પ્રતિજ્ઞા જાહેર કરી." ઇત્યાદિ જુઠી વાતો લખતાં પહેલાં તે શ્રીમાને પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મ૦ શ્રીના કટ્ટર પ્રતિસ્પર્દ્ધી એવા આણસૂરગચ્છના જ મુનિએ બનાવેલી 'તપાગચ્છ પટ્ટાવલી'ની–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એહવઇ સં૰ ૧૬૭૧ વર્ષે અહિમ્મદાવાદીનગરઇ હાજાપાટણિ ચતુર્વિધ સંઘસાક્ષિ ઉ૰ ધર્મ્મ (નેમિ) સાગરઇં પાંચ બોલનો મિથ્યાદુઃકૃત દીધો। પુનઃ શ્રીસૂરિની (વિજયસેનસૂરિની) આજ્ઞા લહી સમસ્તગીતાર્થ મિલિ સર્વજ્ઞશતક ૧ ધર્મતત્વવિચાર ૨ પ્રવચનપરીક્ષા ૩ ઇરિયાવહીકુલક ૪ પ્રમુખ ગ્રંથ...જ્ઞાનકોશી અહમ્મદાવાદી, ખમાયતિ, પાટણિ. ગંધારી પ્રમુખ નગરઇં થાપ્યા।" એ ટંકશાલી ઉલ્લેખ વાંચવાની ખાસ જરૂર હતી. કે જેથી તે ઇતિહાસવેત્તા (?) શ્રીમાનને–પૂ૰ મહો૰ શ્રી ધર્મસાગરજી ગણિએ રચેલ સર્વજ્ઞશતક ગ્રંથમાંની વાતો, શાસ્ત્ર-વિરુદ્ધ હતી કે શાસ્ત્રસિદ્ધ?' તે પૂ૰ મહો૰શ્રીની એ ગ્રંથરચનાથી તેમના ગુરુ આચાર્યો નારાજ હતા કે રાજી હતા? એ ગ્રંથને અપ્રમાણ કર્યો હતો કે પ્રમાણિકની મહોરછાપ મારી પ્રચારાર્થે દરેક જ્ઞાનભંડારોમાં મૂકાવેલ હતો?" વગેરે ઐતિહાસિક સત્ય બીના-ઓનું જ્ઞાન અને ભાન થાત. તેમ જ તે તે શાસનસ્તંભ પૂજ્યોની નિંદાજન્ય પાપના ભાગી બનતા અટકત.

પરંતુ ખેદની વાત છે કે–પોતાની ઐતિહાસિક અજ્ઞાનતા ઉપર આંસુ સારવાને બદલે અને નિંદાજન્ય પાપથી બચવાને બદલે વિક્રમની ૧૭મી શતાબ્દિમાં થયેલા પૂ૰ આ૰ શ્રી વિજયસેનસૂરિજી મહારાજ, પૂ૰ આ૰ શ્રી વિજયદેવસૂરિજી મહારાજ, પૂ૰ મહો૰ શ્રી નેમિસાગરજીગણિ, પુ૰ પં૰ શ્રી ભક્તિસાગરજી ગણિ, પૂ૰ આ૰ શ્રી રાજસાગરસૂરિજી મહારાજ આદિ શાસનધૌરેય મહાપુરુષો દ્વારા જાહેરસભાઓમાં–રાજસભાઓમાં પણ જે સર્વજ્ઞશતક મહાગ્રંથ, સોટચના સુવર્ણની જેમ પ્રમાણિક અને સુવિશુદ્ધ ગ્રંથ તરીકે જગજાહેર થયેલ તે સર્વજ્ઞશતક મહાગ્રંથને પૂ૰ ગચ્છાધિપતિ આ૰ દેવ શ્રી માણિક્ય-સાગરસૂરીશ્વરજી મહારાજ તરફથી વિક્રમની આ ૨૧ મી શતાબ્દિમાં મુદ્રિત થઈને બહાર પડતો અને અમર બનતો જોઇને ઈર્ષ્યાગ્નિથી બળી રહેલ છે!

આ ઇર્ષ્યાગ્નિથી પ્રજળી રહેલા તે પં૰ કલ્યાણવિજયજી, એ જ 'નિબંધ નિચય' ના પૃ૰ ૬૬ ઉપર "उपाध्याय धर्मसागरजी जिन ग्रंथोंके प्रचारके अपराधमें राच्छ बहार हुऐ थे और उनकी परंपराके सागर साधुओंको भी उन्हीं ग्रंथोके प्रचार करनेके अपराधमें तपागच्छके आचार्योंकी आज्ञाके बाहर ठहराया गया था, उन्ही ग्रंथोंका आज संविज्ञशाखाके कतिपय सागर नामधारी प्रचार कर रहे हैं। परंतु हमारी संविज्ञशाखाके कहलाने वाले आचार्यो द्वारा इसका कोई प्रतीकार नहिं होता, यह आजके हमारे आचार्योंकी कमजोरीका प्रमाण है। यदि हम इसी प्रकार हमारी संविज्ञशाखाके आचार्य तथा श्रमणगण प्रतिदिन निर्बल बनते जायेंगे, तो पूर्व कालीन 'श्री पूज्य' नामसे पहचाने जानेवाले आचार्यो और 'यति' के नामसे परिचित हुऐ साधुओकी जो दशा हुई थी वही दशा आजके आचार्यो और साधुओंकी होगी, ईसमें कोई शंका नही हैं।" એ પ્રમાણે હૈયાવરાળ ઠલવીને આજના આચાર્યોને 'શ્રી પૂજ્યો' અને સાધુઓને 'જતિઓ' તરીકે પણ ઠરાવવાની કોશિષ કરતાં નિકૃષ્ટ-હૃદયી તેઓ બચકાયેલ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પં૦ શ્રી કલ્યાણવિજયજીની આવી ભવાભિનંદિતાના પૂર્ણપરિચયી એવા નવા તિથિમતી આ૦ શ્રી રામચંદ્રસૂરિજીએ વિક્રમ સંવત્ ૨૦૧૪ના રાજનગર શ્રમણ સંમેલનમાં ૪૫૦ પૂજ્ય સાધુઓ વચ્ચે જે-'પં૦ કલ્યાણવિજયજી, સમુદાય બહાર છે, સિદ્ધિસૂરિજી બાપજીની પાટને કલંકિત કરી છે.' વગેરે શબ્દો ઉચાર્યા હતા, તે યથાર્થ જ હતા, એમ આ બધા તે શ્રીમાન્ના લખાણના વાચનથી પ્રાજ્ઞપુરુષોને સહેજે સમજાશે.

(૬) '**નિબંધનિચય**' પૃ૦ ૮૨ના પેરા બીજામાં મહો૦ શ્રી મેઘવિ૦ ગણિએ બનાવેલા 'યુક્તિપ્રબોધ' ગ્રંથ અંગે "इससे इतना ज्ञात होता है कि उपाध्यायजीकी यह कृति विक्रम सं० १६८८ के पहलेकी हैं, क्यों कि आचार्य श्री विजयसिंहसूरिजीको गच्छानुज्ञा १६८४ में हुई थी और उसके बाद आप ४ वर्षमें ही स्वर्गवासी हो चुके थें, इससे निश्चित होता है कि यह ग्रन्थ विजयसिंहसूरिजीके जीवनकालमें ही बना था" એ પ્રમાણે લખીને પં૦ શ્રી કલ્યાણવિજયજી, 'યુક્તિપ્રબોધ' ગ્રંથ રચનાનો સંવત્ ૧૬૮૪થી ૧૬૮૮ની વચ્ચગાળાનો અને પૂ૦ આ૦ શ્રી વિજયસિંહસૂરિજી મ૦ની હયાતિમાં જ રચાયો છે.' એમ એવકારપૂર્વક જણાવે છે. હવે તે જ પં૦ કલ્યાણવિજયજી એ જ 'નિબંધનિચય'ના પેજ ૮૩ ઉપર શું લખે છે? તેનું પણ અવતરણ આપું છું. જે આ પ્રમાણે :-

"आपने इस युक्तिप्रबोधका निर्माणसमय नही बताया, परंतु प्रशस्तिमें आपने लिखा है-यह 'युक्तिप्रबोध'की रचना आचार्य श्री विजयप्रभसूरि और उनके पट्टधर आचार्यश्री विजयरत्नसूरिके शासनकालमें हुई। इससे ज्ञात होता हैं कि प्रस्तुत ग्रन्थ विजयरत्नसूरिजीका आचार्यपद विक्रम सं० १७३२ में होने के बाद की हे।"

પાઠકગણ! ઉપરના પેરામાં 'વિજયસિંહસૂરિજીની હયાતિમાં જ અને સં૦ ૧૬૮૪થી ૧૬૮૮ના વચ્ચગાળામાં' 'યુક્તિપ્રબોધ' ગ્રંથની રચના જણાવે છે! જ્યારે આ બીજા પેરામાં 'આ૦ શ્રી વિજયસિંહસૂરિના પટ્ટધર વિજયપ્રભસૂરિ અને તે પછીના પટ્ટધર વિજયરત્નસૂરિજીની હયાતિમાં અને સં૦ ૧૭૩૨ પછી'ની રચના જણાવે છે! આમ એકજ પેજના અંતરે એક જ ગ્રંથની રચના કાળમાં ૪૪ વર્ષથી વધારેનો ફેરફાર જણાવનાર અવ્યવસ્થિત ચિત્તવાળા અને ઉન્મત્તપ્રલાપી એવા આ શ્રીમાન્ પં૦ શ્રી કલ્યાણવિજયજી શું જોઇને પોતાને **ઇતિહાસવેત્તા** તરીકે ગણાવવામાં મગરૂરી ધરાવતા હશે?

પોતાની આંખે અને પગલે સેંકડો ભૂલો હોવા છતાં તેની સામે નજર કરવાની જેને ફુરસદ નથી તે શ્રીમાન્ ઇતિહાસવેત્તા (?) પૂ૦ સુગૃહીતનામધેય પ્રાતઃસ્મરણીય મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિપ્રવર જેવા શાસનસ્તંભ મહાપુરુષોની તેમ જ સાંપ્રતકાલીન આચાર્ય-ઉપાધ્યાય-મુનિભગવંતો આદિની ટીકા-ટિપ્પણીઓ અને નિંદાઓ કરીને પાપના પોટલાઓ શું કામ બાંધતા હશે? હજુ પણ ઉંવાટ છોડી માર્ગે આવે અને જાણે અજાણે કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાય. એ જ એક શુભેચ્છા. इत्यलं विस्तरेण.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રન્થ ઉપસંહાર

જેમ આ વિક્રમની વીશમી શતાબ્દિમાં–'અજોડ ક્રાંતિકારી આચાર્ય' ગણાવવાની મહત્વાકાંક્ષાને લઇને વિજયરામચંદ્રસૂરિએ સં૦ ૧૯૯૨ માં શાસનના મહારથીઓને કે પોતાના ગુરૂ વિજયપ્રેમસૂરિને પણ પૂછ્યા વિના સ્વચ્છંદતયા તિથિમત કાઢીને શાસ્ત્રો અને પ્રાચીન સામાચારીનેય ઉત્થાપી ઘર ઘર કલેશ–કંકાસની ચિનગારીઓ ચાંપવી શરૂ કરી દીધી હતી, તે વખતે શાસનમાં–'પૂ૦ આ૦ શ્રી વિજયનેમિસૂરિજી મ૦, પૂ૦ વિજયહર્ષ-સૂરિજી મ૦, વિજયવલ્લભસૂરિજી મ૦, વિજયમોહનસૂરિજી મ૦, વિજયદર્શનસૂરિજી મ૦, વિજયોદયસૂરિજી મ૦, વિજયનંદનસૂરિજી મ૦, વિજયલાવણ્યસૂરિજી મ૦, વિજયકમંગ-સૂરિજી મ૦, વિજયસિદ્ધિસૂરિજી મ૦, વિજયઈન્દ્રસૂરિજી મહારાજ' આદિ ઘણા આચાર્યો -ઉપાધ્યાયો અને મુનિભગવંતોની વિદ્યમાનતા હોવા છતાં તે પૈકીના કોઇપણ પૂજ્યોએ તે શાસ્ત્ર અને પરંપરા ઉત્થાપક તિથિમતનો ફેજ કર્યો હોવાનું તેમ જ તે નવા મતના પ્રરૂપક શાસનદ્રોહી આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજીને આગળ વધી વધુ વિનાશ વેરતાં અટકાવ્યા હોવાનું જાણેલ નથી.

તેવે ટાઇમે વિજયદેવસૂરતપાગચ્છ સામાચારી સંરક્ષક–આગમોદ્ધારક–પૂ૦ આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ તેમ જ આ **'પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા'** મહાગ્રંથના લેખક-શાસન કંટકોદ્ધારક પૂ૦ આચાર્યદેવેશ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ જ કોઇની પણ સહાય કે સાથ–સહકારની અપેક્ષા રાખ્યા સિવાય એકલે હાથે અને અણનમ વિજયીપણે આજીવન શાસન–શાસ્ત્ર અને સુવિશુદ્ધ સામાચારીનું સંરક્ષણ કરવા પૂર્વક તે નવા મતના કુવાદિ નેતા આ૦ શ્રી રામચંદ્રસૂરિને પડકાર ફેંકેલ અને તેમના નવા તિથિમતને ધરાશાયી પણ બનાવવા પૂર્વક તે કહેવાતા જૈનાચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજીને 'અલ્ટીમેટમ' આપીને શ્રી વિજયદેવસૂરસંઘ બહાર તરીકે પણ જાહેર કરેલ છે!!

તેમ વિક્રમની સત્તરમી શતાબ્દિમાં પણ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયહીરસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયસેનસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી વિજયદેવસૂરિજી મ૦ના સામ્રાજ્યમાં–'પૂ૦ મહો૦ શ્રી કલ્યાણવિ૦ મ૦, પૂ૦ મહો૦ શ્રી સોમવિ૦ મ૦, પૂ૦ મહો૦ શ્રી સકલચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી કીર્તિવિ૦ મ૦, પૂ૦ મહો૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી કનકવિ૦, પૂ૦ મહો૦ શ્રી શાંતિચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી ભાનુચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી સૂરચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી સિદ્ધિચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી રત્નચંદ્રજી, પૂ૦ મહો૦ શ્રી માનવિ૦, પૂ૦ મહો૦ શ્રી લાભવિ૦, પૂ૦ ઉ૦ શ્રી જિતવિ૦, પૂ૦ પં૦ શ્રી નયવિ૦, પૂ૦ ઉ૦ શ્રી યશોવિ૦, પૂ૦ ઉપા૦ શ્રી વિનયવિ૦' આદિ પ્રકાંડપંડિતોની વિદ્યમાનતા હોવા છતાં ખરતર, પૂનમીયા, અંચલીયા, ત્રણ થોયા, પાસચંદ, દિગંબર આદિ કુમતવાદીઓએ જ્યારે જ્યારે માથું ઉંચકેલ ત્યારે ત્યારે તે તે મહોપાધ્યાયશ્રીઓમાંથી એકપણ મહર્ષીએ તેનો ખાસ પ્રતીકાર કર્યો હોવાની ઇતિહાસ સાક્ષી પૂરતો નથી જ!!

તે તે કુમતવાદીઓને ડામવાને બદલે ડામવાના પ્રયત્નો કરનાર શાસન મહર્ષીઓને તે ઉપાધ્યાયવર્ગે પોતાનો સાથ-સહકાર પણ આપેલ નથી! એટલું જ નહિ; પરંતુ સ્વગચ્છીય કહેવાતા તે ઉપાધ્યાય ભગવંતોએ, શાસનસંરક્ષક મહારથીઓના પ્રતિસ્પર્દ્ધી બનીને તે તે શાસનસંરક્ષક મહાપુરુષોની ગૌરવવંતી પ્રતિભા કેમ નિસ્તેજ દેખાય અને તેઓ સમાજમાં કેમ ઉતરી પડે તે માટેના ભગીરથ પુરુષાર્થો આદરી દીધેલ હોવાનું પણ તે કાળનો ઇતિહાસ સાક્ષી પૂરી રહેલ છે!! જે બીના, આ '**પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા**' નામક મહાગ્રંથમાં પૂ૦ શાસનકંટકોદ્ધારક તારક ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કરી બતાવેલ છે

આમ સ્વગચ્છીય પ્રકાંડપંડિત ઉપાધ્યાયોનું જૂથ પણ જ્યારે વિરોધીઓનું મિત્રરૂપ બની હિતશત્રુઓની ગરજ સારી રહ્યું હતું તેવા કાળે પણ શાસનરક્ષા માટે જ આજીવન કમર કસનાર અને માનાપમાન કે પ્રાણની પણ પરવા નહિ કરનાર એવા સુગૃહીત-નામધેય-પ્રાતઃ સ્મરણીય-પૂ૦ મહામહોપાધ્યાય **શ્રી ધર્મસાગરજી** ગણિપુંગવે તે તે કુમતવાદીઓનો એકલે હાથે જ સજ્જડ પરાભવ કરવાપૂર્વક તપગચ્છનો વિજયધ્વજ ફરકાવેલ! અને તે તે પૂ૦ ગચ્છનાયકોએ પણ આ પ્રમાણે વિજયધ્વજ ફરકાવનાર પૂ૦ મહો૦ શ્રીની પીઠ થાબડીને તેમને પોતાના હૈયાના હાર તરીકે અગ્રસ્થાને રાખેલ!!

વિક્રમની આ ચાલુ વીસમી શતાબ્દિમાં નવા તિથિમતરૂપી કુમતને ડામવામાં જેમ સાગરમહર્ષીઓએ જ ફાળો આપેલ છે અને તેમ કરીને શાસનસેવાનું ભગીરથ કાર્ય સાંગોપાંગ પાર પાડીને શાસનપક્ષને સદાયને માટે ઉન્નત મસ્તકે રાખીને શાસનનો વિજયધ્વજ ફરકાવેલ છે; તેવી જ રીતે વિક્રમની ૧૭ મી શતાબ્દિમાં પણ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજશ્રીએ તે દસેય કુમતવાદીઓનો કરૂણ ફેજ કરીને તપાગચ્છનો જે વિજયધ્વજ ફરકાવેલ હતો; તેને નમાવવાના સ્વગચ્છીય અને પરગચ્છીયોના સતત પ્રયાસોને પણ ધૂળમાં મેળવવાપૂર્વક અણનમ ફરકતો રાખવાનો સુયશ પણ પૂજ્ય ગચ્છનાયક શ્રી વિજયદેવસૂરિજી મ૦ અને પૂ૦ મહો૦ શ્રી નેમિસાગરજી મ૦, પૂ૦ મહો૦ શ્રી મુક્તિસાગરજી મ૦, પૂ૦ પં૦ શ્રી ભક્તિસાગરજી મ૦, પૂ૦ આ૦ શ્રી રાજસાગરસૂરિજી મ૦ તથા પૂ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પં૦ શ્રી અમૃતસાગરજી ગણિ આદિ સાગરમહર્ષીઓના જ કાળે જતો હોવાનું આજે પણ ઇતિહાસ સાક્ષી પૂરી રહેલ છે.

આશ્ચર્યની વાત છે કે-શાસનરક્ષક પુરુષોની તે દિગંતવ્યાપિની ઉજ્વલકીર્તિની અસહિષ્ણુતાના કારણે વિક્રમની ૧૭ મી શતાબ્દિના તે પ્રતિસ્પર્દ્ધી પૂ૦ ઉપાધ્યાય ભગવંતો આદિએ વિરોધી પ્રચારો આદરીને જે અસત્ય ઇતિહાસ ખડો કરેલ હતો, તે જુઠ ઇતિહાસને પૂ૦ સિંહવિ૦ ગણિ, પૂ૦ દર્શનવિ૦ ગણિ, પૂ૦ મહો૦ ભાવવિ૦ ગણિ આદિએ રાસા-ભાવની આદિના રૂપે વણીને ચિરસ્થાયી બનાવી દીધો! આ જુઠા ઇતિહાસને કસવાને બદલે સાચો જ માનીને ચાલવા ટેવાએલા આજના ઇતિહાસકારો-પૂ૦ મુનિ શ્રી દર્શનવિ૦ ત્રિપુટી, પૂ૦ મુનિ શ્રી વિદ્યાવિ૦, મોહનલાલ દલીચંદ દેસાઈ, મોતીચંદ ગીરધર કાપડીઆ, પં૦ સુખલાલ, મુનિ શ્રી યશોવિ૦ આદિએ પણ તે જુઠા ઇતિહાસને વધુ ઓપ ચડાવીને ચગાવવા માંડયો!!

આ ઓપથી શાસનસંરક્ષક પૂજ્ય પૂર્વ મહર્ષિઓનો જવલંત સત્ય ઇતિહાસ અને શાસનરક્ષા કાજેના ભોગો તદ્દન અવરાઈ-ગુંગળાઈ જતા જોઈને શાસનરક્ષા અને સત્યરક્ષા માટે જ આજીવન ભોગો આપનાર એવા તારક ગુરુદેવ **પૂ૦ સ્વ૦ આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ** પોતાની નાદુરસ્ત તબિઅતની પણ પરવા કર્યા વિના વર્ષો સુધી અવિરત પરિશ્રમ લઈને જુઠ ઇતિહાસના પડદાઓ ચીરી નાખવાપૂર્વક, તેના સર્જનહારોને પણ તત્સ્વરૂપે જગતમાં ખુલ્લાં કરવાપૂર્વક આ-'**પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિવર અંગેના પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા**' નામના ટંકશાળી ગ્રંથનું નવનિર્માણ કરીને પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજી મ૦, પૂ. વિજયસેનસૂરિજી મ૦, પૂ૦ વિજયદેવસૂરિજી મ૦, પૂ૦ મહામહો૦ શ્રી ધર્મસાગરજી મ૦, પૂ૦ મહો૦ શ્રી નેમિસાગરજી મ૦, પૂ૦ મહો૦ શ્રી મુક્તિસાગરજી મ૦, પૂ૦ પં૦ શ્રી ભક્તિસાગરજી ગણિ આદિ પૂજ્ય મહર્ષિઓની કીર્તિને અને તેમના સત્ય ગૌરવવંતા ઇતિહાસને અમરત્વ સમર્પી જૈનશાસનની જયપતાકા ફરકાવી ને અજોડ શાસનરક્ષા કરી છે એમ આ ગ્રંથ-રત્નના સાંગોપાંગ વાચનથી સુજ્ઞવાચકોને જરૂર પ્રતીતિ થશે.

બીજી બાજુ પૂ૦ શાંતમૂર્ત્તિ-ગીતાર્થપ્રવર-ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી માણિક્ય સાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ પણ પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજ આદિ કૃત ગ્રંથો, જેવા કે-'સર્વજ્ઞશતક સ્વોપજ્ઞવૃત્તિ, સર્વજ્ઞશતક બાલાવબોધ, વ્યાખ્યાનવિધિશતક, ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા, મહાવીર દ્વાત્રિંશિકા, ઉત્સૂત્રકંદકુદ્દાલ' આદિ ટંકશાળી ગ્રંથોને મુદ્રિત કરાવી અમરત્વ સમર્પેલ છે તેમ જ આ ગ્રંથરત્નને સાંગોપાંગ સૂક્ષ્મદૃષ્ટિએ તપાસીને તેમાં યોગ્ય માર્ગદર્શન પણ અવસરે અવસરે આપીને ગ્રંથની ઓજસ્વિતામાં જે વૃદ્ધિ કરી આપીને જૈનશાસન ઉપર મહાન્ ઉપકાર કરેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ ૧૭મીથી ચાલુ ૨૧મી શતાબ્દિ સુધીના ઇતિહાસનું સૂક્ષ્મતયા નિરીક્ષણ કરીશું તો જરૂર જણાઈ આવશે કે–"અન્યાન્ય સમુદાયોએ અને ઇતિહાસકારોએ ડગલે અને પગલે 'અવડાખોર છે-તોફાની છે' ઇત્યાદિ વિશેષણોથી જ જેમની સદાય પૂજા કરી છે, તે સાગર મહર્ષિઓએ જ શાસનરક્ષા કાજે ભોગો આપીને-પોતાના પ્રાણપણે-ચોછાવર કરીને-વાદવિવાદો કરીને-કુમતવાદીઓને પરાભવિત કરીને પણ બહુધા શાસન જયવંતુ રાખેલ છે." અને તેથી જ શ્રીમદ્વીરપરંપરાસુરલતાં સંરક્ષિતા સાગરૈઃ, માધુર્યપ્રકરાનુકારિવચનૈર્વ્યાં-લોક્ય દ્વેષાગ્નિના। સોમાદિવિજયેન૦ ઇત્યાદિ પૂર્વ મહાપુરુષકૃત કાવ્યો સાર્થક થતાં પ્રત્યક્ષ અનુભવાય પણ છે.

પ્રાન્તે સુજ્ઞ પાઠકોને વિજ્ઞપ્તિ છે કે-પૂ. સ્વ૦ શાસનપ્રાણ-શાસનકંટકોદ્ધારક આચાર્યદેવ **શ્રી હંસસાગરસૂરીશ્વરજી** મ૦ વિરચિત આ '**પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા**' ગ્રન્થનું અતિશય મનન પૂર્વક વાચન, પરિશીલન કરશો. જેથી પૂર્વના મહાપુરુષોના સત્ય અને ટંકશાલી ઇતિહાસને તત્કાલીન તેમ જ સાંપ્રતકાલીન ઇતિહાસકારોએ કેવી કેવી વિચિત્ર અને કૂટ પદ્ધત્તિથી આલેખ્યો છે તેનો સ્પષ્ટ સાક્ષાત્કાર થવા સાથે સત્ય ઇતિહાસનું નવનીત પ્રાપ્ત થશે. સાથોસાથ જણાવવાનું કે—

આ સમીક્ષા ગ્રન્થમાં જે કોઇ અનાભોગજન્ય ઐતિહાસિક સ્ખલના, દૃષ્ટિગોચર થાય તે જરૂર જણાવશો. જેથી આભાર માનવાપૂર્વક બીજી આવૃત્તિમાં સુધારો કરી શકાય.

શુભં ભવતુ શ્રી શ્રમણસંઘસ્ય। શુભં ભવતુ લેખકપાઠકયોઃ॥

પં૦ શ્રી નરેન્દ્રસાગર ગણિ. ૨૦૩૦ અષાઢ શુકલા પંચમી.

ઇતિ શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિપ્રવર
શ્રી હંસસાગરસૂરીશ્વર વિરચિત
પ્રાચીન-અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા ગ્રંથઃ
સમાપ્તઃ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિશિષ્ટ

(પૂ૦ મહો૦ શ્રી ધર્મસાગરજી ગણિપ્રવર અંગે ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાય-વિજયજીએ આજથી ૫૧ વર્ષ પૂર્વે એટલે કે-સં૦ ૧૯૭૯ના ભાદરવા શુદ ૬ રવિવારના 'જૈન' પત્રના વર્ષ ૨૧ ના અંક ૩૬ માં વિદ્વદ્‌ભોગ્ય કલમે નીચે પ્રમાણેના પોતાના વિચારો લેખરૂપે પ્રગટ કરેલા છે; જે અત્રે સાભાર ઉધ્ધૃત કરી રજુ કરવામાં આવે છે.)

કલ્પસૂત્ર વાંચતાં ઉદ્‌ભવેલા વિચારો.

મરીચિના ઉત્સૂત્ર-વચનની બાબતમાં જે બુદ્ધિ-પ્રયોગ ધર્મસાગરજી મહારાજે કર્યો છે તે યથાર્થ છે. તત્ત્વદૃષ્ટિથી વિચાર કરતાં જણાશે કે-મરીચિનું વચન ઉત્સૂત્ર નહોતું, કિન્તુ ઉત્સૂત્રમિશ્રિત હતું. મરીચિનું વચન એ હતું કે-"ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે." આ વચન શુદ્ધ (કેવળ) ઉત્સૂત્ર ન કહેવાય, કિન્તુ ઉત્સૂત્ર મિશ્રિત કહેવાય. એવું વચન તેમણે ઉચ્ચાર્યું હોત કે-"અહીં જ ધર્મ છે" તો તે વચન શુદ્ધ (કેવળ) ઉત્સૂત્ર કહેવાત. ઉપરનાં બે વચનોમાં જે તફાવત છે તે ઉપર ધ્યાન આપવાથી તુરત સમજાશે કે-તે બંને વચનોના ઉત્સૂત્રપણામાં તફાવત છે. એક વચનનું ઉત્સૂત્રપણું મિશ્રરૂપ છે. જ્યારે બીજા વચનનું ઉત્સૂત્રપણું નક્કર છે. એકલું વિષ 'વિષ' કહેવાય, તેમ વિષમિશ્રિત દુધ પણ 'વિષ' કહેવાય, તે વિષના સંસર્ગને લીધે: એટલે કેવળ વિષમાં અને વિષયુક્ત દૂધમાં જે ફરક છે, તે ફરક ઉપરના બે વચનોમાં સમજવો જોઇએ. "ત્યાં પણ ધર્મ છે અને અહિં પણ ધર્મ છે." એ વચન વિષમિશ્રિત દૂધનાં સ્થાને છે; અને 'અહીં જ ધર્મ છે.' એ વચન કેવળ વિષના સ્થાને છે

આ તો આપણે વસ્તુસ્થિતિ પારખી, પણ તે બને પ્રકારનાં વિષનું પરિણામ તો એક જ આવે. અર્થાત્ શુદ્ધ વિષ જેમ પ્રાણનાશક નીવડે, તેમ મિશ્રિત વિષ પણ: આ પ્રમાણે ઉપર્યુક્ત બંને પ્રકારનાં વચનોનું પરિણામ એક જ આવવુ જોઈએ. એમ તર્ક-શાસ્ત્રી કહી શકે બરાબર, પણ બહારના પદાર્થોની અવસ્થા સાથે આધ્યાત્મિક વસ્તુની સ્થિતિની સરખામણી ન કરી શકાય શુદ્ધ વિષ અને વિષમિશ્રિત દૂધ જેમ પેટમાં જતાંની સાથે જ મારક થાય છે, તેમ કેવું પણ ધર્મવિરૂદ્ધ વચન મુખમાંથી નીકળવા માત્રથી પાપકારક થતું નથી, કિન્તુ તે વચનમાં હૃદયગત વિષ કેટલું રેડાય છે તેની ઉપર જ તે વચન કર્મબંધક બનવામાં આધાર રાખે છે. કોઇ પણ વચન બિલકુલ અનુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પયોગથી જ બોલાયું હોય તો તે બિલકુલ નજીવું જ કર્મબંધક બને પ્રબલ દુરધ્યવસાયથી બોલાયું હોય તો પ્રબલ કર્મબંધક બને અને પ્રબળતર તથા પ્રબળતમ દુરધ્યવસાયથી બોલાયું હોય તો પ્રબલતર પ્રબલતમ કર્મબંધક બને, એ સીધી વાત છે.

પણ અહીં તો આપણે એ જ વિચારવાનું છે કે–મરીચિનું વચન શુદ્ધ વિષના સ્થાનમાં છે કે વિષમિશ્રિત દુધના સ્થાનમાં છે? અને ઉપરના કથનથી એ સમજાઈ પણ ગયું છે કે–મરીચિનું વચન શુદ્ધ વિષના સ્થાનમાં નહીં હોઇ કરીને વિષમિશ્રિત દુધના સ્થાનમાં છે (આથી) સુતરાં (કેવળ) ઉત્સૂત્ર નહિ, પણ ઉત્સૂત્રમિશ્રિત તે વચન થયું. ઉત્સૂત્રમિશ્ર પણ ઉત્સૂત્ર ગણાય, એ વાત ખરી; પણ તે એવું ઉત્સૂત્ર ગણાય કે જેવું વિષયુક્ત દુધ વિષ ગણાય. વિષયુક્ત દૂધને વિષ કહેવા કરતાં વિષમિશ્ર કહેવામાં જેટલું સ્પષ્ટીકરણ અને વસ્તુસ્થિતિપ્રતિપાદન થાય છે એટલું જ મરીચિના ઉત્સૂત્રમિશ્ર વચનને ઉત્સૂત્ર કહેવા કરતાં ઉત્સૂત્રમિશ્ર કહેવામાં સ્પષ્ટીકરણ અને વસ્તુસ્થિતિપ્રતિપાદન થાય છે.

પણ મરીચિએ અનંત સંસારપરિભ્રમણ નથી કર્યું, એટલા માટે તેના પૂર્વોક્ત વચનને 'ઉત્સૂત્રમિશ્ર' જો ધર્મસાગરજી યા તો બીજા કોઇપણ સમજ્યા હોય તો તે ગલત છે. કેમ કે ઉત્સૂત્રમાત્રથી પણ અનંત-સંસાર થાય અને ન પણ થાય. તેમ જ ઉત્સૂત્ર-મિશ્રથી પણ થાય, કિન્તુ તેવાને અનંત સંસાર–ભ્રમણ કરવું પડે તે અતિદારૂણતમ અધ્યવસાયને અંગે જ; અન્યથા નહિ શરીરથી ગમે તેવું ક્રૂરકર્મ બાંધ્યાનું અનુમાન કરી શકાય જ નહિ. આ તત્ત્વદૃષ્ટિની બાબત છે કર્મમાત્રના બંધનો આધાર કેવળ મનના પરિણામ ઉપર જ રહેલો છે. વાચિક અને કાયિકપ્રવૃત્તિ વસ્તુતઃ કર્મબંધક છે જ નહિ (?) અલબત વાચિક અને કાયિકપ્રવૃત્તિથી માનસિક અધ્યવસાયને ઉત્તેજન મળે છે અને એટલા માટે તે ક્રિયાઓ માનસિક અધ્યસાયને ઉત્તેજનદાતા પૂરતી કર્મબંધક કહી શકીએ

આ ઉપરથી સમજી શકાય છે કે શુદ્ધ 'ઉત્સૂત્ર' હો યા 'ઉત્સૂત્રમિશ્ર' હો અથવા દેખાવમાં સાદું ધર્મવિરૂદ્ધ વચન હો, વચન જ નહિ કિન્તુ ભલે તેવી કોઇપણ શારીરિક પ્રવૃત્તિ હો, તો પણ તે અતિદારૂણતમ અધ્યવસાયને (કારણે) અનંત સંસારક બને છે, અન્યથા નહિ 'શુદ્ધ ઉત્સૂત્ર' વચન યા વર્તન અનંત સંસારભ્રમણોપયોગી દુરધ્યવસા-યની ગેહાજરીમાં અનંત સંસારભ્રમણજનક ન થઇ શકે, જ્યારે 'મિશ્ર–ઉત્સૂત્ર' વચન યા તેવું વર્ત્તન અનંત સંસારભ્રમણોપયોગી દુરધ્યવસાય સાથે સંબંધ રાખતાં અનંત-સંસારભ્રમણજનક થાય. સુતરાં અધ્યવસાયની માત્રા ઉપર કર્મબંધની માત્રાનો આધાર છે.

આ સ્થળે પુણ્ય–પાપરૂપ કર્મો આવવાની રીતિ પણ જોઇ જવી પ્રાસંગિક ગણાશે. આપણાથી અજાણતાં–અનુપયોગથી કોઈ જીવ બચી ગયો તો તેનું પુણ્ય આપણને ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે, અને આપણાથી અજાણતાં–અનુપયોગથી કોઈ જીવ મરી ગયો તો તેનું પાપ લાગે. આ વાત આપણને વિચિત્ર લાગે છે. અજાણતાં જીવ મરી જતાં પાપ લાગે તો અજાણતાં જીવ બચી જતાં પુણ્ય પણ લાગવું જોઇએ. આવો ન્યાય આપણે માગીએ. પણ હકીકત એમ નથી. કારણ પ્રમાણે કાર્ય સધાય છે, એ જાણીતી વાત છે. પુણ્ય–પાપને આવવાના રસ્તા સમજી જતાં આ ગાંઠ ટુટી જશે. પુણ્યનો રસ્તો ફક્ત એક જ છે, અને તે શુભ પરિણામ. એ એક જ રસ્તેથી પુણ્યનું આગમન છે. જ્યારે પાપના બે રસ્તા છે. એક 'દુષ્ટભાવના' અને બીજો 'અનુપયોગ' યાદ રહે કે–'દુષ્ટભાવના' અનોખી વસ્તુ છે અને 'અનુપયોગ' એ નોખી વસ્તુ છે. હવે જુઓ, ઉપરની સમસ્યા ઉકેલાઇ જાય છે. અજાણતાં જીવ મરી જતાં 'અનુપયોગ'ને લીધે પાપ આવે જ, પણ અજાણતા જીવ બચી જતાં શુભ પરિણામની ગેરહાજરીને લીધે પુણ્ય શી રીતે આવે? અસ્તુ.

ઉપર બતાવવા પ્રમાણે મરિચીના વચનને 'ઉત્સૂત્રમિશ્ર' કહેવામાં ધર્મસાગરજીએ જે ડહાપણ વાપર્યું છે તેને અને તેમના "કિરણાવલી"ની અંદરના બીજા ઉલ્લેખોને શ્રી વિનયવિજયજી મહારાજે 'કલ્પસૂત્ર-સુબોધિકા' માં વખોડવાનો જે પ્રયાસ કર્યો છે, તે સંતોષકારક નથી. સુબોધિકાકારે તેઓનાં જે જે વચનો વખોડી કાઢયા છે તે બધા પ્રાયઃ અન્ય અન્ય અપેક્ષાઓનું અનુસંધાન કરતાં શાસ્ત્રસંગત માલુમ પડે છે. તેમના વ્યાકરણ સંબંધી પ્રયોગોને 'અપ્રયોગ' બતાવવાનો પ્રયાસ પણ સુબોધિકાકારે ફોગટ જ કર્યો છે.

આશ્ચર્ય તો એ થાય છે કે–'સુબોધિકા'ને રચવામાં 'કિરણાવલી'નો ઘણા બહોળા પ્રમાણમાં આશ્રય લઈ કરીને પણ તે જ 'સુબોધિકા'ની અંદર કિરણાવલીના કર્તાને વખોડવાનું ઉપાધ્યાયજી મહારાજને કેમ સૂઝયું હશે? અને તે વળી 'પર્યુષણ' જેવા ઉત્કૃષ્ટ પર્વના વ્યાખ્યાનોની અંદર! ખેર.

પણ સુબોધિકાની ભાષામાં જે સ્પષ્ટતા, સરલતા અને ગૌરવ રહેલાં છે તેને તો પ્રશંસ્યા વગર કેમ રહેવાય? પરંતુ સુબોધિકામાં બે સ્થળે જે 'કલ્યાણક' અને 'અધિકમાસ' સંબંધી ચર્ચા આવે છે તે ચર્ચા પણ છેડવી ઠીક લાગતી નથી. 'કલ્યાણક' સંબંધી બાબત છેડવાનું કારણ તો કલ્પસૂત્રના પ્રારંભનો ઉલ્લેખ જ તેવા પ્રકારનો છે. આપણે તટસ્થદૃષ્ટિથી જો વિચાર કરીએ તો સાંપ્રદાયિક શૈલી પ્રમાણે વર્ધમાનનાં પાંચ કલ્યાણક માલુમ પડશે બીજા વિકલ્પોને જવા દઇ ફક્ત હરિભદ્રસૂરિકૃત પંચાશકની નવમી પંચાશિકામાં ૩૦ થી લઈ ૩૬ સુધી મૂળ ગાથાઓ અને તે ઉપરની અભયદેવસૂરિવિરચિત વૃત્તિ વાંચી જવી જોઇએ. જુઓ તે ગાથાઓ નીચે આપવામા આવે છે.–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पंच य महाकल्लाणा सव्वजिणाणं हुंति नियमेण ॥
भुवणच्छेरयभूआ कल्लाणकरा य जीवाणं ॥ ३० ॥

અર્થ—સર્વ તીર્થંકરોના અવશ્ય પાંચ જ 'કલ્યાણક' હોય છે. તે 'કલ્યાણકો' જગતને આશ્ચર્યકારક અને જીવોને કલ્યાણકર હોય છે.

આની વૃત્તિમાં અભયદેવસૂરિજીએ 'पंच' (પાંચ) નો અર્થ 'पंचैव' (પાંચ જ) કર્યો છે અને 'नियमेण' નો અર્થ નિયમથી-નિશ્ચયપૂર્વક-અવશ્ય' એવો અર્થ કર્યો છે. વિચાર કરવાની વાત છે કે-મહાવીરનાં જો છ કલ્યાણક હોત તો આ ગાથામાં હરિભદ્ર-સૂરિના વચનને અનુલક્ષીને અભયદેવસૂરિજી-'નિશ્ચે કરીને પાંચ જ કલ્યાણક છે.' એમ પાંચ કલ્યાણક ઉપર આટલો બધો ભાર શાને દેત?-અને ભલે તેમ કરીને પણ અપવાદરૂપ મહાવીરસ્વામીનાં છ કલ્યાણકોની નોંધ સાથે ને સાથે લઇ જ લેત. પરંતુ એ બાબતનું ત્યાં કંઇ નામ-નિશાન નથી.

गब्भे जम्मे य तहा निक्खमणे चेव नाण-निव्वाणे ॥
भुवणगुरूण जिणाण कल्लाणा होंति णायव्वा ॥ ३१ ॥

અર્થ:—ભુવનગુરૂ જિનવરોનાં ગર્ભ, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણનાં 'કલ્યાણક' હોય છે.

तेसुं च दिणेसु धन्ना देविंदा पकरिंति भत्तिणया ॥
जिणजत्तादिविहाणा कल्लाणं अप्पणो चेव ॥ ३२ ॥

इय ते दिणा पसत्था ता सेसेहिं पि तेसु कायव्वं ॥
जिणजत्तादि सहरिसं ते य इमे वद्धमाणस्स ॥ ३३ ॥

અર્થ:—તે પાંચ કલ્યાણકદિનોમાં ધન્ય દેવેન્દ્ર વગેરે ભક્તિ નમ્ર બની જિન-યાત્રાદિ ક્રિયાઓ કરે છે અને આત્માનું કલ્યાણ કરે છે. આ માટે તે દિવસો પ્રશંસનીય છે. બીજાઓએ પણ તે દિનોમાં જિન-યાત્રાદિ હર્ષ પૂર્વક કરવાં જોઈએ. વર્ધમાનના તે કલ્યાણક દિવસો આ છે.

आसाढ सुद्ध छट्ठी चेत्ते तह सुद्धतेरसी चेव ॥
मगसिरकिन्हदसमी वइसाहे सुध्ध दसमी य ॥ ३४ ॥

कत्तियकिन्हे चरमा गब्भादिदिणा जहक्कमं एते ॥
हत्थुत्तरजोगेणं चउरो तह सातिणा चरमो ॥ ३५ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—અષાડ શુદ છઠ, ચૈત્ર શુદ ૧૩, માગશર વદિ ૧૦, વૈશાખ શુદ દશમ અને કાર્ત્તિક અમાવાસ્યા એ અનુક્રમે વર્ધમાનના ગર્ભ આદિના દિવસો છે, ચાર ઉત્તરાફાલ્ગુનીના જોગમાં અને છેલ્લો સ્વાતિના જોગમાં છે.

अहिंगयतित्थ विहाया भगवति निद्दंसिया इमे तत्थ ॥
सेसाणवि एवं चिय णियणियतित्थेसु विण्णेया ॥ ३६ ॥

અર્થ—ભગવાન મહાવીર વર્તમાનતીર્થના અધિપતિ છે. માટે તેમના આ કલ્યાણક દિવસો બતાવ્યા એ પ્રકારે બીજા જિનવરોના પણ કલ્યાણક દિવસો પોતપોતાના તીર્થમાં જાણી લેવા.

હવે વાંચનારને જણાઇ આવે તેમ છે કે-શ્રી હરિભદ્રસૂરિજી તથા અભયદેવસૂરિજી બંનેએ સામાન્યતઃ સર્વ તીર્થંકરોના કલ્યાણકો નિશ્ચયપૂર્વક પાંચજ હોવાનું બતાવીને મહાવીરસ્વામીનાં તિથિવાર અને વિગતવાર પાંચ કલ્યાણકો સ્પષ્ટરીતે બતાવ્યાં છે. મહાવીરનાં કલ્યાણકો જો છ હોત તો તે બંને મહાનુભાવોમાંથી એક તો આટલું વિવેચન કરવા જતાં તે બાબત ટાંચણ જરૂર કરી દેત.

ઉપરની ગાથાઓને અને વૃત્તિને બરાબર ધ્યાનપૂર્વક વાંચતાં એ સ્પષ્ટ સમજાઈ જાય છે કે સાંપ્રદાયિકશૈલીને અથવા હરિભદ્રાચાર્ય, અભયદેવાદિ શાસ્ત્રનેતાઓને બીજી (જા) તીર્થંકરોની જેમ મહાવીરના પણ પાંચ જ કલ્યાણક અભિમત છે.

એમ તો તીર્થંકરદેવનું સંપૂર્ણજીવન કલ્યાણકમય છે. તેમના જીવનની પ્રત્યેક ઘડી અને પ્રત્યેક પળ કલ્યાણરૂપ છે. આ તો સાંપ્રદાયિકમતે કલ્યાણકોનો વિચાર ચાલ્યો છે. શ્રી હરિભદ્રજીએ પણ પૂર્વોકત ગાથામાં 'કલ્યાણક' નહિ પણ 'મહાકલ્યાણક' શબ્દનો પ્રયોગ કર્યો છે; અર્થાત્ તીર્થંકરની આખી જીવન-ચર્યા કલ્યાણરૂપ છે; પણ આ પાંચ પ્રસંગો તો વિશેષ મહત્ત્વના હોઈ સંપ્રદાયે 'મહાકલ્યાણક'માં લીધા છે. અસ્તુ

'કલ્યાણક' અને 'અધિક-માસ'ની ચર્ચા 'નિર્ણયાવલી' કારે ખુબ લડાવી છે. તેમના ગ્રન્થો તેમની ઉદ્ભટ વિદ્વત્તાનો ગંભીર ખ્યાલ આપે છે. તેમની અસાધારણ પ્રતિભાની બરાબરી કરનાર તત્કાલીન મુનિવરોમાં બહુ જ થોડા હશેઃ સંસ્કૃત-પ્રાકૃત ગદ્યપદ્ય રચનાઓ ઉપર તેમનો કાબુ ઉગ્ર જોવાય છે. તેમની ધારાવાહીની લેખની તેઓ પ્રૌઢ અને પ્રખર 'વક્તા' હોવાનો ખ્યાલ આપે છે. શાસ્ત્રોમાંથી ખુંચણાંચ કાઢવામાં અને ચર્ચાસ્થાનીય વિષયોનું નિરાકરણ કરવા તરફ નૂતન યુક્તિઓ શોધી કાઢવામાં તેમની કુશલતા વિસ્મય જનક છે.

છતાં એ સ્પષ્ટ છે કે ચર્ચાનાં સ્થળો ચર્ચવામાં તેઓ સમભાવ નથી જાળવી શકયા. તેવાં સ્થાનોમાં તેમનું હૃદય અને લેખિની બંને કર્કશ બની ગયાં છે આવેશના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેગમાં તેઓ સભ્યતાથી જરા દૂર પણ ચાલ્યા ગયા જણાય છે. આ ખામી તેમની વિદ્વત્તા અને સાધુ-ચરિતનું માહાત્મ્ય જોતાં આપણને ન ખટકે.

ચર્ચાનાં સ્થળોમાં જો તેમણે સમભાવ જાળવીને કામ લીધું હોત તો તેમનું પાંડિત્ય અસાધારણ યશસ્વી નીવડત. પોતાના અભિમત પક્ષ ઉપર પ્રેમ ઉભરાવો એ અસ્વાભાવિક નથી, બલકે તે આત્મગૌરવની ચીજ છે; પણ તે પ્રેમને અવશ્ય જીરવવો જોઇએ. તેમાંજ વિદ્વાનને શાણાશી છે. તે પ્રેમની માત્રામાં એવો વિકાર ન પેસી જવો જોઇએ કે-જેથી અન્યપક્ષીય સમાજોને ધુતકારવા મંડી જવાય પોતાને વિરૂદ્ધ જણાતા વિચારોનું નિરસન કરવામાં સમભાવ જાળવવો એ વિદ્વત્તાનો શ્રેષ્ઠતમ અલંકાર છે. શ્રી ધર્મસાગરજીની વિદ્વત્તાએ આ અલંકારનો લાભ પૂરી રીતે ઉઠાવ્યો જણાતો નથી. એમની કૃતિ ઉપરથી એમના સ્વભાવનું અનુમાન મને તો એમ સ્ફુરી આવે છે કે-તેઓ પ્રાયઃ ઉતાવળીયા અને હઠ પ્રકૃતિવાળા હોવા જોઇએ.

પણ મનુષ્યજાતિ વિચિત્ર સ્વભાવવાળી છે છતાં શ્રી ધર્મસાગરજીનું આસન, તાત્કાલિન મુનિમંડલમાં મોટું મહિમશાલી છે. એઓની જેમ તત્કાલીન મુનિવર્ગમાં બીજા પણ કેટલાક ખટપટથી કયાં બચ્યાં છે? એ તો કોઈનું બહાર આવે અને કોઈનું ઢાંકયું રહે. જીવનચરિત લખનારા પણ માણસજાત છે. અને તેમાં સમભાવશીલ તથા તટસ્થ ભાવવાળાઓની સંખ્યા અલ્પ જ હોય છે. **પક્ષાપક્ષીની ખેંચતાણને લીધે પ્રતિયોગીને ગેરઇન્સાફ આપવાનું સહેજ બની જાય છે. એક કાનથી બીજે કાન અથડાતી વાતો ગલત હોઇ કરીને પણ કાગળ ઉપર આલેખાઈ 'ઇતિહાસ'નું રૂપ પકડે છે. 'રજનું ગજ' કરીને પણ-'મસાલા' ભેળવીને પણ ઘટનાઓ ચીતરવામાં આવે છે.**

આ બધી દિશાઓ ઉપર ખ્યાલ રાખીને આપણું તો એ જ કર્તવ્ય રહ્યું કે-એવા મહાત્માનાં જ્ઞાન-દર્શન-ચારિત્રની જળહળતી પ્રભા ઉપર આપણો હર્ષ હંમેશાં વિશેષ પ્રફુલ્લિત રાખવો જોઇએ.

—ન્યાયતીર્થ મુનિ ન્યાયવિજયજી, ઉજ્જૈન.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુ.....દ્ધિ ....પ.....ત્ર.....ક.....મ્

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૩	બાલમિત્ર	બલમિત્ર
૮	૧૩	નિદ્યાપુર	વિદ્યાપુર
૧૨	૨૧	અતિહાસિક	ઐતિહાસિક
૧૪	૧૪	આનંદવિલલ૦	આનંદવિમલ૦
૨૦	૨૫	સદ્દ્વ્યપમય	સદ્દ્વ્યયમય
૨૧	૧	મુદ્દાવાળા	મુદ્રાવાળા
૨૧	૧૯	એ ૨માનો	એ ફરમાનો
૨૨	૨	તવગચ્છપ્રાણુ	તપગચ્છપ્રાણુ
૨૪	૧૮	ડ દશ્યત્તં	ડ઼ દશ્યતાં
૨૪	૧૮	વાદ)માં	વાદમાં
૨૪	૧૯	આંખમીંચાણાં	આંખમીંચામણાં
૨૫	૭	એંગેની	અંગેની
૨૫	૨૨	એંગેના	અંગેના
૨૮	૨૬	સાક્ષાગ્દુરુ૦	સાક્ષાદ્‌ગુરુ૦
૨૮	૨૬	દષ્ટ્વા	દૃષ્ટ્વા
૨૮	૩૨	વામભઃ।'	ભવામઃ।'
૨૯	૧૭	ળીજા	બીજા
૨૯	૨૧	બમુના?	બહુના?
૩૬	૧૬	વ્યાખ્પાન.	વ્યાખ્યાન.
૩૬	૧૭	જંબુદ્વીપપ્રગપ્તિ.	જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ
૩૬	૨૨	ગહનાર્થશાસ્ત્ન.	ગહનાર્થશાસ્ત્ર,
૩૭	૧૬	વા માં	વાદમાં
૪૨	૧૬	હોત?"	હોત?"]
૪૩	૯	ચાલ્યા ગયા.	ચાલ્યા ગયા)
૪૭	૧૫	ગચ્છ ાયકો	ગચ્છનાયકો
૪૭	૧૯	કોઇપણ	કોઇપણ
૫૧	૩૦	०મજ્ઞામવાપ્ય	०માજ્ઞામવાપ્ય
૫૩	૧૧	નિરાધાપણે	નિરાધારપણે
૫૪	૨૯	માનની	માનીને
૫૫	૨૬	ગચ્છન યશ્રી	ગચ્છનાયકશ્રી
૫૭	૨૩	ઉ ૨	ઉપર
૫૯	૧૩	ઐતિહાસિક	અનૈતિહાસિક
૫૯	૨૪	૪ ૩	૪૮૩
૬૦	૮	ઘઇ	દ્યઇ
૬૦	૧૧	દેખ્યો	દેજ્યો
૬૨	૧૦	જણાવાયેલી	જણાવાયેલી
૬૨	૩૧	સિંહુવિજજી	સિંહુવિજયજી
૬૩	૪	૯સંધિ	૯સંધિ
૬૪	૩	૮૫	૮૪
૬૪	૧૬	અચ્છાદિત	આચ્છાદિત
૬૪	૨૧	અ કવિના	એ કવિના
૬૫	૯	આ ાશ્યકગણુા।	આવશ્યક ગણાત।
૬૫	૨૮	મિચ્છ િદુક્કડ	મિચ્છામિદુક્કડં
૬૮	૨૩	ધર્મસાગજીના	ધર્મસાગરજીના
૬૮	૨૫	ધર્મસાગરજની	ધર્મસાગરજીની
૭૨	૨૨	જાણ્યેા નેહનેા	જાણ્યેા તેહનેા
૭૩	૫	'સાગરભાવની'ના	'સાગરભાવની'ની
૭૪	૧૩	દેવસૂરી	દેવસૂરીય
૭૫	૧	પરંતુ	પરંતુ)
૭૫	૯	પ્રેણ્ય	પ્રેષ્ય
૭૬	૧૮	બલાદાપિતમ્'	બલાદાપિતમ્'
૭૯	૧૬	નામ ।	નામના
૮૪	૩	૧૨હેશે.")	૧૨હેશે."
૮૪	૯	તુચ્છના	તુચ્છતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૮૪	૨૩	ભવભીસ	ભવભીરૂ
૮૫	૭	ઉપા૦ શ્રીને	ઉપા૦ શ્રીનો
૮૮	૧૧	ખડા	ખડી
૮૯	૮	મહો૦ ન	મહો૦ ને
૮૯	૨૬	તદુપરાંતત ય૨૦	તદુપરાંત તય૨૦
૮૯	૨૭	આમૂલચૂસ	આમૂલચૂલ
૮૯	૨૮	ગચ્ચનાયક	ગચ્છનાયક
૯૦	૬	નરસાવતી	વરસાવતી
૯૧	૧૨	અસારણ	અસાધારણ
૯૧	૧૯	વહ૦	બહુ૦
~~૯૧~~	~~૧૯~~	~~૦પાધ્યાયે~~	~~૦પાધ્યાયો~~
૯૨	૪	પાડયું '	પાડવું. '
૯૩	૨૦	આધારે	આધાર
૯૫	૧	૦	**પ્રકરણ ત્રીજું**
૯૬	૪	સને	અને
૯૬	૧૫	વડીપોષાળ	વડીપોષાળના
૯૭	૧૨	મહોપાધ્યયાજીએ	મહોપાધ્યાયજીએ
૧૦૨	૧૪	પોતપોતના	પોતપોતાના
૧૦૪	૧૨	(૧૧ વર્ષે બાદ	(૧૧ વર્ષ બાદ
૧૦૫	૩	ગચ્છ-નાયક	ગચ્છનાયક
~~૧૦૫~~	~~૫~~	~~ફરમાવી~~	ફરમાવવી
૧૦૮	૩૦	૧૬ ૭ના	૧૬૧૭ના
૧૧૧	૯	પદ્ય	પટ્ટા
૧૧૨	૬	જીન	જિન
૧૧૨	૧૬	અજ્ઞત્ય	અસત્ય
૧૧૨	૨૯	૦શાસ્ત્રાવિરુદ્ધ૦	૦શાસ્ત્રવિરુદ્ધ૦
૧૧૨	૩૦	બલાદાપિતં	બલાદ્‌પિતં
૧૧૨	૩૦	ચકાર	ચકાર
૧૧૩	૩૦	પ્રસ્તુત	(૧) પ્રસ્તુત
૧૧૪	૨૫	૦મુન્મુત૦	૦મુન્મત્ત૦
૧૧૬	૧૭	બોલનો	બોલના
૧૨૩	૨૪	એ એ દુષ્કૃત્ય	એ દુષ્કૃત્ય
૧૨૩	૨૮	સં૦ ૧ ૭૧ના	સં૦૧૬૭૧નાં
૧૨૫	૧૯	પ્રધુત્તં	પ્રવૃત્તં
૧૨૫	૨૦	વાવને	વાતને
૧૨૮	૧૨	ધર્મતત્વ૦	ધર્મતત્ત્વ.૦
૧૨૮	૧૨	ઘવચનપરીક્ષા	પ્રવચનપરીક્ષા
૨૮	૧૧૬	૧૯૬૧	૧૬૭૧
૧૨૮	૧૭	૯૦	૬૦
૧૨૯	૫	કુલશ્રુતિરૂપે	ફલશ્રુતિરૂપે
૧૨૯	૧૯	ખાજ્ઞોલ્લંધન૦	સ્વાજ્ઞોલ્લઘન૦
૧૩૧	૨	૦હાસિકરા-સંગ્રહ'	૦હાસિકરાસ-સંગ્રહ'
૧૩૧	૧૬	કોઈ	કોઇએ
૧૩૩	૬	તત્વતર ગિણિણી	તત્ત્વતર ગિણી
૧૩૪	૨૧	સંમકિત	સંગઠિત
૧૩૫	૬	૭૨૬	૭૩૬
૧૩૫	૧૯	વિજયસૂરિજીના	વિજયસેન-સૂરિજીના
૧૩૫	૨૦	તે	તે વાત,
૧૩૫	૨૯	વિરોધીયર્ગના	વિરોધીવર્ગના
૧૩૫	૨૯	વિરોધીની	વિરોધોની
૧૪૪	૧૮	રવમતસ્ય	સ્વમતસ્ય
૧૫૫	૩૧	સામસામીને	સમસમીને
૧૫૧	૩૧	પય	પણ
૧૫૮	૨૭	શબ્દોમાંના	શબ્દોમાં ના
૧૫૯	૨	કરજ	કાજ
૧૫૯	૧૫	પિતનામ	પિતાનામ
૧૬૫	૨૦	તન્માહાત્મ્યહરષ્ટો	તન્માહાત્મ્યાદ્‌હૃષ્ટો
૧૭૦	૩૧	ફેંકાફેંક	ફેંકાફેંકને
૧૭૧	૨૦	કે કયાં માલવ	કે માલવ
૧૭૪	૨૩	શાંવિદાસ	શાંતિદાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૧૭૫	૨૩	થતાં હશે ?	થયા હશે ?
૧૮૦	૧૬	०चक्रवर्त्ति०	०चक्रवर्त्ति०
૧૮૦	૧૮	निमावक	निर्मापक
૧૮૦	૨૪	श्रुतसागजी	श्रुतसागरजी
૧૮૦	૨૮	निह्नवेोनेा	निह्नवेोनेा
૧૮૨	૨૩	पतनगरे	पतननगरें
૧૮૨	૨૪	गणि विवेक०	गणि, विवेक०
૧૮૨	૨૪	जोर्णताड़ीयू०	जीर्णताड़ोय०
૧૮૩	૪	चरित्रसागरगणि	चारित्रसागरगणि
૧૮૩	૧૯	'૫૬	૬૫૬
૧૮૩	૨૭	ઉપલબ્ધ	ઉપલબ્ધ
૧૮૪	૧૯	જિનેંદ્રસાગર०	જિતેંદ્રસાગર०
૧૮૬	૨૩	ઠીર્ત્તિ	કીર્ત્તિ
૧૯૦	૧૩	પ્રર્યુષણાશતક	પર્યુષણાશતક
૧૯૦	૩૦	બિરૂદે કયા પ્રસંગેને	બિરૂદેા કયા પ્રસંગને
૧૯૫	૧૧	સુનિ	મુનિ
૧૯૫	૨૮	તેમાના	તેમના
૧૯૬	૧	પેાતાતા	પેાતાના
૧૯૬	૧૩	સ્તીકારવું	સ્વીકારવું
૧૯૬	૧૮	વિદ્વાવ	વિદ્વાન
૧૯૮	૯	બહેા०	મહેા०
૨૦૦	૮	પં. કલણસા०	પ. કલ્યાણસા०
૨૦૧	૧૦	ગંગાસ.	ગંગસા.
૨૦૧	૨૦	૫૦	૫
૨૦૨	૧૬	–સુમતિવિલા	–સુમતિવિલાસ
૨૦૩	૮	માલવદેશેા-દ્વારિક	માલવદેશેા-દ્વારક
૨૦૪	૧૩	વિક્રમ	વિક્રમ
૨૦૪	૧૮	સુખોત્કર્ષિ	સુખોત્કર્ષિણિ
૨૦૪	૧૮	હર્ષ વષિણિ	હર્ષવર્ષિણિ
૨૦૪	૨૪	દુષ્યાક્ષક્રેા०	દુષ્પાક્ષિક્રેા०
		રશ્મિમિ	રશ્મિભિ:
૨૦૪	૨૫	શ્વમિ	શ્વભિ:
૨૦૪	૨૫	રમૂત્	રભૂત્
૨૦૪	૨૬	उल्का धुकास्तेषु	उलूका धूकास्तेषु
૨૦૪	૨૬	सहसर रिमभिः	सहस्ररश्मिभिः
૨૦૫	૧	०श्रिय	०श्रिय:
૨૦૫	૩	શ્વમિ....दष्टान्त	શ્વભિ ..दष्टान्त
૨૦૫	૮	०रमणैटिनै०	०रमणैर्दिनै०
૨૦૦	૯	શ્રીસ્ઠોર०	શ્રીસ્મોર०
૨૦૫	૯	રમૂજ્જય:	રભૂજ્જય:
૨૦૫	૨૧	०મહાત્તા'	०મહત્તા'
૨૦૫	૨૬	ખરતરેા	ખરતરેાએ
૨૦૫	૩૦	હેાતા તેા)	હેાત તેા)
૨૦૬	૧	ચીતર્યેા	ચીતર્યેા નથી
૨૦૬	૧૫	०वज़िणां	०वज्रिणां
૨૦૬	૧૫	विचोति०	वचोति०
૨૦૬	૧૫	स्कोतस्कुरद्वङ्	
૨૦૬	૨૨	વિદ્વરશિષ્યે એ	વિદ્વદ્વરશિષ્યેાએ
૨૦૬	૩૦	વિમય	વિસ્મય
૨૦૭	૪	खानखानार्यित	खानखानार्पित
૨૦૭	૬	દના)	વાદના)
૨૦૭	૩૧	તર્કયુકક્તિથી	તર્કયુક્તિથી
૨૦૮	૪	સદુલ્લએ	સાદુલ્લાએ
૨૧૧	૫	અણુસૂર	આણુસૂર
૨૧૧	૧૫	પ્રયશિષ્ય	પ્રપ્રશિષ્ય
૨૧૨	૧૪	કરાવવી	કરાવી
૨૧૩	૨૧	'અનગચ્છીયે	'અન્યગચ્છીયે'
૨૧૩	૩૧	આત્મશ્લાધાર-	આત્મશ્લાધાર–
		સિકતામાંથી	સિકતામાંથી
૨૧૪	૪	પટાણુમુકામે–	પાટણુમુકામે–


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૨૧૪	૨૬	ખોધી	શોધી
૨૨૧	૧૩	કા ણ	કારણ
૨૨૧	૨૭	૭૬૭૨માં	૧૬૭૨માં
૨૨૩	૧	જણાવેવ	જણાવેલ
૨૨૪	૯	પોતાના	પોતાનો
૨૨૮	૩૨	બદલે છે	બદલે તે
૨૨૯	૩	'મેવાડને	'મેવડાને
૨૩૧	૧૨	રાસકાર આ	રાસકારના આ
૨૩૧	૧૮	જેમ વાતને	જેમ આ વાતને
૨૩૨	૨૪	ફરી,	કરી,
૨૩૩	૨૭	રાસકારે	રાસકાર
૨૩૪	૭	તે	તેની
૨૩૪	૮	ઘોર	ઘોર
૨૩૪	૧૧	બંને ઉપા૦ને	બંને ઉપા૦નો
૨૩૪	૨૦	ધર્ણસા૦	ધર્મસા૦
૨૩૪	૨૬	૧૬ ૭ની	૧૬૨૭ની
૨૩૬	૨૯	'૬૮૩ના	૧૬૭૩ના
૨૩૭	૨	ખોટા ઠરાવાથી	ખોટા ઠરાવથી
૨૪૦	૧૩	ભાનુચંદ્ર	ભાનુચંદ્રે
૨૪૧	૭	કાલ્પત	કલ્પિત
૨૪૧	૧૭	તેમેણે	તેમણે
૨૪૨	૨૧	કરવાની જે	કરવાની
૨૪૪	૨૬	ચૂચક છે.	સૂચક છે
૨૪૬	૧૨	પજ્ઞપાતી	પક્ષપાતી
૨૪૮	૧૧	બુરાનપુરમાં	બુરાનપુરમાંના
૨૫૦	૧૧	સુધતાનની	સુલતાનની
૨૫૧	૧૫	પ્રત્નેના	પ્રત્યેના
૨૫૧	૨૦	દર્શ વિ૦એ	દર્શનવિ૦એ
૨૫૧	૨૦	વિજયદેવસૂર·	વિજયદેવસૂર·
		સંગર્મા	સંઘમાં
૨૫૧	૨૦	શ્રાવ–	શ્રાવકસંઘના

પૃ	પં.	અશુદ્ધ	શુદ્ધ
૨૫૧	૨૪	બંધનમાંથી તે	ને બંધનમાંથી તે બંને
૨૫૨	૯	દેવસૂરસંઘના	દેવસૂરસંઘને
૨૫૩	૨૦	ગન્છનાયક	ગચ્છનાયક
૨૫૪	૧૨	આનત હોય	આપતા હોય.
૨૫૪	૧૫	જ દેવસૂરિ!	વિજયદેવસૂરિ!
૨૫૫	૧૭	દિલમાં	દિલમાં
૨૫૬	૨૪	ત્રમાણે	પ્રમાણે
૨૫૭	૩૦	થયા	થાય
૨૬૨	૧૩	'નિર્યામક'	'નિર્ણાયક'
૨૬૯	૯	તામનો	નામનો
૨૭૩	૧૭	શ્રીમપાત્તાગચ્છ	શ્રીમત્તપાગચ્છ
૨૭૪	૧૯	ઇતિહાહકારિત્વને	ઇતિહાસકારિત્વને
૨૭૫	૧૪	તયેના	તળેના
૨૭૫	૨૭	વેાતાનું	પોતાનું
૨૭૬	૩૦	સ્યેલ	રચેલ
૨૭૭	૮	અચ્યથા	અન્યથા
૨૭૭	૨૫	થેાડુ ઘણુ	થોડુ ઘણું
૨૭૯	૨૪	કુમતિએાને	કુમતિઓને
૨૮૩	૯	૧૬ ૯ ના	૧૬૧૯ના
૨૮૩	૧૩	મુધીના	સુધીના
૨૮૩	૧૩	હાથે	હાથે
૨૮૩	૧૪	તેઓશ્રી	તેઓશ્રીના
૨૮૩	૧૯	હકીકત	હકીકત
૨૮૭	૧૦	દેશાઇમી	દેશાઈની
૨૯૦	૨	કુમાર ાલ	કુમારપાલ
૨૯૨	૧૫	અ વા ને	અટવાઇને
૨૯૬	૬	લેખશ્રીના	લેખકશ્રીના
૨૯૬	૨૬	'સાપાદ ક્ષ'	'સપાદલક્ષ'
૩૦૦	૧૧	ઘેારી	ઘોરી
૩૦૫	૨૩	વિપક્ષમાદ્ય૦	વિપક્ષભાવ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૩૦૮	૨૬	અકુટ્ટિપણેં	અકુટ્ટિપણેં
૩૧૦	૯	સૂરકૃતિ	સૂરિકૃત
૩૧૦	૧૬	હરિભદ્ર,	હરિભદ્ર,
૩૧૨	૨૭	દેવસૂરતપાચ્છીય	દેવસૂરતપાગચ્છીય
૩૧૩	૧૦	યશેવિજય	યશોવિજય
૩૧૩	૧૧	સમગ્રના	સમયના
૩૧૩	૧૬	રામ	રાગ
૩૧૩	૩૧	ની ૧૩	થી ૧૩
૩૧૫	૨૩	બાબનો	બાબતો
૩૧૬	૧૦	સ્વજવનની	સ્વજીવનની
૩૧૬	૧૯	હતો તે)	હતા તે)
૩૧૭	૧૭	આ ચાર	આચાર્ય
૩૧૯	૨૧	અવતરણેાની	અવતરણેાથી
૩૨૦	૧૮	જૅનશર્દન	જૈનદર્શન
૩૨૦	૨૬	એનું	એવું
૩૨૩	૧	નલગંમનીસામાં	ગમનની સાલમાં
૩૨૫	૧૬	સંધમાલ્લિગાદ્વા	સંયમાલ્લિગાદ્વા
૩૩૩	૧૪	લેખકને	લેખકના તારક ગુરુદેવશ્રીને
૩૩૪	૫	લખનાન	લખનાર
૩૩૪	૧૬	એક પ્રજ્ઞર	એક હજ્જર
૩૩૬	૧૪	હાજા	હાલ
૩૪૮	૧૬	વિદ્વિશ્ચિત્ત.	વિદ્વચ્ચિત્ત૦
૩૪૯	પંકિત ૨૬ માં નીચે મુજબ ઉમેરો.		
		લે. પૂ. શાસનકંટકેાદ્ધારક સૂરિશિશુ-	
		પં. નરેન્દ્રસાગરગણિ, ઠલીઆ.	
		તા. ૧૨-૬-૭૪ જે. વ. ૭ બુધવાર	
૩૫૧	૨૦	ધૃષ્ટતા	ધૃષ્ટતા
૩૫૩	૧૦	વલોદ્ગતાઃ'	બલોદ્ધતાઃ'
૩૫૬	૧	૦યુક્તિવેતાઃ સ્યુસ્તાસ્યા૦	૦યુક્તાસ્ત્વેતાઃ સ્યુ૦
૩૫૮	૧	અંગેના	અંગેનું
૩૬૦	૨૯	બુદ્ધિને અને !	અને બુદ્ધિને !!
૪૬૨	૧૯	યત્રોદ્ધારા	યંત્રોદ્ધાર
૩૬૨	૨૨	ઉપરની	ઉપરના
૩૭૨	૩૧	ઓજસ્વિ- તામાં જે	ઓજસ્વિ- તામાં
૩૭૩	૪	પ્રાણુપણે	પ્રાણુ પણ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ આ૦ શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી કૃત

— તથા —

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જ્ઞાનમંદિર અને પૌષધશાળાના

નૂ...ત...ન પ્ર...કા...શ...નો

શ્રી પિંડનિર્યુક્તિ આગમગ્રંથરત્નનો સુવિશુદ્ધ અનુવાદ	રૂા. ૧૨-૦૦
શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર યાનેવંદિત્તાસૂત્રનો અક્ષરશઃ અનુવાદ	રૂ.. ૧૧-૦૦
શ્રી તત્ત્વતરંગિણિગ્રંથનો અદ્વિતીય અક્ષરશઃ અનુવાદ	રૂા ૮-૦૦
કુમતાહિવિષભંગુલીમંત્ર તિમિર તરણી : અનુવાદ	રૂા. ૫-૦૦
શ્રી અષ્ટકજી ગ્રંથના-શાસનકંટકોદ્ધારક વ્યાખ્યાનસંગ્રહ ભા. ૧	રૂા. ૬-૦૦
શ્રી દાનસૂરિજીના—વિવિધપ્રશ્નોત્તર શુદ્ધિપ્રકાશ વિ. ૧ લો.	રૂા. ૭-૦૦
શ્રી અષ્ટકજી ગ્રંથના-શાસનકંટકોદ્ધારક વ્યાખ્યાન સંગ્રહ ભા. ૨ જો	રૂા ૭-૦૦
શ્રી દાનસૂરિજીના—વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિ પ્રકાશ વિ. ૨ જો	રૂા ૭-૦૦
રાજનગર—શ્ર...મ...ણ...સ .. મે...લ...ન . ના—કાર્યવાહી	રૂા. ૧૦-૦૦
શ્રી લબ્ધિસૂરિજી—કલ્યાણ સમાધાન શુદ્ધિપ્રકાશ	રૂા. ૨-૭૫
પૂ૦ઉ૦શ્રીધર્મસાગરજી મ૦અંગેના પ્રાચીન અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા	રૂા. ૧૫-૦૦
પં. કલ્યાણ વિ૦ના-કલ્યાણકલિકાગ્રંથની-સમીક્ષા	રૂા. ૧-૦૦
પ૦ આ૦ શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરજી સ્મૃતિ ગ્રંથ ભાગ ૧ લો.	રૂા. ૧૫-૦૦
પૂ૦ આ૦ શ્રી શાસનકંટકોદ્ધારકસૂરીશ્વરજી સ્મૃતિ ગ્રંથ ભા. ૨ જો	રૂા. ૧૫-૦૦
શ્રી રામચંદ્રસૂરિજીના ઉત્સૂત્રોની—હા . ૨ . મા...ળા	રૂા. ૧-૫૦
નવામતનું—સ...ચો...ટ—અને—સ.. ૨...ળ—નિરસન	રૂા ૧-૦૦
નવાવર્ગની સા . ધુ . તા . નું—દિ...ગૂ ૬...ર્શ...ન	રૂા. ૧-૦૦
નવામતીના ત્રિનેક-દર્શનનું—પ્ર...૬...ર્શ .. ન	રૂા ૧-૦૦
પ્ર' સ્તા . વ ના—તિ...મિ...૨—ભા ..૨૬ ..૨	રૂા ૧-૦૦
શ્રી ધર્મસૂરિજીના વંદિત્તાસૂત્રના આ...વ શ્ય...ક સુધારા	રૂા ૧-૨૫

પ્રા...પ્તિ...સ્થા...ન

પૂ૦આ૦શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાળા

જી. ભાવનગર વાયા : તળાજા, મુ. ઠળીઆ (સૌરાષ્ટ્ર)

મુદ્રક : કતેચંદ ખોડીદાસ ગાંધી, મુદ્રણાલય : અરુણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર ફોન : ૪૧૪૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust